શ્રી

માતુશ્રી કેશરબાઈ લાભચંદ શાહ તથા
શ્રીમતી હગામબાઈ ચંદનલાલ શાહ (પ્રતાપગઢ)ના
દાન સૌજન્યથી પ્રકાશીત

શ્રી સ્વામી સમંતભદ્ર આચાર્ય રચિત

# શ્રી રત્નકરંડ શ્રાવકાચાર

卐

ઢૂંઢારી ભાષા ટીકાકાર

**પં. સદાસુખદાસજી કાસલીવાલ, જયપુર**

卐

હિન્દી રૂપાન્તર
**મન્નૂલાલ જૈન વકીલ**
*સાગર*

ગુજરાતી અનુવાદ
**અશ્વિનભાઈ કે. દોશી**
*સુદાસણા*

પ્રસ્તાવના
**ડૉ. હુકમચંદ ભારિલ્લ**
*જયપુર*

-: પ્રકાશક :-

**શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**

(સત્ સાહિત્ય પ્રકાશન વિભાગ)

૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૨.

પ્રથમ ગુજરાતી આવૃત્તિ:- ૩૧૦૦ પ્રત, વર્ષ ૧૯૯૯
દ્વિતીય ગુજરાતી આવૃત્તિ:- ૧૦૦૦ પ્રત, વર્ષ ૨૦૧૪

★ **પ્રાપ્તિસ્થાન:**

(૧) **શેઠ કેવળદાસ ધનજીભાઈ દિ. જૈન બોર્ડીંગ,**
સ્ટેશન રોડ, પ્રાંતિજ (સાબરકાંઠા).

(૨) **શ્રી સીમંધર જિનાલય,**
૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

(૩) **શ્રી નવરંગપુરા દિ. જૈન મંદિર,**
લીબર્ટી હોટેલ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૯

(૪) **શ્રી દિગંબર જૈન સંઘ,**
પૂજ્ય શ્રી કાનજીસ્વામી માર્ગ, ૫, પંચનાથ પ્લોટ, રાજકોટ (સૌરાષ્ટ્ર)

(૫) **પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,**
લામરોડ, દેવલાલી (નાસિક)

★ **પડતર કિંમત : રૂ. ૨૧૫/-**

★ **વેચાણ કિંમત : રૂ. ૭૫/-**

**ટાઈપ સેટીંગ :**
**સમીર પારેખ - ક્રિએટીવ પેજ સેટર્સ,**
'પારસ' ડી-૧૨/૯૧, ચિત્તરંજન નગર,
આર.એન.ગાંધી માર્ગ, વિદ્યાવિહાર (ઈ),
મુંબઈ - 400 077
☎ 26760142 M.9869008907

*મુદ્રણ :*
**નિલેશ પારેખ - પારસ પ્રિન્ટ્સ,**
ગાલા નં.૩૨, સિંઘ ઈન્ડ.એસ્ટેટ નં.૩,
૧લે માળે, મુવી સ્ટાર ટૉકિઝની બાજુમાં,
રામ મંદિર રોડ, ગોરેગામ (વે), મું-400104
☎ 2677 9549 M. 99691 76432

# શાસ્ત્રાભ્યાસનો મહિમા

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

હે ભવ્ય હો ! શાસ્ત્રાભ્યાસના અનેક અંગ છે. શબ્દ યા અર્થનું વાંચવું કે શિખવું, શિખવાડવું, ઉપદેશ આપવો, વિચારવું, સાંભળવું, પ્રશ્ન કરવો, સમાધાન મેળવવું, વારંવાર ચર્ચા કરવી વિગેરે અનેક અંગ છે, ત્યાં જેમ બને તેમ અભ્યાસ કરવો, જો સર્વ શાસ્ત્રનો અભ્યાસ ન થઈ શકે તો આ શાસ્ત્રમાં સુગમ કે દુર્ગમ અનેક અર્થોનું નિરૂપણ છે, ત્યાં જેનો થાય તેનો પણ અભ્યાસ કરવો; પણ અભ્યાસમાં આળસ કરવી નહિ.

જુઓ ! શાસ્ત્રાભ્યાસનો મહિમા, જે કરવાથી પરંપરાએ આત્માનુભવદશા ઉપજે છે, મોક્ષરૂપી ફળ મળે છે, એ તો લાંબા ગાળે મળે છે, પણ આટલા ગુણ તો તુરત જ પ્રગટ થાય છે-

(૧) ક્રોધાદિ કષાયોની તો મંદતા થાય છે.

(૨) પંચેન્દ્રિયના વિષયોમાં પ્રવૃત્તિ થતી અટકે છે.

(૩) અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે.

(૪) હિંસાદિ પાંચ પાપ થતાં નથી.

(૫) અલ્પ જ્ઞાન હોવા છતાં પણ ત્રણલોકના ત્રણ કાળ સંબંધી ચરાચર પદાર્થોનું જાણવું થાય છે.

(૬) હેય-ઉપાદેયની ઓળખાણ થાય છે.

(૭) આત્મજ્ઞાન સન્મુખ થવાય છે અર્થાત્ જ્ઞાન આત્મસન્મુખ થાય છે.

(૮) અધિક-અધિક જ્ઞાન થવાથી આનંદ ઉપજે છે.

(૯) લોકમાં મહિમા-યશ વધે છે.

(૧૦) સાતિશય પુણ્ય બંધ થાય છે. આ બધા ગુણ શાસ્ત્રાભ્યાસ કરવાથી તત્કાળ જ ઉત્પન્ન થાય છે; માટે શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો.

તથા હે ભવ્ય ! શાસ્ત્રાભ્યાસ કરવા માટે સમય મળવો મહાદુર્લભ છે; કેવી રીતે તે કહીએ છીએ.

એકેન્દ્રિયાદિ અસંજ્ઞીપર્યંત જીવોને મન જ નથી અને નારકી વેદનાથી પીડાતા, તિર્યંચ વિવેકરહિત, દેવ વિષયાસક્ત, એટલે મનુષ્યોને અનેક સામગ્રી મળ્યા પછી શાસ્ત્રાભ્યાસ થાય છે. એટલે મનુષ્યપર્યાયની પ્રાપ્તિ જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મહાદુર્લભ છે.

ત્યાં દ્રવ્યથી તો લોકમાં મનુષ્યજીવ ઘણા અલ્પ છે, તુચ્છ સંખ્યાત-માત્ર જ છે, અને અન્ય જીવોથી નિગોદિયા અનંત છે, બીજા જીવ અસંખ્યાત છે.

તથા ક્ષેત્રથી મનુષ્યોનું ક્ષેત્ર ખૂબ જ અલ્પ અઢી દ્વીપ માત્ર જ છે અને અન્ય જીવોમાં એકેન્દ્રિયોનું ક્ષેત્ર સર્વ લોક છે, બીજાઓનું કેટલાયે રાજૂ પ્રમાણ છે.

અને કાળથી મનુષ્યપર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ અલ્પ છે, કર્મભૂમિની અપેક્ષાએ પૃથક્ત્વ કોટિપૂર્વ માત્ર છે અને અન્ય પર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ એકેન્દ્રિયમાં તો અસંખ્યાત પુદ્ગલ-પરાવર્તન માત્ર અને અન્યોમાં સંખ્યાત પલ્યમાત્ર છે.

ભાવ અપેક્ષાએ તીવ્ર શુભાશુભપણાથી રહિત એવા મનુષ્યપર્યાયના કારણરૂપ પરિણામ થવા અતિ દુર્લભ છે. અન્ય પર્યાયના અશુભરૂપ યા શુભરૂપ થવા સુલભ છે. અશુભરૂપ કે શુભરૂપ પરિણામ થવા દુર્લભ છે.

આ રીતે શાસ્ત્રાભ્યાસનું કારણ જે પુરતી કર્મભૂમિ કે મનુષ્યપર્યાય તેનું દુર્લભપણું જાણવું.

– **સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા,** *પ્રસ્તાવનામાંથી*

卐

# શાસ્ત્રાભ્યાસથી પ્રભાવના

આ કાળમાં આયુષ્ય, બુદ્ધિ, આદિ અલ્પ છે; માટે પ્રયોજન માત્ર અભ્યાસ કરવો, શાસ્ત્રોનો તો પાર છે જ નહિ. અને સાંભળ ! કેટલાક જીવ વ્યાકરણાદિક વિના પણ તત્ત્વોપદેશરૂપ ભાષાશાસ્ત્રો દ્વારા તથા ઉપદેશ સાંભળીને તથા શિખવાથી તત્ત્વજ્ઞાની થતા જોવામાં આવે છે, અને કેટલાક જીવ માત્ર વ્યાકરણાદિકના અભ્યાસમાં જ જન્મ વેડફે છે અને તત્ત્વજ્ઞાની થતા નથી – એવું પણ જોવામાં આવે છે.

સાંભળ ! વ્યાકરણાદિનો અભ્યાસ કરવાથી પુણ્ય થતું નથી; પણ ધર્માર્થી થઈ તેમનો અભ્યાસ કરે તો થોડુંક પુણ્ય થાય છે તથા તત્ત્વોપદેશક શાસ્ત્રોના અભ્યાસથી સાતિશય મહાન પુણ્ય ઉત્પન્ન થાય છે; માટે સારૂં તો એ છે કે એવા તત્ત્વોપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કરવો. એ રીતે શબ્દ-શાસ્ત્રાદિકના પક્ષપાતીને (શાસ્ત્રાભ્યાસ) સન્મુખ કર્યો.

હવે અર્થનો (ધનનો) પક્ષપાતી કહે છે કે આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી શું છે ? બધાં જ કાર્ય ધનથી થાય છે. ધનથી જ પ્રભાવના આદિ ધર્મ થાય છે, ધનવાનની પાસે અનેક પંડિત આવીને રહે છે. અન્ય પણ સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે માટે ધન પેદા કરવાનો ઉદ્યમ કરવો.

તેને કહે છે – અરે પાપી ! ધન કંઈ આપણું પેદા કરેલું તો ઉપજતું નથી, ભાગ્યથી મળે છે. ગ્રંથાભ્યાસ આદિ ધર્મસાધનથી જે પુણ્યની ઉત્પત્તિ થાય છે, તેનું નામ ભાગ્ય છે. જો ધન મળવાનું છે તો શાસ્ત્રાભ્યાસ કરવાથી કેમ નહિ મળે? જો નથી મળવાનું તો શાસ્ત્રાભ્યાસ નહિ કરવાથી કેવી રીતે મળશે ? માટે ધનનું મળવું કે ન મળવું તો ઉદયને આધીન છે, શાસ્ત્રાભ્યાસમાં કેમ શિથિલ થાય છે? અને સાંભળ ! ધન છે તે તો વિનાશીક છે, ભયસહિત છે, પાપથી ઉપજે છે, નરકાદિનું કારણ છે.

જે આ શાસ્ત્રાભ્યાસનું જ્ઞાનધન છે, તે અવિનાશી છે, ભયરહિત છે, ધર્મરૂપ છે, સ્વર્ગ-મોક્ષનું કારણ છે, મહંત પુરૂષ તો ધનાદિકને છોડી શાસ્ત્રાભ્યાસમાં જ લાગે છે અને તું પાપી શાસ્ત્રાભ્યાસને છોડી ધન પેદા કરવાની બડાઈ કરે છે, તો તું અનંત સંસારી છે.

તેં કહ્યું કે પ્રભાવના આદિ ધર્મ પણ ધનથી થાય છે; પણ તે પ્રભાવનાદિ ધર્મ તો થોડોક સાવદ્ય ક્રિયા સહિત છે; માટે સમસ્ત સાવદ્યરહિત શાસ્ત્રભ્યાસ રૂપી ધર્મ છે, તે મુખ્ય છે. જો એમ ન હોત તો ગૃહસ્થ અવસ્થામાં પ્રભાવના આદિ ધર્મ સાધન હતા તેમને છોડી સંયમી થઈ શાસ્ત્રાભ્યાસમાં કેમ લાગે છે ?

શાસ્ત્રાભ્યાસ કરવાથી પ્રભાવનાદિ પણ વિશેષ થાય છે.

– **સમ્યગ્જ્ઞાનચંદ્રિકા,** *પ્રસ્તાવનામાંથી*

## ઉત્તમ ગૃહસ્થ

*સંસારમાં રહ્યા છતાં પણ ઉત્તમ શ્રાવકો ગૃહસ્થાશ્રમથી આત્મ સાધનને સાધે છે; તેઓનો ગૃહસ્થાશ્રમ પણ વખણાય છે.*

*- તે ઉત્તમ પુરૂષ સામાયિક, ક્ષમાપના ચોવિહાર, પ્રત્યાખ્યાન એ 'યમનિયમ'ને સેવે છે. પર પત્ની ભણી માતુ-બહેનની દૃષ્ટિ રાખે છે. યથા શક્તિ સત્પાત્રે દાન દે છે. શાંત, મધુરી અને કોમળ ભાષા બોલે છે. સત્ય શાસ્ત્રનું મનન કરે છે. બને ત્યાં સુધી ઉપજીવિકામાં પણ માયા કપટ એ કરતો નથી. સ્ત્રી, પુત્ર, માત, તાત, મુનિ અને ગુરૂ એ સઘળાને યથા યોગ્ય સન્માન આપે છે. મા-બાપને ધર્મનો બોધ આપે છે. યત્નથી ઘરની સ્વચ્છતા રાંધવું, સીંધવું, શયન એ રખાવે છે. પોતે વિચક્ષણતાથી વર્તી સ્ત્રી પુત્રને વિનયી અને ધર્મી કરે છે. સઘળા કુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે. આવેલા અતિથિનું યથા યોગ્ય સન્માન કરે છે. યાચકને ક્ષુધાતુર રાખતો નથી. સત્પુરૂષોના સમાગમ અને તેઓનો બોધ ધારણ કરે છે. સમર્યાદ અને સંતોષયુક્ત નિરંતર વર્તે છે. યથા શક્તિ શાસ્ત્રસંચય જેના ઘરમાં રહ્યો છે, અલ્પ આરંભથી જે વ્યવહાર ચલાવે છે. આવો ગૃહસ્થાવાસ ઉત્તમગતિનું કારણ થાય એમ જ્ઞાનીઓ કહે છે.*

***- 'શ્રીમદ્ રાજચંદ્ર'/શિક્ષાપાઠ-૧૨***

## મિથ્યાત્વ પાપનો બાપ કેમ ?

*૧) 'હું પરદ્રવ્યનું કરી શકું' એટલે જગતમાં અનંત પરદ્રયવ્ય છે તે સર્વેને પરાધીન માન્યાં અને 'પર મારૂં કરી શકે' એટલે પોતાના સ્વભાવને પરાધીન માન્યો - આ માન્યતામાં જગતના અનંત પદાર્થો અને પોતાના અનંત સ્વભાવની સ્વાધીનતાનું ખૂન કર્યું, તેથી તેમાં અનંતી હિંસાનું મહાન પાપ આવ્યું.*

*૨) જગતના બધા પદાર્થો સ્વાધીન છે તેને બદલે બધાને પરાધીન - વિપરીત સ્વરૂપે માન્યા તથા જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું સ્વરૂપ માન્યું - એ માન્યતામાં અનંત અસત્ સેવનનું મહાપાપ આવ્યું.*

*૩) પુણ્યનો એક વિકલ્પ કે કોઈપણ પર વસ્તુને જેણે પોતાની માની તેણે ત્રણે કાળની પર વસ્તુ અને વિકાર ભાવને પોતાનું સ્વરૂપ માનીને અનંતી ચોરીનું મહાન પાપ કર્યું છે.*

*૪) એક દ્રવ્ય બીજાનું કાંઈ પણ કરી શકે એમ માનનારે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભિન્ન ન રાખતાં તે બે વચ્ચે વ્યભિચાર કરી બે માં એકપણું માન્યું, અને એવા અનંત પરદ્રવ્યો સાથે એકતારૂપ વ્યભિચાર કર્યો તે જ અનંત મૈથૂન સેવનનું મહાપાપ છે.*

*૫) એક રજકણ પણ પોતાનો નથી છતાં હું તેનું કરી શકું એમ જે માને છે તે પરદ્રવ્યને પોતાનું માને છે. ત્રણે જગતના જે પણ પદાર્થો છે તે સર્વેને પોતાના માને છે એટલે આ માન્યતામાં અનંત પરિગ્રહનું મહાપાપ આવ્યું.*

*આ રીતે જગતના સર્વે મહાપાપો એક મિથ્યાત્વમાં જ સમાઈ જાય છે. તેથી જગતનું સૌથી મહાન પાપ મિથ્યાત્વ જ છે. અને સમ્યગ્દર્શન થતાં ઉપરના સર્વે મહાપાપોનો અભાવ જ હોય છે. તેથી જગતનો સૌથી પ્રથમ ધર્મ સમ્યક્ત્વ જ છે. માટે હે જીવો ! જો તમે મહાપાપથી બચવા માગતા હો તો મિથ્યાત્વ છોડો સમ્યક્ત્વ પ્રગટ કરો....!*

***- પૂ. ગુરુદેવશ્રી***

# પ્રકાશકીય

☆☆☆☆☆☆

## સંસ્થા પરિચય

વર્તમાનમાં શ્રી ૧૦૦૮ ભગવાન મહાવીરસ્વામીનું ધર્મશાસન પ્રવર્તે છે. ભગવાન મહાવીર સ્વામીનો ૨૫૦૦ મો નિર્વાણ મહોત્સવ દેશવિદેશમાં અત્યંત પ્રભાવપૂર્વક ઉજવાયો. તે જ વર્ષે જ્ઞાનતીર્થધામ સોનગઢમાં પરમાગમ મંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**ની પવિત્ર ઉપસ્થિતિમાં ઉજવાયો. પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન દિગંબર જૈનસંઘના પ્રાચીન તીર્થક્ષેત્રોની સુરક્ષા માટે મુમુક્ષુ સમાજે ખાસ યોગદાન પ્રદાન કરવું જોઈએ, એવા પ્રસ્તાવના ફળ સ્વરૂપે **શ્રી કુંદકુંદ-કહાન દિગમ્બર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**ની સ્થાપના **ધર્મરત્ન પં. શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા**ના અથાગ પ્રયત્નોથી કરવામાં આવી. તીર્થ સુરક્ષાના ઉદ્દેશ્ય સાથે જિનવાણીની સુરક્ષાનું કાર્ય પણ ટ્રસ્ટના સંસ્થાપકોએ સ્વીકાર્યું. ત્યારબાદ પૂજ્ય સ્વામીજીની ૮૭મી જન્મજયંતી દાદરમાં ઉજવાઈ ત્યારે સંસ્થાનું વિધીવત્ ઉદ્‌ઘાટન **સાહુ શાંતિ પ્રસાદજી જૈને** કર્યું ને **પૂજ્ય ગુરુદેવશ્રી**ના મંગળ આર્શીવાદ પુનઃ પ્રાપ્ત થયા.

પોતાના પ્રથમ પાત્રીસ વર્ષના સંક્ષિપ્ત કાર્યકાલમાં સંસ્થાએ પ્રાકૃતિક તથા અપ્રાકૃતિક આક્રમણોથી તીર્થક્ષેત્રોનું ત્થા જિનવાણીમાતાનું સંરક્ષણ કરવામાં પોતાનો ગતિશીલ ફાળો આપીને સમાજનું દિલ જીતી લીધું છે ને પૂરા દેશમાં મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે તીર્થ સુરક્ષા ટ્રસ્ટની સર્વોન્મુખી પ્રગતિ **સ્વ. શ્રી બાબુભાઈ મહેતા**ની દીર્ઘદૃષ્ટિ ને કાર્યક્ષમ રાહબરીનું સુખદ ફળ છે. તેમનું સ્વપ્ન સાકાર થયું, તે દેખી સર્વને આનંદ થાય તે સ્વાભાવિક છે.

**તીર્થક્ષેત્રોની સેવાઃ-**

તીર્થો આપણા સૌ માટે આત્મઉત્થાનની પ્રેરણાનાં સ્તોત્રધામ છે. તીર્થક્ષેત્રો, સિદ્ધક્ષેત્રો કે અતિશયક્ષેત્રોનાં જિનમંદિર ટોંક, પ્રતિમાઓ, ચરણ તથા અન્ય ધર્માયતનો કાળ ને પ્રકૃતિના પ્રભાવને લીધે નબળાં પડે ત્યારે તેમનો જિર્ણોદ્ધાર કરાવવો જરૂરી બને છે. યાત્રીકોની સુવિધાઓ માટે પણ યોગ્ય વ્યવસ્થા થાય તો પ્રવાસીઓ પાવનક્ષેત્ર પર વધુ રોકાઈને ત્યાંના વૈરાગ્યપ્રેરક વાતાવરણનો લાભ લઈ શકે છે. આપનું ટ્રસ્ટ તીર્થોના તથા પ્રાચીન જિનમંદિરોના જિર્ણોદ્ધાર માટે નિયમિતપણે સહાય પૂરી પાડે છે.

તીર્થક્ષેત્રોના વ્યવસ્થિત ને યોજનાબદ્ધ વિકાસ તથા સુરક્ષાના ધ્યેયને લક્ષમાં લઈ તીર્થોના સર્વેક્ષણની યોજના અમલમાં મુકાય. અનેક તીર્થક્ષેત્રોએ પોતાના વિકાસ માટેના 'માસ્ટર પ્લાન' બનાવીને ત્થા દિગંબરોના હક્કના દસ્તાવેજો વ્યવસ્થિત બનાવીને સંગ્રહિત કર્યા છે. તીર્થ સુરક્ષા

માટેની બૃહદ્ સર્વેક્ષણ યોજના ઈતિહાસમાં અભૂતપૂર્વ રહી છે. પં. જ્ઞાનચંદજી જૈન (વિદિશા)એ આ કાર્યમાં સારું યોગદાન કર્યું છે.

વળી જૈન ફીરકાઓમાં પ્રવર્તતા તીર્થક્ષેત્રોના વિવાદો અંગે પણ સમાજમાં જે જાગૃતિ આવી છે તેમાં આપણી સંસ્થાનો પાયારૂપ ફાળો છે. અંતરીક્ષ પાર્શ્વનાથ સીરપુર બાબત જે કંઈ સુરક્ષાના પ્રયત્નો થયા છે. તેમાં આપણા ટ્રસ્ટી બા.બ્ર.પં. શ્રી ધન્યકુમારજી બેલોકરનો સિંહ ફાળો નોંધપાત્ર છે.

શાશ્વત્ તીર્થરાજ સમેદશીખરજીના પવિત્ર તીર્થરાજના દિગંબર જૈન યાત્રિકોના ને સંઘના હક્ક પુનઃ હાંસીલ કરવા માટે છેલ્લા પચ્ચીસ વર્ષથી સક્રિય આંદોલન ચાલે છે. આ ભગીરથ કાર્ય સિદ્ધ કરવામાં આપણને આંશિક સફળતા મળી રહી છે. દિલ્હીમાં દોઢ લાખની જૈન રેલી ઉપરાંત તીર્થની ટોંક પર પહોંચવાનો ૮ કિ.મી.નો પાકો રોડ બનાવવો, પહાડ પર ડાક બંગલાનું સંચાલન, યાત્રિકોની અનેક વિધ સગવડો વધારવી તથા ભાતા ઘરનું નૂતનીકરણ વ. યોજનાઓ હાથ ધરી શકાઈ છે. તીર્થક્ષેત્રોની સુરક્ષાને વ્યવસ્થા માટે દિગંબર સમાજની એકતાપૂર્વકની શક્તિનો સંચય ધ્યેયની પ્રાપ્તિથી આપણને નજદીક લઈ જઈ રહ્યો છે. ભારતવર્ષિય દિ. જૈન તીર્થક્ષેત્ર કમીટીના સહકાર્યકારી તરીકે આ ઐતિહાસિક પ્રકરણમાં ભાગીદાર થવાનું સૌભાગ્ય આપણી સંસ્થાને પ્રાપ્ત થયું છે. કમીટીના મંત્રી તથા ઉપાધ્યક્ષ તરીકે મારી નિમણુંક થતાં બન્ને સંસ્થાઓ દ્વારા તીર્થક્ષેત્રોની સેવા કરવાના મહત્ત્વપૂર્ણ સત્કાર્યમાં વધુ શક્તિનો સંચય થયો છે. તીર્થક્ષેત્રોની સેવા માટે સમાજને સાહુ અશોકકુમારજીની પ્રભાવશાળી નેતાગીરીનો લાભ મળી શક્યો તે ગૌરવ ગાથારૂપ છે.

રાંચી હાઈકોર્ટમાં એક મહત્વપૂર્ણ ચૂકાદો પ્રાપ્ત થયો, જેના ફળસ્વરૂપે દિ. સમાજ તરફથી શીખરજીના શ્રી પાર્શ્વનાથ પહાડની ટોંક ઉપર પુજારીઓ અન્ય સ્ટાફ તથા ગાર્ડની નીમણુંક થઈ છે. યાત્રાળુઓ માટે છત્ર આદી ચડાવવાની તથા દાનપેટીઓ રાખવાની ગોઠવણ કરવામાં આવી છે. તીર્થના ટોંક ઉપરના રસ્તાઓ યાત્રીની સગવડો તથા ટોંકોની રીપેરીંગ જાળવણી તથા સુશોભીકરણ કરી શકાયા છે. વળી વીજળી પડવાથી પવિત્ર ટોંક તથા ચરણને અવારનવાર ક્ષતિ પહોંચતી હતી તે નીવારવા માટે લાઈટીનીંગ એરેસ્ટર ગોઠવવામાં આવ્યા છે. ભાતાની વ્યવસ્થા ઉપરાંત ડાકબંગલો ઉપર યાત્રીકોને ભોજન વ્યવસ્થા પૂરી પાડીએ છીએ.

ભ. નેમીનાથની નીર્વાણભુમી ગીરનારજી ક્ષેત્રની પાંચમી ટોંક પર યાત્રા કરવા માટે પહોંચતા ભારતભરના જૈન યાત્રીઓની કેટલાક મહંતબાબાઓ દર્શન પુજા કરતા ટોકે છે, રોકે છે તથા ધમકી આપે છે. સરકારી સુત્રો તરફથી અસરકારક રક્ષણ અને વ્યવસ્થા ન મળતા જૈન સમાજને ગુજરાત હાઈકોર્ટનો સહારો લેવો પડયો છે. મહંતો સાથે વાતાઘાટથી સમાધાનના પ્રયત્નો સફળ થયા નથી. ગીરનાર સુરક્ષાના કેસમાં કાનુની કાર્યવાહિ માટે સમાજતરફથી મારી નીમણુંક થઈ છે.

**મહાવિદ્યાલયનું સંચાલનઃ-**

મા જીનવાણીના આત્મ પ્રાપ્તિના મંગળ સંદેશ જનજન તક પહોંચાડવાનું ધ્યેય મર્મજ્ઞ વિદ્વાનોના અભાવમાં સંભવીત બનતું નથી. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે પં. ટોડરમલ સ્મારક ભવન, જયપુરમાં ''શ્રી ટોડરમલ દિ. જૈન દર્શન મહાવિદ્યાલયનો'' પ્રારંભ કરાયો. આજે આ મહાવિદ્યાલયે દેશભરમાં અધ્યાત્મનો ડંકો વગાડી દીધો છે.

નિરંતર અધ્યયન, મનન, ચિંતન ત્થા એક માત્ર સ્વહિતની રૂચિ તે મહાવિદ્યાલયની વિશેષતાઓ છે. ખરેખર તો આ પ્રકારની આધ્યાત્મિક ક્રાંતિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ ઉપદેશનું ફળ છે. તેમની પુણ્ય પ્રભાવનાના ઉદયે લાખો શ્રાવક-શ્રાવિકાઓ દૈનિક અભ્યાસ કરીને આત્મસિદ્ધિના કલ્યાણ માર્ગમાં સંલગ્ન થયા છે.

આ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ શ્રી દિ. જૈન સંસ્કૃત કોલેજ, જયપુર દ્વારા રાજસ્થાન વિશ્વવિદ્યાલયની જૈનદર્શનમાં શાસ્ત્રી પરીક્ષા ઉત્તીર્ણ કરે છે. આ પરીક્ષા બી. એ.ના સમકક્ષ છે. આ અભ્યાસક્રમ ઉપરાંત આપણે વિદ્યાર્થીઓને શ્રી વીતરાગ-વિજ્ઞાન પરીક્ષા બોર્ડ જયપુરની પ્રવેશિકા, વિશારદ આદિ પરીક્ષાઓ અપાવીએ છીએ. ટૂંકમાં ચારે અનુયોગમાં પારંગત છાત્રો તૈયાર કરવાની આ કાર્યશાળા છે. વળી તે વાત પણ હર્ષની છે કે આપણા મહાવિદ્યાલયના યુવાનો દર વર્ષે રાજ. વિશ્વવિદ્યાલયની બોર્ડ પરીક્ષાઓમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરતા આવ્યા છે.

છેલ્લા પંદર વર્ષથી મહાવિદ્યાલયમાં વધારે છાત્રોને પ્રવેશ આપવા માટે શ્રી રવીન્દ્ર પાટની ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ, શ્રી વીતરાગ-વિજ્ઞાન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અજમેર તથા પૂજ્ય શ્રી કાનજીસ્વામી ટ્રસ્ટ દેવલાલી તથા પં. શ્રી ટોડરમલ દિ. જૈન સર્વોદય ટ્રસ્ટ, જયપુરનો સક્રિય સહયોગ સંસ્થાને મળી રહ્યો છે. ઉક્ત છાત્રાલયનું સફળ નિર્દેશન પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હુકમચંદજી ભારિલ્લ કરી રહ્યા છે. છાત્રગણને જૈનદર્શનના શિક્ષણ ઉપરાંત આધ્યાત્મિક, સદાચારમય ને સેવાભાવી જીવનવાળા બનાવવાનો ઉદ્દેશ્ય રહ્યો છે. પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટનો સંપૂર્ણ સહકાર વિદ્યાલયને બરાબર પ્રાપ્ત થતો રહ્યો છે.

મહાવિદ્યાલયના આચાર્ય તરીકે પં. રતનચંદજી ભારિલ્લની સેવા પ્રાપ્ત થઈ રહી છે. અમારા ભુતપૂર્વ ટ્રસ્ટી શ્રી નેમીચંદજી પાટની, શ્રી પુનમચંદજી છાબડા, બા.બ્ર. શ્રી જતીષભાઈ જૈન, બ્ર. યશપાલજી જૈન આદિનો સહકાર પણ સંસ્થાને મળ્યો છે.

અત્યાર સુધીમાં મહાવિદ્યાલયના માધ્યમથી સમાજને ૭૦૦ થી વધુ 'શાસ્ત્રી' તથા ૫૦ થી વધુ 'આચાર્યો' પ્રાપ્ત થઈ શક્યા છે. હવે દર વર્ષે ૩૫ નવા વિદ્વાનો સમાજની સેવા માટે તૈયાર થતાં જશે. સાથે સાથે શ્રી આ. અકલંકદેવ મહાવિદ્યાલય, બાંસવાડા તથા શ્રી આ. ધરસેન સી. મહાવિદ્યાલય, કોટામાં પણ ધાર્મિક શિક્ષણની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

**પ્રવચન શિબિરોઃ-**

મહાવિદ્યાલયના છાત્રોને દેશભરના ઉચ્ચકોટિના વિદ્વાનોના પ્રવચનને સત્સમાગમનો લાભ થાય તે હેતુથી છેલ્લા ૩૬ વર્ષથી જયપુરમાં વર્ષાકાલીન પ્રવચન શિબિર અનવરત રૂપે યોજવામાં આવે છે.

વળી તીર્થક્ષેત્ર યા અન્ય નગરોમાં આધ્યાત્મિક પ્રવચન શિબિરો યોજવાનું કાર્ય છેલ્લા વીસેક વર્ષથી પ્રારંભ થયુ છે. આવી શિબિરો તથા ગ્રુપ શિબિરો યોજવામાં આપણે નિયમિત સહયોગ પૂરો પાડીએ છીએ.

**સત્સાહિત્ય વિભાગઃ-**

પૂજ્ય ગુરુદેવશ્રીના દેહવિલય પછી પૂજ્ય આચાર્યોના બૃહદ્ મૂળ ગ્રંથોને સમાજ સુધી પહોચાડતા રાખવાનું કાર્ય આપણી સંસ્થાએ નિભાવ્યું છે. તથા આ દિશામાં સંસ્થાએ અનુકરણીય કદમ ઉપાડ્યું છે. સત્સાહિત્ય પ્રકાશન ક્ષેત્રે અત્યારસુધીમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, અષ્ટપાહુડ, ગોમ્મટસાર, પંચાસ્તિકાય અને અંગ્રેજી મોક્ષમાર્ગ પ્રકાશક વિ. ગ્રંથો છપાઈ ચૂક્યા છે ને અવારનવાર નવી આવૃત્તિઓ છપાય છે.

સંસ્થાના ટ્રસ્ટી તથા પ્રસિધ્ધ વિદ્વાન પં. શ્રી ઉત્તમચંદજી જૈનના સંપાદનથી શ્રી સમયસારજી તથા શ્રી પંચાસ્તીકાય શાસ્ત્રોની આ. અમૃતચંદ્ર તથા આ. જયસેનની ટીકા સહીત બન્ને ગ્રંથોનું પ્રથમવાર પ્રકાશન થઈ શકયુ છે. હવે શ્રી પ્રવચનસારની બન્ને ટીકાઓનું પ્રકાશન કરી રહ્યા છીએ.

વળી તત્ત્વ પ્રચારના હેતુથી વિદ્વાનોને દેશભરમાં ગામ ગામ મોકલી આત્મદર્શનની પ્રેરણાની લહાણી કરવામાં આવે છે. તે ઉપરાંત આવશ્યકતા પડે તો સ્વાધ્યાય ભવનના નિર્માણ માટે પણ સહાયતા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૫ નગરમાં આવા સ્વાધ્યાય ભવનનું નિર્માણ થઈ શક્યું છે. સ્વાધ્યાયભવન માટે વર્તમાનમાં અઢી લાખની સહાયતા મોકલીએ છીએ.

**તીર્થધામ શીખરજીઃ-**

શ્રી શાશ્વત તીર્થરાજ સમ્મેદશીખરજીની યાત્રાએ પહોચતા મુમુક્ષુ ભાઈ-બહેનોને યાત્રા સમયે ધર્મઆરાધના માટે સ્વાધ્યાયાદીની અનુકુળ સુવિધા પ્રાપ્ત થઈ શકતી નહોતી. આવા મહત્વપૂર્ણ ક્ષેત્રે જિજ્ઞાસુઓને સુવિધાજનક સર્વ વ્યવસ્થા અવીરત મળતી રહે એવી ભાવના સૌને ઉઠતી હતી. એક સૌભાગ્ય પળે આપણા ટ્રસ્ટી, સમાજ ગૌરવ શ્રી અનંતભાઈ શેઠની ઉત્કંઠતમ ભાવના અને પ્રેરણાથી તીર્થ પર મુમુક્ષુ સમાજના ઉદાર સહયોગથી શ્રી કુંદકુંદ કહાન નગરની નવરચના થઈ છે. ભ.પાર્શ્વનાથનું અદ્વિતીય જિનમંદિર, શ્રી કુંદકુંદ કહાન સ્વાધ્યાય ભવન, શ્રી ધારીવાલ મુમુક્ષુ ભવન આદી સર્વ સુવિધાયુક્ત સંકુલ માત્ર ત્રણ વર્ષના ગાળામાં તૈયાર થયુ તથા પંદર હજારથી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં નવેમ્બર ૨૦૧૨માં શીખરજીના ઈતિહાસમાં અભુતપૂર્વ ગણી શકાય તેવો પંચકલ્યાણક મહા મહોત્સવ ઉજવી શકાયો. આ કાર્યમાં આપણાં સર્વ ટ્રસ્ટીઓ અને સમાજે અનેરો ઉત્સાહ અને ભક્તિનો પરિચય આપ્યો. સંસ્થાના મંત્રી શ્રી મહીપાલજી

જ્ઞાયક, બાંસવાડા તથા શ્રી વસંતભાઈ શાહ (એન્જીનીયર) અમદાવાદ, શ્રી અજિતભાઈ જૈન, બરોડા તથા શ્રી બાલચંદજી પાટની, કલકત્તાની સક્રિય સેવાઓ ઉલ્લેખનીય છે. આજે આપણું નગર શીખરજી તીર્થના વિશિષ્ટ સંસ્થા તરીકે સ્થાન પામ્યુ છે.

સંસ્થાની સ્થાપના કાલથી પં. શ્રી બાબુભાઈ મહેતા, મુ. શ્રી રામજીભાઈ દોશી, પં. શ્રી ખીમચંદભાઈ શેઠ, પં. શ્રી લાલચંદભાઈ મોદી, વર્તમાન અધ્યક્ષ **શ્રી યુગલ કિશોરજી, યુગલ,** પં. શ્રી ધન્યકુમારજી બેલોકર, શ્રી સુમનભાઈ દોશી (બન્ને ઉપાધ્યક્ષ) શ્રી માણેકલાલ આર ગાંધી, શ્રી શાંતિભાઈ સી. ઝવેરી વિ. ની દોરવણી ને માર્ગદર્શનનો લાભ મળતો રહ્યો છે. તેમના તથા અન્ય મહાનુભાવોના સલાહ-સૂચન વિના સંસ્થા સફળતાને વરી ન શકત. સંસ્થા તરફથી ગુજરાતી ભાષામાં ''આત્માનુશાસન'' અને ''યોગસાર'' પછી ''શ્રી રત્નકરંડ શ્રાવકાચાર''નું આ દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. અમારા ટ્રસ્ટી શ્રી અમરતભાઈ મહેતાએ આ કામ સંભાળી લીધું છે. જે દાતાઓએ ગ્રંથની કિંમત ઘટાડવા માટે દાન આપેલ છે, તેમની યાદી પાછળ આપેલ છે. તેમના આભારી છીએ.

ગ્રંથનો સરલ અનુવાદ શ્રી અશ્વીનભાઈ કે. દોશી (સુદાસણા) સી.એ.એ કરી આપ્યો છે તે બદલ સંસ્થા તેમની આભારી છે, તથા આ સમગ્ર અનુવાદને ખૂબજ ચીવટ અને ખંતઃપૂર્વક જોઈ, પ્રૂફ રીડીંગ કરી ગ્રંથના ભાવોને યથાવત રાખવામાં જેઓ ખાસ સહાયક થયા છે એવા શ્રી ધીરુભાઈ પારેખ તથા શ્રી દિપકભાઈ જૈનનો તથા આ કામમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જેઓ સહાયક અને પ્રેરક થયા છે તે સર્વેનો આ તબક્કે સંસ્થા આભાર માને છે.

આ ગ્રંથનું સુંદર કંપોઝીંગ ટુંકા સમયમાં, સારી રીતે કરી આપવા બદલ મે. ક્રિએટીવ પેજ સેટર્સના સમીર પારેખનો તથા સુંદર મુદ્રણ કરવા બદલ મે. પારસ પ્રિન્ટ્સના શ્રી નિલેશ પારેખ (રાજુભાઈ)નો પણ આભાર માનીએ છીએ.

આત્મઉત્થાન માટેની પ્રવૃત્તિઓમાં સંસ્થાને ઘણી લાંબી મંજીલ કાપવી છે. શાસનની પ્રભાવનાનો ઉદય દિન-પ્રતિદિન વૃદ્ધિગત થતો રહે તેવી ભાવના છે.

તા. ૧૩/૪/૨૦૧૪ — **વસંતલાલ મુલચંદ દોશી** *(સુદાસણા)*
શ્રી મહાવીર જયંતી — *મહામંત્રી,*
મુંબઈ — **શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ**


## -: વર્તમાન ટ્રસ્ટ મંડળ :-

**શ્રી બાબુ યુગલકિશોરજી જૈન** (કોટા), *અધ્યક્ષ*
**શ્રી બા.બ્ર.પં. શ્રી ધન્યકુમારજી બેલોકર** (ગજપંથ), *ઉપાધ્યક્ષ*
**શ્રી વિમલચંદજી જૈન** (દિલ્હી), *કોષાધ્યક્ષ*
**શ્રી વસંતલાલ એમ. દોશી** (મુંબઈ), *મહામંત્રી*
**શ્રી મહિપાલજી જ્ઞાયક** (બાંસવાડા), *મંત્રી*
**શ્રી ભભુતમલજી ભંડારી** (બેંગ્લોર)
**શ્રી અમરતભાઈ સી. મહેતા** (અમદાવાદ)
**શ્રી અનંતભાઈ એ. શેઠ** (મુંબઈ)
**શ્રી પં. ઉત્તમચંદજી જૈન** (છિંદવાડા)
**શ્રી આલોકકુમારજી જૈન** (કાનપુર)
**શ્રી વિનુભાઈ આર. શાહ** (મુંબઈ)
**શ્રી પદમચંદજી પહાડિયા** (ઈન્દૌર)

# પૂર્વભૂમિકા

☆☆☆☆☆☆

## હિંદી અનુવાદક - શ્રી મન્નૂલાલ જૈન વકીલ

દિગંબર જૈન મુનિરાજોમાં તાર્કિક ચુડામણિ શ્રી સ્વામી સમન્તભદ્ર આચાર્યદેવનું સ્થાન અત્યંત પ્રતિષ્ઠાપૂર્ણ છે. વિશાળ જૈન સાહિત્યમાં તથા ચરણાનુયોગના શાસ્ત્રોમાં ગ્રંથરાજ શ્રી રત્નકરંડ શ્રાવકાચારનું સ્થાન સર્વોપરી છે.

**ગ્રંથકાર વિશે -** શ્રીમદ્ ભગવત્ આચાર્ય કુંદકુંદદેવ તથા આચાર્ય ગૃદ્ધપિચ્છ (ઉમાસ્વામી) પછી જિનવાણીને જો કોઈ મનીષીએ સૌથી વધારે પલ્લવિત, વિકસિત, પોષિત તથા પ્રમાણિકપણે પ્રભાવિત કરી હોય તો તે શ્રી આચાર્ય સમન્તભદ્રસ્વામી છે. તેઓશ્રી જૈન ન્યાયના પ્રતિષ્ઠાપક આચાર્ય હતા. પરીક્ષા પ્રધાની થવું તે એમની વિશેષતા રહી છે.

શ્રી સમન્તભદ્ર આચાર્યની કીર્તિ કવિઓ, ગમકો, વાદીઓ તથા વાગ્મિઓમાં ચુડામણિ સમાન શોભિત થઈ રહી છે. સ્વયંભૂ સ્તોત્રમાં પોતાનો પરિચય પોતે જ આપતાં કાશી નરેશને સંબોધતાં તેઓ કહે છે – ''હું આચાર્ય છું, કવિ છું, વાદવિવાદમાં સર્વોપરી છું, પંડિત છું, દૈવજ્ઞ છું, વૈદ્ય છું, માંત્રિક છું, તાંત્રિક છું, આજ્ઞા સિદ્ધ છું, સારસ્વત છું.'' આટલી વિશેષતાઓ સહિત કોઈ અન્ય મનીષીની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

આચાર્ય સમન્તભદ્રની ગૌરવગાથા તેમના પછી પ્રવર્તમાન આચાર્યોએ તો ગાઈ જ છે, પરંતુ સિદ્ધાન્તસાર સંગ્રહ ગ્રંથમાં આચાર્ય નરેન્દ્રસેનનું કથન ધ્યાન દેવા યોગ્ય છે.

**''શ્રી સમન્તભદ્રસ્વામીની નિર્દોષ વાણી જીવોને મનુષ્યપર્યાયની પ્રાપ્તિ સમાન જ દુર્લભ છે. જૈનમતમાં ખૂબજ સ્યાદ્વાદથી પ્રતિપાદન કર્યું છે એવા શ્રી સમન્તભદ્ર મુનિરાજનાં વચન જે બુદ્ધિમાન જીવો સાંભળે છે તે ભ્રાન્તિથી રહિત થઈ જાય છે.'' એમના વિષયમાં એક એવો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ મળે છે જેમાં કહેવાયું છે કે -શ્રી સમન્તભદ્ર આચાર્ય ભવિષ્યમાં તીર્થંકર થવાના છે.**

**अट्ट हरी णव पडिहरि चक्कि चउक्कंच एय वलभद्दो ।**
**सेणिय समंतभद्दो तित्थयरा हुंति णियमेण ॥**

**અર્થઃ-** આઠ નારાયણ, નવ પ્રતિનારાયણ, ચાર ચક્રવર્તી, એક બલભદ્ર, રાજા શ્રેણિક તથા આચાર્ય સમન્તભદ્ર એમ ચોવીસ મહાપુરૂષ નિયમથી તીર્થંકર થવાના છે. આગળ પરિચયમાં પંડિત શ્રી રાકેશજીએ વિસ્તારથી લખ્યું છે. આ કળિકાળમાં ભોગના સાધનોની પ્રચુરતા, પ્રધાનતા તથા વિવિધતાઓના કારણે મનુષ્યોનું મન આત્મહિત કરવામાં ઓછું જ લાગે છે. આ જ વાતને આચાર્ય સમન્તભદ્રએ યુકિત અનુશાસન ગ્રંથમાં લખી છે -

**कालः कलिर्वा कलुषाशयोवा श्रोतुः प्रवुक्तर्वचनानयो वा ।**
**त्वच्छासनैकाधि पतित्वलक्ष्मी प्रभुत्वशक्तेरपवाद हेतुः ॥**

**અર્થઃ-** શ્રેષ્ઠ તથા સુલભ તત્વજ્ઞાનની પ્રાપ્તિ થવા છતાં પણ આજના આ ભોગ પ્રધાન યુગમાં જિનેન્દ્રના શાસનથી આ જગત વિમુખ કેમ થઈ રહ્યું છે ? આચાર્યદેવ સમાધાન કરતાં કહે છે - **હે ભગવાન, આ વિષયાંધતા પોષક કળિકાળ છે, શ્રોતાઓનું મન મોહાંધકારવશ વિશુદ્ધતા રહિત થઈ કલુષતા પ્રચુર થઈ રહ્યું છે, તથા અનેકાન્ત શૈલીને અનુરૂપ વીતરાગ શાસનની ધર્મદેશના થવામાં અસમર્થ વકતાઓની પ્રધાનતા છે,** આ કારણે આપના શાસનની એકછત્રતા થવારૂપ લક્ષ્મીની પ્રભુતામાં વિક્ષેપ પડી રહ્યો છે.

**ગ્રંથ વિશે -** આત્મહિતના પ્રયોજનથી તથા તત્ત્વપ્રચારની ભાવનાથી સ્યાદ્વાદ ન્યાયથી ગર્ભિત યુક્તિઓથી પરિપૂર્ણ એમનું સાહિત્ય દિગંબર જૈનધર્મનો અનુપમ વારસો છે. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર તેમનો સૌથી વધુ પ્રસિદ્ધ, સૌથી વધુ પ્રાચીન, મહત્ત્વપૂર્ણ, સર્વમાન્ય શ્રાવકાચાર નિરૂપક ગ્રંથ છે.

શ્રી જીવરાજ ગ્રંથમાલા, શોલાપુરથી પ્રકાશિત શ્રાવકાચાર સંગ્રહમાં (જે પાંચ ભાગમાં પ્રકાશિત થયો છે) છત્રીસ શ્રાવકાચાર નિરૂપક ગ્રંથોનો સંગ્રહ વિદ્વાન પં. હીરાલાલજી સિદ્ધાન્તાલંકારે કર્યો છે. તેમાં પંડિતજીએ શ્રી રત્નકરંડ શ્રાવકાચારને સૌ પ્રથમ સ્થાન આપી યથાર્થ મહત્ત્વ આપ્યું છે. તેમની ૧૭૧ પાનાંની પ્રસ્તાવનામાં તેઓ લખે છે - **સ્વામી સમન્તભદ્રએ પોતાના રત્નકરંડમાં શ્રાવકધર્મનું સૂત્રરૂપથી યુક્તિસહિત જે વર્ણન કર્યું છે તે પરવર્તી શ્રાવકાચારો માટે આધારભૂત તથા આદર્શરૂપ છે.**

શ્રી રત્નકરંડ શ્રાવકાચારના વિષયવસ્તુ તથા વિશેષતાઓ ઉપર જ્યારે આપણે નજર ફેરવીએ છીએ ત્યારે તેની મૌલિકતા જોઈને ચકિત થઈ જઈએ છીએ. સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનના ૨૫ દોષ, દેવ, શાસ્ત્ર, ગુરૂનું સ્વરૂપ, આઠ મુળ ગુણ, અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, સંલ્લેખના તથા શ્રાવકની અગિયાર પ્રતિમા તેની વિષય વસ્તુ છે.

આ ગ્રંથરાજની વિશેષતાઓમાં **સમ્યગ્દર્શન**નું સવિસ્તર વર્ણન એ મુખ્ય છે. સાચા **આપ્ત,** વીતરાગી, સર્વજ્ઞ તથા પરમ હિતોપદેશી હોવા જોઈએ. સાચાં **આગમ** આપ્તકથિત, વાદવિવાદમાં પરાસ્ત ન થાય તેવાં, પ્રત્યક્ષ, અનુમાન આદિ પ્રમાણજ્ઞાનથી વિરોધરહિત, પ્રયોજનભૂત તત્ત્વોનાં ઉપદેશક, પ્રાણીમાત્રનાં હિતકારી અને મિથ્યામાર્ગનો નિષેધ કરવાવાળાં હોવાં જોઈએ. સાચા **ગુરૂ** પાંચ ઈન્દ્રિયોના વિષયોની આશાથી રહિત, જીવોના ઘાત કરવાવાળા આરંભથી રહિત, અંતરંગ-બહિરંગ પરિગ્રહથી રહિત તથા જ્ઞાનધ્યાન-તપમાં લીન હોવા જોઈએ. આ રીતે **દેવ**માં ત્રણ, શાસ્ત્રમાં છ તથા ગુરૂમાં ચાર- એમ કુલ તેર ગુણ કહીને તે ત્રણના શ્રદ્ધાનને જ સમ્યગ્દર્શન કહ્યું છે. શુદ્ધ આમ્નાયવાળાઓએ આ તેર ગુણો ઉપર વિશેષ ધ્યાન આપીને વિચાર કરવો જોઈએ કારણ કે તેમનો સંબંધ પ્રત્યેક જીવના સમ્યગ્દર્શન સાથે છે. આ તેર ગુણથી મંડિત આપ્ત, આગમ-તપોભૃતનું નિર્ણયપૂર્વક શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે.

જો ઉંડાણથી વિચારીએ તો આચાર્યદેવે અહીં સુધીના દસ શ્લોકોમાં જ સંપૂર્ણ પ્રયોજનભૂત કથન ટૂંકામાં પૂર્ણરૂપથી કહી દીધું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મરૂપ હોવાથી સંવર, નિર્જરા તથા મોક્ષનાં કારણ છે. **મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર ધર્મથી વિપરીત હોવાથી આસ્રવ-બંધરૂપ છે તથા સંસારનાં કારણ છે.**

સમ્યગ્દર્શનનો મહિમા બતાવતાં આચાર્યદેવ પોતે જ કહે છે કે - **સમ્યગ્દર્શન સહિત ચંડાળ પણ દેવતુલ્ય છે.** સમ્યગ્દર્શનથી બધી જ જાતના વૈભવ-સંપત્તિ તથા ઉત્તમ પદની પ્રાપ્તિ થઈ જાય છે, સમ્યગ્દષ્ટિએ ભય-આશા-સ્નેહ-લોભાદિથી કુદેવ, કુઆગમ, અને કુગુરૂને નમસ્કાર ન કરવા જોઈએ, મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન જ પ્રધાન સેનાપતિ છે, સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળપ્રાપ્તિ સંભવતી નથી. (શ્લોક નં. ૩૦, ૩૧, ૩૨ જુઓ)

**આચાર્યશ્રી આગળ કહે છે -** મિથ્યાદષ્ટિ (મોહી) મુનિ કરતાં સમ્યગ્દષ્ટિ (નિર્મોહી) ગૃહસ્થ શ્રેષ્ઠ છે. નિર્મોહી ગૃહસ્થને મોક્ષમાર્ગી કહ્યો છે, પરંતુ મોહી મુનિને મોક્ષમાર્ગી કહ્યા નથી. અહીં આચાર્યદેવની કઠોર પરીક્ષા-પ્રધાન શૈલી જોવા મળે છે.

અહીં વિદ્વાનોએ ખૂબ સાવધાનીથી શ્લોક નંબર ૩૩ ઉપર વિચાર મંથન કરવાની જરૂર છે.

આચાર્યશ્રી ફરીથી શ્લોક નંબર ૩૪માં કહે છે – **ત્રણ લોક, ત્રણકાળમાં સમ્યગ્દર્શન સમાન જીવોનું હિત કરવાવાળું બીજું કોઈ નથી તથા મિથ્યાત્વ સમાન જીવોનું બૂરૂં કરવાવાળું બીજું કોઈ નથી.** અહીં પણ આચાર્યશ્રી પરીક્ષા પ્રધાનતાનો પરિચય કરાવતાં મિથ્યાત્વને સૌથી અધિક અહિત કરવાવાળું બતાવી રહ્યા છે. આ પણ વિદ્વાનોએ વિચારવા લાયક વિષય છે. જો મિથ્યાત્વ બંધના ક્ષેત્રમાં ક્યાંય પણ, કોઈપણ અપેક્ષાએ કમજોર હોત, કાર્યકારી ન હોત, તો આચાર્ય સમન્તભદ્ર જેવા પરીક્ષા પ્રધાની એ પોતાના પાંચ શ્લોકોના કથનમાં થોડીક કમજોરી રાખી હોત, પરંતુ તેમણે એમ કર્યું નથી.

આજના યુગમાં જિનવાણી વિરૂદ્ધ લખવાવાળા, વાંચવાવાળા તથા કહેવાવાળા મળે છે – એ પણ પંચમકાળના લક્ષણોમાં ગણાવવામાં આવ્યું છે. આ સિવાય પણ પંચમકાળની વિશેષતાઓ તથા પંચમકાળમાં ઉત્પન્ન થવાવાળાઓની વિશેષતાઓ બતાવવામાં આવી છે. આ જ વાત આચાર્ય સમન્તભદ્ર સ્વામીએ પોતાના યુક્તિ અનુશાસન ગ્રંથમાં **कालः कलिर्वा** વાળા શ્લોકમાં પણ પહેલેથી જ કહી દીધી હતી. કદાચ એ જ કારણે તેમને **કળિકાળ સર્વજ્ઞ** કહેવામાં આવે છે.

**આચાર્ય સમન્તભદ્ર જેવા મહાન દિગ્ગજ આચાર્યનાં વચનો ઉપર શંકા કરવી એ પંચમકાળનો જ પ્રભાવ કહેવાશે.**

આ ગ્રંથમાં આચાર્ય સમન્તભદ્રની બીજી પણ એક વિશેષતા દેખાઈ આવે છે – **તેમણે પાંચ અણુવ્રતોને આઠ મુળ ગુણોમાં સમાવી લીધા છે. અણુવ્રતોને મુળગુણોમાં સમાવીને જાણે એમણે સમ્યગ્દર્શનને કવચ ચઢાવી દીધું છે.** એટલે તો શ્લોક નં. ૩૦, ૩૧, ૩૨, ૩૩ તથા ૩૪માં આટલી દૃઢતા જણાય છે.

ગ્રંથની સમાપ્તિ પહેલાં શ્લોક નં. ૧૪૮માં આચાર્યદેવ કહે છે કે જગતમાં આ જીવનો દુશ્મન પાપ છે અને બંધુ ધર્મ છે. બીજા કોઈને શત્રુ કે મિત્ર ન માનવાવાળો જ જો પોતાના આત્માને ઓળખી લે તો તે પોતે જ પોતાનું કલ્યાણ કરી લે છે. આ બાબતમાં વિદ્વાન ચિંતક ડૉ. હુકમચંદજી ભારિલ્લે પ્રસ્તાવનામાં વિશેષ પ્રકાશ પાડ્યો છે.

**ટીકા તથા ટીકાકાર વિશે –** અહીં પં. સદાસુખદાસજીની ટીકાની વિશેષતાઓ

તરફ વિદ્વાન વાંચકોનું ધ્યાન કેન્દ્રિત કરવા માગું છું. આ વિષયમાં આગળ પ્રસ્તાવના તથા જીવન પરિચયમાં તો વિસ્તારથી વર્ણન કરેલું જ છે.

આ ટીકામાં પં. સદાસુખદાસજીએ આચાર્ય સમન્તભદ્રએ કહ્યા પ્રમાણે સંપૂર્ણ વિષયને પુરૂષાર્થ-સિદ્ધયુપાય, ભગવતી-આરાધના, દર્શન પાહુડ, પદ્મનંદી-પંચવિશંતિ, આત્માનુશાસન, મૂલાચાર, અનગારધર્મામૃત, તત્ત્વાર્થસૂત્ર, ધર્મપરીક્ષા, ગોમ્મટસાર, કાર્તિકેયાનુપ્રેક્ષા, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, લબ્ધિસાર, સમાધિશતક, વારસાણુવેકખા, જ્ઞાનાર્ણવ, રાજવાર્તિક, સર્વાર્થસિદ્ધ,આપ્તમીમાંસા, દ્રવ્યસંગ્રહ, પરમાત્મ પ્રકાશ, અષ્ટપાહુડ, સુભાષિત રત્નસંદોહ, યોગસાર, ઈષ્ટોપદેશ વગેરે અનેક પૂર્વાચાર્યોના આર્ષ ગ્રંથોને આધારે ટીકા-વચનિકાનો યથાસંભવ સુયોગ્ય વિસ્તાર કર્યો છે. આ કાર્ય એમની પૂર્વાચાર્યો પ્રત્યે અત્યંત સન્માન અને જિનવાણી પ્રત્યે અગાધ શ્રદ્ધાનો પરિચય આપે છે. વળી આગમના વિશાળ સ્વાધ્યાય પછી પણ પંડિતજીમાં આડંબર, મદ, ગર્વ કે અભિમાન કયાંય નજરે પડતાં નથી

પ્રથમ સમ્યગ્દર્શન અધિકારમાં આઠ અંગ, આઠ મદ, ત્રણ મૂઢતાઓ, શ્વેતાંબરમતવિચાર, કુદેવાદિની પૂજાનો નિષેધ, આહારના છ ભેદ, મિથ્યાત્વનું સ્પષ્ટીકરણ, શુદ્ધિના ભેદ, મૂર્તિપૂજન સંબંધી વિચાર, અવ્રતી ગૃહસ્થને સમ્યગ્દર્શન થવાના વિષયમાં વિચાર, બીજાના સમ્યક્ત્વ જાણવા સંબંધી વિચાર વિગેરેનું ખૂબ સૂક્ષ્મતાથી તથા વિસ્તારથી વર્ણન છે, જે અન્યત્ર ભાગ્યે જ વાંચવા મળે છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ તથા પાંચ લબ્ધિઓનું સ્વરૂપ પૂર્ણરૂપથી લબ્ધિસાર ગ્રંથના આધારથી સરળ ભાષામાં ઉતારવામાં આવ્યું છે. વાંચતી વખતે કરણાનુયોગ અનુસાર બધું જ યથાવત્ સ્પષ્ટ તરી આવે છે.

ત્રણ મૂઢતાઓના પ્રકરણમાં પંડિતજીએ **સમ્યગ્દર્શનનો મહિમા બતાવવામાં તથા મિથ્યાત્વથી નુકશાન ગણાવવામાં પૂરી શક્તિ વાપરી છે. તેઓ કહે છે - મિથ્યાત્વ જ સંસારનું બીજ છે, મૂળ કારણ છે, કર્મબંધનું મુખ્ય કારણ છે, પાપોમાં સર્વોપરી છે ને પરિગ્રહોમાં પ્રધાન છે.** અનેક પ્રશ્નો જાતે જ ઉઠાવીને આગમ, યુક્તિ, ન્યાય તથા તર્કસહિત, જે યોગ્ય સમાધાન પ્રસ્તુત કરેલ છે, તે જોઈને આજના બુદ્ધિશાળી વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે.

આગળ બાર વ્રતોમાં જિનપૂજન, જિનમંદિર નિર્માણ, દાનના પાત્ર, પંચમકાળ,

પંચમકાળમાં ઉત્પત્તિનું કારણ, પંચમકાળના જીવોના કુટીલ પરિણામ, તીવ્ર લોભ, પાખંડ અને શિથિલાચાર, આગમ વિરૂદ્ધ વાણી અને વર્તનની જ દંભપૂર્વક બોલબાલા, અભક્ષ્ય ભક્ષણ, અન્યાય અને અનીતિનું વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું છે. પાંચ પાપ, ચારેય કષાય, અનર્થદંડ વિગેરે વિષયોમાં પંડિત સદાસુખદાસજીએ દિલ ખોલીને વિચારો વ્યક્ત કર્યા છે. એકાંત, પક્ષપાત, નિર્દયતા, વિષયભોગોની પ્રધાનતા વિગેરે અનેક બાબતો ઉપર સવિસ્તર પ્રકાશ ફેંક્યો છે.

આ ભાષા ટીકામાં એક જ વિષય ઉપર અનેક સ્થાન ઉપર વર્ણન કરેલું જોવા મળે છે, જેમકે - **સામયિક**નું તપમાં, શિક્ષાવ્રતમાં, આવશ્યકમાં અને ૧૧ પ્રતિમાઓમાં, **રાત્રિભોજન**નું મૂળગુણોમાં અને ૧૧ પ્રતિમાઓમાં, **પરિગ્રહ**નું - પાપોમાં, અણુવ્રતોમાં, ૧૧ પ્રતિમાઓમાં, દશ ધર્મોમાં, **બ્રહ્મચર્ય**નું - પાપોમાં, અણુવ્રતોમાં, મહાવ્રતોમાં, ૧૧ પ્રતિમાઓમાં, દસ ધર્મોમાં, **મિથ્યાત્વ**નું - પાપોમાં, તપમાં, ભાવનાઓમાં અને દસ ધર્મોમાં, **વૈયાવૃત્ત**નું - શિક્ષાવ્રતમાં, સોળ ભાવનાઓમાં, સંલ્લેખનામાં વર્ણન કરવામાં આવ્યું છે. ચારગતિનાં દુઃખ, ૨૫ દોષ, દસ ધર્મ, સ્વાધ્યાય વિ. વિશે પણ એકથી વધુ વખત કહેવામાં આવ્યું છે. આનું કારણ એ જ છે કે વિષય-પ્રકરણ અનુસાર ફરીથી લખવું જરૂરી હતું, તથા ઉપદેશમાં પુનઃ કથનને દોષ માનવામાં આવતો નથી.

છઠ્ઠા ભાવના અધિકારના નામથી પંડિત સદાસુખદાસજીએ અલગથી જ અદ્‌ભૂત રચના કરી છે, જેમાં સંપૂર્ણ ચરણાનુયોગ સમાવી લીધો છે. અણુવ્રતોની ભાવના, પાંચ પ્રકારના પાપનો ત્યાગ કરવાની ભાવનાઓ, દસ ધર્મ, આઠ શુદ્ધિઓ, બાર તપ, ચાર ધ્યાન, છ આવશ્યક, દ્વાદશઅંગ, વક્તાના ૨૩ ગુણ, શ્રોતાના આઠ ગુણ, તથા સોળ ભેદ, આચાર્યના આઠ ગુણ, સૃષ્ટિ કર્તૃત્વ, સમવસરણ રચના, વિગેરેનું ખૂબ જ શિક્ષાપદ વિધિથી વિસ્તારપૂર્વક સ્પષ્ટ વર્ણન કર્યું છે.

સંલેખના અધિકારમાં **મૃત્યુમહોત્સવ** પ્રકરણ નવું જ ઉમેર્યું છે. ચારે ગતિના દુઃખનું વર્ણન તો આંખો ખોલી નાખે તેવું છે. અકૃત્રિમ જૈન ચૈત્યાલયોનું વર્ણન, કલ્પવૃક્ષોનું વર્ણન, ભોગભૂમિનું વર્ણન, સંસાર-શરીર ભોગોનું સ્વરૂપ, ધ્યાન, ધારણા, સમાધિ તથા ૧૧ પ્રતિમા વિગેરેનું ખૂબજ સુંદર વર્ણન કર્યું છે.

વાચકગણ પંડિત સદાસુખદાસજી તથા તેમની આ કૃતિથી હવે તો પરિચિત થઈ જ ગયા હશે તેથી તેમણે આ બધી બાબતો ઉપર ખૂબ ઉંડાણથી (અંતઃકરણપૂર્વક) વિચાર કરવો જોઈએ.

**આ ભાષાગ્રંથમાં પંડિત સદાસુખદાસજીએ શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન સહિત શુદ્ધ જૈનાચાર નિરૂપણ કર્યું છે.** તથા આપણે જોઈ શકીએ છીએ કે **પંડિત સદાસુખદાસજીની આ ટીકામાં નિશ્ચય-વ્યવહારની કથનશૈલીનો ઉત્તમ સુમેળ સાધવામાં આવ્યો છે.** જેમને બાહ્યક્રિયારૂપ વ્યવહારની મહત્તા છે તેમને અંતરંગ જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય અપનાવવાની પ્રેરણા આપી છે, તથા જેમને શુષ્કજ્ઞાન-નિશ્ચયમાત્રની મહત્તા છે તેમને નિવૃત્તિરૂપ બાહ્યત્યાગ, શુભક્રિયારૂપ સદાચાર, વ્રત તથા કષાયની મંદતારૂપ શુભ અવસર અપનાવવા માટે પ્રેરિત કર્યા છે.

ગૃહીત મિથ્યાત્વના સંબંધમાં શ્વેતાંબર મત વિચાર, ક્ષેત્રપાલ પદ્માવતી પૂજન નિષેધ તથા ઈશ્વરકર્તૃત્વવિચાર નામના પ્રકરણોમાં સુંદર યુક્તિ સહિત તથા આગમસંમત તર્ક પ્રસ્તુત કરીને સર્વને નિર્ણય કરવા માટે માર્ગદર્શન આપ્યું છે. આ વિષયો વિચારણીય છે.

**પંડીતજીએ સ્વચ્છંદતા તથા કષાયોનો નિષેધ કરવામાં કાંઈ કસર બાકી રાખી નથી.** ક્રિયાકાંડ, શરીર, સંસાર તથા ભોગોનું યથાર્થ સ્વરૂપ બતાવીને ત્યાગ તથા સંયમનો માર્ગ અંકિત કર્યો છે. **એ જ રીતે મિથ્યાત્વ ઉપર પણ પ્રહાર કરવામાં ક્યાંય પીછેહઠ કરી નથી.** દેવ, શાસ્ત્ર, ગુરૂ, સમ્યગ્દર્શન, દર્શનવિશુદ્ધિ ભાવના, દસ ધર્મ વિગેરે પ્રકરણોમાં તેઓશ્રીએ અનેક જગ્યાએ સ્પષ્ટ કર્યું છે કે - **મિથ્યાત્વ જ સંસારનું બીજ છે, કર્મબંધનું મૂળ કારણ છે, પરિગ્રહ છે, પાપ છે, પ્રથમ આસ્રવ છે, સર્વથી અધિક નુકશાન કરવાવાળું છે, કષાયોને ઉત્પન્ન કરાવવાવાળું છે તેમજ સંસાર પરિભ્રમણમાં સૌથી વધારે શક્તિશાળી નિમિત્ત છે.**

જૈનદર્શન જીવના સંસાર પરિભ્રમણમાં મુખ્યપણે કર્મને નિમિત્ત માને છે. મિથ્યાત્વ પણ દર્શનમોહ નામનું કર્મ જ છે. જો તેને અહિતકારી તો માનવામાં આવે પરંતુ કર્મબંધના ક્ષેત્રમાં શૂન્ય માનવામાં આવે તો પછી તે સ્વયં અહિતકારી નિમિત્ત કેવી રીતે ઠરશે ? મુલાચારમાં ગાથા નં. ૯૬૮ની ટીકામાં રતિ-રાગ-દ્વેષ-મોહ યુક્ત પરિણામોને ભાવ કહ્યા છે અને ભાવોને જ બંધનું કારણ કહ્યા છે. એ જ રીતે પંચાસ્તિકાયની ગાથા ૧૪૮ની ટીકામાં સ્પષ્ટ રીતે આચાર્ય શ્રી જિનસેને મોહનો અર્થ મિથ્યાત્વ જ કર્યો છે અને તેને બંધના કારણોમાં જ ગણાવ્યું છે, જેવું સંપૂર્ણ જિનાગમમાં લખ્યું છે એવું જ ચારેય અનુયોગોના ગ્રંથોમાં લખ્યું છે. આ જ વાત ધવલ-પુ-૮ પાના-૨, જયધવલા-પુ-૮ પાના-૨ પંચાસ્તિકાય. ગાથા ૧૪૮ની

જયસેનાચાર્ય ટીકા, પ્રવચનસાર, સમયસાર મૂલાચાર ગાથા ૯૬૮ પુરૂષાર્થસિદ્ધયુપાય, વારસાણુંવેકખા, નયચક્ર, પંચાધ્યાયી, દ્રવ્યસંગ્રહ ગોમ્મટસાર, તત્ત્વાર્થસૂત્ર, મહાબંધ, સર્વાર્થસિદ્ધિ, જ્ઞાનાર્ણવ, ભગવતી આરાધના, કાર્તિકેયાનુપ્રેક્ષા, ધર્મપરીક્ષા, રત્નકરંડ, રાજવાર્તિક, યુક્તિ અનુશાસન, મોક્ષમાર્ગ પ્રકાશક, છ ઢાળા, વિગેરે સંપૂર્ણ જિનવાણીમાં કહેવામાં આવી છે.

**આચાર્ય સકલકીર્તિએ તો ત્યાં સુધી કહ્યું છે કે જો એક બાજુ બધાં જ પાપ હોય અને એક બાજુ એકલું મિથ્યાત્વ હોય અને જો સરખામણી કરવામાં આવે તો તેમાં સરસવ (રાઈ)ના દાણા અને સુમેરૂપર્વત જેટલું અંતર જોવા મળશે.** જૈનદર્શનમાં આગમ પ્રમાણની સાથે યુક્તિ પ્રમાણનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે, પરંપરા તથા અનુભવ પ્રમાણનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

વિદ્વાન ચિંતક મનીષીઓએ આ વાત ઉપર વિશેષ વિચાર કરવો જોઈએ કે જિનવાણીમાં કયાંય પણ મિથ્યાત્વની ઉપેક્ષા કરવામાં આવી નથી. યુક્તિપ્રમાણ સંપૂર્ણ જૈન ન્યાય (શાસ્ત્ર)ના પાયામાં છે. કોઈપણ કારણસર જૈન સિદ્ધાન્તો વિરૂદ્ધ કરવામાં આવેલું કથન જૈન શાસનના પાયામાં ઘા કરવા બરાબર છે. સદીઓથી જૈનદર્શનની સર્વોપરીતા અન્ય દર્શનોએ સ્વીકાર કરેલી જ છે. આચાર્ય સમન્તભદ્ર એનું જ્વલંત ઉદાહરણ છે. પરંતુ આ યુગમાં જૈનદર્શનમાં માનવાવાળાઓના મત-મતાંતર તેમની ચરમસીમાએ પહોંચેલા જોવા મળે છે. નય વિવક્ષાનું જ્ઞાન સદાયે હોવું જોઈએ. **જૈનદર્શનના સ્યાદ્વાદ અને અનેકાંતના સિદ્ધાંત આપણે અન્ય દર્શનના લોકોને સમજાવતાં થાકતા નથી, પરંતુ ખુદ પોતાને સમજાવવામાં અસફળ રહીએ છીએ.** જૈન મનીષી પણ સમન્વયની જગ્યાએ મત પક્ષ પોષણમાં જ લાગેલા જોવા મળે છે. **જૈન સમાજ તથા જૈનદર્શનનું હિત સમન્વય કરવામાં છે, વિરોધ કરવામાં નહિ.**

જો તમે ધ્યાનપૂર્વક અંતમાં પરિશિષ્ટોમાં આપેલા તત્ત્વજ્ઞાન તથા શુદ્ધ જૈનાચારના વાકયો ઉપર વિચાર કરશો તો એ જણાઈ આવશે કે પંડિત સદાસુખદાસજીનો સ્વાધ્યાય કેટલો વિશાળ અને ગહન હતો. તેમણે આગમોમાંથી અનેક વાતો હથેળીમાં આમળા સમાન પ્રત્યક્ષ કાઢીને સામે રાખીને કહ્યું છે કે **મિથ્યાત્વ સૌથી મોટું તથા પ્રથમ બંધનું નિમિત્ત કારણ છે, ધર્મધ્યાન તથા સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી જ શરૂ થાય છે, ૭૦ ક્રોડાક્રોડી સાગરનો કર્મ બંધ મિથ્યાત્વથી જ થાય છે, મિથ્યાત્વ**

**જ કષાયોનો બાપ છે, આત્માની અનુભૂતિ જ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શનથી જ ધર્મનો પ્રારંભ થાય છે, આત્માના અવલંબનથી જ સમ્યગ્દર્શન થાય છે, પર્યાયબુદ્ધિ છોડવાથી મિથ્યાત્વ દૂર થાય છે, આત્મા માત્ર જ્ઞાયકભાવરૂપ છે.**

પં. સદાસુખદાસજીએ દર્શનપાહુડ, પ્રવચનસાર, પંચાસ્તિકાય, પુરૂષાર્થ-સિદ્ધયુપાય, ગોમ્મટસાર, કાર્તિકેયાનુપ્રેક્ષા, સમાધિશતક, ભગવતી આરાધના, ધર્મ પરીક્ષા, આત્માનુશાસન, તત્ત્વાર્થસૂત્ર વિગેરે અનેક ગ્રંથોના ઉદાહરણ આપી, ગાથાઓ ટાંકી મૂળ આગમો પ્રત્યે અપ્રતીમ (અસીમ) સન્માન બતાવ્યું છે, તથા **ક્યાંય પણ આગમથી વિરૂદ્ધ કથન કર્યું નથી. આગમથી વિરૂદ્ધ કથન કરવું એને તો તેમણે મિથ્યાત્વના લક્ષણોમાં ગણાવ્યું છે.**

જિનાગમના પાયા ઉપર ક્રૂર પ્રહાર કરવાવાળા આધુનિક યુગના અનેક ભ્રામક પ્રશ્નોનું સમાધાન આ ટીકામાં કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના વચનોનો મુખ્યપણે સાર એ છે કે જેમને દ્રવ્યાનુયોગ તરફના ઝુકાવને લીધે ચરણાનુયોગના અનાદરપૂર્વક જ સ્વકલ્પિત મોક્ષમાર્ગ પર ચાલવાની જીદ છે તથા જેમને જૈનાચારની જિનાગમ દ્વારા સ્થાપિત પરંપરાઓને ખંડિત કરવામાં કોઈ સંકોચ થતો નથી તેમણે આ ગ્રંથના સદાચારપોષક, વૈરાગ્યમય, સંયમની પ્રતિષ્ઠાવર્ધક વીતરાગતા તથા ભેદવિજ્ઞાનના કારણભૂત વચનો વાંચીને શ્રદ્ધાન, જ્ઞાન તથા ચારિત્રને સમ્યક્ બનાવવાનો પુરૂષાર્થ કરવા તરફ આગળ વધવું જોઈએ. એ જ સમ્યક્ સન્મુખતા છે.

જો કોઈ એમ માને છે કે વર્તમાન સમયમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો કઠણ છે તેથી માત્ર બાહ્ય ચારિત્ર ધારણ કરી લેવાથી કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થઈ શકે છે તો તેમને સમજાવતાં શ્લોક નંબર-૩૨ ના ભાવાર્થમાં પં. સદાસુખદાસજી લખે છે કે **સમ્યક્ત્વ વિના જ્ઞાન કુજ્ઞાન અને ચારિત્ર કુચારિત્ર જ છે.**

**જેવી રીતે દ્રવ્યાનુયોગની મુક્તિનો મહેલ ચરણાનુયોગના પાયા વિના ઉભો રહી શકતો નથી, તેવી જ રીતે માત્ર તત્ત્વજ્ઞાનશૂન્ય વાણીવિલાસ તથા ક્રિયાકાંડ માત્રથી કર્મોનો અભાવ કરી શકાતો નથી. જેવી રીતે માત્ર આત્માનાં ગાણાં (ગીત) ગાવાથી આત્માની પ્રાપ્તિ થવાની નથી, તેવી જ રીતે સંયમની જય બોલવા માત્રથી પણ કર્મોની બેડીઓ તૂટવાની નથી. સમ્યક્ત્વ તથા સંયમને ગ્રહણ કરવાં**

**પડશે ત્યારે જ ગીત ગાવાનું અને જય બોલવાનું સાર્થક કહેવાશે. એ જ આ ગ્રંથના કથનનો નિષ્કર્ષ છે.**

બધી વાતો અહીં ક્યાં સુધી લખીએ, સ્વયં ગ્રંથનો આદ્યોપાંત સ્વાધ્યાય કરીને જીવન સફળ બનાવો એ જ ભાવના છે. વિદ્વાન વાંચક જો ત્રુટિઓ તરફ ધ્યાન દોરશે તો આભારી થઈશ.

પ્રસ્તાવના માટે ડૉ. હુકમચંદજી તથા આચાર્ય સમંતભદ્રજીના જીવન પરિચય માટે પં. રાકેશજી શાસ્ત્રીનો આભારી છું.

અંતમાં નિવેદન છે કે આ ગ્રંથના શબ્દોનો અર્થ દ્રવ્યાનુયોગ તથા કરણાનુયોગના શાસ્ત્રોમાં અનેક પ્રકારથી નયો દ્વારા કહેવાયેલી સૂક્ષ્મ વાતોને જાણવાના સંબંધમાં ગૌણરૂપથી તથા સદાચાર પોષક ચરણાનુયોગ અનુસાર જાણવામાં મુખ્ય રૂપથી કરવો જોઈએ.

*સાગર, ૧૨/૮/૧૯૯૪* **-મન્નૂલાલ જૈન**

卐

**मोह महामद पियो अनादि, भूल आपको भरमत वादि ।**
**ऐसे मिथ्याद्दग ज्ञान चर्णवश भ्रमत भरत दुःख जन्म मर्ण ।।**

– *છહઢાલા*

卐

# આચાર્ય સમન્તભદ્ર - એક પરિચય

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

સર્વ શ્રેષ્ઠ જૈનાચાર્યોની પરંપરામાં આચાર્ય સમન્તભદ્રનું એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમના દ્વારા જૈનધર્મની અવર્ણનીય સેવા થઈ છે. જેવી રીતે અધ્યાત્મના ક્ષેત્રમાં આચાર્ય કુંદકુંદનો ઉલ્લેખ કરવામાં આવે છે એવી જ રીતે જૈન ન્યાયના ક્ષેત્રમાં આચાર્ય સમન્તભદ્રના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે. ન્યાય ઉપરાંત, તેમણે સિદ્ધાંત, ભક્તિ, સ્તુતિ તથા શ્રાવકના આચારોના નિરૂપક શાસ્ત્રોની રચના પણ કરી છે. **જૈન ન્યાયના તો તેઓશ્રી મૂલાધાર છે.**

પહેલાંના જૈનાચાર્યોમાં જેવું તાર્કિક તેમજ યુક્તિસંગત વિવેચન આચાર્ય સમન્તભદ્રએ રચેલા શાસ્ત્રોમાં જોવા મળે છે એવું અન્યત્ર (જોવા મળતું) નથી. એ જ કારણે **એમણે રચેલા ગ્રંથો ખાસ કરીને સ્તુતિઓના આધાર પર જૈન ન્યાયનું આટલું મોટું વટવૃક્ષ ઉભું થયું છે.** જેવી રીતે – દેવાગમસ્તોત્ર (આપ્તમીમાંસા)ના આધાર ઉપર આચાર્ય અકલંકદેવે આઠસો શ્લોક પ્રમાણ અષ્ટસહસ્ત્રી બનાવીને અન્ય દર્શનોની સરખામણીમાં જૈન ન્યાયને વધુ પલ્લવિત અને પુષ્પિત કર્યો એ જ રીતે અન્ય ગ્રંથોના આધારે એમના પછીના આચાર્યોએ પણ ન્યાય તથા સિદ્ધાન્તનું ઝીણામાં ઝીણું વિવેચન કર્યું છે.

આમ સાબિત થાય છે કે જો વિદ્યાનન્દિ આચાર્ય જૈન ન્યાયરૂપી વટવૃક્ષને પલ્લવિત તથા પુષ્પિત કરવાવાળા છે, તથા અકલંકદેવ તેમના થડ, ડાળીઓ અને ડાળખીઓને વિકસિત કરવાવાળા છે તો સ્વામી સમન્તભદ્ર તે વટવૃક્ષના મૂળ છે, જડ છે, જેના આધાર ઉપર જૈન ન્યાયનું વિશાળ વટવૃક્ષ ઉભેલું છે.

સમન્તભદ્રની સૌથી મોટી વિશેષતા તો એ છે કે **તેમણે ભગવાનની સ્તુતિ પણ એમના બાહ્ય વૈભવથી ખુશ થઈને ન કરી પરંતુ આંતરિક વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને કરી છે.** એટલું જ નહિ, પણ બાહ્ય વૈભવ, અષ્ટપ્રાતિહાર્યાદિ તેમજ **શરીરાશ્રિત સાતિશય વિશેષતાઓથી ભગવાનનું મહત્ત્વ સ્થાપિત કરવાનો સ્પષ્ટ ઈન્કાર પણ કર્યો છે.** તેઓ ભગવાન મહાવીરના તીર્થંકરત્વથી પણ પ્રભાવિત થતા નથી તેઓ પોતે દેવાગમસ્ત્રોત્રના પ્રારંભમાં લખે છે –

**देवागम नभोयान चामरादि विभूतयः ।**
**मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥१॥**

**अध्यात्मं बहिरप्येष विग्रहादि महोदयः ।**
**दिव्यः सत्यो दिवौकस्वप्यस्ति रागादिमत्सु सः ॥२॥**

**तीर्थकृत्समयानां च परस्पर-विरोधतः ।**
**सर्वेषामाप्तता नास्ति कश्चिदेव भवेद्गुरुः ॥३॥**

**स त्वमेवाऽसिनिर्दोषोयुक्तिशास्त्राऽ विरोधिवाक् ।**
**अविरोधो यदिष्टं ते प्रसिद्धेन न बाध्यते ॥६॥**

''હે ભગવન્ ! આપ અમારી દૃષ્ટિમાં માત્ર એટલા માટે મહાન નથી કે આપના દર્શનાર્થે દેવગણ આવે છે, આપનું ગમન આકાશમાં થાય છે અને આપ છત્ર-ચમ્મરાદિ બાહ્ય વિભૂતિઓથી વિભુષિત છો, કારણ કે એ બધું તો માયાવીઓમાં પણ જોવા મળે છે.

એવી જ રીતે શરીર સંબંધી અંતરંગ તથા બહિરંગ અતિશય (વિશેષતાઓ) જો કે માયાવીઓમાં જોવામાં આવતી નથી, તોપણ રાગાદિ ભાવો સહિત દેવતાઓમાં જોવામાં આવે છે. એટલે એ જ કારણે આપ અમારી દૃષ્ટિમાં મહાન હોઈ શકો નહિ.

આગમના આધાર તેમજ ધર્મ તીર્થના ચલાવનાર હોવાથી પણ આપની મહાનતા સિદ્ધ થતી નથી કારણ કે શાસ્ત્રોને રચવાવાળા તથા સંપ્રદાય યા પંથરૂપ તીર્થને ચલાવવાવાળા અનેક છે, તથા એ બધાના વચનો ઘણું કરીને પરસ્પર વિરોધી છે. પરસ્પર વિરોધી વચનોવાળા બધા તો આપ્ત હોઈ શકે નહિ, એમાંથી કોઈ એક જ આપ્ત હોય.

હે ભગવન્ ! આપની મહાનતા તો **વીતરાગતા** અને **સર્વજ્ઞતાના** કારણે જ છે. આપ જ નિર્દોષ પરમાત્મા છો કારણકે આપની વાણી યુક્તિ અને શાસ્ત્રોથી અવિરોધી છે. **જે કંઈ આપે કહ્યું છે તે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરૂદ્ધ નથી.''**

આ રીતે તેમણે સ્તુતિઓના માધ્યમથી પણ જૈન તત્ત્વજ્ઞાનનો જ બોધ કરાવ્યો છે. સ્વયંભૂ સ્તોત્રમાં પણ ચોવીસે તીર્થંકરોની સ્તુતિ કરવા સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વિ. અનેક તાત્ત્વિક વિષયોને સંગ્રહિત કરીને જ સ્તુતિ કરવામાં આવી છે.

૧. સ્વયંભૂસ્તોત્ર, (અરનાથ સ્તુ, શ્લોક ૧૮)

એ જ રીતે સ્વયંભૂ સ્તોત્રમાં અરહનાથ ભગવાનની સ્તુતિ કરતાં એક આશ્ચર્યકારી તથ્ય તેમણે બતાવ્યું - એમાં તેઓ કહે છે કે અનેકાન્તમાં પણ અનેકાંત લાગુ પાડવો જોઈએ કારણ કે અનેકાન્તને પણ જો સર્વથા અનેકાંતરૂપ સ્વીકારવામાં આવે તો અનેકાન્તના એકાંતત્વનો પ્રસંગ આવશે. જૈનમતમાં પ્રમાણની સાથે નયવિવક્ષાને પણ સ્વીકારવામાં આવી છે અને તે વસ્તુને સમ્યક્ એકાંતરૂપ ગ્રહણ કરે છે, એટલે પ્રમાણદૃષ્ટિથી જ્યારે સમગ્ર વસ્તુને ગ્રહણ કરવામાં આવે છે ત્યારે સમ્યક્ અનેકાંત કહેવાય છે અને જ્યારે નયદૃષ્ટિથી વસ્તુના એક ધર્મનો વિચાર કરવામાં આવે છે ત્યારે સમ્યક્ એકાંત કહેવાય છે.

**अनेकान्तोऽप्यनेकान्तः प्रमाणनयसाधनः ।**
**अनेकान्तः प्रमाणात्ते तंदोकान्तोऽर्पितान्नयात् ।।**[१]

**હે ભગવન્ ! આપના મતમાં પ્રમાણ અને નય સાધનોની અપેક્ષાએ અનેકાંત પણ અનેકાંતસ્વરૂપ છે. તે પ્રમાણદૃષ્ટિથી અનેકાંતરૂપ સાબિત થાય છે. વળી તે જ નયદૃષ્ટિથી એકાંતરૂપ સિદ્ધ થાય છે.**

સ્વામી સમન્તભદ્રની કૃતિઓના પરિચયથી એક વાત સ્પષ્ટ જણાઈ આવે છે કે જ્યાં એક બાજુ તેમણે પોતાની યુક્તિઓ તેમજ તર્કશક્તિના અવલંબનથી વસ્તુતત્ત્વને સાબિત કર્યું, તો બીજી બાજુ શ્રાવકોના આચારનું વર્ણન કરતાં રત્નકરંડ શ્રાવકાચાર નામનો ગ્રંથ પણ લખ્યો જેનું વિસ્તૃત વિવેચન તો સંપાદકીય અને પ્રસ્તાવના વિ. માં કરવામાં આવી જ ગયું છે.

તેમણે રચેલા ગ્રંથોમાં આપ્તમીમાંસા (દેવાગમસ્તોત્ર), તત્ત્વાનુશાસન, યુક્ત્યનુશાસન, સ્વયંભૂસ્તોત્ર, જિનસ્તુતિશતક, (સ્તુતિવિદ્યા), રત્નકરંડ શ્રાવકાચાર, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણપદાર્થ, કર્મપ્રાભૃત ટીકા ગંધહસ્તિ મહાભાષ્ય મુખ્ય છે. એ ઉપરાંત એવું પણ માનવામાં આવે છે કે તેમણે 'ષટ્ખંડાગમ'ના પ્રથમ પાંચ ખંડો ઉપર ટીકા લખી હતી જે અત્યારે અપ્રાપ્ય છે. સાથે એ પણ એક ઉલ્લેખ મળે છે કે તેમણે એક 'જીવસિદ્ધિ' નામના ગ્રંથની રચના પણ કરી હતી. આજે જો આ ગ્રંથ પ્રાપ્ત થયો હોત તો આત્મતત્ત્વની સિદ્ધિના સંબંધમાં કંઈક નવી જાણકારી પણ પ્રાપ્ત થાત.

આચાર્ય સમન્તભદ્રને એમના પછીના આચાર્યોએ **'સ્વામી'** શબ્દથી પણ નવાજ્યા છે. જેમકે અભિનવ ધર્મભૂષણ યતિએ 'ન્યાયદીપિકા' ગ્રંથમાં લખ્યું છે -

**तदुक्तं स्वामिभिर्महाभाषयस्यादावाप्तमीमांसाप्रस्तावे........**

આનાથી એટલું પ્રતીત થાય છે કે જાણે સમન્તભદ્રનું ઉપનામ જ 'સ્વામી' થઈ ગયું હતું. આ જ કારણે આચાર્ય વિદ્યાનંદિ, વાદિરાજસૂરિ, પં. આશાધરજી વિ. કેટલાય આચાર્યો તથા વિદ્વાનોએ તેમને સ્વામી શબ્દથી સંબોધ્યા છે. વાસ્તવમાં અનેક વિદ્યાઓના એકછત્ર સ્વામી હોવાથી તેમનું 'સ્વામી' નામ સાર્થક છે.

જો કે આચાર્ય સમન્તભદ્રના સમય તેમજ લૌકિક જીવન વિશે વધારે જાણકારી મળતી નથી તો પણ ઈતિહાસકારોએ યથા શક્ય સૂત્રોના આધાર પર એમના સમય તેમજ લૌકિક જીવન વિશે જાણકારી મેળવી છે.

સ્વામીજીના સમય બાબતમાં પહેલાં વિદ્વાનોમાં ખૂબ જ મતભેદો હતા. કેટલાક વિદ્વાન તેમને વિ.સં. ૫૭, કેટલાક વિ.સં. ૧૨૫, કેટલાક વિ.સં - ૧૩૮, કેટલાક વિ.સં.-૨ના પાછલા સમયના હોવાનું માનતા હતાં એ જ રીતે કેટલાક વિદ્વાન તેમને પૂજ્યપાદ દેવનંદિ પહેલાં માને છે. તથા કેટલાક એમના પછીના માનતા હતા. સુપ્રસિદ્ધ ઈતિહાસકાર સ્વ. જુગલકિશોરજી મુખ્તારે તેમના ''સ્વામી સમંતભદ્ર'' નામના નિબંધમાં એ સારી રીતે સ્પષ્ટ કર્યું છે કે તેઓશ્રી આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી પછી તેમજ પૂજ્યપાદ દેવનંદિ પહેલાં થયા છે. તેમણે આચાર્ય ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્ર પર ''ગંધહસ્તિ મહાભાષ્ય'' નામના મહાગ્રંથની રચના કરી છે. જેના મોક્ષમાર્ગસ્ય નેતારં....વિ. મંગલાચરણ પર તેમણે સંપૂર્ણ દેવાગમસ્તોત્ર લખ્યું છે, સાથે જ પૂજ્યપાદ દેવનંદિએ પોતાના જૈનેન્દ્ર વ્યાકરણ 'ચતુષ્ટયં સમંતભદ્રસ્ય' કહીને સમન્તભદ્રનો ઉલ્લેખ કર્યો છે. આચાર્ય ઉમાસ્વામીનો સમય વિક્રમની પહેલી સદીમાં માનવામાં આવ્યો છે. જ્યારે પૂજ્યપાદનો સમય વિક્રમની પાંચમી સદી માનવામાં આવે છે. એટલે સ્વામી સમન્તભદ્રનો સમય લગભગ વિ.સં. ૨-૩ સદીની મધ્યમાં હોવો જોઈએ. હાલ તેમના સમયના સંબંધમાં આ જ વિચાર સર્વમાન્ય મનાય છે.

સમન્તભદ્રના લૌકિક જીવન વિશે વધારે જાણકારી ન હોવા છતાં પણ એટલું તો માલુમ પડે છે કે તેઓ **કદમ્બ રાજવંશના ક્ષત્રિય રાજકુમાર હતા,** એમનું બચપણનું નામ શાંતિવર્મા હતું, એમના પિતા દક્ષિણ ભારતમાં કાવેરી નદીના કિનારા પર આવેલ ફણિમંડલ અંતર્ગત 'ઉરગપુર' નગરના રાજા હતા.

તેઓશ્રી આત્માના હિત તેમજ તત્ત્વના પ્રચાર-પ્રસાર કરવાની ભાવનાથી ઓતપ્રોત હતા એટલે જ ઘણા સમય સુધી ઘરગૃહસ્થીના વ્યામોહમાં ન ફસાતાં કાંચી

નગરી (દક્ષિણ કાશી)માં જઈને નગ્ન દિગંબર સંત થઈ ગયા. તેમણે તેમના એક પરિચય-પદ્યમાં પોતાને 'કાંચીના નગ્નાટક તેમજ જૈન નિર્ગ્રન્થ વાદી'[1] બન્ને વિશેષણો સહિત કહ્યા છે.

નગ્ન દિગંબર થઈ ગયા પછી પણ તેમનામાં ક્ષત્રિયને છાજે તેવી શૂરતા-વીરતા અતિશયતા સહિત વિદ્યમાન હતી, વાદવિવાદ કરવા **માટે તો તે સર્વદા (હંમેશાં) તત્પર રહેતા હતા,** એમના વાદનું ક્ષેત્ર કોઈ સંકુચિત પ્રદેશ ન હોતાં સંપૂર્ણ ભારત હતું. તેઓશ્રી જ્યાં પણ જતા, વાદ માટે પોતે પડકાર ફેંકતા હતા, તેઓ કોઈના આમંત્રણની રાહ જોતા ન હતા. **તેમના સ્યાદ્વાદ ન્યાયથી ગર્ભિત યુક્તિસહિત વ્યાખ્યાન સાંભળીને શ્રોતા મંત્રમુગ્ધ થઈ જતા હતા,** તથા વિરોધીઓનો જોશ પણ ફીક્કો પડી જતો હતો, જેથી કોઈપણ તેમનાથી વાદ કરવા સાહસ ન કરતું.

આ સંબંધમાં શ્રી એમ.એસ. રામસ્વામી આયંગર પોતાના પ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તક - 'સ્ટડીઝ ઈન સાઉથ ઈન્ડીયન જૈનીઝમ' (Studies in South Indian Jainism) માં લખે છે -

''એ સ્પષ્ટ છે કે સમન્તભદ્ર એક ખુબ મહાન ધર્મ પ્રચારક હતા, જેમણે જૈન સિદ્ધાન્તો અને જૈન આચાર્યોને દૂર દૂર સુધી સવિસ્તાર ફેલાવાનું કામ કર્યું તથા જ્યાં પણ તેઓશ્રી ગયા તેમને બીજા સંપ્રદાયો તરફથી કોઈપણ પ્રકારના વિરોધનો સામનો કરવો પડ્યો નહિ''[2]

આખરે એવી કઈ ખાસ વાત (ખાસિયત) સમન્તભદ્રમાં હતી કે અન્ય વિદ્વાન એમની વાદ-ઘોષણા તેમજ તાત્ત્વિક-ભાષણને સાંભળીને પણ ચૂપ રહેતા હતા, કોઈ વિરોધ કરતા ન હતા ? એ શંકાનું સમાધાન કરતાં સ્વ.શ્રી. જુગલ કિશોરજી મુખ્તાર કહે છે.

**''સમન્તભદ્રની આ બધી સફળતાનું રહસ્ય તેમના અંતઃકરણની શુદ્ધતા, ચારિત્ર્યની નિર્મળતા અને વાણીના મહત્ત્વમાં સમાઈ જાય છે....** સ્વ. આત્મ હિત-સાધન પછી બીજા (જીવો)નું હિત-સાધન કરવું એ જ એક મુખ્ય કાર્ય એમનું હતું અને તેઓ ખુબ જવાબદારીપૂર્વક એનું સંચાલન કરતા હતા. એમની વાણી સદાય ક્રોધરહિત રહેતી, તેઓ કદી કોઈને અપશબ્દ કહેતા ન હતા, તથા બીજાના અપશબ્દોથી એમની શાન્તિનો ભંગ થતો ન હતો... મધુર વ્યાખ્યાન તો એમના સ્વભાવમાં જ હતું. એ જ કારણ

---

૧. राजन् मयास्यास्ति शक्तिः स वदतु पुरतो जैननिर्ग्रन्थ वादी । ૨. યુક્ત્યનુશાસન (પ્રસ્તાવના) પાના નં. ૩૬

હતું કે કઠોર ભાષણ કરવાવાળા પણ એમની સામે આવતાં જ મૃદુભાષી થઈ જતા હતા. **એમના વજ્રપાત્ તથા વજ્રાંકુશ જેવાં વચનો પણ લોકોને અપ્રિય લાગતાં ન હતા.**

સમન્તભદ્રના વચનોમાં સ્યાદ્વાદની સમતુલા જળવાતી તે એક ખાસ વિશેષતા હતી. અને એટલે **તેમના ઉપર પક્ષપાતનું ભૂત કદી સવાર થતું ન હતું. સમન્તભદ્ર સ્વયં પરીક્ષા-પ્રધાની હતા તથા કદાગ્રહને બિલ્કુલ પસંદ કરતા ન હતા.** એમણે સર્વજ્ઞ-વીતરાગ ભગવાન મહાવીર સુધીની પરીક્ષા કરી છે અને તે પછી જ તેમને 'આપ્ત'ના રૂપમાં સ્વીકાર્યા છે. **તેઓ બીજાઓને પણ પરીક્ષાપ્રધાની થવાનો ઉપદેશ આપતા હતા..... એવી સ્થિતિમાં તેઓ પોતાના કોઈપણ સિદ્ધાંતને જબરદસ્તી બીજાના ગળે ઉતારવાનો કે ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરતા ન હતા.** તેઓ વિદ્વાનોને નિષ્પક્ષ દૃષ્ટિથી સ્વઃ પર સિદ્ધાન્તો ઉપર ખુલ્લા મને વિચાર કરવાનો પૂરો મોકો આપતા હતા. એમની સદાયે એ ઘોષણા રહેતી હતી કે - કોઈપણ વસ્તુને એક જ દૃષ્ટિથી યા એક બાજુથી ન જુઓ, તેને બધી દૃષ્ટિથી અને સર્વે બાજુથી જોવી જોઈએ તો જ યથાર્થ જ્ઞાન થઈ શકશે. પ્રત્યેક વસ્તુમાં અનેક ધર્મ અથવા અંગ હોય છે, એનાથી જ વસ્તુ અનેકાત્મક છે. - તે વસ્તુના કોઈ એક ધર્મ કે અંગને લઈને સર્વથા તે જ રૂપથી વસ્તુનું પ્રતિપાદન કરવું 'એકાન્ત' છે અને **આ એકાન્તવાદ મિથ્યા છે કદાગ્રહ છે, તત્ત્વજ્ઞાનનો વિરોધી છે, અધર્મ છે, અન્યાય છે.** સ્યાદ્વાદ ન્યાય એ એકાન્તવાદનો નિષેધ કરે છે. સર્વથા સત્ અસત્, એક અનેક, નિત્ય અનિત્યાદિ બધા જ એકાન્તોથી વિરોધી અનેકાન્ત તત્ત્વ જ તેનો વિષય છે.

એમની છણાવટમાં બીજાઓ પ્રત્યે તિરસ્કારનો કોઈ ભાવ ન હતો. તેઓ એક માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવાવાળાની જેમ પ્રેમથી તેની ત્રુટિઓ બતાવતા અને આનાથી બીજાઓ ઉપર તેમની વાણીનો સારો પ્રભાવ પડતો હતો. આ જ કારણે અને આ મોહમંત્રના પરિણામે સમન્તભદ્રને બીજા સંપ્રદાયો તરફથી કોઈ ખાસ વિરોધનો સામનો ઘણું કરીને કરવો ન પડ્યો હતો અને તેમને પોતાના ઉદ્દેશ્યમાં ભારે સફળતા મળી હતી.[1]

શ્રવણબેલગોડાના શિલાલેખ ક્રમાંક-૫૪માં ઉતારેલ 'મલ્લિષેણ પ્રશસ્તિ' માં કહ્યું છે -

**आचार्यस्स समन्तभद्रगणभृद्येनेह काले कलौ ।**
**जैनं वर्त्म समन्तभद्रमभवद्भद्रं समन्तान्मुहुः ॥**

---

૧. યુક્ત્યનુશાસન (પ્રસ્તાવના) પાના નં. ૩૭ થી ૪૧,

**મુનિસંઘના નાયક આચાર્ય સમન્તભદ્ર દ્વારા સર્વ હિતકારી જૈનમાર્ગ ને આ કલીકાલમાં ફરીથી સર્વોન્મુખી ભદ્રતા પ્રાપ્ત થઈ છે.**

સ્યાદ્વાદનો શંખ ફુંકીને સંપૂર્ણ ભારતને ઉદ્વેશીત કરવાવાળા સ્વામી સમન્તભદ્ર નગર-નગરના રાજાઓ સમક્ષ જઈને પોતાનું વાદ-પ્રયોજન પ્રગટ કરતા હતા. એક વખત કરહાટક નગરના રાજા સામે પોતાનું વાદ-પ્રયોજન પ્રગટ કરતાં તેઓ પોતાનો પરિચય પણ આપે છે. - જે નીચે પ્રમાણે છે.

**''पूर्वं पाटलिपुत्र मध्यनगरे भेरी मया ताडिता,**
**पश्चान्मालव सिन्धु ठक्क विषये कांचीपुरे वैदिशे ।**
**प्राप्तोऽहं करहाटकं बहुभटं विद्योत्कटं संकटं,**
**वादार्थी विचराम्यहं नरपते शार्दूलविक्रीडितम् ।।''[1]**

''હે રાજન્ ! કરહાટકમાં આવ્યા પહેલાં મેં સર્વ પ્રથમ પાટલિપુત્ર (પટણા)માં સ્યાદ્વાદનો શંખ ફૂંક્યો, પછી માલવદેશ (માલવા) સિન્ધુદેશ, ઠક્કદેશ (પંજાબ), કાંચીપુર (કાંજીવરમ) અને વૈદિશ (વિદિશા) - આ દેશોમાં સ્યાદ્વાદનો ડંકો બજાવ્યો. હવે ઘણા વિદ્વાનો તથા વિદ્યાના ઉત્કટ સ્થાન એવા આપના નગરે પહોંચ્યો છું. હે રાજન્ ! હું વાદ (વિવાદ) માટે સિંહની જેમ વિચરી રહ્યો છું.''

આ બાજુ કાશી નરેશને પોતાનો પરિચય આપતાં કહે છે -

**आचार्योऽहं कविरहमहं वादिराट् पण्डितोऽहं,**
**दैवज्ञोऽहं भिषगहमहं मान्त्रिकस्तान्त्रिकोऽहम् ।**
**राजन्नस्यां जलधिवलयामेखलायामिलाया -**
**माज्ञासिद्धः किमिति वहुना सिद्धसारस्वतोऽहम् ।।[2]**

હે રાજન્ ! હું આચાર્ય છું, કવિ છું, વાદિરાટ (શાસ્ત્રાર્થિઓમાં શ્રેષ્ઠ) છું, હું પંડિત (ગમક-બીજાઓની રચનાઓને સ્વયં સમજવામાં તેમજ સમજાવવામાં કુશળ)છું,

---

૧. શ્રવણ બેલગોડા, શિલાલેખ ક્ર. ૫૪
૨. સ્વયંભૂસ્ત્રોત્ર, પ્રસ્તાવના પાનુ નં. ૧૦૩

હું દૈવજ્ઞ (જ્યોતિષી) છું, હું વૈદ્ય છું, માન્ત્રિક (મંત્ર વિશેષજ્ઞ)છું, હું તાંત્રિક (તંત્ર વિશેષજ્ઞ)છું. અરે ! આ સમગ્ર સમુદ્ર ધરાતલ ઉપર હું આજ્ઞાસિદ્ધ છું. અધિક શું કહું? હું સિદ્ધ સારસ્વત છું.''

ઉપરોક્ત પરિચયમાં આચાર્યએ પોતાને દશ મહત્ત્વપૂર્ણ વિશેષણોથી સંબોધિત કર્યા છે. જેમાંથી કેટલાંક તો સાધારણ છે. પરંતુ કેટલાંક અસાધારણ છે. એક જ વ્યક્તિમાં આટલી બધી વિશેષતાઓ એક સાથે હોવી એ એક વિરલ વાત છે. આમાં જ્યોતિષ, વૈદક, મંત્ર અને તંત્ર જેવા વિષયોમાં પણ તેમની નિપુણતા સ્પષ્ટ જણાઈ આવે છે. તેમના પછીના આચાર્યોના ઉલ્લેખોમાં પણ તેમની નિપુણતાની પુષ્ટિ થાય છે.

છેલ્લા બે વિશેષણ તો તેમની પ્રભુતા અને વિદ્વતા બંનેને વિશેષરૂપે વર્ણવે છે. 'આજ્ઞાસિદ્ધ' વિશેષણથી એમની પ્રભુતા તથા 'સિદ્ધ સારસ્વત' વિશેષણથી એમની વિદ્વતાનું મૂલ્યાંકન થઈ શકે છે. તેઓ કહે છે કે-

''હે રાજન્ ! આ મહાસમુદ્ર અને પર્વતોવાળી પૃથ્વી ઉપર હું 'આજ્ઞાસિદ્ધ' છું. મતલબ કે હું જે આજ્ઞા આપું છું તે જ સિદ્ધ થાય છે. વધારે શું કહેવું ? હું સિદ્ધ સારસ્વત છું. અર્થાત્ મેં મારા પુરૂષાર્થથી સરસ્વતીને સિદ્ધ કરી છે. એમ જણાય છે કે **જાણે આ સરસ્વતીની સિદ્ધિના બળે જ તેમણે સમસ્ત પ્રતિવાદિઓને જીત્યા હતા.**

સ્વામી સમન્તભદ્રનું મહત્ત્વ તો એ વાતથી જણાય છે કે તેમના **પછીના અનેક આચાર્યો અને વિદ્વાનોએ એમનો ઉલ્લેખ ખૂબજ સન્માન તથા આદરપૂર્વક કર્યો છે** જેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે -

આચાર્ય જિનસેન આદિપુરાણમાં લખે છે :-

**नमः समन्तभद्राय महते कविवेधसे,**
**यद्वचो वज्रपातेन निर्भिन्नाः कुमताद्रयः ।**

**कवीनां गमकानां च वादिनां वाग्मिनामपि,**
**यशः समन्तभद्रोयं मूर्ध्नि चूड़ामणीयते ॥**

જેઓ મહાન કવિઓના વિધાતા હતા જેમના વચનરૂપી વજ્રપાતથી કુમતરૂપી પર્વત છિન્ન- ભિન્ન થઈ ગયા હતા, **જે સમન્તભદ્રનો યશ સમસ્ત કવિઓ, પંડિતો, વાદિઓ તેમજ વાગ્મિઓ[1] (વિદ્વાનો) ઉપર ચુડામણી સમાન સર્વોપરી હતો - એવા સમન્તભદ્રાચાર્યને મારા નમસ્કાર છે.**

એક શિલાલેખમાં તો તેમનું સ્તવન કરતાં કહેવાયું છે કે તે સમન્તભદ્ર મુનીશ્વર કોના દ્વારા પૂજ્ય નથી.[2] વિક્રમની નવમી શતાબ્દી (સદી)ના **આચાર્ય જિનસેને હરિવંશ પુરાણમાં સમન્તભદ્રના વચનોને વીર ભગવાનના વચનોની સમાન પ્રકાશમાન (ઉજ્જવલ) કહ્યાં છે.** આચાર્ય અકલંકે તેમને આઠમી સદીના પ્રારંભમાં 'ભવ્યૈકલોકનયન'[3] તેમજ સ્યાદ્‌વાદ માર્ગના પાલક કહ્યા છે. આચાર્ય શિવકોટીએ સમન્તભદ્રને ભગવાન મહાવીરના શાસનરૂપી સમુદ્રને વધારવાવાળા ચંદ્રમા કહ્યા છે. ચંદ્રપ્રભચરિત્રકાર આચાર્ય વીરનંદીએ સમન્તભદ્રાદિ કવિઓની ભારતીને મોતીઓની માળા સમાન દુર્લભ કહ્યા છે. જ્ઞાનાર્ણવની રચના કરવાવાળા આચાર્ય શુભચંદ્રએ સમન્તભદ્રની સરખામણીમાં બીજાઓને તારાઓ સમાન અને તેમને સૂર્ય સમાન ઘોષિત કર્યા છે. આચાર્ય વિદ્યાનન્દિએ તેમની પરીક્ષા પ્રધાન દૃષ્ટિને જોઈને યુક્ત્યનુશાસનની ટીકાના અંતમાં **તેમને 'પરિક્ષેક્ષણ' અર્થાત્ પરીક્ષાનેત્રથી બધાને જોવાવાળા તરીકે ઓળખાવ્યા છે.'**

તેમની મહત્તાને પ્રતિપાદિત કરતાં બીજા પણ અનેક આચાર્યોએ પોતાના વિચાર રજુ કર્યા છે. જે સર્વે વિશેષણોથી સમન્તભદ્રની સર્વતોમુખી (સર્વાનુમુખી) પ્રતિભાનાં દર્શન થાય છે.

અંતમાં, સમંતભદ્રના જીવન અને તેમની તત્ત્વપ્રચાર-પ્રસારની ઉત્કટ ભાવનાને જોતાં વારંવાર એવું લાગે છે કે **ભવિષ્યમાં તેઓ જરૂર તીર્થંકર થશે.** આ વાતની પુષ્ટિમાં કેટલાક ઉલ્લેખ પણ મળે છે. જો કે અન્ય શાસ્ત્રોક્ત ભાવિ તીર્થંકર થવાની નામાવલિમાં સમંતભદ્રનું નામ નથી,[4] અથવા એ પણ સંભવે છે કે અન્ય કોઈ નામથી સમંતભદ્રના જીવનો ઉલ્લેખ કર્યો હોય, આ સંબંધમાં હજુ વિસ્તૃત શોધખોળ થઈ નથી.

---

૧. વાગ્મિ : પોતાની વચન-વાણીથી બીજાને વશ કરવાવાળાને વાગ્મિ કહે છે.

૨. તિરૂમકૂડલુનરસોપુર ના શિલાલેખ ક્રમાંક ૧૦૫ ૩. ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત અજ્ઞાનાન્ધકારને દૂર કરવા તથા અન્ત પ્રકાશ કરવા માટે સન્માર્ગ દેખાડવાવાળો અદ્વિતીય સૂર્ય। ૪. જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોષ

મુનિ અનંતકીર્તિ ગ્રંથમાલા સમિતિ, મુંબઈથી પ્રકાશિત આપ્તમીમાંસા ગ્રંથની ભૂમિકામાં શ્રી રામપ્રસાદ જૈન લખે છે -

''સ્વામીજી ઉત્સર્પિણી કાળની ભવિષ્યની ચૌવીસીમાં ભરતક્ષેત્રના તીર્થંકર થવાના છે. જે જીવ થોડા જ સમયમાં તીર્થંકર થવાનો છે તેનું મહાત્મ્ય તથા તેની વિદ્વત્તા અપૂર્વ જ હોય તેમાં નવાઈ પામવા જેવું શું છે ? સ્વામીજી ભવિષ્યમાં તીર્થંકર થવાના છે - એ વિષયમાં ઉભય ભાષા કવિ ચક્રવર્તી શ્રી હસ્તીમલજી આ પ્રમાણે લખે છે-

**श्रीमूलसंघव्योमेन्दुर्भारते भावितीर्थकृत ।**
**देशे समन्तभद्राव्यो मुनिर्जीयात् पदर्द्धिकः ॥**

જે ભરતક્ષેત્રમાં ભાવિ તીર્થંકર થવાવાળા છે તથા જે આ ભવમાં મુળ સંઘ રૂપી આકાશના ચંદ્રમા હતા, અર્થાત્ મુળ સંઘના ઉત્કૃષ્ટ આચાર્ય હતા એવા ઋદ્ધિધારી મુનિરાજ સ્વામી સમંતભદ્ર જયવંત હો.... જયવંત હો.

આ સંબંધમાં એક બીજો ઉલ્લેખ બ્ર. પં. રાયમલજી દ્વારા રચિત 'ચર્ચા-સંગ્રહ' નામના ગ્રંથમાંથી મળે છે. ત્યાં લખ્યું છે કે સમન્તભદ્રનો જીવ સ્વર્ગથી આવીને તેવીસમાં તીર્થંકર દિવ્યવાદ થશે.[1]

બધી જ જાતની ચર્ચા પછી પણ જો આપણે કોઈ નિર્ણય ઉપર ન પહોંચી શકીએ કે સમન્તભદ્રનો જીવ ભરતક્ષેત્રનો ભાવી તીર્થંકર થશે કે નહિ તોપણ કોઈ ખાસ ફરક પડશે નહિ. ઓછામાં ઓછી એ વાતમાં તો બે મત નથી જ કે સ્વામી સમન્તભદ્રએ જિનશાસનની ખૂબ સેવા કરી છે અને અત્યંત કરૂણાપૂર્ણ હૃદયે આપણા જેવા સંસારી જીવોને મુક્તિનો માર્ગ બતાવ્યો છે. એટલે આપણે સૌ એમના બતાવેલા વસ્તુધર્મને સમજીને યથાર્થ નિર્ણય કરીને પોતાનું જીવન સફળ બનાવીએ એ જ ભાવના છે.

*(૧ સપ્ટેમ્બર, ૧૯૮૩)* **- પં. રાકેશ જૈન શાસ્ત્રી**
*(જયપુર)* *જૈન દર્શનાચાર્ય*

卐

---

૧. જૈનપથ પ્રદર્શક, ૧૬ ફેબ્રુઆરી ૧૯૮૩, પાના નં. ૩

# પંડિત સદાસુખદાસજી કાસલીવાલ

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

**(ખંડેલવાલ જાતિના નરરત્નનો જીવન પરિચય)**

પં. સદાસુખદાસજી કાસલીવાલ (ડેડાકા) પં. રાજમલજી તથા આચાર્યકલ્પ પં. ટોડરમલજીની પરંપરાના વિદ્વાન થયા છે. તેઓશ્રી પં. જયચંદજી છાબડાના પ્રશિષ્ય તથા પં. મન્નાલાલજીના શિષ્ય હતા. એટલે તેમના વિચારો ઉપર સંપૂર્ણપણે સ્વાભાવિક રીતે જ તેમની છાપ પડેલી જણાય છે. તેમણે તેમનું સંપૂર્ણ જીવન મા સરસ્વતીની ઉપાસનામાં વીતાવ્યું અને જ્ઞાનરૂપી મહાદાનની પરંપરાને આજ સુધી અખંડ જાળવી રાખવાનું શ્રેય પણ તેમને જ જાય છે.

(આજથી લગભગ બસ્સો વર્ષ પૂર્વે ઈ.સ. ૧૭૯૫) પં. સદાસુખદાસજી કાસલીવાલનો જન્મ જયપુરમાં ચૈત્ર વદી ૧૪ સંવત ૧૯૫૨માં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ દુલીચંદજી હતું. તેમના પુત્ર ગણેશીલાલજી હતા. તેમના દત્તક પુત્રશ્રી રાજુલાલજી થયા અને રાજુલાલજીના પુત્ર મુલચંદજી હતા. હવે તેમના વંશમાં કોઈ નથી.

જયપુરમાં મણિયારોના રસ્તા ઉપર આવેલા તેમના મકાનમાં એક ચૈત્યાલય જે આજે પણ ડેડાકોનું ચૈત્યાલય કહેવાય છે. પંડિતજીના પૂર્વજ ડેડારાજજી હતા એટલે તેમના જ નામથી 'ડેડાકા' કહેવાવા લાગ્યા. તેમણે અર્થ પ્રકાશિકાની પ્રશસ્તિમાં સ્વયં જ કહ્યું છે -

**ડેડરાજના વંશ મધ્યે, એક કિંચિંત્ જ્ઞાતા,**
**દુલીચંદનો પુત્ર કાસલીવાલ વિખ્યાતા,**
**નામ સદાસુખ કહે, આત્મસુખનો ઘણો ઈચ્છુક તે**
**જિનવાણી પ્રસાદના પ્રભાવથી બન્યો નિરિચ્છુક.**

ભગવતી આરાધના વચનિકાની પ્રશસ્તિમાં કહ્યું છે -

**ખંડેલ જ શ્રાવક કુળ કામ, તેમાં એક સદાસુખ નામ**
**ગોત્ર કાસલીવાલ કહે, નિત જિનવાણી સેવન ચાહે**

પંડિત સદાસુખદાસજીની વિદ્વતાની ખ્યાતિ સર્વત્ર ફેલાયેલી હતી. તેમનું ચિત્ત સદાચારીપણું, આત્મનિર્ભરતા, અધ્યાત્મ રસિકતા, ધર્માત્માઓ અને સાધર્મીઓ પ્રતિ વાત્સલ્યતા, જિનવાણીના નિરંતર સ્વાધ્યાય ચિંતવન આદિથી ઓતપ્રોત હતું.

ઘણું કરીને દરેક વ્યક્તિ કોઈ ને કોઈ રૂપમાં કુળ પરંપરાથી પ્રાપ્ત પંથ કે આમ્નાય આદિમાં જન્મ લઈને કોઈને કોઈ રૂપમાં તે તેનો આજીવન નિર્વાહ કરવાનો પ્રયાસ કરતો રહે છે, પણ એમાં કોઈ એવા પણ મહાન વ્યક્તિત્વ સંપન્ન પુરૂષ હોય છે, જે પોતાના અધ્યયન અનુભવ સંગતિ તથા ખરા-ખોટાની ઓળખાણના આધારે કુળ પરંપરાદિ દ્વારા પ્રાપ્ત પંથાદિને છોડી યથાર્થતાનું ગ્રહણ કરવામાં જરા પણ સંકોચાતા નથી. એવા જ મહાન વ્યક્તિત્વ સંપન્ન પંડિત સદાસુખદાસજી હતા, જેમને તે સમયે જયપુરની વિદ્વાન મંડળીના સત્સંગમાં લાંબા સમય સુધી સ્વાધ્યાય આદિ કરી સ્વ-વિવેકના આધારે પોતાની કુળ પરંપરાથી મળેલા વીસપંથની જગ્યાએ શુદ્ધ પંથના રૂપમાં તેરા પંથને સહજરૂપે અપનાવ્યો અને તે અનુસાર પ્રવચન આચાર વિચાર ચિંતન તથા લેખન કાર્યમાં પ્રવૃત્ત રહ્યા.

તે વખતની ભટ્ટારકીય પરંપરા અને લોકોના પોતાના પ્રત્યેના સત્યાગ્રહને જોતાં તે સમયના મતભેદોની કલ્પના કરી શકાય છે. પંડિત સદાસુખદાસજીએ અનેક લોકો, ખાસ કરીને તે સમયના જયપુર અને અજમેરના ભટ્ટારકોના વિરોધનો પણ ઘણો સામનો કરવો પડ્યો, પણ તેમને તેમના ગુરૂ પંડિત મન્નાલાલજી તથા ગુરૂના ગુરૂ પંડિત જયચંદજી છાબડાના આચાર-વિચાર તથા તત્ત્વજ્ઞાનનો સાથ સદાયે લોભાવતો રહ્યો. તેઓ તેમના મનોબળમાં કદી વિચલિત થયા નહિ, આમ છતાં પણ કદી વાદ-વિવાદમાં ફસાયા નહિ કારણ કે તેઓ આ મનુષ્ય પર્યાયની પ્રત્યેક ક્ષણનું મૂલ્ય સમજતા હતા. તે એમના જ શબ્દોથી સમજાય છે. **''આ મનુષ્ય જન્મની એક-એક ઘડી કોટિ ધનથી (પણ) દુર્લભ છે, એટલે વ્યર્થ ન જવી જોઈએ.''**

તેઓ સદાયે પ્રવચન, અધ્યયન, મનન-ચિંતનમાં લીન રહી સીધી સાદી સરળ ભાષા અને ભાવોમાં શ્રોતાઓને તીર્થંકરોની અમૃતમયી વાણી પ્રવચનના માધ્યમથી સંભળાવતા તો શ્રદ્ધાળુ શ્રોતા ઝુમી ઉઠતા હતા. અને અઘરા વિષયોને પણ સરળતાથી સમજી જતા હતા. એમનાં પ્રવચન એટલાં પ્રભાવશાળી હતાં કે દૂર-દૂરથી શ્રોતા આવતા હતા. તેમના પ્રવચનોમાં વાદ-વિવાદનો કોઈ પ્રસંગ આવતો ન હતો. નિશ્ચયનય અને વ્યવહારનયનો સુંદર સમન્વય તેમના પ્રવચનોની વિશેષતા હતી.

પંડિતજી પોતાની આજીવિકા હેતુ નોકરી કરતા હોવા છતાં પણ સમય પ્રમાણે મંદિરમાં પ્રવચન, વિદ્વાનો સાથે તત્ત્વચર્ચા, મંદિર તથા પોતાના ઘરે વિદ્યાર્થીઓ અને શ્રાવકોને જૈનશાસ્ત્રોના અભ્યાસ વિગેરે કાર્યોની સાથે જ આજુબાજુના ક્ષેત્રોથી ધાર્મિક સમારોહોમાં વિદ્વાતાની દષ્ટિથી વિશેષ આમંત્રણ ઉપર ત્યાં જવું અને ત્યાંના કાર્યક્રમોમાં મુખ્યપણે માર્ગદર્શન આપી સહયોગ આપવો અને મંદિર આદિના નિર્માણમાં તેમને ભવ્યતા અર્પવામાં પોતાનું માર્ગદર્શન આપવું- એ બધાં એમના દૈનિક કાર્ય હતાં- તેઓશ્રી વિધિ-વિધાન અને મંદિર પ્રતિષ્ઠાના કાર્યોમાં પણ અગ્રેસર હતા.

જયપુરના તથા અન્ય નગરોના વિદ્વાન જ્યાં પ્રત્યક્ષ અને પત્રો દ્વારા શંકા-સમાધાન કરતા હતા, ત્યાં બીજી બાજુ વિદ્વાનો દ્વારા લખેલા ગ્રંથ પણ પંડિતજી પાસે સંશોધન અર્થે આવતા રહેતા હતા. તેઓશ્રી વિદ્વત્ વર્ગની પ્રતિષ્ઠાના એક સંરક્ષક હતા.

સંતોષ વૃત્તિપૂર્ણ આજીવિકાની પણ તેમની એક ઘટના પ્રસિદ્ધ છે. તેઓશ્રી રાજકીય સેવામાં (નોકરીમાં) હતા. તેમને આ સેવા(નોકરી)માંથી મહિને આઠ રૂપિયા મળતા હતા. એટલામાં તેમની આજીવિકા આરામથી ચાલતી હતી. તેઓશ્રી સંતોષના પૂરા ધણી હતા. તેમને સંસારિક દેહભોગોથી વિરક્તિ અને અધ્યાત્મ રસપાનની જ લગન સદાયે રહેતી હતી અને તે જ અધ્યાત્મ રસમાં લીન રહી સદાયે પ્રસન્નચિત્ત રહેતા હતા અને અન્ય સાધર્મીઓને પણ સદાયે તે રીતે રહેવાની પ્રેરણા આપતા હતા. તેથી નાના-મોટા સર્વે તેમનું સન્માન કરતા હતા. જયપુર નરેશ મહારાજ રામસિંહજી પણ તેમની વિદ્વતાના ખૂબ પ્રશંસક હતા. તેમને જ્યારે એમ ખબર પડી કે ચાલીસ વર્ષની લાંબી નોકરી પછી પણ તેમના પગારમાં વધારો થયો નથી અને અન્ય લોકોના અત્યાર સુધીમાં ઘણા પગાર વૃદ્ધિ સાથે હોદ્દા પણ વધી ગયા છે તો તેમણે તેમને માનપૂર્વક બોલાવી પૂછયું અને તેમની ઉપેક્ષા બદલ દુઃખ વ્યકત કર્યું અને કહ્યું કે તમારી ઈચ્છા પ્રમાણે પગાર વૃદ્ધિ થઈ જશે- તમે તમારી ઈચ્છા જણાવો. તેઓ ઈચ્છે તો આનો ભરપૂર લાભ ઉઠાવી શકયા હોત. પણ તેમને પગાર વૃદ્ધિ આદિના વિષયમાં વિચાર કરવાની ફૂરસદ જ નહોતી. તેમણે રાજાને કહ્યું કે હે રાજન્! જો આપ મારા પર ખરેખર પ્રસન્ન હો તો મારા પગાર ઉપર મારી જરાયે દષ્ટિ નથી. જો આપ કંઈક આપવા જ ઈચ્છો છો તો મારી નોકરીના કલાકો અડધા કરી આપો તો હું સ્વાધ્યાય, પઠન-પાઠન, લેખન તથા આત્મકલ્યાણ હેતુ ચિંતન મનનમાં વધારેમાં વધારે સમય આપી

શકું, કારણ કે સમયના અભાવે એ કાર્યોમાં જેટલી ભાવના રહે છે તેટલો સમય આપી શકાતો નથી. રાજાએ તેમની માગણીને સહર્ષ સ્વીકારી પગારમાં બે ગણો વધારો કર્યો અને કામના કલાકો અડધા કરી નાખ્યા પણ નિર્લોભી સંતોષ વૃત્તિવાળા પંડિતજી એ પગાર વધારાનો ઈન્કાર કરી દીધો. આ તેમની સંતોષ વૃત્તિનું અનુપમ ઉદાહરણ છે.

પંડિતજી શરૂઆતથી જ સાહિત્યાનુરાગી તો હતા જ અને જ્યારે તેમની મુલાકાત શેઠ નાથૂલાલજીના પિતાજી શેઠ જુહારમલજી સાથે થઈ ત્યારથી તો તેમનામાં આ ક્ષેત્રમાં વિશેષ લગાવ અને ઉત્સાહ થઈ ગયો. તેમના એક પત્ર સં ૪ મિતિ ફાગણ સુદી ૧૩ સં.૧૮૯૯માં શેઠ સાહેબને પ્રેરણા આપી હતી - તેનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે -

''જેટલો સમય ગ્રંથ(શાસ્ત્ર) રહેશે, જેટલા ધર્મની પરિપાટી ચાલતી રહેશે એ ધર્મના સ્તંભ(આધાર) તો આ ગ્રંથ(શાસ્ત્ર) જ છે. જો ગ્રંથ(શાસ્ત્ર) રહેશે તો વાંચવાવાળા (સ્વાધ્યાય કરવાવાળા) પણ પેદા થશે. સંસારમાં ધર્મ જ શરણ છે. અને જો સંસ્કૃત, ન્યાય સિદ્ધાંત ગ્રંથનો ઉદ્ધાર થાય તો વિશેષ વાત છે.'' અર્થપ્રકાશિકામાં જિનવાણીનો મહિમા બતાવતાં લખે છે-''જેમના હૃદયમાં ગ્રંથ (શાસ્ત્ર) પ્રવેશ્યાં છે તેમને મિથ્યા શ્રદ્ધાન જન્માન્તરમાં પણ થતું નથી. તેનો મહિમા વચન દ્વારા કહેવામાં કોણ સમર્થ છે ? આ કળિકાળમાં આ ગ્રંથ (શાસ્ત્રો) જ કેવળી તુલ્ય છે.''

શાસ્ત્ર પ્રસાર અને સંરક્ષણમાં પણ પંડિતજીનો ફાળો નાનો-સૂનો નથી. તેઓશ્રીએ ગોમ્મટસાર, ત્રિલોકસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ અનેક ગ્રંથોની કોપીઓ કરાવવાનો ઉલ્લેખ તેમના પત્રોમાં કર્યો છે. પંડિતજીની રચનાઓ આ પ્રમાણે છે -(૧) ભગવતી આરાધનાની હિંદી વચનિકા (૨) મોક્ષશાસ્ત્ર (તત્ત્વાર્થસૂત્ર)ની લઘુ ટીકા (૩) તત્ત્વાર્થસૂત્રની મોટી ટીકા (૪) સમયસાર નાટક વચનિકા (૫) અકલંકાષ્ટક વચનિકા (૬) મૃત્યુ મહોત્સવ (૭) રત્નકરંડ શ્રાવકાચાર (૮) નિત્ય નિયમપૂજા તથા ઋષિમંડલ પૂજા.

તેમને જ્યારે પોતાની આ પર્યાયના અંતનો અહેસાસ થવા લાગ્યો ત્યારે તેમણે વિચાર્યું કે મારા જીવનની અસલી પરીક્ષાનો સમય આવી ગયો છે. તેમને આવું ભાન રત્નકરંડ શ્રાવકાચારની ટીકા કરતાં થઈ ગયું હતું. તેમણે છઠ્ઠા ભાવના અધિકારના અંતમાં લખ્યું કે -

''અનેકાન્ત ભાવના અને સમયસારાદિ ભાવનાનું વર્ણન કરવું જોઈએ. પણ આયુષ્ય-કાયાનું હવે શિથીલપણું હોઈ ઠેકાણું નથી માટે કથનને સમેટી મૂળ ગ્રંથનું કથન લખવું જોઈએ.''

પંડિતજીના તેમના પરિવારમાં તેમનો સહારો એક માત્ર પુત્ર હતો, જ્યારે તે પણ યુવાન વયમાં સંસારથી ગુજરી ગયો તો તેમના શિષ્ય શેઠ મૂળચંદજી સોની એમને અજમેર લાવ્યા હતા. તેમણે વિચાર્યું કે અહીં મને બધી અનુકૂળતાઓ છે, હવે મારે સંલેખના લેવામાં જરા પણ વિલંબ કરવો ન જોઈએ. આ રીતે પંડિતજીએ માનસિકરૂપથી સંલેખના લેવાની પૂરી તૈયારી કરી અને ખૂબ ઉત્સાહ અને દ્દઢ નિશ્ચયપૂર્વક સિદ્ધકૂટ ચૈત્યાલયમાં જિનેન્દ્રદેવની પ્રતિમા સમક્ષ વિધિપૂર્વક શુભ મુહૂર્તમાં સંલેખના લીધી. પંડિતજીએ એ સમયે કહ્યું - ''હું હવે આ અસ્થાયી પર્યાયથી વિદાય લઈ રહ્યો છું. મારા પૂર્વના પં. ટોડરમલજી, પં. જયચંદજી આદિ વિદ્વાનો અને આપણે બધાએ અતિ શ્રમપૂર્વક જે અપેક્ષાએ સાહિત્યનું સર્જન કર્યું છે, તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવો જેથી વર્તમાન અને ભાવિ પેઢી તેનાથી લાભ ઉઠાવી શકે. વિદ્વાનોની પરંપરા હંમેશાં જળવાઈ રહે એવો પ્રયાસ કરવો. સાચા જ્ઞાનની અખંડ ધારા સદા પ્રવાહિત રાખવી એ જ મા જિનવાણીની સાચી આરાધના છે, ઉપાસના છે. એનાથી સમાજ મિથ્યાત્વ અને શિથિલાચાર તરફ જવાથી બચી શકશે. વર્તમાનમાં જિનવાણીના પ્રચાર-પ્રસારથી વધીને પુણ્ય અને ધર્મપ્રભાવનાનું અન્ય કોઈ કાર્ય નથી.'' આ રીતે સંલેખનાપૂર્વક સમાધિમરણ કરી પંડિતજીએ મનુષ્ય જીવન સાર્થક કર્યું.

**- પુનમચંદજી લુહાડિયા** *લિખિત*
*હિંદીમાંથી ટૂંકાવીને ગુજરાતી અનુવાદ.*

卐

# પ્રસ્તાવના

☆☆☆☆☆☆☆

ચરણાનુયોગમાં ધર્મનું વર્ગીકરણ શ્રાવકધર્મ અને મુનિધર્મના રૂપમાં કરવામાં આવ્યું છે. શ્રાવકધર્મનું નિરૂપણ કરનાર અનેક ગ્રંથોમાં આ રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથ સૌથી પૌરાણિક તથા સર્વ માન્ય ગ્રંથરાજ છે.

શ્રાવકધર્મના નિરૂપણ કરવાવાળા ગ્રંથોનાં નામ ઘણું કરીને શ્રાવકાચાર નામથી જ જોવા મળે છે - જેમકે, રત્નકરંડ શ્રાવકાચાર, અમિતગતિ શ્રાવકાચાર, વસુનંદિ શ્રાવકાચાર, ધર્મસંગ્રહ શ્રાવકાચાર, પ્રશ્નોત્તર શ્રાવકાચાર વિગેરે. એમાં અપવાદ પણ છે. - જેમકે- પુરૂષાર્થ-સિદ્ધયુપાય, સાગાર ધર્મામૃત વિગેરે.

જો કે શ્રાવકાચારમાં 'આચાર' શબ્દનો અર્થ ધર્મના અર્થમાં જ વાપરવામાં આવે છે તો પણ દુનિયાના જીવો તેનો વ્યાપક અર્થ ન સમજવાને કારણે ક્રિયાકાંડ રૂપ માત્ર બાહ્ય આચારને જ ગ્રહણ કરે છે.

શ્રાવકધર્મનું કથન કરવાવાળા પ્રસ્તુત ગ્રંથમાં આચાર્ય સમન્તભદ્ર ધર્મની વ્યાખ્યા નીચે પ્રમાણે કરે છે -

**''सद्दृष्टि-ज्ञान-वृत्तानि धर्म धर्मेश्वरा विदुः ।**[1]

''ધર્મના ઈશ્વર તીર્થંકર ભગવંતોએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, તથા સમ્યકચારિત્રને ધર્મ કહ્યો છે.''

**ધર્મની ઉપરોક્ત વ્યાખ્યામાં માત્ર આચરણને જ નહિ, પરંતુ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની નિર્મળ પરિણતિને ધર્મ કહેવામાં આવ્યો છે.**

આજના શ્રાવક યા તો શ્રાવકધર્મથી અપરિચિત જ છે કે પછી બાહ્ય ક્રિયાકાંડમાં જ (ઉલઝતા) રાચતા રહે છે. **સમ્યગ્દર્શન શ્રાવકધર્મનું મૂળ છે. -** એ વાત ઉપર એમનું ધ્યાન પણ જતું નથી. સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધાત્માની ચર્ચા પણ એમને ગમતી નથી. એમણે આચાર્ય સમન્તભદ્રના નીચેના કથન ઉપર ધ્યાન આપવું જોઈએ-

**''दर्शनंज्ञानचारित्रात्साधिमान मुपाश्नुते ।**
**दर्शनं कर्णधारं तन्मोक्षमार्गे प्रचक्ष्यते ॥**

૧. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩;

**विद्यावृत्तस्य सम्भूति स्थिति वृद्धिफलोदयाः ।**
**न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव ।।**[1]

જેવી રીતે નાવમાં નાવિકનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે એવી રીતે મોક્ષમાર્ગમાં સમ્યગદર્શનનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કારણકે તે મોક્ષમાર્ગનો કર્ણધાર છે. આ જ કારણથી – **મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સરખામણીમાં સમ્યગ્દર્શનની ઉપાસના મુખ્યપણે કરવામાં આવે છે.**

''જેવી રીતે બીજ વિના વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળપ્રાપ્તિ અસંભવ છે તેવી જ રીતે સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળની પ્રાપ્તિ સંભવ નથી.''

**ધર્મનો આરંભ જ સમ્યગ્દર્શનથી થાય છે.** આ વાત સંપૂર્ણ જિનાગમોમાં સ્થળે સ્થળે અત્યંત સ્પષ્ટરૂપથી કહેવામાં આવી છે. કવિવર પંડિત દૌલતરામજીની નીચે લખેલી પંક્તિઓ પણ સ્પષ્ટ ઘોષણા કરે છે કે –

**''तीनलोक तिहुँकाल माँहि नहिं दर्शन सो सुखकारी ।**
**सकल धर्म को मूल यही, इस बिन करनी दुखकारी ।।१६।।**

**मोक्षमहल की परथम सीढ़ी, या बिन ज्ञानचरित्रा ।**
**सम्यकता न लहै सो दर्शन, धारो भव्य पवित्रा ।।**

**'दौल' समझ सुन चेत सयाने, काल वृथा मत खोवै ।**
**यह नरभव फिर मिलन कठिन है, जो सम्यक् नहीं हौवे ।।१७।।**[2]

ત્રણલોક અને ત્રણકાળમાં સમ્યગ્દર્શન સમાન કોઈ સુખકારી નથી. આ સમ્યગ્દર્શન સર્વ ધર્મોનું મૂળ છે. એ વિના સંપૂર્ણ ક્રિયાકાંડ દુઃખનું જ કારણ છે.

આ સમ્યગ્દર્શન મોક્ષરૂપી મહેલની પ્રથમ સીડી છે. એના વિના જ્ઞાન અને ચારિત્ર, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થઈ શકતા નથી, એટલે હે ભવ્ય જીવો ! સૌ પ્રથમ આ પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો.

કવિવર દૌલતરામજી પ્રેરણા આપતાં કહે છે કે તમે જો ખરેખર બુદ્ધિમાન અને ચતુર હો તો સમય વ્યર્થ ન ગુમાવો, અમારી **આ વાત ધ્યાનથી સાંભળો, સમજો અને ચેતો.**

---

૧. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩૧; ૨. છ ઢાળા, તૃતીયા ઢાળ, છન્દ ૧૬, ૧૭

**જો આ મનુષ્યભવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ શકી તો પછી આ મનુષ્યભવ મળવો અત્યંત કઠિન છે.'**

સર્વ શ્રેષ્ઠ દિગંબરાચાર્ય કુંદકુંદ તો ત્યાં સુધી કહે છે કે –

**''दंसणभट्ठा भट्टा दंसण भट्टस्स णत्थि णिव्वाणं ।''**[१]

''જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે ખરેખર ભ્રષ્ટ જ છે કારણ કે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ (જીવોને) મોક્ષની પ્રાપ્તિ થતી નથી.'' પ્રસ્તુત ગ્રંથમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા પણ ચરણાનુયોગ (આચરણ)ની દૃષ્ટિએ કરવામાં આવી છે – જે આ પ્રમાણે છે–

**''श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम् ।**
**त्रिमूढापोढमष्टाङ्गं सम्यग्दर्शनमस्मयम् ।।**[२]

''ત્રણ મૂઢતા રહિત સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂનું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન આઠ મદથી રહિત અને આઠ અંગ સહિત થાય છે.''

ઉપરોક્ત વ્યાખ્યાઓમાં દેવ-શાસ્ત્ર-ગુરૂના ત્રણ મૂઢતા રહિત શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. એટલે જ સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ અને ત્રણ મૂઢતાઓના સ્વરૂપને જાણવું જરૂરી છે, એ વિના સમ્યગ્દર્શનનું સ્વરૂપ પણ સ્પષ્ટ થઈ શકતું નથી. આ રીતે સમ્યગ્દર્શનને આઠ મદ રહિત તથા આઠ અંગ સહિત કહેવામાં આવ્યું છે એ કારણે આઠ અંગો અને આઠ મદોના સ્વરૂપનું સ્પષ્ટીકરણ પણ જરૂરી હતું. એટલા માટે આ ગ્રંથના પ્રથમ અધ્યાયમાં એમનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

જો કે દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રદ્ધામાં તત્ત્વાર્થોની શ્રદ્ધા તથા આત્માનુભવ આવી જ જાય છે, તો પણ અહીં આ ગ્રંથમાં આચરણની મુખ્યતા હોવાથી તેને ગૌણ રાખવામાં આવ્યું છે.

દેવાદિકના સ્વરૂપના સમ્યક્ પરિજ્ઞાનના અભાવમાં કુદેવોની આરાધના દ્વારા ગૃહિત મિથ્યાત્વનું પોષણ થવું સ્વાભાવિક છે. સામાન્ય જીવોને કુદેવાદિના ચક્કરમાંથી બચાવવા માટે સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂના સ્વરૂપ ઉપર વિસ્તારથી પ્રકાશ પાડવામાં આવે એ જરૂરી છે. એટલા માટે જ આ ગ્રંથના હિંદી વચનિકાકાર પંડિત સદાસુખદાસજી એ તેના સ્વરૂપ ઉપર વિસ્તારથી પ્રકાશ પાડ્યો છે, જે મૂળ સ્વરૂપે વાંચવા (મનન કરવા) યોગ્ય છે.

દિગંબર જૈનધર્મ જેવા વીતરાગી ધર્મમાં પણ રાગી-દ્વેષી દેવી-દેવતાઓની પૂજા-પ્રતિષ્ઠા આરંભ થઈ ગઈ છે તેને **દેવ-મૂઢતા** બતાવતાં તેઓ લખે છે કે –

---

૧. અષ્ટપાહુડ, દંસણપાહુડ, ગાથા ૩ (પા.૭૧)  ૨. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૪;

''તથા વ્યંતર ક્ષેત્રપાલાદિકનિકૂં અપના સહાયી માને હૈં, સો મિથ્યાત્વકા-ઉદયકા પ્રભાવ હૈ. બહુરિ કેતેક કહૈ હૈં - જો ચક્રેશ્વરી, પદ્માવતી દેવી - યે શસ્ત્ર ધારણ કિયે જિનશાસનકી રક્ષક હૈં તથા સેવકનિ કી રક્ષા કરને વાલી એક-એક તીર્થંકરનિ કી એક-એક દેવી હૈં, એક-એક યક્ષ હૈં - ઈનકા આરાધન કરને, પૂજનેતૈં ધર્મ કી રક્ષા હોય હૈ; યે ધર્માત્મા કી રક્ષા કરૈં હૈં, તાતૈં ઈન દેવિની કા ઔર યક્ષનિકા સ્તવન કરના, પૂજન કરના યોગ્ય હૈ. દેવી સમસ્ત કાર્ય કે સાધનેવાલી તીર્થંકરનિ કી ભક્ત હૈં, ઈસ બિના ધર્મ કી રક્ષા કૌન કરે ? યાહીતૈં મન્દિરનિ કે મધ્ય પદ્માવતી કા રૂપ, જાકે ચાર ભુજા તથા બત્તીસ ભુજા અર નાના આયુધનિકરિ યુક્ત, અર તિનકે મસ્તક ઊપર પાર્શ્વનાથ સ્વામી કા પ્રતિબિમ્બ, અર ઉપર અનેક ફણનિ કા ધારક સર્પ કા રૂપકરિ બહુત અનુરાગકરિ પૂજૈં હૈં; સો સબ પરમાગમતૈં જાનિ નિર્ણય કરો। મૂઢલોકનિ કા બહાયા બહિબો (બહકાવામાં આવવું) યોગ્ય નાહીં।''

પ્રથમ તો ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી - ઈન તીન પ્રકાર કે દેવનિમેં મિથ્યાદષ્ટિ હી ઉપજૈ હૈં, સમ્યગ્દષ્ટિકા ભવનત્રિકદેવનિ મેં ઉત્પાદ હીં નાહિ. અર સ્ત્રીપના પાવૈ હીં નાહી, સો પદ્માવતી, ચક્રેશ્વરી તો ભવનવાસિની અર સ્ત્રીપર્યાય મેં અર ક્ષેત્રપાલાદિક યક્ષ - યે વ્યન્તર ઈનમેં સમ્યગ્દષ્ટિકા ઉત્પાદ કૈસે હોય ? ઈનમેં તો નિયમ તૈં મિથ્યાદષ્ટિ હીં ઉપજૈ હૈ - ઐસા હજારાંબાર પરમાગમ કહે હૈ.

અર જૈન શાસનમેં હૂં એસી કેઈ કથા હૈ, જો શીલવાન તથા ધ્યાની તપસ્વીની કે ધર્મ કે પ્રસાદતૈં દેવનિ કે આસન કમ્પાયમાન ભયે, અર દેવ જાય ઉપસર્ગ ટાલે. અર નાના રત્નનિ કરી પૂજા કરી - એસી કથા તો શાસનમેં બહોત હૈં, અર એસી તો કહૂં કથા ભી નાહિ, જો ધર્માત્મા પુરૂષ દેવનિકું પૂજૈ. અર પદ્માવતી, ચક્રેશ્વરી કી ભી કેઈ કથા હૈં, જો શીલવન્તી વ્રતવંતિનિ કી દેવ-દેવિયોં ને પૂજા કરી; અર શીલવન્તી, વ્રતવન્તી તો જાય કોઉ દેવ-દેવી કી પૂજા કરી નાહિ લીખી હૈ.''

તથા કાર્તિકેયસ્વામી કહૈ હૈ -

**णव कोवि देदि लच्छी ण कोवि जीवस्स कुणई उवयारं ।**
**उवयारं अवयारं कम्मं पि सुहासुहं कुणदि ।।३१९।।**

**भत्तीए पुज्जमाणो विंतरदेवो वि देदि जदि लच्छी ।**
**तो किं धम्मं कीरदि एवं चिन्तेहि सद्दिट्ठी ।।३२०।।**

''ઈસ જીવકુ કોઈ લક્ષ્મી નાહિ દેવૈ હૈ, અર જીવકા કોઉ ઉપકાર-અપકાર હું નાહી કરે હૈ. જો જગતમેં ઉપકાર-અપકાર કરતા દેખિયે હૈ, સો અપના કિયા શુભ-અશુભ કર્મ કરી કરે હૈ. બહુરિ જો ભક્તિ કરિ પૂજૈં વ્યંતર દેવ હી લક્ષ્મી દેવૈં તો દાન, પૂજા, શીલ, સંયમ, ધ્યાન, અધ્યયન, તપરૂપ સમસ્ત ધર્મ કાહેકુ કરિયે ? બહુરિ જો ભક્તિ કરી પૂજે-વંદે કુદેવ હી સંસાર કે કાર્ય સિદ્ધ કરેંગે તો કર્મ કછુ બાત હી નાહી ઠહરે ? વ્યંતર હી સમસ્ત સુખ કા દાયક રહૈ, ધર્મ કા આચરણ નિષ્ફલ રહા''

''બહુરિ જો મંત્રસાધન, વિદ્યાઆરાધન, દેવ-આરાધન હૈ તે સમસ્ત પાપ-પુણ્ય કે અનુકૂલ ફલૈ હૈ. તાતૈં જો સુખકા અર્થી હૈ, તે દયા, ક્ષમા, સંતોષ, નિર્વાંછકતા, મન્દકષાયતા, વીતરાગતા કરિ એક ધર્મ હી કા આરાધન કરો, અન્ય પ્રકાર વાંચ્છા કરી પાપબંધ મત કરો.

અર જો દેવનિકા સમાગમમૈં હી પ્રીતિ કરો હો તો ઉત્તમ સમ્યગ્દષ્ટિ સૌધર્મ ઈન્દ્ર તથા શચી ઈન્દ્રાણી તથા લોકાન્તિક દેવનિકા હી સંગમમેં બુદ્ધિ કરો. અન્ય અધમ દેવનિકા સેવન કરી કહા સાધ્ય હૈ ?

બહુરિ મિથ્યાબુદ્ધિ કરિ મંદિરનિ મેં ક્ષેત્રપાલ સ્થાપન કરૈં હૈ ઔર નિત્ય પૂજન કરૈં હૈ તદ્દિ પ્રથમ તો ક્ષેત્રપાલકા પૂજન કરૈં ઔર ક્ષેત્રપાલ કા પૂજન કિયા પાછૈં જિનેન્દ્ર કા પૂજન કરૈં હૈં. અર એસા કહૈં હૈ - જૈસે પહલી દ્વારપાલ કા સન્માન કરિ કે પીછે રાજા કા સન્માન કરના. દ્વારપાલ બિના રાજા સૌ કોન મિલાવૈ ? તૈસેં ક્ષેત્રપાલ બિના ભગવાન કા મિલાપ કૌન કરાવૈં ?

તીન મૂઢનિકે એસા વિચાર નાહીં, જો ભગવાન તો મોક્ષ મેં હૈ, ભગવાન પરમાત્મા કા સ્વરૂપકૂં યો મિથ્યાદષ્ટિ અજ્ઞાની કૈસે જાનેગા અર કૈસે મિલાવૈગા ? અર વિધ્નકુ કૈસે વિનાશૈગા? આપકા વિધ્ન હી નાશ કરનેકુ સમર્થ નાહી. સો વિચારરહિત મિથ્યાદષ્ટિ લોક ક્ષેત્રપાલકા મહા વિપરીતરૂપ બનાય વીતરાગ કે મંદિરમેં પ્રથમ સ્થાપના કરૈં હૈ, જા કા હસ્ત મેં મનુષ્ય કા કટ્યા મૂંડ અર ગદા, ખડગ અર કૂકરા વાહન કરિ સહિત સ્થાપન કરિ તૈલ ગુડકા ભક્ષણ તૈં ક્ષેત્રપાલ પ્રસન્ન હોય હૈં - એસે લોકનિકૂં બહકાય પૂજૈં હૈ. અરઈનકા પહીલી દર્શન પૂજન સ્તવન કરૈ હૈ; સો સબ મિથ્યાદર્શન અર કુજ્ઞાન કા પ્રભાવ જાનહુ.''

બહુરિ પાર્શ્વ જિનેન્દ્ર કી પ્રતિમા કે મસ્તક ઉપરી ફણ બિના બનાવૈં હી નાહી, અર ભગવાન પાર્શ્વ અરિહન્ત કે સમવશરણમેં ધરણેન્દ્ર કા ફણ મસ્તક ઉપર કૈસે સંભવે હૈ ? ધરણેન્દ્રને તો ભગવાન કે તપ કે અવસર મેં ફણામંડપ કીયા થા, સો ફેર ફણામંડપ

કા પ્રયોજન નાહિ. અર પાર્શ્વ જિનેન્દ્ર અરિહન્ત ભયે, અર ઈન્દ્ર કી આજ્ઞા તૈં કુબેર સમોશરણ રચ્યો તહોં ભગવાન ફણ સહિત નાહીં બિરાજે હુતે. ચાર નિકાય કે દેવ, મનુષ્ય, તિર્યંચ ધર્મશ્રવણ-સ્તવન-વંદના કરે તે હી તિષ્ઠૈં, યાતૈં સ્થાપના વિશૈં અરિહંત કી પ્રતિબિમ્બનિ કે ફણ કૈસે સંભવૈ ? વીતરાગ મુદ્રા તો ઐસી સંભવૈં નાહી, પરંતુ કાલ કે પ્રભાવતૈં ધરણેન્દ્ર કી પ્રભાવના પ્રકટ કરને કું લોક વિપરીત કલ્પના કરને લગિ ગયે, સો કૌન દૂર કરી સકૈં ? જૈસે પાષાણમય ભગવાન કા પ્રતિબિમ્બ મહા અંગોપાંગ સુન્દરતા કે અર્થી કર્ણનિકૂ મસ્તક કી રક્ષા કે અર્થી લમ્બા કરી સ્કંધસો જોડ દૈરૈ, સો દેખાદેખી ચલ ગઈ. તૈસેં હી અરહન્ત પ્રતિબિમ્બનિ કે ઉપરિ ફણકા આકાર કરતે લોકનિકૂં દેખી, તત્વકો સમજે બિના ફણ કરનેકી પ્રવૃત્તિ ચલ ગઈ, સો ફણકો કર દેને તૈં પ્રતિમા તો અપૂજ્ય હોય નાહીં, ક્યોંકી ચાર પ્રકાર કે સમસ્ત હી દેવ સર્વ તરફતૈં સદૈવ હી ભગવાન કા સેવન કરૈં હૈં. અર જો ફણામંડપ કરનૈં તૈંહી ધરણેન્દ્ર કું પૂજ્ય માનૈ, સો દેવમૂઢતા હૈં''

એ જ રીતે ગુરૂમૂઢતા વિશે પણ સચેત કરતાં લખે છે -

''જિનેન્દ્ર ધર્મ કા શ્રદ્ધાન-જ્ઞાનકરિ રહિત હોય જો નાના પ્રકારકા ભેષ ધારણ કરીકૈ આપકૂં ઉંચા માનિ જગત કે જીવનીતૈં પૂજા, વંદના, સત્કાર ચાહતા જો પરિગ્રહ રાખૈ હૈં અર અનેક આરંભ કરૈં હૈ, હિંસા કે કાર્યનિ મૈં પ્રવર્તન કરૈં હૈ, ઈન્દ્રિયનિ કે વિષયની કા રાગી સંસારી અંસયમી અજ્ઞાનીનિતૈં ગોષ્ઠી કરતા અભિમાની હોય, આપકું આચાર્ય, પૂજ્ય, ધર્માત્મા કહાવતા, રાગીદ્વેષી હુઆ પ્રર્વતૈં હૈ. ઔર યુદ્ધશાસ્ત્ર, શ્રુંગાર કે શાસ્ત્ર, હિંસા કે કારણ આરંભ કે શાસ્ત્ર, રાગ કે વધારનેવાલે શાસ્ત્રનિકું આપ મહન્ત ભયે ઉપદેશ કરૈ હૈં, તે પાખંડી હૈ.

જિનકે નાના પ્રકાર કે રસનિ કરી સહિત ભોજનમેં તત્પરતા, યાહીં તૈં કામાદિક કી કથામેં લીન હોય રહે, અર પરિગ્રહ કે બધાવને કે અર્થિ દુર્ધ્યાની હો રહૈ હૈ, બહુરિ જે મુનિ, સાધુ, આચાર્ય, મહન્ત પૂજ્ય નામ કહાવૈ. અર લોકનિ તૈં નમસ્કાર કરાયા ચાહૈં, અર વિકથા કરનેં મેં વિષયનિ મેં મંત્ર, યંત્ર, તંત્ર, જપ, હોમ, મારણ ઉચ્ચાટન વશીકરણાદિક નિંદ્ય આચરણ કરૈં હૈં, તે પાખંડી હૈ. તિન પાખંડીનિ વચનકૂં પ્રમાણ કરના, અર સત્કાર કરના, ધર્મકાર્ય મેં પ્રધાન માનના, સો પાખંડ મૂઢતા હૈ.''

પ્રથમ તથા બીજા અધિકારમાં સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યા પછી ત્રીજા, ચોથા અને પાંચમા અધિકારમાં ચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. આમાં આચાર્ય

સમન્તભદ્ર સમ્યગ્દર્શન-જ્ઞાન તથા અંતરંગ ચારિત્રપૂર્વક ધારણ કરેલા વ્રતોને જ ચારિત્ર કહે છે. તેઓ લખે છે-

**''रागद्वेषनिवृत्तेः हिंसादिनिवर्तना कृता भवति ।**
**अनपेक्षितार्थवृत्तिः कः पुरुषः सेवते नृपतीन् ।।''**[1]

રાગ-દ્વેષના અભાવની સાથે હિંસાદિ પાપોની નિવૃત્તિ થઈ જ જાય છે, કારણ કે જેને ધનાદિની આશા નથી, તે જીવ રાજાની સેવા કેમ કરે ?

પંડિત સદાસુખદાસજીની આ વચનિકા માત્ર સામાન્યાર્થ નથી. આમાં યથાસ્થાને આવશ્યક વિષયોનો વિસ્તાર પણ કરવામાં આવ્યો છે, સંબંધિત વિષયના બીજા ગ્રંથોમાંથી ઉતારા કરવામાં આવ્યા છે. જેમ કે હિંસાના પ્રકરણમાં ઘણા છંદ આચાર્ય અમૃતચંદ્રના પુરૂષાર્થસિદ્ધઉપાયમાંથી ઉતારવામાં આવ્યા છે. કારણકે અહિંસા-હિંસાનું જેવું ઉત્કૃષ્ટ વિવેચન પુરૂષાર્થસિદ્ધઉપાયમાં જોવા મળે છે તેવું અન્ય શ્રાવકાચારોમાં જોવા મળતું નથી.

પંડિત શ્રી સદાસુખદાસજીની ભાષા વચનિકાની સૌથી મોટી વિશેષતા છઠ્ઠા **'ભાવના મહાધિકાર'**ની સ્વતંત્ર રચના છે. પાંચ અણુવ્રતોની પાંચ-પાંચ ભાવનાઓ ગ્રંથાન્તરોમાં જોવા મળે છે. વિસ્તૃત વચનિકા હોવાને કારણે એમનું વિવેચન તો આમાં સ્વાભાવિક જ હોય, પરંતુ આ અધિકારમાં બીજી ભાવનાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી મુમુક્ષુસમાજને તેઓ અવગત કરાવવા માગતા હતા જેમ કે સોલહ-કારણ ભાવના, બારભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, દશ લક્ષણ ધર્મ, ચાર ધ્યાન, બાર તપ, બહિરાત્મા વિ. આત્માના ત્રણ ભેદ, વિ.નું વિસ્તૃત વિવેચન એ ઉલ્લેખનીય વિશેષતાઓ છે.

આ વિવેચનમાં એમની મૌલિક પ્રતિભાનાં દર્શન થાય છે. આમાં એમનું સદાચારી તથા ઉપદેશક વિદ્વાનનું વ્યક્તિત્વ ઉભરીને સામે આવે છે. જાણે એ પોતે જ વિશાળ સભાને સંબોધી રહ્યા હોય તેવું લાગે છે. તેઓ પ્રતિપાદિત વિષયને સ્પષ્ટ કરવાની સાથે-સાથે હૃદયને હલાવી દે તેવી પ્રેરણા પણ આપે છે, જે ઓછુ ભણેલા વેપારી પુરૂષ વર્ગ તથા ભાવુક ભદ્ર સ્ત્રી વર્ગના હૃદય સુધી પહોંચીને તેમને ઝણઝણાવી દે છે ત્થા જીવનને સાર્થક કરવા માટે પ્રેરણા આપે છે. આ જ કારણે એમની આ સરળ-સરસ કૃતિ આજે જન-જનની વસ્તુ બની ગઈ છે.

---

૧. શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૪૮,

જો કે આ મહા અધિકાર પંડિત સદાસુખદાસજીની મૌલિક રચના છે છતાં પણ એને તેમણે પોતાની કલ્પનાથી નહિ, પરંતુ પરમાગમના આધાર ઉપર બનાવ્યો છે. અધિકારની શરૂઆતમાં જ તેઓ પોતે જ આ વાતનો ઉલ્લેખ કરે છે–

''અબ શ્રી પરમગુરૂનિ કા પ્રસાદ કરિ પરમાગમ કી આજ્ઞા પ્રમાણ ભાવના નામા મહાધિકાર લિખિયે હૈં. સમસ્ત ધર્મ કા મૂલ ભાવના હૈ. ભાવનાતૈં હી પરિણામનિ ઉજ્જવલના હોય હૈ ભાવનાતૈં મિથ્યાદર્શન કા અભાવ હોય હૈ ભાવના તૈં વ્રતનિ મેં દ્રઢ પરિણામ હોય હૈ ભાવનાતૈં વીતરાગતા કી વૃદ્ધિ હોય હૈ. ભાવના તૈં અશુભ ધ્યાન કા અભાવ હોય, શુભધ્યાન કી વૃદ્ધિ હોય હૈ. ભાવનાતૈં આત્માકા અનુભવ હોય હૈ. ઈત્યાદિક હજારોં ગુણનિકૂં ઉપજાવનેવાલી ભાવના જાની ભાવનાકૂં એક ક્ષણ હૂં મતિ છોડો''

૨૨૫ પાનાના અધિકારનું વિસ્તૃત વિવેચન કર્યા પછી પણ તેમનું મન સંતોષાયું નહિ. જો કે બીજું ઘણું બધું લખવાની ભાવના એમના હ્રદયમાં હતી, છતાં પણ તબિયત લથડવાને કારણે તેમને પોતાની ભાવનાને પરાણે સંયમિત કરવી પડી – જેમ કે આ જ અધિકારના અંતમાં તે પોતે જ લખે છે –

અબ ઈહાં અનેકાન્તભાવના અર સમયસારાદિ ભાવના વર્ણનકરિ ચાહિયે પરંતુ આયુ–કાયકા અબ શિથિલપનાતૈં ઠિકાના નાહી તાતૈં સૂત્રકાર કા કહ્યા કથનકું સમેટના ઉચિત વિચારી મૂલગ્રંથ કા કથન લિખિયે હૈ.''

ઉપરોક્ત કથનથી એ સ્પષ્ટ જણાઈ આવે છે કે તેઓ ગ્રંથરચનાના ગાળામાંજ તબિયતની શિથિલતાનો અનુભવ કરવા લાગ્યા હતા. સમતાભાવના ધણી પંડિત શ્રી સદાસુખદાસજીની આ વૈરાગ્યરસથી ભરપૂર વચનિકા જીવન–શોધન માટે પરમ અમૃત છે.

એમના હ્રદયમાં સમયસારનો કેટલો મહિમા હતો એ વાત એમના નીચે જણાવેલ પ્રશસ્તિ વાકયમાં પ્રગટ થાય છે –

**समयसार गुन कहनकूं, शक्त न सुरुगुरु होय ।**

**ताको शरण सदा रहो, रागादिक मल धोय ।।१९।।**

જો સમયસાર ભાવના પણ લખાઈ હોત તો તેનાથી મુમુક્ષુસમાજને નવી દિશા મળત, પરંતુ આપણા દુર્ભાગ્યથી એમની આ ભાવના અપૂર્ણ રહી છે.

આ એમના જીવની છેલ્લી રચના છે. ૬૮ વર્ષની ઉંમરમાં આ કૃતિ પૂરી થઈ છે.

આમાં એમના જીવનનો સાર સમાયો છે. અત્યંત ગળગળા (કરૂણતાભર્યા) મને (હૃદયે) તેમણે આ ગ્રંથની ટીકા કરી છે. આ ટીકા વિ.સં. ૧૮૨૦માં પૂરી થઈ. તે પછી વધારેમાં વધારે બે જ વર્ષ સુધી તેઓશ્રી જીવીત રહ્યા.

**हे जिनवानी भगवती, भुक्ति-मुक्ति दातार ।**
**तेरे सेवनतैं रहै, सुखमय नित अविकार ।।२०।।**

**दुख दरिद्र जाण्यो नहीं, चाह न रही लगार ।**
**उज्जवल यशमय बिसतरयो, यो तेरो उपकार ।।२१।।**

**अड़सठि वरस जु आयु के, बीते तुझ आधार ।**
**शेष आयु तव शरणतैं, जाहु यही मम सार ।।२२।।**

**जितनैं भव तितनैं रहों, जैन धर्म अमलान ।**
**जिनवर धर्म बिना जु मम, अन्य नहीं कल्यान ।।२३।।**

**जिनवाणी सूं वीनती, मरण वेदना रोक ।**
**आराधन के शरणतैं, देहु मुझे परलोक ।।२४।।**

**बाल मरण अज्ञानतैं, करे जु अपरंपार ।**
**अब आराधन शरणतैं, मरण होहु अविकार ।।२५।।**

**हरि अनीति कुमरण हरो, करो जु ज्ञान अखण्ड ।**
**मोकूं नित भूषित करो, शास्त्र जु रत्नकरण्ड ।।२६।।**

એમના જીવનમાં કોઈ લૌકિક અભાવ ન હતો, તથા એમનું સંપૂર્ણ જીવન સાહિત્ય આરાધન, ચિન્તન, મનનમાં જ વીત્યું. અંત સુધી તેઓ આમાં જ લીન રહ્યા.

એમની આ મંગળકૃતિમાંથી મુમુક્ષુ સમાજે લાભ ઉઠાવવો જોઈએ એવી ભાવના સાથે વિરામ લઉ છું.

*૧૫ માર્ચ, ૧૯૯૪* **- ડૉ. હુકમચંદ ભારિલ્લ**
*ટોડરમલ સ્મારક ભવન, જયપુર.*

卐

## શ્રી રત્નકરંડ શ્રાવકાચાર (ગુજરાતી) દ્વિતીય આવૃત્તિની ૧૦૦૦ નકલ છપાવવા ગ્રંથ ની કિંમત ઓછી કરવા આવેલ દાન

| ક્રમ | દાતાનું નામ | ગામ | દાનરાશિ |
|---|---|---|---|
| ૧. | શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ | વિલેપારલે | ૫૧,૦૦૦ |
| ૨. | શ્રીમતી પુષ્પાબેન કાંતિભાઈ મોટાણી | મુંબઈ | ૧૫,૦૦૦ |
| ૩. | શ્રી ચાંપશી દેવશી નંદુ | દાદર | ૧૦,૦૦૦ |
| ૪. | શ્રી વાડીલાલ લલ્લુભાઈ શાહ, હસ્તે રમેશભાઈ, રાજુભાઈ, અશોકભાઈ | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૫. | સુરભીબેન અને રશ્મિબેન | નૈરોબી | ૭,૫૦૦ |
| ૬. | શ્રી માંગીલાલ સુરજમલજી ચંદન | સાંચોર | ૫,૧૦૦ |
| ૭. | શ્રીમતી અરૂણાબેન પ્રવિણચંદ મહેતા | સુરત | ૫,૧૦૦ |
| ૮. | શ્રી હિમ્મતલાલ હરીલાલ શાહ | દાદર | ૫,૦૦૦ |
| ૯. | શ્રી પંકજભાઈ મહેતા | હૈદરાબાદ | ૫,૦૦૦ |
| ૧૦. | શ્રી મંથનભાઈ દેવચંદ શાહ | હૈદરાબાદ | ૫,૦૦૦ |
| ૧૧. | શ્રી અભયકુમાર ચંદનલાલ જૈન, નાગદા | મુંબઈ | ૫,૦૦૦ |
| ૧૨. | શ્રીમતી ઈન્દીરાબેન રમેશચંદ શાહ હ. નીલેશભાઈ | મુંબઈ | ૫,૦૦૦ |
| ૧૩. | શ્રી ભુપેન્દ્રભાઈ કલ્યાણજી શાહ | મુંબઈ | ૫,૦૦૦ |
| ૧૪. | શ્રી સુનીલ જયંતીલાલ શાહ | ભાયંદર | ૩,૦૦૦ |
| ૧૫. | શ્રીમતી તારાબેન બાબુલાલ દોસી | કડીયાદરા | ૨,૧૦૦ |
| ૧૬. | શ્રીમતી મીનાક્ષી નવિનચંદ મહેતા | મુંબઈ | ૨,૧૦૦ |
| ૧૭. | શ્રીમતી સુશીલાબેન સેવંતીલોલ ગાંધી હ. નવિનભાઈ | વસ્ત્રાપુર | ૨,૧૦૦ |
| ૧૮. | શ્રી રાહી રાહુલ મહેતા | મુંબઈ | ૨,૧૦૦ |
| ૧૯. | એક સદ્‌ગૃહસ્થ તરફથી - હ. શ્રી મયુરભાઈ | મુંબઈ | ૨,૦૦૦ |
| ૨૦. | શ્રી વસંતલાલ એમ. દોશી. | મુંબઈ | ૧,૧૦૦ |
| ૨૧. | શ્રી કનુભાઈ એમ. દોશી. | મુંબઈ | ૧,૧૦૦ |
| ૨૨. | શ્રીમતી હિના સંદિપ દોશી | મુંબઈ | ૧,૧૦૦ |
| ૨૩. | શ્રીમતી જીગ્નાબેન નીખીલકુમાર મહેતા | વસ્ત્રાપુર | ૧,૧૦૦ |
| ૨૪. | શ્રી નેહાબેન નીખીલભાઈ ગાંધી | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૨૫. | શ્રી બાબુલાલ નગીનદાસ શાહ | અમદાવાદ | ૧,૧૦૦ |

| ક્રમ | દાતાનું નામ | ગામ | દાનરાશિ |
|---|---|---|---|
| ૨૬. | શ્રીમતી શાંતાબેન વસંતલાલ શાહ, જાલગાંવ | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૨૭. | શ્રી નગીનદાસ જેઠાલાલ કોટડિયા | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૨૮. | શ્રીમતી કંચનબેન જયંતીલાલ ગાંધી | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૨૯. | શ્રી વસંતકુમાર મીઠાલાલ શાહ | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૩૦. | શ્રી ચન્દ્રકાંત મીઠાલાલ શાહ | અમદાવાદ | ૧,૧૦૦ |
| ૩૧. | શ્રીમતી વસુબેન પ્રકાશભાઈ વખારિયા | દાદર | ૧,૦૦૦ |
| ૩૨. | શ્રી મહેન્દ્રભાઈ કાંતીલાલ | દાદર | ૧,૦૦૦ |
| ૩૩. | શ્રીમતી રંજનબેન વોરા | હૈદરાબાદ | ૧,૦૦૦ |
| ૩૪. | શ્રી કાંતીલાલ વીરજી ગાલા | પાર્લા | ૧,૦૦૦ |
| ૩૫. | શ્રીમતી લીલાબેન છોટાલાલ મહેતા | મુંબઈ | ૧,૦૦૦ |
| ૩૬. | શ્રી વિનોદચંદ્ર રાયચંદ શાહ | મુંબઈ | ૧,૦૦૦ |
| ૩૭. | શ્રી પ્રેમચંદજી મોદી | મુંબઈ | ૧,૦૦૦ |
| ૩૮. | શ્રી મહેશભાઈ અમૃતલાલ શાહ | ખાડિયા, અમદાવાદ | ૫૦૦ |
| ૩૯. | શ્રી પરેશભાઈ હીરાલાલ સરૈયા | વસ્ત્રાપુર, અમદાવાદ | ૫૦૦ |
| ૪૦. | શ્રી ભૂપેન્દ્ર રતીલાલ દેસાઈ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૧. | શ્રી નરેશભાઈ ચન્દુલાલ શાહ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૨. | શ્રી કમલેશભાઈ અમૃતલાલ શાહ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૩. | શ્રી રાજેશભાઈ બચુભાઈ કોટડિયા | અમદાવાદ | ૫૦૦ |
| ૪૪. | શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૫. | શ્રી ભુલાભાઈ સંદીપભાઈ ગાંધી | અમદાવાદ | ૫૦૦ |
| ૪૬. | શ્રી નીરવભાઈ શાહ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૭. | શ્રીમતી મેઘનાબેન શાલીનભાઈ શાહ | અમદાવાદ | ૫૦૦ |
| ૪૮. | શ્રી સવીતાબેન કેશવલાલ કોટડિયા | અમદાવાદ | ૫૦૦ |
| ૪૯. | શ્રીમતી ચેતનાબેન કીરીટકુમાર ગાંધી | અમદાવાદ | ૫૦૦ |
| ૫૦. | શ્રી પરેશભાઈ ધીરજલાલ કોઠારી | અમદાવાદ | ૫૦૦ |
| ૫૧. | શ્રીમતી કમળાબેન સુરેશભાઈ જૈન | અમદાવાદ | ૫૦૦ |
| ૫૨. | શ્રીમતી સવિતાબેન ભોગીલાલ શાહૈ | અમદાવાદ | ૫૦૦ |
| ૫૩. | શ્રી પ્રદીપકુમાર જૈન | અમદાવાદ | ૫૦૦ |

卐

# * શ્રી સમયસારજી-સ્તુતિ *

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરૂણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરૂણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી,

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરૂ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભકત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રૂચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાન,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરૂણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિત્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# 卐 વિસ્તૃત વિષય સૂચી 卐


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૧ - સમ્યગ્દર્શન અધિકાર** | **૧** |
| મંગલાચરણ | ૧ |
| ધર્મનું સ્વરૂપ | ૨ |
| સમ્યગ્દર્શનનું લક્ષણ | ૩ |
| આપ્તના લક્ષણ | ૪ |
| શ્વેતામ્બરમત સમાલોચના | ૭ |
| આહાર સંબંધી વિચાર | ૧૩ |
| મૂર્તિપૂજા સંબંધી વિચાર | ૧૭ |
| સાચા શાસ્ત્રનું લક્ષણ | ૨૧ |
| સાચા ગુરૂનું લક્ષણ | ૨૫ |
| પરિગ્રહના વિષયમાં વિચાર | ૨૬ |
| નિઃશંકિત અંગનું લક્ષણ | ૨૭ |
| નિઃકાંક્ષિત અંગનું લક્ષણ | ૩૧ |
| અવ્રતી ગૃહસ્થના સમ્યક્ત્વના વિષયમાં ... | ૩૪ |
| નિર્વિચિકિત્સા અંગનું લક્ષણ | ૩૬ |
| અમૂઢદષ્ટિ અંગનું લક્ષણ | ૩૭ |
| ઉપગૂહન અંગનું લક્ષણ | ૩૯ |
| સ્થિતિકરણ અંગનું લક્ષણ | ૪૦ |
| વાત્સલ્ય અંગનું લક્ષણ | ૪૨ |
| પ્રભાવના અંગનું લક્ષણ | ૪૫ |
| અંગોના પાલનમાં પ્રસિદ્ધ | ૪૭ |
| સદોષ સમ્યક્ત્વની અસમર્થતા | ૪૭ |
| લોકમૂઢતાનું સ્વરૂપ | ૪૮ |
| પવિત્રતાનું વર્ણન | ૫૦ |
| સ્નાનની આવશ્યકતા | ૫૩ |
| દેવમૂઢતાનું લક્ષણ | ૫૭ |
| ક્ષેત્રપાલ-પદ્માવતી પૂજન વિશ... | ૫૭ |
| ગરૂમૂઢતાનું લક્ષણ | ૬૩ |
| અષ્ટમદ | ૬૩ |
| મદ ત્યાગ | ૭૧ |
| સંપત્તિની અસારતા | ૭૧ |
| ધનના સંબંધમાં જ્ઞાનીના વિચાર | ૭૨ |
| ષટ્ અનાયતનનું સ્વરૂપ | ૭૪ |
| સમ્યક્ત્વની ઉત્પત્તિ અને ભેદ | ૭૫ |
| પાંચ લબ્ધિઓ | ૭૬ |
| સમ્યક્ત્વનું સ્વરૂપ-ભેદ | ૮૧ |
| સમ્યક્દષ્ટિના આઠ ગુણ | ૮૪ |
| સમ્યગ્દર્શનની મહાનતા | ૮૬ |
| પુણ્ય અને પાપનું ફળ | ૮૬ |
| વન્દનીય કોણ ? | ૮૭ |
| સમ્યક્ત્વની શ્રેષ્ઠતા | ૯૧ |
| સમ્યક્ત્વનો મહિમા | ૯૧ |
| મોહી મુનિથી નિર્મોહી શ્રાવક શ્રેષ્ઠ | ૯૩ |
| સમ્યક્ત્વ-સર્વોત્કૃષ્ટ ઉપકારક | ૯૫ |
| સમ્યક્ત્વથી કુગતિ નિષેધ | ૯૫ |
| સમ્યક્ત્વથી સુગતિ | ૯૮ |
| સમ્યક્દર્શનના મહિમાનો ઉપસંહાર | ૧૦૦ |
| **૨ - સમ્યક્જ્ઞાન અધિકાર** | **૧૦૪** |
| સમ્યગ્જ્ઞાનનું લક્ષણ | ૧૦૫ |
| પ્રથમાનુયોગ | ૧૦૬ |
| કરણાનુયોગ | ૧૦૬ |
| ચરણાનુયોગ | ૧૦૬ |
| દ્રવ્યાનુયોગ | ૧૦૬ |
| **૩ - અણુવ્રત અધિકાર** | **૧૦૮** |
| ચારિત્રનું સ્વરૂપ | ૧૦૮ |
| ગૃહસ્થના ચારિત્રની સિદ્ધિ | ૧૦૯ |
| દેશ ચારિત્રના ભેદ | ૧૧૦ |
| અણુવ્રતનું લક્ષણ | ૧૧૦ |
| અહિંસાણુવ્રતનું સ્વરૂપ | ૧૧૧ |
| હિંસા ત્યાગ | ૧૧૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| હિંસા અને અહિંસાનું સ્વરૂપ | ૧૧૫ |
| અહિંસાણુવ્રતના અતિચાર | ૧૨૦ |
| સત્યાણુવ્રતનું સ્વરૂપ | ૧૨૦ |
| સત્યાણુવ્રતના અતિચાર | ૧૨૧ |
| અચૌર્યાણુવ્રતનું સ્વરૂપ | ૧૨૫ |
| અચૌર્યાણુવ્રતના અતિચાર | ૧૨૬ |
| બ્રહ્મચર્યાણુવ્રતનું લક્ષણ | ૧૨૭ |
| બ્રહ્મચર્યાણુવ્રતના અતિચાર | ૧૨૭ |
| પરિગ્રહ પરિમાણ અણુવ્રતનું સ્વરૂપ | ૧૨૮ |
| ન્યાય-નીતિ પૂર્વક આજીવિકાની... | ૧૩૨ |
| પરિગ્રહ પરિમાણ અણુવ્રતના... | ૧૩૭ |
| અણુવ્રતીની ઉત્પત્તિ ક્યાં | ૧૩૮ |
| અણુવ્રતોમાં પ્રસિદ્ધ કોણ ? | ૧૩૮ |
| પાપોમાં પ્રસિદ્ધ કોણ ? | ૧૩૮ |
| આઠ મૂળગુણોના નામ | ૧૩૯ |
| મદ્ય, માંસ, મધુ ત્યાગ | ૧૪૦ |
| જિન મંદિર નિર્માણની પ્રેરણા | ૧૪૬ |
| **૪ - ગુણવ્રત અધિકાર** | **૧૫૦** |
| ગુણવ્રતના લક્ષણ-ભેદ | ૧૫૦ |
| દિગ્વ્રતનું સ્વરૂપ | ૧૫૦ |
| દિગ્વ્રતોની મર્યાદા | ૧૫૧ |
| અણુવ્રતમાં મહાવ્રતપણું | ૧૫૧ |
| મહાવ્રત કેવાં હોય છે ? | ૧૫૨ |
| દિગ્વ્રતના અતિચાર | ૧૫૨ |
| અનર્થદંડ વ્રતનું સ્વરૂપ | ૧૫૩ |
| અનર્થદંડના ભેદ | ૧૫૩ |
| પાપોપદેશ અનર્થદંડ | ૧૫૪ |
| હિંસાદાન | ૧૫૪ |
| અપધ્યાન | ૧૫૫ |
| દુઃશ્રુતિ | ૧૫૫ |
| પ્રમાદ ચર્યા | ૧૫૬ |
| મિથ્યા ઉપદેશ ત્યાગ | ૧૫૬ |
| સપ્ત વ્યસન ત્યાગ | ૧૬૫ |
| અનર્થદંડવ્રતના અતિચાર | ૧૬૮ |
| ભોગોપભોગપરિમાણવ્રતનું સ્વરૂપ | ૧૬૮ |
| ભોગ ઉપભોગનું લક્ષણ | ૧૬૯ |
| યાવજ્જીવન ત્યાજ્ય | ૧૭૦ |
| અભક્ષ્ય ત્યાગ વર્ણન | ૧૭૦ |
| ખાદ્ય પદાર્થોની અવધિ | ૧૭૧ |
| રાત્રિ ભોજન ત્યાગ | ૧૭૩ |
| અનુપસેવ્ય ત્યાગ | ૧૮૩ |
| ભોગ અને ઉપભોગ | ૧૮૫ |
| ભોગોપભોગ પરિમાણ વ્રતના ભેદ | ૧૮૫ |
| દ્રવ્ય અપેક્ષા પરિમાણ | ૧૮૬ |
| કાળ અપેક્ષા પરિમાણ | ૧૮૭ |
| ભોગોપભોગપરિમાણ વ્રત અતિચાર | ૧૮૭ |
| **૫ - શિક્ષાવ્રત અધિકાર** | **૧૮૯** |
| શિક્ષાવ્રતના ભેદ | ૧૮૯ |
| દેશાવકાશિક વ્રતનું લક્ષણ | ૧૮૯ |
| ક્ષેત્રની મર્યાદા | ૧૯૦ |
| કાલની મર્યાદા | ૧૯૦ |
| મહાવ્રતની કલ્પના | ૧૯૦ |
| દેશાવકાશિક વ્રતના અતિચાર | ૧૯૧ |
| સામાયિક શિક્ષાવ્રતનું સ્વરૂપ | ૧૯૧ |
| સામાયિકનું આસન | ૧૯૧ |
| સામાયિક સ્થાન | ૧૯૨ |
| સામાયિક વિષય | ૧૯૩ |
| વેરત્યાગ | ૧૯૩ |
| કષાય ત્યાગ | ૧૯૫ |
| હિંસાપ્રમાદ વિ. ત્યાગ | ૧૯૬ |
| સામાયિકમાં ગૃહસ્થ મુનિ સમાન | ૧૯૮ |
| સામાયિકમાં પરીષહજય | ૧૯૮ |
| સંસાર અને મોક્ષનો વિચાર | ૧૯૯ |
| સામાયિક વ્રતના અતિચાર | ૨૦૦ |
| પ્રોષધોપવાસ વ્રતનું સ્વરૂપ | ૨૦૧ |
| ઉપવાસમાં ત્યાજ્ય અને પ્રયોજન | ૨૦૨ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ઉપવાસમાં કર્તવ્ય | ૨૦૩ | શીલવ્રતેષ્વનતીચાર ભાવના | ૩૦૧ |
| ઉપવાસના અતિચાર | ૨૦૪ | અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ભાવના | ૩૦૫ |
| વૈયાવ્રતનું સ્વરૂપ | ૨૦૪ | સંવેગ ભાવના | ૩૦૭ |
| દાનની પાત્રતા | ૨૦૫ | શક્તિ પ્રમાણ ત્યાગ ભાવના | ૩૧૦ |
| વૈયાવૃત્યનાં અન્ય કાર્ય | ૨૦૬ | શકિત પ્રમાણ તપ ભાવના | ૩૧૩ |
| આહારદાનનું સ્વરૂપ | ૨૦૭ | સાધુ સમાધિ ભાવના | ૩૧૬ |
| દાતારનું સ્વરૂપ | ૨૦૭ | વૈયાવૃત્ત ભાવના | ૩૨૧ |
| નિર્દોષ દાનનું સ્વરૂપ | ૨૦૮ | અરિહંત ભક્તિ ભાવના | ૩૨૫ |
| દાનનું ફળ | ૨૧૬ | સમોશરણ મહિમા | ૩૨૮ |
| દાનના ભેદ: કલ્પવૃક્ષ વર્ણન | ૨૧૭ | આચાર્ય ભક્તિ ભાવના | ૩૩૧ |
| પાત્રના ભેદ | ૨૧૯ | બહુશ્રુત ભક્તિ ભાવના | ૩૪૨ |
| સંપત્તિની અસ્થિરતા | ૨૨૦ | દ્વાદશાંગ વર્ણન | ૩૪૨ |
| ધનનો સદુપયોગ કરો | ૨૨૫ | પ્રવચન ભક્તિ ભાવના | ૩૫૧ |
| પરોપકારની પ્રેરણા | ૨૩૧ | આવશ્યક પરિહાણિ ભાવના | ૩૫૭ |
| ધન સંબંધી જ્ઞાનીની માન્યતા | ૨૩૩ | સન્માર્ગ પ્રભાવના ભાવના | ૩૬૩ |
| જિન પૂજનની પ્રેરણા | ૨૪૫ | જિન મંદિર મહિમા | ૩૬૬ |
| પૂજનના ભેદ અને વિધિ | ૨૪૮ | આચરણ શુદ્ધિની પ્રેરણા | ૩૬૭ |
| અકૃત્રિમ જિનચૈત્યાલય વર્ણન | ૨૫૭ | પ્રવચન વત્સલત્વ ભાવના | ૩૬૯ |
| જિનાલયનું સ્વરૂપ | ૨૫૮ | ધર્મના દશ લક્ષણ | ૩૭૧ |
| વૈયાવૃત્યના અતિચાર | ૨૬૬ | ઉત્તમ ક્ષમા ધર્મ | ૩૭૨ |
| **૬ - ભાવના અધિકાર** | **૨૬૮** | ઉત્તમ માર્દવ ધર્મ | ૩૮૨ |
| પાંચ અણુવ્રતોની ભાવનાઓ | ૨૬૮ | ઉત્તમ આર્જવ ધર્મ | ૩૮૪ |
| પાંચ પાપ ત્યાગની પ્રેરણા | ૨૭૧ | ઉત્તમ સત્ય ધર્મ | ૩૮૬ |
| ઈંદ્રિયસુખ દુ:ખરૂપ છે | ૨૭૭ | ઉત્તમ શૌચ ધર્મ | ૩૯૧ |
| મૈત્રી આદિ ચાર ભાવનાઓ | ૨૭૯ | અન્યાય, અનીતિ અભક્ષ્યનું ફળ | ૩૯૩ |
| જગત અને કાયાનું સ્વરૂપ | ૨૮૦ | ઉત્તમ સંયમ ધર્મ | ૩૯૪ |
| સોલહ કારણ ભાવનાઓનું સ્વરૂપ | ૨૮૨ | ઉત્તમ તપ ધર્મ | ૩૯૬ |
| દર્શન વિશુદ્ધિ ભાવના | ૨૮૬ | ઉત્તમ ત્યાગ ધર્મ | ૩૯૯ |
| સમ્યગ્દષ્ટિના આઠ ગુણ | ૨૮૭ | ઉત્તમ અકિંચન્ય ધર્મ | ૪૦૨ |
| ત્રણ મૂઢતાઓ | ૨૯૨ | ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ | ૪૦૪ |
| ષટ્ અનાયતન | ૨૯૩ | ધર્મ કેવી રીતે પ્રગટે ? | ૪૦૬ |
| આઠ મદ ત્યાગ | ૨૯૪ | ત્રણ શલ્ય | ૪૧૪ |
| વિનય સંપન્નતા ભાવના | ૨૯૭ | સત્સંગતિની પ્રેરણા | ૪૧૬ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| આઠ શુદ્ધિઓ | ૪૨૧ | પિંડસ્થ ધર્મ ધ્યાન | ૫૨૬ |
| તપ ભાવના | ૪૨૭ | પદસ્થ ધર્મ ધ્યાન | ૫૨૯ |
| બાહ્ય તપ | ૪૨૭ | રૂપસ્થ ધર્મ સ્થાન | ૫૩૩ |
| અંતરંગ તપ | ૪૩૩ | સમોશરણ વર્ણન | ૫૩૩ |
| સ્વાધ્યાય તપ | ૪૩૯ | શુકલ ધ્યાન અને ભેદ | ૫૪૯ |
| વક્તાનું સ્વરૂપ | ૪૪૦ | **૭ - સંલેખના અધિકાર** | **૫૫૪** |
| શ્રોતાનું સ્વરૂપ અને ભેદ | ૪૪૩ | સંલેખનાનું સ્વરૂપ | ૫૫૪ |
| આર્ત્તધ્યાન અને ભેદ | ૪૪૮ | સમાધિ-મરણ મહિમા | ૫૫૫ |
| રૌદ્રધ્યાન અને ભેદ | ૪૫૮ | મૃત્યુ મહોત્સવ પાઠ | ૫૬૧ |
| બહિરાત્મા અને અંતરાત્મામાં ભેદ | ૪૬૬ | કાય સંલેખના | ૫૭૫ |
| ધર્મધ્યાન અને ભેદ | ૪૭૩ | કષાય સંલેખના | ૫૭૭ |
| ઈશ્વર કર્તૃત્વ નિષેધ | ૪૭૮ | સમાધિ ધારકને સંબોધન | ૫૭૯ |
| બારહ ભાવના | ૪૮૩ | ચતુર્ગતિના દુખ | ૫૮૫ |
| અનિત્ય ભાવના | ૪૮૩ | સંલેખનાના અતિચાર | ૫૯૬ |
| અશરણ ભાવના | ૪૮૮ | મોક્ષનું સ્વરૂપ | ૫૯૮ |
| સંસાર ભાવના | ૪૯૨ | **૮ - પ્રતિમા અધિકાર** | **૬૦૦** |
| પંચપરાવર્તનનું સ્વરૂપ | ૪૯૨ | શ્રાવકના અગિયાર પદ | ૬૦૦ |
| નિગોદના દુઃખ | ૪૯૩ | દર્શન પદ-(૧) | ૬૦૦ |
| નરકગતિના દુઃખ | ૪૯૪ | વ્રત પદ-(૨) | ૬૦૨ |
| તિર્યંચગતિના દુઃખ | ૫૦૦ | સામાયિક પદ-(૩) | ૬૦૨ |
| મનુષ્ય ગતિના દુઃખ | ૫૦૫ | પ્રોષધ પદ-(૪) | ૬૦૨ |
| દેવગતિના દુઃખ | ૫૦૯ | સચિત ત્યાગ પદ-(૫) | ૬૦૩ |
| એકત્વ ભાવના | ૫૧૨ | રાત્રિ ભોજન ત્યાગ પદ-(૬) | ૬૦૩ |
| અન્યત્વ ભાવના | ૫૧૪ | બ્રહ્મચર્ય પદ-(૭) | ૬૦૩ |
| અશુચિ ભાવના | ૫૧૭ | આરંભ ત્યાગ પદ-(૮) | ૬૦૪ |
| આસ્રવ ભાવના | ૫૧૯ | પરિગ્રહ ત્યાગ પદ-(૯) | ૬૦૪ |
| સંવર ભાવના | ૫૨૧ | અનુમતિ ત્યાગ પદ-(૧૦) | ૬૦૫ |
| નિર્જરા ભાવના | ૫૨૨ | ઉદ્દિષ્ટ ત્યાગ પદ-(૧૧) | ૬૦૬ |
| લોક ભાવના | ૫૨૩ | ધર્મના જ્ઞાતાનું સ્વરૂપ | ૬૦૬ |
| બોધિ દુર્લભ ભાવના | ૫૨૪ | અંતિમ મંગલ | ૬૦૭ |
| ધર્મ ભાવના | ૫૨૫ | **વચનિકાકારની પ્રશસ્તિ** | **૬૦૯** |
| ધર્મ ધ્યાનના પુનઃ ભેદ | ૫૨૬ | દાતાર સૂચિ | ૬૧૧ |

# 卐 સંક્ષિપ્ત વિષય સૂચી 卐

★☆★☆★☆★☆★☆★☆★☆★☆★☆


| | વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | શાસ્ત્રાભ્યાસનો મહિમા | : | | 3 |
| ૨. | શાસ્ત્રાભ્યાસથી પ્રભાવના | : | | 5 |
| ૩. | પ્રકાશકીય | : | | 7 |
| ૪. | પૂર્વભૂમિકા | : | શ્રી મન્નૂલાલ જૈન | 12 |
| ૫. | આચાર્ય સમંતભદ્ર : એક પરિચય | : | પંડિત રાકેશજી જૈન શાસ્ત્રી | 22 |
| ૬. | પં. સદાસુખદાસજી : જીવન પરિચય | : | શ્રી પુનમચંદજી લુહાડિયા | 32 |
| ૭. | પ્રસ્તાવના | : | ડૉ. હુકમચંદ ભારિલ્લ | 37 |
| ★ | દાતારોની નામાવલી | | | 46 |
| ૮. | સમ્યગ્દર્શન અધિકાર -૧ | : | | ૧ |
| ૯. | સમ્યક્‌જ્ઞાન અધિકાર -૨ | : | | ૧૦૪ |
| ૧૦. | અણુવ્રત અધિકાર -૩ | : | | ૧૦૮ |
| ૧૧. | ગુણવ્રત અધિકાર -૪ | : | | ૧૫૦ |
| ૧૨. | શિક્ષાવ્રત અધિકાર -૫ | : | | ૧૮૯ |
| ૧૩. | ભાવના અધિકાર -૬ | : | | ૨૬૮ |
| ૧૪. | સંલેખના અધિકાર -૭ | : | | ૫૫૪ |
| ૧૫. | પ્રતિમા અધિકાર -૮ | : | | ૬૦૦ |
| ૧૬. | વચનિકાકાર પ્રશસ્તિ | : | | ૬૦૯ |

卐 ૐ નમઃ સિદ્ધેભ્યઃ 卐

# શ્રી રત્નકરંડ શ્રાવકાચાર

## ૧

## સમ્યગ્દર્શન અધિકાર

અહીં આ ગ્રંથના પ્રારંભમાં સ્યાદ્વાદવિદ્યાના પરમેશ્વર પરમ નિર્ગ્રંથ વીતરાગ શ્રી સમન્તભદ્ર સ્વામી જગતના ભવ્ય જીવોના પરમ ઉપકાર માટે રત્નત્રયની રક્ષાના ઉપાયરૂપ શ્રી રત્નકરંડ નામના શ્રાવકાચારને કહેવાની ઈચ્છાથી તથા વિઘ્ન રહિત શાસ્ત્રની વિઘ્ન રહિત સમાપ્તિરૂપ ફળની ઈચ્છાથી વિશિષ્ટ ઈષ્ટદેવને નમસ્કાર કરતાં શ્લોક કહે છે -

**- મંગલાચરણ -**

**નમઃ श्रीवर्धमानाय निर्धूतकलिलात्मने ।**
**सालोकानां त्रिलोकानां यद्विद्या दर्पणायते ।।१।।**

**અર્થ :-** શ્રી વર્ધમાન તીર્થંકરને અમારા નમસ્કાર હો. શ્રી એટલે કે અંતરંગ સ્વાધીન જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય તથા અનંતસુખ સ્વરૂપ અવિનાશી લક્ષ્મી અને બહિરંગ ઈન્દ્રાદિક દેવો દ્વારા વંદનીય, જેઓ સમોશરણાદિક લક્ષ્મી સહિત વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યા છે તે શ્રી વર્ધમાન છે. અથવા હવે સમંતાત્ એટલે કે સમસ્ત પ્રકારથી યુકત અર્થાત્ પરમ અતિશયને પ્રાપ્ત થયા છે કેવળજ્ઞાનાદિ અર્થાત્ પ્રમાણ જેમના માન તે શ્રી વર્ધમાન છે.

અહીં **''अवाप्योरल्लोपः''** આ વ્યાકરણ શાસ્ત્રના સૂત્ર દ્વારા અકાર (અ) નો લોપ (અભાવ) થઈ ગયો છે. કેવા છે શ્રી વર્ધમાન ? નિર્ધૂત કલિલ છે જેમનો આત્મા-નિર્ધૂત એટલે કે નષ્ટ કર્યાં છે આત્માના કલિલ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પાપમળ જેમણે એવા અને જેમનું કેવળજ્ઞાન અલોકાકાશ સહિત સંપૂર્ણ ત્રણ લોકોને દર્પણની જેમ પ્રકાશિત કરી રહ્યું છે.

**ભાવાર્થઃ-** જેમના કેવળજ્ઞાનરૂપ દર્પણમાં અલોકાકાશ સહિત ષટ્‌દ્રવ્યોના સમૂહરૂપ સંપૂર્ણ લોક પોતાની ભૂત, ભવિષ્ય, વર્તમાનની સમસ્ત અનંતાનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થઈ રહ્યો છે, અને જેમનો આત્મા સમસ્ત કર્મમળ રહિત થઈ ગયો છે. એવા શ્રી વર્ધમાન દેવાધિદેવ અંતિમ તીર્થંકરને હું મારા આવરણ, કષાયાદિ મળ રહિત સમ્યગ્‌જ્ઞાન પ્રકાશ પ્રગટ કરવા માટે નમસ્કાર કરૂં છું.

હવે આગળ **ધર્મનું સ્વરૂપ** કહેવાની પ્રતિજ્ઞારૂપ શ્લોક કહે છે -

**देशयामि समीचीनं ध कर्मनिवर्हणम् ।**
**संसारदुःखतः सत्वान् यो धरत्युत्तमे सुखे ॥२॥**

**અર્થઃ-** હું ગ્રંથ કર્તા (આચાર્ય સમન્તભદ્ર) આ ગ્રંથમાં એ ધર્મનો ઉપદેશ આપવા જઈ રહ્યો છું - જે જીવોને પંચ પરાવર્તનરૂપ સંસારના દુઃખોથી છોડાવીને સ્વર્ગ અને મોક્ષના બાધા રહિત ઉત્તમ સુખની પ્રાપ્તિ કરાવી દે છે; અને **કેવા ધર્મને કહીશ ?** જે સર્વમાન્ય (સમીચીન) અર્થાત્ જેમાં વાદી-પ્રતિવાદી દ્વારા તેમ જ પ્રત્યક્ષ અનુમાનાદિ દ્વારા વિરોધ આવતો નથી તથા જે કર્મ બંધનને નષ્ટ કરવાવાળો છે એવા ધર્મને કહીશ.

**ભાવાર્થ :-** સંસારમાં 'ધર્મ' એવું નામ તો આખું જગત કહે છે પરંતુ 'ધર્મ' શબ્દનો અર્થ આ રીતે છે — જે નરક તિર્યંચાદિ ગતિઓના પરિભ્રમણરૂપ દુઃખોથી આત્માને છોડાવી ઉત્તમ, આત્મિક, અવિનાશી, અતીન્દ્રિય, મોક્ષ સુખમાં સ્થિત કરે તે ધર્મ છે. આવો ધર્મ મોલ (પૈસાના બદલામાં) મળતો નથી, જે ધન ખર્ચ કરીને દાન-સન્માનાદિ દ્વારા મેળવી શકાય; કોઈનો આપેલો મળતો નથી — જે સેવા-ઉપાસના દ્વારા પ્રસન્ન કરીને પ્રાપ્ત કરી શકાય; મંદિર, પર્વત, પાણી, અગ્નિ, દેવમૂર્તિ, તીર્થક્ષેત્રાદિમાં રાખેલો નથી જે ત્યાં જઈને લઈ શકાય; ઉપવાસ, વ્રત, કાય-કલેશાદિ તપથી પણ મળતો નથી તથા શરીર વિ. કૃશ કરવાથી પણ મળતો નથી. દેવાધિદેવના મંદિરમાં ઉપકરણનું દાન, મંડલ-પૂજન વિ. કરવાથી, ઘર છોડીને વન, સ્મશાન વિ.માં રહેવાથી તથા પરમેશ્વરનાં નામ-જપ વિ. કરવાથી પણ ધર્મ મળતો નથી.

**ધર્મ તો આત્માનો સ્વભાવ છે પરદ્રવ્યોમાંથી આત્મબુદ્ધિ છોડીને પોતાના જ્ઞાતા દૃષ્ટારૂપ સ્વભાવનું શ્રદ્ધાન અનુભવ(જ્ઞાન) અને જ્ઞાયકસ્વભાવમાં જ પ્રવર્તનરૂપ જે આચરણ છે તે ધર્મ છે.** જ્યારે ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ પોતાના આત્માનું પરિણમન તથા રત્નત્રયરૂપ અને જીવોની દયારૂપ પોતાના આત્માની પરિણતિ

થશે, ત્યારે પોતાનો આત્મા સ્વયં જ ધર્મરૂપ થઈ જશે. પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ વિ.તો નિમિત્તમાત્ર છે. જે સમયે આ આત્મા રાગાદિરૂપ પરિણતિ છોડીને વીતરાગરૂપ થયેલો જણાય ત્યારે મંદિર, પ્રતિમા, તીર્થ, દાન, તપ, જપ, સઘળું એ ધર્મરૂપ છે; અને જો પોતાનો આત્મા ઉત્તમ ક્ષમાદિરૂપ વીતરાગરૂપ સમ્યગ્જ્ઞાનરૂપ થતો નથી તો બહારમાં ક્યાંય પણ ધર્મ થતો નથી. **જો શુભરાગ હશે તો પુણ્યબંધ થશે અને જો અશુભ રાગ, દ્વેષ, મોહ હશે તો પાપબંધ થશે.** જ્યાં શુદ્ધ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ સ્વરૂપ ધર્મ છે ત્યાં બંધનો અભાવ છે. બંધનો અભાવ થવાથી જ ઉત્તમ સુખ મળે છે.

હવે એવા ઉત્તમ સુખનું કારણ જે આત્માનો સ્વભાવરૂપી ધર્મ છે તેને પ્રગટ કરવા માટે શ્લોક કહે છે -

**सद्रष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वराः विदुः ।**
**यदीयप्रत्यनीकानि भवन्ति भवपद्धतिः ।।३।।**

**અર્થ :-** ધર્મના ઈશ્વર ભગવાન તીર્થંકર પરમદેવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેને ધર્મ કહે છે; વળી એ ત્રણેથી વિરૂદ્ધ જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે તે સંસાર પરિભ્રમણની પરિપાટી છે.

**ભાવાર્થ :-** જે પોતાનું અને અન્ય દ્રવ્યોનું સત્યાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ છે તે તો સંસાર પરિભ્રમણથી છોડાવીને ઉત્તમ સુખરૂપ ધર્મ છે; તથા પોતાનું તથા અન્ય (બીજા) દ્રવ્યોનું અસત્ય શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ છે તે સંસારના ઘોર અનંત દુ:ખોમાં ડુબાડનાર છે - એવું વીતરાગ ભગવાન કહે છે; અમે અમારી મરજી પ્રમાણે કલ્પિત કહેતા નથી.

હવે પ્રથમ જ **સમ્યગ્દર્શનના લક્ષણ**ને કહેવાવાળો શ્લોક કહે છે -

**श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम् ।**
**त्रिमूढापोढमष्टाङ्गं सम्यग्दर्शनमस्मयम् ।।४।।**

**અર્થ :-** જે સત્યાર્થ આપ્ત, આગમ અને તપોભૃત છે તેમના શ્રદ્ધાનથી સમ્યગ્દર્શન થાય છે. આપ્ત તો સર્વે (સઘળા) પદાર્થોને જાણીને એમનું સત્યાર્થ (સાચું) સ્વરૂપ પ્રગટ કરવાવાળા છે; આગમ આપ્ત દ્વારા રચાયેલ શાસ્ત્ર છે; આપ્ત દ્વારા પ્રરૂપિત શાસ્ત્રના અનુસાર આચરણને આચરવાવાળા તપોવન અર્થાત્ ગુરૂ છે.

અહીં **સાચા** આપ્ત, **સાચા** શાસ્ત્ર, અને **સાચા** ગુરૂના શ્રદ્ધાનને જ સમ્યગ્દર્શન કહ્યું છે, પરંતુ **અસત્ય** આપ્ત, આગમ અને ગુરૂનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન નથી. તે **સમ્યગ્દર્શન ત્રણ મૂઢતાઓ રહિત પોતાના આઠ અંગો સહિત અને આઠ મદ રહિત હોય છે.**

**ભાવાર્થ :-** સત્યાર્થ (સાચા) આપ્ત, આગમ તથા ગુરૂનું ત્રણ મૂઢતા રહિત નિઃશંકિત આદિ આઠ અંગ સહિત અને આઠ મદ રહિત શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** આગમમાં તો સાત તત્ત્વો - નવ પદાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે, અહીં એમ કેમ ન કહ્યું ? **તેનું સમાધાન :-** નિર્દોષ બાધારહિત આગમના ઉપદેશ વિના સાત તત્ત્વોનું શ્રદ્ધાન કેવી રીતે થશે ? નિર્દોષ આપ્ત વિના સાચાં આગમ કેવી રીતે પ્રગટ થશે? એટલા માટે જ તત્ત્વોના પણ શ્રદ્ધાનનું મૂળ કારણ સાચા આપ્ત જ છે.

હવે સાચા **આપ્તના લક્ષણ** પ્રગટ કરવાવાળો શ્લોક કહે છે -

**आप्तेनोच्छिन्नदोषेण सर्वज्ञेनागमेशिना ।**
**भवितव्यं नियोगेन नान्यथा ह्याप्तता भवेत् ।।५।।**

**અર્થ :-** ધર્મનું મૂળ ભગવાન આપ્ત છે, એમના ત્રણ ગુણ છે - નિર્દોષપણુ, સર્વજ્ઞતા, અને પરમ હિતોપદેશીપણુ - ક્ષુધા, તૃષા વિ. દોષ નષ્ટ થઈ ગયા છે એટલે નિર્દોષ; ત્રિકાળવર્તી સમસ્ત ગુણપર્યાયો સહિત સમસ્ત જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળની અનંત પર્યાયોને યુગપત્ પ્રત્યક્ષ જાણે છે એટલે સર્વજ્ઞ; અને પરમ હિતોપદેશકપણા દ્વારા દ્વાદશાંગરૂપ જે આગમ તેના મૂળકર્તા એટલા માટે આગમના હિતોપદેશક સ્વામી. એ રીતે આ ત્રણ ગુણ કહ્યા છે, એમનાથી સહિત જે હોય છે તે નિશ્ચયથી આપ્ત જ હોય છે, એને જ દેવ કહે છે.

આ ત્રણ ગુણો વિના બીજી રીતે આપ્તપણું હોતું નથી.

**ભાવાર્થ :- જે સ્વયં જ દોષ સહિત હોય તે બીજા જીવોને નિરાકુલ, સુખી, નિર્દોષ કેવી રીતે કરશે ?** જે ક્ષુધા-તૃષાથી ગ્રસ્ત, કામ, ક્રોધાદિ દોષો સહિત હોય તે તો મહા દુઃખી છે એને ઈશ્વરપણું કેવી રીતે સંભવે ? જે નિરંતર ભયભીત થઈને શસ્ત્ર ધારણ કરી રાખે છે તેને શત્રુ મોજુદ છે, તે નિરાકુળ કેવી રીતે હોઈ શકે ?

જેને દ્વેષ, ચિંતા, ખેદ વિ. નિરંતર રહે તે સુખી હોઈ શકે નહિ. જે કામી, રાગી હોય તે તો નિરંતર બીજાને વશ જ રહે છે, એને સ્વાધીનતા નથી, **પરાધીનતાથી સાચું વક્તાપણું સંભવતું નથી.** જે મદને વશ હોય, નિદ્રાને વશ હોય તેને સાચું જ્ઞાતાપણું હોઈ શકતું નથી. **જે જન્મ મરણ સહિત છે તેને સંસાર પરિભ્રમણનો અભાવ થયો નથી, સંસારી જ છે, તેને પણ સાચું આપ્તપણું સંભવતું નથી. એટલે જે નિર્દોષ હોય** તેને જ યથાર્થપણે આપ્તપણું સંભવે છે. રાગી-દ્વેષી તો પોતાને તથા પરને રાગ-દ્વેષ પુષ્ટ કરવારૂપ વચન જ કહે છે. **યથાર્થ વક્તાપણું તો વીતરાગીને જ સંભવે છે.**

જો સર્વજ્ઞ ન હોત તો, ઈન્દ્રિઓને આધીન જ્ઞાનવાળા પહેલાં થઈ ગયેલા જે રામ, રાવણ વિ. તેમને કેવી રીતે જાણત ? દૂરવર્તી જે મેરૂ પર્વત, સ્વર્ગ, નરક, પરલોક વિ. ને કેવી રીતે જાણત? અને સુક્ષ્મ પરમાણુ વિ.ને કેવી રીતે જાણત ?

**ઈન્દ્રિયજનિત જ્ઞાન તો સ્થૂળ, વિદ્યમાન ને સન્મુખ પદાર્થોને પણ સ્પષ્ટ જાણી શકતું નથી.** આ સંસારમાં પદાર્થ તો જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ વિ. અનંત છે અને એક જ સમયમાં બધા જ પોતાની જુદી જુદી અવસ્થારૂપે પરિણમે છે. એટલે એક સમયી અનંત પદાર્થોની જુદી જુદી અનંતી પર્યાયો થાય છે. **ઈન્દ્રિયજનિત જ્ઞાન તો ક્રમવર્તી સ્થૂલ પુદ્ગલની અનેક સમયોમાં થયેલી જે એક સ્થૂલ પર્યાય છે તેને જાણવાવાળું છે.** અનેક પદાર્થોની અનેક પર્યાયો દરેક સમયે થઈ રહી છે. જે એક સમયવર્તી બધી પર્યાયોને જ જાણવામાં સમર્થ નથી તેવું ઈન્દ્રિયજ્ઞાન જે અનંતકાળ વીતી ગયો અને અનંતકાળ આવશે તેની અનંતાનંત પર્યાયોને કેવી રીતે જાણી શકશે? એટલે સર્વ ત્રિકાળવર્તી સમસ્ત દ્રવ્યની સમસ્ત પર્યાયોને યુગપદ્ (એકી સાથે) જાણવામાં સમર્થ એવા સર્વજ્ઞને જ આપ્તપણું સંભવે છે, અને જે પરમ હિતોપદેશક હોય તે જ આપ્ત છે. આ ત્રણ ગુણો જેનામાં હોય તે જ દેવ છે.

જો કે અરિહંતદેવ મનુષ્ય પર્યાય ધારણ કરવાવાળા મનુષ્ય છે તો પણ જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિયા કર્મોના નાશ થવાને કારણે પ્રગટ થયેલો જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંત સુખરૂપ નિજ સ્વભાવ તેમાં રમણ કરી કર્મોને જીતવાથી, શરીરની અતુલ ક્રાંતિ પ્રગટ થવાથી, અનંત આનંદ અને સુખમાં મગ્ન થવાથી, તથા ઈંદ્રાદિ સમસ્ત દેવો દ્વારા સ્તુતિ યોગ્ય હોવાથી, અનંત જ્ઞાનદર્શન સ્વભાવ દ્વારા સમસ્ત લોકાલોકમાં વ્યાપ્ત હોવાથી, અનંત શક્તિ પ્રગટ થવાથી, અન્ય દેવો અને મનુષ્યોથી

ભિન્ન અસાધારણ આત્માના રૂપથી શોભાયમાન છે માટે મનુષ્ય પર્યાયમાં જ પોતાના અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, સુખ વિગેરે ગુણોના પ્રગટ થવાના કારણે તેમને **દેવાધિદેવ** કહે છે.

**અહિ કોઈ પ્રશ્ન કરે છે -** આપ્તના ત્રણ લક્ષણ(ગુણ) કેમ કહ્યા ? એક નિર્દોષ કહેવાથી જ એમાં સમસ્ત ગુણ (લક્ષણ) આવી જાત ?

**એને કહે છે –** નિર્દોષપણું તો પૂદગલ (પરમાણુ) ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં પણ છે. તેમને અચેતનપણું (જડપણું) હોવાથી ક્ષુધા, તૃષા, રાગ દ્વેષાદિ પણ નથી. તેથી નિર્દોષપણું કહેવાથી એમને આપ્તપણાનો પ્રસંગ આવત. આપ્ત નિર્દોષ તો હોય જ છે, સર્વજ્ઞ પણ હોય છે. જો નિર્દોષ અને સર્વજ્ઞ - આ બેને જ આપ્તના ગુણ કહીએ તો ભગવાન સિદ્ધોને પણ આપ્તપણાનો પ્રસંગ આવી જાત ત્યારે **સાચા ઉપદેશનો અભાવ થઈ જાત.** એટલે નિર્દોષ, સર્વજ્ઞ, અને પરમ હિતોપદેશકપણું આ ત્રણ ગુણો સહિત દેવાધિદેવ પરમ ઔદારિક શરીરમાં સ્થિત ભગવાન સર્વજ્ઞ વીતરાગ અરિહંતને જ આપ્તપણું છે. એવો નિશ્ચય કરવા યોગ્ય છે.

હવે અરિહંતદેવ જે **અઢાર દોષો**નો નાશ કરીને આપ્ત થયા તે દોષોનાં નામ કહેવા માટે શ્લોક કહે છે -

**क्षुत्पिपासाजरातंक जन्मान्तकभयस्मयाः ।**
**न रागद्वेषमोहाश्च यस्याप्तः स प्रकीर्त्यते ।।६।।**

**અર્થ :-** (૧) ક્ષુત અર્થાત્ ક્ષુધા (ભૂખ), (૨) પિપાસા અર્થાત્ તૃષા (તરસ), (૩) જરા અર્થાત્ વૃદ્ધત્વ, (૪) આતંક અર્થાત્ શરીર સંબંધી રોગ, (૫) જન્મ અર્થાત્ કર્મોના વશથી ચતુર્ગતિમાં ઉત્પતિ, (૬) અન્તક અર્થાત્ મૃત્યુ, (૭) ભય એટલે કે આ લોકનો ભય, પરલોકનો ભય, મરણ ભય, વેદના ભય, અરક્ષા ભય, અગુપ્તિ ભય, અકસ્માત ભય, એવા સાત પ્રકારના ભય, (૮) સ્મય એટલે કે ગર્વ (મદ), (૯) રાગ, (૧૦) દ્વેષ, (૧૧) મોહ, (૧૨) 'ચ' શબ્દથી ચિંતા, (૧૩) રતિ, (૧૪) નિદ્રા, (૧૫) વિસ્મય એટલે કે આશ્ચર્ય, (૧૬) વિષાદ અર્થાત્ શોક, (૧૭) સ્વેદ એટલે કે પરસેવો, (૧૮) ખેદ એટલે કે વ્યાકુળતા જાણવા. આ અઢાર દોષ જેનામાં ન હોય તેને આપ્ત કહે છે.

## ❖ શ્વેતાંબરમત સમાલોચના ❖

હવે અહીં કોઈ શ્વેતામ્બર મતવાળો પ્રશ્ન કરે છે - (૧) હે ! દિગંબર ધર્મધારક! જો કેવળી ભગવાનને ભૂખ-તરસ (ક્ષુધા-તૃષા) નો અભાવ છે તો આહાર વિ. માં પ્રવૃત્તિનો અભાવ હોવાથી કેવળીને દેહની સ્થિતિ રહેવી જોઈએ નહિ, અને કેવળીને દેહની સ્થિતિ તમારા માટે સ્વીકાર્ય જ છે; એટલે કેવળીને આહાર કરવાનું સિદ્ધ થયું. જેવી રીતે આહાર લીધા વિના આપણા દેહની સ્થિતિ રહેતી નથી, એવી રીતે કેવળીને પણ આહાર કર્યા વિના દેહની સ્થિતિ રહી શકતી નથી અને કેવળીને દેહની સ્થિતિ છે, તો અવશ્ય આહાર કરતા જ હશે !

**તેમને જવાબ આપે છે - કેવલીને માત્ર આહારની સિદ્ધિ કરવી છે કે કવલાહારની સિદ્ધિ કરવી છે ?** જો માત્ર આહારની સિદ્ધિ કરવાનો અભિપ્રાય છે તો સયોગ કેવળી (૧૩માં ગુણસ્થાન) સુધી સમસ્ત જીવો આહાર કરવાવાળા જ છે એવું પરમાગમનું વચન છે. એક ઈન્દ્રીયથી માંડીને સયોગી કેવળી સુધી બધા જ જીવો સમય-સમયમાં સિદ્ધ રાશિના અનંતમા ભાગના અને અભવ્ય રાશિથી અનંત ગણા કર્મપ રમાણું અને નોકર્મ પરમાણુઓને નિરંતર ગ્રહણ કર્યા કરે છે.

**જો તમે એમ કહેશો -** (૨) અમે તો કેવળીના કવલાહાર એટલે કે કોળિયો-કોળિયો અન્ન-પાણી વિ. આપણી જેમ મોઢામાં લઈને આહાર કરવાનું કહીએ છીએ. કવલાહાર એટલે કે કોળિયારૂપ આહાર, જેના વિના કેવળીના દેહની સ્થિતિ રહેતી નથી, જેમ કે આપણો દેહ કવલાહાર વિના રહેતો નથી ?

**તેમને જવાબ આપે છે -** દેવોનું શરીર કવલાહાર વગર સાગરો સુધી કેવી રીતે ટકી રહે છે ? કોઈ પણ દેવોને કદી પણ કવલાહાર હોતો નથી અને દેહની સ્થિતિ રહે છે એટલે તમારો તર્ક વ્યભિચારી થયો -અસત્ય ઠર્યો.

**વળી તમે એમ કહેશો -** (૩) દેવોને દેહની સ્થિતિ તો માનસિક આહારથી થાય છે. મનમાં આહારની ઈચ્છા ઉત્પન્ન થતાં જ કંઠમાંથી અમૃત ઝરી જાય છે, એનાથી તૃપ્તિ થઈ જાય છે, તે માનસિક આહાર છે. જેવી રીતે ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી, કલ્પવાસી - ચતુર્નિકાયના દેવોને કવલાહાર વગર માનસિક આહારથી જ દેહની સ્થિતિ રહે છે. એવી રીતે કેવળી ભગવાનને પણ કર્મ-નોકર્મ વર્ગણાના આહારથી જ દેહની સ્થિતિ રહે છે.

**જો તમે એમ કહેશો કે -** (૪) કેવળીની તો મનુષ્ય શરીરમાં સ્થિતિ છે એટલે પોતાના દેહની જેમ કવલાહારથી જ તેમના દેહની સ્થિતિ માનીએ છીએ ?

**તેને કહે છે -** તો આપણા શરીરની જેમ જ પરસેવો, ખેદ, ઉપસર્ગ, પરીષહ વિ. પણ કેવળીને માનવા પડશે.

**જો તમે એમ કહેશો** - (૫) કેવળીને અતિશયના પ્રભાવથી પરસેવો, ખેદ, ઉપસર્ગ, પરીષહ વિ. થતા નથી ?

**તેને કહે છે** - તો ભોજનના અભાવરૂપ અતિશય પણ કેવળીને કેમ માનતા નથી ?

**જો તમે એમ કહેશો -** (૬) જેવી રીતે આપણા શરીરમાં પરસેવો વિ. થતા જોવામાં આવે છે તેમ કેવળીને પણ માનો ?

**તેને કહે છે -** તો જેવી રીતે આપણને ઇન્દ્રીયજનિત જ્ઞાન છે તેવી જ રીતે કેવળીને પણ ઇન્દ્રીયજનિત જ્ઞાન માનો. કેવળીને દેખવું, સાંભળવું, સ્વાદ લેવો, ચિંતવન કરવું. ઇન્દ્રિયો દ્વારા થવું જ માનો તો કેવળજ્ઞાનરૂપ અતીન્દ્રિય જ્ઞાનને તિલાંજલી આપી સર્વજ્ઞપણાના અભાવનો પ્રસંગ આવશે.

**જો તમે એમ કહેશો -** (૭) જ્ઞાનની અપેક્ષાએ બધા જ મનુષ્ય અને કેવળી સરખા હોવા છતાં પણ કેવળીને અતીન્દ્રિય જ્ઞાન જ છે ?

**તેને કહે છે -** તો દેહમાં સ્થિતિ સરખી હોવા છતાં પણ કવલાહારનો અભાવ કેમ માનતા નથી ?

**જો તમે એમ કહેશો** - (૮) કેવળીને વેદનીય કર્મનો સદ્ભાવ છે એટલે ભોજનની ઇચ્છા ઉત્પન્ન થાય છે, એટલે કવલાહારમાં પ્રવૃત્તિ થાય છે.

**તેને કહે છે -** તો એમ કહેવું પણ યોગ્ય નથી કેમકે મોહનીય કર્મની સહાયતાથી જ વેદનીય કર્મ ભોજન કરવાની ઈચ્છા ઉત્પન્ન કરાવવામાં સમર્થ છે. ભોજનની ઈચ્છા **તે ભૂખ છે. ઈચ્છા છે તે મોહનીય કર્મનું કાર્ય છે.** જેમનું મોહનીય કર્મ નાશ થઈ ગયું છે એવા કેવળી ભગવાનને ભોજન કરવાની ઈચ્છા કયા કારણથી ઉત્પન્ન થાય?

**જો તમે એમ માનો છો -** (૯) મોહનીય કર્મ વિના પણ ઈચ્છા ઉત્પન્ન થાય છે ? **તો તમને કહીએ છીએ -** કેવળીને સુંદર સ્ત્રીને ભોગવવાની ઈચ્છા થવાનો

પ્રસંગ આવશે, તથા સુંદર પથારીમાં શયન, આભરણ, વસ્ત્ર વિ. ભોગોપભોગની ઈચ્છાનો પણ પ્રસંગ આવી જશે. ત્યારે વીતરાગતાનો અભાવ થઈ જશે. કારણ કે **જ્યાં ઈચ્છા હોય ત્યાં વીતરાગતા હોતી નથી.**

**તમારા મતે કેવળી આહાર કરે છે ?** તો પૂછીએ છીએ એક દિવસમાં એકવાર કરે છે કે અનેકવાર કરે છે, કે એક દિવસના અંતરે કે બે દિવસે, પાંચ દિવસે, પખવાડિયે મહિના વિ. કેટલા અંતરે ભોજન કરે છે ? જેટલું અંતર તમે કહેશો એટલા પ્રમાણ જ શક્તિ કહેવાથી, શક્તિ ઘટતાં ભોજન કરે છે. ભોજનના આશ્રયે બળ થયું, તો ભગવાન કેવળીને અનંત વીર્ય કહેવું અસત્ય થયું. કેવળીની શક્તિ આહારને આધીન જ રહી ?

**જો તમે એમ કહેશો -** (૧૦) કેવળી ભૂખને શાંત કરવા માટે ભોજન-પાન કરે છે ? તો અમે પૂછીએ છીએ - તેઓ કેવળજ્ઞાન દ્વારા ભોજનનો સ્વાદ લે છે કે રસના ઈન્દ્રિય દ્વારા સ્વાદ લે છે ?

જો કેવળજ્ઞાનથી સ્વાદ લે છે તો દૂર જગ્યાએ રાખેલ ભોજનનો સ્વાદ લઈ લે, ત્યારે કવલાહાર કરવાનું પ્રયોજન શું રહ્યું ? જો રસના ઈન્દ્રિયથી સ્વાદ લે છે તો મતિજ્ઞાન હોવાનો પ્રસંગ આવશે કેમકે ઈન્દ્રિયો મારફત જોવું, સ્વાદ લેવો, સાંભળવું, સ્પર્શ કરવો, ચિંતવન કરવું - એ તો મતિજ્ઞાનનાં કાર્ય છે.

**જો તું એમ કહીશ -** (૧૧) સર્વજ્ઞપણાને અને કવલાહારને વિરોધ નથી. જેમ - અહીં આહાર કરતા મનુષ્યોમાં જ્ઞાનની હીનતા જોવામાં આવતી નથી તેવી જ રીતે ભોજન કરવા છતાં પણ કેવળજ્ઞાનની હીનતા થતી નથી.

**તેને અમે પૂછીએ છીએ -** તો પછી દ્રવ્ય, આભરણ, વસ્ત્ર, વાહન, કામ, વિષય વિગેરે ભોગવવામાં પણ સર્વજ્ઞપણાનો વિરોધ રહેશે નહિ ?

**જો તું એમ કહીશ -** (૧૨) સર્વજ્ઞને મોહના ઉદયનો અભાવ છે એટલે દ્રવ્ય, આભરણ, કામ, વિષય ભોગાદિ ગ્રહણ કરવાની ઈચ્છા નથી. અસાતાવેદનીયનો ઉદય છે માટે આહાર લે છે કારણ કે જુદા જુદા કર્મોની શક્તિ જુદી જુદી હોય છે. કર્મોની શક્તિ જો એક સમાન હોય તો કર્મોમાં જુદા જુદા હોવાનો ભેદ રહે નહિ કેવળીને મોહના ઉદયનો અભાવ થયો છે એટલા માટે દ્રવ્યાદિક ગ્રહણ કરતા નથી ?

**તેને કહીએ છીએ -** જો મોહનો અભાવ થઈ ગયો છે તો ગ્રાસ (કોળિયો) લઈને મોઢામાં રાખવો, ચાવવો, ગળવો વિ.ની ઈચ્છા કયા કારણે થઈ ?

**જો તું એમ કહીશ -** (૧૩) અંતરાય કર્મનો અભાવ થયો છે એટલા માટે ઈચ્છા વગર જ મોઢામાં ગ્રાસ રાખી લે છે. તો અમે પૂછીએ છીએ — અંતરાય કર્મનો અભાવ ભોગોપભોગ, કામસેવન વિષય વિગેરેનું ગ્રહણ પણ કેમ કરાવી દેતો નથી ?

**જો તું કહીશ -** (૧૪) દ્રવ્ય, આભરણ, કામ વિષયાદિનું ગ્રહણ કરવાથી વ્રત ભંગ થઈ જાય, દીક્ષા ભંગ થઈ જાય, સાધુપણું નષ્ટ થઈ જાય છે, પરંતુ આહાર કરવાથી વ્રત તથા દીક્ષાભંગ થતો નથી. કવલાહાર કરવાથી તો સાધુના ધર્મના કારણ દેહની સ્થિતિ બની રહે છે (દેહ ટકી રહે છે)

**તેને જવાબ આપીએ છીએ -** તમારા શ્વેતાંબર મતમાં વ્રત ધારણ કરવાથી અને દીક્ષા ગ્રહણ કરવાથી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એવો નિયમ નથી. તમે મલ્લિ કુમારીને ગૃહસ્થાવસ્થામાં જ કેવળજ્ઞાનની ઉત્ત્પત્તિ થઈ એમ કહો છો, ભરત ચક્રવતીને સમસ્ત છ ખંડના રાજ્ય ભોગવતાં કાચના મહેલમાં કેવળજ્ઞાન ઉપજ્યું એમ કહો છો, હાથી ઉપર બેઠેલી પુત્ર માટે રૂદન કરતી મરૂદેવીને કેવળજ્ઞાન થયાનું કહો છો, વાંસ ઉપર ચઢતા નટને કેવળજ્ઞાન થવાનું કહો છો, ઉપાશ્રય (સાધુઓના નિવાસસ્થાન) માં કામ કરતી નોકરાણીને કેવળજ્ઞાન થવાનું કહો છો.

વળી ગૃહસ્થને, સ્ત્રીને, અન્ય ધર્મીને, કોઈ પણ વેશધારીને દંડી, ત્રિદંડી, સન્યાસી, કપાલી, ફકીર, જટાધારી, મુંડન કરવાવાળા, મૃગની ખાલ, વાઘની ખાલ (વ્યાઘ્રામ્બર) ઓઢવાવાળા સમસ્ત કુલીંગધારીઓને મોક્ષ થવાનુ કહો છો, સમસ્ત નાઈ, ધોબી, ખટીક, ચાંડાલ વિગેરેને મોક્ષ થવાનું કહો છો ? ઋષિકેશ ચાંડાળને કેવળજ્ઞાન અને મોક્ષ થવાનું કહો છો.

તમારા મતમાં તો વ્રતોથી, દીક્ષાથી પણ પ્રયોજન નથી તમારે ત્યાં તો કેવળજ્ઞાન ગૃહસ્થને પહેલેથી જ ઉત્પન્ન થઈ જાય છે, પછી દીક્ષા હોય છે અને પછી સાધુપણું હોય છે — એવું કહો છો. પહેલાં સર્વજ્ઞપણું થઈ જાય અને પછી દીક્ષા લે તો દીક્ષા લેવાથી તમારૂં કયું પ્રયોજન સિદ્ધ થયું ? જો ગૃહસ્થને પણ મોક્ષ થઈ જાય તથા અન્ય કુલીંગધારીઓને પણ મોક્ષ થઈ જાય, તો દીક્ષાગ્રહણ, મુહપત્તી બાંધવી, દંડગ્રહણ, બોધાપાત્રોનું ગ્રહણ નિરર્થક રહેશે ? એવા તમારા મતમાં હજારો દોષ આવે છે.

**જો તું એમ કહીશ -** (૧૫) અસાતાવેદનીય કર્મના ઉદયથી કેવળીને ક્ષુધા, તૃષા, રોગ, મળ, મૂત્ર વિ. થાય છે ?

**તેનો જવાબ સાંભળ -** તો એવું નથી. ક્ષુધા તો અશાતા વેદનીય કર્મની ઉદીરણાથી થાય છે. અશાતાની ઉદારણાનો છઠ્ઠા ગુણસ્થાનમાં અભાવ થઈ જાય છે, એટલે સાતમા વિ. ગુણસ્થાનોમાં ક્ષુધાદિ વેદનાનો અભાવ છે.

**હજી આગળ સાંભળ -** જે કાળમાં મુનિ શ્રેણી માંડે છે તે સમયે સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં અધઃકરણના પ્રારંભમાં ચાર આવશ્યક હોય છે - (૧) પ્રતિસમય અનંતગણી વિશુદ્ધિ (૨) સ્થિતિ બંધનું અપસરણ એટલે કે ઘટી જવું (૩) શાતાવેદનીય વિગેરે પુણ્ય પ્રકૃતિઓમાં અનંતગણા રસનું વધી જવું (૪) અશાતાવેદનીય વિગેરે અશુભ પ્રકૃતિઓના રસનું અનંતમા ભાગે ઘટીને લીંબુ, કાંજીરૂપ બે પ્રકારે રહી જવું. (તથા) વિષ, હળાહળરૂપ શક્તિ ઘટી જાય છે. એ પછી અપૂર્વકરણ ગુણસ્થાનમાં (૧) ગુણ શ્રેણી નિર્જરા, (૨) ગુણ સંક્રમણ (૩) સ્થિતિ ખંડન (૪) અનુભાગ ખંડન આ ચાર આવશ્યક હોય છે. એટલા માટે તે કરણ પરિણામોના પ્રભાવથી અશાતાવેદનીય આદિ અપ્રશસ્ત પ્રકૃતિઓના રસને અસંખ્યાતવાર અનંતમા જેટલા ઘટી જવાથી એમાં એટલી મંદ શક્તિ રહી જાય છે કે તે અશાતાવેદનીય સર્વજ્ઞને પરીષહ ઉત્પન્ન કરવામાં સમર્થ જ નથી. ઘાતિયા કર્મોની મદદ પણ રહેતી નથી એટલે પરીષહ ઉત્પન્ન કરવામાં સમર્થ નથી.

ગોમ્મટસાર કર્મકાંડમાં પણ કહ્યું છે -

**णट्ठा य राय दोसा इंदियणाणं च केवलम्हि जदो ।**
**तेण दु सादासादज सुह दुक्खं णत्थि इन्दियजं ॥२७३॥**

**समयट्ठिदिगो बन्धो सादस्सुदयप्पगो जदो तस्स ।**
**तेणा सदास्सुदओ सादसरुवेण परिणमदि ॥२७४॥**

**एदेण कारणेण हु सादस्सेव दु णिरन्तरो उदओ ।**
**तेणा साद णिमित्ता परीसहा जिणवरे णत्थि ॥२७५॥**

**અર્થ :-** પહેલાં જે અશાતાવેદનીય બાંધ્યુ હતું તેનો અસંખ્યાતવાર અનંતમા ભાગ જેટલો રસ ઘટીને અતિમંદ રહી ગયો, અને નવો અશાતાનો બંધ થતો નથી, કારણ કે સપ્તમ (સાતમા) ગુણસ્થાનથી આગળ એક માત્ર શાતાવેદનીયનો જ નવો

બંધ થાય છે, અશાતાનો બંધ થતો નથી. કેવળીને શાતાકર્મ બંધાય છે, તે પણ એક સમયની સ્થિતિરૂપ જ બંધાય છે જે ઉદય થતાં જ બંધાય છે. તેથી તેમને અશાતાનો ઉદય પણ શાતારૂપ જ પરિણમિત થઈ જાય છે.

**ભાવાર્થ :-** શાતાનો ઉદય તો સર્વજ્ઞને નવીન નિરંતર અનંતગુણા રસરૂપે ઉદયમાં આવે છે, અને અશાતાવેદનીયનો રસ અનંતમા ભાગે ઘટતો જતો ઉદયમાં આવે છે જેવી રીતે અમૃતથી ભરેલા સમુદ્રને એક વિષ (ઝેર) ની કણિકા વિષરૂપ કરવામાં સમર્થ થતી નથી, તેવી રીતે સર્વજ્ઞના અતિ તીવ્ર અનંતગુણા (વધતા જતા) શાતાકર્મના રસના ઉદયમાં અનંતમા ભાગરૂપ અતિમંદ અશાતાનો ઉદય ક્ષુધાની વેદના કેવી રીતે ઉત્પન્ન કરાવી શકે ? એ જ કારણે ભગવાન સર્વજ્ઞને નિરંતર (હંમેશાં) શાતાકર્મનો જ ઉદય હોય છે, તેમાં થોડો પણ અશાતાનો ઉદય શાતારૂપ પરિણામી જાય છે. એટલા માટે જિનેન્દ્રને અશાતાનો ઉદયજનિત પરીષહ હોતો નથી. ભગવાન કેવળીને રાગદ્વેષ નષ્ટ થઈ ગયા છે તથા ઈન્દ્રિયજનિત જ્ઞાનનો અભાવ થઈ ગયો છે, એટલે શાતા-અશાતા બંનેથી ઉત્પન્ન ઈન્દ્રિયજનિત સુખદુઃખ પણ કેવળીને હોતાં નથી.

**આગળ કહે છે -** અતિમંદ ઉદયરૂપ અશાતા પોતાનું કાર્ય કરવામાં સમર્થ થતી નથી. જેમ સંજવલન મંદ ઉદયરૂપ કષાય અપ્રમતાદિ ગુણસ્થાનોમાં પ્રમાદ ઉત્પન્ન કરાવી શકતો નથી; જેવી રીતે અતિ તીવ્ર વેદના ઉદયથી ઉત્પન્ન મૈથુન-સંજ્ઞા-મંદ-વેદના-ઉદયરૂપ નવમા ગુણસ્થાનમાં (હોતી) નથી, નિદ્રા-પ્રચલાનો ઉદય તો બારમા ગુણસ્થાનમાં બે ચરમ સમય સુધી છે; પરંતુ ઉદીરણા વગર નિંદ્રા આવી શકતી નથી, તથા જેવી રીતે જાગૃત અવસ્થા વિના આત્માનુભવનરૂપ ધ્યાન થઈ શકતું નથી, તેવી રીતે અશાતાની ઉદીરણા વગર અશાતા-કર્મ-ક્ષુધા-તૃષાદિ વિ. ઉત્પન્ન કરાવી શકતાં નથી.

**હજી પણ સમજ -** અપ્રમત્ત સાધુ પણ આહારની ઈચ્છા માત્ર કરવાથી પ્રમત્તપણાને પ્રાપ્ત થઈ જાય છે, તો ભોજન કરતા કેવળી પણ પ્રમત્ત કેમ ન થાય ? એ મોટું આશ્ચર્ય છે ! કેવળી ભગવાન ત્રણે લોક વચ્ચે મારણ, તાડન, છેદન, જવલન, મદ્ય, માંસ વિગેરે અપવિત્ર પદાર્થોને પ્રત્યક્ષ જોતાં કેવી રીતે ભોજન કરી શકે ? અલ્પ શક્તિના ધારી ગૃહસ્થને પણ અયોગ્ય વસ્તુ, નિંદ્યકર્મનું જોવું અંતરાય કરી દે છે અને કેવળીને અંતરાય કરતું નથી, તો કેવળીને ગૃહસ્થોથી પણ વિશેષ ભોજનમાં લંપટતા થઈ અને શક્તિની હીનતા થઈ ! પછી તેની અનંત શક્તિ ક્યાં રહી ? અને જેને ક્ષુધા-વેદના હોય તેને અનંત સુખ ક્યાં રહ્યું ?

**ક્ષુધા સમાન વેદના જગતમાં બીજી નથી.** એટલે સર્વજ્ઞને ક્ષુધા વેદના હોવાથી અનંતવીર્ય, અનંતસુખ રહ્યા નહિ. ઋદ્ધિસહિત અતિશયવાન મુનિને પણ એવાં કામ કરવાની શક્તિ (સામર્થ્ય) જોવામાં આવે છે જે સામાન્ય બીજા મનુષ્યોમાં જોવામાં આવતી નથી, તો અનંત વીર્યના ધારી કેવળી ભગવાનને આહાર વિના દેહની સ્થિતિ રહેવી શું સંભવ નથી ? જો સર્વજ્ઞને પણ અન્ય મનુષ્યોની જેમ આહાર, નિહાર, નિંદ્રા રોગ, સ્વેદ (પરસેવો), ખેદ, મળ, મૂત્ર વિગેરે થતું રહે તો સામાન્ય આત્મામાં અને પરમાત્મામાં શું અંતર રહ્યું ?

## ❖ આહાર સંબંધી વિચાર ❖

જીવન કવલાહારથી રહેતું નથી, આયુકર્મના ઉદયથી રહે છે. ગાથામાં પણ કહ્યું છે -

**णोकम्म कम्महारो कवलाहारो य लेपमाहारो ।**
**उज्जमणोविय कमसो आहारो छव्विहो भणिओ ।।**
**णो कम्मं तित्थयरे कम्मं णिरयेय माणसो अमरे ।**
**कवलाहारो णरपसु उज्जो पक्खी य इगि लेपो ।।**

**અર્થ -** આહારના ૬ ભેદ છે. (૧) કર્મ આહાર, (૨) નોકર્મ આહાર, (૩) કવલ આહાર, (૪) લેપ આહાર, (૫) ઓજ આહાર, (૬) માનસિક આહાર.

ભગવાન અરહંતને તો અન્ય જીવોને અસંભવ એવા શુભ સુક્ષ્મ નોકર્મ વર્ગણાનું ગ્રહણ થવું જ આહાર છે. નારકીઓને કર્મનું ભોગવવું જ આહાર છે. ચાર પ્રકારના દેવોને માનસિક આહાર છે. મનમાં ઈચ્છા થતાં જ કંઠમાંથી અમૃત ઝરી જાય છે તેનાથી તૃપ્તિ થઈ જાય છે. મનુષ્ય અને પશુઓને કવલાહાર છે. પક્ષીઓને ઈંડામાં રહેવાવાળા જીવોને માતાના ઉદર (પેટ) ની ઉષ્મારૂપ ઓજ આહાર છે. અને એકેન્દ્રિ ય પૃથ્વી વિગેરે જીવોને લેપ આહાર છે. અર્થાત્ પૃથ્વી વિગેરેને સ્પર્શ જ આહાર છે.

ભોગભૂમિના ઔદારિક દેહધારી મનુષ્યોનું શરીર તો ત્રણ કોસ પ્રમાણ તથા ભોજન આમળા પ્રમાણ, ત્રણ દિવસના અંતરે લે છે. એટલે જ કહે છે કે - **કવલાહાર જ દેહની સ્થિતિનું કારણ નથી** જો આહારકપણું હોવાને લીધે જ કેવળીને કવલાહારની કલ્પના કરો છો તો સયોગીપણું માનવાથી મનનો, પ્રાણ માનવાથી પાંચ ઈન્દ્રિઓનો અને શુકલ લેશ્યા માનવાથી કષાયનો પણ પ્રસંગ આવશે.

**જિનેન્દ્રને અગિયાર પરિષહ કહ્યા છે. એમ કહેવું (એ) તો ઉપચાર માત્ર છે.** તે તો વેદનીય કર્મ હયાત છે એટલે કહ્યું છે. જેમ, મંત્ર ઔષધિ વિગેરેના પ્રભાવથી જેની વિષ શક્તિ નાશ થઈ ગઈ છે એવું વિષ પ્રાણ લેવામાં સમર્થ નથી તેવી જ રીતે શક્તિરહિત અશાતાવેદનીય કર્મ ક્ષુધા ઉત્પન્ન કરાવવામાં સમર્થ નથી. મણિ, મંત્ર, ઓષધિ, વિદ્યા, ઋદ્ધિ વિગેરેનો અચિન્ત્ય પ્રભાવ છે.

શ્વેતાંબરોના સૂત્ર (શાસ્ત્ર) કલ્પીત છે. તેમાં અનેક કલ્પીત અસંભવ રચના લખી છે. જેમકે કોઈ એક ગોશાલા નામના ભરવાડે મહાવીરસ્વામી પાસેથી દીક્ષા લીધી, વિદ્યાના અભિમાનથી મહાવીરસ્વામી સાથે વિવાદ કરવા સમોશરણમાં ગયો, વિવાદ કર્યો અને વિવાદમાં હારી ગયો. ત્યારે ક્રોધ કરીને ભગવાન ઉપર કોઈ ઋદ્ધિથી અગ્નિમય બળતી તેજોલેશ્યા ચલાવી. તેથી સમોશરણમાં સિંહાસન નીચે બે મુનિ સળગી ગયા અને તે તેજસ ઋદ્ધિથી ઉત્પન્ન થયેલ અગ્નિમય જ્વાળા ભગવાન ઉપર પણ પહોંચી ગઈ, ભગવાનને ભયંકર ઉપસર્ગ થયો. તે અગ્નિની ગરમીથી ભગવાનને લોહીવાળો પેચીસરોગ (અતિસાર) થઈ ગયો જે છ મહિના સુધી રહ્યો. પછીથી કેવળજ્ઞાનથી જાણીને શિષ્યને કહીને શેઠના ઘેરથી કોઈ પક્ષીના જીવનું પકાવેલું માંસ મંગાવીને ખાધું ત્યારે રોગ મટ્યો. પછી કહે - મેં આવા કુપાત્રને સમજ્યા વિના દીક્ષા આપી દીધી. આ રીતે અવર્ણવાદ લખે છે.

**ત્રણ જ્ઞાન સહિત ઉત્પન્ન વીર જિનેન્દ્રને ચટશાળામાં ભણવાનું કહે છે.** તીર્થંકર પહેલાં તો નગ્ન થઈને દીક્ષિત થાય છે, પછી ઈન્દ્ર ખભા ઉપર વસ્ત્ર રાખી દે છે ત્યારે તે વસ્ત્રને ગ્રહણ કરી લે છે. વીરજિનની વાણી ગણધર વિના નિષ્ફળ ખરી, કોઈએ માની નહિ ?

આદિનાથને જુગલિયા કહે છે ? કોઈ બીજો જુગલિયો મરી ગયો, એની સ્ત્રી વિધવા થઈ ગઈ ? તે વિધવા સ્ત્રીને ઋષભદેવે અંગીકાર (અપનાવી લીધી) કરી લીધી ? બીજી સુનંદા નામની રાણી પણ કોઈ સંબંધી જ હતી ? આ ઢુંઢિયા વિગેરે શ્વેતાંબરોને આવાં અનર્થરૂપ વચનો કહેવામાં ભય જ નથી.

**એવું વિરૂદ્ધ કહે છે -** વીર જિન પહેલાં દેવનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાં અવતરિત થયા, ૮૦ દિવસ સુધી ત્યાં રહ્યા, તે પછી ઈન્દ્રએ વિચાર કર્યો કે — આવા નીચ ઘરમાં તેમનો જન્મ થવો યોગ્ય નથી. એટલે હરિણ્યગવેષી દેવને આજ્ઞા આપી,

ત્યારે એ દેવે જઈને દેવનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાંથી કાઢીને રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાના ગર્ભમાં રાખી દીધો. **વિચાર કરો કે** જીવ પોતા દ્વારા બાંધેલા કર્મોના કારણે કુળાદિમાં ઉત્પન્ન થાય છે, દેવો દ્વારા ઉત્પત્તિ સ્થાન કેવી રીતે બદલી શકાય ? પરંતુ **મિથ્યાદર્શનના પ્રભાવથી તેમના કથનનું કોઈ ઠેકાણું નથી.**

**તીર્થંકર કેવળીને સામાન્ય કેવળી દ્વારા નમસ્કાર કરવાનું કહે છે ? બાહુબલી મુનિએ ઋષભદેવ તીર્થંકર મુનિને નમસ્કાર કર્યા હતા, એમ કહે છે. સાતમા ગુણસ્થાનથી જ વંદ્ય-વંદક ભાવ રહેતો નથી. જ્યાં આત્મસ્વભાવનો અનુભવ છે ત્યાં વિભાવભાવ કેવી રીતે રહી શકે ?** કૃતકૃત્ય ભગવાન સર્વજ્ઞદેવ દ્વારા અન્યને નમસ્કાર કરીને શું સાધ્ય થવાનું છે ? વંદવા યોગ્ય પરમેષ્ઠી અને હું વંદના કરવાવાળો — એવો ભાવ તો પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાન સુધી જ છે.

**એમ પણ કહે છે -** એક સ્કંધક નામના ત્રિદંડી કુલિંગવેશીને પોતાની નજીક આવતો જોઈ વીરજિને ગૌતમ ગણધરને કહ્યું કે - આ સ્કંધક સંન્યાસી આવી રહ્યો છે, મારાથી અધિક (વધારે) બળવાન છે, અને તમારી એનાથી મિત્રતા છે, સામે જઈને તેને લઈ આવો ? ત્યારે ગૌતમ ગણધર ખૂબ ભક્તિથી સામે જઈને તેને લઈ આવ્યા ? **વિચાર કરો - મોટો અનર્થ છે ! અવ્રતિ-સમ્યગ્દષ્ટિ પણ કુલીંગીનું સન્માન કરતો નથી,** તો મહાવ્રતી ગણધર કેવી રીતે ભક્તિપૂર્વક સન્માન કરે ?

સ્ત્રીને પંચમ ગુણસ્થાનથી અધિક ગુણસ્થાન જ હોતાં નથી, પહેલા ત્રણ સંહનન હોતાં નથી, અહમિંદ્ર લોક પ્રાપ્ત થઈ શકતો નથી અને સાતમા નરકમાં જઈ શકતી નથી તો સ્ત્રીને મુક્તિ કેવી રીતે કહે છે ? મલ્લિનાથ જિનેન્દ્રને સ્ત્રી કહે છે ! એમની પ્રતિમા પુરૂષરૂપ બનાવીને પૂજે છે એવા મહા અસત્યવાદી છે.

કોઈ એક હરિક્ષેત્રનો નિવાસી મનુષ્ય જેનું બે કોસ ઉંચુ શરીર હતું તેને કોઈ પૂર્વ જન્મનો શત્રુ દેવ ઉઠાવી લાવ્યો અને બે કોસના શરીરને નાનું કરીને ભરતક્ષેત્રમાં લાવી, મથુરાનગરીનું રાજ્યઆપ્યું અને માંસ ભક્ષણ કરાવીને-પાપી કરીને નરક પહોંચાડી દીધો ? અને કહે છે - તેનાથી હરિવંશની ઉત્પત્તિ થઈ છે ? એવી મિથ્યા કલ્પનાઓનું કોઈ ઠેકાણું નથી. બે કોસનું શરીર એને નાનું કેવી રીતે બનાવ્યું હશે ? ઉપરથી કાપ્યું હશે કે નીચેથી કાપ્યું હશે કે વચ્ચેથી ? તેનો કોઈપણ જવાબ આપતા નથી. હરિક્ષેત્રમાં તો ભોગભૂમિ છે. ભોગ ભૂમિના તો બધાજ મનુષ્ય તથા તિર્યંચ દેવગતિગામી છે.

ભોગભૂમિમાં સ્ત્રી-પુરૂષોની સંખ્યા બરાબર નક્કી છે. માતા-પિતાના મરવા પહેલાં જ તેમના સ્થાન પર આવવાવાળાઓનો જન્મ થઈ જાય છે. જો અનંતકાળ વીતવા સાથે પણ એક-એક ઓછા થવા લાગે તો સંપૂર્ણ ભોગભૂમિ ખાલી થઈ જશે ?

**દ્રવ્ય છ કહે છે અને મુખ્ય કાળ દ્રવ્યનો અભાવ માને છે, વ્યતીત-નાશ થવાવાળા સમય વિગેરેને જ કાળ કહે છે ?** આ રીતે એમના અસત્ય કથનોનો અંત નથી.

કહે છે કે — સાધુની નિંદા કરવાવાળાને મારી નાખવામાં પાપ થતું નથી ? જો દેવ, ગુરૂ, ધર્મનો દ્રોહી ચક્રવર્તી પણ હોય તો સેનાસહિત ચક્રવર્તીનો નાશ (વિધ્વંસ) કરવાવાળા સાધુને પાપ લાગતું નથી ? જો તે સાધુ ઋદ્ધિ વિગેરેથી ઉત્પન્ન શક્તિ હોવા છતાં પણ નિંદા કરવાવાળાને મારતો નથી તો તે સાધુ અનંત સંસારી છે ? **વિચાર કરો —** એવા પાપી સાધુને સમતાભાવ ક્યાં રહ્યો? વીતરાગતા ક્યાં રહી?

આ પાપી, મહાન શીલવંતોને પણ દોષ લગાવી પોતાને નિર્દોષ જ કહે છે. કહે છે કે ભરત ચક્રવર્તીએ તેમની બ્રાહ્મી નામની બહેન સાથે વિવાહ કર્યો હતો ? દ્રૌપદીને પાંચ પતિવાળી કહે છે અને તે જ પાંચ પતિવાળીને સતી પણ કહે છે? જો તેમને કોઈ પૂછે છે કે — તમે સતી કહો છો તો પાંચ પતિવાળી ન કહો, અને પાંચ પતિવાળી કહો છો તો સતી ન કહો. તેને એ જવાબ આપે છે — જેમ કોઈ રાજા જો ૧૦૦ સ્ત્રી ગ્રહણ કરવાનો નિયમ લઈ લે તો તેને શીલવાનપણું જ છે, તેમ જો કોઈ સ્ત્રી પણ પુરૂષોને ગ્રહણ કરવાનો નિયમ લઈ લે, તે નિયમથી વધારે પુરૂષોનું ગ્રહણ ન કરે તો તેને શીલવાનપણું જ છે. ?

દેવોને અને માનવ સ્ત્રીને આપસમાં કામભોગનું સેવન કરવાનું કહે છે. વિચારીને જુઓ — વૈક્રયિક દેહધારીનો અને સપ્ત ધાતુમય મલીન દેહધારીનો સંગમ કદી થઈ જ શકતો નથી.

કોઈ સાધુને ઉપવાસ વ્રત હોય તથા બીજા સાધુની પાસે આહાર વધારે થઈ જાય તો જો ગુરૂની આજ્ઞાથી ઉપવાસી સાધુ આહાર ભક્ષણ કરી લે તો પણ વ્રતભંગ થતો નથી ? ઉપવાસમાં ઔષધિ ભક્ષણ કરી લે તો પણ દોષ લાગતો નથી ?

સમોશરણમાં ભગવાન નગ્ન બેસી રહે છે પરંતુ વસ્ત્ર સહિત દેખાય છે તેમ કહે છે — સાધુ યતિને લાઠી, પાત્ર, વસ્ત્ર વિગેરે — ૧૪ ઉપકરણ રાખવાં (એ) જ ધર્મ છે ? ચાંડાલ વિગેરેને પણ મુક્તિ થવી કહે છે ?

મહાવીર જિનેન્દ્રના સમોશરણમાં ચંદ્રમા, સૂર્ય, વિમાનસહિત આવ્યાનું કહે છે, એમાં તો શાશ્વતી ગતિની મર્યાદાનો ભંગ થવાનું કહેવાયું. જો સાધુનું મન વિચલિત થઈ જાય તો શ્રાવક પોતાની સ્ત્રી સાધુને આપીને તેની કામવેદના મટાડી તેનું મન સ્થિર કરી નાખે તેમ કહે છે.

ગંગાદેવી સાથે ભરતચક્રવર્તીએ પંચાવન હજાર વર્ષ સુધી કામભોગ કર્યાનું કહે છે ? કહે છે કે - ભોગભૂમિના યુગલોને મલ-મૂત્ર હોય છે ? જો કોઈ યુગલ મરી જાય તો ત્રણ કોષના મડદાના શરીરને દેવતા ઉઠાવી ભૈરૂંડ (એક પ્રકારનું પક્ષી) વિગેરે પક્ષીઓને ખવરાવી દે છે, યાદવ વિગેરે બધા ક્ષત્રિયોને માંસભક્ષી કહે છે.

ગૌતમ ગણધર આનંદ નામના શ્રાવકના ઘરે તેની તબિયતની કુશળ પૂછવા ગયા અને ત્યાં જૂઠું બોલ્યા. શું ગણધર પણ ભૂલથી જૂઠું બોલે ?

જન્મ સમયે વીર જિને મેરૂ પર્વતને કમ્પાયમાન કરી દીધાનું કહે છે ? ચામડામાં રાખેલા જળ, ઘી, વિ. નિર્દોષ કહે છે. વિગેરે હજારો અનર્થરૂપ કથન કરીને કલ્પિત સૂત્ર બનાવ્યાં છે, તેનું વિશેષ કથન ક્યાં સુધી લખીએ ?

## ❖ મૂર્તિ પૂજા સંબંધી વિચાર ❖

આ જ શ્વેતાંબરોમાં એક મહાભ્રષ્ટ ઢૂંઢિયામતિ પણ થયેલા છે જે પ્રતિમાને વંદન કરવાનો નિષેધ કરે છે અને ભોળા લોકોને કહે છે - આ પ્રતિમા તો એકેન્દ્રિય પાષાણની છે, તમે પંચેન્દ્રિય થઈને તેની સામે કેમ નાચો છો ? કેમ વંદન કરો છો ? તે પ્રતિમા તમને કેવી રીતે શુભગતિ આપી દેશે ? એટલે જ ઢુંઢીયા સાધુઓની વંદના દર્શન કરો ?

**તેમને અમે કહીએ છીએ -** તમારા માંસમય, મલિન ચામડાથી ઢંકાયેલ મલ-મુત્રાદિથી ભરેલ કફ-લાળ વિગેરેથી લિપ્ત શરીરના દર્શન કરવાથી શું લાભ છે ? **આત્મજ્ઞાન રહિત સમસ્ત જગતના અભક્ષ્ય પદાર્થોને ખાવાવાળા તમારા શરીરને જોવું તો કર્મ બંધનું જ કારણ છે.** તમારા કલ્પિત સૂત્રનું શ્રવણ અમારા સમ્યક્ત્વનું નાશ કરવાવાળું તથા નવીન કર્મ બંધનું જ કારણ છે. **જિનેન્દ્રના ધાતુ પાષાણના પ્રતિબિંબના દર્શનમાત્રથી પરમ વીતરાગ સર્વજ્ઞનું ધ્યાન સ્પષ્ટ પ્રગટ થઈ જાય છે, પરમ શાંતિ અને શુભોપયોગ થઈ જાય છે.** તમારા પાપમય શરીરને જોવાથી પાપનો બંધ થાય છે.

અને **કેવા છો તમે ?** અત્યંત અભદ્ર (વિટ્) રૂપ, વિકારી, રાગ-દ્વેષ કષાયાદિ પાપમળ સહિત, અયોગ્ય, અભક્ષ્ય આહારના લંપટી, હિંસાદી પાપોમાં પ્રવૃત્તિ કરવાવાળા, અન્ય જીવોને મિથ્યા માર્ગ પર ચલાવવાવાળા, તમને જોવાથી જ ઘોર પાપનો બંધ થાય છે. તમારી પ્રશંસા કરનારને સિત્તેર ક્રોડાકોડી સાગરની સ્થિતિવાળો મોહનીય કર્મનો બંધ થાય છે.

**આ કળિકાળમાં જૈનધર્મનો સાચો માર્ગ શ્વેતામ્બરોએ બગાડી નાખ્યો છે.** એટલે તેમનું સ્વરૂપ બતાવવા અહીંયાં પ્રકરણ જોઈને તે શ્વેતામ્બરોના મતના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તેમના મતમાં સાચું આપ્તપણું કેવી રીતે થાય ? અન્ય મતવાળાઓના જે દેવ પ્રત્યક્ષ ભયભીત તથા અસમર્થ થઈને ચક્ર, ત્રિશુલ, તલવાર વિગેરે ધારણ કરેલા છે, કામી થઈને સ્ત્રીઓના વશીભૂત થયેલા છે (થઈ રહ્યા છે) ભૂખ, પ્યાસ, કામ, રાગ, દ્વેષ, નિંદ્રા, નિહાર, વેર, વિરોધ વિગેરે જેમનો પ્રગટ જ દેખાય છે તેમનામાં નિર્દોષપણું કેવી રીતે હોઈ શકે ? જે ઈન્દ્રિયજ્ઞાન સહિત જ્ઞાની તેમનામાં સર્વજ્ઞપણું, આપ્તપણું ક્યાંથી હોય ? આપ્તપણું તો સર્વજ્ઞ, વીતરાગી પરમ હિતોપદેશીને જ સંભવે છે.

હવે પૂર્વાપર વિરોધ વિગેરે દોષોથી રહિત પદાર્થોનો સાચો ઉપદેશ આપવાવાળા જે શાસ્તા તેમના નામની સાર્થકતા બતાવવાવાળો શ્લોક કહે છે -

**परमेष्ठी परंज्योतिः विरागो विमलः कृती ।**
**सर्वज्ञोऽनादि मध्यान्तः सार्वः शास्तो पलाल्यते ।।७।।**

**અર્થ :-** જે અર્થ સહિત આ આઠ નામોને સાર્થક કરે છે તેને શાસ્તા કહીએ છીએ. પરમેષ્ઠી, પરંજ્યોતિ, વિરાગ, વિમલ, કૃતિ, સર્વજ્ઞ, અનાદિ, મધ્યાન્ત અને સાર્વ - આ આઠ જેના સાર્થક નામ છે તે શાસ્તા છે, તેમને જ આપ્ત કહીએ છીએ.

**ભાવાર્થ :-** પરમેષ્ઠી અર્થાત્ પરમ ઈષ્ટ ઈન્દ્રાદિક દ્વારા વંદનીય જેઓ પરમાત્મસ્વરૂપમાં સ્થિર છે તે પરમેષ્ઠી છે. **વળી પરમેષ્ઠી કેવા હોય છે ?** અંતરંગ તો ઘાતિયા કર્મોના નાશથી પ્રગટ થયું છે અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય સ્વરૂપ જે પોતાનું નિર્વિકાર, અવિનાશી, પરમાત્મસ્વરૂપ તેમાં સ્થિતિ છે, અને બાહ્યમાં ઈન્દ્રાદિક અસંખ્યાત દેવો દ્વારા વંદનીય, સમોશરણ સભાની વચ્ચે ત્રણ પીઠિકાઓ ઉપર દિવ્ય સિંહાસનમાં ચાર આંગળ ઉપર, ચૌસઠ ચમર સહિત બિરાજમાન, ત્રણ છત્ર વિગેરે

દિવ્ય સંપત્તિથી વિભૂષિત, ઈન્દ્રાદિક દેવ અને મનુષ્ય આદિ નિકટ ભવ્યોને ધર્મોપદેશરૂપ અમૃતનું પાન કરાવતા, જન્મ-જરા-મરણના દુઃખોનું નિરાકરણ કરતા બિરાજમાન છે; એવા ભગવાન આપ્તને પરમેષ્ઠી કહીએ છીએ.

જેઓ કર્મોની આધીનતાથી ઈન્દ્રિયોના કામભોગ વિગેરે વિષયોમાં તથા વિનાશીક સંપદારૂપ રાજ્ય સંપદામાં મગ્ન થઈ, સ્ત્રીઓને આધીન થઈ વિષયોથી તૃપ્ત થઈ રહ્યા છે તેમને પરમેષ્ઠીપણું સંભવતું જ નથી.

જેઓ **પરંજ્યોતિ** છે; જેમને પરં અર્થાત્ આવરણ રહિત, જ્યોતિ અર્થાત્ અતિન્દ્રિય અનંતજ્ઞાનમાં લોક-અલોકવર્તી સમસ્ત પદાર્થ પોતાની ત્રિકાલવર્તી અનંતગુણ પર્યાયો સહિત યુગપત્ પ્રતિબિમ્બિત થઈ રહ્યા છે, એવા ભગવાન પરમ જ્યોતિસ્વરૂપ આપ્ત છે. અન્ય જે ઈન્દ્રિયજનિત જ્ઞાનથી અલ્પ ક્ષેત્રવર્તી વર્તમાન સ્થૂલ પદાર્થોને ક્રમક્રમથી જાણે છે તેને પરંજ્યોતિ કેવી રીતે કહી શકાય ?

જેને મોહનીય કર્મનો નાશ થવાથી, સમસ્ત પરદ્રવ્યોમાં રાગ-દ્વેષનો અભાવ થવાથી ઈચ્છા રહિત પરમ વીતરાગતા પ્રગટ થઈ છે, તે વસ્તુનું સાચું સ્વરૂપ જાણી લીધા પછી શામાં રાગ કરશે અને શામાં દ્વેષ કરશે ? જેવો વસ્તુનો સ્વભાવ છે તેવો રાગ-દ્વેષ રહિત જાણે છે, એવા **વિરાગ** નામ સહિત અરહન્ત જ આપ્ત છે. જે કામી, વિષયોમાં આસકત, ગીત નૃત્ય, વાદ્યોમાં આસકત, જગતની સ્ત્રીઓને લલચાવવામાં, વેરીઓને મારીને લોકોમાં પોતાનું શૂરાપણું પ્રગટ કરવાની ઈચ્છાવાળા છે તેમને વિરાગપણું સંભવતું નથી.

જેમનો કામ, ક્રોધ, માન, માયા, લોભાદિ ભાવમળ નષ્ટ થઈ ગયો છે, જ્ઞાનાવરણાદિ કર્મમળ નષ્ટ થઈ ગયા છે, મૂત્ર, મળ, પરસેવો, વાત, પિત્તાદિ શરીરમળ નષ્ટ થઈ ગયો છે, નિગોદિયા જીવોથી રહિત, છાયા રહિત કાંતિયુકત, ક્ષુધા, તૃષા, રોગ, નિંદ્રા, ભય, વિસ્મય આદિ રહિત પરમ ઔદારિક શરીરમાં બિરાજમાન તે ભગવાન આપ્ત અરહન્ત જ **વિમલ** છે. અન્ય જે કામ ક્રોધ વિગેરે મળ સહિત છે તે વિમલ નથી.

જેમને કંઈ કરવાનું બાકી નથી રહ્યું, જેઓ શુદ્ધ અનંત જ્ઞાનાદિમય પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈને વ્યાધિ, ઉપાધિ રહિત કૃતકૃત્ય થયા તે ભગવાન આપ્ત જ કૃતી છે, અન્ય જે જન્મ મરણ, સહિત, ચક્ર, આયુધ, ત્રિશુળ, ગદા વિગેરે સહિત; કનક-

કામિનીમાં આસકત, ભોજન-પાન, કામ-ભોગાદિકની લાલસા સહિત શત્રુઓને મારવાની આકુળતા સહિત છે તે કૃતી નથી.

જેઓ ઈન્દ્રિયાદિ પરદ્રવ્યોની સહાયતા રહિત, યુગપત્ સમસ્ત દ્રવ્યગુણ-પર્યાયોને ક્રમ રહિત, પ્રત્યક્ષ જાણે છે તે ભગવાન આપ્ત જ સર્વજ્ઞ છે; અન્ય જે ઈન્દ્રિયાધીન-જ્ઞાન સહિત છે તે સર્વજ્ઞ નથી.

જેમને જીવદ્રવ્યની અપેક્ષાએ તથા જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય ગુણોની અપેક્ષા આદિ મધ્ય, અન્ત નથી એટલે **અનાદિમધ્યાન્ત** છે. જેમના મતમાં આપ્તનું જન્મ-મરણ, જીવનું નવીન ઉત્પન્ન થવું તથા જીવના જ્ઞાન વિગેરે ગુણને નવીન ઉત્પન્ન થવા માને છે તેમને અનાદિ-મધ્યાન્તપણું સંભવતું નથી.

જેમના વચન તથા કાયાની પ્રવૃત્તિ સમસ્ત જીવોના હિત માટે જ છે, તે ભગવાન આપ્ત **સાર્વ** કહેવાય છે. અન્ય જે કામ, ક્રોધ, સંગ્રામ વિગેરે હિંસા પ્રધાન સમસ્ત પાપો દ્વારા સ્વ-પરના અહિતમાં પ્રવર્તન કરે છે, કરાવે છે, તેમને સાર્વ એવું નામ જ સંભવ નથી.

આ રીતે આઠ વિશેષણ સહિત સાર્થક નામ દ્વારા શાસ્તા જે આપ્ત તેમનું અસાધારણ સ્વરૂપ કહ્યું છે. શાસ્તીતિ શાસ્તા એનો નિરૂકતી અર્થ એમ છે - જે નિકટ ભવ્ય શિષ્ય છે તેને જે હિતની શીખ (ઉપદેશ) આપે તે શાસ્તા કહેવાય છે.

હવે જે શાસ્ત એટલે કે આપ્ત છે તે સત્પુરૂષોને સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરાવવાવાળી શિખામણ આપી પોતાની પ્રશંસા, લાભ, પૂજા વિગેરે ફળને ચાહતા નથી એવું કથન કરવાવાળો શ્લોક કહે છે -

**आनात्मार्थं विना रागैः शास्ता शास्ति सतो हितम् ।**
**ध्वनन् शिल्पिकरस्पर्शान्मुरजः किमपेक्षते ।।८।।**

**અર્થ :-** શાસ્તા જે ધર્મોપદેશરૂપ શિખામણ આપવાવાળા અરહંત આપ્ત છે તે અનાત્માર્થં એટલે કે પોતાની ખ્યાતિ, લાભ, પૂજાદિ પ્રયોજન વગર જ તથા શિષ્યોમાં રાગભાવ વગર જ સત્પુરૂષ જે નિકટભાવી છે તેને હિતરૂપ શિક્ષા (શિખામણ) આપે છે; જેમકે વાજિંત્ર વગાડવાવાળા શિલ્પિના હાથના સ્પર્શ માત્રથી મૃદંગ (સિતાર) અનેક પ્રકારથી ધ્વનિ કરવા લાગે છે, પરંતુ બદલામાં એ મૃદંગ કંઈ પણ ઈચ્છતી નથી.

**ભાવાર્થ :-** સંસારી જીવો લોકમાં જેટલું પણ કાર્ય કરે છે તે બધું પોતાના અભિમાન, લોભ, યશ, પ્રશંસા વિગેરે માટે કરે છે; અને ભગવાન અરહંત આપ્ત પોતાના કોઈપણ પ્રયોજન વિના- ઈચ્છા વિના જ જગતના જીવોને હિતની શિખામણ આપે છે. જેમ — મેઘ પ્રયોજન વિના જ લોકોના પુણ્યના ઉદયના નિમિત્તથી ઉત્તમ દેશોમાં જાય છે, ગર્જના કરે છે અને પ્રચુર જળની વર્ષા કરે છે; તે જ રીતે ભગવાન આપ્ત પણ લોકોના પુણ્યના ઉદયના નિમિત્તથી ઉત્તમ દેશોમાં વિહાર કરે છે અને ધર્મરૂપ અમૃતની વર્ષા કરતાં કરતાં ઉપદેશ આપે છે; **કારણ કે સત્પુરૂષોની પ્રવૃત્તિ એટલે આચરણ બીજાઓના ઉપકાર માટે જ હોય છે.**

જેમ કલ્પવૃક્ષાદિક વૃક્ષ, આંબાદિ વૃક્ષ, ધાન્યાદિ અનાજ, અન્ય જીવોના ઉપકાર માટે જ ઉત્પન્ન થાય છે, પર્વત-સ્વર્ણ-રત્નાદિને પ્રચુર જળને અનેક વૃક્ષો વિગેરેને કોઈ ઈચ્છા વિના જ જગતના ઉપકાર માટે જ ધારણ કરે છે; સમુદ્ર રત્નાદિને તથા ગાયો દૂધને અન્યના ઉપકારને માટે જ ધારણ કરે છે; દાતાર બીજાઓના ઉપકાર માટે જ ધનનો સંગ્રહ કરે છે; તે રીતે સત્પુરૂષનાં ઉત્તમ વચન પરોપકાર માટે જ બીજા કોઈ ઈચ્છા ભાવ વિના જ હોય છે. અધિક કહેવાથી શું? જેટલા પણ ઉપકારક પદાર્થ છે તે બધા જ કોઈપણ ઈચ્છા ભાવ વિના જ લોકોના પુણ્યના પ્રભાવથી પ્રગટ થાય છે; તેવી જ રીતે ભગવાન આપ્ત પણ ઈચ્છા વગર જ લોકોના પરમ ઉપકાર માટે ધર્મરૂપ હિતોપદેશ આપે છે.

આ રીતે આપ્તનું સ્વરૂપ ચાર શ્લોકમાં કહ્યું છે. હવે સાચા આગમનું લક્ષણ કહેવાવાળો શ્લોક કહે છે -

**आप्तोपज्ञमनुल्लंघ्यमदृष्टेष्टविरोधकम् ।**
**तत्त्वोपदेशकृत सार्वं शास्त्रं कापथ घट्टनम् ।।९।।**

**અર્થ :-** શાસ્ત્ર એને કહે છે જે સર્વજ્ઞ વીતરાગનાં કહેલાં હોય, કોઈ વાદી-પ્રતિવાદી દ્વારા ઉલ્લંઘન કરી શકાય તેમ ન હોય, દષ્ટ અથવા પ્રત્યક્ષ અને ઈષ્ટ એટલે કે અનુમાન દ્વારા જેમાં વિરોધ ન આવે, તત્ત્વ એટલે કે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું કથન-ઉપદેશ કરવાવાળા હોય, સર્વ જીવોને હિતરૂપ હોય, તથા કુમાર્ગ **અર્થાત્ મિથ્યામાર્ગનો નિષેધ કરવાવાળાં હોય.** આ રીતે છ વિશેષણો સહિત શાસ્ત્રનું સ્વરૂપ કહ્યું.

**અહીં એવો અભિપ્રાય જાણવો કે -** વર્તમાનમાં કાળદોષના નિમિત્તથી મિથ્યામાર્ગી ખુબ ઉત્પન્ન થયા છે, જેમણે પોતાના અભિમાન અને વિષય-કષાયોના પોષણ અર્થે અનેક ખોટા ઉપદેશ દેવાવાળા શાસ્ત્ર રચીને જગતને સાચા ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરી દીધું છે. **સંસારમાં જેટલા મત ચાલી રહ્યા છે તે બધા શાસ્ત્રો દ્વારા જ ચાલી રહ્યા છે.** શાસ્ત્ર વિના કોઈ મત છે જ નહિ.

બ્રાહ્મણ વિગેરેને તો વેદ, સ્મૃતિ, પુરાણ જ શાસ્ત્ર છે; એમાં હિંસાની પ્રધાનતા કરીને અશ્વમેઘ, નરમેઘ, વિગેરે યજ્ઞ તથા જીવોના શિકાર, સમસ્ત જલચરી-સ્થળચરી જીવોની હિંસા કરવામાં ધર્મ કહે છે, દેવતાઓ માટે, પિતૃઓ તથા વ્યતંરોની તૃપ્તિ માટે માંસપિંડના દાનને પણ ધર્મ કહે છે; ભવાની, ભૈરવ વિગેરે દેવ પાડા-બકરા વિગેરેને મારીને ચઢાવવાથી અને ભક્ષણ કરવાથી જ પ્રસન્ન થાય છે, દેવતાઓને માંસાહારી જ કહે છે, રાજાઓનો ધર્મ શિકાર જ છે વિગેરે કાર્યોની પ્રવૃત્તિ શાસ્ત્રોના વચનોથી જ ચાલી રહી છે.

હરિ, હર, બ્રહ્મા વિગેરે ભગવાન છે, પરમેશ્વર છે — એવું કહીને હરિને તો નિરંતર ગોવાળોની સ્ત્રીઓમાં આસકત બનીને બંસરી વગાડવી, નાચવું, તથા ગોવર્ધન અહીરને મારીને તેની સ્ત્રીનું હરણ કરવું, અનેક ન્યાય-અન્યાયની લીલા કરવાવાળા કહે છે ? આ બધું શાસ્ત્રમાં લખેલું જ જગત માની રહ્યું છે.

હર જે શિવ, તેના અડધા શરીરમાં સ્ત્રીના આકારની કલ્પના, ભસ્મ લગાવવી, અનેક હત્યાઓ કરવી, શાપને પ્રાપ્ત થવું, ત્રિશુલ વિગેરે આયુધ રાખવાં લોકનો સંહાર કરવો — આ બધી વાતો શાસ્ત્રોમાં લખેલી હોવાથી જ જગતના લોકો માને છે.

શિવના લીંગને પાર્વતીની યોનિમાં રાખીને લગાતાર પાણીથી સીંચવું, આક-ધતૂરા ચઢાવવા વિગેરે સમસ્ત વાતો શાસ્ત્રોમાં લખી હોવાથી જ જગતમાં અનેક માનવો એવી પ્રવૃત્તિને જ ધર્મ માની સેવન કરે છે.

બ્રહ્માને સમગ્ર સૃષ્ટિના કર્તા અને પિતામહ કહે છે; એ જ બ્રહ્માને અતિકામી થઈને પોતાની જ પુત્રીને ભોગવીને ભ્રષ્ટ થયેલા પણ કહે છે. તે જ બ્રહ્મા ઉર્વશી નામની અપ્સરા ઉપર મોહિત થઈને પોતાની ચાર હજાર વર્ષની તપસ્યાના ફળથી ચાર મોં બનાવીને ઉર્વશીને જોઈને તપથી ભ્રષ્ટ થયા અને ઉવર્શીએ શાપ આપ્યો. એ બધી વાતો એમનાં શાસ્ત્રોમાં જ લખેલી છે.

જગતની રચના કરવાવાળા અને પાલન કરવાવાળા ભગવાન નારાયણને કચ્છ, મચ્છ, સૂકર, સિંહ વિગેરે અનેક અવતાર ધારણ કરવાવાળા; રાક્ષસોનો નાશ કરવાવાળા તેમના જ શાસ્ત્રોમાં લખ્યા છે. હનુમાનને વાંદરાના, ગણેશને હાથીના મુખવાળા, ઉંદર પર સવારી કરવી તથા લાડવા ખાવામાં અતિરાગી હોવું વિગેરે પણ એમના જ શાસ્ત્રોમાં લખ્યું છે. જીવોને મારવા, જીવોને મારીને દેવતાઓને પ્રસન્ન કરવા; તળાવ, કૂવા, વાવડી ખોદાવવામાં મોટો ધર્મ થાય છે — એવું અનેક શાસ્ત્રોમાં જ લખેલું છે.

શ્વેતાંબરોએ અનેક કલ્પિત શાસ્ત્ર બનાવ્યા છે, એમનું સમસ્ત ધર્મ વિરુદ્ધ આચરણ શાસ્ત્રોથી જ પ્રવર્તી રહ્યું છે.

આ કળિકાળમાં વેશધારીઓની પૂજા, કુળદેવતાની પૂજા, ક્ષેત્રપાલ વિગેરે વ્યંતરોની પૂજા, પદ્માવતી-ચક્રેશ્વરી વિગેરે દેવીઓની પૂજા તથા અનેક મિથ્યા પ્રરૂપણાઓ તર્પણ વિગેરે શાસ્ત્રોમાં લખેલી છે એટલે ચાલી રહી છે. અન્ય ભીલ, મલેચ્છ, મુસલમાન વિગેરે બધાના પોત-પોતાના મતનાં શાસ્ત્ર છે. શાસ્ત્ર વગર મિથ્યા માન્યતાઓ કેવી રીતે પ્રચલિત થાય ? આ જ કારણે જગતમાં શાસ્ત્ર વિવિધ પ્રકારનાં છે. શાસ્ત્રોના આધારે જ અનેક પાખંડ, ખોટા વેશ, મિથ્યાધર્મ ચાલી રહ્યા છે. **એટલે જ પરીક્ષા પ્રધાની થઈને, સારી રીતે પરીક્ષા કરીને શાસ્ત્રોનો સ્વીકાર કરવો.** પહેલાં કહેલાં છ વિશેષણો સહિતને જ આગમ માનવા.

આગમ પ્રથમ તો સર્વજ્ઞ વીતરાગીના કહેલાં હોવાં જોઈએ. સર્વજ્ઞ વિના બીજું કોઈ પોતાના ઈન્દ્રિયજનિત જ્ઞાનથી જીવ, અજીવ, અતિન્દ્રિય, અમૂર્તિક પદાર્થોનું કથન ન કરી શકે; પાપ-પુણ્ય વિગેરે અદશ્ય પદાર્થોનું તથા પરમાણું વિગેરે સૂક્ષ્મ પદાર્થોનું કથન ક્યાંથી કરશે ? સ્વર્ગ-નરકની પર્યાયોને અને સ્વર્ગ-નરકમાં ઉત્પન્ન થયેલા સુખ દુઃખના કારણ એવા અનેક સંબંધોને કેવી રીતે જાણશે ? મેરૂ, કુલાચલ વિગેરેનું કથન કેવી રીતે કરશે ? જીવાદિ દ્રવ્યોની અનંત પર્યાયો થઈ ગઈ છે, આગળ પણ અનેક પર્યાયો થશે, તથા અનંત દ્રવ્યોના ગુણ અને તેમની અનંત પર્યાયોના એક સમયમાં એક સાથે થવાવાળા પરિણમનનું ક્રમવર્તી કથન ઈન્દ્રિયજ્ઞાનનો ધારી કેવી રીતે કરી શકશે?

એટલે જ સર્વજ્ઞ વિના ઈન્દ્રિયજન્ય જ્ઞાનવાળાથી આગમનું કહેવું સંભવતું નથી. સાચાં આગમનું કથન સર્વજ્ઞથી જ બની શકે છે. જો રાગ-દ્વેષવાળો, પોતાના

અભિમાનને પુષ્ટ કરવાની ઈચ્છાવાળો, પોતાની ખ્યાતિને ફેલાવવાનો ઈચ્છુક તથા વિષયોનો લોભી વકતા હશે તો સત્ય સ્વરૂપ કહી નહી શકે. માટે **સર્વજ્ઞ વીતરાગીએ કહેલાં આગમ જ પ્રમાણિક છે.**

જે આગમમાં વાદી-પ્રતિવાદી દ્વારા બતાવેલા દોષ હોય, તે આગમ પ્રમાણિક નથી. એટલે વાદી પ્રતિવાદી જેમનું ઉલ્લંઘન ન કરી શકે, બાધા પહોંચાડી ન શકે, તેવાં અનુલંઘ્ય જ આગમ કહેવાય છે.

જે આગમમાં પ્રત્યક્ષ તથા અનુમાનથી બાધા આવે નહિ, તે જ આગમ પ્રમાણિક છે. જેમાં પ્રત્યક્ષ-પ્રમાણ તથા અનુમાન-પ્રમાણથી બાધા આવી જાય તે આગમ પ્રમાણિક નથી.

જે આગમથી સ્વ અને પરનો નિર્ણય ન થઈ શકે, જે આગમમાં હેય-ઉપાદેય, કૃત્ય-અકૃત્ય, દેવ-કુદેવ, ધર્મ-અધર્મ, હિત-અહિત, ગ્રાહ્ય-અગ્રાહ્ય, ભક્ષ્ય-અભક્ષ્યનું નિર્ણય કરાવવાવાળું સાચું વસ્તુ સ્વરૂપ ન કહ્યું હોય તે મિથ્યા આગમ છે.

જેમાં વ્યર્થ શબ્દોના આડંબરરૂપ લોકરંજનની અસત્ય કથાઓ, દેશકથા, રાજકથા, સ્ત્રીકથા, કામકથા વિગેરે દ્વારા અનેક સંસારમાં જ પરિભ્રમણ કરાવવાવાળી વિકથાઓ રૂપ વર્ણન કરેલું હોય, પરંતુ આત્માનો સંસારથી ઉદ્ધાર કરવાના ઉપાયરૂપ કથન ન કરેલું હોય તો તે પણ મિથ્યા આગમ જ છે.

જેમાં તત્ત્વભૂત જીવના હિતના ઉપદેશરૂપ કથન કરેલું હોય એવા **તત્ત્વોપદેશકૃત** જ આગમ છે. જે સર્વ પ્રાણીઓને હિતરૂપ ઉપદેશ કરવાવાળા હોય તે જ સાર્વ વિશેષણયુકત આગમ છે.

જેમાં પ્રાણીઓની હિંસા કરવાનું કથન હોય, માંસ ભક્ષણ અને જલ-થલ-આકાશગામી જીવોને મારવાના ઉપાય બતાવ્યા હોય, મહા આરંભના, મારણ-ઉચ્ચાટન કરવાના, બીજાઓનું ધન પડાવી લેવાના, યુદ્ધ કરવાના, સેનાનો નાશ કરવાના, નગર-ગ્રામ વિધ્વંસ કરવાના, પરિગ્રહમાં પરધનમાં, પરસ્ત્રીમાં આસકત થવાના ઉપાયોનું વર્ણન કર્યું હોય તે આગમ સાર્વ અર્થાત્ સર્વ પ્રાણીઓના હિતરૂપ નથી. જે કુમાર્ગનો નિષેધ કરીને સ્વર્ગ તથા મોક્ષના માર્ગનો ઉપદેશ કરવાવાળા હોય તે **કાપથઘટ્ટન** વિશેષણ સહિત આગમ છે. જે શૃંગાર, વીરરસ વિગેરેનું વર્ણન કરીને કુમાર્ગમાં પ્રવૃત્તિ કરાવવાવાળાં હોય; જુગાર-માંસ ભક્ષણ વિગેરે ખોટા વ્યસનો રૂપ માર્ગમાં ચલાવવાવાળા

હોય, સંસાર સમુદ્રમાં ડુબાડવાના નિમિત્ત જે રાગી-દ્વેષી, વિષયી, કષાયી દેવોની સેવા, તથા પાખંડી વેષધારી ગુરૂઓની ઉપાસનામાં લગાવવાવાળાં હોય, તથા મિથ્યાધર્મરૂપ જે કુમાર્ગ તેમાં પ્રવર્તન કરાવવાનું કથન જેમાં હોય તે ખોટાં આગમ છે.

જે અધિક ન સમજતા હોય તેમણે એટલું તો અવશ્ય જ સમજી લેવું જોઈએ કે જે વીતરાગીનું કહેલું આગમ હશે તેમાં રાગાદિ વિષય કષાયોનો અભાવ કરવાનું તથા સમસ્ત જીવોની દયા પાળવાનું — આ બે કથન તો મુખ્ય હશે જ. આ રીતે એક શ્લોકમાં આગમનું લક્ષણ કહ્યું.

હવે જેઓ તપસ્વી અર્થાત્ સાચા ગુરૂ છે તેમનું સ્વરૂપ કહેવાવાળો શ્લોક કહે છે -

**विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः ।**
**ज्ञान-ध्यान-तपोरक्तः तपस्वी स प्रशस्यते ।।१०।।**

**અર્થ :-** જે પાંચ ઈન્દ્રિઓના વિષયોની આશા અર્થાત્ વાંછાથી રહિત હોય, છ કાયના જીવોનો જેમાં ઘાત થાય છે એવા આરંભથી રહિત હોય, અંતરંગ બહિરંગ સમસ્ત પરિગ્રહોથી રહિત હોય જ્ઞાન-ધ્યાન તપમાં લીન હોય-જે આ ચાર વિશેષણો સહિત તપસ્વી અર્થાત્ ગુરૂ છે તે જ પ્રશંસનીય છે.

**ભાવાર્થ :-** જે રસના ઈન્દ્રિયના લંપટી હોય, અનેક પ્રકારના રસાસ્વાદની ઈચ્છાથી વશીભૂત થઈ રહ્યા હોય, કર્ણઈન્દ્રિના વશીભૂત હોય, પોતાની યશ-પ્રશંસા સાંભળવાના ઈચ્છુક હોય, અભિમાની હોય, નેત્રો દ્વારા સુંદર રૂપ, મહેલ, મંદિર, બાગ, વન, ગ્રામ, આભૂષણ, વસ્ત્રો વિગેરે જોવાના ઈચ્છુક હોય, કોમળ શય્યા,-કોમળ ઉચ્ચ આસન ઉપર સુવા-બેસવાના ઈચ્છુક હોય, વિષયોના લંપટી હોય એવા ગુરૂ બીજાઓને વિષયોથી છોડાવીને વીતરાગ માર્ગમાં લગાવી ન શકે તેઓ તો જીવોને સરાગ માર્ગમાં જ લગાવીને સંસાર સમુદ્રમાં ડુબાડી દેશે.

એટલા માટે જે વિષયોની આશાથી વશીભૂત ન હોય એવા ગુરૂ જ આરાધવા-વંદવા યોગ્ય છે. જેને વિષયોમાં અનુરાગ હોય તે તો આત્મજ્ઞાન રહિત બહિરાત્મા છે, ગુરૂ કેવી રીતે હોય ? જેને ત્રસ સ્થાવર જીવોના ઘાતના આરંભમાં પાપનો ભય નથી, તેવા પાપીને ગુરૂપણું કેવી રીતે સંભવે ?

જે ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ તથા દસ પ્રકારના બહિરંગ પરિગ્રહ સહિત હોય તે ગુરૂ કેવી રીતે હોઈ શકે ? પરિગ્રહી તો સ્વયં જ સંસારમાં ફસાઈ રહ્યા છે તે અન્ય જીવોના ઉદ્ધાર કરવાવાળા ગુરૂ કેવી રીતે હોય ?

## ❖ પરિગ્રહના વિષયમાં વિચાર ❖

અહીં (૧) મિથ્યાત્વ (૨) સ્ત્રી-પુરૂષ-નપુંસક વેદ (૩) રાગ (૪) દ્વેષ (૫) હાસ્ય (૬) રતિ (૭) અરતિ (૮) શોક (૯) ભય (૧૦) જુગુપ્સા (૧૧) ક્રોધ (૧૨) માન (૧૩) માયા (૧૪) લોભ - આ રીતે ચૌદ અંતરંગ પરિગ્રહ છે. તેનું સ્વરૂપ કહે છે.

(૧) જો કે મનુષ્યાદિ પર્યાય, શરીર, શરીરનું નામ, શરીરનું રૂપ, તથા શરીરના આધારે જાતિ, કુળ, પદવી, રાજ્ય, ધન, કુટુંબ, યશ-અપયશ, ઉચ-નીચપણું નિર્ધનપણું, ધનવાનપણું, માન્યતા-અમાન્યતા, બ્રાહ્મણ-ક્ષત્રિય, વૈશ્ય-શુદ્રાદિ વર્ણ, સ્વામી-સેવક, યતિ-ગૃહસ્થપણું વિગેરે વિવિધ પ્રકાર છે તે સઘળા પુદ્દગલોની રચનામય કર્મોના કરેલા પ્રત્યક્ષ દેખાય છે, તથા સાંભળીએ છીએ, અનુભવ કરીએ છીએ કે તે વિનાશીક છે, પુદ્દગલમય છે, મારૂં સ્વરૂપ નથી. એવો પાકો વારંવાર નિર્ણય કરી લીધો છે તો પણ અનાદિકાળથી **મિથ્યાત્વકર્મના ઉદયથી એવા દઢ સંસ્કાર જામેલા છે કે તેમનો નાશ થવાથી પોતાનો નાશ(થવો) માને છે,** તેમના ઘટી જવાથી પોતાને ઘટી જવો, વધી જવાથી પોતાને વધી જવો, ઉચપણું, નીચપણું માનીને બધા જીવો દેહાદિમય થઈ રહ્યા છે. જો કે પોતે વચનો (વાણી) દ્વારા એ બધાને કહે છે કે તે પર રૂપ છે, આપણા નથી, પરાધીન છે, વિનાશીક છે **તો પણ અંતરંગમાં તેમના સંયોગ-વિયોગમાં આત્મા રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપ થાય છે તે જ મિથ્યાત્વ નામનો પરિગ્રહ છે.**

(૨) સ્ત્રી-પુરૂષ-નપુંસક વિગેરેમાં કામસેવનરૂપ રાગ અંતરંગમાં થાય છે તે જ **વેદ** નામનો પરિગ્રહ છે.

(૩) પરદ્રવ્ય જે દેહ, ધન, સ્ત્રી, પુત્રાદિથી પ્રસન્ન થવું તે **રાગ** પરિગ્રહ છે. (૪) પરના ઐશ્વર્ય, યૌવન, ધન-સંપદા, યશ, રાજ્ય, વૈભવ પ્રત્યે વેર રાખવું તે **દ્વેષ** પરિગ્રહ છે. (૫) હાસ્યના પરિણામ થવાં એ **હાસ્ય** પરિગ્રહ છે. (૬) પોતાનું મરણ થવું જાણીને વિયોગ, વેદના વિગેરે થવાથી ડરવું તે **ભય** પરિગ્રહ છે. (૭) પોતાને

સારા લાગવાવાળા પદાર્થોમાં આસક્તિથી લીન થવું તે **રતિ** પરિગ્રહ છે. (૮) પોતાને અનિષ્ટ લાગવાવાળા પદાર્થોમાં વિરક્ત થવું - પરિણામ ન લાગવાં તે **અરતિ** પરિગ્રહ છે. (૯) ઈષ્ટ સામગ્રીનો વિયોગ થવાથી કલેશરૂપ પરિણામ થવું તે **શોક** પરિગ્રહ છે. (૧૦) ઘૃણાવાન વસ્તુને જોઈને, સાંભળીને, અડીને, વિચારીને પરિણામોમાં ગ્લાનિનું ઉત્પન્ન થવું તે જુગુપ્સા પરિગ્રહ છે અથવા બીજાઓનો ઉદય જોઈને ન ગમવું તે **જુગુપ્સા** પરિગ્રહ છે. (૧૧) રોષના પરિણામ થવા તે **ક્રોધ** પરિણામ છે. (૧૨) ઉચ્ચજાતિ, કુલ, તપ, રૂપ, જ્ઞાન, વિજ્ઞાન (ઋદ્ધિ), ઐશ્વર્ય (પૂજા) બળ વિગેરેનું અભિમાન કરીને પોતાને ઉંચો અને બીજાને નીચો સમજીને કઠોર પરિણામ થવા તે **માન** પરિગ્રહ છે. (૧૩) કપટ સહિત વક્ર પરિણામ થવાં તે **માયા** પરિગ્રહ છે. (૧૪) પરદ્રવ્યોની ઈચ્છારૂપ પરિણામ થવાં તે **લોભ** પરિગ્રહ છે.

આ રીતે સંસારનું મૂળ, આત્માનો ઘાતક તીવ્ર બંધનનું કારણ ચૌદ પ્રકારનો અંતરંગ પરિગ્રહ અને (૧) ક્ષેત્ર (૨) મકાન (૩) ચાંદી (૪) સોનું (૫) ધન (૬) ધાન્ય (અનાજ) (૭) દાસી (૮) દાસ (૯) ચોપગા પશુ (૧૦) વસ્ત્ર-પાત્ર આ દશ ભેદરૂપ બાહ્ય પરિગ્રહ છે. **એવા અંતરંગ-બહિરંગ ચોવીસ પ્રકારના પરિગ્રહ રહિત નિર્ગ્રંથ મુનિને જ ગુરૂ માનવા.**

સંયમ ધારણ કરીને પણ જેમનું મન અંતરંગ-બહિરંગ પરિગ્રહથી મલિન છે તેમને ગુરૂપણું સંભવતું નથી. જે નિરંતર દિવસ-રાત, ચાલતાં-બેસતાં, ભોજન કરતાં પણ જ્ઞાનાભ્યાસમાં, ધર્મ-ધ્યાનમાં ઈચ્છા નિરોધ નામના તપમાં લીન છે તે ગુરૂ જ પ્રશંસા યોગ્ય છે, માન્ય છે, પૂજ્ય છે, વંદનીય છે.

**આ ગુણો વિના સમ્યગ્દષ્ટિ કોઈને પણ વંદનાદિ કરતા નથી.** અથવા ''જ્ઞાન ધ્યાન તપો રત્નઃ'' એવો પણ શ્લોકનો પાઠ છે જેનો અર્થ છે - જ્ઞાન, ધ્યાન, તપ જ જેનાં રત્ન છે એ જ ગુરૂ કહેવાય છે. આ રીતે ગુરૂનું સ્વરૂપ કહ્યું.

હવે દેવ, ગુરૂ, આગમનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવા સમ્યગ્દર્શનના **નિઃશંકિત નામના અંગ**ને કહેવાવાળો શ્લોક કહે છે -

**इदमेवेदृशं चैव तत्त्वं नान्यन्नचान्यथा ।**
**इत्यकम्पाऽऽयसाम्भोवत् सन्मार्गेऽसंशया रूचिः ॥११॥**

**અર્થ :-** અહીં તત્ત્વભૂત આપ્ત, આગમ અને ગુરૂનું જે લક્ષણ બતાવ્યું (કહ્યું)

છે તે જ સત્યાર્થ સ્વરૂપ છે. ઈદશં ચૈવ એટલે કે આમ જ છે, બીજી રીતે નથી, એવા તલવારની ધારના પાણીની જેમ સન્માર્ગમાં સંશય રહિત, અકંપ રુચિ એટલે શ્રદ્ધાન હોવું તે નિઃશંકિત અંગ નામનો ગુણ છે.

**ભાવાર્થ :-** સંસારમાં અનેક પ્રકારના ગદા, ચક્ર, ત્રિશુલાદિ શસ્ત્રોના ધારી, સ્ત્રીઓમાં અતિ, આસક્ત, ક્રોધી, માની, માયાવાદી, લોભી, પોતાનું શૌર્ય વિગેરે કાર્ય બતાવવાના ઈચ્છુકને દેવ કહે છે; હિંસા, કામ, ક્રોધાદિમાં ધર્મ બતાવવાવાળાં શાસ્ત્રને આગમ કહે છે, અને અનેક પાખંડી, લોભી, કામી, અભિમાની વિગેરેને ગુરૂ કહે છે; પરંતુ તેઓ કોઈપણ સાચા નથી એવું દઢ શ્રદ્ધાન જેમને છે તેમને નિઃશંકિત ગુણ છે. જેમ તલવારની ધારનું પાણી હવાથી ચલાયમાન થતું નથી તેવી જ રીતે જેમને સાચા દેવ-ગુરૂ-ધર્મના સ્વરૂપ સંબંધી પરિણામમાં મિથ્યાદષ્ટિઓની વચનરૂપ હવાથી સંશય થતો નથી તેમને નિઃશંકિત ગુણ હોય છે.

અહીં કઈક ખાસ વિશેષ પણ કહે છે - આત્મતત્ત્વનું જેવું સ્વરૂપ નિર્દોષ આગમમાં કહ્યું છે તેવું **સ્વાનુભવ કરીને જેણે પોતાને આપરૂપ જાણ્યો છે અને પર પુદ્‌ગલોના સંબંધને પરરૂપ જાણ્યો છે એવો સમ્યગ્દષ્ટિ** સપ્તભય રહિત થઈ નિઃશંકિત ગુણને પ્રાપ્ત કરે છે.

**સપ્તભયોનાં નામ તથા સ્વરૂપ કહે છે-** (૧) આ લોકનો ભય (૨) પરલોકનો ભય (૩) મરણનો ભય (૪) વેદનાનો ભય (૫) અરક્ષા ભય (૬) અગુપ્તિ ભય (૭) અકસ્માત ભય.

(૧) પોતાના પરિગ્રહ, કુટુંબ, આજીવિકા વિગેરેના બગડી જવાનો ભય તે **આ લોકનો ભય છે.** તે બધા સંસારી જીવોને હોય છે.

(૨) મરીને પરલોકમાં જઈ, ન જાણે કઈ ગતિ કે ક્ષેત્રમાં જઈશ એવો ભય તે **પરલોકનો ભય છે.**

(૩) મરણ થવાનો ખૂબ ભય લાગવો કે મારો નાશ થઈ જશે, ન જાણે કેટલું દુઃખ થશે, મારો અભાવ થઈ જશે એવો ભય તે **મરણ ભય છે.**

(૪) રોગાદિના દુઃખ આવવાનો ભય **વેદના ભય છે.**

(૫) આપણો કોઈ રક્ષક નથી એમ જાણીને ડરવું તે **અરક્ષા ભય છે.**

(૬) પોતાની વસ્તુ ચોરી થઈ જવાનો ભય, પોતાના છૂપાવાના સ્થળની બીજાઓને ખબર પડી જવાનો ભય તે **અગુપ્તિ ભય છે.**

(૭) અચાનક દુઃખ ઉત્પન્ન ન થઈ જાય એવો ભય તે **અકસ્માત ભય છે.**

પોતાનું અને પરનું ખરેખરૂં સ્વરૂપ જાણવાવાળા સમ્યગ્દષ્ટિને આ સાત ભય હોતા નથી.

**આ દેહમાં પગના નખથી માંડીને માથા સુધી જે જ્ઞાન છે તે ચૈતન્ય છે, તે મારૂં ધન છે. આ રીતે જ્ઞાનભાવથી ભિન્ન એક પરમાણું માત્ર પણ મારૂં નથી.** દેહ અને દેહના સંબંધી જે સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, રાજ્ય, વૈભવ વિગેરે છે તે બધા મારાથી ભિન્ન પર દ્રવ્ય છે, સંયોગથી ઉત્પન્ન થયા છે મારો એમની સાથે શો સંબંધ છે ? સંસારમાં એવા સંબંધ તો અનંતાનંત વાર થઈને છૂટી ગયા છે. જેમનો સંયોગ થયો છે તેમનો વિયોગ નિશ્ચયથી થશે જ. જે ઉત્પન્ન થયું છે તે અવશ્ય વિનાશને પ્રાપ્ત થશે. હું જ્ઞાન સ્વરૂપ આત્મા ઉત્પન્ન થયો નથી, એટલે વિનાશ પણ નહિ થાય એવો જેને દઢ નિશ્ચય છે તેને દેહ છૂટવાનો અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહનો વિયોગ થવાનો ભય રહેતો નથી; એટલે આ લોકના ભયથી રહિત સમ્યગ્દષ્ટિ જીવ નિઃશંક છે.

સમ્યગ્દષ્ટિને પરલોકનો ભય પણ હોતો નથી. જેમાં બધી વસ્તુ દેખાય છે તે લોક છે. **મારો લોક તો મારો જ્ઞાનદર્શન સ્વભાવ છે જેમાં સમસ્ત પદાર્થ પ્રતિબિંબિત થઈ રહ્યા છે.** આ જે સમસ્ત પદાર્થ ઝળકી રહ્યા છે તેમને મારા જ્ઞાનસ્વભાવમાં હું અવલોકન કરૂં છું, મારા જ્ઞાનની બહાર કોઈ વસ્તુને હું દેખતો નથી, જાણતો નથી. જ્યારે ક્યારેક મારૂં જ્ઞાન નિંદ્રાથી ઢંકાઈ જાય છે તથા રોગાદિ દ્વારા મૂર્છાથી ઢંકાઈ જાય છે ત્યારે જો કે સંપૂર્ણ લોક મોજુદ (હયાત) રહે છે તો પણ અભાવરૂપ જેવું જ થઈ જાય છે, એટલે જ મારો લોક તો મારૂં જ્ઞાન જ છે. મારા જ્ઞાનની બહારની કોઈપણ વસ્તુ દેખવામાં-જાણવામાં આવતી નથી. મારા જ્ઞાનથી બહાર જે લોક છે જેમાં અનેક નરક-સ્વર્ગ છે, જે સર્વજ્ઞને પ્રત્યક્ષ દેખાય છે તે બધા મારા સ્વભાવથી ભિન્ન અન્ય પદાર્થ છે પુણ્યનો ઉદય દેવાદિ શુભગતિ આપવાવાળો છે અને પાપનો ઉદય નરકાદિ અશુભ ગતિ આપવાવાળો છે. પાપ-પુણ્ય બન્ને વિનાશીક છે, તથા પુણ્ય પાપનું ફળ સ્વર્ગ-નરકાદિ પણ વિનાશીક છે.

હું આત્મા જ્ઞાન-દર્શન-સુખ, વીર્યને અવિનાશી રૂપથી ધારણ કરવાવાળો અખંડ છું, મોક્ષનો નાયક છું, મારો લોક મારામાં જ છે; હું તે જ મારા લોકમાં સમસ્ત પદાર્થોનું અવલોકન કરતો રહું છું. આ રીતે **પરલોક**ના ભયથી રહિત સમ્યગ્દષ્ટિ નિઃશંક છે.

સ્પર્શન (ચામડી) રસના (જીભ) ઘ્રાણ (નાક) નેત્ર, કર્ણ આ પાંચ ઈન્દ્રિઓ, મન-વચન-કાય આ ત્રણ બળ, આયુષ્ય તથા શ્વાસોશ્વાસ — એ કર્મો દ્વારા રચેલા બાહ્ય દસ પ્રાણ છે. જે પુદ્ગલ મય છે. આ દસે પ્રાણોના નાશ થવાને જગતમાં મરણ કહેવાય છે. આત્માના જ્ઞાન-દર્શન-સુખ-સત્તારૂપ ભાવપ્રાણ છે. જેનો નાશ કોઈ કાળે પણ થાય નહિ. જે જન્મશે તે મરશે. જે પુદ્ગલ-પરમાણુ ભેગા થઈ ઈન્દ્રિયાદિ પ્રાણસ્વરૂપે ઉપજે છે તેનો જ નાશ થાય છે. જે મારા સ્વભાવરૂપ જ્ઞાન-દર્શન-સુખ સત્તા પ્રાણ છે તેમનો ત્રણ કાળમાં કદી પણ વિનાશ થતો નથી. ઈન્દ્રિયાદિ પ્રાણ તો પર્યાય (શરીર) સાથે જ ઉપજે છે અને વિનાશ પામે છે. હું તો ચૈતન્ય અવિનાશી છું. એવા દઢ નિશ્ચયના ધારક સમ્યગ્દષ્ટિને **મરણના ભય**ની શંકા થતી નથી.

**વેદના ભયને જીતીને નિઃશંકિત થવાય છે. વેદનાનો અર્થ છે જાણવું હું જાણવાવાળો જીવ છું અને મારા એક અચળ જ્ઞાનનો જ અનુભવ કરૂં છું, હું વેદનસ્વરૂપ અવિનાશી છું.** જ્ઞાનનું અનુભવરૂપ વેદન શરીરમાં થતું નથી. વેદનીય કર્મથી ઉત્પન્ન થયેલી સુખ દુઃખરૂપ વેદના શરીરમાં છે, પરંતુ તે મારૂં સ્વરૂપ (રૂપ) નથી, મોહના પ્રબળપણાથી મારા સ્વરૂપમાં દેખાય છે. હું તો તેનાથી ભિન્ન જ્ઞાતા જ છું. **આ પ્રકારે જ્ઞાન-સંવેદનથી દેહ વેદનાને ભિન્ન જાણનાર સમ્યક્દષ્ટિ નિઃશંક હોય છે.**

**અરક્ષા ભય** પણ સમ્યક્દષ્ટિને હોતો નથી. જગતમાં જે સત્રૂપ વસ્તુ છે તેનો ત્રણે કાળમાં નાશ થતો નથી એવો મને દઢ નિશ્ચય છે. **મારો જ્ઞાન સ્વરૂપ આત્મા કોઈની પણ સહાયતા વિના જ સ્વયં સત્ છે. એનો ન તો કોઈ રક્ષા કરવાવાળો (રક્ષક) છે કે ન કોઈ નાશ કરનાર છે.** જેનો કોઈ નાશ કરનાર હોય તો કોઈ એનો રક્ષક પણ જોઈએ એટલે જ સમ્યગ્દષ્ટિ પોતાના અવિનાશી સ્વરૂપનો અનુભવ કરતો અરક્ષાભયથી રહિત નિઃશંક છે.

અગુપ્તિ ભય એટલે તિજોરી આદિથી સુરક્ષા કર્યા વિના મારું ધન નષ્ટ થઈ જશે, એવો ચોરનો ભય પણ નથી. વસ્તુનું જે સ્વરૂપ પોતાનું છે તે તો પોતાના

સ્વરૂપમાં જ છે. પોતાનું સ્વરૂપ પોતાની બહાર હોય નહિ. એટલે જ હું જે ચૈતન્યસ્વરૂપ આત્મા છું તેનું ચૈતન્યસ્વરૂપ મારી અંદર જ છે. **આ આત્માના સ્વરૂપમાં પરનો પ્રવેશ જ સંભવ નથી.** આ અનંત જ્ઞાન-દર્શનમય મારૂં રૂપ જ મારૂં અસીમ અવિનાશી ધન છે, તેમાં ચોરનો પ્રવેશ થઈ શકતો નથી, અને ચોર ચોરી શકતો નથી. એટલે જ સમ્યગ્દષ્ટિ અગુપ્તિ ભય રહિત નિઃશંક છે.

સમ્યગ્દષ્ટિને **અકસ્માત ભય** પણ નથી. તે તો જાણે છે કે **મારો આત્મા તો સદાકાળ શુદ્ધ છે, જ્ઞાતા છે, દ્રષ્ટા છે, અચળ છે, અનાદિ છે, અનંત સ્વભાવથી સિદ્ધ છે, અલક્ષ-અરૂપી છે, ચૈતન્ય પ્રકાશરૂપ છે, સુખનું સ્થાન છે તેમાં અચાનક કંઈપણ થતું નથી** એવા દ્દઢ ભાવ સહિત સમ્યગ્દષ્ટિ નિઃશંક હોય છે.

જેને સમ્યગ્દર્શન છે તેના પરિણામોમાં સાતેય ભય હોતા નથી. સત્યાર્થ એવા પોતાના સ્વરૂપને જાણ્યા વિના પોતાનો આત્મા સાત ભયથી રહિત થતો નથી.

**સમ્યગ્દષ્ટિ અહિંસાને જ નિશ્ચયરૂપ ધર્મ જાણે છે.** તેથી તેને એવી શંકા નથી ઉપજતી કે યજ્ઞ, હોમ આદિમાં જે જીવ ઘાતરૂપ હિંસાની ક્રિયા થાય છે તેમાંય કંઈક તો ધર્મ થતો હશે. એવી શંકાનો અભાવ તે નિઃશંકિત અંગ છે.

હવે બીજા **નિઃકાંક્ષિત ગુણ**ને કહેવાવાળો શ્લોક કહે છે -

**कर्मपरवशे सान्ते दुःखैरन्तरितोदये ।**
**पापबीजे सुखेऽनास्था श्रद्धानाकांक्षणा स्मृता ॥१२॥**

**અર્થ :-** ઈન્દ્રિયથી ઉત્પન્ન સુખમાં સુખની માન્યતા રહિત જે શ્રદ્ધાભાવ તે અનાકાંક્ષા નામનો સમ્યકત્વનો ગુણ ભગવાને કહ્યો છે.

**ભાવાર્થ** :- કેવું છે ઈન્દ્રિયથી ઉત્પન્ન સુખ ? કર્મોને આધીન છે, સ્વાધીન નથી, પુણ્યકર્મના ઉદયને આધીન છે. પુણ્યકર્મના ઉદયની મદદ વિના કરોડો ઉપાયે, તથા મહાન પુરૂષાર્થ કરવા છતાં આ સુખની પ્રાપ્તિ થતી નથી, ઈષ્ટનો લાભ થતો નથી, અનેક પ્રકારે અનિષ્ટની જ પ્રાપ્તિ થાય છે.

કદાચિત્ પુણ્યના ઉદયથી તે સુખ પ્રાપ્ત પણ થઈ જાય તો તે સુખ નાશવંત છે, પરાધીન છે, કેટલો કાળ ભોગવશે ? કારણ કે જે ઈન્દ્રિયથી ઉત્ત્પન્ન સુખ છે તે પોતાના ઈષ્ટ વિષયને આધીન છે અને ઈષ્ટનો સમાગમ વિનાશીક છે - ઈંદ્રધનુષની જેમ, વીજળીના

ચમકારાની જેમ ક્ષણભંગુર તથા પરાધીન છે. તે સુખ શરીરની નીરોગતાને આધીન, ધનને આધીન, સ્ત્રીને આધીન, પુત્રને આધીન, આયુષ્યને આધીન, આજીવિકાને આધીન, ક્ષેત્રને આધીન, કાળને આધીન, ઈન્દ્રિયોને આધીન, ઈન્દ્રિયોના વિષયોને આધીન, ઈત્યાદિ હજારો પરાધીનતા સહિત છે, તથા વિનાશના સન્મુખ છે, કેટલો કાળ ભોગવશે ? એટલે જે ઈન્દ્રિયથી ઉત્પન્ન સુખ છે તે અવશ્ય જ અંત સહિત છે.

અંત સહિત હોવા છતાં અખંડ ધારા પ્રવાહરૂપ નથી. વચ્ચે-વચ્ચે અનેક દુઃખોના ઉદય સહિત છે. કદી રોગ આવી જાય છે, કદી સ્ત્રી, પુત્ર-મિત્રનો વિયોગ થાય છે, કદી અપમાન થાય છે, તો કદી ધનની હાનિ થાય છે. કદી અનિષ્ટનો સંયોગ થાય છે આ રીતે નાશવંત અને અનેક દુઃખો સહિત ઈન્દ્રિયજનિત સુખ છે.

**આ સુખ પાપનું બીજ છે.** ઈન્દ્રિયજનિત સુખમાં લીન થતાં જ આ જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જ જાય છે, મહાઘોર આરંભમાં પ્રવર્તે જ છે, અન્યાય અને વિષયસેવન જ કરે છે એનાથી પાપબંધ જ થાય છે. એટલે **ઈન્દ્રિયજનિત સુખ નરક-તિર્યંચાદિ ગતિઓમાં પરિભ્રમણ કરાવવાવાળા પાપબંધનું બીજ છે.**

એવાં પરાધીન, નાશવંત, દુઃખોથી ભરેલાં જેટલાં પણ ઈન્દ્રિયજનિત સુખ છે તે બધાં સમ્યગ્દષ્ટિને સુખ દેખાતાં જ નથી, તો તે સુખમાં તેને માન્યતારૂપ (આસ્થારૂપ) શ્રદ્ધા કેવી રીતે થાય ? જ્યારે શ્રદ્ધા જ ન હોય તો તે વાંછા કેમ કરે ? અહીં એવો ભાવ સમજવો — **જે સમ્યગ્દષ્ટિ છે તેને આત્માનો અનુભવ તો હોય જ છે.** જ્યારે આત્માનો અનુભવ થયો છે ત્યારે આત્માનો સ્વભાવ જે અતીંદ્રિય અનંતજ્ઞાન, અને નિરાકુળતા લક્ષણરૂપ અવિનાશી સુખ છે તેનો અનુભવ થાય જ છે.

સંસારી જીવોને જે ઈન્દ્રિયોના આધીન સુખ છે તે તો સુખાભાસ છે, સુખ નથી, વેદનાનો ઈલાજ છે. જેને ભૂખની તીવ્ર વેદના ઉપજે તે ભોજન કરીને સુખ માનશે, તરસ લાગશે તે ઠંડુ પાણી પીવા માગશે, ઠંડીની વેદના હશે તો રૂનું વસ્ત્ર (રજાઈ) કે ઉનનાં વસ્ત્ર ઓઢવા માગશે, ગરમીની વેદના થશે તો ઠંડી હવા ઈચ્છશે, કારણ કે રોગના કષ્ટ વગર ઉપાય કોણ કરે ? આંખમાં રોગ થયા વિના આંખોમાં અંજન કોણ આંજે ? કાનમાં રોગ થાય વિના બકરાનું મૂત્ર તથા તેલ વિગેરે કાનમાં કોણ નાખે ? ઠંડીના તાવ વિના તાપણી કે તડકો આદરથી કોણ સેવે ? વાના રોગ વિના દુર્ગંધિત તેલ વિગેરેની માલિશ કોણ કરાવે ?

એટલા માટે સંસારી જીવને આ પાંચ ઈન્દ્રિયોના વિષયોની તીવ્ર ઈચ્છારૂપ દુઃખ ઉત્પન્ન થવાથી આ વિષયોને ભોગવવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. વિષયોના ભોગ તો તે દુઃખને થોડા સમય માટે શાન્ત કરી દે છે, પરંતુ પાછળથી અધિક દુઃખ ઉપજાવે છે. એટલે જ ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાથી ઉપજતું સુખ તો વાસ્તવમાં દુઃખ જ છે.

**બાહ્ય શરીર-ઈન્દ્રિયાદિને જ આત્મા માનવાવાળો બહિરાત્મા છે. તે વિષયોની વેદનાના ઈલાજને જ સુખ માને છે. વળી એમ માનવું તે તો મોહકર્મજનિત ભ્રમ છે. સુખ તો એવું છે - જ્યાં દુઃખ ઉપજે જ નહિ, તેનું લક્ષણ નિરાકુળતા છે. વિષયોને આધીન સુખ માનવું તે તો મિથ્યાશ્રદ્ધાન છે.** સમ્યગ્દષ્ટિને અહમિંદ્રલોકનું સુખ પણ પરાધીન, આકુળતારૂપ, વિનાશીક તથા કેવળ દુઃખરૂપ જ દેખાય છે. એટલે સમ્યગ્દષ્ટિને ઈન્દ્રિયજનિત સુખમાં કદી પણ વાંછા હોતી નથી.

સમ્યગ્દષ્ટિ આ જન્મમાં તો ધન-સંપત્તિ વૈભવ વિગેરે ઈચ્છતો નથી અને પરલોકમાં પણ ઈન્દ્રપણું, ચક્રીપણું વિગેરે કદી ઈચ્છતો નથી. આ ઈન્દ્રિયના વિષયો તો થોડા સમય માટે છે પરંતુ તેમનું ફળ અસંખ્યાત કાળ સુધી નરકનાં દુઃખ, તથા અનંતકાળ સુધી તિર્યંચ વિગેરે ગતિઓમાં મહાદરિદ્રિ, મહારોગી ત્થા નીચકુળના મનુષ્યોમાં અનેક જન્મ ધારણ કરીને ભોગવવારૂપે મળે છે.

આ જગતમાં જીવોને મોહના ઉદયથી આશા અને શંકા નિરંતર બની રહે છે. આશા-ઈચ્છા કરવાથી કંઈ પ્રાપ્ત તો થતું નથી. સૌ જીવો પોતા માટે દરરોજ ધનની પ્રાપ્તિ, નિરોગતા, કુટુંબની વૃદ્ધિ, ઈન્દ્રિયોનું બળ, પોતાની મોટાઈ ઈચ્છે છે પરંતુ ચાહ કરવાથી કંઈ થતું નથી. સૌ જીવો ઈચ્છા કરી કરીને નિરંતર પાપબંધ અને અંતરાય કર્મનો તીવ્ર બંધ કરી રહ્યા છે.

કેટલાયે જીવો ભોગના અભિલાષી થઈને દાન, તપ, વ્રત, શીલ, સંયમ ધારણ કરે છે **પરંતુ વાંછા કરવાથી તો પુણ્યનો ઘાત જ થાય છે.** પુણ્યનો બંધ તો નિર્વાંચ્છકને જ થાય છે, જે શુભ-અશુભ કર્મના ઉદયથી પ્રાપ્ત વિષયોમાં સંતોષી થઈ, નિરાકુળ થઈ, વિષયોની ઈચ્છા કરતો નથી તેને પુણ્યનો બંધ થાય છે.

જગતના સૌ જીવો દરરોજ સવારે ઉઠીને એમ ઈચ્છે છે કે મને વિયોગ, મરણ, હાનિ, અપમાન, ધનનો નાશ, રોગ વેદના ન થાઓ. નિરંતર એમ થવાનો ભય સેવે છે, ખૂબ ભયભીત રહે છે, તોપણ વિયોગ તો થાય જ છે, મરણ થાય જ છે. ધનહાનિ,

બળહાનિ, અપમાન, રોગ, વેદના વિગેરે પૂર્વે બાંધેલા જે કર્મ છે તેમના ઉદય અનુસાર જ થાય છે. તેમને ટાળવામાં ઈન્દ્ર, જિનેન્દ્ર, મંત્ર, તંત્રાદિ કોઈપણ સમર્થ નથી, કારણ કે મરણ તો આયુકર્મના નાશથી થાય છે, અલાભ વિ. અંતરાય કર્મના ઉદયથી થાય છે, રોગ વેદનાદિ અસાતા વેદનીય કર્મના ઉદયથી બંધાયેલા થાય છે; અને કર્મને દૂર કરવામાં, મેળવી દેવામાં, ફેરવી દેવામાં, કોઈ દેવ, દાનવ, ઈન્દ્ર, જિનેન્દ્રાદિ સમર્થ નથી. જીવ પોતાના ભાવો દ્વારા કર્મોથી પોતે સંતોષ, ક્ષમા, તપશ્ચરણાદિ ભાવો પોતાને છોડાવવા ખૂદ સમર્થ છે, બીજો કોઈ નહિ. એવા દઢ નિશ્ચય દ્વારા શ્રદ્ધાના ધારી નિઃશંક નિર્વાંચ્છક સમ્યગ્દષ્ટિ જ હોય છે.

## ❖ અવ્રતિ-ગૃહસ્થના સમ્યક્ત્વના વિષયમાં વિચાર ❖

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** સમગ્ર પરિગ્રહના ત્યાગી મુનિવર સાધુ છે તેમને તથા ત્યાગી ગૃહસ્થોને તો શંકારહિતપણું તથા વાંછાનો અભાવ હોઈ શકે છે, પરંતુ વ્રતરહિત ગૃહસ્થોને નિઃશંકિત પણું, નિકાંક્ષિતપણું કેવી રીતે હોઈ શકે ? અવ્રત(અવિરત)-સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને તો ભોગોની ઈચ્છા થતી જોવામાં આવે છે, વેપારમાં, નોકરીમાં તે લાભ ઈચ્છે જ છે, પોતાના કુટુંબની વૃદ્ધિ, ધનની વૃદ્ધિ ઈચ્છે જ છે, તથા રોગની શંકા, કુટુંબના વિયોગની શંકા, આજીવિકા તૂટી જવાની શંકા, ધનના નાશ થવાની શંકા, તેને તો નિરંતર વર્તે છે તો પછી તેને નિઃશંકાપણું, નિર્વાંચ્છકપણું કેવી રીતે હોય ? અને નિઃશંકિત-નિઃકાંક્ષિત ભાવ થયા વિના સમ્યક્ત્વ કેવી રીતે હોય ? એટલે અવિરત સમ્યક્દષ્ટિને સમ્યક્ત્વ કેવી રીતે સંભવે ?

**સમાધાન -** મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના અભાવથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. **અવ્રત-સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને મિથ્યાત્વનો અભાવ થયો છે અને અનંતાનુબંધી કષાયનો પણ અભાવ થયો છે.** મિથ્યાત્વના અભાવથી તો સાચા આત્મતત્ત્વ અને પરતત્ત્વનું શ્રદ્ધાન પ્રગટ થયું છે. અનંતાનુબંધી કષાયના અભાવથી વિપરીત રાગભાવનો અભાવ થયો છે, અને જ્ઞાન-શ્રદ્ધાનની વિપરીતતાના અભાવથી આ લોકનો ભય, પરલોકનો ભય, મરણભય વિગેરે સાતેય ભય અવિરત સમ્યગ્દષ્ટિને હોતા નથી. એ જ કારણે તે પોતાના આત્માના અખંડ, અવિનાશી, ટંકોત્કીર્ણ જ્ઞાન-દર્શન સ્વભાવનું શ્રદ્ધાન કરે છે. પરવસ્તુની વાંછારૂપ જે વિપરીતતા તેનો અભાવ થવાથી સમસ્ત ઈન્દ્રિયોના વિષયોમાં વાંછારહિત છે. **સ્વર્ગલોકમાં ઉપજેલા ઈન્દ્ર અને અહમિન્દ્રોના વિષયભોગોને પણ વિષ સમાન દાહદુઃખ ઉપજાવવાવાળા જાણીને કદી સ્વપ્નમાં**

**પણ તેમની વાંછા કરતા નથી.** (તેઓ) પોતાના આત્માને આધીન નિરાકુળતા લક્ષણરૂપ અવિનાશી જ્ઞાનાનંદને જ સુખ માને છે. પોતાના શરીરને તથા ધન-સંપદાદિને કર્મ-ઉદયજનિત પરાધીન વિનાશીક દુઃખરૂપ જાણીને **'આ અમારાં છે'** એવો વિપરીત સંકલ્પ પણ તે કરતા નથી.

અનંતાનુબંધી કષાયના ઉદયથી ઉપજતા વિપરીત ખોટા ભય, શંકા, પરવસ્તુમાં વાંછા, એ અવિરત સમ્યગ્દષ્ટિને કદાપિ હોતા નથી. પરંતુ ૪ અપ્રત્યાખ્યાનાવરણ કષાય, ૪ પ્રત્યાખ્યાનાવરણ કષાય, ૪ સંજ્વલન કષાય તથા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ એ એકવીસ કષાયોના તીવ્ર ઉદયથી ઉપજેલા રાગભાવના પ્રભાવથી ઈન્દ્રિયોના દુઃખનો માર્યો અશક્ત છે, તેથી તેમનો ત્યાગ કરતાં પરિણામ કાંપે છે, જો કે વિષયોને દુઃખરૂપ જાણે છે, તોપણ વર્તમાનકાળમાં વેદના સહન કરવાને સમર્થ નથી.

જેવી રીતે રોગીને કડવી દવા પીવી પડે છે તેને તે કદી સારી જાણતો નથી, તો પણ વેદનાનો માર્યો કડવી દવા આદરથી પીવે છે, પરંતુ અંતરંગમાં દવા પીવી એ બહુ ખરાબ છે એમ તે જાણે છે; એવો દિવસ કયારે આવશે કે જ્યારે દવાનું નામ પણ ન લઉં એમ તેને થયા કરે છે. તેવી રીતે **અવિરત સમ્યગ્દષ્ટિ પણ ભોગોને કદી પણ ભલા જાણતો નથી,** પરંતુ તેના વગર ચાલશે તેમ લાગતું નથી, પરિણામની દ્રઢતા રહેશે નહિ તેમ લાગે છે, કષાયનો પ્રબળ ધક્કો લાગી રહ્યો છે, ઈન્દ્રિયોની બળતરા સહન થતી નથી તેથી વેદનાનો સતાવ્યો ભોગની ઈચ્છા કરે છે.

સહન શક્તિ ઓછી છે, કોઈ મદદ કરનાર દેખાતું નથી, કષાયોના ઉદયે શક્તિનો નાશ થઈ રહ્યો છે, પરવશ પડ્યો છે, છતાં જેમ કેદખાના(જેલ)માં પડેલો કોઈ પુરૂષ કેદખાનાને જરાયે ઈચ્છતો નથી પરંતુ પરવશ પડેલો હોવાથી મહાદુઃખ દેનાર તે કેદખાનાને લીપેં છે, ધોવે છે, સાફ કરે છે તેવી રીતે અવ્રત-સમ્યગ્દષ્ટિ પણ દેહને કેદખાના જેવો જાણે છે, ભૂખ-તરસ વિગેરે વેદના સહન કરવામાં અસમર્થ હોવાથી દેહનું પોષણ કરે છે, પણ દેહને પોતાનો માનતો-જાણતો નથી. વર્તમાનકાળની વેદનાનો જ એને ભય છે અને તે વેદના દૂર કરવા જેટલી જ અવિરત સમ્યગ્દષ્ટિને વાંછા છે. કર્મના ઉદયની જાળમાં તે ફસાયો છે, નીકળવાને ઈચ્છે છે, તથાપિ અપ્રત્યાખ્યાન સંબંધી રાગ-દ્વેષ, અભિમાન એવાં છે કે ત્યાગ વ્રતાદિની ભાવના છતાં તે ત્યાગી થવા દેતાં નથી.

**કર્મનો ઉદય બહુ બળવાન છે.** સંસારી જીવ અનાદિકાળથી કર્મના ઉદયની જાળમાંથી નીકળી શકતો નથી. દેહનો સંયોગ વળગ્યો છે ત્યાં સુધી દેહના નિર્વાહને અર્થે આજીવિકા, ભોજન, વસ્ત્રની ઈચ્છા તે કરે છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી લોકમાં પોતાની નીચી-પ્રવૃત્તિના અભાવરૂપ ઉંચી પ્રવૃત્તિ ઈચ્છે છે. ધન, સંપદા આજીવિકાનો નાશ થવાનો ભય પણ હોય છે. અપયશ, તિરસ્કાર થવાનો ભય પણ રહે છે. ઈન્દ્રિયોના સંતાપને સહન કરવાની અશક્તિને લીધે વિષયોને વાંછે જ છે, હજી કષાય ઘટ્યા નથી, રાગ ઘટ્યો નથી તેથી ભવિષ્યમાં ઘણું દુઃખ ઉત્પન્ન થશે એમ લાગવાથી તે કષાયાદિ ટાળવા ઈચ્છે છે, તથાપિ રાજ્ય, ભોગ, સંપદા વિગેરેને દુઃખરૂપ જાણીને તેમને ઈચ્છતો નથી. આ રીતે નિઃકાંક્ષિત અંગનું સ્વરૂપ કહ્યું.

હવે **નિર્વિચિકિત્સા** નામના ત્રીજા અંગનું લક્ષણ કહેવાવાળો શ્લોક કહે છે-

**स्वभावतोऽशुचौ काये रत्नत्रयपवित्रते ।**
**निर्जुगुप्सा गुणप्रीतिः मता निर्विचिकित्सिता ।।१३।।**

**અર્થ :-** આ મનુષ્ય પર્યાયનું જે શરીર છે તે સ્વભાવથી જ અપવિત્ર છે. તેમાં કોઈ ઉત્તમ મનુષ્યને જો રત્નત્રય (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર) પ્રગટ થઈ જાય તો તેની અશુભ કાયા પણ પવિત્ર છે. એટલા માટે વ્રતીઓના શરીર રોગાદિ વડે મલિન જોઈને પણ તેમાં ગ્લાનિનો અભાવ તથા રત્નત્રયમાં પ્રીતિ થવી તેનું નામ નિર્વિચિકિત્સા નામનું અંગ છે.

**ભાવાર્થ :-** આ દેહ તો સાત ધાતુમય તથા મળ-મૂત્રાદિમય છે ને સ્વભાવથી જ અપવિત્ર છે. આ શરીર તો રત્નત્રયનું સ્વરૂપ પ્રગટ થવાથી પવિત્ર થઈ જાય છે. એટલે રોગસહિત, વૃદ્ધાવસ્થા તથા તપસ્યાથી ક્ષીણતા, મલીનતા જોઈને જેને ગ્લાનિ થતી નથી, પરંતુ ગુણોમાં અનુરાગ થાય છે તેને નિર્વિચિકિત્સા નામનું અંગ છે.

**અહીં એ વિશેષ જાણવું કે - જે સમ્યગ્દૃષ્ટિ છે તે વસ્તુનું સાચું સ્વરૂપ જાણે જ છે** એટલે પુદ્‌ગલના વિચિત્ર અનેક સ્વભાવ જાણીને મળ, મૂત્ર, રક્ત, માંસ, પરૂ સહિત તથા ગરીબાઈ, રોગાદિ સહિત મનુષ્ય કે તિર્યંચોના શરીર આદિની મલિનતા, દુર્ગંધ આદિ જોઈને-સાંભળીને ગ્લાનિ કરતો નથી.

કર્મોના ઉદયથી ભૂખ, તરસ, રોગ, ગરીબાઈથી દુઃખી થવું, પરાધીન જેલમાં પડવું, નીચકુળ વિ.માં ઉત્પન્ન થવું, નીચ કર્મ કરી ભોજન કરવું, મેલા-ગંદા વસ્ત્રો

પહેરવા, ખોટા રૂપ-અંગ-ઉપાંગ પ્રાપ્તિ થવી વિ. થાય છે. સમ્યગ્દષ્ટિ આમાં ગ્લાનિ કરી પોતાના મનને બગાડતા નથી, તથા કષાયને વશ નિંદ્ય આચરણ કરવાવાળાને જોઈને પોતાના પરિણામ બગાડતા નથી, તેમને નિર્વિચિકિત્સા અંગ હોય છે.

મલિન ક્ષેત્ર, મલિન ગ્રામ, ઘર વિગેરેમાં મલિનતા, ગરીબાઈ જોઈને ગ્લાનિ કરતો નથી. અંધકાર, વર્ષા, ગ્રીષ્મ (ગરમી), ઠંડીના કષ્ટ સમયે ગ્લાનિ કરતો નથી. ગરીબી તથા રોગ થવો જાણીને, ઈષ્ટનો વિયોગ થવો કે અશુભ કર્મનો ઉદય આવવો જાણી તે સમયે પોતાના પરિણામ ખરાબ કરતો નથી. મેં જે કર્મ બંધ કર્યાં છે તેના ફળને હું જ ભોગવીશ, અશુભ કર્મનું ફળ તો આવું જ હોય - જે આ રીતે જાણીને પોતાના પરિણામ બગાડતો નથી તે પુરૂષને નિર્વિચિકિત્સા અંગ હોય છે.

જેને નિર્વિચિકિત્સા અંગ છે તેને જ દયા છે, તેને જ વૈયાવૃત્ત હોય છે તેને જ વાત્સલ્ય સ્થિતિકરણાદિ ગુણ પ્રગટ થાય છે. આ રીતે સમ્યક્ત્વનું નિર્વિચિકિત્સા નામનું અંગ કહ્યું.

હવે **અમૂઢદષ્ટિ** નામના સમ્યક્ત્વના ચોથા અંગને કહેવાવાળો શ્લોક કહે છે-

**कापथे पथि दुःखानां कापथस्थेऽप्यसंमतिः ।**
**असंपृक्तिरनुत्कीर्तिरमूढ़ा दृष्टिरुच्यते ।।१४।।**

**અર્થ :-** નરક, તિર્યંચ-કુમનુષ્યાદિ ગતિઓના ઘોર દુઃખોનો માર્ગ એવો જે મિથ્યામાર્ગ તેની તથા કુમાર્ગી અર્થાત્ મિથ્યામાર્ગ પર ચાલવાવાળા પુરૂષોની જે મનથી પ્રશંસા કરતો નથી, વચનોથી પ્રશંસા કરતો નથી તથા કાયાની ચેષ્ટાથી પ્રશંસા કરતો નથી તે અમૂઢદષ્ટિ છે.

**ભાવાર્થ :- અહીં સંસારીજીવ મિથ્યાત્વના પ્રભાવથી રાગી-દ્વેષી દેવોની પૂજા-પ્રભાવના જોઈને પ્રશંસા કરે છે,** દેવીને માટે જીવહિંસા કરી હોય તેની પ્રશંસા કરે છે, દસ પ્રકારનાં કુદાનને (ગૌ, કન્યા, સુવર્ણ, હાથી, ઘોડા, ઘર, પૃથ્વી, તલ, રથ અને દાસી) ભલાં જાણે છે, યજ્ઞ, હવન આદિની તથા ખોટા મંત્ર-તંત્ર-મારણ, વશીકરણ વિગેરે કાર્યોની પ્રશંસા કરે છે, કૂવા-વાવડી-તળાવ ખોદવાની પ્રશંસા કરે છે, કંદમૂળ, શાક, પત્રાદિ ખાવાવાળાને ઉંચા માની (ત્યાગી માની) પ્રશંસા કરે છે, પંચાગ્નિ તપનાર, વાઘનાં ચામડાં ઓઢનાર, ભસ્મ ચોળનાર, અને ઉંચો હાથ રાખનારને મહાન ઉંચા જાણી પ્રશંસા કરે છે, ગેરૂથી રંગેલાં કપડાં, લાલ કપડાં, સફેદ વસ્ત્ર

પહેરવાવાળા કુલિંગીઓના માર્ગની પ્રશંસા કરે છે, ખોટા તીર્થોને અને ખોટા રાગી-દ્વેષી, મોહી, વક્ર પરિણામી, શસ્ત્રધારી દેવોને પૂજ્ય માને છે, જોગણી, યક્ષણિ, ક્ષેત્રપાલાદિને ધન આપનાર તથા રોગને દૂર કરનાર માને છે, યક્ષ, ક્ષેત્રપાલ, પદ્માવતી, ચક્રેશ્વરી ઈત્યાદિને જિનશાસનના રક્ષક માની પૂજે છે.

દેવતાઓને કવલાહાર માનીને તેલ, લાપસી, પૌઆ, વડાં, તથા અત્તર, ફુલમાળા વિગેરેથી દેવ પ્રસન્ન થવા માને છે, દેવતાઓને લાંચ આપવારૂપ માન્યતા માની એમ વિચારે છે કે — જો મારૂં અમુક કાર્ય સિદ્ધ થઈ જશે તો તમારા માટે છત્ર ચઢાવીશ, મંદિર બનાવીશ, રૂપિયા ચઢાવીશ, જીવોને મારીને ચઢાવીશ, સવા મણનું ચુરમુ ચઢાવીશ, બાળક જીવે એટલે તેમની ચોટલી કે જટા ઉતરાવીશ વિગેરે અનેક પ્રકારની માન્યતા માને છે તે બધો તીવ્ર મિથ્યાત્વના ઉદયનો પ્રભાવ છે.

**જ્યાં જીવોની હિંસા છે ત્યાં મહાઘોર પાપ છે.** દેવતાઓના નિમિત્તથી અને ગુરૂઓના નિમિત્તથી કરવામાં આવતી હિંસા સંસાર સમુદ્રમાં ડુબાડવાવાળી છે. કોઈપણ દેવતાઓના ભયથી, લોભથી, લાભથી હિંસાના આરંભમાં કદી પણ પ્રવર્તવું નહિ. દયાવાનની તો દેવ રક્ષા કરે જ છે. **જે કોઈનો અપરાધ કરતો નથી, વેર રાખતો નથી તેની વિરાધના દેવ પણ કરી શકતા નથી.**

રાગી-દ્વેષી શસ્ત્રધારી જે દેવ છે તે તો સ્વયં જ દુ:ખી છે, ભયભીત છે, અસમર્થ છે. જો તે સ્વયં સમર્થ હોય, ભય રહિત હોય તો શસ્ત્ર ધારણ કેમ કરે છે ? જેને ભૂખ લાગે છે તે જ ભોજનાદિ સામગ્રીથી પોતાની પૂજા કરાવવા માગે છે એટલે સંસારમાં પતનનું કારણ એવા જે ખોટા માર્ગમાં સ્થિત છે તેવા મિથ્યાદષ્ટિઓનાં ત્યાગ, વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ, દાનાદિ તથા તેના ધારણ કરવાવાળાઓની મન-વચન-કાયથી પ્રશંસા ન કરવી તે અમૂઢદષ્ટિ નામનું સમ્યક્ત્વનું ચોથું અંગ છે.

તેથી દેવ-કુદેવનું, ધર્મ-કુધર્મનું, ગુરૂ-કુગુરૂનું, પાપ-પુણ્યનું, ભક્ષ્ય-અભક્ષ્યનું, ત્યાજ્ય-અત્યાજ્યનું, આરાધ્ય-અનઆરાધ્યનું, કાર્ય-અકાર્યનું, શાસ્ત્ર-કુશાસ્ત્રનું, દાન-કુદાનનું, પાત્ર-અપાત્રનું, દેવા યોગ્ય-ન દેવા યોગ્યનું, યુક્તિ-કુયુક્તિનું, કહેવાયોગ્ય-ન કહેવાયોગ્યનું, ગ્રાહ્ય-અગ્રાહ્યનું અનેકાંતસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગના પરમાગમથી સારી રીતે જાણીને, નિર્ણય કરીને મૂઢતા રહિત થવું, પક્ષપાત છોડીને વ્યવહાર-નિશ્ચય (પરમાર્થ)માં વિરોધ રહિત થઈ યથાર્થ શ્રદ્ધાન કરવું તે અમૂઢદષ્ટિ નામનું ચોથું અંગ છે.

હવે **ઉપગૂહન** નામના સમ્યક્ત્વના પાંચમા અંગની પ્રરૂપણા કરવાવાળો શ્લોક કહે છે -

**स्वयंशुद्धस्य मार्गस्य, बालाशक्तजनाश्रयाम् ।**
**वाच्यतां यत्प्रमार्जन्ति, तद्वदन्त्युपगूहनम् ।।१५।।**

**અર્થ :-** આ જે જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશેલો રત્નત્રયરૂપ માર્ગ છે તે સ્વતઃ શુદ્ધ છે, નિર્દોષ છે. આ રત્નત્રયરૂપ માર્ગની નિંદા થાય તેવું કાર્ય અજ્ઞાનને લીધે કે અશક્તિને કારણે કોઈથી થયું હોય તો તે નિંદા વિગેરેને દૂર કરી જિનમાર્ગને શુદ્ધ નિર્દોષ સ્થાપવો તેને ઉપગૂહન કહે છે.

**અહીં વિશેષ એમ જાણવું કે** — જે જિનેન્દ્ર ભગવાને ઉપદેશેલો દશ લક્ષણરૂપ ધર્મ તથા રત્નત્રયરૂપ ધર્મ છે તે અનાદિ-અનંત છે, જગતના જીવોને ઉપકાર કરનાર છે. સર્વ પ્રકારે નિર્દોષ છે, તેનાથી કોઈનું અહિત થાય તેમ નથી, કોઈ તેને બાધા ન કરી શકે તેવો અબાધિત, અખંડિત છે. એવા ધર્મને વિશે કોઈ અજ્ઞાનીના દોષને નિમિત્તે કે કોઈની નિર્બળતાના નિમિત્તે જો ધર્મની નિંદા થતી હોય તો તે દૂર કરવી, દોષ ઉઘાડા ન કરવા (ઢાંકવા) તેને ઉપગૂહન અંગ કહે છે.

**ભાવાર્થ :-** એક અજ્ઞાનીની ભૂલચૂકને જો અન્ય મિથ્યાદૃષ્ટિ સાંભળશે તો જૈનધર્મની નિંદા કરશે તથા સમસ્ત ધર્માત્માઓ ઉપર દોષ લગાવશે અને કહેશે કે આ જૈનધર્મમાં તો જેટલા પણ જ્ઞાની, તપસ્વી, ત્યાગી, વ્રતી છે તે બધા પાખંડી છે. મિથ્યામાર્ગી છે. આ રીતે એક અજ્ઞાનીના દોષથી સંપૂર્ણ ધર્મ અને બધા ધર્માત્માઓને દોષ લાગશે. એટલે જે ધર્માત્મા પુરૂષ હોય છે તે કોઈ અન્ય ધર્માત્માથી દોષ થયો હોય તો પણ ધર્મના અનુરાગને લીધે, ધર્મમાં પરના નિમિત્તથી થયેલા દોષને ઢાંકી દે છે.

જેમ માતાનો પુત્ર સાથે એવો પ્રેમ હોય છે કે — કદાચ પુત્ર કોઈ અન્યાય કે ખોટું કાર્ય પણ કરી નાખે તો માતા તેના ખોટા કાર્ય ને છૂપાવી દે છે, ઢાંકી જ દે છે, તેમ ધર્માત્મા પુરૂષને ધર્મથી અને સાધર્મીથી એવો પ્રેમ હોય છે કે જો કોઈ સાધર્મીને કર્મના પ્રબળ ઉદયથી, અજ્ઞાનતાથી, યા અશક્તિથી વ્રતમાં, સંયમમાં, શીલમાં દોષ આવી જાય કે વ્રતનો ભંગ થઈ જાય તો પોતાની શક્તિ અનુસાર તે ઢાંકે છે.

**અહીં વિશેષ એમ જાણવું કે -** સમ્યગ્દૃષ્ટિ જીવનો સ્વભાવ જ એવો હોય

છે કે તે કોઈપણ જીવનો દોષ પ્રગટ કરતો નથી. પોતાના સારા કામની પ્રશંસા કરતો નથી. સમ્યગ્દષ્ટિને બીજા જીવોના દોષ પણ દેખાઈ જાય તો એવો વિચાર આવે છે કે — આ સંસારમાં અનાદિકાળથી જીવ કર્મોને વશ છે એટલે **જ્યાં સુધી મોહનીય કર્મ તથા જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મનો ઉદય ચાલી રહ્યો છે ત્યાં સુધી દોષ લાગવામાં તથા ભૂલ-ચૂક થવામાં શું આશ્ચર્ય છે ?** જીવોને કામ-ક્રોધ-લોભાદિ નિરંતર પીડા કરી રહ્યાં છે, ભ્રષ્ટ કરી રહ્યાં છે, મેં પણ સંસારમાં રાગ-દ્વેષ-મોહને વશ થઈ કયાં દોષ નથી કર્યા ?

**મને જિનેન્દ્રના પરમાગમની શરણની કૃપાથી હવે કંઈક દોષ અને ગુણની ઓળખાણ થઈ છે** તો પણ અનાદિકાળના કષાયના સંસ્કારથી અનેક દોષ કરી રહ્યો છું. તેથી અન્ય જીવોના કર્મના ઉદયની પરાધીનતાથી થયેલા દોષ દેખીને તો કરૂણા જ કરવી ઘટે છે. સંસારીજીવ વિષય કષાયને વશ થયો પરાધીન છે. આ કષાય અને વિષયો જ્ઞાનને લૂંટી લઈ અનેક પ્રકારના નાચ નચાવે છે, પોતાનું સ્વરૂપ ભૂલાવે છે તેથી અજ્ઞાનીજનોના દોષ જોઈને તે પોતે ખેદ કરતા નથી. **ક્ષેત્ર, કાળ, આદિના નિમિત્તે જે બનનાર છે તેને ફેરવવા કોઈ સમર્થ નથી.** આ રીતે ઉપગૂહન નામનું સમ્યક્ત્વનું પાંચમું અંગ કહ્યું.

હવે **સ્થિતિકરણ** નામના સમ્યક્ત્વના છઠ્ઠા અંગ કહેવાવાળો શ્લોક કહે છે -

**दर्शनाच्चरणाद्वापि चलितां धर्मवत्सलैः ।**
**प्रत्यवस्थापनं प्राज्ञैः स्थितिकरणमुच्यते ।।१६।।**

**અર્થ :-** કોઈ પુરૂષ પહેલાં સમ્યગ્દર્શન સહિત શ્રદ્ધાની તથા વ્રત સંયમ સહિત ચારિત્ર ધારક હોય, પછી કોઈ પ્રબળ કષાયના ઉદયથી, ખોટી સંગતિથી, રોગની તીવ્ર વેદનાથી, ગરીબાઈથી, મિથ્યા ઉપદેશથી કે મિથ્યાદષ્ટિના મંત્ર-તંત્રાદિક ચમત્કાર જોઈને સત્યાર્થ શ્રદ્ધા કે આચરણથી ડગી જતો હોય તેને ધર્મથી ડગી જતો જાણી, વાત્સલ્ય ધર્મવાળો ધર્માત્મા-પ્રવિણ પુરૂષ તેને ઉપદેશાદિક વડે ફરી સત્યાર્થ શ્રદ્ધા કે ચારિત્રરૂપ ધર્મ માર્ગમાં સ્થિર કરે તેને સ્થિતિકરણ અંગ કહેવાય છે.

**અહીં એમ વિશેષ જાણવું -** કોઈ ધર્માત્મા અવિરત સમ્યગ્દષ્ટિ કે વ્રતવાળા પુરૂષનાં પરિણામ રોગની વેદનાથી, ગરીબાઈથી કે કોઈના વિયોગને લઈને ધર્મથી ચળી

જાય તો ધર્મમાં પ્રીતિવંત જે પ્રવિણ પુરૂષ તેને ધર્મથી પતિત થતો જાણી ઉપદેશથી ધર્મમાર્ગમાં પુનઃસ્થાપિત કરે તેને સ્થિતિકરણ અંગ છે.

હે ધર્મના ઈચ્છુક ધર્માનુરાગી ! સાંભળ !! આ મનુષ્ય ભવ, તેમાં ઉત્તમકુળ, ઈન્દ્રિયોની શક્તિ (પૂર્ણતા), ધર્મનો લાભ-આ બધી ખૂબ દુર્લભ ચીજો મળી છે. એમનો વિયોગ થઈ ગયા પછી ફરી પાછાં મળવાં અનંતકાળમાં પણ દુર્લભ છે. તેથી કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલાં રોગ, વિયોગ, દરિદ્રતા આદિ દુઃખથી કાયર થઈ આર્ત્તધ્યાનનાં પરિણામ કરવાં યોગ્ય નથી, દુઃખી થઈ (ખેદ કરવાથી) બીજાં નવાં વધુ કર્મ બંધાશે. કાયર થઈને ભોગવીશ કે ધીર-વીરપણે ભોગવીશ તોય કર્મફળ છોડશે નહિ માટે દુર્ગતિનું કારણ અને ધિક્કારવા યોગ્ય જે કાયરતા તેનો ત્યાગ કર. હવે તો સાહસપૂર્વક ધૈર્ય ધારણ કરો.

મનુષ્યભવનું સાફલ્ય તો ધીરતાને સંતોવત સહિત ધર્મનું સેવન કરી આત્માનો ઉદ્ધાર કરવો એ છે. મનુષ્ય દેહ તો રોગનું ઘર છે, તેમાં રોગ ઉપજે એમાં શું આશ્ચર્ય છે ? એ વખતે તો માત્ર ધર્મ જ શરણ છે. રોગ તો ઉપજશે જ, કેમ કે **સંયોગ છે તે વિયોગ સહિત જ છે.** કયા જીવને દુઃખ નથી પડ્યાં ? તેથી હિંમત રાખીને એક ધર્મનું જ અવલંબન લ્યો. જે જે વસ્તુ ઉપજે છે તે તે બધી વિનાશ સહિત છે. દેહનો નિશ્ચયે વિયોગ થવાનો છે જ, તો બીજા પ્રાણીઓ જે પોતાના કર્મને આધીન ઉપજે છે અને મરે છે તેમનો હર્ષ-શોક કરવો નકામો છે, બંધનું કારણ છે.

**આ દુઃષમ કાળનાં મનુષ્યો અલ્પ આયુષ્ય અને અલ્પ બુદ્ધિ સહિત જન્મે છે.** આ કાળમાં કષાયની આધીનતા અને વિષયોની લંપટતા, બુદ્ધિની મંદતા, રોગની અધિકતા, ઈર્ષ્યાની વિશેષતા તથા દરિદ્રતા સહિત જ ઘણા જન્મે છે; તેથી સમ્યક્‌જ્ઞાન પામીને કર્મને જીતવાનો ઉદ્યમ કરવો યોગ્ય છે, કાયર થવું યોગ્ય નથી એવો ઉપદેશ આપીને પરિણામ સ્થિર કરે. રોગી હોય તો ઔષધ, ભોજન, પથ્ય આદિ વડે ઉપચાર કરે. બાર ભાવનાઓનું સ્મરણ કરાવે. મલ-મૂત્રાદિને દૂર કરવાં વ. દ્વારા શરીરની સેવા કરે. કોઈપણ પ્રકારે તે જીવનાં પરિણામ ધર્મમાં દઢ કરવાં તે સ્થિતિકરણ અંગ છે.

કોઈને રોગ વધી જવાથી જ્ઞાનમાં શિથિલતા આવે, વ્રત ભંગ કરવા લાગે, કસમયે ભોજન-પાણી વિગેરે યાચવા લાગી જાય, ત્યાગ કરેલી વસ્તુને ઈચ્છવા લાગે તો તેનું અપમાન ન કરે પરંતુ તેના પ્રત્યે દયાળુ થઈને એવા મધુર ઉપદેશાદિ કરે કે જેથી ફરી તે સાવધાન થઈ જાય.

**કર્મ બળવાન છે.** વાતપિત્તાદિક વિકારથી જ્ઞાન બગડતાં શી વાર ? અહીં વધારે ઉપદેશથી ગ્રંથ મોટો થઈ જાય એટલે થોડામાં જ ઘણું સમજવું.

ગરીબાઈ વિગેરેથી પિડીતને પોતાની શક્તિ પ્રમાણે ઉપદેશ, આહાર, પાણી, વસ્ત્ર, આજીવિકા, રહેવાનું મકાન, તથા પાત્ર આદિ જે વડે સ્થિરતા થઈ જાય તે પ્રકારે દાન, સન્માન આદિ ઉપાય કરી સ્થિર કરવા તે સ્થિતિકરણ નામનું સમ્યક્ત્વનું છઠ્ઠું અંગ છે.

પોતાનો આત્મા પણ જો નીતિ માર્ગ છોડીને કામ-મદ-લોભને વશ થઈ અન્યાયપૂર્વકનાં વિષય તથા ધનની ઈચ્છા કરવા લાગે, અયોગ્ય વચન બોલવા લાગે, અભક્ષ્ય ભક્ષણમાં પ્રવૃત્ત થઈ જાય, અભિમાનને વશ થઈ જાય, સંતોષથી ડગી જાય, અનેક પ્રકારના પરિગ્રહમાં લાલસા વધી જાય, કુટુંબમાં રાગ અધિક થઈ જાય, રોગને સહન કરવામાં કાયર થઈ જાય, આર્ત્તધ્યાની થઈ જાય, વિયોગમાં શોક સહિત થઈ જાય, નિર્ધનતાથી દીન થઈ જાય, ઉત્સાહ રહિત થઈ જાય, **આકુળતારૂપ થઈ જાય તો પોતે પણ અધ્યાત્મ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે,** બાર ભાવનાઓનું શરણ લે, આત્માના અજર-અમર-અવિનાશી-એકાકી પરદ્રવ્યના ભાવ રહિત સ્વભાવનું ચિંતવન કરે, આત્માને, ધર્મથી છૂટવા ન દે તથા અસાતાદિ કર્મ, અંતરાય કર્મ, તથા બીજા અન્ય કર્મોના ઉદયને આત્માથી ભિન્ન માનીને કર્મોના ઉદયને કારણે પોતાના સ્વભાવને ચલાયમાન ન થવા દેવો તે સ્થિતિકરણ નામનું છઠ્ઠું અંગ છે.

હવે સમ્યક્ત્વના **વાત્સલ્ય** નામના સાતમા અંગને કહેવાવાળો શ્લોક કહે છે.

**स्वयूथ्यान्प्रति सद्भाव - सनाथापेत-कैतवा ।**
**प्रति-पत्तिर्यथा-योग्यं, वात्सल्यमभिलप्यते ।।१७।।**

**અર્થ :-** સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ ધર્મ ધારણ કરવાવાળાઓનો સમુદાય તો ધર્માત્માની પોતાની મંડળી છે. રત્નત્રયના ધારકોના જૂથમાં રહેવાવાળા મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા તથા અવ્રત-સમ્યગ્દષ્ટિઓ પ્રત્યે સાચા ભાવ સહિત, કપટરહિત, યથાયોગ્ય વિનયરૂપ પ્રવર્તન કરવું, ઉભા થવું, સામા જવું, વંદના કરવી, ગુણોનું સ્તવન કરવું, હાથ જોડવા, આજ્ઞા માનવી, પૂજા-પ્રશંસા કરવી, ઉંચા આસને બિરાજમાન કરી પોતે નીચા આસને બેસવું, એમના આવવાથી કોઈ દરિદ્રીને મહાનિધાન પ્રાપ્ત થવાથી જેવો આનંદ થાય તેવો આનંદ થવો, અધિક પ્રેમ ઉપજવો, અને સમય અનુસાર

આહાર-પાણી, નિવાસ, સામગ્રી વિ. દ્વારા વૈયાવૃત્ત કરી આનંદ માનવો તેને વાત્સલ્ય અંગ કહે છે.

**અહીં અધિક એમ જાણવું** – જેને અહિંસા ધર્મમાં પ્રીતિ હોય, (જે) હિંસા રહિત કાર્યોને પ્રીતિ સહિત કરતો હોય, હિંસાના નિમિત્તોને દુરથી જ ટાળવા માગતો હોય, સત્ય વચન, સત્ય વચનના ધારકોમાં તથા સત્ય ધર્મની પ્રરૂપણામાં પ્રીતિ હોય, અન્યનાં ધન અને સ્ત્રીના ત્યાગમાં રુચિ હોય, પરધન અને પરસ્ત્રીના ત્યાગીઓમાં પ્રીતિ હોય તેને જ વાત્સલ્ય અંગ હોય છે. દસ લક્ષણ ધર્મ તથા ધર્મના ધારકોમાં-સાધર્મીઓમાં જેને અનુરાગ હોય અને ધર્મમાં અનુરાગ હોવાથી ત્યાગી સંયમીઓ પ્રત્યે મહાન આદર સહિત પ્રિયવચનપૂર્વક પ્રવર્તતો હોય તેને વાત્સલ્ય અંગ હોય છે.

જો કે સમ્યગ્દષ્ટિને અંતરથી પોતાના શુદ્ધ જ્ઞાનદર્શનમાં અને બાહ્ય પ્રવર્તનથી ઉત્તમ ક્ષમાદિ ધર્મને ધારણ કરનાર તથા ધર્મનાં આયતન (સ્થાન) ઉપર અનુરાગ હોય છે તો પણ અન્ય મિથ્યાદષ્ટિ પ્રત્યે તેને દ્વેષભાવ નથી, કારણ કે **પ્રવચનસાર સિદ્ધાન્ત ગ્રંથમાં એમ કહ્યું છે – રાગ, દ્વેષ મોહ એ બંધનાં જ કારણ છે. તેમાં મોહ અર્થાત્ મિથ્યાત્વ અને દ્વેષ એ બંને તો અશુભભાવ જ છે, સંસાર પરિભ્રમણના કારણરૂપ પાપકર્મનો જ એકાંતે બંધ કરે છે.**

રાગભાવ છે તે શુભ અને અશુભ બે પ્રકારના છે. અરહંતાદિક પંચ પરમેષ્ઠી પ્રત્યે, દસ લક્ષણ ધર્મ પ્રત્યે, સ્યાદ્વાદરૂપ જિનેન્દ્રનાં આગમ પ્રત્યે, વીતરાગની પ્રતિમા પ્રત્યે તથા વીતરાગ પ્રતિમાવાળા મંદિર પ્રત્યે અનુરાગરૂપ શુભરાગ છે. તે સ્વર્ગાદિકની પ્રાપ્તિ કરાવનાર પુણ્યબંધનું કારણ છે તેમ જ પરંપરાએ મોક્ષનું કારણ છે. (પરંતુ) વિષયો તથા કષાયો (ક્રોધ, માન, માયા, લોભ)માં, મિથ્યાધર્મમાં, મિથ્યાદષ્ટિ પ્રત્યે અને પરિગ્રહાદિક પાંચ પાપમાં જે રુચીપૂર્વકનો રાગભાવ તથા મોહ ભાવ અને દ્વેષભાવ છે તે નરક નિગોદાદિકમાં અનંતકાળ પરિભ્રમણ કરાવનાર છે.

**જે સમ્યગ્દષ્ટિ છે (તે) તો અન્ય અજ્ઞાની મિથ્યાદષ્ટિ પાપી પ્રત્યે પણ દ્વેષભાવ કરતો નથી,** કારણ કે સમસ્ત સંસારી જીવો મિથ્યાત્વ કર્મ અને જ્ઞાનાવરણાદિ કર્મને વશ થઈ આત્માને ભૂલી રહ્યા છે, અજ્ઞાની છે. તેમની સાથે વેર કરવાથી શું મળવાનું છે ? તેમને તો તેમની વિપરીત બુદ્ધિ જ મારી રહી છે. તેથી સમ્યગ્દષ્ટિ દયાભાવ જ રાખે છે, રાગ-દ્વેષ રહિત મધ્યસ્થ રહે છે. જે સમ્યગ્દષ્ટિ છે તે તો વસ્તુના સ્વભાવને

યથાર્થ જાણીને એકેન્દ્રિય આદિ જીવો ઉપર કરૂણાભાવરૂપ પ્રીતિ જ કરે છે. સર્વ મનુષ્યો પ્રત્યે વેર રહિત રહીને કોઈપણ જીવની વિરાધના, અપમાન-હાનિ વિગેરે કરતો નથી. **મિથ્યાદષ્ટિઓના બનાવેલા જે દેવતાઓનાં મંદિર, સ્થાન, મઠ વિગેરે છે તેમની સાથે વેર રાખીને તેમનો નાશ કરવાનું ઈચ્છતો નથી.** સરાગી દેવોની મૂર્તિ, દેવતાઓની ક્રૂરતા સહિતની મૂર્તિ તથા યોગિની, યક્ષ, ભૈરવાદિ વ્યંતરોની સ્થાપનાના સ્થાન છે, તેમનાથી કદી વેર રાખતો નથી કારણ કે આ દેવતાઓની મૂર્તિઓ તથા તેમનાં સ્થાન તો અનેક જીવોના અભિપ્રાયને આધીન પૂજવા-આરાધવા માટે જ બનાવવામાં આવેલ છે. અન્યના અભિપ્રાયને બદલવા કરવા કોણ સમર્થ છે ? બધા માનવો પોત-પોતાનો ધર્મ માનીને દેવતાઓની સ્થાપના કરે છે. જેમને જેવો સમ્યક્ કે મિથ્યા ઉપદેશ મળ્યો તેવી રીતે પ્રવર્તન કરે છે.

એટલે જ વસ્તુના સ્વરૂપને જાણનાર, સર્વ પ્રત્યે સમભાવ રાખનાર સમ્યગ્દષ્ટિ કોઈ માણસને ''હુંકારો-ટુંકારો'' કરતો નથી, તો અન્યના ધર્મની, અન્યના દેવોની કે મંદિરોની અવજ્ઞા થાય તેવા વચન કેમ કહે ? ન જ કહે. જે સર્વ જીવોમાં મૈત્રીભાવ રાખે છે એવો સમ્યગ્દષ્ટિ અચેતન એવા સ્થાન, પથ્થર, ગૃહાદિ વિગેરે અન્યનાં વિશ્રામ સ્થાનો પ્રત્યે સ્વપ્નમાં પણ વેરભાવ રાખતો નથી.

પોતાનાં ધન, ધરતી, આજીવિકા, તથા કુટુંબનો નાશ કરવાની તથા પોતાને મારી નાખવા ચાહે તેવા બળવાન દુષ્ટ પ્રત્યે તે વેર રાખતો નથી.

**તે તો આ રીતે વિચારે છે કે** – ''મારાં જ પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મના ઉદયથી મને વેર રાખવાવાળો બળવાન શત્રુ મળ્યો છે. એટલે હું મારી શક્તિ અનુસાર તેને પ્રિય વચન વડે (સમજાવવારૂપ) **સામથી,** ધન આપવારૂપ **દામથી,** યથાશક્તિ તેને શિક્ષા કરવારૂપ **દંડથી** તથા તેમનામાં પરસ્પર **ભેદ** (કરવારૂપ) વિગેરે ઉપાયોથી શત્રુને રોકી મારી રક્ષા કરૂં''. જો શત્રુ રોકાય તેમ ન હોય તો **એમ વિચારે કે** – ''મારા પૂર્વ કર્મના ઉદયે આને બળવાન બનાવ્યો છે અને મને નિર્બળ બનાવીને શિક્ષા કરી છે તેમાં મારે કોની સાથે વેર કરવું ? મારા શત્રુરૂપ જે કર્મ તે નિર્જરી જાય તેવો સમભાવ ધારણ કરી કર્મને જીતું. અન્યની સાથે વેર કરી વ્યર્થમાં કર્મ નહિ બાંધુ'' સમ્યગ્દષ્ટિને બધા સાથે વાત્સલ્ય હોય છે કોઈથી પણ વેર રાખતો નથી.

જો કોઈ દુષ્ટ જીવ ધર્મ પ્રત્યેના વેરને લીધે મંદિર કે પ્રતિમાનો નાશ કરવા આવે, તો તેને પોતાના બળથી રોકી શકાય તો રોકે પણ તે પ્રબળ હોય તો વિચાર કરે

કે કળિકાળના નિમિત્તે ધર્મનો ઘાતક પ્રગટ થઈને પોતાનું વેર વાળે છે તે બળવાન કેવી રીતે રોકાય ? મારા ઉત્તમ ક્ષમાદિક તથા સમ્યક્જ્ઞાન શ્રદ્ધા આદિક ધર્મનો નાશ કરવા કોઈ સમર્થ નથી. મંદિર વિગેરેને તો દુષ્ટ બગાડે જ છે અને ધર્માત્મા ફરીથી બંધાવે છે. કાળના નિમિત્તે અનેક દુષ્ટ જીવો ઉત્પન્ન થાય છે તેને રોકવા કોણ સમર્થ છે ? **ભાવિ બળવાન છે.** સારૂં થવાનું હોત તો આવા દુષ્ટ મિથ્યાદષ્ટિ પ્રબળ બળવાન ન ઉપજત. તેથી વીતરાગતા એ જ મારૂં પરમ શરણ છે ! આ રીતે વાત્સલ્ય નામના સાતમા અંગનું વર્ણન કર્યું.

હવે **પ્રભાવના** નામના સમ્યક્ત્વના આઠમા અંગને કહેવાવાળા શ્લોક કહે છે-

**अज्ञान तिमिर व्याप्ति मपाकृत्य यथायथम् ।**
**जिनशासन माहात्म्य प्रकाशः स्यात्प्रभावन ।।१८।।**

**અર્થ** :- સંસારી જીવોના હૃદયમાં વ્યાપેલા અંધકારને સત્યાર્થ સ્વરૂપના પ્રકાશ વડે દૂર કરી જિનેન્દ્રના શાસનનું મહાત્મ્ય બતાવવું તે પ્રભાવના નામનું સમ્યક્ત્વનું આઠમું અંગ છે.

**અહીં એમ વિશેષ જાણવું કે -** અનાદિકાળનો સંસારી જીવ સર્વજ્ઞ-વીતરાગ દ્વારા પ્રકાશિત ધર્મને જાણતો નથી એટલે તેને એ પણ જ્ઞાન નથી કે હું કોણ છું? મારૂં સ્વરૂપ કેવું છે ? મારો જ્યારે અહીં જન્મ થયો ન હતો ત્યારે હું ક્યાં હતો ? કેવો હતો ? અહીં મને કોણે ઉત્પન્ન કર્યો? રાત-દિવસ આયુષ્ય વીતીને નષ્ટ થઈ રહ્યું છે, મારે કરવા યોગ્ય શું છે ? મારૂં હિત શું (શામાં) છે ? આરાધવા યોગ્ય કોણ છે ? જીવોને અનેક પ્રકારનાં સુખ-દુઃખ કેમ થાય છે ? દેવ-ગુરૂ-ધર્મનું સ્વરૂપ કેવું છે ? મૃત્યુ અને જીવનનું સ્વરૂપ કેવું છે ? ભક્ષ્ય-અભક્ષ્યનું સ્વરૂપ શું છે ? આ પયાર્યમાં મારે કરવા યોગ્ય કાર્ય શું છે ? મારૂં કોણ છે ? હું કોનો છું ? વિગેરે વિચારો રહિત મોહનીય કર્મકૃત અંધકારથી ઢંકાઈ ગયો છે. **તેમના અજ્ઞાનરૂપ અંધકારને સ્યાદ્વાદરૂપ પરમાગમના પ્રકાશથી દૂર કરીને, સ્વ-રૂપ અને પર-રૂપનું પ્રકાશ-જ્ઞાન કરવું તે પ્રભાવના નામનું અંગ છે.** સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર દ્વારા આત્માનું પ્રભાવ-મહાત્મ્ય પ્રગટ કરવું તે પ્રભાવના છે, દાન, તપ, શીલ, સંયમ, નિર્લોભતા, વિનય, પ્રિય-વચન, જિનેન્દ્ર-પૂજન, ગુણ-પ્રકાશન દ્વારા જૈનધર્મનું મહાત્મ્ય-પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના છે.

જેમના ઉત્તમ પરિણામોથી થવાવાળાં ઉત્તમદાન, ઘોર તપ, નિર્વાંચ્છકતા વિગેરેને જોઈને મિથ્યામતી પણ પ્રશંસા કરે છે. – જુઓ, અહો ! જૈનીઓમાં વાત્સલ્યતા સહિત મોટાં દાન દેવાય છે, નિષ્કામ ભાવે આવાં ભારે તપ જૈનીઓ જ કરી શકે છે. અહો ! જૈનીઓનાં મહાવ્રત કેવાં છે? પ્રાણ જાય તો પણ વ્રત ભંગ થવા દેતા નથી. અહો ! જૈનીઓને મહા અહિંસાવ્રત એવુ છે કે ? પ્રાણ જવાના પ્રસંગે પણ સંકલ્પ કરીને તેઓ જીવ હિંસા કરતા નથી. જેમને અસત્યનો ત્યાગ, ચોરીનો ત્યાગ, પરસ્ત્રીનો ત્યાગ, તથા જે પરિગ્રહની મર્યાદા કરવાથી સર્વ અનીતિથી રહિત છે, અભક્ષ્ય આહાર કરતા નથી, મર્યાદા સહિત દિવસે જ જોઈ તપાસી આહાર કરે છે, આવો જિનધર્મીઓનો ઉત્કૃષ્ટ ધર્મ છે, મહાન છે.

તેઓ બહુ વિનયવંત હોય છે, તથા પ્રિય-હિત-મીત વચન બોલીને બધાને આનંદ ઉપજાવે છે. તેમની સર્વોતમ ક્ષમા કેવી અદ્‌ભૂત છે ! પોતાના ઈષ્ટ દેવમાં તેમની ભક્તિ આશ્ચર્ય ઉપજાવે તેવી છે જૈની આગમની આજ્ઞાના અત્યંત દઢ શ્રદ્ધાવાળા છે. તેઓ સમ્યક્ વિદ્યાથી વિભૂષિત છે. તેમનાં આચરણ મહાન ઉજ્જવળ છે. સર્વે જીવ પ્રત્યે વેરભાવ રહિત થઈ બધા જીવોમાં મૈત્રીભાવ રાખે છે. આવો આશ્ચર્યજનક ધર્મ એમનાથી જ પાળી શકાય. એવી જિનધર્મની પ્રશંસા જેના નિમિત્તે મિથ્યા ધર્મીઓમાં પણ પ્રગટ થાય છે, તેઓ પ્રભાવના અંગ સહિત છે.

જેઓ અનીતિ કરી કદી ધનની ઈચ્છા કરતા નથી, અન્યાયના વિષયભોગ સ્વપ્નમાં પણ ગ્રહણ કરતા નથી, પોતાના નિમિત્તે જૈન ધર્મની નિંદા થાય તો આ લોક અને પરલોક બંને બગડે તેવા વિચારથી તે સમ્યક્‌દષ્ટિ પોતાનો, કુળનો, ધર્મનો, સાધર્મીનો કે દાન, શીલ, તપ, વ્રતનો અપવાદ ન થાય તેવી રીતે પ્રવર્તે છે. ધર્મને દોષ લાગવાનો ખૂબ ભય રહે છે. ધર્મની પ્રશંસા, ઉન્નતી ઉજ્જવલતા જ પ્રગટ થાય એવું આચરણ કરે છે, તેમને જ પ્રભાવના નામનું આઠમું અંગ હોય છે.

આ રીતે સમ્યક્ત્વના આઠ અંગોનો સમુદાય એ જ સમ્યગ્દર્શન છે. જેમ અંગોથી અંગી ભિન્ન નથી, **અંગોના સમૂહની એકતા એ જ અંગી છે** તેમ નિઃશંકિતાદિ ગુણોનો સમૂહ તે જ સમ્યગ્દર્શન છે. આ આઠ અંગોના પ્રતિપક્ષી શંકા, કાંક્ષા (ઈચ્છા), ગ્લાનિ, મૂઢતા, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય, અપ્રભાવના વિગેરે દ્વારા તે ધર્મને દૂષિત થવા દેતું નથી.

હવે નિઃશંકિતાદિ અંગોના પાલનમાં જે આગમમાં પ્રસિદ્ધિ પામ્યા છે તેમના નામ બે શ્લોકો દ્વારા કહે છે —

**तावदञ्जन चौराऽङ्गे ततोऽनन्तमतीः स्मृता ।**
**उद्दायनस्तृतीयेऽपि तुरीये रेवती मता ।।१९।।**

**ततो जिनेन्द्रभक्तोऽन्यो वारिषेणस्ततः परः ।**
**विष्णुश्च वज्रनामा च शेषयोर्लक्ष्यतां गतौ ।।२०।।**

**અર્થ :-** પ્રથમ (નિશંકીત) અંગમાં રાજપુત્ર અંજનચોર, બીજા નિઃકાંક્ષીત અંગમાં અનંતમતી નામની શેઠની પુત્રી, ત્રીજા (નિર્વિચીકીત્સા) અંગમાં ઉદ્દાયન રાજા, ચોથા (અમૂઢદષ્ટિ) અંગમાં રેવતીરાણી, પાંચમાં (ઉપગૂહન) અંગમાં જિનેન્દ્ર ભકત શેઠ, છઠ્ઠા (સ્થિતિકરણ) અંગમાં રાજપુત્ર વારિષેણમુનિ, સાતમા (વાત્સલ્ય) અંગમાં રાજપુત્ર વિષ્ણુકુમાર મુનિ, અને આઠમા (પ્રભાવના) અંગમાં રાજપુત્ર વજકુમાર મુનિ — આ આઠ નામ આગમમાં સમ્યક્ત્વના આઠ અંગોથી પ્રસિદ્ધિ પામવાવાળાંનાં ક્રમથી દષ્ટાંતરૂપમાં આવ્યા છે. તેમની વિસ્તૃત કથાઓ પ્રથમાનુયોગના શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, ત્યાંથી જાણી લેવી.

હવે અંગહીન સમ્યક્ત્વમાં સંસારનું પરિભ્રમણ છેદવાની અસમર્થતા બતાવતો શ્લોક કહે છે —

**नाङ्गहीन मलं छेत्तुं दर्शनं जन्म-संततिम् ।**
**न हि मन्त्रोऽक्षरन्यूनो निहन्ति विषेवेदनाम् ।।२१।।**

**અર્થ :-** અંગવિહીન સમ્યગ્દર્શન સંસારનું પરિભ્રમણ ટાળવામાં સમર્થ નથી, જેમ એક પણ અક્ષર ઓછો હોય તો મંત્ર વિષ(ઝેર)ની વેદનાને નષ્ટ કરી શકતો નથી. **જેના ભાવોમાં નિઃશંકિતાદિ અંગ પ્રગટ થાય છે તે જ સમ્યગ્દષ્ટિ સંસાર પરિભ્રમણનો નાશ કરે છે.** જેનું આઠ અંગોમાંથી જો એક પણ અંગ ઓછું છે — પ્રગટ થયું નથી, તેને સંસારનો અભાવ એવી રીતે થતો નથી જેવી રીતે અક્ષરહીન-મંત્ર સર્પાદિના ઝેરને દૂર કરી શકતો નથી.

મૂઢતાઓના ત્રણ પ્રકાર છે. એ ત્રણેય સમ્યક્ત્વની ઘાતક છે. એટલે ત્રણે પ્રકારની મૂઢતાઓના સ્વરૂપને જાણીને સમ્યગ્દર્શનને શુદ્ધ કરવું યોગ્ય છે.

હવે **લોક મૂઢતાનું સ્વરૂપ** કહેવાવાળો શ્લોક કહે છે -

**आपगा सागर-स्नान-मुच्चयः सिकताश्मनाम् ।**
**गिरि-पातोऽग्नि-पातश्च लोकमूढं निगद्यते ।।२२।।**

**અર્થ :-** જે લૌકિક-મિથ્યાધર્મી લોકો છે તેમનું આચરણ જોઈને જે નદીમાં સ્નાન કરવામાં ધર્મ માને છે, સમુદ્રમાં સ્નાન કરવામાં ધર્મ માને છે, રેતીનો ઢગલો-પથ્થરનો ઢગલો કરવામાં ધર્મ માને છે, પર્વત પરથી છલાંગ લગાવવામાં ધર્મ માને છે, અગ્નિમાં કૂદી પડવામાં ધર્મ માને છે તેને લોક મૂઢતા કહે છે. સમ્યગ્દર્શન લોક-મૂઢતા રહિત જ હોય છે.

અહીં મિથ્યાત્વના ઉદયથી દેશકાળના ભેદથી લૌકિક, અજ્ઞાની, પરમાર્થ રહિત લોકો અનેક પ્રકારની પ્રવૃત્તિ કરીને પોતાને ધર્મ થવો, પવિત્રતા થવી, લાભ થવો, વિયોગ ન થવો, લાંબુ આયુષ્ય મળવું, વિગેરે માને છે. તે લોકમૂઢતાને પ્રગટ અજ્ઞાન જાણીને તેનો ત્યાગ કરીને સમ્યક્ત્વભાવની વિશુદ્ધતા કરવી જોઈએ.

અહીં કેટલાયે એકાંતી લોકો છે, જે સ્નાન કરીને પોતાને પવિત્ર માને છે, **એટલે જ્ઞાનીઓએ આગમજ્ઞાન પૂર્વક વિચાર કરવો જોઈએ કે -** જે આત્મા છે તે તો અમૂર્તિક છે, તેને તો સ્નાન પહોંચતું જ નથી અને આ જે શરીર છે તે મહા અપવિત્ર છે, તેના સ્પર્શથી પવિત્ર ચંદન-ગંગાજળ-પુષ્પાદિ પણ સ્પર્શ કરવા યોગ્ય રહેતા નથી. આ શરીર હાડકા, માંસ, લોહી, ચામડું વિ. અપવિત્ર વસ્તુઓથી બનેલું છે તથા દુર્ગંધ, વિષ્ટા, મૂત્ર વિગેરે અપવિત્ર દ્રવ્યોથી ભરેલું છે. તથા જેના મુખદ્વારથી મહા અપવિત્ર કફ, લાળ, દાંતોનો મેલ, જીભનો મેલ, નિરંતર વહેતો રહે છે; આંખોમાંથી ચીકણો દુર્ગંધિત મેલ નીકળતો રહે છે, બીજાં દ્વારોથી મળ-મૂત્ર, દુર્ગંધિત કરમીયા વિગેરે નિરંતર નીકળ્યા કરે છે. કાનોમાંથી કાનનો મેલ નીકળે છે, નાકમાંથી નિરંતર દુર્ગંધિત ઘૃણા યોગ્ય મેલ નીતરે છે, અને સંપૂર્ણ શરીરના રોમ-રોમમાંથી મહા દુર્ગંધિત મલીન પરસેવો વહ્યા કરે છે.

**જેના નવ દ્વારોથી નિરંતર મળ વહ્યા કરતો હોય એવું શરીર પાણીથી સ્નાન કરવાથી કેવી રીતે શુદ્ધ થયું મનાય ? જેમ મળથી બનાવેલો ઘડો મળથી જ ભરેલો અને બધી જ બાજુએથી જેમાંથી મળ વહેતો હોય, તે પાણીથી ધોવાથી કેવી રીતે શુદ્ધ થઈ શકે ?**

આ લોકમાં જે પણ વસ્તુ, ભૂમિ, ક્ષેત્ર, ગંદકી કે અપવિત્ર કહેવાય છે તે બધા આ શરીરના સ્પર્શથી-સાનિધ્યથી જ અપવિત્ર થયા છે. કોઈ ચામડું પડવાથી, કોઈ વાળ પડવાથી, કોઈ એઠું ફેંકવાથી તે ક્ષેત્ર અપવિત્ર કહેવાય છે. લોહી, માંસ, હાડકા, વસા, પરૂ, મળ, મૂત્ર, થૂંક, લાળ, કફ, નાકનો મેલ વિગેરેના સ્પર્શ થઈ જવાથી જ, નહાવાના પાણીના છાંટા ઉડવાથી જ, કોગળાના પાણીના છાંટા ઉડવાથી જ અપવિત્ર થઈ જવું દેખીએ-સાંભળીએ છીએ. **એટલે બરાબર વિચાર કરો** – શરીરના સ્પર્શ-સંગમ વિના ક્યાંય પણ કોઈ અપવિત્રતા છે જ નહિ. આવી અપવિત્રતાનું સ્થાન-શરીર, પાણીથી નહાવાથી કેમ શુદ્ધ થાય ? અને આ શરીર પાણીથી નહાવાથી શુદ્ધ થઈ જાય તો પણ કોઈ બીજાના નહાવાના છાંટા ઉડવાથી ફરીથી અપવિત્ર થયેલું જ માનવામાં આવશે.

ગંગા, પુષ્કર વિગેરેમાં હજારો વાર સ્નાન-કોગળા કર્યા પછી, જો બીજી કોઈ વસ્તુ ઉપર કોગળો કરો તો તે વસ્તુ મહા અપવિત્ર માનવામાં આવશે. પાણીથી તો શરીર ઉપર લાગેલો મેલ દૂર થઈ જાય છે, તથા કપડાંની ગંદકી ધોવાથી સાફ થઈ જાય છે, પણ પાણી શરીરને ઉજ્જવળ-પવિત્ર બનાવી શકતું નથી. જેમ કોલસાને ગમે તેટલો ધોઈએ પણ મહા મલિનતા (કાળાશ) જ પ્રગટ થાય છે. એટલે **સ્નાન કરીને પવિત્ર થવાનું માનવું તે તો તીવ્ર મિથ્યાત્વ છે.**

**બીજો પણ વિચાર કરો** – જગતમાં પાણી જેવી અપવિત્ર કોઈ વસ્તુ નથી. જેમાં નિરંતર દેડકાં, કાચબા, સાપ, ઉંદર, વિસમરા, માખી, મચ્છર વિગેરે અનેક જીવ નિરંતર મરે છે. જેમાં ચામડું, હાડકા વિગેરે બધું ઓગળી જાય છે, અને અનેક ત્રસ જીવોનો જેમાં ઘાત થાય છે. એવું મહા નિંદનીય અપવિત્ર પાણી, એના સ્પર્શ-સ્નાન કરવાથી કેવી રીતે પવિત્રતા થશે ? ગંગા વિ. નદીઓમાં કરોડો મનુષ્યોના મળ-મૂત્ર, લોહી, માંસ, કાદવ તથા મરેલાં મનુષ્ય-તિર્યંચોના શરીર ફરતાં રહે છે, તે ગંગાનું પાણી કેવી રીતે અન્યને પવિત્ર કરશે ? **પાણીનું સૂતક તો કદી જતું જ નથી.**

પાણીથી તો શરીરની બહાર લાગેલો મેલ દૂર થઈ જાય છે. જેનાથી મનની ગ્લાનિ દૂર થઈ જાય છે. **પાણીથી પવિત્ર થવું-માનવું તથા સ્નાનમાં ધર્મ માનવો તે તો મિથ્યાદર્શન છે.** જો ગંગાના પાણીથી જ પવિત્રતા થઈ જાય તથા સ્નાન કરીને મુક્તિ મળી જાય તો પોપટ-ઘુવડને પણ પવિત્રતા સંભવે અને તેમની પણ મુક્તિ

થઈ જાય, અન્ય દાન-પૂજાદિ બધું નિષ્ફળ ઠરશે. મિથ્યાત્વના પ્રભાવથી બધા લોકો વિપરીત શ્રદ્ધાની થઈ રહ્યા છે.

જે આઠ પ્રકારની લૌકિક શુદ્ધિ કહી છે તે તો વ્યવહાર આચાર, કુલાચારને જ ઉજ્જવલ કરવામાં સમર્થ છે. પરંતુ શરીરને પવિત્ર કરી શકતી નથી. શ્રી રાજવાર્તિકજીમાં અશુચિ ભાવનામાં પણ કહ્યું છે કે — આ તો મનમાં પોતાએ જ સ્વયં ગ્લાનિ માની રાખી છે જે મેં તો નાહી લીધું છે, એવા સંકલ્પથી દૂર કરી દે છે.

## ❖ પવિત્રતા (શૌચનું વર્ણન) ❖

શુચિપણું બે પ્રકારનું છે. એક લૌકિક, બીજું લોકોત્તર જેને અલૌકિક પણ કહે છે. ત્યાં જેના કર્મ-મળ-કલંક દૂર થયા છે એવા આત્માનું પોતાના સ્વભાવમાં સ્થિર રહેવું તે લોકોત્તર શુચિપણું છે. તે લોકોત્તર પવિત્રતાની પ્રાપ્તિનું સાધન સમ્યગ્દર્શનાદિ છે અને સમ્યગ્દર્શનાદિકના ધારક સાધુ છે; વળી એમનો આધાર નિર્વાણ ક્ષેત્ર વિગેરે છે, તે પણ સમ્યગ્દર્શનાદિકનાં કારણ (ઉપાય) છે તેથી તે પણ શુચિ નામથી કહેવાવા યોગ્ય છે.

લૌકિક શુચિપણાના આઠ ભેદ છે. (૧) કાળશૌચ, (૨) ભસ્મશૌચ, (૩) અગ્નિશૌચ, (૪) મૃત્તિકાશૌચ, (૫) ગોમયશૌચ, (૬) પાણીશૌચ, (૭) પવનશૌચ, (૮) જ્ઞાનશૌચ, આ આઠ શૌચ શુદ્ધિઓ શરીરને પવિત્ર કરવામાં સમર્થ નથી. **લૌકિક જનો વ્યવહારના આ શૌચ છોડી દે તો ખૂબ અનર્થ થઈ જશે,** હીન આચરણનો ખેદ રહેશે નહિ, બધા એક જેવા થઈ જશે, પરમાર્થ પણ નષ્ટ થઈ જશે. વગેરે કારણે અનાદિકાળથી જ બાહ્ય શુચિતા (પવિત્રતા)ને અપનાવીને મનની ગ્લાનિ (ખેદ) મિટાવી દે છે.

જગતમાં કેટલીયે વસ્તુઓને તો સમય વ્યતીત થવાથી જ શુદ્ધ માની લેવાય છે. જેમકે રજઃસ્વલા સ્ત્રીને ત્રણ રાત વીતી જવાથી શુદ્ધ માની લેવાય છે, પરંતુ શરીરને તો **કોઈ કાળે** પણ શુદ્ધ મનાતું નથી. કેટલાંક ધાતુનાં એઠાં વાસણને રાખથી માંજવાથી શુદ્ધ માને છે, પરંતુ શરીર તો રાખ-**ભસ્મ** લગાવવાથી શુદ્ધ થતું નથી, કેટલાંક ધાતુનાં વાસણ જે શુદ્રાદિ દ્વારા ઉપયોગમાં લેવાતાં હોય તેમને તો **અગ્નિમાં** તપાવવાથી શુદ્ધ થવાં માને છે પરંતુ શરીર તો **અગ્નિ**ના સંસર્ગથી પણ શુદ્ધ થતું નથી.

મળ-મૂત્રાદિનો સ્પર્શ થયે **માટી**થી ધોવાથી શુદ્ધ મનાય છે, પરંતુ શરીર તો

માટી લગાવીને-ધોવાથી શુદ્ધ થતું નથી, ભૂમિ વિગેરેને **ગોબર** (છાણ)થી લીપવાથી શુદ્ધ થવાં માને છે પરંતુ છાણ લગાવવાથી શરીર તો શુદ્ધ થતું નથી. કાદવ વિગેરે લાગવાથી તથા શુદ્રાદિના સ્પર્શ થયે **પાણી**થી ધોવાથી તથા સ્નાન કરવાથી શુદ્ધતા માને છે પરંતુ શરીર તો સ્નાન કરવાથી શુદ્ધ થતું નથી. સ્નાન કર્યા પછી પણ ચંદન, પુષ્પ આદિ પવિત્ર વસ્તુ પણ શરીરના સ્પર્શમાત્રથી મલિન થઈ જાય છે. કેટલાક ભૂમિ, પથ્થર, કમાડ, લાકડાં વિગેરે **પવન**થી શુદ્ધ થવાં માને છે પરંતુ શરીર તો હવા લાગવાથી શુદ્ધ થતું નથી. કેટલાયે પદાર્થ એવા છે કે જેમને અશુદ્ધ મનાતા જ નથી એટલે શુદ્ધ મનાય છે; પરંતુ શરીરને શુદ્ધપણું હોવાનું કોઈ માનતું નથી.

એટલે જ શરીર તો આઠેય પ્રકારની **લૌકિક શુચીઓથી શુદ્ધ કરાતું નથી. લૌકિક શૌચથી પરિણામોની ગ્લાનિ (ખેદ) દૂર થાય છે. વ્યવહારની ઉજ્જવળતા જોઈને કુળની ઉચ્ચતા ખ્યાલમાં આવી જાય છે; પરંતુ તે શરીરને પવિત્ર કરી શકતી નથી.** શરીર તો બધી રીતે અપવિત્ર જ છે. જે આત્મા આવા શરીરમાં રહીને પણ **પરાયાં ધન અને પરાયી સ્ત્રી** પ્રતિ વિરક્ત અને **જીવમાત્રની વિરાધના** રહિત થઈ જાય છે તેનું હાડમાંસનું બનેલું મલિન શરીર પણ દેવો દ્વારા પૂજ્ય મહા પવિત્ર થઈ જાય છે. આ શરીરને પવિત્ર કરવાનું બીજું કોઈ સાધન જ નથી. આ કથન દિગંબર વીતરાગ મુનિરાજ શ્રી પદ્મનંદિએ કર્યું છે એમ જાણવું.

જેની સમીપતાથી સુગંધિત પુષ્પોની માળા, ચંદન વિગેરે પવિત્ર પદાર્થ પણ અડવા યોગ્ય રહેતા નથી, વિષ્ટા, મૂત્ર વિગેરેથી ભરેલું, રસ, લોહી (રક્ત), ચામડાં, હાડંકા વિગેરેથી બનેલું અને ખૂબજ ગંદુ, દુર્ગંધિત, મલીન, સમસ્ત અપવિત્રતાઓને એક સાથે વસવાનું સ્થાન એવું આ મનુષ્યનું શરીર પાણીથી સ્નાન કરવાથી કેવી રીતે શુદ્ધ થાય ?

**આત્મા તો પોતાના સ્વભાવથી જ અતિ પવિત્ર છે.** આત્મા તો અમૂર્તિક છે. ત્યાં સુધી પાણીની પહોંચ જ નથી. એવા પવિત્ર આત્મા માટે સ્નાન કરવું વ્યર્થ છે. આ શરીર અપવિત્ર જ છે, તે સ્નાન કરવાથી કદી પવિત્ર થતું નથી. એટલે બંને રીતે સ્નાનની વ્યર્થતા સાબિત થઈ. છતાં પણ જેઓ સ્નાન કરે છે, તેમના દ્વારા પૃથ્વીકાય, જલકાય વિગેરે અનેક પ્રકારના ત્રસકાય જીવોનો ઘાત થવાથી તે સ્નાન પાપબંધનું કારણ અને રાગભાવની વૃદ્ધિનો જ હેતુ થયો.

**ગૃહસ્થને સ્નાન કર્યા વિના ચાલતું નથી** પરંતુ અજ્ઞાની ગૃહસ્થ સ્નાન કરવાથી ધર્મ થવો માને છે, પવિત્ર થવું માને છે, એવી મિથ્યાબુદ્ધિ અનાદિકાળથી થઈ રહી છે. જો તે સ્નાનનું સ્વરૂપ સમજી લે તો સ્નાનને ધર્મ માનશે નહિ, અને સ્નાનથી પવિત્રપણું માનશે નહિ. જો કે સ્નાન વિના ગૃહસ્થનો સઘળો વ્યવહાર-આચાર દુષિત થઈ જાય અને વ્યવહાર દુષિત થવાથી પરમાર્થ શુદ્ધિ પણ પ્રગટ થઈ શકતી નથી, પરંતુ તે સ્નાન વ. રાગ વધારનારાં છે, તેમાં હિંસા થાય છે એટલે પાપરૂપ છે, એવું શ્રદ્ધાન તો કરવું જ જોઈએ.

**બીજો પણ ઉપદેશ ગ્રહણ કરવો કે -** આગળના કરોડો ભવોમાં બાંધેલા જે કર્મ તેમના ઉદયથી મનમાં ઉત્પન્ન થયેલા જે મિથ્યાત્વ આદિ રૂપ મળનો — નાશ કરવાવાળો જે સ્વ-પર (આપા-પર)નો ભેદ જાણવારૂપ વિવેક છે તે જ **સત્પુરૂષોનું મુખ્ય સ્નાન છે. સત્પુરૂષોને તો મિથ્યાત્વમલનો નાશ કરવાવાળો એક વિવેક જ સ્નાન છે.** બીજું જે પાણીથી સ્નાન થાય છે તે તો જીવોના સમૂહનો ઘાત કરવાવાળું હોવાથી પાપબંધ કરાવવાવાળું જ છે. તેનાથી ધર્મ થતો નથી. આ જ કારણે સ્વભાવથી જ અપવિત્ર શરીરમાં પવિત્રતા થતી નથી.

**વિશેષ કહે છે -** હે સમજદાર બંધુઓ ! આત્માની શુદ્ધતાના પ્રયોજન સહિત પરમાત્મા નામના તીર્થમાં સદાયે સ્નાન કરો. વ્યર્થ જ ખેદ કરી દુઃખી થઈ ગંગાદિ તીર્થો તરફ કેમ દોડો છો? કેવું છે પરમાત્મા નામનું તીર્થ ? જેમાં સમ્યગ્જ્ઞાનરૂપ નિર્મળ જળ ભરેલું છે. જેમાં સમ્યગ્દર્શનરૂપ દૈદીપ્યમાન તરંગો છે, અવિનાશી અનંત સુખથી ભરેલું શીતળ છે, અને સમસ્ત પાપોને નિવારી નાશ કરવાવાળું છે — એવા પરમાત્મસ્વરૂપ તીર્થમાં ડૂબકી લગાવી લીન થઈ જાઓ.

**જગતના પાપી મિથ્યાદૃષ્ટિ લોકોએ નિશ્ચયરૂપ નિર્મળ તત્ત્વોનું સરોવર જોયું નથી, અને કદી જ્ઞાનરૂપ રત્નાકર સમુદ્ર પણ જોયો નથી. સમતા નામની અત્યંત શુદ્ધ નદી પણ જોઈ નથી** એ જ કારણે પાપને દૂર કરવાવાળાં સાચાં તીર્થોને છોડીને મૂર્ખ લોકો જેને તીર્થ કહે છે તે બધાં જો કે સંસારથી તારવાવાળાં નથી, છતાં ગંગાદિ નદીઓમાં ડૂબીને આનંદીત થાય છે.

જે મૂર્ખ લોકોએ તત્ત્વોનું નિશ્ચયરૂપ સરોવર જોયું નથી, જ્ઞાનરૂપ સમુદ્ર જોયો નથી અને સમતા નામની નદી જોઈ નથી તે ગંગાદિ તીર્થાભાસોમાં ભટકતા ફરે છે.

જો તે તત્ત્વોના નિશ્ચયરૂપ સરોવરને જુએ, જ્ઞાનરૂપ સમુદ્રને દેખે અને સમતા નામની નદીને નિહાળે તો તેમનામાં ડૂબકી લગાવીને મિથ્યાત્વ તથા કષાયરૂપ મલથી રહિત થઈને પોતાને ઉજ્જવળ-પવિત્ર કરી શકે.

આ લોકમાં એવું કોઈ તીર્થ નથી અને એવો કોઈ પદાર્થ નથી જેનાથી આ મનુષ્યનું સંપૂર્ણ અપવિત્ર શરીર સાક્ષાત્ શુદ્ધ થઈ જાય. **આ શરીર કેવું છે ?** આધિ, વ્યાધિ, વૃદ્ધત્વ, મરણ, વિગેરેથી નિરંતર ગ્રસ્ત છે અને નિરંતર દુઃખી જ કરવાવાળું છે. સત્પુરૂષો દ્વારા તો એનું નામ પણ લેવા જેવું નથી.

સમસ્ત તીર્થોના જળથી નિત્ય સ્નાન કરે અને ચંદન વિગેરેનો લેપ લગાવે તો પણ આ શરીર શુદ્ધ નહિ થાય, સુગંધિત નહીં થાય, રક્ષા કરવા છતાં પણ તે વિનાશના માર્ગે જ જાય છે. જો નદીના પાણીમાં સ્નાન કરવાથી જ શરીર શુદ્ધ થઈ જતું હોત તો કરોડો માછલીઓ, મગર, કાચબા, કીર, શિકારી વિ. શુદ્ધ થઈ જાત **એટલે આ લોકમૂઢતા ત્યાગવા યોગ્ય જ છે.**

## ❖ સ્નાનની આવશ્યકતા ❖

**હવે અહીં એટલું વિશેષ જાણવું -** સ્નાન કરવાથી શરીર પવિત્ર થતું નથી અને ધર્મ પણ થતો નથી, પરંતુ ગૃહસ્થદશામાં મુનિરાજની જેમ સ્નાનનો ત્યાગ કરવો ઉચિત (યોગ્ય) નથી. જો મ્લેચ્છાદિ પાપી જીવોનો સ્પર્શ થઈ જાય અને સ્નાન ન કરીએ તો આપણા મનમાં પાપ પ્રત્યે ખેદ રહે નહિ અને તેમની સંગતિ સ્પર્શ, ખાનપાન, જેમ ફાવે તેમ કરવા લાગી જઈએ તો વ્યવહાર ધર્મનો લોપ થાય. એટલે **જૈનીઓનું જે આચરણ છે તે વ્યવહાર વિરોધી નથી.** ખૂબ જ પાપથી આજીવિકા કરવાવાળા ચંડાળ, કસાઈ, ચમાર, શિકારી, ભીલ, અત્યંત પાપી તથા મલેચ્છ મુસલમાનોની આપણા શરીર પર છાયા પડવા માત્રથી જ્યારે મલિનતા માનીએ છીએ તો એમનો સ્પર્શ કરવાથી સ્નાન કેમ ન કરવું જોઈએ ? સ્નાન તો કરવું જ કરવું, પરમાત્માનું સ્મરણ પણ કરવું.

તેમની પાસે બેસવાથી બુદ્ધિ મલીન થઈ જાય છે. એ મુસલમાન વગેરે વેશ્યાદિથી કાન લગાવીને, મોઢાં સામે મોઢું કરીને વાતચીત કરે છે, તેમની બુદ્ધિ ઉત્તમ ધર્માદિના કાર્યોથી વિમુખ થઈને ઉલટી (ઉંધી) જ ચાલે છે. **જીવોના ઘાતક કૂતરા, બિલાડી વિગેરે પશુ, કાગડા વિ. પક્ષી દુષ્ટ તિર્યંચ ભોજનના સ્થાને આવી જાય કે ભોજનને**

**અડી જાય તો તે ભોજન ત્યાગી દેવું જ ઉચિત છે. એમનો સ્પર્શ થયે સ્નાન કર્યા વિના ભોજન, સ્વાધ્યાયાદિ કરવામાં હીનાચારીપણું થાય છે, પાપથી ડર રહેતો નથી ને કુળનો ભેદ રહેતો નથી.** સ્ત્રી સમાગમમાં અનેક જીવોની હિંસા, અપવિત્ર અંગોનું મળવું, રક્ત-વિર્યાદિનો સ્પર્શ તથા મહાનિંદ્ય રાગની ઉત્પત્તિ થાય છે. તેમનો ત્યાગ ન બની શકે તો તે પાપનો ખેદ કરીને પોતાને અશુદ્ધ માની સ્નાન કરવું જોઈએ કારણ કે **નિંદ્યકર્મ કર્યા પછી બાહ્યશુદ્ધિ માટે સ્નાન છે. સ્નાન કર્યા વિના શાસ્ત્ર, જિનમંદિરના ઉપકરણ, વિગેરે ઉત્તમ વસ્તુનો સ્પર્શ કેમ કરાય ?**

જો કે શરીરમાં રક્ત, માંસ, હાડ, ચામડું, વાળ, મલ, મૂત્ર ભરેલું છે. પરંતુ રક્ત, પરૂ, ચામડું, હાડ, માંસ, મલ-મૂત્ર વિગેરેનો બાહ્ય સ્પર્શ થઈ જાય તો અવશ્ય ધોઈ નાખવું જ યોગ્ય છે; કારણ કે કેશ(વાળ) ચામડું વિગેરે શરીરથી જુદા થયા પછી સ્પર્શ કરવા યોગ્ય નથી. તેમનો હાથથી સ્પર્શ થવા માત્રથી તુરત જ હાથ ધોઈ નાખવા યોગ્ય છે. તેમના પ્રત્યે ગ્લાનિ ન કરે તો નીચ, ચમાર, ચંડાલ, કસાઈ વિગેરે સાથે એકતા થવાથી આચરણનો ભેદ રહેશે નહિ, ત્યારે સમસ્ત જાતિ સંબંધી વ્યવહારનો લોપ થઈ જશે તથા ઉત્તમકુળ અને નીચકુળનો આચાર એક સરખો થઈ જશે તથા વ્યવહાર આચારના બગડી જવાથી મહા પાપનો બંધ જ થાય છે.

**પરમાર્થ શૌચ તો વ્યવહાર શૌચથી જ થાય છે.** જેના ભોજનમાં, પાણીમાં, સ્પર્શમાં, પ્રવૃત્તિમાં મલિનતા થઈ જાય છે તેના પરમાર્થ ધર્મમાં પણ મલિનતા આવી જાય છે. જૈનધર્મી તો ચાંડાળ, ભીલ, મલેચ્છ, મુસલમાનાદિના શરીરની છાયા પડવાથી જ મલિનતા (અશુદ્ધતા) માને છે. ધોબી, કલાલ, લુહાર, સુથાર, સોની, કુંભાર વિગેરે હિંસા કાર્ય કરવાવાળા છે એટલે એમનો સ્પર્શ દૂરથી જ છોડવો જોઈએ.

**મુનિરાજ તો નીચ જાતિના મનુષ્યનો સ્પર્શ થઈ જવાથી દંડ સ્નાન કરે છે, તે દિવસે ઉપવાસ કરે છે. જો અજાણતાં કોઈ નીચકુળવાળાના ઘરમાં પ્રવેશ થઈ જાય તો ભોજનનો અંતરાય માને છે.** ભોજન કરતી વખતે શરીરથી ચાર આંગળના અંતરે મદિરા, માંસ, રક્ત, પરૂ, પંચેન્દ્રિજીવનું મરેલું શરીર જોઈ લે તો અંતરાય માને છે, તો જૈનધર્મી ગૃહસ્થ હાડકાં, ચામડું, વાળ વિગેરેનો સમાવેશ થઈ જવાથી ભોજન કેમ ન છોડે ? એટલે ગૃહસ્થ તો હાથ-પગ ધોઈને શુદ્ધ સ્થાનમાં શુદ્ધ ભોજન કરે છે. નીચ અધમ જાતિનું અડેલું ભોજન કરતા નથી.

**જિનેન્દ્રની પૂજા કરવા માટે સ્નાન કરવું યોગ્ય છે. કારણ કે સ્નાન કરીને દેવની પૂજા-સ્પર્શ કરવો એ મોટો વિનય છે. જો કે સ્નાન કરવાથી શુદ્ધતા થતી નથી તોપણ દેવના ઉપકરણોને સ્નાન કર્યા પછી જ સ્પર્શ કરવો જોઈએ, ધોયેલું દ્રવ્ય જ ચઢાવવું જોઈએ તે દેવ વિનય જ છે.** વિનય છે તે જ આરાધના છે. જ્યારે જિનેન્દ્રના મંદિરના ઉપકરણનો પણ વિનય કરીએ છીએ તો જિનેન્દ્રના આગમને, વાણીને, પૂજાના દ્રવ્યને સ્નાન કરીને અડવું, હાથ ધોઈને સ્પર્શ કરવો, તથા મંદિરમાં હાથ-પગ ધોઈને પ્રવેશ કરવો તે પણ વિનય જ છે. જો કે પાપમેલની શુદ્ધતા કરવી મુખ્ય છે તોપણ ભગવાન જિનેન્દ્રના આગમમાં આઠ પ્રકારની લૌકિક શુદ્ધિઓ કહી છે. **લૌકિક શુદ્ધિ (શૌચ) વિના પરમાર્થ ધર્મથી ભ્રષ્ટ થઈ જવાય છે.**

મુનિરાજનું શરીર તો રત્નત્રયના પ્રભાવથી મહાપવિત્ર છે તો પણ બાહ્ય શુદ્ધિ માટે કમંડળ રાખે છે, હાથ-પગ ધોઈને સ્વાધ્યાય કરે છે, થોડા ગરમ પાણીથી પગ ધોવરાવી ભોજન કરે છે. વ્યવહાર આચારને છોડતા નથી. **આ ભગવાન જિનેન્દ્રનો ધર્મ અનેકાન્તરૂપ છે. નિશ્ચય વ્યવહારના વિરોધ રહિત જ ધર્મ છે, સર્વથા એકાન્તરૂપ જિનેન્દ્રનો ધર્મ નથી.**

જે લૌકિક શુદ્ધિથી પતિત હશે તે ધર્મની નિંદા, કુળની નિંદા જ કરાવશે, ને પોતાનો આત્મા મલીન જ થશે. મૈથુન સેવન કર્યું હોય, મડદું બાળીને આવ્યા હોય, શૌચ ક્રિયા કરીને આવ્યા હોય, ચાંડાળ, મલેચ્છાદિનો સ્પર્શ થઈ ગયો હોય, પંચેન્દ્રિય મડદાનો સ્પર્શ થઈ ગયો હોય, રજસ્વલા વિગેરે અશુચિનો સ્પર્શ થઈ ગયો હોય વિગેરે બીજા પણ ઘણા કારણ હોય ત્યારે જરૂરથી સ્નાન કરવું જોઈએ. અન્ય કારણોમાં જ્યાં મલ-મૂત્ર, હાડ, ચામડી, વિ.નો જે અંગથી સ્પર્શ થયો હોય તેને તરત જ ધોઈ નાખવાં જ યોગ્ય છે.

**લોકમાં આઠ પ્રકારની શુદ્ધિ અનાદિથી ચાલી આવી છે. એટલે આગમની આજ્ઞા માનવામાં જ હિત છે.** જગતમાં પ્રગટ જોઈએ છીએ કે — કાનના મેલથી આંખના મેલને, આંખના મેલથી નાકના મેલને, નાકના મેલથી કફ-લાળ વિગેરે મુખના મેલને, તેનાથી મૂત્રને, તેનાથી વિષ્ટાને અધિક-અધિક અપવિત્ર માનીએ છીએ. જો બધી જાતના મેલ-મળને એક સરખો માનવામાં આવે તો સમસ્ત આચારને લાંછન લાગશે, વિપરીત થઈ જશે. જો કે દ્રવ્યાર્થિક નયથી સમસ્ત મળની એક પુદ્‌ગલ જાતિ છે તો પણ તેમનામાં પરસ્પર ઘણા ભેદ છે. જો કે હાડ, માંસ, રક્ત, મલ, મૂત્રાદિ,

સમસ્ત માટીરૂપ-પાણીરૂપ થઈ જાય છે અને માટી, પાણી વિગેરે માંસ, રક્ત, મળાદિરૂપ થઈ જાય છે તોપણ પર્યાય, પર્યાયમાં ખૂબ અંતર છે. **દ્રવ્ય અને પર્યાયમાં સર્વથા એકતા માનવાથી સમસ્ત વ્યવહાર પરમાર્થનો લોપ થઈ જશે, એટલે દ્રવ્ય પર્યાયમાં કથંચિત્ એકતા (એકપણું)ને કથંચિત્ અનેકપણું માનવું જ શ્રેષ્ઠ છે.**

રેતીના પીંડ બનાવવામાં, પર્વત ઉપરથી કૂદી પડવામાં, અગ્નિમાં બળવામાં, ઠંડીમાં ઠરવામાં, પંચાગ્નિ તપ તપવામાં ધર્મ માનવો લોક મૂઢતા છે. સૂર્ય-ચંદ્રાદિ ગ્રહણાદિમાં સૂતક માનવું, સ્નાન કરવું, ચાંડાળ વિગેરેને દાન આપવું, સંક્રાંતિ માનીને દાન આપવું, કૂવાની પૂજા કરવી, પીપળાની પૂજા કરવી, ગાયની પૂજા કરવી, રૂપિયા-પૈસા-મહોરને પૂજવી, લક્ષ્મીને પૂજવી, મૃત પિતૃઓની પૂજા કરવી, છીંકની પૂજા કરવી, મૃતકોને તૃપ્ત કરવા-તર્પણ કરવાં, શ્રાદ્ધ કરવાં, દેવતાઓને મનાવવા જાગરણ કરવાં, ગંગાજળને પવિત્ર માનવું, તિર્યંચોના રૂપને દેવ માનવા, કૂવા-વાવડી, તળાવ ખોદાવવામાં ધર્મ માનવો, બગીચા બનાવવામાં ધર્મ માનવો, મૃત્યુંજય વિગેરેના જપ કરવાથી પોતાના મૃત્યુનું ટળી જવું માનવું, ગ્રહોને દાન આપવાથી પોતાનું દુઃખ દૂર થવું માનવું આ બધી લોકમૂઢતા છે.

**વધારે કહેવાથી શું ?** જે યોગ્ય-અયોગ્ય, સત્ય-અસત્ય, હિત-અહિત, આરાધ્ય-અનારાધ્ય, વિચાર રહિત લૌકિક જીવોની પ્રવૃત્તિને જોઈને જેમ અજ્ઞાની અનાદિથી મિથ્યાદષ્ટિ(રૂપ) પ્રવર્ત્તે છે તેવા પ્રકારની પ્રવૃત્તિને સત્ય માની વિચાર રહિત થઈ વર્તવું તે જ લોકમૂઢતા છે.

કેટલાયે પોતાને જૈનધર્મી કહેવાવડાવાળા આત્મજ્ઞાન રહિત થઈ પરમાગમની આજ્ઞાથી અજાણ વેશધારીઓ દ્વારા કલ્પિત અનેક ક્રિયાકાંડ, તથા તીર્થંકરોનું તર્પણ કરાવવામાં, પોતાના પિતા કે દાદાનું તર્પણ કરાવવામાં, યક્ષાદિ માટે હોમ-હવનાદિ કરવામાં પોતાનું કલ્યાણ થવું માને છે, સકલીકરણાદિ વિધાન કરાવવું માને છે, એ બધી લોકમૂઢતા જ છે.

કેટલાયે સ્નાન કરીને રસોઈ કરવામાં, સ્નાન કરીને જમવામાં, બીજા કોઈના સ્પર્શ કર્યા વિના વસ્ત્રો પહેરીને જમવામાં જ પોતાની પવિત્રતા, શુદ્ધતા, પરમ ધર્મ માને છે. પરંતુ અભક્ષ્ય ભક્ષણ તથા હિંસાદિ થવાનો વિચાર જ કરતા નથી. **આ બધી મિથ્યાત્વના ઉદયથી લોકમૂઢતા જ છે.**

હવે **દેવમૂઢતા** કહેવાવાળો શ્લોક કહે છે -

**वरोपलिप्सयाशावान् रागद्वेषमलीमसाः ।**
**देवता यदुपासीत देवतामूढ़मुच्यते ।।२३।।**

**અર્થ :-** જે આપણને સારૂં લાગે તેને શ્રેષ્ઠ કહીએ છીએ. શ્રેષ્ઠની ઈચ્છા કરીને આશાવાન થઈને જે રાગ-દ્વેષપૂર્વક મલિન દેવતાઓનું સેવન કરે છે, પૂજન કરે છે તેને દેવતા-મૂઢ કહે છે અને તેનું કાર્ય દેવમૂઢતા કહેવાય છે.

સંસારી જીવ આ લોકમાં રાજ્ય, સંપત્તિ, સ્ત્રી, પુત્ર, આભૂષણ, વસ્ત્ર, વાહન, ધન, ઐશ્વર્ય વિગેરેની નિરંતર ઈચ્છા કર્યા કરે છે. તેમની પ્રાપ્તિ માટે રાગી, દ્વેષી, મોહી, દેવોની સેવા-પૂજા કરવી તે દેવમૂઢતા છે. રાજ્ય, સુખ, સંપત્તિ વિગેરે તો શાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તે શાતાવેદનીય કર્મ આપણને આપવા કોઈ સમર્થ નથી, લાભ તો લાભાંતરાય કર્મના ઉદયથી થાય છે, ભોગ-ઉપભોગની સામગ્રીની પ્રાપ્તિ ભોગ-ઉપભોગ નામના અંતરાય કર્મના ક્ષયોપશમથી થાય છે. આપણા ભાવોથી બાંધેલા કર્મોને કોઈપણ દેવી-દેવતા આપવામાં કે લેવામાં સમર્થ નથી.

કુળની વૃદ્ધિ માટે કુળદેવીને પૂજે છે, પરંતુ પૂજતાં પૂજતાં પણ કોઈના કુળનો નાશ થતો જોવામાં આવે છે. લક્ષ્મી માટે લક્ષ્મીદેવીને, રૂપિયાને, મહોરોને પૂજે છે. પરંતુ એમને પૂજનારાઓમાંથી પણ અનેક દરિદ્રી થતા જોવામાં આવે છે. શીતળાની પૂજા કરતાં કરતાં પણ સંતાનનું મરણ થતું જોવામાં આવે છે. પિતરોને માનવા છતાં પણ રોગાદિની વૃદ્ધિ થતી જોવામાં આવે છે. **વ્યન્તર ક્ષેત્રપાલાદિને પોતાની સહાયતા કરવાવાળા માને છે, તે આ મિથ્યાત્વના ઉદયનો જ પ્રભાવ છે.**

## ❖ ક્ષેત્રપાલ પદ્માવતી પૂજન વિશે વિચાર ❖

કેટલાયે કહે છે - ચક્રેશ્વરી, પદ્માવતીદેવી જેમણે શસ્ત્ર ધારણ કરેલાં છે, તે જિનશાસનની રક્ષક છે, તથા સેવકોની રક્ષા કરવાવાળી છે, પ્રત્યેક તીર્થંકરની એક એક દેવી છે, એક એક યક્ષ છે, તેમની આરાધના કરવાથી-પૂજન કરવાથી જૈનધર્મની રક્ષા થાય છે. તેઓ ધર્માત્માઓની પણ રક્ષા કરે છે એટલે આ દેવીઓની અને યક્ષોની પૂજા-સ્તવન કરવા યોગ્ય છે. દેવીઓ સમસ્ત કાર્ય કરનારી છે, તીર્થંકરોની ભકત છે, તેમના વિના ધર્મની રક્ષા કોણ કરશે ? આ જ કારણે મંદિરોની અંદર પદ્માવતીનું

રૂપ જેના ચાર હાથ કે બત્રીસ હાથ અને અનેક શસ્ત્રો સહિત બનાવીને, તેના મસ્તક ઉપર ભગવાન પાર્શ્વનાથસ્વામીનું પ્રતિબિંબ અને તેના ઉપર અનેક ફેણવાળા સાપનું રૂપ બનાવે છે અને ખૂબ અનુરાગથી પૂજન કરે છે. આ બધાનો પરમાગમથી સારી રીતે જાણી-વિચારીને નિર્ણય કરવો જોઈએ. મૂર્ખ લોકોના કહેવાથી મન ફાવે તેમ પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ.

**પ્રથમ તો ભવનવાસી, વ્યન્તર જ્યોતિષી - આ ત્રણ પ્રકારના દેવોમાં મિથ્યાદૃષ્ટિ જ ઉત્પન્ન થાય છે.** સમ્યગ્દૃષ્ટિ ભવનત્રિક દેવોમાં ઉપજતા જ નથી, સ્ત્રી પર્યાયમાં પણ ઉપજતા નથી, પદ્માવતી-ચક્રેશ્વરી તો ભવનવાસિની તથા સ્ત્રી પર્યાયમાં છે, ક્ષેત્રપાલાદિ વ્યંતર છે, તેમાં સમ્યગ્દૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થાય ? તેમાં તો નિયમથી મિથ્યાદૃષ્ટિ જ ઉત્પન્ન થાય છે; એવું હજારો વાર પરમાગમમાં કહ્યું છે.

જો તેમને જૈનધર્મનો પ્રેમ હોય તો જૈનધર્મના ધારકો પાસેથી તેમની પૂજા વંદના ચાહે નહિ. **જે જૈન છે અને પોતાને અવ્રતી જાણે છે, તે સમ્યગ્દૃષ્ટિથી પોતાની વંદના પૂજા કેમ કરાવે ?** સાધર્મીઓ ઉપર ઉપકાર તો તે કહ્યા વિના જ કરશે.

ભગવાનનું પ્રતિબિંબ તો પોતાના મસ્તક ઉપર રાખે અને ભગવાનના ભકતો પાસે પોતાની પૂજા કરાવે એવો અવિનય કોઈ ધર્માત્મા થઈને કેમ કરે ? તે તો અનેક શસ્ત્ર ધારણ કરીને પોતાના વીતરાગ ધર્મની પ્રવૃત્તિને બગાડે છે તથા પોતાની કમજોરી પ્રગટ કરે છે.

જિન શાસનના રક્ષક એક-એક યક્ષ-યક્ષિણીને જ કેમ કહો છો ? ભગવાનના શાસનના તો સૌ ધર્મ ઈન્દ્રથી માંડીને અસંખ્યાત દેવ-દેવીઓ બધાં સેવક છે. જેમના હૃદયમાં સાચા ધર્મમાં પ્રીતિ હોવાથી પૂર્વકૃત અશુભકર્મની નિર્જરા થઈ ગઈ છે, તેમનો ઉપકારતો સમસ્ત અચેતન પુદ્ગલ રાશિ પણ દેવતારૂપ થઈને કરે છે, દેવતા, મનુષ્ય ઉપકાર કરે એમાં આશ્ચર્ય શું છે ?

જૈનશાસ્ત્રોમાં પણ એવી કેટલીયે વાર્તાઓ આવે છે કે શીલવાન તથા ધ્યાની તપસ્વીઓના ધર્મના પ્રસાદથી દેવોના આસન કંપાયમાન થયાં, પછી દેવોએ જઈને ઉપસર્ગ દૂર કર્યો અને અનેક પ્રકારના રત્નોથી ધર્માત્માઓની પૂજા કરી. આવી કથાઓ શાસ્ત્રમાં ઘણી છે. **પરંતુ એવી કોઈ કથા નથી કે જ્યાં ધર્માત્મા પુરૂષોએ દેવોની પૂજા કરી હોય.** પદ્માવતી, ચક્રેશ્વરીની પણ ઘણી કથાઓ છે, જ્યા શીલવંત, વ્રતીઓની

દેવ-દેવીઓએ પૂજા કરી, પરંતુ એવું ક્યાંય લખ્યું નથી કે જ્યાં શીલવંત વ્રતીઓએ જઈને કોઈ દેવ-દેવીઓની પૂજા કરી હોય.

સ્વામી કાર્તિકેયે કાર્તિકેયાનુપ્રેક્ષામાં લખ્યું છે -

**णय को वि देदि लच्छी ण को वि जीवस्स कुणदि उवयारं ।**
**उवयारं अवयारं कम्मंपि सुहासुहं कुणदि ।।३१९।।**
**भत्तीए पुज्जमाणो विंतर देवो वि देदि जदि लच्छी ।**
**तो किं धम्मं कीरदि एवं चिंतेइ सद्दिट्ठी ।।३२०।।**

**અર્થ :-** આ જીવને કોઈ લક્ષ્મી આપતું નથી અને જીવનો ઉપકાર-અપકાર પણ કોઈ કરતું નથી. જગતમાં જે ઉપકાર-અપકાર થતો જોવામાં આવે છે તે પોતાના કરેલા શુભ-અશુભ કર્મોથી જ થાય છે. ભક્તિપૂર્વક પૂજા કરવાથી જો વ્યંતરદેવ જ લક્ષ્મી આપે તો દાન, પૂજા, શીલ, સંયમ, ધ્યાન, અધ્યયન, તપરૂપ સમસ્ત ધર્મ (શુભભાવ રૂપ પુણ્ય) કેમ કરવામાં આવે ? **જો ભક્તિપૂર્વક પૂજા-વંદના કરવાથી કુદેવ જ સંસારનાં કાર્ય સિદ્ધ કરવા લાગે તો કર્મ કોઈ વસ્તુ જ નહિ રહે ? વ્યંતર જ સમસ્ત સુખને આપવાવાળા ઠર્યા તો ધર્મનું આચરણ નિષ્ફળ ઠરશે.**

**ભાવાર્થ :-** જગતમાં આ જીવનો દેવ, દાનવ, દેવી, મનુષ્ય, સ્વામી, માતા, પિતા, ભાઈ, મિત્ર, સ્ત્રી, પુત્ર, તિર્યંચ, ઔષધિ વિગેરે જે ઉપકાર કે અપકાર કરે છે તે બધું જ પોતાના દ્વારા કરેલાં પુણ્ય કર્મ-પાપ કર્મને આધીન કરે છે. આ બધાં તો બાહ્ય નિમિત્ત છે. એવું પણ જોવામાં આવે છે કે કોઈ ભલું કરવા ઈચ્છે છે, ઉપકાર કરવા ઈચ્છે છે પરંતુ અપકાર-બૂરું થઈ જાય છે, વળી કોઈ બુરું કરવા ઈચ્છે છે પણ ભલું-ઉપકાર થઈ જાય છે. એટલે મુખ્ય કારણ પુણ્ય-પાપ કર્મ છે.

**શાસ્ત્રોમાં લખ્યું છે -** ચાંડાળના અહિંસાવ્રતના પ્રભાવથી દેવોએ સિંહાસન વિગેરે બનાવી દીધાં, નીલીને શીલના પ્રભાવથી દેવતા સહાયી થયા, સીતાના શીલના પ્રભાવથી અગ્નિકુંડ જળરૂપ થઈ ગયો, સુદર્શન શેઠનો ઉપસર્ગ દેવે આવીને ટાળ્યો, બીજા પણ કેટલાની દેવોએ સહાયતા કરી, ઉપસર્ગ દૂર કર્યા, દેવોનાં આસન કંપાયમાન થયા અને દેવોએ આવીને સહાયતા કરી-એવી હજારો કથાઓ પ્રસિદ્ધ છે.

**ભગવાન આદિનાથને છ માસ ભોજનનો અંતરાય રહ્યો ત્યારે કોઈ દેવે આવીને કોઈને આહાર દેવાની વિધી કેમ બતાવી નહિ ?** પહેલાં તો ગર્ભમાં આવવાના

૬ માસ પૂર્વે જ ઈન્દ્રાદિ અનેક દેવ ભગવાનની સેવામાં રહેતા હતા તથા **સ્વર્ગ લોકથી ખોરાક, વસ્ત્ર, વાહનાદિ લાવવા માટે સાવધાન થઈને હાજર રહેતા હતા,** તે બધા દેવો કેમ ભૂલી ગયા ? ભરતાદિ ૧૦૦ પુત્રોને તથા બ્રાહ્મી-સુંદરી પુત્રીઓને મુનિ-શ્રાવકનો બધો ધર્મ સમજાવ્યો હતો એમણે પણ વિચાર ન કર્યો કે ભગવાન પણ હવે મુનિ બનીને આહાર માટે ઘૂમી રહ્યા છે. વાસ્તવમાં, **અંતરાય કર્મનો ઉદય મંદ થયા વિના કોણ સહાયતા કરી શકે ?**

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ એ મહા વીતરાગી મુનિ થઈ વનમાં ધ્યાન કરતા હતા, તેમને દુષ્ટ વેરીએ આવીને અગ્નિમાં લાલ કરીને લોઢાનાં આભૂષણ પહેરાવ્યાં અને તેમની ચામડી અને માંસાદિ ભસ્મ થઈ ગયાં, તોપણ કોઈ દેવે આવીને સહાયતા કરી નહિ.

સુકુમાલ મહામુનિને ત્રણ દિવસ સુધી શિયાળણી પોતાનાં બે બચ્ચાં સહિત ખાતી રહી, ત્યાં કોઈ દેવ સહાયતા કરવા આવ્યો નહિ, તેમની માતાને જેને ખૂબ જ પ્રેમ હતો તે શોકથી રોવા-ધોવા લાગી ગઈ, પુત્ર ક્યાં ચાલી ગયો છે તેની કોઈ શોધ-ખબર કઢાવી નહીં.

પાંચસો-મુનિઓને ઘાણીમાં પીલવામાં આવ્યા ત્યાં કોઈ દેવે સહાયતા કરી નહિ. રામ, બળભદ્ર, અને કૃષ્ણ-નારાયણ, જેમની પહેલાં હજારો દેવ સેવા કરતા હતા, તેમને જ્યારે હીન કર્મનો ઉદય આવ્યો અને પુણ્ય ક્ષીણ થયું તો કોઈ પાણી પાવાવાળું મનુષ્ય કે દેવ પાસે ન હતાં. જે સુદર્શન ચક્રથી ન મર્યા તે (શ્રીકૃષ્ણ)ભીલના એક બાણથી પ્રાણ રહિત થઈ ગયા. એવા અનેક ધ્યાની, તપસ્વી, વ્રતી, સંયમી વિગેરેએ ઘોર ઉપસર્ગ ભોગવ્યા, તેમાં ઘણાંને દેવ સહાયી થયા નહિ અને ઘણાંને દેવ સહાયી થયા છે.

એટલે એ નિશ્ચિત છે કે **અશુભકર્મનો ઉપશમ થયા વિના તથા શુભકર્મનો ઉદય આવ્યા વિના કોઈ દેવાદિ સહાયી બનતા નથી.** શરીર જ પોતાનું શત્રુ બની જાય છે. ખરદુષણનો પુત્ર શંબુકુમાર જેણે બાર વર્ષ સુધી વાંસની ગીચ ઝાડીમાં કઠિન તપસ્યા કરીને સૂર્યહાસ નામની જે તલવાર પ્રાપ્ત કરી હતી, તે સહજ રીતે લક્ષ્મણના હાથમાં આવી ગઈ અને એ જ તલવારથી શંબુકુમારનું મસ્તક કપાઈ ગયું. લક્ષ્મણે તો અજાણતામાં જ તલવારની ધારનો પ્રયોગ અભ્યાસરૂપમાં જ કર્યો હતો પણ અંદર જંગલમાં બેઠેલા શંબુકુમારનું મસ્તક કપાઈ ગયું. પોતાના હિત માટે સિદ્ધ કરેલી વિદ્યાએ

જ પોતાનો ઘાત કરાવ્યો. **પૂર્વકર્મના ઉદયના નિમિત્તથી જ અનેક ઉપકાર-અપકાર થાય છે. કોઈ દેવાદિ પૂજા કરવાથી ધન આજીવિકા, સ્ત્રી, પુત્રાદિ આપવામાં સમર્થ નથી.**

**અહીં પ્રત્યક્ષ જોવામાં આવે છે કે** — નગરનો રાજા બધા દેવ-દેવી, પીર-પેયગંબર, સ્વામી, ફકીર, બધા ધર્મના સાધુ, બધા વેદ-પુરાણોના પાઠી, હંમેશાં હોમ યજ્ઞનો પાઠ કરવાવાળા બ્રાહ્મણોને ખૂબ આજીવિકા આપે છે, ખૂબ સન્માન કરે છે, લાખો રૂપિયાનું દાન કરે છે, જેનો મહદ્ ફાયદો સૌને પહોંચે છે તો પણ સંયોગ-વિયોગ, હાનિ-વૃદ્ધિ, જીત-હાર ટાળવામાં કોઈપણ સમર્થ નથી. તેથી એમ નિશ્ચિત માનવું કે શ્રદ્ધાન કર્યા વિના પણ અનેક દેવ-દેવીઓની પૂજા આરાધના કરવી તે દેવમૂઢતા જ છે.

જે મંત્રસાધના, વિદ્યા-આરાધના, દેવ-આરાધના વિ. છે તે બધાં પાપ-પુણ્ય અનુસાર જ ફળ આપે છે. એટલે જે સુખના ઈચ્છુક છે તે દયા, ક્ષમા, સંતોષ, નિર્વાંછકતા, મંદકષાયતા, વીતરાગતા દ્વારા એકલા ધર્મનું જ આરાધન કરો. અન્ય પ્રકારે ઈચ્છા કરીને પાપબંધ ન કરો.

જો દેવોની સંગતિ કરવાની જ ભાવના છે તો ઉત્તમ સમ્યગ્દષ્ટિ સૌધર્મ ઈન્દ્ર, શચી ઈન્દ્રાણી, લૌકાન્તિક દેવોની સંગતિ કરવાની ભાવના કરો. અન્ય અધમ દેવોની સેવા કરવાથી શું ફાયદો થશે?

## ❖ ક્ષેત્રપાલન પૂજન અંગે ❖

**ઘણા લોકો મિથ્યા બુદ્ધિના કારણે મંદિરોમાં ક્ષેત્રપાલની સ્થાપના કરે છે અને પ્રતિદિન એની પૂજા કરે છે.** તે લોકો પહેલાં તો ક્ષેત્રપાલની પૂજા કરે છે અને ક્ષેત્રપાલની પૂજા કર્યા પછી જિનેન્દ્રદેવની પૂજા કરે છે. **તેઓ એમ કહે છે કે -** જેવી રીતે પહેલાં દ્વારપાલનું સન્માન કરી પછી રાજાનું સન્માન કરવું જોઈએ. દ્વારપાળ વિના રાજાનો મેળાપ કોણ કરાવશે ? તેવી જ રીતે ક્ષેત્રપાલ વિના ભગવાનનો ભેટો-મેળાપ કોણ કરાવી શકે ?

**એ મૂર્ખાઓને એ વિવેક જ નથી કે ભગવાન તો મોક્ષમાં છે. આ મિથ્યાદષ્ટિ અજ્ઞાની ક્ષેત્રપાલ જે ભગવાન-પરમાત્માના સ્વરૂપને જાણતો જ નથી- તે તેમને કેવી રીતે મેળવી દેશે, અને કેવી રીતે વિઘ્નોનો નાશ કરશે ?** તે તો પોતાનાં જ

વિઘ્નોનો નાશ કરવા માટે શક્તિમાન નથી. આ રીતે વિવેકરહિત મિથ્યાદૃષ્ટિ લોકો ક્ષેત્રપાલનું અત્યંત વિપરીત રૂપ બનાવીને વીતરાગના મંદિરમાં પ્રથમ સ્થાન ઉપર જ સ્થાપના કરે છે — જેના હાથમાં મનુષ્યનું કાપેલું માથું, તથા ગદા, તલવાર છે, કૂતરા ઉપર બેઠેલો છે, તેલ, ગોળ ખાવાથી ક્ષેત્રપાલ પ્રસન્ન થાય છે — એમ લોકોને બહેકાવીને ક્ષેત્રપાલની પૂજા કરાવે છે તથા એમનું દર્શન-પૂજન પહેલાં કરે છે તો **આ બધો મિથ્યાદર્શન અને કુજ્ઞાનનો જ પ્રભાવ જાણવો.**

ભગવાન પાર્શ્વ જિનેન્દ્રની પ્રતિમા, મસ્તક ઉપર ફેણ વિના બનાવતા જ નથી. ભગવાન પાર્શ્વ અરિહંતના સમોવશરણમાં મસ્તક ઉપર ધરણેન્દ્ર દ્વારા ફેણ બનાવવી કેવી રીતે સંભવે છે ? ધરણેન્દ્રએ તો ભગવાનની તપસ્યા વખતે મુનિ અવસ્થામાં ફેણમંડપ બનાવ્યો હતો; તેના પછી અરિહંત અવસ્થામાં ફેણ બનાવવાનું કોઈ પ્રયોજન નથી. જ્યારે ભગવાન પાર્શ્વ જિનેન્દ્ર અરિહંત થઈ ગયા અને ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે સમોવશરણની રચના કરી હતી ત્યાં ભગવાન પાર્શ્વ ફેણ સહિત બિરાજમાન ન હતા. ત્યાં ચાર નિકાયના દેવ, મનુષ્ય અને તિર્યંચ ધર્મ શ્રવણ સ્તવન વંદન કરતાં જ બેસે છે, એટલે સ્થાપિત પ્રતિમામાં અરિહંતના પ્રતિબિંબોમાં ફેણ કેવી રીતે સંભવે ? વીતરાગ મુદ્રા તો એવા પ્રકારની હોતી નથી.

**કાળના પ્રભાવથી ધરણેન્દ્રની પૂજા-પ્રભાવના બતાવવા માટે લોકો વિપરીત કલ્પના કરવા લાગ્યા તેને કોણ દૂર કરી શકે છે ?** જેમ પથ્થરની ભગવાનની પ્રતિમામાં અંગોની સુંદરતા અને મસ્તકની રક્ષા માટે કાનને લાંબા કરી ખભાથી જોડી દે છે. એમને જોઈને બધી ધાતુની પ્રતિમાઓના કાનને ખભાથી જોડવા માંડ્યા. તો આ તો દેખા-દેખી થઈ ગઈ. તેવી જ રીતે અરિહંતની પ્રતિમા ઉપર ફેણનો આકાર બનાવતા લોકોને જોઈને **તત્ત્વને સમજ્યા વિના ફેણ બનાવવાની પ્રવૃત્તિ થઈ ગઈ.** ફેણ બનાવવાથી પ્રતિમા તો અપૂજ્ય થઈ જતી નથી કારણ કે ચાર પ્રકારના બધા દેવ ચારે બાજુથી સદાયે ભગવાનની સેવા કરે જ છે. ફેણમંડપ કરવાથી જ ધરણેન્દ્રને પૂજ્ય માનવા તે દેવમૂઢતા છે.

આ રીતે દેવમૂઢતાના અનેક ભેદ છે, ગણેશ, હનુમાન, લીંગ, યોનિ, ચતુર્મુખ-ષટ્મુખનું રૂપ, દેવત્વ રહિત પ્રગટ અસંભવ એવા તિર્યંચરૂપને દેવ માનવા, વડ-પીંપર વિ. વૃક્ષોને, નદીને, જળને, વાયુને, અગ્નિને, અનાજને દેવ માનવા તે દેવ મૂઢતા છે. વધારે શું લખીએ ?

હવે આગળ **ગુરૂમૂઢતા**નું વર્ણન કરવાવાળો શ્લોક કહે છે -

**सग्रन्थारम्भहिंसानां संसारावर्तवर्तिनाम् ।**
**पाखण्डिनां पुरस्कारो ज्ञेयं पाखण्डिमोहनम् ।।२४।।**

**અર્થ :-** પરિગ્રહ, આરંભ અને હિંસા સહિત સંસારરૂપ વનમાં પ્રવર્તન કરવાવાળા પાખંડીઓને ગુરૂ માનીને તેમના વચનોમાં આદરપૂર્વક પ્રવર્તન કરવું **પાખંડમૂઢતા** છે.

**ભાવાર્થ :-** જિનેન્દ્રના ધર્મના શ્રદ્ધાન-જ્ઞાન રહિત થઈને, અનેક પ્રકારના વેષ ધારણ કરીને પોતાને ઉંચા માનીને જગતના જીવોથી પૂજા-વંદના-સત્કાર ઈચ્છતા પરિગ્રહને રાખે છે, અનેક પ્રકારના આરંભ કરે છે, હિંસાના કાર્યોમાં પ્રવર્ત્તે છે, ઈન્દ્રિયોના વિષયોના રાગી-સંસારી-અસંયમી અજ્ઞાનીઓથી ગોષ્ઠીવાર્તા કરીને અભિમાની થઈ પોતાને આચાર્ય, પૂજ્ય, ધર્માત્મા કહેવરાવી રાગી-દ્વેષી થઈને પ્રવર્ત્તે છે, યુદ્ધશાસ્ત્ર, શૃંગારનાં શાસ્ત્ર, હિંસાનાં એવાં કારણ આરંભનાં શાસ્ત્ર, રાગને વધારવાવાળાં શાસ્ત્રોનો પોતે મહંત બનીને ઉપદેશ આપે છે, તે બધા પાખંડી છે.

જેમને અનેક પ્રકારના રસોવાળા ભોજનમાં આસક્તિ છે, એ જ કારણે કામ-ભોગ-બંધની કથામાં લીન થઈ રહ્યા છે, પરિગ્રહને વધારવા માટે તત્પર(લીન) થઈ દુર્ધ્યાની રહ્યા છે, જે મુનિ, સાધુ, આચાર્ય, મહંત, પૂજ્ય નામથી ઓળખાય છે, લોકોથી નમસ્કાર કરાવવા ઈચ્છે છે, વિકથા કરે છે, વિષયોમાં લીન છે; મંત્ર, તંત્ર, યંત્ર, જપ, મારણ, ઉચ્ચાટન, વશીકરણ વિગેરે નિંદનીય આચરણ કરે છે તે બધા પાખંડી છે. **એ પાખંડીઓના વચનોને પ્રમાણ માનવાં, તેમનો સત્કાર કરવો, એમને ધર્મ કાર્યોમાં મુખ્ય માનવા તે પાખંડમૂઢતા છે.**

હવે સમ્યક્ત્વનો નાશ કરવાવાળા **આઠ મદ**નાં નામ કહેવાવાળો શ્લોક કહે છે-

**ज्ञानं पूजां कुलं जातिं बलमृद्धिं तपो वपुः ।**
**अष्टावाश्रित्य मानित्वं स्मयमाहुर्गतस्मयाः ।।२५।।**

**અર્થ :-** જેમનો મદ નાશ થઈ ગયો છે એવા ગણધરદેવે મદ આઠ પ્રકારનો કહ્યો છે. (૧) જ્ઞાન (૨) પૂજા (૩) કુળ (૪) જાતિ (૫) બળ (૬) ઋદ્ધિ (૭) તપ (૮) શરીર-આ આઠનો આશ્રય કરીને જે અભિમાની થાય છે તેને સ્મય (મદ) કહે છે.

**ભાવાર્થ :-** (૧) જ્ઞાનનો મદ, (૨) પૂજાનો મદ, (૩) કુળનો મદ, (૪) જાતિનો મદ, (૫) બળનો મદ, (૬) ૠદ્ધિનો મદ, (૭) તપનો મદ, અને (૮) શરીરનો મદ- આ આઠ મદ સમ્યગ્દષ્ટિને હોતા નથી.

**(૧) જ્ઞાનમદ:- જેને એક પણ મદ હોય તે સમ્યગ્દષ્ટિ કેવી રીતે હોઈ શકે ? સમ્યગ્દષ્ટિને સાચું ચિંતવન હોય છે. તે વિચાર કરે છે** - હે આત્મા ! તેં તો ઈન્દ્રિઓથી ઉપજેલું જ્ઞાન મેળવ્યું છે તેનું અભિમાન કેમ કરે છે ? આ જ્ઞાન તો જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમને આધીન છે, વિનાશીક છે, ઈન્દ્રિઓને આધીન છે, વાત-પિત્ત-કફ વિગેરેને આધીન છે એનો નાશ થવામાં ઝાઝી વાર લાગતી નથી. તેનું અભિમાન કેમ કરે છે ? ઈન્દ્રિઓનો નાશ થતાં જ જ્ઞાન પણ નષ્ટ થઈ જાય છે, વાત-પિત્ત-કફના ઘટવા-વધવા માત્રથી ક્ષણમાં જ્ઞાન વિપરીત થઈ જાય છે, બાવરૂં થઈ જાય છે.

**આ ઈન્દ્રિયથી ઉપજેલું જ્ઞાન તો શરીરની સાથે જ નષ્ટ થઈ જશે.** ઘણીવાર એકેન્દ્રિય થયો, બાકીની ચાર ઈન્દ્રિયો પ્રાપ્ત જ ન થઈ. એકેન્દ્રિયોમાં પથ્થર, ધૂળ, પૃથ્વીરૂપ થઈને અસંખ્યાત કાળ સુધી અજ્ઞાની રહ્યો. કેટલીયે વાર વિકલત્રયમાં હિત-અહિતના ભાન રહિત થયો. ઘણીવાર કૂતરા, શૂકર, વાઘ, સાપ વિગેરેમાં વિપરીત જ્ઞાની થઈને પરિભ્રમણ કર્યું. નિગોદમાં અક્ષરના અનંતમા ભાગ સમા જ્ઞાન સહિત રહ્યો. વ્યતંર વિગેરે નીચ હલકા દેવોમાં પણ **મિથ્યાત્વના પ્રભાવથી સ્વ-પરને નહીં જાણી મરણ કરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઈને અનંતકાળ સુધી પરિભ્રમણ કર્યું છે.**

મનુષ્યોમાં પણ કોઈ વિરલા મનુષ્યોને જ્ઞાનાવરણના ક્ષયોપશમની અધિકતાથી તીક્ષ્ણ જ્ઞાન થઈ જાય છે તો તેમાંથી ઘણાખરા મનુષ્ય તો નીચ કાર્યોમાં પ્રવીણ થઈને અનેક પાણીના જીવ, પૃથ્વીના જીવ, આકાશમાં વિહરવાવાળા જીવોને મારવામાં, પકડવામાં, બાંધવામાં અનેક યંત્ર-પીંજરાં, જાલ, ફાંસી બનાવવામાં ચતુરાઈનો ઉપયોગ કરે છે. કેટલાયે મનુષ્યો અનેક પ્રકારની તલવાર, બંદુક, તોપ, બાણ, ઝેર-વિષ વિગેરે બનાવવાની વિદ્યામાં નિપુણ થઈને પોતાની ચતુરાઈના મદમાં ઉન્મત્ત થઈને ગામ-દેશ વિગેરેનો નાશ કરવામાં હોશિયાર બની જાય છે. કેટલાયે મનુષ્ય, સિંહ, વાઘ, વરૂ વિગેરે જીવોના શિકાર કરવામાં પ્રવિણ હોય છે.

કેટલાયે મનુષ્યો જ્ઞાનના અધિક ક્ષયોપશમને લઈને બીજા અનેક મનુષ્યોનું ધન

પડાવવામાં, તેમને લૂંટવામાં, રસ્તે ચાલતા લોકોનાં ધન ચોરવામાં, હત્યા કરવામાં પ્રવીણ થઈ જાય છે. કેટલાયે મનુષ્ય જ્ઞાનની અધિકતા પામીને ભોળા જીવોનો તિરસ્કાર કરવામાં, જૂઠાઓને સાચા સાબિત કરવામાં, સાચાને જૂઠા સાબિત કરવામાં, તથા ધન અને પ્રાણ બંને હરવામાં-લેવામાં પ્રવીણ થઈ જાય છે. કેટલાયે મનુષ્ય પોતાના જ્ઞાનની તીક્ષ્ણતા દ્વારા બીજા મનુષ્યોની ચાડી-ચુગલી કરવામાં, લૂંટાવી દેવામાં, તેમનાં ધન, ધરતી, આજીવિકા વિ. નાશ કરાવવામાં, રાજા વિગેરેથી દંડ કરાવવામાં, મરણ કરાવી દેવામાં પ્રવીણ હોય છે.

વળી ઘણાં મનુષ્ય લાકડા, પત્થર, ધાતુ, રત્ન વિગેરેની અનેક વસ્તુઓ બનાવવામાં, ચિત્ર, વસ્તુ, વસ્ત્ર, મહેલ વિગેરે અનેક પ્રકારની રચના બનાવી દેવામાં પ્રવીણતા પામીને અભિમાનને વશ થઈ નષ્ટ થઈ જાય છે. કેટલાયે મનુષ્ય જ્ઞાનની પ્રબળતા પામીને અનેક શૃંગારશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર, વૈદિકશાસ્ત્ર વિગેરે બનાવીને રાજાઓને પ્રસન્ન કરે છે. તેઓ અનેક છંદ, અલંકાર, વ્યાકરણ વિદ્યા, એકાન્તરૂપ ન્યાય વિદ્યા, વેદ-પુરાણ, ક્રિયાકાંડ આદિની પ્રરૂપણા કરીને અભિમાની થઈને આત્મજ્ઞાન રહિત થઈ સંસારમાં પરિભ્રમણ કરે છે.

કેટલાંયે મનુષ્ય વીતરાગ ધર્મને પામીને પણ મિથ્યાત્વના તીવ્ર ઉદયથી સત્ય જ્ઞાન-શ્રદ્ધાનને પામ્યા વિના પોતાનાં અભિમાન, વચન, પક્ષ પુષ્ટ કરવા માટે શાસ્ત્ર વિરૂદ્ધ માર્ગમાં પ્રવર્તન કરાવીને પોતાને કૃતાર્થ માને છે. આ રીતે **જ્ઞાનની અધિકતા પામીને પણ મિથ્યાત્વના પ્રભાવથી વિશેષ અધિક અધિક બંધ કરીને સંસારમાં જ નાશ પામે છે.** એટલે હવે વીતરાગી સમ્યગ્જ્ઞાની ગુરૂઓનો ઉપદેશ સાંભળીને જ્ઞાનનો ગર્વ ન કરો.

**હે આત્મન્ ! તારો સ્વભાવ તો લોકાલોકને જાણવાવાળો કેવળજ્ઞાનરૂપ છે.** હવે કર્મના ક્ષયોપશમથી ઈન્દ્રિઓને આધીન જે કંઈ થોડું જ્ઞાન પ્રાપ્ત થયું છે તેનો ગર્વ કેમ કરો છો ? જેમ કોઈ પોતાના કટ્ટર શત્રુ મંડલેશ્વર રાજાને બાંધીને જેલમાં નાખીને થોડું ખરાબ ભોજન આપી અનેક પ્રકારના દુઃખ આપી રાખે, ક્યારેક થોડો સમય કોઈ મિષ્ટાન પણ આપી દે, તો શું જેલમાં પડેલો તે મંડલેશ્વર રાજા થોડાં મિષ્ટાન મેળવીને ગર્વ કરશે ? તેમ તારા અનંતજ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાનને આ કર્મોએ લૂંટીને શરીરરૂપ જેલમાં પરાધીન કરી રાખ્યું છે. હવે કંઈક ઈન્દ્રિઓનું જ્ઞાન મેળવીને તેનો ગર્વ કેમ કરે છે ?

આ ઈન્દ્રિય જ્ઞાન તો વિનાશીક પરાધીન છે. શરીરની સાથે જ અવશ્ય નાશ થઈ જશે. આ શરીરમાં પણ રોગથી, બુઢાપાથી, ઈન્દ્રિઓની શિથિલતાથી, દુષ્ટોની સંગતિથી, વિષય-કષાયોની અધિકતાથી ક્ષણમાત્રમાં જ આ ઈન્દ્રિયજ્ઞાનનો નાશ થવામાં વાર લાગતી નથી. **આ વિનાશીક જ્ઞાનને મેળવીને જો મદ કરીશ તો તારા બધા જ ગુણ નષ્ટ થઈ જશે અને તું જ્ઞાન રહિત થઈ એકેન્દ્રિય વિગેરેમાં જઈને પેદા થઈશ.**

આ કાળમાં તું કોઈ કવિતા, છન્દ, ચર્ચા સમજીને નવું કાવ્ય, શ્લોક, શાસ્ત્ર, છંદ યુક્તિથી તથા જિનમતના સિદ્ધાંતોનું કંઈક જ્ઞાન પામીને મદ કરે છે તો તે મદ કરવો યોગ્ય નથી.

**પૂર્વકાળમાં થયેલા જ્ઞાની વીતરાગીઓના લખેલા ગ્રંથોના વચનોને જુઓ. અકલંક દેવ દ્વારા રચિત લઘુત્રયી, વૃહત્ત્રયી, ચૂલિકા** એમ સાત ગ્રંથ કે જેમને સમજવા માટે માણિક્યનંદી મુનિરાજે **'પરીક્ષામુખ'** બનાવ્યું. તેની મોટી ટીકા **પ્રમેયકમલમાર્તંડ** બાર હજાર શ્લોકોમાં પ્રભાચંદ્રજીએ બનાવી. લઘુત્રયી ઉપર **ન્યાયકુમુદ ચંદ્રોદય** સોળ હજાર શ્લોકોમાં પ્રભાચંદ્રજીએ લખી. તત્ત્વાર્થસૂત્રનો **ગંધહસ્તિ મહાભાષ્ય** તો ચોરાશી હજાર શ્લોકોમાં લખવામાં આવેલ છે જે અત્યારે ઉપલબ્ધ નથી. તેના મંગલાચરણ ઉપર આચાર્ય સમંતભદ્રએ આપ્તમીમાંસા લખી જે **દેવાગમસ્તોત્ર નામ**થી પણ પ્રસિદ્ધ છે. તેના ઉપર **અષ્ટશતી** તથા આચાર્ય વિદ્યાનંદીએ **અષ્ટસહસ્ત્ર** ટીકા લખી. અકલંક દેવે **રાજવાર્તિક** લખી છે. આચાર્ય વિદ્યાનંદ સ્વામીએ અઢાર હજાર શ્લોકોમાં **શ્લોકવાર્તિક** લખી છે તથા **આપ્તપરીક્ષા** પણ લખી છે.

એમના નિર્બાધ વચનોના પ્રભાવને જોઈને મોટા મોટા વાદ-વિવાદ-તર્ક કરવાવાળાઓનું અભિમાન ચૂર થઈ જાય છે. નાટકત્રય, સારત્રય વિગેરે અનેકાંતરૂપ નિર્બાધ યુક્તિયુકત વચનોને જાણીને જ્ઞાનનો મદ કેવી રીતે કરે છે ? કોઈ રીતે શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી કંઈક જ્ઞાન થયું છે, તો તેને ખૂબ દુર્લભ વસ્તુ જાણી(સમજી) આત્માને વિષયોથી તથા અભિમાન વિગેરે કષાયોથી છોડાવી પરમ સમતા ધારણ કરી સંસાર પરિભ્રમણના અભાવનો પ્રયત્ન કર. **જ્ઞાનનો મદ કરીને આત્માને અનંત સંસારી ન બનાવ.** આ રીતે જ્ઞાનના મદનો અભાવ કરવાનો ઉપદેશ આપ્યો છે.

**(૨) પૂજા મદઃ-** પૂજ્યતા-ઐશ્વર્યનો બીજા પ્રકારનો મદ સમ્યગ્દષ્ટિ કરતો નથી. આ રાજ્ય-ઐશ્વર્ય આત્માનો સ્વભાવ નથી. કર્મોનો કરેલો છે, વિનાશીક છે, પરાધીન છે, દુર્ગતિનું કારણ છે. મારૂં ઐશ્વર્ય તો અનંત 'ચતુષ્ટમય' અક્ષય-અવિનાશી-અખંડ-સુખમય છે, અનંત જ્ઞાન દર્શનમય છે. અનંત શક્તિરૂપ છે. આ કર્મકૃત મહાઉપાધિરૂપ, આત્માને કલેશ ઉપજાવીને દુર્ગતિમાં પહોંચાડવાવાળું તથા સ્વરૂપને ભૂલાવવાવાળું ઐશ્વર્ય આત્માનું સ્વરૂપ નથી. આ કંકાસનું મૂળ, વેરનું કારણ, ક્ષણભંગુર પરમાત્મસ્વરૂપને ભૂલાવવાવાળું મહાદાહ ઉપજાવવાવાળું ને દુઃખ સ્વરૂપ છે, વળી અનેક જીવોનું ઘાતક છે. **મહાઆરંભ, મહાપરિગ્રહમાં આંધળા કરી નરકમાં પહોંચાડવાવાળું છે.** આ ઐશ્વર્યથી હું કેટલા દિવસ પૂજ્ય રહીશ ? ક્ષણભરમાં નષ્ટ થઈ જવાથી રંક થઈ જઈશ.

જગતમાં ધનના લોભી તથા અજ્ઞાની લોકો મને ઊંચો માને છે, સત્કાર કરે છે પરંતુ તે રાજ્ય, સંપદા આદિનું મારે કેટલા દિવસનું સ્વામીપણું છે ? મૃત્યુનો દિવસ નજીક આવી રહ્યો છે. મારા જેવા સંપદાને પોતાની માનવાવાળા અનંતાનંત જીવ નષ્ટ થઈ ગયા છે. **પરમાણું માત્ર પણ પરદ્રવ્ય મારૂં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કેવી રીતે થઈ શકે ?**

આ પર્યાયમાં કર્મકૃત પરના સંયોગરૂપ ઐશ્વર્ય છે તે દાન, સન્માન, શીલ, સંયમ બીજા જીવોના ઉપકારમાં લગાવવાથી જ પ્રશંસા યોગ્ય છે. ઐશ્વર્ય મેળવીને ગર્વરહિત, ઈચ્છારહિત, સમતા સહિત વિનયવંત થવું શુભ ગતિનું કારણ છે. **મિથ્યાદર્શન જનિત મિથ્યાભાવ જીવને પોતાનું સ્વરૂપ ભૂલાવી ઐશ્વર્યમાં ફસાવી નરકમાં પહોંચાડે છે.** એવું દૃઢ શ્રદ્ધાન કરતો સમ્યગ્દષ્ટિ પૂજ્યપણાનો-ઐશ્વર્યનો મદ કરતો નથી. અન્ય જીવોને અશુભ કર્મના ઉદયવશ નિર્ધનતાથી દુઃખી જોઈ, અશુભ સામગ્રી સહિત જોઈ અવજ્ઞા તિરસ્કાર કરતો નથી, કરૂણા જ કરે છે.

**૩) કુળમદઃ-** હવે એ સિદ્ધ કરે છે કે સમ્યગ્દષ્ટિને કુળનો મદ હોતો નથી. જગતમાં પિતાના વંશને કુળ કહે છે. **સમ્યગ્દષ્ટિ વિચારે છે** — મારો આત્મા કોઈથી ઉપજાવેલો નથી. હું **તો જ્ઞાન સ્વરૂપ આત્મા છું,** તેનું કુળ હોતું જ નથી. જ્ઞાતા-દષ્ટા સ્વભાવ જ મારૂં કુળ છે. હું અનાદિકાળથી કર્મોથી પરાધીન છું. આ મનુષ્ય પર્યાયમાં જો ઉત્તમકુળ મળ્યું છે તો તેનો ગર્વ કરવો મહા અનર્થ છે.

પૂર્વભવોમાં હું અનંતવાર નારકી થયો, અનંતવાર સિંહ-વાઘ, સાપના કુળમાં પેદા થયો. અનંતવાર સુવર, કુકડા, ગીધ, ગધેડા, ઉંટ, બકરી, ભેંસ, શિયાળ વિગેરે કુળોમાં પેદા થયો, અનંતવાર મલેચ્છોના, ભીલોના, ચાંડાળોના, ચમારોના, માછીમારોના, કસાઈઓના કુળોમાં પેદા થયો, અનેકવાર નાઈ(હજામ), ધોબી, તેલી, સુતાર, લુહાર, કુંભાર, ચારણ, ભાટ, ડોમ, ભાડભૂંજાના કુળોમાં પેદા થયો, અનેકવાર નિર્ધનોના કુળમાં પેદા થયો છું. ક્યારેક શુભકર્મના ઉદયથી બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્યના કુળોમાં આવીને ઉપજ્યો તો હવે કર્મથી નીપજેલા કુળમાં આવી ગર્વ કરવો તે મહા અજ્ઞાન છે. આ કુળમાં મારે કેટલો કાળ રહેવું છે ? અનાદિથી આ કુળમાં મારો નિવાસ તો હતો નહિ, નવો પેદા થયો છું, મરીને ફરીથી પુણ્ય-પાપ અનુસાર કોઈ બીજા કુળમાં પેદા થવું પડશે.

**ઉત્તમ કુળ પ્રાપ્ત કરવાનું ફળ તો એ છે કે મોક્ષમાર્ગના સાધક રત્નત્રયમાં પ્રવર્તન કરવું તથા અધમ આચરણનો ત્યાગ કરવો.** એવો પણ વિચાર કરવો કે મને પુણ્યના પ્રભાવથી ઉત્તમ કુળ મળ્યું છે એટલે નીચકુળના મનુષ્યોની જેમ અભક્ષ્યનું ભક્ષણ ન કરૂં. કંકાસ, ઝઘડો, મારપીટ, ગાળ, બિભત્સ વચન બોલવાં જોઈએ નહિ. જુગાર રમવો, વેશ્યાસેવન, ચોરી કરવી વિગેરે યોગ્ય નથી, નિંદ્યકર્મ, **શારીરિક પરિશ્રમવાળી આજીવિકા કરવી અયોગ્ય છે,** હાસ્ય, અસત્ય વચન, છળ કપટ કરવું ઉચિત નથી, હવે જો હું ઉત્તમકુળ પામીને પણ નિંદ્યકર્મ કરીશ તો આ લોકમાં નિંદાયોગ્ય થઈ આગળ દુર્ગતિને પાત્ર થઈશ. આ રીતે સમ્યગ્દષ્ટિ કુળનો મદ કરતો નથી.

**(૪) જાતિમદઃ-** માતાના વંશને જાતિ કહે છે. સમ્યગ્દષ્ટિ જીવ જાતિનો ગર્વ કરતો નથી. **સમ્યગ્દષ્ટિ વિચાર કરે છે -** પૂર્વભવોમાં હું અનંતવાર નીચ જાતિમાં પેદા થયો, ત્યારે એકવાર ઉચ્ચ જાતિમાં પેદા થયો, આ રીતે અનંતવાર નીચજાતિ મળી અને અનંતવાર ઉચ્ચજાતિ પણ મળી છે હવે ઉચ્ચજાતિ મળવાનો ગર્વ શાનો કરૂં છું ? અનેકવાર નિગોદમાં થયો કૂકરી, સૂકરી(કૂતરી), ચંડાલણ, ભીલડી, ચમારણ, દાસી, વેશ્યાઓના ગર્ભમાં પણ અનેકવાર જન્મ ધારણ કર્યો છે.

આ જાતિ તો પુણ્ય-પાપ કર્મનું ફળ છે. જે રસ આપીને ખરી જશે. જાતિ-કુળમાં રોકાવું કેટલા દિવસનું છે ? એટલા માટે જાતિ-કુળને વિનાશીક કર્મને આધીન જાણીને ઉત્તમ શીલ પાળવામાં, ક્ષમા ધારણ કરવામાં, સ્વાધ્યાયમાં, પરોપકારમાં, દાનમાં, વિનયમાં પ્રવર્તન કરી જાતિનું ઉચ્ચપણું સફળ કરો. જાતિનો મદ કરી સંસારમાં નષ્ટ ન થાઓ.

**(૫) બળમદ:-** સમ્યગ્દષ્ટિને બળનો મદ પણ હોતો નથી. **સમ્યગ્દષ્ટિ વિચાર કરે છે-** હું આત્મા અનંત બળનો ધારી છું, પરંતુ કર્મરૂપી મારા પ્રબળ વેરીએ મારૂં બળ નષ્ટ કરીને નિર્બળ એકેન્દ્રિય વિકલત્રય આદિમાં મારી બળરહિત દશા કરી છે, જ્યાં હું જગત દ્વારા ઠોકરોથી કચડવામાં આવ્યો, છૂંદવામાં આવ્યો છું. હવે વીર્યાન્તરાય કર્મનો કંઈક ક્ષયોપશમ પામીને આ મનુષ્ય શરીરમાં યુવા અવસ્થામાં આહારના આશ્રયથી કંઈક બળનો ઉઘાડ થયો છે.

હવે આ દેહના આધારે પ્રાપ્ત પરાધીન બળથી જો તપસ્યા કરીને કર્મોનો નાશ કરૂં તો બળ પામવું સફળ છે. આ બળની પ્રાપ્તિથી હું વ્રત, ઉપવાસ, શીલ, સંયમ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ કરૂં તથા કર્મનો પ્રબળ ઉદય હોવા છતાં પણ આવેલા ઉપસર્ગ, પરીષહ, વિગેરેથી વિચલીત ન થાઉં. રોગ-દરિદ્રતા વિગેરે કર્મોના પ્રહારથી કાયર ન થાઉં, દીન ન થાઉં, તો મારૂં બળવાન થવું સફળ છે.

હું દીન, દરિદ્રી, અસહાયીના દુર્વચન સાંભળીને પણ જો ક્ષમા ધારણ કરીશ તો મારા આત્માની વિશુદ્ધતાના પ્રભાવથી દુર્જેય કર્મોને જીતીને ક્રમક્રમથી અનંત વીર્યને પ્રાપ્ત કરીને અવિનાશી પદ પ્રાપ્ત કરી લઈશ; અને જો હું બળવાન થઈને નિર્બળોનો ઘાત કરૂં, અસમર્થોનાં ધન, ધરતી, સ્ત્રીઓનાં હરણ કરૂં, તેમનાં અપમાન, તિરસ્કાર કરૂં તો સિંહ, વાઘ, સર્પ વિગેરે દુષ્ટ તિર્યંચો સમાન બીજા જીવોની હિંસા કરવા માટે જ મારે બળવાન થવું રહ્યું, જેનું ફળ લાંબા સમય સુધી નરકોનું દુઃખ, તિર્યંચોનું દુઃખ ભોગવીને અનંતકાળ સુધી નિગોદમાં પરિભ્રમણ કરવાનું મળશે. આ રીતે બળના મદ સમાન મારા આત્માનો ઘાતક અન્ય કોઈ નથી.

**(૬) ઋદ્ધિ મદ:-** જ્ઞાનીને ઋદ્ધિ અર્થાત્ ધન-સંપત્તિ મળ્યાનો ગર્વ હોતો નથી. સમ્યગ્દષ્ટિ તો ધન આદિના પરિગ્રહને અતિ બોજરૂપ માને છે **તે વિચારે છે કે -** એવો દિવસ ક્યારે આવશે કે જ્યારે હું સમસ્ત પરિગ્રહના ભારને છોડીને મારા આત્મિક ધનની સંભાળ લઈશ ? આ ધન પરિગ્રહનો ભાર મહા બંધન છે, રાગ, દ્વેષ, ભય, સંતાપ, શોક, કલેશ, વેર, હાનિ, મહા આરંભનું કારણ છે, વળી મદ ઉત્પન્ન કરવાવાળો છે, ને દુઃખરૂપ દુર્ગતિનું બીજ છે.

**પરંતુ કરવું શું ?** જેમ કપમાં પડેલી માખી પોતાને કાઢવામાં સમર્થ નથી, કાદવમાં ફસાયેલો વૃદ્ધ અશક્ત બળદ તેમાંથી બહાર નીકળવામાં સમર્થ નથી, ઊંડા ખાડામાં

પડેલો હાથી પોતાને કાઢવામાં સમર્થ નથી, એવી રીતે હું પણ આ ધન કુટુંબ આદિના ફંદામાંથી નીકળવા માગું છું, પરંતુ આસક્તિ, રાગાદિનો પ્રબળ ઉદય, (પાલન કરવામાં)નિભાવ થવાની કઠણાઈ જોઈ હૃદય કાંપે છે. એવાં અપમાન, ભયાદિ કરાવવાવાળા પરિગ્રહના બંધનથી છૂટવાનો ઈચ્છુક સમ્યગ્દષ્ટિ પરાધીન, વિનાશીક, દુઃખરૂપ સંપત્તિનો ગર્વ કરતો નથી. એના સંયોગથી ઘણી શરમ આવે છે કે હું જ્ઞાની થઈને પણ મારી સ્વાધીન, અવિનાશી, સ્વાત્મ લક્ષ્મીને છોડીને, આ ધૂળ સમાન લક્ષ્મીને છોડતો નથી એના જેવી બીજી શરમની વાત શી હોઈ શકે અને બીજી હીનતા શી હોય ?

**(૭) તપમદઃ-** સમ્યગ્દષ્ટિને તપનો મદ હોતો નથી. મદ તો તપનો નાશ કરવાવાળો છે. તપના પ્રભાવથી અષ્ટકર્મરૂપી શત્રુઓને જીતીને જે પરમાત્મપણાને પ્રાપ્ત થયા છે તે ધન્ય છે. હું સંસારમાં આસકત થઈને ઈન્દ્રિઓને વિષયોથી રોકવામાં અસમર્થ છું, કામભાવને જીત્યો નથી, નિંદ્રા, આળસ, પ્રમાદને પણ જીત્યાં નથી, ઈચ્છાઓને રોકવામાં શક્તિમાન નથી, શરીરમાં લાલસા ઘટી નથી, જીવવાની ઈચ્છા મટી નથી, મરવાનો ભય દૂર થયો નથી, પ્રશંસા-નિંદામાં, લાભ-ગેરલાભમાં સમભાવ થયો નથી; ત્યાં સુધી મારૂં તપ કેવું ? શું કામનું ? **તપ તો તે છે કે જેનાથી કર્મ શત્રુઓના ઉદયને જીતીને શુદ્ધાત્મદશામાં લીન થઈ જવાય.** તેઓ ધન્ય છે કે જેમને વીતરાગતા પ્રગટ થઈ છે. એવા વિચારોના પ્રભાવથી સમ્યગ્દષ્ટિને તપનો મદ ક્યાંથી થાય ?

**(૮) રૂપમદઃ-** સમ્યગ્દષ્ટિને શરીરના રૂપનો ગર્વ હોતો નથી. કારણ કે તે પોતાનું રૂપ તો જ્ઞાનમય જાણતો-દેખતો હોય છે. જેમાં બધા પદાર્થોનું વાસ્તવિક રૂપ દેખાય છે. આ ચામડીમય શરીરનું રૂપ મારૂં રૂપ નથી. આ દેહનું રૂપ ક્ષણ-ક્ષણમાં વિનાશીક છે. એક દિવસ આહાર-પાણી ન કરે તો મહાવિરૂપ (ફીકું) લાગે છે. આ દેહનું રૂપ સમયે-સમયે વિણસતું રહે છે. જો ઘડપણ આવી જાય તો ખૂબ સૂગ ચઢે તેવો અભદ્ર ને ભયાનક દેખાવા લાગે છે. જો રોગ-ક્ષીણતા આવી જાય તો કોઈના જોવા લાયક કે અડવા લાયક પણ રહેતો નથી. એવા રૂપનો કોણ જ્ઞાની મદ કરે? આ દેહ તો ક્ષણમાં આંધળો થઈ જાય, કાણો થઈ જાય, કુબડો, લુલો, ઠુંઠો, વક્રમુખ, વક્રગીવ, લમ્બોદર, બેસ્વરૂપ થઈ જાય, તેનું શું ઠેકાણું ? એમ રૂપનો ગર્વ કરવો તે મહા અનર્થ છે.

સુંદર રૂપ પામીને શીલને મલીન ન કરો. દરિદ્રી, દુઃખી, રોગી, અંગહીન, કુરૂપ,

મલીનને જોઈને તેમનો તિરસ્કાર ન કરો. ગ્લાનિ ન કરો. દયા જ કરો. સંસારમાં મહા કુરૂપ મનુષ્ય તિર્યંચોનું મહા અભદ્ર, ભયંકર, સૂગ ચઢે તેવું રૂપ આપણને અનેકવાર મળ્યું છે. એટલા માટે રૂપનો ગર્વ ન કરો.

આ આઠે મદ સમ્યગ્દર્શનનો નાશ કરવાવાળા છે, એમનો સંયોગ સ્વપ્નમાં પણ ન થાય તેમ નિરંતર પ્રવર્તવું યોગ્ય છે.

હવે જે પુરૂષો મદોન્મત થઈને અન્ય ધર્માત્મા જનોનો તિરસ્કાર કરે છે, તેમને લાગતા દોષોની ઉત્પત્તિ બતાવતો શ્લોક કહે છે :-

**स्मयेन योऽन्यानत्येति धर्मस्थानगर्विताशयः ।**
**सोऽत्येति धर्ममात्मीयं न धर्मो धार्मिकै बिना ।।२६।।**

**અર્થ :-** જે કોઈ પુરૂષ ગર્વ કરીને ધર્મના ધારક અન્ય ધર્માત્મા પુરૂષોનો તિરસ્કાર કરે છે તે પોતાના ધર્મનો જ તિરસ્કાર કરે છે, કારણ કે ધર્માત્મા પુરૂષો (ના આશ્રય) વિના ધર્મ જોવા મળતો નથી. તેથી જે જ્ઞાન, પૂજા, ધન, તપ, ઐશ્વર્ય, રૂપ વિગેરેનો મદ કરીને ધર્માત્માઓનો તિરસ્કાર કરે છે તે પોતાના જ ધર્મનો તિરસ્કાર કરે છે, કારણ કે ધર્મ તો કોઈ પુરૂષના આધારે જ રહે છે. પુરૂષ વિના તો ધર્મ રહેતો નથી.

**ભાવાર્થ :-** સંસારમાં ધન, ઐશ્વર્ય, આજ્ઞા-આદેશનો (સત્તાનો)ખૂબ મદ હોય છે. જે મદથી અભિમાની બની જાય છે તે દેવ-ગુરૂ-ધર્મનો વિનય પણ ભૂલી જાય છે. **ગર્વિષ્ટ વ્યક્તિ એવા વિચાર કરે છે કે** — આ મંદિર શું વસ્તુ છે, હું બીજું નવું બનાવી દઈશ, આ પણ મારૂં જ બનાવેલું છે. આ જે તપસ્વી, ત્યાગી છે પણ મારા જ આધીન છે તે ભોજન, વસ્ત્ર, મેળવીને જીવે છે, આ ધર્મ પણ ધન ખર્ચવાથી જ થાય છે, ધન ખર્ચ કરવાથી જ ભગવાનનું પૂજન-પ્રભાવના થાય છે - આ રીતે અવજ્ઞા કરે છે, અનેક પાપાચરણ કરીને પણ એવા અભિમાનને વશ થઈ દાન-પૂજા પ્રભાવનામાં પાંચ રૂપિયા આપી પોતાને ધન્ય તેમ જ ધર્માત્મા માને છે.

**વળી ધન, આજ્ઞા, ઐશ્વર્યના મદમાં આંધળો થઈ એમ માને છે કે** આ જગતમાં ધન જ સર્વોપરી છે. ધનવાનના ઘેર મોટા મોટા જ્ઞાની, શાસ્ત્રોના જાણકારો, કાવ્ય શ્લોક બનાવવાવાળા નિત્ય આવે છે મોટા-મોટા જ્ઞાની, ધનવાનોના ઘરમાં સ્વયં આવીને શાસ્ત્રો સંભળાવતા ફરે છે. અનેક કળાકાર ધનવાનના ઘરે રોજ આવે છે. પૂજા કરવાવાળા, પ્રભાવના કરવાવાળા, ભજન ગાવાવાળા અનેક લોકો ધનવાનનો

આશ્રય લઈ ધનવાનોની સેવામાં રહે છે. ઉપવાસ વ્રત, બેલા તેલા (બેંસણું-ત્રેસણું) કરવાવાળા ત્યાગી તપસ્વી ધનવાનોના જ ઘરે ભોજન કરવા આવે છે. મંત્ર, જાપ વિગેરે પણ ધનવંત પુરૂષોના માનીતા બનવા માટે જ કરે છે. સમસ્ત ધર્મ અને સર્વ ગુણ અમારા ધનને જ આધીન છે. આ રીતે ધન ઐશ્વર્યથી પોતાના આત્માને ઉંચો માની કૃત કૃત્ય સમજી ધર્માત્માઓની અવજ્ઞા કરે છે.

આત્મજ્ઞાની પરમાર્થી પરમ સંતોષી લોકોને તો એ ગર્વિષ્ઠ પુરૂષો ગણતા જ નથી. પરંતુ જેમને ચક્રવર્તીની સંપત્તિ તથા ઈન્દ્ર લોકની સંપદા પણ દુઃખરૂપ દેખાય છે તે પુરૂષો ધનવાનોનો સાથ સ્વપ્નમાં પણ ઈચ્છતા નથી.

જગતના અલ્પ પુણ્યવાળા, નિર્ધન લોકો, ગૃહ કુટુંબને પાળવાની ચિંતાથી દુઃખી થઈ પોતાનું સ્વાભિમાન છોડી ધનવાનના ઘેર આવે છે, ધનવાનને દયાવાન ઉપકારી જાણી તથા ધર્મથી પ્રીતિવંત કે વળી ધન પ્રાપ્ત કરવાની સફળતાયુકત છે તેમ જાણી તેના દ્વારે આવે છે, પણ આ ધનવંત ધનના મદમાં આંધળો થઈ જાય છે, જેના કારણે તેનાથી દાન તો થતું નથી, ઉપકાર બનતો નથી, દયા રહિત નિર્દયી થઈ જાય છે. કોઈ ફકત મારૂં ધન ન લૂંટો, ધન બગાડો નહિ એવું માનતો થકો મરીને ખૂબ મમતા કૃપણતાના પ્રભાવથી નરક-તિર્યંચગતિમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરે છે.

## ❖ ધનના સંબંધમાં જ્ઞાનીના વિચાર ❖

જે ધન સંપત્તિ પામીને મદરહિત છે તેમને એવો વિચાર આવે છે કે - આ ધન સંપત્તિ મારૂં રૂપ નથી, મારી નથી, કોઈ પૂર્વકૃત પુણ્યનું ફળ છે પણ એ વિનાશીક છે. હવે આ સંપત્તિથી કોઈ ઉપર ઉપકાર કરીશ, ગરીબ લોકોનું દુઃખ મટાડીશ, દયા કરી દુઃખી જીવોને મદદ કરીશ, જે જૈનધર્મના શ્રદ્ધાની-જ્ઞાની છે એમની નિર્ધનતાનું દુઃખ મટાડી તેમને નિરાકુળ કરીશ. બધા લોકો ધનવાન પાસે આશા રાખે છે, જો હું નિર્ધન હોત તો મારી મદદ કોણ ઈચ્છત ?

એટલે જ્યારે મારૂં શુભકર્મ ફળ્યું છે ત્યારે મારે આશ્રિતોનું ભરણ-પોષણ કરવું જોઈએ. બાળક, વૃદ્ધ, રોગી, અનાથ-વિધવા અશક્તોના ઉપકાર કરવાથી જ મારૂં ધન પામવું સાર્થક છે. **હું એવા કાર્યમાં ધન વાપરું કે જેનાથી જૈનધર્મની પરિપાટી લાંબા સમય સુધી ચાલતી રહે, જ્ઞાનાભ્યાસની પરંપરા ચાલતી રહે. નિત્ય-પૂજન, ધ્યાન, અધ્યયન, તપ, શીલથી સંસારનો ઉદ્ધાર કરવાવાળા કાર્યોનું પ્રવર્તન ચાલતું**

રહે - તે જ ધન પામવાનું ફળ છે - લાભ છે. જો આ ધન પરોપકારમાં નહિ લાગે તો નષ્ટ તો અવશ્ય જ થઈ જશે. સંપદા કોઈની સાથે પરલોકમાં ગઈ નથી. દાન કર્યા વિના આ સંપદા મને ફકત પાપ-દુર્ધ્યાન કરાવી સંસાર-સમુદ્રમાં ડૂબાડી દેશે.

**આ સંપદા પામવાનું ફળ તો દાન કરવું તે જ છે.** કરોડો મનુષ્યોએ પૂર્વ ભવોમાં દાન નથી કર્યું એટલે આજે તે ઘેર-ઘેર, દરવાજે-દરવાજે અન્ન માગતાં ફરે છે છતાં પેટ ભરીને ભોજન મળતું નથી, શરીર ઢાંકવા કપડું મળતું નથી, દીન-દરીદ્ર થઈ બીજાના એંઠાની આશા કરતા ફરે છે આ બધું દાન રહિતતા તથા કૃપણતાનું ફળ છે. તે મનુષ્યો તથા પશુઓની સેવા કરે છે- દાસત્વ કરે છે તોપણ પેટ ભરાતું નથી. દાન કર્યા વિના મને આગામી કાળમાં સંપત્તિ પ્રાપ્ત નહિ થાય. દાનમાં, ધર્મના સ્થાનોમાં ધન વાપરીશ તો જ ધન પામવું સફળ છે. મર્યા પછી સંપદા પરલોકમાં સાથે નહિ જાય, જ્યાં રાખી છે ત્યાં જ પડી રહેશે. એટલે કોઈ જીવોના ઉપકારમાં વપરાય તો સફળ છે, એટલી જ અને તે જ સંપત્તિ મારી છે.

એવા વિચારો સહિત સમ્યગ્દષ્ટિ સદાયે પરોપકારના કાર્યોમાં ધન લગાવવામાં તત્પર રહે છે- ઉદ્યમી રહે છે. **ધર્માત્મા પુરૂષોએ તો આ સંપદા ગ્રહણ કરવા યોગ્ય જ નથી, તે મોહથી આંધળા કરવાવાળી, આત્માને ભૂલાવવા વાળી છે. સમ્યગ્દષ્ટિ તેમાં મમત્વ જ કરતો નથી,** પરંતુ હજુ ચારિત્ર મોહનો ઉદય હોવાથી રાગ તો મટયો નથી એટલે અન્ય જીવોના ઉપકારમાં અવશ્ય લગાવવી, ખૂબ કષ્ટપૂર્વક કમાવાઈ છે તો તેને ઉત્તમ કાર્યમાં વાપરવી, છોડીને મરી જવામાં મારૂં શું ભલું થશે? એવો વિચાર કરીને જે પાપ રહિત મનુષ્યો છે તે નિર્ધન, રોગી, દુઃખી માનવોને જોઈને તેમની અવજ્ઞા કરતા નથી, ધન આપીને તેમનું દુઃખ મટાડે છે. **ધર્મમાં પ્રવર્તન કરાવાવાળાં, શુભ કાર્યોમાં ખર્ચ કરાવવાવાળા લોકોને જોઈને દાની ખૂબ આનંદ માને છે.** એમ દાન આપતા લોકોએ સંપદા પ્રાપ્ત થયાનું ફળ મેળવ્યું છે, આગળ પરલોકમાં દેવોની સંપદા, ચક્રવર્તીની સંપદા પણ દાનીને જ પ્રાપ્ત થાય છે.

હવે જે સંપત્તિમાં રાગી છે તેમને સંપત્તિનું સ્વરૂપ બતાવવાવાળો શ્લોક કહે છે -

**यदि पाप निरोधोऽन्यसंपदा किं प्रयोजनम् ।**
**अथ पापस्त्रवोऽस्त्यन्यसंपदा किं प्रयोजनम् ।।२७।।**

**અર્થ :- સમ્યગ્દષ્ટિ વિચાર કરે છે -** જો મારે જ્ઞાનાવરણાદિ અશુભ પાપ પ્રકૃતિઓનો આસ્રવ રોકાઈ ગયો છે તો હવે મારી પાસે જેટલી સંપત્તિ છે તેનાથી અધિક સંપત્તિ પ્રાપ્ત થઈ એ કરવાથી મને શું પ્રયોજન છે ? અને જો મારે તે અશુભ પાપ પ્રકૃત્તિઓનો આસ્રવ ચાલુ જ છે તથા સંપત્તિ પણ આવી રહી છે, તો આ નવી સંપત્તિની પ્રાપ્તીથી મને શું પ્રયોજન છે ? શું લાભ છે?

**ભાવાર્થ :-** આ જીવની ત્યાગરૂપ, સંયમરૂપ, પ્રવૃત્તિ દ્વારા પાપનો આસ્રવ થવો જો રોકાઈ ગયો છે તો અન્ય જે ઈન્દ્રિયોના વિષયોની સંપદા-રાજ્ય ઐશ્વર્યરૂપ સંપદા પ્રાપ્ત થઈ તો એ સંપદાથી મારૂં શું પ્રયોજન સિદ્ધ થશે ? **આસ્રવ રોકાવાથી તો નિર્વાણ સંપદા-અહમિંદ્ર લોકની સંપદા પ્રાપ્ત થાય છે.** આ ખાક-ધૂળ સમાન, કલેશભરી, ક્ષણભંગુર સંપદાથી શું પ્રયોજન છે ? જો આ જીવની ત્યાગરૂપ, સંયમરૂપ પ્રવૃત્તિથી પાપનો આસ્રવ નથી તો એવી નિર્બંધ નામની સંપદા મોટી વિભૂતિ ને મહાલક્ષ્મી છે.

જો અન્યાય, અનીતિ, કપટ, છળ, ચોરી વિગેરે કરીને મારા પાપનો આસ્રવ નિરંતર થઈ રહ્યો છે અને થોડીક વધારે ધનસંપદા પ્રાપ્ત થઈ પણ ગઈ તો એનાથી મારૂં શું પ્રયોજન સિદ્ધ થશે ? મરીને તરત જ અંતર્મુહૂર્તમાં નરકનો નારકી બનીને ઉપજીશ. **સમ્યગ્દષ્ટિને તો પાપકર્મના આસ્રવ થવાનો મોટો ભય રહે છે.** તે તો પાપના આસ્રવના રોકાઈ જવાને જ મહા સંપદા (મળ્યાનો) લાભ માને છે. આ સંસારની સંપદાને તો પરાધીન, દુઃખ દેવાવાળી જાણીને એમાં લાલસા કરતો નથી. ક્યારેક લાભાંતરાય, ભોગાંતરાય કર્મના ક્ષયોપશમથી સંપદા પ્રાપ્ત થાય છે ત્યારે તેને પરાધીન, વિનાશીક, બંધ કરાવવાવાળી જાણીને તેમાં લિપ્ત થતો નથી. વર્તમાનમાં કંઈક વેદનાને શાંત કરવા- વાળી જાણીને ઉદાસીન ભાવથી કડવી દવા સમાન ગ્રહણ કરે છે, સંપદાને પોતાના હિતરૂપ જાણીને તેની ઈચ્છા-આશા રાખતો નથી.

## ❖ છ અનાયતનનું સ્વરૂપ ❖

કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્રનું શ્રદ્ધાન તથા કુદેવની સેવા કરવાવાળા, કુગુરૂની સેવા કરવાવાળા, અને કુશાસ્ત્રને વાંચવાવાળા - એમ આ છ ધર્મનાં આયતન સ્થાન નથી. એમનાથી આપણું કંઈપણ ભલું થતું નથી, એટલે એ બધાં (૬) અનાયતન જ છે.

ટૂંકમાં એમનું સ્વરૂપ કહીએ છીએ - જેમનામાં સર્વજ્ઞતા નથી, વીતરાગતા

નથી, જે કામી, ક્રોધી, ચોરો અને વ્યભિચારીઓનો નેતા છે, જે ભોજનનો લાલચું છે, માંસનું ભક્ષણ કરે છે, લોભી છે, પોતાની પૂજા ઈચ્છે છે, જીવોને મારવાવાળો છે, પોતાના ભક્તોનો ઉપકારક અને અભક્તોનો વિનાશકર્તા છે, જેમને ઘણા લોકો દેવ માનીને પૂજે છે પરંતુ જેમનામાં દેવપણું નથી, તેમનામાં દેવપણાની બુદ્ધિ કરવી ને તેમને-દેવ માનવા તે મિથ્યા છે. તે દેવત્વનાં આયતન નથી.

જે વ્રત-સંયમ રહિત, અનેક પાખંડ વેષના ધારી છે તેમનામાં વ્રત, ત્યાગ, વિદ્યા, અધ્યયન પરિગ્રહનો ત્યાગ વિગેરે જોઈને મંત્ર, જંત્ર-તંત્ર વિદ્યા, જ્યોતિષ, વૈદિક, શુકુનવિદ્યા, તથા ઈન્દ્રજાળ આદિ વિદ્યાઓને જોઈને અનેક મૂર્ખ લોકો તેમને માનતા, પૂજતા જોઈને પાખંડી જિન આજ્ઞા-બાહ્ય વેશધારીઓમાં પૂજ્યપણું-ગુરૂપણું ન માનવું.

હિંસાના પોષક ખોટાં મિથ્યા શાસ્ત્ર કે જેમાં આત્મહિતનો ઉપદેશ નથી એવાં શાસ્ત્ર સમ્યગ્જ્ઞાનનાં આયાતન નથી. સમ્યક્દ્રષ્ટિ જીવો કુદેવ, કુગુરૂ-કુશાસ્ત્રોનું સેવન કરવાવાળા તથા તેમની સેવા-ઉપાસના કરવાથી પોતાનું કલ્યાણ થવાનું માનતા લોકોની પ્રશંસા કરતા નથી.

આ રીતે સમ્યગ્દર્શનના ઘાત કરવાવાળાં ત્રણ મૂઢતા, આઠ મદ, આઠ શંકાદિ દોષ તથા છ અનાયતન, એમ પચ્ચીસ દોષોને ત્યાગીને વ્યવહાર સમ્યગ્દર્શન ધારણ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન ધારણ કરો. **જેમને પચ્ચીસ દોષ રહિત આત્માનું શ્રદ્ધાન છે તેમને જ નિશ્ચય સમ્યગ્દર્શન થાય તેવો નિયમ છે. જેમના બાહ્ય દોષ જ દૂર થયા નથી તેમને અંતરંગ શુદ્ધ સમ્યગ્દર્શન પણ હોતું નથી.**

હવે **સમ્યક્ત્વના ભેદ અને તેની ઉત્પત્તિ** કેવી રીતે થાય છે તે કહે છે-

**સમ્યક્ત્વના ભેદ** - સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે. (૧) ઉપશમ સમ્યક્ત્વ, (૨) ક્ષયોપશમ સમ્યક્ત્વ, (૩) ક્ષાયિક સમ્યક્ત્વ. સંસારી જીવને અનાદિકાળથી આઠ કર્મોનું બંધન છે. તેમાં મોહનીય કર્મના બે ભેદ છે — દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓ છે — મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ, તથા ચારિત્ર મોહનીયની-અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ આ રીતે સાત પ્રકૃતિઓ સમ્યક્ત્વનો ઘાત કરવાવાળી છે. આ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. આ જ સાત પ્રકૃતિઓનો ક્ષય થવાથી ક્ષાયિક સમ્યક્ત્વ; અને આ જ સાતેય પ્રકૃતિઓના

ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય છે. તેનું બીજું નામ વેદક સમ્યક્ત્વ પણ છે. (તેના બીજા પણ ભંગ-ભેદ કરણાનુયોગ અનુસાર બને છે.)

**અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પહેલાં ઉપશમ સમ્યક્ત્વ જ થાય છે.** મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ છૂટીને જ સમ્યક્ત્વ થાય છે તેને **પ્રથમોપશમ સમ્યક્ત્વ** કહે છે. ઉપશમશ્રેણીના પ્રારંભમાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પછી જે ઉપશમ સમ્યક્ત્વ થાય છે, તેને **દ્વિતિયોપશમ સમ્યક્ત્વ** કહે છે.

હવે મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ ગુણસ્થાનથી ઉપશમ સમ્યક્ત્વ કેવી રીતે થાય છે તે શ્રી લબ્ધિસારજી શાસ્ત્ર અનુસાર થોડુંક લખીએ છીએ –

## ❖ સમ્યક્દર્શન અંગે ❖

**સમ્યક્ત્વની ઉત્પત્તિ** - સમ્યગ્દર્શન ચારેય ગતિઓમાં અનાદિ મિથ્યાદૃષ્ટિ તથા સાદી મિથ્યાદૃષ્ટિને ઉત્પન્ન થાય છે, પરંતુ **સંજ્ઞી**ને જ ઉત્પન્ન થાય છે, અસંજ્ઞીને નહિ, **પર્યાપ્ત**ને જ ઉત્પન્ન થાય છે, અપર્યાપ્તને નહિ, **મંદ કષાયી**ને જ ઉત્પન્ન થાય છે, તીવ્ર કષાયીને નહિ, **ભવ્ય**ને જ ઉત્પન્ન થાય છે અભવ્યને નહિ, ગુણ દોષોના વિચાર સહિત **સાકારોપયોગ** જે જ્ઞાનોપયોગ યુકતને જ ઉત્પન્ન થાય છે દર્શનોપયોગીને નહિ; **જાગૃત** અવસ્થામાં જ ઉત્પન્ન થાય છે, નિંદ્રાથી અચેત થયેલાને થતું નથી. પાંચમી કરણલબ્ધિના **ઉત્કૃષ્ટ જે અનિવૃત્તિકરણ પરિણામ તેના અંતિમ સમયમાં પ્રથમોપશમ સમ્યક્ત્વ થાય છે.**

**પાંચ લબ્ધિઓ:-** પાંચ લબ્ધિઓનાં નામ આ રીતે છે. ૧) ક્ષયોપશમ લબ્ધિ, (૨) વિશુદ્ધિ લબ્ધિ, (૩) દેશના લબ્ધિ, (૪) પ્રાયોગ્ય લબ્ધિ તથા (૫) કરણ લબ્ધિ. આ પાંચ લબ્ધિઓ થયા વિના સમ્યક્ત્વની ઉત્પત્તિ થતી નથી. આમાંથી ચાર લબ્ધિઓ તો કોઈપણ સંસારી ભવ્ય તથા અભવ્યને પણ થઈ જાય છે પરંતુ કરણ લબ્ધિ તો જેને સમ્યક્ત્વ તથા ચારિત્ર અવશ્ય પ્રાપ્ત થવાનું છે તેને જ થાય છે.

**ક્ષયોપશમ લબ્ધિ:-** ક્ષયોપશમ લબ્ધિના સંબંધમાં આગમમાં આમ કહ્યું છે- જે કાળમાં એવો યોગ આવે કે જ્યારે આઠ કર્મોમાંથી જ્ઞાનાવરણ આદિ કર્મોની સમસ્ત

---

૧. આવા કરણલબ્ધિવાળા જીવને બુદ્ધિપૂર્વક તો એટલો જ ઉદ્યમ હોય છે કે, તે તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રુપ થઈને જોડે, તેનાથી સમયે-સમયે પરિણામ નિર્મળ બનતાં જાય છે. મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ નં. ૬૦

અપ્રશસ્ત પ્રકૃતિઓની અનુભાગ શક્તિ પ્રતિસમય અનંતગુણી ઘટતી-ઘટતી આગળ ક્રમથી ઉદયમાં આવવા લાગે તે કાળમાં ક્ષયોપશમ લબ્ધિ થઈ કહેવામાં આવે છે. ઉત્કૃષ્ટ અનુભાગના અનંતમા ભાગના બરાબર (પ્રમાણ) જે દેશઘાતિ સ્પર્ધક તેનો ઉદય હોવા છતાં પણ ઉત્કૃષ્ટ અનુભાગનો (જે શેષ) અનંત બહુભાગના બરાબર (પ્રમાણ) જે સર્વઘાતિ સ્પર્ધક તેના ઉદયનો અભાવ તેને જ ક્ષય કહ્યો; અને જે સર્વઘાતિ સ્પર્ધક ઉદય અવસ્થાને પ્રાપ્ત તો થયા નથી પરંતુ જેમની સત્તા વિદ્યમાન છે તેને કહ્યો ઉપશમ-એવા સંયોગની પ્રાપ્તિ જે સમયે હોય છે તેને ક્ષયોપશમ લબ્ધિ જાણવી.

**વિશુદ્ધિ લબ્ધિ:-** પહેલાં જે ક્ષયોપશમ લબ્ધિ થઈ છે તેના પ્રભાવથી જીવને સાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિઓના બંધના કારણ એવા ઉત્પન્ન થવાવાળા **ધર્માનુરાગરૂપ શુભભાવોની પ્રાપ્તિ થવી તે વિશુદ્ધિ લબ્ધિ છે.** એ બરાબર જ છે કેમકે જ્યારે અશુભ કર્મો રસ આપતા અટકી જાય છે (ઓછા થઈ જાય છે) ત્યારે જીવના સંકલેષ પરિણામ પણ ઘટીને થોડા જ રહી જાય છે, તે અવસ્થામાં વિશુદ્ધ પરિણામોની વૃદ્ધિ થવી યોગ્ય જ છે. આ રીતે બીજી વિશુદ્ધ લબ્ધિ કહી.

**દેશના લબ્ધિ:-** દેશના લબ્ધિનું સ્વરૂપ આ રીતે જાણવું — છ દ્રવ્ય તથા નવ પદાર્થોના ઉપદેશ દેવાવાળા **આચાર્ય** આદિનો સમાગમ, તેમનાથી **ઉપદેશ**ની પ્રાપ્તિ થવી તે ઉપદેશિત પદાર્થોના સ્વરૂપને **ધારણા**માં લેવા તે દેશનાલબ્ધિ છે. **નરક વિગેરેમાં જ્યાં ઉપદેશ દેવાવાળા નથી ત્યાં પૂર્વ જન્મમાં જે તત્ત્વોનો અર્થ ધારણામાં લીધો હતો તેના સંસ્કારના બળથી સમ્યગ્દર્શન થઈ જાય છે.**

**પ્રાયોગ્ય લબ્ધિ:-** હવે ચોથી પ્રાયોગ્ય લબ્ધિનું સ્વરૂપ આગમમાં જે કહ્યું છે તે કહે છે- ઉપર કહેલી ત્રણ લબ્ધિઓ સહિત જીવ જ્યારે સમયે સમયે **વિશુદ્ધતાને વધારતા જતાં** આયુકર્મ સિવાય સાત કર્મોની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગર બાકી રહી જાય ત્યારે પૂર્વમાં જે કર્મોની સ્થિતિ બચી હતી તેને એક **કાંડક ઘાતથી** છેદે, પછી કાંડકથી પ્રાપ્ત દ્રવ્ય (કર્મો)ની બાકી રહેલી સ્થિતિને બરાબર કરે છે. આ અવસ્થામાં ઘાતિયા કર્મોનો અનુભાગ-રસ દારૂ અને લતારૂપ બાકી બચે છે, શૈલ-અસ્થિરૂપ રહેતો નથી અને અઘાતિયાં કર્મોના અનુભાગ નિંબ-કાંજીર રૂપ બાકી બચે છે - હળાહળ વિષ સમાન રહેતો નથી. પહેલાં જે અનુભાગ હતો તેને અનંત વડે ભાગવાથી બહુભાગ પ્રમાણ અનુભાગને નષ્ટ કરીને બાકી બચેલો અનુભાગ (અનંતમો ભાગ) બાકી રહી

જાય છે. **આવું કાર્ય કરવાની યોગ્યતાની પ્રાપ્તિ તે પ્રાયોગ્ય લબ્ધિ છે. તે ભવ્ય અને અભવ્ય બંનેને હોઈ શકે છે.**

સંકલેશ પરિણામી જીવ સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાપ્ત જીવને જેવો સંભવ થઈ શકે તેવા ઉત્કૃષ્ટ સ્થિતિબંધવાળો, અને ઉત્કૃષ્ટ પ્રદેશ-સ્થિતિ-અનુભાગની સત્તાવાળો જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વને ગ્રહણ કરી શકતો નથી. તથા ક્ષપકશ્રેણીમાં જે બંધ સંભવે છે, તેટલી પરિણામોની વિશુદ્ધિ તથા જઘન્ય પ્રદેશ-સ્થિતિ-અનુભાગની સત્તા રહી જવા છતાં પણ (સંકલેશ પરિણામીને) પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

**પ્રથમોપશમ સમ્યક્ત્વ સમ્મુખ થયેલો મિથ્યાદષ્ટિ જીવ વિશુદ્ધતાની વૃદ્ધિ કરીને આગળ વધતો થકો** પ્રાયોગ્ય લબ્ધિના પ્રથમ સમયથી માંડીને પૂર્વ સ્થિતિના સંખ્યાતમા ભાગ માત્ર અંતઃ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ (જેટલો) આયુકર્મ સિવાયનો સાત કર્મોનો સ્થિતિબંધ કરે છે. તે અંતઃ ક્રોડાક્રોડી સાગર (જેટલા) સ્થિતિબંધથી પલ્યના સંખ્યાતમા ભાગમાત્ર ઘટતો (ઓછો) સ્થિતિબંધ અંતર્મુહૂર્ત સુધી એક સમાન ગતિથી કરે છે.

પછી (ફરીથી) અંતર્મુહૂર્ત સુધી પલ્યના સંખ્યાતમા ભાગ માત્ર ઘટતો(ઓછો) સ્થિતિબંધ એક સમાન ગતિ કરે છે. આ રીતે ક્રમે-ક્રમે સંખ્યાત સ્થિતિબંધ અપસરણ કરીને પૃથક્ત્વ (૭-૮) સો સાગર ઘટી જવાથી પહેલો પ્રકૃતિબંધ અપસરણ સ્થાન થાય છે. આ જ ક્રમથી પાછળના બંધથી પણ પૃથક્ત્વ એકસો સાગર ઘટી જવાથી બીજો પ્રકૃતિબંધ અપસરણ સ્થાન થાય છે. આ રીતે એ જ ક્રમથી એટલો જ સ્થિતિબંધ ઘટતો જવાથી એક-એક પ્રકૃત્તિબંધ અપસરણ સ્થાન થતું જાય છે. **આ રીતે પ્રકૃતિ બંધ અપસરણનાં ચોત્રીસ સ્થાન હોય છે.** અહીં પૃથક્ત્વનો અર્થ ૭-૮ છે એટલે અહીં પૃથક્ત્વ એકસો સાગર કહેવાથી સાતસો તથા આઠસો સાગર જાણવો.

હવે અહીં કઈ-કઈ પ્રકૃત્તિઓનું બંધાવું રોકાઈ જાય છે ને ત્યાંથી માંડીને પ્રથમોપશમ સમ્યક્ત્વ થવા સુધી બંધ થતો નથી - એવા ચોત્રીસ બંધોપસરણ છે, તે ચોત્રીસ બંધ અપસરણોનું વર્ણન કરવાથી કથનનો બહું વિસ્તાર થઈ જશે જેમને વિશેષ જાણવાની જિજ્ઞાસા હોય તે શ્રી લબ્ધિસારજી ગ્રંથથી જાણી લે. પ્રાયોગ્ય લબ્ધિના વિષયમાં વિશેષ તે ગ્રંથમાંથી જાણવું.

**કરણલબ્ધિ:-** પાંચમી કરણલબ્ધિ ભવ્યોને જ થાય છે અભવ્યોને થતી નથી.

(૧) અધઃકરણ (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણ છે. **અહીં કરણનો અર્થ કષાયોની મંદતાથી થવાવાળાં વિશુદ્ધિરૂપ આત્મપરિણામોથી છે.** તેમાં લઘુ અંતર્મુહૂર્ત પ્રમાણ કાળ તો અનિવૃત્તિકરણનો છે, તેનાથી સંખ્યાતગણો કાળ અપૂર્વકરણનો છે અને તેનાથી સંખ્યાતગણો કાળ અધઃપ્રવૃતિકરણનો છે. આ સઘળો કાળ પણ અંતઃર્મૂહૂત પ્રમાણ છે કારણ કે આ અંતર્મુહૂર્તના પણ સંખ્યાત ભેદ છે.[1]

આ અધઃ પ્રવૃત્તિકરણના કાળમાં ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રિકાળવર્તી અનેક જીવોને આ સંબંધી આ જ કરણનાં વિશુદ્ધતારૂપ પરિણામ અસંખ્યાત લોક પ્રમાણ છે, તે પરિણામ અધઃપ્રવૃત્તિકરણ વાળાઓને જેટલો સમય છે તેટલામાં એક સમાન (એક સરખી) ગતિએ વૃદ્ધિ કરતાં પ્રતિ સમય વધતા રહે છે. આ કરણના નીચેના સમયનાં પરિણામોની સંખ્યા અને વિશુદ્ધતા ઉપરના સમયવર્ત્તી કોઈ બીજા જીવના પરિણામોથી મળતી આવે છે, (એક સરખી હોય છે) માટે એનું નામ અધઃ પ્રવૃત્તકરણ છે. આના પરિણામોની સંખ્યા અને વિશુદ્ધતા માટે લૌકિક દૃષ્ટાંત અલૌકિક સંદષ્ટિ ગોમ્મટસાર તથા લબ્ધિસારમાં છે ત્યાંથી વિશેષ જાણવું. અહીં એટલો મોટો વિસ્તાર કેવી રીતે કરીએ, લખવાથી ગ્રંથ ખૂબ મોટો થઈ જાય.

અધઃ પ્રવૃત્તકરણના પરિણામોના પ્રભાવથી ચાર આવશ્યક થાય છે- એક તો પ્રતિસમય અનંતગણી વિશુદ્ધતાની વૃદ્ધિ થાય છે; બીજો સ્થિતિબંધ અપસરણ થાય છે; પહેલાં જેટલી સ્થિતિથી (સમય માટે)કર્મોનો સ્થિતિબંધ થતો હતો તેનાથી ઘટતો ઘટતો સ્થિતિબંધ કરે છે, ત્રીજો-શાતાવેદનીયથી માંડીને પ્રશસ્ત કર્મ પ્રકૃત્તિઓનો પ્રતિ સમય અનંતગણો વધતો જતો ગોળ, ખાંડ, સાકર, અમૃતના (વધતા જતા ગળપણની) જેમ ચાર પ્રકારનો અનુભાગબંધ થાય છે, અને ચોથો-અશાતાવેદનીય વિગેરે અપ્રશસ્ત કર્મ પ્રકૃતિઓનો પ્રતિ સમય અનંતગણો ઘટતો જતો લીંબોડી, કાંજીરની જેમ બે પ્રકારનો અનુભાગબંધ થાય છે. વિષ, હળાહળરૂપ (એ બે પ્રકારનો અનુભાગ બંધ)થતો નથી.

આ રીતે અધઃ પ્રવૃત્તકરણના પરિણામોથી ચાર આવશ્યક થાય છે. અધઃપ્રવૃર્ત્તિકરણનો અંતર્મૂહૂર્તકાળ વીતી ગયા પછી અપૂર્વકરણ થાય છે. અધઃ પ્રવૃત્તકરણનાં પરિણામોથી અપૂર્વકરણનાં પરિણામ સંખ્યાત લોકગુણા છે એટલે તે અનેક (વિવિધ) જીવોની અપેક્ષાએ કહ્યાં છે. એક જીવની અપેક્ષાએ એક સમયમાં એક જ પરિણામ થાય છે. એક જીવની અપેક્ષા એ તો જેટલા સમય અપૂર્વકરણના અંતર્મુહૂર્તના કાળનો છે તેટલાં પરિણામ છે. એ જ રીતે અધઃપ્રવૃત્તકરણનાં પણ એક

જીવને એક સમયમાં એક પરિણામ થાય છે. અનેક જીવોની અપેક્ષાએ એક સમયને યોગ્ય અસંખ્યાત પરિણામ હોય છે.

તે અપૂર્વકરણનાં પરિણામ પણ પ્રતિસમય સમાન વૃદ્ધિ સહિત વધતાં રહે છે. આ અપૂર્વકરણના પરિણામ નીચેના (આગળના) સમયવર્ત્તી પરિણામો (સરખાં) સમાન હોતાં નથી. પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધતાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધતા પણ અનંતગુણી હોય છે. આ, આ રીતે પરિણામોનું અપૂર્વપણું છે. એટલા માટે આ બીજા કરણનું નામ અપૂર્વકરણ છે.

અપૂર્વકરણના પહેલા સમયથી માંડીને છેલ્લા સમય સુધી પોતાના પરિણામ(ભાવ) જઘન્યથી ઉત્કૃષ્ટ તથા પાછળના સમયના ઉત્કૃષ્ટથી આગળના સમયના જઘન્ય પરિણામ ક્રમક્રમથી અનંતગણી વિશુદ્ધતા સહિત સાપની ચાલ જેમ (વૃદ્ધિ રૂપ)જાણવાં. અહીં અનુકૃષ્ટિ થતી નથી. અપૂર્વકરણના પહેલા સમયથી માંડીને જ્યાં સુધી સમ્યક્ત્વ મોહનીય-મિશ્ર મોહનીયનો પૂર્ણકાળ કે જેમાં ગુણ સંક્રમણ કરીને મિથ્યાત્વને સમ્યક્ત્વ-મોહનીય, મિશ્ર-મોહનીયરૂપ પરિણમાવી દે છે તે કાળના અંતિમ સમય સુધી (૧)ગુણ શ્રેણી (૨) ગુણસંક્રમણ (૩) સ્થિતિ ખંડન (૪) અનુભાગ ખંડન આ ચાર આવશ્યક હોય છે.

અધઃકરણના પ્રથમ સમયથી માંડીને તે ગુણસંક્રમણના પૂર્ણ થવાના કાળ સુધી સ્થિતિબંધ અપસરણ થાય છે. જો કે પ્રાયોગ્ય લબ્ધિથી સ્થિતિબંધ અપસરણ પ્રારંભ થઈ જાય છે તો પણ પ્રાયોગ્ય લબ્ધિવાળા જીવને સમ્યક્ત્વ થવાનું અનવસ્થિતિપણું છે - નિયમ નથી તેથી એટલે તે સ્થિતિબંધ અપસરણને ગણવામાં આવતું નથી (મહત્ત્વ આપ્યું નથી). સ્થિતિબંધ-અપસરણનો કાળ અને સ્થિતિકાંડકોત્કરણનો કાળ આ બંને અંતર્મુહૂર્ત માત્ર સરખા જ છે.

(૧) પહેલાં જે બાંધ્યું હતુ તે સત્તામાં કર્મ પરમાણુઓરૂપ દ્રવ્ય એમાંથી છૂટા પાડીને જે દ્રવ્ય ગુણશ્રેણીરૂપે થયું તેના કરતાં ગુણશ્રેણીના કાળમાં પ્રતિસમય અસંખ્યાતગણી ક્રમથી કતારબદ્ધ જે નિર્જરા થાય છે, તેને ગુણશ્રેણી નિર્જરા કહે છે.

(૨) પ્રતિસમય ગુણાકારના અનુક્રમથી વિવક્ષિત પ્રકૃતિના પરમાણુઓનું પલટીને અન્ય પ્રકૃતિરૂપ થઈ જવું, તે ગુણસંક્રમણ છે.

(૩) પહેલાં બાંધેલી તે સત્તામાં રહેવાવાળી કર્મ પ્રકૃતિઓની સ્થિતિ ઘટાડવી તે સ્થિતિ ખંડન છે.

(૪) પહેલાં બાંધેલી તે સત્તામાં રહેવાવાળી અશુભ કર્મ પ્રકૃતિઓના અનુભાગનું ઘટાડવું તે અનુભાગ ખંડન છે.

આ રીતે આ ચાર કરણ અપૂર્વકરણમાં અવશ્ય હોય છે. અપૂર્વકરણના પ્રથમ સમયે પ્રશસ્ત-અપ્રશસ્ત પ્રકૃતિઓનું જે અનુભાગ સત્ત્વ છે તેનાથી અપૂર્વકરણના અંતિમ સમયમાં તેની પ્રશસ્ત પ્રકૃતિઓનું અનંતગણું વધતું તથા તેની અપ્રશસ્ત પ્રકૃતિઓનું અનંતગણું ઘટતું અનુભાગ સત્ત્વ હોય છે. અહીં પ્રતિસમય અનંતગણી વિશુદ્ધતા હોવાથી પ્રશસ્ત પ્રકૃતિઓનો અનંતગણો અનુભાગ તથા અનુભાગ કાંડકના મહાત્મ્યને લઈને અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનંતમો ભાગ અનુભાગ અંતના સમયમાં થવો સંભવ છે.

આ સ્થિતિખંડન વિગેરે થવાના વિધાનનું કથન ખૂબ વિસ્તારથી લબ્ધિસાર ગ્રંથમાંથી જાણવું. અહીં તો પ્રકરણવશ ટૂંકમાં જ લખ્યું છે. અપૂર્વકરણમાં કહેલાં સ્થિતિખંડન વિગેરે વિશેષકાર્ય અહીં અનિવૃત્તિકરણમાં પણ થાય છે.

**વિશેષ એટલું જાણવું -** અહીં સમાન સમય વર્તી અનેક જીવોનાં પરિણામ સમાન જ હોય છે, કારણ કે જેટલા અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તના સમય છે તેટલાં જ અનિવૃત્તિકરણનાં પરિણામ છે. એટલે પ્રતિસમય એક જ પરિણામ થાય છે. અહીં જે સ્થિતિખંડન તથા અનુભાગખંડન વિગેરેનો પ્રારંભ છે તે કોઈ બીજા પ્રમાણ અનુસાર જ થાય છે. અપૂર્વકરણ સંબંધી સ્થિતિખંડન વિગેરે તો અપૂર્વકરણના અંતિમ સમયમાં જ સમાપ્ત થઈ ગયા હતા. અહીં અંતરકરણ વિધિ પણ કહી છે જે શ્રી લબ્ધિસારજી ગ્રંથથી જાણવી.

**ઉપશમ સમ્યક્ત્વ:-** અહીં એમ કહેવા માગે છે કે અનિવૃત્તિકરણના અંતિમ સમયમાં દર્શન મોહનીય તથા અનંતાનુબંધી ચાર પ્રકૃતિઓનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગનો સર્વ પ્રકારે ઉદય થવાની અયોગ્યતારૂપ ઉપશમ થવાથી તત્ત્વાર્થોના શ્રદ્ધાનરૂપ (નિશ્ચય) સમ્યગ્દર્શનને પામીને ઔપશમિક સમ્યગ્દષ્ટિ થાય છે. ત્યાં પ્રથમ સમયમાં જ બીજી અવસ્થામાં રહેલા મિથ્યાત્વના દ્રવ્યને સ્થિતિ કાન્ડક અનુભાગકાન્ડક ઘાત વગર જ ગુણ સંક્રમણના લીધે મિથ્યાત્વ-દ્રવ્યના ત્રણ ભાગ-મિથ્યાત્વ, સમ્યગ્ મિથ્યાત્વ, સમ્યક્ત્વ મોહનીય કરી દે છે.

**ભાવાર્થ :-** અનાદિકાળનું દર્શન મોહનીયકર્મ એકરૂપ હતું તેનું દ્રવ્ય કરણોના પ્રભાવથી ત્રણ પ્રકારની શક્તિરૂપ અલગ અલગ થઈ જાય છે. આ રીતે મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વ થવાનું કારણ એવી પાંચ લબ્ધિઓનું સ્વરૂપ ટૂંકમાં કહ્યું છે.

**ક્ષયોપશમ (વેદક) સમ્યક્ત્વઃ-** આ ઉપશમ સમ્યક્ત્વને ટકવાનો જઘન્ય (થોડામાં થોડો) કાળ તથા ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) કાળ અંતર્મુહૂર્ત સુધી જ છે. અંતર્મુહૂર્ત પૂરો થયા પછી દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓમાંથી કોઈપણ એકનો ઉદય નિયમથી થઈ જાય છે.

જો સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિનો ઉદય આવી જાય તો ઉપશમ સમ્યક્ત્વથી છૂટીને (પલટીને) વેદક સમ્યક્ત્વ થઈ જાય છે. ત્યારે સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી વેદક સમ્યગ્દૃષ્ટિ જીવ, તત્ત્વોનો ચલ-મલ-અગાઢ દોષ સહિત શ્રદ્ધાન કરે છે. અહીં શ્રદ્ધાનમાં ચલપણાનો અર્થ છે — શ્રદ્ધાનમાં શિથિલતા આવવી તથા મલ દોષનો અર્થ છે — અતિચાર સહિત હોવું. આ વેદક સમ્યક્ત્વને જ ક્ષયોપશમ સમ્યક્ત્વ કહે છે.

દર્શન મોહનીયના સર્વઘાતિ સ્પર્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય છે, તથા દેશઘાતિ સ્પર્ધકરૂપ સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય હોવા છતાં પણ તે જ સમ્યક્ત્વ મોહનીયના જ વર્તમાન સમય સંબંધી નિષેકો સિવાય અન્ય જે આગળના નિષેક હજુ ઉદયને પ્રાપ્ત થયા નથી, તે માત્ર સત્તામાં પડ્યા છે તેને કહ્યો છે ઉપશમ, એવી કર્મોની ક્ષય અને ઉપશમરૂપ અવસ્થા હોવાથી ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે. વળી તેને સમ્યક્ત્વ પ્રકૃતિના ઉદયનું વેદન-અનુભવન હોવાને કારણે **વેદક સમ્યક્ત્વ** કહે છે.

જો ઉપશમ સમ્યક્ત્વનો અંતર્મુહૂર્ત સમય પૂરો થયા પછી સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય આવી જાય તો મિશ્ર ગુણસ્થાનમાં આવી જાય છે, તે જીવને તત્ત્વ-અતત્ત્વ બંન્નેનું એક સાથે (મિશ્ર) શ્રદ્ધાન થાય છે.

જો મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય આવી જાય તો તે મિથ્યાદૃષ્ટિ-વિપરીત શ્રદ્ધાની થઈ જાય છે. જેમ તાવથી પીડાતા પુરૂષને મિઠાઈ રુચતી નથી તે જ રીતે તેને અનેકાન્તરૂપ વસ્તુનું સાચું સ્વરૂપ, તત્ત્વોનું સાચું સ્વરૂપ તથા રત્નત્રયરૂપ મોક્ષનો માર્ગ રુચતો નથી, દશલક્ષણ રૂપ ધર્મ, સ્વ-પરની દયારૂપ ધર્મ રુચતો નથી.

જો ઉપશમ સમ્યક્ત્વના અંતર્મુર્હૂતના કાળમાંથી ઓછામાં ઓછો એક સમય તથા અધિકમાં અધિક (વધારેમાં વધારે) છ આવલી બાકી રહેવા સમયે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈ પણ એકનો ઉદય આવી જાય તો સમ્યક્ત્વથી છૂટીને તે જીવ સાસાદન ગુણસ્થાનમાં આવી જાય છે, ત્યાં તે એક સમયથી લઈને છ આવલી સુધી રહીને નિયમથી મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

**આ રીતે ઉપશમ સમ્યક્ત્વનો અંતર્મુર્હૂતકાળ પૂર્ણ થયા પછી ચાર માર્ગ (સ્થિતિ બને) છે.** જો સમ્યક્ત્વ મોહનીયનો ઉદય આવી જાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વ થઈ જાય છે. જો મિશ્ર પ્રકૃતિનો ઉદય થઈ જાય તો મિશ્ર ગુણસ્થાની થઈ જાય છે, જો મિથ્યાત્વનો ઉદય આવી જાય તો નિયમથી મિથ્યાદષ્ટિ થઈ જાય છે અને જો ચાર અનંતાનુબંધી કષાયોમાંથી કોઈ એકનો ઉદય આવી જાય તો સાસાદન ગુણસ્થાનમાં આવીને ફરીથી મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

**ક્ષાયિક સમ્યક્ત્વ:-** હવે ક્ષાયિક સમ્યક્ત્વ થવાનું કથન સંક્ષેપમાં કરીએ છીએ. **દર્શનમોહના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે.** દર્શનમોહનીયનો ક્ષય કરવાનો પ્રારંભ કર્મભૂમિનો મનુષ્ય જ કરે છે. ભોગભૂમિનો મનુષ્ય કરી શકતો નથી, બધા દેવ-નારકી-તિર્યંચોને પણ ક્ષાયિક સમ્યક્ત્વનો આરંભ થતો નથી. કર્મભૂમિનો મનુષ્ય જ દર્શનમોહની ક્ષપણાનો પ્રારંભ કરે છે. તે પણ કેવળી, શ્રુતકેવળી, તથા તીર્થંકર કેવળીના ચરણ કમળમાં બેસીને જ થાય છે. દર્શનમોહનો ક્ષય કરવા યોગ્ય વિશુદ્ધતા કેવળીની નિકટ બેઠા વિના થતી નથી.

અહીં અધઃ કરણના પ્રથમ સમયથી માંડી જ્યાં સુધી મિથ્યાત્વ અને મિશ્રમોહનીયના દ્રવ્ય (કર્મ)ને સમ્યક્ત્વ પ્રકૃત્તિરૂપ પરિણમન કરાવે છે ત્યાં સુધીના અંતર્મુર્હૂત કાળને દર્શનમોહનીય ક્ષપણાનો કાળ કહ્યો છે. તે આરંભકાળના અનંતરવર્તી સમયથી માંડી ક્ષાયિક સમ્યક્ત્વના ગ્રહણના પ્રથમ સમય સુધી પ્રથમ નિષ્ઠાપક હોય છે. જ્યાંથી ક્ષપણા પ્રારંભ કરી હતી કર્મભૂમિનો મનુષ્ય ત્યાં જ નિષ્ઠાપક થાય છે તથા સૌધર્મ આદિ સ્વર્ગોમાં, કલ્પાતીત અહમિન્દ્રોમાં ભોગભૂમિના મનુષ્ય તિર્યંચોમાં ધમા નામના પ્રથમ નરકમાં પણ નિષ્ઠાપક થઈ જાય છે. કારણ કે જેને પૂર્વમાં આયુબંધ થઈ ચૂક્યો છે. એવો કૃત-કૃત્ય વેદક સમ્યગ્દષ્ટિ જ મરીને ચારે ગતિઓમાં ઉત્પન્ન થઈને ક્યાંય પણ ક્ષપણા પૂરી કરી લે છે.

હવે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, સમ્યગ્ મિથ્યાત્વ તથા સમ્યક્ત્વ **એ સાતની ક્ષપણા કેવી રીતે કરે છે, તે કહે છે -** કોઈ મનુષ્ય વેદક સમ્યગ્દષ્ટિ થઈને અસંયત, દેશ સંયત, પ્રમત્ત, અપ્રમત્ત એમ ચાર ગુણસ્થાનોમાંથી કોઈપણ એકમાં રહી પહેલાં કહેલા ત્રણ કરણની વિધિ કરીને અનંતાનુબંધી ક્રોધ માન-માયા લોભની ઉદયાવલિમાં રહેવાવાળા નિષેકોને છોડીને અને ઉદયાવલિની બહાર રહેલ સમસ્ત નિષેકોની વિસંયોજના કરી અનિવૃત્તિકરણના અંતિમ સમયમાં અનંતાનુબંધીના સમસ્ત દ્રવ્યને બાર કષાય અને નવ નોકષાયરૂપ પરિણમન કરાવે છે- **આ અનંતાનુબંધીની વિસંયોજના છે.**

આ વિસંયોજનામાં પણ ગુણશ્રેણી નિર્જરા અને સ્થિતિ **કાંડકઘાત** આદિ ઘણી વિધી છે. અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી અંતર્મુહૂર્ત કાળ વિશ્રામ કરીને કોઈ ક્રિયા ન કરી તેના પછી ફરીથી ત્રણે કરણ કરીને અનિવૃત્તિકરણના કાળમાં મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ મોહનીયને ક્રમથી નષ્ટ કરે છે. આ કરણોના સામર્થ્યથી જે જે કર્મની સ્થિતિ અનુભાગનો ઘાત થવાનું વિધાન છે તે શ્રી લબ્ધિસારજીથી જાણવું. આ રીતે સાત પ્રકૃતિઓનો નાશ કરીને ક્ષાયિક સમ્યક્ત્વી થાય છે. અહીં ત્રણે પ્રકારના સમ્યક્ત્વ થવાનું આ સંક્ષેપ વર્ણન કર્યું છે.

**સમ્યગ્દષ્ટિના આઠ ગુણ : સમ્યગ્દષ્ટિને અન્ય આઠ ગુણ પણ પ્રગટ થાય છે જેનાથી તેનું સ્વયંનું તેમજ બીજાનું સમ્યક્ત્વ જાણી શકાય છે.** (૧) સંવેગ (૨) નિર્વેદ (૩) આત્મનિંદા (૪) ગર્હા (૫) ઉપશમ (૬) ભક્તિ (૭) વાત્સલ્ય (૮) અનુકંપા. આ આઠ ગુણ જેનામાં હોય તેને સમ્યગ્દર્શન હોય છે તેમ જાણવું.

(૧) સમ્યગ્દષ્ટિને **સંવેગ** અર્થાત્ ધર્મથી અનુરાગ હોય જ છે. સંસારી મિથ્યાદષ્ટિને તો શરીરથી જ અનુરાગ (પ્રેમ) થઈ રહ્યો છે કારણ કે તે ઈચ્છે છે કે શરીર ઉજ્જવળ રહે, બળવાન રહે, પુષ્ટ રહે, શરીરના મમત્વના કારણે જ તે અભક્ષ્ય ભક્ષણ કરીને સુખ માને છે, અન્યાય પૂર્વક શૃંગાર આદિ દ્વારા શરીરને આભૂષિત કરીને પ્રસન્ન થાય છે, પાપીઓથી સંબંધ રાખવામાં આનંદ માને છે, વિકથા તેને ગમે છે. સ્ત્રી, પુત્ર, ધન, સંપદામાં, નગર, દેશ, રાજ્ય ઐશ્વર્યથી અનુરાગ કરે છે. સમ્યગ્દષ્ટિને શરીર વિગેરેમાં આત્મબુદ્ધિ હોતી નથી એટલે દશ લક્ષણ ધર્મમાં જ અનુરાગ કરે છે. સમ્યગ્દષ્ટિનો અનુરાગ તો ધર્માત્મા પુરૂષોમાં, ધર્મની કથામાં, ધર્મના આયતનમાં હોય છે. આવો સંવેગ ગુણ સમ્યગ્દષ્ટિમાં હોય જ છે.

(૨) સમ્યગ્દષ્ટિને પંચપરાવર્તનરૂપ સંસારથી, કૃતઘ્ન શરીરથી, દુર્ગતિમાં લઈ જવાવાળા ભોગોથી, વિરક્તતા નિયમથી હોય જ છે. આ બીજો **નિર્વેદ** ગુણ સમ્યગ્દષ્ટિને પ્રગટ થાય જ છે.

(૩) પોતાના પ્રમાદથી, અસંયમભાવથી, સાંસારિક પાપમય પ્રવૃત્તિથી પરિણામોમાં નિરંતર પોતાની હીનતા (નિંદા) વિચારે છે. આવા દુર્લભ મનુષ્ય ભવની એક ક્ષણ પણ ધર્મના આશ્રય વિના જાય છે, તે મોટો અનર્થ છે. આ રીતે પોતાના પરિણામોમાં પોતાના દોષો સહિત પ્રવર્તનનો વિચાર કરી પોતાના મનમાં પોતાની નિંદા કરવી તે ત્રીજો **આત્મનિંદા** નામનો ગુણ છે.

(૪) જે પોતાનો ગુરૂ હોય, વિશેષ જાણકાર હોય, સાધર્મી હોય તેની પાસે જઈને વિનયપૂર્વક પોતાના નિંદ્ય દોષ પ્રગટ કરવા, તે સમ્યગ્દષ્ટિનો ચોથો **ગર્હા** નામનો ગુણ છે.

(૫) સમ્યગ્દષ્ટિને ક્રોધ, માન, માયા, લોભ આદિની મંદતા જ હોય છે. રાગ, દ્વેષ, કામ, ઉન્માદ, વેર વિગેરેને સમ્યગ્દષ્ટિ પોતાનાં ઘાતક માને છે. એટલે એ બધાને મંદ જ કરે છે. આ પ્રમાણે પાંચમો **ઉપશમ ગુણ** છે.

(૬) સમ્યગ્દષ્ટિને પંચપરમેષ્ઠીમાં, જિનવાણીમાં જિનેન્દ્ર પ્રતિમામાં, દસ લક્ષણ ધર્મમાં, ધર્મના ધારક ધર્માત્માઓમાં, તપસ્વીઓમાં તેમના અનેક ગુણોનું સ્મરણ કરીને ગુણોમાં અનુરાગ કરવો એમ સમ્યગ્દષ્ટિમાં **ભક્તિ** નામનો છઠ્ઠો ગુણ હોય જ છે.

(૭) સમ્યગ્દષ્ટિને ધર્માત્માઓમાં પ્રેમ હોય જ છે. જેવી રીતે દરિદ્રીને ધનનો વૈભવ જોઈને આનંદ થાય છે તે જ રીતે ધર્માત્મા, સમ્યગ્દષ્ટિ, સમ્યગ્ જ્ઞાનીને જોઈને, ધર્મના વ્યાખ્યાનને સાંભળીને સમ્યગ્દષ્ટિને અત્યંત આનંદ પ્રગટ થવો તે **વાત્સલ્ય** નામનો સાતમો ગુણ છે.

(૮) સમ્યગ્દષ્ટિને છ કાયના જીવો પ્રત્યે દયા પ્રગટ થાય જ છે. બીજા જીવોનું દુઃખ જોઈને પોતાનાં પરિણામ કંપિત થવાથી સ્વયં દુઃખી થઈ જવું તથા બીજા જીવોનાં દુઃખ દૂર કરવાનાં પરિણામ થવાં તે સમ્યગ્દષ્ટિનો આઠમો **અનુકંપા** નામનો ગુણ છે.

આ રીતે બીજા પણ અનેક ગુણ સમ્યગ્દષ્ટિને સ્વયંમેવ પ્રગટ થાય છે. **કારણ**

**કે જેને સાચું શ્રદ્ધાન-જ્ઞાન પ્રગટ થઈ ગયું તેનું સંપૂર્ણ બાહ્ય અભ્યંતર (આચરણ) ગુણરૂપ થઈને જ પરિણમે છે.**

હવે જે જીવ **સમ્યગ્દર્શન સહિત છે તેમને જ મહાનપણું છે** એ શ્લોકમાં કહે છે -

**सम्यग्दर्शनसम्पन्नमपि मातङ्गदेहजम् ।**
**देवादेवं विदुर्भस्मढाङ्गारान्तरौजसम् ।।२८।।**

**અર્થ :-** ચંડાલણના શરીરથી ઉત્પન્ન થયેલો ચાંડાલ, તે જો સમ્યક્દર્શન સહિત છે તો તેને પણ ગણધરદેવ 'દેવ' કહે છે, ભસ્મ (રાખ) થી દબાયેલ અંગારાને અગ્નિ કહેવાય છે તેમ.

**ભાવાર્થ :-** સમ્યગ્દર્શન સહિત ચાંડાળને પણ ભગવાન ગણધર દેવે દેવ કહ્યો છે. આ હાડમાંસમય શરીર **ચાંડાળ**થી ઉત્પન્ન થયું છે. એટલે શરીર ચાંડાળ છે. પરંતુ જેને સમ્યગ્દર્શન થયું છે એવો આત્મા તો દિવ્ય ગુણોથી શોભાયમાન છે અને તેના દેહને પણ ઉત્તમ ગુણોના પ્રભાવથી દેવ કહ્યો છે. જેમ રાખથી ઢાંકેલો અંગારો છે તેની અંદર ગરમીથી ભરેલી અગ્નિ જ હોય છે તેમ સમ્યગ્દષ્ટિ પણ મલિન દેહમાં હોવા છતાં આત્મિક ગુણોથી શોભિત છે. આ જ કારણે શ્રી સ્વામી સમન્તભદ્ર આચાર્યશ્રી કહે છે - સમ્યગ્દષ્ટિનો મહિમા અમે અમારા તરફથી કહેતા નથી, જિનેન્દ્ર ભગવાનના દ્વાદશાંગરૂપ આગમમાં ગણધરદેવે સમ્યગ્દષ્ટિ ચાંડાલને પણ દેવ કહ્યો છે.

આ શરીર તો મહા મલિન મળ-મૂત્રથી ભરેલું હાડ-માંસ ચામમય (હોવા છતાં) જેના નવ દ્વારોથી નિરંતર દુર્ગંધિત મળ ઝરતો રહે છે; સાધુઓનું શરીર અપવિત્ર ને મેલું હોય છતાં રત્નત્રયના પ્રભાવથી ઈન્દ્રાદિ દેવોને દર્શન કરવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય થઈ જાય છે. ગુણો વગર ચામડાના, કફ, મલ, મૂત્રથી ભરેલા, મલિન શરીરની વંદના-પૂજન કે અવલોકન કોણ કરે ? આ શરીર તો સમ્યગ્દર્શનથી જ વંદવા-પૂજવા યોગ્ય થાય છે.

હવે **ધર્મ-અધર્મ** (પુણ્ય અને પાપ)નું ફળ બતાવતો શ્લોક કહે છે -

**श्वापि देवोऽपि देवः श्वा जायते धर्मकिल्विषात् ।**
**कापि नाम भवेदन्या संपद्धर्माच्छरीरिणाम् ।।२९।।**

**અર્થ :-** ધર્મ (પુણ્ય) ના પ્રભાવથી કૂતરો પણ સ્વર્ગમાં જઈ દેવોમાં ઉત્પન્ન થઈ જાય છે. અને પાપના પ્રભાવથી સ્વર્ગ લોકનો મહાન ઋદ્ધિધારી દેવ પણ કૂતરાના રૂપમાં ઉત્પન્ન થઈ જાય છે. જીવોને વચનથી જેનું વર્ણન ન થઈ શકે એવી અહમિંદ્રોની સંપદા તથા અવિનાશી મુક્તિ સંપદા ધર્મના પ્રભાવથી પ્રાપ્ત થઈ જાય છે.

**ભાવાર્થ :-** મિથ્યાત્વના પ્રભાવથી બીજા સ્વર્ગ સુધીનો દેવ એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થઈ જાય છે તથા અનંતાનંત કાળ સુધી ત્રસ સ્થાવરોમાં જ પરિભ્રમણ કરતો ફરે છે. બારમા સ્વર્ગ સુધીનો દેવ મિથ્યાત્વના પ્રભાવથી પંચેન્દ્રિય તિર્યંચમાં આવીને ઉત્પન્ન થઈ જાય છે. એટલે **મિથ્યાત્વ ભાવ મહા અનર્થકારી જાણી સમ્યક્ત્વનો જ પ્રયત્ન કરવા યોગ્ય છે.**

હવે **કુદેવાદિ સમ્યગ્દષ્ટિ દ્વારા વંદવા યોગ્ય નથી**, એવો શ્લોક કહે છે -

**भयाशास्नेहलोभाच्च कुदेवागम लिङ्गनाम् ।**
**प्रमाणं विनयं चैव न कुर्युः शुद्धदृष्टयः ॥३०॥**

**અર્થ :-** જે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે તે ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી, કુદેવ, કુશાસ્ત્ર (કુઆગમ) અને કુલિંગધારીને પ્રણામ કરતા નથી, વિનય કરતા નથી. જે કામ, ક્રોધ, ભય, ઈચ્છા, ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષ, મદ, મોહ, નિંદ્રા, હર્ષ, વિષાદ, જન્મ, મરણ વિગેરે દોષો સહિત છે તે બધા કુદેવ છે. તેમનો ફેલાવો આ જગતમાં પંચમકાળના પ્રભાવથી ખૂબ છે. એક સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજા બધા કુદેવ છે.

હિંસાના પોષક, રાગી-દ્વેષી, મોહી જીવો દ્વારા પ્રકાશિત, પૂર્વાપર દોષ સહિત, વિષય-કષાય આરંભને પુષ્ટ કરવાવાળા, પ્રત્યક્ષ તથા અનુમાન પ્રમાણથી દુષિત એવાં શાસ્ત્ર કુઆગમ છે.

હિંસાદિ પાંચ પાપોના ત્યાગી, આરંભ પરિગ્રહ રહિત, દેહને વિશે નિર્મમ, ઉત્તમ ક્ષમાદિ, દશ ધર્મના ધારી, દોષ ટાળીને અયાચક વૃત્તિ સહિત દીનતા રહિત, નિર્જન સ્થાનમાં વસવાવાળા, ધ્યાન, અધ્યયનમાં નિરંતર પ્રવર્તવાવાળા, પાંચ ઈન્દ્રિઓના વિષયોના ત્યાગી, છ કાયના જીવોની વિરાધનાના ત્યાગી, એક વખત મૌનપૂર્વક બીજા દ્વારા આપેલો, તેમના નિમિત્તે નહીં બનાવેલો, રત્નત્રયમાં સહાયક, કાયાની રક્ષાના નિમિત્તે નીરસ ખોરાક ગ્રહણ કરવાવાળા, એવા નગ્ન મુનિરાજનું રૂપ, એક વસ્ત્રના ધારક એલક તથા કૌપીન (કામળાંવસ્ત્ર) ના ધારક ક્ષુલ્લકનું રૂપ, તથા એક વસ્ત્રની

ધારી આર્જિકાનું રૂપ એ ત્રણ સિવાય બીજા જે અનેક વેષ-રૂપ ધારણ કરે છે તે બધા કુલિંગી છે.

એક મુનિનો વેષ તથા લંગોટી ધારી એલક-કૌપીન ધારી ક્ષુલ્લક તથા એક વસ્ત્રને ધારણ કરવાવાળી આર્જિકા આ ત્રણ વેષો સિવાય સમસ્ત વેષધારીઓને સમ્યગ્દષ્ટિ નમસ્કાર કરતા નથી. આવા કુદેવ, કુશાસ્ત્ર અને કુલિંગધારીઓને ભય, આશા, સ્નેહ, લોભવશ સમ્યગ્દષ્ટિ નમસ્કાર કરતો નથી કે તેમનો વિનય કરતો નથી.

**ભાવાર્થ :-** સમ્યગ્દષ્ટિ કુદેવોને ભયથી નમસ્કાર કરતો નથી. આ દેવ છે, રાજા વિગેરે હજારો મનુષ્ય એને પૂજે છે, જો હું એને નમસ્કાર કરીશ નહિ તો આ દેવ ક્રોધ કરીને મારૂં બગાડશે, સંપત્તિ લઈ લેશે, સ્ત્રી-પુત્રાદિનો નાશ કરી દેશે, એના દ્વેષના કારણે મને રોગ થયો છે, તેણે મને દુઃખી કર્યો છે, દ્વેષ કરીને હવે મારૂં વધારે નુકશાન થશે, રોગી બનાવશે. આ ક્ષેત્રમાં બધા લોકો એને પૂજે છે. વળી અમારા કુળમાં વડીલ પિતા, પિતાના પિતા, માતા, ભાઈ, બંધુ તેને પૂજતા આવ્યા છે, હવે જો હું એમની પૂજા-વંદના છોડી દઈશ તો મારો ઘરબાર તો અનેક પુત્ર-પૌત્રાદિ લક્ષ્મીથી ભરેલો છે તેમાં ક્યાંક કોઈનું મરણ, ધનહાનિ, રોગાદિ થઈ જશે તો મારા ઉપર આરોપ (દોષ) આવશે અને મારા ઉપર ખૂબ દુઃખ આવશે, જે ખૂબ જ ખોટું થશે. તથા **આખી દુનિયા પણ એમ કહે છે કે** પહેલાં આ દેવતાને નહિ માનવાવાળાને આ દેવતાએ આંધળા કરી નાખ્યા હતા, એની પૂજા કરવાવાળાઓને, વાહવાહ બોલવાવાળાને, સત્કાર કરવાવાળા અનેક લોકોના રોગ આ દેવતાએ દૂર કર્યા હતા. આ જગન્નનાથસ્વામી છે એમની નગરીમાં નાઈ, ધોબી, મીના (સોની) કસાઈ, ચમાર પરસ્પર (ભેગા મળી) એઠું ભોજન કરે છે, જે એની અવજ્ઞા કરે છે એને કોઢ નિકાળે છે એવો ભય બતાવે છે.

વળી આ (દેવતાએ) તેને પૂજવાવાળા આંધળાઓને આંખો આપી છે, સંપત્તિ આપી છે. જે એની નિંદા કરતો હતો તેની સંપત્તિ નષ્ટ થઈ ગઈ છે. પહેલાં આ શનીશ્ચરદેવે ક્રોધ કરીને રાજા વિક્રમાદિત્યને ચોર બનાવી દીધો હતો. આ રીતે અનેક વેષધારી દેવ, ભૈરવ, ક્ષેત્રપાલ, હનુમાન, દુર્ગા, ગણેશ, ચંડી, સૂર્ય, ગ્રહ, યોગિની, યક્ષ ઈત્યાદિથી ભય પામીને સમ્યગ્દષ્ટિ તેમને નમસ્કાર વિનય વિગેરે કરતો નથી.

આ દેવતા કંઈક સંપત્તિ, પુત્ર, આજીવિકા, ધન, રાજ્ય વિગેરે આપી દેશે આવી આશાએ પણ (કુદેવની) વંદના કરતો નથી.

અમારા ઉપર આ દેવતાનો પ્રેમ છે, અમારા ઉપર જો દુઃખ આવી જાય તો અમારો રક્ષક તો આ જ દેવતા છે એવા સ્નેહથી પણ વંદના કરતો નથી, લોભથી પણ સત્કાર-વંદના કરતો નથી. મેં તો જે દિવસથી આ દેવતાની આરાધના આરંભ કરી છે, તે જ દિવસથી લાભ થઈ રહ્યો છે, ચઢતી છે, એવા લાભનું કારણ માનીને સમ્યક્દૃષ્ટિ કુદેવોની આરાધના કરતો નથી. તે રાજાના ભયથી, માતા-પિતાના ભયથી, કુટુંબના ભયથી તથા લોક-લાજના ભયથી કુદેવોની વંદના કરતો નથી.

આ જ રીતે જે શાસ્ત્ર, રાગ, દ્વેષ, હિંસાનાં પોષણ કરવાવાળાં છે, શૃંગાર કથા, યુદ્ધ કથા, સ્ત્રી કથા વિગેરે વિકથા કહેવાવાળાં, વસ્તુનું એકાંતરૂપ કથન કરવાવાળાં, યજ્ઞ, હોમ, મંત્ર, તંત્ર, યંત્ર, વશીકરણ, મારણ, ઉચ્ચાટન વિગેરે મહા હિંસાનાં આરંભનાં કહેવાવાળાં, કુદેવ, કુધર્મની આરાધના કરવાવાળાં-કરાવવાવાળાં, સંસારમાં ફસાવનારાં શાસ્ત્રોની સમ્યગ્દષ્ટિ વંદના-સત્કાર કરતો નથી. તેમના કથનની, રચનાની પ્રશંસા કરતો નથી, સંસારમાં રખડાવનારાં શાસ્ત્રોનું વ્યાખ્યાન કરી તેમનો પ્રચાર કરતો નથી; ભય, આશા, સ્નેહ, લોભથી ખોટા આગમની પ્રસિદ્ધિ કરતો નથી.

મેં, મારા પિતા, દાદા, વગેરેએ આ શાસ્ત્રોથી ખૂબ ધન કમાવ્યું છે, આગળ પણ આ શાસ્ત્રોથી ખૂબ ધન કમાઈશ, હું મારી પ્રતિષ્ઠા વધારીશ, જગતમાં માન્ય બની જઈશ, રાજાદિને મારા સેવક બનાવી દઈશ - એવા લોભથી સમ્યગ્દષ્ટિ કુશાસ્ત્રોનું સેવન કરતો નથી.

જો હું આ શાસ્ત્રોનું સેવન કરીશ નહિ તો મારી આજીવિકા નષ્ટ થઈ જશે લોકમાં મારી આબરું ઓછી થશે, પૂજ્યતા ઘટશે, એવા ભયથી તે કુશાસ્ત્રોનું સેવન કરતો નથી.

આ શાસ્ત્ર વાંચવામાં ખૂબ રસ પડે છે, મન પ્રસન્ન થાય છે, ખૂબ રસીલી વાર્તા છે, તથા લોકોને ખુશ કરે તેવી છે, એવા સ્નેહ-લોભથી પણ સમ્યગ્દષ્ટિ કુશાસ્ત્રોની આરાધના કરતો નથી.

કોઈપણ પ્રકારની આશાથી પણ સમ્યગ્દષ્ટિ કુશાસ્ત્રોનું સેવન કરતો નથી. આ શાસ્ત્ર વાંચવાથી દેવતા વશ થઈ જશે, વિદ્યા સિદ્ધ થઈ જશે વિગેરે આ લોક સંબંધી આશાથી પણ કુશાસ્ત્રોની પ્રશંસા-વંદના કરતો નથી.

સમ્યગ્દષ્ટિ કોઈ ભય, આશા, સ્નેહ, લોભથી કુલીંગી સાધુઓને પણ વંદન પ્રણામ

પ્રશંસા કરતો નથી. આ મોટા તપસ્વી છે, ખૂબ જ્ઞાની છે, રાજ્ય માન્ય છે, લોકમાં ખૂબ માન છે તેમાં દષ્ટિ, મુષ્ટિ, મારણ-ઉચ્ચાટન વિગેરે અનેક શક્તિઓ છે, કદી મારૂં કંઈક ખરાબ ન કરી નાખે એવા ભયથી પ્રણામ આદિ કરતો નથી.

આ મોટો કરામતી છે, વિદ્યાવાન છે, તેની પાસેથી કોઈ વિદ્યા શીખવી છે, તે રાજમાન્ય છે, તેનાથી હમણાં મારૂં કામ કઢાવવું છે, તેવા લોભથી પણ સમ્યગ્દષ્ટિ પાખંડી સાધુઓને વંદન, નમસ્કાર કરતો નથી. આ વેષધારીએ મને રસાયણ આપવાનું કહ્યું છે, તેનાથી મારે હમણાં એક ઔષધિ બનાવવાનું શીખવું છે, વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ વિદ્યા હમણાં તેમની પાસેથી શીખવી છે એટલે હમણાં તેમની સેવા કરવી છે વિગેરે આશા, લોભથી પાખંડી, વિષયી, આરંભી, પરિગ્રહધારીને સમ્યગ્દષ્ટિ નમસ્કાર કરતો નથી, કે પ્રશંસા કરતો નથી ને તેને સત્યવાદી કહેતો નથી, તેને ધર્મરૂપ માનતો નથી.

**હવે અહીં કોઈ પ્રશ્ન કરે છે -** જો કોઈ બળવાન વ્યક્તિ બળજબરીથી નમસ્કાર કરાવે, અને જો ન કરીએ તો ખૂબ મોટું નુકશાન થઈ જાય તો શું કરવું જોઈએ ?

**તેને જવાબ આપે છે -** બીજાઓ દ્વારા બળજોરી, જબરદસ્તીથી નમસ્કાર કરાવી દેવાથી શ્રદ્ધાન દુષિત થતું નથી (શ્રદ્ધા બગડતી નથી) કારણ કે દેવતા વિગેરેના ભયથી, આશાથી, સ્નેહથી, લોભથી નમસ્કાર કરે છે તો શ્રદ્ધાન બગડે છે. જબરદસ્તીથી તો જો દુષ્ટ મલેચ્છ આદિ વ્રતીના મુખમાં અભક્ષ્ય પદાર્થ મૂકી દે તો પણ વ્રત ભંગ થતો નથી. અન્ય મતોના ગ્રંથોમાં, શબ્દોમાં, વાક્યોમાં, કુદેવોને નમસ્કાર લખ્યો છે (કહ્યો છે), કુદેવોની સ્તુતિ લખી છે, તો તે ગ્રંથોના વાંચવા માત્રથી કુદેવોને નમસ્કાર સ્તુતિ તો થઈ જતાં નથી.

**સમ્યગ્દર્શન તો આત્માનો ભાવ છે,** જો પોતાના ભાવોમાં તે કુદેવાદિને વંદવા યોગ્ય જાણી-માનીને તથા પોતાને વંદન કરવાવાળો જાણીને નમસ્કાર-સ્તવન-વંદના કરે છે તથા તેનાથી પોતાનું ભલું થવું જાણે છે તો તેને સમ્યક્ત્વનો અભાવ છે.

આ (ટીકાકારના) કાળમાં મલેચ્છ મુસલમાન જ રાજા છે, તેઓ જ્યારે કંઈ પૂછે છે કે તમારે એમને કંઈ કહેવું છે તો હાથ જોડીને જ કંઈક કહી શકાય છે. તેમાં પોતાનું શ્રદ્ધાન-જ્ઞાન નષ્ટ થતું નથી. ચારિત્રધારી ત્યાગી સાધુજન છે તે કદી હાથ પણ જોડતા નથી તથા તેમના શરીરના ટુકડા-ટુકડા પણ કરી નાખે તો પણ ધર્મકાર્ય

વિના કંઈપણ બોલતા નથી. મનુષ્ય મલેચ્છ રાજાદિ મહા પાપી પણ ત્યાગીઓ દ્વારા પોતાને પ્રણામ કરાવતા નથી. એટલા માટે સંયમી તો રાજાને, ચક્રવર્તીને, માતાને, પિતાને તથા વિદ્યાગુરૂને પણ કદી નમસ્કાર કરતા નથી, તે **દ્વિજન્મા** છે. (તેઓનો તો સન્યાસી તરીકે ફરી જન્મ થયો છે) .

અવ્રત-સમ્યગ્દષ્ટિ પણ સ્વયં કુદેવ, કુગુરૂ, કુધર્મને નમસ્કાર કરતા નથી, અન્ય વ્યવહારીજનોનો યથાયોગ્ય વિનય-સત્કાર વિગેરે કરે છે. બીજા દ્વારા બળજોરી કરાતાં દેશ છોડી દે છે, આજીવિકા છોડી દે છે, ધનનો ત્યાગ કરી દે છે, પણ કુધર્મનું સેવન, કુદેવ આદિની આરાધના કરતા નથી.

હવે રત્નત્રયમાં પણ **સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતા** બતાવતો શ્લોક કહે છે -

**दर्शनं ज्ञानचारित्रात् साधिमानमुपाश्नुते ।**
**दर्शनं कर्णधारं तन्मोक्षमार्गे प्रचक्षते ।।३१।।**

**અર્થ :-** જ્ઞાન અને ચારિત્રથી સમ્યગ્દર્શન અધિક મહાન અર્થાત્ સર્વોત્કૃષ્ટ છે એવું જાણીને તેને પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. એ જ કારણથી મોક્ષના માર્ગમાં સમ્યગ્દર્શનને કર્ણધાર કહ્યું છે. જેમ સમુદ્રમાં જહાજને નાવિક (ખેવટિયો) પાર કરે છે તેમ અપાર સંસાર સમુદ્રમાં રત્નત્રયરૂપ જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિક છે.

**ભાવાર્થ :- રત્નત્રયમાં સમ્યગ્દર્શન જ અતિ ઉત્કૃષ્ટ છે.**

હવે **સમ્યગ્દર્શનના ઉત્કૃષ્ટપણાનું કારણ** બતાવનારો શ્લોક કહે છે -

**विद्यावृत्तस्य संभूति स्थिति वृद्धि फलोदयाः ।**
**न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव ।।३२।।**

**અર્થ :-** જેમ બીજના અભાવમાં વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળ સંભવતાં નથી, તેમ સમ્યક્ત્વના અભાવમાં જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળોદય પ્રાપ્ત થતાં નથી.

**ભાવાર્થ :-** જો બીજ ન હોય તો વૃક્ષ ક્યાંથી ઉત્પન્ન થાય ? અને જો વૃક્ષ પેદા ન થયું તો સ્થિતિ કોની થશે ? વૃદ્ધિ કોની થશે ? ફળ ક્યાં લાગશે ? તેમ જો સમ્યક્ત્વ ન હોય તો જ્ઞાન-ચારિત્ર પણ હોતાં નથી. **સમ્યક્ત્વ વિના જ્ઞાન-કુજ્ઞાન**

**છે અને ચારિત્ર-કુચારિત્ર છે.** સમ્યક્ત્વ વિના જ્યારે જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ જ ન થાય તો સ્થિતિ ક્યાંથી થશે, અને જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ કેવી રીતે થશે, તથા જ્ઞાન-ચારિત્રનું ફળ જે સર્વજ્ઞ પરમાત્મરૂપ થવું તે છે, તે કેમ થશે ? એટલે સમ્યક્ત્વ વિના સાચા શ્રદ્ધાન જ્ઞાન-ચારિત્ર કદી પણ થઈ શકે નહિ તે જ કથન ભગવાન ગુણભદ્ર આચાર્ય મહારાજે આત્માનુશાસનમાં કર્યું છે -

**शमबोध-वृत्त-तपसां पाषाणस्येव गौरवं पुंसः ।**
**पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ।।१५।।**

**અર્થ :-** શમ અર્થાત્ કષાયોની મંદતા થવી, બોધ એટલે કે અનેક શાસ્ત્રોનું પ્રબળ જ્ઞાન હોવું, વ્રત અર્થાત્ તેર પ્રકારનું દુર્દ્ધર ચારિત્ર પાળવું, કાયરોથી ન બની શકે એવું બાર પ્રકારનું ઘોર તપ આ ચારેય (જો સમ્યક્ત્વ નથી) તો પુરૂષને ખૂબ ભારરૂપ છે. પુરૂષને એમનું ભારેપણું પત્થરના ભારીપણા સમાન છે. પરંતુ શમભાવ-જ્ઞાન-ચારિત્ર-તપ ચારે જો સમ્યક્ત્વ સહિત હોય તો મહાન મણિ જે ચિંતામણિ છે, તેના સમાન પૂજ્ય થઈ જાય છે.

**ભાવાર્થ :-** જગતમાં અનેક પ્રકારના પત્થર પણ છે. અને મણિ પણ છે. મણિ પણ પથ્થર જ છે અને સામાન્ય રેતીનો બનેલો પણ પત્થર જ છે પરંતુ કાંતિ-ચમકના આધારે તેમનામાં ખૂબ અંતર છે. બંને પથ્થર હોવા છતાં પણ પથ્થર પથ્થર સમાન નથી. રેતીવાળો પથ્થર ત્રણ મણ પણ વેચી દઈએ તો એક પૈસો મળે; અને જો મણિ-પદ્મરાગમણિ-વજ્રમણિ (માણેક અને હીરા) રતીભાર પણ હાથમાં આવી જાય તો લાખો રૂપિયા પ્રાપ્ત થઈ જાય, પોતાના પુત્ર-પૌત્રો સુધી (ત્રણ પેઢી) નું દારિદ્રય દૂર થઈ જાય. તે જ રીતે **સમ્યક્ત્વ સહિત અલ્પ પણ શમભાવ, અલ્પ પણ જ્ઞાન, અલ્પ પણ ચારિત્ર, અલ્પ પણ તપ ભાવ, આ જીવને કલ્પવાસી ઈન્દ્ર વિગેરેમાં ઉત્પન્ન કરાવીને પછી જન્મ-મરણના દુઃખોથી રહિત પરમાત્મા બનાવી દે છે.**

સમ્યક્ત્વ વિના ખૂબ શમભાવ, અગિયાર અંગનું વિશાળ જ્ઞાન, ખૂબ ઉજ્જવળ ચારિત્ર તથા ઘોર તપ પણ, જો કષાયોની મંદતા સહિત હોય તો ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી દેવોમાં તથા અલ્પ ૠદ્ધિધારી કલ્પવાસી દેવોમાં ઉત્પન્ન કરાવીને ચતુર્ગતિ સંસારમાં જ પરિભ્રમણ કરાવે છે. એટલે સમ્યક્ત્વ સહિત જ શમ, બોધ, ચારિત્ર તથા તપ ધારણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે.

**મોહી મુનિ કરતાં નિર્મોહી શ્રાવકની શ્રેષ્ઠતા -** હવે અહીં કોઈ શંકા કરે છે કે જેને સમ્યક્ત્વ નથી પરંતુ ચારિત્ર, તપ આદિ ગ્રહણ કરેલાં છે એવા મુનિ, જે આરંભ આદિમાં લીન એવા ગૃહસ્થથી તો ઉત્તમ છે ને? તેને જવાબ આપતો શ્લોક કહે છે -

**गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान् ।**
**अनगारो गृही श्रेयान् निर्मोही मोहिनो मुनेः ।।३३।।**

**અર્થ :- જેને દર્શન મોહ નથી એવો ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે,** તથા મોહી અણગાર અર્થાત્ મોહ સહિત ગૃહ રહિત મુનિ મોક્ષમાર્ગી નથી. એ જ કારણે મોહી મુનિ કરતાં નિર્મોહી-દર્શનમોહ રહિત ગૃહસ્થ શ્રેયાન્ અર્થાત્ ઉત્કૃષ્ટ છે.

**ભાવાર્થ :- જેને મોહ અર્થાત્ મિથ્યાત્વ નથી એવા અવ્રત સમ્યગ્દષ્ટિ પણ મોક્ષમાર્ગી છે તે સાત-આઠ ભવ દેવ-મનુષ્યોના કરીને નિયમથી મોક્ષે જશે.** જેને મિથ્યાત્વ છે, તે મુનિના વ્રત ધારણ કરીને સાધુ પણ થઈ ગયો તો પણ મરીને ભવનત્રિક આદિમાં ઉત્પન્ન થઈને સંસારમાં જ પરિભ્રમણ કરશે.

**દર્શનપાહુડમાં શ્રી કુંદકુંદસ્વામીએ પણ આ જ કહ્યું છે.**

**दंसण भट्टा भट्टा दंसण भट्टस्स णत्थि णिव्वाणं ।**
**सिज्झंति चरिय भट्टा दंसण भट्टा ण सिज्झंति ।।३।।**

**सम्मत्त रयण भट्टा जाणंता बहु विहाइं सत्थाइं ।**
**आराहणा विरहिया भमंति तत्थेव तत्थेव ।।४।।**

**सम्मत विरहियाणं सुट्ठु वि उग्गं तवं चरंताणं ।**
**ण लहंति बोहिलाहं अवि वास सहस्स कोडीहिं ।।५।।**

**जे दंसणेसु भट्टा णाणे भट्टा चरित्त भट्टा य ।**
**एदे भट्ट वि भट्टा सेसंपि जणं विणासंति ।।८।।**

**जह मूलम्मि विणट्ठे दुमस्स परिवार णत्थि परिवड्ढी ।**
**तह जिण दंसण भट्टा मूल विणट्ठा ण सिज्झंति ।।१०।।**

**जे दंसणेसु भट्टा पाए पाडंति दंसण धराणं ।**
**ते होंति लल्ल मूआ बोही पुण दुल्लहा तेसिं ।।१२।।**

**जे वि पडंति य तेसिं जाणंता लज्जा गारव भयेण ।**
**तेसिं पि णत्थि बोही पावं अणु मोय माणाणं ।।१३।।**

**जिण वयण मोसहमिणं विसय सुह विरेयणं अमिदभूदं ।**
**जर मरण वाहि हरणं खय करणं सव्व दुक्खाणं ।।१७।।**

**एगं जिणस्स रूवं विदियं उक्किट्ठ सावयाणं तु ।**
**अवरट्ठियाण तइयं चउत्थपुण लिंग दंसणं णत्थि ।।१८।।**

**जंसक्कइ तं कीरइ जं च ण सक्कइ तं च सद्दहणं ।**
**केवलि जिणेहिं भणियं सद्दहमाणस्स सम्मत्तं ।।२२।।**

**ण वि देहो वंदिज्जइ ण वि य कुलो ण वि य जाइ संजुत्तो।**
**को वंदमि गुण हीणो ण हु सवणो णेय सावणो होइ ।।२७।।**

**અર્થ :-** જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, તેમનો અનંત કાળમાં પણ નિર્વાણ થશે નહિ. જેમનું સમ્યગ્દર્શન તો છૂટયું નથી પરંતુ ચારિત્રથી ભ્રષ્ટ થઈ ગયા છે તે ત્રીજા ભવમાં નિર્વાણ પામશે. સમ્યક્ત્વ છૂટી ગયા પછી અનંત ભવમાં પણ સંસાર ભ્રમણથી છૂટતા નથી ।।૩।।

જે સમ્યક્ત્વ રત્નથી ભ્રષ્ટ છે તે સર્વ પ્રકારનાં શાસ્ત્રોને જાણતો હોવા છતાં પણ, ચારેય આરાધનાઓ રહિત હોવાને કારણે સંસારમાં જ ભ્રમણ કરે છે. ।।૪।।

જે સમ્યક્ત્વથી રહિત છે તે હજાર કરોડ વર્ષ સુધી સારી રીતે ઉગ્ર તપનું આચરણ કરવા છતાં પણ રત્નત્રયનો લાભ પામતા નથી. ।।૫।।

જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે જ્ઞાનના વિષયમાં પણ વિપરીત જ્ઞાની હોવાથી ભ્રષ્ટ જ છે. જેમનું આચરણ પણ ભ્રષ્ટ છે તે તો ભ્રષ્ટોથી પણ ભ્રષ્ટ છે, વળી જે એમની સોબત કરે છે તેને પણ તે ધર્મ રહિત કરીને નષ્ટ કરી દે છે. ।।૮।।

જેમ વૃક્ષનું મૂળ અર્થાત્ જડનો નાશ થવાથી તેની ડાળી, પત્તાં, ફૂલ, ફળ વિગેરે પરિવારની વૃદ્ધિ થતી નથી, તેમ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે મૂળથી જ ભ્રષ્ટ છે, તેમને જ્ઞાન, ચારિત્ર, નિર્વાણની સિદ્ધિ કેવી રીતે થાય ? ।।૧૦।।

જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે અને સમ્યગ્દર્શનના ધારકોને પોતાના પગે પડાવવા માગે છે તે પરલોકમાં (આગળના ભવમાં) પગ રહિત લૂલા અને વચન રહિત મૂંગા

થાય છે. જે પોતે તો સમ્યગ્દર્શનથી રહિત છે, પરંતુ અન્ય સમ્યગ્દષ્ટિથી પોતાની વંદના, નમસ્કાર કરાવે છે તથા કરાવવા માગે છે તે ઘણા સમય સુધી એકેન્દ્રિય થાય છે. ।।૧૨।।

જે મિથ્યાદષ્ટિને ઓળખીને પણ એમના ચરણોમાં લાજથી, ગૌરવથી અર્થાત્ અભિમાન-મોટાઈથી કે ભયથી વંદના કરે છે તેમને પણ **મિથ્યાત્વ પાપની અનુમોદના કરવાથી રત્નત્રયની પ્રાપ્તિ દુર્લભ છે. ।।૧૩।।**

સમ્યગ્દષ્ટિને આ જિનેન્દ્રના વચન જ અમૃતરૂપ ઔષધિ છે જે વિષય સુખરૂપ (આમાશયનું) આંતરીક મેલ વિરેચન કરાવવાવાળું છે. જરા-મરણરૂપ વ્યાધિને દૂર કરવાનું કારણ છે તથા સંસારનાં સમસ્ત દુઃખોના ક્ષયનું કારણ છે. સમ્યગ્દષ્ટિને એવો નિશ્ચય હોય છે કે જન્મ-જરા-મૃત્યુ વિગેરે સમસ્ત દુઃખોરૂપ રોગોને દૂર કરવાવાળી અમૃતરૂપ ઔષધિ તો જિનેન્દ્રનાં વચન જ છે. આ ઔષધિ વિના અનાદિકાળના વિષયોની ચાહરૂપ દાહને નાશ કરવાવાળો, આમાશયને ધોઈને જ્ઞાન, સુખ આદિ અંગોને પુષ્ટ કરવાવાળો અમૃત સમાન બીજો કોઈ ઉપાય છે જ નહિ. ।।૧૭।।

એક રૂપ તો જિનેન્દ્રનું ધારણ કરેલું સમસ્ત વસ્ત્ર શસ્ત્રાદિ રહિત નગ્ન સ્વરૂપ છે; બીજું રૂપ ઉત્કૃષ્ટ શ્રાવકનું એક કામળી તથા ખંડ વસ્ત્ર સહિત છે; ત્રીજો આર્યિકાનો વેષ છે, ચોથો રૂપ-વેશ કે લીંગ જિનમતમાં નથી. અન્ય જે વેશ છે તે જૈનધર્મની બહાર છે, વંદવા યોગ્ય નથી. ।।૧૮।।

જિનેન્દ્રની જે આજ્ઞા છે તેને પાળવાની જો શક્તિ હોય તો પોતે તેવું આચરણ કરવું, પાળવું અને જો તે આજ્ઞાને પાળવાની શક્તિ ન હોય તો તેનું સત્ય શ્રદ્ધાન કરવું. કેવળી જિનેન્દ્રએ તેવા શ્રદ્ધાન કરવાવાળાને સમ્યક્ત્વ છે, તેમ કહ્યું છે. ।।૨૨।।

રત્નત્રય રહિત દેહ-જાતિ-કુળ પણ સમ્યગ્દષ્ટિ દ્વારા વંદવા યોગ્ય નથી. સમ્યગ્દર્શન વિગેરે ગુણરહિત શ્રાવક હોય કે મુનિ પણ તે વંદવા યોગ્ય નથી. રત્નત્રયના પ્રભાવથી દેહ-કુળ-જાતિ પણ વંદવા યોગ્ય થઈ જાય છે. ।।૨૭।।

હવે **આ જીવનો સર્વોત્કૃષ્ટ ઉપકાર અને અપકાર કરનાર કોણ છે ?** તે કહેવાવાળો શ્લોક કહે છે -

**न सम्यक्त्व समं किंचित् त्रैकाल्ये त्रिजगत्यपि ।**
**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम् ।।३४।।**

**અર્થ :-** જીવોનું સમ્યગ્દર્શન સમાન ત્રણ લોક અને ત્રણ કાળમાં કલ્યાણ કરવાવાળું બીજું કોઈ નથી; તથા મિથ્યાત્વ સમાન ત્રણ કાળ અને ત્રણ લોકમાં બીજું કોઈ અકલ્યાણકારી નથી.

**ભાવાર્થ :-** અનંતકાળ તો વીતી ગયો, વર્તમાનકાળ એક સમય અને અનંતકાળ આગળ આવશે એવા ત્રણ કાળમાં અધોભવન લોક, અસંખ્યાત દ્વીપ સાગર સુધી મધ્યલોક અને સ્વર્ગાદિ ઉર્ધ્વલોક એવા ત્રણ લોકમાં, સમ્યક્ત્વ સમાન જીવોનો ઉત્કૃષ્ટ ઉપકાર કરવાવાળું અન્ય કોઈ નથી, થયું નથી અને થશે નહિ. જે ઉપકાર આ જીવનો સમ્યક્ત્વ કરે છે તેવો ઉપકાર ત્રણ લોકમાં થયેલા ઈન્દ્ર, અહમિન્દ્ર, ભુવનેન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર, તીર્થંકર આદિ સમસ્ત ચેતન અને મણિ, મંત્ર, ઔષધિ આદિ સમસ્ત અચેતન દ્રવ્ય કોઈ કરતાં નથી. **આ જીવનો નિકૃષ્ટતમ (હલકામાં હલકો-હીન) અપકાર જેવું મિથ્યાત્વ કરે છે તેવો અપકાર કરવાવાળું ત્રણ લોકમાં-ત્રણ કાળમાં કોઈ ચેતન દ્રવ્ય કે અચેતન દ્રવ્ય છે જ નહિ, થયું નથી અને થશે નહિ.** એટલે મિથ્યાત્વના ત્યાગનો જ પરમ પ્રયાસ કરો. સમસ્ત સંસારના દુઃખને દૂર કરવાવાળા આત્મકલ્યાણની પરમ સીમા એક સમ્યક્ત્વ જ છે. એટલે તેને જ પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરો.

હવે **સમ્યગ્દર્શનના પ્રભાવ**નું વર્ણન કરવાવાળો શ્લોક કહે છે -

**सम्यग्दर्शन शुद्धाः नारकतिर्यङ्ग नपुंसकस्त्रीत्वानि ।**
**दुष्कुल विकृताल्पायुः दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः ।।३५।।**

**અર્થ :-** જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે તે વ્રતરહિત હોવા છતાં પણ નારકી, તિર્યંચ, નપુસંક કે સ્ત્રીપણાને પામતા નથી, નીચકુળમાં જન્મ, વિકૃત અર્થાત્ આંધળો, કાણો, બહેરો, ઠુંઠો, લૂલો, લંગડો, મૂંગો, કુબડો બૌના-ઠીંગણો, હીન અંગ, અધિક અંગ, માંજરા-કંજા વિડરૂપ (કુરૂપ) -અભદ્રમાં ઉત્પન્ન થતા હોતા નથી તથા અલ્પ આયુના ધારક અને ગરીબ સ્થિતિમાં હોતા નથી.

વ્રતરહિત અવ્રત સમ્યગ્દષ્ટિને નીચે લખેલી એકતાલીસ કર્મ પ્રકૃતિઓનો તો બંધ જ થતો નથી એવો નિયમ છે.

(૧) મિથ્યાત્વ (૨) હુંડકસ્થાન (૩) નપુંસકવેદ (૪) અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન (૫) એકેન્દ્રિય (૬) સ્થાવર (૭) આતપ (૮) સૂક્ષ્મપણું (૯) અપર્યાપ્તક

(૧૦) બે ઈન્દ્રિય (૧૧) ત્રણ ઈન્દ્રિય (૧૨) ચતુરેન્દ્રિય, (૧૩) સાધારણ (૧૪) નરક ગતિ (૧૫) નરક ગત્યાનુપૂર્વી (૧૬) નરક આયુ - **આ સોળ પ્રકૃતિ તો મિથ્યાત્વના ભાવથી જ બંધાય છે.**

અનંતાનુબંધીના પ્રભાવથી બંધાવાવાળી બીજી પચ્ચીસ પ્રકૃતિઓ છે - (૧) અનંતાનુબંધી ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ, (૫) સ્ત્યાન ગૃદ્ધિ (૬) નિદ્રાનિદ્રા (૭) પ્રચલાપ્રચલા (૮) દુર્ભગ, (૯) દુસ્વર (૧૦) અનાદેય (૧૧) ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન (૧૨) સ્વાતિ સંસ્થાન (૧૩) કુબ્જક સંસ્થાન (૧૪) વામન સંસ્થાન (૧૫) વજ્રવૃષભ નારાચ સંહનન (૧૬) નારાચ સંહનન, (૧૭) અર્ધ નારાચ સંહનન (૧૮) કીલિત સંહનન (૧૯) અપ્રશસ્ત વિહાયોગતિ (૨૦) સ્ત્રીપણું (૨૧) નીચ ગોત્ર (૨૨) તિર્યંચગતિ (૨૩) તિર્યંચ ગત્યાનુપૂર્વી (૨૪) તિર્યંચ આયુ (૨૫) ઉદ્યોત.

**આ એકતાલીસ કર્મપ્રકૃતિઓનો બંધ મિથ્યાદષ્ટિ જ કરે છે.** સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તથા અનંતાનુબંધીનો અભાવ થયો છે એટલે અવ્રત સમ્યગ્દષ્ટિને આ એકતાલીસ કર્મ પ્રકૃતિઓનો નવો બંધ થતો નથી.

જ્યારે સમ્યક્ત્વ થયું ન હતું, તે સમયે મિથ્યાત્વ અવસ્થામાં આ એકતાલીસ પ્રકૃતિઓનો જે બંધ થયો હતો, સમ્યક્ત્વના પ્રભાવથી તે બંધ નષ્ટ થઈ જાય છે, પરંતુ આયુ સંબંધી બંધ નષ્ટ થતો નથી, **તો પણ સમ્યક્ત્વનો એવો પ્રભાવ છે કે-**

(૧) જો પૂર્વે સાતમા નરકનું આયુષ્ય બાંધ્યું હોય, તે પછી સમ્યગ્દર્શન થઈ જાય તો પહેલી નરકે જ જાય છે, બીજી કે અન્ય નરકોમાં જતો નથી.

(૨) જો પૂર્વે તિર્યંચમાં નિગોદના એકેન્દ્રિયની આયુનો બંધ કર્યો હોય, અને પછી સમ્યગ્દર્શન થઈ જાય તો સમ્યક્ત્વના પ્રભાવથી ઉત્તમ ભોગભૂમિનો પંચેન્દ્રિય તિર્યંચ જ થાય છે, એકેન્દ્રિય આદિ કર્મભૂમિનો તિર્યંચ થતો નથી.

(૩) જો પૂર્વે લબ્ધિ અપર્યાપ્ત મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો હોય, ને તે પછી સમ્યગ્દર્શન થઈ જાય તો સમ્યક્ત્વના પ્રભાવથી ઉત્તમ ભોગભૂમિનો મનુષ્ય જ થાય છે.

(૪) જો પૂર્વમાં વ્યંતર આદિમાં નીચ દેવનું આયુષ્ય બાંધ્યું હોય, અને પછી સમ્યગ્દર્શન થઈ જાય તો કલ્પવાસી મહાન ઋદ્ધિવાળો દેવ જ થાય છે અન્ય ભવનત્રિક

દેવોમાં, ચાર પ્રકારના દેવોની સ્ત્રીઓમાં, મનુષ્ય-સ્ત્રીમાં તથા માદા તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી.

(૫) સમ્યક્ત્વનો એવો પ્રભાવ છે કે નીચકુળમાં, દરિદ્રિઓમાં તથા અલ્પ આયુષ્યના ધારી તરીકે ઊપજતો નથી.

હવે **સમ્યગ્દર્શનના પ્રભાવથી કેવો મનુષ્ય થાય છે ?** તે કહેવાવાળો શ્લોક કહે છે-

**ओजस्तेजो-विद्या-वीर्य वृद्धि-विजय-विभव सनाथाः।**
**महाकुला महार्था मानवतिलका भवन्ति दर्शनपूताः ॥३६॥**

**અર્થ :-** જે પુરૂષ સમ્યગ્દર્શનથી પવિત્ર છે તે મનુષ્યોના તિલક અર્થાત્ સમસ્ત મનુષ્યોને શોભા કરનાર, સમસ્ત મનુષ્યોના મસ્તક ઉપર ધારણ કરવા યોગ્ય એવા, મનુષ્યોના તિલક (રૂપ) હોય છે. **આ વળી કેવા હોય છે ?** ઓજ અર્થાત્ પરાક્રમ, તેજ અર્થાત્ પ્રતાપ, વિદ્યા અર્થાત્ સમસ્ત લોકમાં અતિશય રૂપ જ્ઞાન, વીર્ય અર્થાત્ અતિશયરૂપ શક્તિ, ઉજ્જવલ યશ, વૃદ્ધિ અર્થાત્ દિન પ્રતિદિન ગુણોની અને સુખની વૃદ્ધિ, વિજય અર્થાત્ બધી રીતે જીત, અતિશયરૂપ વૈભવ-આ રીતે ઓજ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વૃદ્ધિ, વિજય, વૈભવ એ બધા ગુણોના સ્વામી હોય છે. મહાન કુળના સ્વામી હોય છે, મહાનધર્મ, મહાઅર્થ, મહાકામ, મહામોક્ષરૂપ ચાર પુરૂષાર્થના સ્વામી હોય છે. સમ્યગ્દર્શનને ગ્રહણ કરવાથી એવા અસીમ અપ્રમાણ, પ્રભાવના ધારી મનુષ્ય થાય છે.

હવે **સમ્યક્ત્વના પ્રભાવથી દેવોનો વૈભવ પ્રાપ્ત થાય છે,** તે કહેવાવાળો શ્લોક કહે છે -

**अष्टगुण-पुष्टि-तुष्टाः दृष्टि-विशिष्टाः प्रकृष्ट-शोभाजुष्टाः ।**
**अमराप्सरसां परिषदि चिरं रमन्ते जिनेन्द्र-भक्ताः स्वर्गे ॥३७॥**

**અર્થ :-** જિનેન્દ્રના ભકત સમ્યગ્દષ્ટિ દેવોમાં જન્મ લઈને અપ્સરાઓના વૃંદમાં ચિરકાળ સુધી રમે છે. સુખ ભોગવે છે. **કેવા થઈને રમે છે ?** અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ - જે આ આઠ ગુણ છે તેમની પુષ્ટતા અર્થાત્ જે અન્ય અસંખ્યાત દેવોમાં ન જોવા મળે એવી અધિકતાથી સંતુષ્ટ થઈને રમે છે; તથા બધા દેવોથી ઉત્કૃષ્ટ એવી ક્રાંતિ, તેજ, યશથી શોભાયમાન થઈને સ્વર્ગ લોકમાં આનંદપૂર્વક નિવાસ કરે છે.

**ભાવાર્થ :-** અવ્રત સમ્યગ્દષ્ટિ સ્વર્ગમાં દેવ થાય છે પરંતુ હીન પુણ્યવાળો (ત્યાં ઉત્પન્ન) થતો નથી. ઈન્દ્રના સમાન વૈભવ, કાંતિ, જ્ઞાન, સુખ, ઐશ્વર્યના ધારક, મહર્દ્ધિક દેવ થાય છે. ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંસ, લોકપાલાદિ દેવોમાં ઉત્પન્ન થાય છે. અન્ય અસંખ્યાત દેવોને આવી અણિમા, આદિ ઋદ્ધિ, દેહની ક્રાંતિ, આભરણ, વિમાન, વિક્રિયા વિ. હોતાં નથી. આવો ઉત્કૃષ્ટ વૈભવ પ્રાપ્ત કરીને અસંખ્યાત કાળ-વર્ષો સુધી કરોડો અપસરાઓની વચ્ચે કેલી કરે છે.

હવે સમ્યગ્દષ્ટિ સાગરો પર્યંત સ્વર્ગના ઈન્દ્રિયજનિત સુખ ભોગવીને મનુષ્ય લોકમાં આવીને કેવો થાય છે ? તે કહેવાવાળો શ્લોક કહે છે.

**नवनिधि-सप्तद्वय-रत्नाधीशाः सर्व-भूमिपतयश्चक्रम् ।**
**वर्तयितुं प्रभवन्ति स्पष्टदशाः क्षत्र-मौलि-शेखर-चरणाः ।।३८।।**

**અર્થ :-** જેમને ઉજ્જવલ સમ્યગ્દર્શન છે તે જીવ સ્વર્ગલોકમાં આયુષ્ય પૂરું કરીને અહીં મનુષ્ય લોકમાં ઊપજીને, નવનિધિ ચૌદ રત્નોના સ્વામી, સમસ્ત ભરતક્ષેત્રના બત્રીસ હજાર દેશોના માલિક, બત્રીસ હજાર રાજાઓના મસ્તક ઉપર મુગટરૂપ છે, ચરણ જેના એવા ચક્રને પ્રવર્તન કરવાની શક્તિ ધરાવતા ચક્રવર્તી થાય છે.

**ભાવાર્થ :-** સમ્યગ્દષ્ટિ સ્વર્ગથી મનુષ્ય ભવમાં આવીને નવનિધિ ચૌદ રત્નોનો સ્વામી, છ ખંડ પૃથ્વીનો ધણી તથા સમસ્ત રાજાઓ ઉપર જેની આજ્ઞા ચાલે છે એવો ચક્રવર્તી થાય છે.

હવે **સમ્યક્ત્વના પ્રભાવથી તીર્થંકર થાય છે** એવું શ્લોક દ્વારા કહે છે -

**अमरासुरनरपतिभिमर्यधर पतिभिश्च नूत पादाम्भोजाः ।**
**दृष्ट्या सुनिश्चितार्थाः वृषचक्रधराः भवन्ति लोक शरण्याः ।।३९।।**

**અર્થ :-** જે પુરૂષોએ સમ્યગ્દર્શનપૂર્વક પદાર્થો (વસ્તુ) નો સાચો નિર્ણય કર્યો છે તે અમરપતિ અસુરપતિ, નરપતિ, સંયમીઓના પતિ ગણધરાદિક દ્વારા વંદનીય છે ચરણકમળ જેના, તથા લોકોને ઉત્કૃષ્ટ શરણભૂત છે, એવા ધર્મચક્રના ધારક તીર્થંકર રૂપમાં ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ :-** સમ્યગ્દષ્ટિ જીવ તીર્થંકર થઈને અનેક જીવોના સંસારના દુઃખના છેદન કરવાવાળા ધર્મચક્રને પ્રવર્તિત કરાવે છે, જેમના ચરણોની ઈન્દ્ર, અસુરેન્દ્ર, નરેન્દ્ર, ગણધર વિગેરે નિત્ય વંદના કરે છે, ને જેઓ જીવોને પરમ શરણરૂપ છે.

હવે **સમ્યગ્દષ્ટિને જ નિર્વાણ પ્રાપ્ત થાય છે** એવો શ્લોક કહે છે -

**शिव-मजर-मरुज-मक्षयमव्याबाधं विशोक- भय- शंकम्।**
**काष्ठागत सुख विद्या विभवं विमलं भजन्ति दर्शन-शरणाः ॥४०॥**

**અર્થ :-** જેમને સમ્યગ્દર્શન જ શરણ છે તે પુરૂષ શિવ અર્થાત્ નિરાકુળતા લક્ષણરૂપ જે મોક્ષ છે, તેનો અનુભવ કરે છે. **કેવું છે શિવ ?** જેમાં જરા એટલે કે બુઢાપો નથી, અનંતકાળમાં પણ જ્યાં આત્મા પુરાણો-કમજોર થતો નથી, જીર્ણ થતો નથી, અરૂજ એટલે કે જ્યાં કોઈ રોગ, પીડા, વ્યાધિ નથી, અક્ષય એટલે કે જ્યાં અનંત ચતુષ્ટયરૂપ સ્વરૂપનો અભાવ-નાશ થતો નથી, જ્યાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ નથી, જ્યાં શંકા, ભય, શોક, વિગેરે દૂર થઈ ગયા છે એટલે શોક ભય-શંકા-રહિત છે, સુખ અને જ્ઞાનના વૈભવની પરાકાષ્ઠા-સંપૂર્ણતાને પ્રાપ્ત થઈ છે, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ એવા જ્ઞાનાવરણાદિ-રાગ-દ્વેષાદિ-શરીરાદિ કર્મમળના અભાવથી વિમલ છે, એવા અદ્વિતીય સ્વરૂપ મોક્ષને સમ્યગ્દષ્ટિ જ અનુભવે છે, ભોગવે છે, પ્રાપ્ત કરે છે. આ રીતે સમ્યક્ત્વના પ્રભાવનું વર્ણન કર્યું.

હવે સમ્યગ્દર્શન અધિકાર પૂરો કરતાં **સમ્યગ્દર્શનના મહિમાનો ઉપસંહાર** શ્લોક દ્વારા કહે છે -

**देवेन्द्रचक्रमहिमानममेयमानं राजेन्द्रचक्र-मवनीन्द्र शिरोर्चनीयम् ।**
**धर्मेन्द्रचक्र-मधरीकृत-सर्वलोकं लब्छवा शिवं च जिनभक्तिरुपैति भव्याः ॥४१॥**

**અર્થ :-** જિનેન્દ્ર પરમાત્માના સ્વરૂપમાં ભક્તિરૂપ અનુરાગ જેને હોય છે તે ભવ્ય સમ્યગ્દષ્ટિ છે. તે સમ્યગ્દષ્ટિ આ મનુષ્યભવમાંથી પ્રયાણ કરીને સ્વર્ગલોકમાં અપ્રમાણ-અમાપ ઋદ્ધિ શક્તિ સુખ વૈભવના પ્રભાવવાળા દેવેન્દ્રોના સમૂહનો મહિમા પ્રાપ્ત કરીને, ફરીથી આ જ પૃથ્વી પર આવીને બત્રીસ હજાર રાજાઓના મસ્તક દ્વારા પૂજ્ય રાજેન્દ્ર ચક્રવર્તીના ચક્રને પ્રાપ્ત કરીને ફરીથી અહમિન્દ્ર લોકનો મહિમા પ્રાપ્ત કરીને, જેણે સમસ્ત લોકને પોતાને આધીન કર્યો છે એવા ભગવાન તીર્થંકરના ધર્મચક્રને પ્રાપ્ત કરીને નિર્વાણને પ્રાપ્ત થાય છે. સમ્યક્દષ્ટિ જીવ એ જ ક્રમથી નિર્વાણ પ્રાપ્ત કરે છે.

**સમ્યગ્દષ્ટિની વિચારધારા** - આ રીતે દર્શનમોહનીય કર્મના અભાવથી સાચું શ્રદ્ધાન અને સાચું જ્ઞાન પ્રાપ્ત (પ્રગટ) થાય છે, તથા અનંતાનુબંધી કર્મના અભાવથી

સમ્યગ્દષ્ટિને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. જો કે અપ્રત્યાખ્યાનાવરણના ઉદયથી દેશચારિત્ર (પ્રગટ) થયું નથી તથા પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી સકલ ચારિત્ર પ્રગટ થયું નથી, તોપણ સમ્યગ્દષ્ટિને એવું દઢ ભેદવિજ્ઞાન હોય છે કે શરીર વિગેરે પરદ્રવ્ય છે તથા રાગ-દ્વેષ વિગેરે કર્મજનિત પરભાવ છે. પોતાના જ્ઞાનદર્શનરૂપ જ્ઞાનસ્વભાવમાં જ આત્મબુદ્ધિ કરે છે, પર્યાયમાં આત્મબુદ્ધિ તો તે સ્વપ્નમાં પણ કરતો નથી.

**તે એમ વિચારે છે કે -** હે આત્મા ! તું ભગવાનના પરમાગમનું શરણ ગ્રહણ કરીને જ્ઞાનદષ્ટિથી અવલોકન કર. આઠ પ્રકારના સ્પર્શ, પાંચ પ્રકારના રસ, બે પ્રકારની ગંધ, પાંચ પ્રકારના વર્ણ — એ તારૂં સ્વરૂપ નથી, એ પુદ્‌ગલનું સ્વરૂપ છે. ક્રોધ, માન, માયા, લોભ તે તારૂં રૂપ નથી, જ્ઞાનદષ્ટિએ જોવાથી એ કર્મના ઉદયજનિત વિકાર દેખાય છે. હર્ષ, વિષાદ, મદ, મોહ, શોક, ભય, ગ્લાનિ, કામ આદિ કર્મજનિત વિકાર છે તે તારા સ્વરૂપથી જુદા છે. નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ આ ચાર ગતિ આત્માનું રૂપ નથી, કર્મના ઉદયજનિત છે, વિનાશીક છે. દેવ, મનુષ્ય આદિ તારૂં રૂપ નથી.

**સમ્યગજ્ઞાની એમ વિચાર કરે છે -** હું ગોરો નથી, હું કાળો નથી, હું રાજા નથી, હું રંક નથી, હું બળવાન નથી, હું દુર્બળ નથી, હું સ્વામી નથી, હું સેવક નથી, હું રૂપવાન નથી, હું કુરૂપ નથી, હું પુણ્યશાળી નથી, હું પાપી નથી, હું ધનવાન નથી, હું નિર્ધન નથી, હું બ્રાહ્મણ નથી, હું ક્ષત્રિય નથી, હું વૈશ્ય નથી, હું શુદ્ર નથી, હું સ્ત્રી નથી, હું પુરૂષ નથી, હું નપુંસક નથી, હું જાડો નથી, હું પાતળો નથી, હું નીચ જાતિનો નથી, હું ઉંચ જાતિનો નથી, હું કુળવાન નથી, હું કુળહીન નથી, હું પંડિત નથી, હું મૂર્ખ નથી, હું દાતા નથી, હું યાચક નથી, હું ગુરૂ નથી, હું શિષ્ય નથી, હું ઈન્દ્રિય નથી, હું દેહ નથી, હું મન નથી-એ બધાં કર્મના ઉદયજનિત વિકાર છે. **મારૂં સ્વરૂપ તો જ્ઞાતાદષ્ટા છે.** એ રૂપ આત્માનાં નથી પુદ્‌ગલનાં છે. **મુનિપણું, ક્ષુલ્લકપણું પણ પુદ્‌ગલનો વેશ છે.** આ લોક મારો નથી, આ દેશ, આ ગામ, આ નગર, બધાં જ પરદ્રવ્ય છે. કર્મોએ મને અહીં ઉપજાવ્યો છે - હું ક્યાં ક્યાં ક્ષેત્રને પોતાનું માનું કે પોતાપણાનો સંકલ્પ કરૂ? સમ્યગ્દષ્ટિને એવો દઢ વિચાર હોય છે.

**મિથ્યાદષ્ટિની વિચારધારા -** મિથ્યાદષ્ટિ પરકૃત પર્યાય (શરીર) માં એકત્વ માને છે. (અપનાપન માને છે) . મિથ્યાદષ્ટિનું પોતાપણું પતિમાં, કુળમાં, દેહમાં, ધનમાં, રાજ્યમાં, ઐશ્વર્યમાં, મહેલમાં, મકાનમાં, કુટુંબમાં હોય છે. તેમના લીધે જ હું વધ્યો, હું ઘટ્યો, મારૂં સર્વસ્વ લૂંટાઈ ગયું, હું નીચો થઈ ગયો, હું ઉંચો થઈ ગયો, હું મર્યો,

હું જીવ્યો, મારો તિરસ્કાર થયો, મારૂં બધું જ ગયું વિગેરે પર વસ્તુમાં સ્વત્વનો (મારાપણાનો) સંકલ્પ કરીને મહા આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને દુર્ગતિમાં જઈ સંસાર પરિભ્રમણ જ કરે છે.

મિથ્યાદષ્ટિ જીવ જૈનધર્મની કાંઈક છાપ પ્રાપ્ત કરીને - કંઈક જ્ઞાન પ્રાપ્ત કરીને પોતાના નવા નવા વિચારોથી કાલ્પનિક યુક્તિઓ બનાવીને, લોકોમાં ભ્રમ ઉપજાવીને, પાંચ માણસોમાં પોતાને મહાન જ્ઞાની બતાવીને, મિથ્યા અભિમાન કરી આગમ વિરૂદ્ધ અનેક કથન કરે છે, કૃતઘ્ની થઈને જૈન શાસ્ત્રોની જ નિંદા કરે છે, વિશિષ્ટ જ્ઞાનીઓ કે અધિક જ્ઞાનીઓની પણ નિંદા કરે છે. ખોટા અભિપ્રાયપૂર્વક પાંચ માણસોમાં પૂછાવા માટે, પક્ષપાત ગ્રહણ કરીને, યથાર્થ નિર્ણય કર્યા વિના, હઠાગ્રહી, પોતાની કલ્પનાથી બનાવેલા, એકાંતી, ભગવાનની સ્યાદ્વાદરૂપ વાણીથી વિરૂદ્ધ જઈ, કલહ-વિસંવાદ-પરનિંદાને જ ધર્મ માને છે.

કેટલાય મિથ્યાદષ્ટિ કંઈક બાહ્ય ત્યાગ માત્ર કરીને, સ્નાન કરી ભોજન કરીને, અન્ય દેવ આદિની વંદનાનો ત્યાગ કરીને પોતાને કૃત કૃત્ય માની સંસારના જીવોની નિંદા કરી પોતાને પ્રશંસા યોગ્ય માને છે. અન્યાયથી આજીવિકા કરતાં, હિંસા આદિ આરંભમાં નિપુણ થઈને બીજા ધર્માત્માઓના દોષ શોધતા ફરે છે. નિર્દોષ લોકોના દોષ જાહેર કરીને મદમાં છકી જઈ ફરે છે, પોતાને ઉંચા માને છે, બીજાઓને અજ્ઞાની તથા ભ્રષ્ટ માને છે. **પાપી પોતાની પ્રશંસા કરાવીને-ફૂલાઈને ફરે છે, પોતાના સ્વરૂપની શુદ્ધતા ન જોતાં અનેક નિંદ્ય ચેષ્ટાઓ કરે છે, ભોળા જીવોને મિથ્યા ઉપદેશ આપીને એકાન્તના પક્ષને ગ્રહણ કરાવે છે.**

કુગુરૂ-કુદેવોને નમસ્કારનો ત્યાગ કરવાથી, અન્ય દેવોની નિંદા કરવાથી, સભામાં બેસી મિથ્યા વેષ ધારીઓની નિંદા કરી, પોતાને જ સમ્યગ્દષ્ટિ માને છે. લોકો મને દઢ શ્રદ્ધાથી ધર્માત્મા માનશે, એવા અનંતાનુબંધી માનના ઉદયથી પરની નિંદા કરીને જ પોતાને ઉંચા માને છે તથા જગતને અધર્મી માને છે.

**હિતોપદેશ** : કુદેવ-કુગુરૂને નમસ્કાર તો બધા જ તિર્યંચ કરતા નથી, નારકી ભોગભૂમિ અને કુભોગભૂમિના જીવ પણ કરતાં નથી તથા તે બધાં કોઈ દેવતાને પણ પૂજતા નથી. જો એમને નમસ્કાર, પૂજા નહિ કરવાથી જ સમ્યગ્દષ્ટિ થઈ જવાતું હોત તો બધા જ નારકી, મનુષ્ય, તિર્યંચ આદિ સમ્યગ્દષ્ટિ થઈ જાય, પરંતુ એમ નથી.

જગતના સમસ્ત મિથ્યાદૃષ્ટિ મનુષ્ય, દેવ આદિની નિંદા કરીને પણ સમ્યક્ત્વ થતું **નથી. જગતની નિંદા કરવાવાળો અને પાપીઓથી વેર કરવાવાળો તો કુગતિને જ પાત્ર થશે.** મિથ્યાત્વ તો જીવોને અનાદિથી છે સમ્યગ્દૃષ્ટિ તો એમના ઉપર પણ દયા જ કરે છે તથા બધા જીવો પ્રત્યે સામ્યભાવ જ રાખે છે.

**સમ્યગ્દર્શન તો આપા-પરનું સત્ય શ્રદ્ધાન કરવાથી જ થશે અને તે સત્ય શ્રદ્ધાન-જ્ઞાન તો વિનય સહિત સ્યાદ્વાદરૂપ પરમાગમના સેવનથી જ થશે.**

**✤ પ્રથમ - સમ્યગ્દર્શન અધિકાર સમાપ્ત ✤**

**શંકા–** સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વચ્છંદી ન થઈ જાય?

**સમાધાન–** શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે. પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વચ્છંદતા થઈ શકે નહિ.

**શંકા–** ખરેખર અંતરથી તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?

**સમાધાન–** અંદરથી રાગના દુ:ખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન, શાંતિનું સ્થાન હાથ આવતું નથી. ખરેખર અંદરથી દુ:ખનો થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહિ એમ બનતું નથી. **– *પૂજ્ય ગુરૂદેવશ્રી***

કષાયરૂપ વેરી નિવાર્ણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતો નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી, વેરી તો એક જન્મ દુ:ખ આપે છે, અગ્નિ એક વાર બાળે છે, વાઘ એક વાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એક વાર ડસે છે, પણ કષાયભાવ અનંત જન્મમાં દુ:ખ આપે છે.

**– *શ્રી ભગવતી આરાધના***

# ૨

# સમ્યક્જ્ઞાન અધિકાર

હવે **સમ્યક્જ્ઞાનરૂપ ધર્મને પ્રગટ કરવાવાળો** શ્લોક કહે છે –

**अन्यूनमनतिरिक्तं याथातथ्यं बिना च विपरीतात् ।**
**निस्सन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनाः ।।४२।।**

**અર્થ :-** આગમના જાણવાવાળા શ્રી ગણધરદેવ તથા શ્રુતકેવળી છે તે એ જ્ઞાનને જ્ઞાન કહે છે જે વસ્તુ સ્વરૂપને પરિપૂર્ણ જાણે છે, **ઓછું નથી** જાણતા, અધિક નથી જાણતા, જેવું વસ્તુનું **યથાર્થ** સત્ય સ્વરૂપ છે તેવું જ જાણે છે, **વિપરીતતા રહિત** જાણે છે ને સંશય રહિત જાણે છે.

**ભાવાર્થ :-** અહીં ભગવાન ગણધરદેવે સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે. જો જ્ઞાન વસ્તુના સ્વરૂપને ન્યૂન (ઓછું, અધૂરૂ) જાણે છે (તો)તે મિથ્યાજ્ઞાન છે. જેવી રીતે આત્માનો સ્વભાવ તો અનંતજ્ઞાન-ક્ષાયિકજ્ઞાન સ્વરૂપ છે, પરંતુ કોઈ જ્ઞાન આત્માને ઈન્દ્રિયજનિત મતિજ્ઞાન જેટલું જ જાણે છે, તો તે જ્ઞાન ન્યૂનસ્વરૂપ જાણવાથી મિથ્યાજ્ઞાન કહેવાયું.

જે જ્ઞાન વસ્તુના સ્વરૂપને વધારે જાણે છે તે જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન છે. જેવી રીતે આત્માનો સ્વભાવ તો જ્ઞાન, દર્શન, સુખ, સત્તા તથા અમૂર્તિક છે તેને જ્ઞાન-દર્શન-સુખ-સત્તા અમૂર્તિકરૂપે પણ જાણવું તથા પુદ્‌ગલના ગુણરૂપ રસ, ગંધ, સ્પર્શ, શબ્દ મૂર્તિકપણે પણ જાણવું. આ જ્ઞાન અધિક જાણવાથી મિથ્યાજ્ઞાન કહેવાયું.

છીપલાને સફેદ તથા ચમકતું જોઈને તેને ચાંદી જાણવી(માનવી), તે વિપરીત જ્ઞાન હોવાથી મિથ્યાજ્ઞાન છે.

આ છીપલું છે કે ચાંદી છે ? એ રીતે બંનેમાં સંશયરૂપ યથાર્થના નિશ્ચય રહિત જાણવું તે સંશય જ્ઞાન હોવાથી મિથ્યાજ્ઞાન છે.

**જે વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને તેવું જાણવું તે સમ્યક્જ્ઞાન છે.** જેમકે સોળને

પાંચથી ગુણવાથી એંશી થાય છે તેને ઈઠોતેર જાણીએ તો ઓછું જાણવું થયું, બ્યાશી જાણીએ તો વધારે જાણવું થયું, સોળ કે પાંચ જાણવા તે વિપરીત જાણવું થયું, તથા સોળને પાંચ વડે ગુણવાથી એંશી થાય છે કે ઈઠોતેર એવું સંદેહરૂપ જાણવું તે સંશયજ્ઞાન છે.

**આ રીતે ઓછું જાણવું, અધિક જાણવું, વિપરીત જાણવું, સંશયરૂપ જાણવું આ ચારે પ્રકારે જાણવું તે મિથ્યાજ્ઞાન છે.** જે જ્ઞાન વસ્તુના સ્વરૂપને ઓછું ન જાણે, અધિક ન જાણે, વિપરીત ન જાણે, સંશયરૂપ ન જાણે એટલે કે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું સંશયરહિત જાણે તેને સમ્યક્જ્ઞાન કહે છે.

હવે સમ્યક્જ્ઞાન **પ્રથમાનુયોગને** જાણે છે એમ શ્લોક દ્વારા કહે છેઃ-

**प्रथमानुयोगमर्थाख्यानं चरितं पुराणमपि पुण्यम् ।**
**बोधि-समाधि-निधानं बोधति बोधः समीचीनः ।।४३।।**

**અર્થ :-** સમ્યક્જ્ઞાન પ્રથમાનુયોગને જાણે છે. **કેવો છે પ્રથમાનુયોગ ?** જેમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ચારેય પુરૂષાર્થનું કથન છે. એક પુરૂષની મુખ્યતાથી જે વર્ણન થાય છે તે **ચરિત્ર** કહેવાય છે, તે તથા જેમાં ત્રેસઠ સલાકા પુરૂષોના સંબંધમાં વર્ણન હોય છે તેને **પુરાણ** કહે છે, તે બન્ને પ્રથમાનુયોગ કહેવાય છે. સમ્યગ્દર્શન આદિ જેમને ન હતું તેમને સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ થવી **બોધિ** કહેવાય છે. જેમને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હતું ને તેની પરિપૂર્ણતા થવી તે **સમાધિ** કહેવાય છે. પ્રથમાનુયોગ રત્નત્રયની પ્રાપ્તિ અને પરિપૂર્ણતાનું નિધાન છે, ઉત્પત્તિનું સ્થાન છે, **પુણ્ય** થવાનું કારણ છે એટલે પુણ્ય છે. એવા પ્રથમાનુયોગને સમ્યગજ્ઞાન જ જાણે છે.

**ભાવાર્થ :-** પ્રથમાનુયોગમાં **ધર્મ** (પુણ્ય)નું કથન, તે ધર્મના ફળ રૂપ કહ્યો તે ધન-સંપત્તિરૂપ **અર્થ** તેનું કથન, પાંચ ઈન્દ્રિયોના વિષયરૂપ જે કામ તેનું કથન, તથા સંસારથી છૂટવારૂપ જે **મોક્ષ** તેનું કથન હોય છે. તે પ્રથમાનુયોગને એક પુરૂષના આચરણની કથા કહેવાથી **ચરિત્ર**, ત્રેસઠ સલાકા પુરૂષોનું વર્ણન હોવાથી **પુરાણ**, વકતા-શ્રોતાઓને પુણ્યની ઉત્પત્તિનું કારણ હોવાથી **પુણ્ય**, તથા ચાર આરાધનાની પ્રાપ્તિ તેમજ પૂર્ણતાનું વર્ણન હોવાથી **નિધાન** કહેવાય છે. એવા પ્રથમાનુયોગને સમ્યગ્જ્ઞાન જ જાણે છે.

હવે **કરણાનુયોગ**ને જાણવાવાળું પણ સમ્યગ્જ્ઞાન છે. અને શ્લોક દ્વારા કહે છે:-

**लोकालोकविभक्तेर्युगपरि-वृत्तेश्चतुर्गतीनां च ।**
**आदर्शमिव तथामति-रवैति करणानुयोगं च ।।४४।।**

**અર્થ :-** સમ્યગ્જ્ઞાન કરણાનુયોગને જાણે છે. **કરણાનુયોગ કેવો છે ?** લોક અને અલોકના વિભાગને, ઉત્સર્પિણીના છ કાળ અને અવસર્પિણીના છ કાળના પરિવર્તનને તથા ચાર ગતિના પરિભ્રમણને દર્પણસમાન બતાવવાવાળો છે.

**ભાવાર્થ :-** જેમાં દ્રવ્યોના સમૂહરૂપ લોક તથા કેવળ આકાશ દ્રવ્યરૂપ અલોક પોતાના ગુણ પર્યાયો સહિત પ્રતિબિંબીત થઈ રહ્યા છે, છ યે કાળના નિમિત્તથી જીવ પુદ્ગલોની જેવી પર્યાયો છે તે બધી પ્રતિબિંબીત થઈને ઝળકી રહી છે. તથા ચારેય ગતિઓનું સ્વરૂપ જેમાં પ્રગટ ઝળકે છે તે દર્પણ સમાન કરણાનુયોગ છે તેને યથાવત્ સમ્યગ્જ્ઞાન જ જાણે છે.

હવે **ચરણાનુયોગ**નું સ્વરૂપ સમ્યગ્જ્ઞાન જાણે છે એવું શ્લોક દ્વારા કહે છે:-

**गृहमेध्यनगाराणां चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गम् ।**
**चरणानुयोगसमयं सम्यग्ज्ञानं विजानाति ।।४५।।**

**અર્થ :-** ગૃહમાં આસક્ત છે જેની બુદ્ધિ એવા ગૃહસ્થ, ગૃહથી વિરક્ત થઈને ગૃહ (ઘર)ના ત્યાગી એવા અણગાર અર્થાત્ યતિ, તેમના ચારિત્રરૂપ જે સમ્યક્ આચરણની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાનું અંગ અર્થાત્ કારણ એવા ચરણાનુયોગ-સિદ્ધાંતને સમ્યગ્જ્ઞાન જાણે છે.

**ભાવાર્થ :-** મુનિનું અને ગૃહસ્થનું જે નિર્દોષ આચરણ, તેની ઉત્પત્તિનું, દિન-પ્રતિદિન વૃદ્ધિનું તથા ધારણ કરેલા આચરણની રક્ષાનું કારણ ચરણાનુયોગરૂપ સમ્યગ્જ્ઞાન જ છે.

હવે **દ્રવ્યાનુયોગ**ને જાણવાવાળું પણ સમ્યગ્જ્ઞાન જ છે એવું શ્લોક દ્વારા કહે છે:-

**जीवाजीवसुतत्त्वे पुण्यापुण्ये च बन्धमोक्षौ च ।**
**द्रव्यानुयोगदीपः श्रुतविद्या लोकमातनुते ।।४६।।**

**અર્થ :-** જે દ્રવ્યાનુયોગરૂપ દિપક છે, તે જીવ અને અજીવ એ બંને નિર્બાધ તત્ત્વોને, પુણ્ય પાપને, તથા બંધ-મોક્ષને ભાવશ્રુતજ્ઞાનરૂપ સમ્યગ્‌જ્ઞાન પ્રકાશ દ્વારા ''જેવું એમનું સ્વરૂપ છે તેવું'' પ્રકાશિત કરે છે.

**ભાવાર્થ :-** દ્રવ્યાનુયોગ દિપક બાધારહિત જીવ-અજીવના સ્વરૂપને, પુણ્ય-પાપના સ્વરૂપને, કર્મના બંધના સ્વરૂપને, તથા કર્મોના છૂટી જવારૂપ મોક્ષના સ્વરૂપને ''જેવી રીતે આત્મામાં અંકાઈ જાય તે રીતે'' વિસ્તારથી બતાવે છે.

આ રીતે ચાર અનુયોગરૂપ સમ્યક્ શ્રુતજ્ઞાનના સ્વરૂપનું વર્ણન કર્યું. જ્ઞાનના વીસ ભેદ, અંગો તથા પૂર્વોનું વર્ણન કરવાથી ગ્રંથ ખૂબ મોટો થઈ જાય એટલે તેમનું અહીં વર્ણન કર્યું નથી.

## ❖ દ્વિતીય સમ્યગ્‌જ્ઞાન અધિકાર સમાપ્ત ❖

જો કોઈ આકરી પ્રતિકૂલતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર પરમાનંદ સ્વરૂપ દેહમાં સ્થિત પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. **– *પરમાગમસાર***

હે નાથ! દુઃખમાં કે સુખમાં, વેરી કે બંધુવર્ગ પ્રત્યે, સંયોગમાં કે વિયોગમાં, ઘરમાં કે જંગલમાં, સંપૂર્ણ મમત્વબુદ્ધિ દૂર થઈને મારૂં મન સદાય સમભાવી રહો. **– *શ્રી સામાયિક પાઠ***

હે જીવ! તૂ સબ પ્રાણિયોં મેં મિત્રતા કા ભાવ રખ. કિસીકો શત્રુ ન સમજ. ઉકત સબ પ્રાણિયોં મેં ભી જો વિશેષ ગુણવાન હૈ, ઉનકો દેખકર હર્ષ કો ધારણ કર. દુઃખી જન કે પ્રતિ દયા કા વ્યવહાર કર. જિનકા સ્વભાવ વિપરીત હૈ, ઉનકે વિષય મેં મધ્યસ્થતા કા ભાવ ધારણ કર. જિનવાણી કે સુનને ઔર તદ્‌અનુસાર પ્રવૃત્તિ કરનેમેં અનુરાગ કર. ક્રોધ રૂપ સુભટ કો પરાજીત કર. ઈન્દ્રિય વિષયોં સે વિરક્ત હો. મૃત્યુ એવં જન્મ સે ઉત્પન્ન હોનેવાલે અતિશય દુઃખ સે ભયભીત હો ઔર સમસ્ત કર્મ મલસે રહિત મોક્ષસુખ કી અભિલાષા કર. **– *શ્રી સુભાષિત રત્નસંદોહ***

# ૩

# અણુવ્રત અધિકાર

હવે **સમ્યક્ ચારિત્ર** નામના ત્રીજા અધિકારનું વર્ણન કરતાં ચારિત્ર સ્વરૂપ જે ધર્મ છે તેને કહેવાવાળો શ્લોક કહે છે:-

**मोहतिमिरापहरणे दर्शनलाभादवाप्तसंज्ञानः ।**
**रागद्वेषनिवृत्यै चरणं प्रतिपद्यते साधुः ।।४७।।**

**અર્થ :-** દર્શનમોહરૂપ અંધકાર દૂર થવાથી, સમ્યગ્દર્શન પ્રગટ થવાથી જેને સમ્યક્જ્ઞાનની પણ પ્રાપ્તિ થઈ ગઈ છે એવા સાધુ (સત્પુરૂષ) જે નિકટભવી છે તે રાગ-દ્વેષનો પૂર્ણ અભાવ કરવા માટે ચારિત્ર અંગીકાર કરે છે.

**ભાવાર્થ :-** અનાદિકાળથી દર્શનમોહનીય કર્મના ઉદયરૂપ અંધકારથી આ સંસારી જીવનું જ્ઞાનનેત્ર (જ્ઞાનની આંખ) ઢંકાઈ ગયું છે, જેનાથી એ સ્વ-પરના ભેદજ્ઞાન રહિત થઈને ચારેય ગતિઓમાં પર્યાય (શરીર)ને જ આત્મા માની અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. **કોઈ જીવને કરણલબ્ધિ આદિ કારણ મળવાથી દર્શનમોહનો ઉપશમ-ક્ષયોપશમ-ક્ષય થવાથી સમ્યક્દર્શન થાય છે ત્યારે મિથ્યાત્વનો અભાવ થવાથી જ્ઞાન પણ સમ્યક્જ્ઞાન થઈ જાય છે, તે સમયે કોઈ સમ્યક્જ્ઞાની સજ્જન પુરૂષ રાગ-દ્વેષના પૂર્ણ અભાવ માટે ચારિત્ર અંગીકાર કરે છે.**

હવે રાગ-દ્વેષનો અભાવ થવાથી જ હિંસાદિના અભાવ થવાનો નિયમ છે એમ શ્લોક દ્વારા કહે છે -

**रागद्वेषनिवृत्तेः हिंसादिनिवर्तना कृता भवति ।**
**अनपेक्षितार्थवृत्तिः कः पुरुषः सेवते नृपतीन् ।।४८।।**

**અર્થ :-** રાગ-દ્વેષનો અભાવ થવાથી હિંસાદિ પાંચ પાપોની પૂર્ણ નિવૃત્તિ અર્થાત્ અભાવ થઈ જાય છે. **પાંચ પાપોનો અભાવ થવો તે જ ચારિત્ર છે.** જેને પોતાના કોઈ પ્રયોજન અર્થે કોઈપણ વસ્તુની આશા (અભિલાષા) રહી નથી એવી વ્યક્તિ

(એવો પુરૂષ) કોઈ રાજા વિગેરેની સેવા કેમ કરે ? ન જ કરે. રાજા વિગેરેની મહા કષ્ટરૂપ સેવા તો જેને ભોગોની ઈચ્છા હોય, ધન તથા અભિમાન વિગેરેની ઈચ્છા હોય તે જ કરે છે. જેને કોઈ અપેક્ષા (ઈચ્છા) નથી તે રાજાની સેવા કરતો નથી. તે જ રીતે જેને રાગ-દ્વેષનો અભાવ થઈ ગયો તે પુરૂષ હિંસાદિ પાંચ પાપોની પ્રવૃત્તિ કરતો નથી.

હવે **ચારિત્રનું લક્ષણ રાગ-દ્વેષનો અભાવ** કહ્યો છે તેને શ્લોક દ્વારા કહે છે:-

**हिंसानृतचौर्येभ्यो मैथनुसेवा परिग्रहाभ्यां च ।**
**पापप्रणालिकाभ्यो विरतिः संज्ञस्य चारित्रम् ।।४९।।**

**અર્થ -** હિંસા, જૂઠ, ચોરી, મૈથુનસેવન, પરિગ્રહ-એ પાપ આગમનના ધોરી રસ્તા (ઘરનાળુ) છે. તેમનાથી વિરક્ત થઈ જવું તે જ સમ્યક્જ્ઞાનીનું ચારિત્ર છે.

**ભાવાર્થ -** નિશ્ચય ચારિત્ર તો બાહ્ય સમસ્ત પ્રવૃત્તિઓથી છૂટીને પરમ વીતરાગતાના પ્રભાવથી પરમ સામ્યભાવને પ્રાપ્ત થઈ, **પોતાના જ્ઞાયકભાવરૂપ સ્વભાવમાં ચર્યા છે, તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર છે.** તો પણ પાંચ પાપોથી વિરક્ત થઈને અંતર-બાહ્ય પ્રવૃત્તિની ઉજ્જવલતારૂપ વ્યવહાર ચારિત્ર વગર નિશ્ચય ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. એટલે જ હિંસાદિ પાંચ પાપોનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે. **પાંચ પાપોનો ત્યાગ કરવો તે જ ચારિત્ર છે.**

હવે **ચારિત્રના બે ભેદ છે** એવું કહેવાવાળો શ્લોક કહે છે:-

**सकलं विकलं चरणं तत्सकलं सर्वसंङ्गविरतानाम् ।**
**अनगाराणां विकलं सागाराणां ससङ्गानाम् ।।५०।।**

**અર્થ :-** સમસ્ત અંતર બાહ્ય પરિગ્રહથી વિરક્ત જે અણગાર (સાધુ) અર્થાત્ ઘર, મઠાદિ નિશ્ચિત્ સ્થાન રહિત વન ખંડાદિમાં પરમ દયાળુ થઈને નિરાલંબી વિચરણ કરે છે એવા **જ્ઞાની મુનીશ્વરોને જે ચારિત્ર હોય છે તે સકલચારિત્ર છે.** જે સ્ત્રી, પુત્ર, ધન, ધાન્યાદિ પરિગ્રહ સહિત ઘરમાં જ રહે છે, જિનવચનોના શ્રદ્ધાની છે, ન્યાયમાર્ગનું ઉલ્લંઘન કરતા નથી, પાપોથી ભયભીત છે એવા **જ્ઞાની ગૃહસ્થોને વિકલ ચારિત્ર હોય છે.**

**ભાવાર્થ :-** ઘર-કુટુંબ આદિના ત્યાગી, પોતાના શરીરથી નિર્મમત્વ રહેવાવાળા

સાધુઓને સકલ ચારિત્ર હોય છે. ઘર, કુટુંબ-ધનાદિ સહિત ગૃહસ્થોને વિકલ ચારિત્ર હોય છે.

હવે **ગૃહસ્થોને વિકલ ચારિત્ર** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**गृहिणां त्रेधा तिष्ठत्यणु-गुण-शिक्षाव्रतात्मकं चरणम् ।**
**पंच - त्रि - चतुर्भेदं त्रयं यथासङ्ख्यमाख्यातम् ।।५१।।**

**અર્થ :-** ગૃહસ્થોને અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત એમ ત્રણ પ્રકારનું ચારિત્ર હોય છે. તે ત્રણ પ્રકારના ચારિત્રના અનુક્રમે પાંચ, ત્રણ અને ચાર ભેદ પરમાગમમાં કહ્યા છે.

**ભાવાર્થ :-** જે ગૃહવાસ (ઘર) છોડવામાં સમર્થ નથી એવો સમ્યગ્દષ્ટિ ઘરમાં રહીને જ પાંચ પ્રકારના અણુવ્રત, ત્રણ પ્રકારના ગુણવ્રત અને ચાર પ્રકારના શિક્ષાવ્રત ધારણ કરીને ચારિત્રને પાળે છે.

હવે **પાંચ પ્રકારના અણુવ્રત** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**प्राणातिपातवितथ व्याहारस्तेयकाम मूर्छाभ्यः ।**
**स्थूलेभ्यः पापेभ्यो व्युपरमणमणुव्रतं भवति ।।५२।।**

**અર્થ :-** પ્રાણોનો અતિપાત એટલે કે વિયોગ કરવો તેને પ્રાણાતિપાત અર્થાત્ **હિંસા** કહે છે. વિતથ અર્થાત્ **અસત્ય** વ્યાહાર અર્થાત્ વચન બોલવું તેને વિતથ વ્યાહાર અર્થાત્ વચન કહે છે; સ્તેય અર્થાત્ **ચોરી,** કામ અર્થાત્ **મૈથૂન,** મૂર્ચ્છા અર્થાત્ **પરિગ્રહ** એ પાંચ સ્થૂળ પાપ છે. તે પાંચ સ્થૂળ પાપોથી વિરક્ત થવું તે અણુવ્રત છે.

**ભાવાર્થ :-** મારવાના સંકલ્પથી જે ત્રસ જીવોની હિંસાનો ત્યાગ છે તે સ્થૂલ હિંસાનો ત્યાગ છે. જે વચનથી અન્ય પ્રાણીનો ઘાત થઈ જાય, ધર્મ બગડી જાય, અપવાદ-નિંદા થઈ જાય, કલહ-સંકલેશ-ભય વિગેરે પ્રગટ થઈ જાય, એવાં વચન, ક્રોધ, અભિમાન, લોભના વશ થઈને કહેવાનો ત્યાગ કરવો તે સ્થૂલ **અસત્ય**નો ત્યાગ છે. આપ્યા વિનાનું અન્યનું ધન લોભના વશે, કપટ કરીને ગ્રહણ કરવાનો ત્યાગ કરવો તે સ્થૂલ **ચોરી**નો ત્યાગ છે. પોતાની વિવાહીત સ્ત્રી સિવાય અન્ય સમસ્ત સ્ત્રીઓમાં કામભાવની અભિલાષાનો ત્યાગ કરવો તે સ્થૂલ **કામ** ત્યાગ છે. દશ પ્રકારના પરિગ્રહનું પ્રમાણ કરીને તેથી વધારે પરિગ્રહ ગ્રહણ કરવાનો ત્યાગ કરવો તે સ્થૂલ **પરિગ્રહ** ત્યાગ

છે. આ રીતે પાપ આવવાનાં ઘરનાળાં આ પાંચ પાપ હિંસાદિ વિગેરે છે; તેમનો ત્યાગ જ પાંચ અણુવ્રત છે.

હવે **અહિંસા અણુવ્રતના સ્વરૂપ**ને કહેવાવાળો શ્લોક કહે છે:-

**संङ्कल्पात्कृतकारित मननाद्योगत्रयस्य चरसत्वान् ।**
**न हिनस्ति यत्तदाहुः स्थूलवधाद्विरमणं निपुणाः ॥५३॥**

**અર્થ :-** જે ગૃહસ્થ મન-વચન કાયપૂર્વક, કૃત-કારિત અનુમોદનારૂપ સંકલ્પથી ચર પ્રાણી, બે ઈન્દ્રીયાદિ ત્રસ જીવોનો ઘાત કરતો નથી તેને નિપુણ પુરૂષ અર્થાત્ ગણધરદેવ સ્થૂલ હિંસાથી વિરક્ત કહે છે.

**અહીં એમ જાણવું -** જે ગૃહસ્થ સમ્યક્‌દર્શન સહિત છે, દયાવાન છે, હિંસાથી ભયભીત છે, ત્યાગ કરવાની ભાવનાવાળો છે-ત્યાગની સન્મુખ છે, તો પણ તેનાથી એકેન્દ્રિય જે પૃથ્વીકાય આદિ સ્થાવર જીવ છે તેમની હિંસાનો ત્યાગ તો બની શકતો નથી. ત્રસ અને સ્થાવર બંનેની હિંસાનો ત્યાગ તો ગૃહત્યાગી જે મુનીશ્વર છે તેમનાથી જ બની શકે છે. ગૃહસ્થને પ્રત્યાખ્યાનાવરણ આદિ કષાયોના ઉદયથી ઘરથી મમતા છૂટી નથી, તો પણ ત્રસજીવોની સંકલ્પી હિંસાના ત્યાગથી ભગવાને તેને અહિંસા અણુવ્રત કહ્યું છે.

**સંકલ્પી હિંસાનો ત્યાગ આવી રીતે જાણવો -** દયાવાન ગૃહસ્થ પોતાના પરિણામો દ્વારા મારવાના ભાવરૂપ સંકલ્પથી તો ત્રસ જીવોનો ઘાત કદી સ્વયં કરતો નથી, કરાવતો નથી, ઘાત કરનારની મન-વચન-કાયથી કદી પ્રશંસા કરતો નથી, એવાં પરિણામ રાખે છે. જો કોઈ દુષ્ટ જીવ વેર યા ઈર્ષા આદિથી મારવા ચાહે, આજીવિકા, ધન આદિ પડાવી લેવા માગે, તો તે તેનો પણ ઘાત કરતો નથી. તેને ખૂબ ધન આપીને પણ જો કોઈ બીજાનો ઘાત કરાવવા ઈચ્છે તો (પણ) તે સંકલ્પપૂર્વક કીડી માત્રને પણ કદી મારતો નથી.

**જો એક જીવને મારવાથી તેનો રોગ-આપત્તિ દૂર થઈ શકતાં હોય તો પણ જીવવાના લોભથી તે ત્રસ જીવોનો ઘાત કરતો નથી.** હિંસાથી અત્યંત ભયભીત રહે છે, તો પણ ગૃહસ્થીના આરંભમાં ત્રસ જીવોનો ઘાત થયા વિના રહેતો નથી. એ જ કારણે ગૃહસ્થ મારવાના સંકલ્પપૂર્વક કરવાવાળી ત્રસ હિંસાનો ત્યાગ કરે છે.

**આરંભી હિંસાનો ત્યાગ** કરવામાં ગૃહસ્થ સમર્થ નથી. તે તો આરંભમાં

યત્નાચારપૂર્વક પ્રવર્તતો થકો ફક્ત દયા ધર્મને ભૂલતો નથી. આરંભ કર્યા વિના ગૃહસ્થીનો નિર્વાહ (નિભાવ) થઈ શકતો નથી. કેટલાય પ્રકારનો આરંભ તો હંમેશાં કરવો પડે છે - (૧) ચૂલો સળગાવવો (૨) ચક્કી પીસવી (૩) ઓખલીમાં (ખાંડણીમાં) કુટવું (૪) ઝાડુથી સાફ કરવું (૫) પાણી ભરવું (૬) ધન કમાવું આ છ પાપનાં કામ તો દર રોજ થાય છે.

કેટલાયે અનેક પ્રકારના અન્ય આરંભ બીજાં કારણોથી પણ કરવાં પડે છે, જેમકે પોતાના પુત્ર-પુત્રીનો વિવાહ કરવો, મકાન બનાવવું, લીંપવું, ધોવું, સાફ કરવું, રાત્રિ ગમન કરવું, ધાતુ-પથ્થર-લાકડાં વિ.નો સામાન બનાવડાવવો, પથારી-ઓઢવાનું પાથરવું ને ઉઠાવવું, પગ લાંબા ટૂંકા કરવા, સમાજને જમણવાર કરાવવો, દીપક સળગાવવો, ગાડી, રથ, હાથી, ઘોડા, ઊંટ, બળદ વિ. ઉપર બેસીને ગમન કરવું, **ગાય-ભેંસ રાખવાં વિગેરે બધાં પાપનાં જ કાર્ય છે. તેમાં ત્રસ જીવોનો ઘાત થાય જ છે.** જૈનમંદિર બંધાવવું, તેમાં દાન આપવું, પૂજન કરવું તેમાં પણ આરંભ થાય છે.

**ત્યારે ત્રસ હિંસાનો ત્યાગ કેવી રીતે થાય છે ? તેના જવાબમાં કહે છે** — પોતાનાં પરિણામ તો જીવ મારવાનાં નથી, જીવ મારવાના આશયથી આરંભ કરતો નથી, એવો રાગભાવ પણ નથી કે આ કાર્ય કરવાથી કોઈ જીવ મરી જાય તો સારૂં. તે તો જીવ વિરાધનાથી ભયભીત થઈને ગૃહસ્થી ચલાવવા માટે આરંભ કરે છે, જીવ મારવા માટે કરતો નથી. પોતાના પરિણામોમાં તો વસ્તુ લેતાં-મૂકતાં, ઉઠતાં-બેસતાં, લેતાં-દેતાં જીવોનું રક્ષણ કરવાનો જ સંકલ્પ કરતો રહે છે; મારવાનો સંકલ્પ કરતો નથી, તેને પાપ બંધ કેવી રીતે થાય ? જીવ પોત-પોતાના આયુકર્મના આધીન સ્વયં જ ઉત્પન્ન થાય છે, અને મરે છે. એના હાથમાં કંઈ નથી. એ તો જેટલો આરંભ કરે છે તે બધો યત્નાચારપૂર્વક દયાભાવરૂપ થઈને કરે છે. **ભગવાનના પરમાગમમાં હિંસા થવા છતાં પણ યત્નાચારીને બંધ થવો કહ્યો નથી.**

સમસ્ત લોક જીવોથી ભરેલો છે. **હિંસા-અહિંસા પોતાના ઉપયોગ વિના માત્ર જીવોના મરવા-જીવવાના આધારે કહેવાતી નથી.** પોતાનાં પરિણામોને આધીન હિંસા અને અહિંસા છે.

**સિદ્ધાંત ગ્રંથમાં આ રીતે કહ્યું છે** — જો કોઈ મુનિરાજ ચાર હાથ પ્રમાણ

આગળની જમીનને સાવધાનીપૂર્વક દેખતા થકા ગમન કરી રહ્યા હોય અને પગથી આગળ કદમ ધરે એ સમયે કોઈ જીવ ઉછળીને પગ નીચે આવીને પડે અને મરી જાય, તો મુનિરાજને કોઈપણ પાપનો બંધ થતો નથી; કારણ કે સાધુના ચિત્તમાં ઈર્યા સમિતિ પાલન કરવાનો ભાવ હતો, તેથી પાપબંધ થતો નથી.

એ મુનિરાજ તો પ્રાસુક (શુદ્ધ) આહાર જાણી, દેખી-જોઈ (તપાસી)ને ગ્રહણ કરે છે, છતાં કોઈ અતિ સૂક્ષ્મ જીવ આવીને પડે તો કોણ જાણી શકે ? એ તો કેવળજ્ઞાની ભગવાન જ જાણે છે. પોતે જ જો પ્રમાદી થઈને યત્નથી જોયા-દેખ્યા વિના જ ભોજન કરે છે તો દોષ લાગે. એ જ રીતે જો શ્રાવક પણ પ્રમાદ છોડીને ખૂબ સાવધાનીપૂર્વક પ્રવર્તન કરે તો કેવી રીતે દોષ લાગે? તે તો ચુલાને દિવસે જોઈ-ખંખેરી (સાફ કરી), લાકડાં ઝાટકીને સાવધાનીપૂર્વક અગ્નિ જલાવે છે. એ જ રીતે ચક્કી, ઓખલી (ખાંડણી) પણ જોઈ તપાસી સાફ કરી, અનાજને તપાસી પીસવા-કૂટવાનો આરંભ કરે છે, સડેલું-બગડેલું અનાજ ઉપયોગમાં લેતો નથી, દિવસે જોઈને કોમળ કૂચા-મૂંજ (નરમ ઝાડૂ) વિગેરે દ્વારા જીવોની વિરાધનાના ભયપૂર્વક સફાઈકામ કરે છે, પાણી રાખવાના સ્થળને સાફ કરે છે, તથા પાણીને બેવડા જાડા વસ્ત્રથી ગળીને સાવધાનીપૂર્વક વર્તે છે.

**ઉદ્યોગી હિંસાનો ત્યાગ -** શ્રાવક દ્રવ્યનું ઉપાર્જન પણ પોતાના કુળને યોગ્ય, સામર્થ્ય સહાયતા યોગ્ય જેમ યશ અને ધર્મનીતિ બગડે નહિ, તે રીતે યત્નાચારપૂર્વક, અસિ, મસિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય, શિલ્પ એ છ કર્મો દ્વારા કરે છે. શ્રાવકનાં વ્રત તો ચારેય વર્ણોમાં હોય છે. **જો ઉત્તમ રીતે હિંસા રહિત કર્મથી પોતાની આજીવિકા ચાલતી હોય તો નિંદ્યકર્મ દ્વારા, સંકલેશભાવ દ્વારા લોભાદિને વશીભૂત થઈને પાપરૂપ આજીવિકા કરવી જોઈએ નહિ.** જો પોતાના માટે અન્ય ઉત્તમ આજીવિકાનો ઉપાય ન જણાય તો ઓછો (આરંભ) કરીને પાપથી ભયભીત થઈને ન્યાયપૂર્વક જ કરે.

**વિરોધી હિંસાનો ત્યાગ -** ક્ષત્રિય કુળનો શસ્ત્રધારી શ્રાવક હોય તો દીન-અનાથની રક્ષા કરે, દીન-દુઃખી-નિર્બળનો ઘાત ન કરે, શસ્ત્ર રહિતને ન મારે, નીચે પડેલાનો ઘાત ન કરે, પીઠ બતાવીને ભાગવાવાળા, દીનતાનાં વચન બોલવાવાળાનો ઘાત તો કરવો જ ન જોઈએ. ધનને લૂંટવા માટે ઘાત ન કરે, અભિમાનથી, વેરથી ઘાત ન કરે. જે પોતા ઉપર ઘાત-વાર કરવા આવતો હોય તેને તથા ગરીબોને મારવા

આવતા હોય તેમને શસ્ત્રથી રોકે. જો શસ્ત્રથી આજીવિકા કરી રહ્યા હોય તો માત્ર સ્વામી ધર્મથી તથા અનાથોની રક્ષાની જવાબદારી માટે શસ્ત્ર ધારણ કરે. જે શસ્ત્ર સંબંધી નોકરી કરતો ન હોય અને જેના ઉપર પ્રજાની રક્ષાનો ભાર પણ ન હોય તેણે વ્યર્થ જ શસ્ત્ર ધારણ કરવાં જોઈએ નહિ.

સ્યાહી વડે (લખાણની) આજીવિકા ન્યાયપૂર્વક જ કરવી જોઈએ. નામુ લખવાની જીવિકા હોય તો માયાચાર વિગેરે દોષ રહિત થઈને માલિકના કાર્યને યથાવત્ બરાબર લખીને જીવિકા કરવી જોઈએ.

**ખેતીનો ત્યાગ -** માળી, જાટ વિગેરે કુળમાં જો અન્ય જીવિકા ન હોય તો કૃષિ દ્વારા આજીવિકા કરવા છતાં પણ દયાધર્મને છોડવો જોઈએ નહિ. જે ખેતર પહેલાંથી વાવતા આવ્યા હોય તેની જ મર્યાદાપૂર્વક અધિકનો ત્યાગી થઈને ખેતી કરે. વધારે તૃષ્ણા કરે નહિ. તેમાંથી પણ ખૂબ ઘટાડી પોતાની નિંદા કરતો થકો ખેતી કરે. ખૂબ જળ-સિંચાઈ કરે છે તો પણ પોતે તો ખોબો ભરીને પણ અણગળ પાણી પીતો નથી.

**કોઈ આવીને ખૂબ ધન પણ આપે અને કહે કે તમે અહિં ધાન્ય (અનાજ)નાં ઘણાં વૃક્ષો-છોડ કાપો છો અમારી પાસેથી એક સોનાની મહોર (સુવર્ણ મહોર) લઈને અમારા વૃક્ષની એક ડાળ કાપી આપો, તો પણ તે લોભને વશ થઈને વૃક્ષ કદી કાપે નહીં.** ખેતીમાં ખૂબ જીવ મરે છે તો પણ અહિં તેનો જીવોને મારવાનો અભિપ્રાય નથી. માત્ર આજીવિકાનો અભિપ્રાય છે. કોઈ એકસો સોના મહોર આપે તો પણ લોભને વશ થઈને પોતાના સંકલ્પથી એક કીડી પણ મારતો નથી એવી વ્રતમાં દઢતા છે. **ઉત્તમ કુળવાળો તો ખેતી કરતો જ નથી.**

વિદ્યા દ્વારા આજીવિકા કરવાવાળા બ્રાહ્મણ વિગેરે શ્રાવક મિથ્યાત્વભાવને પુષ્ટ કરવાવાળા તથા હિંસાની પ્રધાનતાવાળા રાગ-દ્વેષ વધારવાવાળાં શાસ્ત્રોને ત્યાગીને ઉજ્જવલ વિદ્યા ભણાવે છે, તે જ દયા છે.

શ્રાવક તો ખૂબ હિંસાના ખોટા વાણિજ્ય-વેપાર ત્યાગીને, ન્યાયપૂર્વક, તીવ્ર લોભને છોડીને, પોતાની અંતરંગમાં નિંદા કરતો થકો, સંતોષ સહિત, પ્રામાણિક સાચો વ્યવહાર કરે છે; દયા ધર્મને ભૂલતો નથી. બધા જીવોને પોતાના સમાન જાણતો થકો વેપાર કરે છે.

શિલ્પીકામ કરવાવાળો શુદ્ર પણ જે શ્રાવકનાં વ્રત ગ્રહણ કરે છે તે ખૂબ નિંદ્ય કર્મોને તો છોડી જ દે છે. જો છોડવામાં સમર્થ ન હો તો તેમાં વધારે હિંસાને ટાળીને દયારૂપ પ્રવર્તે છે. સંકલ્પપૂર્વક કોઈને મારવું જ છે એવું જાણી જોઈને ઘાત કરતો નથી.

મંદિર બનાવવું, પૂજન કરવું, દાન આપવું વિગેરે કાર્યોમાં નિરંતર ખૂબ યત્નાચારથી માત્ર દયાધર્મના નિમિત્તે જ પ્રવર્તન કરે છે.

**હિંસાનો ભાવ કેમ ઉત્પન્ન થાય છે ?** એ વિષયમાં પુરૂષાર્થસિદ્ધઉપાય નામના ગ્રંથમાં શ્રી અમૃતચંદ્ર સ્વામીએ આ રીતે કહ્યું છે —

**यत्खलु कषाययोगात्प्राणानां द्रव्यभावरूपाणाम् ।**
**व्यपरोपणस्य करणं सुनिश्चिता भवति सा हिंसा ।।४३।।पु.सि.**

**અર્થ :-** કષાયપૂર્વક ઈંદ્રિય કાયાદિ દ્રવ્ય પ્રાણોનો તથા જ્ઞાનદર્શન આદિ ભાવ પ્રાણોનો વિયોગ કરવાથી નિશ્ચિતરૂપે જ હિંસા થાય છે.

**ભાવાર્થ :-** કષાયને વશ થઈ પરના દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણોનો ઘાત કરવાથી નિશ્ચિત્ જ હિંસા થાય છે. કષાય રહિત જીવ દ્વારા પ્રાણીનું માત્ર મરણ માત્રથી જ હિંસા થતી નથી. જે સ્વયં કષાય સહિત થઈને અન્ય જીવને મારવાનો ભાવ કરે છે તેને હિંસા થાય છે, તે હિંસક છે.

## ❖ જૈનધર્મનો સાર - હિંસા-અહિંસાનું સ્વરૂપ ❖

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति ।**
**तेषामेवोत्पत्तिः हिंसेति जिनागमस्य संक्षेपः ।।४४।।पु.सि.**

**અર્થ :-** આત્માના પરિણામોમાં રાગ-દ્વેષ આદિનું ઉત્પન્ન જ ન થવું (તે) જ અહિંસા છે, તથા આત્માના પરિણામોમાં રાગ-દ્વેષ આદિની ઉત્પત્તિ થવી તે હિંસા છે. જિનેન્દ્ર ભગવાનના આગમનો ટૂંક સાર તે આમ જ છે. બહારમાં પ્રાણીઓની હિંસા થાઓ કે ન થાઓ, જો પરિણામ રાગ-દ્વેષ આદિ કષાય સહિત થઈ ગયા તો પોતાના જ્ઞાન-દર્શન આદિ ભાવ પ્રાણોનો ઘાત થઈ ગયો તે જ આત્મહિંસા છે. જે આત્મહિંસા કરે છે તે અન્યની હિંસા પણ કરે જ છે, જેને આત્મહિંસા છે તેને પરની હિંસા પણ હોય જ છે.

**युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि ।**
**न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव ।।४५।।पु.सि.**

**અર્થ :-** યોગ્ય આચરણ કરવાવાળા સત્પુરૂષ દ્વારા રાગ-દ્વેષાદિ કષાયના અભાવમાં થતા પ્રાણોના ઘાત માત્રથી જ કદી હિંસા થતી નથી.

**ભાવાર્થ :-** 'યત્નાચાર'પૂર્વક દયા સહિત પ્રવર્તન કરવાવાળા પુરૂષ દ્વારા જીવ ઘાત થવા છતાં પણ તેને હિંસાકૃત બંધ થતો નથી.

**व्युत्थानावस्थायां रागादीनां वशप्रवृत्तायाम् ।**
**म्रियतां जीवो मा वा धावत्यग्रे ध्रुवं हिंसा ।।४६।।पु.सि.**

**અર્થ :-** રાગ-દ્વેષપૂર્વકની જે પ્રવૃત્તિ, ગમન, આગમન, ઉઠવું, બેસવું, મૂકવું, ઉઠાવવું, વિ. છે એવા આરંભ કે જેમાં જીવોનું મરણ થાય કે ન થાય, તો પણ હિંસા તો નિશ્ચયથી આગળ જ દોડે છે, અર્થાત્ અવશ્ય થાય જ છે. જે યત્નાચાર રહિત થઈને આરંભ કરે છે તેના દ્વારા બીજો જીવ પોતાના આયુષ્યને આધીન મરે કે ન મરે, છતાં તે તો પરિણામોમાં નિર્દયી થઈ ગયો, તેથી તેને તો હિંસાકૃત બંધ આગળ-આગળ દોડે છે (હિંસા અવશ્ય થાય છે).

**यस्मात्सकषायः सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम् ।**
**पश्चाज्जायेत न वा हिंसा प्राण्यन्तराणां तु ।।४७।। पु.सि.**

**અર્થ :-** કષાય સહિત થયો થકો આત્મા પ્રથમ તો પોતાના દ્વારા પોતાનો જ ઘાત કરે છે પછી અન્ય પ્રાણીની હિંસા થાય કે ન થાય. **જે સમયે આત્મા કષાય સહિત થયો તે જ સમયે પોતાના જ્ઞાનાનંદ વીતરાગ સ્વરૂપનો ઘાત તો તે અવશ્ય જ કરી દે છે.**

**हिंसायामविरमणं हिंसापरिणमनमपि भवति हिंसा ।**
**तस्मात्प्रमत्तयोगे प्राणव्यपरोपणं नित्यम् ।।४८।।पु.सि.**

**અર્થ :-** હિંસાના વિષયથી વિરક્ત થઈ તેનો ત્યાગ ન કરવો તે પણ હિંસા છે, તથા હિંસાની પ્રવૃત્તિ કરવી તે તો હિંસા છે જ. પ્રમત્તયોગ (પ્રમાદ સહિત) હોવાથી પ્રાણોનો ઘાત નિત્ય જ લગાતાર થતો રહે છે.

**ભાવાર્થ :-** પોતાનો તથા બીજાનો ઘાત થઈ જવાની સાવધાનીથી રહિત જે

મન-વચન-કાયરૂપ યોગોનું પ્રવર્તન છે તેનું નામ પ્રમત્તયોગ છે. જ્યાં પ્રમત્તયોગ છે ત્યાં શાશ્વતી-લગાતાર થવાવાળી હિંસા છે. કદાચ કોઈ હિંસા તો કરતો નથી પરંતુ હિંસાથી વિરક્ત થઈને હિંસાનો ત્યાગ પણ કરતો નથી, તો તે સૂઈ ગયેલા બિલાડા સમાન સદાયે હિંસક જ છે. જે હિંસામાં પ્રવર્તન કરે છે તે તો હિંસક છે જ. બાહ્ય હિંસાનું નિમિત્ત મળે યા ન મળે ભાવોથી તો બંને હિંસક જ છે.

**सूक्ष्मापि न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः।**
**हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये तदपि कार्या ।।४९।।पु.सि.**

**અર્થ :-** પુરૂષને જે પણ હિંસા થાય છે તે તો પોતાના પરિણામોમાં હિંસા કરવાનો ભાવ થઈ જવાથી થાય છે, અન્ય વસ્તુ તો સૂક્ષ્મ હિંસા માટે પણ કારણ થતી નથી.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** જો પરદ્રવ્યના નિમિત્તથી સૂક્ષ્મ પણ હિંસા થતી નથી તો બાહ્ય વસ્તુનો ત્યાગ, વ્રત, સંયમ કેમ કરવામાં આવે છે ?

**તેનો જવાબ આપે છે -** હિંસા તો જીવનાં હિંસક પરિણામ થવાથી જ થાય છે. પરંતુ જે હિંસાના સ્થાનોમાં પ્રવર્તન કરશે તેને હિંસાનાં પરિણામ કેમ નહિ થાય ? તેથી પોતાનાં પરિણામોની વિશુદ્ધતા માટે જ્યાં હિંસા થતી હોય એવાં ખાન-પાન, ગ્રહણ-આસન, વચન, ચિંતવન વિગેરેનો ત્યાગ કરવો ઉચિત જ છે.

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते ।**
**नाशयति करणचरणं स बहिः करणालसो बालः ।।५०।।पु.सि.**

**અર્થ :-** જે જીવે નિશ્ચયનયથી બતાવેલા રાગાદિ કષાય રહિત શુદ્ધ આત્માના સ્વરૂપને તો (યથાર્થ) જાણ્યું નથી, અને એવું માને છે કે મારા ભાવ તો કષાયરહિત છે, મારી સમસ્ત પ્રવૃત્તિમાં હિંસા થતી જ નથી, તેમ વ્યર્થની કલ્પના કરીને સ્વચ્છંદથી યથેચ્છ પ્રવર્ત્તે છે, તે અજ્ઞાની બાહ્ય આચરણની અહિંસક પ્રવૃત્તિ છોડીને પ્રમાદી થયો થકો કરણ-ચરણરૂપ (ભાવરૂપ તથા ક્રિયારૂપ) સંપૂર્ણ ચારિત્રનો નાશ કરવાવાળો છે.

**ભાવાર્થ :-** જેના પરિણામ રાગ-દ્વેષ રહિત થયા છે તે અયોગ્ય ભોજન, પાન, ધન, પરિગ્રહ, આરંભ આદિમાં કેમ પ્રવર્તન કરે ? જે હિંસાથી વિરક્ત છે, તે હિંસાનાં કારણ દૂરથી જ છોડી દેશે.

**પુરૂષાર્થસિદ્ધ ઉપાયમાં હિંસાના વિષયમાં આગળ વિશેષ કહ્યું છે –**

(૧) કોઈ તો હિંસા કર્યા વિના જ હિંસાના ફળને ભોગવવાવાળા થઈ જાય છે. જેમકે-શસ્ત્ર બનાવવાવાળા લુહાર, સિકલીગર (સરાણિયો) હિંસા કર્યા વિના જ તંદુલમચ્છ સમાન હિંસાના ફળને (તીવ્ર અશુભ બંધ) ભોગવે છે.

(૨) કોઈ દયાવાન થઈને, યત્નાચારપૂર્વક જૈન મંદિર બનાવવાવાળા, બહારમાં હિંસા થવા છતાં પણ, હિંસાના ફળને ભોગવતા નથી.

(૩) કોઈ પુરૂષે હિંસા તો થોડી કરી હતી પરંતુ તીવ્ર રાગ-દ્વેષરૂપ ભાવોથી કરી હતી, તેથી ઉદય કાળમાં ખૂબ અધિક માઠું ફળ ભોગવે છે.

૪) ક્યાંક અનેક પુરૂષોએ મળીને એક જીવની હિંસા કરી, ત્યાં તે હિંસાને કરવામાં જે તીવ્ર કષાયવાળો હતો તે તીવ્ર ફળ ભોગવે છે, તથા જે મધ્યમ કષાયવાળા હતા તે મધ્યમ ફળ ભોગવે છે.

(૫) કોઈ પુરૂષથી હિંસા તો પછીના સમયે થશે, પરંતુ હિંસા કરવાનાં પરિણામ પહેલાં કરી દીધાં, જેનાથી હિંસાનું ફળ (કર્મબંધ) હિંસા કર્યા પહેલાં જ ઉદયમાં આવીને રસ દેવા લાગે છે.

(૬) કોઈને હિંસા કરતી વેળા જ હિંસાનું ફળ મળવા લાગે છે. જેમકે કોઈ પુરૂષ બીજાને મારવા લાગ્યો, તે જ સમયે તે પુરૂષ બીજા પુરૂષે કરેલા પ્રહારથી સ્વયં માર્યો જાય છે.

(૭) કોઈએ પહેલાં કરેલી હિંસાનું ફળ ખૂબ સમય પછી મળે છે. જેમકે-કોઈએ બીજા જીવને મારવાનો ઉપાય તો કર્યો પરંતુ ઉપાય થયો નહિ; તેના થોડા સમય પછી બીજાને તેના દ્વારા મારવાના કરેલા નિર્ણયની ખબર પડી ગઈ તો તેણે તેનો ઘાત કરી દીધો.

(૮) ક્યાંક હિંસા તો એક જીવ કરે છે પરંતુ એ હિંસાનું ફળ અનેક જીવ ભોગવે છે. જેમકે ચોર તથા હત્યારાને શૂળીએ ચઢાવીને મારે છે તો એકલો ચંડાળ જ, પરંતુ જોવાવાળા, તમાશો દેખવાવાળા અનેક તેની અનુમોદના કરીને પાપબંધ કરી ફળ ભોગવે છે.

(૯) ક્યાંક હિંસા તો અનેક જીવ કરે છે, પરંતુ તે હિંસાનું ફળ એક જીવ ભોગવે

છે જેમકે યુદ્ધમાં હિંસા કરવાવાળા તો અનેક યોદ્ધા હોય છે. પરંતુ તે યુદ્ધમાં થયેલી હિંસાનું ફળ એકલો રાજા જ ભોગવે છે.

(૧૦) કોઈએ તેના દ્વારા કરેલી હિંસા તો હિંસાનું જ ફળ આપે છે, તથા કોઈએ તેના દ્વારા કરેલી હિંસા તેને જ અહિંસાનું ફળ આપે છે. જેમકે - કોઈ પુરૂષ કોઈ જીવની રક્ષા કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ પ્રયત્ન કરતાં પણ (કરવા છતાં પણ) તે જીવ મરી ગયો તો તેને રક્ષા કરવાનો અભિપ્રાય હતો માટે અહિંસાનું જ ફળ મળશે.

(૧૧) એક જીવના ભાવ તો બીજા જીવને મારવાના હતા કે વિપત્તિમાં નાખવાના હતા, પરંતુ બીજા જીવના પુણ્યના ઉદયે એના ઉપર ન તો કોઈ આફત આવી કે ન તો તેનું મરણ થયું; પરંતુ અનેક પ્રકારનો લાભ જ થયો. અહીંયા મારવાનો અભિપ્રાય રાખવાવાળા જીવને તો પાપબંધ જ થશે.

(૧૨) એક જીવનો ભાવ બીજા જીવને દુ:ખ દેવાનો કે મારવાનો ન હતો, સુખ આપવા તથા રક્ષા કરવાનો જ હતો, પરંતુ બીજા જીવને દુ:ખ થઈ ગયું કે તે મરી ગયો, તો એ જીવને સુખ દેવાનાં પરિણામ હોવાથી પુણ્ય બંધ જ થશે.

**આ રીતે અનેક ગૂઢ-ગહન ભેદોવાળો આ જિનેન્દ્રનો માર્ગ છે; એમાં એકાંતી મિથ્યાદષ્ટિઓનું સફળ થવું અત્યંત કષ્ટ સહીને પણ સંભવ નથી. અનેકાન્તના પ્રભાવથી નયસમૂહને જાણવાવાળા ગુરૂ જ શરણ છે**. આ જિનેન્દ્રભગવાનનું નય ચક્ર અત્યંત પૈની (તીક્ષ્ણ) ધારવાળું હોવાથી એકાંત દુષ્ટ આગ્રહવાળા મિથ્યાદષ્ટિઓની મિથ્યાયુક્તિઓને નેસ્તનાબૂદ કરવાવાળું છે.

એટલા માટે હે જ્ઞાનીજનો ! ભગવાન વીતરાગની આજ્ઞાથી સર્વ પ્રથમ જ હિંસા હોવા યોગ્ય જે જીવોનાં સ્થાન, ઈન્દ્રિય, કાય, જીવોનાં કુળ વિગેરે છે તેમને જાણો, પછી હિંસા કરવાવાળા ભાવને જાણો, તે પછી હિંસાનું જે સ્વરૂપ કહ્યું છે તેને જાણો અને પછી હિંસાના ફળને જાણો.

**આ રીતે હિંસ્ય, હિંસક, હિંસા, હિંસાનું ફળ-** એ ચારને સારી રીતે પ્રયત્નપૂર્વક જાણ્યા પછી, દેશ, કાળ, સહાયક (સંબંધે)નાં પોતાનાં પરિણામ અને તેને નિભાવી શકાય તે રીતે પોતાની શક્તિને છુપાવ્યા વિના, ગૃહસ્થ અવસ્થામાં પણ પોતાના પદ અનુસાર હિંસાનો ત્યાગ અવશ્ય કરો. ત્રસ જીવોની સંકલ્પી હિંસાનો તો ત્યાગ

જ કરો અને સમસ્ત આરંભમાં દયાવાન થઈને યત્નાચારપૂર્વક પ્રવર્તન કરો; પાંચ સ્થાવરોના આરંભમાં ક્રમશઃ ઘટાડો કરતા થકા દયાવાન થઈને પ્રવર્તો.

આ રીતે અહિંસાણુ વ્રતનું સ્વરૂપ કહ્યું.

હવે **અહિંસાણુ વ્રતના પાંચ અતિચાર** બતાવવાવાળો શ્લોક કહે છેઃ-

**छेदनबंधनपीड़न मतिभारारोपणं व्यतीचाराः ।**
**आहारवारणापि च स्थूलबधाद्व्युपरतेः पंच ।।५४।।**

**અર્થ :-** આ સ્થૂળ હિંસાના ત્યાગ નામના અહિંસાણુ વ્રતના પાંચ અતિચાર છે, જે ગૃહસ્થે ત્યાગવા યોગ્ય છે.

(૧) છેદન અર્થાત્ અન્ય મનુષ્ય તિર્યંચોના કાન, નાક, હોઠ, વિગેરે અંગોને છેદવા તે **છેદન** નામનો અતિચાર છે.

(૨) મનુષ્યોને બંધન આદિ દ્વારા બાંધવા, બંદીગૃહ(જેલ)માં નાખવા, તિર્યંચોને મજબૂત બંધનથી બાંધવા, પક્ષીઓને પિંજરામાં બંધ કરવા વિગેરે **બંધન** નામનો અતિચાર છે.

(૩) મનુષ્ય તિર્યંચોને લાત, મૂક્કા, લાકડી, ચાબૂક વિગેરેથી મારી દુઃખ આપવું તે **પીડન** નામનો અતિચાર છે.

(૪) મનુષ્ય-તિર્યંચો ઉપર તથા તેમના દ્વારા ચલાવાતાં ગાડા ઉપર ખૂબ બોજ લાદવો તે **અતિભારારોપણ** નામનો અતિચાર છે.

(૫) મનુષ્ય-તિર્યંચોને ખાવા-પીવાથી રોકવા તે **અન્નપાન નિરોધ** નામનો અતિચાર છે. આ પાંચ અતિચાર સ્થૂલ હિંસાના ત્યાગીએ ત્યાગવા યોગ્ય જ છે.

હવે **સત્યાણું વ્રતનું સ્વરૂપ** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**स्थूलमलीकं न वदति न परान् वादयति सत्यमपि विपदे।**
**यत्तद्वदन्ति सन्तः स्थूल-मृषावाद वैरमणम् ।।५५।।**

**અર્થ :-** જે સ્થૂલ અસત્ય સ્વયં બોલતો નથી, બીજાથી બોલાવતો નથી તથા જે વચનથી પોતાના પર કે બીજા પર આફત આવે એવું સત્ય પણ બોલતો નથી, તેને સંત પુરૂષ સ્થૂળ જૂઠનો ત્યાગ કહે છે.

**ભાવાર્થ :-** સત્ય અણુવ્રતનો ધારી ક્રોધ-માન-માયા લોભને વશીભૂત થઈને એવું વચન બોલતો નથી જેથી અન્યનું મરણ થઈ જાય, બદનામી થઈ જાય, તેને કલંક લાગી જાય, કારણ કે આવાં વચન તો નિંદ્ય વચન છે.

જે વચનથી મિથ્યા શ્રદ્ધાન થઈ જાય, ધર્મ છૂટી જાય, વ્રત-સંયમ-ત્યાગમાં શિથિલ થઈ જવાય, શ્રદ્ધાન બગડી જાય, એવાં વચન તે કહેતો નથી. જે વચનથી કલહ (ઝઘડો) વિસંવાદ પેદા થાય, વિષયોમાં અનુરાગ વધી જાય, ખૂબ આરંભમાં પ્રવૃત્તિ થઈ જાય. બીજાને આર્ત્તધ્યાન થઈ જાય, કામ-વેદના પ્રગટ થઈ જાય, બીજાના લાભ થવામાં અંતરાયરૂપ થાય, બીજાની આજીવિકા બગડી જાય, પોતાનો તથા બીજાનો અપયશ થઈ જાય, એવા નિંદ્ય વચન સત્યાણુ વ્રતીએ કહેવા યોગ્ય નથી.

**એવા સત્ય વચન પણ ન બોલવા જેનાથી પોતાનું કે બીજાનું બૂરુ થાય, આપત્તિ આવી જાય, અનર્થ પેદા થઈ જાય, દુઃખ પેદા થઈ જાય, મર્મ છેદાઈ જાય, રાજા દંડ ફરમાવે, ધનનું નુકશાન થાય. એવું સત્ય વચન પણ જૂઠ જ છે.** ગાળરૂપ વચન, બિભત્સ વચન, નીચ કુળવાળાના બોલવાના વચન, મર્મચ્છેદી વચન, પરના અપમાનના વચન, તિરસ્કારના વચન, અહંકારના વચન કદી બોલવાં ન જોઈએ.

જૈનસૂત્રને અનુકૂળ, પોતાના પદને હિતરૂપ, અતિ પ્રલાપરહિત, પ્રામાણિક, સંતોષ ઉત્પન્ન કરવાવાળાં, ધર્મનો પ્રકાશ ફેલાવવાવાળાં વચન બોલવાં જોઈએ; જેનાથી ન્યાયરૂપ આજીવિકા ચાલે, અનીતિ રહિત રહેવાય, એવાં વચનો બોલવાવાળા ગૃહસ્થને સ્થૂલ અસત્યના ત્યાગરૂપ બીજું અણુવ્રત હોય છે.

હવે સત્યાણુ વ્રતના પાંચ અતિચાર કહેવાવાળો શ્લોક કહે છે:-

**परिवादरहोभ्याख्या पैशून्यं कूटलेखकरणं च ।**
**न्यासापहारितापि च व्यतिक्रमाः पंच सत्यस्य ॥५६॥**

**અર્થ:-** (૧) અહીં પરિવાદનો અર્થ મિથ્યા ઉપદેશ આપવો તે છે. જે ચારિત્ર સ્વર્ગ મોક્ષનું કારણ છે, તે ચારિત્રના સંબંધમાં અન્યથા ઉપદેશ આપવો તે **પરિવાદ** નામનો અતિચાર છે.

(૨) કોઈએ પોતાની કોઈ ગુપ્ત વાત બતાવી હોય, તે વાત કોઈ ત્રીજાને કરી દેવી-જાહેર કરી દેવી, તથા કોઈ સ્ત્રી યા પુરૂષની એકાંતની ગુપ્ત ચેષ્ટા જોઈને

યા ગુપ્ત વચન સાંભળીને કોઈ અન્યને કહી દેવી, પ્રગટ કરી દેવી તે **રહોભ્યાખ્યાન** નામનો અતિચાર છે.

(૩) કોઈની કોઈ કમજોરી જાણીને તેનું બૂરું કરવાના ઈરાદાથી કોઈને ચૂપચાપ કહી દેવું, ચુગલી કરવી તે **પૈશૂન્ય** નામનો અતિચાર છે.

(૪) કોઈને સ્પષ્ટ કહ્યા વિના તથા આચરણ કર્યા વિના, સમજાવ્યા વિના જૂઠું લખાણ લખી દેવું કે એણે આમ કહ્યું છે, આમ આચરણ કર્યું છે-તે **કૂટલેખકરણ** નામનો અતિચાર છે.

(૫) કોઈ તમને ધન સોંપી ગયું હોય, વસ્ત્ર, આભૂષણ (અનામત) રાખી ગયું હોય પછી જ્યારે તે પાછું લેવા આવે ત્યારે ખરી સંખ્યા ભૂલીને કંઈક ઓછું માંગવા લાગે ત્યારે તેને એમ કહેવું કે તમારૂં જેટલું છે તેટલું લઈ જાઓ - તે **ન્યાસાપહારિતા** નામનો અતિચાર છે.

આ રીતે કહેલા સ્થૂલ અસત્યના ત્યાગ નામના અણુવ્રતના પાંચ અતિચાર ત્યાગવા યોગ્ય જ છે.

**અહીં વિશેષ એમ જાણવું -** અનાદિ કાળથી મોટા ભાગનો સમય (અનંતકાળ) તો આ જીવનો નિગોદવાસમાં જ વીત્યો છે. પછી કદાચ નિગોદથી નીકળીને પાંચ સ્થાવરોમાં અસંખ્યાત કાળ સુધી પરિભ્રમણ કરીને ફરીથી નિગોદમાં ચાલ્યો ગયો. ત્યાં અનંત કાળમાં વારંવાર અનંતાનંત પરિવર્તન એકેન્દ્રિયમાં જ કર્યા, જ્યાં ન તો વાણી મળી, ન જિહ્વા ઈન્દ્રિય મળી. જ્યારે બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થયો ત્યાં જિહ્વા તો મળી પણ અક્ષરાત્મક કહેવા-સાંભળવારૂપ વાણી ન મળી. ખૂબ કઠનાઈથી અનંતાનંત કાળમાં મનુષ્ય જન્મ મળ્યો, ત્યાં બોલવાની શક્તિ મળી તો નીચ કુળોના અયોગ્ય વચન, હિંસાનાં વચન, પોતાને તથા બીજાને દુઃખી કરવાવાળાં વચન બોલીને મહા પાપનો બંધ કરીને દુર્ગતિને પાત્ર થયો, પોતાના વચનો દ્વારા પોતાનો ઘાતક પોતે જ થયો. **મહા મુશ્કેલી (કઠિનાઈ)થી કોઈ પૂર્વ પુણ્યના ઉદયથી મનુષ્ય જન્મ મળ્યો છે તો એમાં વચન બોલવામાં ખૂબ સાવધાની રાખો.**

ભોજન-પાન કરવું, કામ-સેવન કરવું, આંખથી જોવું, કાનથી સાંભળવું, નાકથી સૂંઘવું તે તો સૂવર, કૂતરાં, ગધેડા, કાગડા પણ કરે છે, કારણ કે આંખ, નાક, કાન,

જીભ સ્પર્શન અને કામેન્દ્રિય — એ તો બધા પશુઓને પણ હોય છે. આ મનુષ્ય જન્મમાં તો એક વાણી બોલવી તે જ સાર (ઉત્તમ)છે, આશ્ચર્યકારી છે. જેણે આ વાણીને બગાડી તેણે પોતાનો આખો જન્મ બગાડ્યો.

**વાણીથી જ ખબર પડે છે કે આ પંડિત છે, આ મૂર્ખ છે, આ ધર્માત્મા છે,** આ પાપી છે, આ રાજા છે, આ મંત્રી છે, આ કોટવાળ છે, આ ગરીબ છે, આ કુલીન છે, આ અકુલીન છે, આ હીનાચારી (નીચ આચારવાળો) છે, આ ઉત્તમ આચારી છે, આ સંતોષી છે, આ તીવ્ર લોભી છે, આ ધર્મ ભાવના સહિત છે, આ ધર્મ ભાવના રહિત છે, આ મિથ્યાદષ્ટિ છે, આ સમ્યગ્દષ્ટિ છે.

આ સંસ્કારવાન છે, આ સંસ્કાર રહિત છે, આ ઉત્તમ સંગતિવાળો રાજ્ય સભામાં રહેલો છે, આ ગામડિયો-ગમારોમાં રહેલો છે, આ લૌકિક ચતુર છે, આ લૌકિક મૂઢ છે, આ હસ્તકલા સહિત છે. આ કલા વિજ્ઞાન રહિત છે, આ ઉદ્યમી-પુરૂષાર્થી છે, આ આળસુ-પ્રમાદી છે, આ શૂરવીર છે, આ કાયર છે, આ દાનવીર છે, આ કંજૂસ છે, આ દયાળુ છે, આ નિર્દય છે, આ દીન યાચક છે, આ મહંત છે, આ ક્રોધી છે, આ ક્ષમાવાન છે, આ અભિમાની છે, આ વિનયવાન છે, આ કપટી છે, આ નિષ્કપટ છે, આ સરળ છે, આ વક્ર છે, વિગેરે આત્માના સમસ્ત ગુણદોષ વચનો દ્વારા જ પ્રગટ થાય છે. એટલે જો મનુષ્ય જન્મ સફળ કરવા ઈચ્છતા હો તો ઉત્તમ વાણી જ ધારણ કરો.

આ વાણીથી જ સાચો ઉપદેશ આપીને અરહંત ભગવાને ત્રણે લોકમાં વંદનીય થઈને જગતને મોક્ષમાર્ગમાં પ્રવર્તિત કર્યું છે, વચને જ અનેક જીવોના મિથ્યાત્વ તથા રાગાદિ મેલ દૂર કરીને તેમને અજર-અમર-અવિનાશી પદ પ્રાપ્ત કરાવ્યું છે. **પંચપરમેષ્ઠીમાં પણ વચનકૃત ઉપકારના પ્રભાવથી પ્રથમ અરહંતોને જ નમસ્કાર કર્યા છે.** જ્ઞાની-વીતરાગીના વચનોથી સ્વર્ગ, નરક વિગેરે ત્રણ લોક પ્રત્યક્ષ સમાન દેખાય છે. વચનની જ સત્યતાના પ્રભાવથી પંચમકાળમાં પ્રવર્તી ચાલી રહ્યો છે.

ઉજ્જવલ વચન, વિનયનાં વચન, પ્રિય વચનરૂપ પુદ્ગલોથી સમસ્ત લોક ભરેલો છે; કોઈ કિંમત ચૂકવવી પડતી નથી. કોઈને જી(માનાર્થ) કહેવાથી આપણા કોઈ અંગમાં કોઈ તકલીફ થતી નથી, જીભ, તાળવું, કંઠમાં કાણું પડતું નથી. તેથી જે વચનથી બધાં પ્રાણીઓને સુખ ઉત્પન્ન થાય એવાં પ્રિય વચન જ બોલવાં જોઈએ.

**અસત્ય વચનોના પ્રભાવથી જ મિથ્યાદેવોની આરાધનાની પ્રવૃત્તિ ચાલે છે.** યજ્ઞ આદિ હિંસાના પ્રરૂપક વેદાદિ ગ્રંથોમાં માંસ-ભક્ષણ વિગેરે કુકર્મોમાં પ્રવૃત્તિ પણ અસત્ય વચનથી જ ચાલી છે. ખોટા શાસ્ત્રોની રચના, અનેક પ્રકારના મિથ્યાત્વરૂપ મત, નરક-તિર્યંચ ગતિઓમાં પરિભ્રમણ કરાવવાવાળું સમસ્ત દુષ્ટ આચરણ આ અસત્ય વચનના પ્રભાવથી જ ચાલી રહ્યું છે.

અયોગ્ય વચનોથી જ ઘર-ઘરમાં કલહ,વિસંવાદ, પરસ્પરમાં વેર, પીટવું, મારવું, જીવ લેવો, ક્રોધમય, સંતાપમય, અપમાન વિગેરે જોવા મળે છે. **અપ્રતીતિ, અવિશ્વાસ, ખેદ (દુઃખ)નું કારણ એક અસત્ય વચનને જ જાણવું.** અસત્ય વચનના પ્રભાવથી પરલોકમાં નરક તિર્યંચ ગતિ મળે છે. કુમનુષ્યોમાં, નીચ, ચંડાળ, ચમાર, ભીલ, કસાઈ વિગેરે કુળોમાં પણ અસત્ય વચન જ ઉત્પન્ન કરાવે છે. અનેક ભવોમાં દરિદ્રી, રોગી, મૂંગા, બહેરા, નીચ, દીન, અસત્ય વચનના પ્રભાવથી જ થાય છે.

સમસ્ત (સઘળા) દુઃખનું મૂળ એક અસત્ય વચન જ છે. એટલે શીઘ્ર એ અસત્ય વચન, ત્યાગીને એક સત્ય વચન, પ્રિય વચનરૂપ જ પ્રવૃત્તિ કરવી જોઈએ. આપણું વચન બધાને માટે આદરવા યોગ્ય, અનેક દેવ મનુષ્યોને માન્ય કરવા યોગ્ય હોવું જોઈએ. સમસ્ત શ્રુતનું પારગામી શ્રુતકેવળીપણું, ગણધરપણું સત્ય વચનના જ પ્રભાવથી પ્રાપ્ત થાય છે એટલે અસત્યના ત્યાગથી જ જીવનું કલ્યાણ છે, તે જ શ્રી પુરૂષાર્થસિદ્ધ ઉપાય ગ્રંથજીમાં કહ્યું છે —

**हेतौ प्रमत्तयोगे निर्दिष्टे सकलवितथवचनानाम् ।**
**हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम् ।।१००।।पु.सि.**
**भोगोपभोगसाधनमात्रं सावद्यमक्षमा मोक्तुम् ।**
**ये तेऽपि शेषमनृतं समस्तमपि नित्यमेव मुञ्चन्तु ।।१०१।।पु.सि.**

**અર્થ** :- ભગવાને સમસ્ત અસત્ય વચનનું મૂળ કારણ પ્રમત્તયોગ છે એમ કહ્યું છે. **કષાયને આધીન થઈને જે વચન કહેવામાં આવે છે તે અસત્ય વચન જ છે.** કષાય વિના આપવું, લેવું, મૂકવું, ત્યાગવું, ગ્રહણ કરવું વિગેરે કહેવું તે અસત્ય વચન નથી. જો ગૃહસ્થ પોતાના ભોગોપભોગના સાધન માત્રના સંબંધમાં સદોષ વચન ત્યાગવામાં સમર્થ ન હોય તો અન્ય નિરર્થક પાપબંધ કરવાવાળા સમસ્ત અસત્ય વચનનો તો ત્યાગ અવશ્ય જ કરી દેવો જોઈએ.

**ભાવાર્થ :-** જો પોતાના ભોગોપભોગના સાધન માત્રના સંબંધમાં સદ્દોષ વચનનો ત્યાગ થઈ શકતો નથી તો અસત્ય વચનનો ત્યાગ કરવામાં ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. વ્યર્થનો ખૂબ આરંભ, ખૂબ પરિગ્રહના કારણ, દુર્ધ્યાનના કારણ, સ્વયંને તથા બીજાઓને સંતાપના કારણ એવા નિંદ્ય વચન - સદ્દોષ વચનનો તો અવશ્ય ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. આ રીતે સ્થૂલ અસત્યના ત્યાગ નામનું બીજું અણુવ્રત કહ્યું છે.

હવે **સ્થૂલ ચોરીના ત્યાગ** નામનું ત્રીજું અણુવ્રત કહેવાવાળો શ્લોક કહે છે.

**निहितं वा पतितं वा सुविस्मृतं वा परस्वमविसृष्टम् ।**
**न हरति यन्न च दत्ते तदकृशचौर्यादुपारमणम् ।।५७।।**

**અર્થ :-** કોઈ પુરૂષનું જમીનમાં દાટેલું ધન હોય, કોઈપણ સ્થાનમાં, મહેલમાં, મંદિરમાં, ઘર આદિમાં છુપાવેલું ધન હોય, પોતાને અમાનત સોંપી ગયું હોય, પોતાના મકાનમાં કે બીજાના મકાનમાં તમને જણાવ્યા વિના જ રાખી ગયું હોય, ગામમાં, નગરમાં, રસ્તામાં, વનમાં, બાગમાં છોડી ગયું હોય, તમને સોંપીને ભૂલી ગયું હોય, હિસાબમાં-ગણતરીમાં ચૂકી ગયું હોય, તમારા સ્થાને ભૂલથી રાખી ગયું હોય, મૂકી ગયું હોય, અથવા લેવા-દેવામાં, ગણવામાં, ભૂલેલા પૈસા, રૂપિયા, મોહર, આભૂષણ વસ્તુ વિગેરે મોંઘી કે સસ્તી જ હોય, આપ્યા વિના ગ્રહણ કરવી જોઈએ નહિ, બીજાની વસ્તુ ઉઠાવીને કોઈ બીજાને પણ આપવી જોઈએ નહિ તે સ્થૂલ ચોરીના ત્યાગરૂપ અણુવ્રત છે.

શ્રી કાર્તિકેયસ્વામીએ તો એમ કહ્યું છે -

**जो बहुमुल्लं वत्थुं अप्पमुल्लेण णेय गिण्हेदि ।**
**वीसरियंपि ण गिण्हदि लाहे थोयेवि तूसेदि ।।३३५।।का.अनु.**

**અર્થ -** જેને સ્થૂલ ચોરીનો ત્યાગ હોય છે તે વધારે મૂલ્યની(કિંમતની) વસ્તુ ઓછી કિંમતે લેતો નથી. જેમકે કોઈ વ્યક્તિ પોતાની વસ્તુ બરાબર હિસાબ કરીને તમને વેચે તો સવા રૂપિયામાં વેચાય, પરંતુ તેણે તે વસ્તુ સીધા જ આવીને તમને સોંપી દીધી અને કહ્યું - આની જે બરાબર કિંમત થતી હોય તે મને આપી દો. ત્યાં તે સવા રૂપિયાની વસ્તુને પ્રગટ જાણતો થકો લોભને વશ થઈ એક રૂપિયા (ઓછી કિંમતે)માં પણ લેતો નથી, જે ઠીક કિંમત છે તે જ આપે છે, બીજાની ભૂલેલી વસ્તુને ગ્રહણ કરતો નથી. એવો ભાવ પણ કરતો નથી કે કોઈ નિર્ધન કે અજ્ઞાનીની વસ્તુ

મારી પાસે ઓછી કિંમતમાં આવી જાય તો સારૂં છે. તે તો થોડા લાભમાં જ ખૂબ સંતોષ રાખે છે.

**ભાવાર્થ :-** જે વ્યાપારના વ્યવહારમાં તથા નોકરીમાં થોડો જ લાભ હોય તો પણ સંતોષ જ રાખે છે, અધિકની લાલસા કરતો નથી - તેને સ્થૂલ ચોરીનો ત્યાગ જાણવો.

હવે **અચૌર્ય નામના અણુવ્રતના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે–

**चौरप्रयोग-चौरार्थादान-विलोप-सद्दशसन्मिश्राः ।**
**हीनाधिक-विनिमानं पंचास्तेये व्यतीपाताः ।।५८।।**

**અર્થ :-** અચૌર્ય નામના અણુવ્રતના આ પાંચ અતિચાર છે.

(૧) પોતે (સ્વયં)તો ચોરી કરતો નથી પરંતુ બીજાને ચોરી કરવાની પ્રેરણા આપે છે, તથા ચોરી કરવાના ઉપાય બતાવે છે, તે **ચોર પ્રયોગ** નામનો અતિચાર છે.

(૨) ચોર પાસેથી ચોરી કરેલું ધન લેવું તે **ચોરાર્થાદાન** નામનો અતિચાર છે.

(૩) ઉચિત ન્યાયનો માર્ગ છોડીને અન્ય રીતિથી ધન ગ્રહણ કરવું, તથા રાજાની આજ્ઞાથી જે કાર્યને કરવાનો નિષેધ હોય તે કાર્ય કરીને ધન ગ્રહણ કરવું તે **વિલોપ** નામનો અતિચાર છે.

(૪) વધારે કિંમતની વસ્તુમાં ઓછી કિંમતની વસ્તુ ભેળવીને વેચવી તે સદ્દશ સન્મિશ્ર નામનો અતિચાર છે. જેમકે ઘીમાં તેલ મેળવવું, શુદ્ધ સોનામાં કૃત્રિમ સોનું મેળવવું તે **સદ્દશ સન્મિશ્ર** છે.

(૫) આપવાનાં માપ-ત્રાજવાં વિગેરે ઓછા વજનનાં રાખવાં તથા લેવાનાં વધારે વજનવાળાં રાખવાં તે **હીનાધિક માનોન્માન** નામનો અતિચાર છે.

આ રીતે સ્થૂલ ચોરીના ત્યાગ નામના અણુવ્રતના આ પાંચ અતિચાર ત્યાગવા યોગ્ય છે.

**આ ચોરી સમાન જગતમાં બીજો અપરાધ નથી.** સમસ્ત ઉચ્ચતા, કુળ, કર્મ, ધર્મ વિનાશ કરવાવાળી તથા સમસ્ત વિશ્વાસ, મહાનતાનો નાશ કરવાવાળી ચોરી છે. ચોરીનું ધન પણ વેશ્યા સેવનમાં, પરસ્ત્રીમાં, વ્યસનોમાં, અભક્ષ્ય ભક્ષણમાં ખર્ચ થાય છે, અથવા તે અન્ય કોઈની પાસે રાખેલું રહી જાય છે, સંતોષ થતો નથી, કલેશ

રહ્યા જ કરે છે. જો ચોરીનું ધન પ્રગટ થઈ જાય છે તો તેવા ચોરને રાજા તીવ્ર દંડ આપે છે, બધા લોકો મારે છે, હાથ-નાકનું છેદવું, સર્વસ્વ લઈ લેવું વિગેરે દંડ અહીં જ ભોગવવા પડે છે તથા પરલોકમાં નરક વિગેરે કુયોનિઓમાં પરિભ્રમણ કરવું પડે છે.

હવે **સ્થૂલ બ્રહ્મચર્ય** નામના અણુવ્રતના સ્વરૂપને કહેવાવાળો શ્લોક કહે છે:-

**न च परदारान् गच्छति न परान् गमयति च पापभीतेर्यत् ।**
**सा परदारनिवृत्तिः स्वदारसन्तोषनामापि ।।५९।।**

**અર્થ** - જે પાપના ભયથી પરસ્ત્રીને ત્યાં સ્વયં જતો નથી, કે પરસ્ત્રીને ત્યાં બીજાને મોકલતો નથી, તે **સ્વદાર-સંતોષ** નામનું કે **પરસ્ત્રી ત્યાગ** નામનું અણુવ્રત છે.

**ભાવાર્થ** - જે પોતાની જાતની કુલીન ઘરની, સાક્ષીપૂર્વક વિવાહી સ્ત્રીમાં જ સંતોષ ધારણ કરીને, તેનાથી ભિન્ન અન્ય સમસ્ત સ્ત્રી માત્રમાં રાગભાવનો ત્યાગ કરીને પરસ્ત્રી, વેશ્યા, દાસી, કુલટા, કુંવારી વિગેરે સ્ત્રીઓમાં રાગી થઈ સ્ત્રીઓને રાગભાવપૂર્વક મળવું, વચનાલાપ કરવો, અવલોકન કરવું, સ્પર્શ કરવો, વિગેરેનો ત્યાગ કરે છે તે પરસ્ત્રીનો ત્યાગી તથા સ્વદાર-સંતોષી પણ કહેવાય છે.

હવે **સ્વદાર સંતોષવ્રત**ના પાંચ અતિચાર કહેવાવાળો શ્લોક કહે છે:-

**अन्यविवाहाकरणानङ्गक्रीड़ा विटत्वविपुलतृषः ।**
**इत्वरिका-गमनं चास्मरस्य पंच व्यतीचाराः ।।६०।।**

**અર્થ** - અસ્મર અર્થાત્ સ્થૂલ બ્રહ્મચર્યના પાંચ અતિચાર છે, તે ત્યાગવા યોગ્ય છે.

(૧) પોતાના પુત્ર-પુત્રી સિવાય બીજાનાં પુત્ર-પુત્રીઓના વિવાહને રાગી થઈ કરાવવા તે **અન્ય વિવાહકરણ** નામનો અતિચાર છે.

(૨) રતિક્રીયાનાં નિશ્ચિત્ અંગ છોડીને અન્ય અંગોથી ક્રીડા કરવી તે **અનંગક્રીડા** નામનો અતિચાર છે.

(૩) ભડિંમારૂપ પુરૂષને સ્ત્રીના રૂપ સ્વાંગ વિગેરે બનાવીને મન-વચન-કાયથી કુશીલની પ્રવૃત્તિ કરવી તથા બીજાઓથી કરાવવી તે **વિટત્વ** નામનો અતિચાર છે.

(૪) કામ સેવનની અતિ તૃષ્ણા, તીવ્રતા, લાલસા રાખવી તે **વિપુલ તૃષા** નામનો અતિચાર છે.

(૫) પતિ રહિત વેશ્યા આદિ તથા અન્ય વ્યભિચારિણી સ્ત્રીઓને ઈત્વરિકા કહે છે, તે વ્યભીચારિણી સ્ત્રીઓને ઘેર આવવું-જવું, તેમને પોતાના ઘેર બોલાવવી, તેમનાથી લેવડ-દેવડ રાખવી, પરસ્પર વાર્તાલાપ કરવો, તેમનાં રૂપ શૃંગાર જોવાં તે **ઈત્વરિકાગમન** નામનો અતિચાર છે.

આ પાંચ સ્થૂલ બ્રહ્મચર્ય વ્રતના અતિચાર દૂરથી જ ત્યાગવા યોગ્ય છે. દેવો દ્વારા પૂજ્ય એવું જે બ્રહ્મચર્યવ્રત તેની જો કોઈ રક્ષા કરવા ઈચ્છે છે તો તેણે **પોતાની વિવાહીત સ્ત્રી સિવાય અન્ય માતા, બહેન, પુત્રી, પુત્રવધુ, વિગેરેની નિકટ તથા એકાન્ત સ્થાનમાં પણ રહેવું જોઈએ નહિ.** અન્ય સ્ત્રીના મુખ, આંખથી પોતાની આંખ વિગેરે મિલાવીને, ટગટગીને જોવું ન જોઈએ, **શીલવંત પુરૂષોની આંખો તો અન્ય સ્ત્રીને જોતાં વેંત જ બંધ થઈ જાય છે.**

હવે **પરિગ્રહ પરિમાણ** અણુવ્રતને કહેવાવાળો શ્લોક કહે છે:-

**धनधान्यादिग्रन्थं परिमाय ततोऽधिकेषु निःस्पृहता ।**
**परिमितपरिग्रहः स्यादिच्छा परिमाणनामापि ।।६१।।**

**અર્થ -** પોતાનાં પરિણામોમાં પરિગ્રહથી સંતોષ આવી જાય તેટલું ધન, ધાન્ય, દાસી-દાસાદિ, ચાર પગવાળાં પશુ, ખેતર, મકાન, વસ્તી-પાત્ર (આભરણ-આસન) વિગેરે પરિગ્રહનો પરિમાણ કરીને અધિક પરિગ્રહમાં નિઃસ્પૃહતાનો ભાવ રાખવો તે **પરિમિત પરિગ્રહ** નામનું અણુવ્રત છે. તે ઈચ્છા પરિમાણ નામથી પણ ઓળખાય છે.

જો કોઈની પાસે વર્તમાનમાં તો થોડો પરિગ્રહ છે. પરંતુ ઈચ્છા વધારેની હોવાથી અધિક ધનમાં પરિમાણ કરીને મર્યાદા બાંધે છે તો પણ ધર્મબુદ્ધિવાળો જ છે, વ્રતી છે, પરંતુ અન્યાયથી લેવાનો ત્યાગ દઢતાથી કરે છે. જેમકે કોઈની પાસે વર્તમાનમાં પરિગ્રહ સો રૂપિયાનો છે પરંતુ પરિમાણ એક હજાર રૂપિયાનો કરે છે કે - હજાર રૂપિયાથી અધિક ગ્રહણ કરીશ નહિ, તો આ પણ વ્રત છે, પરંતુ હજાર રૂપિયા અન્યાયથી ગ્રહણ કરીશ નહિ એવો દઢ નિયમ કરે છે. **પરિગ્રહનું પરિમાણ કર્યા વિના પરિણામ નિરંતર અનેક વસ્તુઓને પ્રાપ્ત કરવામાં પરિભ્રમણ કરતાં રહે છે.**

**સમસ્ત પાપોનું મૂળ કારણ પરિગ્રહ છે, સમસ્ત ખોટાં ધ્યાન પરિગ્રહથી જ થાય છે એટલે ભગવાને મૂર્છાને પરિગ્રહ કહ્યો છે.** બાહ્ય પરિગ્રહ તો અન્ન-વસ્ત્ર માત્ર તથા રહેવા માટે ઝૂંપડી માત્ર ન હોવા છતાં પણ જો પરવસ્તુમાં મમતા(વાંછા) સહિત છે તો તે પરિગ્રહી જ છે.

પરમાગમમાં અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારનો કહ્યો છે —

(૧) મિથ્યાત્વ (૨) વેદ (૩) રાગ (૪) દ્વેષ (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) હાસ્ય (૧૦) રતિ (૧૧) અરતિ (૧૨) શોક (૧૩) ભય અને (૧૪) જુગુપ્સા.

મિથ્યાત્વ તો અનાદિકાળથી દેહાદિ પરદ્રવ્યોમાં મમત્વબુદ્ધિ, એકત્વબુદ્ધિરૂપ પરિણામ છે. આ દેહ છે, તે જ હું છું, જાતિ હું છું, કુળ હું છું વિગેરે **પર પુદ્‌ગલોમાં આત્મબુદ્ધિ અનાદિથી થઈ રહી છે, તે જ બુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે.** રાગદ્વેષભાવ, ક્રોધાદિભાવ, મોહકર્મ દ્વારા થયેલા ભાવ છે. **તે ભાવોમાં આત્મપણાનો સંકલ્પ તે જ મિથ્યાત્વ પરિગ્રહ છે.** કામથી ઉત્પન્ન વિકારમાં લીન થઈ જવું, રાગ-દ્વેષ-ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય વિગેરે છ નોકષાયોમાં આત્મપણાનો ભાવ રાખવો તે અંતરંગ પરિગ્રહ છે. **જેને અંતરંગ પરિગ્રહનો અભાવ થયો છે તેને બાહ્ય પરિગ્રહમાં મમતા થતી નથી.**

**પરિગ્રહમાં મમતા હોવાને લીધે જ સમસ્ત પ્રકારની અનીતિ કરે છે.** પરિગ્રહની ઈચ્છાથી હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, કુશીલ પણ સેવન કરે છે. પરિગ્રહ માટે મરી જાય છે, અન્યને મારી નાખે છે, મહા ક્રોધ કરે છે. પરિગ્રહના પ્રભાવથી મહા અભિમાન કરે છે. પરિગ્રહ માટે અનેક માયાચાર કરે છે. પરિગ્રહની મમતાથી મહા લોભ કરે છે. ખૂબ આરંભ તથા ઘણા કષાયનું મૂળ પરિગ્રહ જ છે. **જે બધા પાપોથી છૂટવા માગે છે તે પરિગ્રહથી વિરક્ત થાય છે.**

તે જ કાર્તિકેય સ્વામી કહે છે :

**को ण वसो इत्थिजणे कस्स ण मयणेण खंडियं माणं।**
**को इंदिएहिं ण जियो को ण कसाएहिं संतत्तो ॥२८१॥**

**सो ण वसो इत्थिजणे सो ण जियो इंदिएहिं मोहेण ।**
**जो ण य गिण्हदि गंथं अब्भंतर वाहिरं सव्वं ॥२८२॥**

**जो लोहं णिहणित्ता सन्तोस रसायणेण सन्तुट्ठो ।**
**णिहणदि तिण्णा दुट्ठा मण्णण्तो विणस्सरं सव्वं ।।३३९।।**

**जो परिमाणं कुव्वदि धणधाण सुवण्ण खित्तमाईणं ।**
**उवओगं जाणत्ता अणुव्वदं पंचमं तस्स ।।३४०।। का.अनुप्रेक्षा**

**અર્થ** :- આ જગતમાં સ્ત્રીઓના વશમાં કોણ નથી ? **કામ** વિકારે કોનું માન ખંડન કર્યું નથી ? **ઈન્દ્રિયો** દ્વારા કોણ જીતાયું નથી ? **કષાયો**થી સંતપ્ત કોણ નથી ?

બધા સંસારી જીવો સ્ત્રીઓના વશમાં થઈ રહ્યા છે. કામ વિકારે બધા સંસારી જીવોનું માન ખંડન કર્યું છે. બધા સંસારી જીવ ઈન્દ્રિઓ દ્વારા વશીભૂત થઈને પરાધીન થઈ રહ્યા છે. બધા પ્રાણી ચારેય કષાયોથી બળી રહ્યા છે.

જે પુરૂષ અંતરંગ અને બાહ્ય સમસ્ત પરિગ્રહને ગ્રહણ કરતો નથી, તે જ સ્ત્રીઓને વશ નથી, તે જ ઈન્દ્રિઓને આધીન નથી, તેને જ મોહ જીતી શક્યો નથી, તેનું જ કામ વિકાર દ્વારા માન ખંડન થયું નથી, તે જ કષાયોમાં બળતો નથી.

જે પુરૂષ લોભને નષ્ટ કરીને સંતોષરૂપી દવા (રસાયણ) દ્વારા આનંદિત થઈને, સમસ્ત ધન સંપત્તિને વિનાશીક માનીને, દુષ્ટા તૃષ્ણાને-આગામી ઈચ્છાને છોડીને, ધન-ધાન્ય, સુવર્ણ, ક્ષેત્ર, સ્થાન વિગેરેને પોતાની શક્તિ પિછાણીને પરિમાણ કરે છે કે - આટલા પરિગ્રહથી મારે નિર્વાહ કરવો છે, અધિક પરિગ્રહમાં પ્રવૃત્તિ કરવાનો મારે ત્યાગ છે - આ રીતે પરિગ્રહને પાપરૂપ જાણીને તેની વાંચ્છા (આશા) છોડે છે, તેને પરિગ્રહ પરિમાણ નામનું પાંચમું અણુવ્રત હોય છે.

**પરમાગમમાં પરિગ્રહનું લક્ષણ મૂર્છા કહ્યું છે.** જીવને જે પર પદાર્થોમાં મમતાબુદ્ધિ છે તે જ મૂર્છા છે. પર વસ્તુને પોતાને માનવારૂપ જે રાગ(મિથ્યાત્વ) છે. તેના કારણે આત્મા જીવન-મરણ, હિત-અહિત, યોગ્ય-અયોગ્યના વિચારમાં અચેત(મૂઢ) થઈ રહ્યો છે. **મોહની ઉદીરણાથી પરદ્રવ્યમાં જે આ મારૂં-મારૂં એવું પરિણામ છે તે જ મૂર્છા છે,** ભગવાને મૂર્છાને જ પરિગ્રહ કહ્યો છે. એટલે જે મૂર્છાવાન છે તે જ પરિગ્રહી છે, પછી ભલે તેની પાસે બાહ્ય પરિગ્રહ થોડો હોય કે સમસ્ત પરિગ્રહથી રહિત જ હોય, તે જ કહે છે:-

**बाहिर गंथ विहीणा दलिद्द मणुआ सहावदो हुंति ।**
**अब्भंतरगंथ पुण ण सक्कदे कोवि छंडेदुं ।।३८७।। का.अनु.**

**અર્થ :-** બાહ્ય પરિગ્રહ રહિત તો દરિદ્રી મનુષ્ય સ્વાભાવિક જ હોય છે, પરંતુ અંતરંગ મમતા છોડવામાં કોઈપણ સમર્થ નથી, એટલે મૂર્છા જ પરિગ્રહ છે. એવું જ જોઈએ પણ છીએ. હજારો, લાખો મનુષ્ય એવા છે કે જેમને જન્મ લીધા પછી પિત્તળ, તાંબા, કાંસાનું વાસણ મળ્યું જ નથી, જેમને જન્મથી લઈને આજ સુધી ઘી ખાધું જ નથી, લાડુ વિગેરે ખાધા નથી, પાઘડી, અંગરખી, સાફો કદી પહેર્યો જ નથી, સ્ત્રીથી વિવાહ થયો જ નથી, કદી પેટ ભરીને ભોજન મળ્યું જ નથી, સોનું વિગેરે કદી જોયું જ નથી, આખા જીવનમાં બે, ચાર દિવસ ખાવા યોગ્ય અન્ન પણ ભેગું થયું નથી, સોના-ચાંદીના તો દર્શન પણ થયા નથી, પૈસો, રૂપિયો એક પણ જેને મળ્યો નથી, રહેવા માટે ઝૂંપડી માત્ર પણ જેની પોતાની નથી એવા અનેક મનુષ્ય છે. એટલે મૂર્છા જ વાસ્તવમાં પરિગ્રહ છે.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** જો મૂર્છા જ પરિગ્રહ છે તો બાહ્ય ધન, ધાન્ય, વસ્ત્ર, વિગેરે બાહ્ય વસ્તુના સંયોગ-સંગ્રહને પરિગ્રહપણું રહ્યું નહિ ?

**તેને જવાબ આપે છે - બાહ્ય પરિગ્રહ અંતરંગ પરિગ્રહમાં નિમિત્ત છે.** એ બાહ્ય પરિગ્રહોનું જોવું, સાંભળવું, વિચારવું તુરત જ પરિગ્રહમાં લાલસા ઉત્પન્ન કરાવે છે, મમતા ઉત્પન્ન કરાવે છે, ભાન ભૂલાવી દે છે, એટલે બહિરંગ પરિગ્રહ પણ મૂર્છાનું કારણ હોઈ ત્યાગવા યોગ્ય છે.

અંતરંગ બહિરંગ બંને પ્રકારના પરિગ્રહને ગ્રહણ કરવામાં ભગવાને હિંસા કહી છે. બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ તે જ અહિંસા છે - એમ પરમાગમને જાણવાવાળા કહે છે. **મિથ્યાત્વ કષાય વિગેરે અંતરંગ પરિગ્રહ તો હિંસાનાં જ બીજાં પર્યાય વાચક નામ છે.** બાહ્ય પરિગ્રહમાં મૂર્છા થવી તે પણ હિંસા જ છે. આ કૃષ્ણ લેશ્યા વિ. અશુભ પરિણામ પણ પરિગ્રહમાં રાગ કરવાથી જ થાય છે, કારણકે પરિણામોમાં શુદ્ધતા મંદ કષાય દ્વારા જ થાય છે, તથા તે કષાયની મંદતા પરિગ્રહના અભાવથી થાય છે.

ખૂબ વિશેષ આરંભ પણ પરિગ્રહની અધિકતાથી જ થાય છે. એવું જાણીને જો સમસ્ત પરિગ્રહને છોડવાનો રાગ ઘટ્યો નથી તો પરિગ્રહમાં પોતાની જરૂરિયાત પ્રમાણે પરિમાણ કરીને તો અવશ્ય રહેવું જોઈએ.

જો આપણી પાસે આજે પરિગ્રહ તો થોડો છે, તથા ઈચ્છા(વાંછા) વધારે પરિગ્રહની થઈ રહી છે તો આ વાંછા (ઈચ્છા) કરવાથી પરિગ્રહ પ્રાપ્ત થશે નહિ.

**વાંછા કરવાથી તો વિશેષ અધિક પાપકર્મનો બંધ જ થશે.** પરિગ્રહનો લાભ તો અંતરાય કર્મનો ક્ષયોપશમ થવાથી જ થશે. એટલે પાપબંધના કારણ એવા પરિગ્રહની મમતા છોડીને જેટલું મળ્યું તેમાં જ સંતોષ માની રહેવું જોઈએ.

## ❖ ન્યાય-નીતિપૂર્વક જ આજીવિકા કરવી ❖

**અહીં એમ વિશેષ જાણવું -** જો કે પરિગ્રહ તો સઘળો ત્યાગવા યોગ્ય છે, પરંતુ જે ગૃહસ્થપણામાં રહીને ધર્મ સેવન કરવા ઈચ્છે છે, તેણે તો પોતાના પુણ્યના ઉદયને અનુકૂળ પરિગ્રહ રાખવો જ જોઈએ. જો ગૃહસ્થને આવશ્યક પરિગ્રહ નહિ હોય તો કાળ-દુકાળમાં, યોગ-વિયોગમાં, લગ્નમાં, મરણમાં, પરિણામ સ્થિર રહેશે નહિ, પરિણામ બગડી જશે. એટલા માટે ધર્મ-પરિણામોની રક્ષા માટે ગૃહસ્થ પરિગ્રહનો સંચય કરે જ છે.

**આજીવિકાનો ઉપાય ન્યાયમાર્ગથી જ કરવો જોઈએ. સાધુ તો થોડો પણ પરિગ્રહ રાખે તો બંને લોકમાં ભ્રષ્ટ થઈ જાય છે,** ગૃહસ્થ પરિગ્રહ ન રાખે તો ભ્રષ્ટ થઈ જાય છે. ગૃહસ્થાચારમાં રહેતાં તો થોડા કે વધારે આવશ્યકતા અનુસાર પરિગ્રહ વિના પરિણામોમાં સમતા રહેતી નથી. જો આજીવિકા ન હોય તો નિરાધારનાં પરિણામ ધર્મ સેવનમાં લાગી શકતાં નથી, પરિણામોની તીવ્ર અતિ-સંકલેશતા મટતી નથી.

અન્ન-પાણી મળે એટલી આજીવિકાની સ્થિરતા વિના સ્વાધ્યાયમાં, પૂજનમાં, શુભ કાર્યોમાં પરિણામ સ્થિર થઈ શકતાં નથી; આકુળતા હોવાથી સંકલેશ વધતો જાય છે, સંતોષ થતો નથી. રોગ થવાથી, વૃદ્ધાવસ્થા આવવાથી, ઈષ્ટનો વિયોગ થવાથી, અન્ન-વસ્ત્રના આધાર વિના પોતાનાં પરિણામ કોઈ પણ દેશમાં, કોઈપણ કાળમાં સ્થિર રહેતાં નથી. દેહની રક્ષા પણ આજીવિકા વિના થતી નથી. દેહ વિના અણુવ્રત, શીલ, સંયમ કોનાથી થશે ? એટલે પોતાના પુણ્યની અનુકૂળતા, ઉદ્યમ, સામર્થ્ય, સહાયક, સાધન વિગેરે દેશ કાળના યોગ્ય વિચાર કરીને ન્યાય માર્ગથી આજીવિકા કરી ધર્મ સેવન કરવું જોઈએ. અહિંસાપૂર્વક, સત્ય માર્ગ પર ચાલી, બીજાનું આપ્યા સિવાયનું ધન લેવાનો ત્યાગ કરીને, પોતાને જગતના લોકોને વિશ્વાસ આવવા યોગ્ય-પાત્ર બનાવવો જોઈએ.

**વિદ્યા, કળા, ચાતુર્ય દ્વારા પોતે થવા યોગ્ય આજીવિકા કરવી જોઈએ.** પછી લાભાંતરાયના ક્ષયોપશમ અનુસાર લાભ-અલાભ-અલ્પલાભ જેટલો જે થાય તેમાં જ સંતોષ માનવો જોઈએ. કુટુંબનું પોષણ, દેહનું પોષણ પુણ્યના ઉદયથી જે મળ્યું હોય

તેના અનુસાર કરો. દેવાદાર બનવું નહિ કેમકે દેવું કર્યા પછી સમસ્ત ધીરજ, વિશ્વાસનો અભાવ થઈ જાય છે, દીનતા પ્રગટ થવા લાગે છે, તથા એક વખત પોતાનો વિશ્વાસ ડગી જતાં ફરીથી આજીવિકા મેળવવી મૂશ્કેલ થાય છે.

**આજીવિકાના પ્રમાણમાં ખર્ચ કરવો જોઈએ.** પુણ્યવાનોને જોઈને વધારે ખર્ચ કરશો તો યશ, ધર્મ, નીતિ, ત્રણેય નષ્ટ થઈ જશે. બીજા પુણ્યવાનોના ખર્ચ જોઈને બરાબરી કરશો તો દરિદ્રી થઈને બંને લોકોથી ભ્રષ્ટ થઈ જશો. જો એમ માનો છો કે અમારી ખૂબ આબરું છે, અમારા પૂર્વજોએ મોટાં મોટાં કાર્ય કર્યા છે, હવે ખર્ચ ઓછો કેવી રીતે કરીએ ? જો હવે ખર્ચ ઓછો કરીશું તો અમારી સમસ્ત મોટાઈ જતી રહેશે ? એવો વિચાર ન કરો. જો પુણ્યનો અસ્ત થયો તો મોટાઈ ક્યાં રહી? મોટાઈ તો સત્યથી, સંતોષથી, શીલથી, વિનયથી, દીનતારહિત થવાથી, ઈન્દ્રિઓના વિષયોની ઈચ્છા ઘટાડવાથી છે, એ બધાથી જ બંને લોકોમાં ઉજ્જવળતા થાય છે.

પુણ્યનો ઉદય આવી જાય તો જીવને સ્વર્ગનો મહર્દ્ધિક દેવ બનાવી દે, ચક્રવર્તી બનાવી દે. જો પાપનો ઉદય આવી જાય તો નરકનો નારકી બનાવી દે, એકેન્દ્રિય બનાવી દે બોજ ઉપાડવાવાળો (મજુર) બનાવી દે, રોગી બનાવી દે, દરિદ્ર મનુષ્ય બનાવી દે, તિર્યંચ બનાવી દે, આ જ ભવમાં રાજાથી રંક થઈ જાય છે. કઈ મોટાઈને જુઓ છો ? જો પોતાની પાસે થોડું ધન છે. પરંતુ અભિમાની થઈ અધિક ધન ખર્ચ કરશો તો દરિદ્રી અને દેવાદાર દીન બનીને બધાથી નીચા થઈ જશો, નિંદાને પ્રાપ્ત થઈ આર્ત્તધ્યાન કરી દુર્ગતિને પાત્ર બનશો.

એટલે આજીવિકાથી જેટલી આવક થતી હોય તેનાથી ઓછો જ ખર્ચ કરવો જોઈએ, એ જ ચતુરાઈ છે, એ જ પાંડિત્ય છે. જે આવકથી ઓછો ખર્ચ કરવો તે જ કુળવાનપણું છે, તે જ ઉત્તમ ધર્મ છે. જો આમદની (આવક)થી ખર્ચ વધારશો તો પોતાની જ બુદ્ધિથી દરિદ્રી થઈ મૂર્ખતાનું પ્રદર્શન કરશો, પછી દેવાદાર બની જશો ત્યારે ઉત્તમકુળ, યોગ્ય આદર, સત્કાર, આચરણ બધું નષ્ટ થઈ જશે અને મલિનતા પ્રગટ થઈ જશે. નિર્ધન અને દેવાદાર બન્યા પછી પૂજન, સ્વાધ્યાય, ધ્યાન, શુભ ભાવનાઓમાં બુદ્ધિ લાગશે નહિ.

એટલે આજીવિકાથી ઓછો ખર્ચ કરવો એ જ ગૃહસ્થની પરમ યોગ્ય નીતિ છે. જે અભિમાની થઈને વધારે ખર્ચ કરે છે. તેનું ચિત્ત બીજાના આપ્યા વિનાના

ધન પર ચાલ્યું જાય છે, ચોરી કરવા લાગે છે, અનેક અસત્ય-કપટ આદિ પાપોમાં પ્રવૃત્તિ થઈ જાય છે, સંતોષ ધર્મ નષ્ટ થઈ જાય છે.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** આ આજીવિકા તો પૂર્વ પુણ્યને આધીન છે, ધર્મસેવન કરવું આપણા આધીન છે ?

**તેને જવાબ આપે છે - અહીં આજીવિકા પૂર્વ પુણ્ય કર્મના આધીન જ છે. પરંતુ ધર્મ ગ્રહણ થઈ જવો પણ પુણ્ય કર્મની સહાયતા વિના થઈ શકતો નથી.** ધર્મ ગ્રહણ કરવાની યોગ્યતા માટે પણ આટલી સામગ્રી તો જરૂરી જ છે કે - ઉત્તમ કુળમાં જન્મ પ્રાપ્ત થવો, (મળવો) કારણ કે ચાંડાળ, ચમાર, ભીલ, શુદ્ર વિગેરે કુળમાં ધર્મનો લાભ કેમ થશે ? તથા ઉત્તમ દેશમાં ઉત્પન્ન થવું, ઈન્દ્રિયોની પૂર્ણતા મળવી, નિરોગ શરીર મળવું, શુભ સોબત મળવી, આજીવિકાની સ્થિરતા મળવી, સમ્યક્‌ધર્મનો ઉપદેશ મળવો વિગેરે **પુણ્ય કર્મના ઉદયવશ બાહ્ય સામગ્રી મળ્યા વિના ધર્મ ગ્રહણ તથા ધર્મનું સેવન થઈ શકતું નથી. માટે જેને પૂર્વ પુણ્યના ઉદયથી આજીવિકાની સ્થિરતા હોય છે તેને જ ધર્મ સેવનની યોગ્યતા હોય છે.**

જેને ઈન્દ્રિઓની પૂર્ણતા હોય, નિરોગતા હોય, ન્યાય-અન્યાયનો વિવેક હોય, ધર્મ-અધર્મ, યોગ્ય-અયોગ્યનો વિવેક હોય, પ્રિય વચન બોલતો હોય, વિનયવાન હોય, બીજાના ધન તથા બીજાની સ્ત્રીઓથી પરાન્મુખતા હોય, આળસ પ્રમાદ રહિત હોય, ધીરજવાળો હોય, દેશકાળને યોગ્ય વચન બોલતો હોય તેને આજીવિકાનો લાભ તથા ધર્મનો લાભ મળી જ રહે છે.

**ગુણવાનને, નિર્લોભીને આળસરહિત ઉદ્યમીને, વિનયવાનને જીવિકા મળવી દુર્લભ નથી. સ્વયં જીવિકાના યોગ્ય પાત્ર બની જાઓ તો જીવિકા કદી દૂર રહેતી નથી.** લાભાંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર આજીવિકા થોડી યા વધારે નિયમથી મળી જ રહે છે. તેમાં સંતોષ ધારણ કરીને અધિકમાં વાંછાનો ત્યાગ કરીને પરિગ્રહ પરિમાણ વ્રત ધારણ કરવું જોઈએ.

**પુણ્યના ઉદયથી આજીવિકા પ્રાપ્ત થઈ જાય તો અનીતિમાં પ્રવૃત્તિ કરીને આજીવિકાને નષ્ટ કરવી જોઈએ નહિ. જો આજીવિકા નષ્ટ થઈ જશે તો ધર્મ અને યશ નષ્ટ થઈ જશે.** પોતાના ભાવોમાંથી જો કે નીતિ-ધર્મ છોડશો નહીં, ન્યાય માર્ગ પર ચાલશો, તો પણ અશાતા કર્મના ઉદયથી અગ્નિથી, પાણીથી, ચોરોથી, રાજાના

ઉપદ્રવથી આજીવિકા નાશ પામે તથા ધન હાનિ થાય તો પણ ધર્મની હાનિ નહિ થાય, યશની હાનિ નહિ થાય, જગતમાં અવિશ્વાસને પાત્ર બનશો નહિ. જો પ્રબળ લાભાન્તરાય (કર્મ) ના ઉદયથી ન્યાયરૂપ ઉદ્યમ કરવા છતાં પણ લાભ ન થાય તો સમતા (સમભાવ) ધારણ કરવો જોઈએ. **જો આયુકર્મ બાકી (શેષ) હશે તો ભોજન આદિની વીધિ કર્મ મેળવી દેશે, કર્મ બળવાન છે. વનમાં, પહાડમાં, પાણીમાં, નગરમાં પોતાના અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર બધાને ભોજન મળે છે.**

કોઈનો પુણ્યનો ઉદય તો એવો હોય છે કે તે ઘણા લોકોને ભોજન વિગેરે આપીને સ્વયં ભોજન કરે છે, કોઈને અંતરાય (કર્મ)નો ઉદય એવો હોય છે કે તે પોતાનું પેટ ભરી શકતો નથી. કોઈને અડધું પેટ ભરવા લાયક મળે છે, કોઈને એક દિવસ મળે છે, એક દિવસ મળતું નથી, કોઈને બે દિવસના અંતરે, કોઈને ત્રણ દિવસના અંતરે નીરસ ભોજન મળે છે, તો પણ ધર્માત્મા સમતાને છોડતા નથી. પૂર્વે તિર્યંચોના ભવમાં કદી પણ પેટ ભરીને ભોજન મળ્યું જ નથી તથા ભૂખ્યા તરસ્યા અનેક વાર મર્યા છીએ. એટલે હવે ધૈર્ય ધારણ કરીને જેવી રીતે પોતાનો ધર્મ ન છૂટે તે રીતે પ્રયત્ન કરવો જોઈએ. જેના પરિણામોમાં આટલી દઢતા પ્રગટ થાય છે તે સ્વર્ગલોકમાં મહાન ઋદ્ધિધારી દેવ થાય છે.

**કોઈ એમ કહે છે -** જો પોતે એકલો હોય તો એવી દઢતા રાખીને સમતા રાખી લે પરંતુ જેના ઉપર કુટુંબનો ભાર હોય તે શું કરે ?

**તે કુટુંબને આ રીતે કહે -** હે પરિવારજનો ! આપે પૂર્વ જન્મમાં દાન આપ્યું નહિ, વ્રત પાલન કર્યું નહિ, અભક્ષ્ય ભક્ષણ કર્યું, અન્યાયથી બીજાઓનું ધન ગ્રહણ કર્યું, તે પાપના ઉદયથી એવા ગરીબ થયા કે પેટ ભરીને ભોજન તથા વસ્ત્ર પણ મળ્યું નહિ, — આ બધું પોતપોતાએ કરેલા પાપનું ફળ છે. જો હજી પણ અન્ય પુણ્યવાળાની વસ્તુ, વસ્ત્ર, ભોજન વિગેરે જોઈને દુઃખી થશો તો આગળ પણ ફક્ત તિર્યંચ ગતિના ઘોર દુઃખોનું કારણ એવું પાપકર્મ બંધ કરશો તથા કરોડો ભવો સુધી દુઃખનું કારણ તે પાપબંધ કરશો. પરની સંપત્તિ તમારી પાસે આવશે નહિ, કલેશ, દુર્ધ્યાન, તૃષ્ણા વિગેરે કરવાથી દુઃખ મટશે નહિ, પરંતુ દુઃખ વધશે.

જો થોડા પ્રાપ્ત ધનમાં જ સંતોષ ધારણ કરીને નિર્વાંછક થશો તો વર્તમાનમાં તો દુઃખ થશે જ નહિ તથા સમસ્ત પાપ કર્મની એવી નિર્જરા થશે જે ઘોર તપશ્ચર્યાથી

થતી નથી. થોડા વસ્ત્ર-ભોજન વિગેરે મળ્યા છતાં પરિણામોમાં આકુળતા રહિત સમતાથી રહેવું તે મોટું તપ છે. કર્મોએ મને તમારી સાથે કુટુંબમાં ઉપજાવ્યો છે. એટલા માટે હું હવે દૈવ(ભાગ્ય) તથા પુરૂષાર્થ બંનેને અનુકૂળ દ્રવ્ય ઉપાર્જન કરવામાં ઉદ્યમ કરી રહ્યો છું; લાભાન્તરાયના ક્ષયોપશમ અનુસાર ન્યાય માર્ગથી જે પ્રાપ્ત થાય છે તે તમારી પાસે લાવું છું. એમાંથી જે મારા હકનો ભાગ હોય તે મને આપી દો, તમારૂં જે હોય તે તમે મળીને વહેંચીને ભોજન વિગેરે કરો.

**અમે તો હવે ભગવાને કહેલો દુર્લભ ધર્મ ગ્રહણ કર્યો છે, એટલે તમારા માટે હવે અનીતિ, કપટ આદિ ઘોર પાપ કરીને ધન ગ્રહણ કરીશું નહિ, ન્યાય-નીતિથી જેવી રીતે ધર્મની હાનિ ન થાય તે પ્રમાણે ઉદ્યમ કરીને ઉપાર્જન કરીશું.** તમે પણ અમારો ધર્મ જેનાથી હાનિ પામે તેવું આચરણ ન કરો. પોત પોતાના પુણ્ય પાપનું ફળ ભોગવો. આકુળતા છોડીને જેટલું મળે તેટલામાં સંતોષ રાખી સુખપૂર્વક રહો. આ પ્રકારનો જેને નિશ્ચય છે તેને પરિગ્રહ પરિમાણ નામનું સ્થૂલ વ્રત હોય છે.

જે કુટુંબના પોષણ માટે પાપ ક્રિયામાં પ્રવર્ત્તે છે, હિંસા, અસત્ય, ચોરી, કપટ ઈત્યાદિ પાપોમાં પ્રવર્ત્તે છે તેને ઘોર પાપનો બંધ થાય છે, પાપથી દુર્ગતિને પાત્ર થાય છે. એટલા માટે આ અલ્પ જીવનમાં વ્રત, શીલ, સંયમમાં જ દૃઢતા રાખવી જોઈએ.

**કેટલાય લોકો કહે છે - ધન તો પાપથી જ આવે છે, પાપ કર્યા વિના ધન આવતું જ નથી, ત્યાગી-વ્રતી થઈ જવાથી ધન કેવી રીતે આવે ?**

**તેમને કહે છે -** એ તો તમારો ભ્રમ છે. પાપ કર્યા વિના ધન આવતું નથી, એમ કહેવું ઉચિત નથી. જો આમ કરવાથી જ ધન આવતું હોય તો આ દુનિયામાં લાખો ભીલ, ચંડાળ, ચોર, ચાડી ખાવાવાળા, માનવોની હત્યા કરવાવાળા, ગામ બાળવાવાળા, રસ્તામાં લૂંટવાવાળા, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બધાં કુળ પાપીઓથી ભરેલાં છે, ઘણાં પુરૂષ, સ્ત્રી-બાળક વિગેરે હિંસા કરવા તૈયાર છે, અસત્ય બોલવા માટે, ચોરી કરવા માટે તૈયાર છે, તે કેમ નિર્ધન છે ?

**જેમણે પૂર્વ જન્મમાં કુપાત્રને દાન આપ્યું છે, કુતપ કરીને ખોટાં પુણ્ય બાંધ્યા છે. તેમની પાસે કુમાર્ગથી ધન આવે છે. પુણ્યહીન તો માર્યો જાય છે. પૂર્વ પુણ્ય વિના પાપથી તો ધન મળતું નથી.** જેમણે પહેલાં પુણ્ય બાંધ્યું છે તે અહીં ચોરી-ચુગલી કર્યા વિના જ સંપત્તિ પ્રાપ્ત કરે છે, રાજાના ઘરે જન્મ લે છે.

કરોડોના ધનવાળા ધનવાનોને ત્યાં જન્મ લે છે. એટલે અધિક શું કહેવું ? બધું પુણ્યનું જ ફળ છે. ખોટા પુણ્યની લક્ષ્મીને ભોગવીને તો જીવ નરક-તિર્યંચ ગતિમાં જઈને ડૂબી જાય છે.

હવે **પરિગ્રહ પરિમાણ વ્રતના પાંચ અતિચાર**ના વર્ણન કરવાવાળો શ્લોક કહે છે -

**अति-वाहनाति-संग्रह-विस्मय-लोभातिभार-वहनानि ।**
**परिमित-परिग्रहस्य च विक्षेपाः पंच लक्ष्यन्ते ।।६२।।**

**અર્થ -** પરિમિત પરિગ્રહ નામના વ્રતના આ પાંચ અતિચાર જાણવા -

(૧) ઘોડા, ઊંટ, બળદ વિગેરે તિર્યંચોને તથા દાસી, દાસ, સેવક વિગેરેને અતિ લોભ વશ થઈ મર્યાદા રહિત અતિ દૂરની સફરે લઈ જવા, ખૂબ ચલાવવા તે **અતિવાહન** નામનો અતિચાર છે.

(૨) પોતાના ઘરમાં પ્રયોજન વિના જ ખૂબ વસ્તુઓનો સંગ્રહ કરવો, ભોજન, પાત્ર, વસ્ત્ર, વિગેરેની થોડી જરૂરત હોય, પણ સંગ્રહ વધારેનો કરવો, અનાજ, વસ્ત્ર, ઔષધિ, કાષ્ઠ, પાષાણ, ધાતુ વિગેરેનો ખૂબ સંગ્રહ કરવામાં જ પરિણામો થવાં તે **અતિ સંગ્રહ** નામનો અતિચાર છે.

(૩) બીજાઓને ત્યાં ખૂબ સંપત્તિ, ખૂબ પરિગ્રહ, અનેક દેશોની વસ્તુઓ તથા જે કદી જોઈ ન હોય તેવી વસ્તુઓ જોઈ-સાંભળી આશ્ચર્ય કરવું તે **વિસ્મય** નામનો અતિચાર છે.

(૪) કોઈ વેપારમાં, સેવામાં, કળાથી, હુન્નરથી પોતાને અંતરાય કર્મના ક્ષયોપશમથી ખૂબ લાભ થયો હોય તોપણ તૃપ્ત ન થવું, સંતોષ ન થવો તે **અતિ લોભ** નામનો અતિચાર છે.

(૫) લોભના વશથી તિર્યંચો ઉપર શક્તિ ઉપરાંત ભાર નાખી ચલાવવાં તે **અતિ ભારવહન** નામનો અતિચાર છે.

જે ગૃહસ્થ પરિગ્રહનું પરિમાણ કરે છે તે આ પાંચ અતિચારોનો પણ પરિત્યાગ કરે છે. આ રીતે ગૃહસ્થને ધારણ કરવા યોગ્ય પાંચ અણુવ્રતોને કહીને હવે **પાંચ અણુવ્રતોનું ફળ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**पंचाणुव्रत-निधियो निरतिक्रमणाः फलन्ति सुरलोकम् ।**
**यत्रावधिरष्ट-गुणा दिव्य-शरीरं च लभ्यन्ते ।।६३।।**

**અર્થ :-** અતિચાર રહિત આ ઉપર કહેલાં પાંચ અણુવ્રત નિધિરૂપ વૃક્ષમાં દેવલોકરૂપી ફળ લાગે છે. જેથી દેવલોકમાં અવધિજ્ઞાન, અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ - આ આઠ મહાગુણ તથા ધાતુ-ઉપધાતુ રહિત દિવ્ય-શરીર પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :-** નિરતિચાર અણુવ્રતોને ધારણ કરવાવાળા મરીને સ્વર્ગલોકમાં મહાન અણિમા વિગેરે ઋદ્ધિઓના ધારી દેવ જ થાય છે, અન્ય પર્યાય થતી નથી એવો નિયમ છે. સ્વર્ગમાં ધાતુ-ઉપધાતુ રહિત, રોગ-વૃદ્ધત્વ રહિત દિવ્ય શરીરને પ્રાપ્ત થઈ અસંખ્યાત વર્ષો સુધી સુખ-સંપદામાં લીન થઈને રહે છે.

હવે જે આ પાંચ અણુવ્રતોને ધારણ કરીને આ લોકમાં પ્રસિદ્ધ થયા છે એમનાં નામ કહેવાવાળો શ્લોક કહે છે:-

**मातङ्गो धनदेवश्च वारिषेणस्ततः परः ।**
**नीली जयश्च संप्राप्ताः पूजातिशय-मुत्तमम् ।।६४।।**

**અર્થ :-** અહિંસા અણુવ્રતમાં માતંગ ચાંડાળ, સત્ય અણુવ્રતમાં ધનદેવ, અચૌર્ય અણુવ્રતમાં વારિષેણ, બ્રહ્મચર્ય વ્રતમાં નીલી, તથા પરિગ્રહ પરિમાણ વ્રતમાં જયકુમાર વ્રતોના મહાત્મ્યથી ઉત્તમ કીર્તિરૂપ અતિશયને પ્રાપ્ત થઈને તે જ ભવમાં દેવો દ્વારા પૂજ્ય થયા છે. જો કે આ વ્રતોના પ્રભાવથી અનેક ભવ્ય જીવ આ લોકમાં મહિમાવંત થઈને દેવલોક ગયા છે, તો પણ આગમમાં એમની જ કથા પ્રસિદ્ધ છે.

હવે જે પાંચ પાપોના પ્રભાવથી આ લોકમાં ઘોર કલેશ પ્રાપ્ત કરીને દુર્ગતિમાં ગયા, તેમનું નામ કહેવાવાળો શ્લોક કહે છે:-

**धनश्री-सत्यघोषौ च तापसी रक्षकावपि ।**
**उपाख्येयास्तथाश्मश्रुनवनीतो यथाक्रमम् ।।६५।।**

**અર્થ -** હિંસાથી ધનશ્રી, અસત્યથી સત્યઘોષ, ચોરીથી તાપસી, કુશીલથી કોતવાલ, પરિગ્રહથી શ્મશ્રુનવનીતએ આ લોકમાં રાજા દ્વારા તીવ્ર દંડ ભોગવી દુર્ગતિમાં ગયા છે. શ્લોકમાં આ નામ ક્રમથી જાણીને સમજવાં.

હવે **આઠ મૂળગુણો**ને કહેવાવાળો શ્લોક કહે છે:-

**मद्यमासं-मधु-त्यागैः सहाणुव्रत-पंचकम् ।**
**अष्टौ मूलगुणानाहु-र्गृहिणां श्रमणोत्तमाः ।।६६।।**

**અર્થ -** શ્રમણોત્તમ અર્થાત્ જે ગણધર દેવ તથા શ્રુતકેવળી છે તે ગૃહસ્થના મદ્ય, માંસ, મધુના ત્યાગ સહિત પાંચ અણુવ્રતોને અષ્ટ મૂળગુણ કહે છે.

**ભાવાર્થ -**

(૧) જીવ મારવાના સંકલ્પથી ત્રસ જીવોને મારવાનો ત્યાગ

(૨) અન્યને તથા સ્વયંને કલેશ ઉપજાવવાવાળાં તથા સાચા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનો ઘાત કરવાવાળાં વચનનો ત્યાગ

(૩) આપ્યા વિનાનું રાખેલા, દાટેલા, પડેલા, ભૂલાયેલા અન્યના ધનને ગ્રહણ કરવાનો ત્યાગ

(૪) પોતાના કુળને યોગ્ય વિવાહીત સ્ત્રી સિવાય અન્ય સમસ્ત સ્ત્રીઓમાં રાગનો ત્યાગ.

(૫) ન્યાયથી કમાયેલા પરિગ્રહમાં પરિમાણ કરીને અધિક પરિગ્રહનો ત્યાગ.

(૬) એ પાંચ તો અણુવ્રત તથા જેનાથી પોતાનાં પરિણામ મોહી થઈને પોતાના હિત-અહિતની સાવધાની-વિવેક રહેતો નથી એવા મદ્યપાનનો ત્યાગ.

(૭) બે ઈન્દ્રીય વિગેરે જીવોના શરીરથી ઉત્પન્ન માંસનો ત્યાગ.

(૮) તથા મધુમાખીઓએ મધપૂડામાં એકત્ર કરેલ મધુભક્ષણનો ત્યાગ. આ આઠનો ત્યાગ તે અષ્ટમૂળગુણ છે.

**જો ગૃહસ્થને પાંચ પાપ અને ત્રણ મકારના ત્યાગમાં દઢતા આવી જાય તો સમસ્ત ગુણરૂપ મહેલનો પાયો રચાઈ ગયો. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણનું કારણ મિથ્યાત્વ, અન્યાય-અભક્ષ્ય હતાં. તેમનો જ્યારે અભાવ થઈ જાય ત્યારે આ જીવ અનેક ગુણ ગ્રહણને પાત્ર થાય છે. એટલા માટે આ આઠ ત્યાગ છે તે જ મૂળગુણ છે.**

અન્ય ગ્રંથોમાં પાંચ ઉદંબર ફળ તથા ત્રણ મકારનો ત્યાગ - એ આઠ મૂળ ગુણ કહ્યા છે. ત્યાં (૧) ઉમર (૨) કઠૂમર (૩) અંજીર (૪) પીંપળનું ગોળ ફળ (ટેટા)

તથા (૫) વડના ટેટા આ પાંચ ઉદંબર ફળ કહ્યાં છે. તેમનામાં અત્યંત અધિક ત્રસ જીવ પ્રગટ દેખાય છે. તેથી એ ફળોનું ખાવું માંસ ભક્ષણ સમાન છે. અન્ય બીજાં પણ કેટલાંયે ફળ, ફૂલ, પાન, રેસા, રોમ છે જેમને સુકવવાથી થોડા જ સમયમાં તેમનામાં જે ત્રસ જીવ રહે છે, તે મરી જાય છે. તે સુકા-સુકાવેલાં ફળ ઈત્યાદિને ખાવામાં પણ રાગભાવની અધિકતાથી મહા હિંસા જ થાય છે. જેને એવા પરિણામ થાય છે કે હું તેમને સુકવીને ખાઈશ તેને અભક્ષ્યમાં તીવ્ર અનુરાગ હોવાથી વિશેષ પાપનો જ બંધ થાય છે.

**મદ્ય ત્યાગ :-** મદિરા મનને મોહિત કરે છે, બેભાન કરે છે. મનના મોહિત થવાથી ધર્મને ભૂલી જાય છે, **ધર્મ ભૂલી જવાથી વ્યક્તિ નિઃશંક થઈને હિંસા પૂર્વક આચરણ કરવા લાગે છે.**

**અહીં એમ વિશેષ જાણવું -** જે વસ્તુ મનને ઉન્મત્ત કરે, સ્વરૂપની સાવધાની ભૂલાવી દે, વિષયોમાં આસક્તિ વધારે, રસના ઈન્દ્રિય તથા કામ ઈન્દ્રિયના વિષયમાં અતિ રાગ વધારે તે મદ્ય છે. એટલા માટે ભાંગ પીવી, અફીણ, ગાંજો વિગેરે નશાકારક વસ્તુઓ તથા તેમના સંયોગથી બનાવેલા પાક, માજુમ (કેફી પદાર્થ) એ બધી મદકારી વસ્તુઓનું ભક્ષણ કરવાથી ધર્મબુદ્ધિનો નાશ થાય છે, અભક્ષ્ય ભક્ષણમાં મસ્ત થાય છે, બુદ્ધિનું તેજ નષ્ટ થાય છે, પરમાર્થનો વિચાર નષ્ટ થાય છે.

**ભાંગ ત્યાગ :-** એટલા માટે જે જિનેન્દ્રની આજ્ઞાને માનવા ઈચ્છે છે તે અવશ્ય નશાકારક વસ્તુ ખાવા-પીવાનો ત્યાગ કરી દે છે. ભાંગમાં ત્રસ જીવ ખૂબ ઉત્પન્ન થાય છે. ભાંગ પીવાવાળાની દેખવા-જોવાની (વિવેક)પ્રવૃત્તિ હોતી નથી. અન્ય પદાર્થમાં જીવ પડી જાય તો તેને ખાતો નથી પરંતુ ભાંગને પીવાવાળો ભાંગ ગાળીને પીતો નથી. જો કે તેમાં અસંખ્ય ત્રસ જીવ ઉત્પન્ન થાય છે, જેમને રોકી શકાતા નથી. એટલે ધર્મનો ઈચ્છુક ભાંગનો અવશ્ય ત્યાગ જ કરે છે. કારણ કે ભાંગ અંતરંગ બગાડ કરે છે તથા બહારમાં પણ ઘણા ત્રસ જીવોની વિરાધના થાય છે.

**મદિરા ત્યાગ :-** મદિરામાં તો અસીમ-અપરિમાણ ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે; અત્યંત દુર્ગંધિત છે. ઉત્તમ કુળની વ્યક્તિ જો મદિરાની ધારાને ભોજન કરતી વખતે દૂરથી જ જોઈ લે તો તે જ સમયે ભોજનનો ત્યાગ કરી દે છે, તથા મદિરાને અડી જાય તો વસ્ત્ર સહિત સ્નાન કરે છે. મદિરાથી ઉન્મત્ત થવાવાળો માતાને, પુત્રીને,

સ્ત્રીરૂપથી જાણીને આચરણ કરે છે - જુએ છે તથા પોતાની સ્ત્રી સાથે માતા-પુત્રી રૂપ આચરણ કરે છે - જોવા લાગે છે. ભય, ગ્લાનિ, ક્રોધ, કામ, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક-એ બધા દોષ જે હિંસાનું કારણ હોવાથી હિંસા જ છે, તે બધા દોષ દારૂ પીવાવાળાને હોય છે એટલે ધર્મનો અર્થી (અનુરાગી) મદ્ય-પાનનો દૂરથી જ ત્યાગ કરી દે છે.

**માંસ ત્યાગ :-** બે ઈન્દ્રિય આદિ જીવોના ઘાતથી માંસ ઉત્પન્ન થાય છે, જેનો આકાર જોવાથી જ ખૂબ ઘૃણા ઉત્પન્ન થાય છે. માંસનો સ્પર્શ, દુર્ગંધ વિ. જ પરિણામોમાં મહા ગ્લાનિ ઉત્પન્ન કરી દે છે. જે ધર્મ રહિત, ને નરકાદિમાં જવાવાળા છે, મહા નિર્દય પરિણામી હોય છે તે જ માંસ ભક્ષણ કરે છે.

સ્વયંમેવ (પોતાની મેળે) મરેલા બળદ, ભેંસ, બકરો, હરણ વિગેરેના માંસમાં અનંત તો બાદર નિગોદિયા જીવ અને અસંખ્યાત ત્રસ જીવોનો ઘાત થાય છે. કાચા માંસમાં, અગ્નિથી પકાવેલા માંસમાં, અગ્નિ પર રાખેલા વાસણમાં શેકાતા માંસમાં પણ અનંત જીવ નિરંતર ઉત્પન્ન થતા રહે છે. તેની જ જાતના જીવ હર સમયે ઉત્પન્ન થતા રહે છે. એટલા માટે કાચુ માંસ, પકાવેલું માંસ, શેકાતુ (રંધાતુ)માંસ, કે સૂકા માંસને જે ખાય છે તથા માંસના ટૂકડાને જે અડે પણ છે તે મનુષ્ય નિરંતર એકત્ર થયેલા અસંખ્ય જીવોનો ઘાત કરે છે.

ચંડાળોનો, કસાઈઓનો, મલેચ્છોનો તથા કુતરાઓનો એંઠવાડ તો માંસ જ હોય છે. **માંસ ભક્ષીઓને દયા, આચાર હોતા નથી, જાતિ, કુળ, ધર્મ, દયા, ક્ષમા વિગેરે સમસ્ત ગુણોથી તેઓ ભ્રષ્ટ-રહિત હોય છે.** દુર્ગતિગામી, મહાપાપી, મહાનિર્દયી લોકોએ માંસ ભક્ષણને તેમના જ બનાવેલા શાસ્ત્રોમાં ધર્મ કહ્યો છે. માંસથી દેવતા તથા પિતરો (પિતૃઓ-વડવાઓ)ને તૃપ્તિ થવી કહે છે, દેવતાઓને માંસભક્ષી કહે છે. શ્રાદ્ધોમાં બ્રાહ્મણોને માંસપિંડનું ભક્ષણ કરાવીને દેવોને-પિતૃઓને તૃપ્ત થયા કહે છે. આ બધો મિથ્યાદર્શનનો પ્રભાવ છે.

**મધુ ત્યાગ :-** મધુ જેવી કોઈ અધમ વસ્તુ નથી. માખીઓની ઉલ્ટી, ભીલ, ચાંડાળોનું એંઠું તથા અનંત જીવોનું ઉત્પત્તિનું સ્થાન મધુ છે. ઘણી બધી માખીઓને મારીને ભીલ, ચાંડાળાદિ મધુ કાઢીને લાવે છે. જે પોતાની મેળે જ મરે છે એવા પણ અસંખ્યાત ત્રસ જીવોની ઉત્પત્તિ મધમાં થાય છે. **મધુને પવિત્ર માનવું, પંચામૃતોમાં ગણના કરવી, શુદ્ધ કહેવું એના જેવું વિપરીત (અસત્ય) બીજું કોઈ**

**નથી.** જેઓ શહદ (મધ)નો એક કણ માત્ર પણ દવાના રૂપમાં લે છે, રોગ દૂર કરવા ખાય છે તે ઘોર નરકોનું દુઃખ ભોગવીને અસંખ્યાત તથા અનંત જન્મો સુધી અનેક રોગના પાત્ર બને છે.

મધુ, મદ્ય, માંસને નવનીત (માખણ) આ ચાર મહા વિકૃતિ - ખોટી વસ્તુઓ ભગવાને પરમાગમમાં કહી છે. જે જૈનધર્મ ધારણ કરે છે તે મદ્ય, માંસ, મધુ, માખણ આ ચાર વિકૃત્તિઓનો સૌથી પહેલાં પરિત્યાગ કરે છે. **આ ચારને ભગવાને મહા વિકૃતિ કહી છે. આ ચારનો ત્યાગ કર્યા વિના જીવ ધર્મનો ઉપદેશ ગ્રહણ કરવાને પાત્ર જ થતો નથી.**

**હિંસા ત્યાગ :-** ધર્મ છે તે અહિંસારૂપ છે, એવી જિનેન્દ્રની આજ્ઞા વારંવાર સાંભળવા છતાં પણ જેઓ હિંસા છોડવામાં અસમર્થ છે તે ત્રસ જીવોની હિંસા તો શીઘ્ર (સત્વર જ) છોડી દે.

હિંસાનો ત્યાગ નવ પ્રકારે કરવામાં આવે છે.

(૧) મનથી સ્વયં હિંસા કરતો નથી (૨) મનથી બીજા દ્વારા હિંસા કરાવતો નથી (૩) મનથી અન્ય હિંસા કરવાવાળાની અનુમોદના કરતો નથી (૪) વચનથી સ્વયં હિંસા કરતો નથી (૫) વચનથી બીજા દ્વારા હિંસા કરાવતો નથી (૬) વચનથી અન્ય હિંસા કરવાવાળાની અનુમોદના કરતો નથી (૭) કાયાથી સ્વયં હિંસા કરતો નથી (૮) કાયાથી બીજા દ્વારા હિંસા કરાવતો નથી (૯) કાયાથી અન્ય હિંસા કરવાવાળાની અનુમોદના કરતો નથી.

આ રીતે મન-વચન-કાયાથી કૃત-કારિત અનુમોદનાથી હિંસાને છોડવાવાળાને ઔત્સર્ગિક ત્યાગ અર્થાત્ ઉત્કૃષ્ટ ત્યાગ હોય છે. આ નવ પ્રકાર વિના જે હિંસાનો ત્યાગ થાય છે તેને અપવાદિક ત્યાગ કહે છે. તેના અનેક ભેદ છે.

**આ અહિંસા ધર્મ મોક્ષનું કારણ છે તથા સંસારના સમસ્ત પરિભ્રમણના દુઃખરૂપી રોગને મટાડવા માટે અમૃત સમાન છે.** તેને ધારણ કરીને અજ્ઞાની મિથ્યાદષ્ટિઓના અયોગ્ય આચરણ-વ્યવહારને જોઈને પોતાના પરિણામોમાં આકુળતા થવી જોઈએ નહિ, કારણ કે સંસારમાં કર્મના પ્રેરેલા-સતાવેલા અનેક જીવ છે. કોઈ હિંસક છે, તો કોઈ અભક્ષ્ય-ભક્ષણ કરવાવાળા છે, કોઈ ક્રોધી, લોભી, માની, માયાવી, મહાઆરંભી, મહાપરિગ્રહી, અન્યાયમાર્ગી છે. તેમની અનીતિ જોઈને પોતાનાં પરિણામ

બગાડવાં જોઈએ નહિ. કર્મના સતાવેલા જીવ પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યા છે, આપણે તો તેમના પ્રત્યે સમભાવ જ રાખવો જોઈએ.

**જો કોઈ એમ કહે છે -** ભગવાનનો કહેલો ધર્મ તો સૂક્ષ્મ છે. ધર્મ માટે હિંસા થાય તેમાં દોષ નથી ?

**તેને કહે છે -** આ રીતે ધર્મમૂઢ થઈને પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહિ. દેવના નિમિત્તે, ગુરુના કાર્ય કરવાના નિમિત્તે કરેલી હિંસા પણ શુભ નથી, **હિંસા તો હર દશામાં પાપ જ છે.** ધર્મ તો દયારૂપ છે. જો દેવ-ગુરુના કાર્ય કરવાના નિમિત્તે હિંસાનો આરંભ જ ધર્મ હોય તો ધર્મ હિંસા રહિત છે - એવું જિનેન્દ્રનું વાક્ય અસત્ય થઈ જશે. તેથી હિંસાને કદી પણ ધર્મ(રૂપે) શ્રદ્ધવી નહિ, માનવી નહિ.

**કોઈ કહે છે -** ધર્મ તો દેવતાઓને માનવાથી થાય છે, દેવતાઓને સર્વસ્વ ધરી દેવું તે ઉચિત છે ? પરંતુ આવી વિપરીત માન્યતા કરીને પ્રાણીઓની હિંસા કરવી ઉચિત નથી.

**કેટલાયે કહે છે -** દેવી અર્થાત્ કાત્યાયની, ચંડિકા, ભવાની, દુર્ગા, પાર્વતી વિગેરે નામોથી પ્રસિદ્ધ છે, તેમને બકરો કે આખલો મારીને ચઢાવવાથી દેવી પ્રસન્ન થાય છે ? એવા મિથ્યાદૃષ્ટિઓના વાક્યોથી વિચલીત થવું જોઈએ નહિ.

**એક તો આ વિચાર કરવો જોઈએ -** જે દેવી સ્વયં જ અનેક હાથોમાં શસ્ત્ર ધારણ કરી ડોળા કાઢી ઉભી છે, તે દેવી જીવોનું માંસ ખાવા ઈચ્છે છે, તો સ્વયં જ જીવોને ભયભીત કરીને મારીને કેમ ખાઈ લેતી નથી ? પોતાના ભક્તો દ્વારા દીન-અનાથ જીવોને કેમ મરાવે છે ? સ્વયં જ સિંહ, વાઘ આદિના સમાન છે તો સિંહ, વાઘ આદિને મારીને કેમ ખાતી નથી ? જે સ્વયં દેવી થઈને પણ કાગડા, કૂતરા, ભીલ, ચાંડાળના સમાન માંસ ભક્ષણમાં રત છે, ભૂખથી દુઃખી છે, **તેનું દેવીપણું કેવું ?** જે સ્વયં જ દુઃખી છે કંઈક કામના કરે છે, આસક્ત છે તે ભક્તોને સુખી કેવી રીતે કરશે ? મહા દુર્ગંધિત તિર્યંચોના દુર્ગંધમય ઘૃણા ઉત્પન્ન કરાવવાવાળા માંસના ઈચ્છુક **મહા પાપીઓને દેવપણું હોતું નથી.**

પાપી પુરૂષોએ જૂઠાં શાસ્ત્ર બનાવીને પોતાના માંસ ભક્ષણ માટે તથા મૂઢ લોકોને દેવીના પ્રસાદના સંકલ્પથી માંસ ભક્ષણમાં પ્રવૃત્તિ કરાવીને પોતાની ઈન્દ્રિઓને પુષ્ટ કરવા માટે જગતના જીવોને નરકમાં ડૂબાડી દીધા છે.

**જિનેન્દ્રના પરમાગમમાં તો ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી કલ્પવાસી - ચારેય પ્રકારના દેવોને કવલાહાર કહ્યો નથી,** માનસિક આહાર જ કહ્યો છે. કોઈપણ સમયે ભૂખ લાગે ત્યારે તેમના કંઠમાંથી જ અમૃત ઝરે છે, તેનાથી ભૂખ મટી જાય છે. તેમનું દિવ્ય વૈક્રયિક શરીર સાત ધાતુ-ઉપધાતુ રહિત મહા દિવ્યરૂપ સુગંધમય શરીર હોય છે. દેવોને **માંસ ભક્ષણ કરવાવાળા કહેવા મહા વિપરીત બુદ્ધિ છે.** જો દેવતા માંસભક્ષી છે તો તે કાગડા, કૂતરા, ગીધ, શિયાળથી પણ નીચ દેવ થયો. એટલે દેવતા માટે હિંસા કરવી ઉચિત નથી.

કોઈ માંસભક્ષી ગુરુ માટે માંસનું દાન કરવું ન જોઈએ. જે પાપી માંસાદિ અભક્ષ્યનું ભક્ષણ કરે છે, મદિરા પીએ છે, **તે પાપી કેવો ગુરુ ?** તે તો માંસાદિ ભક્ષણ કરાવીને નરક પહોંચાડવાવાળો ગુરુ છે. તેને અડવાથી, દેખવાથી ઘોર પાપ બંધ થાય છે.

**કોઈ કહે છે -** અનાજ વિગેરે ખાવામાં તો ખૂબ જીવોનો ઘાત થાય છે, એટલે એક જીવને મારીને ખાઈ લેવું ઠીક છે ?

**તેને જવાબ આપે છે -** આવો વિચાર કરીને મોટા પ્રાણીને મારીને ખાઈ લેવું ઉચિત નથી. એકેન્દ્રિય પ્રત્યેક વનસ્પતિ, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ સમસ્ત ત્રણ લોકમાં ભરેલા, સમસ્ત વિકલત્રય, સમસ્ત દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી - એ બધાને ભેગા કરીને ગણો તો સમસ્ત અસંખ્યાત થાય છે. એ બધાથી અનંતગણા જીવ ભગવાન સર્વજ્ઞદેવે મનુષ્ય તથા તિર્યંચના માંસની એક કણીમાં બાદર નિગોદિયા જીવ જોયા છે અને પરમાગમમાં કહ્યા છે. એટલા માટે **અનાજ-પાણીનું અસંખ્યાત વર્ષો સુધી ભક્ષણ કરવાથી તેનામાં જે એકેન્દ્રિય જીવોની હિંસા થાય છે, તેનાથી અનંતગણા જીવોની હિંસા એક સોયની અણીમાત્ર માંસ ખાવાથી થાય છે.**

એક ઈન્દ્રિય જીવની હિંસા તથા ત્રસ જીવની હિંસા સમાન નથી. દુઃખમાં પણ ઘણો ફરક (અંતર છે), જ્ઞાનમાં પણ ઘણું અંતર છે. એક ઈન્દ્રિયનું શરીર રસ,લોહી, હાડકાં, માંસ, ચામડી વિગેરે ધાતુ-ઉપધાતુઓથી રહિત હોય છે. માંસ ભક્ષણમાં જેવાં તીવ્ર પરિણામ, તીવ્ર નિર્દયપણું છે તેવું અનાજના ભક્ષણમાં નથી. જેમકે પોતાની સ્ત્રીનો સ્પર્શ કરવામાં તથા પોતાની પુત્રી તથા માતાના સ્પર્શ કરવામાં પરિણામ સમાન હોતાં નથી - ઘણું અંતર હોય છે. એટલે વધારે શું કહીએ? ત્રસ જીવોનો ઘાત કરવામાં ઘોર પાપ જાણવું.

**એવી આશંકા પણ કરવી ન જોઈએ કે -** આ સિંહ, વાઘ, સર્પ વિગેરે ઘણા પ્રાણીઓના ઘાતક છે તેમને મારી નાખવાથી ઘણા જીવોની રક્ષા થશે ! એવી મિથ્યા બુદ્ધિથી હિંસક જીવોની પણ હિંસા કરવી જોઈએ નહિ. તમે કયા-કયા હિંસકને મારશો? ચકલી, કાગડા, સુવર, મૈના, તીતર, બાજ, ગીધ, વિગેરે બધા પક્ષી હિંસક છે ? તથા કીડા, લટ, મંકોડા, માખી, સાપ, વિંછી, ઉંદર, કૂકડા, બિલાડી, સિંહ, શિયાળ વિગેરે અનેક તિર્યંચ મનુષ્ય વિગેરે બધા જીવો હિંસા-પાપ કરવાના કારણે હિંસક જ છે. તમે કોની-કોની હિંસા કરશો ? તમારા મનમાં બીજા બધા હિંસક જીવોને મારવાનો વિચાર આવ્યો ત્યારે તમે તો બધા હિંસકોને મારવાવાળા મહા હિંસક થઈ ગયા. તમારા સમાન પાપી કોણ રહ્યું ? એટલા માટે હિંસક જીવોની હિંસા કરવાનાં પરિણામ કદી પણ કરવાં જોઈએ નહિ.

**હિંસક કોણે બનાવ્યા છે ?** સઘળા જીવો પોતાનાં પૂર્વમાં બાંધેલાં કર્મોના ઉદય આવ્યાથી ઉત્પન્ન થયા છે. પાપનો-હિંસાનો સંતાન ક્રમ અનંત કાળથી ચાલ્યો આવે છે. તેને કોણ મિટાવી શકે છે ? પાપી જીવ કોણે બનાવ્યા ? પુણ્યવાન જીવ કોણે બનાવ્યા ? બધી કર્મની વિચિત્રતા છે. કાળના પ્રભાવથી પાપી જીવોને પાપનું ફળ આપવા માટે અનેક પાપી જીવ ઉત્પન્ન થાય છે. તેને મિટાવવામાં કોણ સમર્થ છે ? એટલા માટે દયાવાન થઈને બધા જીવો ઉપર દયા જ કરવી જોઈએ.

**એવો વિચાર જ ન કરવો જોઈએ કે -** આ જીવ હિંસક છે, જો વધારે જીવશે તો ઘણાં પાપનો બંધ કરશે, જો આ પાપરૂપ પર્યાયથી છૂટી જાય તો આ ઘણા પાપનો બંધ થશે નહિ. એવી કરુણા કરીને પણ પાપી જીવોને મારવા નહિ, બધા જીવો પર તમારે તો દયા જ કરવી.

**એવો મિથ્યા વિચાર પણ ન કરવો કે -** આ જીવ ઘણા દુઃખથી દુઃખી છે, જો મરી જાય તો તુરત જ દુઃખથી છૂટી જશે, કારણ કે જો મરી જશે તો આ શરીર-વર્તમાન પર્યાય જ છૂટશે, તેને બંધાયેલાં અશાતા કર્મ તો છૂટશે નહિ. જો હમણાં અહિંયાથી છૂટી ગયો તો અન્ય પર્યાય તિર્યંચ, નરક, મનુષ્યાદિની મળશે ત્યાં અનેક ગણો અધિક રોગ, દારિદ્રય વિગેરેને પ્રાપ્ત થશે તથા લાંબા કાળ સુધી દુઃખ ભોગવશે, તમે ક્યાં-ક્યાં દુઃખથી છોડાવવા જશો ?

**ઘણું કહેવાથી શું લાભ ?** જો કદાચ સૂર્યનો ઉદય પશ્ચિમ દિશામાં થવા લાગે,

અગ્નિ શીતળ થવા માંડે, ચંદ્રમાનાં કિરણ ઉષ્ણ નીકળવા લાગે, સૂર્યનો આતાપ શીતળ થઈ જાય, સંપૂર્ણ પૃથ્વી ત્રણ લોકની ઉપર થઈ જાય, પથ્થરનો ભારે ગોળો પાણીમાં તરવા લાગી જાય, અગ્નિમાં કમળ ઉત્પન્ન થવા લાગે, સૂર્યનાં અસ્ત થયે (સવાર) પ્રાતઃકાળ થવા લાગે, સાપના મુખમાં અમૃત પેદા થવા લાગે, કલહ કરવાથી યશ થવા લાગે, અજીર્ણથી રોગ મટવા લાગે, કાળકૂટ ઝેર ખાવાથી જિંદગી લાંબી થઈ વધવા લાગે, વાદ-વિવાદ કરવાથી પ્રેમ વધવા લાગે, તો પણ હિંસાથી ધર્મ થશે નહિ. જગતમાં આ (તેર) ન થવા યોગ્ય કાર્ય પણ થવા લાગે તો પણ **હિંસાના પરિણામથી તો કોઈ દેશમાં કોઈ કાળમાં, કોઈને પણ ધર્મ ન થયો છે, ન થઈ રહ્યો છે કે ન થશે.**

**જૈનમંદિર બનાવવાની પ્રેરણા - હવે અહીં કોઈ આશંકા કરે છે કે -** જો ગૃહસ્થ જૈનમંદિર બનાવે છે, ઉપકરણ બનાવે છે, જિનેન્દ્ર પૂજન કરે છે, તો તેમાં પણ આરંભ જ થાય છે, જ્યાં આરંભ છે ત્યાં હિંસા થાય જ છે, તેથી જૈનમંદિરાદિ બનાવવામાં ધર્મ થવો કેવી રીતે સંભવે છે ?

**તેને જવાબ આપે છે -** જો ગૃહસ્થે આરંભ કરવાનો ત્યાગ કરી દીધો છે તથા જેનાં પરિણામ વીતરાગતારૂપ થઈને ધન ઉપાર્જન વિગેરે કરવાથી વિરક્ત થયાં છે, તેને મંદિર વિગેરે બનાવવાં યોગ્ય નથી. પરંતુ જેમનો રાગ ધનથી, પરિગ્રહથી કે આરંભથી ઘટ્યો નથી. અભિમાન ઘટ્યું નથી, પોતાની જાતિ, કુળ વિગેરેમાં ઉંચા દેખાવા માટે, અભિમાનપૂર્વક પ્રશંસા પામવા માટે, પોતાના ભોગોના નિમિત્તે હવેલી, મહેલ, ચિત્રશાલા વિગેરે બનાવે છે, બાગ બનાવે છે, પોતાના સહેલ અર્થે અનેક સ્થાન બનાવે છે, સંતાન આદિના લગ્ન આદિમાં ઘણું ધન ખર્ચ કરે છે. જાતિ, કુળ, નગરજનો વિગેરેને ભોજન જમાડે છે, **તેમને કોઈ ધર્માત્મા શિક્ષા આપે છે -** જો તમારો આરંભ વિગેરેથી રાગ ઘટ્યો નથી તો આ કેવળ પાપબંધનાં કારણ, અભિમાન વિગેરેને પુષ્ટ કરવાવાળા પાપના આરંભોનો ત્યાગ કરી જિનમંદિર બનાવવાનો આરંભ કરો, તેના પ્રભાવથી તમારો અશુભ રાગ ઘટી જશે; ભવિષ્યમાં તમારાં પરિણામ વીતરાગતાની સન્મુખ થઈ જશે, અહિંસા ધર્મનું પ્રવર્તન વધી જશે, અનેક જીવ સ્વાધ્યાય કરીને, શાસ્ત્ર-શ્રવણ કરીને, વીતરાગ જિનેન્દ્રદેવનાં દર્શન કરીને, ભાવના વધારીને, પાપાચારથી અટકશે, શીલ, સંયમ ધ્યાનની વૃદ્ધિ ઈત્યાદિ ઉત્તમ કાર્યો કરી ધર્મની વૃદ્ધિ કરશે.

**જૈનમંદિર છે તે અહિંસા ધર્મનું આયતન છે.** જૈન મંદિરના નિમિત્તથી અનેક જીવ પાપાચાર છોડીને જૈનમંદિરમાં આવે છે, ત્યાં જૈનધર્મનાં શાસ્ત્ર શ્રવણ કરે છે, તેનાથી પોતાનું તથા પરદ્રવ્યોનું ભેદ વિજ્ઞાન ઉત્પન્ન થાય છે, મિથ્યાદેવ, મિથ્યાગુરૂ, મિથ્યાધર્મની ઉપાસના છોડીને સર્વજ્ઞ વીતરાગના બતાવેલા ધર્મમાં પ્રવર્તન કરે છે, ત્યારે હિંસાદિ પાપોથી, સાત વ્યસનોથી, અન્યાયથી, અભક્ષ્યથી વિરકત થઈને, વીતરાગ જિનેન્દ્રદેવના ધ્યાનમાં, પૂજનમાં, કાયોત્સર્ગમાં સામાયિકમાં, ઉપવાસ, શીલ, સંયમ, દાન, વ્રત, પ્રભાવનામાં લીન થઈને મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરવા લાગી જાય છે.

**એટલે એમ નિશ્ચિત જાણવું કે** જૈનમંદિરના નિમિત્ત વિના મોક્ષમાર્ગ જ પ્રવર્તતો નથી. જે વ્યક્તિએ જૈનમંદિર બનાવ્યું તેણે ઘણા જીવોનો ઉપકાર કર્યો તથા પોતા પર પણ ઘણો ઉપકાર થાય છે. જૈનમંદિર બનાવનારના પોતાના પરિણામ પણ સીધાં સાચા માર્ગમાં લાગી જાય છે. **તે વિચાર કરે છે -** મેં વીતરાગ જિનેન્દ્રનું મંદિર બનાવ્યું છે અને જો હું અન્યાયના માર્ગ પર ચાલીશ તો જગતમાં મારી નિંદા થશે. હું અભક્ષ્ય ભક્ષણ કેવી રીતે કરૂં ? જૂઠું કેમ કરી બોલું ? વ્યસનોમાં પ્રવૃત્તિ કેવી રીતે કરૂં ? કલહ કરવો, ગાળ આપવી, લોક નિંદ્ય કામ કરવું - એ અયોગ્ય દુરાચાર તો લોકલાજના કારણે જ અત્યંત દૂર ચાલ્યો જાય છે. પરિણામ એવાં થઈ જાય છે કે - જો હું મંદિર બનાવવાળો જ ન્યાય અને સદાચાર રૂપથી પ્રવર્તન નહિ કરૂં તો બીજુ કોણ પ્રવર્તન કરશે? એવો વિચાર કરીને તે અભિષેકમાં, જિન-પૂજનમાં, શાસ્ત્ર-શ્રવણમાં, જાપમાં, વ્રતમાં, જાગરણમાં, ભજનમાં પ્રવર્તન કરવા લાગી જાય છે. તેને ધર્મમાં અધિક પ્રીતિ થઈ જાય છે. શાસ્ત્રના વાંચનકારોથી, શાસ્ત્ર સાંભળવાવાળાઓથી, ધર્મમાં પ્રીતિ કરવાવાળા સાધર્મીઓથી, સિદ્ધાંતની ચર્ચા કરવાવાળાઓથી અનુરાગ વધતો જાય છે. સ્વાધ્યાયીઓને જોઈને ખૂબ હર્ષ (આનંદ) થાય છે.

આજે મંદિરમાં પૂજા કોણે કોણે કરી, દર્શન કરવા કોણ કોણ આવ્યું છે, અહીં વ્યાખ્યાનમાં કોણ-કોણ સાંભળવા બેસે છે, આજે ઉપવાસ કરવાવાળા કેટલા છે, આ વખતે બેસણું, ત્રેસણું કોણે કોણે કર્યું છે. પ્રોષધોપવાસવાળા કેટલા છે, જાગરણમાં કેટલા સ્ત્રી-પુરૂષ આવે છે, ભજન-કીર્તન ખૂબ સુંદર થયાં - એવી ધર્મની પ્રવૃત્તિ જોઈને તેને ખૂબ આનંદ થાય છે. બધા સાધર્મીઓમાં વાત્સલ્યતા દિન-પ્રતિદિન વધતી જાય છે, હજારો સ્ત્રી-પુરૂષોમાં ધર્મનો પ્રભાવ જેમ જેમ પ્રગટ વધતો જાય છે તેમ તેમ તેનો ધર્માનુરાગ પણ વધતો જાય છે.

ગૃહ આચારના રિવાજ, વ્યવહાર, વિવાહ કરવો, વસ્ત્ર બનાવવાં, આભરણ (ઘરેણાં) બનાવવાં, પોતાની રહેવાની જગ્યામાં મકાન બનાવવું, ચિત્રામણ કરાવવું, સોનું જડાવવું વિગેરે રાગને વધારવામાં પાપ કાર્યોમાં તો પ્રીતિ ઘટતી જાય છે. હવે એ કરવાથી શું પ્રયોજન છે ? કોને બતાવવું છે ? આ બધાં કાર્ય પાપનાં કારણ છે, નિંદ્ય છે, એવો વૈરાગ્ય આવી જાય છે. સંકોચ થાય છે કે આ પાપનાં કાર્યો ક્યાં-કોને બતાવવાં છે ? જો આટલું ધન મંદિરમાં લગાવી દઉં તો ઘણા જીવોનો ઘણા સમય સુધી ધર્મમાં અનુરાગ વધી જશે - એવો વિચાર કરીને જે પણ ધન ખર્ચ કરે છે તે મંદિરના ઉપકરણોમાં, સિંહાસન, છત્ર, ચામર, ભામંડલ, ઘંટ, ઠોના, કળશ, થાલ, રકાબી, ઝારી, સમોશરણ વિગેરે અનેક ઉપકરણ સોના, ચાંદી, કાંસા, પીતળના ઉપકરણોમાં ધન ખર્ચીને પોતાનો તથા ધર્માત્મા લોકોનો ધર્મમાં અનુરાગ વધારે છે. ગાદલાં, ચંદરવો પડદો, સાયબાન (વાછટિયું) શેતરંજી (જાજમ) વિગેરે દ્વારા સાધર્મી ધર્મ સેવન કરવાવાળાઓની ઘણી વૈયાવૃત્ત સેવા થાય છે.

વિવાહ વિગેરેમાં ખર્ચ કરેલા ધનથી એવી કીર્તિ (કે) ઉચ્ચપણું (મોટાઈ) પ્રગટ થતાં નથી જેટલો મંદિર બનાવવાવાળાનો ઘણા સમય સુધી યશ ફેલાય છે. પોતાના દેશ તથા અન્ય દેશોના ઘણાં લોકો પૂજન-પ્રભાવના, દર્શન, ધર્મ-શ્રવણ કરીને મહાન પુણ્ય ઉપાર્જન કરે છે.

**અહિં કોઈ કહે છે -** મંદિર બનાવવું, ઉપકરણ બનાવીને જૈન મંદિરમાં મૂકવા - એ કાર્ય પોતાનો તથા અન્યનો ઉપકાર તો કરે છે, પરંતુ મંદિર બનાવવામાં છકાયના જીવોની હિંસા થાય છે જે પરિણામ તો ધર્મનો ઘાત કરવાવાળી છે ?

**એમ કહેનારને જવાબ આપે છે -** એમાં હિંસા થતી નથી, હિંસા તો જ્યારે પોતાનાં પરિણામ જીવઘાત કરવાનાં થશે ત્યારે થશે. મંદિર બનાવવાળાનાં હિંસા કરવાનાં પરિણામ નથી. અહિંસા ધર્મમાં જ પ્રવૃત્તિ કરવાનાં પરિણામ છે. જેમકે મુનિવરોને યત્નાચારપૂર્વક આહાર આપતી વખતે ગૃહસ્થને હિંસા થતી નથી, જેમકે નિત્ય વિહાર કરતાં, ઈર્યાપથ જોઈને ગમન કરતા મુનિવરોને હિંસા થતી નથી. મુનિવર નિત્ય ઉપદેશ આપે છે, ગમન કરે છે, શયન કરે છે, ઉઠે છે, બેસે છે, આહાર કરે છે, નિહાર કરે છે, વંદના કરે છે, કાયોત્સર્ગ કરે છે, તીર્થવંદના- ગુરૂવંદનાએ જાય છે — **એ કાર્યોમાં હિંસાના પરિણામ વિના જીવની વિરાધના થતી હોવા છતાં પણ હિંસા થતી નથી — હિંસાકૃત બંધ થતો નથી.**

જીવોથી તો ધરતી, આકાશ, બધા પદાર્થ ભરેલા છે, પરંતુ જે કષાયને વશ થઈ, સંપૂર્ણ દયાભાવથી રહિત થઈને પ્રવર્તન કરે છે તેના પરિણામોમાં દયા નથી. **હિંસાભાવ અને અહિંસાભાવ તો જીવનાં પરિણામ છે, તે પરિણામ બહારના જીવના ઘાત કે અઘાતને આધીન નથી.** આનું વર્ણન પહેલાં કરેલું છે.

હવે અહીં મંદિર બનાવનારના સંબંધમાં વિચાર કરો. જેને હવેલી બનાવવામાં, બાગ બનાવવામાં, કુવા-વાવડી બનાવવામાં મહા હિંસા દેખાય છે, તથા જેનો લોભ ઘટ્યો છે, ધનથી મમતા તૂટી છે, જે પાપથી ભયભીત થયો છે, તે મંદિર બનાવે છે. પહેલાં જ્યારે તે ગૃહસ્થીના વેપારોમાં પ્રવર્તન કરતો હતો, ત્યારે દયા ધર્મને યાદ પણ કરતો ન હતો.

**હવે બધા કાર્યોમાં ધર્મપૂર્વક જ પરિણામ કરે છે -** આમ તો બધા કાર્યોમાં યત્નાચારપૂર્વક વર્તે છે. આ મંદિરનું કામ છે તો પાણી બેવડા જાડા કપડાથી ગાળી ગાળીને વાપરે છે. કલાઈ-ચૂના-તગારાં બે દિવસથી વધારે રાખતો નથી. બે દિવસોમાં જ ઉઠાવીને સમાપ્ત કરી દેવાનો પ્રયત્ન કરે છે. ઉઠાવવું, રાખવું, પકડવું વિગેરેમાં પોતાનાં પરિણામ તો એમ જ રાખે છે કે યત્નથી (સાવધાનીથી) કરૂ, જીવોની વિરાધના ન થાય, વિગેરે કાર્યોમાં હિંસાના પરિણામ તો કરતો નથી. તેનાં પોતાનાં પરિણામ તો ધર્મનાં આયતન બનાવવાનાં છે, જો આ ધર્મનું સ્થાન એટલે મંદિર બની જશે તો તેમાં અખંડ અહિંસા ધર્મ પ્રવર્તશે.

**આ મંદિર છે તે મહાન ધર્મનું આયતન છે.** જેણે ઘર સંબંધી ખૂબ હિંસાના આરંભ ઘટાડીને પરિણામોમાં દયારૂપ પ્રવર્તન કરવાનો પ્રયાસ કર્યો છે (સાવધાની રાખી છે) તે મંદિરમાં પગ મૂકતાં જ ઈર્યાપથ જોઈને ચાલે છે — આ મંદિર છે, અહીં કોઈની વિરાધના ન થઈ જાય. મંદિરમાં પ્રવેશ કર્યા પછી જૈનોને આટલી વાતોનો ત્યાગ તો કહ્યા વિના જ હોય છે;- ભોજનનો ત્યાગ, પાણી પીવાનો ત્યાગ, વિકથાનો ત્યાગ, ગાળ બોલવાનો ત્યાગ, પંખાની હવા લેવાનો ત્યાગ, વેપાર ધંધાની વાત કરવાનો ત્યાગ વિગેરે પાપબંધના કારણ બધા દુરાચારનો ત્યાગ થઈ જાય છે. (૮૪ આસાદના દોષોના ત્યાગ હોય છે.)

એટલા માટે જિનમંદિર તો બધી રીતે અહિંસા ધર્મનું પ્રર્વત્તક જ જાણવું કે જેમાં આરંભ, વિષય, કષાયોના ત્યાગ કરવાનો જ મહિમા છે.

**✤ ત્રીજો અણુવ્રત અધિકાર સમાપ્ત ✤**

# ૪

# ગુણવ્રત અધિકાર

આ રીતે માંસ આદિના ત્યાગરૂપ મૂળ ગુણ કહીને હવે **ત્રણ પ્રકારના ગુણવ્રત** કહેવાવાળો શ્લોક કહે છે -

**दिग्व्रत-मनर्थदण्डव्रतं च भोगोपभोग-परिमाणम् ।**
**अनुवृंहणाद् गुणानामाख्यान्ति गुणव्रतान्यार्याः ।।६७।।**

**અર્થ:-** આર્ય અર્થાત્ જે ભગવાન ગણધરદેવ છે તે દિગ્વ્રત, અનર્થદંડવ્રત, ભોગોપભોગ પરિમાણવ્રત એમ ત્રણ વ્રતને, અણુવ્રતોને ગુણાકારરૂપે વધારવાવાળાં હોવાથી ગુણવ્રત કહે છે.

(૧) દસ દિશાઓમાં ગમન કરવાની મર્યાદા કરવી તે **દિગ્વ્રત** છે.

(૨) જેનાથી કોઈ કામ તો સધાતું નથી, પરંતુ હંમેશાં પાપ જ થાય છે, પ્રયોજન વગર જ દંડ ભોગવવો પડે તે **અનર્થદંડ** છે. એવા અનર્થદંડોનો ત્યાગ કરવો તે **અનર્થ દંડવ્રત** છે.

(૩) જે એકવાર ભોગવવામાં આવે તે ભોગ, તથા જે વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ કહેવાય છે. એવા ભોગ અને ઉપભોગોનું પરિમાણ કરવું તે **ભોગોપભોગ પરિમાણ વ્રત છે.**

હવે **દિગ્વ્રતનું સ્વરૂપ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**दिग्वलयं परिगणितं कृत्वातोऽहं बहिर्न यास्यामि ।**
**इति संकल्पो दिग्व्रत-मामृत्यणु-पाप-विनिवृत्यै ।।६८।।**

**અર્થ:-** દસ દિશાઓના સમૂહમાં પરિમાણ કરીને પરિમાણ કરેલી સીમાથી બહાર ગમન કરીશ નહિ, એ રીતે અણુમાત્ર પાપની નિવૃત્તિ માટે પણ મરણ પર્યંત સંકલ્પ કરવો તે દિગ્વ્રત નામનું ગુણવ્રત છે.

**ભાવાર્થ:-** ગૃહસ્થ પોતાનું પ્રયોજન જાણીને કે અમુક દિશામાં અમુક ક્ષેત્રથી બહાર મારૂં વેપાર-વ્યવહારનું પ્રયોજન નથી તથા અમુક દિશામાં એટલા ક્ષેત્રથી બહાર મારે વ્યવહાર કરવો નથી, એ રીતે લોભને ઘટાડવા માટે તથા અહિંસા ધર્મની વૃદ્ધિ માટે વિચાર કરીને મરણ પર્યંત દસેય દિશાઓમાં મર્યાદા કરીને તેનાથી બહાર જવાનો, ત્યાંથી કોઈને બોલાવવાનો, મોકલવાનો, વસ્તુ મંગાવવાનો ત્યાગ કરીને લોભને જીતવો તે દિગ્વ્રત નામનું ગુણવ્રત છે.

હવે **દસ દિશાઓની મર્યાદા** કેવી રીતે કરવી - તે બતાવવાવાળો શ્લોક કહે છે:-

**मकराकर-सरिदटवी-गिरिजनपद-योजनानि मर्यादाः ।**
**प्राहुर्दिशां दशानां प्रतिसंहारे प्रसिद्धानि ।।६९।।**

**અર્થ:-** આગમમાં દસ દિશાઓની મર્યાદારૂપ સીમા બાંધવા માટે પ્રસિદ્ધ તથા વિખ્યાત સમુદ્ર, નદી, પર્વત, વન, દેશ, યોજન કહ્યા છે. સમુદ્ર આદિ લોકમાં વિખ્યાત ચિન્હથી દિશાની મર્યાદા કરવામાં આવે છે. મર્યાદા લેનાર મરણ પર્યંત સુધી લીધેલી મર્યાદા બહારના ક્ષેત્રોમાં આવા ગમન કરતો નથી.

હવે દસ દિશાઓની મર્યાદા ધારણ કરનારને શું ફળ મળે છે ? એ બતાવતો શ્લોક કહે છે:-

**अवधेर्बहिरणुपाप-प्रतिविरतेर्दिग्व्रतानि धारयताम् ।**
**पंच महाव्रत परिणति मणुव्रतानि प्रपद्यन्ते ।।७०।।**

**અર્થ:-** દિગ્વ્રતોને ધારણ કરવાવાળા ગૃહસ્થોને મર્યાદાની બહાર અણુમાત્ર પણ પાપ પ્રવૃત્તિથી વિરકતતા હોવાથી તે અણુવ્રત જ મહાવ્રતોની અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે.

**ભાવાર્થ:-** જે અણુવ્રતી ગૃહસ્થ દસ દિશાઓની મર્યાદા લઈને રહે છે, તેમને મર્યાદાની અંદરમાં તો અણુવ્રત જ હોય છે. પરંતુ મર્યાદાની બહાર સમસ્ત ત્રસ-સ્થાવર જીવોના હિંસાદિ પાંચેય પાપોનો ત્યાગ હોવાથી અણુવ્રત જ મહાવ્રતરૂપે પરિણમે છે.

હવે કહે છે કે જેણે ક્ષેત્રની મર્યાદા લીધી છે તેના અણુવ્રતોને સીમાની બહારના ક્ષેત્રમાં મહાવ્રતરૂપે પરિણમવાનું કેમ કહો છો ? મર્યાદાની બહાર સાક્ષાત્ મહાવ્રત જ કહો. તેને ઉત્તર દેવાવાળો શ્લોક કહે છે:-

**प्रत्याख्यान-तनुत्वान् मंदतराश्चरण-मोह-परिणामाः ।**
**सत्वेन दुरवधारा महाव्रताय प्रकल्प्यन्ते ।।७१।।**

**અર્થ:-** અણુવ્રતી ગૃહસ્થના સકલ સંયમના વિરોધી પ્રત્યાખ્યાનાવરણીય કષાયના મંદ ઉદયને કારણે, ચારિત્ર મોહના મંદતર (સંજ્વલન કષાયના) ઉદયમાં થવાવાળા મહાવ્રતના પરિણામ જીવોથી મહાકષ્ટ કરીને પણ ધારણ કરી શકાતા નથી, એટલા માટે મહાવ્રતોની કલ્પના કરી છે.

**ભાવાર્થ:- જેને ચારિત્રમોહકર્મના મંદતર ઉદયનું પરિણામ સંજ્વલન કષાયરૂપ હોય છે તેને તે કાળમાં મહાવ્રત હોય છે.** ગૃહસ્થ દેશવ્રતીને પ્રત્યાખ્યાનાવરણીયનો ઉદય વિદ્યમાન છે એટલે સંજ્વલન કષાયના મંદ ઉદયરૂપ પરિણામ ઘણા કષ્ટથી પણ થવાં દુર્લભ છે અને આ જ કારણે સમસ્ત પાપોનો ત્યાગ હોવા છતાં પણ મહાવ્રત હોતાં નથી, ફક્ત મહાવ્રતોની કલ્પના જ કરીએ છીએ. મહાવ્રત તો પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયનો અભાવ થવાથી થાય છે.

હવે **મહાવ્રત કેવાં હોય છે ?** તે શ્લોક દ્વારા કહે છે:-

**पंचानां पापानां हिंसादीनां मनोवचःकायैः ।**
**कृत-कारितानुमोदैः त्यागस्तु महाव्रतं महताम् ।।७२।।**

**અર્થ:-** જે હિંસાદિ પાંચ પાપોનો મન-વચન-કાયપૂર્વક કૃત-કારિત-અનુમોદના દ્વારા ત્યાગ કરે છે તે મહા પુરૂષોને મહાવ્રત હોય છે.

હવે **દિગ્વ્રતના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે:-

**ऊर्ध्वाधस्तात्तिर्यग्व्यतिपाताः क्षेत्र-वृद्धिरवधीनाम् ।**
**विस्मरणं दिग्विरते-रत्याशाः पंच मन्यन्ते ।।७३।।**

**અર્થ:-** દિશાઓની મર્યાદા કરી હતી, તેનું અજ્ઞાનથી કે પ્રમાદથી ઉલ્લંઘન કરવું તે અતિચાર છે. જેમકે ઉંચાઈની મર્યાદાનો પર્વત પર ચઢીને ભંગ કરી દેવો તે **ઉર્ધ્વાતિપાત** અતિચાર છે. કુવા, વાવડી, તળાવ વિગેરેમાં નીચે ઉતરવાની લીધેલી મર્યાદા ભંગ કરી દેવી તે **અધઃસ્તાતિક્રમ** અતિચાર છે. દેશો, ગુફાઓ વિગેરેમાં પ્રવેશ કરીને મર્યાદાનો ભંગ કરી દેવો તે **તિર્યગવ્યતિક્રમ** નામનો અતિચાર છે. મર્યાદાનું ક્ષેત્ર કોઈ વિશેષ પ્રયોજન હેતુ વધારી દેવું તે **ક્ષેત્રવૃદ્ધિ** અતિચાર છે જે મર્યાદા લીધી

હતી તેનું વિસ્મરણ થઈ જવું તે **વિસ્મરણ** નામનો અતિચાર છે. આ દિગ્વ્રતના પાંચ અતિચાર છે.

હવે **અનર્થદંડ ત્યાગ વ્રતનું વર્ણન** કરવાવાળા આઠ શ્લોક કહે છે:-

**अभ्यन्तरं दिगवधेर-पार्थिकेभ्यः सपापयोगेभ्यः ।**
**विरमण-मनर्थणदण्ड-व्रतं विदुर्व्रतधराग्रण्यः ।।७४।।**

**અર્થ:-** જે દિશાઓની મર્યાદા લીધી છે તેમાં પણ મન-વચન-કાયાના યોગોની વ્યર્થ પ્રવૃત્તિથી વિરક્ત થવું તેને વ્રતધારીઓમાં અગ્રેસર જે ભગવાન છે તે અનર્થદંડ વ્રત કહે છે.

**ભાવાર્થ:-** મર્યાદાની અંદરના ક્ષેત્રમાં પણ એવાં કાર્ય કરવાં કે જેનાથી આપણું કોઈ પ્રયોજન જ સધાતું નથી તથા વ્યર્થ જ પાપનો બંધ કરીને દંડ ભોગવવો પડે તે અનર્થદંડ છે. તે બધા અનર્થદંડ ત્યાગવા યોગ્ય છે, જેના કરવાથી પોતાના વિષયભોગ પણ સધાતા નથી, કંઈ લાભ પણ થતો નથી, યશ પણ મળતો નથી, ધર્મ પણ થતો નથી, પરંતુ નિરંતર પાપનો જ બંધ થાય છે. જેનું માઠું ફળ દુર્ગતિઓમાં ભોગવવું પડે એવા બધા અનર્થદંડ ત્યાગવા યોગ્ય જ છે.

હવે **અનર્થદંડના પાંચ ભેદ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**पापोपदेश-हिंसा-दानापध्यान-दुःश्रुतीः पंच ।**
**प्राहुः प्रमादचर्या-मनर्थदण्डानदण्डधराः ।।७५।।**

**અર્થ:-** પાપનો ઉપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ પ્રમાદચર્યા - આ પાંચ અનર્થદંડ છે એમ જે અદંડધર ગણધર દેવ છે તેમણે કહ્યું છે.

**ભાવાર્થ :-** મન-વચન-કાયાના અશુભ યોગોને દંડ કહે છે. બધા જીવોને પોત-પોતાના મન-વચન-કાયાના અશુભ યોગ જ દુર્ગતિઓમાં અનેક પ્રકારના દંડ આપે છે. મન-વચન-કાયાના અશુભ યોગરૂપ દંડને જે ધારણ કરતા નથી એવા અદંડધર જે ગણધર દેવ છે તેમણે અનર્થદંડ પાંચ પ્રકારના કહ્યા છે -

(૧) પાપનો ઉપદેશ આપવો તે **પાપોપદેશ** છે.

(૨) હિંસાનાં ઉપકરણોનું દાન દેવું તે **હિંસાદાન** છે.

(૩) ખોટા વિચાર કરવા તે **અપધ્યાન** છે.

(૪) ખોટું સાંભળવું તે **દુઃશ્રુતિ** છે. અને

(૫) પ્રમાદરૂપ આચરણ કરવું તે **પ્રમાદચર્યા** છે.

આ રીતે અનર્થદંડના પાંચ ભેદ છે.

હવે **પાપોપદેશ** નામનો અનર્થદંડ કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**तिर्यक्क्लेश-वणिज्या-हिंसारम्भ-प्रलम्भनादीनाम् ।**
**प्रसवः कथाप्रसंगः स्मर्तव्यः पाप उपदेशः ।।७६।।**

**અર્થઃ-** તિર્યંચોને કલેશ ઉત્પન્ન કરાવવાનો, તેમને ખરીદવા-વેચવાનો, તેમની હિંસાનો- આરંભનો, ઠગવા આદિ પાપ ઉપજાવનારી પ્રવૃત્તિરૂપ કથાને વારંવાર કહેવી- ઉપદેશ આપવો તે પાપોપદેશ નામનો અનર્થદંડ છે.

**ભાવાર્થઃ-** તિર્યંચોને મારવાનો, ડામવા-ત્રાસ આપવા, દઢ બાંધવાનો, મર્મસ્થાને પીડા પહોંચાડવાનો, ખૂબ વજન લાદવાનો, નપુંસક બનાવવાનો, નાક છેદવાનો, પકડવાનો, પિંજરામાં પૂરી રાખવાનો ઉપદેશ આપવો તે **તિર્યંચકલેશ નામનો પાપોપદેશ છે.** અનેક વસ્તુઓમાં પાપ ઉત્પન્ન કરાવવાવાળા **વ્યવસાય (ધંધાનો)**નો ઉપદેશ આપવો તથા જેમાં છ કાયના જીવોની હિંસા થાય છે તે **હિંસોપદેશ** છે. બાગ-બગીચા લગાવવા, મકાનાદિ બનાવવાં, વિવાહ કરવા વિગેરે પાપના આરંભનો ઉપદેશ તે **આરંભોપદેશ** છે. છળકપટરૂપ પ્રવૃત્તિ કરાવવાનો ઉપદેશ તે **પ્રલંભનોપદેશ** છે. આ રીતે અનેક પ્રકારના પાપોમાં પ્રવૃત્તિ કરાવવારૂપ ઉપદેશની કથા કરવી, પાપોમાં પ્રેરિત કરવા તે બધો **પાપોપદેશ નામનો અનર્થદંડ છે.**

હવે **હિંસાદાન** નામનો અનર્થદંડ કહેવાવાળો શ્લોક કહે છે -

**परशु-कृपाण-खनित्र-ज्वलनायुध-श्रृंगि-श्रृंखलादीनाम् ।**
**वध-हेतूनां दानं हिंसादानं ब्रुवन्ति बुधाः ।।७७।।**

**અર્થઃ-** હિંસાનાં કારણ જે ફરસી, તલવાર, કોદાળી, કોંળી, અગ્નિ, હથિયાર, અગ્નિઅસ્ત્ર, વિષ, બેડી, સાંકળ વિગેરેના દાનને બધા જ્ઞાની હિંસાદાન અનર્થદંડ કહે છે. **જેનાથી હિંસા જ ઉપજે છે એવી વસ્તુ બીજાને આપવી,** પાવડો, કોદાળી, ખુરપા(ખુરપી) કુશિ (ક્રોશ) હથોડો, તલવાર, છરી, કટારી, પિસ્તોલ, ભાલો, બાણ, ધનુષ્ય, બંદૂક, તોપ, બારૂદ, ગોળો, ગોળી, ચાબુક, દાતરડા, દાંતીયો, હાથકડી, સાંકળ,

ઝેર, અગ્નિ વિગેરે વસ્તુઓનું દાન કરવું, માગવાથી ઉધાર આપવું, વેચવું, ભાડેથી આપવું, તે બધુ હિંસાદાન નામનો અનર્થદંડ છે.

હવે **અપધ્યાન** નામનો અનર્થદંડ કહેવાવાળો શ્લોક કહે છે -

**वध-बन्धच्छेदादेर्द्वेषा-द्रागाच्च पर-कलत्रादेः ।**
**आध्यानमपध्यानं शासति जिनशासने विशदाः ।।७८।।**

**અર્થ:-** જેઓ દ્વેષથી, વેરથી, પોતાના સ્વાર્થ સિદ્ધ કરવાના રાગરૂપ અભિપ્રાયથી બીજાનાં સ્ત્રી-પુત્ર વિગેરેના વધ, બંધન, મારણ, છેદન વિગેરેનું ચિંતવન કરે છે તેને જે જિનશાસનમાં પ્રવિણ છે તેઓ અપધ્યાન નામનો અનર્થદંડ કહે છે.

**ભાવાર્થ:-** જેમને રાગ-દ્વેષપૂર્વક પરિણામોમાં એવો વિચાર હોય છે કે - અમુકનો પુત્ર મરી જાય, સ્ત્રી મરી જાય, દંડ થઈ જાય, હાથ-નાક-કાન છેદી નાખવામાં આવે, ધન લૂંટાઈ જાય, આજીવિકાનો નાશ થઈ જાય, ઈન્દ્રિયો નષ્ટ થઈ જાય, લોકોમાં અપવાદ ફેલાઈ જાય, પદથી ભ્રષ્ટ થઈ જાય, બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય-એવું વારંવાર ચિંતવન કરવું તે બધું **અપધ્યાન** છે. આ રીતે બીજા ઉપર દુઃખ આપત્તિ ચાહવાથી સ્વયંને કંઈ પણ લાભાદિ થતો નથી, પોતે વિચાર કરવાથી બીજાનું કંઈ પણ બગડતું નથી, પરંતુ તે વ્યર્થ જ પોતાને મહાપાપનો બંધ કરે છે. બીજાનું ભલૂ-બૂરું તેના સ્વયંના પાપ-પુણ્યના ઉદય અનુસાર થાય છે. જે વ્યર્થ દુર્ધ્યાન કરે છે તેને અપધ્યાન નામનો અનર્થદંડ કહ્યો છે.

હવે **દુઃશ્રુતિ નામનો** અનર્થદંડ કહેવાવાળો શ્લોક કહે છે:-

**आरम्भ-संग-साहस-मिथ्यात्व-द्वेषराग-मद-मदनैः ।**
**चेतः कलुषयतां श्रुतिरवधीनां दुःश्रुति-र्भवति ।।७९।।**

**અર્થ:- આરંભ** અર્થાત્ અસિ, મસિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય, શિલ્પ, સંગ અર્થાત્ ધન- ધાન્યાદિ પરિગ્રહ, **સાહસ** અર્થાત્ આશ્ચર્યકારી બહાદુરી આદિ**, મિથ્યાત્વ** અર્થાત્ બ્રહ્મ 'અદ્વૈત, જ્ઞાન અદ્વૈત ક્ષણિક યાજ્ઞકાદિ વિરૂદ્ધ અર્થનાં પ્રતિપાદક શાસ્ત્ર, **રાગ** અર્થાત્ આસક્તિ, **દ્વેષ** અર્થાત્ વેર, **મદ** અર્થાત્ અભિમાન રૂપ આઠ મદ, **મદન** અર્થાત્ કામ વેદના કૃત વિકાર તેનાથી ચિત્તને કલુષિત કરવાવાળાં **અવધિ** અર્થાત્ શાસ્ત્ર, તેમનું શ્રવણ કરવું, તે દુઃશ્રુતિ નામનો અનર્થદંડ છે.

**ભાવાર્થઃ-** મિથ્યાત્વ તથા રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવવાવાળા, પદાર્થોનું વિપરીત સ્વરૂપ ગ્રહણ કરાવવાવાળાં શાસ્ત્રોને સાંભળવાં, વિકથા, શૃંગાર, વીર, હાસ્યરસના પ્રરૂપક તથા મારણ, ઉચ્ચાટન, વશીકરણ, કામોત્પાદક શાસ્ત્રોને સાંભળવા, જંગલી સાપોના, ભૂતોના, રસકર્મ ઈન્દ્રજાળ, રસાયણ, માયાચાર આદિનાં પ્રરૂપક શાસ્ત્ર, તથા દુષ્ટ શાસ્ત્ર, દુષ્ટ કથા, દુષ્ટ રાગ, દુષ્ટ ચેષ્ઠા, દુષ્ટ ક્રિયા, દુષ્ટ કર્મોનું વર્ણન કરવાવાળાં શાસ્ત્રોને સાંભળવાં તે દુઃશ્રુતિ નામનો અનર્થદંડ છે.

હવે **પ્રમાદચર્યા** નામનો અનર્થદંડ કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**क्षिति-सलिल-दहन-पवनारम्भं विफलं वनस्पतिच्छेदम् ।**
**सरणं सारणमपि च प्रमादचर्यां प्रभाषन्ते ।।८०।।**

**અર્થ -** પ્રયોજન વિના પૃથ્વી ખોદવાનો, પથ્થર તોડવાનો આરંભ, પાણી ઢોળવાનો, સીંચવાનો, છાંટવાનો, અવગાહન કરવાનો આરંભ, પ્રયોજન વિના અગ્નિ સળગાવવાનો, બાળવાનો, બુઝાવવાનો, દબાવવાનો આરંભ, પવન ચલાવવાનો, ફૂંકવાનો, પવનનાં યંત્ર રોકવાનો, અગ્નિમાં ધમણ ફૂંકવાનો વૃથા આરંભ, પ્રયોજન વિના વનસ્પતિને કાપવી, પ્રયોજન વિના ગમન કરવું, ગમન કરાવવું - આ બધાં કાર્ય કરવાને પ્રમાદચર્યા નામનો અનર્થદંડ કહે છે.

**ખોટો ઉપદેશ દેવાનો ત્યાગઃ- અહીં એમ વિશેષ જાણવું -** ગૃહસ્થના ગૃહાચારમાં અનેક પાપનાં જ આચરણ છે. જો ગૃહસ્થ પાપોનો ત્યાગ નથી કરી શકતો તો જેનાથી પોતાનું કંઈ પ્રયોજન સિદ્ધ નથી થતું-એવાં પ્રયોજન વિના જ, કેવળ પાપબંધના કારણ, જેમનું ફળ દુર્ગતિઓમાં અસંખ્યાતકાળ-અનંતકાળ સુધી દુઃખ ભોગવવાનું જ છે એવાં નિંદ્યકર્મ છોડી દેવાં જ જોઈએ.

અહીં ઉત્તમકુળમાં જિનેન્દ્રનો ઉપદેશ, અતિ દુર્લભ ઉત્તમ જિનધર્મ પ્રાપ્ત થયો છે તો હવે પ્રયોજન વિના પાપબંધથી ભયભીત થઈ દૂર રહેવું તે જ યોગ્ય છે. પશુઓની જેમ વ્યર્થ જન્મ વ્યતીત ન કરો.

**જો તમે સ્વયં પાપથી છૂટી શકતા નથી તો બીજાને એવા પાપનો ઉપદેશ તો ન આપો.** ગૃહ સંપત્તિ બનાવવામાં મહાહિંસા થાય છે, એટલે મકાન બનાવવાનો, મકાનની સફાઈ કરાવવાનો, મકાનને મરમ્મત કરાવવાનો, બાગ-બગીચા બનાવવાનો, ખાઈ ખોદાવવાનો, સડક ગલીનો રસ્તો ખોદાવવાનો, કૂવા-વાવડી બનાવવાનો, તળાવ

ખોદાવવાનો, પાણીની નીંક બનાવવાનો, તળાવની પાળ બનાવવાનો, તળાવની પાળ તોડવાનો, નદીની પાળ બંધાવવાનો, બનેલા મકાનને પાડવાનો, બાગ-બગીચાનો નાશ કરવાનો, વૃક્ષ કપાવવાનો, જંગલ કપાવવાનો, કોલસા બનાવવાનો, ઘાસ ખોદાવવાનો, આગ લગાડવાનો મિથ્યા દેવોનાં મકાન બનાવવાનો, મિથ્યા દેવોનાં મંદિર તથા મૂર્તિને બગાડવાનો, ખેતી કરવાનો, સુંદર મકાનને બગાડવાનો ઉપદેશ કદી પણ આપવો જોઈએ નહિ.

તિર્યંચોને દુઃખ થાય તેવો, મારવાનો, દઢ બાંધવાનો, નસબંધી કરવાનો, ડામ દેવાનો-નાક વિંધવાનો ઉપદેશ ન આપો. મનુષ્ય તિર્યંચોનાં ભોજન-પાણી રોકવાનો, જેલમાં નાખવાનો, સંતાનોથી અલગ કરવાનો, પક્ષીઓને પિંજરામાં પૂરવાનો, સાપ, વિંછી, સિંહ, વાઘ, ઉંદર, નોળિયો, કૂતરો, વિગેરે હિંસક જીવોને મારવાનો, જૂ-લીખ મારવાનો, વંદા-માંકડ મારવાનો, ખાટલાને તડકામાં નાખવાનો, (દવા) છાંટવાનો, જીવોને પકડવા-મારવાના યંત્ર-જાળ વિગેરે બનાવવાનો ઉપદેશ ન આપો.

ખોટા પાપરૂપ શાસ્ત્ર વાંચવાનો, જે શાસ્ત્રોમાં શૃંગાર, માયાચાર વિગેરેની અધિકતા હોય તેમનો, મિથ્યાશ્રદ્ધાન કરાવવાવાળા જે ગ્રંથોમાં મારણ ક્રિયા, ઝેર બનાવવાની ક્રિયા, મારણ-ઉચ્ચાટન વશીકરણ, મંત્ર-તંત્રાદિ તથા ઈન્દ્રજાળ વિગેરે અનેક કપટ કરવાનો ઉપદેશ આપ્યો હોય તથા રસોને ગરમ કરવા, બાળવા, રસાયણ બનાવવા વિ. પાપનાં શાસ્ત્ર, વીર રસનાં શાસ્ત્ર, હિંસાપ્રધાન ક્રિયાનાં શાસ્ત્ર વાંચો નહિ, અને બીજાને ઉપદેશ પણ ન આપો.

અભક્ષ્ય ભક્ષણ કરવાનો, રાત્રિ-ભોજન કરવાનો, જૂઠું બોલવાનો, ચાડી ખાવાનો, ચોરી કરવાનો, ખોટી સાક્ષી આપવાનો, વ્યભિચાર કરાવવાનો વ્યવહાર વિગેરે મોટા મોટા આરંભ કરવાનો, રોશની સળગાવવાનો, ફટાકડા ફોડવાનો, તથા બાગ-બગીચા જોવાની પ્રેરણા કરવાનો ઉપદેશ ન આપો.

**હિંસાના ઉપદેશનો ત્યાગ:-** આ દેશ કરતાં બીજા દેશમાં વેપાર અધિક છે, ત્યાં જઈને વેપાર કરો-એવો ઉપદેશ ન આપો. પરિણામોમાં દુર્ધ્યાન વધવાનાં કારણ જે મેળા-પ્રદર્શન, ખેલ, કૌતુક, વ્યભિચાર વિગેરે કાર્ય (સિનેમા-ટી.વી.) મનુષ્ય-તિર્યંચોની લડાઈ, ઝઘડો વિગેરે જોવાનો ઉપદેશ ન આપો. યુદ્ધ વિગેરે કરવાનો, ગાળો આપવાનો, બીજાની આજીવિકા બગાડવાનો ઉપદેશ ન આપો. દુષીત એવાં ગીત, ગાન, નૃત્ય, વાજિંત્ર, ઝગડા, વિસંવાદ સાંભળવાનો ઉપદેશ ન આપો.

આ દેશમાં દાસી-દાસ સુલભ છે, તેમને અમુક દેશમાં લઈ જઈને વેચવાથી ખૂબ લાભ થશે — એવો ઉપદેશ ન આપો. એવો ઉપદેશ **કલેશ વણિજ્યા** ઉપદેશ છે. ગાય, ભેંસ, ઘોડા આદિ અમુક દેશથી લાવી બીજા દેશમાં વેચવાથી ઘણા ધનનો લાભ થશે — એવો ઉપદેશ ન આપો. એવો ઉપદેશ **તિર્યંક્ વણિજ્યા** ઉપદેશ છે. પક્ષીઓના શિકારીઓને એવું કહેવું કે — અમુક દેશમાં મૃગ, સૂકર, પક્ષી ઈત્યાદિ ખૂબ જીવ હોય છે — એવો ઉપદેશ ન આપો. એમ કહેવું **વધકોપદેશ** છે. ખેતી કરવાવાળાંને પૃથ્વીનો આરંભ, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ છેદન વિગેરેનો ઉપદેશ આપવો તે **આરંભોપદેશ** છે, તે ઉપદેશ ન આપો. તે બધા પાપોપદેશ ત્યાગ કરવા યોગ્ય જ છે.

હુક્કો, જર્દા, તમાકું, ભાંગ, અફીણ, છોતરાદિ પીવાનો, સૂંઘવાનો, ખાવાનો ઉપદેશ મહાપાપનું કારણ છે, તે ઉપદેશ ન આપો. હુક્કો, જર્દા તો ઉત્તમ કુળના મનુષ્યોને યોગ્ય જ નથી, તેમનાથી જાતિ તથા કુળનો આચાર ભ્રષ્ટ થઈ જાય છે. હોકાના પાણીમાં ધૂમાડા તથા પાણીના સંયોગથી ઘણા જીવ ઉત્પન્ન થઈ જાય છે, તથા પાણી ખૂબ દુર્ગંધયુકત થઈ જાય છે, તે પાણી જ્યાં પડે ત્યાં છ કાયના જીવોની વિરાધના જ કરે છે. ચૂનો-ઈંટ પકવવાનો ઉપદેશ ન આપો.

**આ રીતે ઘણા પાપના વેપાર કરવાનો ઉપદેશ ન આપો.** ગાય, ભેંસ, બળદ, ઊંટ, ગાડા-ગાડી રાખવાનો ઉપદેશ ન આપો. કોઈ દાતાર મનુષ્ય તિર્યંચોને ભોજન, વસ્ત્ર ધનાદિ આપતો હોય તો તેને અંતરાય ન કરો. કુપાત્ર દાનનો ઉપદેશ ન આપો, છતાં દેવામાં અંતરાય-વિઘ્ન ન કરો. વ્રત ભંગ કરવાનો ઉપદેશ ન આપો.

**વધારે શું કહીએ ?** જેનાથી આપણો ધર્મ, અર્થ, કામ કંઈ પણ સિદ્ધ થતું નથી, વળી માત્ર પાપનો જ બંધ થાય છે, એવો પાપરૂપ ઉપદેશ ન આપો.

**જેનાથી ખૂબ હિંસા થાય છે એવાં ઉપકરણ (સાધન) કોઈને ન આપો,** માગવા છતાં ન આપો, ભાડેથી ન આપો, મફતમાં જ સંબંધના કારણે ન આપો, કિંમતથી(વેચાતા) પણ ન આપો, જેને આપી દેવાથી કોઈ લાભ પણ થતો જોવામાં આવે તો પણ ન આપો, મહાપાપનું કારણ માનીને તે આપવું યોગ્ય નથી. જેને હાથમાં લેવાથી જ પરિણામ દુષ્ટ થઈ જાય છે, કોઈનો ઘાત કરવાનો જ વિચાર આવે છે એવાં તલવાર, છરી, ભાલા, બાણ, ધનુષ, બંદુક, પિસ્તોલ, કટારી વિગેરે હથિયાર આપવા યોગ્ય નથી.

જમીન ખોદવાના કારણે જેનાથી ગલીઓમાં, સડકોમાં, ખેતરોમાં મોટા મોટા ત્રસ જીવ, સાપ, વિંછી, કાચંડા, લટ, કીડા, મૂસા (ઉંદર) વિગેરે જીવ કપાઈ જાય છે-છેદાઈ જાય છે, કરોડો જીવોની હિંસા થઈ જાય છે એવા પાવડી, કોદાળી, કોંશ, ખુરપા હળ, મુગદર, હથોડો કોઈને ન આપો. અનેક ત્રસ જીવોને, સ્થાવર જીવોને ચીરવાવાળા ફરસી, કુહાડી, વસુલા કરવત, દંતાડી, દાતરડું કોઈને ન આપો. અગ્નિ, વિષ, બેડી, સાંકળ, પીંજરૂ, જાળ, પકડવાનું યંત્ર કોઈને ન આપો. તિર્યંચ તથા મનુષ્યોને મારવાના કારણ લાઠી, ધોકો, ચાબુક, ચામડા, લોઢું કોઈને ન આપો.

બિલાડી, કૂતરા વિગેરે હિંસક જીવોને પોતાના બનાવી પાળો નહિ. સુવર, તીતર, બુલબુલ, મરઘા, મૈના, કબુતર, બાજ વિગેરે પક્ષીઓને પીંજરામાં રાખવા-પાળવા નહિ. કેટલાંયે બીજાં પાપનાં ઉપકરણ ઘરમાં જ ન રાખો. **ઘરમાં રાખેલાં જોવા માત્રથી જ હિંસાનાં ઉપકરણ પરિણામ બગાડી દે છે.**

**નિંદ્ય વેપાર પણ મહાપાપનું કારણ છે.** તેથી ઘણો બધો લાભ થતો હોય તો પણ પાપથી ડરીને ત્યાગ કરી દેવો જોઈએ. લોઢું, ગળી, મીણ, મીઠું, ક્ષાર, લાકડા, સાજી, શણ સાબુ, લાખ, ચામડું, ઉન, બાલ, કસુંબા, ગોળ, ખાંડ, અન્ન, ચોખા, સિંઘોડા, શસ્ત્ર, દારૂ, બારૂદ, ગોળા, કાચ, હથિયાર, લસણ, કાંદા, આદુ, કંદમૂળ, તથા ઘી-તેલ, કેરી, લીંબુ વિગેરે વનસ્પતિકાય, ભાંગ, તમાકુ, જર્દા, બીડી, કાંડી, ખોળ, કાકડા, પીંજરા, ફાંસી, ગાંજા, ચરસ, શરાબ, દાસી, દાસ, ઘોડા, ઉંટ, બળદ, ભેંસ, ગાડા, ગાડી (બસ, મોટર, ટ્રક) ઈંટ એમના વેચવા-ખરીદવામાં, સંગ્રહ કરવામાં મહાહિંસા થાય છે. એટલે એમનો વેપાર છોડી દેવો જ જોઈએ. બધાનો ત્યાગ ન બની શકે તો તેમનામાં મહાપાપ જાણીને કોઈ અનાજ વિગેરેમાં થોડો સંગ્રહ થોડી માત્રામાં વિચારીને કરવો; અન્ય બધાનો તો ત્યાગ જ કરી દેવો જોઈએ.

**કેટલીયે ખોટી આજીવિકાઓ મહાપાપનો બંધ કરાવીને દુર્ગતિમાં લઈ જવાવાળી છે** તેમને તો છોડી જ દેવી જોઈએ. - જેમકે કોટવાલ બનવું, કોટવાલના મદદનીશ બનવું, જંગલ કાપવું, ગાડા-ગાડી (ટ્રક, મોટર, બસ, ટ્રેકટર, ટ્રોલી) ભાડા પર આપવાં, ચલાવવાં, ઊંટ, બળદ, ઘોડા, ભાડેથી આપવા, ઊંટ, બળદ, ગાડા-ગાડી ભાડા ઉપર આપવાની દલાલીની આજીવિકાઓ દલાલ એ નથી જોતો કે આની કાંધ છોલાઈ ગઈ છે, નાક ફાટી-ગળી ગયું છે, પીઠ છોલાઈ ગઈ છે. પગ દુઃખી

રહ્યા છે, કોઈ અંગમાં કીડા પડી ગયા છે, વૃદ્ધ છે, રોગી છે, ભાડાની દલાલીવાળાને એવો વિચાર હોતો નથી. ચાતુર્માસ-વરસાદમાં પણ ઘણો બોજ લદાવી દે છે. આવી ભાડાની આજીવિકા તથા ભાડાની દલાલી બંને કાર્ય જ મહા પાપરૂપ છે.

લોભના વશ થઈ વૃદ્ધ પુરૂષના વિવાહ-સગાઈ ન કરાવો. **રાજાના ટેક્સ (કરવેરા)ની ચોરી ન કરો.** બીજા અપરાધીની ચાડી ખાવાની (ફરિયાદ) જૂઠી સાક્ષી આપવાની, સાક્ષી બની જવાની, **વૈદ્યપણાની આજીવિકા ન કરો.** તંત્ર, મંત્ર, ભૂત, ભૂતણી, ડાકણના ઈલાજ (ઉપાય) કરવાની, ખોટી દવાઓ બતાવી ઠગી લેવાની આજીવિકા ન કરો. એ બધી દુર્ગતિમાં લઈ જનારાં છે.

લાકડાં વેચવાવાળા, દારૂ વેચવાવાળા, દલાલ, કસાઈ, ધોબી, ચમાર, ઈંટ-ચુના પકાવવાવાળા, ગળી બનાવવાવાળા, જુગારી, ઘાસ વેચનારા, ઘાસ ખોદવાવાળા એમને વ્યાજ ઉપર ધન ન આપો. **માંસ ભક્ષીઓને, વેશ્યાઓને, નિંદ્યપાપની આજીવિકા કરવાવાળાઓને વ્યાજ ઉપર રૂપિયા ન આપો.** એમને પોતાનું મકાન ભાડેથી ન આપો.

**અપધ્યાન ત્યાગ:-** અશુભ પરિણામના ધારક કુમાર્ગી, માંસભક્ષી, શરાબી, વેશ્યામાં આસકત, પરસ્ત્રી-લંપટ, અધર્મી જીવોથી મિત્રતા-પ્રીતિ કરવાનો પણ ત્યાગ કરો. **બીજાનાં ધન લક્ષ્મીની વાંછા ન કરો. અન્યની લક્ષ્મી જોઈને આશ્ચર્ય ન કરો.** પોતાના દીનપણાનું ચિંતવન ન કરો. અન્યની સ્ત્રીને જોવાની આશા(ઈચ્છા) ન કરો. અન્ય મનુષ્ય-તિર્યંચોના ઝઘડા ન જુઓ. અન્યના પુત્રનો, સ્ત્રીનો વિયોગ થવાની ભાવના ન કરો. **બીજાનું અપમાન, અપયશ, અપવાદ સાંભળીને હર્ષિત ન થાઓ.** અન્યનો લાભ જોઈને વિશાદ ન કરો. અન્યના રસરહિત ભોજન, વસ્ત્ર વિગેરે જોઈને પોતાના પરિણામોમાં દુઃખી ન થાઓ. પોતાને ગરીબાઈ, વિયોગ, રોગ થવા ઉપર આર્ત્ત પરિણામ કરી દુઃખી ન થાઓ. **ધનવાનોની ઈર્ષા ન કરો.**

કોઈ સિંહ, વાઘ, સાપ વિગેરે શિકારના સંબંધમાં ચિંતવન ન કરો, સંગ્રામમાં કોઈની હાર-જીત, જય-પરાજય ન ઈચ્છો, પર-સ્ત્રી સાથે વાર્તાલાપ કરવાની ઈચ્છા ન કરો, વેશ્યાદિના હાવ-ભાવ, નૃત્યનો વિલાસ જોવાની અભિલાષા ન કરો.

**ગાળો, ભંડ વચનવાળાં ગીત ન સાંભળો.** ખોટા રાગ, વેશ, કૌતૂહલ પરિણામોને મલીન કરવાનાં કારણો હોવાથી તેમને સાંભળવાં-જોવાં દૂરથી જ છોડો.

**દરિદ્રતા આવી જાય તો પણ નીચી પ્રવૃત્તિ દ્વારા આજીવિકા ન કરો,** કોઈની પાસે માગો નહિ, દીનતાનાં વચન ન કહો, નિર્ધનપણું હોવા છતાં પણ પ્રવૃત્તિને વિકારરૂપ ન કરો. નીચ કુળવાળાઓએ કરવા યોગ્ય કાર્ય વસ્ત્ર રંગવા, ધોવા વિગેરે નિંદ્ય કાર્ય કરવાનો તો અવશ્ય જ ત્યાગ કરો.

જિનાલય આદિ ધર્મનાં સ્થાનોમાં સ્ત્રીઓની કથા, રાજકથા, ચોરકથા, દેશકથા, ભોજનકથા, મહાપાપનો બંધ કરવાવાળી કથા વાર્તા કદી ન કરો. **લેવડ-દેવડ, વિવાહ-સગાઈનો ઝઘડો, ન્યાય પંચાયતી, જાતિ-કુળનો વિસંવાદ જૈન મંદિરમાં બેસીને કદી ન કરો. જો મંદિરમાં બેસીને વિકથા કરશો તો ધર્મસ્થાનની મર્યાદા તોડવાને કારણે નરક-નિગોદના કારણ ઘોર પાપકર્મનો બંધ થશે.** એટલા માટે મંદિર તથા ધર્માયતનોમાં પાપનો બંધ વધારવાવાળાં કાર્યોનો દૂરથી જ ત્યાગ કરી દેવો જોઈએ. જૈન મંદિરમાં ભોજન, પાણી, તાંબુલ (પાનનું બીડું), ગંધ, પુષ્પ વિષય વિગેરેનું સેવન કરવું, ઉંચા આસને બેસવું, વેપાર, સગાઈ- વિવાહ, ઝગડો, ગાળનાં વચન, હાસ્યનાં વચન, અવિનય કે આરંભનાં વચનોમાં કદી પ્રવર્તન ન કરો.

**દુઃશ્રુતિ ત્યાગ:-** મિથ્યાશ્રુતનું શ્રવણ ન કરો. જેને સાંભળવાથી વિષયોમાં રાગ વધે, હાસ્ય, કૌતુક ઉત્પન્ન થાય, કામ જાગૃત થાય, ભોજનના અનેક સ્વાદોમાં મન ચાલ્યું જાય, એવી કથનીનું શ્રવણ ન કરો. સ્ત્રી-પુરૂષોના પાપરૂપ ચારિત્રની કથા, ભૂત-પ્રેતોની અસત્ય કથા, હિંસાની મુખ્યતાવાળા વેદ-સ્મૃતિ આદિ અન્ય ગ્રંથોની કથા, કપોળ કલ્પિત અનેક વાર્તાઓ, ફારસી ચોપડીઓમાં લખેલા અનેક કિસ્સા-વાર્તાઓ મહાપાપ, દુર્ધ્યાન કરાવવાવાળા હોવાથી સાંભળવા જ ન જોઈએ. મહા ભારત, રામાયણ વિગેરે હિંસા વધારવાવાળા ગ્રંથોની કલ્પિત કથાઓ કદી સાંભળવી ન જોઈએ.

આ રીતે કષાયો ઉપજાવવાવાળા ક્રોધીઓના વચન, અભિમાનીઓનાં મદ સભર વચન, માયાચારીઓનાં કુટિલ વચન, લોભીઓનાં લાલસા ઉપજાવવાવાળાં વચન, મદ્ય-માંસ, અભક્ષ્યના સ્વાદની પ્રશંસા કરવાવાળાનાં વચન, મદ્ય-અમલભાંગ-તમાકુ હોકાની પ્રશંસા કરવાવાળાનાં વચન કદી પણ સાંભળવાં જોઈએ નહિ. ધર્મનો અભાવ કરવાવાળાં, પરલોક આદિનો અભાવ કહેવાવાળાં નાસ્તિકોનાં વચન પાપબંધનાં કારણ હોવાથી સાંભળો નહિ.

**અર્નગલ પ્રવૃત્તિ ત્યાગ:-** વ્યર્થનો આરંભ વિસંવાદ છોડી દેવો જોઈએ. માટી,

કચરા, કીચડ, કાંટા, ઠીકરા, મળ, મૂત્ર, કફ, એંઠવાડ, પાણી, અગ્નિ, દિપક વિગેરે ભૂમિને જોયા વિના ન પટકો. જોરથી (ઉતાવળથી) પથ્થર, લાકડું, આસન, પથારી, પલંગ, ધાતુનાં વાસણ, બેઠક, ચરી (ચારણ જમીન) તપેલાં, પરાત, ચૌકી પાટલા વસ્ત્રાદિને જમીન ઉપર ઘસીને, રગડીને, ઘસડીને પ્રમાદથી ખસેડો નહિ. એમાં યત્નાચાર(સાવધાની)નો અભાવ છે, ઘણા જીવોની હિંસા થાય છે. એટલે જોઈને સાવધાનીથી ઉઠાવો-મૂકો. પ્રયોજન વિના જમીનને ખોતરવી, વૃક્ષની ડાળીઓ વાળવી, લીલા ઘાસને છેદવું, રગડવું, કાપવું, વૃક્ષોનાં પત્તાં-ફૂલ વિગેરે કાપવાં, તોડવાં, વ્યર્થ જળ (પાણી) ઢોળવું વિગેરે કાર્ય પાપથી ડરીને ન કરો.

**અધિક શું કહીએ ?** ગૃહસ્થ અવસ્થામાં જેટલાં વસ્તુ, પાત્ર, અનાજ, પાણી વિગેરે છે એમને જોઈને ઉઠાવો-રાખો. જે રીતે ધર્મ ન બગડે, કોઈનો ઉજાડ-બગાડ ન થાય તે પ્રમાણે કરો. પ્રમાદને છોડીને ભોજન-પાણી ઔષધિ, પકવાન વિગેરે આંખોથી જાતે જોઈને વીણીને ખાવું જોઈએ. ઉતાવળે, પ્રમાદી થઈને જાણ્યા જોયા વિના ભોજન ન કરો. ગમનમાં, આગમનમાં, ઉઠવામાં, બેસવામાં, જાણ્યા જોયા વિના પ્રવર્તન ન કરો. જેનાથી દયા પળાય તથા બીજાના શરીરને તકલીફ ન થાય, નુકશાન ન થાય, કોઈનો અનાદર ન થાય તેમ વર્તો.

**પ્રમાદી થઈને હિત-અહિતનો વિચાર કર્યા વિના, સુપાત્ર, કુપાત્રનો વિચાર કર્યા વિના કોઈને કોઈ વાત ન કરો. કહેવામાં ગુણદોષનો વિચાર કરીને કહો.** જો કોઈ તમને પૂછે તો ઉતાવળે જવાબ ન આપો - એ જ કહો - હું સમજીને વિચાર કરીને તમને જવાબ આપીશ. પછી સમય આવ્યે ધર્મ-અર્થ-કામથી અવિરુદ્ધ વિચાર કરી વિનય સહિત જવાબ આપો. ઉતાવળે જવાબ આપવામાં તે સમયે ક્રોધ, માન, માયા, લોભના વશે વચન નીકળવાનું ઠેકાણું રહેતું નથી, કષાયના આવેશમાં યોગ્ય-અયોગ્ય કહેવાનો વિચાર જ રહેતો નથી. બીજાની પૂરી વાત સાંભળીને તથા કહેવાનો સંપૂર્ણ અભિપ્રાય જાણીને જ ઉત્તર આપવો યોગ્ય છે.

એટલે પ્રમાદથી અસાવધાનીથી વચન ન કહો. એકાન્તરૂપ, હઠાગ્રહી, પક્ષપાતી બનવું ન જોઈએ. તેનાથી ધર્મ બગડી જશે. એટલા માટે બંને (આ લોક ને પરલોક) લોકના હિતને અર્થે પ્રમાદચર્યા અનર્થદંડને છોડો. આ રીતે પાંચ પ્રકારના અનર્થદંડોને સમજીને જે તેમનો ત્યાગ કરે છે, તેને અનર્થદંડ ત્યાગ નામનું વ્રત હોય છે.

**જુગાર વ્રત:- અનર્થદંડોમાં મહા અનર્થ કરવાવાળો જુગાર છે.** જુગાર બધા જ વ્યસનોમાં મુખ્ય છે. સઘળા પાપોનું સંકેત સ્થાન છે. મોટી આપદાનું કારણ છે, સમસ્ત અનીતિઓમાં મહા અનીતિ છે. જુગારીનાં પરિણામ જ મહાદુષ્ટ હોય છે. તે પોતાનું બધું ઘર, સંપત્તિ જુગારમાં હારીને પણ બીજાનું ધન લેવા ઈચ્છે છે. જુગારીને એટલો બધો લોભ હોય છે કે તે રાત-દિવસ એ જ વિચાર કરતો રહે છે કે -''બીજાઓનું ધન મારી પાસે આવી જાય, ચાહે કોઈપણ રીતે.'' મારૂં ધન જાય તો જાય, અપયશ થાય તો થાય દરિદ્રતા થતી હોય તો થાય, કોઈપણ રીતે બીજાનું ધન હું મેળવી લઉં ત્યારે જ મારૂં જીવવું સફળ છે.

**લોભ કષાયની તીવ્રતા મહા હિંસા છે.** જુગારીનાં પરિણામ અત્યંત નિર્દયી હોય છે. તે હંમેશાં બીજાનો ઘાત કરવાનો જ વિચાર કરે છે. જો જુગારમાં ધન હારી જાય તો ચોરી કરે છે, ધન માટે લોકોને મારી નાખે છે. જુગારીઓનો આપસમાં ખૂબ ઝઘડો થાય છે, મારપીટ થાય છે, માયાચારી તો રહે જ છે. જેમની સાથે ઘણો પ્રેમ હોય છે તેમની સાથે પણ કપટ કરીને અનેક પ્રકારથી છળ કરીને ધન લેવાનું જ ઈચ્છે છે. **જુગાર તો કપટનું સ્થાન જ છે,** હજારો છળ રચવામાં આવે છે. જુગારી પોતાની સ્ત્રીને પણ જુગારમાં દાવ પર લગાવી દે છે, પુત્ર-પુત્રીને પણ દાવ પર લગાવી દે છે. જો સ્ત્રીને હારી જાય છે, પુત્રીને હારી જાય છે તો તેમને જુગારીઓને આપી દે છે.

**જુગારી ગરીબ-વ્યસનીને પણ પોતાની પુત્રી વિવાહમાં આપે છે.** જુગારમાં પોતાનું રહેવાનું મકાન પણ વેચી દે છે, દાવ પર લગાવી દે છે, પુત્રને પણ વેચી દે છે. લાખોના ધનનો ધણી એક ક્ષણભરમાં પોતાનું સઘળું ધન હારીને દરિદ્રી (રંક) થઈ જાય છે, તથા મહા આર્તધ્યાન રૌદ્રધ્યાનથી મરીને દુર્ગતિમાં ભ્રમણ કરે છે. જો જુગારમાં ધન જીતીને લાવે છે તો અભિમાન પેદા થાય છે, તેનું ધન કુમાર્ગમાં જ ખર્ચ થાય છે. મહા રૌદ્રધ્યાનના પ્રભાવથી મરીને તદ્દન નીચ યોનિ પામીને સંસારમાં ભટકતો રહે છે.

જુગારી મદ્યપાન-ભાંગપાન વિગેરે પણ કરે છે; વેશ્યાઓમાં આસકત થઈ જાય છે. તેનું ધન સુમાર્ગમાં લાગતું નથી. તેનાથી ન્યાયરૂપ કોઈપણ આજીવિકા થઈ શકતી નથી. જુગારીનો કોઈ વિશ્વાસ જ કરતું નથી, તેને કોઈ ધન ઉધાર આપતું નથી. જુગારી

કદી સત્ય વચન બોલતો નથી, જુગારીને શુભભાવ થતા નથી. પોતાના પૂર્વોપાર્જિત કર્મના દ્વારા મળેલા ન્યાયના ધનમાં કદી સંતોષ કરતો નથી. એકાંતમાં કોઈને પણ એકલો જોઈને તેને મારીને ધન પડાવી લે છે, પોતાનો ખૂબ જ નજીકનો સંબંધી ભાઈ હોય, તેને પણ એકાંતમાં મારીને દાગીના વિગેરે લઈ જાય છે.

**જુગારીનો વિશ્વાસ તો કોઈ મૂર્ખ પણ કરતો નથી.** તે બીજાના ધનની અતિ તીવ્ર તૃષ્ણાને વશ થઈને કુદેવોની બોલી પણ બોલે છે, મિથ્યાધર્મનું સેવન પણ કરે છે, સંતોષ, શીલ, નિરાકુળતાને તિલાજંલિ આપી દે છે. અતિલોભના પરિણામથી બુદ્ધિ વિપરીત થઈ જાય છે. તેમાં પરમાર્થનું જ્ઞાન થતું નથી. ધર્મનો વિશ્વાસ તેને સપનામાં પણ હોતો નથી.

**બધા જ પાપોનું મૂળ કારણ જુગાર છે -** એવું જાણીને તેનો દૂરથી જ ત્યાગ કરી દો. જુગારીની બુદ્ધિ કરોડો ઉપાય કરવા છતાં પણ વિપરીતતા છોડતી નથી. તે પરલોકમાં દુર્ગતિ જ પામે છે. જુગારી તો તીવ્ર લોભથી પોતાના આત્માનો જ ઘાત કરે છે.

કેટલાયે અજ્ઞાની જુગારમાં ધનની તો હારજીત કરતા નથી, પણ મનુષ્ય જન્મને વ્યર્થ જ વ્યતીત કરવાની ઈચ્છાથી ધનથી તો જુગાર ખેલતા નથી, (પણ) રમત માટે ચૌપાટ, શતરંજ, ગંજીફો વિગેરે અનેક મૂર્ખાઈનાં કાર્ય કરે છે. એવી રમતોની હાર-જીતમાં પણ રાગ-દ્વેષની ઘણી તીવ્રતા છે, હર્ષ-વિષાદ ઘણો થાય છે, કપટ ઘણું થાય છે, **પિતા-પુત્ર પણ આપસમાં વિસંવાદ, ઝઘડો કરવા લાગી જાય છે.** હાર-જીતથી પરિણામોમાં ઘણી તીવ્રતા આવી જાય છે.

આ એવી કુવિદ્યા છે કે જે આ ખેલમાં આસકત થઈ જાય છે તેનાં આ લોકસંબંધી નોકરી, વેપાર, લખવું-વાંચવું વિગેરે બધાં કામ બગડી જવા છતાં પણ તે તેને છોડી શકતો નથી. જે જુગાર ખેલે છે તે કોઈ ધંધો વેપાર કરી શકતો નથી. તેનાથી રંકપણું (ગરીબાઈ) નજીક આવતું જાય છે.

હીન, નીચ, મલીન જાતિના લોકોની સાથે બેસીને જુગાર ખેલે છે. જુગારી એ નથી જોતો કે આ મલેચ્છ છે, નાઈ, કલાલ, ધોબી બધા જુગારમાં સાથે જ રમતા પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેમના શરીરમાંથી દુર્ગંધ આવી રહી હોય, વસ્ત્રો વિગેરેમાંથી જૂ વિગેરે કીડા નીકળી રહ્યા હોય તેમની લગોલગ બેસીને જુગાર ખેલે છે.

અન્ય અધર્મના સ્થાનોમાં પોતે જુગાર ખેલવા બેસે છે, બીજાઓને રમતા જોઈને રસ્તામાં જ ઉભો રહી જાય છે, બેસવા માટે જગ્યા ન હોય તો પણ પોતે ઉભો-ઉભો જ જોતો રહે છે, જુગાર એવું વ્યસન છે. ખાવું-પીવું, દેવું, લેવું-બધું છોડીને ઉભો રહીને જોતો રહે છે. મણિયારો, રંગારો, કમનીગર, વિસાયતી વિગેરે માંસભક્ષી તથા નીચ જાતિના લોકોની સાથે જુગાર, ખ્યાલ વિગેરે ખેલ ખેલે છે, જુએ છે.

**ઘણું શું કહીએ ? -** પોતાનું બધું કામ બગડી જાય, તથા માતા-પિતા વિગેરેનું મરણ થઈ જાય તો પણ આ ખેલમાંથી ઉઠી શકાતું નથી. એવાં તીવ્ર પરિણામોથી નરક તિર્યંચગતિનો બંધ જ થાય છે. જેમાં કંઈપણ ધન આવતું નથી પરંતુ ઝઘડા થાય છે એવા જુગાર વિગેરેમાં આસક્ત થવાથી, ધનની હાર જીત થવાવાળા જુગારથી પણ અધિક પાપનો બંધ કરે છે. જેમાં ધનની હાર-જીત થાય છે, તેમાં તો થોડીવાર જ રમે છે, પરંતુ આ વગર ધનની હાર-જીતવાળી રમતોમાં તો આનું ચિત્ત હંમેશાં ગુંથાયેલું (જ) રહે છે. જે આ ખેલમાં, વ્યસનમાં લાગી જાય છે તેને ધર્મનું નામ પણ સારૂં લાગતું નથી, તેની બુદ્ધિ વિપરીત થઈને પાપ ક્રિયામાં, અન્યાયમાં, અસત્યમાં, વિકથામાં જ લાગે છે.

**જુઓ !** આ મનુષ્ય જન્મ, ઉત્તમ કુળ, નિરોગ શરીર, ઉત્તમ ધર્મ એ અનંતકાળમાં મળ્યાં ન હતાં, તો હવે એ બધાનો સંયોગ એક સાથે અહીં તને મળી ગયો છે, **તેની એક ઘડી પણ કરોડોના ધનમાં મળતી નથી.** આવો અવસર સિદ્ધાંતોના સ્વાધ્યાય, જીવાદિ દ્રવ્યોની ચર્ચા, અનિત્યાદિ બાર ભાવનાઓ, સોલહ કારણ ભાવનાઓ, પંચ પરમેષ્ઠીની વંદના, જાપ, સ્મરણ વિગેરે કરીને સફળ કરવા મળ્યો હતો, તે ચૌપાટ, ગંજીફા, શતરંજ, તાશ વિગેરે મહા અવિદ્યામાં ફસાઈને સમસ્ત ધર્મથી, ધર્મના માર્ગથી પરાન્મુખ(વિમુખ) થઈને મહા પાપ કમાઈને મરી જવામાં જ વ્યતીત કર્યો. એના ફળમાં નરક, તિર્યંચ વિગેરેમાં જઈને ઉપજીશ.

**સપ્ત વ્યસન ત્યાગ:-** ભગવાનના પરમાગમમાં તો કહ્યું છે કે જેને સાત વ્યસનનો ત્યાગ હશે તે જ જૈનધર્મ ગ્રહણ કરવાને પાત્ર થશે. જેને આ સાત વ્યસનનું દુષણ લાગી જાય છે તેની બુદ્ધિ જ વિપરીત થઈ જાય છે, પાપ કાર્યોમાં ચતુર થઈ જાય છે, અનીતિમાં તત્પર રહે છે.

આ લોકનું કાર્ય તો ન્યાયમાર્ગથી પોતાના કુળને યોગ્ય ષટ્કર્મો દ્વારા આજીવિકા

કરવી તથા ખાન-પાન વિગેરે તથા શરીરને સંસ્કારીત કરવું - કપડાં તથા આભૂષણ વિગેરે પહેરવાં, ન્યાયપૂર્વક લેવું-દેવું, રાખવું, જવું, આવવું, પ્રયોજનરૂપ વર્તવું તથા પરલોકના માટે ધર્મ કાર્યોમાં પ્રવર્તન કરવું - આ બધા ગૃહસ્થને કરવા યોગ્ય કાર્ય છે. **આ બે કાર્યો - ન્યાયરૂપ આજીવિકા તથા ધર્મરૂપ પ્રવર્તન-તે સિવાય અન્ય જે પ્રવૃત્તિ છે તે વ્યસન છે.** તે વ્યસન સાત છે - (૧) જુગાર રમવો (૨) માંસભક્ષણ (૩) મદ્યપાન (૪) વેશ્યા સેવન (૫) શિકાર કરવો (૬) ચોરી કરવી (૭) પરસ્ત્રી સેવન કરવું, આ સાતેય વ્યસન મહા ઘોર પાપનો બંધ કરાવવાનાં કારણ છે.

**આ વ્યસનોમાં ફસાવું સહેલું છે, છૂટીને સુધરવું ઘણું કઠિન છે.** આ વ્યસનોથી પાપબંધ જ એવો થાય છે કે બુદ્ધિ ઉલ્ટા કાર્યોમાં જ લાગે છે, તેમનામાંથી બહાર નીકળી શકતો નથી. અહીં જુગારનું વર્ણન કર્યું છે, હોડ(શરત) લગાવવાને પણ જુગાર જ સમજવો. હમણાં કેટલાંક વર્ષોથી (ટીકાકારના કાળમાં) અફીણ આદિના સોદા-સટ્ટાનો વેપાર ચાલી રહ્યો છે. આ વેપાર તીવ્ર તૃષ્ણાથી યુકત પુરૂષોના સંતોષને ભ્રષ્ટ કરવાવાળો ચાલી રહ્યો છે, તેને પણ જુગારમાં જ ગણવો.

**માંસ, મદ્ય, શિકાર - જૈનીઓના કુળમાં હોતાં જ નથી. એ મહાવ્યસન છે, વળગ્યા પછી તેમનું છૂટવું મહાકઠિન છે.** તેનું વિશેષ વર્ણન અભક્ષ્યના વર્ણનમાં કરીશું. ફણગાવેલા અનાજથી બનાવેલું સમસ્ત ભોજન, ચામડામાં રાખેલું સઘળું પાણી, ઘી, તેલ, રસ, તથા રાત્રિ-ભોજન વિગેરે બધા અભક્ષ્યોને માંસના દોષ સમાન જાણીને છોડી જ દેવા જોઈએ.

ભાંગ, તમાકુ, જર્દા, બીડી, અફીણ, હોકો એ બધાં જ પરાધીન કરવાવાળાં તથા જ્ઞાનનો નાશ કરવાવાળાં હોવાથી તથા પરમાર્થરૂપ બુદ્ધિનો પણ નાશ કરવાવાળાં હોઈ મદિરા સમાન જ છે, એટલે તેમને ત્યાગી જ દેવાં જોઈએ.

અન્ય જીવોની દયા નહિ કરતાં તેમની આજીવિકા બગાડવી, ધન લૂંટાવી દેવું, ખૂબ દંડ કરાવવો તે બધો શિકાર જ છે. બીજાની બેઈજ્જતી કરાવવી, ઘર વિહોણો કરવો, તે બધાં શિકાર કરવાથી પણ અધિક અધિક પાપ છે, એટલે તેનો ત્યાગ જ કરી દેવો જોઈએ.

**જેણે વેશ્યાસેવન કર્યું તેના બધા આચાર, ભોજન, પાણી ભ્રષ્ટ થઈ ગયા.** વેશ્યાને ચંડાળ, ભીલ, મલેચ્છ, મુસલમાન ઈત્યાદિ બધા સેવે છે. જે વેશ્યા માંસ,

દારૂનું નિત્ય જ ખાન-પાન કરે છે, ધનથી જ જેને પ્રેમ છે, એવી વેશ્યાના મુખની લાળ જે પીએ છે, તેનાં જાતિ, કુળ, આચાર બધાં ભ્રષ્ટ થઈ જાય છે. એટલે વેશ્યાના સેવનનો ત્યાગ કરી દેવો જ ઉત્તમ છે. **જેણે વેશ્યાનો સંગ કર્યો તેને ચોરી, જુગાર, મદ્યપાન વિગેરે બધાં વ્યસન હોય છે.** ધનથી પાયમાલ થઈ જાય છે, ધર્મથી વિમુખતા થઈ જાય છે. બુદ્ધિ વિપરીત થઈ જાય છે, માયાચારમાં, જૂઠમાં, છળમાં તત્પરતા થઈ જાય છે. નિંદ્યકાર્ય કરવાનો ખેદ થતો નથી, લાજ(શરમ) નષ્ટ થઈ જાય છે. વેશ્યાનો હાવભાવ, વિલાસ, વિભ્રમ વિગેરે જોવાથી, યાદ કરવાથી, અતિરાગી થઈ જવાથી બધી કુળ મર્યાદા ભંગ થઈ જાય છે. **વેશ્યામાં આસક્ત થયેલો પુરૂષ કફમાં પડેલી માખી સમાન પોતાને છોડાવી શકતો નથી. વેશ્યાસેવન મહા અ નીતિનું કાર્ય છે.**

ચોરપણું પણ મહાવ્યસન છે. ચોર સ્વયં પણ નિરંતર ભયભીત રહે છે તથા ચોરથી બીજા જીવોને પણ ખૂબ ભય રહે છે. માતાને પણ પોતાના ચોર પુત્રથી ભય રહે છે. ચોર આ લોકમાં પોતાની સંપૂર્ણ પ્રતિષ્ઠા બગાડીને મહા કલંકિત થઈ જાય છે. તેને રાજા ઘણો દંડ ફરમાવે છે, હાથ કાપી નાખવા, નાક છેદી નાખવું વિગેરે દંડને પાત્ર થાય છે. ચોરના ભાવ કદી પણ સંતોષરૂપ હોતા નથી. ચોરને યોગ્ય-અયોગ્ય કાર્ય કરવાનો વિચાર જ રહેતો નથી, એ જ કારણે તે ધર્મધ્યાન, સ્વાધ્યાય, ધર્મકથાથી પરાન્મુખ જ રહે છે.

**જૈન શાસ્ત્રોને સાંભળતો વાંચતો થકો પણ જે બીજાઓના ધન ઉપર પોતાની દાનત બગાડે છે, તે ઠગ છે.** જેણે જગતને ઠગવા માટે શાસ્ત્રરૂપ શસ્ત્ર ગ્રહણ કર્યું છે, તેને કિંચિત્ પણ ધર્મની શ્રદ્ધા નથી એમ સમજવું. જેને જૈનધર્મના મહિમાની શ્રદ્ધા હોય છે તેને ચારિત્રમોહના ઉદયથી જો કે ત્યાગ, વ્રત, સંયમ વિગેરે હોતાં નથી તોપણ અન્યાયપૂર્વક ધન પ્રાપ્ત કરવાની તેને ઈચ્છા (વાંછા) હોતી નથી. ચોરીથી બંને લોકનું ભ્રષ્ટ થવું જાણીને, કોઈના આપ્યા વિનાના ધનમાં વાંછા ન કરો.

**પરસ્ત્રીની વાંછા નામનું વ્યસન સમસ્ત અનર્થોમાં પ્રધાન છે.** પરસ્ત્રી લંપટને આ લોકમાં ને પરલોકમાં જે ઘોર પાપનો બંધ, વિપત્તિ, બદનામી, બેઈજ્જતી, મરણ, રોગ, અપવાદ, ધનહાનિ, રાજદંડ, જગતમાં વેર, દુર્ગતિગમન, મારન, તાડન, જેલમાં બંધન વિગેરે થાય છે. તેને વચનોથી કહેવામાં કોઈ સમર્થ નથી. આ રીતે સાતેય વ્યસન દૂરથી જ છોડી દેવામાં કંઈ પણ હાનિ નથી. **જેણે સાત વ્યસનનો ત્યાગ કરી દીધો**

**છે તેણે પોતાનાં સમસ્ત દુઃખ, અકીર્તિ, નરકાદિ, કુગતિ ગમનરૂપ બધી આપત્તિઓ દૂર કરી દીધી છે.**

હવે **અનર્થદંડ ત્યાગવ્રતના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે:-

**कन्दर्पं कौत्कुच्यं मौखर्य-मति-प्रसाधनं पंच ।**
**असमीक्ष्य चाधिकरणं व्यतीतयोऽनर्थदण्डकृद्विरतेः ।।८१।।**

**અર્થ:-** (૧) ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી રાગભાવની અધિકતાના કારણે હાસ્યથી મિશ્રિત ભાંડ (બિભત્સ)વચન બોલવાં તે **કંદર્પ** નામનો અતિચાર છે.

(૨) તીવ્રરાગના ઉદયથી હાસ્યરૂપ ભાંડ વચનો સહિત કાયાની ખોટી ચેષ્ટા-નિંદ્ય ક્રિયા કરવી તે **કૌત્કુચ્ય** નામનો અતિચાર છે.

(૩) પ્રયોજન વિના સાર રહિત ખૂબ બકવાસ કરવો તે **મૌખર્ય** નામનો અતિચાર છે.

(૪) પ્રયોજન રહિત મન-વચન-કાયની ઘણી બધી પ્રવૃત્તિ કરવી તે અસમીક્ષ્યાધિકરણ કહેવાય છે. રાગ-દ્વેષ વધારવાવાળાં કાવ્ય, શ્લોક, કવિતા, છંદ, ગીતોનું સ્મરણ કરવું. **તે મન અસમીક્ષ્યાધિકરણ કહેવાય છે.** પાપકથા દ્વારા બીજાના મન-વચન-કાયને બગાડવાવાળી ખોટી કથા કહેવી **તે વચન અસમીક્ષ્યાધિકરણ છે.** પ્રયોજન વિના ગમન કરવું, ઉઠવું, બેસવું, દોડવું, પટકવું, ફેંકવું, પત્ર, ફળ, પુષ્પ વિગેરેનું છેદન-ભેદન-વિદારણ વિગેરે કરવું તથા અગ્નિ, વિષ, ક્ષાર વિગેરે આપવું **તે કાય અસમીક્ષ્યાધિકરણ** નામનો અતિચાર છે.

(૫) જેટલા ભોગ-ઉપભોગથી ચાલી શકે તેનાથી અધિક, પ્રયોજન વિનાનો અતિ સંગ્રહ કરવો તે **અતિપ્રસાધન** નામનો અતિચાર છે.

આ રીતે અનર્થદંડ વ્રતના પાંચ અતિચાર કહ્યા તે ત્યાગવા યોગ્ય છે.

હવે **ભોગોપભોગ પરિમાણવ્રત** કહેવાવાળા આઠ શ્લોક કહે છે:-

**अक्षार्थानां परिसंख्यानं भोगोपभोग-परिमाणम् ।**
**अर्थवता-मप्यवधो रागरतीनां तनूकृतये ।।८२।।**

**અર્થ:-** પાંચ ઈન્દ્રિયોના પ્રયોજનવાન વિષયોમાં જે રાગરૂપ આસક્તીભાવ છે

તેને ઘટાડવા તેની સીમા (મર્યાદા) બાંધવી, સીમિત કરવા તે ભોગોપભોગ પરિમાણ નામનું વ્રત છે.

**ભાવાર્થ:-** સંસારી જીવોને ઈન્દ્રિયોના વિષયોમાં ખૂબ રાગ રહે છે. તે રાગને કારણે વ્રત, સંયમ, દયા, ક્ષમા, વિગેરે સમસ્ત ગુણોથી પરાન્મુખ(વિમુખ) થઈ રહ્યા છે. એટલે જે અણુવ્રતોના ધારી ગૃહસ્થ છે તે હિંસા, અસત્ય, ચોરી, પરસ્ત્રી સેવન, અપરિમાણ પરિગ્રહથી ઉપજતા જે અન્યાયના વિષયોમાં પ્રીતિ છે તેનો ત્યાગ કરી દેવાથી વ્રતી થઈ ગયા છે, હવે ન્યાયના વિષયોને પણ તીવ્ર રાગનું કારણ જાણીને તેમનાથી અરુચિ થઈ જવાથી રાગની આસક્તિ ઘટાડવા માટે પોતાના પ્રયોજનવાન ઈન્દ્રિયોના વિષયોમાં પણ પરિમાણ કરવું તે ભોગોપભોગ પરિમાણ નામનું ગુણવ્રત છે. વ્રતી જીવોએ ઈન્દ્રિયોના વિષયોમાં નિરર્થક પ્રવૃત્તિને રોકીને ભોગોપભોગ પરિમાણ કરવું (તે) મહાન સંવરનું કારણ છે.

હવે **ભોગ શું છે, ઉપભોગ શું છે ?** તેમનું લક્ષણ શ્લોક દ્વારા કહે છે:-

**भुक्त्वा परिहातव्यो भोगो भुक्त्वा पुनश्च भोक्तव्यः ।**
**उपभोगोऽशनवसन-प्रभृतिः पंचेन्द्रियो विषयः ।।८३।।**

**અર્થ:-** જે એકવાર ભોગવીને પછી ફરીને ત્યાગવા યોગ્ય થઈ જાય છે તે ભોગ છે. જે ભોગવ્યા પછી ફરી ભોગવવા યોગ્ય રહે છે તે ઉપભોગ છે. ભોજન આદિ પાંચ ઈન્દ્રિયોના વિષય ભોગ છે, તથા વસ્ત્ર આદિ પાંચ ઈન્દ્રિયોના વિષય ઉપભોગ છે.

**ભાવાર્થ:-** જે પદાર્થ એકવાર જ ભોગવવામાં આવે છે અને ફરીથી ભોગવવામાં આવતા નથી તે ભોગ છે, તથા જે પદાર્થ વારંવાર ભોગવવામાં આવે છે તે ઉપભોગ છે. જેમકે અનેક પ્રકારનું ભોજન એક જ વાર ભોગવવામાં આવે છે, કપુર, ચંદન વિગેરેનો લેપ, પુષ્પમાળા, અત્તર, ફુલેલ(સુગંધી તેલ) મેળો, કૌતુક, ઈન્દ્રજાળ વિગેરે, સ્તવનનાં ગીત, શબ્દો વિગેરે એક જ વાર ભોગવવામાં આવે છે તે પાંચ ઈન્દ્રિયોના વિષયો કહેવાય છે. વળી વસ્ત્ર, આભૂષણ, સ્ત્રી, સિંહાસન, પલંગ, મહેલ, બાગ, વાજિંત્ર, ચિત્રકામ વિગેરે વારંવાર ભોગવવામાં આવે છે, તે ઉપભોગ છે. જે ભોગ અને ઉપભોગ બંનેનું પરિમાણ કરે છે તેને ભોગોપભોગ પરિમાણ વ્રત હોય છે.

હવે જે પરિમાણ કરવા યોગ્ય નથી પણ **જીવનભર માટે ત્યાગ કરવા યોગ્ય છે** તેને બતાવતો શ્લોક કહે છે -

**त्रसहति-परिहरणार्थं क्षौद्रं पिशितं प्रमाद-परिहृतये ।**
**मद्यं च वर्जनीयं जिनचरणौ शरणमुपयातैः ।।८४।।**

**અર્થ:-** જિનેન્દ્ર ભગવાનના ચરણોનું શરણ જેમને પ્રાપ્ત થયું છે એવા જે સમ્યગ્દૃષ્ટિ જનો છે તેમને ત્રસ જીવોની હિંસાના પરિત્યાગ માટે ક્ષૌદ્ર અર્થાત્ મધુ, તથા પિશિત અર્થાત્ માંસ ત્યાગવા યોગ્ય જ છે. પ્રમાદ અર્થાત્ જે હિત-અહિતમાં અસાવધાની છે તેને છોડવા માટે મદ્યનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ.

**ભાવાર્થ:-** જે પુરૂષો જિનેન્દ્રના ચરણોની આજ્ઞા(વચનો)ના શ્રદ્ધાની છે તે ત્રસ જીવોની હિંસાના ત્યાગ માટે મધુ તથા માંસનો ત્યાગ કરે જ છે. પ્રમાદ એટલે કે અસાવદ્યપણુ તેને ત્યાગવા માટે મદિરાનો ત્યાગ કરે જ છે. **જેમને મધુ, માંસ, મદ્ય (મદિરા) નો ત્યાગ નથી. તે જિન આજ્ઞાથી પરાન્મુખ(વિમુખ) છે, જૈન નથી.**

**ત્યાગવા યોગ્ય શું છે તે** કહેવાવાળો શ્લોક કહે છે -

**अल्पफलबहु-विघातान्मूल-कमार्द्राणि श्रृंङ्गवेराणि ।**
**नवनीत निम्बकुसुमं कैतक-मित्येवमवहेयत् ।।८५।।**

**यदनिष्टं तद्व्रतयेद्यच्चानुप-सेव्यमेतदपि जह्यात् ।**
**अभिसंधिकृता विरतिः विषयाद् योग्याद् व्रतं भवति ।।८६।।**

**અર્થ:-** જેમના સેવનથી પોતાનું પ્રયોજનરૂપ ફળ તો અલ્પસિદ્ધ થાય છે, પરંતુ ખાવાથી અનંત જીવોનો ઘાત થાય છે એવા કંદ, મૂળ, આદું, કાંટાવાળી નાની વનસ્પતિનાં બોર-કલમી બોર, કંદમૂળ, માખણ, લીંમડાનાં ફૂલ, કેતકી-કેવડાનાં ફૂલ, જેમાં અનંત જીવોનો ઘાત થાય છે તે અનંતકાય ત્યાગવા યોગ્ય જ છે. જેમના એક શરીરમાં અનંત જીવ છે તે અનંતકાય છે. જે પોતાના માટે અનિષ્ટ છે તેનો ત્યાગ કરી દેવો, જે સેવવા યોગ્ય નથી એવા અનુપસેવ્યાનો ત્યાગ કરવો જ ઉચિત છે. જો કે અનિષ્ટ અનુપસેવ્યાના સેવનનું કોઈ પ્રયોજન જ નથી, તો પણ પોતાના અભિપ્રાય પ્રમાણે યોગ્ય વિષયનો ત્યાગ કરવો પણ વ્રત કહેવાય છે.

જેમનું સુખ તે જીભને થોડીવાર માટે સ્વાદમાત્ર, પરંતુ જેમના એક વાળ જેટલા કણમાં પણ અનંતાનંત બાદર નિગોદ જીવોનો ઘાત થાય છે એવા સમસ્ત કંદ, મૂળ વિગેરે તથા લીંમડાનું ફૂલ, કેતકીનું ફૂલ, કેવડાનું ફૂલ ત્યાગવા યોગ્ય જ છે. બીજાં પણ ઘણાંયે ફૂલ જેમાં પ્રત્યક્ષ ત્રસ જીવ ભરેલા જોવામાં આવે છે, તે બધા જૈનધર્મીઓ માટે ત્યાગવા યોગ્ય છે.

જે વસ્તુ છે તો શુદ્ધ જ, પરંતુ ખાવાથી પોતાના શરીરમાં વેદના ઉપજે છે, પેટમાં દર્દ થાય છે, વાત-પિત્ત-કફ આદિ દોષ થઈ જાય છે, લોહીમાં, પેટમાં વિકાર કરવાવાળાં ભોજન આદિ તથા દુઃખ દેવાવાળા ઈન્દ્રિયોના વિષયોનું સેવન પણ ન કરો.

જે અતિ તીવ્રરાગી, ઈન્દ્રિયોનો લંપટી હશે તે જ અનિષ્ટ પદાર્થનું સેવન કરશે. પોતાનું મૃત્યુ તથા તીવ્ર વેદના ભોગવવાના દુઃખને પણ ન ગણીને જે અનિષ્ટ વસ્તુનું ભક્ષણ કરે છે તેને જીભની તીવ્ર લોલુપતાથી મહાપાપનો બંધ થાય છે. અનેક મનુષ્ય ભોજનના સ્વાદમાં રાગ કરીને અનિષ્ટ ભોજન ખાઈને રોગ વધારી આર્ત્તધ્યાન કરી દુર્ગતિમાં ચાલ્યા જાય છે. એટલે અનિષ્ટનો ત્યાગ કરવો(તે) જ ઉત્તમ કાર્ય છે.

કેટલીયે વસ્તુઓ પોતાના(આપણા) કુળને, વ્યવહારને, ધર્મને મલીન કરવાવાળી છે તે સેવન કરવા યોગ્ય નથી, તે અનુપસેવ્ય છે. શંખ, હાથીદાંત, વાળ, મૃગમદ, કસ્તુરી, છાણ વિગેરેનું અડેલું ભોજન, પાણી સેવવા યોગ્ય નથી. ઉંટણીનું દૂધ, ગધેડીનું દૂધ, ગાયનું મૂત્ર તથા મળ, કફ, લાળ, એંઠું એ સેવન યોગ્ય જ નથી. મલેચ્છ, ભીલ, અસ્પૃશ્ય શુદ્રોએ અડેલું ભોજન અનુપસેવ્ય છે. અશુદ્ધ ભૂમિ પર પડેલું, ચામડાને અડેલું, બિલાડી, કૂતરા વિગેરેથી તથા માંસભક્ષી, શરાબીથી અડેલું, બનાવેલું બધું ભોજન તથા લોકનિંદ્ય ભોજન અનુપસેવ્ય છે, જૈનધર્મીઓએ ખાવા લાયક નથી, બુદ્ધિને વિપરીત કરવાવાળું છે, માર્ગથી ભ્રષ્ટ કરવાવાળું છે, ધર્મથી ભ્રષ્ટ કરવાવાળું છે.

**અહિં એમ વિશેષ જાણવું:-** શ્રી રાજવાર્તિકજીમાં પણ પાંચ પ્રકારના અભોગ્ય પદાર્થ કહ્યા છે -

(૧) જેમાં ત્રસ જીવોનો ઘાત થાય છે (૨) જે પ્રમાદ ઉપજાવવાવાળા છે (૩) જેમાં અનંત જીવોનો ઘાત થાય છે (૪) જે અનિષ્ટ છે (૫) જે અનુપસેવ્ય છે-આ પાંચ પ્રકારના પદાર્થ સંપૂર્ણ જીવનભર માટે ત્યાગવા યોગ્ય છે. જેમનો ત્યાગ સંપૂર્ણ જીવનભર માટે ન થઈ શકે તો તેમનો ત્યાગ કાળ(સમય)ની મર્યાદા બાંધીને કરવો જોઈએ.

**ખાદ્ય પદાર્થોની અવધિ:-** અહીં કેટલીક વસ્તુઓમાં તો પ્રગટ ત્રસ જીવોનો ઘાત થાય છે તથા કેટલીક વસ્તુઓમાં અનંત જીવોના સમૂહનો એક સાથે ઘાત થાય છે. સડેલા અનાજમાં ઈયળ, ધનેરાં પ્રગટ હજારો ફરતાં દેખાય છે. સડેલા અનાજ

ખાવાવાળાથી અગણિત ત્રસ જીવોનો ઘાત થાય છે. જે ગૃહસ્થ અનાજનો સંગ્રહ કરીને રાખે છે તેને નિત્ય (દરરોજ) જ સડેલું અનાજ ખાવાથી મહાપાપ(નો) બંધ થાય છે. એટલા માટે (જે) પાપથી ભયભીત જૈની છે તેણે સડેલું ન હોય તેવું અનાજ ખરીદવું જોઈએ તથા બે મહિના ચાલે તેટલું જ સંગ્રહ કરવું જોઈએ. જ્યારે બે મહિનામાં ખવાઈ જાય ત્યારે ફરીથી સડ્યા વિનાનું અનાજ જોઈને લેવું જોઈએ.

થોડો સંગ્રહ (હોય તો) સારી રીતે તપાસી શકાય છે, તેની સુરક્ષા સાવધાનીપૂર્વક થાય છે, જો ધનેરાં પડતાં (સડતું જણાય) જોવામાં આવે તો બદલીને બીજુ મંગાવી લેવું. પાંચ જગ્યાએ સડ્યા વિનાનું જોઈને લાવવું. વધારે અનાજ સંગ્રહ કરેલું હોય તો કોઈને આપી શકાતું નથી, ફેંકી દેવાતું નથી, બદલી કરી શકાતું નથી. જો વધારે ધનેરાં પડ્યાં હોય(સડી ગયું હોય) તથા તેને ખાવું જ પડે તો દરરોજ જ ચાળી ચાળીને ઈયળ, લટ, ધનેરાં વિગેરેને વાસણમાં ભરી ભરીને રસ્તામાં નાખે છે, જ્યાં મનુષ્યોના તથા પશુઓના પગ નીચે ખુંદાઈ જાય છે, મરી જાય છે, પશુ ચરી જાય છે.

જ્યારે અનાજમાં જીવ થવા લાગે છે ત્યારે દિન-પ્રતિદિન બમણા, ચારગણા, સોગણા, હજારગણા નાના-મોટા વધતા જ જાય છે. ઘરમાં બધી જગ્યાએ મકાનમાં, રસોઈમાં, દિવાલ ઉપર, ચૌકી ઉપર, ખાનપાનની વસ્તુઓમાં, જમીનમાં, છતમાં, લાખો-કરોડો જીવ ફેલાઈને વિચરવા લાગે છે એટલે લોભના વશ, પ્રમાદને વશ, અભિમાનને વશ થઈ ઘણો સંગ્રહ ન કરો. મગ, મઠ, અડદ તથા બીજાં અન્ય ફળાદિ જેમના ઉપર સફેદ ફૂગ પ્રગટ જોવામાં આવે તેમાં ત્રસ જીવ ઉત્પન્ન થઈ ગયા છે એમ જાણી ખાવાં જોઈએ નહિ.

વરસાદના સમયમાં ચાર મહિનાઓમાં કેટલીક વસ્તુઓનો તો સંગ્રહ જ ન કરો. **નગરમાં-શહેરમાં રહેવાનો ફાયદો તો એ જ છે કે જે સમયે ઈચ્છો તે સમયે બે-ચાર-પાંચ-દસ દિવસ ખાવા માટે જેટલું જરૂરી હોય તેટલું દસ-પાંચ જગ્યાએ સારો નિર્દોષ સામાન જોઈને ખરીદી શકાય છે.** વર્ષાઋતુમાં ગોળમાં, સાકરમાં, ખાંડમાં, ખૂબ કીડી, લટ, જીવાત થઈ જાય છે, સૂંઠ, અજમો, ઈલાયચી, કાજુ, ડાંડા, સોપારી ખૂબ સડી જાય છે, દ્રાક્ષ, પિસ્તા, ચારોળી, ખારેક, ટોપરૂ, વિગેરેમાં અગણિત લટ, કીડા, ઈયળ, ઉત્પન્ન થઈ જાય છે.

**ચાલતી હવાના સંયોગથી જ ગોળ વિગેરેમાં અસંખ્ય જીવ ઉત્પન્ન થઈ જાય**

**છે.** મર્યાદા રહિત લાડવા, પેંડા, ઘેવર(ઘેબર) બરફી વિગેરેમાં લટ વિગેરે ઘણા જીવ ઉત્પન્ન થતા પ્રગટ જોવામાં આવે છે. હળદર, ધાણા, જીરૂં, મરચું, આમચુર, આમલીમાં વર્ષાઋતુમાં ઘણા ત્રસ જીવ ઉત્પન્ન થઈ જાય છે. એટલે પદાર્થોનો થોડો સંગ્રહ કરો, રોજ જ જોઈ તપાસી તેમનો ઉપભોગ કરો. અહીં આ યત્નાચાર (સાવધાની) એ જ ધર્મ છે. આટો (લોટ) શિયાળામાં સાત દિવસનો, ઉનાળામાં પાંચ દિવસનો, વર્ષાઋતુમાં ત્રણ દિવસથી વધારેનો ખાવો જોઈએ નહિ. લોટનો સંગ્રહ કરવો જોઈએ નહિ. લોટમાં ઘણી લટો ઉપજે છે. દાળ-ચોખા વિગેરે જ્યારે પણ રાંધો (પકાવો) ત્યારે બે-ત્રણ વાર જોઈ તપાસીને રાંધો(પકાવો).

**પ્રશ્નોત્તર શ્રાવકાચારમાં એમ લખ્યું છે:-**

**'सर्वाशनं च न ग्राह्यं दिन-द्वययुतं नरैः' ।**

**અર્થ:-** સમસ્ત ભોજન બે દિવસથી વધારે વાસી ખાવું ન જોઈએ એટલે એક રાત વીતી ગયા પછી જો બીજી રાત વીતી જાય તો એ ભોજન મનુષ્યોના ખાવા યોગ્ય રહેતું નથી. એમાં પાણીના સંસર્ગ સહિત બધાં પકવાન વિગેરે પણ આવી ગયાં. પુઆ, માલપુઆ, હલવા વિગેરે તથા વડા, કચોરી રાતના વાસી થઈ જવાથી ચલિત રસ થઈ જાય છે-સ્વાદ બગડી જાય છે, કારણ કે તેમાં પાણીનો ઉપયોગ ઘણો રહે છે. રોટલી, ખીચડી, શાકભાજી, શાક, ચુંદો રાતનાં વાસી તો કદી ખાવાં જ ન જોઈએ. જો સ્વાદ બગડી ગયો હોય તો તે દિવસે પણ ખાવાં ન જોઈએ.

**રાત્રે બનાવેલાં બધાં જ ભોજન ખાવાં ન જોઈએ.** દહીં પહેલા દિવસનું જમાવેલું બીજા દિવસ સુધી ખાઈ લેવું જોઈએ, વધારે દિવસનું નહિ. **બે ફાડવાળી (દ્વિદળ) દાળના અનાજને દહીં, છાશ સાથે ખાવા ન જોઈએ.** જો એમને મેળવીને ખાશો તો તેમાં દ્વિદળનો દોષ લાગશે. જીભની નીચે કંઠમાં પહોચતાં જ જેમાં સમ્મૂર્ચ્છન જીવ ઉત્પન્ન થવા લાગે છે તેને દ્વિદળ કહે છે. દૂધને દોહી લીધા પછી ગાળીને બે ઘડી પહેલાં જ ગરમ કરી લેવું જોઈએ, પછીથી સમ્મૂર્ચ્છન ત્રસ જીવ ઉત્પન્ન થવા લાગે છે. ઘી પણ છાશમાંથી કાઢ્યા પછી તુરત જ ગરમ કરીને ગાળ્યા પછી ખાવા લાયક થાય છે, ગરમ કર્યા વિના કે ગાળ્યા વિના ખાવું ન જોઈએ.

**ઘી, તેલ, પાણી વિગેરે રસ ચામડાના વાસણમાં રાખેલાં ખાવા યોગ્ય નથી. તેમાં અસંખ્યાત ત્રસ જીવ ઉત્પન્ન થઈ જાય છે.** ચામડાનાં શીંકા-કુમ્પા-વાસણ

બને છે તેમને માંસને જમીનમાં દાટીને પછી કૂટીને માટીના સંચા ઉપર બનાવે છે. તેમનાથી અડેલું ઘી, તેલ, પાણી માંસ સમાન જ છે. જ્યારથી મુસલમાનોનું રાજ્ય થયું, ત્યારથી તેમની પ્રવૃત્તિ મુસલમાનોએ ચલાવી છે. જો ચામડાને અડ્યા સિવાયનું ઘી વિગેરે ન મળતું હોય તો સૂકું ભોજન કરો. ફાગણ(માસ) પછી તલમાં તથા સિંગોડામાં ઘણા ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. એટલા માટે ફાગણ(માસ) પછી તલ અથવા સિંગોડાં કદી ખાવાં ન જોઈએ.

**પાણીને જાડા, બેપડવાળા (બેવડા) કપડાથી ગાળીને પીવું જોઈએ, બીજાઓને પણ ગાળીને જ પાવું જોઈએ.** પશુઓને પણ ગાળીને જ પાવું જોઈએ. ગાળ્યા વિનાના પાણીથી સ્નાન, ભોજન, કપડાં ધોવાં વિગેરે કોઈપણ ક્રિયા કરવી ન જોઈએ. પાણીમાં સાવધાનીપૂર્વક વર્તવાથી દયાવાનપણાની મર્યાદા બની રહે છે. વાસણ(માટલા)ના મુખથી ત્રણગણા લાંબા પહોળા બે પડવાળા(બેવડા) નવા કપડાથી પાણી ગાળીને સંખારાને બીજા વાસણમાં લઈ જઈ પાણીના સ્થાને પહોંચાડી દેવો જોઈએ. પાણીમાં સાવધાનીની આ જ મર્યાદા છે. ગાળ્યા પછી બે ઘડીની મર્યાદા છે, પછી કામમાં લેવું હોય તો ફરીથી ગાળીને કામમાં લો. ગરમ કરેલું પાણી બે પ્રહર સુધી કામમાં લેવું. ઘણું ઉકાળીને ગરમ કરેલું હોય તો આઠ પ્રહર સુધી કામમાં લઈ શકાય (લેવું), તેના પછી ગાળ્યા વિના કામનું રહેતું નથી.

**કંદમૂળ ત્યાગ:-** કેટલીક વસ્તુઓના ખાવામાં ત્રસ જીવોનો ઘાત થવો જાણી તેમને બિલકુલ ખાવી જ ન જોઈએ. જેમકે બોર લટોનાં પ્રત્યક્ષ સ્થાન છે. ભીંડામાં ઘણી લટો ઉપજે છે, રીંગણાં, તરબૂચ, કોળુ, પેઠા, જાંબુ, પીચ, ટેટા, ગોળ અંજીર, કઠુંબર, ઉમરફળ, પીલૂ, બટાટા, જામફળ, ટીંડોરા, અજાણ્યા ફળ, નાનું ફળ (સૂક્ષ્મફળ) બહુ બીજવાળું ફળ, ચલિત રસફળ, સારા ફળ, પાંદડાંવાળી ભાજી, કંદ-મૂળ, આદુ, કલમીબોર, ઝાડીનાં બોર, (ચણીબોર), સલગમ, ડુંગળી(કાંદા), લસણ, ગાજર, શક્કરીયાં, કચનાર, મહુડા, ક્ષીરવૃક્ષનું ફળ, ખિન્ની લીંબોડી, વિગેરે અનેક ફળ, કેવડા-કેતકી વિગેરે ફૂલ એમાં તો પ્રત્યક્ષ પ્રગટ દોષ છે, આગમમાં પણ કહ્યા છે. પરમાગમથી વનસ્પતિનું એવું સ્વરૂપ જાણવું.

**વનસ્પતિ ત્યાગ:-** વનસ્પતિના બે ભેદ છે — એક પ્રત્યેક, બીજી સાધારણ. પ્રત્યેકના તો એક શરીરમાં એક જીવ હોય છે તથા સાધારણના એક શરીરમાં અનંતાનંત

જીવ હોય છે. સાધારણ વનસ્પતિ ખાવાથી અનંતાનંત જીવોનો ઘાત થાય છે, એમ જાણીને તેનો ત્યાગ કરવો ઉચિત જ છે.

**સાધારણ અને પ્રત્યેકને ઓળખવાનાં લક્ષણ આ રીતે છે -** જે વનસ્પતિને લીક પ્રગટ થઈ ન હોય, રેખા(રેસા) જેવું દેખાતું ન હોય, કળી પ્રગટ ન થઈ હોય, જેને ફોડવાથી સમભંગ (સમભાગ) થઈ જાય, ડાંડી તૂટે નહિ, જેમાં તંતૂ, તૂતડા પ્રગટ્યા ન હોય **તે સાધારણ વનસ્પતિ છે.** આના એક એક અણુમાત્રમાં અનંતાનંત જીવ હોય છે. જે વનસ્પતિમાં ધાર, કળી, રેખા પેલી પ્રગટ દેખાય તે સાધારણ નહિ, પ્રત્યેક વનસ્પતિ છે જેને તોડવાથી વાંકી, ત્રાસી ટુટે, સીધી ચાકુથી કાપીએ તેમ સાફ બરાબર ન તૂટે, જેમાં તૂતડા તાર પ્રગટ થઈ ગયા હોય **તે પ્રત્યેક વનસ્પતિ છે.**

કોઈ વનસ્પતિ પહેલાં સાધારણ હોય છે તે જ એક અંતર્મુહૂર્તમાં પ્રત્યેક થઈ જાય છે, કોઈ સાધારણ જ રહે છે. પાન, ફૂલ, બીજ, ફળ, ડાળી, કુંપળ ઈત્યાદિ બધી સાધારણ-પ્રત્યેકની આ જ ઓળખાણ છે. પત્તામાં સમભાગ વિગેરે હોય તો સાધારણ પત્તુ છે, અન્ય બધાં વૃક્ષ સાધારણ નથી. બીજ, કુંપળ સમભંગવાળાં હોય, રેખા વિગેરે પ્રગટ ન થયા હોય તો તે બધાં બીજ કુંપળ સાધારણ છે, બીજા સાધારણ નથી.

આ રીતે આ વનસ્પતિમાં કોઈ સાધારણ મળે છે, કોઈ પ્રત્યેક થઈ જાય છે વિગેરે દોષરૂપ છે. વનસ્પતિમાં સંસર્ગથી અનેક ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. એવું જાણીને **જે જિનેન્દ્રદેવના ધર્મને ધારણ કરીને પાપોથી ભયભીત છે તે બધા હરિતકાય(લીલોતરી)નો ત્યાગ કરે, જિવ્હા(જીભ) ઈન્દ્રિયને વશમાં કરે.**

જેમની સમસ્ત હરિતકાય(લીલોતરી)નો ત્યાગ કરવાની ક્ષમતા નથી તે કંદમૂળ આદિ અનંતકાયનો તો જીવનભર માટે ત્યાગ કરે. જે પાંચ ઉદંબર આદિ પ્રગટ ત્રસ જીવોથી ભરેલા છે એવાં ફળ, પુષ્પ, શાક, પત્તા આદિને ખાવાનું છોડીને ત્રસઘાત રહિત દેખાય તેવાં દસ-વીસ શાકભાજી, ફળ વિગેરેને પોતાના પરિણામોને યોગ્ય જાણી નિયમ લઈ લેવો જોઈએ. તેમના સિવાય અઠ્ઠાવીસ લાખ કરોડ કુલ વનસ્પતિકાય છે તેમનો ત્યાગ કરી પોતાનો ભાર ઉતારી દેવો જોઈએ.

પ્રામાણિક હરિતકાય (લીલોતરી)નો નિયમ કરવાવાળાને કરોડો અભક્ષ્ય ટળી જાય છે. તેમાં પાંદડા જાતિ તો ખાવા યોગ્ય જ નથી. ત્રસની ઉત્પત્તિવાળાંને છોડીને

અન્યનો પણ ઘણો ઘટાડીને નિયમ લેવો જોઈએ. ઘટાડ્યા વિના નિરર્ગલ રહેવાથી અસંયમીપણાનો આસ્રવ થાય છે. એટલે હરિતકાય(લીલોતરી) ખાવામાં નિયમ-વ્રત કરવાં યોગ્ય છે.

જે ભોજન ઉપર ફૂગ આવી ગઈ હોય, ઉપર ફૂલ જેવો નીલો, લીલો, લાલ(રંગ) આવી જાય તો તે ભોજન ખાવું જોઈએ નહિ, તેમાં અનંત જીવોનો ઘાત છે. જેના ઉપર ફૂલી-ફંફૂદી આવી જાય તેને દૂરથી જ ત્યાગી દેવું જોઈએ.

મોહના કારણે, પ્રમાદ ઉત્પન્ન કરવાવાળા, જ્ઞાનને બગાડવાવાળા, જિવ્હા(જીભ) ઈન્દ્રિય તથા કામ ઈન્દ્રિયને વિકળ કરવાવાળા એવા ભાંગ, તમાકું, છોતરાં, અમલ, હુક્કા, જર્દા વિગેરે અભક્ષ્યોનું ખાવું, પીવું જૈનધર્મીઓએ ત્યાગવા યોગ્ય છે. એ અમલ પરાધીન કરી દે છે.

**અફીણ ત્યાગ:-** અફીણ ખાવાવાળાને જો એક ઘડી અફીણ ન મળે તો જમીન ઉપર પડીને બેહોશ થઈ જાય છે. વેદનાના આર્ત્ત પરિણામથી પશુની જેમ જમીન પર પડેલો પગ રગડે છે, નિર્લજ થઈને માગવા લાગે છે, આંખમાંથી પાણી વહેવા લાગે છે, જો તેને અફીણ મળી જાય તો નશામાં આવીને ગાંડાની જેમ ઊંઘતો રહે છે, જિવ્હા ઈન્દ્રિયની લોલુપતા વધી જાય છે. સ્વાધ્યાય, ધર્મશ્રવણ, વ્રત, સંયમ, ઉપવાસ વિગેરે દૂરથી જ છોડી દે છે. તેની બુદ્ધિ ધર્મથી વિપરીત થઈ જાય છે, ઉત્તમ આચરણ નષ્ટ થઈ જાય છે.

**હોકા(નો)ત્યાગ:-** હોકાની મહા મલિનતા, દુર્ગંધ, તમાકું અને ધૂમાડાના યોગથી પાણીના જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. જ્યાં પણ હોકાનું પાણી ઢળે ત્યાં છ કાયના જીવોનો ઘાત થાય છે. તેની દુર્ગંધથી ઉત્તમ આચરણના ધારી પાસે બેસી શકતા નથી. હોકા પીવાવાળો વારે ઘડીયે ઘરે-ઘરે અગ્નિ શોધતો ફરે છે, ઘરમાં રાખનું વાસણ રાખેલું જ રહે છે. હોકો તો નીચકુળવાળા નીચ લોકોના પીવા યોગ્ય છે. હોકો પીવાવાળાને (ઘોડા)ગાડીવાળા ઘોડાના નોકર, મીના, ગૂજર, મુસલમાન વિગેરેની સોબત જ સારી લાગે છે. તે ઉત્તમ કુળવાળાઓને યોગ્ય નથી. જો હોકો ન મળે તો નાઈ, ધોબી, ગૂજર, મીના, તેલી, તમોલી, મુસલમાન વિગેરે પાસે ચલમ માગીને પી લે છે. જો ન પીએ તો મોટો રોગ-બિમારી ઉપજે છે. પેટમાં આફરો ચઢી જાય છે, નિહાર બંધ થઈ જાય છે. હોકો પીવાવાળાએ તો મોટી મુસીબત ગળે બાંધી દીધી

છે જેના કારણે તે વ્રત, સંયમ, ઉપવાસ, સ્વાધ્યાય વિગેરે બધા ઉત્તમ કાર્યોને તિલાંજલી આપી દે છે.

**જર્દા ત્યાગ:-** જર્દા મહા અપવિત્ર વસ્તુ છે. તેના ખાવાવાળા મોઢામાં રાખીને(જ) મળ-મૂત્ર કરી શકે છે. રસ્તામાં ચાલતાં સડક ઉપર મળ-મૂત્ર વિગેરે ઉપર જૂતાં પહેરીને જ જર્દા ખાઈ લે છે. માંસભક્ષી શરાબ પીવાવાળાઓના તથા નીચ જાતિના ઘરનું પાણી મેળવેલા કાથો-ચુનો ખાઈ લે છે. નીચ જાતિના લોકો પોતાના હાથોને ધોયા વિના જ નીચેના અંગોને ખંજવાળીને જર્દા મસળીને આપી દે છે તો પણ આ ખાઈ લે છે. એંઠાની પણ ગ્લાનિ કરતો નથી. બધાં સૂવાનાં સ્થાનો, બેસવાનાં સ્થાનો, ખૂણા, બારી, જાળી વિગેરે બધી જગ્યાએ થૂંકી થૂંકીને ગંદકીથી ભરી દે છે. પશુ પણ રસ્તામાં ચાલતાં ચાલતાં સૂતેલાં રહી મોઢું ચલાવતાં નથી, જર્દા ખાવાવાળાને પશુથી પણ અધિક વિકળતા છે. એના મુખમાં હંમેશાં મહા દુર્ગંધ રહે છે. જર્દાની પીચકારી જ્યાં પડે છે ત્યાં માખી, મચ્છર, ડાંસ, મંકોડા, કીડા, કીડી, મોટા મોટા ત્રસજીવ પણ મરી જાય છે, પાંચ સ્થાવરોનો ઘાત તો ત્યાં થાય જ છે. તેના વ્રત, સંયમ, ઉપવાસ, સ્વાધ્યાય, જાપ, શુભ-ભાવનાનો પણ નાશ થઈ જાય છે.

**જર્દા ખાવાવાળાઓની બુદ્ધિ, આત્માના હિતમાં પ્રવર્તતી નથી, સંયમને યોગ્ય રહેતી નથી.** તેમનામાં દયા, ક્ષમા, શીલ, સંતોષ, ઈન્દ્રિય વિજયનાં પરિણામ કદી હોતાં નથી. અનેક પાપાચાર, કપટ, છળમાં તેમની બુદ્ધિ પ્રવીણ થઈ જાય છે. અનેક વ્યસનોમાં લાગી જાય છે. જર્દા ખાવાવાળાને માગવામાં શરમ આવતી નથી. બધી નીચ જાતિના લોકોથી પણ માગીને ખાઈ લે છે. શરાબ-માંસ ખાવાવાળા જે સમયે શરાબ પીવે છે, હોકો પીવે છે, આ તેમના હાથનાં આપેલાં જર્દા, બીડી માગી માગીને ખાતો-પીતો રહે છે.

**જર્દા ખાવાવાળા ઘણા મનુષ્યોને સારી રીતે નજીકથી જોયા છે - એકને પણ પરમાર્થની બુદ્ધિ-પરલોક સુધારવાની બુદ્ધિ જ હોતી નથી.** આ જર્દાના પ્રભાવથી હીન આચરણ વધી જાય છે તથા તેની બુદ્ધિ પરમાર્થથી ભ્રષ્ટ થઈ લૌકિક લોકોની જેમ છળમાં, વ્યભિચારમાં, લોભમાં પ્રબળ થઈ જાય છે. **જર્દા ખાવાવાળાને સાચો ધર્મ થઈ શકતો નથી.** આ રીતે પોતાના પરિણામમાં સ્વયં પોતે જોઈ શકે છે, અનુભવ કરી શકે છે. બીજા જર્દા ખાવાવાળાનું સ્વરૂપ પણ સ્વયં પ્રત્યક્ષ જોઈ જર્દા ખાવાનો અવશ્ય જ ત્યાગ કરો. જર્દા ખાવાવાળો કદાચ એક દિવસ પણ જર્દા

ન ખાય તો પરિણામોમાં ઉપાધિ, પેટમાં પીડા, તથા અનેક રોગ ઉત્પન્ન થઈ જાય છે. એટલા માટે જર્દા ખાવો(તે) મહા રોગને, મહા વ્યાધિને સૂગાળવાને અંગીકાર કરવો(તે) છે.

**ભાંગ ત્યાગ:-** ભાંગ પીવાથી પોતાની મોટાઈ, શોભા નષ્ટ થઈ જાય છે. ભાંગ પીવાવાળાની ઈજ્જત ઘટી જાય છે, જિવ્હા ઈન્દ્રિયની લોલુપતા વધી જાય છે, વિકલતા સતાવે છે. તે તો પ્રમાદી થઈને એશ કરવા, ખૂબ ઊંઘવા, ખૂબ ઘી-સાકરનું ભોજન કરવા ઈચ્છે છે. પાંચેય ઈન્દ્રિયના વિષયોની લંપટતાને પ્રાપ્ત થાય છે, જ્ઞાન કમજોર થઈ જાય છે, વહેમી થઈ જાય છે. ભાંગ પીવાવાળાને મીઠા ભોજનમાં એટલી લંપટતા થઈ જાય છે કે મીઠું(ભોજન) મળવાથી જાણે કૃતકૃત્ય થઈ જાય છે. તેને આત્મજ્ઞાન, ધર્મનું જ્ઞાન કદી થતું નથી, બાહ્ય આચરણથી ભ્રષ્ટ થાય જ છે.

ભાંગમાં હજારો ત્રસ જીવ ચાલતા દોડતા જોવામાં આવે છે, ઉપજતા રહે છે. વર્ષાઋતુમાં ભાંગમાં અગણિત ત્રસ જીવ ઉત્પન્ન થઈ જાય છે. ભાંગ પીવાવાળો ભાંગને તપાસતો નથી, ઘૂંટીને પી જાય છે.

આ રીતે અફીણ ખાવું, જર્દા ખાવો, હોકો પીવો, ભાંગ પીવી, છોંતરા પીવા, તમાકુ સુંઘવી એ શરીરના તો મહારોગ જ છે. તેમના નશા કરવાવાળાની ચહેરાની આકૃતિ (સિકલ) બગડી જાય છે, ધર્મ તથા આચરણ બગડી જ જાય છે, એવો નિયમ છે, એ નશા સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રના પણ મહાઘાતક જ છે. એ અમલ અનર્થદંડોમાં પણ છે, વ્યસનોમાં પણ છે, તથા અભક્ષ્યોમાં પણ છે. એટલા માટે જો પોતાનો મનુષ્ય જન્મ, જૈનધર્મ, ઉત્તમ કુળ, આદિ જે મળ્યું છે તેને સફળ કરવા ઈચ્છો છો તો આ નશા કરવાનો ત્યાગ જ કરો.

**રાત્રિ ભોજન ત્યાગ:-** રાત્રિના સમયે ભોજન કરવું ત્યાગને યોગ્ય જ છે. જે રાત્રે ભોજન કરે છે તેને યત્નાચાર તો રહેતો જ નથી, જીવોની હિંસા થાય જ છે. રાત્રે કીડી, મચ્છર, માખી, મંકોડા, કસારા વિગેરે અનેક જીવ ભોજનમાં આવીને પડે છે. જો દીપક, વીજળી પેટાવીને ભોજન કરે છે તો અજવાળાના સંયોગથી દૂર-દૂરના જીવ દીપક પાસે તેજીથી આવી ભોજનમાં પડે છે. **જૈનધર્મી થઈને જો રાત્રિમાં ભોજન કરે છે તો આગળ માર્ગથી ભ્રષ્ટ થઈ જશે.** રાત્રે ચૂલા, ચક્કી, પાણી, વાસણનો

આરંભ કરવો, રાખવું, ઉઠાવવું, માંજવું, ધોવું આ ઘોર પાપ કર્મોથી તો મહાન હિંસા દુઃખ પ્રગટ થાય છે, ત્યારે ઘોર આરંભીને જૈનધર્મનો લેશ પણ રહેતો નથી.

**કોઈ કહે છે -** આરંભ તો રાત્રે ન કરવો, પરંતુ બન્યું બનાવેલું જ ભોજન, લાડવા, પેંડા, પુરી, પૌઆ, બરફી, દૂધ વિગેરે સીધા લેવામાં તો રાત્રિનો કોઈ આરંભ ન થયો ?

**તેને આ રીતે સમજાવે છે -** જે દિવસ છોડીને રાત્રે ભોજન કરે છે તેને તીવ્ર રાગ-રૂપ મહાન હિંસા થાય છે. જેમ અનાજને ગ્રહણ કરવાનો અનુરાગ તથા માંસને ગ્રહણ કરવાનો અનુરાગ સમાન નથી હોતો તેમ રાત્રિ ભોજનનો અનુરાગ તથા દિવસના ભોજનનો અનુરાગ સમાન નથી. દિવસે જ ભોજન પર્યાપ્ત છે. **જે રાત્રે અને દિવસે - બંને સમયે ભોજન કરે છે** તેને ઢોર સમાન ધર્મપ્ર વૃત્તિ થઈ. રાત્રિ ભોજન કરવાવાળાને વ્રત-તપ હોતાં નથી.

**એમ વિશેષ જાણવું -** અનાદિકાળથી વિદેહક્ષેત્રમાં તથા ભરતક્ષેત્રમાં જૈનધર્મીને તો દિવસમાં એક-વાર કે બે વાર જ ભોજન હોય છે, રાત્રે તો કદી પણ ભોજન હોતું નથી. જો રાત્રે ભોજન કરે છે તો ચૂલા, ચક્કી(ઘંટી) બુહારી(ઝાડુ) પાણી વિગેરે સમસ્ત આરંભ રાત્રે જ થશે. ભોજન બનાવવામાં, શાકભાજી બનાવવામાં, પુરૂષોના ભોજન કરવામાં, સ્ત્રી-કુંટુંબ-નોકર વિગેરેના ભોજન કરવામાં, વાસણ ધોવામાં, સાફ કરવામાં, લૂછવામાં બે પ્રહર રાત્રિ તો વીતી જાય છે. અનેક જીવોનો સંહાર થઈ જાય છે, સમસ્ત યત્નાચારનો અભાવ થઈ જાય છે. કીડા, કીડી, ઈયળ, કંસારી, મંકોડી વિગેરે મોટા મોટા જીવોનું ભોજનમાં પડવું, તથા બળતણમાં, ચૂલામાં, શાકભાજીમાં, પાણીમાં, વાસણોમાં તો પડે જ છે. દીપક તથા ચૂલા આદિના નિમિત્તથી માખી, મચ્છર, ડાંસ, પતંગીયાં વિગેરે અનેક જીવોનો નિત્ય પ્રતિ જ હોમ થઈ રહ્યો છે. દિવસે પણ આરંભ તથા રાત્રે પણ ઘોર આરંભથી બધા પરિવારના લોકોને ખૂબ દુઃખ ઉત્પન્ન થઈ જાય છે.

રાત્રે ઘોર ધંધા-આરંભ કરવાથી પરિણામોમાં સમતા આવી શકતી નથી. રાત્રિમાં ભોજન કરવાવાળાને ધર્મસેવન, શાસ્ત્રનું પઠન, શ્રવણ, તત્ત્વાર્થની ચર્ચા, સામાયિક, જાપ, શુભ ધ્યાનનો તો સમય જ રહેતો નથી. **જિનેન્દ્ર ધર્મના ધારક રાત્રિ ભોજન કદી પણ કરતા નથી - એવી સનાતન રીતિ હજુ સુધી ચાલી રહી છે.** કરોડો

મનુષ્યોમાં આ વાત પ્રસિદ્ધ છે કે જૈનધર્મી રાત્રિમાં ભોજન કરતા નથી. આવી યશની ઉજ્જ્વલતા, પ્રભાવના, ઉચ્ચતા, ભોજનની શુદ્ધતાને બગાડીને જો કોઈ પ્રમાદી વિષયોમાં અંધ બની રાત્રે દૂધ, કલાકંદ, પેંડા ખાય છે, તથા દવા-પાણી આદિ પીએ છે તે પોતાના ઉત્તમ આચરણને, ધર્મને, કુળની મર્યાદાને, જૈનીપણાને પાણીમાં ડૂબાડી સન્માર્ગથી ભ્રષ્ટ થયેલો ઉન્માર્ગી છે, તેનો તો બાહ્ય અભ્યંતર માર્ગ જ ભ્રષ્ટ છે અને તે આગળ અધર્મની પરિપાટી ચલાવવાવાળો છે. આ રીતે રાત્રે બનાવેલું ભોજન પણ દિવસે ખાવા યોગ્ય નથી.

**નીચ સંગતિ (સોબત) ત્યાગ:-** મિથ્યા ધર્મ ધારકો સાથે, માંસભક્ષીઓ સાથે બેસીને ભોજન ન કરો. નીચ જાતિના પુરૂષોથી મિત્રતા ન કરો. દેવતાને ચઢાવેલું ભોજન ખાવું ન જોઈએ. હાથી દાંતની બંગડી, ઉનનું વસ્ત્ર, કાંબળો પહેરીને બનાવેલું ભોજન હોય તો તે પણ ખાવા યોગ્ય નથી. માંસભક્ષીના ઘરે, નીચ જાતિના ઘરમાં ભોજન કરવું જોઈએ નહિ.

**અત્તર ત્યાગ:-** અત્તરોનો અર્ક, માજૂમ(એક પ્રકારનો કેફી પદાર્થ) શરબત તથા અન્ય સઘળી વસ્તુઓ ખાવા યોગ્ય નથી. અત્તરવાળાને ત્યાં વિદેશી બનાવટના, મલેચ્છોના પાણીથી બનાવેલા જૂઠા(એંઠા)અર્કની ભરેલી બોટલો આવે છે તથા તે કઈ કઈ વસ્તુથી બનાવેલ છે તે બધું અજાણ છે. અર્કમાં અનેક જળચર, થલચર, નભચર, પંચેન્દ્રિય વિગેરે જીવોના માંસના ઘણા અર્ક છે. **અનેક પ્રકારના શરાબ બનાવીને તેનું નામ અર્ક રાખી દે છે.** ઘણા જીવોના ઈંડાંના રસની બોટલો ભરી રાખેલી છે. સમસ્ત શરબત, મુરબ્બા, માજૂમ, જવારસ(બીયર) વિગેરેમાં મધુ હોય છે. અનેક જીવોના અનેક અંગ ઈન્દ્રિયો, જીભ, કલેજુ, સૂકાયેલું માંસ વિગેરે અત્તરવાળો વેચે છે. ભારતના સર્વે ઉત્તમ કુળવાળાની બુદ્ધિ ભ્રષ્ટ કરવા મુસલમાન લોકોએ પોતાની ઈચ્છા પ્રમાણે ભક્ષણ કરાવવા માટે સંપૂર્ણ હિંદુસ્તાનના લોકોને ભ્રષ્ટ કરવા માટે અત્તરવાળાઓએ દુકાનો ખોલી છે.

એક કરોડ કસાઈઓની હિંસા બરાબર એક અત્તરની દુકાનની દવાઓમાં હિંસા છે. અહીં આપણા ભારત દેશમાં રાજા લોકોએ હિંદુ ધર્મ તથા ભારતીય સંસ્કૃતિની રક્ષા માટે વિક્રમ સંવત ૧૮૨૨ સુધી તો અત્તરોનું વેચાણ, તથા દુકાન કરવા ન દીધાં. પછી કાળના નિમિત્તથી પાપની પ્રવૃત્તિ ફેલાઈ ગઈ. હવે ઉત્તમ કુળવાળા પણ આ અર્ક વિગેરેનું સેવન કરવા લાગ્યા છે. માંસભક્ષી મુસલમાનનાં એઠાં તથા શરાબ વિગેરે

ખાવા-પીવાથી હવે બ્રાહ્મણપણું, મહાજનપણું, વૈશ્યપણું ક્યાં રહી ગયું છે ? બધાં કુળ આચરણ ભ્રષ્ટ થઈ ગયાં છે.

**આચરણ ભ્રષ્ટ થઈ જવાથી, અભક્ષ્ય ભક્ષણ કરવાથી જ લોકોની બુદ્ધિ સત્યાર્થ ધર્મથી રહિત થઈ ગઈ છે.** અત્તારોની ઔષધિથી જ રોગ મટે છે એવો નિયમ નથી. અત્તારોનો અર્ક પીને ધર્મભ્રષ્ટ થઈ ઘણા લોકો મરતા જોવામાં આવે છે. **જેમને દુર્ગતિનો બંધ થઈ ગયો છે તેમને જ એમની ભ્રષ્ટ ઔષધિથી આરામ થાય છે.** જેવી રીતે રાજા અરવિંદને દાહ જ્વર થઈ ગયો હતો, તેને અનેક ઈલાજ કર્યા તો પણ રોગ શાન્ત ન થયો.

એક દિવસે મહેલની છત પર બે ગરોળીની લડાઈ થવાથી તેમના લોહીનું એક ટીપું રાજાના શરીર પર આવી પડ્યું, જેનાથી રાજાને ઘણી શીતળતાનો અનુભવ થયો. ત્યારે એ પાપી રાજાએ પોતાના પુત્રને કહ્યું - મને લોહીની વાવડી ભરાવી દો, હું એમાં ખૂબ નાહીને દાહના આતાપથી રહિત થઈ જઈશ. ત્યારે પુત્રએ પાપથી ભયભીત થઈને લાખના રંગની વાવડી ભરાવી દીધી. રાજા વાવડીને જોઈને ખૂબ આનંદિત થઈ વાવડીમાં ડૂબીને નહાવા પહોંચ્યો, પરંતુ તે વાવડીને નકલી લોહીની વાવડી જાણી પુત્ર ઉપર ખૂબ ક્રોધિત થયો. પુત્રને મારી નાખવા માટે છરી લઈને દોડ્યો પરંતુ રસ્તામાં જ પડી ગયો તથા પોતાના હાથની છરીથી સ્વયં જ મરી ગયો અને નરકમાં જઈ પહોંચ્યો. આ રીતે જેમની દુર્ગતિ થવાની છે. તેમને અત્તારની દવાઓથી આરામ થઈ જાય છે, ત્યારે પાપરૂપ અત્તારની અન્ય વસ્તુઓમાં તેની પ્રવૃત્તિ થઈ જાય છે. એટલે પ્રાણોના નાશનો અવસર આવે તો પણ છ મહિનાના બાળકને પણ અત્તરની ઔષધિ આપવી ઉચિત નથી.

**ધર્મ બગડી ગયા પછી આ જૈનધર્મ અનંતકાળમાં પણ મળશે નહિ.** એટલા માટે જૈનધર્મના ધારકોએ શરીરના હજારો ખંડ (ટૂકડા) થઈ જાય તો પણ અભક્ષ્ય ભક્ષણ કરવું જોઈએ નહિ.

**હોટલ (બજાર)ના ભોજનનો ત્યાગ** : બજારની દુકાનોનો આટો કદી પણ ખાવો જોઈએ નહિ. વેચવાવાળાઓને ત્યાં બધી ચમારણ, કાછિયણ, મુસલમાની, ધોબણ વિગેરે દળે છે. મુસલમાન, ધોબી, બલાઈ વિગેરેને રાજાના તબેલા તોપખાનામાંથી આટો મળે છે, તેમની પાસેથી બજારના દુકાનદાર ખરીદી લે છે. આ આટો એક મહિના

કે છ મહિના પહેલાં દળેલો હોય છે. કોઈ મર્યાદા નથી. તેમાં હજારો ઈયળો થઈ જાય છે. ઘણા લોકો તો સડેલું અનાજ લઈને દળાવીને વેચે છે, તથા ખરીદવાવાળા મુસલમાન-મલેચ્છ વિગેરે બધા તે આટામાં હાથ લગાવીને તોલાવીને લઈ જાય છે. મુસલમાનોના નૂકતા (મૃત્યુભોજન), વિવાહમાં જો કામમાં ન આવે તો અડધો આટો તો વાપરી નાખે છે, અડધો દુકાનદારને જ પાછો આપી દે છે.

ધર્મશાળા, હોટલનાં, દુકાનદારનાં પીત્તળનાં કાંસાનાં, લોઢા (સ્ટીલ)નાં વાસણ ભોજન કરવા, બનાવવા માટે લેવા યોગ્ય નથી. તે તો બધા માંસભક્ષી દુરાચારીઓને પણ તે જ વાસણો આપી દે છે. એટલા માટે પોતાના આચરણની ઉજ્જવળતા જાળવવા ઈચ્છતા હો તો ત્રણ ચાર વાસણ પોતાની પાસે રાખીને વિદેશમાં બહાર ગમન કરવા નીકળવું જોઈએ. ત્યાં દમડી (પૈસાનો ચોથો ભાગ) વધારે આપીને (પણ) આટો તૈયાર કરાવીને ખાવો જોઈએ. જો વિધિ અનુસાર તૈયાર કરેલો આટો ન મળે તો ખીચડી, ઘુંઘરી બનાવીને ખાઈ લેવાં જોઈએ.

**અભક્ષ્ય ત્યાગ** : બજારની મિઠાઈ, લાડુ, બરફી, ઘેવર (તારફેણી) વિગેરે ખાવાં જોઈએ નહિ. તેમના આટાનું, ઘીનું, પાણીનું કંઈ પણ પ્રામાણિકપણું નથી, માપ નથી, મર્યાદા નથી. લોભી તથા નિંદ્યકર્મીઓને કોઈ આચાર-વિચારનો વિવેક હોતો નથી. મેંદાનું ખીરૂ બનાવીને સડાવે છે, ખીરૂ થતાં જ તેમાં અનંતાનંત જીવ ઉપજવા લાગે છે. પછી કઢાઈના ગરમ ઘી યા તેલમાં પકાવે છે, શેકે છે, જલેબી બનાવે છે, ફેણી બનાવે છે, જે ખાવા યોગ્ય નથી. દહીંમાં ખાંડ સાકર બૂરૂ મેળવીને લાંબા સમય સુધી રાખવું ન જોઈએ, બે મુહૂર્તમાં જ ખાવું યોગ્ય છે. પોતાના પુત્ર, ભાઈ, મિત્રાદિ સાથે ભેગા મળી એક જ વાસણમાં (થાળીમાં) ભોજન કરવું ઉચિત નથી.

મનુષ્યોએ કૂતરા, બિલાડી વિગેરેએ (બોટેલુ) એંઠુ ભોજન ત્યાગવા યોગ્ય છે. ગધેડા, ગાય, ભેંસ તિર્યંચોના એંઠા પાણી વિગેરેમાં સ્નાન ન કરવું, પીવું તો કદી ન જ જોઈએ. અનાજના, ખાંડના, લાપસીના બનાવેલા મનુષ્ય તિર્યંચ આકારને ખાવા નહિ. દેવી, દિહાડી, વ્યંતરોની પૂજાના સંકલ્પપૂર્વક બનાવેલું, ચઢાવેલું ભોજન ત્યાગવા યોગ્ય છે. માંસભક્ષીઓના વાસણમાં ભોજન કરવું ન જોઈએ. પોતાના વાસણ માંસભક્ષીના માગવા ઉપર પણ ન આપો. હજામના વાસણના પાણીથી બાલ કપાવો નહી. રજસ્વાલા (સ્ત્રી)નું અડેલું વાસણ ભોજનને યોગ્ય નથી.

**અનુપસેવ્ય ત્યાગ** : અનુપસેવ્ય જાણીને, વિકારરૂપ વસ્ત્ર, આભૂષણ વિગેરે પહેરવાં ન જોઈએ. જે ઉત્તમ કુળને યોગ્ય નથી એવા નીચ કુળના પહેરવેશ, વેશ્યા તથા નીચ પુરૂષોના પોશાક, સિપાહીઓ તથા મલેચ્છ મુસલમાનોના પોશાક, સ્વામી, યોગી, ફકીર, ભાંડના પહેરવાનાં વસ્ત્રો-આભૂષણો પરિણામ બગાડી દે છે એટલે પહેરવાં ન જોઈએ. સ્વયં પોતામાં, તથા બીજામાં વિકાર પેદા ન કરે તેવાં, પોતાના પદને યોગ્ય, અવસ્થાને (ઉંમર)ને યોગ્ય, લોકથી અવિરૂદ્ધ એવા આભૂષણ, વસ્ત્ર, વેશ ધારણ કરવા જ ઉચિત છે.

**ઘણું કહેવાથી શું ?** ટુંકમાં એટલું જાણી લેવું કે સમસ્ત સંસારના પરિભ્રમણનું કારણ **પાંચ ઈન્દ્રિયોના વિષયમાં લાલસા છે. પાંચ ઈન્દ્રિયોમાં પણ જિવ્હા ઈન્દ્રિય તથા ઉપસ્થ ઈન્દ્રિય આ બે ઈન્દ્રિયોની લાલસા આ લોક તથા પરલોક બંનેને બગાડવાવાળી છે.** આ બે ઈન્દ્રિઓના વિષયોની લોલુપતા જેમને અધિક છે તે મનુષ્ય જન્મમાં પણ પશુ સમાન છે. પશુયોનિમાં પણ આ બે ઈન્દ્રિઓના વિષયોની ઈચ્છાથી પરસ્પર (અંદર અંદર) લડી લડીને મરી જાય છે, મારી નાખે છે, મારીને ખાઈ જાય છે. મનુષ્ય જન્મમાં પણ કલહ કરવો, મરવું, મારવું, બેશરમ થવું, એંઠું ખાવું, રોદણાં રોવાં, પુણ્યદાન લેવું, અભક્ષ્ય ભક્ષણ કરવું, વિગેરે બધા નીચકર્મોમાં પ્રવૃત્તિ કરવી (તે) ઈન્દ્રિયોના વિષયોની લાલસાથી જ થાય છે.

**વિચાર કરીને જુઓ !** ભોગભૂમિના તથા દેવલોકના વિવિધ ભોગોથી જ્યારે તૃપ્તિ ન થઈ, ત્યારે આ થોડોક જીભનો સ્પર્શ માત્રનો સ્વાદ તો ઘણા થોડા સમયનો છે, ભોજન ગળી ગયા પછી નથી, તથા તેના પહેલાં પણ નથી, તેનાથી તૃપ્તિ કેવી રીતે થાય ? આ રીતે તૃષ્ણાને વધારવાવાળા આહારમાં લુબ્ધતા (લોલુપતા) છોડી બધી ઈન્દ્રિયોને જીતીને રસ-નીરસ ભોજનની કર્મોએ જે વિધિ મેળવી છે તેમાં સંતોષ કરીને, અભક્ષોનો ત્યાગ કરીને, દેહની રક્ષા અર્થે જે ભોજન કરે છે તે બધા પાપોથી રહિત થઈ દેવલોકને પાત્ર થાય છે.

**પરિણામોની શક્તિ અનુસાર વ્રત લેવું :- અહિં એમ જાણવું કે -** જે મનુષ્ય ભોગોપભોગ પરિમાણ વ્રત લે તેણે પોતાના પરિણામોની દઢતા રાખી લેવી જોઈએ કે મારો કેટલો રાગ ઘટ્યો છે, કેટલો રાગ હજુ ઘટ્યો નથી. એ પણ સામર્થ્ય (શક્તિ) જોઈ લે કે જેટલો હું ત્યાગ કરી રહ્યો છું તેના અનુસાર મારૂં શરીર તથા મારા પરિણામોમાં

તેમને સહન કરવાની શક્તિ છે કે નહિ ? આ રીતે વિચાર કરીને વ્રત ધારણ કરવાં જોઈએ.

દેશની રીતિ નિર્વાહ (નિભાવ) યોગ્ય જોવી જોઈએ. આપણું કોઈ સહાયક છે કે ત્યાગ-વ્રતને બગાડવાવાળું છે — એવો પણ વિચાર કરી લેવો જોઈએ. પોતાના શરીરનું નીરોગીપણું જોવું જોઈએ, ભોજન વિગેરે મળવા યા ન મળવાનો સંયોગ જોવો જોઈએ. ભોજન મારા આધીન છે કે પરાધીન એ પણ જોવું જોઈએ. મારા દ્વારા આ વ્રતોને લેવાથી મારા તથા સ્ત્રી-પુરૂષ, માતા-પિતા-સ્વામી ઈત્યાદિના પરિણામોમાં સંકલેશ થશે કે નહિ થાય ? આપણું (પોતાનું) સ્વાધીનપણું, પરાધીનપણું જાણીને જેવી રીતે પરિણામોની ઉજ્જવલતા સહિત વ્રતનો નિભાવ થાય એ રીતે નિયમરૂપ ત્યાગ કરવો જોઈએ.

**આજીવન ત્યાગવા યોગ્ય** : યમ અર્થાત્ જ્યાં સુધી જીવન બાકી છે (શેષ છે) ત્યાં સુધી ત્યાગ કરવો. કેટલાયે પદાર્થો તો આજીવન જ ત્યાગવા યોગ્ય છે, જેમાં પ્રગટ ત્રસ જીવોનો ઘાત થાય છે, અનંત જીવોનો ઘાત થાય છે, પોતાના કુળમાં સેવન કરવા યોગ્ય નથી, નશો કરાવવાવાળાં છે, તથા મદ્ય-માંસ, મધુ, માખણ, મદિરા, અથાણું, મહાવિકૃતિ, રાત્રે ભોજન કરવું, જુગાર વિગેરે સાતેય વ્યસન, આપ્યા વિનાના પર ધનનું ગ્રહણ, ત્રસહિંસા, સ્થૂળ અસત્ય, અન્યાયનો પરિગ્રહ, ગાળ્યા વિનાનું પાણી, અનર્થદંડ એ તો આજીવન જ ત્યાગવા યોગ્ય છે, એમાં નિયમ શું કરવો? એ તો મહા અનીતિ છે. એમનો ત્યાગ કરવાથી શરીર પર કંઈ તકલીફ, ભાર, દુઃખ આવતું નથી, અપયશ પણ થતો નથી એમનો ત્યાગ કરવામાં ધન ખર્ચ થતું નથી, બળ જોઈતું નથી, સ્વામી તથા સ્ત્રી-પુત્ર, માતા-પિતા, કુટુંબ વિગેરેની સહાયતા જોઈતી નથી, કોઈને પૂછવાનું કે કોઈને બતાવવાનું કંઈ કામ નથી, પોતાના પરિણામોને જ આધીન છે. એમનો ત્યાગ કરવામાં કોઈ પ્રકારથી ઠંડી, ગરમી, ભૂખ, તરસ વિગેરેની બાધા પીડા ભોગવવી પડતી નથી, સ્વાધીન છે, પરિણામો તથા દેહમાં સુખ આપનાર છે. એટલા માટે દુર્લભ સામગ્રી મનુષ્ય-જન્મ, જૈનકુળ, જૈનધર્મ પામીને ભોગોપભોગ પરિમાણ કરવું શ્રેષ્ઠ છે.

**તકલીફમાં દ્રઢતા ધારણ કરો** - કદાચ ક્યારેક પ્રબળ કર્મના ઉદયથી એ મનુષ્ય જેણે વ્રત લીધું છે કોઈ કુદેશમાં પરાધીનતામાં આવી જાય, તીવ્ર બુઢાપો આવી જવાથી ઉઠવા-બેસવા-ચાલવાની શક્તિ ઘટી જાય, કોઈ સ્ત્રી, પુત્ર આદિ સહાયક ન રહે,

આંખોથી આંધળો થઈ જાય, બહેરો થઈ જાય, લાંબી માંદગી આવી જાય, જેલમાં મલેચ્છને આધીન થઈ જાય, દુષ્ટ મલેચ્છ આદિ પોતાનું ભોજન-પાણી વિગેરે બગાડી નાખે, જબરદસ્તી બધાની સાથે બેસાડી ખાનપાન કરાવે, એવા એવા ઉપદ્રવ આવી જાય તો ત્યાં પોતાના અંતરંગમાં તો વ્રત સંયમ ન છોડવાં તથા બહાર શ્રી પંચનમસ્કાર મંત્રનું ધ્યાન કરતા રહેવા પર જ તે શુદ્ધ છે, કેમકે બાહ્ય દેહ આદિ પવિત્ર રહે યા અપવિત્ર થઈ જાય, મલમૂત્ર-લોહી વિગેરેથી લિપ્ત થઈ જાય, સમસ્ત કુત્સિત ગ્લાનિ યોગ્ય સ્થિતિ થઈ જાય (તે) પુરૂષ પણ જો પરમાત્માનું સ્મરણ કરે છે તો તે બહારથી પણ પવિત્ર છે અને અંદરથી પણ પવિત્ર છે.

દેહ તો સપ્ત ધાતુમય મલ-મૂત્રાદિનો ભરેલો છે તથા રોગોનું સ્થાન છે. એક ક્ષણમાં સંપૂર્ણ શરીરમાં કોઢ ઝરવા લાગે છે, હજારો ફોડલા-ફોડલી, ગુમડા, લોહી, પાસ (પરૂ) વહેવા લાગે છે, મળ-મૂત્ર પોતાની જાતે જ વહેવા લાગે છે, એવી દશામાં બાહ્ય વ્યવહાર શુદ્ધતા કેવી રીતે થાય, તથા નિર્ધન, એકાકીનો સહાયક કોણ થાય છે ?

**ધર્માત્મા પુરૂષ તો અશુભ કર્મના ઉદયમાં ગ્લાનિ ત્યાગ કરીને ધીરજ ધારણ કરી આર્ત્ત પરિણામો દ્વારા સંકલેશ કરતા નથી.** તેઓ તો અશુભ કર્મના ઉદયને નિર્જરા માનીને, અંતરંગ વીતરાગતા દ્વારા સંસાર, શરીર, ભોગોના સ્વરૂપનું ચિંતવન કરી બાર ભાવનાઓ ભાવી કર્મના ઉદયથી પોતાના આત્મસ્વરૂપને ભિન્ન, જ્ઞાતા-દ્રષ્ટા-શુદ્ધ ચિંતવન કરી વીતરાગતા દ્વારા જ રાગ, દ્વેષ, હર્ષ, વિષાદ, ગ્લાનિ, ભય, લોભ, મમતારૂપ આત્માના મેલને ધોઈને પોતાને શુદ્ધ માને છે, તેમને જ સંપૂર્ણ શુદ્ધતા હોય છે.

હવે **ભોગોપભોગ પરિમાણ વ્રતના બે ભેદ** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**नियमो यमश्च विहितौ द्वेधा भोगोपभोग-संहारे ।**
**नियमः परिमितकालो यावज्जीवं यमो ध्रियते ।।८७।।**

**અર્થઃ-** ભગવાને ભોગોપભોગ ઘટાડવાને નિયમ અને યમ એમ બે પ્રકારના ભોગોપભોગ પરિમાણ વ્રત કહ્યાં છે. કાળની મર્યાદા લઈને ત્યાગ કરવાને નિયમ કહ્યો છે, તથા જ્યાં સુધી આ દેહમાં જીવન છે ત્યાં સુધી(આજીવન) ત્યાગ કરવાને યમ કહેવાય છે.

**ભાવાર્થ:-** જે એક વખત ભોગવવામાં આવે એવા આહાર વિગેરે તો ભોગ છે, તથા જે વારંવાર ભોગવવામાં આવે એવા વસ્ત્ર-આભરણ વિગેરે ઉપભોગ છે. આ ભોગ-ઉપભોગોનો ત્યાગ યમ અને નિયમથી બે પ્રકારનો છે. એમાં જ ભોગ-ઉપભોગનો એક મુહૂર્ત, બે મુહૂર્ત, એક પ્રહર, બે પ્રહર, એક દિવસ, બે દિવસ, પાંચ દિવસ, પંદર દિવસ, એક માસ, બે માસ, ચાર માસ, છ માસ, એક વર્ષ, બે વર્ષ વિગેરે સમયની મર્યાદાપૂર્વક ત્યાગ કરવો તે નિયમ નામનું પરિમાણ છે. જે પદાર્થ આપણા માટે ઉપયોગી હોય, શુદ્ધ હોય, તેનો ત્યાગ તો કાળની મર્યાદા લઈને જ નિયમરૂપ ત્યાગ કરવો જોઈએ. જે પદાર્થ આપણા માટે પ્રયોજન વિનાનો હોય તથા પરિણામોને બગાડવાવાળો હોય, દોષ સહિત હોય તેનો ત્યાગ તો યાવજ્જીવન (આજીવન) યમ નામના પરિમાણપૂર્વક જ કરવો જોઈએ.

આ ભોગોપભોગ પરિમાણ દ્વારા અનેક પાપોનો આસ્રવ રોકાઈ જાય છે, ઈન્દ્રિયો વશમાં થઈ જાય છે, રાગ ઘણો મંદ થઈ જાય છે, વ્યવહાર શુદ્ધ થઈ જાય છે, મન વશમાં થઈ જાય છે, વ્યવહાર-પરમાર્થ બંને ઉજ્જવળ થઈ જાય છે. એટલા માટે **ભોગોપભોગ પરિમાણ વ્રત જ આત્માનું હિત છે,** વિરૂદ્ધ ભોગ તો ત્યાગવા જ જોઈએ. અવિરૂદ્ધ ભોગોનો પણ પોતાની શક્તિ પ્રમાણે દેશકાળ જોઈને દિવસ-રાતના સમયની મર્યાદાપૂર્વક ત્યાગ કરવો જોઈએ. તેમાં પણ પછી બે ઘડી, ચાર ઘડીની મર્યાદા લઈને ત્યાગ કરવો જોઈએ. એનાથી કર્મોની મોટી નિર્જરા થાય છે.

હવે બીજા પણ ભોગોપભોગના પરિમાણ કહેવાવાળો શ્લોક કહે છે:-

**भोजन-वाहन-शयन-स्नान-पवित्राग-राग-कुसुमेषु ।**
**ताम्बूल-वसन-भूषण-मन्मथ-सङ्गीत-गीतेषु ।।८८।।**

**અર્થ:-** ભોગોપભોગ પરિમાણ વ્રતમાં નિત્ય આ રીતે નિયમ કરવો જોઈએ - આજના દિવસમાં એક વાર જ ભોજન કરીશ કે બે વાર જ ભોજન કરીશ, કે ત્રણ વાર ઈત્યાદિ ભોજન કરવાનું પરિમાણ કરવું, અથવા હું આજના દિવસે આટલી જાતનું અનાજ તથા આટલા રસ, આટલા પ્રકારનાં વ્યંજન (ખાવાના પદાર્થો-વાનગીઓ) ખાઈશ, વધારે પ્રકારનાં ખાઈશ નહિ-એવો ભોજનનો નિયમ કરવો જોઈએ.

વાહન, હાથી, ઘોડા, રથ, ઉંટ, બળદ, પાલખી, વહલી(મોટર, રેલગાડી), નાવ, જહાજ (હવાઈ જહાજ) વિગેરે વાહન ઉપર બેસવા-ચઢવાનો નિયમ કરવો જોઈએ.

પલંગ, ખાટલો, બિસ્તર વિગેરેમાં સૂવાનો નિયમ કરવો જોઈએ- હું આજે પલંગ આદિ પર સૂઈશ કે ભૂમિ પર જ સૂઈશ.

આજે એકવાર સ્નાન કરીશ, યા બે વાર સ્નાન કરીશ, યા સ્નાન જ કરીશ નહિ વિગેરે નિયમ કરવા જોઈએ. પવિત્ર અંગ રાગ અર્થાત્ ચંદન, કેસર, કપૂર વિગેરેનો લેપ કરવો કે ન કરવો તેનો નિયમ પણ કરવો જોઈએ. ફૂલ તથા ફૂલોની માળા, આભૂષણ વિગેરે પહેરવાનો પણ નિયમ કરવો જોઈએ. પાન, ઈલાયચી, સોપારી, લવિંગ વિગેરે ખાઈશ તેનો પણ નિયમ કરવો જોઈએ.

વસ્ત્રોનો પણ નિયમ કરવો જોઈએ કે આજે આટલાં વસ્ત્ર પહેરીશ, વધારે નહિ પહેરૂં. આજે આટલાં જ આભૂષણ પહેરીશ, વધારે નહિ પહેરૂં - એવો આભૂષણ પહેરવાનો પણ નિયમ કરવો જોઈએ.

કામ સેવનનો પણ નિયમ કરવો જોઈએ. નૃત્ય જોવાનો પણ નિયમ કરવો જોઈએ, ગીત ગાવાનો તથા કલાકારથી ગીત સાંભળવાનો પણ નિયમ કરવો જોઈએ.

લીલોતરી પણ ખાવાનો નિયમ કરવો, ષટ્-રસ ખાવા પીવાનો નિયમ કરવો, પાણી પીવાનો પણ નિયમ કરવો, સિંહાસન, ખુરશી, ચૌકી વિગેરે આસન પર બેસવાનો પણ નિયમ કરવો જોઈએ. આ રીતે પોતાના યોગ્ય ભોગ-ઉપભોગનો પણ નિત્ય નિયમ કરવાવાળાને ભોજન પાણી કરવા છતાં પણ નિરંતર સંવર થાય છે.

હવે **નિયમ** માટે **કાળની મર્યાદા** કહેવાવાળો શ્લોક કહે છે:-

**अद्य दिवा रजनी वा पक्षो मासस्तथर्तुरयनं वा ।**
**इति काल-परिच्छित्या प्रत्याख्यानं भवेन्नियमः ।।८९।।**

**અર્થ:-** અદ્ય અર્થાત્ એક ઘડી, મુહુર્ત, પ્રહર, દિવસ, રાત્રિ, પક્ષ, એક માસ, ઋતુ અર્થાત્ બે માસ, અયન અર્થાત્ છ માસ વિગેરે કાળનું પરિમાણ કરીને ત્યાગ કરવો તે નિયમ કહેવાય છે. આ રીતે ભોગોપભોગ પરિમાણ વ્રતનું વર્ણન કર્યું.

હવે **ભોગોપભોગ પરિમાણ વ્રતના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે:-

**विषय विषतोऽनुपेक्षानुस्मृति-रतिलौल्यमति-तृषानुभवौ ।**
**भोगोपभोगपरिमा-व्यतिक्रमाः पंच कथ्यन्ते ।।९०।।**

**અર્થ:-** આ ભોગોપભોગ પરિમાણ વ્રતના પાંચ અતિચાર ત્યાગવા યોગ્ય છે.

(૧) વિષય સંતાપ વધારે છે તથા વિષયોના નિમિત્તથી મરણ પણ થઈ જાય છે. આ પાંચ ઈન્દ્રિયોના વિષય વિષ છે. એમાં પરિમાણનો રાગ ન ઘટવો તે **અનુપેક્ષા** નામનો અતિચાર છે.

(૨) જે વિષય પૂર્વકાળમાં ભોગવ્યા હતા તેને વારંવાર યાદ કરતા રહેવું તે **અનુસ્મૃતિ** નામનો અતિચાર છે.

(૩) વર્તમાનમાં જે વિષય ભોગવે છે તેમાં અતિ ગૃદ્ધતાથી તથા અતિ આસકત થઈને ભોગવવો તે **અતિલૌલ્ય** નામનો અતિચાર છે.

(૪) ભવિષ્યમાં વિષયોને ભોગવવાની અતિ તૃષ્ણા બની રહેવી તે **અતિ તૃષ્ણા** નામનો અતિચાર છે.

(૫) જે કાળમાં વિષય ભોગવતો ન હોય છતાં પણ એમ સમજવું કે હું વિષયને ભોગવી જ રહ્યો છું એવું પરિણામ તે **અનુભવ** નામનો અતિચાર છે.

આ રીતે ભોગોપભોગ પરિમાણ વ્રતના પાંચ અતિચાર છોડીને વ્રતને શુદ્ધ પાળવા જોઈએ.

## ❖ ચોથો ગુણવ્રત અધિકાર સમાપ્ત ❖

હે ભવ્ય જીવ! યદિ તૂ આત્મા કા હિત કરના ચાહતા હૈ તો નિમ્ન કામ કરઃ ઈસ ભયાનક સંસાર કે દુઃખો સે ભય કર, જિન શાસન મેં પ્રેમ કર ઔર પૂર્વે કિયે હુએ પાપો કા શોક કર. **– *શ્રી સાર સમુચ્ચય***

વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સમળતા અને જિતેન્દ્રિયપણું — આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. **– *શ્રીમદ્ રાજચંદ્ર***

''કોઈ મનુષ્ય દાવાગ્નિથી બળતા વૃક્ષો માટે સહાનુભૂતિ દેખાડે છે, પરંતુ જે વૃક્ષ પર પોતે ચઢેલો છે, તે જ વૃક્ષની નજદીક અગ્નિ આવી રહી છે તે તરફ દૃષ્ટિ પણ કરતો નથી! વળી એક મનુષ્ય અન્યો પ્રત્યે કહે છે કે ''આજ અમુક ભાઈ મરી ગયા;'' પરંતુ એ શું નથી જાણતો કે ''હું પણ એક દિવસ આ પ્રમાણે મરી જઈશ!''

'શરીર અનિત્ય છે, વૈભવ પણ શાશ્વત નથી; મૃત્યુ શિર પર ગાજી રહ્યું છે; માટે ધર્મનો સંગ્રહ કરવો જ જોઈએ. **– *શ્રી પૂજ્યપાદ સ્વામી***

# ૫

# શિક્ષાવ્રત અધિકાર

હવે **ચાર શિક્ષાવ્રતોનાં નામ નિરૂપણ** કરવાવાળો શ્લોક કહે છે:-

**देशावकाशिक वा सामयिकं प्रोषधोपवासो वा ।**

**वैय्यावृत्यं शिक्षा-व्रतानि चत्वारि शिष्यानि ।।९१।।**

**અર્થ:-** (૧) દેશાવકાશિક, (૨) સામાયિક (૩) પ્રૌષધોપવાસ, (૪) વૈયાવૃત્ત્ય — એવા આ ચાર શિક્ષાવ્રત કહ્યાં છે.

**ભાવાર્થ:-** આ ચાર શિક્ષાવ્રત ગૃહસ્થપણામાં મુનિપણાની શિક્ષાનો અભ્યાસ કરાવે છે.

હવે **દેશાવકાશિક શિક્ષાવ્રત** કહેવાવાળો શ્લોક કહે છે:-

**देशावकाशिकं स्यात्काल-परिच्छेदनेन देशस्य ।**
**प्रत्यहमणुव्रतानां प्रति-संहारो विशालस्य ।।९२।।**

**અર્થ:-** અણુવ્રતોના ધારી પુરૂષો દ્વારા દિન-પ્રતિદિન કાળની મર્યાદા કરીને વિશાળ મર્યાદાને થોડી-થોડી ઘટાડતા જવી તેનું નામ દેશાવકાશિક શિક્ષાવ્રત છે.

**ભાવાર્થઃ-** પહેલાં દિગ્વ્રતમાં દસેય દિશાઓમાં જવું, મંગાવવું, મોકલવું, બોલાવવું વિગેરેની આજીવનની જે મર્યાદા કરી હતી તે વધારે હતી, તેમાં હવે પ્રતિદિન ક્ષેત્રની સીમા, કાળની મર્યાદા કરીને ઘટાડતા જવાનું વ્રત લેવું તે દેશાવકાશિક વ્રત છે. જેમકે પૂર્વ દિશામાં બસો કોશથી આગળ ન જવાનો ત્યાગ આજીવન કર્યો હતો તે તો દિગ્વ્રત છે. હવે એમાં જ પ્રતિદિન મર્યાદા કરીને રહેવું કે આજે હું ચાર કોસથી વધારે (આગળ) નહિ જાઉં, કે આ શહેરની બહાર નહિ જાઉં, કે પોતાના ઘરની બહાર જ નહિ જાઉં તે દેશાવકાશિક વ્રત છે.

હવે **દેશાવકાશિક વ્રતમાં ક્ષેત્રની મર્યાદા** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**ग्रहद्वारि-ग्रामाणां-क्षेत्र-नदी-दाव-योजनानां च ।**
**देशावकाशिकस्य स्मरन्ति सीम्नां तपोवृद्धाः ।।९३।।**

**અર્થઃ-** તપોવૃદ્ધ જે ગણધર દેવ છે તે દેશાવકાશિક વ્રત કરવાની સીમા-મર્યાદા બતાવે છે - ગૃહ, શેરી, ગામ, ક્ષેત્ર, નદી, વન, યોજનને દેશાવકાશિક વ્રતમાં સીમા કહે છે. એમનાથી બહાર હું આટલા સમય સુધી નહિ જાઉં એવો નિયમ લેવો.

હવે **દેશાવકાશિક વ્રતમાં કાળની મર્યાદા** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**संवत्सर-मृतु-रयनं-मास-चतुर्मास-पक्ष-मृक्षं च ।**
**देशावकाशिकस्य प्राहुः कालावधिं प्राज्ञाः ।।९४।।**

**અર્થઃ-** જે પ્રવીણ પુરૂષો છે તે એક વર્ષ, છ માસ, ચાર માસ, બે માસ, એક પક્ષ, એક નક્ષત્ર એ રીતે દેશાવકાશિક વ્રતમાં કાળની મર્યાદા કરે છે.

હવે દેશાવકાશિક વ્રતમાં **મહાવ્રતપણું** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**सीमान्तानां परतः स्थूलेतर-पंचपाप-संत्यागात् ।**
**देशावकाशिकेन च महाव्रतानि प्रसाध्यंते ।।९५।।**

**અર્થઃ-** પ્રતિદિન જેટલા ક્ષેત્રનું પરિમાણ કર્યું હોય તેનાથી બહાર સ્થૂલ તથા સૂક્ષ્મ જે પાંચ પાપ છે તેમનો ત્યાગ કરવાથી દેશાવકાશિક વ્રત થવાથી મહાવ્રતોની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે.

**ભાવાર્થઃ-** ક્ષેત્રની મર્યાદાની બહાર બધા પાંચેય પાપોનો પૂર્ણ ત્યાગ કરી દેવાથી અણુવ્રત જ મહાવ્રત જેવા થઈ જાય છે.

હવે દેશાવકાશિક વ્રતના **પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**प्रेषण-शब्दानयनं रूपाभिव्यक्तिः पुद्गलक्षेपो ।**
**देशावकाशिकस्य व्यपदिश्यन्तेऽत्ययाः पंच ।।९६।।**

**અર્થઃ-** (૧) જેટલા ક્ષેત્રની મર્યાદા કરી હતી તેની બહાર કોઈ પ્રયોજન (અર્થે) પોતાના નોકરને, મિત્રને, પુત્રને કે કોઈ બીજાને કહેવું કે તમે ત્યાં જઈને તે કામ કરી દો - એવું કહેવું તે **પ્રેષણ** નામનો અતિચાર છે.

(૨) મર્યાદાની બહારના ક્ષેત્રમાં રહેવાવાળા સાથે વાતો કરવી, તથા શબ્દો દ્વારા ઈશારાથી સમજાવી દેવું કે અમુક કામ કરી દો-તે **શબ્દ** નામનો અતિચાર છે.

(૩) મર્યાદાની બહારના ક્ષેત્રમાંથી કોઈને બોલાવવું, કે વસ્ત્ર આદિ આવશ્યક ઈચ્છિત પદાર્થ (વસ્તુ)ને શબ્દોથી કહી મંગાવી લેવી તે **આનયન** નામનો અતિચાર છે.

(૪) મર્યાદાની બહારના ક્ષેત્રમાંથી રહેવાવાળાઓને ઈશારાથી સમજાવવા માટે પોતાનું રૂપ બતાવવું તે **રૂપાભિવ્યક્તિ** નામનો અતિચાર છે.

(૫) મર્યાદાની બહારના ક્ષેત્રમાં વસ્ત્રાદિ દ્વારા કાંકરી, પત્થર, લાકડું વિગેરે ફેંકીને પોતાની હાજરીની જાણ કરવી તે **પુદ્‌ગલક્ષેપ** નામનો અતિચાર છે.

આ રીતે દેશાવકાશિક વ્રતના આ પાંચ અતિચાર ત્યાગવા યોગ્ય છે.

હવે **સામાયિક શિક્ષાવ્રત**નું સ્વરૂપ કહે છેઃ-

**आसमय-मुक्ति-मुक्तं पंचाघानामशेष-भावेन ।**
**सर्वत्र च सामयिकाः सामयिकं नाम शंसन्ति ।।९७।।**

**અર્થ:-** પરમ સામ્યભાવને પ્રાપ્ત જે ગણધર દેવ છે તે સામાયિકની પ્રગટ પ્રશંસા કરે છે. મર્યાદાની બહારના ક્ષેત્રમાં તથા મર્યાદાની અંદરના ક્ષેત્રમાં સર્વત્ર જ સમસ્ત મન, વચન, કાય તથા કૃત, કારિત, અનુમોદના દ્વારા કાર્યની મર્યાદા કરીને બધા પાંચ પાપોનો પૂર્ણ ત્યાગ કરવો **સામાયિક** કહેવાય છે.

**ભાવાર્થ:-** સમસ્ત પાંચ પાપોનો કાળની મર્યાદા સહિત સંપૂર્ણપણે ત્યાગ કરવો તે સામાયિક છે.

હવે **સામાયિકમાં પાંચ પાપોનો ત્યાગ** કરીને કેવી રીતે રહેવું તે શ્લોક દ્વારા કહે છેઃ-

**मूर्धरुहमुष्टिवासो बन्धं पर्यंकबन्धनं चापि ।**
**स्थानमुपवेशनं वा समयं जानन्ति समयज्ञाः ।।९८।।**

**અર્થ:-** સમયજ્ઞ અર્થાત્ જે પરમાગમના જાણવાવાળા છે તે કહે છે કે મસ્તકના

વાળને સારી રીતે બાંધીને, મુષ્ટિબંધન, વસ્ત્રબંધન, આસનબંધન કરીને કોઈ એકાંત સ્થાનમાં ઉભા રહીને યા બેસીને રાગ-દ્વેષ રહિત શુદ્ધ આત્માને કાળની મર્યાદા લઈને કેવળ જાણતો જ રહે.

**ભાવાર્થ:-** સામાયિક કરવાવાળો કાળની મર્યાદાને લઈને, સમસ્ત પાપોનો ત્યાગ કરીને, ઉભો રહીને કે પર્યંક (પદ્માસન) આસનમાં બેસે. પદ્માસન આસનમાં બેસીને પોતાના ડાબા હાથની હથેળી ઉપર જમણા હાથની હથેળીને ફેલાવીને રાખે. પોતાના માથાના વાળ, પહેરેલાં વસ્ત્ર વિગેરે જો ઉડતાં હોય તો તેમને સમેટીને તેમાં ગાંઠ મારી દે. બેસીને યા ઉભા રહીને સામાયિક કરવું જોઈએ.

હવે **સામાયિક કરવા યોગ્ય સ્થાન**ને શ્લોક દ્વારા કહે છે:-

**एकान्ते सामयिकं निर्व्याक्षेपे वनेषु वास्तुषु च ।**
**चैत्यालयेषु वापि च परिचेतव्यं प्रसन्नधियाः ।।९९।।**

**અર્થ:-** એવું વિક્ષેપ રહિત એકાંત સ્થાન હોય, વન હોય, બાગ હોય, મકાન હોય, ચૈત્યાલય હોય ત્યાં પ્રસન્ન ચિત્તથી **શુદ્ધાત્માથી પરિચય** કરવો જોઈએ.

**ભાવાર્થ:-** જે સ્થાનમાં ચિત્તને વિક્ષેપ થવાનાં કારણ ન હોય, ઘણા અસંયમી લોકોની અવર-જવર ન હોય, અનેક લોકો દ્વારા વાદ-વિવાદ કરીને કોલાહલ ન થતો હોય, સ્ત્રીઓ તથા નપુંસકોનો આગમન-પ્રસાર ન હોય, નજદીકમાં ગીત, નૃત્ય, વાજિંત્રો વિગેરેનો પ્રસાર ન થઈ રહ્યો હોય, તિર્યંચોનો, પક્ષીઓનો સંચાર ન હોય, ઘણી ઠંડી, ગરમી, પ્રચંડ પવન, વરસાદનું વિઘ્ન ન હોય, ડાંસ, મચ્છર, માખી, કીડા, કીડી, જુ, મધમાખી, ભમરી, સાપ, વિંછી, કાનખજુરો વિગેરે જીવો દ્વારા વિઘ્ન ન પહોંચે, એવા વિક્ષેપ રહિત એકાંત સ્થાનમાં, તે વન હોય, જીર્ણ બાગનું મકાન હોય, સૂનું ઘર હોય, ચૈત્યાલય હોય, ધર્માત્માજનોના પ્રૌષધોપવાસ કરવાનું સ્થાન હોય- એવા એકાંત સ્થાનમાં પ્રસન્ન ચિત્તે સામાયિકમાં પોતાના શુદ્ધ આત્માનો પરિચય કરવો જોઈએ.

હવે સામાયિકની બીજી પણ સામગ્રી છે તેને કહેવાવાળો શ્લોક કહે છે:-

**व्यापार-वैमनस्याद्विनिवृत्त्या-मन्तरात्म-विनिवृत्त्या ।**
**सामयिकं बध्नीयादुपवासे चैक भुक्ते वा ।।१००।।**

**सामयिकं प्रतिदिवसं यथावदप्यनलसेन चेतव्यम् ।**
**व्रतपंचक परिपूरण कारणमवधान युक्तेन ।।१०१।।**

**અર્થ:-** કાયાની ચેષ્ટારૂપ કાર્યોથી વિરક્ત થઈને, બાહ્ય આરંભથી છૂટીને તથા અંતરાત્મારૂપ મનને પણ વિકલ્પ રહિત કરીને, ઉપવાસના દિવસે યા એકાસણના દિવસે સામાયિકમાં બેસવું જોઈએ. પ્રમાદ રહિત પુરૂષ પ્રતિદિન નિયમથી એકાગ્રચિત્ત થઈને સામાયિક કરી પોતાના આત્માથી પરિચય વધારતો જાય છે. **કેવું છે સામાયિક ?** અહિંસા આદિ પાંચ વ્રતોની પરિપૂર્ણતાનું કારણ છે.

**ભાવાર્થ:-** જે સામાયિક કરવામાં ઉદ્યમી શ્રાવક છે તે સમસ્ત આરંભ આદિ શરીરની ક્રિયાનો ત્યાગ કરીને મનના વિકલ્પોને પણ છોડીને સામાયિક કરે છે. કોઈ તો પર્વના નિમિત્તે જે દિવસે ઉપવાસ કરે છે તે દિવસે જ સામાયિક કરે છે, કોઈ એકાસણના દિવસે સામાયિક કરે છે, કોઈ પ્રતિદિન એક વાર સામાયિક કરે છે. કોઈ પ્રતિદિન સવારે તથા સાંજે-બે વાર સામાયિક કરે છે. કોઈ પ્રતિદિન સૂર્યોદય પહેલાં, મધ્યાહ્નને, સૂર્યાસ્ત પછી (એમ) ત્રણે કાળોમાં બે-બે ઘડીનો નિયમ લઈને સામ્યભાવની આરાધના કરે છે. તે એક સ્થળે નિશ્ચલતાપૂર્વક આસનમાં યા કાયોત્સર્ગરૂપ નિશ્ચલ (દઢ) આસન લગાવીને, અંગ-ઉપાંગોનું હલન-ચલન છોડીને, કાષ્ઠ-પાષાણના બનેલા પ્રતિબિંબની જેમ અચલ થઈને, દશેય દિશાઓને ન જોતાં, પોતાના અંગ-ઉપાંગોને નહિ જોતો, કોઈની સાથે વાતો ન કરતો થકો, સમસ્ત પાંચ ઈન્દ્રિયોના વિષયોથી મનને રોકીને, સમસ્ત ચેતન, અચેતન દ્રવ્યોમાં રાગ, દ્વેષ, હર્ષ-વિષાદ, વેર-સ્નેહ વિગેરે છોડીને સામાયિકમાં બેસી સમસ્ત જીવો પ્રત્યે મૈત્રી ધારણ કરતો થકો પરમ આરાધના કરે છે.

**વેર ત્યાગ:-** સામાયિકમાં બેઠેલો મનુષ્ય વિચાર કરે છે - મેં સર્વ જીવો પ્રતિ ક્ષમા ધારણ કરેલી છે, **કોઈ જીવ મારો વેરી નથી. મારૂં ઉપાર્જન કરેલું મારૂં કર્મ જ વેરી છે.** હું અજ્ઞાન ભાવથી ક્રોધી, અભિમાની, લોભી થઈને વિપરીત પરિણામી થયો. જેની પ્રવૃત્તિથી મારૂં અભિમાન વિગેરે પુષ્ટ ન થયું તો તેને જ વેરી માની લીધો, જેણે મારી પ્રશંસા ન કરી, મારા કાર્યોની પ્રશંસા ન કરી તેને જ વેરી સમજી લીધો, જેણે મારા આદર-સત્કાર, ઉઠીને સ્થાન આપવું વિગેરેમાં શિથિલતા બતાવી તેને જ વેરી માની લીધો, જેણે મારો કોઈ દોષ બતાવ્યો તેને જ વેરી જાણ્યો, કોઈ મારા આધીન ન ચાલ્યો, મને થોડાં ભોજન, વસ્ત્ર, ધન વિગેરે ન આપ્યાં તેને જ વેરી

માની લીધો. આ બધી મારી કષાયથી ઉપજેલી દુર્બુદ્ધિથી અન્ય જીવો પ્રતિ વેર બુદ્ધિ થઈ છે, તેને છોડીને ક્ષમા અંગીકાર કરૂં છું, અન્ય બધા જીવ પણ મારા અજ્ઞાન ભાવને વિષય-કષાયોના આધીન થયો જાણી મારા ઉપર ક્ષમા કરો, મને માફ કરો.

આ રીતે વેર-વિરોધની ભાવના છોડીને હું બધા જીવો પ્રતિ સમતા ભાવ ધારણ કરીને સામાયિક અંગીકાર કરૂં છું. આ રીતે બે ઘડી સુધી મનથી, વચનથી, કાયાથી, સમસ્ત પાંચ ઈન્દ્રિયોના વિષયોને, સમસ્ત આરંભ પરિગ્રહને છોડીને ભગવાન પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતો બેસે છે. આ રીતે સામાયિકના કાળમાં પ્રતિજ્ઞા કરીને પાંચ નમસ્કાર મંત્રના અક્ષરોનું ધ્યાન કરતો થકો, પાંચ પરમેષ્ઠીના ગુણોનું સ્મરણ કરતો થકો, જિનેન્દ્રના પ્રતિબિંબનો વિચાર કરતો થકો સામાયિકમાં બેસે છે. **પોતાના આત્માના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને રાગ-દ્વેષથી ભિન્ન અનુભવ કરે છે.** ચાર મંગળપદ, ચાર ઉત્તમપદ, ચાર શરણપદોનું ચિંતવન કરે છે. બાર ભાવનાઓ, સોલહકારણ ભાવનાઓનો વિચાર કરે છે. ૨૪ તીર્થંકરોની સ્તુતિમાં, કોઈ એક તીર્થંકરની સ્તુતિમાં, પંચ પરમગુરૂની સ્તુતિમાં, તેના અર્થને એકાગ્રચિત્ત થઈ સામાયિકમાં વિચાર કરતો થકો બેસે છે.

**પ્રતિક્રમણ:-** પ્રતિક્રમણ કરવા માટે દિવસમાં કરેલા બધા દોષોનો દિવસના અંતે વિચાર કરે છે, રાત્રિમાં કરેલા બધા દોષોનો પ્રાતઃકાળે વિચાર કરે છે કે આ મનુષ્ય જન્મ અને તેમાં સર્વજ્ઞ વીતરાગ ભગવાન દ્વારા ઉપદેશિત જૈનધર્મ જે અનંતકાળે ઘણી મુશ્કેલી (કઠિનાઈ)થી પ્રાપ્ત થયો છે, એ જન્મની એક ઘડી પણ ધર્મ વિના વ્યતીત ન હો.

**આ રીતે ચિંતવન કરે છે -** મેં આજના દિવસે તથા રાત્રિમાં જિનદર્શન-પૂજન-સ્તવનમાં કેટલો સમય વિતાવ્યો ? સ્વાધ્યાય, સંગતિ, તત્ત્વચર્ચા, પંચપરમેષ્ઠીના જાપ-ધ્યાનમાં, પાત્ર દાનમાં, કેટલો સમય વીતાવ્યો ? ઘણા આરંભમાં, ઈન્દ્રિયોના વિષયોમાં, વ્યવહારની વિકથામાં, પ્રમાદમાં, નિંદ્રામાં, કામસેવનમાં, ભોજનપાનમાં, આજીવિકાના આરંભ આદિમાં કેટલો સમય વ્યતીત કર્યો? મારી મન-વચન-કાયાની પ્રવૃત્તિ તથા રાગાદિ ભાવ, સંસારના કાર્યોમાં અધિક થયા કે પરમાર્થમાં અધિક થયા ?

**આ રીતે દિવસે કરેલા કાર્યોનું દિવસના અંતે તથા રાત્રિમાં કરેલા કાર્યોનું પ્રાતઃકાળે ચિંતવન કરવું જોઈએ.** જે પાંચ રૂપિયાની મૂડી લઈને વેપાર કરે છે તે

નિત્ય દરરોજ પોતાનું ઠગાઈ જવું, કમાવું, નુકશાન, લાભની સંભાળ રાખે છે, તો પૂર્વ પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત આ જન્મમાં ઉત્તમ મનુષ્ય પર્યાય, વીતરાગ ધર્મ, સત્સંગતિ, ઈન્દ્રિયોની પરિપૂર્ણતા વિગેરે ધનની પૂંજીથી વેપાર કરતો જ્ઞાની પોતાના આત્માના લાભ-નુકશાનની તકેદારી ન રાખે ? જો નુકશાન-નફાની સંભાળ નહિ રાખે તો પરલોકથી લાવેલા ધર્મ-ધનને નષ્ટ કરીને ઘોર તિર્યંચ ગતિમાં તથા નરક-નિગોદમાં જઈને દુઃખી થશે. એટલા માટે ધર્મરૂપી ધનને કમાઈને વૃદ્ધિ કરવાની ઈચ્છાવાળો એક દિવસમાં ઓછામાં ઓછી બે વાર તો જરૂરથી સંભાળ રાખે છે.

**કષાય ત્યાગ:-** કષાયોને વશ થઈને તથા વિષયોને વશ થઈને અજ્ઞાનથી જે પોતાના મન, વચન કાયાની દુષ્ટ પ્રવૃત્તિ થઈ હોય તેને વારંવાર વિચાર કરી નિંદા કર્યા કરે છે - હાય ! મેં દુષ્ટ ચિંતવન કર્યું, કાયાથી દુષ્ટ ક્રિયા કરી, વચનથી ઘણી નિંદ્ય પ્રવૃત્તિ કરી, તેનાથી મહા અશુભ કર્મબંધ કર્યાં, ધર્મને દુષિત કર્યો, અપયશ પ્રગટ કર્યો.

હવે આ નિંદ્ય કર્મનો વિચાર કરીને મારાં પરિણામ પશ્ચાત્તાપની અગ્નિમાં બળી રહ્યા છે. અહો ! મોહ કર્મ ઘણું બળવાન છે. હું પોતાના દુષ્ટ પરિણામોને, પાપ કરવાવાળા, દુર્ગતિમાં લઈ જવાવાળા પોતાના નિંદ્ય પરિણામોને સારી રીતે જાણું છું કે એ મારો ઘાત જ કરવાવાળાં છે, આ પરિણામ મારા પ્રયોજન રહિત છે એમ જાણું છું. હું એ સારી રીતે વારંવાર પોતાના પરિણામોમાં નિશ્ચય કરી રહ્યો છું કે જીવન અલ્પ છે તથા પરલોકમાં મારાં કરેલાં કર્મોનું ફળ હું એકલો જ ભોગવીશ. આમ વિચાર કરવા છતાં પણ મારા પરિણામોમાં અન્ય જીવોથી વેર તથા વિષયોથી રાગ ઘટતો નથી તો એ પણ પ્રબળ મોહનો જ મહિમા છે. આ જ કારણે હું જેમણે મોહ કર્મનો નાશ કરી તેના ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, એવા પાંચ પરમેષ્ઠીઓનું સ્મરણ કરૂં છું.

મોહ કર્મને જીતવાવાળા જિનેન્દ્રના પ્રભાવથી, મારા મોહ કર્મથી ઉપજેલા રાગભાવ, દ્વેષભાવ, કામાદિ વિકારીભાવ, ક્રોધભાવ, અભિમાનભાવ, માયાચારભાવ, લોભભાવ નષ્ટ થઈ જાઓ. **જેવી વીતરાગતા જિનેન્દ્ર ભગવાનને થઈ છે તેવી જ મને પણ પ્રગટ થાઓ.** આ અભિપ્રાયથી હું શરીરથી મમત્વ છોડીને પંચ પરમેષ્ઠીના ધ્યાન સહિત કાયોત્સર્ગ કરૂં છું.

**હિંસા ત્યાગ:-** અજ્ઞાનભાવથી જે પૂર્વકાળમાં મેં પૃથ્વીકાયને ખોદવી, કચડવી,

કૂટવી વિગેરે કર્યું હોય, ડૂબીને, રેડીને, છાંટીને સ્નાન આદિ કરી જળ કાયના જીવોની વિરાધના કરી હોય, દાબવા, બૂઝાવવા, કચડવા, કુટવા વિગેરે દ્વારા અગ્નિ કાયના જીવોની વિરાધના કરી હોય, પંખા આદિથી પવન કાયના જીવોની વિરાધના કરી હોય, તથા જડ, કંદ, મૂળ, છાલ, કુંપળ, પત્તુ, ફૂલ, ફળ, ડાળી, ડાળ, સીંક (સળેખડું), તૃણ, ઘાસ, વેલ, ગુલ્મ વૃક્ષાદિને તોડવાં, છેદવાં, કાપવાં ઉખેડવાં, ચાવવાં, રાંધવાં, મસળવાં, વાટવાં વિગેરે દ્વારા વનસ્પતિ કાયની વિરાધના કરી હોય તો તેમનાથી ઉપજેલાં પાપ કર્મોનો નાશ પરમેષ્ઠીના જાપના પ્રભાવથી થઈ જાય, હવે મારાં પરિણામ છ કાયના જીવોના ઘાતથી પરાન્મુખ હો, મને સંયમભાવની પ્રાપ્તિ થાઓ.

**પ્રમાદ ત્યાગ:-** મારા ચાલવામાં, આવવામાં, જવામાં, ઉઠવામાં, બેસવામાં, પસરવામાં, સંકોચવામાં, ભોજનમાં, પાણીમાં, આરંભ કરવામાં, ઉઠાવવામાં, રાખવામાં તથા ચક્કી, ચૂલો, ઓખલી, બુહારી, પાણીમાં તથા સેવા, કૃષિ વિદ્યા વાણિજ્ય, શિલ્પકર્મ, લખવા વિગેરેની આજીવિકામાં, તથા ગાડી-ઘોડા વિગેરે વાહનોમાં પ્રવર્તન દ્વારા જે યત્નાચાર રહિત મારી પ્રવૃત્તિ થઈ, તેનાથી બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પાંચ ઈન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય તે મિથ્યા થાઓ. મેં ઘણું બૂરુ કર્યું છે. **આ આરંભ વિગેરે ભલા નથી, સંસારમાં ડૂબાડવાવાળા છે, નરક દેવાવાળા છે.** આ આરંભ વિષય-કષાયો દ્વારા જ આ જીવ એક ઈન્દ્રિય આદિ તિર્યંચોમાં અનંતાનંતકાળ સુધી ભૂખ, તરસ, મારન, તાડન, લાદન, બંધન, બાળવું, છેદન, ફાડન, ચીરન, ચાબન વિગેરેના ઘોર દુઃખ સહેતો ભોગવે છે. તે હિંસાથી ઉપજેલા કર્મોના નાશ માટે તથા આગળ હિંસારૂપ પરિણામોના અભાવ માટે હું પંચ પરમેષ્ઠી-નમસ્કાર-મંત્રનું શરણ લઉં છું.

**અસત્ય ત્યાગ:-** અજ્ઞાન ભાવથી કે પ્રમાદથી મેં કોઈ અસત્ય વચન કહ્યું હોય, ગાળ આપી હોય, ભંડ વચન કહ્યાં હોય, મર્મ છેદવાવાળાં કર્કશ કઠોર વચન કહ્યાં હોય, કોઈને ચોરીનું કલંક લગાવ્યું હોય, કોઈને કુશીલનું કલંક લગાવ્યું હોય, તથા ધર્માત્મા, જ્ઞાની, તપસ્વી, શીલવંતોને દોષ લગાવ્યા હોય, ધર્માત્માઓની નિંદા કરી હોય, સાચા દેવ-ગુરૂ-ધર્મની નિંદા કરી હોય, હિંસાની પ્રવૃત્તિનો ઉપદેશ આપ્યો હોય, મિથ્યાધર્મની પ્રરૂપણા કરી હોય, સ્ત્રીકથા, રાજકથા, ભોજનકથા, દેશકથા, વિગેરે ઘોર પાપોમાં મારા વચનની પ્રવૃત્તિ થઈ હોય તે બધાનો હવે પશ્ચાત્તાપ કરૂં છું

મેં જે ઘોર પાપનો બંધ કર્યો છે, તેનું ફળ નરકોનું દુઃખ તથા તિર્યંચગતિના

ઘોર દુઃખ અનંતકાળ ભોગવવાં એ છે તથા અનંતવાર મૂંગા, બહેરા, આંધળા, નીચ જાતિમાં, નીચકુળમાં, મહા દારિદ્ર સહિત ઉપજવું તે છે. એટલા માટે હવે દુષ્ટ વચનોને બોલીને ઉપજાવેલું જે પાપકર્મ તેનો નાશ કરવા માટે તથા ભવિષ્યમાં મારી દુષ્ટ વચનોમાં કદી પ્રવૃત્તિ ન થાય તે માટે પંચ નમસ્કાર મંત્રનું શરણ લઉં છું.

**ચોરી ત્યાગ:-** અજ્ઞાન ભાવથી કે પ્રમાદથી પૂર્વ કાળમાં મેં જે બીજાઓનું આપ્યા સિવાયનું ધન, પડેલું, ભૂલેલું, ધન ગ્રહણ કરવાનાં પરિણામ કર્યાં, કપટ-છળથી ઠગ્યા, તથા બળજબરી કરી બીજાનું ધન રાખીને પાછું ન આપ્યું, જેના માટે સ્વયં ઘણો સંકલેશ કર્યો તથા બીજાને સંકલેશ ઉપજાવ્યો આ રીતે ઘોર પાપ કર્યું. તે પાપનું ફળ નરક-તિર્યંચ આદિ ગતિઓમાં ભ્રમણ તથા અનંત કાળ પર્યંત દારિદ્ર આદિ ઘોર દુઃખ થવું તે છે. એટલા માટે ચોરી કરી ઉપજાવેલાં જે પાપ કર્મ છે તેમના નાશ માટે તથા આગળ પણ મારાં બીજાના આપ્યા સિવાયના પરાયા ધનને ગ્રહણ કરવાનાં પરિણામ ન થાય એટલા માટે હું પંચ નમસ્કાર મંત્રનું શરણ ગ્રહણ કરૂં છું.

**કુશીલ ત્યાગ:-** બીજાની સ્ત્રીને, તેના રૂપ, આભૂષણ, વસ્ત્ર, હાવભાવ વિલાસને રાગભાવથી જોવાની ઈચ્છાથી, તથા રાગભાવથી જોઈને તથા સંગમ આદિ કરીને તેનાથી ઉપજાવેલા ઘોર પાપ કર્મનું ફળ અનંતકાળ સુધી નરક-તિર્યંચ ગતિઓમાં પરિભ્રમણ કરી અનેક ભવોમાં હજારો રોગ તથા દારિદ્રનું દુઃખ ભોગવવું, તથા ઘણા કાળ સુધી કામરૂપી અગ્નિમાં બળી અસંખ્યાત ભવોમાં કામ વેદનાથી પીડિત થઈને લડી લડીને મરી જવું તે છે. એટલા માટે પરસ્ત્રીની વાંછાથી ઉપજેલાં પાપ કર્મોના નાશને માટે તથા ભવિષ્યમાં મારો અન્યની સ્ત્રીમાં કદી પણ અનુરાગ ન થાય એટલા માટે હું પંચ પરમ ગુરુઓના પાંચ નમસ્કાર મંત્રનું ધ્યાન કરૂં છું

**પરિગ્રહ ત્યાગ:-** હું અજ્ઞાની પરિગ્રહમાં ઘણી મમતા કરીને શરીર આદિ પુદ્‌ગલને પોતાના માની, તેમનામાં અપનાપન(એકત્વ-મમત્વ) કરતો રહ્યો (મારાપણું કરતો રહ્યો). રાગાદિ ભાવ **જે મોહ કર્મના ઉદયથી થયા તેમને પોતાના ભાવ માની પરદ્રવ્યોમાં ઘણી આસક્તિ કરી.** ધન, ધાન્ય, કુટુંબ આદિની વૃદ્ધિને પોતાની જ વૃદ્ધિ માની, તેમની હાનિને પોતાની હાનિ માની. હજી પણ જમીન, દુકાન, આજીવિકા, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, આભૂષણ, વસ્ત્રાદિ હજારો વસ્તુરૂપ **પરિગ્રહમાં મારૂં મારૂં કરૂં છું.** બુદ્ધિમાં એવી વિપરીતતા થઈ રહી છે કે પોતાનું જ્ઞાન, પરનું જ્ઞાન, પાપ-પુણ્યનું જ્ઞાન, પરલોકનું જ્ઞાન નષ્ટ થઈ ગયું છે. પ્રાણ ગળા સુધી આવી જાય તો

પણ મમતા ઘટતી નથી. જગતમાં પ્રત્યક્ષ જોઈએ છીએ કે પરિગ્રહ કોઈની સાથે ગયો નથી મારી સાથે પણ જશે નહિ, તો પણ પ્રતિદિન વધારવાની જ ઈચ્છા કરતો રહું છું, જ્યાં સુધી મારૂં મરણ થઈ જાય ત્યાં સુધી આ પરિગ્રહમાંથી કંઈ પણ ઓછું ન થઈ જાય એવું ચિંતવન રહ્યા કરે છે. આ પરિગ્રહરૂપ દાવાગ્નિને સંતોષરૂપ પાણીથી બુઝાવવા ઈચ્છતો નથી.

**સમસ્ત પાપોનું મૂળ એક પરિગ્રહમાં મૂર્ચ્છા છે.** મેં અજ્ઞાનીએ એના જ આરંભમાં, એમાં જ મમતા ધારણ કરીને અનંતકાળમાં દુર્લભ એવો મનુષ્ય જન્મ તથા જૈનધર્મ પામીને એને બગાડી અનંત ભવો માટે નરક-તિર્યંચ ગતિઓના દુઃખોને અંગીકાર કર્યાં છે. તેનો મને ઘણો જ પશ્ચાત્તાપ છે. હવે આવા ઘોર પાપ કર્મનો નાશ કરવાનો ઉપાય ભગવાન પંચ પરમેષ્ઠીના શરણ સિવાય બીજો કોઈ નથી. ભવિષ્યમાં પણ પરિગ્રહથી વિરક્તિ કરાવવાવાળા પંચ પરમેષ્ઠી સિવાય અન્ય કોઈ નથી. એટલા માટે મૂર્ચ્છાનો નાશ કરવા માટે પરમ સંતોષ ઉપજાવવા માટે, પરિગ્રહનો ત્યાગ કરવા માટે પંચ નમસ્કાર મંત્રનો ધ્યાનપૂર્વક કાયોત્સર્ગ કરૂં છું.

હવે **'સામાયિકમાં સ્થિત ગૃહસ્થ મુનિ સમાન છે'** — (એવું)કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**सामयिके सारम्भाः परिग्रहा नैव संति सर्वेऽपि ।**
**चेलोपसृष्ट-मुनिरिव गृही तदा याति यतिभावम् ।।१०२।।**

**અર્થઃ-** સામાયિકના કાળમાં ગૃહસ્થ સમસ્ત આરંભ અને પરિગ્રહથી રહિત છે, એટલા માટે સામાયિક કરતો થકો ગૃહસ્થ વસ્ત્રના ઉપસર્ગ સહિત મુનિ સમાન યતિપણાના ભાવને પામે છે.

**ભાવાર્થઃ-** સામાયિકના સમયમાં ગૃહસ્થને સમસ્ત આરંભ અને સમસ્ત પરિગ્રહ નથી પરંતુ ગૃહસ્થ છે એટલા માટે વસ્ત્ર સહિત છે. **વસ્ત્ર સિવાય અન્ય બધી રીતે મુનિ સમાન જ છે.** મુનિને નગ્નપણું હોય છે. પરંતુ આ વસ્ત્ર ધારણ કરેલો છે — એટલું જ અંતર છે, એટલા માટે એને મુનિ કહેવાતો નથી.

હવે સામાયિકના સમયમાં **ઉપસર્ગ યા પરિષહ** આવી જાય તો આ મુનીશ્વર સમાન જ ધીરતા ધારણ કરી સહી લે છે, કાયર થતો નથી, એવું કહેવાવાળો શ્લોક કહે છેઃ-

**शीतोष्ण-दंश-मशक-परीषह-मुपसर्गमपि च मौनधराः।**
**सामयिकं प्रतिपन्ना अधिकुर्वीरन्नचलयोगाः ।।१०३।।**

**અર્થ:-** સામાયિકમાં સ્થિત ગૃહસ્થ મૌન ધારણ કરે છે, મન-વચન-કાયાને ચલાયમાન કરતો નથી. ઠંડી, ગરમી, દંશમશક આદિ પરીષહ તથા ચેતન-અચેતન કૃત ઉપસર્ગને સહે છે.

**ભાવાર્થ:-** સામાયિક કરવાના સમયમાં જો ઠંડીનો, ગરમીનો, વરસાદનો, પવનનો, ડાંસ-મચ્છરોનો, દુષ્ટોના વચનોનો, રોગની પીડાનો પરીષહ આવી જાય, દુષ્ટ વેરી દ્વારા કરેલો તથા સિંહ, વાઘ, સર્પાદિ તથા અગ્નિ, જલાદિ જનિત ઉપસર્ગ આવી જાય તો ઘણું ધૈર્ય ધારણ કરીને મન, વચન, કાયાને સામ્યભાવથી ચલાયમાન નહિ કરતો થકો મૌન સહિત સહન કરે છે.

હવે સામાયિકમાં **સંસાર તથા મોક્ષના સ્વરૂપ**નું ચિંતવન કરવાવાળો શ્લોક કહે છે:-

**अशरणमशुभमनित्यं दुःखमनात्मानमावसामि भवम् ।**
**मोक्षस्तद्विपरीतात्मेति ध्यायन्तु सामयिके ।।१०४।।**

**અર્થ:-** સામાયિક કરવાવાળો ગૃહસ્થ સંસારનું સ્વરૂપ આ રીતે વિચારે છે -

**સંસારનું સ્વરૂપ:-** આ ચતુર્ગતિમાં પરિભ્રમણરૂપ સંસાર અશરણ છે. એમાં અનંતાનંત જન્મ- મરણ કરતાં કરતાં અનંતકાળ વ્યતીત થઈ ગયો. બધી પર્યાયોમાં ભૂખ, તરસ, રોગ, વિયોગ, મારન, તાડન, ભોગવતા થકા કોઈ શરણ નથી. કોઈ પણ કાળમાં, કોઈ પણ ક્ષેત્રમાં, કોઈ પણ રક્ષા કરવાવાળું નથી, એટલે સંસાર અશરણ છે.

અશુભ કર્મોના બંધનથી બંધાયેલો, દુઃખ દેવાવાળા અશુભ દેહરૂપ પિંજરામાં ફસાયેલો, અશુભ કષાયોરૂપ અશુભ ભાવોમાં લીન થઈને નિરંતર અશુભનો જ બંધ કરે છે, અશુભને જ ભોગવે છે, એટલે આ સંસાર અશુભ છે.

આ સંસારમાં જીવને અનંતાનંત કાળથી પરિભ્રમણ કરતાં કરતાં કદી ઉત્તમ ક્ષેત્રમાં નિવાસ, ઉત્તમ કુળ, ઈન્દ્રિયોની પૂર્ણતા, સુંદર રૂપ, પ્રબળ બુદ્ધિ, જગતમાં પૂજ્યતા, માન્યતા તથા રાજ્ય સંપદા, ધન સંપદા, સારા મિત્રોનું મળવું, આજ્ઞાકારી મહા હોશિયાર

સુપુત્ર, મનોહર સ્ત્રીનું મળવું, તથા પંડિતપણું, શૂરપણું, બળવાનપણું, આજ્ઞા, ઐશ્વર્ય, મનોવાંછિત ભોગ, નિરોગ શરીર વિગેરે કર્મના ઉદયથી પ્રાપ્ત થઈ જાય તો ક્ષણ માત્રમાં વિજળીની જેમ, ઈન્દ્ર ધનુષની જેમ, ઈન્દ્રજાળના નગરની જેમ નિયમથી વિલય થઈ જાય છે. પછી અનંતાનંત કાળમાં પણ પ્રાપ્ત થતાં નથી, એટલે સંસાર અનિત્ય છે.

દરેક સમયે કર્મ બંધન સહિત દેહ(રૂપી) પિંજરામાં ફસાયેલો અનંતાનંત જન્મ મરણ આદિ સહિત છે. અનંતકાળમાં પણ દુઃખનો અભાવ થયો નથી, એટલે સંસાર દુઃખ જ છે. સંસાર પરિભ્રમણ રૂપ મારો આત્મા થતો નથી એટલે આ સંસાર અનાત્મા છે.

આ રીતે સામાયિકમાં સ્થિત ગૃહસ્થ વિચાર કરે છે. — અહો ! આ પરિભ્રમણ રૂપ સંસાર અશુભ છે, અશરણ છે, અનિત્ય છે, દુઃખરૂપ છે, મારૂં સ્વરૂપ નથી. આ સંસારમાં મિથ્યાજ્ઞાનના પ્રભાવથી હું અનંત કાળથી એમાં નિવાસ કરી રહ્યો છું.

**મોક્ષનું સ્વરૂપ:-** હવે મોક્ષ અર્થાત્ સંસારથી છૂટી જવું, તે મારા આત્માને શરણ છે. પછી અનંતાનંત કાળમાં પણ ફરીથી સંસારમાં આવવા રહિત છે (તે) શુભ છે, અનંત કલ્યાણરૂપ છે, નિત્ય છે, અવિનાશી છે, અનંતાનંત સ્વરૂપ છે, જેમાં અનંત જ્ઞાન વિગેરે તથા અનાકુળતારૂપ સુખ છે, (તે) મારા આત્માનું સ્વરૂપ છે, પરનું રૂપ નથી.

આ રીતે સામાયિકમાં સ્થિત ગૃહસ્થ સંસાર અને મોક્ષના સ્વરૂપનો વિચાર કરે છે. **સામ્યભાવ સહિત સામાયિક બે ઘડી માત્ર પણ થઈ જાય તો મહાન કર્મની નિર્જરા થઈ જાય છે.** સામાયિકની મહિમા કહેવા માટે ઈન્દ્ર પણ સમર્થ નથી. સામાયિકના પ્રભાવથી અભવ્ય પણ ગ્રૈવેયિક સુધી ઉત્પન્ન થઈ જાય છે. સામાયિક સમાન ધર્મ ન કોઈ થયો છે, ન થશે. એટલે સામાયિકને અંગીકાર કરવું (એ) જ આત્માનું હિત છે. જેમને સામાયિક પાઠનું જ્ઞાન નથી, યાદ નથી તે એકાગ્રતાથી મન, વચન, કાયાને દઢ કરી સમસ્ત આરંભ, કષાય વિષયોનો ત્યાગ કરીને પંચ નમસ્કાર મંત્રનું ધ્યાન કરતાં કરતાં બે ઘડી પૂરી કરે.

હવે **સામાયિકના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે:-

**वाक्काय-मानसानां दुःप्रणिधानान्यनादरास्मरणे ।**
**सामयिकस्यातिगमा व्यज्यन्ते पंच भावेन ।।१०५।।**

**અર્થ:-** સામાયિકના આ પાંચ અતિચાર છે.

(૧) સામાયિક કરતી વખતે વચનો દ્વારા (વાણી દ્વારા) સંસાર સંબંધી પ્રવૃત્તિ કરવી તે **વચન દુઃપ્રણિધાન** નામનો અતિચાર છે.

(૨) શરીરની સંયમ રહિત ચલાયમાનપણાની ચેષ્ટા કરવી તે **કાય દુઃપ્રણિધાન** નામનો અતિચાર છે.

(૩) મનમાં આર્ત્ત-રૌદ્ર આદિ ચિંતવન કરવું તે **મનોદુઃપ્રણિધાન** નામનો અતિચાર છે.

(૪) સામાયિકને ઉત્સાહ રહિત નિરાદરથી કરવું તે **અનાદર** નામનો અતિચાર છે.

(૫) સામાયિક કરતી વખતે દેવ વંદન વિગેરેના પાઠ ભૂલી જવા તથા કાયોત્સર્ગ આદિને ભૂલી જવો તે **અસ્મરણ** નામનો અતિચાર છે. આ રીતે અતિચાર સહિત સામાયિકનું વર્ણન કર્યું.

હવે **પ્રોષધોપવાસ શિક્ષાવ્રતનું સ્વરૂપ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**पर्वण्यष्टम्यां च ज्ञातव्यः प्रोषधोपवासस्तु ।**
**चतुरभ्य-वहार्य्याणां प्रत्याख्यानं सदेच्छाभिः ।।१०६।।**

**અર્થ:-** પર્વ જે આઠમ અને ચૌદશના દિવસે તથા રાત્રિમાં ચાર પ્રકારના ભોજનનો સમ્યક્ ઈચ્છાપૂર્વક ત્યાગ કરવો તેને પ્રોષધોપવાસ જાણવો જોઈએ. એક માસમાં બે આઠમ અને બે ચૌદશ એ ચાર અનાદિથી જ પર્વ કહેવાય છે. આ પર્વોમાં ગૃહસ્થ વ્રત સંયમ સહિત જ રહે છે. જે ધર્માત્મા સંયમી છે તે તો સદા કાળ બધા દિવસોમાં વ્રતો સહિત જ રહે છે. ધર્મમાં અનુરાગ રાખવાવાળો ગૃહસ્થ એક માસમાં ચાર દિવસ તો બધા પાપનો આરંભ અને ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરીને કષાયને નષ્ટ કરીને વ્રત, શીલ, સંયમ સહિત ઉપવાસ ધારણ કરી, ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, સંયમ સહિત રહે છે, તેને પ્રોષધોપવાસ વ્રત જાણવું.

**હવે પ્રોષધોપવાસનું વિશેષ વર્ણન કરે છે -** સાતમના દિવસે તથા તેરશના દિવસે બપોરે પ્રથમ તો એક વાર ભોજન-પાનાદિ ગ્રહણ કરીને, સમસ્ત આરંભ, વ્યાપાર, સેવા, લેણ-દેણનો ત્યાગ કરીને, દેહ આદિમાં મમત્વ ત્યાગીને એકાન્ત ઘરમાં, જૈનમંદિરમાં, એકાન્ત સ્થાનમાં, ચૈત્યાલયમાં, સુના ઘર, મઠ આદિ પ્રોષધોપવાસ

કરવાનાં સ્થળે જઈ, સમસ્ત વિષયોના કષાયનો ત્યાગ કરી, મન-વચન-કાયાની પ્રવૃત્તિઓને રોકીને ધર્મ-ધ્યાન કરી તથા સ્વાધ્યાય કરી સાતમ તથા તેરશના બાકી અડધા દિવસને વ્યતીત કરે. પછી સંધ્યાકાળે દેવ વંદન આદિ કરી રાતની ધર્મ કથા, તથા જિનેન્દ્ર ભક્તિ, સ્તવન વિગેરે કરી રાત્રિ વ્યતીત કરે તથા ધર્મધ્યાન કરતા થકા શુદ્ધ સમાધિપૂર્વક **થોડીવાર પ્રમાદ દૂર કરીને રાત્રિ વ્યતીત(વીતાવે) કરે.** આઠમ, ચૌદશના પ્રાતઃ કાળમાં સામાયિક, વંદના આદિ કરીને તથા પ્રાસુક દ્રવ્યોથી પૂજન કરીને, શાસ્ત્રોનો અભ્યાસ કરીને, ભાવનાઓનું ચિંતવન કરીને, ધર્મધ્યાન સહિત અષ્ટમી ચતુર્દશીનો દિવસ અને પુરી રાત્રિને વ્યતીત કરી નોમ તથા પૂર્ણિમાના(પુનમના) પ્રભાત સંબંધી કર્મ ક્રિયા કરી, વંદના પૂજનાદિ કરી, ઉત્તમ-મધ્યમ-જઘન્ય પાત્રમાંથી કોઈપણ પાત્રનો લાભ હોય તો, તેને ભોજન કરાવીને પોતે ભોજન(પારણું) કરે. આ રીતે સોળ પ્રહરનો સમય જે ધર્મ સહિત વ્યતીત(વીતાવે છે) કરે છે. તેને ઉત્કૃષ્ટ પ્રોષધોપવાસ હોય છે.

**સ્વામી કાર્તિકેયે પણ કહ્યું છે** — આઠમ-ચૌદશના દિવસે સ્નાન, વિલેપન, આભૂષણ, સ્ત્રી- સંસર્ગ, પુષ્પ, અત્તર, ફુલેલ (સુગંધી તેલ), ધૂપ વિગેરે ત્યાગ કરીને જે જ્ઞાની વીતરાગતા રૂપ આભરણથી ભૂષિત થઈને બંને પર્વોમાં હંમેશાં ઉપવાસ કરે છે યા એકવાર ભોજન કરે છે યા નીરસ આહાર કરે છે તેને પ્રોષધોપવાસ હોય છે.

**અમિતગતિ શ્રાવકાચારમાં કહ્યું છે** — પર્વના દિવસોમાં ઉપવાસ, અનુપવાસ, એક ભુક્તિ એમ ત્રણ પ્રકાર કહ્યા છે. તેમાં ચાર પ્રકારના આહારના ત્યાગને ઉપવાસ કહ્યો છે, એકવાર પાણી માત્ર ગ્રહણ કરવું તેને અનુપવાસ કહ્યો છે, તથા એકવાર અન્ન-પાણી ગ્રહણ કરવાં તેને એક ભુક્તિ (એકાસણ) એવું નામ આપ્યું છે.

અહીં એવું તાત્પર્ય જાણવું કે પોતાની શક્તિને નહિ છુપાવીને ધર્મમાં લીન થઈને યથા શક્તિ ઉપવાસ કરવો. આગળ ચોથી પ્રોષધ પ્રતિમા કહીશું તેમાં સોળ પ્રહરનો નિયમ જાણવો. તથા બીજી વ્રત પ્રતિમામાં યથા શક્તિ વ્રત, તપ, સંયમ ધારણ કરી પર્વના દિવસોમાં ધર્મધ્યાન સહિત રહેવું.

હવે **ઉપવાસમાં ન કરવા જેવાં કાર્ય કહેવાવાળો** શ્લોક કહે છે:-

**पंचानां पापनामलं-क्रियारम्भ-गंध-पुष्पाणाम् ।**
**स्नानांजनन स्यानामुपवासे परिहृतिं कुर्य्यात् ।।१०७।।**

**અર્થ:-** ઉપવાસના દિવસે હિંસાદિ પાંચેય પાપોનો ત્યાગ કરવો જોઈએ, અલંક્રિયા અર્થાત્ આભરણ વિગેરેથી સજવાનો ત્યાગ કરવો, તથા ગૃહ કાર્યનો આરંભ, આજીવિકાનો આરંભ છોડી દેવો જોઈએ. સુગંધ, કેસર, કપુર આદિ અત્તર, ફુલેલ, વિગેરેના ગ્રહણ કરવાનો ત્યાગ કરવો જોઈએ. સ્નાન કરવાનો, આંખમાં અંજન લગાવવાનો, નાસ સૂંઘવાનો ત્યાગ કરવો જોઈએ. નૃત્ય, ગીત, વાજિંત્ર વિગેરે જોવા, સાંભળવા, વગાડવાનો ત્યાગ કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયોના ભોગોનો ત્યાગ કરવો જોઈએ.

**ઉપવાસનું પ્રયોજન:-** ઉપવાસ ઈન્દ્રિયોનો મદ મારવાને, ઈન્દ્રિયોનું વિષયોમાં ગમન રોકવા માટે, કામભાવને જીતવા માટે, પ્રમાદ, આળસ વિગેરે રોકવા માટે, નિંદ્રાનો નાશ કરવા માટે, આરંભ વિગેરેથી વિરકત થવા માટે, પરિષહ સહન કરવાની શક્તિ વધારવા માટે, ધર્મ માર્ગથી ન ડગવા માટે, દ્દઢતા વધારવા માટે, **જિવ્હા ઈન્દ્રિય તથા ઉપસ્થ ઈન્દ્રિયને દંડ આપવા માટે કરવામાં આવે છે.** માત્ર પોતાની પ્રશંસા, લાભ, પરલોકમાં રાજ્ય સંપદા વિગેરે પ્રાપ્ત થાય તે માટે ઉપવાસ કરવામાં આવતો નથી. **પોતાનો વિષયાનુરાગ ઘટાડવા માટે, શક્તિ વધારવા માટે, ઉપવાસ કરવામાં આવે છે.** ઈન્દ્રિયો તો નિરંતર જ ખાવા-પીવા વિગેરેના અનેક સ્વાદ લેવામાં જ લાગેલી રહે છે, ઉપવાસ કરવાથી ભોજનમાં રસ વિગેરેની લાલસાનો નાશ થાય છે, નિંદ્રા ઉપર વિજય મળે છે, કામને મારી શકાય છે. આ રીતે ઉપવાસનો મહાન પ્રભાવ જાણી ઉપવાસ કરવો જોઈએ.

હવે **ઉપવાસનો દિવસ કેવી રીતે વ્યતીત કરવો** એ કહેવાવાળો શ્લોક કહે છે:-

**धर्मामृतं सतृष्णः श्रवणाभ्यां पिबतु पाययेद्वान्यान् ।**
**ज्ञानध्यानपरो वा भवतूपवसन्नतन्द्रालुः ॥१०८॥**

**અર્થ:-** ઉપવાસ કરનાર ગૃહસ્થ આળસ રહિત થયો થકો જ્ઞાનના અભ્યાસમાં તથા ધર્મ ધ્યાનમાં તત્પર રહે છે. અતિ તૃષ્ણાવાન થઈને કર્ણ ઈન્દ્રિય દ્વારા ધર્મરૂપ અમૃતનું સ્વયં પાન કરે છે તથા અન્ય ભવ્ય જીવોને ધર્મરૂપ અમૃતનું પાન કરાવે છે.

**ભાવાર્થ:-** ઉપવાસના દિવસે ધર્મ કથા સ્વયં સાંભળવી તથા અન્ય ધર્માત્માઓને ધર્મ શ્રવણ કરાવવું જોઈએ, **જ્ઞાનના અભ્યાસમાં તથા ધર્મધ્યાનમાં લીન થઈને જ ઉપવાસનો સમય વ્યતીત કરવો જોઈએ,** આળસ, નિંદ્રા, આરંભ તથા વિકથા દ્વારા ઉપવાસનો કાળ વ્યતીત કરવો જોઈએ નહિ.

હવે **ઉપવાસ તથા પ્રોષધોપવાસનું સ્વરૂપ** શ્લોક દ્વારા કહે છે:-

**चतुराहार-विसर्जनमुपवासः प्रोषधः सकृद्भुक्तिः ।**
**स प्रोषधोपवासो यदुपोष्यारम्भ-माचरति ॥१०९॥**

**અર્થ:-** અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય - આ ચાર પ્રકારનો આહાર(કવલાહાર) છે. તેમનો ત્યાગ તે ઉપવાસ છે. ધારણાના દિવસે (ઉપવાસ પૂર્વે) તથા પારણાના દિવસે (ઉપવાસ પછી) એકવાર ભોજન કરવું તેને પ્રોષધ કહે છે. આ રીતે સોળ પ્રહર સુધી ભોજન આદિ આરંભ છોડીને પછી ભોજન આદિ આરંભના કાર્ય કરવાને પ્રોષધોપવાસ કહે છે.

હવે **ઉપવાસના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે:-

**ग्रहण-विसर्गास्तरणान्यदृष्ट-मृष्टान्य-नादरास्मरणे ।**
**यत्प्रोषधोपवास-व्यतिलंघन-पंचकं तदिदम् ॥११०॥**

**અર્થ:-** પ્રોષધોપવાસના આ પાંચ અતિચાર છે.

(૧) આંખોથી જોયા વિના તથા મુલાયમ વસ્ત્ર આદિ સાધનથી શુદ્ધ કર્યા વિના પૂજા તથા સ્વાધ્યાયનાં ઉપકરણ ગ્રહણ કરવાં.

(૨) જોયા તપાસ્યા વિના જ પૂજા તથા સ્વાધ્યાયનાં ઉપકરણ રાખી દેવા તથા શરીરનાં અંગ હાથ-પગને ફેલાવવા.

(૩) જોયા તપાસ્યા વિના જ સૂવાની પથારી વિગેરે પાથરવી

(૪) ઉપવાસનો અનાદર કરવો, ઉત્સાહ રહિત થવું.

(૫) ઉપવાસના દિવસે ક્રિયા, પાઠ વિગેરે કરવાં ભૂલી જવાં આ રીતે ઉપવાસના એ પાંચ અતિચાર ટાળવા યોગ્ય છે.

હવે **વૈયાવૃત્ત્ય નામનું શિક્ષાવ્રત** કહેવાવાળો શ્લોક કહે છે:-

**दानं वैयावृत्यं धर्माय तपोधनाय गुणनिधये ।**
**अनपेक्षितोपचारोप-क्रियमगृहाय विभवेन ॥१११॥**

**અર્થ:-** અહીં પરમાગમમાં આહાર દાનને જ વૈયાવૃત્ત્ય કહે છે. જેમને તપ જ ધન છે, અર્થાત્ જે ઈચ્છા નિરોધ આદિ તપોને જ પોતાનું અવિનાશી ધન જાણે

છે તે તપોધન છે. તપ વિના સમસ્ત કર્મકલંક મળ રહિત આત્માનું શુદ્ધ સ્વભાવરૂપ અવિનાશી ધન પ્રાપ્ત થતું નથી. જેમણે રાગાદિ કષાયમળને જલાવી દેવાવાળું તપરૂપી ધન પ્રાપ્ત કરી લીધું છે, તથા સંસારમાં નાશ થવાવાળા જડ, અચેતન, વિનાશીક સ્વર્ણ આદિ ધનનો ત્યાગ કરી દીધો છે એવા તપની નિધિ, રત્નત્રયરૂપી ગુણોના નિધાન, પરમ વીતરાગી દિગંબર યતિઓને(મુનિઓને) દાતાર તેમજ પાત્રની ધર્મ પ્રવૃત્તિ ચલાવવા માટે આહાર દાન કરવું તે વીતરાગી મુનિઓની વૈયાવૃત્ત્ય છે.

**દાનના પાત્ર મુનિ છે -** કેવા છે દિગંબર યતિ ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ગુણોના નિધાન છે. અને કેવા છે ? જેમને અંતરંગ-બહિરંગ પરિગ્રહ નથી. તેઓ મઠ, મકાન, અપાસરા, આશ્રમ વિગેરેમાં રહેતા નથી. પરંતુ એકાકી યા ગુરુજનોના ચરણોની સાથે કદી વનમાં, કદી પર્વતની નિર્જન ગુફામાં, કદી ઘોર વનમાં, કદી નદીના કિનારે જેમનો નિત્ય વિહાર નિયમ રહિત (નક્કી ન હોય તેવો) છે, **અસંયમી ગૃહસ્થોને જેમનું મળવાનું જ થતું નથી,** આત્માની વિશુદ્ધતારૂપ પરમ વીતરાગતાને સાધવાવાળા, લૌકિક જનો દ્વારા કરવામાં આવતી પોતાની પૂજા, પ્રશંસા, સ્તવનને નહિ ઈચ્છવાવાળા, પરલોકમાં દેવગતિના ભોગોને તથા ઈંદ્રપણા અહમિંદ્રપણાના ઐશ્વર્યને રાગરૂપ અંગારા સમાન તથા મહાન-જલન ઉપજાવવાવાળા તથા તૃષ્ણાને વધારવાવાળા જાણીને પરમ અતિન્દ્રિય આકુળતા રહિત આત્મિક સુખને સુખ જાણતા થકા, દેહ આદિમાં મમત્વ રહિત થઈને આત્માનું કાર્ય સિદ્ધ કરે છે. **આવા સાધુજનની વૈયાવૃત્ત્યની પ્રાપ્તિ અનંતકાળમાં દુર્લભ છે.**

**કેવા છે દિગંબર સાધુ ?** જો કે એ શરીરથી અત્યંત નિર્મમત્વ છે તો પણ આ શરીરને રત્નત્રયનું સહકારી કારણ જાણીને રસ-નીરસ, કડક-નરમ આહાર લઈને, રત્નત્રયની સાધના કરતા થકા, ધર્મ માટે, કર્મોના નાશ માટે આ કૃતઘ્ન દેહની રક્ષા કરે છે.

**તેઓ વિચાર કરે છે -** જો આ શરીર અકાળે નાશ પામશે તો મરીને દેવાદિ પર્યાયમાં અસંયમી થઈ ઉત્પન્ન થઈ જઈશ. ત્યાં અસંખ્યાત કાળ સુધી અસંયમી રહી કર્મનો બંધ કરીશ. એટલે આહાર આદિનો ત્યાગ કરીને આ મનુષ્ય પર્યાયના શરીરને મારીશ તો પણ કર્મમય કાર્માણ શરીર તો મરશે નહિ. આ દેહને મારીશ તો નવું બીજું શરીર ધારણ કરી લઈશ. એટલા માટે આ સમસ્ત શરીરોને ઉપજવાનું બીજ જે કાર્માણ શરીર છે તેને મારવા-નષ્ટ કરવાનો પ્રયત્ન કરૂં છું.

કષાયોને જીતીને, વિષયોનો નિગ્રહ કરીને, છેંતાલીસ દોષ ટાળીને, બત્રીસ અંતરાય રહિત, ચૌદ મળોનો ત્યાગ કરીને, તેમના નિમિત્તે નહિ બનાવેલા એવા શુદ્ધ ભોજનની યોગ્યતા મળી જાય તો અડધું પેટ તો ભોજનથી ભરે છે, ચોથા ભાગનું પેટ પાણીથી ભરે છે, ચોથો ભાગ ધ્યાન, અધ્યયન, કાયોત્સર્ગ આદિમાં સુખપૂર્વક પ્રવર્તન કરવા માટે ખાલી રાખે છે, નિમંત્રણપૂર્વક બોલાવવાથી જતા નથી, યાચના કરતા નથી, હાથ આદિથી ઈશારા કરતા નથી. એવા સાધુઓને આહાર આદિનું દાન આપવું તે જ વૈયાવૃત્ત્ય છે.

**કેવું છે દાન ?** અનપેક્ષિત ઉપચાર અર્થાત્ બદલામાં એ પણ અમારા પર કંઈક ઉપકાર કરશે, એવા પ્રત્યુપકારની ભાવનાથી રહિત, ઉપક્રિય અર્થાત્ પ્રસન્ન થઈને અમને કોઈ વિદ્યા, મંત્ર, ઔષધિ વિગેરે આપી દેશે, મુનિશ્વરોને આહાર આપવાથી મારી નગરમાં દાતાપણાના રૂપમાં નામના થશે, રાજ્ય માન્ય થઈ જઈશ, મારા ઘરમાં અતૂટ વૈભવ-ધન થઈ જશે કારણ કે પહેલાં પંચાશ્ચર્ય થયા છે તો મને પણ લાભ થશે, એવા વિકલ્પ કે વાંછા રહિત થઈને કેવળ રત્નત્રયના ધારકોની ભક્તિથી, પોતાને કૃતાર્થ માનીને, પોતાના મન, વચન, કાયાની તથા ગૃહસ્થ અવસ્થાની પ્રાપ્તિને કૃતાર્થ માની આહારદાન આપે છે, આનંદ સહિત પોતાને કૃતકૃત્ય માને છે, તે જ વૈયાવૃત્ત્ય છે.

હવે સંયમીજનોના **વૈયાવૃત્ત્યના બીજા પણ કાર્યો છે** તેને બતાવતો શ્લોક કહે છેઃ-

**व्यापत्ति-व्यपनोदः पदयोः संवाहनं च गुणरागात् ।**
**वैयावृत्यं यावानुपग्रहोऽन्योऽपि संयमिनाम् ॥११२॥**

**અર્થઃ-** સંયમીજનો ઉપર આવેલી અનેક પ્રકારની આપત્તિઓને દૂર કરી દેવી, તેમનાં ચરણ મર્દન કરવા તથા તેમના ગુણોમાં અનુરાગ કરીને આવશ્યકતા અનુસાર કાર્ય કરી દેવું તે વૈયાવૃત્ત્ય છે.

**ભાવાર્થઃ-** સાધુઓ ઉપર કોઈ દેવ, મનુષ્ય, તિર્યંચ કે અચેતન દ્વારા ઉપસર્ગ કરવામાં આવ્યો હોય તો પોતાની શક્તિ અનુસાર તેને દૂર કરવો જોઈએ. ચોર, ભીલ, દુષ્ટ વિગેરે દ્વારા રસ્તામાં ક્યાંક કષ્ટ અપાયું હોય જેનાથી, તે મુનિરાજના પરિણામ ક્લેષિત થઈ ગયાં હોય તો તેમને ધૈર્ય ધારણ કરાવવું, રસ્તામાં ચાલવાથી થાકી ગયા હોય તો તેમના પગ દબાવવા, રોગી હોય તો જેમ એમનો સંયમ મલિન ન થાય તેમ

સાવધાનીપૂર્વક આસન, પથારી, વસ્તી-નિવાસ ઠીક કરવા, સાવધાનીપૂર્વક જ ઉઠાવવા, બેસાડવા, સૂવાડવા, નિહાર કરાવવો, કદાચ અબુદ્ધિપૂર્વક (અજાણતાં) મળ-મૂત્રાદિ અયોગ્ય સ્થાન ઉપર કે વસ્તીમાં થઈ ગયા હોય તો સાવધાનીપૂર્વક જ ઉઠાવી યોગ્ય સ્થાને ફેંકી દેવા, કફ, નાક, મળ વિગેરેને લૂછવાં, ઉપાડીને અવિરૂદ્ધ સ્થળે ફેકવાં, આહાર, ઔષધિ આદિ જો સંયમીને આપવા યોગ્ય પોતાની પાસે હોય તો તેમને યોગ્ય સમયે આપી વેદના દૂર કરી દેવી.

કાળને યોગ્ય, બાધા રહિત વસ્તુનું આપવું, જો વેદનાથી ચિત્ત ચલાયમાન થઈ ગયું હોય તો ઉપદેશ આપી ચિત્તને સ્થિર કરવું, ધર્મકથા કરવી, અનુકૂળ પ્રવર્તવું, ગુણોનું સ્તવન કરવું, આ રીતે સંયમીઓના ગુણોમાં અનુરાગ કરી જેટલો પણ ઉપકાર કરવો છે તે બધું વૈયાવૃત્ત છે.

હવે **વૈયાવૃત્તમાં મુખ્ય આહારદાન છે** તે બતાવતો શ્લોક કહે છે:-

**नवपुण्यैः प्रतिपत्तिः सप्तगुण-समाहितेन शुद्धेन ।**
**अपसूना-रम्भाणा-मार्याणा-मिष्यते दानम् ।।११३।।**

**અર્થ:-** જે દાતાર સપ્તગુણ સહિત, નવધા ભક્તિ સહિત થઈ સૂના રહિત, આરંભ રહિત, સમ્યગ્દર્શનના ધારી મુનિઓને નવ પુણ્ય પરિણામો સહિત અર્થાત્ આદરપૂર્વક ગૌરવ સહિત અંગીકાર કરે છે, તેને દાન કહે છે.

**ભાવાર્થ:-** દાન ત્રણ પ્રકારનાં પાત્રોને આપવું જોઈએ. તેમાં ઉત્તમ પાત્ર દિગંબર સાધુ છે. જે પાંચ સુના - ઘંટી-ચૂલો, ઓખલી(ખાંડણી) બુહારી(ઝાડુ), પરીંડા-પાણીની ક્રિયાઓથી રહિત છે, ઘર, ગૃહસ્થી આજીવિકા વિગેરેથી લઈ સમસ્ત આરંભથી રહિત છે, તથા સમ્યગ્દર્શન સહિત જ હોય છે. મધ્યમ પાત્ર સમ્યગ્દર્શન સહિત વ્રતોના ધારી શ્રાવક છે. જઘન્ય પાત્ર વ્રત રહિત પરંતુ સમ્યગ્દર્શનથી યુકત ગૃહસ્થ છે.

**દાતારના સાત ગુણ:-** ઉત્તમ પાત્રાદિને દાન દેવાવાળા દાતારમાં આ સાત ગુણ હોવા જોઈએ.

(૧) દાન આપીને આ લોક સંબંધી વિખ્યાતતા, લોક માન્યતા, રાજ માન્યતા, ધન-ધાન્યાદિની વૃદ્ધિ, યશ કીર્તિ આદિ આ લોક સંબંધી ફળ ઈચ્છવું નહિ.

(૨) દાતારને ક્રોધ આવવો ન જોઈએ. લેવાવાળા તો ઘણા છે, હું કોને કોને આપું? એમ ક્રોધ કર્યા વિના મુનિ-શ્રાવક વિગેરેને દાન આપવું.

(૩) કપટ સહિત દાન આપવું જોઈએ નહિ. કહેવું કંઈ, બતાવવું કંઈ અને કરવું કંઈ અને લોકોને ભક્તિ બતાવવામાં સંકલેશિત થવું એવા કપટથી રહિત થઈ દાન દેવું.

(૪) બીજા દાતારથી ઈર્ષા રહિત થઈ દાન દેવું જોઈએ. એણે શું આપ્યું છે ? હું એવું દાન કરીશ જેનાથી તેનો યશ ઘટી જશે, આ રીતના ઈર્ષાભાવથી દાન કરવું જોઈએ નહિ.

(૫) દાન આપી વિષાદ ન કરવો જોઈએ. હું શું કરૂં ? સૌથી મોટો કહેવાઉં છું, જો હું દાન આપીશ નહિ તો મારી મોટાઈ ઓછી થઈ જશે, એવા વિષાદી થઈ દાન આપવું જોઈએ નહિ.

(૬) પાત્રોનો મેળ મળી જાય કે નિર્વિઘ્ન દાન થઈ જાય તો અપૂર્વ નિધિ પ્રાપ્તિ સમાન આનંદ માનવો તે મુદિત ભાવપૂર્વક દાન આપવું છે.

(૭) દાન આપવાનો મદ કે અહંકાર ન કરવો તે નિરહંકારતા નામનો ગુણ છે.

આ રીતે પાત્ર દાન દેવાવાળા દાતાએ આ સાત ગુણો સહિત હોવું જોઈએ.

**નવધા ભક્તિ:-** પાત્રને દાન દેવાવાળાએ મુનિ તથા શ્રાવકનું જેવું પદ હોય તે અનુસાર નવધા ભક્તિપૂર્વક દાન આપવું જોઈએ.

**નવપ્રકારની ભક્તિનાં નામઃ** (૧) સંગ્રહ, (૨) ઉચ્ચ સ્થાન (૩) પાદોદક, (૪) અર્ચન, (૫) પ્રણામ, (૬) મન શુદ્ધિ, (૭) વચન શુદ્ધિ, (૮) કાય શુદ્ધિ, (૯) ભોજન શુદ્ધિ.

**મુનિરાજને તથા ક્ષુલ્લકને -**

(૧) 'હે સ્વામી ! તિષ્ઠ, તિષ્ઠ તિષ્ઠ' એનો અર્થ છે — કૃપા કરી ઉભા રહો, રોકાઈ જાઓ, — એમ ત્રણ વાર બોલવું જોઈએ. જેમનું અતિ પૂજ્યપણું જોઈને જેના ચિત્તમાં તેમના પ્રતિ અતિ અનુરાગ થશે, તે જ ત્રણવાર આદરપૂર્વક કહેશે અન્ય શ્રાવક વિગેરે યોગ્ય પાત્ર પણ ઘેર આવે તો — આવો, પધારો, બેસો વિગેરે આદરનાં વચન કહેવાં તે સંગ્રહ યા પ્રતિગ્રહ છે.

(૨) બોલાવીને ઉંચા આસને બેસાડવા.

(૩) પાસુક પ્રામાણિક પાણીથી પગ ધોવા, ધોવડાવવા.

(૪) જેવો સમય જેવું પાત્ર હોય તેના યોગ્ય સ્તવન પૂજ્યપણાના વચન કહેવા.

(૫) મુનિ-શ્રાવકની યોગ્યતા અનુસાર નમસ્કાર વિગેરે કરવા.

(૬) મનની શુદ્ધતા કરવી તથા બોલવી.

(૭) વચનની શુદ્ધતા કરવી, કહેવી, અયોગ્ય વચન ન બોલવાં.

(૮) કાયાની શુદ્ધિ કરવી તથા કહેવી, સાવધાનીપૂર્વક ચાલવું, ઉઠવું વિગેરે.

(૯) ભોજન શુદ્ધિ કરવી તથા બોલવી, પાત્ર યોગ્ય શુદ્ધ ભોજન દેવું.

આ રીતે જિનસૂત્ર અનુસાર પાત્રને દેશકાળ યોગ્ય આહાર આપવો જોઈએ. તથા મનમાં હર્ષ થવો જોઈએ. પાત્રના ગુણોમાં હર્ષ અનુરાગ વિના દાન દેવું નિષ્ફળ છે. જેને ધર્મ પ્રિય હશે તેને ધર્માત્મામાં તથા તેના ગુણોમાં અનુરાગ હશે જ, એવો નિયમ છે.

**મુનિરાજ તો જૈનધર્મીની પરીક્ષા નવધા ભક્તિ જોઈને જ કરે છે.** જેના હૃદયમાં નવધા ભક્તિ નથી, તેના હૃદયમાં ધર્મ પણ નથી. ધર્મ રહિતના ત્યાં મુનિરાજ ભોજન પણ કરતા નથી. અન્ય પણ ધર્માત્મા પાત્ર ગૃહસ્થ આદિ છે તે પણ આદર વિના લોભી થઈને ધર્મનો નિરાદર કરાવીને દાન ગૃહણ કરવાની વૃત્તિથી ભોજન આદિ કદી કરતા નથી. જૈનીપણું જ દીનતા રહિત પરમ સંતોષ ધારણ કરવામાં છે.

દાતાએ એવો આહાર, ઔષધિ શાસ્ત્ર વસ્તુ વિગેરે દ્રવ્યનું દાન આપવું જોઈએ. જેનાથી રાગ-દ્વેષ વધે નહિ, મદ ન વધે, જેનાથી મોહ, કામ, આળસ, ચિંતા, અસંયમ, ભય, દુઃખ, અભિમાન થઈ જાય તે દ્રવ્ય દાનમાં દેવા યોગ્ય નથી. જે દ્રવ્યના દાનમાં દેવાથી સ્વાધ્યાય, ધ્યાન, તપ, સંતોષની વૃદ્ધિ થાય તે દ્રવ્ય દાનમાં દેવા યોગ્ય છે. જેનાથી પાત્રનું દુઃખ મટી જાય, રોગનો નાશ થઈ જાય, પરિણામનો સંકલેષ મટી જાય એવું દ્રવ્ય દાનમાં આપવા યોગ્ય છે.

અહીં દાનમાં પાંચ વાતો વિશેષ જાણવી - દાતા, દેય, પાત્ર, વિધિ અને ફળ.

**દાતાના વિશેષ ગુણ:-** દાતા કેવા હોવા જોઈએ ? સાત ગુણોના ધારી હોવા જોઈએ

(૧) ધર્મમાં તત્પર પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ પાત્રનો સ્વીકાર કરવો. પ્રમાદ રહિત જ્ઞાન સહિત શાંત પરિણામી થઈને પાત્રની ભક્તિમાં પ્રવર્તવું, દાતાનો તે **ભક્તિ ગુણ** છે.

(૨) દાન આપવામાં અત્યંત આસકત થઈને પાત્રની પ્રાપ્તિને પરમ નિધાનના લાભ સમાન માનવી તે દાતારનો **તૃષ્ટિ ગુણ** છે.

(૩) સાધુઓને પોતાથી દાન થવું આ લોકમાં તથા પરલોકમાં પરમ કલ્યાણ છે, આ રીતે પરિણામોમાં ગાઢ પ્રીતિ હોવી તે દાતાનો **શ્રદ્ધા ગુણ** છે.

(૪) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સારી રીતે વિચાર કરીને યોગ્ય ભક્ષ્ય પદાર્થનું દાન દેવું તે દાતારનો **વિજ્ઞાન ગુણ** છે.

(૫) દાન આપીને દાનના પ્રભાવથી સંસાર સંબંધી ધન, રાજ્ય, ઐશ્વર્ય, વિદ્યા, મંત્ર, યશ, કીર્તિ આદિ ફળ ન ઈચ્છવું તે દાતારનો **અલોલુપ ગુણ** છે.

(૬) જેની પાસે ધન થોડું હોય તો પણ દાનમાં અધિક ઉત્સાહી હોય, જેના દાનને જોઈને મોટા મોટા શ્રીમંત પુરૂષ પણ આશ્ચર્યચકિત થઈ જાય, તે દાતાનો **સાત્ત્વિક ગુણ** છે.

(૭) કલુષતા થવાનું મોટામાં મોટું કારણ પણ આવી જાય તો પણ કોઈની ઉપર રોષ ન કરવો તે દાતાનો **ક્ષમા ગુણ** છે.

**મુનિ, શ્રાવક તથા અવ્રત સમ્યગ્દૃષ્ટિ -** આ ત્રણ પ્રકારનાં પાત્ર છે. તેમને દાન દેવાવાળા ઉત્તમ દાતામાં બીજા પણ અનેક ગુણ હોવા જોઈએ. દાતાએ **વિનયવાન** થવું જોઈએ, વિનય રહિતનું આપેલું દાન નિષ્ફળ છે. જેની પાસે કંઈ આપવા માટે ન હોય તો વિનય કરવો (તે) જ મહા દાન છે. સત્કાર કરવો, પ્રિય વચન બોલવાં, સ્થાન આપવું, ગુણોનું સ્તવન કરવું તે પણ મોટું દાન છે.

ધર્મમાં પ્રીતિ હોય, દાનના અનુક્રમને જાણતો હોય, દાનના કાળને જાણતો હોય, જિનસૂત્રનો જ્ઞાતા હોય, ભોગોની ઈચ્છા રહિત હોય, બધા જીવો પર દયાળુ હોય, રાગ-દ્વેષની મંદતા હોય, સાર-અસારને જાણવાવાળો હોય, સમદર્શી હોય, ઈન્દ્રિયોને જીતવાવાળો હોય, પરીષહ આવવા પર કાયરતા રહિત હોય, ઈર્ષા(અદેખાઈ)ના ભાવ

રહિત હોય, સ્વમત-પરમતનો જાણકાર હોય, પ્રિય વચન સહિત હોય, વ્રતીઓના પવિત્ર ગુણોથી જેનું ચિત્ત ભરેલું હોય, લોક-વ્યવહાર અને પરમાર્થ બંનેને જાણવાવાળો હોય, સમ્યક્ત્વ આદિ ગુણ સહિત હોય, અહંકાર આદિ મદ રહિત હોય, વૈયાવૃત્તમાં ઉદ્યમી હોય, એવો ઉત્તમ દાતા પ્રશંસા યોગ્ય છે.

**ધનની અસારતા:-** જેના હૃદયમાં નિરંતર એવો વિચાર રહે છે - જે ધન વ્રતીઓની સેવામાં લાગી જાય, સાધર્મીજનોના ઉપકારમાં, શ્રાવકોનાં આપદા દુઃખ નિવારવામાં, ધર્મની પ્રભાવનામાં, ધર્મ માર્ગને ચલાવવામાં લાગે તે ધન મારૂં છે. સંસારના અન્ય કાર્યોમાં, વિષય ભોગોમાં, કુટુંબના વિષય કષાય સાધવામાં જે ધન ખર્ચ થાય તે કેવળ બંધ કરવાવાળુ સંસાર સમુદ્રમાં ડૂબાડવાવાળું છે.

આ કુટુંબના લોકો જે ધન ખાઈ રહ્યાં છે તે તો ભાગીદાર છે, ધન વહેંચી લેવાવાળા છે, જબરદસ્તી ધન લૂંટવાવાળા છે, રાગ-દ્વેષ-ક્રોધાદિ કષાયો પેદા કરી વ્રત સંયમનો ઘાત કરવાવાળા છે, મને પાપમાં પ્રેરિત કરવાવાળા છે. મને પણ એમના સંયોગથી એવો અજ્ઞાન અંધકાર છવાયો છે જેના કારણે ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય, યશ-અપયશ કંઈ પણ દેખાતું નથી. પોતાનાં સ્ત્રી પુત્રાદિના વિષય સાધવામાં અન્ય નિર્બળ તથા ભોળા અજ્ઞાની જીવોનું ધન ઠગવામાં-લૂંટી લેવામાં પરિણામ તરત જ તૈયાર થઈ જાય છે. આ કુટુંબને ધન, વસ્ત્ર, આભરણ, ભોજન વિગેરેથી તૃપ્ત કરવા માટે જૂઠમાં, કપટમાં, ચોરીમાં પરિણામ નિરંતર લાગેલાં રહે છે. એટલા માટે હવે ભગવાન વીતરાગના ધર્મને પામીને કુટુંબ માટે ધન કમાવા માટે અન્યાયમાં — અનીતિમાં પ્રવર્તન કરીશ નહિ. ન્યાય માર્ગથી જે ધન કમાઈશ તેમાં જ પોતાનું, કુટુંબનું તથા ધર્મ માટે દાનનો વિભાગ કરીને જીવનના બાકીના દિવસો વ્યતીત કરીશ.

**દાનની પ્રેરણા:-** આ ધન, યૌવન, જીવન ક્ષણભંગુર છે, અવશ્ય જશે. મરણ અચાનક આવશે, ધન સંપદા, કુટુંબ આદિ કોઈ સાથે જશે નહિ. મારા દાન, તપ, શીલ, આદિ ભાવોથી કમાયેલું પુણ્ય એકલું પરલોકમાં મારૂં સહાયી થઈ સાથે જશે. અહીં જે બધા પ્રકારની સામગ્રી મળી છે, તે તો પૂર્વ જન્મમાં જેવું દાન આપ્યું તેવી ફળી છે. હવે તેને દાન દેવામાં, ધર્માત્માઓની સેવા કરવામાં, દુઃખી ભૂખ્યા જીવોનો ઉપકાર કરવામાં લગાવીશ તો પરલોકમાં બધી જાતના સુખ ભોગવીશ. મોક્ષમાર્ગની સમ્યગ્જ્ઞાન આદિની સામગ્રી મેળવીશ.

**ભોજન કરવું તેનું સફળ છે જે દાનપૂર્વક ભોજન કરે છે. પોતાનું પેટ તો પશુ પણ ભરી લે છે. જેના ઘરમાં પાત્ર દાન થાય છે તેનું ગૃહસ્થપણું સફળ છે.** દાન વિના પશુઓને પણ રહેવા યોગ્ય ગુફાઓ હોય છે, પક્ષીઓના માળા હોય જ છે. જેમ-સમુદ્રમાં પાણી પણ ઘણું જ છે અને રત્ન પણ ઘણાં છે, પરંતુ પાણી તો મહા ખારૂં છે, તથા મગર-મચ્છોથી ભરેલું હોવાથી રત્ન કાઢી શકાતાં નથી એટલા માટે રત્ન તથા પાણી ઉપકાર ન કરી શકવાના કારણે નિષ્ફળ છે, તે જ રીતે કંજુસ ધનવાનનું ધન બીજાઓને ઉપકારક ન હોવાથી નિષ્ફળ જ છે.

જે ગૃહસ્થે ધન મેળવીને સાધર્મીઓના ઉપકારમાં, દીન, અનાથોના સત્કારમાં ખર્ચ કર્યું નથી તે ધન તેનું નથી. તે ધન તો કોઈ અન્ય પુણ્યવાનનું છે, આ તો તે ધનનો પુણ્યવાન તરફથી રખેવાળ છે, ચોકી કરવાવાળો છે. ધનનો અસલી (ખરો) માલિક તો કોઈ બીજો જ પુણ્યવાન છે, જે દાન-ભોગમાં લગાવશે. જેના ઘરમાં પાત્ર આવી જાય, તથા આપવા માટે સામગ્રી પણ હોય તો પણ આપી ન શકાય, તો તેના હાથમાં આવેલું ચિંતામણિ રત્ન નાશ થયું (માનો) જાણો.

**જે ધનને મેળવીને દાનમાં લગાવતો નથી તે મૂઢ પોતાના આત્માને ઠગે છે. જે ધનને દાનમાં લગાવે છે તે તે ધનનો સ્વામી (માલિક) છે.** જેનાં પરિણામ દાન આપવામાં, પાત્રની શોધમાં નિરંતર લાગેલાં રહે છે, તેનાથી દાન ન પણ થાય, તો પણ તેનાથી નિરંતર દાન જ થઈ રહ્યું છે એમ સમજો. ધન ભલે થોડું હોય કે વધારે હોય, પાત્રને પામીને જે અતિ ભક્તિપૂર્વક દાન આપે છે તે સાચો દાતા છે. ભક્તિ રહિતને દાતાપણું હોતું નથી.

**નિર્દોષ દાનઃ-** જે અવસર ચૂકીને અકાળમાં (કસમયે) દાન આપે છે તેમનું દાન અકાળ (કસમયમાં) વાવેલા બીજની જેમ નિષ્ફળ ચાલ્યું જાય છે. જે અપાત્રને દાન આપે છે તેમનું દાન ઉજ્જડ ભૂમિમાં વાવેલા બીજ સમાન નિરર્થક થઈ જાય છે. દુષ્ટને આપેલું દાન સાપને પિવડાવેલા દૂધ-ખાંડ સમાન દાતાને સંસારના ઘોર દુઃખ, મરણ, જલન દેવાવાળા ઝેર સમાન ફળ આપે છે.

પોતાના ભાગ્ય પ્રમાણે જેટલું ધન મળે તેટલામાં દાનનો હિસ્સો કાઢવાનો ભાવ કરવો જોઈએ. એવું ન વિચારવું જોઈએ કે - જો મારી પાસે અધિક ધન હોત તો અધિક દાન કરત. આ રીતે દાન કરવા માટે અભિમાની થઈ ધનની ઈચ્છા ન કરો.

તમારા લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી જેટલા ધનનો લાભ થયો હોય એટલામાં જ સંતોષ ધારણ કરી અધિક ધનની ઈચ્છા ન કરવી તે જ મોટું દાન છે.

પોતાને જે ન્યાયપૂર્વક ધન પ્રાપ્ત થયું છે તેમાં જેનું પરિણામ નિરંતર રહે છે કે મારા ધનમાંથી કોઈના માટે કંઈ કામ આવી જાય તો મારૂં ધન કમાયેલું સફળ છે. પોતાના ઘરના ખર્ચમાં આપવા-લેવામાં કોઈ મારાથી કંઈક કમાઈ લે તો એ જ મને મોટો લાભ છે. એવા પરિણામવાળો દાતા હોવો જોઈએ.

જે પણ દાન આપો તે આનંદિત મનથી આપો. જે દાન તો આપે પરંતુ ક્રોધ કરીને, અપમાન કરીને, તિરસ્કારનાં વચન કહીને, રોષ કરીને, દોષ લગાવીને, દુઃખી થઈને આપે તો તે દાતાનો આ લોકમાં કલહ અને અપયશ થાય છે, પરલોકમાં અશુભ કર્મના ફળથી અનેક ભવો સુધી દારિદ્રય, અપમાન વિગેરે ભોગવે છે.

**દાનમાં ન દેવા યોગ્ય:-** હવે જે આપવા યોગ્ય નથી એવા ખોટા પદાર્થનું દાન કુદાન જ છે. કુદાન ન કરવું જોઈએ. ભૂમિ દાન આપવું યોગ્ય નથી. તેમાં હળ, પાવડા, ખુરપા આદિથી ભૂમિને ખોદાતી હોવાથી ઘણી હિંસા થાય છે, ઘણો આરંભ, પંચેન્દ્રિય આદિ સાપ, ઉંદર, હરણ, સુવર વિગેરે મોટા મોટા જીવોને અનાજનું નુકશાન કરવાવાળા જાણીને મારી નાખે છે. જમીનની મમતાથી ભાઈ-ભાઈ આપસમાં મારપીટ કરીને મરી જાય છે, તીવ્ર રાગનું કારણ છે એવા ભૂમિ દાનથી મહાઘોર પાપનો બંધ જાણો.

મહાહિંસાનું કારણ જેનાથી અનેક પ્રકારની હિંસા થાય છે એવા લોઢાનું દાન મહા કુદાન જાણી તેને છોડવું.

સોનાનું દાન પણ છોડવું. જેને પ્રાપ્ત કરવાવાળાનો નાશ થઈ જાય, મરી જાય, સદાકાળ ભયભીત બન્યો રહે, સંયમનો નાશ કરી દે. આ ધનથી રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મદ, ભય, આરંભ, વિગેરેની પ્રચુર ઉત્પત્તિ થાય છે, આત્માનું સ્વરૂપ વિસ્મરણ થઈ જાય છે. એટલા માટે વીતરાગ ધર્મના ઈચ્છુકે સુવર્ણ દાન આપવાને પાપ સમજી ત્યાગી દેવું જોઈએ.

કરોડો ત્રસ જીવોની ઉત્પત્તિનું કારણ એવું તલ દાન પણ ત્યાગવા યોગ્ય છે.

ઘંટી, ચુલો, તગારા, ઝાડૂ, સાંબેલું પાવડા, દાંતીયો, અનાજ, તેલ, દીવો, ગોળ,

રસ ઈત્યાદિ મહા પાપ સામગ્રીથી ભરેલા મહા આરંભ મોહને ઉત્પન્ન કરાવવાવાળા મકાનના દાનને ધર્મ માની મિથ્યાધર્મી આપે છે તે બધાં કુદાન છે.

જે ગાયને બાંધવામાં, લીલું ઘાસ આદિ ચરવામાં, જેના શરીરમાં નાના-નાના અનેક પ્રકારના કીડા, જીવ, બગાઈ વિગેરે ઉપજવામાં, મળમાં, મૂત્રમાં, અસંખ્યાત જીવ ઉત્પન્ન થાય છે, મરે છે, શીંગડાથી મારવાથી, ખુર (ખરી) પૂંછડી આદિથી અનેક જીવોના ઘાત કરવાવાળું ગોદાન તે પણ કુદાન છે.

**કુદાન ત્યાગ:-** સંસારને વધારનારૂં મહા બંધન કરવાવાળું જે કન્યાનું દાન છે તે કુદાન છે.

**અહીં કોઈ કહે છે -** કન્યાદાન કર્યા વિના ગૃહસ્થ કેવી રીતે રહી શકે ? એ તો ઠીક છે. ગૃહસ્થ પોતાની કન્યાને વિવાહ યોગ્ય કુળમાં ઉત્પન્ન જૈનધર્મી વરને તેના વ્યવહાર, ચતુરાઈ વિગેરે ગુણો જોઈ કન્યા આપે છે. પરંતુ કન્યાદાનને ધર્મ તો માનતો નથી, જૈનધર્મી તો કન્યાદાનને પાપ જ શ્રદ્ધાન કરે છે. જેમ ગૃહસ્થીના અનેક આરંભ આદિ પાપબંધનું કારણ છે. પરંતુ આ તો વિષયોનો દંડ છે જે ભોગવવાથી જ ચૂકવાશે.

અન્ય મતવાળા તો કન્યાદાન દેવાનું ઘણું મોટું ફળ કહે છે, લાખ યજ્ઞ કરવા બરાબર ફળ કહે છે, કરોડ બ્રાહ્મણોને ભોજન કરાવવાથી અધિક, કરોડ ગાયો દાનમાં દેવાથી અધિક ફળ કહે છે, અન્યની કન્યાનો વિવાહ કરાવી દેવાનો પણ મોટો ધર્મ કહે છે. જૈનધર્મમાં તો તેને સંસાર પરિભ્રમણનું કારણ કુદાન કહ્યું છે.

બીજા પણ સંસાર સમુદ્રમાં ડુબાડવાવાળા મિથ્યાદષ્ટિ, લોભી, વિષયોના લંપટી લોકો દ્વારા કહેલાં કુદાન ત્યાગવા યોગ્ય છે. સુવર્ણની ગાય, તલની ગાય, ઘૃતની ગાય, ચાંદીની ગાય બનાવી દાનમાં આપે છે તથા લેવાવાળો પણ ઘીની ગાયને, તલની ગાયને, લાપસીની ગાયને, સાકરની ગાયને ખાઈ જાય છે. સોનાની ગાયને, ચાંદીની ગાયને કપાવે છે, આગમાં ગળાવે છે (એમાં ઘણી ભાવ હિંસા થાય છે) ગાયની પૂંછડીમાં તેત્રીસ કરોડ દેવતા તથા અડસઠ તીર્થ કહે છે. દાસી-દાસનું દાન આપે છે, રથ દાન આપે છે, સંક્રાંતિ-ગ્રહણ-વ્યતીપાત આદિ માનીને દાન આપે છે, **આ બધો મિથ્યાત્વનો પ્રભાવ છે.**

**કહે છે કે -** મૃતકને તૃપ્ત કરવા માટે બ્રાહ્મણ આદિને ભોજન કરાવો. વિચાર

કરીને જુઓ! બ્રાહ્મણોના ખાવાથી ભોજન મરવાવાળા સુધી કેવી રીતે પહોંચશે ! દાન પુત્ર આપે અને પિતા પાપથી છૂટી જાય ? ઘણા સમય પહેલાં મરેલા મનુષ્યનાં હાડકાં ગંગામાં પધરાવવાથી મરવાવાળાનો મોક્ષ કેવી રીતે થઈ જાય ? **ગયામાં જઈ શ્રાદ્ધ કરવાથી એકવીસ પેઢીનો ઉદ્ધાર થવો કહે છે!** ગયામાં પિંડદાન કરવાથી દસ પેઢી પાછલી, દસ પેઢી આગળની, એક આ સ્વયં — આ રીતે એકવીસ પેઢી સંસારમાં કુગતિમાં પડેલી, ત્યાંથી નીકળીને વૈકુઠમાં જઈ રહેવા લાગે છે ! ભવિષ્યમાં પુત્ર, પૌત્રો, તથા તેમનાં સંતાનો ચાહે તેટલાં પાપ કરે, ગયામાં શ્રાદ્ધ યા પિંડદાન એકવીસ પેઢીમાંથી કોઈ એકે કરી દીધું તો બધાની મુક્તિ થઈ જશે, એટલે કોઈ પાપનો ભય ન રાખો! આવી મિથ્યા માન્યતાઓ છોડવા યોગ્ય છે.

શ્રાદ્ધમાં બ્રાહ્મણોને માંસભક્ષણ કરાવે છે, માંસ દ્વારા દેવતાઓને તૃપ્ત કરે છે. દેવતા, દુર્ગા, ભવાનીને જીવોનું, રાક્ષસોનું, તિર્યંચોનું લોહી પીવાથી ખૂબ તૃપ્ત થયા માને છે, દેવીઓને બકરા, પાડા કાપી બલિદાન કરે છે. પાપી મનુષ્ય ખોટા શાસ્ત્ર બનાવી પોતાના માંસ ભક્ષણ માટે ઘણા પાપ કર્મ કરી સ્વયં નરકના માર્ગ પર જઈ રહ્યા છે તથા બીજાઓને પણ નરક પહોંચાડી રહ્યા છે. **જિવ્હા ઈન્દ્રિયનો લોલુપી-લોભી કયું ઘોર પાપ કર્મ નથી કરતો ?** તે પાપી મનુષ્યપણામાં શિયાળ, કાગડા, કૂતરા, વાઘ જેવું માંસ ભક્ષણરૂપ આચરણ કરે છે. જેમના આવાં ઘોર પાપનાં શાસ્ત્ર છે તેમના ધર્મમાં અને મલેચ્છોના ધર્મમાં કોઈ અંતર નથી. આ વાક્યો મલેચ્છોનાં છે. વેદના વાક્યોનો આવો અર્થ બનાવી લોકોમાં અજ્ઞાન પેદા કરીને શિકારમાં ધર્મ બનાવી દીધો.

જે જળચર, થલચર, નભચર જીવોને મારવામાં ધર્મ બતાવે છે તેમણે આખા જગતને ભ્રષ્ટ કર્યું છે અને કરી રહ્યા છે. જેમનો દેવતા મુંડમાળા પહેરે છે, માંસ ખાવામાં તથા ખૂન (લોહી) પીવામાં લીન છે તેના સેવકોના પાપની કથાનું શું કહેવું ? તે કુપાત્રોને દાન આપવું તો મહા દુઃખ દેવાવાળું કુદાન છે. આ રીતે કુદાનના ઘણા ભેદ છે. કુદાન દેવાથી તથા કુદાન લેવાથી નરક, તિર્યંચોમાં ઘણાં જન્મ-મરણ કરીને નિગોદમાં, એક ઈન્દ્રિય તથા વિકલત્રયમાં અનંતકાળ સુધી અસંખ્યાત પરિવર્તન કરે છે. એવું જાણી કુદાન ન કરો, કુપાત્ર દાન ન કરો.

હવે અહીં **સુપાત્ર દાનનું ફળ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**गृहकर्मणापि निचितं कर्मविमार्ष्टि खलु गृहविमुक्तानाम्।**
**अतिथिनां प्रतिपूजा रुधिरमलं धावते वारि ।।११४।।**

**અર્થ:-** ગૃહ રહિત અતિથિ જે મુનિ છે તેમના પ્રત્યે પૂજા અર્થાત્ દાન સન્માન આદિ રૂપ જે ઉપાસના છે તે ગૃહસ્થના ષટ્ કર્મો દ્વારા ઉપાર્જીત જે પાપ કર્મરૂપ મેલ છે, તેને દૂર કરીને એવી રીતે શુદ્ધ કરી દે છે, જેવી રીતે શરીર ઉપર લાગેલા લોહીરૂપ મળને (લોહીના ડાઘને) પાણી ધોઈ નાખે છે.

**ભાવાર્થ:-** ગૃહસ્થને દરરોજ આરંભ આદિ દ્વારા નિરંતર પાપનું ઉપાર્જન થતું રહે છે. તે પાપને ધોવામાં મુનીરાજોને આપેલું એક દાન જ સમર્થ છે. જેમકે લોહી લાગી ગયું હોય તો તે લોહીથી ધોવાતું નથી, પાણીથી ધોવાય છે, તે જ રીતે ગૃહસ્થીના આરંભથી ઉત્પન્ન પાપમળ ગૃહના ત્યાગી સાધુઓને આપેલ દાનથી ધોવાય છે.

હવે **દાનનું વિશેષ ફળ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**उच्चैर्गोत्रं प्रणतर्भोगो दाना-दुपासनात्पूजा ।**
**भक्तेः सुन्दररूपं स्तवनात्कीर्तिस्तपोनिधिषु ।।११५।।**

**અર્થ:-** તપના નિધાન, સામ્યભાવના ધારક, બાવીશ પરિષહોને સહેવાવાળા, પોતાના દેહથી નિર્મમત્વ, પાંચ ઈન્દ્રિયોના વિષયોથી અત્યંત વિરકત, અભિમાન કષાય આદિ રહિત આત્મ વિશુદ્ધતાના ઈચ્છુક એવા ઉત્તમ પાત્ર જે મુનિરાજ છે તેમને પ્રણિત અર્થાત્ નમસ્કાર કરવાથી સ્વર્ગ લોકમાં જન્મ, સ્વર્ગથી આવી તીર્થંકરરૂપમાં જન્મ, ચક્રીરૂપમાં જન્મ રૂપી ઉચ્ચ ગોત્રનો તથા સિદ્ધોની સર્વોત્કૃષ્ટ ઉચ્ચતાને પ્રાપ્ત થાય છે.

ઉત્તમ પાત્રને દાન દેવાથી ભોગભૂમિના ભોગ, દેવલોકના ભોગ, પછી રાજા આદિના ભોગ, અહમિંદ્ર લોકના ભોગ ભોગવી, તીર્થંકર ચક્રીપણું પામી, નિર્વાણના અનંત સુખના ભોગને પ્રાપ્ત કરે છે. ઉત્તમ પાત્ર જે સાધુ છે તેમની ઉપાસના કરવાથી ત્રણ લોકમાં પૂજ્ય કેવળી થઈ જાય છે. ઉત્તમ પાત્ર જે સાધુ છે તેમની ભક્તિ કરવાથી સુંદરરૂપ જે કેવળજ્ઞાનનું રૂપ તે પ્રાપ્ત થઈ જાય છે.

ઉત્તમ પાત્ર જે સાધુ છે તેમનું સ્તવન કરવાથી ત્રણ લોકમાં ફેલાઈ જવાવાળી કીર્તિ, ઈંદ્ર આદિ દ્વારા સ્તવન-કીર્તનને પ્રાપ્ત થાય છે.

હવે **દાનનો વિશેષ પ્રભાવ** કહેવાવાળો શ્લોક કહે છે:-

**क्षितिगतमिव-वटबीजं पात्रगतं दानमल्पमपि काले ।**
**फलतिच्छाया-विभवं बहुफल-मिष्टं शरीर भृताम ।।११६।।**

**અર્થ:-** સમય પર સત્પાત્રને આપેલું દાન થોડું પણ હોય તો સુંદર પૃથ્વીમાં વાવેલા વટના બીજ સમાન પ્રાણીઓને છાયા અર્થાત્ માહાત્મ્ય, ઐશ્વર્ય, તથા વૈભવ અર્થાત્ ભોગોપભોગની સંપદારૂપ વાંછિત ઘણું ફળ આપે છે. એટલે પાત્ર દાનનું અચિન્ત્ય ફળ છે. પાત્ર દાનના પ્રભાવથી સમ્યક્ત્વ ગ્રહણ થાય છે. સમ્યક્ત્વ રહિત મિથ્યાદષ્ટિ પણ પાત્ર દાનના પ્રભાવથી ઉત્તમ ભોગભૂમિમાં જઈ ઉત્પન્ન થાય છે.

**કેવી છે ભોગભૂમિ ?:-** જ્યાં ત્રણ પલ્યનું આયુષ્ય, ત્રણ કોશ ઉંચુ શરીર, અદ્દભૂત સુંદર રૂપ, સમચતુરસ્ત્ર સંસ્થાન, મહાબલી પરાક્રમી મનુષ્ય હોય છે. સ્ત્રી-પુરૂષોનું યુગલ ઉપજે છે. ત્રણ દિવસ વીત્યા પછી જ્યારે કદી કંઈ આહારની ઈચ્છા થાય છે ત્યારે બોર જેટલો આહાર કરી ક્ષુધાવેદના રહિત થઈ જાય છે. દસ પ્રકારના કલ્પવૃક્ષોથી પ્રાપ્ત ઈચ્છિત ભોગોને ભોગવે છે. જ્યાં ઠંડી ગરમીની વેદના નથી, વર્ષાનું કષ્ટ નથી, દિવસ રાત્રિનો ભેદ નથી, સદાયે ઉદ્યોતરૂપ અંધકાર રહિત સમય ચાલે છે. શીતળ, મંદ, સુગંધિત પવન નિરંતર વહે છે, ભૂમિમાં ધૂળ, પત્થર, ઘાસ, કાંટા, કાદવ વિગેરે હોતા નથી, સ્ફટિકમણિ સમાન ભૂમિ છે. ત્યાં જીવનભર રોગ નથી, શોક નથી, બુઢાપો નથી, કલેશ નથી. જ્યાં સેવક નથી, માલિક નથી સ્વ-પર ચક્રનો ભય નથી, ષટ્ કર્મરૂપ આજીવિકા કરવી પડતી નથી.

**કલ્પવૃક્ષ:-** કલ્પવૃક્ષ દસ પ્રકારનાં છે — (૧) તૂર્યાંગ, (૨) પાત્રાંગ, (૩) ભૂષણાંગ, (૪) પાનાંગ, (૫) આહારાંગ, (૬) પુષ્પાંગ, (૭) જ્યોતિરાંગ, (૮) ગૃહાંગ, (૯) વસ્ત્રાંગ, (૧૦) દીપાંગ.

(૧) **તૂર્યાંગ** જાતિના કલ્પવૃક્ષ વાંસળી, મૃદંગ, ઈત્યાદિ કર્ણ ઈન્દ્રિયને તૃપ્ત કરવાવાળા વાજિંત્ર આપે છે.

(૨) **પાત્રાંગ** જાતિના કલ્પવૃક્ષ રત્ન સ્વર્ણમય અનેક પ્રકારના નેત્રોને આનંદકારી કળશ, દર્પણ, ઝારી, આસન, પલંગ આદિ સમસ્ત પ્રકારનાં પાત્ર આપે છે.

(૩) **ભૂષણાંગ** જાતિનાં કલ્પવૃક્ષ અનેક પ્રકારના આભૂષણ, ક્ષણ-ક્ષણમાં પહેરવા યોગ્ય હાર-મુગટ, કુંડલ, વીંટી વિગેરે અંગોને ભૂષિત કરવાવાળાં તથા મહેલને,

દ્વારને, શૈયાને, આસનને, ભૂમિને ભૂષિત કરવાવાળાં અનેક આભૂષણ આપે છે.

(૪) **પાનાંગ** જાતિનાં કલ્પવૃક્ષ નાના પ્રકારના પીવા યોગ્ય શીતલ સુગંધિત પાણી આપે છે.

(૫) **આહારાંગ** જાતિનાં કલ્પવૃક્ષ અનેક સ્વાદરૂપ અનેક પ્રકારના આહાર આપે છે, પરંતુ ત્યાં ભૂખનું દુઃખ જ હોતું નથી એટલે રોગ વિના ઔષધિને કોણ લે? ભોગભૂમિના જીવોને રોજ ભૂખ લાગતી નથી. ત્રણ દિવસ વીતી ગયા પછી બોર જેટલું થોડુંક ભોજન કરી લે છે.

(૬) **પુષ્પાંગ** જાતિના કલ્પવૃક્ષ અનેક પ્રકારના કોમળ સુગંધિત ફુલોની માળા, આભૂષણ વિગેરે આપે છે.

(૭) **જ્યોતિરાંગ** જાતિના કલ્પવૃક્ષોના પ્રકાશથી સૂર્ય-ચંદ્રમા દેખાતા જ નથી. સૂર્યના પ્રકાશથી કંઈ ગણો વધારે પ્રકાશ તેમનો હોય છે. ત્યાં આ જ કારણે રાત્રિ-દિવસનો ભેદ જ નથી.

(૮) **ગૃહાંગ** જાતિના કલ્પવૃક્ષ ચોરાશી ખંડ સુધીના સુંદર ચિત્ર-વિચિત્ર રત્નોથી શોભાયમાન અનેક પ્રકારના મહેલ આપે છે.

(૯) **વસ્ત્રાંગ** જાતિના કલ્પવૃક્ષ અનેક પ્રકારના ઈચ્છાનુસાર પહેરવા યોગ્ય વસ્ત્ર, શૈયા, આસન, બિછાવણું (પાથરણું) વિગેરે આપે છે.

(૧૦) **દીપાંગ** જાતિના કલ્પવૃક્ષ અંધકાર ન હોવા છતાં પણ દીપ માળાની શોભા બનાવી રાખે છે.

ભોગભૂમિમાં સ્ત્રી-પુરૂષોના યુગલના મરણ સમયે પુરૂષને છીંક તથા સ્ત્રીને બગાસું આવે છે, તે જ સમયે યુગલ સંતાન ઉત્પન્ન થઈ જાય છે. સંતાનને માતા-પિતા જોતા નથી અને માતા-પિતા સંતાનને જોઈ શકતા નથી, એટલે એમને વિયોગનું દુઃખ નથી. મરણ થયા પછી શરીર શરદ ઋતુના વાદળોની જેમ વિખરાઈ જાય છે.

યુગલિયા ઉપજ્યા પછી પહેલા સાત દિવસ તો પોતાનો અંગૂઠો ચૂસે છે. તે પછી બીજા સાત દિવસ સુધી ઉંધા-સીધા પલટ્યા કરે છે. ત્રીજા સાત દિવસ અસ્થિરતાથી ચાલવા લાગે છે. ચોથા સાત દિવસમાં સ્થિર ચાલવા લાગે છે. પાંચમા

અઠવાડિયામાં વધીને પરિપૂર્ણ યુવાન થઈ જાય છે. છઠ્ઠા અઠવાડિયામાં બધાં દર્શન અને વિજ્ઞાન સમજવા લાગે છે. સાતમા અઠવાડિયામાં બધા પ્રકારની ચાતુર્યતા તથા કળાઓ શીખી જાય છે. આ રીતે ઓગણ પચાસ દિવસોમાં પરિપૂર્ણ થઈને અનેક પૃથક-વિક્રિયા, અપૃથક વિક્રિયા સહિત અનેક પ્રકારના મહેલ, મંદિર, વનોમાં વિહાર કરતા થકા, ક્ષણ-ક્ષણમાં અનેક પ્રકારની નવા-નવા વિષયોની સામગ્રી ભોગવતા થકા અનેક સુખરૂપ, ક્રીડાઓ, રાગ રંગ, આદિ ચેષ્ટાઓ કરતા થકા ત્રણ પલ્યનું આયુષ્ય પૂરું કરીને મરણ સમયે છીંક બગાસા માત્રથી પ્રાણ ત્યાગી દે છે. સમ્યગ્દષ્ટિ હોય તો સૌધર્મ ઈશાન સ્વર્ગમાં જાય છે, મિથ્યાદષ્ટિ હોય તો મરણ કરીને ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે. મંદ કષાયના પ્રભાવથી દેવલોક સિવાય અન્ય ગતિમાં જતા નથી.

સમ્યગ્દષ્ટિ હોય, શ્રાવકના વ્રત પાળતા હોય, તથા પાત્ર દાન કરતા હોય તો સોળમાં સ્વર્ગ સુધી મહાન ઋદ્ધિધારી દેવોમાં જ ઉત્પન્ન થાય છે.

**પાત્રના ભેદ :-** આગમમાં ત્રણ પ્રકારનાં પાત્ર કહ્યાં છે - **ઉત્તમ પાત્ર, મધ્યમ પાત્ર તથા જઘન્ય પાત્ર. ઉત્તમ પાત્ર** તો મહાવ્રતોના ધારક, અઠ્ઠાવીસ મૂળગુણ તથા ચોરાશી લાખ ઉત્તર ગુણોના ધારક દેહથી નિર્મમત્વ, વીતરાગી સાધુ છે. **મધ્યમ પાત્ર** અગિયાર પ્રતિમાઓના ભેદરૂપ શ્રાવક સમ્યગ્દષ્ટિ વ્રત સહિત હોય છે. સ્ત્રી પર્યાયમાં વ્રતોની મર્યાદાને ધારણ કરવાવાળી, એક વસ્ત્ર સિવાય અન્ય સમસ્ત પરિગ્રહ રહિત, પરના ઘરે એકવાર યાચના રહિત મૌનપૂર્વક ભિક્ષા ભોજન કરવાવાળી, આર્યિકાઓના સંઘમાં ધર્મધ્યાન સહિત મહા તપશ્ચરણ કરવાવાળી આર્યિકા મધ્યમપાત્ર છે. તથા અણુવ્રત તથા સમ્યગ્દર્શન સહિત શ્રાવિકા પણ મધ્યમ પાત્ર છે. વ્રત રહિત જિનેન્દ્રના વચનોના શ્રદ્ધાની સમ્યગ્દર્શન સહિત પુરૂષ તથા સ્ત્રી **જઘન્ય પાત્ર** છે.

આ ત્રણ પ્રકારનાં પાત્રોમાં ચાર પ્રકારનું દાન દેવું, સત્કાર કરવો, સ્થાન દાન દેવું, આદર કરવો, યથા યોગ્ય સ્તવન, પૂજા, પ્રશંસા વિગેરેનાં વચન બોલવાં, ઉઠીને ઉભા થઈ જવું, ઉંચા માનવા તે બધું દાન છે.

હવે **ચાર પ્રકારનાં દાન** કહેવાવાળો શ્લોક કહે છે:-

**आहारौषध-योरप्युपकरणावासयोश्च दानेन ।**
**वैयावृत्यं ब्रुवते चतुरात्मत्वेन चतुरस्त्राः ॥११७॥**

**અર્થ:-** ચતુરસ્ત્ર અર્થાત્ જે પ્રવીણ જ્ઞાની છે તે આહાર દાન, ઔષધિ દાન, ઉપકરણ દાન, તથા આવાસ દાન એ ચાર પ્રકારનાં દાન પ્રમાણે વૈયાવૃત્ત ચાર પ્રકારની કહે છે.

આ રીતે ગૃહસ્થને ચાર પ્રકારનાં દાન કરવાં કહ્યાં છે. અભય દાનની પ્રધાનતા તો છ કાયના જીવોની કૃત-કારિત-અનુમોદનાથી વિરાધનાના ત્યાગી દિગંબર મુનિરાજોને હોય છે. શ્રાવકોને પણ ત્રસ જીવોની સંકલ્પી હિંસાના ત્યાગથી અભય દાન જ છે. પરંતુ અભય દાનની મુખ્યતા તો આરંભના ત્યાગથી તથા વિષયોની અત્યંત પરાન્મુખતાથી હોય છે. જ્યાં સુધી ગૃહ કાર્યોથી, સંપદાથી, ન્યાયરૂપ વિષયોથી પરિણામ વિરક્ત થતાં નથી ત્યાં સુધી આહાર આદિ ચાર પ્રકારનાં દાન કરી પાપનો નાશ કરો.

**સંપત્તિની અસ્થિરતા:-** સંપત્તિ, આયુષ્ય, શરીર અત્યંત અસ્થિર છે. ગૃહસ્થદશા તો દાનથી જ પૂજ્ય છે. આહાર આદિ દાન વિના ગૃહસ્થપણું તો પાપના આરંભના ભારથી પથ્થરની નાવની જેમ ફક્ત સંસારમાં ડૂબાડવાવાળું છે.

**જ્ઞાની ગૃહસ્થ વિચાર કરે છે** — આ ધન જે મેં કમાવ્યું છે, પિતા આદિનું રાખેલું મને તકલીફ વિના મળી ગયું છે, તથા રાજ્ય, ઐશ્વર્ય, દેશ, નગર, આભરણ, વસ્ત્ર, સ્ત્રી, સેવકોનો સમૂહ બધું મને દુઃખ વિના જ પ્રાપ્ત થઈ ગયું છે, તે બધું પૂર્વ જન્મમાં દાન આપ્યું, દુઃખી જીવોનું પાલન- પોષણ કર્યું હતું તેનું ફળ છે. પરના ધનમાં સ્વપ્નમાં પણ મન લગાવ્યું નહિ, પરમ સંતોષ ધારણ કરીને વિષયોથી વિરક્ત થઈને નિર્વાંછકતા ધારણ કરી તેનું ફળ છે. દીન, દુઃખી, રોગી, અસમર્થ, બાળક, વૃદ્ધોની દયા ધારણ કરી, ઉપકાર કર્યા તેનું ફળ આ સંપત્તિનું મળવું છે.

બે દિવસ જ આ સંપત્તિનો સંયોગ છે, પરલોકમાં સાથે જશે નહિ, જમીનમાં દાટેલી રહેશે, બીજા દેશમાં રાખેલી રહી જશે, બીજાની પાસે જ રહી જશે, સ્ત્રી-પુત્ર-કુટુંબના ભાગીદાર માલિક બની જશે, રાજા લૂંટી લેશે, તથા હું અચાનક મરીને દુર્ગતિમાં ચાલ્યો જઈશ.

મેં આ ધન સેંકડો દુર્ધ્યાન કરીને, મહાપાપનો આરંભ કરીને, અનેક દેશોમાં-ક્ષેત્રોમાં ભ્રમણ કરીને, ઘણા કષ્ટ અને કપટથી કમાવ્યું, પ્રાણોથી પણ અધિક તેની રક્ષા કરી, હવે કેવી રીતે આ ધનને છોડીને મરી જાઉં ? એવો વિચાર કરવો ઉચિત નથી.

**જગતમાં જુઓ !** જો લાખોનું ધન હોય તો બધું ભોગવવામાં આવતું નથી,

ભોગવવામાં તો અડધો શેર અનાજ આવે છે. તૃષ્ણા એવી વધતી જાય છે કે હમણાં બીજું ધન વધારી દઉં, અહો ! બીજાની પાસે તો પચાસ લાખ ધન થઈ ગયું, મારી પાસે તો પાંચ લાખ જ છે, હવે બીજું ધન કેવી રીતે વધારૂં ? કયો આરંભ કરૂં, કયો ઉપાય કરૂં, કયા રાજાદિને પ્રસન્ન કરૂં, કયો વેપાર કરૂં, કોનાથી મિત્રતા કરૂં, જેની સલાહથી મને ધનની કમાઈ થઈ જાય, કોણ સેવકને પોતાના ત્યાં કામ કરવા રાખી લઉં, જે મારૂં થોડું ધન ખાય અને ઘણું ધન કમાવીને આપે ?

એવા હજારો દુર્ધ્યાન કરતો થકો સંસારી જીવ સમસ્ત સંપત્તિ, રાજ્ય, ઐશ્વર્ય છોડીને મહા મૂર્ચ્છાથી અતિ રૌદ્ર પરિણામોથી મરીને નરકમાં ઘોર દુઃખ ભોગવે છે. સંસારમાં અનંત દુઃખરૂપ પરિભ્રમણ કરતો થકો ક્ષુધા, તૃષા, રોગ, દારિદ્રને ભોગવતો થકો અનંતકાળ વ્યતીત કરે છે.

હવે આ ઘોર કાળમાં, કંઈક મોહ નિંદ્રાના ઉપશમ થવાથી, જિનેન્દ્ર ભગવાનના વચનથી, કોઈ અત્યંત વિરલા પુરૂષ સચેત થઈને, પોતાના હિતનો વિચાર કરી ચાર પ્રકારના દાનોમાં પ્રવર્તન કરે છે.

**આહાર દાન:-** દાનોમાં આહાર દાન પ્રધાન છે. (મુખ્ય છે) આ જીવનું જીવન આહારથી છે. કરોડ સુવર્ણ મુદ્રાઓનું દાન પણ આહાર દાનના સમાન નથી. આહારથી જ દેહ રહે છે. દેહથી રત્નત્રય ધર્મ પળાય છે, રત્નત્રય ધર્મથી નિર્વાણ થાય છે. નિર્વાણમાં અનંત સુખ છે. ત્યાગી નિર્વાંચ્છક સાધુઓનો ઉપકાર તો એક આહાર દાનથી જ છે. તેઓ તો આહાર સિવાય બીજું કઈ તિલ-તુષ માત્ર પણ અંગીકાર કરતા નથી. આહાર વિના શરીર રહેતું નથી, અનેક રોગ થઈ જાય છે. આહાર વિના જ્ઞાનાભ્યાસ (સ્વાધ્યાય) થતો નથી, વ્રત, સંયમ, તપ એક પણ પળાતા નથી. આહાર વિના સામાયિક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, ધ્યાન એક પણ થતું નથી. આહાર વિના પરમાગમનો ઉપદેશ થતો નથી, આહાર વિના ઉપદેશ ગ્રહણ કરવામાં સમર્થ રહી શકાતું નથી.

આહાર વિના ક્રાંતિ નષ્ટ થઈ જાય છે, બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, કીર્તિ, ક્ષાંતિ, શાંતિ, નીતિ, પ્રીતિ, પ્રતીતિ, ગતિ, રતિ, ઉક્તિ, શક્તિ, દ્યુતિ આદિ સમસ્ત ગુણ નષ્ટ થઈ જાય છે. આહાર વિના સમભાવ, ઈન્દ્રિય દમન, જીવ દયા, મુનિ શ્રાવકના ધર્મ, વિનયમાં પ્રવૃત્તિ, ન્યાયમાં પ્રવૃત્તિ, તપમાં પ્રવૃત્તિ, યશમાં પ્રવૃત્તિ બધું નાશ થઈ જાય છે.

આહાર વિના વચનની (વાણીની) પ્રવીણતા નષ્ટ થઈ જાય છે, શરીરનો રંગ બગડી જાય છે, શરીરમાં, મોંઢામાં દુર્ગંધતા થઈ જાય છે, શરીર જીર્ણ થઈ જાય છે, બધી ક્રિયાઓ નષ્ટ થઈ જાય છે. આહાર ન મળે તો પોતાનાં પ્યારાં પુત્ર-પુત્રી-સ્ત્રીને વેચી દે છે. આહાર વિના આંખોથી જોવામાં સમર્થ થતો નથી, કાનોથી સાંભળવામાં, નાકથી ગંધ ગ્રહણ કરવાને, સ્પર્શન ઈન્દ્રિયથી સ્પર્શ કરવાને સમર્થ રહી શકતો નથી.

આહાર વિના સમસ્ત ચેષ્ટા રહિત મૃતક સમાન થઈ જાય છે. આહાર વિના મરણ થઈ જાય છે. આહાર વિના ચિંતા, શોક, ભય, કલેશ, સમસ્ત સંતાપ પ્રગટ થઈ જાય છે. આહાર વિના દીનતા થઈ જાય છે, સંસારી લોકો અપમાન કરે છે. એવું ઘોર દુઃખ દુર્ધ્યાન દૂર કરવાવાળું આહારદાન જેણે કર્યું તેણે સમસ્ત વ્રત સંયમમાં પ્રવૃત્તિ કરી સમસ્ત રોગાદિ દૂર કર્યા. એટલે આહાર-દાન સમાન કોઈ ઉપકાર નથી.

**ઔષધિ દાન:-** રોગનો નાશ કરવાવાળી શુદ્ધ (પ્રાસુક) ઔષધિનું દાન શ્રેષ્ઠ છે. રોગથી વ્રત-સંયમ બગડી જાય છે, સ્વાધ્યાય, ધ્યાન, વિગેરે બધા ધર્મ કાર્યોનો લોપ થઈ જાય છે. રોગીથી સામાયિક આદિ આવશ્યક થઈ શકતાં નથી. રોગથી નિરંતર આર્ત્તધ્યાન થાય છે, મરણ બગડી જાય છે. રોગીને દિન-પ્રતિદિન સંકલેશ વધે છે. રોગી આપઘાત કરવા ચાહે છે, પરાધીન થઈ જાય છે, મન-ઈન્દ્રિયો ચલાયમાન થઈ જાય છે, ઉઠવા, બેસવા, સુવા-ચાલવાનું ઘણું મુશ્કેલ થઈ જાય છે, શ્વાસની સાથે દુઃખ વધતું જાય છે, ક્ષણભર માટે ચેન પડતું નથી. ઘણું શું કહીએ ? રોગીને ખાવું, પીવું, બોલવું, ચાલવું, આપવું, લેવું, સૂવું, ઉઠવું, બેસવું બધા કાર્ય ઝેર પીવા સમાન કષ્ટદાયક થઈ જાય છે. માટે પ્રાસુક (શુદ્ધ) ઔષધિ દાન આપી રોગ મટાડવા સમાન કોઈ ઉપકાર નથી. રોગ મટવા પર જ આહાર વિગેરે લઈ શકાય છે, રોગ રહિત થયા પછી જ તપ, વ્રત, સંયમ, ધ્યાન, સ્વાધ્યાય, કાયોત્સર્ગ આદિ બધું કરી શકાય છે.

**જ્ઞાન દાન:-** જ્ઞાન દાન સમાન જગતમાં બીજો કોઈ ઉપકાર નથી. જ્ઞાન વિના મનુષ્ય જન્મમાં પણ પશુ સમાન છે. જ્ઞાનાભ્યાસ વિના પોતાનું તથા પરનું જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના આ લોક, પર લોકનું જાણવું કેવી રીતે થાય ? જ્ઞાન વિના ધર્મનું સ્વરૂપ, પાપનું સ્વરૂપ, કરવા યોગ્ય, નહિ કરવા યોગ્યનો વિચાર હોતો નથી. જ્ઞાન વિના દેવ-કુદેવનું, ગુરૂ-કુગુરૂનું, ધર્મ-કુધર્મનું જાણવું થતું નથી.

**જ્ઞાન વિના મોક્ષમાર્ગ નથી, જ્ઞાન વિના મોક્ષ નથી.** જ્ઞાન રહિત મનુષ્યમાં

અને પશુમાં ભેદ રહતો નથી. ઈન્દ્રિયોને પોષવી, કામ સેવન કરવું તો તિર્યંચોને પણ હોય છે. મનુષ્ય જન્મ તો જ્ઞાનથી જ પૂજ્ય છે. જેણે જ્ઞાન દાન કર્યું તેણે સમસ્ત દાન આપ્યું, પરમ ઉપકાર તો જ્ઞાન દાન જ છે.

**વસ્તિકા દાન:-** વસ્તિકા દાન અર્થાત્ સ્થાન દાન ઠંડી, ગરમી, વર્ષા, પવન વિગેરેની બાધા રહિત ધ્યાન-સ્વાધ્યાયની સિદ્ધિનું કારણ એવા સ્થાનનું દાન શ્રેષ્ઠ છે.

**અહીં વિશેષ એમ જાણવું:-** ઉત્તમપાત્ર જે પરમ દિગંબર મહામુનિ તેમનો સમાગમ તો કોઈ મહા ભાગ્યવાન પુરૂષને ક્યારેક જ થાય છે. જેમ જગત પથ્થરોથી ઘણું ભરેલું છે, પરંતુ ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે; તેવી જ રીતે વીતરાગી સાધુનું મળવું દુર્લભ છે. પછી આહારદાન થવું તો અતિ દુર્લભ જ છે. **આહાર પણ સાધુના નિમિત્તે ન બનાવેલો હોય, સાધુ સોળ ઉદ્ગમ દોષ, સોળ ઉત્પાદન દોષ, દસ એષણા દોષ, આ રીતે બેંતાલીશ દોષ તથા (૧) પ્રમાણ (૨) સંયોજન (૩) ધૂમાડો (૪) અંગારા કુલ છેંતાલીસ દોષ, બત્રીસ અંતરાય, ચૌદ મળ દોષ ટાળીને એકવાર ભોજન કરે છે.** અડધું પેટ ભોજનથી ભરે છે, ચોથા ભાગનું પેટ પાણીથી ભરે છે, તથા બાકીનું ચોથા ભાગનું ખાલી રાખે છે. આવો આહાર પણ કદી એક ઉપવાસના પારણામાં, કદી બે ઉપવાસના પારણામાં, કદી ત્રણ ઉપવાસના પારણામાં, કદી પંદર દિવસના પક્ષોપવાસના પારણામાં કદી એક માસના ઉપવાસના પારણામાં, અયાચક વૃત્તિથી નવધા ભક્તિ દ્વારા આપેલું ભોજન કોઈ મહા પુણ્યવાનના ઘેર થાય છે.

અયાચક વૃત્તિ ધારણ કરેલા મૌન સહિત મુનીશ્વરને ઔષધિ દાન આપવું પણ દુર્લભ છે. કોઈ ગૃહસ્થે પોતાના નિમિત્તે પ્રાસુક ઔષધિ બનાવી હોય તથા અચાનક મુનિરાજનો સમાગમ થઈ જાય તથા શરીરની ચેષ્ઠાથી કહ્યા વિના જ રોગને જાણીને યોગ્ય ઔષધિ હોય તો આપે. એટલે સાધુને ઔષધિનું દાન આપવું પણ દુર્લભ છે.

શાસ્ત્ર દાન પણ યોગ્ય પુસ્તક, ઈચ્છા હોય તો, જ્યાં સુધી વાંચવું હોય ત્યાં સુધી લે છે, પછી વાંચીને વનમાં કે વનના ચૈત્યાલયમાં રાખીને ચાલી નીકળે છે. મુનીશ્વરોને વસ્તિકાનું દાન દેવું પણ દુર્લભ છે. દિગંબર મુનિ એક સ્થાનમાં રહેતા નથી, કદી તો તેઓ પર્વતોની ગુફામાં, કદી ભયંકર વનમાં, કદી નદી તટે ધ્યાન-અધ્યયન કરતા રહે છે.

ક્યારેક કોઈ ગામની બહારની વસ્તિકામાં એક દિવસ, નગર બહારની વસ્તિકામાં પાંચ દિવસ, વર્ષાઋતુમાં ચાર મહિના એક જ સ્થાને રહે છે. કદી કોઈ સાધુને સમાધિ-મરણનો પ્રસંગ આવી જાય તો મહિના-બે મહિના એક સ્થાન પર રહે છે. **અન્ય કોઈ કારણથી જૈનોના દિગંબર સાધુ એક સ્થાનમાં રહેતા નથી.** કોઈ કદી એક રાત્રિ-બે રાત્રિ પણ નિર્દોષ પ્રાસુક વસ્તિકામાં રહી જાય છે.

**વસ્તિકા કેવી હોવી જોઈએ ?:-** સાધુના નિમિત્તે બનાવી ન હોય, તેમના નિમિત્તે સાફ કરી ન હોય, મુનિરાજના આવ્યા પછી ધોવી ન જોઈએ, પ્રકાશ બારી (વેન્ટીલેશન) ખોલવું નહિ, બારી બંધ હોય તો ખોલે નહિ, ભાડા પર લેવી નહિ, બદલામાં પોતાની વસ્તિકા આપીને બીજાની લેવી નહિ, માંગીને લેવી નહિ, રાજાનો ભય બતાવીને લેવી નહિ, વિગેરે છેંતાલીશ દોષ રહિત વસ્તિકા હોવી જોઈએ. જીર્ણ વનમાં હોય, ઉજ્જડ ગામનું મકાન હોય, જ્યાં અસંયમીજનોનું આવવું, જવું ન હોય, સ્ત્રી-નપુંસક-તિર્યંચોનું આવવું ન હોય, જીવ વિરાધના રહિત હોય, અંધારૂં ન હોય, ત્યાં સાધુજન એક રાત્રિ, બે રાત્રિ કદી વસી જાય છે. જે અનેક દેશોમાં વિહાર કરે છે તેમને વસ્તિકાનું દાન દેવું ઘણું દુર્લભ છે. એટલે ઉત્તમ પાત્રને દાન થઈ જવું અતિ દુર્લભ છે.

**ઉત્તમ પાત્રની દુર્લભતા:-** આ પંચમ કાળમાં વીતરાગી ભાવલીંગી સાધુ કોઈ વિરલા જ દેશાન્તરે રહે છે, તેમની પ્રાપ્તિ થતી નથી. પાત્રનું મળવું તો ચોથા કાળમાં જ મહા ભાગ્યથી થતું હતું, પરંતુ તે સમયે આ ક્ષેત્રમાં પાત્ર તો ઘણા હતા. હવે આ દુ:ખમાં-કાળમાં યથાવત્ (યથાર્થ) ધર્મના ધારક ઉત્તમ પાત્ર ક્યાંય જોવામાં આવતા નથી. ધર્મ રહિત, અજ્ઞાની, લોભી, ઘણા વિચરે છે તે અપાત્ર છે. **આ કાળમાં ધર્મ પ્રાપ્ત કરવાવાળા ગૃહસ્થ, જૈનધર્મના ધારક શ્રદ્ધાની પણ કોઈ ક્યાંક-ક્યાંક મળે છે.**

વીતરાગ ધર્મને સાંભળીને કુધર્મની આરાધના દૂરથી જ છોડીને, સદાયે અહિંસા ધર્મને ધારવાવાળા, જિન વચનામૃતનું પાન કરવાવાળા, શીલવાન, સંતોષી, તપસ્વી છે તે જ પાત્ર છે. અન્ય વેષધારી તો ઘણા વિચરી રહ્યા છે.

જેમને મુનિ-શ્રાવકના ધર્મનું, સાચા સમ્યગ્દર્શન વિગેરેનું જ્ઞાન જ નથી તે કેવી રીતે પાત્રતા પામી શકે ? મિથ્યાદર્શનના ભાવો સહિત આત્મજ્ઞાન રહિત, લોભી બનીને

જગતમાં ધન આદિના તથા મીઠા આહારના ઈચ્છુક થઈ ઘણા ફરી રહ્યા છે, તે બધા અપાત્ર છે, એટલા માટે પાત્ર દાન થવું અતિ દુર્લભ જ છે.

**અહીં વિશેષ એમ જાણવું:- પ્રથમ તો આ કળિકાળમાં ભાવલીંગી મુનિશ્વર તથા આર્જિકા તેમજ ક્ષુલ્લકનો સમાગમ છે જ નહિ.** જો કદાચ ચિંતામણિ રત્નની જેમ કોઈ મહા ભાગ્યવાન પુરૂષને તેમને દાન આપવાનો અવસર મળે તો અડધો શેર અનાજનું ભોજન માત્ર તેમના માટે આપવું જોઈએ. જો ક્ષુલ્લક કે આર્જિકાનાં વસ્ત્ર કદી જીર્ણ થઈ જાય તો આર્જિકા તો એક સફેદ વસ્ત્ર જ ગ્રહણ કરીને જૂનું વસ્ત્ર ત્યાં જ છોડી દે (છે) તથા ક્ષુલ્લક એક લંગોટી એક સફેદ આછું વસ્ત્ર જેનાથી સંપૂર્ણ શરીર ઢંકાઈ ન શકે એવું ઓછી કિંમતનું લઈ જૂનું વસ્ત્ર ત્યાં જ છોડી જાય (છે) અન્ય તિલ-તુષ માત્ર પણ ગ્રહણ કરતા નથી.

**ધનનો સદુપયોગ કરો:-** આવા સુપાત્રોને દાન આપવામાં કંઈ પણ ધન ખર્ચ થતું નથી. નિમંત્રણ વિના, બોલાવ્યા વિના કદી અચાનક આવી જાય તો ગૃહસ્થ પોતાના સ્વયં માટે બનાવેલા સૂકા યા ચિકના ભોજનમાંથી દાનનો હિસ્સો કાઢી આપી દે છે.

**ધનવાન લોકો પોતાના ધનને ક્યા કાર્યમાં લગાવી સફળ કરે ?:-** જો ભોગોમાં લગાવે છે તો ભોગ તો તૃષ્ણાને વધારવાવાળા છે, ઈન્દ્રિયોને વિકલ કરવાવાળા છે, મહાપાપમાં પ્રવર્તન કરાવીને નરક આદિ કુગતિને પ્રાપ્ત કરાવે છે, જીવનું હિત-અહિત જાણવાવાળા જ્ઞાનને લુપ્ત કરી દે છે. જો મોહ વશ પુત્ર આદિને આપી દે છે તો પુત્ર આદિ તો મમતાના વધારવાવાળા છે, આપ્યા વિના જ સર્વસ્વ લઈ લેશે. ઘણો પાપાચાર કરીને દુર્ધ્યાનથી, સંપદામાં મમતા ધારણ કરી, ધર્મનો વિધ્વંસ કરી સંપદા વધારી છે, કમાઈ છે તો તેનો અડધો હિસ્સો તો ધર્મ માટે, દયાને જે પાત્ર હોય તેમને આપી પોતાનું હિત કરો. સંપદા છોડીને પરલોક જશો, ત્યાંથી પુત્ર, પૌત્ર વિગેરેને જોવા માટે કેવી રીતે આવશો ?

કુટુંબનો સંબંધ તો તમારા આ ચામડાયુક્ત મુખ, નાક, આંખ આદિરૂપ શરીરથી છે. તેની તો બળીને રાખ થઈ જશે તથા માટીમાં મળી જશે. કુટુંબ તમને અન્ય પર્યાયમાં જોવા આવતું નથી, તમે કુંટુંબને જોવા આવતા નથી કારણ કે જે આંખ, કાન વિગેરે દ્વારા તમે કુટુંબને જાણો છો તે આંખ આદિની તો રાખ બનીને ઉડી જશે, ત્યારે તમે કુટુંબને કેવી રીતે જાણશો ? પુત્રાદિ કુટુંબનો સંબંધ તમારા શરીરના ચામડાથી

છે, તમારા આત્માથી નથી, તમારા આત્માને તો તેઓ જાણતા જ નથી. જ્યારે તમારા શરીરના ચામડાની રાખ ઉડી જશે, ત્યારે કુટુંબના લોકો તમારાથી ક્યાં સંબંધ કરશે, કેવી રીતે મળશે?

**એટલા માટે હે જ્ઞાનીજનો !** જીવન થોડું છે, પુત્ર આદિનો સંબંધ પણ થોડા સમયનો છે, સંસારમાં કોઈ શરણ દેવાવાળું નથી, એકલો એક ધર્મ જ શરણ છે. આ ધન છે તે પણ તમારૂં નથી. કોઈ પુણ્યના પ્રભાવથી બે દિવસનું તેનું સ્વામીપણું સ્વીકાર કરી છોડીને મરી જશો. આ ધન સાથે જશે નહિ. પુત્રના મમત્વથી મહા દુરાચાર કરી આ ધન સંગ્રહ કરી રહ્યા છો તે ધનના મમત્વ તથા પુત્રાદિના મમત્વથી સંસારમાં પોતાને ભૂલીને નરક જઈ પહોંચશો, તથા અનેક પર્યાયોમાં દીન દરિદ્રી થઈ વિચરણ કરશો.

**પ્રત્યક્ષ જોઈએ છીએ -** હજારો (લોકો) અનાજ અનાજ (ખાવું ખાવું) કરી મરી જાય છે, દીનતા દાખવે છે, તો પણ તેમની તરફ કોઈ જોતું જ નથી, કોઈ એમનું સાંભળતું જ નથી. આ બધો પ્રભાવ પૂર્વ જન્મોમાં ધનની તીવ્ર મમતા બાંધી, કંજુસ થઈ ધન સંગ્રહ કર્યું હતું, તેનું ફળ છે.

તમારી પાસે વૈભવ, સંપદા, રત્ન, સોનું, ચાંદી વિગેરે છે, તથા રસો સહિત ભોજન, શીલવંતી, રૂપવંતી, રાગ-રસભરી સ્ત્રીઓનું મિલન, આજ્ઞાકારી પ્રવીણ સુપુત્ર, હિતમાં સાવધાન કાર્ય- સાધક ચતુર સેવક, ઘણા લાંબા-પહોળા-ઉંચા મહેલો-મકાનોમાં નિવાસ, વિગેરે જે સામગ્રી મળી છે તે પૂર્વ જન્મમાં કોઈ દાન આપ્યું હતું તેનું ફળ છે. દાનના પ્રભાવથી ભોગ-ભૂમિમાં જન્મ તથા સ્વર્ગના વિમાનોનું સ્વામીપણું થાય છે, જ્યાં અસંખ્યાત કાળ સુધી સુખ ભોગવવા મળે છે. અહીંની તુચ્છ સંપદા, કાય-કલેશ સહિત મહામલિન શરીર આદિ તેમની સામે શું ચીજ છે ? અને આવી સંપદા પણ તમારે ત્યાં સ્થિર રહેશે નહિ.

**તમારો વિચાર એવો છે -** આ અમારી લક્ષ્મી છે, અમારા કુળમાં ચાલી આવી છે, અમે બુદ્ધિહીન નથી, કે અમારી લક્ષ્મી નષ્ટ થઈ જશે. જે મૂર્ખ બુદ્ધિહીન થઈ ભૂલો કરતા ચાલે છે તેમની સંપત્તિ નાશ પામે છે. **એવો તમારો ભ્રમ છે. તે મિથ્યાદર્શનના ઉદયના બળે મોટો ભ્રમ છે તથા અનંતાનુબંધી કષાયના ઉદયથી અભિમાન છે, તે થોડા દિવસોમાં જ નરકનો નારકી બનાવી દેશે.**

**એટલે હે આત્મન !** જો તને જિનેન્દ્ર દેવના વચનોનું શ્રદ્ધાન છે, ધર્મથી પ્રીતિ છે તથા દુઃખી જીવોને જોઈને દયા આવે છે તો હૃદયમાં એવો સદ્વિચાર કર - મેં મૂઢ આત્માએ, ધનથી મમતા કરીને પુરાણા વડવાઓના ધનની તો ખૂબ પ્રયત્નોથી રક્ષા કરી છે, તથા નવું પણ ઘણું ધન કમાયો છું, ધન કમાવા માટે મેં ઘણાં ક્ષુધા, તરસ, ઠંડી, ગરમી વિગેરે દુઃખ ભોગવ્યાં છે, તથા અનેક આરંભ, વેપાર, રાજસેવા, વિદેશગમન, સમુદ્ર પ્રવેશ વિગેરે કર્યાં છે. અધર્મી મલેચ્છ આદિને અનુકૂળ કરવામાં, રાજી કરવામાં, ઘણાં નિંદનીય કાર્ય કરવાં પડ્યાં છે, જે-તે પ્રકારે ધન પેદા કર્યું છે. હવે મરણ તો અચાનક આવશે, ધન બચાવી શકાશે નહિ.

**એટલા માટે હવે મારે અન્યાયથી, અનીતિથી, તથા પાપના ધંધાઓથી, પાપીઓની સેવા કરવાનો, કપટના અનેક તરીકાઓથી ધન પેદા કરવાનો શીઘ્ર (ત્વરાએ) જ ત્યાગ કરી દેવો જોઈએ.** ન્યાયથી કમાવેલું જે ધન છે તેમાં મર્યાદા બાંધીને રહેવું છે, તથા જેમનું ધન તેમને ભૂલમાં નાખીને ભૂલથી પોતાની પાસે રાખી લીધું છે તે ધન તેમને પાછું આપી ક્ષમા માગવી છે.

જે ધન પોતાની પાસે બચ્યું છે તેમાંથી પુત્રાદિના ભાગનું ધન તો પુત્રાદિને આપી જૂદુ કરવું તથા દાન માટે ધન અલગ રાખી તેને બીજાઓના ઉપકારમાં, ધર્મની પ્રવૃત્તિ માટે, દાન દેવામાં ખર્ચ કરવું જોઈએ. જે નવું ધન પેદા થાય તેમાં પણ ચોથો ભાગ, છઠ્ઠો ભાગ, આઠમો ભાગ, તથા ઓછામાં ઓછો દસમો ભાગ તો પુણ્ય-દાન-ધર્મના કાર્યોમાં ધનવાનોએ તથા નિર્ધનોએ બધાએ જ દાનનો ભાગ અલગ રાખી ખર્ચ કરવો જોઈએ. જેનું પેટ પણ પૂરું ભરાતું નથી, ચોથાથી અડધા ભાગના પેટનું જ ભોજન વિગેરે મળે છે તેણે પણ દાન-પુણ્ય-ધર્મનો હિસ્સો ઉત્કૃષ્ટ ચોથો ભાગ, જઘન્ય દસમો ભાગ, મધ્યમ છઠ્ઠો યા આઠમો ભાગ અલગ રાખીને દુઃખી ભૂખ્યા લોકોને તથા જિનપૂજન વિગેરે કાર્યોમાં આપવું — ખર્ચ કરવું શ્રેષ્ઠ છે. **દાન વિના ગૃહ સ્મશાન છે, પુરૂષ મૃતક છે, કુટુંબી ગૃદ્ધ (ગીધ) પક્ષી સમાન છે, જે આના ધનરૂપી માંસને કાઢી કાઢીને ખાય છે.**

જે ધનવાન ગૃહસ્થ હોય છે, તે જૈનોની અનેક પ્રકારથી સુરક્ષા-સેવા કરે છે. જેઓ ધર્મમાં શીથિલ થઈ રહ્યા હોય તેમને ધની પુરૂષ આદર આપીને મીઠા વચનો બોલીને ધર્મમાં દ્રઢ કરી દે છે.

કેટલાયે પોતાના સમાજના લોકો કામ-નોકરી કરવા યોગ્ય હોય તો તેમને કામ આપવું, તેમની પાસેથી કામ પણ લેવું, તથા તેમના ભરણ-પોષણની વ્યવસ્થા પણ કરી દેવી જોઈએ. કેટલાયે સ્વયં કમાઈને ધન પેદા કરવા યોગ્ય હોય તેમને પૂંજીનો સહારો આપી ધન પણ બચાવી આપે છે તથા તેમને પાંચ-પચાસ રૂપિયાની આમદની (કમાઈ) કરાવી દે છે. કેટલાકને પોતાના વેપારમાં શામિલ કરીને તેમના નિર્વાહ યોગ્ય આજીવિકા બનાવી દેવી. કેટલાકને ધીરજ, પ્રતીતિ જમાવીને ધન પેદા કરવા યોગ્ય બનાવવા, કેટલાકને કહીને રોજગાર ધંધામાં લગાવી દેવા. કેટલાકને દલાલી વગેરેમાં લગાવીને ધંધામાં લગાવી દેવા જોઈએ.

પુણ્યવાન-ધનવાનની મદદ વિના, આશ્રય લીધા વિના નિર્ધન મનુષ્યનું વેપાર આદિમાં પોતાના પગ ઉપર ઉભું રહેવું ઘણું કઠિન છે. જો આપ સ્વયં ધર્માત્મા છો તો પોતાનું ધન ચાલી જવાનો ભય રાખવો જોઈએ નહિ. સાધર્મીના ઉપકાર આદિ કાર્યોમાં જે ધન કામ આવી જાય તે જ મારૂં ધન છે. જે ધન સાધર્મીના કામમાં ન આવ્યું તે ધન મારૂં નથી.

કેટલાયે પુરૂષ પહેલાં ઘણા ધનવાન હતા, પ્રતિષ્ઠાવાન હતા, તેમના કર્મના ઉદયથી ધન નષ્ટ થઈ ગયું, આજીવિકા નષ્ટ થઈ ગઈ છે અને ખાવા-પીવાનું પણ ઠેકાણું નથી રહ્યું. ઘરમાં સ્ત્રીઓ- બાળકોને પણ ઘણું દુઃખ છે, આવા પુરૂષોથી મહેનત-મજુરી થતી નથી, નાનુ અયોગ્ય કામ કરી શકતા નથી, મોટા માણસ સમજી કોઈ નોકરી ઉપર રાખતું નથી, ધન, આભૂષણ, વસ્ત્ર વાસણ બધું વેચીને ખાઈ ચૂકયા છે, હવે કોને કહે ? શું ઉપાય કરે ?

એવા પ્રતિષ્ઠાવાન પુરૂષને આજીવિકાએ લગાવી દેવા, ડૂબતાને હાથનો સહારો આપી દુઃખના સમુદ્રમાંથી કાઢી લેવો, તેને ધર્મમાં-ન્યાયમાં લગાવી થોડો ઘણો સહારો આપી ઉભો કરી દેવો, જેટલી યોગ્યતા હોય તદ્ અનુસાર ધીરજ ધરાવવી, અન્ય કોઈને ત્યાં કામ પર રાખવા, જે રીતે રોટલાનો બંદોબસ્ત થઈ જાય તેમ કરવું, ધર્મથી જોડી દેવા એ જ મોટો ઉપકાર છે.

કેટલાયે સ્ત્રી-પુત્રાદિ રહિત હોય તેમને ધર્મના કાર્યોમાં લગાવી દેવા, ખાવા-પીવાનું દુઃખ મટાડી દેવું. કેટલાયે વૃદ્ધ થઈ ગયા, ઉદ્યમ કરવાની શક્તિ જ નથી રહી, કેટલાયે જૈનધર્મી ધર્મમાં સાવધાન છે તો પણ ઈન્દ્રિયો થાકી ગઈ છે, શરીર રોગ

સહિત છે, સહાયતા વિના સમતા રહેતી નથી તેમનું સ્થિતિકરણ ધનવાનથી જ બની શકે છે.

કેટલાયે પુત્રાદિ રહિત છે, તેમને ધર્મનો આશ્રય ગ્રહણ કરાવવો. કેટલીયે શ્રાવિકાઓ વિધવા થઈ ગઈ (છે) તેમના ભોજન વસ્ત્રનું ઠેકાણું નથી, તેમના પર કરૂણાબુદ્ધિ કરીને ભોજન વસ્ત્રાદિનું સાધન કરાવીને ધર્મમાં લગાવી દેવા જોઈએ. **ધનવાન પુરૂષોની સહાયતા પામીને કેટલાયે પુરૂષ-સ્ત્રી, કુધર્મનો ત્યાગ કરી દઢ શ્રદ્ધાની થઈ જાય છે કેટલાયે અણુવ્રત આદિ ગ્રહણ કરી લે છે.**

કેટલાયે સચિત્તનો ત્યાગ શ્રદ્ધાન સહિત કરી દે છે. કોઈ પર્વોના દિવસોમાં ઉપવાસ, બ્રહ્મચર્ય, આદિ ગ્રહણ કરી લે છે. કોઈ સ્વ સ્ત્રીના ત્યાગી, આરંભના ત્યાગી, પરિગ્રહના ત્યાગી, પાપોની અનુમોદનાના ત્યાગી, ઉદ્દિષ્ટ આહારના ત્યાગી — આ રીતે શ્રાવકના અગિયાર સ્થાનો (પ્રતિમાઓ) ને ધારણ કરી દાનના પાત્ર બની જાય છે, ધનવાન પુરૂષોની સહાયતાથી તેમને ધર્મ પર ચાલતા જોઈ અનેક બીજા લોકો પણ ધર્મના માર્ગની પ્રવૃત્તિમાં લાગી જાય છે.

ધનવાન પુરૂષો કેળવણીનાં સ્થાન બનાવી દે, ભણવાવાળાઓને આજીવિકા આપી વ્યાકરણ, વિદ્યા, કાવ્ય વિદ્યા, ગણિત વિદ્યા, તર્ક વિદ્યા, આદિ અનેક વિદ્યાનો અભ્યાસ કરાવવાવાળી પાઠશાળાઓની સ્થાપના કરી દે, તો જૈનીઓના સેંકડો બાળકો વિદ્યાના અભ્યાસમાં લાગી જશે. દર વર્ષે દસ-વીસ વિદ્વાન અભ્યાસ કરીને તૈયાર થવા લાગશે, તો ધર્મની પરંપરા ચાલવા લાગશે. કેટલાયે વિશેષ બુદ્ધિમાન હોય તેમને આજીવિકા આપી નિરાકુળ કરી દેવાય તો ધર્મની પ્રવૃત્તિ ચાલતી રહે.

અનેક ગ્રંથોને લખાવવા, વાંચવાવાળાઓને પુસ્તક (શાસ્ત્ર) આપવાં, ગ્રંથને શુદ્ધ કરવામાં શુદ્ધ કરવાવાળાઓને નિરાકુળ કરી દેવા, જ્ઞાન (સ્વાધ્યાય) જ્ઞાનાભ્યાસ કરવાવાળાઓથી પ્રીતિ કરવી, પોતાના આત્માને જ્ઞાનના અભ્યાસમાં લગાવવો, પોતાના સંતાનને તથા કુટુંબીજનોને જ્ઞાનના અભ્યાસમાં લગાવવાં, જેમ બને તેમ લોકોની શાસ્ત્રના અભ્યાસમાં રુચિ કરાવવી જોઈએ. **આ શાસ્ત્રો ધર્મનાં બીજ છે, જો લોકોને શાસ્ત્રોનું જ્ઞાન થઈ જાય તો સેંકડો દુરાચાર નષ્ટ થઈ જાય, સમ્યગ્જ્ઞાન જ વ્યવહાર તથા પરમાર્થ બંનેને ઉજ્જવલ કરી દે છે. એટલા માટે શાસ્ત્ર ભણાવવા સમાન દાન બીજું (કોઈ) નથી.**

રોગ મટાડવાવાળી કેટલીયે શુદ્ધ ઔષધિઓ રોગીઓને આપવી. જે નિર્ધન મનુષ્ય છે તેમને ઔષધિ તૈયાર મળી જાય તો એ જ મોટો ઉપકાર હોય છે. કોઈ નિર્ધન ન હોય તેમનો પણ ઔષધિથી ઘણો ઉપકાર થાય છે. નિર્ધન તથા દુઃખી લોકોને ઔષધિ દાન દેવા સમાન ઉપકાર બીજો નથી. કેટલાયે નિર્ધન લોકોને ઔષધિ મળતી જ નથી, (ઔષધિ) કરવાવાળા મળતા નથી, મદદ વિના ઔષધિ બની શકતી નથી. તૈયાર ઔષધિ મળી જાય તો તેને કરોડોના ધનના લાભ બરાબર છે. રોગ મટાડવા સમાન કોઈ દાન નથી, આ મોટું અભય દાન છે.

ધર્માત્માજનોના રહેવા માટે, ધર્મ સાધન કરવા માટે ધર્મશાળા, વસ્તિકા વિગેરે પોતાની શક્તિ અનુસાર ખરીદી દેવી, પોતાના ઘરની જગ્યા હોય તો ત્યાં બનાવી દેવા. રહેવાના સ્થાન વિના ધર્મ સેવન આદિમાં પરિણામ સ્થિર રહેતાં નથી.

કોઈ જૈનધર્મી પરદેશી દુઃખી આવી જાય તો મહિના-બે મહિના માટે ભોજન આદિની મદદ કરી દેવી. કોઈ પરદેશી પાસે પોતાના ઘર સુધી પાછા જવા માટે ગાડી ભાડું બચ્યું ન હોય, રસ્તામાં તે લૂંટાઈ ગયો હોય, ચોર લૂંટી ગયા હોય, આપને જૈની જાણીને આપની પાસે આવ્યો હોય તો તેને પોતાના ઘેર પહોંચાડવા માટે જેમ બને તેમ દાન આદિ આપી પહોંચાડી દેવો.

કોઈ પરદેશી રોગી થઈને આવ્યો હોય, તેને રહેવાનું સ્થાન બતાવવું, ઔષધિ આપીને રોગ રહિત કરવો, વારંવાર ધર્મોપદેશ દઈ સમતા આપવી, વારંવાર પૂછવું, સેવા કરવી. નિર્ધન મનુષ્યોથી જે નથી બની શકતી એવી ઔષધિનું નિરંતર દાન કરવું. પરિણામ વિચલિત થઈ ગયાં હોય, રોગથી, વિયોગથી, દુઃખથી, દારિદ્રથી ધૈર્ય છૂટી ગયું હોય તો તેને વારંવાર ધર્મોપદેશ આપી ધીરજ ધારણ કરાવવી.

પોતાના આત્માને નિરંતર જ્ઞાન દાન આપવું, આપ પોતે જ્ઞાનવાન હો તો દરરોજ અનેક જીવોને ધર્મોપદેશ આપવો. કોઈ શાસ્ત્રના અર્થ જાણવાવાળા વિદ્વાનની પ્રાપ્તિ થઈ જાય તો તેને કલ્પવૃક્ષના લાભ સમાન ઘણા હર્ષ સહિત આજીવિકા આદિની સ્થિરતા કરી દેવી, ઘણા વિનય આદરથી રાખી પોતે ધર્મ ગ્રહણ કરવો.

ધર્મની વૃદ્ધિ માટે જ્ઞાનીઓનું સન્માન આદિ કરીને ધર્મનો ઉપદેશ, તત્ત્વોના સ્વરૂપની ચર્ચા, ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિની ચર્ચાની પ્રવૃત્તિ કરાવી. ધર્મની પ્રભાવના, સમ્યગ્જ્ઞાનની ચર્ચાની પ્રવૃત્તિ કરાવવી. જ્યાં ધર્મની પ્રવૃત્તિ મંદ થઈ ગઈ

હોય તે ગામોમાં શાસ્ત્ર લખાવીને ભાષા વચનિકા યોગ્ય શાસ્ત્ર મોકલવાં. જ્ઞાન દાન તો બધા મંદકષાયી ભદ્ર પરિણામી પુરૂષોએ કરવું જ જોઈએ.

**પરોપકારની પ્રેરણા -** સંપત્તિ મેળવીને દાન-સન્માનથી, પ્રિયવચનોથી, પોતાના મિત્રો, કુટુંબીઓ, વેરીને પણ રાજી કરવા. સંપદાનો સમાગમ તથા જીવન ક્ષણભંગુર છે. આ ધનથી, શરીરથી, વાણીથી અન્ય જીવોનો ઉપકાર કરવો જ શ્રેષ્ઠ છે. પ્રિય વચન બોલવાનું મોટું દાન છે. વેરીઓથી પોતાનું વેર છોડવું, પ્રિયવચનો દ્વારા પોતાના અપરાધ ક્ષમા કરાવવા પણ મોટું દાન છે. પોતાનું ધન, ધરતી આપીને પણ સંતુષ્ટ કરવા, વેર ધોઈ નાખવું, અભિમાન ત્યાગી દેવું, પોતાના કુટુંબી જો નિર્ધન હોય તો તેને પોતાની શક્તિ અનુસાર દાન-સન્માન આપવાં, પોતાની બેન-બેટી નિર્ધન હોય તો વારંવાર ભોજન-વાસણ, કપડાં, ઘરેણાં વિગેરે દ્વારા દાન સન્માન કરવું.

**જે દયાવાન હોય છે** તે અન્ય દુઃખીને દાન-સન્માન આપી તેનું દુઃખ દૂર કરે છે. જેની અંતરની પ્રાર્થના આપના સુધી પહોંચી જાય એવા પોતાના જ અંગ સમાન ફોઈ, બહેન, બેટી, જમાઈ એમને દુઃખી કેવી રીતે જોઈ શકે ? કોઈના દ્વારા પોતાનો ઉજાડ-બગાડ થઈ ગયો હોય તો તેને પણ કટુ વચન કહેવાં નહિ. તેને આ રીતે સમજાવવો - ભાઈ, તું તારા પરિણામોમાં કંઈ સંતાપ ન કર. ઘર-સંસારમાં હાનિ-વૃદ્ધિ, લાભ-અલાભ તો કર્મના ઉદય અનુસાર થાય છે. બધી સામગ્રી વિનાશીક છે. તમે તો મારાં અનેક કાર્ય સુધાર્યા છે તથા મારા ભલા માટે જ કરો છો. આપણા કર્મના ઉદય અનુસાર કોઈ કામ બગડી પણ જાય છે. આ રીતે પ્રિય વચન બોલીને તેને સંતોષિત કરવો.

**નિરંતર એવાં જ પરિણામ રાખવાં જોઈએ કે -** મારા ધનથી કોઈ જીવનો ઉપકાર થઈ જાય તો સારૂં છે. બીજા લોકો મારૂં હિત કરે યા અહિત કરે, મારે તો બીજાઓનો ઉપકાર જ કરવો જોઈએ. કોઈ બંદીખાનામાં (જેલમાં) ગયો હોય, કોઈ ઝઘડામાં ફસાઈ ગયો હોય, તો પોતાની પાસેથી પાંચ રૂપિયા આપી તેને છોડાવવો. કોઈએ ભૂલથી પોતાનું ધન ચોરી લીધું હોય તો પ્રિય વચન આદિ બોલીને સમતા ભાવથી નિપટાવી લેવું, જો તે નિર્ધન હોય તો તેના પાસેથી લેવાનો ઈરાદો તથા ઝઘડો ન કરવો.

કોઈ ચોરીમાં સજા પામેલો હોય, તો તેની બદનામી બેઈજ્જતી ન કરવી, જે પોતાના આશ્રયે હોય તેનું પાલન પોષણ કરવું. વિધવા હોય, અનાથ હોય, રોગ-વિયોગ આદિ દુઃખથી દુઃખી હોય તો તેમનું દુઃખ દૂર કરવામાં સાવધાની રાખવી.

બાળક હોય, બાળ વિધવા હોય તેમની ઘણી સારી રીતે સંભાળ રાખી પાલન કરવું. આપણાથી જે વેર રાખતો હોય, ઉપકાર કરવા છતાં પણ ઉપકાર માનતો ન હોય, તેનાથી પણ ગુણ ગ્રહણ કરવો, દાન સન્માન કરવું. જો અવસર પામીને પણ પોતાના મિત્ર બંધુ આદિનું સન્માન ન કર્યું તો ધન ઐશ્વર્ય પામીને કેવળ અપયશની કાલિમા જ ગ્રહણ કરી.

પોતાના કુટુંબ આદિનું પાલન તો સુકરી-કુકરી (ડુકરી-કુતરી) પણ કરી લે છે. અવસર આવ્યે (આપણું) બગાડવાવાળા, ધન આજીવિકા હરવાવાળા વેરીઓનું પણ દાન સન્માન ઉપકાર કરી વેરનો અભાવ કરવો દુર્લભ છે. મનુષ્ય જન્મ, ધન, સંપદા, યૌવન, ઐશ્વર્ય ક્ષણભંગુર છે. અનેકોનું ધન જીવન નષ્ટ થઈ ગયું, જેમનું નામ અને સ્થાન પણ રહ્યું નથી.

**કાર્તિકેયસ્વામીએ તે જ કહ્યું છે -** ઘણાં બધાં ઝવેરાત, વસ્ત્રો, સ્નાન સુગંધ, વિલેપન, અનેક પ્રકારનાં ભોજન પાન આદિ દ્વારા ઘણી સાવધાનીથી પાલન-પોષણ કરેલું શરીર પણ એક ક્ષણભરમાં પાણીથી ભરેલા કાચા ઘડાની જેમ નાશ પામે છે. **જે લક્ષ્મી ચક્રવર્તીથી લઈને મહા પુણ્યવાનોમાં ન રમી તે લક્ષ્મી અન્ય પુણ્ય રહિત લોકોમાં પ્રીતિ કરીને કેવી રીતે રહે ? આ લક્ષ્મી કુળવાનોમાં રમતી નથી.**

કોઈ સમજે કે મારૂં કુળ ઉંચુ છે મારે ત્યાં તો લક્ષ્મી રહેતી આવી છે તો એ માનવું સત્ય નથી. લક્ષ્મી તો કુળવાનોની પાસે રહે પણ છે, અને નથી પણ રહેતી; નીચ કુળવાનો પાસે જઈને પણ રહે છે, ધીર (લોકો) પાસે પણ રહે છે યા નથી પણ રહેતી, પંડિત પ્રવીણ પાસે પણ રહે છે યા નથી પણ રહેતી, મૂર્ખાઓ પાસે પણ રહે છે. શૂરવીરો તથા કાયરોની પાસે પણ રહે છે યા નથી પણ રહેતી, પૂજ્ય પુરૂષોની પાસે, સુંદર રૂપવાનો વા સજ્જનો પાસે, મહા પરાક્રમીઓ તથા ધર્માત્માઓની પાસે આ લક્ષ્મી રહે જ છે એવો કોઈ નિયમ નથી.

**ધનના સંબંધમાં અજ્ઞાનીની વિપરીત માન્યતા :-** સંસારી અજ્ઞાની ભ્રમથી એવું જાણે છે - હું તો કુળવાન છું, મને છોડીને લક્ષ્મી કેવી રીતે જશે ? હું **ધીર**

છું, ધૈર્યવાનને ત્યાં તો લક્ષ્મી સ્થિર રહે છે, ચલાયમાન ચિત્તવાળાની નાશ પામે છે. હું **મહા પંડિત પ્રવીણ** છું મેં ખૂબ ચતુરાઈથી તેને વધારી છે, જે મૂર્ખ અજ્ઞાની ભૂલો કરી ચાલે છે તેમની લક્ષ્મી નાશ પામે છે. હું **શૂરવીર** છું, અન્યની લક્ષ્મીની પણ રક્ષા કરૂ છું મારી લક્ષ્મી કેવી રીતે નાશ પામશે ? કાયરની લક્ષ્મી નાશ પામે છે. હું **પૂજ્ય** છું, બધાની લક્ષ્મી પૂજ્યની પાસે રહેવી જોઈએ. કોઈ નીચની નાશ પામે છે. હું **ધર્માત્મા** છું, દરરોજ દાન, પૂજા, શીલવ્રત આદિ કરૂં છું, મારી લક્ષ્મી કેવી રીતે નાશ પામશે ? કોઈ પાપીની લક્ષ્મી નાશ પામે છે. હું **સુંદર રૂપવાન** છું. મારા ચહેરા ઉપર જ લક્ષ્મીનો નિવાસ દેખાય છે, કોઈ કુરૂપની નાશ પામે છે. હું **સજ્જન** છું, બધાને પ્રિય છું, મારી લક્ષ્મી કેવી રીતે નાશ પામશે. દુષ્ટ હોય, બધાને અપ્રિય હોય તેની લક્ષ્મી નાશ પામે છે. હું **પરાક્રમી** છું, ઉદ્યમી છું, પ્રતિદિન નવી કમાઈ કરૂં છું, મારી લક્ષ્મી કેવી રીતે નાશ પામશે ? આળસુ, ઉદ્યમહીનની લક્ષ્મી નષ્ટ થઈ જાય છે, એમ સમજવું મિથ્યાભ્રમ છે.

## ❖ ધનના સંબંધમાં જ્ઞાનીની માન્યતા ❖

આ લક્ષ્મી તો પૂર્વ ભવોમાં કરેલા પુણ્યની દાસી છે. પુણ્ય પરમાણુઓનો ઉદય સમાપ્ત થતાં જ એ નષ્ટ થઈ જાય છે. જેમ પચાસ હાથ લાંબા મહેલમાં દીવો બૂઝાતાં જ અંધકાર થઈ જાય છે, તેને કોણ રોકી શકે છે ? જેમ જીવ નીકળી ગયા પછી શરીરની સઘળી ઈન્દ્રિયો ચેષ્ટા રહિત થઈ જાય છે, તેલ સમાપ્ત થઈ જવાથી દીવો બૂઝાઈ જાય છે, તે જ રીતે પુણ્ય અસ્ત થઈ જવાથી સમસ્ત લક્ષ્મી, ક્રાંતિ, બુદ્ધિ, પ્રીતિ, પ્રતીતિ, એક ક્ષણમાત્રમાં નષ્ટ થઈ જાય છે.

પ્રથમ તો આ લક્ષ્મીને ન્યાયના ભોગોમાં લગાવો, તથા પરિણામોમાં દયા ભાવ લાવી દુઃખીયા, ભૂખ્યાંને દાન કરો. આ લક્ષ્મી તો જેમ પાણીમાં લહેર (તરંગ) ક્ષણભરમાં વિલય થઈ જાય છે તે રીતે કોઈ બે દિવસનો આ લક્ષ્મીનો સંયોગ છે પછી નિયમથી તેનો વિયોગ થશે. જે પુરૂષ આ લક્ષ્મીનો નિરંતર સંગ્રહ જ કરે છે, ન તો સ્વયં ભોગવે છે, ન પાત્રને દાન (પણ) આપે છે તેઓ પોતાના આત્માને ઠગે છે, અચાનક જ મરીને અંતર્મુહૂર્તમાં નરકના નારકીના રૂપમાં જઈ જન્મ લેશે. તેમનો મનુષ્ય જન્મ નિષ્ફળ જ ગયેલો માનવો.

જે લોકો લક્ષ્મીને ભેગી કરીને ઘણે દૂર દાટી દે છે, નાશ પામવાના ડરથી

જમીનમાં ઘણે ઉંડે દાટી દે છે, તે લોકો તે લક્ષ્મીને પથ્થરના સમાન કરી દે છે. જેમ જમીનમાં અનેક પથ્થર હોય છે તેમ ધન પણ પડ્યું રહેશે. જો પોતે દાન-ભોગ માટે કામમાં ન લીધું તો દરિદ્રી જેવો જ રહ્યો. જે લોકો લક્ષ્મીનો નિરંતર સંચય જ કરતા રહે છે, ન તો દાન કરે છે, ન ભોગ ભોગવવામાં ખર્ચ કરે છે, તેમની પોતાની લક્ષ્મી પણ પરની લક્ષ્મીની સમાન જ છે, જેમ પડોશીની લક્ષ્મી તથા અન્ય નગરના રહીશોની લક્ષ્મી જોવામાં તો આવે છે, પરંતુ ભોગવવામાં આવતી નથી, દાન દેવામાં આવતી નથી.

જે પુરૂષ લક્ષ્મીમાં અતિ આસકત તથા પ્રીતિવંત થઈ જાય છે તે પોતાના ખાવામાં, પીવામાં, ઔષધિ વિગેરેમાં, કપડાં પહેરવામાં, પોતાના રહેવાના મકાનમાં, અન્ય અનેક ભોગ ઉપભોગના સાધનોના અભાવમાં હંમેશાં કલેશ જ ભોગવે છે, પરંતુ ધન ખર્ચ કરવામાં ઘણું દુઃખ થાય છે, એટલે દુઃખોમાં જ પોતાના દિવસો વ્યતીત કરે છે એ તો મૂર્ખ રાજાનું, પોતાના લેણદારોનું, પુત્ર, સ્ત્રી, ભાઈ આદિનું જ કાર્ય સિદ્ધ કરે છે. સ્વયં તો ધનની મમતાને લઈ, મરીને દુર્ગતિમાં જઈ ઉપજશે તથા ધનને રાજા લઈ જશે યા પુત્ર, કુટુંબી આદિ લઈ જશે. પોતે તો સ્વયં પાપી ધન કમાઈને કેવળ આ લોક તથા પરલોકમાં દુઃખ ભોગવવાવાળો જ રહ્યો.

જે મૂર્ખ વિવિધ રીતે પોતાની બુદ્ધિ દ્વારા લક્ષ્મીને વધારતા રહે છે તથા વધારતાં-વધારતાં તૃપ્ત થતા નથી, (તે) લક્ષ્મીને વધારવામાં અનેક પ્રકારનો આરંભ કરે છે, પાપ કરવાથી ડરતા નથી, રાત-દિવસ જ ધન પેદા કરવાના વિકલ્પ કરતાં કરતાં ઘણી રાત વીતી ગયા પછી સૂવે છે. દિવસે પ્રાતઃકાળથી જ ધનને કમાવાના વિકલ્પ કરવા લાગે છે, સમય પર ભોજન પણ કરતા નથી, અનેક લેવડ-દેવડ, ધંધા વ્યવહારનો બકવાસ કરતાં કરતાં ખૂબ ભૂખ લાગ્યા પછી જ ભોજન કરે છે. રાત્રે કાગળ, પત્ર, પેન, હિસાબ, જવાબ, સવાલની ઘણી ચિંતામાં મગ્ન થઈને ત્રણ પ્રહર રાત્રિ વીતી ગયા પછી સૂવે છે. એવા મૂઢ કેવળ લક્ષ્મીરૂપી તરૂણીનું દાસપણું કરી દુઃખ ભોગવી દુર્ગતિમાં ગમન કરે છે.

**લક્ષ્મી પ્રાપ્તિની સફળતા:-** જે આ વધતી જતી લક્ષ્મીને નિરંતર ધર્મ કાર્ય માટે ખર્ચે છે તે પંડિત પ્રવીણ પુરૂષો દ્વારા સ્તુતિ કરવા યોગ્ય છે. તથા તેમની જ લક્ષ્મી સાર્થક છે. એવું જાણી જે દારિદ્રયથી દુઃખી ધર્મ સહિત પુરૂષો તથા સ્ત્રીઓને ખ્યાતિ, લાભ, પૂજાની ચાહ વિના તથા તેમનાથી પોતાનો કોઈ ઉપકાર ન ઈચ્છતાં

નિરંતર અપેક્ષા રહિત, આદર, પ્રીતિ, હર્ષ સહિત દાન આપે છે તેનું જીવન સફળ છે. ધન, યૌવન, જીવન તો પ્રત્યક્ષ જળના પરપોટા સમાન અસ્થિર દેખાય છે. દાનનું ફળ સ્વર્ગની લક્ષ્મી ભોગ-ભૂમિની લક્ષ્મીનો અસંખ્યાત કાળ સુધી ભોગ, સંપદા આપવાવાળું છે, એવું જાણી નિરંતર દાનમાં જ પ્રવર્તન કરો.

**પંચમકાળમાં કોણ ઉપજે છે ? -** અહીં એમ અધિક જાણવું કે - જેણે પૂર્વ ભવમાં (જન્મમાં) સુપાત્ર દાન આપ્યું છે, સમ્યક્ તપ કર્યું છે તે પુરૂષ તો આ દુઃષમકાળમાં ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે આ **દુષમકાળમાં અહીં સમ્યગ્દષ્ટિની ઉત્પત્તિ થતી જ નથી.** જે સમ્યગ્દષ્ટિ દેવગતિ, નરકગતિમાંથી આયુષ્ય પૂર્ણ કરીને આવે છે તેઓ વિદેહક્ષેત્રમાં જ પુણ્યવાન મનુષ્ય થાય છે. મનુષ્ય, તિર્યંચગતિનો સમ્યગ્દષ્ટિ મરીને સ્વર્ગલોકમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે આ ભરતક્ષેત્રમાં સમ્યગ્દષ્ટિ આવીને ઉપજતા નથી.

અહીં કોઈ પુણ્યશાળીને કાળલબ્ધિ આદિ પાકવાથી નવું સમ્યક્ત્વ થઈ શકે છે. જેમણે પૂર્વ જન્મમાં જૈનધર્મ પાળીને પુણ્યોપાર્જન કર્યું છે તેઓ પણ અહીં ઉત્પન્ન થતા નથી. એટલા માટે જૈનધર્મમાં રાજા ઉપજતા નથી, તથા ઘણા ધનવાન પુરૂષ પણ જૈનીઓના કુળમાં ઉપજતા નથી. **જો જૈનીઓના કુળમાં ઘણા ધનવાન ઉપજે છે તો તેઓ જૈનધર્મ રહિત જ હોય છે.**

કોઈ પુણ્યશાળીને અહીં જો સત્સંગતિ મળી જાય તથા જૈન સિદ્ધાંતનું શ્રવણ કરવાનું મળી જાય તો નવા બીજથી જૈનધર્મ ગ્રહણ થઈ જાય છે. આ કાળમાં જે જૈની ધનવાન પણ હોય, ધર્મને પણ સમજવા લાગે, ત્યાગ આખડી પણ રાખી લે તો પણ દાનમાં ધન ખર્ચ કરી શકતો નથી. લાખોનું ધન મૂકીને મરી જાય છે, પરંતુ તેનો ચોથાના અડધા ભાગનું ધન પણ દાન, ધર્મમાં લગાવી શકતો નથી. (દાન દેવાનો એવો ભાવ જ થતો નથી.)

**આ પંચમકાળના ધનાઢ્ય જીવોના ભાવ :-** આ કળિકાળના ધનાઢ્ય પુરૂષોની કેવી રીતિ તથા પરિણામ હોય છે. તે બતાવે છે -

પરિણામોમાં ક્રોધ વધે છે, પોતાના પુરૂષાર્થનું ઘણું અભિમાન વધે છે, વાત્સલ્યતા તો જડ મૂળથી જ રહેતી નથી. બીજાના કરેલા કાર્યની પ્રશંસા કરતો નથી. બધાની અક્કલ-બુદ્ધિ ઓછી દેખાય છે, દયા રહી જ નથી. અન્ય કોઈ પુરૂષનું વચનોથી

અપમાન-તિરસ્કાર કરતાં ભય લાગતો નથી. અન્ય પુરૂષ ધર્મની જાતિવાળાં વચન બોલે છે તો તેમનું ખોટી યુક્તિઓ દ્વારા ખંડન કરે છે.

ધર્માત્મા પુરૂષ વિનય સહિત પણ ભાષણ કરે છે તો પણ આના મનમાં ડર થઈ જાય છે કે ક્યારેક મારાથી કંઈક માગશે. નિર્વાંછક સાધર્મીથી પણ ભયભીત રહે છે કે આ ક્યારેક મને ધન ખર્ચવાનો ઉપદેશ આપશે. અભિમાન દિન પ્રતિદિન વધતું જાય છે, સ્વભાવમાં તેજી વધતી જાય છે. જો પોતાનું કામ હોય તો તેને ઘણી ઉતાવળથી કરાવવા ઈચ્છે છે. નોકર આદિના કષ્ટ- દુઃખને જોતો નથી. પોતાનું પ્રયોજન સાધવા ઈચ્છે છે, બીજાના પ્રયોજન તથા દુઃખ કલેશને તુચ્છ જાણે છે. સંપદા વધે છે તેની સાથે-સાથે ખર્ચ વધે છે, ખર્ચની સાથે દુઃખ વધે છે, દિન પ્રતિદિન ખર્ચ ઘટાડવાનાં જ પરિણામ રહ્યા કરે છે.

પોતાના ભોગોપભોગની વસ્તુ ખરીદવામાં એવાં પરિણામ રહે છે કે અડધી કિંમતમાં આવી જાય, કંઈક ઓછું લઈ જાય, અને મોટો માણસ સમજી ઘણી કિંમતની વસ્તુ ઓછી કિંમતમાં આપી દે, કોઈ નિર્ધનનો તથા લૂંટનો માલ ઘણી ઓછી કિંમતે મળી જાય, તેને ઘણો આનંદદાયક માને છે, સંગ્રહ કરતાં કરતાં તૃપ્તિ થતી નથી.

બીજો કોઈ એનાથી ઠગાઈ જાય તો તેનાથી પ્રેમ કરે છે, કોઈ ધનવાન જોવામાં આવે તો તો તેનાથી પોતે ઠગાઈ જાય છે, ધનવાન પાપી પણ હોય તો તેનાથી પ્રીતિ કરે છે, ધનવાન અધર્મી પણ હોય તો તેની બુદ્ધિને મહાન માને છે. ધનવાનો પાસે પોતાની ઉદારતા બતાવે છે, નિર્ધનની પાસે પોતાનાં અનેક દુઃખ રોવે છે, દુઃખીને જોઈને તેને પોતાનાં અનેક દુઃખ સંભળાવે છે.

અન્યની તથા નિર્ધનની આબરૂ (ઈજ્જત) નાની જાણે છે, ધન રહિતને પોતાની વસ્તુ ઉધાર આપતી વખતે અવિશ્વાસ કરે છે, ધન રહિતને ચોર-દગાબાજ સમજે છે. પોતે બીજાનું સર્વસ્વ હડપ કરી ખાઈ જાય તો પણ પોતાને સાચો માને છે, પોતાની બડાઈ કરે છે.

પોતાના કર્તવ્યની પ્રશંસા કરે છે, બીજાનાં ઉત્તમ કાર્યોમાં પણ ખોટ કાઢે છે. પોતાને નિસ્પૃહ -નિર્વાંછક સમજે છે, જગતના અન્ય જીવોને લોભી સમજે છે. પોતાને અજર-અમર સમજે છે, અન્યને અનિત્ય સમજે છે, પોતાને ન્યાય-માર્ગી સમજે છે, અન્ય જીવોને અતિ લોભી સમજે છે. પોતાને પ્રભુ સમજે છે, ધન રહિતને રંક સમજે

છે. આરંભ પરિગ્રહ વધારતાં ડરતો નથી, અટકતો નથી. તૃષ્ણા ઘણી વધતી જાય છે, મરતાં સુધી પણ સંતોષ ધારણ કરતો નથી.

**અપયશનાં કાર્ય કરતાં પણ પોતાને યશસ્વી સમજે છે.** કપટીને, માયાચારીને પોતાનું ધન ઠગાવી દે છે. ઘણા ધૂર્ત, કપટી, છળીને પોતાનું કામ કરવાવાળો, પુરૂષાર્થી, પ્રવીણ સમજે છે. સત્યવાદી મર્યાદા સહિત પ્રવૃત્તિવાળો નિરપેક્ષ હોય તેને મૂર્ખ સમજે છે.

જ્યાં પોતાનું અભિમાન વધે, કષાય પુષ્ટ થાય, પોતાનું નામ થવું જાણે ત્યાં જમીનમાં, મંદિરમાં, બાગ-બગીચાઓમાં, વિવાહમાં, યાત્રામાં, ભાડામાં ઘણું ધન ખર્ચ કરે છે. મંદિર આદિમાં પણ પોતાની ઉચ્ચતા બતાવવા માટે, પંચોમાં જ્યાં અભિમાન વધે ત્યાં ધન ખર્ચ કરે છે, જીર્ણ મંદિર આદિમાં આપતો નથી.

નિર્ધન, ભૂખ્યાઓનું પાલન કરવા માટે એક પૈસો આપતો નથી, દુર્બળ, દીન, અનાથ, રોગી, વૃદ્ધ, વિધવા, એમનું પાલન કરવા માટે ધન-પૈસા કદી ખર્ચ કરતો નથી. નિર્ધન દુઃખીને આપેલા ધનને નાશ થયેલું માને છે. સ્વયં પણ સારૂં ભોજન કરતો નથી કારણ કે ઘરમાં પૂરા કુટુંબને ખવરાવવું પડે.

**એવું અભિમાન કરે છે -** જુઓ, અમારા ઘરે ઘણા ધર્માત્મા, તપસ્વી, પંડિત આવે છે તથા અનેક આવશે કારણ કે બધા દેશી-વિદેશી ગુણવાન જૈનીઓનું મોટું ઠેકાણું અમારૂં જ ઘર છે, અમે જ દાતાર છીએ, બીજું ઠેકાણું છે કયાં ? અન્ય કેટલાયે પોતાના ઘરે કામ કરવાવાળા તથા ધર્મ કાર્યપર રાખેલા છે તેમની પણ ધનના મદથી ઘણી અવજ્ઞા કરે છે - એમને અમે પાળીએ છીએ, અમારાથી છૂટ્યા પછી તેમનું કયાં ઠેકાણું છે ?

**આવા પંચમકાળના ધનવાનોના જ્ઞાન ઉપર મોહનો ગાઢ અંધકાર છવાયેલો છે.** પૂર્વ જન્મમાં જૈનધર્મ રહિત કુતપસ્યા કરી હતી, કુપાત્રને દાન કર્યું હતું એના કારણે ધન સંપદા મળી છે.

હવે ધન સંપદા છોડીને ધનની મૂર્ચ્છાથી મરીને કષાયોની મંદતા તીવ્રતાના પ્રભાવ અનુસાર સર્પ, તિર્યંચ, વૃક્ષ, મધમાખી આદિ યોનિયોમાં ઉપજી, નરક આદિમાં ઘણા સમય સુધી ભ્રમણ કરશે. આ ધનની મૂર્ચ્છા આ લોકમાં પણ વેર તથા અપયશનું કારણ છે. કંજુસની બધા લોકો નિંદા-અપવાદ કરે છે, કંજુસના પરિણામ નિરંતર દુઃખી અને દુર્ધ્યાનરૂપ રહે છે.

**દાનનાં પાત્ર તથા દાનનું ફળ:-** દાનના માર્ગમાં લગાવેલું ધન પોતાનું જાણો. પાત્ર દાનમાં આપેલું ધન મરણ સમયે પરિણામોમાં ઉજ્જવળતા કરાવી અંતર્મુહૂર્તમાં સ્વર્ગની સંપદા પ્રાપ્ત કરાવી દે છે. **અહીં ઉત્તમ પાત્ર તો નિર્ગ્રંથ વીતરાગી સમસ્ત મૂલગુણ ઉત્તરગુણના ધારી દસ લક્ષણ ધર્મના ધારી બાવીશ પરિષહ સહવાવાળા સાધુ છે.** દર્શન (પ્રતિમા) થી શરૂ કરી ઉદ્દિષ્ટ આહારના ત્યાગ સુધી અગિયાર સ્થાન (પ્રતિમાઓ) શ્રાવકની છે. તે (પ્રતિમા ધારી) શ્રાવક **મધ્યમ પાત્ર** છે.

જેમને વ્રત (પ્રતિમા) તો નથી પરંતુ જિનેન્દ્રનાં કહેલાં તત્ત્વોમાં શ્રદ્ધા છે, જન્મ-મરણાદિરૂપ સંસાર પરિભ્રમણથી ભયભીત છે, ચાર પ્રકારના સંઘમાં રહીને હિત કરવાની ઈચ્છા સહિત છે, સંસાર-શરીર ભોગોથી વિરક્તિનો ભાવ આવ્યો છે, જિનશાસનનો પ્રચાર કરવાવાળા, પોતાની નિંદા-ગર્હા કરતાં સ્વ-પર તત્ત્વનું સ્વરૂપ વિચારવામાં પ્રવીણ છે, જિનદેવ દ્વારા કહેલાં તત્ત્વોમાં-ધર્મમાં દ્રઢતા ધારણ કરે છે, ધર્મ તથા ધર્મના ફળમાં અનુરાગ સહિત છે, સર્વે જીવોની દયાથી ચિત્ત ભરેલું છે, મંદ કષાયી, પંચ પરમેષ્ઠીના ભકત ઈત્યાદિ બધા સમ્યક્ત્વના ગુણોના ધારી ગૃહસ્થ **જઘન્ય** પાત્ર છે.

આ રીતે ત્રણે પ્રકારનાં પાત્રોમાં યથા યોગ્ય આહાર, ઔષધિ, શાસ્ત્ર, વસ્તિકા, સ્થાન, વસ્ત્ર, જીવિકા, જીવનની સ્થિરતાનું કારણ, ભક્તિ તથા વિનય સહિત આપેલું દાન, ભાવો અનુસાર ઉત્તમ મધ્યમ, જઘન્ય ભોગભૂમિમાં દાતારને ઉત્પન્ન કરે છે. સમ્યગ્દષ્ટિ દાતારને સૌધર્મ આદિ સ્વર્ગમાં મહાન ઋદ્ધિધારી દેવોમાં ઉત્પન્ન કરે છે.

**કુપાત્ર:-** કુપાત્રનાં લક્ષણ આ રીતે જાણવાં - **જેમના હૃદયમાં મિથ્યા ધર્મની દ્રઢ વાસના બેઠેલી છે એવા** ઘોર તપ કરવાવાળા, બધા જીવોની દયા કરવામાં ઉદ્યમી, અસત્ય તથા કઠોર વચનથી પરાન્મુખ, બધાથી પ્રિય વચન બોલવાવાળા, ધન-સ્ત્રી-કુટુંબથી નિસ્પૃહી, નિરંતર મિથ્યાધર્મનું સેવન કરવાવાળા, જપ, તપ, શીલ, સંયમ નિયમમાં દ્રઢ પ્રીતિ રાખવાવાળા મંદકષાયી પરિગ્રહ રહિત, વિષય કષાયોના ત્યાગી, એકાંત બાગ-વનાદિમાં રહેવાવાળા, આરંભ રહિત પરીષહ સહેવાવાળા સંકલેષ રહિત સંતોષ સહિત, રસ-નીરસ ભોજનને સમભાવથી ગ્રહણ કરવાવાળા, ક્ષમાના ધારક, આત્મજ્ઞાન રહિત બાહ્ય ક્રિયાકાંડથી મોક્ષ માનવાવાળા બધા કુપાત્ર છે.

કેટલાયે જૈનધર્મનો પક્ષ ગ્રહણ કરવાવાળા પણ એકાન્તી, હઠીલા પોતાની બુદ્ધિથી જ પોતે પોતાને ધર્માત્મા માને છે, તેમનામાંથી પણ કેટલાક તો જિનેન્દ્રનું

પૂજન, આરાધના, ગાન, ભજનથી જ પોતાને કૃત કૃત્ય માનીને બાહ્ય પૂજન સ્તવન વિગેરેમાં તત્પર છે તથા અન્ય જ્ઞાનાભ્યાસ, વ્રતાદિમાં શિથિલતા રાખે છે. કેટલાયે પાણીથી ધોવું, તપાસવું, અનાજ આદિને ધોવું, સ્નાન કરીને ભોજન કરવું, પોતાના હાથથી બનાવેલું ભોજન કરવું, કપડાં ધોવા, ધોએલા સ્થળે જમવું ઈત્યાદિ ક્રિયા કરીને જ પોતાને ધર્મ થઈ ગયો - એવું માને છે.

કેટલાયે જોઈને ચાલવું, સંભાળીને ચાલવું, સૂવું, બેસવું, પાણીને ઘણા યત્નાચારપૂર્વક કામમાં લેવું, એટલાથી જ પોતાને કૃત કૃત્ય માને છે, અન્ય ક્રિયા રહિતને નિંદ્ય જાણે છે. કેટલાયે ઉપવાસાદિ તપ-વ્રત, રસ-પરિત્યાગ આદિ કરી પોતાને ઉંચા માને છે. કેટલાયે દુઃખી, ભૂખ્યાને ભોજન આપવાને જ ધર્મ માને છે. કેટલાયે ભદ્ર પરિણામી બધા ધર્મોને સમાન જાણતા થકા વિચાર રહિતતામાં જ લીન છે. કેટલાયે પરમેશ્વરના નામ માત્રને જ ધર્મ જાણીને વિકથા રહિત નિંદા રહિત રહે છે.

કેટલાયે અન્ય જીવોનો ઉપકાર કરી બધાનો વિનય કરવાને જ ધર્મ માને છે. કેટલાયે પોતાની ઈન્દ્રિયોને દંડ આપતા થકા રૂખું-સૂકુ એક વાર ભોજન કરી મૌનનું આલંબન લઈ પોતાનું આયુષ્ય ગમે ત્યાં રહી વ્યતીત કરે છે. કેટલાયે અનેક વેશોના ધારક, મંદ કષાયી, પરિગ્રહ રહિત વિષય રહિત રહે છે. કેટલાયે એક વાર કોઈ હાથોમાં ભોજન રાખી દે તેને ખાઈ યાચના રહિત વિચરણ કરે છે.

**આ રીતે અનેક એકાંતી પરમાગમના શરણ રહિત આત્મજ્ઞાન રહિત મિથ્યાદષ્ટિ કુપાત્ર છે.**

**કુપાત્ર દાનનું ફળ -** એમને દાન આપવાથી અનેક પ્રકારે ફળ મળે છે. જેવું પાત્ર, જેવો દાતાર, જેવો ભાવ, જેવું દ્રવ્ય, જેવી વિધીથી આપ્યું હોય તેવું ફળ મળે છે.

કેટલાક તો કુપાત્ર દાનના પ્રભાવથી અસંખ્યાત દ્વીપોમાં પંચેન્દ્રિય તિર્યંચોના યુગલોમાં ઉત્પન્ન થાય છે, જ્યાં ચાર ચાર આંગળ જેટલા પહોળા મીઠાં સુગંધિત ઘાસનાં પાંદડાં ખાય છે, અમૃતના સમાન સ્વાદિષ્ટ પાણી પીએ છે, પરસ્પર વેર વિરોધ રહિત રહે છે. જ્યાં ઠંડીનું દુઃખ નથી, ગરમીનો ઉકળાટ નથી, હવા-વરસાદિના કષ્ટ રહિત એક પલ્યનું આયુષ્ય ભોગવે છે. ત્યાં વિકલત્રયના કષ્ટોથી રહિત અનેક પ્રકારના થલચર,

જળચર, નભચર, તિર્યંચ થઈને ઈચ્છાનુસાર વિહાર કરતા થકા સુખથી ભોગ ભોગવતા થકા યુગલ જ સાથે પેદા થાય છે, સાથે જ મરીને વ્યંતર, ભવનવાસી, જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે.

કેટલાયે કુપાત્ર દાનના પ્રભાવથી ઉત્તમગુરૂ-દેવગુરૂ ભોગભૂમિમાં તિર્યંચ થઈ જન્મ લે છે, ત્રણ પલ્ય સુધી સુખ ભોગવી મરીને દેવોમાં ઉપજે છે. કેટલાયે કુપાત્ર દાનના પ્રભાવથી હરિક્ષેત્ર, રમ્યકક્ષેત્રોમાં બે પલ્યના આયુષ્યના ધારી, કેટલાયે હિમવતક્ષેત્ર, હૈરણ્યવત ક્ષેત્રોમાં એક પલ્યના આયુષ્યના ધારક તિર્યંચ યુગલોમાં ઉપજી આયુષ્ય પૂરું કરી મરીને દેવલોકમાં ચાલ્યા જાય છે.

કેટલાયે કુપાત્ર દાનના પ્રભાવથી છન્નુ અંતર દ્વિપોમાં મનુષ્ય યુગલ થઈ જન્મ લે છે. આ અંતર દ્વિપોમાં જે મનુષ્ય ઉપજે છે, તેમનું સ્વરૂપ આવું છે - સમુદ્રની પૂર્વાદિ દિશાઓમાં ચાર દ્વીપ છે. તેમાં પૂર્વ દિશાના દ્વીપમાં એક પગવાળા મનુષ્ય પેદા થાય છે, દક્ષિણ દિશાના દ્વીપમાં પૂંછડીવાળા મનુષ્ય ઉપજે છે, પશ્ચિમ દિશાના દ્વીપમાં શિંગડાવાળા મનુષ્ય ઉપજે છે, ઉત્તર દિશાના દ્વીપમાં વાણી રહિત મૂંગા મનુષ્ય પેદા થાય છે.

સમુદ્રની ચાર વિદિશાઓના ચાર દ્વીપોમાં ક્રમથી સાંકળ જેવા કાનવાળા મનુષ્ય, શંકુ (આકારના) કાનવાળા મનુષ્ય, લંબકર્ણવાળા એક કાનને ઓઢી લે, એક કાનને બીછાવી દે એવા મનુષ્ય તથા સસલા જેવા કાનવાળા મનુષ્ય પેદા થાય છે. સોળ દિશા તથા વિદિશાઓની વચ્ચે તથા પર્વતોના અંતની **સીમામાં** જે દ્વીપ છે તે દ્વીપોમાં આ પ્રકારના મોંઢાવાળા મનુષ્ય ઉપજે છે - (૧) સિંહ જેવું મુખ, (૨) ઘોડા જેવું મુખ, (૩) કૂતરા જેવું મુખ, (૪) સુકર જેવું મુખ, (૫) ભેંસ જેવું મુખ, (૬) વાઘ જેવું મુખ, (૭) ઉલ્લુ (ઘુવડ) જેવું મુખ, (૮) વાંદરા જેવું મુખ, (૯) માછલી જેવું મુખ, (૧૦) સાપ જેવું મુખ, (૧૧) મેંઢા (ઘેટા) જેવું મુખ, (૧૨) ગાય જેવું મુખ, (૧૩) મેઘ જેવું મુખ, (૧૪) વિજળી જેવું મુખ, (૧૫) દર્પણ જેવું મુખ, (૧૬) હાથી જેવું મુખ.

લવણ સમુદ્રના એક કિનારા પર એવા ચોવીસ અંતર દ્વીપ છે. બંને કિનારાના અડતાલીસ તથા અડતાલીસ કાલોદધિ સમુદ્રના બંને કિનારાઓના આ રીતે છન્નુ અંતર દ્વીપોમાં કુભોગ ભૂમિઓ છે, તેમાં કુપાત્ર દાનથી મનુષ્ય યુગલ ઉપજે છે. તેમનામાં

એક પગવાળા મનુષ્ય ગુફાઓમાં રહે છે અને અત્યંત મીઠી માટી ખાય છે. અન્ય બીજા બધા મનુષ્ય વૃક્ષોની નીચે રહે છે તથા કલ્પવૃક્ષોનાં આપેલાં અનેક પ્રકારનાં ફળ ખાય છે.

હવે કુભોગ ભૂમિના મનુષ્યોમાં ઉત્પન્ન થવાના કારણરૂપ પરિણામોને ત્રિલોકસારજીમાં કહેલી ત્રણ ગાથાઓ દ્વારા કહે છે -

**जिणलिंगे मायावी जोइसमंतोव जीविधणकंखा ।**
**अइगउरं सण्ण जुदा करेंति जे परविवाहंपि ।।९२२।।**

**दंसण विराहिया जे दोसं णालोचयन्ति दु सणगा ।**
**पंचग्गितवा मिच्छा मोणं परिहरिय भजन्ति ।।९२३।।**

**दुब्भाव असुइसूदग पुप्फ वईजाइ संकरादीहिं ।**
**कयदाणावि कुपत्ते जीवा कुणरेसु जायन्ते ।।९२४।।**

**અર્થ - જેઓ જિનેન્દ્રનું નિર્ગ્રંથ લિંગ ધારણ કરીને** અનેક પરીષહ સહેવા છતાં પણ માયાચારનાં પરિણામ કરે છે, જ્યોતિષ વિદ્યા, મંત્ર વિદ્યા, વૈદ્ય વિદ્યા દ્વારા લોકોને પ્રસન્ન કરીને ભોજન મેળવી જીવે છે, લોકોને જ્યોતિષ, વૈદક, મંત્રશાસ્ત્રો આદિ દ્વારા પોતાના ભકત બનાવે છે, તપશ્ચરણ કરીને ધનની વાંછા કરે છે, ઋદ્ધિના ગર્વથી યુકત છે, અમે જગતમાં પૂજ્ય છીએ તથા પોતાનો યશ જગતમાં વિખ્યાત થવાના ગર્વથી યુકત છે, પોતાના શાતાના ઉદય જનિત સુખના ગર્વ સહિત છે, આહારની વાંછા કરે છે, અશુભના ઉદયથી ભય સહિત છે. મૈથુનની ઈચ્છા કરે છે, પરિગ્રહ તથા શિષ્યોની વાંછા કરે છે, બીજાઓના વિવાહ કરાવવામાં પ્રવૃત્તિ કરે છે - તે બધા જિનલિંગધારી કુતપના પ્રભાવથી કુમનુષ્યોમાં ઉત્પન્ન થાય છે.

**જેઓ જિનલીંગ ધારણ કરીને પણ સમ્યગ્દર્શનની વિરાધના કરે છે,** પોતાના દોષોની ગુરુથી આલોચના કરતા નથી, બીજાના દોષ કહે છે તે કુમનુષ્યોમાં ઉપજે છે. જે મિથ્યાદષ્ટિ પંચાગ્નિ તપ દ્વારા કાયકલેશ કરે છે, મૌન છોડીને ભોજન કરે છે, જે દુષ્ટ ભાવો દ્વારા દાન આપે છે, જે અપવિત્ર થઈ દાન આપે છે, જેઓ સૂતક સહિત થઈ દાન આપે છે, જેઓ રજઃસ્વલા સ્ત્રીથી સંસર્ગ કરીને દાન આપે છે, જેઓ જાતિસંકર આદિ થઈ દાન આપે છે, જેઓ કુપાત્રોને દાન આપે છે, તેઓ કુમનુષ્યોમાં ઉપજે છે.

તે કુમાનુષ પણ બધા દુઃખો રહિત એક પલ્ય સુધી સ્ત્રી–પુરૂષ યુગલ થઈ સાથે જ પેદા થાય છે, સાથે જ મરે છે. કુદાનના પ્રભાવથી તથા કુતપના પ્રભાવથી આયુ પર્યંત સુખમાં મગ્ન રહી કાળ પૂરો કરી મંદ કષાયના પ્રભાવથી ભવનત્રિકમાં ઉત્પન્ન થઈ જાય છે.

કેટલાયે કુપાત્રોને દાન આપી ઘણા ભોગો સહિત રહેવાવાળા મલેચ્છોમાં ઉપજે છે. કેટલાયે કુપાત્ર દાનના પ્રભાવથી નીચ કુળોમાં ઘણા ધનના ધણી, માંસભક્ષી, શરાબ પીવાવાળા, વેશ્યાગામી, નિરોગ શરીરવાળા હોય છે.

કેટલાયે કુપાત્ર દાનના પ્રભાવથી રાજાઓના નોકર, નોકરાણી, હાથી, ઘોડા, વાંદરા, કૂતરા વિગેરે થઈ સારૂ ભોજન, કપડાં, આભૂષણ વિગેરે પ્રચૂર ભોગ ઉપભોગ સામગ્રી ભોગવી મરીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે. **કુપાત્ર પણ અનેક પ્રકારના છે, દાતારના ભાવ પણ અનેક પ્રકારના છે, દાનની સામગ્રી પણ અનેક પ્રકારની છે એટલા માટે દાનનું ફળ પણ અનેક પ્રકારનું છે.**

**દયાવાન આવો હોય છે -** કોઈ ભૂખ્યો હોય, દરિદ્ર હોય, આંધળો હોય, લૂલો હોય, લંગડો હોય, રોગી હોય, અશક્ત હોય, વૃદ્ધ હોય, બાળક હોય, વિધવા હોય, પાગલ હોય, અનાથ હોય, વિદેશી હોય, પોતાના સંઘના સાથીઓથી છૂટો પડેલો હોય, જેલથી છૂટીને આવ્યો હોય, બંધનમાં રહેલો હોય, દુષ્ટોના ડરથી ભાગેલો હોય, લૂંટાઈને આવ્યો હોય, જેનું કુટુંબ મરી ગયું હોય, ડરેલો હોય એવા ચાહે પુરૂષ હોય, સ્ત્રી હોય, બાળક હોય, કન્યા હોય, તથા તિર્યંચ હોય તેમને ભૂખ, તરસ, ઠંડી, ગરમી, રોગ, વિયોગ આદિથી દુઃખીત જાણી કરૂણાભાવથી ભોજન, વસ્ત્ર વિગેરે આપવું તે કરૂણા દાન છે. પરંતુ તેમની જાતિ, કુળ, આચરણ વિગેરે જાણી યથા યોગ્ય દાન કરવું જોઈએ.

જેઓ અભક્ષ્ય ભક્ષણ કરવાવાળા છે તેમને તો ભોજન, અન્ન, ઔષધિ માત્ર જ આપવું. જેઓ નિંદ્ય આચરણ કરવાવાળા નથી, તેમના દુઃખ દૂર કરવા યોગ્ય રૂપિયા, પૈસા પણ આપવા તથા ભોજન, વસ્ત્ર, ઔષધિ, સ્થાન તથા ઉપદેશ પણ આપવો. જેઓ સ્થાન (રહેવાની જગ્યા) આપવા લાયક ન હોય તેમને દુઃખી જોઈ ફક્ત રોટલી, અનાજ આપી જવા દેવા. જેઓ વૈયાવૃત્ત્ય કરવા યોગ્ય હોય તેમની વૈયાવૃત્ત્ય પણ કરવી, જ્ઞાન દાન પણ દેવું.

પાત્ર, કુપાત્ર, અપાત્રનો વિચાર કર્યા વિના કેવળ દયા માત્ર જ કરવી (એ)

કરૂણા દાન છે. તો પણ દેશ, કાળ, પરિણામ, જાતિ, કુળ, આદિના વિચાર રહિત યત્ન સહિત દાન કરવું જોઈએ. માંસભક્ષી, શરાબ પીવાવાળાને રૂપિયા પૈસા આપવા નહિ. ઘણા દુઃખી પર કરૂણા આવે તો ફક્ત અનાજનું દાન આપવું. તેના ફળમાં યશ, કીર્તન આદિની ઈચ્છા ન કરવી. જેઓ દાન દેવાના યોગ્ય નથી તે અપાત્ર છે.

**અપાત્રનાં લક્ષણ:-** હવે અપાત્રનાં લક્ષણ કહીએ છીએ - જે દયા રહિત હોય, હિંસાના આરંભમાં આસક્ત હોય, મહા લોભી તથા પરિગ્રહ વધારવા ઈચ્છતો હોય, પૈસાવાળો થઈને પણ માગતો હોય, યજ્ઞાદિ કરવાવાળા, વેદોમાં કહેલા હિંસા ધર્મમાં લીન હોય, ચંડી ભવાનીનો સેવક થઈ બકરા, પાડાનો ઘાત કરવાવાળો હોય, કુદાન લેવાવાળો હોય, શરાબી હોય, ભાંગ પીવાવાળો હોય, વેશ્યાગામી હોય, જૈનધર્મનો દ્રોહી હોય, શિકાર આદિમાં ધર્મ મનાવતો હોય, પર ધન-પર સ્ત્રીને ચાહવાવાળો હોય, પોતાની પ્રશંસા કરવાવાળો હોય, વ્રતી નામ ધરાવી વ્રતભંગ કરી પાંચ પાપોમાં આસક્ત હોય, ઘણો આરંભી હોય, ઘણો પરિગ્રહી હોય, તીવ્ર કષાયી હોય, અસત્ય ભાષણમાં લીન હોય, ખોટા શાસ્ત્રોનો ઉપદેશ દેવાવાળો હોય, તથા જૈનશાસ્ત્રોમાં ખોટાં શાસ્ત્ર મિલાવી મિથ્યા પ્રરૂપણા કરવાવાળો, વ્યસની, પાખંડી, અભક્ષ્ય-ભક્ષક, વ્રતશીલ સંયમ તપથી પરાન્મુખ, વિષયોનો લોલુપી, જીવ્હા ઈન્દ્રિયનો ગુલામ, મિષ્ટ ભોજનનો લાલચું - એ બધા અપાત્ર છે.

**એમનામાં રત્નત્રયધર્મનો અભાવ હોવાથી પાત્રપણું નથી.** કુધર્મરૂપ જે મિથ્યાધર્મ - પરોપકારની ભાવના, દયાવાનપણું, ક્ષમા, સંતોષ, શીલ, સત્ય, ત્યાગ આદિ પૂજા, જાપ, નામસ્મરણ આદિ મિથ્યાધર્મ પણ તેમનામાં જોવા મળતા નથી એટલે કુપાત્ર પણ નથી. ગરીબ, દીન, દરિદ્ર- દુઃખી-ભૂખ્યા પણ નથી એટલે દયાદાનના પણ પાત્ર નથી. તેઓ તો કેવળ લોભી, મદોન્મત્ત, વિષયોના લંપટી છે, ધર્મના પણ ઈચ્છુક નથી. કેટલાયે નામના જૈની થઈ જૈનધર્મનો વેષ પણ ફક્ત જિવ્હા ઈન્દ્રિયના વિષયરૂપ અનેક પ્રકારના ભોજન ખાવા માટે ધારણ કર્યો છે, ધન પેદા કરવા માટે વેશ ધારણ કર્યો છે; અભિમાની થઈને પોતાની પૂજા, ઉચ્ચતા, ધનના લાભના ઈચ્છુક થઈ તપ, વ્રત, પઠન, વાચન આદિ અંગીકાર કરે છે, તેઓ બધા અપાત્ર છે, દાનના યોગ્ય નથી.

**અપાત્રને દાન આપવું કેવું છે ? -** પત્થર પર બીજ વાવવા સમાન છે, કડવા તુંબડામાં દૂધ રાખવા સમાન છે, ગાઢ જંગલમાં ચોરના હાથમાં પોતાનું ધન

સોંપી દેવા બરાબર છે, પોતાનું આયુષ્ય વધારવા માટે વિષ ભક્ષણ કરવા સમાન છે, રોગ દૂર કરવા માટે અપથ્ય સેવન કરવા સમાન છે, સાપને દૂધ પિવરાવવા સમાન દુઃખની ઉત્પત્તિનું બીજ છે.

**પોતાનું ધન આંધળા કૂવામાં નાખી દેવું પણ અપાત્રને દાન કરવું જોઈએ નહિ. અપાત્ર દાન તો પોતાના ઘરમાં વિષ વૃક્ષ ઉગાડવા સમાન છે.** અપાત્રનો સાથ દાવાગ્નિ સમાન દૂરથી જ ત્યાગી દેવો જોઈએ. જેમ વિષના વૃક્ષની ગંધ જ બેભાન બનાવી દે છે તે જ રીતે અપાત્રની સંગતિ પણ આત્મજ્ઞાનથી ભ્રષ્ટ કરી દે છે.

આ રીતે દાનના વર્ણનમાં પાત્ર, કુપાત્ર, અપાત્રનું વર્ણન કર્યું.

હવે ચાર પ્રકારનું સુપાત્ર દાન આપી જે પ્રસિદ્ધ થયા છે તેમનાં નામ કહેવાવાળો શ્લોક આગમના આધારે કહે છે -

**श्रीषेण वृषभसेने कौण्डेशः शूकरश्च दृष्टांताः ।**
**वैयावृत्यस्यैते चतुर्विकल्पस्य मन्तव्याः ।।११८।।**

**અર્થ -** ચાર પ્રકારની વૈયાવૃત્ત્યનાં ચાર ઉદાહરણ જાણવા યોગ્ય છે. આહાર દાનના ફળમાં શ્રીષેણ રાજા પ્રસિદ્ધ થયા છે. ઔષધિ દાનના ફળમાં શેઠની પુત્રી વૃષભસેના પ્રસિદ્ધ થઈ છે. શાસ્ત્ર દાનના ફળમાં કૌણ્ડેશ નામનો ગોવાળ જે આગળ જઈને કેવળી થઈ ગયો, પ્રસિદ્ધ થયો છે. વસ્તિકા દાન (અભય દાન) ના ફળમાં શૂકર મરીને સ્વર્ગ લોકમાં મહર્દ્ધિક દેવ થઈ પ્રસિદ્ધ થયો છે.

દાનનો અચિંત્ય પ્રભાવ છે. આ લોકમાં પણ દાની બધાથી ઉંચો થઈ જાય છે.

**હવે અહીં એવું હજી પણ વિશેષ જાણવું -** દાન આપી, દાનના ફળમાં મારે ત્યાં વિષય સામગ્રી અધિક વધી જશે, - એવી વિષયોની ચાહ કદી કરવી જોઈએ નહિ. જેઓ દાનના ફળમાં ઈન્દ્રિયોના ભોગ ઈચ્છે છે તેઓ ચિંતામણિ રત્ન આપી કાચનો ટૂકડો ઈચ્છે છે, અમૃત છોડી ઝેર પીવા ઈચ્છે છે, દોરા માટે મણીનો હાર તોડવા ઈચ્છે છે, બળતણ માટે કલ્પવૃક્ષ કાપવા ઈચ્છે છે, લોઢા માટે નાવને તોડવા ઈચ્છે છે તથા પોતાના ગળામાં ભારે પત્થર બાંધી અગાધ ઉંડા પાણીમાં પ્રવેશ કરવા ઈચ્છે છે.

**ઈન્દ્રિયોના વિષય કેવા છે ?** અગ્નિના સમાન દાહ ઉત્પન્ન કરવાવાળા છે. કાળકૂટ ઝેર સમાન બેહોશ કરવાવાળા છે - મારી નાખવાવાળા છે, પાંચ પાપોમાં પ્રવર્તન કરાવવાવાળા છે, તૃષ્ણા ઉત્પન્ન કરાવવાવાળા છે, નરક પ્રાપ્ત કરાવવાવાળા છે, મહા વેરના કારણ છે, જ્વર રોગના સમાન સંતાપ, મૂર્ચ્છા, પ્રલાપ, દુઃખ, ભય, શોક, ભ્રમ ઉત્પન્ન કરાવવાવાળા છે. વિષયોનું ચિંતવન જ જીવને અચેત કરી દે છે, સેવન કરવાથી તો અનેક ભવોમાં દુઃખ ભોગવવું પડે છે.

એટલા માટે નિર્વાંચ્છક થઈને દાન-ધર્મ કરવો જોઈએ. પોતાને લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી જે ધન પ્રાપ્ત થયું છે તેમાં જ સંતોષ કરીને આગામી વિષયોની ઈચ્છા ન કરો. પાશેર અનાજ પણ મળે તો તેમાં પણ દાનનો ભાગ કાઢવો જોઈએ. દાનના નિમિત્તે ધનની વાંચ્છા ન કરો. **વાંછાનો અભાવ થઈ જવો તે (જ) પરમ દાન છે, તે જ પરમ તપ છે.**

આ વૈયાવૃત્તને જ અતિથિસંવિભાગ વ્રત કહે છે. આ રીતે દાનનું વર્ણન કર્યું. હવે વૈયાવૃત્તમાં જ **જિનેન્દ્ર પૂજનનો ઉપદેશ** કરવાવાળો શ્લોક કહે છેઃ-

**देवाधिदेव-चरणे परिचरणं सर्वदुख-निर्हरणम् ।**
**कामदुहि कामदाहिनि परिचिनुयादादृतो नित्यम् ।।११९।।**

**અર્થઃ-** દેવ જે ઈન્દ્રાદિ તેમના અધિદેવ અર્થાત્ સ્વામી જે અરિહંત દેવ, તેમના ચરણોના સમીપ પરિચરણ અર્થાત્ પૂજન તે દરરોજ કરવું જોઈએ. કેવું છે પૂજન ? સમસ્ત દુઃખોનું નાશ કરવાવાળું, મનોકામનાને પૂર્ણ કરવાવાળું અને કામ ભાવને નાશ કરવાવાળું છે.

**ભાવાર્થઃ-** ગૃહસ્થે દરરોજ પ્રથમ જિનેન્દ્રનું પૂજન કરવું જોઈએ. જિનેન્દ્રના પૂજન સમાન સર્વોત્તમ કાર્ય બીજું નથી.

**અહીં એવો સંબંધ જાણવો -** જેમને કિંચિત્માત્ર પણ અશુભ કર્મના ક્ષયોપશમથી મનુષ્ય તિર્યંચોની જેમ સપ્ત ધાતુમય શરીર મળ્યું નથી, તથા આહાર આદિના આધીન ક્ષુધા-તૃષા આદિની વેદના મટાડવી નથી, સ્વયં જ કંઠમાંથી અમૃત ઝરી જાય છે જેનાથી ક્ષુધા-તૃષાથી થવાવાળી વેદનાનું કષ્ટ તેમને થતું નથી, તેમને બુઢાપો આવતો નથી, રોગ થતો નથી, ઈત્યાદિ કર્મકૃત કંઈ પણ બાધા ન હોવાથી ચારે ગતિમાં દેવોને ઉત્તમ કહે છે.

જ્ઞાનાવરણ, વીર્યાન્તરાય આદિ કર્મનો અધિક ક્ષયોપશમ હોઈ અન્ય દેવોની અપેક્ષા જેમની જ્ઞાન-વીર્ય આદિ શક્તિની અધિકતા હોવાથી દેવોના સ્વામી ઈંદ્ર સર્વે અસંખ્યાત દેવો દ્વારા વંદનીય છે. જેઓ આત્માની શક્તિના ઘાતક જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય તથા અંતરાય આદિ સમસ્ત કર્મોનો નાશ કરીને જિનેન્દ્ર થયા છે, તે બધા ઈંદ્રાદિ દ્વારા વંદનીય છે, એટલે તે જિનેન્દ્ર દેવાધિદેવ છે.

**દેવાધિદેવના ચરણોનું પૂજન સમસ્ત દુઃખોના નાશ કરવાવાળું છે.** ઈન્દ્રિયોના વિષયોની કામનાનો નાશ કરીને મોક્ષરૂપ સુખની કામનાને પૂર્ણ કરવાવાળું છે. એટલે અન્ય સમસ્ત આરાધના છોડીને જિનેન્દ્રની આરાધના કરો. ઘણા સમય સુધી સંસારી, રાગી, દ્વેષી, મોહી જીવોની આરાધના કરીને ઘોર પાપ કર્મનો બંધ કરીને સંસારમાં પરિભ્રમણ જ કર્યું છે. જો વીતરાગ સર્વજ્ઞદેવની આરાધના કરી હોત તો કર્મના બંધનો નાશ કરીને સ્વાધીન મોક્ષરૂપ આત્માને પ્રાપ્ત કરી લીધો હોત. એટલા માટે સંસારના સઘળા દુઃખોના નાશ કરવાવાળું જિનેન્દ્રનું પૂજન જ કરો.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** ભગવાન અરહંત તો આયુષ્ય પૂરું કરી લોકના અગ્રભાગમાં મોક્ષ સ્થાનમાં છે, ધાતુ પાષાણની સ્થાપનારૂપ પ્રતિબિંબોમાં તો આવતા નથી, પોતાનું પૂજન સ્તવન પણ ઈચ્છતા નથી, તથા પોતાના અનંત જ્ઞાન-અનંત સુખમાં લીન બેઠા છે. પોતાનું પૂજન-સ્તવન તો જે અભિમાન કષાયથી દુઃખી, પોતાની મોટાઈ ઈચ્છવાવાળા, સંસારી રાગ-દ્વેષ સહિત હોય તે ઈચ્છે છે, તે જ સ્તવન કરવાથી સંતુષ્ટ થાય છે. ભગવાન પરમેષ્ઠી વીતરાગ અનંત ચતુષ્ટય સ્વરૂપમાં લીન છે, તેમને પૂજાની ચાહ નથી, તેઓ ધાતુ પાષાણના પ્રતિબિંબમાં આવતા નથી, કોઈનો ઉપકાર કરતા નથી, કોઈનો અપકાર પણ કરતા નથી, પૂજન સ્તવન કરવાવાળાથી પ્રસન્ન થતા નથી, નિંદા કરવાવાળાઓથી દ્વેષ કરતા નથી, પછી કયા પ્રયોજનથી અરિહંત જિનેન્દ્રદેવનું પૂજન-સ્તવન કરવું જોઈએ ?

**તેને જવાબ આપે છે -** ભગવાન વીતરાગ તો પૂજન સ્તવન ઈચ્છતા નથી, પરંતુ ગૃહસ્થના પરિણામ શુદ્ધ આત્મ સ્વરૂપની ભાવનામાં સ્થિર થતાં નથી, સામ્યભાવરૂપ રહેતાં નથી, અવલંબન વિના મન રહેતું નથી. એટલે પરમાત્માની ભાવનાનું અવલંબન લઈને વીતરાગ સ્વરૂપના ધ્યાન માટે, શુદ્ધાત્માના અવલંબન માટે, વિષય-કષાયના આરંભનું અવલંબન છોડીને સાક્ષાત્ પરમાત્મા સ્વરૂપનો ધાતુ પાષાણમય પ્રતિબિંબોમાં સંકલ્પ કરી પરમાત્માનું ધ્યાન સ્તવન, પૂજન કરીએ છીએ.

પૂજનના સમયમાં વિષય-કષાયોના સંકલ્પોનો અભાવ હોવાથી, દુર્ધ્યાન છૂટવાથી, પોતાના પરિણામોની વિશુદ્ધતાના પ્રભાવથી, અશુભ કર્મોનો રસ સૂકાઈ જાય છે, અશુભ કર્મોની સ્થિતિ ઘટી જાય છે, અનુભાગ ઘટી જાય છે, તે જ પાપ કર્મોનો અભાવ છે. પરિણામોની વિશુદ્ધતાના પ્રભાવથી શુભ પ્રકૃતિઓમાં રસ વધી જાય છે, શુભ આયુષ્ય સિવાય સમસ્ત કર્મોની પ્રકૃતિઓની સ્થિતિ ઘટી જાય છે. આ જ કારણથી વીતરાગના સ્તવન, પૂજન, ધ્યાન કરવાના પ્રભાવથી પાપ કર્મોનો નાશ થાય છે, સાતિશય પુણ્ય કર્મનું ઉપાર્જન થાય છે.

**એ પણ નિશ્ચય કરો - પુણ્ય પાપના બંધનું કારણ તો આપણો ભાવ છે.** બાહ્યમાં જેવું અવલંબન મળે છે તેવો આપણો ભાવ થાય છે. જો કે ભગવાન અરિહંત ધાતુ પાષાણના પ્રતિબિંબોમાં આવતા નથી, તથા ભગવાન વીતરાગ કોઈનો ઉપકાર-અપકાર કરતા નથી, તો પણ વીતરાગ ભગવાનનું ધ્યાન પૂજન નામ આપણા શુભ પરિણામ કરવા માટે, રાગ-દ્વેષનો નાશ કરવા માટે બાહ્ય કારણ છે, તે પરિણામોથી જીવનો પરમ ઉપકાર થાય છે.

જેવી રીતે લાકડા, પથ્થર (ના) ચિત્રોનાં સ્ત્રીઓનાં રૂપ જીવોને રાગનાં કારણ છે, અચેતન (જડ) સોનું, મણિ, માણેક, ચાંદી, મહેલ, વન, બાગ, નગર, ગ્રામ, પથ્થર, કાદવ, સ્મશાન વિગેરેનું જોવું, સાંભળવું રાગ-દ્વેષ ઉપજાવે છે; શુભ અશુભ વચન, રાગ, રૂદન, સુગંધ, દુર્ગંધ - આ બધાં અચેતન પુદ્‌ગલ દ્રવ્ય છે, એમનું શ્રવણ, અવલોકન, ચિંતવન, અનુભવન કરવાથી રાગ-દ્વેષ થાય છે; તેવી જ રીતે **જિનેન્દ્રની પરમ શાંત મુદ્રા જ્ઞાનીઓને વીતરાગતા થવા માટે સહકારી કારણ છે, પ્રેરક કારણ નથી.** ભવ્ય જીવોને વીતરાગતા સિવાય કોઈ ચાહના (કામના) નથી.

**જિનેન્દ્રના ચરણોમાં પૂજન સમયે જે જળ, ચંદન આદિ અષ્ટ દ્રવ્ય ચઢાવવામાં આવે છે તે ભગવાનના ખાવા માટે નથી;** તેઓ પૂજા ન કરવાથી અપૂજ્ય રહી જશે કે તે સામગ્રીની તેઓ વાસના લઈ લે છે, એવા અભિપ્રાયથી સામગ્રી ચઢાવતા નથી. તે તો ભગવાનના દર્શનના અત્યંત આનંદથી જળ, ચંદન આદિ રૂપ અર્ઘ ઉતારણ કરવા માટે છે. જેમ રાજાદિને ભેટ આપવી, નજર ઉતારવી, આરતી ઉતારવી, ન્યોછાવર કરવું, અક્ષત-પુષ્પ આદિ ક્ષેપણ કરવું છે. મોતીઓના થાળ ભરીને ઉતારણ કરે છે; સોનાની મહોરો, રૂપિયાઓનો થાળ ઉતારીને લૂંટાવે છે; રત્નોના થાળ ભરી ન્યોછાવર

કરી ક્ષેપે છે; અક્ષત-પુષ્પ આદિ દ્વારા ઉતારણ કરે છે તે બધું રાજાની ભક્તિ તથા આનંદ પ્રગટ કરે છે. રાજાઓને દાન આપવામાં આવતું નથી. જેમ રાજાઓ પાસે ન્યોછાવર કરેલ (સામગ્રી) ને યાચક જન-અર્થી જન લઈ લે છે, તેમ ભગવાન અરિહંત આગળના અષ્ટ દ્રવ્યોનો અર્ઘ ચઢાવવો જાણવો જોઈએ.

**હવે પૂજનના યોગ્ય નવ દેવ છે.** તેમનું વર્ણન શાસ્ત્રોમાં છે.

**अरहन्त सिद्ध साहू तिदयं जिणधम्म वयण पडिमाहू ।**
**जिणणिलया इदिराए णव देवा दिंतु मे वोहि ॥**

**અર્થ -** અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, જિન ધર્મ, જિન વચન, જિન પ્રતિમા, જિન મંદિર એ રીતે આ નવ દેવ છે, તે મને રત્નત્રયની પૂર્ણતા અર્પે.

જ્યાં અરિહંત દેવનું પ્રતિબિંબ છે ત્યાં નવ રૂપ દેવ ગર્ભિત જાણી લેવા જોઈએ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તો અરહંતની પૂર્વ અવસ્થા છે. સિદ્ધ છે તેઓ પહેલાં અરહંત થઈને જ સિદ્ધ બન્યા છે. અરહંતોની વાણી તે જિન વચન છે. વાણી દ્વારા જે અર્થ પ્રકાશિત કર્યો છે તે જિનધર્મ છે; અરહંતનું સ્વરૂપ જ્યાં બિરાજમાન રહે છે તે જિનાલય છે. આ રીતે નવ દેવતારૂપ ભગવાન અરિહંતના પ્રતિબિંબનું પૂજન નિત્ય જ કરવું યોગ્ય છે.

**અધોલોક**માં અરહંતનાં અકૃત્રિમ પ્રતિબિંબ ભવનવાસીઓના ચમર વૈરોચન આદિ ઈન્દ્રો દ્વારા તથા અસંખ્યાત ભવનવાસી દેવો દ્વારા પૂજવામાં આવે છે. **મધ્યલોક**માં ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર આદિ અનેક ધર્માત્માઓ દ્વારા પૂજાય છે. **વ્યંતરલોક**માં વ્યંતરોના ઈંદ્રો તથા દેવો દ્વારા પૂજવામાં આવે છે. **જ્યોતિર્લોક**માં ચંદ્ર-સૂર્ય આદિ અસંખ્યાત જ્યોતિષી દેવો દ્વારા પૂજવામાં આવે છે. **સ્વર્ગલોક**માં સૌધર્મ આદિ ઈંદ્રો દ્વારા તથા અસંખ્યાત કલ્પવાસી દેવો દ્વારા પૂજવામાં આવે છે.

આ રીતે ત્રણ લોકના ભવ્ય જીવો દ્વારા વંદનીય પૂજ્ય અરહંતનું તદાકાર પ્રતિબિંબ છે તે સદાકાળ ભવ્ય જીવોને પૂજવા યોગ્ય છે.

**પૂજાના ભેદ, વિધિ અને પ્રયોજનઃ-** પૂજા બે પ્રકારની છે - એક દ્રવ્ય પૂજા, બીજી ભાવ પૂજા, અરહંતના પ્રતિબિંબનું વચનો દ્વારા સ્તવન કરવું, નમસ્કાર કરવા, ત્રણ પ્રદક્ષિણા કરવી, બંને હાથ જોડી અંજલિને મસ્તક સુધી લઈ જવી. જળ, ચંદન

આદિ અષ્ટ દ્રવ્ય ચઢાવવા, તે **દ્રવ્ય પૂજા** છે. અરિહંતના ગુણોમાં એકાગ્ર ચિત્ત થઈને, અન્ય બધી વિકલ્પ જાળ છોડીને, તેમના ગુણોમાં અનુરાગી થવું, તથા અરિહંતની પ્રતિમાનું ધ્યાન કરવું તે **ભાવ પૂજા** છે. અથવા અરિહંતના પ્રતિબિંબની પૂજા માટે શુદ્ધ ભૂમિમાં, પ્રામાણિક જળથી સ્નાન કરીને શુદ્ધ વસ્ત્ર પહેરી, મહા વિનય સહિત, બંને હાથોની અંજલિ જોડી ભક્તિ સહિત શુદ્ધ, નિર્દોષ જળથી અરિહંતની પ્રતિમાનો અભિષેક કરવો તે પણ પૂજન જ છે.

જો કે ભગવાનના અભિષેકનું પ્રયોજન નથી, તો પણ પૂજકને એવો ભક્તિરૂપ ઉત્સાહનો ભાવ આવે છે કે હું અરિહંતને સાક્ષાત્ સ્પર્શ જ કરી રહ્યો છું, અભિષેક જ કરી રહ્યો છું, એવો ભક્તિનો મહિમા છે.

ઉત્તમ જળને રકાબી (નાની વાટકી, કળશી આદિ) માં લઈ અરિહંતની પ્રતિમા આગળ આવું ધ્યાન કરે છે :-

હે જન્મ, જરા, મરણને જીતવાવાળા જિનેન્દ્ર ! હું મારા જન્મ, જરા, મરણના નાશ માટે જળની ત્રણ ધારાઓ આપના ચરણારવિંદ આગળ ચઢાવું છું. હે જન્મ, જરા, મરણ રહિત જિનેન્દ્ર! આપના ચરણોનું શરણ જ મને જન્મ, જરા, મરણ રહિત થવાનું કારણ છે.

હે સંસાર પરિભ્રમણના આતાપ રહિત જિનેન્દ્ર ! હું મારા સંસાર પરિભ્રમણરૂપ આતાપનો નાશ કરવા માટે ચંદન કપૂર આદિ દ્રવ્યોને આપના ચરણો આગળ ધરૂં છું.

હે અવિનાશી પદના ધારક જિનેન્દ્ર ! હું પણ અક્ષયપદની પ્રાપ્તિ માટે અક્ષતોને આપના ચરણો આગળ ધરૂ છું.

હે કામબાણના વિધ્વંસક જિનેન્દ્ર ! હું પણ મારા કામભાવના વિધ્વંસ માટે પુષ્પોને આપના ચરણો આગળ ચઢાવું છું.

હે ક્ષુધા રોગ રહિત જિનેન્દ્ર ! હું પણ મારા ક્ષુધા રોગના નાશ માટે નૈવેદ્યને આપના ચરણો આગળ ચઢાવું છું.

હે મોહ અંધકાર રહિત જિનેન્દ્ર ! હું પણ મારા મોહ અંધકારને દૂર કરવા માટે દીપકને આપના ચરણો આગળ ધરૂ છું.

હે અષ્ટ કર્મના દાહક જિનેન્દ્ર ! હું પણ મારા અષ્ટ કર્મના નાશ માટે ધૂપને આપના ચરણોમાં ધરૂં છું.

હે મોક્ષ સ્વરૂપ જિનેન્દ્ર ! હું પણ મોક્ષરૂપ ફળને પામવા માટે ફળોને આપના ચરણોમાં ધરૂં છું.

આ રીતે જેઓ પોતાના દેશ-કાળની યોગ્યતા પ્રમાણે એક દ્રવ્યથી, બે દ્રવ્યોથી, ત્રણ દ્રવ્યોથી, ચાર દ્રવ્યોથી, પાંચ દ્રવ્યોથી, છ દ્રવ્યોથી, સાત દ્રવ્યોથી, આઠ દ્રવ્યોથી પણ પૂજન કરી પોતાના ભાવોને પરમેષ્ઠીના ધ્યાનમાં લગાવે છે, સ્તવન બોલે છે, તેઓ મહા પુણ્ય ઉપાર્જન કરે છે તથા પાપની નિર્જરા કરે છે.

**અહીં એમ વિશેષ જાણવું -** જે ચાર પ્રકારના દેવ જિનેન્દ્રની પૂજા કરવાવાળા છે તે બધા તો કલ્પવૃક્ષોથી મળતા ગંધ, પુષ્પ, ફળ આદિ સામગ્રી દ્વારા પૂજન કરે છે; તથા સૌધર્મ ઈન્દ્રાદિ જે સમ્યગ્દષ્ટિ દેવ છે તે તો જિનેન્દ્રની ભક્તિ, પૂજન, સ્તવન કરીને જ પોતાની દેવ પર્યાયને સફળ માને છે.

મનુષ્યોમાં ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર આદિ રાજેન્દ્ર છે તે મોતીઓના અક્ષત, રત્નોનાં પુષ્પ, ફળ, દિપક આદિ તથા અમૃતપિંડ આદિ દ્વારા જિનેન્દ્રની પૂજા, સ્તવન, નૃત્ય-ગાન આદિ કરી મહા પુણ્ય ઉપાર્જન કરે છે.

અન્ય મનુષ્યોમાં પણ જેમના પુણ્યના ઉદયથી સમ્યક્ ઉપદેશ પ્રાપ્ત થવાથી જિનેન્દ્રની આરાધનામાં ભક્તિ ઉત્પન્ન થાય છે તે બધી જાતિ, કુળવાળા યથા યોગ્ય પૂજન કરે છે. બધા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર પોત-પોતાની શક્તિ, પોત-પોતાના જ્ઞાન, કુળ, બુદ્ધિ, સંપદા, સંગતિ, દેશ કાળ (ને) યોગ્ય અનેક સ્ત્રી, પુરૂષ, નપુંસક, ધનવાન, નિર્ધન, સરોગ, નિરોગ, જિનેન્દ્રની આરાધના કરે છે.

કોઈ ગામ નિવાસી છે, કોઈ નગર નિવાસી છે, કોઈ વન નિવાસી છે, કોઈ ઘણા નાના ગામમાં રહેવાવાળા છે, તેમનામાંથી કેટલાક તો અતિ ઉજ્જવળ અષ્ટ પ્રકારની સામગ્રી બનાવી પૂજનના પાઠ વાંચી પૂજન કરે છે, કેટલાક કોરા સૂકા જવ, ઘઉં, ચણા, મકાઈ, બાજરો, અડદ, મગ, મઠ ઈત્યાદિ અનાજને મુઠીમાં લઈ જિનેન્દ્રને અર્પણ કરે છે.

કોઈ રોટલી ચઢાવે છે, કોઈ રબડી ચઢાવે છે, કોઈ પોતાના બાગમાંથી ફુલ

લાવી ચઢાવે છે, કોઈ દાળ-ભાત તથા અનેક પકવાન ચઢાવે છે, કોઈ મોતીઓના અક્ષત, કોઈ માણેકના દીપક, કોઈ સોના-ચાંદી તથા પાંચ પ્રકારના રત્નોથી જડેલા પુષ્પ-ફળ વિગેરે ચઢાવે છે. કોઈ દૂધ, કોઈ દહીં, કોઈ ઘી ચઢાવે છે. કોઈ અનેક પ્રકારની મિઠાઈઓ, લાડુ, પેંડા, બરફી, પુરી, પૌઆ ઈત્યાદિ ચઢાવે છે.

કોઈ માત્ર વંદના જ કરે છે, કોઈ સ્તવન, કોઈ ગીત, નૃત્ય, (વાજિંત્ર) વગાડે છે. કેટલાયે અસ્પૃશ્ય શુદ્ર આદિ મંદિરની બહાર જ રહીને મંદિરના શિખરની તથા શિખરોમાં જિનેન્દ્રના પ્રતિબિંબના જ દર્શન-વંદન કરે છે.

આ રીતે જેવું જ્ઞાન, જેવી સંગતિ, જેવું સામર્થ્ય, જેવી શક્તિ તેના અનુસાર દેશ-કાળને યોગ્ય જિનેન્દ્રના આરાધક મનુષ્ય છે તે વીતરાગનાં દર્શન, સ્તવન, પૂજન, વંદના કરી ભાવોને અનુકૂળ ઉત્તમ, મધ્યમ, જઘન્ય, પુણ્યનું ઉપાર્જન કરે છે.

**આ જિનેન્દ્રનો ધર્મ, જાતિ, કુળને આધીન નથી. ધન-સંપત્તિને આધીન નથી, બાહ્ય ક્રિયાને આધીન નથી. જીવને પોતાના પરિણામોની વિશુદ્ધતા અનુસાર ફળ આપે છે.** કોઈ ધનવાન અભિમાની યશનો ઈચ્છુક થઈને મોતીઓના અક્ષત, માણેકના દીપક, રત્ન-સ્વર્ણના પુષ્પો દ્વારા પૂજન કરે છે, અનેક વાજાં-નૃત્યગાન કરી ઘણી પ્રભાવના કરે છે, તો પણ થોડુંક જ પુણ્ય ઉપાર્જન કરે છે, યા અલ્પ પુણ્ય પણ ઉપાર્જન કરતો નથી, કેવળ પાપ કર્મનો બંધ કરે છે, **કષાયો અનુસાર બંધ થાય છે.**

કોઈ પોતાના ભાવોની વિશુદ્ધતાથી અતિ ભક્તિરૂપ થઈ કોઈ એક જળ-ફળાદિ દ્વારા કે અન્ન માત્ર દ્વારા, કે સ્તવન માત્ર દ્વારા, મહા પુણ્ય ઉપાર્જન કરે છે તથા અનેક ભવોમાં સંચિત કરેલા પાપ કર્મની નિર્જરા કરે છે.

**ધન દ્વારા પુણ્ય ખરીદાતું નથી.** જેઓ નિર્વાંછક છે, મંદ કષાયી છે, ખ્યાતિ લાભ પૂજાદિને ચાહતા નથી, માત્ર પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગી છે તેમને જિન પૂજન ઘણું અધિક ફળ આપવારૂપ પરિણમે છે.

હવે અહીં જિન પૂજન સચિત્ત દ્રવ્યોથી અને અચિત્ત દ્રવ્યોથી પણ કરવાનું આગમમાં કહ્યું છે. જેઓ સચિતના દોષથી ભયભીત છે, યત્નાચારી છે તેઓ તો પ્રાસુક જળ, ગંધ, અક્ષતને ચંદન, કેશર આદિથી રંગીને સુંગધિત રંગીન અક્ષતોમાં પુષ્પોની કલ્પના કરી પુષ્પોથી પૂજે છે. આગમમાં કહેલાં સ્વર્ણનાં પુષ્પ, ચાંદીના પુષ્પ,

તથા રત્નજડિત સ્વર્ણના પુષ્પ તથા લવિંગ, આદિ અનેક મનોહર પુષ્પો દ્વારા પૂજન કરે છે. પ્રાસુક, ઘણા આરંભ આદિથી રહિત, પ્રામાણિક નૈવેદ્ય દ્વારા પૂજન કરે છે.

રત્નોના દીપક કે સ્વર્ણ-ચાંદીના દીપકો દ્વારા પૂજન કરે છે, કોપરાના નાના-નાના ટુકડાઓને કેશરના રંગથી રંગીને દીપકની કલ્પના કરી પૂજન કરે છે, ચંદન, અગર વિગેરે ચઢાવે છે. બદામ, જાયફળ, પૂંગીફળ આદિ અવધિ શુદ્ધ પ્રાસુક ફળો દ્વારા પૂજન કરે છે. અચિત્ત દ્રવ્યો દ્વારા તો આ રીતે પૂજન કરે છે.

જેઓ સચિત્ત દ્રવ્યોથી પૂજન કરે છે તે જળ, ગંધ, અક્ષતાદિ ઉજ્જવળ દ્રવ્યો દ્વારા પૂજન કરે છે. ચમેલી, ચંપો, કમળ, સોનજાઈ ઈત્યાદિ સચિત્ત પુષ્પો દ્વારા પૂજન કરે છે. ઘીનો દીપક તથા કપૂર આદિના દીપકો દ્વારા આરતી ઉતારે છે. સચિત્ત કેરી, કેળા, દાડમ આદિ ફળો દ્વારા પૂજન કરે છે, ધૂપદાનીમાં ધૂપ સળગાવે છે. આ રીતે સચિત્ત દ્રવ્યો દ્વારા પણ પૂજન કરે છે. બંને પ્રકારથી પૂજન કરવું આગમની આજ્ઞા અનુસાર પ્રાચીન માર્ગ છે. **પોતાના ભાવો અનુસાર પુણ્ય બંધનું કારણ છે.**

**સચિત્ત પૂજન નિષેધઃ-** અહીં એમ વિશેષ જાણવું - આ દુઃખમકાળમાં વિકલત્રય જીવોની ઉત્પત્તિ ઘણી છે. ફુલોમાં બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પાંચ ઈન્દ્રિય ત્રસ જીવ પ્રગટ આંખોથી દેખાવાવાળા દોડતા દેખાય છે. ફુલોના પાંદડાઓને ખંખેરીને જોઈએ તો હજારો જીવ ફરતા દોડતા જોવામાં આવે છે. ફુલોમાં ત્રસ જીવ તો ઘણા હોય જ છે, તથા બાદર નિગોદિયા જીવ અનંત હોય છે. ચૈત્ર માસમાં તથા વર્ષા ઋતુમાં ત્રસ જીવ ઘણા ઉત્પન્ન થાય છે.

તેથી જેઓ જ્ઞાની છે, ધર્મબુદ્ધિવાળા છે, તેઓ તો બધા ધર્મના કાર્ય યત્નાચારથી કરે છે, કરવાં પણ જોઈએ. જે રીતે જીવોની વિરાધના ન થાય તે રીતે કરવા જોઈએ. ફુલોને ધોવામાં દોડતા ત્રસ જીવોની ઘણી હિંસા થાય છે. આમાં હિંસા તો ઘણી છે તથા પરિણામોની વિશુદ્ધતા થોડી છે. એટલે પક્ષપાત છોડી જિનેન્દ્રના કહેલા અહિંસા ધર્મને ગ્રહણ કરી જેટલું કાર્ય કરો તેટલું યત્નાચારપૂર્વક જીવોની વિરાધના ટાળીને કરો.

**આ કળિકાળમાં લોકો ભગવાનના કહેલા નય-વિભાગ તો સમજતા નથી, તથા શાસ્ત્રોમાં લખ્યું છે, તે કથનીને નય-વિભાગથી જાણતા નથી, તથા પોતાની કલ્પનાથી જ પક્ષ ગ્રહણ કરી ફાવે તેમ પ્રવર્ત્તે છે.**

**રાત્રિ પૂજન નિષેધઃ-** કેટલાયે પક્ષપાતી લોકો ભાદરવા મહિનામાં દિવસે તો

પૂજન કરતા નથી, રાત્રિમાં પૂજન કરે છે. ઘણા દીવા સળગાવે છે, નૈવેદ્ય ચઢાવે છે, ફુલોના ઢગલા ચઢાવે છે, તેમાં લાખો મચ્છર, ડાંસ, માખી, તથા લીલા, પીળા, કાળા, લાલ રંગના કરોડો ત્રસ જીવ, અનેક રંગના નાની અવગાહનાવાળા જીવ, સામગ્રી બનાવવામાં, ચઢાવવાના થાળોમાં, કપડામાં, દીવાઓના નિમિત્તથી દૂરથી આવી આવી પડી પડીને મરે છે. પ્રત્યક્ષ જ જોઈએ છીએ - આપણા મોંઢામાં, નાકમાં, આંખોમાં, કાનોમાં ઘૂસી જાય છે, ઉડે છે, મરે છે તો પણ પોતાનો પક્ષ છોડતા નથી; દિવસ છોડીને રાત્રિમાં પૂજન કરે છે. રાત્રિમાં તો આરંભ છોડીને ઘણા યત્નાચાર સહિત રહેવાની આજ્ઞા છે.

**ધર્મનું સ્વરૂપ તો બાહ્ય જીવદયા તથા અંતરંગમાં રાગ, દ્વેષ, મોહના વિજયરૂપ છે.** જ્યાં જીવ હિંસા છે, ત્યાં ધર્મ નથી. જ્યાં અભિમાનને વશ થઈ એકાન્ત પક્ષને પકડીને પોતાના પક્ષનું પોષણ કરવા માટે હિંસાથી ડરતા નથી ત્યાં ધર્મ નથી.

કેટલાયે એકાન્તી મંડળ બનાવી આઠ દિવસ, દસ દિવસ સુધી રાખે છે. તે સામગ્રીમાં પ્રત્યક્ષ આંખથી જોવામાં આવતા લટ, કીડા ફરે છે, ફળ વિગેરે ગળીને ચલિત રસ થઈ જાય છે, તથા નૈવેદ્ય વિગેરેની ગંધથી કીડીઓની લાઈન લાગી જાય છે, પ્રભાવના માટે ત્યાં અનેક મનુષ્ય આવે છે, તેમના પગથી ખૂંદાઈ મરી જાય છે. આવું પ્રત્યક્ષ જોવા છતાં પણ પોતાના પક્ષના અભિમાનના અંધકારથી અંધ થઈ જોતા નથી. **રાત્રિની વાસી સામગ્રી રાખવી મહા હિંસાનું કારણ છે.**

અનેક પુરાણોમાં તથા અનેક શ્રાવકાચારોમાં અરહંતની પ્રતિમાનું અષ્ટ દ્રવ્યોથી જ પૂજન કરવાનો ઉપદેશ છે. ક્યાંક અરિહંતના પ્રતિબિંબના સ્તવનનું-વંદનાનું, તથા ક્યાંક અભિષેકનું વર્ણન છે; પરંતુ પ્રતિબિંબ તદાકાર હોવાથી કોઈ ગ્રંથમાં પણ સ્થાપનાનું વર્ણન નથી, અને હવે આ કળિકાળમાં પ્રતિમા બિરાજમાન હોવા છતાં સ્થાપનાને જ મુખ્ય કહે છે.

**આ જયપુરમાં સંવત ૧૮૫૦ (અઢારસો પચાસ) ના વર્ષમાં પોતાના મનની કલ્પનાથી કોઈ-કોઈએ નવી સ્થાપના કરવાની પ્રવૃત્તિ ચલાવી છે.** તેમાં (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ (૬) જિનવાણી (૭) દસ લક્ષણધર્મ (૮) સોલહ કારણ (૯) રત્નત્રય આ નવની સ્થાપના કરે છે. તથા એવું કહે છે - જેને સપ્ત વ્યસનનો ત્યાગ, અન્યાયનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ હોય તે સ્થાપના

સહિત પૂજન કરે, જેને સપ્ત વ્યસનનો, અન્યાયનો, અભક્ષ્યનો ત્યાગ ન હોય તે સ્થાપના ન કરે. સ્થાપના સહિત પૂજન તો સપ્ત વ્યસનનો, અન્યાયનો, અભક્ષ્યનો ત્યાગ કરવાવાળો જ કરે. જેને એનો ત્યાગ ન હોય, તે સ્થાપના કર્યા વિના જ પૂજન કરી લે, સ્થાપના ન કરે. સ્ત્રીઓએ જો રંગીન કપડાં પહેરેલાં હોય તો સ્થાપના કર્યા વિના જ પૂજન કરવાનું કહે છે ?

**એવું કહેવાવાળાઓને સાક્ષાત્ જિનેન્દ્રના પ્રતિબિંબનું સન્માન રહ્યું નહિ,** અતદાકાર ચોખા (અક્ષત) ની સ્થાપનાનો જ વિનય કરવાનું રહ્યું. પ્રતિબિંબનો વિનય કરવાનું મુખ્ય ન રહ્યું. પ્રતિમાનું પૂજન, વંદના, સ્તવન તો જે પણ ચાહે તે કરી શકે છે, પરંતુ પીળા ચોખામાં સ્થાપના તો તે જ કરી શકે છે જે ઉત્તમ હોય, વ્યસન, અન્યાય, અભક્ષ્યાદિ પાપ રહિત હોય, પરંતુ આ રીતે તો પીળા અક્ષતોમાં સ્થાપના કરવી (એ) મુખ્ય વિનય થયો, તથા પ્રતિમામાં પૂજન આદિ વિનય કરવો એ ગૌણ થયો.

**પક્ષપાતી બીજું પણ કહે છે -** જે તીર્થંકરની પ્રતિમા હોય તેમની આગળ તેમની જ પૂજા, સ્તુતિ, ભક્તિ કરવી જોઈએ; અન્ય તીર્થંકરની સ્તુતિ-ભક્તિ કરવી ન જોઈએ. જો અન્ય તીર્થંકરોની પૂજા કરવી હોય તો તંદુલોમાં અન્ય તીર્થંકરની સ્થાપના કરી, પૂજન; સ્તવન કરવું, એવો પક્ષપાત કરે છે.

**તેમણે આ રીતે વિચાર કરવો જોઈએ -** સમન્તભદ્રસ્વામીએ શિવકોટી રાજાની સામે પ્રત્યક્ષ રીતે સ્વયંભૂ સ્તોત્ર દ્વારા સ્તવન કર્યું હતું, ત્યારે ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિમા પ્રગટ થઈ હતી. તો તે સમયે તેમણે ચંદ્રપ્રભુની સામે અન્ય સોલહ તીર્થંકરોનું સ્તવન કેવી રીતે કર્યું ? જો એક પ્રતિમા પાસે એકનું જ સ્તવન કરવું ઉચિત છે તો **સ્વયંભૂ સ્તોત્ર**નું મંદિરમાં પઠન જ સંભવશે નહિ, આદિનાથ જિનેન્દ્રની પ્રતિમા વિના **ભક્તામર સ્તોત્ર**નું પઠન શક્ય નહિ બને, પાર્શ્વનાથ જિનેન્દ્રની પ્રતિમા વિના **કલ્યાણ મંદિર સ્તોત્ર**નું પઠન નહિ બની શકે, પંચ પરમેષ્ઠીની પ્રતિમાની સ્થાપના વિના **પાંચ નમસ્કાર મંત્ર** કેવી રીતે બોલી શકાય ? કાયોત્સર્ગ, જાપ કરવા વિગેરે પણ નહિ થઈ શકે.

પંચ પરમેષ્ઠીની પ્રતિમા વિના તેમનું નામ લેવું, જાપ કરવા, સામાયિક કરવું સંભવ નહિ થાય. અન્ય દેશમાં અજાણ્યા મંદિરમાં પહેલાં પ્રતિમાનો નિશ્ચય કર્યા વગર સ્તુતિ કરવી નહિ બને. જો રાત્રિનો સમય હોય તથા નાની અવગાહનાની પ્રતિમા હોય તો ત્યાં પહેલા ચિન્હનો નિશ્ચય કર્યા પછી જ સ્તવનમાં પ્રવર્તન થઈ શકશે.

જે મંદિરમાં અનેક પ્રતિમાઓ હોય ત્યાં જેમનું સ્તવન કરીએ તેમની સામે હાથ જોડીને એકાગ્ર નજર કરીને, વિનંતી કરવી પડશે, અન્ય પ્રતિમાની સમ્મુખ થઈ નહિ શકે. જે મંદિરમાં અનેક પ્રતિમાઓ હોય ત્યાં જો એક પ્રતિમાનું સ્તવન-વંદન કર્યું તો બીજી પ્રતિમાનો અનાદર થઈ જશે. બીજીનું વંદન કર્યું તો ત્રીજી, ચોથી, પાંચમી આદિના ભાવોમાં અનાદર થઈ ગયો, ત્યારે ભક્તિ નષ્ટ થઈ જ સમજો.

**જો તમે કહેશો -** જ્યાં ઘણી પ્રતિમાઓ હોય ત્યાં ચોવીસેયનું સ્તવન કરીશું. જો ત્યાં વીસ જ પ્રતિમાઓ હોય યા બાવીસ-ત્રેવીસ હોય તો પહેલાં એકના ચિન્હનો સારી રીતે નિર્ણય કરી તેનું જ સ્તવન કરવામાં આવશે, અન્ય તીર્થંકરોનું સ્તવન રહી જશે. જ્યાં પ્રતિમા નાની હોય, દૂર બિરાજમાન હોય, દર્શન કરવાવાળાની દૃષ્ટિ મંદ હોય, ત્યાં પાંચ લોકોને પૂછીને સ્તવન-વંદન કરવું થઈ શકશે. આ રીતે એકાન્તી મનોક્ત કલ્પના કરવાવાળાને અનેક દોષ આવે છે.

જે સ્થાપનાના પક્ષપાતી સ્થાપના કર્યા વિના પ્રતિમાનું પૂજન કરતા નથી, તો તેમની માન્યતા અનુસાર પ્રતિમામાં સ્તવન-વંદન કરાવવાની યોગ્યતા પણ રહી નહિ ? જો પીળા ચોખાની અતદાકાર સ્થાપના જ પૂજ્ય છે તો તે પક્ષપાતીઓને ધાતુ પાષાણની તદાકાર પ્રતિબિંબની સ્થાપના કરવી નિરર્થક છે ? અકૃત્રિમ ચૈત્યાલયોના પ્રતિબિંબ જે અનાદિ નિધન સ્થાપિત છે તેમાં પણ પૂજ્યપણું ન રહ્યું ?

એક પ્રતિમા આગળ એકનું જ પૂજન કરવું, અન્ય ત્રેવીસની પૂજા કરવી હોય તો પીળા અક્ષતોમાં સ્થાપના કરીને કરી લેવી તેને કહે છે - તો ત્રેવીસ પ્રતિમાઓનો સંકલ્પ પીળા અક્ષતોમાં જ થયો, તથા જપમાળા, સ્તુતિ, પૂજન, આદિ કરતાં આપણી દૃષ્ટિ પીળા અક્ષતોમાં જ રાખવી જોઈએ. એક પ્રતિમામાં ચોવીસનો ભાવ અયોગ્ય ઠરશે ? ત્રેવીસની પ્રતિમા તો સ્થાપનાના પુષ્પોમાં જ રહી ?

સ્થાપના વિના પૂજા કરવી ન જોઈએ - તો ઘરમાં, વનમાં, વિદેશમાં અરિહંતોનું સ્તવન વંદન જ સંભવ નહિ થાય ? **જે એકાન્તી આગમ જ્ઞાન રહિત પક્ષપાતી છે તેમના કહેવાનું કંઈ ઠેકાણું (વિશ્વાસ) નથી,** તેમને પાપનો ભય નથી તેઓ પૂજા તો ચોવીસની જ કરે છે, શાન્તિ પાઠમાં સોળમા તીર્થંકરનું સ્તવન કરે છે ! તેથી અનેકાન્તનું શરણ લઈ આગમની આજ્ઞા વિના પક્ષનું એકાન્ત કરવું ઠીક નથી.

**અહીં વિશેષ એમ સમજવું -** એક તીર્થંકરના નામના શબ્દના જ વ્યાકરણમાં

નિરૂક્તિ દ્વારા અર્થ કરવાથી ચોવીસેય તીર્થંકરોના નામના અર્થ કરવા સંભવ છે. સૌધર્મ ઈન્દ્રએ એક હજાર આઠ નામો દ્વારા એક તીર્થંકરનું સ્તવન કર્યું છે. એક તીર્થંકરના ગુણો દ્વારા અસંખ્યાત નામવાળા અનંત તીર્થંકરોનું સ્તવન કરવું સંભવ છે. અનંતકાળમાં અસંખ્યાત નામવાળા અનંત તીર્થંકર થઈ ગયા છે. તેથી એક તીર્થંકરના સ્તવન દ્વારા તે બધાનું તેમજ ચોવીસનું સ્તવન કરી શકાય છે. તેમના માતા-પિતાનાં પણ એવાં જ નામ, શરીરની અવગાહના, વર્ણ આદિ પણ, એવા જ અનંતકાળમાં અનંત થઈ ગયા છે. એટલા માટે એક જ તીર્થંકરમાં એકનો સંકલ્પ તથા ચોવીસનો પણ સંકલ્પ કરી લેવો સંભવ છે.

આ કાળમાં અન્ય મતવાળાઓની પણ અનેક પ્રકારની સ્થાપના થવા લાગી છે. તેથી આ કાળમાં તદાકાર સ્થાપનાની જ મુખ્યતા છે. જો અતદાકાર સ્થાપનાની જ પ્રધાનતા થઈ જશે તો ફાવે તેમ જેમાં તેમાં તથા અન્યમતીની પ્રતિમામાં પણ અરહંતની સ્થાપનાનો સંકલ્પ કરવા લાગશે તો માર્ગથી ભ્રષ્ટ થઈ જશે.

**પ્રતિમાના ચિન્હ -** પ્રતિમાનાં જે ચિન્હ હોય છે, તે ઈન્દ્ર જ્યારે બાળક તીર્થંકરને જન્માભિષેક કરાવી મેરૂ પર્વતથી લાવ્યા હતા ત્યારે ધજામાં જે ચિન્હ બન્યું હતું તે જ ચિન્હ પ્રતિમાની ચરણ ચૌકીમાં નામ આદિના વ્યવહાર ચલાવવા બનાવી દીધું. એક અરહંત પરમાત્મા, સ્વરૂપથી એક રૂપ છે, નામ આદિથી અનેક રૂપ છે. **સત્યાર્થ જ્ઞાન સ્વભાવ તથા રત્નત્રયરૂપ વીતરાગભાવથી પંચ પરમેષ્ઠીરૂપ બધી પ્રતિમાઓ એક સમાન જ જાણવી જોઈએ.** તેથી પરમાગમની આજ્ઞા વિના વ્યર્થ વિકલ્પ કરવા, શંકા કરવી ઠીક નથી. જિનસૂત્રની આજ્ઞા જ પ્રમાણ છે.

**પૂજનનાં પાંચ અંગ -** વ્યવહારમાં પૂજનના પાંચ અંગોની પ્રવૃત્તિ જોવામાં આવે છે.

(૧) આહ્‌વાહન (૨) સ્થાપના (૩) સન્નિધિકરણ (૪) પૂજન (૫) વિસર્જન. ભાવોને જોડવા માટે આહ્‌વાહનમાં પુષ્પ ક્ષેપણ કરીએ છીએ. પુષ્પોને પ્રતિમા માનતા નથી. આ તો આહ્‌વાહન આદિના સંકલ્પથી પુષ્પાંજલિ ક્ષેપણ છે. પૂજનમાં પાઠ લખ્યો હોય તો સ્થાપના કરી લેવી જોઈએ, ન લખ્યો હોય તો ન કરવી જોઈએ. અનેકાંતીને સર્વથા પક્ષ હોતો નથી.

ભગવાન પરમાત્મા તો સિદ્ધલોકમાં છે, પોતાના સ્થાનથી એક પ્રદેશ પણ ચાલતા

નથી, પરંતુ તદાકાર પ્રતિબિંબ સાથે ધ્યાન જોડવા માટે સાક્ષાત્ અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુના રૂપનો પ્રતિમામાં નિશ્ચય કરીને પ્રતિબિંબનાં ધ્યાન, પૂજન, સ્તવન કરવાં જોઈએ.

**કેટલાયે પક્ષપાતી કહે છે -** ભગવાનના પ્રતિબિંબ વિના સભાના શ્રોતાઓ વચ્ચે હજુરી પદ, વિનય પદ, સ્તોત્ર પાઠ ન વાંચવા (બોલવા) જોઈએ. **તેમને કહે છે -** ભગવાન પરમેષ્ઠીનું ધ્યાન સ્તવન તો સદાકાળ પરમેષ્ઠીને પોતાનામાં ધ્યાન ગોચર કરીને વાંચવું - સ્તવન કરવું યોગ્ય છે. જો પ્રતિમા સમ્મુખ વિના સ્તુતિ વાંચવાનો (બોલવાનો), વિનય પદ વાંચવા (બોલવા) નો નિષેધ કરશો તો તેમના પંચ નમસ્કાર બોલવા, સ્તવન કરવાં-વાંચવાં, સામાયિક વંદનાનું વાંચવું (બોલવું) પ્રતિમા સન્મુખ હોવા સિવાય સંભવ નહિ થાય. શાસ્ત્રના પ્રવચન-વ્યાખ્યાનમાં પણ નમસ્કારના શ્લોક બોલવાનો નિષેધ થઈ જશે. માટે અજ્ઞાનીના કહેવાથી અધ્યાત્મથી પરાન્મુખ થવું કદી યોગ્ય નથી.

## ❖ અકૃત્રિમ જિન ચૈત્યાલય વર્ણન ❖

અહીં પ્રકરણ જોઈ ધ્યાનની શુદ્ધિ માટે અકૃત્રિમ જિન ચૈત્યાલયનું સ્વરૂપ શ્રી ત્રિલોકસારજી ગ્રંથ અનુસાર થોડું લખીએ છીએ:-

અધો લોકમાં સાત કરોડ બોત્તેર લાખ ભવનવાસી દેવોનાં ભવન છે. તેમાં કેટલાયે ભવન તો અસંખ્યાત યોજન વિસ્તારવાળાં છે, કેટલાંયે સંખ્યાત યોજન વિસ્તારવાળાં છે. તેમાંથી પ્રત્યેક ભવનમાં એક એક જિન મંદિર છે, જેમની અસંખ્યાત ભવનવાસી દેવ વંદના કરે છે. આ રીતે **સાત કરોડ બોત્તેર લાખ** જિનમંદિર છે.

મધ્ય લોકમાં પાંચ મેરૂઓ ઉપર **એંશી** જિન મંદિર છે, ગજદંતો ઉપર **વીસ** જિનમંદિર છે, કુલાચલો પર **ત્રીસ,** વિજયાર્ધ પર **એકસો સિત્તેર,** દેવકુરૂ ઉત્તર કુરૂમાં **દસ,** વક્ષારગિરિમાં **એંશી,** માનુષોતર પર **ચાર,** ઈષ્વાકારના ઉપર **ચાર,** કુંડલગિરિ ઉપર **ચાર,** રૂચકગિરિ ઉપર **ચાર,** નંદીશ્વર દ્વીપમાં **બાવન -** આ રીતે મધ્ય લોકમાં **ચારસો અઠાવન** અકૃત્રિમ જિનમંદિર છે.

ઉર્ધ્વ લોકમાં સ્વર્ગોમાં - અહમિન્દ્ર લોકમાં ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીસ જિનમંદિર છે.

વ્યંતરોનાં અસંખ્યાત જિનમંદિર છે, જ્યોતિર્લોકમાં પણ જ્યોતિષી દેવોનાં અસંખ્યાત જિનમંદિર છે. આ રીતે સંખ્યાત જિનમંદિર તો આઠ કરોડ છપ્પન લાખ સત્તાણું હજાર ચારસો એકાશી છે. વ્યંતરો તથા જ્યોતિષીઓનાં અસંખ્યાત જિનમંદિર છે.

**જિનાલયોનું સ્વરૂપ -:-** જિનાલય ત્રણ પ્રકારનાં છે - ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. તેમાં ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય જિન મંદિરનો વિસ્તાર નીચે પ્રમાણે છે.

| **મંદિર** | **ઉત્કૃષ્ટ** | **મધ્યમ** | **જઘન્ય** |
|---|---|---|---|
| *લંબાઈ (યોજનમાં)* | ૧૦૦ | ૫૦ | ૨૫ |
| *પહોળાઈ (યોજનમાં)* | ૫૦ | ૨૫ | ૧૨ ૧/૨ |
| *ઉંચાઈ (યોજનમાં)* | ૭૫ | ૩૭ ૧/૨ | ૧૮ ૩/૪ |

આ જૈન મંદિરોને ત્રણ ત્રણ દરવાજા છે. તેમાં સામેની બાજુએથી એક એક દ્વાર છે, બાજુમાંથી બબ્બે દ્વાર છે. કુલ ત્રણ-ત્રણ દ્વાર છે.

**જિનમંદિરોના દરવાજાઓનાં માપ -** આ રીતે જાણવાં -

| | **ઉત્કૃષ્ટ જિનમંદિર** | **મધ્યમ જિનમંદિર** | **જઘન્ય જિનમંદિર** |
|---|---|---|---|
| **સામેનો દરવાજો** | | | |
| *ઉંચાઈ* | ૧૬ યોજન | ૮ યોજન | ૪ યોજન |
| *પહોળાઈ* | ૮ યોજન | ૪ યોજન | ૨ યોજન |
| **બાજુના દરવાજા** | | | |
| *ઉંચાઈ* | ૮ યોજન | ૪ યોજન | ૨ યોજન |
| *પહોળાઈ* | ૪ યોજન | ૨ યોજન | ૧ યોજન |

અહીં ભદ્રશાલ વનમાં, નંદનવનમાં, નંદીશ્વર દ્વીપમાં તથા સ્વર્ગના વિમાનોમાં ઉત્કૃષ્ટ પ્રમાણવાળાં જિનાલય છે. સૌમમસ વનમાં, રૂચક પર્વત પર, કુંડલગિરી પર, વક્ષારગિરિ પર, ઈશ્વાકાર પર, માનુષોત્તર પર, કુલાચલો પર, મધ્યમ પ્રમાણવાળાં મંદિર છે. પાંડુક વનનાં જિનાલય જઘન્ય પ્રમાણવાળાં છે.

વિજયાર્ધ પર્વત પર જંબુ શાલ્મલિ વૃક્ષોમાં જિનમંદિરની લંબાઈ એક કોસની છે. બાકી જે ભવનવાસી દેવોના ભવનોમાં, વ્યંતરોના તથા જ્યોતિષી દેવોનાં જિનાલય છે તે યથા-યોગ્ય લંબાઈ પ્રમાણ છે જેટલી જિનેન્દ્ર ભગવાને જોઈ તેટલી છે.

હવે જિનમંદિરોનું બાહ્ય સ્વરૂપ (પરિકર) કહે છે. બધા જિનભવનોની ચારે બાજુએ ચાર-ચાર દ્વારો સહિત મણીમયી ત્રણ કોટ છે. દ્વારોમાંથી થઈને જવા માટે દરેક રસ્તામાં એક-એક માનસ્તંભ છે તથા ૯-૯ સ્તૂપ છે. ત્રણ કોટની અંદર પહેલા-બીજા કોટની વચ્ચેની જગ્યામાં વન છે, બીજા-ત્રીજા કોટ વચ્ચે ધ્વજા છે. ત્રીજા કોટ તથા ચૈત્યાલય વચ્ચે ચૈત્યભૂમિ છે. તે જિનભવનોમાં એકસો આઠ ગર્ભગૃહ છે. તે જિનભવનો વચ્ચે રત્નોના થાંભલા સહિત સ્વર્ણમય બે યોજન પહોળા, આઠ યોજન લાંબા, ચાર યોજન ઉંચા દેવચ્છદ્ અર્થાત્ ગુંબજ છત્ત સહિત મંડપ છે. તેમાં પણ એકસો આઠ ગર્ભગૃહ છે. તે ગર્ભગૃહોમાં ભગવાન આદિનાથના શરીર જેટલી ઉંચાઈવાળી રત્નોની એકસો આઠ જિન પ્રતિમાઓ છે.

**કેવી છે જિન પ્રતિમાઓ ? -** અલગ અલગ સિંહાસન, ત્રણ છત્ર, આઠ પ્રાતિહાર્ય સહિત છે. જેમના મસ્તક પર નીલા વાળ છે તે વાળ પુદ્ગલ રત્નોના જ બનેલા છે, વાળ નથી, પુદ્ગલ જ છે. વજ્ર અર્થાત્ હીરામયી દાંતોના આકાર સહિત છે, વિદ્રુમ અર્થાત્ મૂંગી સમાન લાલ હોઠ છે, નવી કુંપળ સમાન શોભાયમાન લાલ હથેળી તથા પાદતલ છે. શ્રી રાજવાર્તિકમાં લખ્યું છે - પ્રતિમાનાં નયન લોહિતાક્ષ મણિથી વ્યાપ્ત અંક સ્ફટિક મણિમય છે. આંખોનો શ્યામ તારો (ડોળો) અરિષ્ટ મણિમય છે, પલક અંજનમૂલ મણિમય છે. ભ્રુકુટિની લત્તા નીલમણીમય વાળ સહિત છે. આવી જિન પ્રતિમાઓ છે. દસ તાલ પ્રમાણ લક્ષણોથી ભરેલી છે. અહીં તાલનું પ્રમાણ બાર આંગળ છે. પ્રથમ જોતાં જ એમ લાગે છે કે - જિનેન્દ્ર જાણે જોઈ જ રહ્યા છે, જાણે બોલી જ રહ્યા હોય. પ્રત્યેક ગર્ભગૃહમાં બરાબર લાઈનસર નાગકુમારોનાં તથા યક્ષોનાં બત્રીસ યુગલ હાથોમાં ચામર લઈને ઉભાં છે.

એક-એક ગર્ભગૃહમાં એક-એક જિનપ્રતિમાની બંને બાજુ બધા આભૂષણોથી સજીને ઉભેલાં તથા શ્વેત નિર્મળ રત્નમય ચામર હાથોમાં લઈ નાગકુમાર તથા યક્ષ ચૌસઠ ચામર ઢાળી રહ્યા છે. આ રીતે એકસો આઠ પ્રતિમાઓના અલગ-અલગ પ્રતિહાર્ય એક-એક જિનાલયમાં છે તે જિનપ્રતિમાઓની બંન્ને બાજુએ શ્રી દેવી અને સરસ્વતી દેવી સર્વાહ યક્ષ, સનતકુમાર યક્ષ તથા અનેકરૂપ આકાર બનેલા છે.

પ્રત્યેક જિનપ્રતિમાની પાસે આઠ પ્રકારના મંગલ દ્રવ્ય શોભિત છે. (૧) ઝારી (૨) કળશ (૩) દર્પણ (૪) વીંજણો (૫) ધ્વજા (૬) ચામર (૭) છત્ર (૮) ઠોના-

એ આઠ મંગળ દ્રવ્ય છે. પ્રત્યેક પ્રતિમાની પાસે પ્રત્યેક મંગળ દ્રવ્ય એકસો આઠ પ્રમાણ શોભિત છે.

**ગર્ભગૃહ બહારની રચના આ પ્રમાણે જાણવી -** મણિજડિત સ્વર્ણમય પુષ્પોથી શોભિત દેવચ્છેદ બનેલો છે, તેની આગળ વચ્ચેના ભાગમાં ચાંદી અને સ્વર્ણમયી બત્રીસ હજાર કળશ છે. મહા દ્વારની બંને બાજુએ ચોવીસ હજાર ધૂપના ઘડા છે. તે જ મહા દ્વારની બહાર બંને તરફે આઠ હજાર મણિમયી માળાઓ છે. તે મણિમય માળાઓ વચ્ચે ચોવીસ હજાર સ્વર્ણમયી માળાઓ છે. તે મહાદ્વારની સામે આગળ મુખમંડપ છે. તે મુખમંડપમાં સોળ હજાર સ્વર્ણ કળશ છે, સોળ હજાર સ્વર્ણમયી માળાઓ છે, સોળ હજાર ધૂપ ઘડા છે. તે મુખ મંડપની વચ્ચે જ ખૂબ મીઠા ઝન-ઝન શબ્દ કરતી મોતી તથા મણિઓથી બનેલી કંકણી અર્થાત્ નાની નાની ઘંટડીઓ તથા તેમના સહિત અનેક પ્રકારના ઘંટોના સમૂહ અનેક પ્રકારની રચના સહિત શોભિત થઈ રહ્યા છે.

**હવે જિનમંદિરના નાના દ્વારોનું સ્વરૂપ કહે છે -** જિનમંદિરની દક્ષિણ ઉત્તરની બાજુના મધ્યમાં જે નાના-નાના દરવાજા છે તેમની રચના અહીં જે મોટા દરવાજાની કરી છે તેનાથી અડધી અડધી જાણવી. મણિમાળા ચાર હજાર છે, ધૂપ ઘડા બાર હજાર છે. તે નાના દ્વારોની આગળ મુખમંડપ છે, તેમાં સુવર્ણના ઘડા(ઘટ) આઠ હજાર છે, સ્વર્ણમાળા આઠ હજાર છે. ધૂપ ઘડા આઠ હજાર છે તથા નાની ઘંટડીઓ મુખમંડપમાં અનેક પ્રકારની છે. તે મંદિરના પૃષ્ઠભાગમાં મણિમાળા આઠ હજાર છે, સ્વર્ણમાળા ચોવીસ હજાર છે. માળાઓ ચારે બાજુ ઝુલતી લટકતી જાણવી, ઘડા પૃથ્વી ઉપર રાખેલા જાણવા. ઘંટા આદિ મંડપમાં ઝુલતા લટકતા જાણવા.

ટૂંકમાં અકૃત્રિમ જિન ચૈત્યાલયોની બાહ્ય રચનાનું વર્ણન આ પ્રમાણે છે.

| **સ્થાન** | **મણિમાળા** | **સ્વર્ણકળશ** | **સ્વર્ણમાળા** | **ધૂપઘટ** |
|---|---|---|---|---|
| *દેવચ્છેદના અગ્રભાગમાં* | - | ૩૨૦૦૦ | - | - |
| *મહાદ્વારની બંને બાજુએ* | ૮૦૦૦ | - | ૨૪૦૦૦ | ૨૪૦૦૦ |
| *મહાદ્વારની આગળ મુખ મંડપમાં* | - | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ |
| *ઉત્તર-દક્ષિણના નાના દ્વારોમાં* | ૪૦૦૦ | - | ૧૨૦૦૦ | ૧૨૦૦૦ |
| *ઉત્તર દક્ષિણના નાના દ્વારોના મુખ મંડપમાં* | - | ૮૦૦૦ | ૮૦૦૦ | ૮૦૦૦ |
| *પૃષ્ઠ ભાગમાં* | ૮૦૦૦ | - | ૨૪૦૦૦ | - |

**હવે મુખમંડપનો વિસ્તાર કહે છે -** આ મંદિરની આગળ મુખમંડપ છે. તે જિનમંદિરની જેમ જ એકસો યોજન લાંબો, પચાસ યોજન પહોળો તથા સોળ યોજન ઉંચો છે, તે મુખમંડપની આગળ ચારે બાજુ પ્રક્ષેણ મંડપ છે. તે પ્રક્ષેણ મંડપ એકસો યોજન પહોળો, એકસો યોજન લાંબો, સોળ યોજનથી અધિક ઉંચો છે. તે પ્રક્ષેણ મંડપની આગળ એંશી યોજન પહોળી, એંશી યોજન લાંબી, બે યોજન ઉંચી સ્વર્ણમયી પીઠ છે. પીઠનો અર્થ ચબૂતરો છે. તે પીઠની વચ્ચે ચારે બાજુ ચોસઠ યોજન લાંબો, ચોસઠ યોજન પહોળો, સોળ યોજન ઉંચો સ્થાન મંડપ નામનો સભા મંડપ છે.

આ સ્થાન મંડપની આગળ ચાળીસ યોજન ઉંચી સ્તૂપોની મણિમય પીઠ છે. તે પીઠ ચાર દ્વારો સહિત બાર કમળની વેદીઓ સહિત છે. તે પીઠની વચ્ચે ત્રણ કાપા સાથેનો ચોસઠ યોજન લાંબો, ચોસઠ યોજન પહોળો, સોળ યોજન ઉંચો ઘણાં રત્નમય જિનબિંબો સહિત સ્તૂપ છે. ત્રણ કાપા સાથેનો જે રત્નરાશિ છે તેનું નામ સ્તૂપ છે.

તેના ઉપર જિનબિંબ બિરાજમાન છે. આ રીતે નવ સ્તુપ છે. તેમનું સ્વરૂપ ક્રમથી બતાવીએ છીએ. સ્તૂપની આગળ એક હજાર યોજન પહોળો લાંબો, ચારે બાજુ બાર વેદી સહિત સ્વર્ણમયી પીઠ છે. તે પીઠની ઉપર ચાર યોજન લાંબો એક યોજન પહોળો પેડ (સ્કંધ) છે. તે પેડની ચારે બાજુ ઘણા મણિમય ત્રણ કોટ સહિત બાર યોજન લાંબી ચાર મહા શાખાઓ છે, અનેક નાની શાખાઓ છે, તથા ઉપર શિખર પર તે પેડ બાર યોજન પહોળો છે, અનેક પ્રકારનાં પત્તાં, ફૂલ તથા ફળોથી યુક્ત છે.

આ જાતનાં એક લાખ ચાલીસ હજાર એકસો વીસ વૃક્ષોના પરિવાર સહિત સિદ્ધાર્થ અને ચૈત્ય નામનાં બે વૃક્ષ છે. તે વૃક્ષોના મૂળમાં પીઠ છે. સિદ્ધાર્થ વૃક્ષના મૂળની પીઠમાં તેના ઉપર ચાર દિશાઓમાં ચાર સિદ્ધોની પ્રતિમા બિરાજમાન છે, ચૈત્યવૃક્ષના મૂળની પીઠમાં તેના ઉપર ચાર દિશાઓમાં ચાર અરહંતોની પ્રતિમા બિરાજમાન છે.

આ વૃક્ષોની પીઠની આગળ પીઠ છે તેમાં અનેક પ્રકારના રંગો સહિત રંગબેરંગી મહાધ્વજા ઉભેલી છે. તે ધ્વજાઓના સ્વર્ણમય સ્તંભ સોળ યોજન ઉંચા એક કોશ પહોળા છે. તે સ્તંભોની આગળના ભાગમાં મનુષ્યોના નેત્રો તથા મનને રમણીય

લાગવાવાળી અનેક પ્રકારની ધ્વજા વસ્ત્રરૂપ રત્નો દ્વારા શોભી રહી છે, ત્રણ છત્ર પણ શોભિત થઈ રહ્યાં છે. આ ધ્વજાઓમાં વસ્ત્ર નથી. વસ્ત્ર જેવો આકાર, કોમળતા, અનેક રંગ, લલિતતા સહિત રત્નરૂપ પુદ્‌ગલ જ તે રીતે પરિણમ્યાં છે. તે વસ્ત્ર રત્નત્રય જ જાણવાં.

તે ધ્વજા પીઠની આગળ જિનમંદિર છે. તેની ચારે દિશાઓમાં અનેક પ્રકારનાં ફૂલો સહિત એકસો યોજન લાંબાં, પચાસ યોજન પહોળાં, દસ યોજન ઉંચા મણિ-સ્વર્ણમય વેદીઓ સહિત ચાર સરોવર છે. તેની આગળ જવા માટે રસ્તો છે. તે રસ્તાની બંને બાજુએ પચાસ યોજન ઉંચા, પચાસ યોજન પહોળાં દેવોનાં મનોરંજન કરવાનાં રત્નમય બે ભવન છે. તેના આગળ તોરણ છે જે મણિમય સ્તંભોના અગ્રભાગમાં સ્થિત છે. બે સ્તંભોની વચ્ચે દીવાલ રહિત ઉપરની બાજુએ ગોળાઈના આકારવાળી જે રચના થાય છે તેને તોરણ કહે છે. તે તોરણ મોતીઓની જાળી તથા ઘંટાઓના સમૂહ સહિત છે. મોતીઓનાં ઝૂંડ અને ઘંટાઓના સમૂહ તોરણોમાં ઝૂમી રહ્યાં છે.

**પ્રત્યેક તોરણ પચાસ યોજન ઉંચુ અને પચ્ચીસ યોજન પહોળુ છે.** તે તોરણ જિનબિંબોના સમૂહથી શોભનીય છે. જિનબિંબોનો આકાર તોરણોમાં જ બનેલો છે. તોરણની આગળ સ્ફટિક-મણિમય પ્રથમ કોટ છે. તેની અંદર કોટના દ્વારની બંન્ને બાજુએ સો યોજન ઉંચા, પચાસ યોજન પહોળા રત્નોના બનેલાં બે ભવન છે. આ રીતે આ પ્રથમ કોટ સુધીનું વર્ણન કર્યું. પૂર્વના દ્વારમાં મંડપ આદિનું જે પ્રમાણ કહ્યું છે તેનાથી અડધુ અડધુ દક્ષિણ દ્વાર તથા ઉત્તર દ્વારમાં પ્રમાણ જાણવું. અન્ય વર્ણન ત્રણ બાજુએ સમાન જાણવું.

તે ચૈત્યાલય સામાયિક આદિ ક્રિયા કરવાનાં સ્થાન વંદના-મંડપ, સ્નાન કરવાનાં સ્થાન અભિષેક મંડપ, નૃત્ય કરવાનાં સ્થાન નર્તન-મંડપ, સંગીત સાધન કરવાનાં સ્થાન સંગીત મંડપ, અવલોકન કરવાનાં સ્થાન અવલોકન મંડપ સહિત છે; ક્રીડા કરવાનાં સ્થાન ક્રીડનગૃહ, શાસ્ત્રાદિ અભ્યાસ કરવાનાં સ્થાન ગુણનગૃહ તથા વિસ્તીર્ણ ઉત્કૃષ્ટ ચિત્રામપટ્ટ આદિ બતાવવાનાં સ્થાન, પટ્ટશાળા આદિ સહિત છે.

હવે પ્રથમ કોટ અને બીજા કોટની વચ્ચેના અંતરાલનું સ્વરૂપ કહે છે. ત્યાં સિંહ, હાથી, બળદ, ગરૂડ, મોર, ચંદ્રમા, સૂર્ય, હંસ, કમળ, તથા ચક્ર - આ દસ આકારોની ધ્વજાઓ છે, જે અલગ અલગ પ્રત્યેક એકસો આઠ, કુલ એક હજાર એંશી

એક દિશામાં છે. આ રીતે ચારે દિશાઓની ચાર હજાર ત્રણસો વીસ મુખ્ય ધ્વજા છે. એક-એક મુખ્ય ધ્વજાની એકસો આઠ નાની ધ્વજા છે. (સમસ્ત નાની ધ્વજાઓની સંખ્યા ચાર લાખ છાસઠ હજાર પાંચસો સાઈઠ છે).

આગળ બીજા કોટ તથા ત્રીજા કોટના વચ્ચેના અંતરાળમાં અશોક વન, સપ્તચ્છદ વન, ચંપક વન, તથા આમ્ર વન-એ ચાર વન છે. અહીં સ્વર્ણમયી ફુલોથી શોભાયમાન, મરકત મણિમય (લીલામણિ) અનેક પ્રકારનાં પત્તાંથી ભરપૂર કલ્પવૃક્ષ છે જેમનાં વૈડૂર્યમણિમય ફળ છે તથા મૂંગામયી ડાળીઓથી યુકત છે. ત્યાં આવાં ભોજનાંગ આદિ દસ પ્રકારનાં કલ્પવૃક્ષ છે.

તે ચારેય વનોમાં ચાર ચૈત્યવૃક્ષ છે. તે વૃક્ષ ત્રણ પીઠો ઉપર છે તથા ત્રણ કોટ સહિત છે. તે વૃક્ષોની ડાળીઓ, પત્તાં, ફુલ, ફળ રત્નમયી છે તથા તે ચારેય વનોની વચ્ચે સ્થિત છે. તે ચાર ચૈત્યવૃક્ષોના મૂળમાં ચારે દિશાઓમાં પલ્યંકાસનમાં, સિંહાસન ઉપર, છત્ર, પ્રતિહાર્ય આદિ સહિત જિનેન્દ્રની ચાર પ્રતિમાઓ છે. નંદ આદિ સોળ વાવડી ત્રણ કાયા સહિત શોભિત થઈ રહી છે. વનની ભૂમિમાં દ્વારોથી આવવાના માર્ગરૂપ જે વિધી છે તેની વચ્ચે ત્રણ કોટ સહિત ત્રણ પીઠોની ઉપર ધર્મના વૈભવ સહિત મસ્તક પર ચારે દિશાઓમાં ચાર જિનપ્રતિમાઓને ધારણ કરેલા માનસ્તંભ છે.

**શ્રી રાજવાર્તિકમાં કહ્યું છે -** અકૃત્રિમ જિનાલયની મહિમાનું વર્ણન કરવા માટે હજાર જીભ સહિત પણ કોઈ સમર્થ નથી, સહસ્ત્રાક્ષ ઈન્દ્ર એક હજાર નેત્રોને ફેલાવીને નિરંતર જોવાં છતાં તૃપ્ત થતા નથી. આવી અસીમ મહિમાના ધારક અકૃત્રિમ જિનાલયનું વર્ણન ત્રિલોકસાર નામના ગ્રંથમાંથી અહીં પોતાના શુભ ધ્યાનની સિદ્ધિ માટે કર્યું છે. આ રીતે જિન પૂજનનું કથન કર્યું.

હવે જિનપૂજનના ફળમાં પ્રસિદ્ધ તો અનેક થયા છે, તો પણ પૂર્વાચાર્યો દ્વારા જે પ્રસિદ્ધ થયા છે, તેમને કહેવાવાળો શ્લોક કહે છે -

**अर्हश्चरण-सपर्या महानुभावं महात्मना-मवदत् ।**
**भेकः प्रमोदमत्तः कुसुमेनैकेन राजगृहे ।।१२०।।**

**અર્થ -** રાજગૃહ નામના નગરમાં જિનેન્દ્રને પૂજવાના હર્ષમાં મસ્ત પોતાના સામર્થ્યને નહીં જાણવાવાળો એક દેડકો થયો છે, જેણે અરહંતના ચરણોની પૂજા કરવાનો મહાન પ્રભાવ જે ભવ્ય જીવ મહાપુરૂષ છે તેમને પ્રગટ કરી બતાવ્યો છે.

તેની કથા આ પ્રમાણે છે – મગધ દેશમાં રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક રાજ્ય કરતા હતા. તે જ નગરમાં એક નાગદત્ત નામનો શેઠ તથા તેની ભવદત્તા નામની શેઠાણી હતી. તે શેઠ આર્ત્ત પરિણામોથી મરીને પોતાના જ ઘરની વાવડીમાં દેડકાના રૂપમાં ઉપજ્યો. એક દિવસ ભવદત્તા શેઠાણી પોતાની વાવડી ઉપર ગઈ. તેને જોઈ દેડકાને પોતાના પૂર્વભવનું સ્મરણ થઈ ગયું, તથા પૂર્વ ભવના સ્નેહને યાદ કરીને જોરથી અવાજ કરતો થકો ઉછળી ઉછળીને શેઠાણીના કપડાં ઉપર ચઢવા લાગ્યો. ત્યારે શેઠાણીએ તેને વારે ઘડીએ દૂર ફેંકી દીધો, તો પણ તે દેડકો વારે ઘડીએ શેઠાણીના કપડાં ઉપર ચઢવાનો પ્રયાસ કરતો રહ્યો. શેઠાણી દેડકાને દૂર ફેંકીને પોતાના ઘરે ચાલી ગઈ.

એક દિવસ સુવ્રત નામના અવધિજ્ઞાની મુનિરાજને શેઠાણીએ પૂછ્યું – હે સ્વામી**!** હું મારા ઘરની વાવડી ઉપર જાઉ છું તો ત્યાં એક દેડકો જોર જોરથી અવાજ કરીને વારે ઘડીએ મારા શરીર ઉપર આવે છે, તેનું શું કારણ છે ? ત્યારે મુનિરાજે કહ્યું – તારો પતિ નાગદત્ત આર્ત્ત પરિણામોથી મરીને દેડકો થયો છે. તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે, જેનાથી તે પૂર્વ જન્મના સ્નેહના કારણે તારી પાસે આવે છે. તે પછી શેઠાણીએ દેડકાને પોતાના પતિનો જીવ જાણી, પોતાના ઘરે લઈ જઈ ખૂબ સન્માનપૂર્વક રાખ્યો.

એક દિવસ ભગવાન વીર જિનેન્દ્રનું સમોવશરણ વૈભાર પર્વત ઉપર આવેલું જાણી રાજા શ્રેણિકે વંદના માટે જવા માટે નગરમાં આનંદની ભેરી (નગારૂં) વગડાવી. ત્યારે નગરના ભવ્ય જીવ ભગવાનની વંદના માટે જવા અનેક પ્રકારનાં ઉજ્જવલ વસ્ત્ર-આભૂષણ પહેરી, પૂજનની સામગ્રીને હાથોમાં લઈ, જય-જય શબ્દોચ્ચાર કરતા થકા હર્ષથી નૃત્યગાન, વાજિંત્ર વગાડતા ચાલ્યા. પૂરા નગરમાં આનંદ-હર્ષ છવાઈ ગયો. લોકોના પૂજન-જનિત આનંદના શબ્દોને સાંભળીને તે દેડકાને પણ પૂજા કરવાનો ઘણો ઉત્સાહ થયો. ત્યારે તે દેડકો પણ એક ફૂલને પોતાના મોઢામાં લઈને આનંદ સહિત ઉછળતો વીર જિનેન્દ્રની પૂજા માટે ચાલી નીકળ્યો.

અતિ ભક્તિને લઈને એવો વિચાર ન કર્યો કે – કયાં વિપુલાચલ પર્વત ઉપર વીસ હજાર સીડીઓ સહિત સમોવશરણ અને કયાં હું અસમર્થ દેડકો, ત્યાં કેવી રીતે પહોંચીશ ? અતિ ભક્તિથી એવો વિચાર ન થયો. હું તો હવે જિનેન્દ્રની પૂજા કરીશ – એવા ઉત્સાહ સહિત માર્ગમાં ગમન કરતો થકો રાજાના હાથીના પગ નીચે દબાઈને મરી ગયો, અને સૌધર્મ સ્વર્ગમાં મહાન ઋદ્ધિનો ધારક દેવ થયો. ત્યાં અવધિજ્ઞાનથી

જાણ્યું કે મેં પૂજાનો ભાવ કરવાથી આ દેવપણું પ્રાપ્ત કર્યું છે. તુરંત જ દેડકાનું ચિન્હ ધારણ કરી વીર જિનેન્દ્રના સમોવશરણમાં પૂજા માટે જઈને સમસ્ત જીવોને પૂજન કરવાના ભાવનું ફળ પ્રગટ બતાવી દીધું. એક તિર્યંચ દેડકું જે પૂજાના સ્થાન સુધી પહોંચી જ નહોતું શક્યું, કેવળ પૂજાનો ભાવ કરીને જ સ્વર્ગલોકમાં મહર્દ્ધિક દેવ થઈ ગયું.

**જિનેન્દ્રના પૂજનનો અચિન્ત્ય પ્રભાવ છે.** ગૃહાચારમાં સમસ્ત પરિણામોની વિશુદ્ધતા કરવાવાળું મોટું શરણ એક નિત્ય જિનપૂજન કરવું (એ જ) છે. જિનપૂજન નિર્ધન પણ કરી શકે છે, ધનવાન પણ કરી શકે છે. જેવી પોતાની શક્તિ હોય તે રીતે પૂજન સામગ્રી બનાવી શકે છે. પૂજન કરવું, કરાવવું, કરવાવાળાને ભલો જાણવો તે બધું પૂજન જ છે. સ્તવન વંદના પણ પૂજન જ છે, એક દ્રવ્યથી પણ પૂજન થાય છે. અરહંતના ગુણોમાં ભક્તિની ઉજ્જવળતા જેટલી હોય, જેવી હોય, તેટલું જ, તેવું જ ફળ મળે છે.

જૈન મંદિરમાં છત્ર, ચામર, સિંહાસન, કળશ, ઘંટા ઈત્યાદિ સોનાના, ચાંદીના, પીત્તળના, કાંસાના, તાંબાના ઉપકરણો દ્વારા જેટલી પોતાની શક્તિ હોય તેટલું જિનમંદિરને સજાવી વૈયાવૃત્ત કરવી. જિર્ણ મંદિરોનું સમારકામ - ઉદ્ધાર કરવો તથા ધનવાનોએ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવવી, નવું મંદિર બનાવવું, કળશ ચઢાવવો - આ બધી અરિહંતની વૈયાવૃત્ત્ય છે.

**જૈન મંદિરની સંભાળ -** જિનમંદિરોની સેવા કરવી, કોમળ ઝાડુથી સાવધાનીપૂર્વક સાફ કરવું, અભિષેક-પૂજન આદિ માટે પાણી લાવવું, સામગ્રી ધોઈ તૈયાર કરવી, પૂજન-પ્રક્ષાલનાં વાસણ, ઉપકરણ સાફ કરવાં, જાજમ પાથરવી, ગાન-નૃત્ય-વાજિંત્ર આદિ દ્વારા અરહંતના ગુણ ગાવા તે બધી અરહંત વૈયાવૃત્ત છે. મનથી, વચનથી, કાયાથી, ધનથી, વિદ્યાથી, કળાથી, જેમ અરહંતના ગુણોમાં અનુરાગ વધે તેમ કરો. ધન પ્રાપ્ત કરવાનું, શરીર મળવાનું, ઈન્દ્રિયો મળવાનું, શક્તિ મળવાનું, જ્ઞાન મળવાનું, સફળપણું જિનમંદિરની સેવા - વૈયાવૃત્ત કરીને જ છે.

**જૈનમંદિરની વૈયાવૃત્યથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, મિથ્યાજ્ઞાન, મિથ્યા શ્રદ્ધાનો અભાવ થાય છે.** જૈન મંદિરની સેવાથી જ સ્વાધ્યાય, સંયમ, તપ, વ્રત, શીલાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે, નરક-તિર્યંચ આદિ

ગતિઓના પરિભ્રમણનો અભાવ થાય છે. જિનમંદિર સમાન ઉપકાર કરવાવાળું જગતમાં બીજું કોઈ નથી.

જૈનમંદિરના નિમિત્તથી શાસ્ત્ર શ્રવણ-પઠન દ્વારા અનેક શ્રોતાઓનો ઉપકાર થાય છે, વક્તાનો ઉપકાર થાય છે. જિનમંદિરના નિમિત્તથી કેટલાયે લોકો કાયોત્સર્ગ કરે છે, કોઈ જાપ કરે છે, કોઈ રાત્રે જાગરણ કરે છે, કોઈ અનેક પ્રકારની પૂજા કરી પ્રભાવના કરે છે. કેટલાયે સ્તવન કરે છે, કોઈ તત્ત્વાર્થોની ચર્ચા કરે છે, કોઈ પ્રોષધોપવાસ તથા વેલા-તેલા-પાંચ ઉપવાસાદિ કરી ઘણી નિર્જરા કરે છે. કોઈ ભજન, કોઈ નૃત્ય, કોઈ ગાન કરી પુણ્ય ઉપાર્જન કરે છે. કોઈ સ્વાધ્યાય કરે છે, કોઈ ધર્મધ્યાન કરે છે, કોઈ વીતરાગ ભાવના કરે છે, કોઈ અનેક પ્રકારના ઉપકરણો દ્વારા પ્રભાવના કરે છે.

જૈનમંદિરના નિમિત્તથી પાપ-પુણ્ય, દેવ-કુદેવ, ધર્મ-અધર્મ, ગુરૂ-કુગુરૂનું જાણવું થાય છે. ભક્ષ્ય-અભક્ષ્ય, કાર્ય-અકાર્ય, હેય-ઉપાદેયનું જ્ઞાન પણ જિનમંદિરમાં જવાથી જ થાય છે. ત્યાગ, વ્રત, શીલ, સંયમ ભાવનાનું સ્વરૂપ જાણવું, ઉત્તમ આચરણ કરવું આદિ સમસ્ત કાર્ય જિનમંદિરના પ્રભાવથી થાય છે. **જૈન મંદિર સમાન કોઈ ઉપકારી નથી. જૈન મંદિર અશરણને શરણ છે.** જૈનમંદિરને આવું પરોપકારી (પરોપકાર કરવાવાળું જાણી) તેની વૈયાવૃત્ત્ય કરવી જોઈએ. આ રીતે વૈયાવૃત્યમાં જિનપૂજા જિનમંદિરની વૈયાવૃત્ત્ય કરવી કહી છે.

હવે **વૈયાવૃત્ત્યના પાંચ અતિચાર** કહેવાવાળો શ્લોક કહે છે -

**हरितपिधान निधाने ह्यनादरास्मरण-मत्सरत्वानि ।**
**वैयावृत्यस्यैते व्यतिक्रमाः पंच कथ्यन्ते ।।१२१।।**

**અર્થ -** વૈયાવૃત્ત્ય અર્થાત્ દાનના પાંચ અતિચાર ત્યાગવા યોગ્ય છે - હરિત પિધાન, હરિત નિધાન, અનાદર, અસ્મરણ, મત્સરત્વ.

(૧) જે વ્રતીઓને આપવા યોગ્ય આહાર, પાણી, ઔષધિ વિગેરે છે તેને લીલાં પાંદડાં, પત્તલ, પાન, કમળપત્ર ઈત્યાદિ સચિત્તથી ઢાંકેલાં આપવાં તે **હરિત પિધાન** નામનો અતિચાર છે.

(૨) લીલાં જે વનસ્પતિનાં પાંદડાં આદિ ઉપર રાખેલું ભોજન વિગેરે આપવું તે **હરિત નિધાન** નામનો અતિચાર છે.

(૩) દાનને અનાદરથી, અવિનયથી, પ્રિયવચન આદિ રહિત આપવું તે **અનાદર** નામનો અતિચાર છે.

(૪) પાત્રને ભોજનાદિ આપવા માટે નક્કી કરી અન્ય કાર્યમાં લાગી જઈ ભૂલી જવું, દેવા યોગ્ય દ્રવ્યને તથા વિધિને ભૂલી જવી, તે **વિસ્મરણ** નામનો અતિચાર છે.

(૫) અન્ય દાતારથી ઈર્ષા કરી દાન આપવું તે **મત્સર** નામનો અતિચાર છે.

આ રીતે દાન જે વૈયાવૃત્ત્ય છે તેના પાંચ અતિચાર ટાળીને અત્યંત વિનયપૂર્વક શુદ્ધ દાન કરવું જોઈએ.

**✤ પંચમ શિક્ષાવ્રત અધિકાર સમાપ્ત ✤**

જ્ઞાની કહે છે કેઃ 'પછી કરશું... પછી કરશું'- એવો અભ્યાસ જેણે કરી રાખ્યો છે, તેને મરણ વખતે પણ પછી જ રહેવાનું છે; કારણ કે જેણે 'પછી... પછી' નો સિદ્ધાંત કરી રાખ્યો છે તેને 'પછી...પછી'... માં 'હમણાં કરૂં' એવું નહિ આવે. અને જ્ઞાનીને તો એમ થાય છે કેઃ આ શરીર છૂટવાના સમયે ઘણું જોર પડશે; તો તેમાં જેટલું જોર છે તેટલું જોર આત્માનું પણ તેની સામે જોઈશે. માટે જ્ઞાનીને એમ થાય છે કે- 'મારા ભાવને આ ક્ષણે તૈયાર કરૂં'- આવો જેણે અભ્યાસ પાડી રાખ્યો છે, તેને મરણ વખતે પણ 'આ પળ જ' આવી જશે. ***– શ્રી દૃષ્ટિનાં નિધાન***

જુઓ પરિણામોની વિચિત્રતા! કે કોઈ જીવ તો અગિયારમાં ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર પામી પાછો મિથ્યાદષ્ટિ બની કિંચિત ન્યૂન અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ સુધી સંસારમાં રખડે છે, ત્યારે કોઈ જીવ નિત્ય નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષની આયુમાં રખડે છે, ત્યારે કોઈ જીવ નિત્ય નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છૂટી અંત મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે- એમ જાણી પોતાના પરિણામ બગડવાનો ભય રાખવો તથા તેને સુધારવાનો ઉપાય કરવો. ***– પં. ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક- અધિકાર-૭***

સંપત્તિ યહીં પડી રહેગી, શરીર ભી યહાં પડા રહ જાયેગા, તૂ ચાહે કિ મૈં છલ-બલ કર કાલ સે બચ જાઉંગા, સો નહીં બચ સકેગા, વહ તો ઝપટ કર લે જાયેગા.

***– શ્રી બુધજન-સતસઈ***

# ૬

# ભાવના અધિકાર

હવે શ્રી પરમ ગુરુઓની કૃપાથી પરમાગમની આજ્ઞા પ્રમાણ ભાવના નામનો મહા અધિકાર લખીએ છીએ. **સમસ્ત ધર્મનું મૂળ ભાવના છે.** ભાવનાથી જ પરિણામોની ઉજ્જવળતા થાય છે, ભાવનાથી જ મિથ્યાદર્શનનો અભાવ થાય છે, ભાવનાથી વ્રતોમાં પરિણામ દ્રઢ થાય છે. ભાવનાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે. ભાવનાથી અશુભ ધ્યાનનો અભાવ થઈ શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે. ભાવનાથી આત્માનો અનુભવ થાય છે, ઈત્યાદિ હજારો ગુણોને ઉપજાવવાવાળી ભાવના જ છે; એવું જાણી ભાવનાને એક ક્ષણ પણ ન છોડો.

હવે પહેલાં તો **પાંચ વ્રતોની પચ્ચીસ ભાવના** જાણવી જોઈએ.

**અહિંસાણુ વ્રતની પાંચ ભાવના-:-** અહિંસાણુ વ્રત ધારણ કરવાવાળા ગૃહસ્થને પાંચ ભાવનાઓનું વિસ્મરણ થતું નથી.

(૧) મનમાં અન્યાયના વિષયોને ભોગવવાની ઈચ્છાનો અભાવ કરીને, ખોટા સંકલ્પોને છોડીને પોતાની ઉચ્ચતા(મોટાઈ) ન ઈચ્છવી; અન્ય જીવોને વિઘ્ન, ઈષ્ટ વિયોગ, માન ભંગ, તિરસ્કાર, ધનની હાનિ, રોગાદિ ન ઈચ્છવાં તે **મનોગુપ્તિ** ભાવના છે.

(૨) હાસ્યનાં વચન, વિવાદનાં વચન, અભિમાનનાં વચન ન કહેવાં, હિંસાના, કલહના, અપયશના કારણરૂપ વચન ન કહેવાં તે **વચનગુપ્તિ** ભાવના છે.

(૩) ત્રસ જીવોની વિરાધના ટાળીને લીલા ઘાસ, કીચડ (કાદવ) આદિ છોડીને, દેખી-જોઈને ચાલવું, ચઢવું, ઉતરવું, કુદવું, પૂરી સાવધાનીથી પોતાની શક્તિ અનુસાર એવું કરવું જેનાથી પોતાનાં હાથ-પગ આદિ અંગ-ઉપાંગોમાં કષ્ટ પેદા ન થાય, જેમ બીજા જીવોને બાધા ન થાય તે રીતે ધીરેથી હલન-ચલન કરવું, તે **ઈર્યાસમિતિ** ભાવના છે.

(૪) બધી વસ્તુઓ, અનાજ, પાણી, વસ્ત્ર, આસન, પથારી, લાકડું, પથ્થર, માટી તથા પિત્તળ, કાંસુ, લોઢું, ચાંદી, સોનું વિગેરેનાં વાસણ તથા ઘી આદિ રસ વિગેરે(નો) ગૃહસ્થને જેટલો પરિગ્રહ છે, તેને યત્નપૂર્વક ઉઠાવવો, રાખવો, જેનાથી અન્ય જીવોનો ઘાત ન થાય, પોતાના શરીરને પડી જવા આદિથી કષ્ટ ન થાય, કોઈનો ઉજાડ-બગાડ થવાથી પોતાને કે બીજાને કષ્ટ ન થાય, જે રીતે હિંસા થતી હોય તે રીતે રાખવું, ઉઠાવવું, ઘસીટવું વિગેરે ન કરવું તે **આદાન નિક્ષેપણ સમિતિ** ભાવના છે.

(૫) ગૃહસ્થ જે પણ ભોજનપાન કરે તે અંતરંગ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરી, યોગ્ય(રીતે) જોઈને કરે. બહાર દિવસે, પ્રકાશમાં, આંખોથી જોઈને, વારંવાર તપાસી, ધીરજથી ગ્રાસાદિને મુખમાં લઈ ખાય. ગૃદ્ધતાથી વિના વિચારે-વિના તપાસે ભોજન ન કરવું, તે **આલોક્તિપાન ભોજન** ભાવના છે.

આ રીતે અહિંસા અણુવ્રતની પાંચ ભાવનાઓ નિરંતર ભાવવી જોઈએ, ભૂલવી ન જોઈએ.

**સત્ય આણુવ્રતની પાંચ ભાવના :-** હવે સત્ય અણુવ્રતની પાંચ ભાવના કહીએ છીએ - ક્રોધ ત્યાગ, લોભ ત્યાગ, ભીરૂત્વ ત્યાગ, હાસ્ય ત્યાગ, અનુવીચિ ભાષણ ત્યાગ.

(૧) જે ગૃહસ્થ સત્ય અણુવ્રત ધારણ કરે છે તે ક્રોધ કરવાનો ત્યાગ કરે છે. આ રીતે વિચાર કરવો જોઈએ - જો ક્રોધી થઈને વચન બોલે છે તો તેને સત્ય કહેવું બનતું નથી, એટલે ક્રોધ ત્યાગવાથી જ સત્ય કહે છે. ગૃહસ્થને કર્મના ઉદયથી કોઈ બાહ્ય વિપરીત નિમિત્ત મળી જવાથી ક્રોધ પેદા થઈ જાય તો તે સમયે આ રીતે વિચાર કરવો જોઈએ - મારા પરિણામોમાં ક્રોધજનિત તેજી પેદા થઈ ગઈ છે, એટલા માટે હવે મારે મૌન જ રહેવું, વચન બોલવું જોઈએ નહિ. જો વચનને રોકીશ તો કષાય વિસંવાદ વધશે નહિ, મારો ક્ષમાદિ ગુણ પણ બગડશે નહિ. માટે જ્યાં સુધી મારા હૃદયમાં ક્રોધજનિત અગ્નિનો ઉપશમ થતો નથી ત્યાં સુધી વચનોની પ્રવૃત્તિ ન કરવી, એવો દૃઢ વિચાર કરવો, તે **ક્રોધ ત્યાગ** (મૌન ગ્રહણ) ભાવના છે.

(૨) લોભને કારણે સત્ય વચન કહી શકતો નથી, એટલા માટે અન્યાયનો લોભ છોડવો તે **લોભ ત્યાગ** ભાવના છે.

(૩) જે ભયને વશ હોય છે, તે સત્ય વચન કહી શકતો નથી, ભયનો ત્યાગ કરવાથી જ સત્ય વચન કહી શકાય છે, એટલે ભયનો ત્યાગ કરવો તે **ભીરૂત્વ ત્યાગ** ભાવના છે.

(૪) હાસ્યમાં સત્ય વચન કહી શકાતું નથી. એટલા માટે અણુવ્રતી હસી(મજાક) કરવાનો દૂરથી જ ત્યાગ કરી દે છે, તે **હાસ્ય ત્યાગ** ભાવના છે.

(૫) જૈન સૂત્રથી વિરૂદ્ધ વચન ન બોલવાં જોઈએ. જૈન સૂત્રને અનુકૂળ વચન બોલવાં તે **અનુવીચિ ભાષણ ત્યાગ** ભાવના છે.

જે પોતાના સત્ય અણુવ્રતનું પાલન કરવા ઈચ્છે છે તે ક્રોધના કારણોને રોકે છે. જેના માટે અનેક અસત્ય (જૂઠ) બોલવાં પડે છે એવા લોભને છોડી દે છે. જેનાથી લોક વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ વચનોમાં પ્રવૃત્તિ થઈ જાય છે એવું ધન બગડી જવાનો (નાશ થવાનો) ભય, શરીર બગડી જવાનો ભય રાખતો નથી. જે પોતાના સત્ય વ્રતની રક્ષા કરવા ચાહે છે તે અન્યની મજાક કદી કરતો નથી તથા જિન સૂત્રથી વિરૂદ્ધ વચન કદી બોલતો નથી.

**અચૌર્ય અણુવ્રતની પાંચ ભાવના -**

હવે અચૌર્ય અણુવ્રતની પાંચ ભાવના કહીએ છીએ - શૂન્યાગાર, વિમોચિતાવાસ, પરોપરોધાકરણ, ભૈક્ષ્યશુદ્ધિ, સધર્માવિસંવાદ - આ પાંચ અચૌર્યવ્રતની ભાવનાઓ છે; અચૌર્યવ્રતનો ધારક ગૃહસ્થ આ પાંચ ભાવનાઓને નિરંતર ભાવે છે.

(૧) વ્યસની, દુષ્ટ, તીવ્ર કષાયી તથા કલહ કરવાવાળા મનુષ્યોથી રહિત જે મકાન હોય ત્યાં રહેવાનો ભાવ રાખવો જોઈએ. તીવ્ર કષાયી દુષ્ટોની નજીક રહેવાથી પરિણામોની શુદ્ધતા નષ્ટ થઈ જાય છે, દુર્ધ્યાન પ્રગટ થઈ જાય છે. એટલે પાપીઓ વિનાના મકાનમાં રહેવું (એ) જ **શૂન્યાગાર ભાવના** છે.

(૨) જે મકાનમાં કોઈ બીજાનો ઝઘડો ન હોય ત્યાં નિરાકુળ રહેવું તે **વિમોચિતાવાસ ભાવના** છે.

(૩) કોઈના મકાનમાં જબરદસ્તીથી ઘૂસીને બેસી ન જવું તે **પરોપરોધાકરણ ભાવના** છે.

(૪) અન્યાય-અભક્ષ્યને છોડીને ભોગાન્તરાયના ક્ષયોપશમ અનુસાર જે રસ-નીરસ ભોજન મળે તેમાં સમતા રાખી લાલસા રહિત થઈ ભોજન કરવું તે **ભૈક્ષ્ય શુદ્ધિ ભાવના** છે.

(૫) સાધર્મી પુરૂષથી વિસંવાદ ન કરવો તે **સાધર્મી અવિસંવાદ ભાવના** છે.

આ રીતે અચૌર્ય અણુવ્રતના ધારીઓએ એ પાંચ ભાવના ભાવવા યોગ્ય છે.

**બ્રહ્મચર્ય અણુવ્રતની પાંચ ભાવના :-** બ્રહ્મચર્ય અણુવ્રતની પાંચ ભાવના કહીએ છીએ- સ્ત્રી રાગ કથા શ્રવણ ત્યાગ, સ્ત્રીઓનાં મનોહર અંગ જોવાનો ત્યાગ, પૂર્વ કાળમાં ભોગવેલા ભોગોને યાદ કરવાનો ત્યાગ, પુષ્ટ રસનું ભોજન તથા ઈન્દ્રિયોને બહેકાવે તેવા ભોજનનો ત્યાગ, તથા પોતાના શરીરને શણગારવા-સંસ્કાર કરવાનો ત્યાગ, એ પાંચ બ્રહ્મચર્ય વ્રતની ભાવનાઓ છે.

(૧) બીજાઓની સ્ત્રીઓની રાગ ઉપજાવવાવાળી **કથા-વાર્તાના શ્રવણનો ત્યાગ** કરવાની ભાવના કરવી જોઈએ.

(૨) બીજાઓની સ્ત્રીઓના મનોહર અંગ, સ્તન, જાંઘ, મુખ, આંખો આદિ તથા **સૌંદર્યને રાગ ભાવથી** જોવાનો ત્યાગ કરવો જોઈએ.

(૩) અણુવ્રત ગ્રહણ કર્યા પહેલાંની અવસ્થામાં **ભોગવેલા ભોગોને** યાદ કરવા ન જોઈએ.

(૪) હુષ્ટપુષ્ટ **કામોદ્દીપક ભોજન**નો ત્યાગ કરવો જોઈએ.

(૫) પોતાના શરીરને અંજન, મંજન, અત્તર, તેલ, ફૂલેલાદિ કામ વિકાર ઉત્પન્ન કરાવવાવાળાં કપડાં, આભૂષણ વિગેરેનો ત્યાગ કરવાની ભાવના કરવી, તે **સ્વશરીર સંસ્કાર ત્યાગ** ભાવના છે.

આ રીતે બ્રહ્મચર્ય અણુવ્રતના ધારી ગૃહસ્થને આ પાંચ ભાવનાઓ ભાવવી યોગ્ય છે.

**પરિગ્રહ-પરિમાણ અણુવ્રતની પાંચ ભાવના :-** હવે પરિગ્રહ-પરિમાણ અણુવ્રતની પાંચ ભાવના કહીએ છીએ -

(૧) પરિગ્રહ પરિમાણ અણુવ્રત ધારણ કરવાવાળો ગૃહસ્થ ઘણા પાપબંધના કારણ અન્યાયરૂપ **અભક્ષ્ય પદાર્થોનો** તો આજીવન ત્યાગ કરે છે.

(૨) અંતરાય કર્મના ક્ષયોપશમ પ્રમાણ પ્રાપ્ત પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સંતોષ ધારણ કરી મનોજ્ઞ **વિષયોમાં અતિ રાગ** ન કરવો.

(૩) ઉપરોક્ત મનોજ્ઞ વિષયોમાં **અતિ આસક્ત** ન થવું.

(૪) અમનોજ્ઞ ન ગમતા વિષયોમાં **દ્વેષ** ન કરવો.

(૫) અન્ય જીવોના સુંદર વિષય ભોગ જોઈને તેમને ભોગવવા - ચાહવાની **લાલસા** ન કરવી.

આ પરિગ્રહ પરિમાણ વ્રતની પાંચ ભાવનાઓ છે. પાંચ પાપ મહા નિંદ્યરૂપ છે તેમના ત્યાગની ભાવના પણ ભાવવા યોગ્ય છે.

**હિંસા ત્યાગની પ્રેરણા :-** આ હિંસાદિ પાંચ પાપ છે, તેમનાથી મહા દુઃખ થવાથી આ લોકમાં પોતાનું બૂરું થાય છે, તથા પરલોકમાં અનેક ભવોમાં ઘોર દુઃખ ભોગવવાં પડે છે, એવું જાણી પાપોથી ભયભીત થઈ તેમને દૂરથી જ ત્યાગી દેવાં જોઈએ.

હિંસા કરવાવાળો નિરંતર ભયભીત બની રહે છે. જેને તે મારે છે તેનાથી અનેક ભવો સુધી વેરના સંસ્કાર ચાલ્યા જાય છે. જેને મારે છે તેનાં સ્ત્રી, પુત્ર, પૌત્ર, મિત્ર, કુટુંબી, વેરી થઈ જાય છે, તથા બદલો લે છે, તિર્યંચોના ઉપર પણ જે લાકડી, પથ્થર, શસ્ત્ર, ચાબુક આદિ ચલાવે છે તેનો વેર-બદલો તિર્યંચ પણ છોડતાં નથી. હાથી, ઘોડા, સાપ, ઉંટ ઘણા દિવસો પછી પણ વેર ધારણ કરી બદલો લે છે, મારી નાખે છે. **અન્યને મારવાવાળો જગતમાં નિંદ્ય થાય છે,** પાપી કહેવાય છે, બધાનો વિશ્વાસ ઉઠી જાય છે.

આ જેને મારે છે, તેઓ પણ આને મારે છે, રાજાનો તીવ્ર દંડ મળે છે, હાથ, પગ, નાક છેદી નાખવામાં આવે છે, રાજા સર્વસ્વ લઈ લે છે. મહા-અપયશ, ગધેડા પર આરોહણ આદિ તીવ્ર દંડ અહીં જ ભોગવી ઘણા કાળ સુધી નરકાદિ ગતિઓમાં અનેક પ્રકારનાં તાડન, મારન, છેદન, ભેદન, શૂળી, વૈતરણી સ્નાન આદિ અસંખ્યાત દુઃખ ભોગવી તિર્યંચોમાં, મનુષ્યોમાં તીવ્ર રોગ, દારિદ્રય, અપમાન, આદિ ભોગવી અસંખ્યાત અનંત ભવોમાં ઘણું દુઃખ ભોગવે છે.

જેઓ અન્ય જીવોનો ઘાત તો કરતા નથી, પ્રાણ તો લેતા નથી, પરંતુ

અભિમાનથી ક્રોધપૂર્વક પોતાના શરીરના બળથી અન્ય મનુષ્યો, તિર્યંચોને, બાળકને, સ્ત્રીને, લાત, મુક્કો, થપ્પડ આદિથી મારે છે, તથા લાઠી, ચાબુક, નેતરની સોટીથી મારે છે, ત્રાસ આપે છે તેઓ પણ આ લોકમાં રાક્ષસો સમાન ભયંકર કષ્ટ પામી મહાન અપયશના ભાગી થઈ દુર્ગતિને પાત્ર થાય છે.

જેઓ નિર્દય પરિણામી થઈ કષાયને વશ થઈ ઘોર આરંભ આદિ કરી વિકલત્રય જીવોનો ઘાત કરે છે, પ્રયોજન વિના જ વનસ્પતિનું છેદન, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કાયના જીવોની અજ્ઞાન ભાવથી તથા પ્રમાદથી વિરાધના કરે છે તેઓ આ લોકમાં જ તાવ, સન્નિપાત, આમવાત, પક્ષાઘાત, સંગ્રહણી, અતિસાર, વાત, પિત્ત, કફ, ખાંસી, કોઢ, ખસ, ગૂમડાં, બાલતોડ (એક જાતનો ફોલ્લો) વિષકંટક આદિ રોગોનાં ઘોર દુઃખ ભોગવી અનેક દુર્ગતિઓમાં રોગ, દરિદ્રતા, ઈષ્ટ વિયોગ આદિ ઘોર દુઃખોને પાત્ર થાય છે. માટે હિંસાથી આ લોક તથા પરલોકમાં ઘોર દુઃખરૂપ ફળ થવું જાણી સર્વ પ્રકારથી હિંસાનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે.

જેઓ જીવો પર દયા કરી સમસ્ત જીવોને અભયદાન આપે છે, પોતાના પરિણામોમાં જીવ માત્રની વિરાધના ઈચ્છતા નથી, સાવધાનીપૂર્વક પ્રવર્તે છે, પ્રમાદ છોડી અહિંસા ધર્મને ભૂલતા નથી તેમનો મહિમા અહીં જ દેવો કરે છે. મનુષ્ય કરે છે, પૂજ્ય થઈ જાય છે, બધા પાપોથી રહિત થઈ સ્વર્ગ લોકમાં મહર્દ્ધિક દેવપણું પામી મનુષ્ય લોકમાં વિદેહ આદિ ઉત્તમ ક્ષેત્રોમાં મહા પ્રભાવનો ધારી થઈ નિર્વાણ પામે છે.

**અસત્ય વચન ત્યાગની પ્રેરણા :-** હવે અસત્ય વચનનું સ્વરૂપ કેવળ દોષરૂપ જ છે તે પ્રગટ વિચારીને જુઓ, અસત્યવાદીનો કોઈ વિશ્વાસ કરતું નથી. માતા, પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રીને પણ તેમનો ભરોસો રહેતો નથી, તેના ઉપર વિશ્વાસ આવતો નથી, ત્યારે કોઈ બીજાને તેના ઉપર કેમ વિશ્વાસ આવે ? જગતમાં જેટલો પણ વ્યવહાર છે તે બધો વચન દ્વારા જ છે. જેણે પોતાની વાણી બગાડી તેણે પોતાનો બધો વ્યવહાર બગાડ્યો. ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારેય પુરૂષાર્થ વચન(વાણી)થી જ ચાલે છે. જેની વાણી જ નિંદ્ય થઈ તેના ચારેય પુરૂષાર્થ નિંદ્ય થઈ જાય છે.

**અસત્યવાદી બધાને અપ્રિય હોય છે.** તેને માયાચાર હોય જ છે. અસત્ય અને કપટમાં અવિનાભાવીપણું છે. **કુવચન બોલવાં, ચુગલી કરવી, વિકથા, આત્મ**

**પ્રશંસા, પરાઈ નિંદા - એ અસત્યનો પરિવાર છે.** અસત્યવાદી આ લોકમાં જિવ્હા છેદ, સર્વસ્વ હરણ, જીભના રોગથી દુ:ખી થવું ઈત્યાદિ ઘોર દુ:ખ પ્રાપ્ત કરે છે, તેની બદનામી થાય છે, પરલોકમાં નરક ઈત્યાદિમાં પરિભ્રમણ, તિર્યંચગતિમાં વચન રહિતપણું તથા મૂંગાપણું, બહેરાપણું, આંધળાપણું, દરિદ્રતા, રોગીપણું મળે છે. મૂર્ખપણું, વચનકળા રહિતપણું થાય છે, જગતમાં દીનતાનો વિલાપ કરતો ફરે છે તો પણ તેનું કોઈ સાંભળતું જ નથી. એટલા માટે અસત્ય વચનનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે.

સત્યના પ્રભાવથી દેવલોકમાં ગમન, સ્વર્ગનું મહર્દ્ધિક દેવપણું મળે છે. તેના વચનોનો સમસ્ત જગત આદર કરે છે, સમસ્ત ઉત્તમ શાસ્ત્રોનો નિષ્ણાત થાય છે. કવિપણું, વાગ્મીપણું,(પામી) અનેક જીવોનો ઉપકાર કરવાવાળો થાય છે, તેની આજ્ઞા લાખો મનુષ્ય અંગીકાર કરે છે - આવું સત્ય વચનનું ફળ છે. જેણે પૂર્વ જન્મમાં વચનની ઉજ્જવળતા ધારણ કરી છે તેનાં વચન સાંભળવાની લાખો લોકો અભિલાષા કરે છે, (તેઓ)ચાહે છે કે આ અમારાથી બોલે તો અમે ધન્ય થઈ જઈએ આ બધો સત્ય વચનનો પ્રભાવ છે.

**ચોરી ત્યાગની પ્રેરણા :-** હવે ચોરીના દોષોની ભાવના કહીએ છીએ. ચોર-મનુષ્ય બધાને ભય ઉપજાવવાવાળો હોય છે. માતા પણ ચોરી કરવાવાળા પુત્રથી ડરે છે. હિતેચ્છુ, ભાઈ આદિ કોઈપણ ચોરનો સાથ ઈચ્છતા નથી. ચોરના સંસર્ગથી કલંક લાગી જાય છે, કોઈ પણ રાજા તરફથી આપત્તિ આવી શકે છે, અમારૂં કંઈક લઈ જશે એવો ભય બન્યો જ રહે છે, છૂટતો નથી. ચોર બધાથી નીચો (હલકો) થઈ જાય છે. ચોરને મારવામાં કોઈને દયા રહેતી નથી. અસત્ય, કપટ, છળ આદિ ચોરોને અવશ્ય હોય જ છે.

**ચોર પાપીઓમાં મહા પાપી છે.** ચોરનો કોઈ સહાયી થતો નથી. માતા, પિતા, સ્ત્રી, પુત્ર આદિ બધાં કુટુંબી ચોરને પોતાની સાથે રાખતાં નથી. તેની ધીરજ, વિશ્વાસ બધું ચાલ્યું જાય છે. કોઈ તેને રહેવાનું સ્થાન આપતું નથી. ચોર જાણીને બધા તેને મારવા લાગી જાય છે. રાજા દ્વારા ઘણા મારન, તાડન, હાથ-નાક છેદન, મૃત્યુ આદિ દંડ આપવામાં આવે છે. જેલમાં ઘણા સમય સુધી રહી બદનામ થઈ, મરીને, ઘોર નરકનું દુ:ખ ભોગવતો થકો અનંતકાળ તિર્યંચોમાં ભૂખ, પ્યાસ, તાડન, મારણ, લાદન, ઘસીટન આદિનાં દુ:ખ અસંખ્યાત ભવો સુધી પામે છે.

જો મનુષ્ય થાય છે તો મહા નીચ, દરિદ્રી, રોગી, વિયોગી, ઘોર ક્ષુધા, તૃષા, મારણ, બંધન, ચોરીના કલંક આદિ સહિત નિરાદરનું દુઃખ ભોગવતો થકો કદમ-કદમ ઉપર યાચના કરવાવાળો ઘોર દુઃખોને ભોગવવાનો સંતાન ક્રમ ચાલ્યે જાય છે. એટલા માટે ચોરીનો દૂરથી જ પરિત્યાગ કરો.

પોતાના પુણ્ય-પાપને અનુકૂળ જે વિષય સામગ્રી મળી છે તેમાં સંતોષ ધારણ કરી અન્યના ધનની સ્વપ્નમાં પણ વાંછા ન કરો. **પરાયું ધન પુણ્ય વિના આવતું નથી.** પૂર્વ જન્મમાં કુપાત્ર દાન કર્યું, કુતપ કર્યું તેના ફળમાં બીજાનું ધન હાથમાં આવી પણ જાય તો કેટલા દિવસ ભોગવશે? મહા સંકલેષ ભાવોથી અલ્પઆયુ ભોગવી દુર્ગતિમાં ચાલ્યો જશે. એટલા માટે ચોરીનો દૂરથી જ ત્યાગ કરવો શ્રેષ્ઠ છે.

જેમની પરાયા ધનમાં ઈચ્છા નથી, પોતાના પુણ્ય-પાપને અનુકૂળ મળેલા ધનમાં સંતોષ ધારણ કરી. અન્યાયના ધનમાં કદી ચિત્ત ચલાવતા નથી, તેમનો આ લોકમાં પણ યશ થાય છે, વિશ્વાસ થાય છે, બધામાં આદર થાય છે. જેનાં પરિણામ પરાયા ધનમાં જતાં નથી, પોતાના કમાયેલા ધનમાં જ મંદ રાગરૂપ રહે છે. તેમને એક પણ કષ્ટ આવતું નથી, અશુભ કર્મનો બંધ થતો નથી. બધા લોકો પોતાનું ધન જમા કરાવવા ઈચ્છે છે. પરલોકમાં દેવલોકની અપરિમિત વિભૂતિ અસંખ્યાત કાળ સુધી ભોગવી, મનુષ્યોમાં રાજાધિરાજ, મંડલેશ્વર, ચક્રવર્તીનો વૈભવ ભોગવી ક્રમથી નિર્વાણ પ્રાપ્ત કરે છે. એટલા માટે ભગવાન વીતરાગનો ધર્મ ધારણ કરી અન્યાયના ધનનો ત્યાગ કરી રહેવું જ શ્રેષ્ઠ છે.

**કુશીલ ત્યાગની પ્રેરણા :-** હવે કુશીલના દોષોની ભાવના ભાવી કુશીલથી વિરક્ત થઈ જવું તે જ યોગ્ય છે. કુશીલ પુરૂષ કામના મદથી ઉન્મત-મદોન્મત થઈને, મદોન્મત હાથી સમાન ઘૂમે છે. તે સ્ત્રીઓના રાગથી ઠગાયો થકો, બંને લોકનો વિચાર ન કરતો થકો, કાર્ય-અકાર્યને જાણતો નથી, ભક્ષ્ય-અભક્ષ્ય, યોગ્ય-અયોગ્યનો વિચાર રહેતો નથી, પાપ-પુણ્યને સમજતો નથી, જોતો નથી. પ્રત્યક્ષ માથા/મસ્તક ઉપર વિપત્તિ, અપયશ દેખાય છે, તો પણ કામના અંધારામાં તેને દેખાતું નથી. કામ જેવો બીજો અંધકાર ત્રણ લોકમાં નથી.

કામથી પીડિત, મનુષ્ય પર્યાયમાં પણ પશુ સમાન જ છે, પશુમાં અને કામાન્ધમાં ભેદ નથી. કામથી અંધ બનેલા તિર્યંચ વનાદિમાં કપાઈ-કપાઈને મરી જાય છે, મનુષ્ય

જન્મમાં પણ મરી જાય છે, અને અન્યને મારી નાખે છે. કામાન્ધ ને ધર્મ-અધર્મનો વિચાર રહેતો નથી, લોકલાજ મૂળથી જ નષ્ટ થઈ જાય છે. પરસ્ત્રી લંપટીને અનેક નાના માણસો પણ મારી નાખે છે; રાજાદિ દ્વારા લિંગ છેદન, સર્વસ્વ હરી લેવાનો ઈત્યાદિ દંડ થાય છે; મરીને નરકાદિ દુર્ગતિમાં પરિભ્રમણ કરી તિર્યંચ-મનુષ્યોમાં ઘોર દુઃખ ભોગવતો થકો, નીચ, ચાંડાળ, ચમાર, ધીવર, મહા દરિદ્ર, મહા કુરૂપ, કોઢી, અંગ હીન, આંધળો, લૂલો, પાંગળો, કુબડો વગેરે નીચ મનુષ્યોમાં ઉપજી કદી નરક, કદી તિર્યંચ, કદી કુમાનુષ, નપુંસક આદિ ભવોમાં દુઃખ ભોગવે છે. એટલા માટે કુશીલનો ત્યાગ કરવો જ શ્રેષ્ઠ છે.

શીલવંત પુરૂષ સ્વર્ગ લોકમાં કરોડો અપ્સરાઓને ભોગવીને, અસંખ્યાત કાળ સુધી ભોગ ભોગવતા થકા મનુષ્યોમાં પ્રધાન થઈ અનુક્રમે મોક્ષના અધિકારી થાય છે.

**પરિગ્રહ ત્યાગની પ્રેરણા :-** હવે પરિગ્રહની મમતાનો દોષ વિચારી પરિગ્રહથી વિરાગી થવું શ્રેષ્ઠ છે. પરિગ્રહની મમતા બધા પાંચ પાપોમાં પ્રવૃત્તિ કરાવે છે. **જેમ લાકડાથી અગ્નિ પ્રજ્જવળે છે (વધે જ છે) તે રીતે તૃષ્ણારૂપ અગ્નિથી નિરંતર પરિગ્રહની મમતા વધે છે, તૃપ્તિ થતી નથી.** પરિગ્રહના ઉપાર્જનમાં, રક્ષણમાં, નાશમાં ઘણું દુઃખ થાય છે. પરિગ્રહની મમતાવાળો ધર્મ-અધર્મ, જીવન-મરણના વિચાર રહિત હોય છે. પરિગ્રહની મમતા હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, અભક્ષ્ય, ઘણો આરંભ, કલહ, વેર, ઈર્ષ્યા, ભય, શોક, સંતાપ આદિ હજારો દોષોમાં પ્રવૃત્તિ કરાવે છે.

**સંસારમાં જેટલાં પણ બંધન, પરાધીનતા, કષાય તેમજ દુઃખ છે તે બધાં પરિગ્રહના કારણે છે.** પરિગ્રહનો ત્યાગ કરવો, માથા પરથી મોટા ભારને ઉતારી દેવા જેવું છે. પરિગ્રહનો ત્યાગી નિર્બન્ધ છે. પરિગ્રહ ત્યાગનું ફળ સ્વર્ગ અને મોક્ષ છે. પરિગ્રહનો ત્યાગ જ સમસ્ત કલ્યાણનું મૂળ છે. આ રીતે હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહમાં જે દોષ છે તેમની ભાવના ભાવી તે પાપોનો ત્યાગ કરી દેવો જ શ્રેષ્ઠ છે.

**પાંચ પાપોના ત્યાગની ભાવના :-** આ પાંચ પાપ દુઃખ જ છે. એવો વિચાર કરવો કે - હિંસાદિ દુઃખનાં કારણ છે, એટલા માટે તે હિંસાદિ પાંચ પાપ દુઃખ જ છે. હિંસાદિ દુઃખના કારણોમાં કાર્યનો ઉપચાર કરી પાંચ પાપોને દુઃખ જ કહી દીધું છે. જેમ વધ, બંધન, પીડન મને અપ્રિય છે, તે જ રીતે સમસ્ત અન્ય પ્રાણીઓને

પણ અપ્રિય છે. જેમ જૂઠાં કડવાં, કઠોર વચન મને કોઈ કહે તો તેમને સાંભળવાથી મને ઘણું વિશેષ દુઃખ ઉત્પન્ન થાય છે તે રીતે બીજા જીવોને પણ કટુ વચન-અસત્ય વચન દુઃખ ઉપજાવે છે. જેમ મારા ઈષ્ટ દ્રવ્યને કોઈ ચોર ચોરીને લઈ જાય તો મને ઘણું દુઃખ થાય છે, તે જ રીતે બીજા જીવોને પણ ધન ચોરીથી ચાલી જવાથી દુઃખ થાય છે. જેમ આપણી સ્ત્રીનો કોઈ તિરસ્કાર કરે તો તેનાથી આપણને ઘણી માનસિક પીડા થાય છે. તે જ રીતે અન્ય જીવોને પણ પોતાની માતા, બહેન, પુત્રી, સ્ત્રીના વ્યભિચાર વિશે સાંભળીને, જોઈને ઘણું દુઃખ ઉત્પન્ન થાય છે. જેમ ધન, ધાન્યાદિ, વસ્ત્રાદિ ન મળવાથી તથા મળેલાં નાશ પામવાથી, વાંછા, રક્ષા, શોક, ભય, થવાથી પોતાને દુઃખ થાય છે, તે જ રીતે પરિગ્રહની વાંછાથી તથા પ્રાપ્ત પરિગ્રહના નાશ થવાથી બધા જીવોને દુઃખ થાય છે. એટલા માટે હિંસાદિ પાપોથી વિરકત થઈ જવામાં જ જીવનું કલ્યાણ છે.

**ઈંદ્રિય સુખ દુઃખરૂપ છે :-** અહીં કોઈ કહે છે - કોમળ અંગોની ધારક સ્ત્રીઓના અંગના સ્પર્શથી રતિ સુખ થતું જોવામાં આવે છે, (તો) દુઃખરૂપ કેમ કહ્યું ?

**ઉત્તર:-** ઈન્દ્રિયોના વિષયોના ભોગથી ઉપજતું સુખ, સુખ નથી, ભ્રમથી સુખરૂપ દેખાય છે. પહેલાં તો વિષયોની ચાહરૂપ મહા વેદના ઉપજે છે. જ્યારે વેદના ઉપજે છે ત્યારે તેને દૂર કરવાનો ઈલાજ ચાહે છે. જેમ શરીરમાં ચામડી, માંસ, લોહી, જ્યારે વિકારરૂપ થઈ જાય છે, ત્યારે તીવ્ર ખંજવાળ આવે છે, પછી નખથી, ઠીકરાથી, પથ્થરથી પોતાના શરીરને ખંજવાળે છે; શરીરને રગડવાથી લોહી નીકળવા લાગે છે, ત્યારે ફરી વધારે ખંજવાળી દુઃખી જ થાય છે, ત્યાં દુઃખને જ સુખ માને છે. તે રીતે મૈથુન સેવન કરવાવાળો પણ મોહથી દુઃખને જ સુખ માને છે.

મનુષ્ય, તિર્યંચ, અસુર, સુરેન્દ્ર આદિ બધા જીવ પોતાના શરીરની સાથે જ ઉપજેલી ઈન્દ્રિયો દ્વારા ઉપજેલા વિષયોની ચાહરૂપ જલનનું દુઃખ સહેવામાં અસમર્થ હોવાથી મહા નિંદ્ય વિષયોમાં અતિ લાલસા કરી ઝપટીને ભોગવવા માગે છે અગ્નિથી તપાવેલા લોઢાના ગોળા સમાન ઈન્દ્રિયોના તાપથી તપ્તાયમાન આત્મા, વિષયોમાં અતિ તૃષ્ણાથી ઉત્પન્ન અતિ દુઃખરૂપ વેગને સહન કરવામાં અસમર્થ હોવાથી વિષયોમાં દોડીને છલાંગ મારે છે.

જેમ કોઈ પુરૂષ ચારે બાજુથી અગ્નિની જવાળાથી બળતો થકો, અગ્નિના તાપને

ન સહી શકવાના કારણે, પાસેની જ વિષ્ટાથી ભરેલા મહા દુર્ગંધ યુકત ઘણા ઉંડા ખાડામાં જઈ પડી જાય અને તે વિષ્ટામાં માથા સુધી ડૂબીને તેને જ તાપ રહિત સુખ માની મરી જાય છે, તે જ રીતે સંસારી જીવ સ્પર્શન ઈન્દ્રિયના વિષયના ચાહરૂપ દુઃખને સહન કરવામાં અસમર્થ હોવાથી સ્ત્રીઓનાં દુર્ગંધ યુકત મલિન શરીરમાં ડૂબી કામની પીડા રહિત થઈ સુખ માનતો થકો અતિ તૃષ્ણાથી ઉત્પન્ન તીવ્ર દુઃખને ભોગવતો થકો મરીને સંસારમાં દુઃખી થતો રહે છે.

**ઈન્દ્રિયો દુઃખમાં નિમિત્ત છે :-** આ જીવને આ ઈન્દ્રિયો તો જીવને અત્યંત દુઃખ ઉપજાવનાર મહા વ્યાધિ સમાન છે. તથા આ જે ઈન્દ્રિઓના વિષયો છે તે થોડા સમય માટે દાહ દુઃખની ઉપશમતાને કારણે વિપરીત અપથ્ય ઔષધિ સમાન છે, જેનાથી વિષયોની ચાહરૂપ દાહ દુઃખ વધતું ચાલ્યું જાય છે, ઘટતું નથી, તો પણ ભ્રમથી ઈલાજ સમાન માને છે. જેમની ઈન્દ્રિઓ જીવિત છે તેમને સ્વાભાવિક જ દુઃખ છે, દુઃખ ન હોય તો વિષયોમાં ઉછળી-ઉછળીને કેમ પડત ? જોવામાં પણ આવે છે કે - માયામયી હાથણીના શરીરના સ્પર્શના લોભ માટે જંગલનો **હાથી** સ્પર્શન ઈન્દ્રિયના દુઃખથી સતાએલો હોવાથી ખાડામાં પડી ઘોર બંધનનાં દુઃખ ભોગવે છે. પાણીની ચંચળ **માછલી** રસના ઈન્દ્રિયના દુઃખને વશ થઈ શિકારી દ્વારા ફેલાવેલા કાંટામાં ફસાઈ પ્રાણ ગુમાવે છે. ઘ્રાણ ઈન્દ્રિયના દુઃખનો સતાવેલો **ભમરો** કમળની ગંધના લોભમાં કમળને સંકોચાતુ જોઈને પણ કમળમાં જ રહી પ્રાણ રહિત થાય છે. નેત્ર ઈન્દ્રિય જનિત કષ્ટને સહી ન શકવાવાળું પતંગીયું રૂપનું લોભી થઈ દીપકની જ્વાળામાં બળીને ભસ્મ થઈ જાય છે. કર્ણ ઈન્દ્રિય જનિત સંગીત સાંભળવાની તૃષ્ણાના દુઃખને સહન કરવામાં અસમર્થ **હરણ**ને શિકારી દ્વારા ગાવામાં આવતા મધુર રાગમાં અચેત કરી મારી નાખવામાં આવે છે.

આવી દુર્નિવાર ઈન્દ્રિયોની વેદનાના વશમાં પડેલા જીવ જેમનામાં તેમનું મરણ નજીક જ છે એવા વિષયોમાં પ્રયત્નપૂર્વક(હાથે કરીને) લાગે છે. ઈન્દ્રિજનિત આતાપ સમાન ત્રણે લોકમાં અન્ય આતાપ નથી. **જેવો આતાપ ઈન્દ્રિઓના વિષયોની ચાહનો છે, તેવો આતાપ અગ્નિમાં નથી, શસ્ત્રના ઘામાં નથી, ઝેરમાં નથી.** ઈન્દ્રિઓના આતાપ સહન કરવામાં અસમર્થ થઈ વિષયોની પ્રાપ્તિ માટે જીવ અગ્નિમાં બળી જાય છે, શસ્ત્રો આગળ આવી મરે છે, વિષ ભક્ષણ કરી લે છે, ધર્મનો લોપ કરી દે છે, માતા-પિતા-ગુરુ-શિક્ષકને વિષયોના રોકવાવાળા માની મારી નાખે છે.

**આ સંસારમાં ઈન્દ્રિઓથી કેવળ દુઃખ જ છે.** જેમની પાસે ઈન્દ્રિય રહિત અતિન્દ્રિય કેવળજ્ઞાન છે, તેમની પાસે જ નિરાકુળતા સ્વરૂપ જ્ઞાનાનંદ સુખ છે. **જેઓ ઈન્દ્રિઓને આધીન છે તેમને સ્વાભાવિક દુઃખ જ છે.** જો સ્વાભાવિક દુઃખ ન હોય તો વિષયોમાં પ્રવૃત્તિ કેવી રીતે કરે છે ? જેનો શીત જ્વર મટી ગયો, તે અગ્નિથી તાપવાનું ઈચ્છતો નથી; જેનો દાહ જ્વર મટી ગયો, તે બરફની પટ્ટી રાખતો નથી; જેનો નેત્ર રોગ મટી ગયો, તે કોઈ પણ અંજન આંખોમાં લગાવવા ઈચ્છતો નથી, જેનું કાનનું દર્દ મટી ગયું, તે બકરાના મૂત્રાદિ કાનમાં નાખવાનું ઈચ્છતો નથી, જેના શરીરના ફોલ્લાનો ઘા મટી ગયો, તે કોઈ મલમપટ્ટી કરતો નથી. તેવી જ રીતે **જેને ઈન્દ્રિયજનિત વેદના થતી નથી તેની વિષયોમાં પ્રવૃત્તિ કદી થતી નથી.** ભૂખ લાગ્યા વિના ભોજન કોણ કરે છે ? તરસ લાગ્યા વિના પાણી કોણ પીએ છે ? ગરમીનું કષ્ટ થયા વિના ઠંડી હવા કોણ ચાહે છે ? ઠંડીનું કષ્ટ થયા વિના રૂથી ભરેલાં વસ્ત્ર તથા ઉની કપડાં કોણ પહેરવા-ઓઢવા ઈચ્છે છે ?

એ બધા વિષયો તો વેદના મટાડવાના ઉપાય છે - ઈલાજ છે. એ વિષયોથી થોડા કાળ માટે વેદના ઘટી જાય છે, (તો) અજ્ઞાની તેને સુખ માની લે છે, તે સુખ વાસ્તવમાં સુખ નથી. સુખ તો ત્યાં છે જ્યાં વેદના ઉત્પન્ન જ થતી નથી. **અનાકુળતા જેનું લક્ષણ છે, એવું સ્વાધીન અનંત જ્ઞાન તે જ સુખ છે, બીજું નહિ**, એવો નિર્ણય કરો. આ રીતે હિંસાદિને દુઃખરૂપ જ જાણવાની ભાવના ભાવવી યોગ્ય છે.

**મૈત્રી આદિ ચાર ભાવનાઓ :-** હવે શ્રાવકે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, માધ્યસ્થ આ ચાર ભાવનાઓ ભાવવા યોગ્ય છે, તે કહે છે :

(૧) એકેન્દ્રિય આદિ બધાં પ્રાણીઓમાં મૈત્રી ભાવના ભાવવી જોઈએ કે - કોઈ પણ પ્રાણીને દુઃખ ઉત્પન્ન ન થાય, એવી અભિલાષા રાખવી તે **મૈત્રી ભાવના** છે.

(૨) જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિમાં વિશેષતા (અધિકતા) ધરાવતા હોય તેમનામાં પ્રમોદ ભાવના કરવી જોઈએ. પ્રમોદનો અર્થ હર્ષ, આનંદ છે. એટલે ગુણોમાં જેઓ અધિકતા ધરાવતા હોય તેમને જોઈ પરિણામોમાં એવો આનંદ ઉપજે (કે) જેવો આનંદ જન્મના દરિદ્રને નિધીઓ મળી જવાથી થાય છે. ગુણવંતાને જોતાં જ હર્ષથી રોમાંચ થવો, મુખની પ્રસન્નતાથી આંખોનું પ્રફુલ્લિત થઈ જવું, હૃદયમાં આહ્લાદથી સ્તુતિનાં વચન, નામ, કીર્તન આદિ દ્વારા અંતરંગ ભક્તિનું પ્રગટ કરવું તે **પ્રમોદ ભાવના** છે.

(૩) અસાતાવેદનીય કર્મના ઉદયથી રોગ દારિદ્રયાદિથી પીડિત જે દુઃખી પ્રાણી છે, તથા ઈન્દ્રિયોથી વિકળ આંધળા, બહેરા, લૂલા તથા અનાથ, વિદેશી, અત્યંત વૃદ્ધ, બાળક, વિધવા ઈત્યાદિ દુઃખિત પ્રાણીઓના દુઃખ મટાડવાનો ઉપાય કરવાનો અભિપ્રાય તે **કારૂણ્ય ભાવના** છે.

(૪) જે ધર્મ રહિત, તીવ્ર કષાયી, હઠાગ્રહી, ઉપદેશ દેવાને અયોગ્ય, વિપરીત જ્ઞાની, ધર્મ દ્રોહી, દુષ્ટ અભિપ્રાયી, નિર્દયી છે તેમનામાં રાગ-દ્વેષના અભાવરૂપ રહેવું તે **માધ્યસ્થ ભાવના** છે.

સમસ્ત પ્રાણીઓના દુઃખનો અભાવ ચાહવો તે મૈત્રી ભાવના છે. ગુણોમાં જે અધિક હોય તે પુરૂષોને જોઈને, સાંભળીને હર્ષ થવો તે પ્રમોદ ભાવના છે. દુઃખીત જીવોને જોઈ ઉપકાર કરવાની બુદ્ધિ થવી તે કારૂણ્ય ભાવના છે. હઠાગ્રહી, નિર્દયી, અભિમાની આદિમાં રાગ-દ્વેષ રહિત રહેવું તે માધ્યસ્થ ભાવના છે. આ રીતે ધર્મના ધારક શ્રાવકોને મૈત્રી આદિ ચાર ભાવના ભાવવી યોગ્ય છે.

**જગત અને કાયાનું સ્વરૂપ :-** ગૃહસ્થોએ જગતનો સ્વભાવ તથા કાયાનો સ્વભાવ પણ ચિંતવન કરવા યોગ્ય છે. **જગતનો સ્વભાવ ચિંતવન કરવાથી સંસાર પરિભ્રમણથી ભય લાગવા લાગે છે તથા શરીરનો સ્વભાવ ચિંતવન કરવાથી શરીરથી રાગ ભાવનો અભાવ થાય છે.**

**સંસારનું સ્વરૂપ -:-** આ જગત લોક કહેવાય છે, તે અનાદિ નિધન છે. અર્ધ મૃદંગના ઉપર એક મૃદંગ રાખી દેવાથી દોઢ મૃદંગ જેવા આકારવાળો આ લોક છે. ચૌદ રાજૂ ઉંચો છે. દક્ષિણ-ઉત્તર સર્વત્ર સાત રાજૂ પહોળો છે. પૂર્વ-પશ્ચિમમાં બધાથી નીચે સાત રાજૂ પહોળો છે, પછી ઉપરની બાજુએ ક્રમથી ઘટતો થકો સાત રાજૂની ઉંચાઈ સુધી જઈ એક રાજૂ પહોળો રહી ગયો છે, પછી ઉપરની બાજુએ ક્રમથી વધતો થકો સાડા ત્રણ રાજૂની ઉંચાઈ સુધી ગયો, ત્યાં પાંચ રાજૂ પહોળો થઈ ગયો છે, પછી આગળ ક્રમથી ઘટતો થકો સાડા ત્રણ રાજૂની ઉંચાઈ સુધી ગયો જ્યાં લોકનો અંત છે, ત્યાં એક રાજૂ પહોળો છે. આ રીતે પૂર્વ-પશ્ચિમ ક્રમથી ઘટતી વધતી-ઘટતી પહોળાઈ જાણવી. આવા આકારવાળા લોકના એક રાજૂ પહોળા, એક રાજૂ લાંબા, એક રાજૂ ઉંચા ખંડોની કલ્પના કરીએ તો કુલ ત્રણસો તેતાલીસ ખંડ થાય છે.

આ લોકરૂપી ક્ષેત્રમાં અનંતાનંત કાળ પરિભ્રમણ કરતાં વીતી ગયો છે. એવું કોઈ **પુદ્‌ગલ** બાકી નથી રહ્યું જે શરીરરૂપથી ધારણ ન કર્યું હોય, ત્રણસો તેતાલીસ રાજૂ પ્રમાણ ક્ષેત્રમાં એવો કોઈ એક **પ્રદેશ** પણ બાકી રહ્યો નથી જ્યાં અનંતાનંત વાર આ જીવે જન્મ-મરણ ન કર્યું હોય. ઉત્સર્પિણી-અવસર્પિણી કાળના વીસ કોડા-કોડી સાગરમાં એવો કોઈ **કાળ**નો એક સમય બાકી નથી રહ્યો, જેમાં આ જીવે જન્મ-મરણ ન કર્યું હોય. નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ આ **ચાર ગતિ**ઓમાં જઘન્ય આયુષ્યથી લઈ ઉત્કૃષ્ટ આયુષ્ય સુધી સમયોત્તર એવી કોઈ **પર્યાય** બાકી નથી રહી જેને અનંતવાર ન પ્રાપ્ત કરી હોય. મિથ્યાદષ્ટિને જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મોનો બંધ થવા યોગ્ય જઘન્ય સ્થિતિ અંતઃ કોડા-કોડી સાગર પ્રમાણ છે; ઉત્કૃષ્ટ સ્થિતિ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય-આ ચાર કર્મોની ત્રીસ કોડા-કોડી સાગર પ્રમાણની છે; મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડા-કોડી સાગર પ્રમાણ છે; નામ કર્મ, ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડા-કોડી સાગર પ્રમાણ છે; આયુ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરની છે.

જઘન્ય સ્થિતિથી પ્રારંભ કરીને એક-એક સમય વધારતાં જતાં ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી જેટલી કર્મોની સ્થિતિ હોય છે તે સમસ્ત સ્થિતિના એક-એક સ્થાનને અસંખ્યાત લોક પ્રમાણ **કષાયોનાં સ્થાન** કારણ છે; તે કષાયોનાં એક-એક સ્થાન અનંતવાર આ સંસારી જીવના થયા છે. એટલા માટે આ પ્રકારના પરિભ્રમણરૂપ સંસારમાં જેટલા જીવ છે તે અનેક ભેદરૂપ ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરતા થકા નિરંતર દુઃખ ભોગવે છે. કોઈ જીવ નિશ્ચલ(નિત્ય) નથી, પાણીના પરપોટા સમાન જીવન અસ્થિર છે, ભોગ-સંપદા વાદળો સમાન વિનાશીક છે, રાજ્ય, ધન-સંપદા ઈન્દ્રધનુષ સમાન ક્ષણ ભંગુર છે. આ સંસારમાં પ્રાણી અનંતાનંત પરિવર્તન કરે છે. આ રીતે સંસારના સત્યાર્થ સ્વરૂપનું ચિંતવન કરવાથી સંસારમાં પરિભ્રમણ કરવાનો ભય લાગવા લાગે છે.

**શરીરનું સ્વરૂપ :-** હવે કાયાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ. આ મનુષ્ય શરીર રોગરૂપી સાપોનું ઘર છે. અનિત્ય છે, દુઃખનું કારણ છે, અપવિત્ર છે, નિઃસાર છે, કરોડો ઉપાય કરવા છતાં પણ વિનષ્ટ થઈ જાય છે. આ શરીર (વારંવાર) ધોવા છતાં પણ મેલ જ કાઢે છે, સુગંધ, અત્તર, ફૂલેલ લગાવતાં-લગાવતાં પણ દુર્ગંધનું વમન કરે છે, પોષતા-પોષતા પણ બળવાન થતું નથી, શણગારવા છતાં પણ દિવસે-દિવસે ખરાબ થતું જાય છે, સુધારવા છતાં પણ દિવસે-દિવસે બદસૂરત થતું જાય

છે, સુખ આપવા છતાં પણ દુઃખી થઈ જાય છે; મંત્ર જપતાં-જપતાં પણ નિરંતર ભયભીત રહે છે, દીક્ષારૂપ રહેતાં-રહેતાં પણ સાધુઓના માર્ગને દુષિત કરે છે, શિખવાડવા છતાં પણ ગુણોમાં અનુરાગ કરતું નથી, દુઃખ ભોગવતાં-ભોગવતાં પણ કષાયોની ઉપશાંતતાને પ્રાપ્ત થતું નથી, રોકવા છતાં પણ પાપોમાં જ પ્રવર્તન કરે છે, પ્રેરણા કરતાં-કરતાં પણ ધર્મને ધારણ કરતું નથી.

માલિશ કરવા છતાં પણ દિવસે-દિવસે કઠોર કર્કશ થતું જાય છે, લૂછવા છતાં પણ ભીનું બન્યું રહે છે, સુગંધિત તેલ વિગેરે લગાવવા છતાં પણ દુર્ગંધ આપતું રહે છે, ચંદનાદિને લગાડવા છતાં પણ પિત્તથી બળતું રહે છે, સુકવવા છતાં પણ કફથી ગળતું રહે છે, સાફ કરતાં-કરતાં પણ કોઢ આદિ રોગોથી મેલું થઈ જાય છે, ચામડાથી બંધાયેલું છે છતાં પણ ક્ષીણ થતું ચાલ્યું જાય છે, રક્ષા કરતાં-કરતાં પણ મૃત્યુના મુખમાં પ્રવેશે છે.

શરીરનો આવો નિંદ્ય સ્વભાવ વિચારવાથી શરીરમાં રાગ ભાવ નષ્ટ થઈ જાય છે. એટલા માટે જગતનો સ્વભાવ નિર્વેગ-ભયરૂપ તથા કાયાનો સ્વભાવ સંવેગ-વૈરાગ્ય માટે ચિંતવન કરવો શ્રેષ્ઠ છે.

**સોલહ કારણ ભાવના :-** સોલહ કારણ ભાવના પણ શ્રાવકે ભાવવા યોગ્ય છે. સોલહ કારણ ભાવના ભાવવાનું ફળ તીર્થંકરપણું છે. તેના દ્વારા જ તીર્થંકર પ્રકૃતિનો બંધ અવ્રતી સમ્યગ્દષ્ટિને પણ થાય છે. દેશવ્રતી શ્રાવકને પણ થાય છે, તથા પ્રમત્ત-અપ્રમત્ત સંયમ મુનિને પણ થાય છે. તીર્થંકર પ્રકૃત્તિ સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ છે, તેનાથી ઉંચી પુણ્ય પ્રકૃતિ ત્રણ લોકમાં બીજી નથી.

ગોમટ્ટસાર કર્મકાંડમાં કહ્યું છે:-

**पढमुवसमिये सम्मे सेसतिये अविरदादि चत्तारि ।**
**तित्थयर बंध पारं भया णरा केवलिदुगंते ।।९३।।**

**અર્થ:-** તીર્થંકર પ્રકૃતિના બંધનો પ્રારંભ કર્મભૂમિના મનુષ્ય પુરૂષલિંગ ધારીને જ થાય છે, અન્ય ત્રણ ગતિઓમાં આરંભ થતો નથી. કેવળ-શ્રુતકેવળીના ચરણારવિંદની સમીપમાં જ થાય છે. **કેવળી-શ્રુતકેવળીની નિકટતા વિના તીર્થંકર પ્રકૃતિના બંધને યોગ્ય પરિણામોની વિશુદ્ધિ થતી નથી.** તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રથમોપશમ સમ્યક્ત્વમાં થાય છે તથા શેષત્રિક જે દ્વિતીયોપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક

આ ચારેય સમ્યક્ત્વવાળાઓને થાય છે. અવિરત, દેશવિરત, પ્રમત્ત તથા અપ્રમત્ત આ ચારેય ગુણસ્થાનોમાં થાય છે.

આ તીર્થંકર પ્રકૃતિબંધનું કારણ સોલહ કારણ ભાવનાઓ છે. આ ભાવનાઓ સમસ્ત પાપનો ક્ષય કરવાવાળી, ભાવોની અશુદ્ધિરૂપ મળનો વિધ્વંસ કરવાવાળી, શ્રવણ-પઠન કરતાં-કરતાં સંસારના બંધને છેદવાવાળી છે, જે નિરંતર જ ભાવવા યોગ્ય છે.

**સોલહ કારણ પૂજનની જયમાળાનો અર્થ :-** હવે અહીં સોલહ કારણ પૂજનની જયમાળાના અર્થને વાંચવાથી મહાન પુણ્યનું ઉપાર્જન થાય છે, એટલા માટે તે જયમાળાના અર્થને ભાવોની વિશુદ્ધિ તથા અશુભ ભાવોના નાશ માટે લખીએ છીએ. પ્રથમ સમુચ્ચય જયમાળાનો અર્થ લખીએ છીએ.

**અર્થ:-** હે ! સંસાર સમુદ્રથી તારવાવાળી, કુગતિનું નિવારણ કરવાવાળી, હે તીર્થંકર લબ્ધિને ધારણ કરવાવાળી, હે શિવ-નિર્વાણની કારણ, હે સોલહ કારણ, હું તારા માટે નમસ્કાર કરી સ્તવન કરૂં છું અને મારી શક્તિને પ્રગટ કરૂં છું.

**ભાવાર્થ:-** જેને સોલહ કારણ ભાવનાઓ થઈ જાય છે તે નિયમથી તીર્થંકર થઈ સંસાર સમુદ્રથી તરી જ જાય છે, એવો નિયમ છે. સોલહ કારણ ભાવનાઓ જેને હોય છે તેનું કુગતિ ગમન થતું નથી. કોઈ તો વિદેહ ક્ષેત્રોમાં-ગૃહસ્થાપણામાં સોલહ કારણ ભાવના કેવળી-શ્રુતકેવળીની નિકટ ભાવી તે જ ભવે દેવો દ્વારા તપ કલ્યાણક, જ્ઞાન કલ્યાણક, નિર્વાણ કલ્યાણક મનાવી નિર્વાણને પ્રાપ્ત થાય છે. કોઈ પૂર્વ જન્મમાં કેવળી-શ્રુતકેવળીની નિકટ સોલહ કારણ ભાવના ભાવી સૌધર્મ સ્વર્ગથી લઈ સર્વાર્થસિદ્ધિ સુધીના અહમિન્દ્રોમાં ઉપજી પછી મનુષ્ય થઈ, તીર્થંકર થઈ, નિર્વાણ પ્રાપ્ત કરે છે. કોઈએ પૂર્વ જન્મમાં મિથ્યાત્વ અવસ્થામાં નરકના આયુષ્યનો બંધ કર્યો, પછી કેવળી-શ્રુતકેવળીનું શરણ લઈ સમ્યક્ત્વ ગ્રહણ કરી સોલહ કારણ ભાવના ભાવતાં નરક જઈ, ત્યાંથી નીકળી તીર્થંકર થઈ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

જેઓ પૂર્વ જન્મમાં સોલહ કારણ ભાવના ભાવી તીર્થંકર પ્રકૃતિ બાંધે છે તેમના પાંચ કલ્યાણકનો મહિમા હોય છે. જેઓ વિદેહક્ષેત્રોમાં-ગૃહસ્થપણામાં તીર્થંકર પ્રકૃતિ બાંધે છે તેઓ તે જ ભવમાં તપ, જ્ઞાન, નિર્વાણ આ ત્રણે કલ્યાણકોનું ઈન્દ્રાદિ દ્વારા પૂજન પામી નિર્વાણ પામે છે.

કોઈ વિદેહક્ષેત્રોમાં મુનિના વ્રત ધારણ કર્યા પછી શ્રુતકેવળીની નિકટ સોલહ કારણ ભાવના ભાવી તે જ ભવમાં તીર્થંકર થઈ જ્ઞાન, નિર્વાણ બે કલ્યાણકની પૂજા પામી, નિર્વાણ પ્રાપ્ત થાય છે. તેઓ પ્રથમ જ દીક્ષા લઈ લે છે, પછી સોલહ કારણ ભાવના ભાવી તીર્થંકર પ્રકૃતિ બાંધે છે, એટલે તેમનું તપ કલ્યાણક હોતું નથી.

જેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ થઈ જાય છે તેઓ ભવનત્રિક દેવોમાં, ખોટા માનવોમાં, નીચ કુળવાળા, વિકૃત અંગવાળા, અલ્પાયુ, દરિદ્રી, તિર્યંચોમાં, ભોગભૂમિમાં, સ્ત્રીમાં, નપુંસકમાં, એકેન્દ્રિયથી વિકલ ચતુષ્કાયાદિ પર્યાયોમાં ઉપજતા નથી, ત્રીજા નરકથી નીચે જતા નથી. આ રીતે સોલહ કારણ ભાવના કુગતિનું નિવારણ કરવાવાળી છે. સોલહ કારણ ભાવના ભાવ્યા પછી ત્રીજા ભવમાં નિર્વાણ થાય જ છે, એટલે શિવનું કારણ છે. તીર્થંકરત્વ ઋદ્ધિ સોલહ કારણ ભાવના ભાવવાથી જ ઉત્પન્ન થાય છે. એટલા માટે હે સોલહ કારણ ભાવના ! હું તમને (તને) નમસ્કાર કરી સ્તવન કરૂં છું.

(૧) **હે ભવ્ય જીવો ! આ દુર્લભ મનુષ્ય જન્મમાં પચ્ચીસ દોષ રહિત દર્શન વિશુદ્ધિ નામની ભાવના ભાવો.** સમ્યગ્દર્શનનો નાશ કરવાવાળા દોષોનો ત્યાગ કરવામાં જ સમ્યગ્દર્શનની ઉજ્જવળતા છે. ત્રણ મૂઢતા, આઠ મદ, છ અનાયતન, શંકાદિ આઠ દોષ-એ સાચા શ્રદ્ધાનને મલિન કરવાવાળા પચ્ચીસ દોષ છે, તેમનો દૂરથી જ ત્યાગ કરો.

(૨) પાંચ પ્રકારનો વિનય, જેવો ભગવાનના પરમાગમમાં કહ્યો છે તે રીતે કરવો જોઈએ. દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, ઉપચાર વિનય - એ પાંચ પ્રકારના વિનયને ભગવાન જિનેન્દ્રએ જિનશાસનનું મૂળ કહ્યું છે. જ્યાં પાંચ પ્રકારનો વિનય નથી ત્યાં જિનેન્દ્રના ધર્મની પ્રવૃત્તિ જ નથી. એટલા માટે જિનશાસનના મૂળ વિનયરૂપ જ રહેવું યોગ્ય છે.

(૩) અતિચાર રહિત શીલને પાળવું જોઈએ. શીલને મલિન કરવું ન જોઈએ. **ઉજ્જવળ શીલ જ મોક્ષના માર્ગમાં મહાન સહાયક છે.** જેને ઉજ્જવળ શીલ છે તેને મોક્ષના માર્ગમાં ઈન્દ્રિયો, વિષય, કષાય, પરિગ્રહ આદિ વિઘ્ન કરી શકતાં નથી.

(૪) આ દુર્લભ મનુષ્ય જન્મમાં પ્રતિક્ષણ જ્ઞાનોપયોગ રૂપ જ રહેવું જોઈએ. સમ્યગ્જ્ઞાન વિના એક ક્ષણ પણ વ્યતીત ન કરો. જે અન્ય સંકલ્પ-વિકલ્પ સંસારમાં ડૂબાડવાવાળા છે તેમનો દૂરથી જ પરિત્યાગ કરો.

(૫) ધર્માનુરાગપૂર્વક સંસાર, શરીર, ભોગોથી વૈરાગ્યરૂપ સંવેગ ભાવનાનું હંમેશાં મનમાં ચિંતવન થવું જોઈએ. તેનાથી બધા વિષયોમાં અનુરાગનો અભાવ થાય છે, તથા ધર્મમાં તથા ધર્મના ફળમાં અનુરાગરૂપ દઢ પ્રવર્તન થાય છે.

(૬) અંતરંગમાં આત્માના ઘાતક લોભાદિ ચાર કષાયોનો અભાવ કરી પોતાની શક્તિ અનુસાર સુપાત્રોના રત્નત્રયાદિ ગુણોમાં અનુરાગ કરી ચાર પ્રકારનાં દાનમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૭) અંતરંગ-બહિરંગ બંને પ્રકારના પરિગ્રહમાં આસક્તિ છોડી સમસ્ત વિષયોની ઈચ્છાનો અભાવ કરી અત્યંત કઠિન તપને પોતાની શક્તિ અનુસાર કરવું જોઈએ.

(૮) ચિત્તમાં રાગાદિ દોષોનું નિરાકરણ કરી પરમ વીતરાગતારૂપ સાધુ સમાન સમાધિ ધારણ કરવી જોઈએ.

(૯) સંસારના દુઃખ-આપદાઓનું નિરાકરણ કરવાવાળી દસ પ્રકારની વૈયાવૃત્ત્ય કરવી જોઈએ.

(૧૦) અરિહંતના ગુણોમાં અનુરાગરૂપ ભક્તિને ધારણ કરી, અરિહંતના નામાદિનું ધ્યાન કરી અરિહંત ભક્તિ કરવી જોઈએ.

(૧૧) પાંચ પ્રકારના આચારનું જેઓ સ્વયં આચરણ કરે છે, અન્ય શિષ્ય મુનિઓને કરાવે છે, દીક્ષા-શિક્ષા દેવામાં નિપુણ, ધર્મના સ્તંભ, એવા આચાર્ય પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગ કરવો તે આચાર્ય ભક્તિ છે.

(૧૨) નિરંતર જ્ઞાનમાં પ્રવર્તન કરવાવાળા, કરાવવાવાળા, સ્વયં સમ્યગ્જ્ઞાનનું પઠન કરે છે, અન્ય શિષ્યોને ભણાવે છે, ચારેય અનુયોગોના જ્ઞાનના પારગામી (નિષ્ણાત) અંગ-પૂર્વ-શ્રુતના ધારી ઉપાધ્યાય પરમેષ્ઠીની ભક્તિ કરવી તે બહુશ્રુત ભક્તિ છે.

(૧૩) જિનશાસનને પુષ્ટ કરવાવાળા, સંશય આદિ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન જે ભગવાનનું અનેકાન્તરૂપ આગમ છે તેના પઠન, શ્રવણ, પ્રવર્તન, ચિંતવનમાં ભક્તિપૂર્વક પ્રવર્તવું તે પ્રવચન ભક્તિ ભાવના છે.

(૧૪) અવશ્ય કરવા યોગ્ય જે ષટ્ આવશ્યક તે અશુભ કર્મોના આસ્રવને રોકીને મહાન નિર્જરા કરવાવાળા છે, અશરણને શરણ છે એવા આવશ્યકોને એકાગ્ર ચિત્તથી ધારણ કરી નિરંતર તેમની ભાવના ભાવવી જોઈએ.

(૧૫) જિનમાર્ગની પ્રભાવનામાં નિત્ય પ્રવર્તન કરવું જોઈએ. જિનમાર્ગની પ્રભાવના ધન્ય પુરૂષ દ્વારા થાય છે. અનેક લોકોની વીતરાગ ધર્મમાં પ્રવૃત્તિ તથા કુમાર્ગનો અભાવ પ્રભાવના દ્વારા જ થાય છે.

(૧૬) ધર્મમાં, ધર્માત્મા પુરૂષોમાં, ધર્મના આયતનમાં, પરમાગમના અનેકાંતરૂપ વચનોમાં પરમ પ્રીતિ કરવી તે વાત્સલ્ય ભાવના છે, આ વાત્સલ્ય ભાવના બધી ભાવનાઓમાં મુખ્ય છે, વાત્સલ્ય અંગ બધા અંગોમાં મુખ્ય છે, મહા મોહ તથા માનનો નાશ કરવાવાળું છે.

આ રીતે નિર્વાણ સુખને આપવાવાળી આ સોલહ કારણ ભાવનાઓને જે ભવ્ય સ્થિર ચિત્તથી ભાવે છે, ચિંતન કરે છે, ઘણું સન્માન કરે છે, તેમનામાં રચી-પચી જાય છે, તે બધા જીવોના હિતરૂપ તીર્થંકરપણું પામી પંચમગતિ જે નિર્વાણ તેને પ્રાપ્ત કરે છે.

આ રીતે ષોડ્શ કારણના આ સમુચ્ચય કથનરૂપ ભાવના સમાપ્ત થઈ.

## ❖ દર્શન વિશુદ્ધિ ભાવના ❖

હવે દર્શન વિશુદ્ધિ નામની પ્રથમ ભાવનાનું વર્ણન કરીએ છીએ. હે ભવ્ય જીવો ! જો આ મનુષ્ય જન્મ પામીને સફળ કરવા ચાહો છો તો સમ્યગ્દર્શનની વિશુદ્ધતા ધારણ કરો. **આ સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શન વગર શ્રાવક ધર્મ પણ થતો નથી. મુનિ ધર્મ પણ થતો નથી. સમ્યગ્દર્શન વિના જે જ્ઞાન છે તે કુજ્ઞાન છે, જે ચારિત્ર છે તે કુચારિત્ર છે, જે તપ છે તે કુતપ છે.**

સમ્યગ્દર્શન વિના આ જીવે સંસારમાં અનંતાનંત કાળ પરિભ્રમણ કર્યું છે. હવે જો ચતુર્ગતિરૂપ સંસાર પરિભ્રમણથી ભયભીત થઈ જન્મ-જરા-મરણના દુઃખોથી-રોગોથી છૂટવા ચાહતા હો તથા અનંત અવિનાશી સુખમય આત્માને ચાહો છો તો અન્ય સમસ્ત પરદ્રવ્યોની અભિલાષા છોડી એક સમ્યગ્દર્શનની જ ઉજ્જવળતા કરો.

**કેવી છે દર્શન વિશુદ્ધતા ?** નિર્વાણના સુખનું કારણ છે, દુર્ગતિનું નિરાકરણ

કરવાવાળી છે, વિનય સંપન્નતા આદિ પંદર કારણ ભાવનાઓનું પણ મૂળ કારણ છે. જો દર્શન વિશુદ્ધતા ન હોય તો અન્ય પંદર ભાવનાઓ પણ હોતી નથી. જે સંસારના દુઃખરૂપ મોહાંધકારને નાશ કરવાવાળા સૂર્ય સમાન છે, ભવ્યોને પરમ શરણ છે, એવી દર્શન વિશુદ્ધતા નામની ભાવના ભાવવી જોઈએ. જે રીતે સ્વ-પર દ્રવ્યોનું ભેદજ્ઞાન ઉપજે, ઉજ્જવળ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.

**આ જીવે અનાદિકાળથી મિથ્યાત્વ નામના કર્મને વશમાં થઈ પોતાના સ્વરૂપની અને પરદ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ ન કરી. કર્મના ઉદયથી જે પર્યાય મળી તે જ પર્યાયને પોતાનું સ્વરૂપ માની લીધું.** પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન કરવામાં આંધળો રહી, પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ રહી ચારે ગતિઓમાં ભ્રમણ કરતો આવ્યો છે. આ જીવ દેવ-કુદેવને ધર્મ-કુધર્મને, સુગુરુ-કુગુરુને જાણતો નથી; પુણ્ય-પાપનો, આલોક-પરલોકનો, ત્યાગવા યોગ્ય-ગ્રહણ કરવા યોગ્યનો, ભક્ષ્ય-અભક્ષ્યનો, સત્સંગ-કુસંગનો, શાસ્ત્ર-કુશાસ્ત્રનો વિચાર જ કરતો નથી. કર્મના ઉદયના રસમાં તન્મય થઈ સદા કાળ જ કષ્ટ ઉઠાવતો રહ્યો છે.

કોઈ અકસ્માત કાળલબ્ધિના યોગથી ઉત્તમ કુળાદિમાં જિનેન્દ્ર ધર્મ પ્રાપ્ત થયો છે, જેનાથી વીતરાગ સર્વજ્ઞના અનેકાન્તરૂપ પરમાગમના પ્રસાદથી પ્રમાણ, નય, નિક્ષેપો દ્વારા નિર્ણય કરી, પરીક્ષા પ્રધાની થઈ વીતરાગી સમ્યગ્જ્ઞાની ગુરુઓની કૃપાથી એવો નિશ્ચય કર્યો - **હું એક જાણવાવાળો જ્ઞાયકરૂપ અવિનાશી, અખંડ ચેતના લક્ષણ, દેહાદિ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન આત્મા છું. દેહ, જાતિ, કુળ, રૂપ નામ ઈત્યાદિ મારાથી અત્યંત ભિન્ન છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, લોભાદિ કર્મના ઉદયથી ઉપજેલા મારા જ્ઞાયક સ્વભાવમાં વિકાર છે.** જેમકે સ્ફટિક મણિ સ્વયં તો સ્વચ્છ શ્વેત સ્વભાવ છે, તેમાં ડાઘના સંસર્ગથી કાળા, પીળા, લાલ, લીલા અનેક રંગનો દેખાય છે, તે જ રીતે હું આત્મા સ્વયં તો સ્વચ્છ, જ્ઞાયક ભાવ, નિર્વિકાર, ટંકોત્કીર્ણ છું, મોહ કર્મના ઉદય જનિત રાગ-દ્વેષ આદિ તેમાં ઝળકે છે, તે મારૂં રૂપ નથી, પર છે. આ રીતે પોતાના સ્વરૂપનો નિશ્ચય થયો છે.

**નિઃશંકિતગુણ :-** સર્વજ્ઞ, વીતરાગ, પરમ હિતોપદેશક તથા અઢાર દોષ ક્ષુધા, તૃષા, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, રાગ, દ્વેષ, નિંદા, ચિંતા, સ્વેદ, મદ, મોહ, ખેદ, રતિનો જેમને અત્યંત અભાવ થયો છે તથા જેમને અનંત જ્ઞાન,

અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય ઈત્યાદિ અનંત આત્મીક અવિનાશી ગુણ પ્રગટ થયા છે, એવા **આપ્ત** જ મારા વંદન, સ્તવન, પૂજન, કરવા યોગ્ય છે. અન્ય કામી, ક્રોધી, લોભી, મોહી, સ્ત્રીઓમાં આસકત, શસ્ત્રાદિ ધારણ કરેલા, કર્મને આધીન, ઈન્દ્રિય જ્ઞાનના ધારક સર્વજ્ઞતા રહિત છે. તે મારા વંદન, સ્તવન, પૂજવા યોગ્ય નથી. જે ચોરોમાં શિરોમણી, જોરાવરોમાં શિરોમણી છે તે આરાધના યોગ્ય કેવી રીતે હોય?

સર્વજ્ઞ વીતરાગનાં ઉપદેશિત, પ્રત્યક્ષ તથા અનુમાન આદિથી જેમાં બાધા આવતી નથી, છ કાયના બધા જીવોને હિંસા રહિત ધર્મના ઉપદેશક, આત્માનાં ઉદ્ધારક, અનેકાન્તરૂપ વસ્તુને સાક્ષાત્ પ્રગટ કરવાવાળાં જ **આગમ** છે, તે જ વાંચવા, વંચાવવા, સાંભળવા, શ્રદ્ધા કરવા, વંદવા લાયક છે. રાગી-દ્વેષીનાં કહેલાં, વિષયાનુરાગ તથા કષાય વધારવાવાળાં, જેમાં હિંસા કરવાનો ઉપદેશ છે તેવાં પ્રત્યક્ષ તથા અનુમાનથી બાધિત એકાન્તરૂપ શાસ્ત્ર સાંભળવા, વાંચવા, વંદવા યોગ્ય નથી.

જેમને વિષયોની વાંછાનો, કષાયનો, પરિગ્રહનો, આરંભનો અત્યંત અભાવ થઈ ગયો છે; જે કેવળ આત્માની ઉજ્જવળતા કરવામાં ઉદ્યમી, ધ્યાન-સ્વાધ્યાયમાં ઉત્તમ લીન, સ્વાધીન, કર્મબંધ જનિત સુખ-દુઃખમાં સામ્ય ભાવના ધારક, જીવન-મરણ, લાભ-અલાભ સ્તવન-નિંદામાં રાગ દ્વેષ રહિત, ઉપસર્ગ-પરીષહોને સહેવામાં અકંપ, ધૈર્યના ધારક, તે પરમ નિર્ગ્રંથ **ગુરુ** જ વંદન સ્તવન કરવા યોગ્ય છે. અન્ય આરંભી, કષાયી, વિષયાનુરાગી, કુગુરુ કદી પણ સ્તવન વંદન કરવા યોગ્ય નથી.

જીવ દયા જ **ધર્મ** છે, હિંસા કદી પણ ધર્મ નથી. કદાચ કદી સૂર્યનો ઉદય પશ્ચિમ દિશામાં થાય, અગ્નિ શીતળ થઈ જાય, સાપના મુખમાં અમૃત થઈ જાય, મેરૂ પર્વત પોતાના સ્થાનથી હટી જાય, પૃથ્વી ઉલટ-પુલટ થઈ જાય, પણ હિંસાથી કદી પણ ધર્મ ન થાય, એવું દૃઢ શ્રદ્ધાન સમ્યગ્દષ્ટિને હોય છે.

પોતાના આત્માના અનુભવમાં, સર્વજ્ઞ વીતરાગરૂપ આપ્તના સ્વરૂપમાં, નિર્ગ્રંથ વિષય-કષાય રહિત ગુરુમાં, અનેકાન્ત સ્વરૂપ આગમમાં, દયારૂપ ધર્મમાં શંકાનો અભાવ હોવો તે નિઃશંકિત અંગ છે. સમ્યગ્દષ્ટિને એમાં કદી શંકા થતી નથી, એટલે તેને નિઃશંકિત અંગ હોય છે.

**નિઃકાંક્ષિત ગુણ :-** સમ્યગ્દષ્ટિ ધર્મ સેવન કરી વિષયોની વાંછા કરતો નથી. સમ્યગ્દષ્ટિને ઈન્દ્ર-અહમિન્દ્ર લોકના વિષય પણ મહાન વેદનારૂપ, વિનાશીક, પાપના

બીજરૂપ જ દેખાય છે, તથા ધર્મનું ફળ અનંત, અવિનાશી, સ્વાધીન સુખ સહિત મોક્ષ જણાય છે. જે રીતે ઝવેરી બહુ મૂલ્ય રત્નને છોડીને કાચના ટુકડાને ગ્રહણ કરતો નથી; તે જ રીતે જેને સાચું, આત્મીક અવિનાશી, બાધા રહિત સુખ જણાઈ ગયું (અનુભવમાં આવી ગયું) તે અસત્ય, બાધા સહિત, વિષયોના સુખની વાંછા કેવી રીતે કરે ? માટે સમ્યગ્દષ્ટિ વાંછા રહિત જ હોય છે.

અવ્રતી સમ્યગ્દષ્ટિને વર્તમાનકાળમાં આજીવિકાદિમાં, (રહેવાના) સ્થાન આદિ પરિગ્રહમાં, વેદનાના અભાવની જે વાંછા હોય છે તે વર્તમાનકાળની વેદના સહેવાની અસમર્થતાથી વેદનાના ઉપાય માત્રની ચાહ છે. જેમ રોગી કડવી ઔષધિથી ઘણો વિરક્ત હોય છે, તો પણ જ્યારે વેદનાનું દુઃખ સહન થતું નથી ત્યારે તે વમન-વિરેચન આદિની કારણ કડવી દવા પણ ગ્રહણ કરે છે, દુર્ગંધિત તેલ આદિ પણ લગાવે છે, પરંતુ અંતરંગમાં ઔષધિથી જરા પણ અનુરાગ રાખતો નથી; તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ નિર્વાંછક છે તો પણ વર્તમાનનું દુઃખ દૂર કરવા માટે યોગ્ય તથા ન્યાયના વિષયોની વાંછા કરે છે. જેમના પ્રત્યાખ્યાનાવરણ અપ્રત્યાખ્યાનાવરણ કષાયોનો અભાવ થઈ ગયો છે તે મુનિરાજ પોતાના શરીરના સો ટુકડા થઈ જાય તો પણ વિષયોની વાંછા કરતા નથી, એટલે સમ્યગ્દષ્ટિને નિઃકાંક્ષિત ગુણ હોય જ છે.

**નિર્વિચિકિત્સા ગુણ:-** સમ્યગ્દષ્ટિ અશુભ કર્મના ઉદયથી મળેલી અશુભ સામગ્રીમાં ગ્લાનિ(ખેદ) કરતા નથી, પરિણામ બગાડતા નથી. તે તો વિચારે છે કે મેં પૂર્વે જેવું કર્મ બાંધ્યું હતું તેના ઉદયના અનુસાર ભોજન, પાણી, સ્ત્રી, પુત્ર, દારિદ્રય, સંપદા, આપદા પ્રાપ્ત થઈ છે. અન્ય કોઈને રોગી દરિદ્રી, હીન, નીચ, મલીન જોઈને પરિણામ બગાડતા નથી, પાપની સામગ્રી જાણી કલુષતા કરતા નથી. મળ-મૂત્ર, કીચડ આદિ દ્રવ્યને જોઈ, ભયંકર સ્મશાન વન આદિ ક્ષેત્રને જોઈ, ભયરૂપ દુઃખદાયી કાળને જોઈ, દુષ્ટપણા, કડવાપણા ઈત્યાદિ વસ્તુના સ્વભાવને જાણી પોતાના પરિણામોમાં કલેશિત ન થવું તે નિર્વિચિકિત્સા અંગ સમ્યગ્દષ્ટિને હોય જ છે.

**અમૂઢદષ્ટિ ગુણ:-** ખોટા શાસ્ત્રોથી, વ્યંતર આદિ દેવકૃત વિક્રિયાથી, મણિ મંત્ર, ઔષધિ આદિના પ્રભાવથી, અનેક વસ્તુઓનો વિપરીત સ્વભાવ જોઈ સાચા ધર્મથી ચલાયમાન ન થવું તે સમ્યગ્દર્શનનો અમૂઢ દષ્ટિ ગુણ છે જે સમ્યગ્દષ્ટિને હોય જ છે.

**ઉપગૂહન ગુણ:-** સમ્યગ્દષ્ટિ અન્ય જીવોના અજ્ઞાનથી, અશક્તિથી લાગેલા દોષ જોઈ તેમને ઢાંકે છે. **આ સંસારી જીવ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય કર્મને વશ થઈ પોતાનો સ્વભાવ ભૂલી રહ્યા છે.** કર્મને આધીન થઈ અસત્ય વચન, પરધન હરણ, કુશીલ આદિ પાપોમાં પ્રવૃત્તિ કરે છે. જે પાપોથી દૂર રહે છે તે ધન્ય છે. જો કદાચ કોઈ પ્રસિદ્ધ ધર્માત્મા પુરૂષથી પાપના ઉદયમાં કોઈ અપરાધ થઈ જાય તો તે તેને જાણીને એવો વિચાર કરે છે કે જો આ દોષ પ્રગટ થઈ જશે તો અન્ય ધર્માત્માઓ તથા જૈનધર્મની ઘણી નિંદા થશે, એમ જાણી તેના દોષને ઢાંકે છે. પોતાના ગુણોની પ્રશંસાના ઈચ્છુક હોતા નથી. આવો ઉપગૂહન ગુણ સમ્યગ્દષ્ટિને હોય જ છે.

**સ્થિતિકરણ ગુણ:-** જો કોઈ ધર્માત્મા પુરૂષનાં પરિણામ કદીક રોગની વેદનાથી- ધર્મથી વિચલીત થઈ જાય, ગરીબીથી, ઉપસર્ગ આવવાથી, પરીષહ સહ્યો ન જવાથી, અસહાયતાથી, આહાર- પાણી બંધ થવાથી, પરિણામ ધર્મથી શિથિલ થવા લાગે, તો તેને ઉપદેશ આદિ આપી પરિણામોને ધર્મમાં સ્થિર કરવા માટે કહે - હે જ્ઞાની! હે ધર્મના ધારક ! તમે સચેત થઈ જાઓ, કાયરતા ધારણ કરી ધર્મમાં કેમ શિથિલ થઈ રહ્યા છો ? રોગના કષ્ટથી-ધર્મથી વિચલિત કેમ થાઓ છો? તમે જ્ઞાની થઈને આવી ભૂલ કેમ કરો છો ? આ અશાતા વેદનીય કર્મ પોતાનો સમય જોઈ ઉદયમાં આવી ગયું છે, હવે જો કાયર બની, દીન થઈ, રૂદન વિલાપ આદિ કરતાં ભોગવશો તો કર્મ છોડશે નહિ, કર્મને દયા આવતી નથી કે તે તમને રોતા, વિલાપ આદિ કરતા જોઈ પોતાનો રસ દેવામાં પીછે હઠ કરશે. જો ધીરપણું ધારણ કરી ભોગવશો તો પણ કર્મ છોડશે નહિ.

કોઈ દેવ, દાનવ, મંત્ર, તંત્ર, ઔષધિ, વૈદ્ય આદિ તથા સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ, સેવક સુભટ આદિ ઉદયમાં આવેલા કર્મને હરણ કરવામાં સમર્થ નથી; તે તમે પણ સારી રીતે જાણો છો. હવે આ વેદનાના સમયમાં કાયર થઈ પોતાનો ધર્મ, યશ, પરલોક આદિને કેમ બગાડો છો ? તેમને બગાડી સ્વચ્છંદ ચેષ્ટા, વિલાપ આદિ કરવાથી વેદના ઘટશે નહિ. જેમ જેમ કાયર થશો તેમ-તેમ વેદનાનું દુઃખ વધશે. માટે હવે ધીરજ ધારણ કરી ધર્મનું પરમ શરણ ગ્રહણ કરો.

સંસારમાં નરકનાં તથા તિર્યંચોનાં ક્ષુધા, તૃષા, રોગ, સંતાપ, તાડન, છેદન, ભેદન, મારન, શીત, ઉષ્ણ આદિના ઘોર દુઃખ અસંખ્યાત કાળ સુધી અનેકવાર અનંત

ભવ ધારણ કરી ભોગવ્યા છે. હવે આ તમને કેટલું દુઃખ છે ? તે તો થોડા જ સમયમાં નિર્જરી જશે. આ રોગની વેદના દેહને મારશે, તમારા ચેતન સ્વરૂપ આત્માને નહિ મારે. દેહનું મરણ તો અવશ્ય થશે જ. જે પણ દેહ ધારણ કર્યો છે તેનું મરણ અવશ્યંભાવી છે. એટલે તમે હવે સચેત થાઓ, આ કર્મને જીતવાનો અવસર છે.

**હવે ભગવાન પંચ પરમેષ્ઠીનું શરણ લઈ પોતાના અજર, અમર, અખંડ, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને ગ્રહણ કરો.** આવો અવસર ફરીથી આવવો દુર્લભ છે.

આ રીતે ધર્મનો ઉપદેશ આપી ધર્મમાં દૃઢ કરવા સત્વરે જ અનિત્ય, અશરણ, આદિ ભાવનાઓનું ચિંતવન કરાવવું-ગ્રહણ કરાવવું. જો ત્યાગ વ્રત આદિ છોડી દીધાં હોય તો ફરીથી ગ્રહણ કરાવવાં. શરીરનું મર્દન આદિ કરી દુઃખ દૂર કરવું. કોઈ સેવા-ચાકરી કરવાવાળું ન હોય તો પોતે જ સ્વયં ચાકરી કરવી, અન્ય સાધર્મીઓનો સાથ લેવો, આહાર, પાણી, દવા આદિ કરી સ્થિતિકરણ કરવું. મળ-મૂત્ર, કફ આદિ આવી ગયું હોય તો ધોવું, લૂછવું વિગેરે કરી સ્થિર કરવા. ગરીબાઈ આદિથી ચલાયમાન થયા હોય તો તેમની ભોજન-પાનાદિ દ્વારા આજીવિકા લગાવી દેવી, ઉપસર્ગ પરીષહ આદિ દૂર કરી, સાચા ધર્મમાં સ્થાપિત કરવા, આવું સ્થિતિકરણ અંગ સમ્યગ્દષ્ટિને હોય જ છે.

**વાત્સલ્યગુણ:-** વાત્સલ્ય નામનો ગુણ સમ્યગ્દષ્ટિને હોય જ છે. સંસારી જીવોને પોતાનાં સ્ત્રી, પુત્રાદિમાં ઈન્દ્રિયના વિષય ભોગોમાં, ધન કમાવામાં ઘણી પ્રીતિ રહે છે. સ્ત્રી, પુત્ર, ધન, પરિગ્રહ, વિષય આદિને સંસાર પરિભ્રમણનું કારણ જાણી, અંતરંગમાં વૈરાગ્ય ધારણ કરી ધર્માત્મામાં, રત્નત્રયના ધારક મુનિ, આર્જિકા, શ્રાવક, શ્રાવિકામાં તથા ધર્મના આયતનોમાં જેની અત્યંત પ્રીતિ હોય છે તેને સમ્યગ્દર્શનનું વાત્સલ્ય અંગ હોય જ છે.

**પ્રભાવના ગુણ:-** પોતાના મનથી, વચનથી, કાયાથી, ધનથી, દાનથી, વ્રતથી, તપથી, ભક્તિથી, રત્નત્રયનો પ્રભાવ પ્રગટ કરવો તે માર્ગ પ્રભાવના અંગ છે. તેનું વિશેષ વર્ણન પ્રભાવના અંગની ભાવનામાં કરીશું

આ રીતે સમ્યગ્દર્શનના આઠ અંગ ધારણ કરવાથી એ ગુણોના વિરોધી શંકાદિ આઠ દોષોનો અભાવ થવાથી દર્શન વિશુદ્ધતા થાય છે. આ ગુણોને ધારણ કરવાથી પવિત્ર ઉજ્જવળ દર્શન વિશુદ્ધતા નામની ભાવના થાય છે.

**લોક મૂઢતા, દેવ મૂઢતા, ગુરુ મૂઢતાના પરિણામો**ને છોડીને શ્રદ્ધાનને ઉજ્જવળ કરવું.

**લોક મૂઢતા ત્યાગઃ-** લોક મૂઢતાનું સ્વરૂપ આ પ્રકારનું છે.-મરેલાનાં હાડકાં, નખાદિ ગંગામાં પહોંચાડવાથી મરેલાની મુક્તિ થવી માનવી, ગંગા જળને ઉત્તમ માનવું, ગંગા સ્નાનમાં, નદી સ્નાનમાં, સમુદ્રની લહેરના સ્નાનમાં ધર્મ માનવો, મરેલા પતિ સાથે જીવિત સ્ત્રી તથા દાસી અગ્નિમાં બળીને મરી જવાવાળીને સતી માની પૂજવી, મરેલ પૂર્વજોને પિતર માની પૂજવા, પિતરોને પત્તોમાં સ્થાપિત કરી પહેરવા, સૂર્ય, ચંદ્ર, મંગળ આદિ ગ્રહોને સોના-ચાંદીના બનાવી ગળામાં પહેરવા, ગ્રહોના દોષ દૂર કરવા દાન આપવું, સંક્રાંતિ, વ્યતિપાત, સોમવતી અમાસ માની દાન દેવું, સૂર્ય ચંદ્રને ગ્રહણ લાગવા પર સ્નાન કરવું, ડાભને (ધરોને) શુદ્ધ માનવું, હાથીના દાંતોને શુદ્ધ માનવા, કૂવા પૂજવા, સૂર્ય-ચંદ્રમાને અર્ઘ અર્પવા, દહેરી(એક પ્રકારનું ઘાસ) પૂજવી, મૂસલ (સાંબેલું)પૂજવું, છીંક પૂજવી, ગણેશ(વિનાયક) પૂજવા, દીપકની જ્યોતિ પૂજવી, ચોટી-જડૂલા (ઉંબરો) રખાવવા, દેવતાની બાબરી(બાધા રાખવી), દેવતાને ભોગ ચઢાવવાની માન્યતા(માનતા) પૂરી કરતા રહેવાથી પોતાના સંતાનોને જીવિત માનવાં, સંતાનોને દેવતા દ્વારા આપેલાં માનવાં.

પોતાના લાભ માટે, કાર્ય સિદ્ધિ માટે આ રીતે પ્રાર્થના કરવી-જો મને આટલો લાભ થઈ જાય, સંતાનનો રોગ મટી જાય, સંતાન ઉત્પન્ન થઈ જાય, વેરીનો નાશ થઈ જાય તો હું આપને છત્ર ચઢાવીશ, આટલું ધન ભેટ કરીશ, આ રીતે વાયદા કરી દેવતાને લાંચ આપી કાર્યોની સિદ્ધિ ઈચ્છવી.

જાગરણ કરવું, કુળ દેવતાને પૂજવા, શીતળાને પૂજવી, લક્ષ્મીને, સોનાને, ચાંદીને પૂજવાં, કલમ-ખડિયાને પૂજવાં, પશુઓને પૂજવાં, અન્નને, જળને પૂજવાં, શસ્ત્રને, વૃક્ષને, અગ્નિને દેવતા માની પૂજવા તે બધી લોક મૂઢતા છે. મિથ્યાદર્શનના પ્રભાવથી શ્રદ્ધાનનું વિપરીતપણું છે જે બધું ત્યાગવા યોગ્ય જ છે.

**દેવ મૂઢતા ત્યાગઃ-** દેવ-કુદેવના વિચાર રહિત થઈ કામી, ક્રોધી, શસ્ત્રધારી, પરિગ્રહીમાં પણ ઈશ્વરપણાની બુદ્ધિ કરવી કે - આ ભગવાન પરમેશ્વર છે, વિશ્વની સમસ્ત રચના તેમની જ રચેલી છે, તે જ કર્તા ધર્તા છે, જગતમાં જે કંઈ થાય છે તે બધું આ ઈશ્વરનું જ કરેલું થાય છે, બધું જ સારૂં કે ખરાબ લોકો દ્વારા ઈશ્વરના

કરાવ્યા વિના કંઈ પણ થતું નથી, બધું ઈશ્વરની ઈચ્છાને આધીન થાય છે, શુભ કર્મ હોય યા અશુભ કર્મ, ઈશ્વરની પ્રેરણા વિના થતું નથી ઈત્યાદિ અનેક પ્રકારનાં **આ બધાં પરિણામ મિથ્યાદર્શનના ઉદયથી થાય છે, (તે) દેવ મૂઢતા છે.**

**ગુરુ મૂઢતા ત્યાગ:-** પાખંડી, હીન આચારના ધારક, પરિગ્રહી, લોભી, વિષયોના લોલુપીને કરામાતી(પૂજ્ય)માનવા, તેમનાં વચન સત્ય સિદ્ધ માનવાં, એ પ્રસન્ન થઈ જશે તો અમારાં ઈચ્છિત બધાં કાર્ય સિદ્ધ(પૂર્ણ) થઈ જશે; તે તપસ્વી છે, પૂજ્ય છે, મહાપુરૂષ છે, પ્રસિદ્ધ છે ઈત્યાદિ વિપરીત શ્રદ્ધાન કરવું તે ગુરુ મૂઢતા છે. જેમના પરિણામોમાં આ ત્રણ મૂઢતાઓનો અંશ માત્ર પણ હોતો નથી તેમને દર્શન વિશુદ્ધતા હોય છે.

**ષટ્ અનાયતન ત્યાગ:-** છ અનાયતનોનો ત્યાગ કરવાથી દર્શન વિશુદ્ધતા થાય છે. કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્ર, તથા તેમનું સેવન કરવાવાળા, એ છ ધર્મના આયતન અર્થાત્ સ્થાન નથી માટે તે અનાયતન છે.

રાગી, દ્વેષી, કામી, ક્રોધી, લોભી, શસ્ત્રાદિ સહિત, પરિગ્રહી જે મિથ્યાત્વ સહિત છે તેમનામાં સાચો ધર્મ જોવા મળતો નથી. એટલા માટે તે કુદેવ છે, અનાયતન છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયોના લોલુપી, પરિગ્રહના ધારી, આરંભ કરવા-કરાવવાવાળા વેશધારી ધર્મહીન છે, ગુરુ નથી એટલે તે અનાયતન છે.

હિંસાના આરંભની પ્રેરણા આપવાવાળા, રાગ-દ્વેષ કામાદિ દોષોને વધારવાવાળા, સર્વથા એકાન્તના પ્રરૂપક શાસ્ત્ર છે તે કુશાસ્ત્ર છે, ધર્મ રહિત છે અતઃ તે અનાયતન છે.

દેવી, દેરી, ક્ષેત્રપાલ આદિ દેવોને વંદવાવાળા ધર્મ રહિત છે, એટલે તે અનાયતન છે.

કુગુરુઓની ભક્તિપૂર્વક સેવા કરવાવાળા ધર્મ રહિત છે, એટલે તે અનાયતન છે.

મિથ્યા શાસ્ત્રોના વાંચવાવાળા, તેમની સેવા-ભક્તિ કરવાવાળા એકાંતી છે, ધર્મના સ્થાન નથી, તેથી તે અનાયતન છે.

આ રીતે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તથા તેમની સેવા ભક્તિ કરવાવાળા-આ છમાં સમ્યક્ધર્મ નથી, એવું દઢ શ્રદ્ધાન કરવાથી દર્શન વિશુદ્ધતા થાય છે.

**અષ્ટ મદ ત્યાગઃ-** જાતિ મદ, કુળ મદ, ઐશ્વર્ય મદ, રૂપ મદ, શાસ્ત્ર મદ, તપ મદ, બળ મદ, વિજ્ઞાન મદ, આ આઠ મદોનો જેને અત્યંત અભાવ હોય છે તેને દર્શન વિશુદ્ધતા હોય છે.

**જાતિ મદ ત્યાગઃ-** સમ્યગ્દષ્ટિને એવો સાચો વિચાર હોય છે - હે આત્મન્! આ ઉચ્ચ જાતિ છે તે તારો સ્વભાવ નથી, એ તો કર્મનું પરિણમન છે, પરકૃત છે, વિનાશીક છે, કર્મોને આધીન છે. માતાના વંશને જાતિ કહે છે. સંસારમાં અનેકવાર અનેક જાતિ મળી છે. આ જીવ અનેકવાર ચાંડાળણના, ભીલણના, મલેચ્છણના, ચમારણના, ધોબણના, નાઈણના, ડોમનીના, નટીના, વેશ્યાના, દાસીના, કલારિનના શિકારી આદિ મનુષ્ય સ્ત્રીના ગર્ભમાં ઉપજ્યો છે. સૂકરી, કૂકરી, ગર્દભી, શિયાળણ, કાગડી ઈત્યાદિ તિર્યંચનીના ગર્ભમાં અનંતવાર ઉપજી મર્યો છે. અનંતવાર નીચ જાતિમાં ઉપજ્યા પછી એક વાર ઉચ્ચ જાતિ પામે છે. આ રીતે અનંત વાર ઉચ્ચ જાતિ પણ મળી છે, તો પણ સંસાર પરિભ્રમણ જ કરતો રહ્યો માટે જાતિનો મદ કરવો જોઈએ નહિ.

**કુળ મદ ત્યાગઃ-** પિતાના વંશને કુળ કહે છે. ઉંચ-નીચ કુળ પણ અનંતવાર મળ્યું છે. સંસારમાં જાતિનો, કુળનો મદ કેવી રીતે કરી શકાય ? સ્વર્ગના મહાન ઋદ્ધિધારી દેવ મરીને એકેન્દ્રિયમાં આવી ઉપજે છે, કૂતરા આદિ નિંદ્ય તિર્યંચોમાં ઉત્પન્ન થઈ જાય છે, તથા ઉત્તમ કુળના ધારી હોવા છતાં ચાંડાળ આદિમાં ઉત્પન્ન થઈ જાય છે. **એટલે જાતિ કુળમાં અહંકાર કરવો મિથ્યાદર્શન છે.** હે આત્મા ! તારા જાતિ કુળ તો સિદ્ધો સમાન છે. તું તારૂં સ્વરૂપ ભૂલી માતાની રજ, પિતાના વીર્યથી ઉપજેલાં જાતિ કુળમાં મિથ્યા એકત્વ કરી પુનઃ સંસારમાં અનંતકાળ સુધી નિગોદવાસની તૈયારી ન કર. વીતરાગીનો ઉપદેશ ગ્રહણ કર્યો છે તો આ દેહની જાતિને પણ સંયમ, શીલ, દયા, સત્ય વચન આદિ દ્વારા સફળ કરો. જ્યારે મને ઉત્તમ જાતિ કુળ મળ્યું છે તો નીચ જાતિવાળાની જેમ હિંસા, અસત્ય, પરધન હરણ, કુશીલ સેવન, અભક્ષ્ય ભક્ષણ આદિ અયોગ્ય આચરણ કેમ કરૂં ? ન કરવું જોઈએ, નહિ કરૂં, એવો અહંકાર (ગર્વ) કરવા યોગ્ય છે. **સમ્યગ્દષ્ટિને કર્મકૃત પુદ્‌ગલ પર્યાયમાં કદી આત્મબુદ્ધિ હોતી નથી.**

**ઐશ્વર્ય મદ ત્યાગઃ-** ઐશ્વર્યનો મદ કેમ કરી શકાય ? એ ઐશ્વર્ય તો પોતાના આત્માનું સ્વરૂપ ભૂલાવી ઘણા આરંભ, રાગ-દ્વેષ આદિમાં પ્રવૃત્તિ કરાવી ચતુર્ગતિમાં પરિભ્રમણનું કારણ થાય છે. **નિર્ગ્રંથપણું ત્રણ લોકમાં ધ્યાવવા યોગ્ય છે-પૂજ્ય છે.**

આ ઐશ્વર્ય ક્ષણભંગુર છે. મોટા મોટા ઈન્દ્ર-અહમિન્દ્રોનું ઐશ્વર્ય પણ પતન સહિત છે. બલભદ્ર નારાયણનું ઐશ્વર્ય પણ ક્ષણમાત્રમાં નષ્ટ થઈ ગયું, અન્ય જીવોનું તો કેટલુંક ઐશ્વર્ય છે ? એવું જાણી જો બે દિવસનું ઐશ્વર્ય મળ્યું છે તો દુઃખી જીવોના ઉપકારમાં લગાવો, વિનયવાન થઈ દાન આપો. પરમાત્મસ્વરૂપ પોતાનું ઐશ્વર્ય જાણી આ કર્મકૃત ઐશ્વર્યથી વિરક્ત થવું જ યોગ્ય છે.

**રૂપ મદ ત્યાગ:-** રૂપનો મદ ન કરો. આ વિનાશીક પુદ્ગલનું રૂપ આત્માનું સ્વરૂપ નથી, વિનાશીક છે, ક્ષણ-ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. આ રૂપને રોગ, વિયોગ, દારિદ્રય, વૃદ્ધાવસ્થા, મહા કુરૂપ કરી દેશે. એવા હાડ-ચામડાના રૂપમાં રાગી થઈ મદ કરવો(એ) મોટો અનર્થ છે. આ આત્માનું રૂપ તો કેવળજ્ઞાન છે, જેમાં લોક-અલોક બધા પદાર્થ ઝળકે છે. માટે આ ચામડીમાંથી પોતાપણું છોડી **પોતાના ત્રિકાળી અવિનાશી જ્ઞાન સ્વરૂપમાં અપનાપન(એકત્વ)(પોતાપણું) કરો.**

**શાસ્ત્ર મદ ત્યાગ:-** શાસ્ત્ર જ્ઞાન-શ્રુતજ્ઞાનનો ગર્વ કરવો જોઈએ નહિ. આત્મજ્ઞાન રહિતનું શ્રુતજ્ઞાન નિષ્ફળ છે, કારણ કે અગિયાર અંગનો જ્ઞાનધારી થઈને પણ અભવ્ય સંસારમાં જ પરિભ્રમણ કરે છે. સમ્યગ્દર્શન વિના અનેક વ્યાકરણ, છંદ, અલંકાર, કાવ્ય, કોષ આદિનું વાંચવું, વિપરીત ધર્મમાં, અભિમાન અને લોભમાં પ્રવર્તન કરાવી સંસારરૂપ અંધારા કૂવામાં ડૂબાડવાવાળું જ જાણવું. આ ઈન્દ્રિયજનિત જ્ઞાનનો શો ગર્વ કરવો ? એક ક્ષણમાં વાત(વાયુ), પિત્ત કફ આદિના ઘટવા-વધવાથી ચલાયમાન થઈ જાય છે.

ઈન્દ્રિયજનિત જ્ઞાન તો ઈન્દ્રિયોના વિનાશની સાથે જ નષ્ટ થઈ જાય છે. મિથ્યાજ્ઞાન તો જેમ-જેમ વધે છે, તેમ-તેમ ખોટાં કાવ્ય, ખોટી ટીકા આદિની રચનામાં પ્રવર્તન કરાવી, અનેક જીવોને દુરાચારમાં પ્રવર્તન કરાવી સંસાર સમુદ્રમાં ડૂબાડી દેશે. માટે શ્રુતજ્ઞાનનો મદ છોડો. જ્ઞાન મળ્યું છે તો આત્મ વિશુદ્ધતા કરો. જ્ઞાની થઈ અજ્ઞાનીની જેમ આચરણ કરી સંસારમાં ભ્રમણ કરતા રહેવું યોગ્ય નથી.

**તપ મદ ત્યાગ:-** સમ્યક્ત્વ વિના મિથ્યાદષ્ટિનું તપ નિષ્ફળ છે. જે તપનો એવો ગર્વ કરે છે કે હું-મોટો તપસ્વી છું, તે તપના મદના પ્રભાવથી બુદ્ધિને નષ્ટ કરી દુર્ગતિમાં પરિભ્રમણ કરશે. માટે તપના ગર્વને મહા અનર્થનું કારણ જાણી ભવ્ય જીવોએ તપનો ગર્વ કરવો ઉચિત નથી.

**બળ મદ ત્યાગ:-** જે બળથી કર્મરૂપી વેરીને જીતાય છે; કામ, ક્રોધ, લોભને જીતાય છે, તે બળ તો પ્રશંસા યોગ્ય છે. દેહનું બળ, યૌવનનું બળ, ઐશ્વર્યનું બળ પામી અન્ય નિર્બળ અનાથ જીવોને મારી નાખવા, ઠગી લેવા, ધન પડાવી લેવું, જમીન જીવિકા પડાવી લેવાં, કુશીલ સેવન કરવું, દુરાચારમાં પ્રવર્તન કરવું તે બળ પ્રશંસા યોગ્ય નથી. તે બળ મદ તો નરકના ઘોર દુઃખોને અસંખ્યાત કાળ સુધી ભોગવી તિર્યંચગતિમાં મારણ, તાડન, લાદન દ્વારા તથા દુર્વચન, ક્ષુધા, તૃષા આદિનાં અનેક દુઃખ અનેક પર્યાયોમાં ભોગવાવી એકેન્દ્રિયોમાં સમસ્ત બળ રહિત અસમર્થ કરી દેશે. માટે બળનો મદ છોડી ક્ષમા ધારણ કરી ઉત્તમ તપ કરવું યોગ્ય છે.

**વિજ્ઞાન મદ:-** વિજ્ઞાન અર્થાત્ અનેક હસ્તકળા, અનેક વચનકળા, અનેક મનના વિકલ્પ જેનાથી આ આત્મા ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી દુઃખ ભોગવે છે તે બધાં કુજ્ઞાન છે. આ સંસારમાં ખોટી કળા ચતુરાઈનું ખૂબ અભિમાન છે. મારી શક્તિ તો એવી છે કે સાચાને જૂઠું કરી દઉં, જૂઠાને સાચું કરી દઉ, કલંક રહિતને કલંક સહિત કરી દઉં, શીલવંતોને દૂષિત કરી દઉ, અદંડનીયને દંડ યોગ્ય કરી દઉં, ઘણા દિવસોથી સંઘરેલા ધનને લઈ લઉં, ધર્મ છોડાવી ઉલ્ટુ શ્રદ્ધાન કરાવી દઉં, પ્રાણીઓનાં વશીકરણ, અનેક જીવોનું મારણ, અનેક પ્રકારના પાણીમાં ગમન કરવાનાં, જમીન પર ગમન કરવાનાં, આકાશમાં ગમન કરવાનાં યંત્રાદિ બનાવી દેવાં ઈત્યાદિ અનેક કળા ચાતુર્ય છે તે બધાં કુજ્ઞાન છે. તેમનો ગર્વ કરવો (તે) નરકના ઘોર દુઃખોનું કારણ છે.

કળા ચાતુર્ય તો જો સમ્યક્ હોય તો તે શોભનીય છે. **પોતાના આત્માને વિષય-કષાયોમાં ફસાવાથી છોડાવવો તથા લોકોને હિંસા રહિત સત્ય માર્ગમાં પ્રવર્તન કરાવવું(એ) જ ઉત્તમ કળા છે.**

આ રીતે સાચા વસ્તુ સ્વરૂપને સમજી જાતિ, કુળ, ઐશ્વર્ય, રૂપ, શ્રુત, તપ, બળ, વિજ્ઞાન આદિને કર્મને આધીન જાણી તેમનો મદ છોડી દર્શન વિશુદ્ધતા કરો. ત્રણ મૂઢતા, આઠ શંકાદિ દોષ, છ અનાયતન, આઠ મદ આ પચ્ચીસ દોષોનો પરિત્યાગ કરવાથી સમ્યગ્દર્શનની ઉજ્જવળતા થાય છે. એમ જાણી નિરંતર દર્શન વિશુદ્ધિ ભાવનાનું જ ચિંતવન કરવું, તેને જ ધ્યાન ગોચર કરી સ્તુતિ સહિત ઉજ્જવળ અર્ઘ ઉતારણ કરવું તે જ મુક્તિ રમણીથી સંબંધ જોડવો (તે) છે. આ રીતે દર્શન વિશુદ્ધતા નામની પ્રથમ ભાવનાનું વર્ણન કર્યું.

## ❖ વિનય સંપન્નતા ભાવના ❖

હવે આગળ વિનય સંપન્નતા નામની બીજી ભાવના કહીએ છીએ. વિનય પાંચ પ્રકારનો કહ્યો છે-દર્શન વિનય, જ્ઞાન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, ઉપચાર વિનય.

**દર્શન વિનય:-** પોતાના શ્રદ્ધાનમાં શંકાદિ દોષ ન લગાવવા તથા સમ્યગ્દર્શનની વિશુદ્ધતાથી જ પોતાનો જન્મ સફળ માનવો, સમ્યગ્દર્શનના ધારકોમાં પ્રીતિ રાખવી, આત્મા તથા પરનું ભેદવિજ્ઞાન કરી આત્માનો અનુભવ કરવો (તે) દર્શન વિનય છે.

**જ્ઞાન વિનય:-** સમ્યગ્જ્ઞાનની આરાધનાનો ઉદ્યમ કરવો, સમ્યગ્જ્ઞાનીના કથનોનો આદર કરવો, સમ્યગ્જ્ઞાનનાં કારણ જે અનેકાન્તરૂપ જૈન શાસ્ત્ર છે તેમના શ્રવણ પઠનમાં ઘણા ઉત્સાહરૂપ થવું, તથા વંદના સ્તવનપૂર્વક ઘણા આદર સહિત વાંચવાં તે જ્ઞાન વિનય છે. જ્ઞાનના આરાધક જ્ઞાનીજનોનો તથા જિનાગમના પુસ્તકોની પ્રાપ્તિરૂપ સંયોગનો ઘણો લાભ માનવો, સત્કાર આદિ કરવો તે બધો જ્ઞાન વિનય છે.

**ચારિત્ર વિનય:-** પોતાની શક્તિ પ્રમાણે ચારિત્ર ધારણ કરવામાં હર્ષ માનવો, દિવસે-દિવસે ચારિત્રની ઉજ્જવળતા માટે વિષય-કષાયોને ઘટાડવા તથા ચારિત્રના ધારકોના ગુણોમાં અનુરાગ, સ્તવન, આદર કરવો તે ચારિત્ર વિનય છે.

**તપ વિનય:-** ઈચ્છાઓને રોકીને, પ્રાપ્ત વિષયોમાં સંતોષ કરી, ધ્યાન સ્વાધ્યાયમાં ઉદ્યમી થઈ, કામને જીતવા માટે તથા ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ રોકવા માટે અનશન આદિ તપમાં ઉદ્યમ કરવો (તે) તપ વિનય છે.

**ઉપચાર વિનય:-** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ - આ ચાર આરાધનાઓનો ઉપદેશ આપી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરાવવાવાળા, તથા જેમનું સ્મરણ કરવાથી પરિણામોનો મેલ દૂર થઈ વિશુદ્ધતા પ્રગટ થઈ જાય છે એવા પંચ-પરમેષ્ઠીના નામનો, સ્થાપનાનો વિનય-વંદના, સ્તવન કરવાં તે ઉપચાર વિનય છે. ઉપચાર વિનયના બીજા પણ ઘણા ભેદ છે.

**લોક વિનય:-** અભિમાન છોડી, આઠ મદોનો જેને અત્યંત અભાવ થઈ ગયો, કઠોરતા છૂટી જેને કોમળતા પ્રગટ થઈ ગઈ તેને નમ્રપણું પ્રગટ થાય છે, તેને સત્યાર્થ એવો વિચાર થાય છે કે - આ ધન, યૌવન, જીવન ક્ષણ ભંગુર છે, કર્મના આધીન છે, કોઈ મારાથી દુઃખી ન થાઓ, બધા સંબંધ વિયોગ સહિત છે, અહીં કેટલો સમય

સુધી રહેવું છે, પ્રતિ સમય મૃત્યુ તરફ અખંડ ધારા પ્રવાહરૂપે જઈ રહ્યો છું, કોઈ પદાર્થનો સંબંધ સ્થિર નથી. અહીં ભગવાને મનુષ્ય જન્મનો સાર વિનય ધર્મને જ કહ્યો છે. **આ વિનય સંસારરૂપી વૃક્ષને બાળવા માટે અગ્નિ છે.** આ વિનય ત્રણ લોકમાં પ્રધાન છે.

આ વિનય ત્રણ લોકના જીવોના મનને ઉજ્જવળ કરવાવાળો છે. વિનય જ સમસ્ત જૈન શાસનનું મૂળ છે. વિનય રહિતને જિનેન્દ્રની શિક્ષા ગ્રહણ થતી નથી. વિનય રહિત જીવ બધા દોષોને પાત્ર છે. મિથ્યા શ્રદ્ધાનને છેદવા માટે વિનય શૂળ છે. **વિનય વિના મનુષ્યરૂપી ચામડાનું વૃક્ષ માનરૂપી અગ્નિ દ્વારા ભસ્મ થઈ જાય છે.** માન કષાય દ્વારા અહીં જ ઘોર દુઃખ સહે છે તથા પરલોકમાં નિંદ્ય જાતિ, નિંદ્ય કુળમાં બુદ્ધિહીન-બળહીન થઈ ઉપજે છે.

જે અભિમાની અહીં કિંચિત્ માત્ર પણ વચન સહન કરતા નથી તેઓ તિર્યંચગતિમાં નાકમાં મૂંજના દોરડાનું બંધન, લાદન, મારણ, લાતની ઠોકરોનો માર, મર્મ સ્થાને ચામડાના કોરડાનો માર, પરાધીન થઈ ભોગવે છે, તથા ચાંડાળ આદિના ગંદા ઘરોમાં બંધનોમાં બાંધેલા રહે છે જેમના ઉપર મેલું (ગંદકી) આદિ નિંદ્ય વસ્તુઓ લાદે છે.

આ લોકમાં પણ અભિમાનીનું સમસ્ત લોક વેરી થઈ જાય છે. અભિમાનીની બધા નિંદા કરે છે, મહા અપયશ પ્રગટ થાય છે. **બધા લોકો અભિમાનીનું પતન ઈચ્છે છે.**

માન કષાયથી ક્રોધ પ્રગટી, કપટ ફેલાય છે, લોભ વધે છે, ખોટા વચનરૂપ પ્રવૃત્તિ થાય છે. લોકમાં જેટલી અનીતિ છે તે બધી માન કષાયથી થાય છે. પરધન હરણ આદિ પણ પોતાના અભિમાનને પુષ્ટ કરવા કરે છે. **આ જીવનો મોટો વેરી માન કષાય છે.** માટે વિનય ગુણનો ઘણો આદર કરી પોતાના બંને લોક ઉજ્જવળ કરો. તે વિનય દેવનો, ગુરૂનો, શાસ્ત્રનો, મન-વચન-કાયાથી પ્રત્યક્ષ કરો તથા પરોક્ષ પણ કરો.

**દેવ વિનયઃ-** દેવ અર્થાત્ અરહંત ભગવાન સમોવશરણની વિભૂતિ સહિત, ગંધકૂટિના મધ્યમાં સિંહાસનના ઉપર ચાર આંગળ ઉંચા બિરાજમાન, ચૌસઠ ચામર ઢોળિત, ત્રણ છત્ર આઠ પ્રતિહાર્યથી વિભૂષિત, કોટિ સૂર્ય સમાન પ્રભાવના ધારી, પરમ

ઔદારિક શરીરમાં રહેવાવાળા, બાર સભાઓથી સેવ્યમાન, દિવ્ય-ધ્વનિ દ્વારા અનેક ભવ્ય જીવોનું ભલું કરવાવાળા અરિહંતનું ચિંતવન કરી ધ્યાન કરવું તે મનથી એમનો પરોક્ષ વિનય છે. તેમની વિનયપૂર્વક વચનો દ્વારા સ્તુતિ કરવી તે વચનથી પરોક્ષ વિનય છે. હાથોની અંજલિ જોડી મસ્તક ઝુકાવી નમસ્કાર કરવો તે તનથી પરોક્ષ વિનય છે.

જિનેન્દ્ર પ્રતિબિંબની પરમ શાંત મુદ્રાને પ્રત્યક્ષ નેત્રોથી અવલોકન કરી મહા આનંદથી મનમાં ધ્યાન કરી પોતાને કૃત-કૃત્ય માનવો તે મનથી પ્રત્યક્ષ વિનય છે. જિનેન્દ્રના પ્રતિબિંબ સામે સ્તવન કરવું તે વચનથી પ્રત્યક્ષ વિનય છે. હાથોની અંજલિ જોડી મસ્તક નમાવી વંદના કરવી તથા ભૂમિ ઉપર અંજલિ સહિત હાથ, પગ તથા મસ્તકને અડાડી નમસ્કાર કરવા તે કાયાથી પ્રત્યક્ષ વિનય છે.

સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર પરમાત્માના નામનું સ્મરણ, ધ્યાન, વંદન, સ્તવન કરવું તે બધો પરોક્ષ વિનય છે. દેવનો આ પ્રકારનો વિનય સર્વે અશુભ કર્મોનો નાશ કરવાવાળો કહ્યો છે.

**ગુરુ વિનય:-** વીતરાગી નિર્ગ્રંથ મુનિશ્વરોને પ્રત્યક્ષ જોઈ ઉભા રહી જવું, આનંદ સહિત સન્મુખ જવું, સ્તવન કરવું, વંદના કરવી, ગુરૂઓને આગળ કરી સ્વયં પાછળ ચાલવું, ક્યારેક સાથે જ ચાલવું પડે તો પોતાએ ગુરૂની ડાબી બાજુએ ચાલવું, ગુરૂને પોતાની જમણી બાજુએ કરી ચાલવું, બેસવું, ગુરૂ સાથે હોય ત્યારે પોતે ઉપદેશ ન આપવો, કોઈ પ્રશ્ન કરે તો ગુરૂ હોય ત્યારે પોતે જવાબ ન આપવો, અને ગુરૂની આજ્ઞાથી અનુકૂળ જવાબ આપવો, ગુરૂ હોય (ત્યારે) ઉચ્ચ આસન પર ન બેસવું, ગુરૂ વ્યાખ્યાન ઉપદેશ આદિ કરે તો તેને હાથ જોડી ઘણા આદરથી ગ્રહણ કરવો, ગુરૂઓના ગુણોમાં અનુરાગ કરી આજ્ઞાને અનુકૂળ પ્રવર્તન કરવું, ગુરૂ દૂર ક્ષેત્રમાં હોય તો પણ જેવી તેમની આજ્ઞા હોય તે અનુસાર પ્રવર્તન કરવું; દૂરથી જ ગુરૂઓનું ધ્યાન, સ્તવન, નમસ્કાર આદિ કરવા(તે) ગુરૂનો વિનય છે.

**શાસ્ત્ર વિનય:-** શાસ્ત્રનો વિનય કરવો. ઘણા આદરથી વાંચવાં, સાંભળવાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈ વ્યાખ્યાન આદિ કરવું, શાસ્ત્રમાં કહેલા વ્રત-સંયમ આદિ પોતાથી ધારણ કરવાં ન બની શકે તો પણ આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું, શાસ્ત્રની જેવી આજ્ઞા હોય તે અનુસાર કહેવું. જે શાસ્ત્રની આજ્ઞા હોય તેને એકાગ્ર ચિત્તથી શ્રવણ

કરવું, અન્યથા કથન ન કરવું, આદરપૂર્વક મૌનથી શ્રવણ કરવું, જો શંકા હોય તો તેને દૂર કરવા માટે વિનયપૂર્વક થોડા શબ્દોમાં જે રીતે સભાના અન્ય લોકોને તથા વક્તાને ક્ષોભ ન ઉપજે તે રીતે વિનયપૂર્વક પ્રશ્ન કરવો, ઉત્તરને આદરથી ગ્રહણ કરવો તે શાસ્ત્રનો વિનય છે. શાસ્ત્રને ઉચ્ચ આસને રાખી, પોતે નીચે બેસવું, પ્રશંસા સ્તવન ઈત્યાદિ કરવાં(તે) શાસ્ત્રનો વિનય છે. આ રીતે દેવ, ગુરુ, શાસ્ત્રનો વિનય છે તે ધર્મનું મૂળ છે.

**નિશ્ચય વિનય:-** રાગ-દ્વેષ દ્વારા જે રીતે આત્માનો ઘાત ન થાય તે રીતે પ્રવર્તન કરવું, તે આત્માનો વિનય છે, તેને નિશ્ચય વિનય કહે છે. તે વિનયવાન આ રીતે વિચાર કરે છે કે - હવે મારો આ જીવ ચાર ગતિઓમાં ભ્રમણ ન કરે, હવે મારો આત્મા મિથ્યાત્વ કષાય અવિનયાદિથી આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત ન કરે તે આત્માનો વિનય છે. તેને જ નિશ્ચય વિનય કહે છે, તેને જ પરમાર્થ વિનય કહ્યો છે.

**વ્યવહાર વિનય:-** હવે અહીં એમ વિશેષ જાણવું - **જેનો માન કષાય ઘટી જાય છે તેને જ વ્યવહાર વિનય હોય છે.** કોઈ જીવનું મારાથી અપમાન ન થાઓ. જે બીજાઓનું સન્માન કરશે તે સ્વયં જ સન્માન મેળવશે. જે બીજાઓનું અપમાન કરશે તે સ્વયં જ અપમાનને પ્રાપ્ત થશે. બધાથી મીઠી વાણી બોલવી(તે) વિનય છે. કોઈ જીવનો પણ તિરસ્કાર ન કરવો તે પણ વિનય જ છે.

પોતાના ઘરે કોઈ આવ્યું હોય તેનો યથા યોગ્ય સત્કાર કરવો, કોઈને સામે જઈને લાવવા, કોઈને ઉઠીને ઉભા થઈને એક હાથથી માથે અડાડી વિનય કરવો, કોઈને આવો આવો આવો ઈત્યાદિ ત્રણ વાર કહી બોલાવવા, કોઈને આદરપૂર્વક નજીક બેસાડવા, કોઈને બેસવાની જગ્યા આપવી, કોઈને આવો-બેસો કહેવું, કોઈના શરીરની કુશળતા પૂછવી, અમે તમારા જ છીએ, અમને આજ્ઞા કરો, આ આપનું જ ઘર છે, આ ઘર આપના આવવાથી પવિત્ર થઈ ગયું છે, ઉંચુ થઈ ગયું છે, આપની કૃપા અમારા પર તો હંમેશા છે- આ રીતે વ્યવહાર વિનય છે.

કોઈને હાથ ઉઠાવી માથા સુધી લગાવવો એટલો જ(એ પણ) વિનય છે. બીજા પણ માન- સન્માન કુશળ પૂછવા, રોગી-દુ:ખીની વૈયાવૃત્ત્ય કરવી પણ વિનયવાનને જ હોય છે. દુ:ખી મનુષ્ય તિર્યંચોને ધૈર્ય, વિશ્વાસ આપવો, દુ:ખ સાંભળવું, પોતાના

સામર્થ્ય અનુસાર ઉપકાર કરવો, પોતાનાથી ન બની શકે તો ધીરતા-સંતોષ આદિનો ઉપદેશ આપવો, તે વ્યવહાર વિનય છે. આ વ્યવહાર વિનય પરમાર્થ વિનયનું કારણ છે, યશ ઉપજાવે છે, ધર્મની પ્રભાવના કરે છે.

**વચન વિનય:-** મિથ્યાદષ્ટિનું પણ અપમાન ન કરવું, મીઠાં વચન બોલવાં, યથા યોગ્ય આદર સત્કાર કરવો એ જ વિનય છે. મહા પાપી, દ્રોહી, દુરાચારીને પણ કુવચન ન કહેવાં, એકેન્દ્રિય વિકલેન્દ્રિયાદિ તથા સર્પાદિ દુષ્ટ જીવોની વિરાધના ન કરવી; તેમની રક્ષા કરતાં રહેવું એ જ તેમનો વિનય છે. અન્ય ધર્મીના મંદિર-મૂર્તિ આદિથી વેર કરી નિંદા ન કરવી. આ રીતે પરમાર્થ તથા વ્યવહાર બંને પ્રકારનાં વિનયને ધારણ કરી ગૃહસ્થે પ્રવર્તન કરવું યોગ્ય છે.

જુઓ ! સંપૂર્ણ પરિગ્રહના ત્યાગી વીતરાગી મુનિરાજને પણ જો કોઈ મિથ્યાદષ્ટિ વંદના કરે છે તો તેઓ તેને પણ આશીર્વાદ આપે છે; કોઈ ચાંડાળ, ભીલ, શિકારી આદિ નીચ જાતિના પણ વંદના કરે છે તો તેઓ તેને **પાપક્ષયોસ્તુ**-પાપોનો નાશ થાઓ ઈત્યાદિ આશીર્વાદ આપે છે. માટે જો વિનય અંગ ધારણ કરો છો તો બાળક, અજ્ઞાની, ધર્મ રહિત, નીચ, અધમ જાતિનું કોઈ હોય તો તેનો પણ વિનય કરવો જોઈએ, વિનય ન કરી શકો તો પણ તેનો તિરસ્કાર-નિંદા કરવી કદી યોગ્ય નથી. આ મનુષ્ય જન્મની શોભા વિનય જ છે. ભગવાન ગણધર દેવ તો એમ કહે છે કે વિનય વિના મનુષ્ય જન્મની અમારી એક ઘડી પણ ન જાય.

આવો વિનય ગુણનો મહિમા જાણીને તેનું મહાન અર્ઘ ઉતારણ કરો. હે વિનય સંપન્નતા અંગ ! અમારા હૃદયમાં તું જ નિરંતર વાસ કર, તારા પ્રસાદથી હવે મારો આત્મા કદી પણ આઠ મદોરૂપ અભિમાનને પ્રાપ્ત ન થાઓ. આ રીતે વિનય સંપન્નતા નામની બીજી ભાવનાનું વર્ણન કર્યું.

## ❖ શીલવ્રતેષ્વનતીચાર ભાવના ❖

હવે ત્રીજી શીલવ્રતેષ્વનતીચાર ભાવના કહીએ છીએ. શીલવ્રતેષ્વનતીચારનો અર્થ રાજવાર્તિકમાં આવો કહ્યો છે - અહિંસાદિ પાંચ વ્રત તથા આ પાંચ વ્રતોને પાળવા માટે ક્રોધાદિ કષાયોના ત્યાગરૂપ શીલમાં મન-વચન-કાયની જે નિર્દોષ પ્રવૃત્તિ છે તે શીલવ્રતેષ્વનતીચાર ભ ાવના છે. **આત્માના સ્વભાવનું નામ શીલ છે.** આત્મ સ્વભાવનો ઘાત કરવાવાળા હિંસાદિ પાંચ પાપ છે તેમાં કામસેવન નામનું એક જ

પાપ હિંસાદિ બધા પાપોને પુષ્ટ કરે છે, તથા ક્રોધાદિ સર્વે કષાયોને તીવ્ર કરે છે. માટે અહીં જયમાળાના અર્થમાં બ્રહ્મચર્યની પ્રધાનતાથી જ વર્ણન કર્યું છે.

આ શીલ દુર્ગતિના દુઃખને હરવાવાળું છે, સ્વર્ગાદિ શુભગતિનું કારણ છે, વ્રત-તપ-સંયમનું જીવન છે. **શીલ વિના તપ કરવું, વ્રત ધારણ કરવાં, સંયમ પાળવો, મૃતકના શરીર સમાન જોવારૂપ માત્ર છે, કાર્યકારી નથી.** શીલ રહિતનાં તપ-વ્રત-સંયમ ધર્મની નિંદા કરાવવાવાળા છે. એમ જાણી શીલ નામના ધર્મના અંગનું પાલન કરો, ચંચળ મનરૂપી પક્ષીનું દમન કરો, અતિચાર રહિત શુદ્ધ શીલને પુષ્ટ કરો.

**મન હાથી જેવું છે :-** ધર્મરૂપી વનનો વિધ્વંસ કરવાવાળા મનરૂપી મદોન્મત્ત હાથીને રોકવો જોઈએ. ચલાયમાન થઈ મનરૂપી હાથી મહાન અનર્થ કરે છે. જેમ મદ થયેલો હાથી પોતાના સ્થાનેથી નીકળી ભાગે છે, તે જ રીતે કામથી ઉન્મત્ત થયેલો મનરૂપી હાથી પોતાના સમભાવરૂપી સ્થાનથી નીકળીને ભાગે છે, કુળની મર્યાદા, સંતોષ આદિ છોડી દે છે. મદોન્મત્ત હાથી તો સાંકળ તોડી ભાગી જાય છે, આ મનરૂપી હાથી સુબુદ્ધિરૂપી સાંકળ તોડી ઘૂમે છે. હાથી તો રસ્તામાં ચલાવનાર મહાવતને પાડી નાખે છે, કામીનું મન સમ્યગ્ધર્મના માર્ગમાં પ્રવર્તાવવાવાળા જ્ઞાનને દૂર કરી દે છે. હાથી તો અંકુશને માનતો નથી, મનરૂપી હાથી ગુરુઓનાં શિક્ષાકારી વચનોને માનતો નથી. હાથી તો ફળ તથા છાંયડો આપનાર મોટાં વૃક્ષોને ઉખાડીને ફેંકી દે છે, કામથી ઉદ્દીપ્ત મન સ્વર્ગ મોક્ષરૂપ ફળને આપવાવાળા તથા યશરૂપી સુગંધને ફેલાવવાવાળા સમસ્ત વિષયોના આતાપને હરવાવાળા બ્રહ્મચર્યરૂપી વૃક્ષને ઉખાડી ફેંકે છે.

હાથી તો મેલ કાદવ આદિને દૂર કરવાવાળા સરોવરમાં સ્નાન કરી મસ્તક ઉપર ધૂળ નાખી ધૂળથી રમે છે, કામથી વ્યાપ્ત મન સિદ્ધાંતરૂપી સરોવરમાં સ્નાન કરી અનેક પ્રકારના અજ્ઞાનરૂપ મેલને ધોઈને પણ પાપરૂપ ધૂળથી રમે છે. હાથી તો કાનોની ચપળતા બતાવે છે, કામ સંયુકત મન પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં ચંચળતા બતાવે છે. હાથી તો હાથણીમાં રતિ કરે છે, કામસંયુકત મન કુબુદ્ધિરૂપી હાથણીમાં રમે છે. હાથી સ્વચ્છંદ થઈને ડોલે છે, મન પણ સ્વચ્છંદ થઈને ડોલે છે. હાથી તો મદમાં મસ્ત રહે છે, કામીનું મન રૂપાદિ આઠ મદોમાં મસ્ત રહે છે. હાથીની નજીક કોઈ પથિક આવતું નથી, દૂર જ ભાગી જાય છે, કામથી ઉન્મત્ત મનની નજીક પણ કોઈ એક પણ ગુણ રહેતો નથી.

એટલા માટે આ કામથી ઉન્મત્ત મનરૂપી હાથીને વૈરાગ્યરૂપી થાંભલાથી બાંધો. જો આ મન છૂટું રહ્યું તો મહા અનર્થ કરશે. આ કામ **અનંગ** છે, તેની પાસે અંગ નથી. આ તો **મનસિજ** છે, મનમાં જ એનો જન્મ થાય છે. મનનો મથન કરવાવાળો છે માટે તેને **મનમથ** કહે છે. સંવરનો દુશ્મન અર્થાત્ વેરી છે માટે તેને **સંવરારિ** કહે છે. કામથી ખોટો દર્પ અર્થાત્ ગર્વ ઉત્પન્ન થાય છે માટે તેને **કંદર્પ** કહે છે. તેનાથી અનેક મનુષ્ય તિર્યંચ પરસ્પર લડીને મરી જાય છે માટે તેને **માર** કહે છે. એ જ કારણે મનુષ્યોમાં અન્ય ઈન્દ્રિયોનાં અંગ તો પ્રગટ છે, કામના અંગ ઢંકાયેલા છે. ઉત્તમ પુરૂષ તો કામના અંગના નામનું પણ ઉચ્ચારણ કરતા નથી. તેના સમાન બીજું પાપ નથી. ધર્મથી ભ્રષ્ટ કરવાવાળો કામ જ છે. આ કામે ઋષિ, મુનિ, દેવતા, હરિ, હર, બ્રહ્મા આદિને ભ્રષ્ટ કરી પોતાને આધીન કર્યા છે. એટલા માટે આખા જગતને જીતવાવાળો એક કામ કહેવાય છે. આને જીતવાવાળો મોહને સહજ જ જીતી લે છે. એટલા માટે કામનો ત્યાગ કરવા માટે મનુષ્યનિ, દેવાંગના, તિર્યંચનીનો સંસર્ગ, સંગતિ કામ વિકારને ઉપજાવવાવાળો જાણી દૂરથી જ ત્યાગ કરી દો.

મન, વચન, કાયાથી સ્ત્રીઓમાં રાગનો ત્યાગ કરો. આપ સ્વયં કુશીલના માર્ગ પર ન ચાલો, અન્ય બીજાને કુશીલના માર્ગનો ઉપદેશ ન આપો. કોઈ અન્ય જે કુશીલના માર્ગે ચાલતો હોય, તેની ભવ્ય જીવ અનુમોદના કરતા નથી. બાલિકા સ્ત્રીને જોઈ તેના ઉપર પુત્રીવત્ નિર્વિકાર બુદ્ધિ કરો. યૌવનરૂપ હાથી ઉપર બેઠેલી સૌંદર્યરૂપ પાણીમાં જેનાં અંગ ડૂબી રહ્યાં હોય, એવી રૂપવતી સ્ત્રીમાં બહેનની સમાન નિર્વિકાર બુદ્ધિ કરો, તેને સન્માન ન આપો, વાતચીત ન કરો.

જેઓ શીલવાન છે તેમની દૃષ્ટિ સ્ત્રીઓ પર પડવાથી જ એમનાં નેત્ર બંધ થઈ જાય છે. જે સ્ત્રીઓથી વાર્તાલાપ કરશે, સ્ત્રીઓનાં અંગોને જોશે તેનું શીલ અવશ્ય ભંગ થશે. માટે જે વિવેકી ગૃહસ્થ હોય તેમને તો એક પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓની સંગતિ, અવલોકન, વાર્તાલાપનો ત્યાગ હોય છે તથા અન્ય સ્ત્રીઓની કથાનો વિચાર સ્વપ્ને પણ આવતો નથી. એકાંતમાં માતા, બહેન, પુત્રીની સાથે પણ રહેતા નથી.

**મુનિરાજ તો સમસ્ત સ્ત્રી માત્રનો સાથ જ કરતા નથી, સ્ત્રીઓમાં ઉપદેશ કરતા નથી.** સ્ત્રીનાં નામ જ તેના પ્રગટ દોષોને કહેવાવાળા છે. સ્ત્રી સમાન આ

જીવનું બૂરું કરવાવાળું અન્ય કોઈ વેરી નથી, માટે સજ્જન લોકો તેને **નારી** કહે છે. દોષોને પ્રત્યક્ષ જોતાં-જોતાં જ ઢાંકી લે છે તેથી તેને સ્ત્રી કહે છે. તેને જોવાથી પુરૂષનું પતન થઈ જાય છે, માટે તેનું નામ પત્નિ છે. કુમરણ થવાનું કારણ છે માટે તેનું નામ કુમારી છે. તેની સંગતિથી પૌરૂષ, બુદ્ધિ, બળ આદિ નષ્ટ થઈ જાય છે તેથી તેનું નામ અબળા છે. સંસારના બંધનું કારણ છે માટે તેનું નામ વધુ છે. કુટિલતા-માયાચારના સ્વભાવવાળી છે માટે તેનું નામ વામા છે. તેની આંખોમાં કુટિલતા વસે છે માટે તેનું નામ વામલોચના છે.

**શીલવંતને ઈંદ્ર પણ નમસ્કાર કરે છે.** શીલવાન પુરૂષ રત્નત્રયરૂપ ધન લઈ કામાદિ લૂંટારાઓના ભયથી રહિત નિર્વાણપુરીની તરફ ગમન કરે છે. શીલથી ભૂષિત રૂપ રહિત પણ હોય, મલિન હોય, રોગાદિ સહિત હોય તો પણ પોતાની સંગતિથી બધા સભાજનોને મોહિત કરે છે. શીલ રહિત વ્યભિચારી પુરૂષમાં કામદેવ સમાનરૂપ હોય તો પણ લોકો તેના પર થૂ-થૂકાર કરે છે. તેનું જ નામ કુશીલ છે.

**શીલ નામ સ્વભાવનું છે.** કામી મનુષ્યનું શીલ જે આત્માનો સ્વભાવ છે તે ખોટું થઈ જાય છે માટે તેને **કુશીલ** કહે છે. કામી મનુષ્ય ધર્મથી, આત્માના સ્વભાવથી, વ્યવહારની શુદ્ધતાથી રહિત થઈ જાય છે તેથી તેને **વ્યભિચાર** કહે છે. તેના સમાન જગતમાં અન્ય ખોટું કર્મ નથી, માટે કામને કુકર્મ કહે છે. કામ સેવનના સમયમાં મનુષ્ય પશુ સમાન થઈ જાય છે, માટે તેને પશુ કર્મ કહે છે. બ્રહ્મ અર્થાત્ આત્માના જ્ઞાન દર્શન આદિ સ્વભાવનો તેનાથી ઘાત થાય છે તેથી તેને **અબ્રહ્મ** કહે છે. કુશીલની સંગતિથી કુશીલ થઈ જવાય છે. જેણે શીલની રક્ષા કરી તેણે શાન્તિ, દીક્ષા, તપ, વ્રત, સંયમ બધું પાળી લીધું.

**પોતાના સ્વભાવથી ચલાયમાન ન થવું તેને મુનિરાજ શીલ કહે છે.** શીલ ગુણ બધા ગુણોમાં મોટો છે. શીલ સહિત પુરૂષનાં થોડાં પણ વ્રત, તપ, પ્રચુર ફળ આપે છે તથા શીલ વિના ઘણાં વ્રત-તપ પણ હોય તો તે નિષ્ફળ છે. આ રીતે જાણી પોતાના આત્મામાં શીલની શુદ્ધતા માટે નિત્ય શીલને જ પૂજો. આ શીલવ્રત મનુષ્ય જન્મમાં જ છે, અન્ય-ગતિમાં નથી. તેથી જન્મ સફળ કરવા ચાહતા હો તો શીલની જ ઉજ્જવળતા કરો. આ રીતે શીલવ્રતેષ્વનતીચાર નામની ત્રીજી ભાવનાનું વર્ણન કર્યું.

## ❖ અભિક્ષણ જ્ઞાનોપયોગ ભાવના ❖

અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ નામની ચોથી ભાવનાનું વર્ણન કરીએ છીએ - હે આત્મા! આ મનુષ્ય જન્મ પામીને નિરંતર જ્ઞાનાભ્યાસ જ કર, જ્ઞાનનો અભ્યાસ કર્યા વિના એક ક્ષણ પણ વ્યતીત ન કર. જ્ઞાનના અભ્યાસ વિના મનુષ્ય પશુ સમાન છે. તેથી યોગ્ય કાળમાં (યોગ્ય સમયે) જિનાગમનો પાઠ કર, જ્યારે સમભાવ હોય ત્યારે ધ્યાન કર, શાસ્ત્રોના અર્થનું ચિંતવન કર, અધિક જ્ઞાની ગુરુજનોનાં નમ્રતા વિનયાદિ કર, ધર્મ સાંભળવાના ઈચ્છુકને ધર્મનો ઉપદેશ કર. તેને અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ કહે છે. આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ નામના ગુણનું અષ્ટ દ્રવ્યોથી પૂજન કરી તેનું અર્ઘ ઉતારણ કર તથા ફૂલોનું બંને હાથોની અંજલિથી તેની આગળ ક્ષેપણ કર.

**જ્ઞાનોપયોગ ચૈતન્યની પરિણતિ છે.** તેથી પ્રતિ ક્ષણ નિરંતર ચૈતન્યની જ ભાવના કર. અનાદિ કાળથી કામ, ક્રોધ, અભિમાન, લોભાદિ મારી સાથે લાગેલાં છે, અનાદિથી જ એમના સંસ્કાર મારા ચૈતન્યરૂપમાં હળીમળી રહ્યા છે. હવે એવી ભાવના હો - **ભગવાનના પરમાગમના સેવનના પ્રભાવથી મારો આત્મા રાગ-દ્વેષ આદિથી ભિન્ન પોતાના જ્ઞાયક સ્વભાવમાં જ ઠરી જાય, રાગાદિને વશીભૂત ન થાય, તે જ મારા આત્માનું હિત છે.**

નવા શિષ્યો આગળ શ્રુતનો એ રીતે અર્થ પ્રકાશિત કરવો જેનાથી સંશય આદિ રહિત, સ્વ-પર પદાર્થોનું યથાર્થ સ્વરૂપ શિષ્યોના હૃદયમાં પ્રગટ થઈ જાય. જે રીતે પાપ-પુણ્યનું સ્વરૂપ, લોક-અલોકનું સ્વરૂપ, મુનિ-શ્રાવકના ધર્મનો સત્યાર્થ નિર્ણય થઈ જાય તે રીતે જ્ઞાનાભ્યાસ કરવો. પોતાના ચિત્તમાં સંસાર, શરીર, ભોગોથી વિરક્તતા ચિંતવન કરવી. સંસાર, શરીર ભોગોના યથાર્થ સ્વરૂપનું ચિંતવન કરવાથી રાગ-દ્વેષ-મોહ આદિ જ્ઞાનને વિપરીત કરી શકતા નથી.

**સમસ્ત દ્રવ્યોમાં મળેલો હોવા છતાં પણ એક આત્માનો ભિન્ન અનુભવ થવો તે જ જ્ઞાનોપયોગ છે.** જ્ઞાનોપયોગ દ્વારા જ્ઞાનનો અભ્યાસ કરવાથી વિષયોની વાંછા નષ્ટ થઈ જાય છે, કષાયોનો અભાવ થઈ જાય છે. માયા, મિથ્યાત્વ, નિદાન- આ ત્રણ શલ્યોનો જ્ઞાનાભ્યાસથી નાશ થઈ જાય છે. જ્ઞાનના અભ્યાસથી જ મન સ્થિર થાય છે, અનેક પ્રકારના વિકલ્પ નષ્ટ થઈ જાય છે.

જ્ઞાનાભ્યાસથી જ ધર્મ-ધ્યાનમાં, શુકલ-ધ્યાનમાં અટલ થઈ બેસી શકાય છે.

જ્ઞાનાભ્યાસથી જ વ્રત સંયમથી ચલાયમાન થવાતું નથી, જિનેન્દ્રનું શાસન પ્રવર્તે છે, અશુભ કર્મોનો નાશ થાય છે, જૈન ધર્મની પ્રભાવના થાય છે. જ્ઞાનના અભ્યાસથી જ લોકોના હૃદયમાં પૂર્વનું સંચિત કરેલું પાપરૂપ ઋણ નાશ પામે છે. અજ્ઞાની જે કર્મોને ઘોર તપ કરી કોટિપૂર્વ વર્ષોમાં ખપાવે છે, તે કર્મને જ્ઞાની અંતર્મુહૂર્તમાં જ ખપાવી દે છે.

**જૈનધર્મનો સ્તંભ જ્ઞાનનો અભ્યાસ જ છે.** જ્ઞાનના પ્રભાવથી જ સમસ્ત જીવ વિષયોની વાંછા રહિત થઈ સંતોષ ધારણ કરે છે. જ્ઞાનના અભ્યાસથી જ ઉત્તમ ક્ષમાદિ ગુણ પ્રગટ થાય છ, ભક્ષ્ય-અભક્ષ્યનો, યોગ્ય-અયોગ્યનો, ત્યાગવા યોગ્ય-ગ્રહણ કરવા યોગ્યનો વિચાર થાય છે. જ્ઞાન વગર પરમાર્થ અને વ્યવહાર બંને નાશ થઈ જાય છે.

જ્ઞાન રહિત રાજપુત્રનો પણ નિરાદર થાય છે. જ્ઞાન સમાન કોઈ ધન નથી, જ્ઞાનના દાન સમાન કોઈ દાન નથી. દુઃખી જીવને સદા જ્ઞાન જ શરણ છે. જ્ઞાન જ સ્વદેશમાં-પરદેશમાં આદર કરાવવાવાળું પરમ ધન છે. જ્ઞાન ધનને કોઈ ચોર ચોરી શકતો નથી, લૂંટવાવાળું લૂંટી શકતું નથી, ઘાલવાવાળા ઘાલી શકતા નથી, કોઈને આપવાથી ઘટતું નથી, જે આપે છે તેનું જ્ઞાન વધી જાય છે.

**જ્ઞાનથી જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, જ્ઞાનથી જ મોક્ષ પ્રગટ થાય છે.** સમ્યગ્જ્ઞાન આત્માનું અવિનાશી સ્વાધીન ધન છે. જ્ઞાન વિના સંસાર સમુદ્રમાં ડૂબવાવાળાને હાથ આપી કોણ રક્ષા કરી શકે છે ? વિદ્યા સમાન કોઈ આભૂષણ નથી. વિદ્યા વિના કેવળ આભૂષણોથી જ કોઈ સત્પુરૂષો દ્વારા આદરવા યોગ્ય થઈ જતું નથી. નિર્ધનને પણ પરમ નિધાન પ્રાપ્ત કરાવવાવાળું એક સમ્યગ્જ્ઞાન જ છે.

હે ભવ્યજીવો ! ભગવાન વીતરાગ કરુણા નિધાન ગુરુ તમારા માટે આ શિખામણ આપી રહ્યા છે કે - તમારા આત્માને સમ્યગ્જ્ઞાનના અભ્યાસમાં જ લગાવો, તથા મિથ્યાદષ્ટિઓ દ્વારા કહેલા મિથ્યાજ્ઞાનનો દૂરથી જ પરિત્યાગ કરો. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની પરીક્ષા કરી ગ્રહણ કરો, પોતાનાં સંતાનોને ભણાવો, અન્ય લોકોને પણ વિદ્યાનો અભ્યાસ કરાવો.

જેઓ ધનવાન છે તેઓ જો પોતાનું ધન સફળ કરવા ઈચ્છે છે તો, ભણવા-ભણાવવાવાળાઓને આજીવિકા આદિ આપી સ્થિર કરો, પુસ્તકો લખાવી વિદ્યા ભણવાવાળાઓને આપો, પુસ્તકોને શુદ્ધ કરો-કરાવો, ભણવા-ભણાવવા માટે જગ્યા

આપો, નિરંતર વાંચવા સાંભળવામાં જ મનુષ્ય જન્મનો સમય વ્યતીત કરો. આ અવસર વીતી જઈ રહ્યો છે. જ્યાં સુધી આયુષ્ય, કાયા, ઈન્દ્રિયો, બુદ્ધિ, બળ ઠીક છે ત્યાં સુધી મનુષ્ય જન્મની એક ઘડી પણ સમ્યગ્જ્ઞાન વિના ન ખોવો. **જ્ઞાનરૂપ ધન પરલોકમાં પણ સાથે જશે.**

આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગના મહિમાનું કોટિ જીભો દ્વારા પણ વર્ણન થઈ શકે તેમ નથી એટલા માટે જ્ઞાનોપયોગના પરમ શરણ માટે જે ગૃહસ્થ ધન સહિત હોય તે પણ ભાવના ભાવે, અર્ઘ ઉતારણ કરે, તથા જે ગૃહના ત્યાગી હોય તે પણ નિરંતર ભાવના ભાવે. આ રીતે આ અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ નામની ચોથી ભાવનાનું વર્ણન કર્યું.

## ❖ સંવેગ ભાવના ❖

હવે પાંચમી સંવેગ ભાવનાનું વર્ણન કરીએ છીએ. સંસાર, શરીર, ભોગોથી વિરકત થઈ ધર્મમાં અનુરાગ કરવો તે સંવેગ છે, તથા ધર્મ અને ધર્મના ફળમાં અનુરાગ કરવો તે સંવેગ છે.

**પુત્રનું સ્વરૂપઃ-** અહીં સંસારમાં જે પુત્રથી રાગ કરે છે, તે જન્મ લેતાં જ સ્ત્રીનું યૌવન સૌંદર્ય આદિ બગાડી નાખે છે. જન્મ લીધા પછી ઘણી આકુળતા કરી તથા કષ્ટ આદિ સહન કરી, ધન ખર્ચ કરી પુત્રને મોટો કરે છે, તથા રોગાદિથી બચાવી હર ક્ષણે ઘણી સાવધાનીપૂર્વક મહામોહી-મહારાગી થઈ, ગ્લાનિરહિત થઈ, ઘણાં કષ્ટ સહી મોટો કરે છે. તે પુત્ર મોટો થઈ, સારૂં ભોજન, સારાં વસ્ત્ર, સારાં આભૂષણ, સારી જગ્યા હઠપૂર્વક ગ્રહણ કરી લે છે. જો તે મૂર્ખ થયો, વ્યસની થઈ ગયો, તીવ્ર કષાયી થયો તો રાત-દિવસ પરિણામોમાં જે કલેશ થાય છે તે કહ્યો જાય તેમ નથી.

પુત્રના મોહથી પરિગ્રહમાં ઘણી મુર્ચ્છા વધે છે. જો તે સમર્થ થઈ જાય પણ પોતાની આજ્ઞા પ્રમાણે ન ચાલે તો પરિણામ ઘણાં આર્ત્તરૂપ થઈ જાય છે. જો પોતાના જીવતાં યુવા પુત્રનું મરણ થઈ જાય તો પોતાના મૃત્યુ સુધી મહાદુઃખી રહે છે, કષ્ટ મટતું નથી. જ્યાં સુધી પિતાને પોતાનું કામ કરવાવાળા સમજે છે ત્યાં સુધી પિતાથી સ્નેહ કરે છે, જ્યારે પિતા કામ કરવામાં અસમર્થ થઈ જાય છે તો તેમને સ્નેહ કરતો નથી, જો પિતા ધન રહિત હોય તો તેમનો અનાદર કરે છે. તેથી પુત્રનું સ્વરૂપ સમજી પુત્રનો રાગ છોડી પરમ ધર્મથી રાગ કરો. પુત્ર માટે અન્યાયથી ધન પરિગ્રહ આદિને ગ્રહણ કરવાનો પરિત્યાગ કરો.

**સ્ત્રીનું સ્વરૂપ:-** સ્ત્રી પણ મોહ નામના ઠગની મોટી ફાંસી છે, મમતા ઉપજાવવાવાળી છે, તૃષ્ણાને વધારનારી છે. સ્ત્રીમાં તીવ્ર રાગ હોવાથી તે ધર્મમાં પ્રવૃત્તિનો નાશ કરવાવાળી છે. લોભને ઘણો વધારવાવાળી છે, પરિગ્રહમાં મૂર્ચ્છા વધારવાવાળી છે, ધ્યાન સ્વાધ્યાયમાં વિઘ્ન કરવાવાળી છે, વિષયોમાં આંધળા કરે તેવી છે, ક્રોધાદિ ચારેય કષાયોમાં તીવ્રતા કરાવવાવાળી છે, સંયમનો ઘાત કરવાવાળી છે, ઝઘડાનું મૂળ છે, દુર્ધ્યાનનું સ્થાન છે, મરણ બગાડવાવાળી છે વિગેરે દોષોનું મૂળ કારણ જાણી સ્ત્રી પ્રતિ રાગભાવ છોડી વીતરાગ ધર્મમાં પોતાનો રાગ વધારો.

**મિત્રનું સ્વરૂપ:-** આ કળીકાળના મિત્ર પણ વિષયોમાં જ ઉલઝાવવાવાળા (ફસાવવાવાળા) છે, બધા વ્યસનોમાં ફસાવવામાં સહાયક છે. જેમને ધનવાન માને છે તેમનાથી અનેક લોકો મિત્રતા કરે છે, નિર્ધનથી કોઈ વાત પણ કરતું નથી. અધિક કયાં સુધી કહીએ ? મિત્રતા તો વ્યસનોમાં ડૂબાડવા માટે જ છે.

એટલા માટે હે જ્ઞાની જનો ! જો સંસારમાં ડૂબવાનો ભય લાગે છે તો અન્ય બધાથી મિત્રતા છોડી પરમ ધર્મમાં અનુરાગ કરો. આ સંસાર તો નિરંતર જન્મ-મરણરૂપ જ છે પ્રત્યેક જીવ જન્મના દિવસથી જ મૃત્યુ તરફ નિરંતર પ્રયાણ કરે છે. અનંતાનંત કાળ જન્મ-મરણ કરતાં થઈ ગયો છે, તેથી પંચ પરાવર્તનરૂપ સંસારથી વિરક્તતા ભાવો.

**ઈન્દ્રિઓના વિષયોનું સ્વરૂપ:-** આ જે પાંચ ઈન્દ્રિયોના વિષયો છે તે આત્માના સ્વરૂપને ભૂલાવવાવાળા છે, તૃષ્ણા વધારવાવાળા છે, અસંતોષ વધારવાવાળા છે. વિષયો સમાન પીડા ત્રણ લોકમાં અન્ય નથી. વિષય તો નરકાદિ કુગતિનાં કારણ છે, ધર્મથી પરાન્મુખ કરવાવાળા છે, કષાયોને વધારવાવાળા છે, જ્ઞાનને વિપરીત કરવાવાળા છે, વિષની સમાન મારવાવાળા છે, વિષ અને અગ્નિની સમાન દાહ ઉપજાવવાવાળા છે. માટે વિષયો રાગ છોડવામાં જ પરમ કલ્યાણ છે. જેઓ પોતાનું કલ્યાણ ચાહે છે તેમણે વિષયોને દૂરથી જ છોડી દેવા જોઈએ.

**શરીરનું સ્વરૂપ:-** શરીર રોગોનું સ્થાન છે, મહા મલિન દુર્ગન્ધિત સપ્ત ધાતુમય છે, મળ-મૂત્રાદિથી ભરેલું છે, વાત-પિત્ત-કફમય છે, વાયુના નિમિત્તથી હલન-ચલન

આદિ કરે છે, સદાયે ભૂખ-તરસનું દુઃખ ચાલુ રહે છે, બધા પ્રકારની અશુચિતાનો પુંજ છે, દિન-પ્રતિદિન જીર્ણ થતું ચાલ્યું જાય છે, કરોડો ઉપાયો દ્વારા રક્ષા કરતા રહેવા છતાં પણ મરણને પ્રાપ્ત થઈ જાય છે. એવા શરીરથી વિરકત થવું જ શ્રેષ્ઠ છે.

આ રીતે પુત્ર, મિત્ર, સ્ત્રી, સંસાર, શરીર ભોગોનું દુઃખકારી સ્વરૂપ જાણી વૈરાગ્ય ભાવને પ્રાપ્ત થવું તે જ સંવેગ છે. સંવેગ ભાવનાનું નિરંતર ચિંતન કરવું જ શ્રેષ્ઠ છે. માટે મારા હૃદયમાં નિરંતર સંવેગ ભાવના રહે. આવું ચિંતવન કરી સંસાર શરીર ભોગોથી વિરકત થવાથી જ પરમ ધર્મમાં અનુરાગ થાય છે.

**ધર્મનું સ્વરૂપ:-** ધર્મ શબ્દનો અર્થ આવો જાણવો - જે વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ છે, ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ ધર્મ છે, રત્નત્રયરૂપ ધર્મ છે, તથા જીવોની દયારૂપ ધર્મ છે. પર્યાય બુદ્ધિવાળા શિષ્યોને સમજાવવા માટે ધર્મ શબ્દનું ચાર પ્રકારથી વર્ણન કર્યું છે. વસ્તુ જે આત્મા તેનો સ્વભાવ જ દશ લક્ષણરૂપ છે. ક્ષમાદિ દસ ભેદરૂપ આત્માનો જ સ્વભાવ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પણ આત્માથી ભિન્ન નથી, તથા દયા પણ આત્માનો જ સ્વભાવ છે.

જિનેન્દ્ર દેવ દ્વારા કહેલા આત્માના સ્વભાવરૂપ દસ લક્ષણ ધર્મમાં અનુરાગ થવો (તે) સંવેગ છે. કપટ રહિત રત્નત્રય ધર્મમાં અનુરાગ થવો સંવેગ છે. મુનીશ્વરોના તથા શ્રાવકોના ધર્મમાં અનુરાગ થવો સંવેગ છે. જીવોની રક્ષા કરવારૂપ જીવ દયાનાં પરિણામ થવાં તેને ભગવાને સંવેગ કહ્યો છે. વસ્તુ જે આત્મા, તેનો સ્વભાવ કેવળજ્ઞાન કેવળદર્શન છે, તે સ્વભાવમાં લીન થવું તે પ્રશંસા કરવા યોગ્ય સંવેગ છે. ધર્મમાં અનુરાગરૂપ પરિણામ થવાં સંવેગ છે. ધર્મના ફળને અત્યંત મીઠું જાણવું તે સંવેગ છે.

**ધર્મનું ફળ:-** તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, નારાયણ, પ્રતિનારાયણ, બળભદ્ર આદિનું ઉત્પન્ન થવું તે ધર્મનુ જ ફળ છે. બાધા રહિત કેવળી થવું, સ્વર્ગાદિમાં મહાન ઋદ્ધિધારી દેવ થવું, ઈન્દ્ર થવું, અનુત્તર આદિ વિમાનોમાં અહમિન્દ્ર થવું તે બધાં પૂર્વ જન્મમાં આરાધના કરેલા ધર્મનું જ ફળ છે.

ભોગભૂમિ આદિમાં ઉપજવું, રાજ્ય સંપદા પામવી, અખંડ ઐશ્વર્ય પામવું, અનેક દેશોમાં આણ પ્રવર્તવી, પ્રચુર ધન-સંપદા મળવી, રૂપની અધિકતા પામવી, બળની અધિકતા, ચતુરાઈ, મહાન પંડિતપણું, સર્વ લોકમાં માન્યતા, નિર્મળ યશની ખ્યાતિ, બુદ્ધિની ઉજ્જવળતા, આજ્ઞાકારી ધર્માત્મા કુટુંબનો સંયોગ મળવો, સત્ પુરૂષોની સંગતિ મળવી, રોગ રહિત હોવું, દીર્ઘ આયુષ્ય, ઈન્દ્રિયોની ઉજ્જવળતા, ન્યાયમાર્ગમાં પ્રવર્તન, વાણીની મધુરતા, વિગેરે ઉત્તમ સામગ્રીનું મળવું છે તે કદી ધર્મથી પ્રેમ કર્યો હશે, ધર્માત્માઓની સેવા કરી હશે, ધર્મ તથા ધર્માત્માઓની પ્રશંસા કરી હશે તેનું ફળ છે.

**કલ્પવૃક્ષ, ચિંતામણિ, રત્ન બધાને ધર્માત્માના દરવાજે ઉભેલાં સમજો.** ધર્મના ફળનો મહિમા કોટિ જીભોથી પણ કહેવામાં કોઈ સમર્થ થઈ શકતો નથી.

આવા ધર્મના ફળને જે ત્રણ લોકમાં ઉત્કૃષ્ટ જાણે છે, તેને સંવેગ ભાવના હોય છે. ધર્મ સહિત સાધર્મી જીવોને જોઈ આનંદ ઉપજવો, ધર્મની કથનીમાં આનંદમય થવું, તથા ભોગોથી વિરક્ત થઈ જવું તે સંવેગ નામની પાંચમી ભાવના છે. તેને આત્માના હિતરૂપ સમજી નિરંતર તેની ભાવના ભાવો, તથા ભાવનાના આનંદ સહિત થઈ તેની પ્રાપ્તિ માટે તેનો મહા અર્ઘ ઉતારણ કરો. આ રીતે સંવેગ નામની પાંચમી ભાવનાનું વર્ણન કર્યું.

## ✤ શક્તિ પ્રમાણ ત્યાગ ભાવના ✤

હવે શક્તિ પ્રમાણ ત્યાગ ભાવનાનું વર્ણન કરીએ છીએ. આ ત્યાગ નામની ભાવના પ્રશંસા યોગ્ય મનુષ્ય જન્મનું મંડન છે. પોતાના હૃદયમાં ત્યાગ ભાવ લાવવા માટે અનેક ઉત્સવરૂપ વાજિંત્રોને વગાડી એનું મહાન અર્ઘ ઉતારણ કરો.

**પરિગ્રહ ત્યાગ:-** બાહ્ય-અંતરંગ બંને પ્રકારના પરિગ્રહથી મમતા છોડવાથી ત્યાગ ધર્મ થાય છે. અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારનો છે, તે આ રીતે જાણવો. **જાણ્યા વિના ગ્રહણ ત્યાગ નકામો છે.** મિથ્યાત્વ, સ્ત્રી-પુરૂષ-નપુંસક વેદરૂપ પરિણામ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભરૂપ પરિણામ એવો ચૌદ પ્રકારનો અંતરંગ પરિગ્રહ જાણવો.

**શરીર આદિ પરદ્રવ્યોમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ પરિગ્રહ છે.** જે ગુણ વસ્તુ છે તે પોતાના દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની પર્યાયરૂપ છે, તે જ વસ્તુનું-પોતાનું સ્વરૂપ છે. જેમકે - સુવર્ણ નામનું દ્રવ્ય છે, પીળાશ આદિ તેના ગુણ છે, કુંડળ આદિ તેની પર્યાય છે - તે બધું સુવર્ણ જ છે. માટે સુવર્ણ અન્ય વસ્તુનું નથી, અન્ય વસ્તુ સુવર્ણની નથી, સુવર્ણ છે તે સુવર્ણનું જ છે. અન્ય વસ્તુનું અન્ય કોઈ થયું નથી, છે નહિ, થશે નહિ. પોતાનું સ્વરૂપ છે તે પોતાનું જ છે. તેવી જ રીતે આત્મા છે તે આત્માનો જ છે, આત્માનું અન્ય કોઈ દ્રવ્ય નથી. હવે જે દેહને પોતાનો આત્મા માને છે - હું ગોરો, હું કાળો, હું રાજા, હું રંક, હું સ્વામી, હું સેવક, હું બ્રાહ્મણ, હું ક્ષત્રિય, હું વૈશ્ય, હું શુદ્ર, હું વૃદ્ધ, હું બાળક, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું તિર્યંચ ઈત્યાદિ **કર્મકૃત વિનાશીક પર દ્રવ્ય જનિત પયાર્યમાં આત્મબુદ્ધિ કરવી તે મિથ્યાત્વ પરિગ્રહ છે.**

મિથ્યાદર્શનથી જ મારૂં ઘર, મારો પુત્ર, મારૂં રાજ્ય, હું નીચ, હું ઉચ્ચ ઈત્યાદિ માની બધા પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે. પુદ્‌ગલના નાશને પોતાનો નાશ માને છે, તેના વધવાથી પોતાનું વધવું, તેના ઘટવાથી પોતાનું ઘટવું માની પર્યાયમાં આત્મબુદ્ધિ કરી અનાદિકાળથી પોતાનું સ્વરૂપ ભૂલી રહ્યો છે. **સમસ્ત પરિગ્રહમાં આત્મબુદ્ધિનું મૂળ મિથ્યાત્વ નામનો પરિગ્રહ જ છે.** જેને મિથ્યાજ્ઞાન નથી તે પરદ્રવ્યોમાં 'મારૂં' એમ કહેવા છતાં પણ પરદ્રવ્યોમાં કદી પોતાપણું માનતો નથી.

વેદના ઉદયથી સ્ત્રી-પુરૂષોમાં જે કામસેવનના ભાવ થાય છે તે કામમાં તન્મય થઈ કામના ભાવને આત્મભાવ માનવો તે વેદ પરિગ્રહ છે. કામ તો વીર્ય આદિનો પ્રેરિત કરેલો દેહનો વિકાર છે, તેને પોતાનું સ્વરૂપ માનવું તે **વેદ** પરિગ્રહ છે.

ધન, ઐશ્વર્ય, પુત્ર, સ્ત્રી, આભૂષણાદિ પરદ્રવ્યોમાં આસક્તિનો ભાવ થવો તે **રાગ** પરિગ્રહ છે. અન્યનો વૈભવ, પરિવાર, ઐશ્વર્ય, પાંડિત્ય આદિ જોઈ વેર ભાવ કરવો તે **દ્વેષ** પરિગ્રહ છે. હાસ્યમાં આસક્તિનો ભાવ થવો તે **હાસ્ય** પરિગ્રહ છે. પોતાનું મરણ થવાથી, મિત્રોનો તથા પરિગ્રહ આદિનો વિયોગ થવાથી નિરંતર ભયભીત રહેવું તે **ભય** પરિગ્રહ છે.

પાંચ ઈન્દ્રિઓ દ્વારા વાંછિત ભોગ-ઉપભોગ સામગ્રીને ભોગવવામાં લીન થવું તે **રતિ** પરિગ્રહ છે. અનિષ્ટ વસ્તુનો સંયોગ થવાથી પરિણામોમાં સંકલેશભાવ થવો તે **અરતિ** પરિગ્રહ છે. ઈષ્ટ સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, જીવિકા આદિનો વિયોગ થવાથી તેમના સંયોગની વાંછા કરી સંકલેશ ભાવ થવો તે **શોક** પરિગ્રહ છે. ઘૃણાયુક્ત પુદ્ગલોને જોવાથી, સાંભળવાથી, ચિંતવન કરવાથી, સ્પર્શ કરવાથી પરિણામોમાં ગ્લાનિ થવી તે **જુગુપ્સા** પરિગ્રહ છે. અથવા અન્યના પુણ્યનો ઉદય જોઈ પોતાના ભાવ કલેશરૂપ થઈ જવા, તે **જુગુપ્સા** પરિગ્રહ છે.

પરિણામોમાં રોષ કરી તપ્તાયમાન થઈ જવું તે **ક્રોધ** પરિગ્રહ છે. ઉચ્ચ કુળ, જાતિ, ધન, ઐશ્વર્ય, રૂપ, બળ, તપ, જ્ઞાન, ઋદ્ધિ-બુદ્ધિથી પોતાને મોટો જાણી મદ કરવો, તથા બીજાને નાનો જાણી અનાદર કરવો, કઠોર પરિણામ રાખવા, તે **માન** પરિગ્રહ છે. અનેક છળ-કપટ આદિ દ્વારા વક્ર પરિણામ રાખવાં તે **માયા** પરિગ્રહ છે. પર દ્રવ્યોને ગ્રહણ કરવામાં, સંગ્રહ કરવામાં તૃષ્ણા થવી તે **લોભ** પરિગ્રહ છે.

આ રીતે સંસારના પરિભ્રમણનું કારણ, આત્માના જ્ઞાનાદિ ગુણોના ઘાતક ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે, તેમ જ મૂર્ચ્છાના કારણ ધન, ધાન્ય, ક્ષેત્ર, સુવર્ણ, સ્ત્રી, પુત્રાદિ, ચેતન-અચેતન બાહ્ય પરિગ્રહ છે. **અંતરંગ-બહિરંગ બંને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવાથી ત્યાગ ધર્મ થાય છે.** જો કે બાહ્ય પરિગ્રહ રહિત તો દરિદ્રી મનુષ્ય સ્વભાવથી જ હોય છે, પરંતુ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરવો ઘણો કઠિન છે. બંને પ્રકારના પરિગ્રહનો એક દેશ ત્યાગ વ્રતી શ્રાવકને હોય છે, તથા પૂર્ણ ત્યાગ મહા વ્રતધારી મુનિરાજોને હોય છે.

**વિષય-કષાય ત્યાગ:-** કષાયોના ત્યાગવાથી ત્યાગ ધર્મ થાય છે. ઈન્દ્રિઓને વિષયોમાં જતી રોકવાથી ત્યાગ ધર્મ થાય છે. રસોનો ત્યાગ કરવાથી ત્યાગ ધર્મ થાય છે. **રસના ઈન્દ્રિયની લોલુપતા પર વિજય પ્રાપ્ત કરવાથી બધા પાપોનો ત્યાગ સહેજે થઈ જાય છે.**

જિનેન્દ્રનાં પરમાગમનું અધ્યયન કરવું, બીજાઓને અધ્યયન કરાવવું, શાસ્ત્રો

લખાવવાં, છપાવવાં, શુદ્ધ કરવાં, કરાવવાં, તે પણ પરમ ઉપકાર કરવાવાળો ત્યાગ ધર્મ છે. મનના દુષ્ટ વિકલ્પોનો અભાવ કરવો, દુષ્ટ વિકલ્પોનાં કારણ છોડી ચારેય અનુયોગોની ચર્ચામાં ચિત્તને લગાવવું તે પણ ત્યાગ ધર્મ છે. મોહનો નાશ કરવાવાળા ધર્મનો ઉપદેશ શ્રાવકોને આપવો તે પણ મહા પુણ્ય ઉપજાવનાર હોઈ ત્યાગ ધર્મ છે. વીતરાગ ધર્મના ઉપદેશથી અનેક પ્રાણીઓના ભાવ પાપથી ભયભીત થઈ જાય છે તથા તે ધર્મના સ્વરૂપને સમજીને તેને ગ્રહણ કરી લે છે.

ઉત્તમ, મધ્યમ, જઘન્ય એવા ત્રણ પ્રકારના પાત્રોને ભક્તિ સહિત થઈ આહાર દાન આપવું, પ્રાસુક ઔષધિ આપવી, જ્ઞાનના ઉપકરણ સિદ્ધાંતોનાં વાંચવા યોગ્ય પુસ્તકો (શાસ્ત્રો)નું દાન આપવું, મુનિને યોગ્ય તથા શ્રાવકને યોગ્ય વસ્તિકાનું દાન આપવું જોઈએ. ગુણોના ધારકોને તપની વૃદ્ધિનું કારણ આહાર આદિ ચારેય પ્રકારનું દાન પરમ ભક્તિથી, પ્રફુલ્લ ચિત્તથી પોતાના જન્મને કૃતાર્થ માની, ગૃહાચારને સફળ માની, ઘણા આદરથી પાત્રને કરવું જોઈએ.

**પાત્ર દાન મહાભાગ્યથી જેમનું ભલું થવાનું છે તેમના દ્વારા જ થાય છે.** પાત્રનો લાભ થવો જ દુર્લભ છે. ભક્તિ સહિત પાત્ર દાન થઈ જાય તો તેનો મહિમા કહેવાને કોણ સમર્થ છે?

ક્ષુધા-તૃષાથી જે દુઃખી હોય, રોગી હોય, દરિદ્રી હોય, વૃદ્ધ હોય, દીન હોય તેમને દયાપૂર્વક દાન આપવું તે બધો ત્યાગ ધર્મ છે. ત્યાગથી જ મનુષ્ય જન્મ સફળ છે. ત્યાગથી જ ધન-ધાન્યાદિનું મળવું સફળ છે. ત્યાગ વિના ગૃહસ્થનું ઘર સ્મશાન સમાન છે, ગૃહનો સ્વામી પુરૂષ મૃતકના સમાન છે, સ્ત્રી-પુત્રાદિ 'ગૃદ્ધ પક્ષી' સમાન છે જે આના ધનરૂપ માંસને ખોતરી ખોતરીને ખાય છે. આ રીતે છઠ્ઠી ત્યાગ ભાવનાનું વર્ણન કર્યું. (૬)

## ❖ શક્તિ પ્રમાણ તપ ભાવના ❖

હવે શક્તિ પ્રમાણ તપ ભાવના અંગીકાર કરવી, તેનું વર્ણન કરીએ છીએ. આ શરીર દુઃખનું કારણ છે, અનેક દુઃખ ઉપજાવે છે, અનિત્ય છે, અસ્થિર છે,

અશુચિ છે, કૃતઘ્ન સમાન છે. કરોડો ઉપકાર કરવા છતાં પણ કૃતઘ્ન પોતાનો થતો નથી, તે જ રીતે શરીરની પણ અનેક પ્રકારથી સેવા ઉપકાર કરવા છતાં પણ તે આપણું થતું નથી. માટે ગમે તે ઉપાયોથી એને પુષ્ટ કરવું ઉચિત નથી, કૃષ કરવા યોગ્ય જ છે, તો પણ ગુણરૂપી રત્નોનો સંયમ કરવાનું કારણ છે.

શરીર વિના રત્નત્રય ધર્મ થતો નથી, રત્નત્રય ધર્મ વિના કર્મોનો નાશ થતો નથી. માટે પોતાના પ્રયોજન અર્થે, વિષયોમાં આસક્તિ રહિત થઈ સેવકની જેમ યોગ્ય ખોરાક આપી, યથા શક્તિ જિનેન્દ્રના માર્ગથી વિરોધ રહિત, કાય કલેશાદિ તપ કરવું યોગ્ય છે. તપ કર્યા વિના ઈન્દ્રિયોના વિષયોમાં લોલુપતા ઘટતી નથી, તપ કર્યા વિના ત્રણ લોકને જીતવાવાળા કામને નષ્ટ કરવાનું સામર્થ્ય થતું નથી. તપ વિના આત્માને અચેત કરવાવાળી નિંદ્રા જીતી શકાતી નથી. **તપ વિના શરીરનો સુખીયો સ્વભાવ મટતો નથી.** જો તપના પ્રભાવ દ્વારા શરીરને વશમાં કરી રાખ્યું હશે તો ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ પરિષહોના આવવાથી કાયરતા થશે નહિ, સંયમ ધર્મથી ચલાયમાન થવાશે નહિ. તપ કર્મોની નિર્જરાનું કારણ છે, માટે તપ કરવું જ શ્રેષ્ઠ છે.

પોતાની શક્તિને છુપાવ્યા વિના જે રીતે જિનેન્દ્રના માર્ગથી વિરોધ રહિત હોય તે રીતે તપ કરો. તપ નામના સુભટની સહાયતા વિના પોતાના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ ધનને ક્રોધ, પ્રમાદ, આદિ લૂંટારા એક ક્ષણમાં લૂંટી લેશે; ત્યારે રત્નત્રયરૂપ સંપત્તિથી રહિત થઈ ચતુર્ગતિરૂપ સંસારમાં દીર્ઘકાળ સુધી ભ્રમણ કરશો. માટે જે રીતે વાત-પિત-કફ આ ત્રિદોષ વિપરીત થઈ રોગાદિ ન ઉપજાવે તે રીતે તપ કરવું ઉચિત છે.

**બધા તપોમાં પ્રધાન (ઉત્તમ, મુખ્ય) તપ તો દિગંબરપણું છે.** કેવું છે દિગંબરપણું ? ઘરના મમતારૂપ ફંદાને તોડીને, દેહનું સમસ્ત સુખીયાપણું છોડીને, પોતાના શરીરમાં શીત, ઉષ્ણ, ગરમી, વર્ષા, વાયુ, ડાંસ, મચ્છર, માખી આદિની તકલીફને જીતવાનો સન્મુખ થઈ, લંગોટ આદિ સમસ્ત વસ્ત્રોનો ત્યાગ કરી, દશ

દિશારૂપ જ જેમના વસ્ત્ર છે એવું દિગંબરપણું ધારણ કરવું, તે ઘણું મોટું અતિશયરૂપ તપ જાણવું. જેના સ્વરૂપને જોવા-સાંભળવાથી મોટા-મોટા શૂરવીર કાંપવા લાગે છે.

હે શક્તિને પ્રગટ કરવાવાળાઓ ! જો સંસારના બંધનથી છૂટવા ચાહતા હો તો જિનેશ્વર દેવ સંબંધી દિક્ષા ધારણ કરો. તે તપથી શરીરનું સુખીયાપણું નષ્ટ પામે છે, ઉપસર્ગ પરીષહ સહન કરવામાં કાયરતાનો અભાવ થઈ જાય છે; જેનાથી સ્વર્ગ લોકની રંભા, તિલોત્તમા પણ પોતાના હાવભાવ વિલાસ, વિભ્રમ આદિ દ્વારા મનને કામ વિકાર સહિત કરી શકતી નથી, એવા કામનો નાશ કરવો તે તપ છે. ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તન કરવાનો અભાવ થઈ જવો તે તપ છે.

**બંને પ્રકારના પરિગ્રહમાં ઈચ્છાનો અભાવ થઈ જવો તે તપ છે.** તપ તો એ જ છે જે નિર્જન વનમાં પર્વતોની ભયંકર ગુફામાં જ્યાં ભૂત-રાક્ષસ આદિનો અનેક રીતે ત્રાસ વર્તતો હોય, સિંહ, વાઘ, આદિની ભયંકર ત્રાડ થઈ રહી હોય, કરોડો વૃક્ષોથી અંધકાર વ્યાપી ગયો હોય, સાપ, અજગર, રીંછ, ચિત્તા ઈત્યાદિ ભયંકર દુષ્ટ તિર્યંચોની અવર-જવર હોય એવા મહા વિષમ સ્થાનોમાં ભય રહિત થઈ ધ્યાન-સ્વાધ્યાયમાં નિરાકુળ રહેવું તે તપ છે.

આહારના લાભ-અલાભમાં સમભાવ રાખવો, મીઠા, ખાટા, કડવા, કષાયેલા, ઠંડા, ગરમ, સરસ, નીરસ ભોજન-પાણીમાં લાલસા રહિત, સંતોષરૂપ અમૃતનું પાન કરી આનંદમાં રહેવું તે તપ છે. દુષ્ટ દેવ, દુષ્ટ મનુષ્ય, દુષ્ટ તિર્યંચો દ્વારા કરેલા ઘોર ઉપસર્ગો આવ્યે કાયરતા છોડી કંપાયમાન ન થવું તે તપ છે. **જેનાથી ચિરકાળનું સંચિત કરેલું કર્મ નિર્જરિત થઈ જાય તે તપ છે.** કુવચન બોલવાવાળાઓમાં, નિંદ્ય દોષ લગાવવાવાળાઓમાં, તાડન, મારણ, અગ્નિમાં સળગાવી દેવું આદિ ઉપદ્રવ કરવાવાળાઓમાં દ્વેષ બુદ્ધિથી કલુષિત પરિણામ ન કરવાં તથા સ્તુતિ પૂજનાદિ કરવાવાળાઓમાં રાગભાવનું ઉત્પન્ન ન થવું તે તપ છે.

પાંચ મહાવ્રતોનું ધારણ કરવું, પાંચ સમિતિઓનું પાલન કરવું, પાંચ ઈન્દ્રિયોનો નિરોધ કરવો, છ આવશ્યકોને યથા સમય કરવા, પોતાના માથા તથા દાઢી-મૂછના

વાળને પોતાના હાથથી ઉપવાસના દિવસે લોંચવા (કેશ લોચ કરવો) તપ છે. બે માસ પૂરા થઈ ગયા પછી ઉત્કૃષ્ટ કેશ લોંચ થાય છે. ત્રણ માસ પૂરા થઈ ગયા પછી મધ્યમ, ચાર માસ પૂરા થઈ ગયા પછી જઘન્ય કેશ લોંચ કહેવાય છે, તે પણ તપ છે. અન્ય વેશધારીઓની જેમ પ્રતિદિન કેશ લોંચ કરતા નથી.

શિયાળા, ઉનાળા, વર્ષાઋતુમાં નગ્ન રહેવું, આજીવન સ્નાન ન કરવું, જમીન પર શયન કરવું, અલ્પ નિંદ્રા લેવી, દાંતોને આંગળીથી પણ મંજન ન કરવું, એકવાર ઉભા-ઉભા જ રસ-નીરસ સ્વાદ છોડી થોડું ભોજન કરવું, આ રીતે અઠ્ઠાવીસ મૂળ ગુણોનું અખંડ પાલન કરવું તે પણ મોટું તપ છે. આ મૂળ ગુણોના પ્રભાવથી ઘાતિયા કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થઈ જવાય છે.

હે જ્ઞાનીજનો ! આ તપ ધર્મનું અંગ છે. તપની નિર્વિઘ્ન પ્રાપ્તિ માટે તેનું સ્તવન-પૂજન કરીને મહા અર્ઘ ઉતારણ કરો. તપથી, દૂર રહેવાવાળો તથા અત્યંત પરોક્ષ દેખાવાવાળો મોક્ષ પણ આપણી ઘણી નજીક આવી જાય છે. આ રીતે શક્તિ પ્રમાણ તપ નામની સાતમી ભાવનાનું વર્ણન કર્યું. (૭)

## ❖ સાધુ સમાધિ ભાવના ❖

હવે સાધુ-સમાધિ નામની આઠમી ભાવના કહીએ છીએ. જેમ ભંડારમાં લાગેલી આગને ગૃહસ્થ પોતાની ઉપકારી વસ્તુઓનો નાશ થવો જાણી બુઝાવે જ છે, કેમકે પોતાની ઉપકારી વસ્તુઓની રક્ષા કરવી ઘણી જરૂરી છે, તે જ રીતે વ્રત-શીલ આદિ અનેક ગુણો સહિત જે વ્રતી સંયમીને કોઈ કારણથી વિઘ્ન આવી જાય તો વિઘ્નોને દૂર કરી વ્રત-શીલની રક્ષા કરવી તે સાધુ સમાધિ છે. અથવા ગૃહસ્થને પોતાના પરિણામોને બગાડવાવાળો મરણકાળ આવી જાય, ઉપસર્ગ આવી જાય, રોગ આવી જાય, ઈષ્ટ વિયોગ થઈ જાય, અનિષ્ટ સંયોગ આવી જાય એ સમયે ભયભીત ન થવું તે સાધુ- સમાધિ છે.

**સમ્યગ્જ્ઞાની આવો વિચાર કરે છે - હે આત્મન્ ! તું અખંડ અવિનાશી**

**જ્ઞાન દર્શન સ્વભાવી છો, તારૂં મરણ થઈ શકતું નથી,** જે પેદા થયું છે તે નષ્ટ થશે. પર્યાયનો વિનાશ થાય છે, ચૈતન્ય દ્રવ્યનો વિનાશ થતો નથી. પાંચ ઈન્દ્રિયો, મન બળ, વચન બળ, કાયા બળ, આયુ બળ, ઉચ્છ્વાસ- આ દસ પ્રાણ છે. તેમના નાશને મરણ કહે છે. તારા જ્ઞાન, દર્શન, સુખ, સત્તા ઈત્યાદિ ભાવ પ્રાણ છે, તેમનો કદી નાશ થતો નથી. માટે દેહના નાશને પોતાનો નાશ માનવો તે મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન છે.

**હે જ્ઞાની !** હજારો કૃમિથી ભરેલા, હાડ-માંસમય, દુર્ગંધિત, પ્રગટ વિનાશીક દેહનો નાશ થવાથી તમારૂં શું જાય છે ? તમે તો અવિનાશી જ્ઞાનમય છો. આ મૃત્યુ તો મહા ઉપકારી મિત્ર છે જે તમને સડેલા-ગળેલા શરીરમાંથી કાઢી દેવ આદિનો ઉત્તમ દેહ ધારણ કરાવે છે. જો મૃત્યુ મિત્ર ન આવત તો આ દેહમાં હજુ કેટલો સમય વધારે રહેવું પડત ? રોગ તથા દુઃખોથી ભરેલા શરીરમાંથી કોણ કાઢત ? સમાધિ મરણ કરીને આત્માનો ઉદ્ધાર કેવી રીતે થાત ? વ્રત-તપ-સંયમનું ઉત્તમ ફળ મૃત્યુ નામના મિત્રના ઉપકાર વિના કેમ પામત ? પાપથી કોણ ડરતું ? મૃત્યુરૂપી કલ્પવૃક્ષ વિના ચાર આરાધનાઓનું શરણ ગ્રહણ કરાવી સંસારરૂપી કાદવમાંથી કોણ કાઢત ?

જેમનું ચિત્ત સંસારમાં આસકત છે તથા દેહને પોતારૂપે જાણે છે, તેમને મરણનો ભય હોય છે. સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપને દેહથી ભિન્ન જાણી ભયભીત થતા નથી, તેમને જ સાધુ-સમાધિ હોય છે. મરણના સમયે જે કોઈ રોગ, દુઃખ આદિ આવે છે તે પણ સમ્યગ્દષ્ટિને દેહથી મમત્વ છોડાવવા માટે આવે છે, ત્યાગ, સંયમ આદિને સન્મુખ કરાવવા માટે આવે છે, પ્રમાદને છોડાવી સમ્યગ્દર્શન આદિ ચાર આરાધનાઓમાં દઢતા કરાવવા માટે આવે છે.

**જ્ઞાની વિચાર કરે છે :-** જેણે જન્મ ધારણ કર્યો છે તે અવશ્ય મરશે, જો કાયર થઈ જઈશ તો મરણ છોડશે નહિ, અને જો ધીરજવાન બન્યો રહીશ તો મરણ છોડશે નહિ. માટે દુર્ગતિનું કારણ જે કાયરતારૂપ મરણ છે, તેને ધિક્કાર હો. હવે

એવા સાહસથી મરીશ કે દેહ મરી જશે પણ મારા જ્ઞાન-દર્શન સ્વરૂપનું મરણ નહિ થાય. આવું સ્મરણ કરવું ઉચિત છે. તેથી ઉત્સાહ સહિત સમ્યગ્દષ્ટિને મરણનો ભય ન હોવો, તે સાધુ-સમાધિ છે.

દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત ઉપસર્ગ થવા ઉપર જેને ભય થતો નથી, પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા જ માને છે, તેને સાધુ-સમાધિ છે. જ્ઞાની રોગથી ડરતા નથી. તે તો પોતાના શરીરને જ મહા રોગ માને છે, કારણ કે શરીર જ તો ક્ષુધા, તૃષા, આદિ મહા રોગોને ઉપજાવવાવાળું છે. આ માનવ શરીર વાત-પિત્ત-કફાદિ ત્રિદોષમય છે. અશાતા વેદનીય કર્મના ઉદયથી, ત્રિદોષોના ઘટવા વધવાથી, તાવ, ખાંસી, શ્વાસ, અતિસાર, પેટ દર્દ, શિર દર્દ, નેત્ર વિકાર વાતાદિની પીડા થયે જ્ઞાની એવો વિચાર કરે છે - મને આ રોગ થયો છે તેનું અંતરંગ કારણ તો અસાતા વેદનીય કર્મનો ઉદય છે, બહિરંગ કારણ દ્રવ્ય ક્ષેત્ર કાળાદિ છે, કર્મના ઉદયનો ઉપશમ થયે રોગનો નાશ થઈ જશે.

**અસાતા વેદનીયનો પ્રબળ ઉદય હોય ત્યારે બાહ્ય ઔષધિ આદિ કોઈ પણ રોગને મટાડવામાં સમર્થ નથી. અસાતા કર્મને હરવામાં કોઈ દેવ, દાનવ, મંત્ર, તંત્ર, ઔષધિ આદિ સમર્થ નથી.** તેથી હવે સંકલેશ છોડી સમતા ગ્રહણ કરવી. બાહ્ય જે ઔષધિ આદિ છે, તે અસાતા વેદનીય કર્મનો ઉદય મંદ હોય ત્યારે સહકારી કારણ છે. અસાતા વેદનીય કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે ઔષધિ આદિ કોઈ પણ બાહ્ય કારણ રોગ દૂર કરવામાં સમર્થ નથી. એવો વિચાર કરી અશાતા વેદનીય કર્મના નાશનું કારણ **પરમ સમતાભાવ** ધારણ કરી, સંકલેશ રહિત થઈ સહેવું, કાયર ન થવું તે જ સાધુ-સમાધિ છે.

ઈષ્ટનો વિયોગ થવાથી,અનિષ્ટનો સંયોગ થવાથી, જ્ઞાનની દઢતાથી ભય ન લાગવો તે સાધુ- સમાધિ છે. જે જીવ જન્મ જરા-મરણના ભય સહિત છે, પરંતુ સમ્યગ્દર્શન આદિ ગુણો સહિત છે તે આ મનુષ્ય પર્યાયના અંતમાં આરાધનાઓના શરણ સહિત તથા ભય રહિત થઈ દેહાદિ બધાં પરદ્રવ્યોમાં મમતા રહિત થઈ, વ્રત-સંયમ સહિત થઈ સમાધિ મરણની ઈચ્છા કરે છે.

આ સંસારમાં પરિભ્રમણ કરતાં મારો અનંતાનંત કાળ વીતી ગયો છે. સમસ્ત સમાગમ અનેક વાર મળ્યો, પરંતુ સમાધિ મરણ પ્રાપ્ત થયું નથી. જો સમાધિ મરણ એકવાર પણ થઈ ગયું હોત તો પછી જન્મ મરણને પાત્ર ન થાત. સંસારમાં પરિભ્રમણ કરતાં મેં ભવ-ભવમાં અનેક નવા નવા દેહ ધારણ કર્યા છે. **એવો ક્યો દેહ છે કે જે મેં ધારણ નથી કર્યો ?** હવે આ વર્તમાન દેહમાં કેમ મમત્વ કરૂં ? મને ભવ-ભવમાં અનેક સ્વજન-કુટુંબીજનોનો પણ સંબંધ થયો છે. આજે પહેલી વાર જ સ્વજન નથી મળ્યાં, તેથી કયા કયા સ્વજનમાં રાગ કરૂં ? મને ભવ-ભવમાં અનેક વાર રાજ ઋદ્ધિ પણ મળી છે. હવે હું તુચ્છ વર્તમાન સંપદામાં શું મમતા કરૂં ? ભવ-ભવમાં મારા અનેક પાલન કરવાવાળા માતા-પિતા પણ થઈ ગયા છે, હાલ એ (કંઈ) પહેલી વાર તો નથી થયા ?

મને ભવ-ભવમાં અનેકવાર નારીપણું પણ પ્રાપ્ત થયું છે, કામની તીવ્ર લંપટતા સહિત મને ભવ-ભવમાં અનેક વાર નપુંસકપણું પણ મળ્યું છે, તથા મને ભવ-ભવમાં અનેક વાર પુરૂષપણું પણ પ્રાપ્ત થયું છે, તો પણ વેદના અભિમાનથી નાશ થઈ ફરતો રહ્યો. ભવ-ભવમાં અનેક જાતનાં દુઃખો ભોગવ્યાં છે, **સંસારમાં એવું કોઈ દુઃખ નથી જે મેં અનેક વાર ન ભોગવ્યું હોય.** એવું કોઈ ઈન્દ્રિયજનિત સુખ પણ નથી જે મેં અનેક વાર ન ભોગવ્યું હોય. અનેક વાર નરકમાં નારકી થઈ અસંખ્યાત કાળ સુધી અગણિત અનેક પ્રકારનાં દુઃખ ભોગવ્યાં છે. અનેક વાર તિર્યંચોના ભવ પ્રાપ્ત કરી અનંત વાર જન્મ-મરણ કરી અનેક પ્રકારનાં દુઃખ ભોગવતાં વારંવાર પરિભ્રમણ કર્યું છે.

હું અનેક વાર ધર્મ વાસના રહિત મિથ્યાદષ્ટિ મનુષ્ય પણ થયો છું. અનેક વાર દેવલોકમાં પણ જન્મ પ્રાપ્ત થયો છે, અનેક ભવોમાં જિનેન્દ્રની પૂજા કરી છે, અનેક ભવોમાં ગુરુ વંદના પણ કરી છે, અનેક ભવોમાં મિથ્યાદષ્ટિ થઈ કપટપૂર્વક આત્મનિંદા પણ કરી છે, અનેક ભવોમાં દુર્ધર તપ પણ ધારણ કર્યા છે, અનેક ભવોમાં ભગવાનના સમોશરણમાં પણ જઈ આવ્યો છું તથા અનેક ભવોમાં શ્રુતજ્ઞાનના અંગોનો પઠન-પાઠનાદિનો અભ્યાસ કર્યો છે તો પણ અનંત કાળથી ભવ નિવાસી જ રહ્યો.

જો કે જિનેન્દ્રની પૂજા કરવી, ગુરુઓની વંદના કરવી, આત્મનિંદા કરવી, દુર્ધર તપશ્ચરણ કરવું, સમોશરણમાં જવું, જિનશ્રુતના અંગોનો અભ્યાસ કરવો ઈત્યાદિ કાર્ય પ્રશંસા યોગ્ય છે, પાપનો નાશ કરવાવાળા છે, પુણ્યબંધનાં કારણ છે **તો પણ સમ્યગ્દર્શન વિના અકૃતાર્થ (અકાર્યકારી) છે. સંસાર પરિભ્રમણને રોકી શકતાં નથી, સમ્યગ્દર્શન વિના સમસ્ત ક્રિયા પુણ્યનો બંધ કરવાવાળી છે,** સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે જ સંસારનો નાશ કરી શકે છે તે જ આત્માનુશાસનમાં કહ્યું છે -

**शम वोधवृत्त तपसां पाषाणस्येव गौरवं पुंसः ।**
**पूज्यं महामणेरिव तदेव सम्यक्त्व संयुक्तम् ।।१५।।**

**અર્થ:-** પુરૂષના સમભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપ એમનું મહાનપણું પાષાણના મહાનપણા જેવું છે; એ જ શમ, બોધ, ચારિત્ર તથા તપ જો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાન પૂજ્ય છે.

**ભાવાર્થ:-** જગતમાં મણિ પણ પાષાણ છે તથા અન્ય રેતીલા પત્થર પણ પાષાણ છે. જેમ કોઈ મનુષ્ય સાધારણ પત્થર તો મણ-બે મણ પણ બાંધીને લઈ જાય અને વેચે તો એક પૈસો જ મળે, તથા તેનાથી એક દિવસ પણ પેટ ન ભરાય. મણિ કોઈ રતી ભાર પણ લઈ જાય અને વેચે તો હજારો રૂપિયા મળે, સમસ્ત જન્મની દરિદ્રતા મટી જાય. તે જ રીતે સમભાવ, શાસ્ત્રોનું જ્ઞાન, ચારિત્ર ધારણ, ઘોર તપશ્ચરણ - એ સમ્યક્ત્વ વિના ઘણો કાળ ધારણ કરે તો રાજ્ય સંપદા મળી જશે, મંદ કષાયના પ્રભાવથી દેવલોકમાં પેદા થઈ જશે, પછી ત્યાંથી મરીને એકેન્દ્રિય આદિ પર્યાયોમાં પરિભ્રમણ કરશે, પરંતુ જો તે સમ્યક્ત્વ સહિત હોય તો સંસાર પરિભ્રમણનો નાશ કરીને મુકત થઈ જશે.

**સમ્યક્ત્વ વિના જે મિથ્યાદ્રષ્ટિ છે તે જિનરાજની પૂજન કરે, નિર્ગ્રન્થ ગુરુની વંદના કરે, સમોવશરણમાં જાય, જિનાગમનો અભ્યાસ કરે, ઉત્કૃષ્ટ તપ કરે તો પણ અનંતકાળ સુધી સંસારમાં જ નિવાસ કરતો રહેશે.**

આ ત્રણ લોકમાં સુખ-દુઃખની બધી સામગ્રી આ જીવને અનંતવાર મળી છે, કંઈ પણ દુર્લભ નથી; એક સાધુ સમાધિરૂપ જે રત્નત્રયની લબ્ધિ છે તેને નિર્વિઘ્ને પરલોક સુધી લઈ જવી દુર્લભ છે. જે રત્નત્રય સહિત થઈ દેહને છોડે છે, તેને જે સાધુ-સમાધિ હોય છે તેની પ્રાપ્તિ દુર્લભ છે.

સાધુ સમાધિ ચતુર્ગતિમાં પરિભ્રમણના દુઃખનો અભાવ કરી નિશ્ચલ, સ્વાધીન, અનંત સુખને પ્રાપ્ત કરાવે છે. જે પુરૂષ સાધુ-સમાધિ ભાવનાને નિર્વિઘ્ન રૂપથી પ્રાપ્ત કરવા માટે આ ભાવનાને ભાવી તેનું મહાન અર્ઘ ઉતારણ કરે છે તે શીઘ્ર જ (સત્વરે) સંસાર-સમુદ્રને પાર કરીને અષ્ટ ગુણોના ધારક સિદ્ધ બની જાય છે. આ રીતે સાધુ-સમાધિ નામની આઠમી ભાવનાનું વર્ણન કર્યું. (૮)

## ✤ વૈયાવૃત્ત ભાવના ✤

હવે વૈયાવૃત્ત નામની નવમી ભાવનાનું વર્ણન કરીએ છીએ. કોઢ, પેટના રોગ, આમવાત, સંગ્રહણી, કઠોદર, સફોદર, નેત્ર શૂળ, કર્ણ શૂળ, શિર શૂળ, દંત શૂળ, તથા તાવ, શરદી, શ્વાસ, જરા ઈત્યાદિ રોગોથી પીડિત જે મુનિ તથા શ્રાવક છે તેમને નિર્દોષ આહાર, ઔષધિ, જગ્યા આદિ આપી સેવા-શુશ્રુષા કરવી, વિનય કરવો, આદર કરવો, દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવો તે બધી વૈયાવૃત્ત છે. જે તપથી તપાયમાન હોય, પણ શરીર રોગ સહિત હોય તેમનું દુઃખ જોઈ તેમના માટે પ્રાસુક ઔષધિ તથા પથ્ય આદિ દ્વારા રોગનું ઉપશમન કરવું તે વૈયાવૃત્ત ભાવના છે.

મુનિઓના દસ ભેદ હોવાથી વૈયાવૃત્તના પણ દસ ભેદ છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કુળ, સંઘ, સાધુ, મનોજ્ઞ - આ દસ પ્રકારના મુનિઓની પરસ્પર વૈયાવૃત્ત થાય છે. કાયાની ચેષ્ટા દ્વારા અન્ય દ્રવ્યોથી દુઃખ, વેદન, આદિ દૂર કરવાનું કાર્ય - વ્યવહાર કરવો, પ્રવર્તન કરવું તે વૈયાવૃત્ત છે.

દસ પ્રકારના મુનિઓનું સ્વરૂપ આમ જાણવું - જેમનાથી સ્વર્ગ-મોક્ષ સુખના બીજ જે વ્રત છે તેમને આદર સહિત ગ્રહણ કરી ભવ્ય જીવ પોતાના હિત માટે પાળે છે - આચરણ કરે છે, એવા સમ્યગ્જ્ઞાન આદિ ગુણોના ધારક **આચાર્ય** છે.

જેમનું સાનિધ્ય પ્રાપ્ત કરીને આગમનું અધ્યયન કરે છે એવા વ્રત, શીલ, શ્રુતના આધાર **ઉપાધ્યાય** છે. જે મહાન અનશનાદિ તપ કરવાવાળા છે તે **તપસ્વી** છે. જેઓ નિરંતર શ્રુતના શિક્ષણમાં તત્પર તથા વ્રતોની ભાવનામાં તત્પર રહે છે તે **શૈક્ષ્ય** છે. રોગાદિના દ્વારા જેમનું શરીર દુઃખી હોય તે **ગ્લાન** છે. જે વૃદ્ધ મુનિઓની પરિપાટીમાં હોય તે **ગણ** છે. પોતાને દીક્ષા આપવાવાળા આચાર્યના જે શિષ્ય છે તે **કુળ** છે. ઋષિ, યતિ, મુનિ, અણગાર - આ ચાર પ્રકારના મુનિઓનો જે સમૂહ છે તે **સંઘ** છે. ઘણા સમયથી જે દીક્ષિત હોય તે **સાધુ** છે.

જેઓ પંડિતપણાદ્વારા, વક્તાપણાદ્વારા, ઉંચા કુળ દ્વારા (પ્રસિદ્ધ ગુરુના શિષ્ય થઈ) લોકોમાં માન્ય થઈ ધર્મનું, ગુરુ કુળનું ગૌરવપણું ઉપજાવવાળા હોય - વધારવાવાળામાં હોય તે **મનોજ્ઞ** છે. અથવા અસંયત સમ્યગ્દષ્ટિ પણ સંસારના અભાવરૂપપણાને કારણે મનોજ્ઞ છે.

આ દસ પ્રકારના મુનિઓને રોગ થઈ જાય, પરીષહોથી દુઃખી થઈ તથા શ્રદ્ધાનાદિ બગડી જવાથી મિથ્યાત્વ આદિને વશ થઈ જાય તો પ્રાસુક ઔષધિ, ભોજન-પાણી, યોગ્ય સ્થાન આસન, તખ્ત, ઘાસાદિ બિછાવી ને પુસ્તક-પીંછી આદિ ધર્મોપકરણ દ્વારા પ્રતિકાર-ઉપકાર કરવો તથા પુનઃ સમ્યક્ત્વમાં સ્થાપિત કરવા વિગેરે ઉપકાર કરવા તે વૈયાવૃત્ત છે. જો બાહ્ય ભોજન-પાણી-ઔષધિ આદિ આપવા સંભવ ન હોય તો પોતાના શરીર દ્વારા જ તેમના કફ, નાકનો મેલ, મૂત્રાદિ દૂર કરી દેવાથી તથા તેમના અનુકુળ આચરણ કરવાથી વૈયાવૃત્ત થાય છે.

આ વૈયાવૃત્તમાં સંયમની સ્થાપના, ગ્લાનિનો અભાવ, પ્રવચનમાં વાત્સલ્યતા, સનાથપણું ઈત્યાદિ અનેક ગુણ પ્રગટ થાય છે. વૈયાવૃત્ત જ પરમ ધર્મ છે. વૈયાવૃત્ત નહિ હોય તો મોક્ષમાર્ગ બગડી જશે. આચાર્ય આદિને પોતાના શિષ્ય, મુનિ, રોગી ઈત્યાદિની વૈયાવૃત્ત કરવાથી ઘણી વિશુદ્ધતા તથા ઉચ્ચતા પ્રાપ્ત થાય છે. આવી જ રીતે શ્રાવક પણ મુનિઓની વૈયાવૃત્ત કરે, તથા શ્રાવિકાઓ આર્યિકાની વૈયાવૃત્ત કરે.

ઔષધિદાન દ્વારા પણ વૈયાવૃત્ત કરે; ભક્તિપૂર્વક યુક્તિથી દેહના આધાર આહાર દાન આપી વૈયાવૃત્ત કરો. કર્મના ઉદયથી કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકવો, શ્રદ્ધાનથી ચલાયમાન થઈ ગયા હોય તો તેમને સમ્યગ્દર્શન ગ્રહણ કરાવવું, જિનેન્દ્રના માર્ગથી ભટકી ગયા હોય તેમને માર્ગમાં સ્થાપિત કરવા ઈત્યાદિ ઉપકાર દ્વારા પણ વૈયાવૃત્ત થાય છે.

જે આચાર્ય આદિ ગુરૂ શિષ્યને શ્રુતનાં અંગ ભણાવે છે, તથા વ્રત સંયમ આદિની શુદ્ધિનો ઉપદેશ આપે છે તે શિષ્યની વૈયાવૃત છે. શિષ્ય પણ ગુરૂઓની આજ્ઞા અનુસાર પ્રવર્તતો થકો ગુરૂઓના ચરણોની સેવા કરે તે આચાર્યની વૈયાવૃત છે.

**પોતાના ચૈતન્ય સ્વરૂપ આત્માને રાગ-દ્વેષ આદિ દોષોથી લેપાવા ન દેવો તે પોતાના આત્માની વૈયાવૃત્ત છે.** પોતાના આત્માને ભગવાનના પરમાગમમાં લગાવી દેવો, દસ લક્ષણરૂપ ધર્મમાં લીન થઈ જવું તે પોતાના આત્માની વૈયાવૃત છે. કામ, ક્રોધ, લોભ આદિ તથા ઈન્દ્રિયોના વિષયોને આધીન ન થવું તે પોતાના આત્માની વૈયાવૃત્ત છે.

**અહીં એટલું વિશેષ જાણવું -** રોગી મુનિઓના તથા ગુરૂઓના પ્રાતઃ તથા સંધ્યાકાળે શયન, આસન, કમંડલ, પીંછી, પુસ્તક સારી રીતે આંખોથી જોઈ મોરની પીંછીથી સાફ કરવા, અશક્ત રોગી મુનિનો આહાર ઔષધિ આદિ દ્વારા સંયમને યોગ્ય ઉપચાર કરવો, શુદ્ધ ગ્રંથ વાંચીને, ધર્મનો ઉપદેશ આપી, પરિણામોને ધર્મમાં લીન કરવા, તથા ઉઠાડવા, બેસાડવા, મલ-મૂત્ર કરાવવા, કરવટ બદલાવવી, વિગેરે બધી વૈયાવૃત છે.

કોઈ સાધુ રસ્તામાં દુઃખી થયા હોય, ભીલ, મલેચ્છ, દુષ્ટ રાજા, દુષ્ટ તિર્યંચો દ્વારા દુઃખી થયા હોય, ઉપદ્રવરૂપ થયા હોય, દુર્ભિક્ષ, મરી-વ્યાધિ ઈત્યાદિ ઉપદ્રવોથી પીડા થવાથી પરિણામ કાયર થયા હોય તો તેમને સ્થાન આપી કુશળ પુછી આદરથી સિદ્ધાંતની શિખામણ આપી સ્થિતિકરણ કરવું તે વૈયાવૃત છે.

જે સમર્થ હોવા છતાં પણ પોતાના બળ-વીર્ય (શક્તિ)ને છૂપાવી વૈયાવૃત કરતો નથી તે ધર્મ રહિત છે. તેણે તીર્થંકરોની આજ્ઞાનો ભંગ કર્યો, શ્રુત દ્વારા ઉપદેશિત ધર્મની વિરાધના કરી, પોતાનો આચાર બગાડ્યો, પ્રભાવનાનો નાશ કર્યો, ધર્માત્માનો આપત્તિમાં પણ ઉપકાર ન કર્યો તો ધર્મથી વિમુખ થયો, શ્રુતની આજ્ઞા લોપવાથી પરમાગમથી પરાન્મુખ થયો.

વૈયાવૃતથી એવા પરિણામ થાય છે કે અહો **! મોહ અગ્નિથી બળતા આ જગતમાં એક દિગંબર મુનિ જ જ્ઞાનરૂપ જળ દ્વારા મોહરૂપ અગ્નિને બુઝાવી આત્મ કલ્યાણ કરે છે.** તેઓ ધન્ય છે જે કામને મારીને, રાગ-દ્વેષનો ત્યાગ કરીને, ઈન્દ્રિયોને જીતીને આત્માના હિતમાં ઉદ્યમી થાય છે. એ લોકોત્તર ગુણોના ધારી છે. મને એવા ગુણવંતોના ચરણોનું શરણ પ્રાપ્ત થાઓ. આ પ્રકારના ગુણોમાં પરિણામ વૈયાવૃતથી જ થાય છે. જેમ-જેમ ગુણોમાં પરિણામ મગ્ન થાય છે તેમ-તેમ શ્રદ્ધાન વધે છે, જ્યારે શ્રદ્ધાન વિશેષ થાય છે ત્યારે ધર્મમાં પ્રીતિ વધે છે, ત્યારે ધર્મના નાયક અરહંતાદિ પંચ પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગરૂપ ભક્તિ વધે છે. **ભક્તિ કેવી હોય છે ?** માયાચાર રહિત, મિથ્યાજ્ઞાન રહિત, ભોગોની વાંછા રહિત, મેરૂ સમાન નિષ્કંપ-અચળ, એવી જિનભક્તિ જેને હોય છે તેને સંસારના પરિભ્રમણનો ભય રહેતો નથી. એવી ભક્તિ ધર્માત્માના વૈયાવૃતથી જ થાય છે.

પાંચ મહાવ્રતો સહિત, કષાયો રહિત, રાગ-દ્વેષને જીતવાવાળા, શ્રુતજ્ઞાનરૂપ રત્નોના નિધાન, એવા પાત્રનો લાભ વૈયાવૃત કરવાવાળાને થાય છે. જેણે રત્નત્રયધારીની વૈયાવૃત કરી તેણે રત્નત્રયથી પોતાનો સંબંધ બાંધી સ્વયંને તથા બીજાઓને મોક્ષમાર્ગમાં સ્થાપિત કરી દીધા. જેણે આચાર્યની વૈયાવૃત કરી છે તેણે સંપૂર્ણ સંઘની - સર્વ ધર્મની વૈયાવૃત કરી, ભગવાનની આજ્ઞા પાળી, પોતાના તથા અન્યના સંયમની રક્ષા કરી, શુભ ધ્યાનની વૃદ્ધિ તથા ઈન્દ્રિયોનો નિગ્રહ કર્યો, રત્નત્રયની રક્ષા કરી, અત્યધિક દાન આપ્યું, નિર્વિચિકિત્સા ગુણને પ્રગટ કર્યો, જિનેન્દ્રના ધર્મની પ્રભાવના કરી.

ધન વાપરી નાખવું સુલભ છે, (સરળ છે), પરંતુ રોગીની સેવા-સુશ્રુષા કરવી દુર્લભ છે. અન્યના અવગુણ ઢાંકવા, ગુણ પ્રગટ કરવા, ઈત્યાદિ ગુણોના પ્રભાવથી

તીર્થંકર નામની પ્રકૃત્તિનો બંધ થાય છે. આ વૈયાવૃત જગતમાં ઉત્તમ છે, એવી જિનેન્દ્રની શિખામણ છે. જે કોઈ શ્રાવક યા સાધુ વૈયાવૃત કરે છે તે ઉત્કૃષ્ટ નિર્વાણને પ્રાપ્ત થાય છે. જે પોતાની શક્તિ અનુસાર છ કાયના જીવોનું રક્ષણ કરવામાં સાવધાન છે તેનાથી સમસ્ત પ્રાણીઓની વૈયાવૃત થાય છે. આ રીતે વૈયાવૃત નામની નવમી ભાવનાનું વર્ણન કર્યું. (૯)

## ❖ અરિહંત ભક્તિ ભાવના ❖

હવે અરિહંત ભક્તિ નામની દસમી ભાવનાનું વર્ણન કરીએ છીએ. મન, વચન, કાયા દ્વારા 'જિન' એવા બે અક્ષરનું સદા કાળ સ્મરણ કરવું તે અરિહંત ભક્તિ છે.

**અરિહંતના ગુણોમાં અનુરાગ તે અરિહંત ભક્તિ છે.** જેમણે પૂર્વ જન્મમાં સોલહ કારણ ભાવના ભાવી છે તે તીર્થંકર થઈ અરિહંત થાય છે. તેમને સોલહ કારણ ભાવનાથી ઉત્પન્ન અદ્‌ભૂત પુણ્યના પ્રભાવથી ગર્ભમાં આવવાના છ માસ પહેલાથી ઈંદ્રની આજ્ઞાથી કુબેર બાર યોજન લાંબી, નવ યોજન પહોળી રત્નમયી નગરીની રચના કરે છે. તેના મધ્યમાં રાજાને રહેવાના મહેલનું વર્ણન તથા નગરીની રચના, મોટા દરવાજા, કોટ, ખાઈ, પરકોટ વિગેરે જે કુબેર રચે છે, તેના મહિમાનું તો કોઈ હજાર જીભો દ્વારા વર્ણન કરવામાં સમર્થ નથી.

ત્યાં તીર્થંકરની માતાના ગર્ભની સફાઈ રૂચિક દ્વીપાદિમાં રહેવાવાળી છપ્પન કુમારી દેવી કરે છે તથા તે દેવીઓ માતાની અનેક પ્રકારની સેવા કરવામાં સાવધાન રહે છે. ગર્ભમાં આવવાના છ માસ પહેલાંથી કુબેર પ્રભાત, મધ્યાન્હ, અપરાન્હ (સંધ્યા) એક-એક કાળમાં આકાશમાંથી સાડા ત્રણ કરોડ રત્નોની વર્ષા કરે છે. તે પછી ગર્ભમાં આવતાં જ ઈંદ્ર આદિ ચારેય નિકાયના દેવોનાં આસન કંપાયમાન થવાથી ચાર પ્રકારના દેવ આવી નગરીની પ્રદક્ષિણા કરી માતા-પિતાનો પૂજા સત્કાર કરી પોત-પોતાના સ્થાને ચાલ્યા જાય છે.

**ભગવાન તીર્થંકર સ્ફટિક મણિના પટારા સમાન મલાદિ રહિત માતાના ગર્ભમાં વિરાજમાન રહે છે.** કમલવાસિની છ દેવી તથા રૂચિક દ્વીપમાં રહેવાવાળી

છપ્પન કુમારી દેવી તથા બીજી અનેક દેવીઓ માતાની સેવા કરે છે. નવ મહિના પૂરા થયે ઉચિત સમયે જન્મ થતાં જ ચારેય નિકાયના દેવોનાં આસન કંપાયમાન થવાં તથા વાજાંના અકસ્માત્ વાગવાથી જિનેન્દ્રનો જન્મ થયો જાણી, અત્યંત હર્ષથી સૌધર્મ નામનો ઈંદ્ર, એક લાખ યોજન પ્રમાણ ઐરાવત હાથી ઉપર બેસી પોતાના સૌધર્મ સ્વર્ગના એકત્રીસમાં પટલના અઢારમા શ્રેણીબદ્ધ વિમાનથી પોતાના અસંખ્યાત દેવોના પરિકર (વૃંદ) સહિત આવે છે. સાથે સાડા બાર કરોડ જાતનાં વાજિંત્રોનો મીઠો અવાજ, અસંખ્યાત દેવો દ્વારા કરવામાં આવતો જય-જયકાર શબ્દ (નાદ), અનેક ધ્વજા, ઉત્સવ સામગ્રી તથા કરોડો અપ્સરાઓનો નાચતાં (કરેલા) ઉત્સવ, કરોડો ગંધર્વ દેવો સાથે ગાતાં ગતાં આવે છે.

ઈન્દ્રના રહેવાનો પટલ અહીંથી અસંખ્યાત યોજન ઉપર તથા અસંખ્યાત યોજન તિર્યક દક્ષિણ દિશામાં છે. ત્યાંથી જંબુદ્વીપ સુધી અસંખ્યાત યોજન ઉત્સવ કરતા આવીને, નગરીની પ્રદક્ષિણા કરીને, ઈન્દ્રાણી પ્રસૂતિ ગૃહમાં જઈને, ત્યાં માતાને માયા દ્વારા સુવાડી દઈ, વિયોગના દુઃખના ભયથી પોતાની દેવત્વ શક્તિ દ્વારા બીજુ બાળક બનાવી ત્યાં રાખી, તીર્થંકર બાળકને અત્યંત ભક્તિથી લાવી ઈંદ્રને સોંપી દે છે. તે સમયે બાળ તીર્થંકરને જોઈ ઈંદ્રને તૃપ્તિ થતી નથી, ત્યારે તે પોતાનાં એક હજાર નેત્ર બનાવી જુએ છે. પછી ત્યાં ઈશાન આદિ સ્વર્ગોના ઈન્દ્ર, ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી દેવોના ઈંદ્રાદિ અસંખ્યાત દેવ પોત-પોતાની સેના, વાહન, પરિવાર સહિત આવે છે.

સૌધર્મ ઈંદ્ર ઐરાવત હાથી ઉપર બેસી ભગવાન (બાળ તીર્થંકર)ને ગોદમાં લઈ ગિરિ સુમેરૂ તરફ ચાલે છે. ત્યાં ઈશાન ઈન્દ્ર છત્ર લઈ તૈયાર હોય છે, સનતકુમાર-મહેન્દ્રકુમાર ચમર ઢાળતા, અન્ય અસંખ્યાત દેવ પોત-પોતાની શક્તિ અનુસાર સાવધાન થઈ ઘણા ઉત્સવપૂર્વક મેરૂગિરીના પાંડુક વનમાં પહોંચે છે. ત્યાં પાંડુક શિલા ઉપર અકૃત્રિમ સિંહાસન છે તેના પર જિનેન્દ્ર (બાળ તીર્થંકર)ને બિરાજમાન કરે છે. પછી પાંડુક વનથી લગાવીને ક્ષીર સમુદ્ર સુધી બંને બાજુ દેવ કતાર બદ્ધ ઉભા રહી જાય છે.

ક્ષીર સમુદ્ર મેરૂ પર્વતની ભૂમિથી પાંચ કરોડ, દસ લાખ, સાડા ઓગણપચાસ હજાર યોજનના અંતરે છે. તે સમયે મેરૂની ચુલિકાથી બંને બાજુ મુગુટ, કુંડલ, હાર, કંકણ આદિ અદ્‌ભૂત રત્નોના આભૂષણ પહેરેલા દેવોની લાઈન ક્ષીર સમુદ્ર સુધી કતાર બાંધી હાથોહાથ કળશ સોંપતી જાય છે. ત્યાં બંને બાજુએ ઈન્દ્રના ઉભા રહેવા બનેલા બે નાના સિંહાસનો પર સૌધર્મ તથા ઈશાન ઈન્દ્ર ઉભા થઈ હાથોમાં કળશ લઈ એક હજાર આઠ કળશો દ્વારા (બાળ તીર્થંકરનો) અભિષેક કરે છે.

તે કળશોનું મોઢું એક યોજનનું, વચ્ચેનું પેટ ચાર યોજન પહોળું, આઠ યોજન ઉંચુ હોય છે. તે કળશોમાંથી નિકળેલી ધારા ભગવાન (બાળ તીર્થંકર)ના વજ્રવૃષભનારાચ સંહનનવાળા શરીર પર ફુલોના વરસાદની જેમ બાધા રહિત થાય છે. તે પછી ઈન્દ્રાણી કોમળ વસ્ત્રથી લૂછીને પોતાના જન્મને કૃતાર્થ માનતી સ્વર્ગથી લાવેલાં બધાં (તમામ) રત્નમયી વસ્ત્ર-આભૂષણ પહેરાવે છે. ત્યાં અનેક દેવ-અનેક ઉત્સવ રચે છે જેનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

મેરૂ પર્વતથી પછી તે જ રીતે ઉત્સવ કરતા પાછા આવી, જિનેન્દ્રને લાવી, માતાને સોંપી ઈન્દ્ર ત્યાં તાંડવનૃત્ય આદિ જે ઉત્સવ કરે છે - તે બધા ઉત્સવોનું કોઈ અસંખ્યાત કાળ સુધી, કરોડો જીભો દ્વારા વર્ણન કરવામાં સમર્થ નથી.

જિનેન્દ્ર તો જન્મતાં જ તીર્થંકર પ્રકૃતિના ઉદયના પ્રભાવથી દશ અતિશય સહિત ઉપજે છે. પરસેવા રહિત શરીર, નીહાર (મળ, મૂત્ર, કફ આદિ) રહિતપણું, શરીરનો દૂધ જેવો વર્ણ, શ્વેત રૂધિર, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રવૃષભનારાચ સંહનન, અદ્‌ભૂત સપ્રમાણ શરીરનું રૂપ સૌંદર્ય, મહા સુગંધયુક્ત શરીર, અપ્રમાણબળ, એક હજાર આઠ લક્ષણ, પ્રિય હિત મધુર વચન - આ બધો પૂર્વ જન્મમાં સોલહ કારણ ભાવના ભાવી હતી તેનો પ્રભાવ છે. તેઓ ઈન્દ્ર દ્વારા પોતાના અંગુઠામાં રાખેલું અમૃતપાન કરે છે, માતાના સ્તનમાંથી નીકળેલું દૂધ પીતા નથી. પછી પોતાની ઉંમરના દેવકુમારો સાથે રમતાં રમતાં મોટા થાય છે. સ્વર્ગ લોકથી આવેલાં આભરણ, વસ્ત્ર, ભોજન આદિ મનોવાંછિત સામગ્રી લઈ દેવ હમેશાં રાત-દિન ઉભા રહે છે. **પૃથ્વીનું ભોજન, આભરણ વસ્ત્ર આદિ અંગીકાર કરતા નથી, સ્વર્ગથી આવેલાને જ ભોગવે છે.**

કુમાર કાળ વ્યતીત થઈ ગયા પછી ઈન્દ્રાદિ દ્વારા અદ્‌ભૂત ઉત્સાહપૂર્વક કરેલા ઉત્સવમાં પિતા દ્વારા ભક્તિપૂર્વક સોંપેલા રાજ્યને ગ્રહણ કરી ભોગવે છે. સમય આવ્યે સંસાર, શરીર, ભોગોથી વૈરાગ્ય ઉપજે છે, ત્યારે અનિત્યાદિ બાર ભાવનાઓ ભાવવા લાગે છે. બાર ભાવનાઓ ભાવતાં જ લોકાન્તિક દેવ આવીને વંદના સ્તવનરૂપ સંબોધન તથા વૈરાગ્યની અનુમોદના કરે છે.

જિનેન્દ્રને વૈરાગ્યભાવ થતાં જ ચાર નિકાયના ઈંદ્રાદિ દેવ પોતાનું આસન કંપાયમાન થવાથી અવધિ જ્ઞાનથી જિનેન્દ્રના તપનો અવસર જાણી ઉત્સાહપૂર્વક આવી અભિષેક કરી દેવલોકના વસ્ત્ર આભરણોથી ભક્તિ સહિત સજાવે છે. પછી રત્નમયી પાલખી બનાવી તેમાં જિનેન્દ્રને બેસાડી, સપ્રમાણ ઉત્સવ તથા જય-જયકાર શબ્દોચ્ચાર સહિત તપના યોગ્ય વનમાં લઈ જઈ ઉતારે છે ત્યાં તે તમામ વસ્ત્ર, આભરણ ત્યાગે છે, દેવ તેમને હોઠોમાં જ પકડી પોતાના માથા પર રાખી દે છે. પછી તે જિનેન્દ્ર સિદ્ધોને નમસ્કાર કરી પંચમુષ્ટિ કેશલોંચ કરે છે. ત્યાં કેશોને ઉત્તમ જાણી ઈન્દ્ર રત્નમય પાત્રમાં મૂકી અત્યંત ભક્તિથી ક્ષીર સમુદ્રમાં પધરાવે છે.

## ✤ સમવશરણનો મહિમા ✤

કેટલાક સમય પછી તપના પ્રભાવથી તથા શુકલ-ધ્યાનના પ્રભાવથી ક્ષપકશ્રેણીમાં ઘાતિયા કર્મોનો નાશ કરી જિનેન્દ્ર કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, ત્યારે અરહંત પદ પ્રગટ થાય છે.

કેવળજ્ઞાનરૂપ નેત્ર દ્વારા ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રિકાલવર્તી સમસ્ત દ્રવ્યોની અનંતાનંત પર્યાયો સહિત અનુક્રમથી (ક્રમબદ્ધ) એક સમયમાં યુગપત્ બધાને જાણે-દેખે છે. ત્યારે ચાર નિકાયના દેવ જ્ઞાન કલ્યાણકની પૂજા સ્તવન કરી ભગવાનનો ઉપદેશ થવા અર્થે અનેક રત્નમયી સમવશરણની રચના કરે છે.

**સમવશરણની વિભૂતિનું વર્ણન કોણ કરી શકે છે ?** પૃથ્વીથી પાંચ હજાર ધનુષ ઉંચુ, જેને વીસ હજાર સીઢીઓ હોય છે, તેના ઉપર બાર યોજન પ્રમાણ

ઈન્દ્રનીલ મણિમય ગોળભૂમિ, તેના ઉપર સપ્રમાણ મહિમા સહિત સમવશરણ રચના થાય છે. જ્યાં સમોશરણની રચના થાય છે તથા ભગવાનનો વિહાર થાય છે ત્યાં આંધળાઓ દેખવા લાગે છે, બહેરા સાંભળવા લાગે છે, લંગડા ચાલવા માંડે છે, મૂંગા બોલવા લાગે છે. **વીતરાગતાનો અદ્‌ભૂત મહિમા છે.**

જેના ધૂલિશાલ આદિ રત્નમયી કોટ, માનસ્તંભ, વાવડી, પાણીની ખાઈ, પુષ્પવાડી, પછી રત્નમયી કોટ, દરવાજા, નાટ્યશાળા, ઉપવન, વેદી, ધ્વજાભૂમિ, પછી રત્નમયી કોટ, કલ્પવૃક્ષોનું વન, રત્નમય સ્તૂપ, મહેલોની ભૂમિ, સ્ફટિકમણીનો કોટ, દેવચ્છદ નામનો એક યોજનનો શ્રી મંડપ, ચારે બાજુએ દ્વાદશ સભા, તેમનાથી સેવિત રત્નમય ત્રણ કટનીયુક્ત ગંધકુટિમાં સિંહાસનના ઉપર ચાર આંગળ અંતરિક્ષ ભગવાન અરહંત બિરાજમાન થાય છે. તેમના અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્યમયી અંતરંગ વિભૂતિના મહિમાને કહેવા ચાર જ્ઞાનના ધારક ગણધર સમર્થ નથી, અન્ય તો કોણ કહી શકે ?

**સમોવશરણની વિભૂતિ જ વચનથી અગોચર છે.** ગંધકુટી ત્રીજી કટનીના ઉપર છે. ત્યાં દેવોના બત્રીસ યુગલ, મુગટ, કુંડલ, હાર, કડાં, ભુજાબંધ વિગેરે બધાં આભૂષણ પહેરી ચોસઠ ચામર ઢોળી રહ્યા છે, અદ્‌ભૂત ક્રાંતિના ધારક ત્રણ છત્ર, જેમની ક્રાંતિથી સૂર્ય-ચંદ્રમા પણ ઝાંખા દેખાય છે, તેમના શરીરનું પ્રભામંડળચક્ર વૃદ્ધિગત થઈ રહ્યું છે જેનાથી સમોશરણમાં રાત્રિ-દિવસનો ભેદ જ રહેતો નથી, સદાયે દિવસ જેવું જ રહે છે.

ત્રણ લોકમાં જેવી સુગંધ બીજી નથી (બીજે ક્યાંય નથી) એવી મહાસુગંધ સહિત ગંધ- કુટિ ઉપર દેવો દ્વારા બનાવેલા અશોકવૃક્ષને જોતાં જ બધા લોકોનો શોક નાશ પામી જાય છે, આકાશમાંથી કલ્પવૃક્ષોના પુષ્પોની વર્ષા થાય છે. આકાશમાં સાડા બાર કરોડ વાજિંત્રોનો એવો મધુર ધ્વનિ હોય છે, જેને સાંભળવા માત્રથી ક્ષુધા, તૃષા આદિ બધા રોગ-વેદના નાશ પામી જાય છે. રત્નજડિત સિંહાસન સૂર્યની ક્રાંતિને જીતતું જણાય છે.

**જિનેન્દ્રની દિવ્ય-ધ્વનિનો અદ્‌ભૂત મહિમા છે.** ત્રિલોકવર્તી જીવોને પરમ ઉપકાર કરવાવાળી છે, મોહાંધકારનો નાશ કરે છે, બધા જીવ પોત-પોતાની ભાષામાં શબ્દ-અર્થ સમજી લે છે, કોઈ જીવોને સંશય રહેતો નથી, સ્વર્ગ મોક્ષના માર્ગને પ્રગટ કરે છે. દિવ્ય-ધ્વનિનો મહિમા વચન દ્વારા ગણધર ઈંદ્રાદિ કોઈ કહેવામાં સમર્થ નથી. જેમના સમોશરણમાં સિંહ-હાથી, વાઘ-ગાય, બિલાડી-હંસ ઈત્યાદિ જાતિ વિરોધી જીવ પોતાની વેર બુદ્ધિ છોડીને પરસ્પર મિત્રો થઈ જાય છે.

**વીતરાગતાનો અદ્‌ભૂત મહિમા છે. -** અસંખ્યાત દેવ જિનેન્દ્રદેવનો જય-જયકાર કરે છે, તેમની સમીપ રહી (તેમના સાનિધ્યમાં) દેવો દ્વારા રચેલા કળશ, ઝારી, દર્પણ, ધ્વજા, ઠોના, છત્ર, ચામર, વીંજણો એ આઠ અચેતન દ્રવ્ય પણ લોકમાં મંગળપણાને પ્રાપ્ત થઈ જાય છે.

કેવળજ્ઞાન થયા પછી દશ અતિશય પ્રગટ થાય છે - ચારેય તરફ સો-સો યોજન સુભિક્ષતા, આકાશમાં ગમન, ભૂમિનો સ્પર્શ ન થવો, તેમનાથી કોઈ પણ જીવનો ઘાત ન થવો, ઉપસર્ગનો અભાવ, ચાર મુખ દેખાવાં, સમસ્ત વિદ્યાઓમાં પ્રભુત્વ છાયા રહિતપણું, નેત્રોની પલકનું ન ઝબકવું, નખ-વાળનું ન વધવું. આ દશ અતિશય ઘાતિયા કર્મોનો નાશ થવાથી સ્વયં પ્રગટ થઈ જાય.

તીર્થંકર પ્રકૃતિના પ્રભાવથી દેવો દ્વારા કરેલા **ચૌદ અતિશય** થાય છે. અર્ધમાગધી ભાષા, સમસ્ત જન સમૂહમાં મૈત્રીભાવ, બધી ઋતુઓનાં ફળ-ફૂલ-પત્તાં સહિત વૃક્ષોનું પેદા થઈ જવું, પૃથ્વીનું ઘાસ-કંટક-રજ રહિત દર્પણ સમાન રત્નમયી થઈ જવું, શીતલ મંદ સુગંધી પવનનું વહેવું, બધા જીવોને આનંદ પ્રગટ થઈ જવો, અનુકૂળ પવન વહેવો, સુગંધિત પાણીની વર્ષાથી ભૂમિનું ધૂળ રહિત થઈ જવું, જ્યાં જ્યાં ચરણ રાખતા જાય છે ત્યાં ત્યાં સાત આગળ, સાત પાછળ, સાત ડાબી બાજુ, સાત જમણી બાજુ, તથા એક વચ્ચે એવા પંદર-પંદર કમળોની પંદર પંક્તિઓમાં કુલ બસો પચ્ચીસ કમળોની દેવ રચના કરતા જાય છે, ઉપર આકાશ નિર્મળ થઈ જાય છે, દિશાઓ ચારે તરફ નિર્મળ થઈ જાય છે, ચારેય

નિકાયના દેવ જય-જયકાર નાદ કરે છે, ધર્મચક્ર એક હજાર કિરણોના આરા સહિત પોતાના પ્રકાશથી સૂર્ય-મંડળનો પણ તિરસ્કાર કરતું થકુ આગળ-આગળ ચાલતું જાય છે, તથા અષ્ટ મંગળ દ્રવ્ય એ ચૌદ દેવકૃત અતિશય પ્રગટ થાય છે.

ક્ષુધા, તૃષા, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, રાગ, દ્વેષ, મોહ, અરતિ, ચિંતા, સ્વેદ, ખેદ, મદ, નિંદ્રા - આ અઢાર દોષ રહિત અરહંતની વંદના, સ્તવન, ધ્યાન કરો. સુખને પ્રાપ્ત કરાવવાવાળા અરહંત છે, તેમનું સ્તવન કરવું જોઈએ. આ અરહંત ભક્તિ સંસાર સમુદ્રથી તારવાવાળી છે, તેનું નિરંતર ચિંતવન કરો. અરહંતનાં ગુણોની અપેક્ષાએ તો અનંત નામ છે, તથા ભક્તિથી ભરેલા ઈંદ્રએ ભગવાનનું એક હજાર આઠ નામો દ્વારા સ્તવન કર્યું છે. જે અલ્પ સામર્થ્યના ધારી છે તે પણ પોતાની શક્તિ પ્રમાણે પૂજન, વંદન, સ્તવન, નમસ્કાર, ધ્યાન કરે.

અરહંત ભક્તિ સંસાર સમુદ્રથી તારવાવાળી જ છે. **સમ્યગ્દર્શનમાં તથા અરહંત ભક્તિમાં નામ ભેદ છે, અર્થ ભેદ નથી.** અરહંત ભક્તિ નરકાદિ ગતિને હરવાવાળી છે. જે આ ભક્તિનું પૂજન, સ્તવન કરી અર્ઘ ઉતારણ કરે છે તેઓ દેવોનું સુખ ભોગવી, પછી મનુષ્યનું સુખ ભોગવી અવિનાશી સુખના ધારી અક્ષય અવિનાશી સિદ્ધો જેવા સુખને પ્રાપ્ત કરે છે. આ રીતે અરહંત ભક્તિ નામની દસમી ભાવનાનું વર્ણન કર્યું. (૧૦)

## ✤ આચાર્ય ભક્તિ ભાવના ✤

હવે આચાર્ય ભક્તિ નામની અગિયારમી ભાવનાનું વર્ણન કરીએ છીએ, તે જ ગુરૂ ભક્તિ છે. તેઓ ધનભાગ્ય છે જેમને વીતરાગ ગુરૂઓના ગુણોમાં અનુરાગ હોય છે. ધન્ય પુરૂષોના મસ્તક ઉપર ગુરૂઓની આજ્ઞા પ્રર્વતે છે. આચાર્ય તો અનેક ગુણોની ખાણ છે, શ્રેષ્ઠ તપના ધારક છે. એટલા માટે પોતાના મનમાં તેમના ગુણોનું સ્મરણ કરીને પૂજો, અર્ઘ ઉતારણ કરો, તેમની આગળ પુષ્પાંજલિ અર્પણ કરો જેનાથી પોતાને એવા ગુરૂઓના ચરણોનું શરણ જ મળે.

**આચાર્યનું સ્વરૂપ -** કેવા હોય છે આચાર્ય ? જેમનો અનશન આદિ બાર પ્રકારના ઉજ્જ્વળ તપોમાં નિરંતર ઉદ્યમ છે, છ આવશ્યક ક્રિયાઓમાં સાવધાન છે, પંચાચારના ધારક છે, દસ લક્ષણ ધર્મરૂપ જેમની પરિણતિ છે, મન-વચન-કાયની ગુપ્તિ સહિત છે, એવા છત્રીસ ગુણોના ધારી આચાર્ય હોય છે. સમ્યગ્દર્શનાચારને નિર્દોષ ધારણ કરે છે. સમ્યગ્જ્ઞાનની શુદ્ધતાથી યુકત છે. તેર પ્રકારના ચારિત્રની શુદ્ધતાના ધારક છે.

તપશ્ચરણમાં ઉત્સાહ યુકત છે, તથા પોતાની શક્તિને છૂપાવ્યા વિના બાવીસ પરીષહોને જીતવામાં સમર્થ, એવા નિરંતર પંચ આચારના ધારક છે.

અંતરંગ-બહિરંગ પરિગ્રહથી રહિત છે, નિર્ગ્રંથ માર્ગમાં ગમન કરવામાં તત્પર છે, ઉપવાસ, બેસણુ-ત્રેસણુ-પંચોપવાસ, પક્ષોપવાસ, માસોપવાસ, કરવામાં તત્પર છે, તથા નિર્જન વનમાં પર્વતોની ગુફાઓમાં નિશ્ચલ શુભ ધ્યાનમાં મનને લગાવે છે.

**શિષ્યોની યોગ્યતા સારી રીતે જાણી દીક્ષા આપવામાં તથા શિક્ષા કરવામાં નિપુણ છે,** યુક્તિથી સર્વ પ્રકારના નયોને જાણવાવાળા છે, પોતાના શરીરથી મમત્વ છોડીને રહે છે, રાત દિવસ સંસાર કૂપમાં પતન થવાના ભયે ભયભીત છે. જેમણે મન-વચન-કાયાની શુદ્ધતા સહિત નાસિકાના અગ્રભાગમાં નેત્ર યુગલને સ્થાપિત કર્યું છે, એવા આચાર્યને મસ્તક સહિત પોતાના બધા અંગોને જમીન પર નમાવી વંદન કરવું જોઈએ. તે આચાર્યોના ચરણોના સ્પર્શથી પવિત્ર થયેલી રજને અષ્ટ દ્રવ્યથી પૂજવી જોઈએ. આ રીતે સંસાર પરિભ્રમણના કલેશનો નાશ કરવાવાળી આચાર્ય ભક્તિ છે.

**આચાર્યના વિશેષ ગુણ -** હવે અહીં એવું વિશેષ જાણવું - જે આચાર્ય છે તે સમસ્ત ધર્મના નાયક (નેતા) છે, આચાર્યોના આધારે સમસ્ત ધર્મ છે. અતઃ આ ગુણોના ધારક જ આચાર્ય હોવા જોઈએ.

મોટા રાજાઓના, રાજાના મંત્રીના, મહાન શ્રેષ્ઠીઓના કુળમાં ઉત્પન્ન થયા હોય, જેમના સ્વરૂપને જોતાં જ પરિણામ શાંત થઈ જાય એવા મનોહર રૂપવાળા

હોવા; જેમનો ઉચ્ચ આચાર જગતમાં પ્રસિદ્ધ હોય, **પહેલાં ગૃહસ્થ અવસ્થામાં પણ કદી હીન આચરણ, નિંદ્ય વ્યવહાર ન કર્યા હોય,** વર્તમાન ભોગ-સંપદા છોડીને વિરક્તતા પામ્યા હોય, લૌકિક વ્યવહાર તથા પરમાર્થના જ્ઞાતા હોય; બુદ્ધિની પ્રબળતા તથા તપની પ્રબળતાના ધારક હોય.

સંઘના અન્ય મુનિઓથી જેવું તપ ન થઈ શકે તેવા તપના ધારક હોય; ઘણા સમયથી દીક્ષા લીધેલી હોય; ઘણા સમય સુધી ગુરૂઓનું ચરણસેવન કર્યું હોય, વચનમાં અતિશય સહિત હોય, જેમનાં વચન સાંભળતાં જ ધર્મમાં દૃઢતા થાય, સંશય (શંકા)નો અભાવ થાય, જે સંસાર-શરીર-ભોગોથી દૃઢ વૈરાગ્યવાળા હોય, સિદ્ધાંત સૂત્રના અર્થના નિષ્ણાત હોય; ઈન્દ્રિયોનું દમન કરીને આ લોક-પરલોક સંબંધી ભોગ વિલાસ રહિત હોય, દેહાદિમાં નિર્મમત્વ હોય, મહા ધીર હોય; ઉપસર્ગ પરીષહોથી જેમનું ચિત્ત કદી ચલાયમાન ન થાય. જો આચાર્ય જ વિચલિત થઈ જાય તો સકળ સંઘ ભ્રષ્ટ થઈ જાય, ધર્મનો લોપ થઈ જાય.

**સ્વ મત પર મતના જ્ઞાતા હોય, અનેકાન્ત વિદ્યામાં ક્રીડા કરવાવાળા હોય,** અન્યના પ્રશ્ન આદિના ડર વિના તત્કાળ જવાબ આપવાવાળા હોય, એકાન્ત પક્ષનું ખંડન કરી સત્યાર્થ ધર્મની સ્થાપના કરવાનું જેમનામાં સામર્થ્ય હોય, ધર્મની પ્રભાવના કરવામાં ઉદ્યમી હોય, ગુરૂઓની સમીપ પ્રાયશ્ચિત આદિ શાસ્ત્ર વાંચી (ભણી) છત્રીસ ગુણોના ધારક હોય તેમને સમસ્ત સંઘની સાક્ષીપૂર્વક ગુરૂઓનું આપેલું આચાર્ય પદ મળે છે. જેઓ આટલા ગુણોના ધારક હોય તેમને જ આચાર્યપણું હોય છે. આ ગુણો વિના જો આચાર્ય થાય (થશે) તો ધર્મ તીર્થનો લોપ થઈ જશે, ઉન્માર્ગ (વિપરીત) પ્રવૃત્તિ થઈ જશે, સમસ્ત સંઘ સ્વેચ્છાચારી થઈ જશે, શાસ્ત્રની પરિપાટી તથા આચારની પરિપાટી તૂટી જશે.

**આચાર્યના આઠ ગુણ -** આચાર્યના અન્ય અષ્ટ ગુણ છે જેમને ધારણ કરવાવાળા જ આચાર્ય હોવા જોઈએ. આચારવાન, વ્યવહારવાન, પ્રકર્તા, અપાયોપાયવિદર્શી, અવપીડક, અપરિસ્ત્રાવી, નિર્યાપક - આ આઠ ગુણ છે.

**(૧) આચારવાન -** જે પાંચ પ્રકારનો આચાર ધારણ કરે છે તેને આચારવાન કહે છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગ દેવે પોતાના દિવ્ય નિરાવરણ જ્ઞાન દ્વારા જીવાદિ તત્ત્વોને પ્રત્યક્ષ જોઈ કહ્યું છે, તેમાં સમ્યક્ શ્રદ્ધાનરૂપ પરિણતિ થવી તે દર્શનાચાર છે. સ્વ-પર તત્ત્વોના નિરૂપક આગમ અને આત્માનુભવથી જાણવારૂપ પ્રવૃત્તિ તે જ્ઞાનાચાર છે. હિંસાદિ પાંચ પાપોના અભાવરૂપ પ્રવૃત્તિ તે ચારિત્રાચાર છે. અંતરંગ-બહિરંગ તપમાં પ્રવૃત્તિ તે તપાચાર છે. પરીષહ આદિ આવ્યેથી પોતાની શક્તિને છૂપાવ્યા વિના ધીરતારૂપ પ્રવૃત્તિ તે વીર્યાચાર છે. બીજા પણ દસ પ્રકારના સ્થિતિકલ્પ આદિ આચારમાં તત્પર હોય.

સમિતિ-ગુપ્તિ આદિનું કથન કરીશું તો કથન ઘણું વધી જશે. પાંચ પ્રકારનો આચાર પોતે સ્વયં નિર્દોષ પાળે, તથા અન્ય શિષ્યોને પણ નિર્દોષ આચરણ કરાવવામાં ઉદ્યમી હોય તે જ આચાર્ય છે. **જો આચાર્ય સ્વયં જ હીનાચારી હોય તો તે શિષ્યો પાસે શુદ્ધ આચરણ ન કરાવી શકે.** જે હીનાચારી હશે તે આહાર, વિહાર, ઉપકરણ, વસતિકાદિ અશુદ્ધ ગ્રહણ કરાવી દેશે. જે પોતે જ આચારહીન હશે તે શુદ્ધ ઉપદેશ આપી નહિ શકે. માટે આચાર્ય આચારવાન જ હોવા જોઈએ.

**(૨) આધારવાન -** જેમને જિનેન્દ્રના કહેલા ચારેય અનુયોગનો આધાર હોય, સ્યાદ્વાદ વિદ્યાના નિષ્ણાત હોય, શબ્દ વિદ્યા, ન્યાય વિદ્યા, સિદ્ધાંત વિદ્યાના પારંગત હોય. **પ્રમાણ, નય, નિક્ષેપ દ્વારા તથા સ્વાનુભવ દ્વારા ભલી રીતે જેમણે તત્ત્વોનો નિર્ણય કર્યો હોય તે આધારવાન છે.** જેને શ્રુતનો આધાર ન હોય તે અન્ય શિષ્યોની શંકા, એકાન્તરૂપ હઠ તથા મિથ્યાચરણનું નિરાકરણ કરી નહિ શકે.

અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવને અતિ દુર્લભ મનુષ્ય જન્મની પ્રાપ્તિ, તેમાં પણ ઉત્તમ દેશ, જાતિ, કુળ, ઈન્દ્રિયોની પૂર્ણતા, દીર્ઘાયુ, સત્સંગતિ, શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ - એ ઉત્તરોત્તર દુર્લભ સંયોગ પામીને, જો અલ્પજ્ઞાની ગુરૂની

પાસે રહેવાવાળો શિષ્ય હોય તો તે સત્યાર્થ ઉપદેશ પ્રાપ્ત ન કરવાને કારણે, પોતાનું સ્વરૂપ યથાર્થ ન જાણતાં સંશયરૂપ થઈ જશે તથા મોક્ષ માર્ગને અતિ દૂર, અતિ કઠિન જાણી રત્નત્રય માર્ગથી વિચલિત થઈ જશે.

સત્યાર્થ ઉપદેશ વિના વિષય કષાયોમાં ઉલઝેલા (ફસાયેલા) મનને કાઢવામાં સમર્થ થશે નહિ, તથા રોગકૃત વેદનામાં તથા ઉપસર્ગ પરીષહોથી વિચલિત થયેલા ભાવોને શાસ્ત્રના અતિશયરૂપ ઉપદેશ વિના રોકવામાં સમર્થ નહિ થાય; જો મરણ આવી જાય ત્યારે સન્યાસના સમયે આહાર-પાણીનો ત્યાગ તથા યથા અવસર દેશ-કાળ સહાયક-સામર્થ્યના ક્રમને સમજ્યા વિના શિષ્યના ભાવ વિચલિત થઈ જાય કે આર્ત્તધ્યાન થઈ જાય તો સુગતિ બગડી જાય, ધર્મનો અપવાદ થાય, અન્ય મુનિ પણ ધર્મમાં શિથિલ થઈ જાય, આ તો મોટો અનર્થ છે !

આ મનુષ્ય આહારમય છે, આહારથી જ જીવી રહ્યો છે, આહારની જ નિરંતર વાંછા કરે છે. જ્યારે રોગના કારણે તથા ત્યાગ કરી દેવાથી આહાર છૂટી જાય છે તથા દુઃખથી જ્ઞાન ચારિત્રમાં શિથિલ થઈ જાય છે, ધર્મ-ધ્યાન રહિત થઈ જાય છે, ત્યારે બહુશ્રુત ગુરૂ એવો ઉપદેશ આપે છે જેનાથી ક્ષુધા, તૃષાની વેદના રહિત થઈ ઉપદેશરૂપી અમૃતથી સિંચેલા સમસ્ત કલેશ રહિત થઈ ધર્મ-ધ્યાનમાં લીન થઈ જાય છે. ક્ષુધા, તૃષા, રોગાદિની વેદનાથી સહિત શિષ્યને ધર્મના ઉપદેશરૂપ અમૃતના જળ તથા ઉત્તમ શિક્ષારૂપ ભોજન દ્વારા જ્ઞાન સહિત ગુરૂ જ વેદના રહિત કરે છે. બહુશ્રુતિના આધાર વિના ધર્મ રહેતો નથી. **માટે જે આધારવાન આચાર્ય હોય તેમનું જ શરણ ગ્રહણ કરવા યોગ્ય છે.**

જો શિષ્ય વેદનાથી દુઃખી થઈ રહ્યો હોય તો તેનું શરીર પંપાળવું, હાથ, પગ, માથું દબાવવું, મીઠાં વચન બોલવાં, ઈત્યાદિ દ્વારા દુઃખ દૂર કરે. પૂર્વમાં જે અનેક સાધુઓએ ઘોર પરીષહ સહી આત્મકલ્યાણ કર્યું તેમની કથા કહી **દેહથી ભિન્ન આત્માનો અનુભવ કરાવી વેદના રહિત કરે.** હે મુનિ ! હવે દુઃખમાં

ધૈર્ય ધારણ કરો, સંસારમાં કયા-કયા દુઃખ નથી ભોગવ્યા ? જો વીતરાગીનું શરણ ગ્રહણ કરશો તો દુઃખોનો નાશ કરી કલ્યાણને પ્રાપ્ત થશો વિગેરે ઘણી રીતે કરી માર્ગથી વિચલિત ન થવા દે, એવા આધારવાન ગુરૂ જ શરણ લેવા યોગ્ય છે.

(૩) **વ્યવહારવાન -** આચાર્ય વ્યવહાર પ્રાયશ્ચિત શાસ્ત્રના જ્ઞાતા (જાણકાર) હોવા જોઈએ, કારણ કે પ્રાયશ્ચિત શાસ્ત્ર જેઓ આચાર્ય હોવાને યોગ્ય હોય તેમને જ ભણાવવામાં આવે છે, બીજાઓએ ભણવા લાયક નથી. જે જિન આગમના જ્ઞાતા હોય, મહા ધૈર્યવાન હોય, પ્રબળ બુદ્ધિના ધારક હોય તે જ પ્રાયશ્ચિત આપી શકે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ક્રિયા, પરિણામ, ઉત્સાહ, સંહનન, પર્યાય, દીક્ષાનો કાળ, શાસ્ત્ર જ્ઞાન, પુરૂષાર્થ આદિ સારી રીતે જાણીને જ રાગ-દ્વેષ રહિત હોય છે તે જ પ્રાયશ્ચિત આપે છે.

જેનામાં એટલી હોશિયારી હોય કે એટલું જાણી શકે કે પ્રાયશ્ચિત લેવાવાળાને કેટલું પ્રાયશ્ચિત આપવાથી તેનાં પરિણામ ઉજળાં થઈ જશે, દોષનો અભાવ થઈ જશે, વ્રતોમાં દઢતા થશે, એવા જ્ઞાતા હોય. જેમને આહારની યોગ્યતા-અયોગ્યતાનું જ્ઞાન હોય, આ ક્ષેત્રમાં એવા પ્રાયશ્ચિતનો નિર્વાહ થશે કે નહિ થાય, આ ક્ષેત્રમાં વાત-પિત્ત-કફ શીત-ઉષ્ણતાની અધિકતા છે, યા સમપણું છે, અથવા આ ક્ષેત્રમાં મિથ્યાદષ્ટિઓની અધિકતા છે યા મંદતા છે, ધર્માત્માઓની અધિકતા છે યા મંદતા છે, એવું જાણીને પ્રાયશ્ચિતનો નિર્વાહ થતો જાણે તો પ્રાયશ્ચિત આપવું જોઈએ.

શીત-ઉષ્ણ-વર્ષાકાળને, અવસર્પિણી-ઉત્સર્પિણીનો ત્રીજો-ચોથો-પાંચમો કાળ જોઈ કાળને આધીન પ્રાયશ્ચિતનો નિર્વાહ થવો જાણે તો પ્રાયશ્ચિત આપે.

પરિણામ જોવાં જોઈએ, એ પણ જોવું કે તપશ્ચરણમાં એનો ઉત્સાહ તીવ્ર છે કે મંદ છે. સહનશીલતાની હીનતા-અધિકતા, બળની મંદતા-તીવ્રતા પણ જોવી જોઈએ. એ પણ જોવું જોઈએ કે એ લાંબા સમયથી દીક્ષિત છે કે નવ દીક્ષિત

છે, સહનશીલ છે કે કાયર છે, બાળ-યુવા-વૃદ્ધ અવસ્થા પણ જોવી જોઈએ, આગમનો જ્ઞાતા છે કે મંદ જ્ઞાની, પુરૂષાર્થી છે કે મંદ ઉદ્યમી છે - ઈત્યાદિના જ્ઞાતા થઈ પ્રાયશ્ચિત આપવું જોઈએ.

**જે રીતે દોષરૂપ આચરણ ફરીથી ન કરે તથા પૂર્વમાં કરેલા દોષ દૂર થઈ જાય, તે રીતે શાસ્ત્રને અનુકૂળ પ્રાયશ્ચિત આપવું જોઈએ.** જેણે ગુરૂઓની સમીપ પ્રાયશ્ચિત શાસ્ત્ર શબ્દથી કે અર્થથી ભણ્યું નથી, તે જો બીજાઓને પ્રાયશ્ચિત આપે તો સંસારરૂપી કિચડમાં ડૂબે છે, અપયશ ઉપાર્જન કરે છે તથા ઉન્માર્ગનો ઉપદેશ આપી સમ્યક્ માર્ગનો નાશ કરી મિથ્યાદષ્ટિ થાય છે. જે આટલા ગુણોના ધારક હોય તેને પ્રાયશ્ચિત શાસ્ત્ર ભણાવીને ગુરૂ પોતાનું આચાર્ય પદ આપે છે.

જે મહાન કુળમાં ઉપજ્યા હોય, વ્યવહાર પરમાર્થના જ્ઞાતા હોય, **કોઈ પણ કાળે પોતાના મૂળ ગુણોમાં અતિચાર ન લગાવતા હોય, ચારેય અનુયોગરૂપ શાસ્ત્ર સમુદ્રના પારંગત હોય,** ધૈર્યવાન હોય, કુળવાન હોય, પરીષહ જીતવામાં સમર્થ હોય, દેવો દ્વારા કરાતા ઉપસર્ગથી પણ જે ચલાયમાન ન થાય, વકતાપણાની શક્તિના ધારક હોય, વાદી-પ્રતિવાદીને જીતવામાં સમર્થ હોય, વિષયોથી અત્યંત વિરકત હોય, ઘણા સમય સુધી ગુરૂ સંઘમાં રહ્યા હોય, સર્વ સંઘને માન્ય હોય, સમસ્ત સંઘે પહેલેથી જ જેનામાં આચાર્યપણાની યોગ્યતા જાણી લીધી હોય, જેને ગુરૂઓના આપેલા પ્રાયશ્ચિત શાસ્ત્રના જ્ઞાતા થઈ આચાર્યપણું પ્રાપ્ત થયું હોય તે પ્રાયશ્ચિત આપે છે. આટલા ગુણો વિના જેમ મૂઢ વૈદ્ય આદિ જો દેશ, કાળ, પ્રકૃતિ આદિને જાણતા નથી તો તે રોગીને મારી નાખે છે, તે જ રીતે વ્યવહાર જ્ઞાન રહિત મૂઢ ગુરૂ પણ શિષ્યને સંસારમાં ડૂબાડવાવાળા જ છે. માટે આચાર્યે વ્યવહારવાન હોવું જ જોઈએ.

**(૪) પ્રકર્ત્તા -** આચાર્ય પ્રકર્ત્તા ગુણ સહિત હોવા જોઈએ. સંઘમાં કોઈ રોગી હોય, વૃદ્ધ હોય, અશકત હોય, બાળક હોય જેમણે સન્યાસ ધારણ કરી લીધો હોય તેમની વૈયાવૃત્તમાં નિયુકત કરેલા મુનિ તો સેવા કરે જ છે, પરંતુ

સ્વયં આચાર્ય પણ જો સંઘના મુનિઓમાં કોઈ અશક્ત થઈ જાય તો તેને ઉઠાડવા, બેસાડવા, સૂવાડવા, મળ-મૂત્ર-કફ તથા ખૂન-પરૂ આદિ શરીર ઉપરથી દૂર કરવાં, ધોવાં, ઉઠાવવાં, પ્રાસુક જગ્યામાં નાખવાં, ધર્મોપદેશ આપવો, ધર્મ ગ્રહણ કરાવવો ઈત્યાદિ આદરપૂર્વક ભક્તિ સહિત વૈયાવૃત્ત કરે. તેમને જોઈ સંઘના બધા મુનિ વૈયાવૃત્ત કરવામાં સાવધાન થઈ જાય છે તથા વિચાર કરે છે -

અહો ! ધન્ય છે આ ગુરૂ ભગવાન પરમેષ્ઠી કરૂણાનિધાન જેમના ધર્માત્મામાં આવું વાત્સલ્ય છે. અમે મહાનિંદ્ય છીએ, આળસુ થઈ રહ્યા છીએ, અમારા હોવા છતાં પણ ગુરૂ સેવા કરે છે - એ અમારૂં પ્રમાદીપણું ધિક્કારવા યોગ્ય છે, બંધનું કારણ છે. એવો વિચાર કરી સમસ્ત સંઘ વૈયાવૃત્તમાં ઉદ્યમી થઈ જાય છે.

**જો આચાર્ય સ્વયં પ્રમાદી હોય તો સકલ સંઘ વાત્સલ્ય રહિત થઈ જાય.** માટે આચાર્યનો કર્તૃત્વ ગુણ મુખ્ય છે. સમસ્ત સંઘની વૈયાવૃત્ત કરવાની જેનામાં ક્ષમતા હોય તે આચાર્ય થાય છે. કોઈ હીન આચારી હોય તો તેને શુદ્ધ આચાર ગ્રહણ કરાવે છે, કોઈ મંદ જ્ઞાની હોય તો તેને સમજાવીને ચારિત્રમાં લગાવે છે, કોઈને પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે છે, કોઈને ધર્મોપદેશ આપી દઢતા કરાવે છે. ધન્ય છે આચાર્ય ! જેમને તેમનું શરણ પ્રાપ્ત થઈ ગયું તેમને મોક્ષમાર્ગમાં લગાવી ઉદ્ધાર કરી દે છે. માટે આચાર્યનો પ્રકર્ત્તા ગુણ પ્રધાન છે.

**(૫) અપાયોપાય વિદર્શી** - અપાયોપાય વિદર્શી નામનો આચાર્યનો પાંચમો ગુણ છે. કોઈ સાધુ ક્ષુધા, તૃષા, રોગ વેદનાથી કલેશિત પરિણામરૂપ થઈ જાય, તીવ્ર રાગ-દ્વેષરૂપ થઈ જાય, લજ્જાથી- ભયથી યથાવત્ આલોચના ન કરે, રત્નત્રયમાં ઉત્સાહ રહિત થઈ જાય, ધર્મમાં શિથિલ થઈ જાય તેને અપાય અર્થાત્ રત્નત્રયનો નાશ, ઉપાય અર્થાત્ રત્નત્રયની રક્ષાના એવા પ્રગટ ગુણ દોષ બતાવે કે તે રત્નત્રયના નાશ થવાથી કંપવા લાગે તથા રત્નત્રયના નાશથી પોતાનો નાશ તથા નરકાદિ કુગતિમાં સાક્ષાત્ પતન દેખે. રત્નત્રયની રક્ષાથી-સંસારથી ઉદ્ધાર થઈ અનંત સુખની પ્રાપ્તિ ઉપદેશ દ્વારા સાક્ષાત્ બતાવે, એવો ઉપદેશ આપવાની શક્તિ જેનામાં હોય

તે અપાયોપાય વિદર્શી ગુણના ધારક આચાર્ય હોય છે. અહીં ઉપદેશ લખવાથી કથન ઘણું વધી જાય માટે લખતા નથી.

**(૬) અવપીડક -** હવે અવપીડક નામનો છઠ્ઠો ગુણ કહે છે. કોઈ મુનિ રત્નત્રય ધારણ કરીને પણ લજ્જાથી, ભયથી, અભિમાન, ગૌરવ આદિથી પોતાની શુદ્ધ યથાવત્ આલોચના (ભૂલ સ્વીકાર કરવી) કરતા નથી તો આચાર્ય તેમને સ્નેહ ભરી, કાનોને મીઠી લાગે તેવી, તથા હૃદયમાં પ્રવેશ કરાવી દે તેવી શિખામણ આપે છે - હે મુનિ! અતિ દુર્લભ રત્નત્રયના લાભને તમે માયાચાર દ્વારા નાશ ન કરો. **માતા-પિતા સમાન પોતાના ગુરૂઓ સમીપ પોતાનો દોષ પ્રગટ કરવામાં શું શરમ છે ?** વાત્સલ્યના ધારી ગુરૂ પણ પોતાના શિષ્યના દોષ પ્રગટ કરી શિષ્યનો તથા ધર્મનો અપવાદ કરતા નથી. માટે બોજો ઉતારી આલોચના કરો. જે રીતે રત્નત્રયની શુદ્ધતા તથા તપશ્ચરણના નિર્વાહ થશે તેવી રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર તમને પ્રાયશ્ચિત આપવામાં આવશે. માટે ભય છોડી નિર્દોષ આલોચના કરો.

જે આવા સ્નેહરૂપ વચનો દ્વારા પણ માયા શલ્ય છોડતા નથી, તો તેજના ધારી આચાર્ય જબરદસ્તીથી શિષ્યના શલ્યને કાઢે છે. જે સમયે આચાર્ય શિષ્યને પૂછે છે કે - હે મુનિ ! શું આ દોષ આમ જ છે ? સત્ય કહો ? ત્યારે તેમના તેજ તથા તપના પ્રભાવથી, **જેમ સિંહને જોતાં જ શિયાળ ખાધેલા માંસને તત્કાળ ઓકી નાખે છે, તથા જેમ મહા પ્રચંડ તેજસ્વી રાજા અપરાધીને પૂછે છે ત્યારે તેને તત્કાળ સત્ય બોલવું જ પડે છે, તે જ રીતે શિષ્ય પણ માયા શલ્ય કાઢી નાખે છે.**

જો શિષ્ય સત્ય બોલીને પોતાનો માયાચાર છોડતો નથી તો ગુરૂ તિરસ્કારનાં વચન પણ કહે છે - હે મુનિ ! અમારા સંઘમાંથી નીકળી જાઓ, અમારાથી તમારૂં શું પ્રયોજન છે ? જે પોતાના શરીરનો મેલ ધોવા ઈચ્છશે તે નિર્મળ જળથી

ભરેલા સરોવરને પ્રાપ્ત કરશે, જે પોતાના મહાન રોગને દૂર કરવા ચાહશે તે પ્રવીણ વૈદ્યને પ્રાપ્ત કરશે. તે જ રીતે જે રત્નત્રયરૂપ પરમ ધર્મને અતિચાર દૂર કરી ઉજ્જવળ કરવા ચાહશે તે ગુરૂનો આશ્રય લેશે. **તમને રત્નત્રયની શુદ્ધતા કરવામાં આદર નથી માટે આ મુનિપણું, વ્રત ધારણ કરવું, નગ્ન થઈ ક્ષુધાદિ પરીષહ સહેવાની વિડંબના દ્વારા શું સાધ્ય છે ?** સંવર-નિર્જરા તો કષાયોને જીતવાથી થાય છે, જ્યારે માયા કષાયનો જ ત્યાગ ન કર્યો તો વ્રત, સંયમ, મૌન ધારણ કરવું વ્યર્થ છે. **માયાચારીનું નગ્ન રહેવું અને પરીષહ સહેવો વ્યર્થ છે.** તિર્યંચ પણ પરિગ્રહ રહિત નગ્ન રહે છે. માટે તમે અભવી છો, અમારે વંદવા યોગ્ય નથી. તમારા ભાવ તો એવા છે કે જો તમારો દોષ પ્રગટ થઈ જશે તો અમે નિંદ્ય થઈ જઈશું, અમારૂં ઉચ્ચપણું ઘટી જશે, પરંતુ તમારૂં એવું માનવું બંધનું કારણ છે. **શ્રમણ તો સ્તુતિ-નિંદામાં સમાન પરિણામ રાખવાવાળા હોય છે.** આ રીતે ગુરૂ કઠોર વચન કહીને પણ માયાચાર આદિનો અભાવ કરાવે છે.

**કેવા હોય છે અવપીડક આચાર્ય ?** જે બળવાન હોય, ઉપસર્ગ-પરીષહ આવ્યેથી કાયર ન થાય, પ્રતાપવાન હોય, જેમનું વચન ઉલ્લંઘન કરવામાં કોઈ સમર્થ ન હોય. પ્રભાવવાન હોય જેમને જોતાંની સાથે જ દોષના ધારક સાધુ કાંપવા લાગે, જેમને મોટી મોટી વિદ્યાના ધારક ઝુકીને વંદના કરતા હોય, જેમની ઉજ્જવળ કીર્તિ વિખ્યાત હોય, જેમની પ્રશંસા સાંભળતાં જ તેમના ગુણોમાં દ્દઢ શ્રદ્ધા થઈ જતી હોય, જેમનાં વચન જગતમાં જોયા વિના જ દૂરના દેશોમાં પ્રમાણ માનવામાં આવતાં હોય, સિંહની સમાન નિર્ભય હોય. એવા અવપીડક ગુણના ધારી ગુરૂ જે રીતે શિષ્યનું હિત થાય તે રીતે ઉપકાર કરે છે. જેમ બાળકનું હિત વિચારવાવાળી માતા રોતા બાળકને પણ દબાવીને, મોઢું ખોલીને બળજબરીથી ઘૃત, દૂધ, દવા આદિ પીવડાવે છે તે જ રીતે શિષ્યનું હિત વિચારવાવાળા આચાર્ય પણ માયા શલ્ય સહિત-શિષ્ય મુનિના દોષ બળજબરીથી દૂર કરે છે, અથવા કડવી દવાની જેમ પછીથી હિત કરે છે. **જે જીભથી મીઠુ બોલે પણ શિષ્યને દોષોથી ન છોડાવે તે ગુરૂ ભલા નથી.** જે વચનથી ટોણો મારીને (ક્રોધ કરીને)

પણ દોષોથી છોડાવે છે, તે ગુરૂ પૂજવા યોગ્ય છે. માટે અવપીડકના ધારી જ આચાર્ય હોય છે.

**(૭) અપરિસ્ત્રાવી -** હવે અપરિસ્ત્રાવી ગુણ કહીએ છીએ. શિષ્ય જે દોષની આલોચના ગુરૂ પાસે કહે છે, ગુરૂ તે દોષને બીજા કોઈને કહેતા નથી. જેમ તપાવેલા લોઢા દ્વારા પીધેલું પાણી બહાર નીકળતું નથી, તેમ શિષ્યથી સાંભળેલા દોષને આચાર્ય કોઈ બીજાને કહેતા નથી - તે અપરિસ્ત્રાવી ગુણ છે. **શિષ્ય તો ગુરૂનો વિશ્વાસ કરીને કહે છે, પરંતુ જો ગુરૂ શિષ્યના દોષ પ્રગટ કરી દે, બીજાઓને બતાવી દે તો તે ગુરૂ નથી, અધમ છે, વિશ્વાસઘાતી છે.**

કોઈ શિષ્ય પોતાના દોષને ગુરૂ દ્વારા પ્રગટ કર્યા જાણી દુઃખી થઈ આત્મહત્યા કરી બેસે છે, કોઈ ક્રોધમાં આવી રત્નત્રયનો ત્યાગ કરી દે છે, કોઈ ગુરૂની દુષ્ટતા જાણી અન્ય સંઘમાં ચાલ્યા જાય છે 'જેમ મારી અવજ્ઞા કરી છે તેવી જ અવજ્ઞા તમારી પણ કરીશ' આ રીતે સમસ્ત સંઘમાં પ્રગટ ઘોષણા કરી દે છે, જેનાથી સમસ્ત સંઘનો આચાર્ય પરથી વિશ્વાસ ઊઠી જાય છે, આચાર્ય બધાથી દૂર થઈ જાય છે વિગેરે ઘણા દોષ આવે છે. ઘણું કહેવાથી કથન વધી જશે, માટે અપરિસ્ત્રાવી ગુણના ધારક જ આચાર્ય હોવા જોઈએ.

**(૮) નિર્યાપક -** આચાર્યે નિર્યાપક ગુણધારી હોવું જોઈએ. **જેમ નાવિક સમસ્ત તકલીફોને દૂર કરી નાવને પાર ઉતારી લઈ જાય છે તે રીતે આચાર્ય પણ શિષ્યોને અનેક વિઘ્નોથી બચાવી સંસાર સમુદ્રથી પાર કરાવી દે છે.**

આ રીતે આચારવાન, આધારવાન, વ્યવહારવાન, પ્રકર્ત્તા, અપાયોપાયવિદર્શી, અવપીડક અપરિસ્ત્રાવી, નિર્યાપક - આચાર્યના આ આઠ ગુણોને ધારણ કરવાવાળાના ગુણોમાં અનુરાગ કરવો તે આચાર્ય ભક્તિ છે. એવા આચાર્યોના ગુણોને સ્મરણ કરીને આચાર્યોનું સ્તવન વંદન કરીને અર્ઘ્ય ઉતારણ જે પુરૂષ કરે છે, તે પાપરૂપ સંસારની પરિપાટીને નષ્ટ કરી અક્ષય સુખને પ્રાપ્ત કરે છે, એવું વીતરાગી ગુરૂ કહે છે. આ રીતે આચાર્યભક્તિ ભાવનાનું વર્ણન કર્યું. (૧૧)

## ✤ બહુશ્રુત ભક્તિ ભાવના ✤

હવે બહુશ્રુત ભક્તિ નામની બારમી ભાવનાનું વર્ણન કરીએ છીએ. જેઓ અંગ-પૂર્વ આદિના જ્ઞાતા છે, ચારેય અનુયોગના પારગામી (પારંગત) થઈ નિરંતર સ્વયં પરમાગમને ભણે છે (રટે છે), અન્ય શિષ્યોને ભણાવે છે, તેઓ બહુશ્રુત છે. શ્રુતજ્ઞાન જ જેમનાં દિવ્ય નેત્ર છે, પોતાનું તથા પરનું હિત કરવામાં જ પ્રવર્તે છે, પોતાના જિન સિદ્ધાંતો તથા અન્ય એકાન્તીઓના સિદ્ધાંતોને વિસ્તારથી જાણવાવાળા, સ્યાદ્‌વાદરૂપ પરમ વિદ્યાના ધારી છે તેમની ભક્તિ કરવી તે બહુશ્રુત ભક્તિ છે. બહુશ્રુતિનો મહિમા કહેવામાં કોણ સમર્થ છે ? જેઓ નિરંતર શ્રુતજ્ઞાનનું દાન કરતા હોય એવા ઉપાધ્યાયોની જેઓ વિનય સહિત ભક્તિ કરે છે તે શાસ્ત્રરૂપ સમુદ્રના પારંગત થઈ જાય છે. **જેટલાં પણ અંગ, પૂર્વ, પ્રકીર્ણક જિનેન્દ્ર દેવે કહ્યાં છે તે સમસ્ત જિનાગમોને જે નિરંતર સ્વયં ભણે છે તથા અન્યને ભણાવે છે, તે બહુશ્રુતિ છે.**

**દ્વાદશાંગ :-**

(૧) **પ્રથમ આચારાંગ**ના અઢાર હજાર (૧૮૦૦૦) પદોમાં મુનિધર્મનું વર્ણન છે.

(૨) **સૂત્રકૃતાંગના** છત્રીસ હજાર (૩૬૦૦૦) પદોમાં જિનેન્દ્રના શ્રુતની આરાધના કરવાની વિનય ક્રિયાનું વર્ણન છે.

(૩) **સ્થાનાંગના** બેતાલીસ હજાર (૪૨૦૦૦) પદોમાં છ દ્રવ્યોના એક-અનેક સ્થાનોનું વર્ણન છે.

(૪) **સમવાયાંગના** એક લાખ ચોસઠ હજાર (૧,૬૪,૦૦૦) પદોમાં જીવાદિ પદાર્થોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની સમાનતાની અપેક્ષાથી વર્ણન છે.

(૫) **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** અંગના બે લાખ અઠ્યાવીસ હજાર (૨,૨૮,૦૦૦) પદોમાં જીવ અસ્તિ છે યા નાસ્તિ છે, એક છે યા અનેક છે વિગેરે ગણધર દ્વારા તીર્થંકરની સમીપ કરેલા સાઈઠ હજાર પ્રશ્નોનું વર્ણન છે.

(૬) **જ્ઞાતૃધર્મકથા** અંગના પાંચ લાખ છપ્પન હજાર (૫,૫૬,૦૦૦) પદોમાં ગણધર દ્વારા કરેલા પ્રશ્નોના ઉત્તરરૂપ જીવાદિ દ્રવ્યોના સ્વભાવનું વર્ણન છે.

(૭) **ઉપાસકાધ્યયન** અંગના અગિયાર લાખ સિત્તેર હજાર (૧૧,૭૦,૦૦૦) પદોમાં શ્રાવકના (અગિયાર પ્રતિમા) વ્રત, શીલ, આચાર, ક્રિયા મંત્રાદિનું વર્ણન છે.

(૮) **અંતકૃતદશાંગ**ના ત્રેવીસ લાખ અઠ્યાવીસ હજાર (૨૩,૨૮,૦૦૦) પદોમાં એક-એક તીર્થંકરના તીર્થકાળમાં દસ-દસ મુનિ ઉપસર્ગ સહિત થઈ સંસારનો અંત કરી નિર્વાણને પ્રાપ્ત થયા તેમનું વર્ણન છે.

(૯) **અનુત્તરોપપાદ દશાંગ**ના બાણું લાખ ચુમાલીસ હજાર (૯૨,૪૪,૦૦૦) પદોમાં એક-એક તીર્થંકરના તીર્થકાળમાં દસ-દસ મુનિ ભયંકર ઘોર ઉપસર્ગ સહી, દેવો દ્વારા પૂજિત થઈ (સમાધિ મરણ કરી) વિજય આદિ અનુત્તર વિમાનોમાં ઉપજ્યા તેમનું વર્ણન છે.

(૧૦) **પ્રશ્ન વ્યાકરણ અંગ**ના ત્રાણું લાખ સોળ હજાર પદોમાં (૯૩,૧૬,૦૦૦) નાશ પામેલા, મુઠ્ઠીમાં રાખેલા, લાભ, હાનિ, સુખ, દુઃખ, જીવન, મરણ, (હાર, જીત, ચિંતા)ના સંબંધમાં કરેલા પ્રશ્નોનું (ભૂત, ભવિષ્ય, વર્તમાનની અપેક્ષાથી આપેલા ઉત્તરોનું) વર્ણન છે.

(૧૧) **વિપાકસૂત્રાંગના** એક કરોડ ચોરાશી લાખ (૧,૮૪,૦૦,૦૦૦) પદોમાં કર્મોના ઉદય, ઉદીરણા, સત્તાનું વર્ણન છે. (આ રીતે અગિયાર અંગોનું ચાર કરોડ પંદર લાખ બે હજાર ૪,૧૫,૦૨,૦૦૦ પદોમાં વર્ણન કર્યું છે.)

(૧૨) **દૃષ્ટિવાદ** નામના બારમા અંગના એકસો આઠ કરોડ અડસઠ લાખ છપ્પન હજાર પાંચ) (૧,૦૮,૬૮,૫૬,૦૦૫) પદોમાં **મિથ્યાદર્શનને દૂર કરવાનું વર્ણન છે.** દૃષ્ટિવાદ અંગના પાંચ ભેદ છે - પરિકર્મ, સૂત્ર, પ્રથમાનુયોગ, પૂર્વ, ચૂલિકા બાર અંગોમાં કુલ એકસો બાર કરોડ ત્રેંશી લાખ અઠ્ઠાવન હજાર પાંચ (૧,૧૨,૮૩,૫૮૦૦૫) પદ છે.

**પરિકર્મ**: દષ્ટિવાદ અંગના પ્રથમ ભેદ પરિકર્મના પણ પાંચ ભેદ છે. ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

(૧) **ચંદ્ર પ્રજ્ઞપ્તિના** છત્રીસ લાખ પાંચ હજાર (૩૬,૦૫,૦૦૦) પદોમાં ચંદ્રમાની આયુષ્ય, ગતિ કળાની હાનિ-વૃદ્ધિ, દેવી, વૈભવ પરિવાર આદિનું વર્ણન છે.

(૨) **સૂર્ય પ્રજ્ઞપ્તિના** પાંચ લાખ ત્રણ હજાર (૫,૦૩,૦૦૦) પદોમાં સૂર્યની આયુ, ગતિ, વૈભવ આદિનું વર્ણન છે.

(૩) **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના** ત્રણ લાખ પચ્ચીસ હજાર (૩,૨૫,૦૦૦) પદોમાં જંબૂદ્વીપ સંબંધી ક્ષેત્ર, પર્વત સરોવર, નદી આદિનું વર્ણન છે.

(૪) **દ્વીપસાગર પ્રજ્ઞપ્તિના** બાવન લાખ છત્રીસ હજાર (૫૨,૩૬,૦૦૦) પદોમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોનું, મધ્યલોકના અકૃત્રિમ જિનમંદિરોનું, ભવનવાસી વ્યંતર જ્યોતિષી દેવોના આવાસનું વર્ણન છે.

(૫) **વ્યાખ્યા પ્રજ્ઞપ્તિના** ચોરાશી લાખ છત્રીસ હજાર (૮૪,૩૬,૦૦૦) પદોમાં જીવ પુદ્‌ગલાદિ દ્રવ્યનું વર્ણન છે.

આ રીતે પાંચ પ્રકારના પરિકર્મનું (એક કરોડ એકયાશી લાખ પાંચ હજાર પદોમાં) વર્ણન કર્યું છે.

**સૂત્ર** - દષ્ટિવાદ અંગના બીજા ભેદ સૂત્રના અઠાસી લાખ (૮૮,૦૦,૦૦૦) પદોમાં જીવ અસ્તિરૂપ જ છે, નાસ્તિરૂપ જ છે, કર્ત્તા જ છે, ભોક્તા જ છે, ઈત્યાદિ ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, વિનયવાદી **એકાન્તવાદીઓ દ્વારા કલ્પિત જીવના સ્વરૂપનું એક પક્ષની અપેક્ષા એ જ વર્ણન કેવું હોય છે, તે બતાવ્યું છે.**

**પ્રથમાનુયોગ** - દષ્ટિવાદ અંગના **ત્રીજા ભેદ પ્રથમાનુયોગ**ના પાંચ હજાર (૫૦૦૦) પદોમાં વિશેષ જ્ઞાન રહિત મિથ્યાદષ્ટિ અવ્રતીને સમજાવવા માટે ત્રેસઠ શલાકા મહા પુરૂષોના ચરિત્રનું વર્ણન છે.

**પૂર્વ -** દૃષ્ટિવાદ અંગના **ચોથા ભેદ**માં ચૌદ પૂર્વ છે.

(૧) **ઉત્પાદ પૂર્વ**ના એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) પદોમાં **જીવાદિ દ્રવ્યો**ના (અનેક પ્રકારની નય વિવક્ષાથી ક્રમવર્તી-યુગપત અનેક ધર્મોથી ઉત્પાદ વ્યય ધ્રુવ) સ્વભાવનું (ભૂત, વર્તમાન ભવિષ્ય કાળની અપેક્ષાથી ૮૧-૮૧ ભેદ કરીને) વર્ણન કર્યું છે.

(૨) **અગ્રાયણી પૂર્વ**ના છન્નુ લાખ (૯૬,૦૦,૦૦૦) પદોમાં દ્વાદશાંગના સારભૂત જ્ઞાન સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય, સાતસો નય-દુર્નય આદિ (પ્રયોજનભૂત વાતો) નું વર્ણન છે.

(૩) **વીર્યાનુવાદ પૂર્વ**ના સિત્તેર લાખ (૭૦,૦૦,૦૦૦) પદોમાં આત્માનું સ્વ-વીર્ય, પર-વીર્ય બંનેનું વીર્ય, ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, ભાવવીર્ય, તપોવીર્ય, દ્રવ્ય-ગુણ-પર્યાયોના શક્તિરૂપ વીર્યનું વર્ણન છે.

(૪) **અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ**ના સાઈઠ લાખ (૬૦,૦૦,૦૦૦) પદોમાં જીવાદિ દ્રવ્યોના સ્વ-દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવરૂપ ચતુષ્ટ્યની અપેક્ષા અસ્તિ તથા પર-દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવરૂપ ચતુષ્ટ્યની અપેક્ષા નાસ્તિ ઈત્યાદિ સાત ભેદ (સપ્તભંગ) તથા નિત્ય, અનિત્ય, એક-અનેક આદિનું વિરોધ રહિત વર્ણન છે.

(૫) **જ્ઞાનપ્રવાદપૂર્વ**ના એક કરોડમાં એક ઓછા (૯૯,૯૯,૯૯૯) પદોમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ - એ પાંચ સમ્યગ્જ્ઞાન, તથા કુમતિ, કુશ્રુત, વિભંગ - એ ત્રણ અજ્ઞાન એમનું સ્વરૂપ, સંખ્યા, વિષય, ફળની અપેક્ષા પ્રમાણ - અપ્રમાણરૂપ ભેદ સહિત વર્ણન છે.

(૬) **સત્યપ્રવાદ પૂર્વ**ના એક કરોડ છ (૧,૦૦,૦૦,૦૦૬) પદોમાં વચન ગુપ્તિ, વચનના સંસ્કારના કારણ, વકતાના ભેદ, બાર ભાષા, દસ પ્રકારના સત્ય તથા ઘણા પ્રકારના અસત્ય વચનનું વર્ણન છે.

(૭) **આત્મપ્રવાદ પૂર્વ**ના છવ્વીસ કરોડ (૨૬,૦૦,૦૦,૦૦૦) પદોમાં આત્મા જીવ

છે, કર્તા છે, ભોક્તા છે, પ્રાણી છે, વક્તા છે, પુદ્ગલ છે, વેદક છે, વ્યાપક (વિષ્ણુ) છે, સ્વયંભૂ છે, શરીર સહિત છે, શક્તિવાન છે, જંતુ છે, માનવ છે, માની છે, માયાવી છે, યોગી છે, સંકોચ વિસ્તાર વાળો છે, ક્ષેત્રજ્ઞ છે, મૂર્તિક છે ઈત્યાદિ સ્વરૂપનું વર્ણન છે.

(૮) **કર્મપ્રવાદ પૂર્વ**ના એક કરોડ એંશી લાખ (૧,૮૦,૦૦,૦૦૦) પદોમાં કર્મોના બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, ઉત્કર્ષણ, અપકર્ષણ, ઉપશમન, સંક્રમણ, નિધત્તિ, નિકાચિત આદિ અવસ્થારૂપ મૂળ પ્રકૃતિ, ઉત્તર પ્રકૃતિ આદિ ભેદોનું તથા ઈર્યાપથ તપસ્યા, અધઃકર્મ આદિનું વર્ણન છે.

(૯) **પ્રત્યાખ્યાન પૂર્વ**ના ચોરાશી લાખ (૮૪,૦૦,૦૦૦) પદોમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ જીવોની સહનશીલતા, બળ આદિ અનુસાર કાળની મર્યાદા સહિત ત્યાગ, પાપ સહિત પદાર્થોના ત્યાગ, ઉપવાસની વિધિ તથા ભાવના, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ઈત્યાદિનું વર્ણન છે.

(૧૦) **વિદ્યાનુવાદ પૂર્વ**ના એક કરોડ દસ લાખ (૧,૧૦,૦૦૦૦) પદોમાં અંગુષ્ઠ, પ્રેત્સસેન આદિ સાતસો અલ્પ વિદ્યાઓનું, તથા રોહિણી આદિ પાંચસો મહા વિદ્યાઓનું સ્વરૂપ, સામર્થ્ય, સાધનભૂત મંત્ર, યંત્ર, પૂજા, વિધાન, સિદ્ધ થયા પછી તેમનું ફળ, તથા અંતરિક્ષ, ભૌમ, અંગ, સ્વર, સ્વપ્ન, લક્ષણ, વ્યંજન, છિન્ન - **એ આઠ પ્રકારનાં નિમિત્ત જ્ઞાનનું વર્ણન છે.**

(૧૧) **કલ્યાણાનુવાદ પૂર્વ**ના છવ્વીસ કરોડ (૨૬,૦૦,૦૦,૦૦૦) પદોમાં તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર, નારાયણ (વાસુદેવ) પ્રતિનારાયણના ગર્ભકલ્યાણક આદિ મહા ઉત્સવોનું તથા આ પદોનું કારણ સોહષ ભાવના, તપશ્ચરણ આદિ ક્રિયાનું તથા ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આદિની ગતિ, ગ્રહણ, શકુન, ફળ આદિનું વર્ણન છે.

(૧૨) **પ્રાણવાદ પૂર્વ**ના તેર કરોડ (૧૩,૦૦,૦૦,૦૦૦) પદોમાં શરીરની ચિકિત્સાના અષ્ટાંગ આયુર્વેદ જે વૈદ્ય વિદ્યા તેનું તથા ભૂત-પ્રેત આદિ વ્યાધિ દૂર કરવાના

કારણભૂત મંત્રાદિનું, વિષ આદિ દૂર કરવાવાળી જાંગલિકા, તથા ઈડા, પિંગલા, સુષુમ્ના આદિ શ્વાસોચ્છ્વાસનું તથા ગતિ અનુસાર દસ પ્રાણોના ઉપકારક-અનુપકારક દ્રવ્યોનું વર્ણન છે.

(૧૩) **ક્રિયાવિશાલ પૂર્વ**ના નવ કરોડ (૯,૦૦,૦૦,૦૦૦) પદોમાં સંગીત શાસ્ત્ર, છંદ, અલંકાર શાસ્ત્ર, બોત્તેર કળાઓ, સ્ત્રીના ચોસઠ ગુણ, શિલ્પવિજ્ઞાન, ગર્ભાધાન આદિ ચોરાશી ક્રિયાઓ, પચ્ચીસ દેવ વંદનાદિ ક્રિયાઓ, તથા નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓનું વર્ણન છે.

(૧૪) **ત્રિલોકબિંદુસાર પૂર્વ**ના બાર કરોડ પચાસ લાખ (૧૨,૫૦,૦૦,૦૦૦) પદોમાં ત્રણ લોકનું સ્વરૂપ, છવ્વીસ પરિકર્મ, આઠ વ્યવહાર, ચાર બીજ આદિ ગણિત, મોક્ષનું સ્વરૂપ, મોક્ષગમનની કારણભૂત ક્રિયા તથા મોક્ષસુખનું વર્ણન છે. **આ રીતે પંચાણુ કરોડ પચાસ લાખ પાંચ (૯૫,૫૦,૦૦,૦૦૫) પદોમાં ચૌદ પૂર્વનું વર્ણન છે.**

દૃષ્ટિવાદ અંગના પાંચમા ભેદ ચૂલિકાના પાંચ ભેદ છે - જલગતા, સ્થલગતા, માયાગતા, આકાશગતા, રૂપગતા. પ્રત્યેક ચૂલિકાના બે કરોડ નવ લાખ નેવ્યાશી હજાર બસો (૨,૦૯,૮૯,૨૦૦) પદ છે. પાંચેય ચૂલિકાઓના કુલ દસ કરોડ ઓગણપચાસ લાખ છેંતાલીસ હજાર (૧૦,૪૯,૪૬૦૦૦) પદ છે.

(૧) **જલગતા ચૂલિકા**માં જળ (પાણી)ને રોકવુ, પાણીમાં ગમન કરવું, અગ્નિને રોકવી, અગ્નિ ખાવી, અગ્નિ પર બેસવું, ચાલવું, અગ્નિમાં પ્રવેશ કરવો ઈત્યાદિ ક્રિયાના કારણભૂત મંત્ર, તંત્ર, તપશ્ચરણ આદિનું વર્ણન છે.

(૨) **સ્થલગતા ચૂલિકા**માં મેરૂ આદિ પર્વતોમાં, ભૂમિમાં પ્રવેશ તથા શીઘ્ર ગમન ઈત્યાદિ ક્રિયાના કારણભૂત મંત્ર, તંત્ર તપશ્ચરણાદિનું વર્ણન છે.

(૩) **માયાગતા ચૂલિકા**માં માયારૂપ ઈંદ્રજાળાદિ વિક્રિયાના કારણભૂત મંત્ર, તંત્ર, તપશ્ચરણાદિનું વર્ણન છે.

(૪) **આકાશગતા ચૂલિકા**માં આકાશમાં ગમનના કારણભૂત મંત્ર, તંત્ર, તપશ્ચરણ આદિનું વર્ણન છે.

(૫) **રૂપગતા ચૂલિકા**માં સિંહ, હાથી, ઘોડા, બળદ, હરણ, વાઘ, સસલા, મનુષ્ય, વૃક્ષ આદિ અનેકરૂપ બદલવાના કારણભૂત મંત્ર, તંત્ર, તપશ્ચરણાદિનું તથા ચિત્ર, માટી, પથ્થર, લાકડા લેપ આદિની કલાકારી તથા ધાતુવાદ, રસવાદ, ખનિજ આદિની ચતુરાઈપૂર્વક રચના કરવાનું વર્ણન છે.

**અહીં વિશેષ એમ જાણવું (કે) -** સમસ્ત દ્વાદશાંગના એકઠ્ઠીમાં એક ઓછો એટલા જ અક્ષર છે - ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ એટલા અપુનરૂક્ત અક્ષર છે. (૬૫૫૩૬ x ૬૫૫૩૬ x ૬૫૫૩૬ x ૬૫૫૫૩૬ = એકઠ્ઠી તથા ૨ x ૮ x ૮ x ૮ x ૮ x ૮ = પણ્ણઠ્ઠી ૬૫૫૩૬) જે એક વાર આવ્યા પછી બીજી વાર આવતો નથી તેને અપુનરૂક્ત અક્ષર કહે છે. એમાં ચોસઠ સંયોગ સુધીના અક્ષર છે. આગમમાં કહેલા મધ્યમ પદમાં સોળસો ચોત્રીસ કરોડ ત્રેંશી લાખ સાત હજાર આઠસો અઠ્ઠાસી (૧૬૩૪,૮૩,૦૭૮૮૮) અપુનરૂક્ત અક્ષર છે. આ અક્ષરોમાં પ્રમાણનો ભાગ દેવાથી એક સો બાર કરોડ ત્રેંશી લાખ અઠ્ઠાવન હજાર પાંચ પદ આવે તેમાં સમસ્ત દ્વાદશાંગ છે. (૧,૧૨,૮૩,૫૮,૦૦૫). બાકીના અક્ષર આઠ કરોડ એક લાખ આઠ હજાર એક સો પંચોતેર (૮૦૧૦૮૧૭૫) અંક રહ્યા. આ અક્ષરોનું પૂર્ણ એક પદ હોતું નથી માટે તેમને અંગ બાહ્ય કહ્યા છે. એ અક્ષરોના સામાયિક આદિ ચૌદ પ્રકીર્ણક છે.

(૧) **પ્રકીર્ણક -** સામાયિક પ્રકીર્ણકમાં મિથ્યાત્વ, કષાયાદિના કલેશના અભાવરૂપ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી છ ભેદરૂપ સામાયિકનું વર્ણન છે.

(૨) **સ્તવન પ્રકીર્ણક**માં ચોત્રીસ અતિશય, આઠ પ્રાતિહાર્ય, પરમ ઔદારિક, દિવ્ય દેહ, સમોશરણ સભા, ધર્મોપદેશ આદિ તીર્થંકરોના માહાત્મ્યના પ્રકાશરૂપ વર્ણન છે.

(૩) **વંદના પ્રકીર્ણક**માં એક તીર્થંકરના આલંબનરૂપ ચૈત્યાલય પ્રતિમાના સ્તવનરૂપ વર્ણન છે.

(૪) **પ્રતિક્રમણ પ્રકીર્ણક**માં પ્રમાદજનિત પૂર્વકૃત દોષોનું નિરાકરણ કરવાનું વર્ણન છે. તેના સાત ભેદ છે - દૈનિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક (વાર્ષિક) એપર્યાયથિક, ઉત્તમાર્થ (મરણના સમયે)

(૫) **વિનય પ્રકીર્ણક**માં સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ તથા ઉપચાર સ્વરૂપ પાંચ પ્રકારના વિનયનું વર્ણન છે.

(૬) **કૃતિકર્મ પ્રકીર્ણક**માં નવ દેવતાઓ - અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિન પ્રતિમા, જિનમંદિર, જિનાગમ, જિનધર્મની વંદના માટે, ત્રણ પ્રદક્ષિણા, ચાર શિરોનત્તિ, ત્રણ શુદ્ધિ બે નમસ્કાર, બાર આવર્ત, ઈત્યાદિ નિત્ય-નૈમિત્તિક ક્રિયાનું વર્ણન છે.

(૭) **દસ વૈકાલિક પ્રકીર્ણક**માં સાધુના આચાર તથા આહારની શુદ્ધિનું દસ વિશેષ કાળથી સંબંધિત વર્ણન છે.

(૮) **ઉત્તરાધ્યયન પ્રકીર્ણક**માં ચાર પ્રકારના ઉપસર્ગ તથા બાવીસ પરીષહોને સહેવાનું વિધાન, તેમનું ફળ તથા તેનાથી સંબંધિત પ્રશ્નોના ઉત્તરનું વર્ણન છે.

(૯) **કલ્પ વ્યવહાર પ્રકીર્ણક**માં સાધુના યોગ્ય આચરણનું વિધાન, અયોગ્યના સેવનના પ્રાયશ્ચિતનું વર્ણન છે.

(૧૦) **કલ્પ્યાકલ્પ્ય પ્રકીર્ણક**માં સાધુને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ શું યોગ્ય છે, શું અયોગ્ય છે એવા ભેદરૂપ વર્ણન છે.

(૧૧) **મહાકલ્પ પ્રકીર્ણક**માં જિનકલ્પી ઉત્કૃષ્ટ સંહનન સહિત મહા મુનિઓને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રભાવથી ઉત્કૃષ્ટ ચર્યાથી વર્તતા પ્રતિમાયોગ, આતાપન યોગ, ત્રિકાળયોગ (વૃક્ષતલ) આદિનું આચરણ તથા સ્થવિરકલ્પી સાધુઓની દીક્ષા, શિક્ષા, સંઘનું પોષણ, યથાયોગ્ય શરીરનું સમાધાન, આત્મસંસ્કાર, સંલેખના તથા ઉત્તમાર્થને પ્રાપ્ત ઉત્તમ આરાધનાનું વર્ણન છે.

(૧૨) **પુંડરિક પ્રકીર્ણક**માં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી, કલ્પવાસી દેવોમાં ઉત્પત્તિનું કારણ દાન, પૂજા, તપશ્ચરણ, અકામ નિર્જરા, સમ્યક્ત્વ, સંયમ આદિનું વર્ણન તથા તેમના ઉપજવાના સ્થાનના વૈભવ આદિનું વર્ણન છે.

(૧૩) **મહાપુંડરિક પ્રકીર્ણક**માં મહર્દ્ધિક દેવોમાં જે ઈંદ્ર, પ્રતીંદ્ર, અહમિંદ્ર આદિમાં ઉત્પત્તિના કારણ તપ વિશેષ આદિનું વર્ણન છે.

(૧૪) **નિષિદ્દિકા પ્રકીર્ણક**માં પ્રમાદથી ઉત્પન્ન દોષોનો ત્યાગ કરીને વિશુદ્ધતા માટે અનેક પ્રકારના પ્રાયશ્ચિતનું વર્ણન છે એવું પ્રાયશ્ચિત શાસ્ત્ર છે.

આવા દ્વાદશાંગ શાસ્ત્રનું જ્ઞાન તપના પ્રભાવથી થાય છે. જે પોતે સ્વયં ભણે છે તથા અન્ય બુદ્ધિમાન શિષ્યોને ભણાવે છે, તે બહુશ્રુતોની ભક્તિ સંસાર પરિભ્રમણનો નાશ કરવાવાળી છે. શાસ્ત્રોની ભક્તિ પણ બહુશ્રુત ભક્તિ છે. **ગુણોમાં અનુરાગ કરવો, તે ભક્તિ છે.** જેઓ શાસ્ત્રોમાં અનુરાગ કરીને વાંચે છે, શાસ્ત્રના અર્થ બીજાને બતાવે છે, ધન ખર્ચ કરીને શાસ્ત્રો લખાવે છે (છપાવે છે.), પોતાના હાથથી શાસ્ત્ર લખે છે, અક્ષરોની હીનતા, અધિકતા, માત્રા, આદિની સાવધાની રાખે છે, વાંચવાવાળાને શાસ્ત્ર ઉપલબ્ધ કરાવી આપે છે, વ્યાખ્યાન કરે છે, વ્યાખ્યાન કરાવે છે, ભણવાવાળા-વાંચવાવાળાઓની આજીવિકાની સ્થિરતા કરી, શાસ્ત્રોના જ્ઞાનાભ્યાસનું પ્રવર્તન કરાવે છે, સ્વાધ્યાય કરવા માટે નિરાકુળ સ્થાન આપે છે, તે જ્ઞાનાવરણ કર્મનો નાશ કરવાવાળી બહુશ્રુત ભક્તિ છે.

શાસ્ત્રોને કિંમતિ વસ્ત્રોમાં પૂંઠુ લગાવી કપડા સહિત દોરીથી એ રીતે બાંધવાં જેનાથી દેખવા - સાંભળવા - ભણવાવાળાનું મન પ્રસન્ન થઈ જાય; તે બધી બહુશ્રુત ભક્તિ છે. સોનાથી મનોહર મઢેલા તથા પાંચ પ્રકારના રત્નોથી જડેલા, સેંકડો ફુલોથી શાસ્ત્રની સારભૂત પૂજા કરવી, એવી શ્રુતભક્તિ સંશય આદિ રહિત સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરાવી ક્રમથી કેવળજ્ઞાન પ્રગટ કરાવે છે. જે પુરૂષ પોતાના મનને ઈન્દ્રિયોના વિષયોથી રોકી વારંવાર શ્રુતદેવતા (જિનવાણી)ના ગુણોનું સ્મરણ કરી ભલી રીતે બનાવેલા પવિત્ર અર્ઘ દ્વારા શ્રુતદેવતાની પૂજા કરે છે તે સમસ્ત શ્રુતના પારંગત થઈ કેવળજ્ઞાન

પ્રાપ્ત કરી નિર્વાણ પ્રાપ્ત કરે છે. આ રીતે બહુશ્રુતભક્તિ નામની બારમી ભાવનાનું વર્ણન કર્યું જેને નિરંતર ભાવો. (૧૨)

## ✤ પ્રવચન ભક્તિ ભાવના ✤

હવે પ્રવચન ભક્તિ નામની તેરમી ભાવનાનું વર્ણન કરે છે. પ્રવચનનો અર્થ જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગ દ્વારા પ્રણીત આગમ છે. જેમાં છ દ્રવ્યો, પાંચ અસ્તિકાયો, સાત તત્ત્વો, નવ પદાર્થોનું વર્ણન છે, તથા કર્મોની પ્રકૃત્તિઓના નાશનું વર્ણન છે તે આગમ છે.

જેના પ્રદેશ ઘણા હોય છે તેને અસ્તિકાય કહે છે. જે નિરંતર ગુણ પર્યાયોને પ્રાપ્ત થાય તેનું નામ દ્રવ્ય છે. વસ્તુપણા દ્વારા જે નિશ્ચય કરીએ છીએ તેનું નામ પદાર્થ છે. જેમાં સ્વભાવરૂપપણું છે તેનું નામ તત્ત્વ છે. એમનું વિશેષ વર્ણન આગળના પ્રકરણોમાં કરીશું. જેમ અંધકારયુક્ત મહેલમાં હાથમાં દીવો લઈ જોવાથી બધા પદાર્થ દેખાય છે, તે જ રીતે ત્રણ લોકરૂપ મંદિરમાં પ્રવચનરૂપ દીપક દ્વારા સૂક્ષ્મ, સ્થૂળ, મૂર્તિક, અમૂર્તિક બધા પદાર્થ દેખાય છે. પ્રવચનરૂપ નેત્રો દ્વારા જ મુનિવર ચેતન આદિ ગુણોના ધારી સમસ્ત દ્રવ્યોનું અવલોકન કરે છે. જિનેન્દ્રના પરમાગમને યોગ્ય સમયે અત્યંત વિનયથી વાંચવા, તે પ્રવચન ભક્તિ છે.

**કેવું છે પ્રવચન - ?** જેમાં છ દ્રવ્ય સાત તત્ત્વ, નવ પદાર્થોના ભેદરૂપ સમસ્ત ગુણ પર્યાયોનું વર્ણન છે, અનંત ભૂતકાળ થઈ ગયો, અનંત ભવિષ્યકાળ થશે તથા વર્તમાનકાળ તેમના સ્વરૂપનું વર્ણન છે.

જેમાં **અધોલોક**ની સાત પૃથ્વી તથા નારકીઓનાં રહેવાનાં, ઉત્પત્તિના સ્થાનો, આયુ, કાય, વેદના ગતિ આદિનું વર્ણન છે. તથા ભવનવાસી દેવોના સાત કરોડ બોત્તેર લાખ ભવનોનું તેમના આયુ, કાય, વૈભવ, વિક્રિયા, ભોગ આદિનું અધોલોકનું વર્ણન કર્યું છે.

જેમાં **મધ્યલોક** સંબંધી અસંખ્યાત દ્વીપ સમુદ્રોનું તેમાં મેરૂ, પર્વત, નદી, સરોવર આદિનું તથા કર્મભૂમિના વિદેહક્ષેત્રોનું ભોગભૂમિનું, છન્નું અન્તર્દ્વીપ સંબંધી મનુષ્યોનું,

કર્મભૂમિના-ભોગભૂમિના મનુષ્યોનું કર્તવ્ય, આયુ, કાય, સુખ-દુઃખનું; તથા તિર્યંચોના વ્યંતરોના નિવાસ, વૈભવ, પરિવાર, આયુ, કાય, સામર્થ્ય, વિક્રિયાનું વર્ણન છે. મધ્યલોકમાં જ્યોતિષી દેવ છે તેમના વિમાન, વૈભવ, પરિવાર, આયુ, કાયાદિનું; સૂર્ય, ચંદ્રમા, ગ્રહ-નક્ષત્રોનું ચાર ક્ષેત્ર સંબંધી સંયોગ આદિનું વર્ણન છે.

**ઉર્ધ્વલોક**ના ત્રેસઠ પટલોનું સ્વર્ગના અહમિંદ્રોના પટલોનું, ઈંદ્રાદિ દેવોના વૈભવ, પરિવાર, આયુ, કાય, શક્તિ, ગતિ, સુખાદિનું વર્ણન છે. આ રીતે સર્વજ્ઞ દ્વારા પ્રત્યક્ષ જોયેલા ત્રણ લોકવર્તી સમસ્ત દ્રવ્યોના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યપણાદિનું સમસ્ત પ્રવચનમાં વર્ણન કર્યું છે. કર્મોની પ્રકૃતિઓનો બંધ થવાનું, ઉદયનું, સત્ત્વનું સંક્રમણાદિનું, સમસ્ત વર્ણન આગમમાં છે.

સંસારથી ઉદ્ધાર કરવાવાળા રત્નત્રયનું સ્વરૂપ તથા રત્નત્રય પ્રાપ્તિ થવાના ઉપાયનું વર્ણન પરમાગમમાં જ છે. ગૃહસ્થપણામાં શ્રાવક ધર્મની જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ચર્યાનું તથા શ્રાવકોના વ્રત-સંયમાદિ વ્યવહાર-પરમાર્થરૂપ પ્રવૃત્તિનું વર્ણન પ્રવચનથી જ જાણવામાં આવે છે. ગૃહના ત્યાગી મુનિરાજોના મહા વ્રતાદિ અઠ્ઠાવીસ મૂળગુણ, ચોરાશી લાખ ઉત્તર ગુણ, સ્વાધ્યાય, ધ્યાન, આહાર-વિહાર, સામાયિક આદિ ચારિત્ર, ચર્યાનું, ધર્મધ્યાન-શુકલધ્યાન આદિનું, સંલેખના મરણની સમસ્ત ચર્યાનું વર્ણન પ્રવચનમાં છે.

ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ, ચૌદ જીવ સમાસ, ચૌદ માર્ગણાઓનું વર્ણન પ્રવચનથી જ જાણી શકાય છે. જીવોના એકસો સાડા નવ્વાણું લાખ કરોડ કુળ, ચોરાશી લાખ જાતિના યોનિ સ્થાન પ્રવચનથી જ જાણવામાં આવે છે. ચાર અનુયોગ, ચાર શિક્ષાવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર ગતિઓના ભેદ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ ભગવાનના કહેલા આગમથી જ જાણીએ છીએ.

બાર ભાવના, બાર તપ, બાર અંગ, ચૌદ પૂર્વ, ચૌદ પ્રકીર્ણકોનું સ્વરૂપ આગમથી જ જાણી શકાય છે. ઉત્સર્પિણી-અવસર્પિણી કાળનું ચક્ર, એમાં છ છ કાળના ભેદોમાં પદાર્થની પરિણતિના ભેદોનું સ્વરૂપ આગમથી જ જાણી શકાય છે. કુલકર, ચક્રવર્તી,

તીર્થંકર, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ઈત્યાદિની ઉત્પત્તિ, પ્રવૃત્તિ, ધર્મતીર્થનું પ્રવર્તન, ચક્રીનું સામ્રાજ્ય, વાસુદેવ આદિના વૈભવ, પરિવાર ઐશ્વર્ય આદિ આગમથી જ જાણીએ છીએ. જીવાદિ દ્રવ્યોનો પ્રભાવ આગમથી જ જાણીએ છીએ.

**આગમના ભક્તિપૂર્વક સેવન વિના મનુષ્ય જન્મમાં પણ પશુ સમાન છે.** ભગવાન સર્વજ્ઞ વીતરાગ દેવે સમસ્ત લોક-અલોકના અનંતાનંત દ્રવ્યોને ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળવર્તી પર્યાયો સહિત એક સમયમાં યુગપત્ ક્રમ રહિત હસ્તની રેખા સમાન પ્રત્યક્ષ જાણ્યા જોયા છે, તે જ સર્વજ્ઞ કથિત સમસ્ત વસ્તુના સ્વરૂપને સાત ઋદ્ધિ તથા ચાર જ્ઞાનના ધારી ગણધર દેવે દ્વાદશાંગરૂપમાં રચના કરી છે.

**અહીં વિશેષ એમ જાણવું -** જે દેવાધિદેવ, પરમ પૂજ્ય, ધર્મ તીર્થના પ્રવર્તન કરવાવાળા, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખરૂપ, અંતરંગ લક્ષ્મી; સમોશરણ આદિ બહિરંગ લક્ષ્મીથી મંડિત; ઈંદ્રાદિ અસંખ્યાત દેવોના સમૂહથી વંદિત, ચોત્રીસ અતિશય, આઠ પ્રાતિહાર્યાદિ અનુપમ ઋદ્ધિ સહિત, ક્ષુધા તૃષાદિ અઢાર દોષ રહિત, સમસ્ત જીવોના પરમ ઉપકારક; લોકાલોકના અનંતાનંત દ્રવ્યોના ગુણ પર્યાયોના ક્રમ રહિત યુગપત્ જ્ઞાનના ધારી; અનંત શક્તિના ધારી સંસારમાં ડૂબી રહેલા પ્રાણીઓને (જીવોને) હસ્તાવલંબન આપવાવાળા; સમસ્ત જીવોના દયાળુ પરમાત્મા, પરમેશ્વર, પરમબ્રહ્મ, પરમેષ્ઠી, સ્વયંભૂ, શિવ, અજર, અમર, અરહંત આદિ નામોથી પ્રસિદ્ધ, અશરણ પ્રાણીઓને પરમ શરણ, અંતિમ પરમ ઔદારિક શરીરમાં બિરાજમાન; ગણધર આદિ મુનિઓ દ્વારા જેમના ચરણ વંદનીય છે; કંઠ, તાળવું, હોઠ, જીભ આદિના હલન-ચલન રહિત, ઈચ્છા વિના અનેક પ્રાણીઓના પુણ્યના પ્રભાવથી ઉત્પન્ન, આર્ય-અનાર્ય બધા દેશોના પ્રાણીઓની સમજમાં આવવાવાળી; સમસ્ત પાપની ઘાતક દિવ્ય-ધ્વનિ દ્વારા ભવ્ય જીવોના મોહાંધકારનો નાશ કરવાવાળા, ચોંસઠ ચામર ઢોળાય છે (તેવા), ત્રણ છત્ર-આઠ પ્રતિહાર્યના ધારક; રત્નમય સિંહાસન પર ચાર આંગળ અદ્ધર બિરાજમાન; ભગવાન સકલ પૂજ્ય પરમ ભટ્ટારક શ્રી વર્ધમાન દેવાધિદેવે મોક્ષમાર્ગને પ્રકાશિત કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ સાતિશય દિવ્ય-ધ્વનિ દ્વારા પ્રગટ કર્યું છે.

તે જ સમયે નિકટવર્તી નિર્ગ્રંથ ઋષિવરો દ્વારા વંદનીય, સાત ઋદ્ધિઓથી સમૃદ્ધ, ચાર જ્ઞાનના ધારક શ્રી ગૌતમ ગણધર દેવે કોષ્ઠબુદ્ધિ આદિ ઋદ્ધિઓના પ્રભાવથી ભગવાન દ્વારા કહેલા અર્થને વિસ્મરણ કર્યા વિના, ભગવાન દ્વારા કહેલા અર્થને ધારણ કરી દ્વાદશાંગ રૂપ રચના રચી છે.

**જ્યારે ચોથાકાળના ત્રણ વર્ષ આઠ માસ પંદર દિવસ બાકી રહી ગયા હતા ત્યારે શ્રી વર્ધમાનસ્વામી નિર્વાણને પ્રાપ્ત થયા.** પછી બાસઠ વર્ષ સુધી ગૌતમસ્વામી, સુધર્માચાર્ય, જંબુસ્વામી – આ ત્રણ કેવળીઓએ કેવળજ્ઞાન દ્વારા સમસ્ત પ્રરૂપણા કરી.

તે પછી કેવળજ્ઞાન થવાનો અભાવ થઈ ગયો. તેના પછી ક્રમથી વિષ્ણુ, નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભદ્રબાહુ એ પાંચ મુનિ દ્વાદશાંગના ધારક શ્રુતકેવળી થયા. તેમનો સમય ક્રમથી કુલ એકસો વર્ષનો રહ્યો. તેમના સમયમાં કેવળી ભગવાનની જેમ જ પદાર્થોનું જ્ઞાન અને પ્રરૂપણા રહી.

તેના પછી વિશાખાચાર્ય, પ્રોષ્ઠિલાચાર્ય, ક્ષત્રિય, જયસેન, નાગસેન, સિદ્ધાર્થ, ધૃતિષેણ, વિજય, બુદ્ધિમાન, ગંગદેવ, ધર્મસેન – એ અગિયાર પરમ નિર્ગ્રંથ મુનિવર દસ પૂર્વોના ધારી ક્રમથી કુલ એકસો ત્રેંશી વર્ષમાં થયા તેમણે પણ યથાવત પ્રરૂપણા કરી.

તેના પછી નક્ષત્ર, જયપાલ, પાંડુનામ, ધ્રુવસેન, કંસાચાર્ય – એ પાંચ મહામુનિ અગિયાર અંગના જ્ઞાનના પારંગત અનુક્રમથી બસો વીસ વર્ષમાં થયા, તેમણે પણ યથાવત પ્રરૂપણા કરી. તેના પછી સુભદ્ર, યશોભદ્ર, ભદ્રબાહુ, મહાયશ, લોહાચાર્ય – એ પાંચ મહામુનિ એક અંગના જ્ઞાનના પારગામી અનુક્રમે એકસો અઢાર વર્ષમાં થયા.

આ રીતે ભગવાન મહાવીર જિનેન્દ્રના નિર્વાણ પ્રાપ્ત થયા પછી છસ્સો ત્રેંશી વર્ષ સુધી અંગોનું જ્ઞાન રહ્યું. તેના પછી આ કાળના નિમિત્તથી બુદ્ધિ, વીર્ય, આદિની

મંદતા થતી જવાથી શ્રી કુંદકુંદ આદિ અનેક નિર્ગ્રંથ વીતરાગી મુનિ અંગની વસ્તુઓના જ્ઞાની થયા. તેમની જ પરંપરામાં શ્રી ઉમાસ્વામી થયા. એવા પાપથી ભયભીત, જ્ઞાન વિજ્ઞાન સંપન્ન, પરમ સંયમગુણ મંડિત, ગુરૂઓની પરિપાટીથી શ્રુતના અત્યુચ્છિન્ન અર્થના ધારક વીતરાગીઓની પરંપરા ચાલી આવી.

તેમાં **શ્રી કુંદકુંદ સ્વામી**એ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ આદિથી લઈ અનેક ગ્રંથ બનાવ્યા છે જે આજે પ્રત્યક્ષ વંચાય છે. આ ગ્રંથોની વિનયપૂર્વક આરાધના કરવી તે પ્રવચન ભક્તિ છે.

**શ્રી ઉમાસ્વામી**એ દસ અધ્યાયોમાં તત્ત્વાર્થસૂત્ર બનાવ્યું છે. તે તત્ત્વાર્થસૂત્ર ઉપર શ્રી **પૂજ્યપાદ સ્વામી**એ સર્વાર્થસિદ્ધિ નામની ટીકા બનાવી છે. તત્ત્વાર્થસૂત્ર પર જ **શ્રી અકલંકદેવે** સોળ હજાર શ્લોકોમાં રાજવાર્તિક ટીકા બનાવી છે; તથા **શ્રી વિદ્યાનંદિસ્વામી**એ વીસ હજાર શ્લોકોમાં શ્લોકવાર્તિક ટીકા બનાવી છે; તથા **શ્રી સમન્તભદ્રસ્વામી**એ ચોરાશી હજાર શ્લોકોમાં ગંધહસ્તી મહાભાષ્ય નામની મોટી ટીકા બનાવી હતી જે આજે આ સમયે મળતી નથી.

ગંધહસ્તી મહાભાષ્યના પ્રારંભના મંગલાચરણ પર **શ્રી સમન્તભદ્રસ્વામી**એ એકસો પંદર શ્લોકોમાં દેવાગમ સ્તોત્ર બનાવ્યું છે, તેને આપ્ત મીમાંસા પણ કહે છે. **શ્રી અકલંક દેવે** દેવાગમ સ્તોત્ર પર આઠસો શ્લોકોમાં અષ્ટશતી નામની ટીકા બનાવી છે; તે જ દેવાગમ અષ્ટશતી પર **શ્રી વિદ્યાનંદિજીએ** આઠ હજાર શ્લોકોમાં અષ્ટસહસ્ત્રી નામની ટીકા બનાવી છે, જેમાં સોળ હજાર ટીકા છે.

**શ્રી વિદ્યાનંદિસ્વામીએ** આપ્તની પરીક્ષારૂપ ત્રણ હજાર શ્લોકોમાં આપ્ત પરીક્ષા નામનો ગ્રંથ બનાવ્યો છે. **શ્રી માણિક્યનંદિ આચાર્યે** પરીક્ષામુખ ગ્રંથ બનાવ્યો છે. પરીક્ષા મુખની મોટી ટીકા પણ **શ્રી પ્રભાચંદ્ર આચાર્ય**એ બાર હજાર શ્લોકોમાં પ્રમેયકમલ માર્તંડ નામથી બનાવી છે. તેની જ નાની ટીકા **શ્રી અનંતવીર્ય આચાર્ય**એ પ્રમેયચંદ્રિકા નામથી બનાવી છે. **શ્રી અકલંકદેવ આચાર્ય**એ લઘુત્રયી નામનો ગ્રંથ બનાવ્યો છે,

તેના ઉપર **શ્રી પ્રભાચંદ્ર આચાર્ય**એ સોળ હજાર શ્લોકોમાં ન્યાયકુમુદચંદ્રોદય નામનો ગ્રંથ બનાવ્યો છે. તથા બીજા પણ ન્યાયના કેટલાયે ગ્રંથ પ્રમાણ પરીક્ષા, પ્રમાણ નિર્ણય, પ્રમાણ મીમાંસા, વાલાવબોધ ન્યાયદીપિકા ઈત્યાદિ જૈનધર્મના સ્તંભ, પ્રમાણથી દ્રવ્યોનો નિર્ણય કરાવવાવાળા અનેકાન્તથી ભરેલા દ્રવ્યાનુયોગના ગ્રંથ જયવંત પ્રવર્તે છે.

કરણાનુયોગના ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર, ત્રિલોકસારાદિ અનેક ગ્રંથ છે. ચરણાનુયોગના મૂળાચાર, આચારસાર, રત્નકરંડ શ્રાવકાચાર, ભગવતી આરાધના, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા, આત્માનુશાસન, પદ્મનંદિ પંચવિંશતિ, પુરૂષાર્થ સિદ્ધયુપાય, જ્ઞાનાર્ણવ ઈત્યાદિ અનેક ગ્રંથ છે. જિનેન્દ્ર વ્યાકરણ અનેકાન્તથી ભરેલું છે. પ્રથમાનુયોગના **શ્રી જિનસેનાચાર્ય કૃત** આદિપુરાણ, **શ્રી ગુણભદ્રાચાર્યકૃત** ઉત્તર પુરાણ ઈત્યાદિ જિનેન્દ્રના પરમાગમ અનુસાર ઉપદેશી ગ્રંથ તથા પુરાણ, ચરિત્ર, આચારના નિરૂપક અનેક ગ્રંથ છે; તેમનો ખૂબ ભક્તિથી સ્વાધ્યાય કરવો, શ્રવણ કરવું, વ્યાખ્યાન કરવું, વંદના કરવી, લખવું-લખાવવું, તપાસવું તે બધી પ્રવચન ભક્તિ છે.

**મારો શાસ્ત્રના અભ્યાસમાં જે દિવસ જાય છે તે ધન્ય છે.** પરમાગમના અભ્યાસ વિના મારો જે સમય જાય છે તે વૃથા છે. **સ્વાધ્યાય વિના શુભધ્યાન થતું નથી** શાસ્ત્રના અભ્યાસ વિના પાપથી છુટાતું નથી, કષાયોની મંદતા થતી નથી. **શાસ્ત્રના સેવન વિના સંસાર, શરીર ભોગોથી વૈરાગ્ય ઉપજતો નથી.** સમસ્ત વ્યવહારની ઉજ્જ્વળતા તથા પરમાર્થનો વિચાર આગમના સેવનથી જ થાય છે. શ્રુતના સેવનથી જગતમાં માન્યતા, મોટાઈ, ઉજ્જ્વલ યશ, આદર-સત્કાર પ્રાપ્ત થાય છે. સમ્યગ્જ્ઞાન જ પરમ બંધુ છે, ઉત્કૃષ્ટ ધન છે. પરમ મિત્ર છે. સમ્યગ્જ્ઞાન અવિનાશી ધન છે. સ્વદેશમાં, પરદેશમાં, સુખ અવસ્થામાં, દુઃખ અવસ્થામાં, આપદામાં, સંપદામાં પરમ શરણભૂત સમ્યગ્જ્ઞાન જ છે. **સ્વાધીન અવિનાશી ધન જ્ઞાન જ છે.**

માટે શાસ્ત્રોના અર્થનું જ સેવન કરો, પોતાના આત્માને નિત્ય જ્ઞાનદાન જ

કરો, પોતાના સંતાનને તથા શિષ્યોને જ્ઞાનદાન જ કરો. **જ્ઞાનદાન દેવા સમાન કરોડ ધનનું દાન પણ નથી.** ધન તો મદ ઉત્પન્ન કરે છે, વિષયોમાં ઉલઝાવે છે, (ફસાવે છે) દુર્ધ્યાન કરાવે છે, સંસારરૂપ અંધકૂપમાં ડૂબાડે છે, માટે જ્ઞાનદાન સમાન અન્ય દાન નથી.

જે નિયમિત એક શ્લોક, અડધો શ્લોક, એકપદ, માત્રાનો પણ અભ્યાસ કરે છે તે શાસ્ત્રોના અર્થનો પારીગામી થઈ જાય છે. વિદ્યા જ પરમ દેવતા છે. જે માતા-પિતા જ્ઞાનાભ્યાસ કરાવે છે તેમણે માનો કે કરોડોનું ધન આપ્યું છે. જે સમ્યગ્જ્ઞાનના દાતા ગુરૂ છે તેમના ઉપકાર સમાન ત્રણ લોકમાં કોઈ બીજો ઉપકાર નથી. **જે જ્ઞાનના દાતા ગુરૂનો ઉપકાર ઓળવે છે, તેના સમાન કૃતઘ્ની બીજો નથી,** પાપી નથી. જ્ઞાનના અભ્યાસ વિના વ્યવહાર પરમાર્થ બંનેમાં મૂઢ છે, અતઃ પ્રવચન ભક્તિ જ પરમ કલ્યાણ છે. **પ્રવચનના સેવન વિના મનુષ્ય પશુ સમાન છે.** આ પ્રવચન ભક્તિ હજારો દોષોનો નાશ કરવાવાળી છે. આ ભાવનાનું ભક્તિપૂર્વક અર્ધઉતારણ કરો. એનાથી જ સમ્યગ્દર્શનની ઉજ્જ્વળતા થાય છે. આ રીતે પ્રવચન ભક્તિ ભાવનાનું વર્ણન કર્યું.

## ❖ આવશ્યક પરિહાણિ ભાવના ❖

હવે આવશ્યક પરિહાણિ નામની ચૌદમી ભાવનાનું વર્ણન કરીએ છીએ. જે અવશ્ય કરવા યોગ્ય છે તેને આવશ્યક કહે છે. આવશ્યકોની હાનિ ન કરવાનું ચિંતવન તે આવશ્યક પરિહાણિ નામની ભાવના છે. અથવા જે ઈન્દ્રિયોને વશ નથી થતા તેને અવશ કહે છે. **અવશ જે મુનિ તેમની ક્રિયાને આવશ્યક કહે છે.**

આવશ્યકોની હાનિ ન કરવી તેને આવશ્યક પરિહાણિ ભાવના કહે છે.

આવશ્યકોના છ ભેદ છે - સામાયિક, સ્તવન, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ. આ છ આવશ્યક છે, તેમનું વર્ણન કરીએ છીએ.

**(૧) સામાયિક -** દેહથી ભિન્ન જ્ઞાનમય જેમનો દેહ છે, એવા પરમાત્મસ્વરૂપ,

કર્મ રહિત, **ચૈતન્યમાત્ર શુદ્ધ જીવનું એકાગ્રતાપૂર્વક ધ્યાન કરવાવાળા મુનિ સર્વોત્કૃષ્ટ નિર્વાણને પ્રાપ્ત થાય છે.** નિર્વિકલ્પ શુદ્ધ આત્માના ગુણોમાં જેમનું મન સ્થિર થતું નથી એવા તપસ્વી મુનિ છ આવશ્યક ક્રિયાઓને સારી રીતે અંગીકાર કરે તથા અશુભ કર્મોના આસ્રવને આવતો રોકે, ટાળે.

**પ્રથમ તો સુંદર-અસુંદર વસ્તુમાં, તથા શુભ-અશુભ કર્મના ઉદયમાં રાગ-દ્વેષ ન કરો.** આહાર-વસતિકાદિના લાભ-અલાભમાં સમભાવ કરો. સ્તુતિ-નિંદામાં, આદર-અનાદરમાં, પાષાણ-રત્નમાં, જીવન-મરણમાં, શત્રુ-મિત્રમાં, સુખ-દુઃખમાં, સ્મશાન-મહેલમાં રાગ-દ્વેષ રહિત પરિણામ થવા (તે) સમભાવ છે. જે સામ્ય ભાવના ધારક છે તે બાહ્ય પુદ્ગલોને અચેતન તથા પોતાથી ભિન્ન તથા પોતાના આત્મ સ્વભાવમાં હાનિ-વૃદ્ધિના અકર્તા જાણી રાગ-દ્વેષ કરવો છોડી દે છે. તથા પોતાને શુદ્ધ, જ્ઞાતા-દ્રષ્ટારૂપ અનુભવ કરી રાગ-દ્વેષાદિ વિકાર રહિત રહે છે એમને સામ્યભાવ હોય છે, તે જ સામાયિક છે.

(૨) **સ્તવન -** ભગવાન જિનેન્દ્રનું અનેક નામો દ્વારા સ્તવન કરવું તે સ્તવન નામનું આવશ્યક છે. આપે કર્મરૂપ શત્રુઓને જીત્યા છે માટે આપનું નામ **જિન** છે. આપને કોઈએ બનાવ્યા નથી તથા આપ સ્વયં જ પોતાના સ્વરૂપમાં રહો છો માટે આપ **સ્વયંભૂ** છો. આપ કેવળજ્ઞાનરૂપ નેત્ર દ્વારા ત્રિકાળવર્તી પદાર્થોને જાણો છો માટે આપ **ત્રિલોચન** છો. પોતાના મોહરૂપ અંધાસૂરને મારી નાખ્યો છે. માટે આપ **અંધકાન્તક** છો. પોતાના આઠ કર્મોમાંથી ચાર ઘાતિયા કર્મોરૂપ અડધા વેરીઓનો નાશ કરીને જ અદ્વીતિય ઈશ્વરપણું પામ્યા છો માટે આપ **અર્ધનારીશ્વર** છો. આપ શિવ પદ અર્થાત્ નિર્વાણ પદમાં બિરાજમાન છો માટે આપ **શિવ** છો. પાપરૂપ વેરીનો આપ સંહાર કરો છો માટે આપ **હર** છો. લોકમાં આપ સુખના કર્તા છો માટે આપ **શંકર** છો. શં અર્થાત્ પરમ આનંદરૂપ સુખ, તેમાં આપ રહો છો માટે આપ **શંભૂ** છો. વૃષ અર્થાત્ ધર્મ, તેનાથી આપ શોભિત છો માટે આપ **વૃષભ** છો. જગતના સંપૂર્ણ પ્રાણીઓમાં ગુણો દ્વારા આપ મહાન છો માટે આપ **જગજ્જ્યેષ્ઠ**

છો. ક અર્થાત્ સુખ, તેની દ્વારા આપ સમસ્ત જીવોનું પાલન કરો છો માટે આપ **કપાલી** છો. કેવળજ્ઞાન દ્વારા આપ સમસ્ત લોક-અલોકમાં વ્યાપી રહ્યા છો માટે આપ **વિષ્ણુ** છો. જન્મ-જરા-મરણરૂપ ત્રિપુરનો આપે અંત કર્યો છે માટે આપ **ત્રિપુરાંતક** છો. આ રીતે ઈંદ્રએ આપનું એક હજાર આઠ નામો દ્વારા સ્તવન કર્યું છે. ગુણોની અપેક્ષા આપનાં અનંત નામ છે. આ રીતે ભાવોમાં ચોવીસ તીર્થંકરોના ગુણોનું ચિંતવન કરીને સ્તવન કરવું તે સ્તવન નામનું આવશ્યક છે.

**(૩) વંદના -** ચોવીસ તીર્થંકરોમાંથી કોઈ એક તીર્થંકરની તથા અરહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુમાંથી કોઈ એકને મુખ્ય કરીને તેમની સ્તુતિ કરવી તે વંદના આવશ્યક છે.

**(૪) પ્રતિક્રમણ -** દિવસ આખામાં પ્રમાદને વશ થઈ, કષાયોને વશ થઈ, વિષયોમાં રાગી-દ્વેષી થઈ કોઈ એકેન્દ્રિય જીવનો ઘાત કર્યો હોય, નિરર્થક પ્રવર્તન કર્યું હોય, સદોષ ભોજન કર્યું હોય, કોઈ જીવના પ્રાણોને કષ્ટ પહોંચાડ્યું હોય, કર્કશ-કઠોર-મિથ્યા વચન કહ્યાં હોય, કોઈની નિંદા-બદનામી કરી હોય, પોતાની પ્રશંસા કરી હોય, સ્ત્રી કથા, દેશ કથા, ભોજન કથા, રાજ્ય કથા કરી હોય, અદત્ત ધન ગ્રહણ કર્યું હોય, પરના ધનમાં લાલસા કરી હોય - તે બધાં ખોટાં પાપ કર્યાં છે, બંધનાં કારણ કર્યાં છે.

હવે એવાં પાપરૂપ પરિણામોથી ભગવાન પંચ પરમગુરૂ અમારી રક્ષા કરે, એવાં પરિણામ મિથ્યા થાય, પંચ પરમેષ્ઠીના પ્રસાદથી અમારાં પાપરૂપ પરિણામ ન થાય. એવા ભાવોની શુદ્ધતા માટે કાયોત્સર્ગ કરી પંચ નમસ્કારના નવ જાપ કરવા જોઈએ.

આ રીતે સંપૂર્ણ દિવસની પ્રવૃત્તિનું સંધ્યાકાળે ચિંતવન કરી પાપ પરિણામોની નિંદા કરવી **તે દૈવસિક (દિવસિક) પ્રતિક્રમણ છે.** રાત્રિ સંબંધી પાપોને દૂર કરવા માટે પ્રભાતમાં પ્રતિક્રમણ કરવું **તે રાત્રિક પ્રતિક્રમણ છે.** રસ્તામાં ચાલવામાં દોષ લાગી ગયો હોય તેની શુદ્ધિ માટે જે પ્રતિક્રમણ છે **તે ઐર્યાપથિક પ્રતિક્રમણ છે.** એક પખવાડિયાના દોષોના નિરાકરણ માટે **પાક્ષિક પ્રતિક્રમણ છે.**

ચાર માસના દોષોના નિરાકરણ માટે **ચાતુર્માસિક પ્રતિક્રમણ છે.** એક વર્ષના દોષોના નિરાકરણ માટે **સાંવત્સરિક પ્રતિક્રમણ છે.** સમસ્ત પર્યાય-જીવનભરના કાળના દોષોના નિરાકરણ માટે અંતિમ સન્યાસ મરણના પહેલાં જે પ્રતિક્રમણ છે તે **ઉત્તમાર્થ પ્રતિક્રમણ છે.** આવું સાત પ્રકારનું પ્રતિક્રમણ છે, તેમાંથી ગૃહસ્થે સંધ્યા તથા પ્રભાતના સમયે તો પોતાનો નફો-તોટો અવશ્ય જોવો જોઈએ.

જ્યારે અહીં (લોકમાં) સો-પચાસ રૂપિયાનો વેપાર કરવાવાળો પણ સાંજે નફો-નુકશાન જુએ છે, તો **આ મનુષ્ય જન્મ જેની એક-એક ઘડી કરોડોના ધનથી દુર્લભ છે, ચાલી ગયા પછી મળતી નથી,** તેનો વિચાર પણ અવશ્ય કરવા યોગ્ય છે. આજે મારો પરમેષ્ઠીના પૂજનમાં, સ્તવનમાં કેટલો સમય ગયો ? સ્વાધ્યાયમાં, પંચ પરમગુરૂના જાપમાં, શાસ્ત્ર શ્રવણમાં, તત્ત્વાર્થની ચર્ચામાં, ધર્માત્માની વૈયાવૃત્તમાં કેટલો સમય ગયો ? ઘરના આરંભમાં, કષાયમાં, વિકથા કરવામાં, વિસંવાદમાં, ભોજનાદિમાં, ઈન્દ્રિયોના વિષયોમાં, પ્રમાદમાં, નિંદ્રામાં, શરીરના સંસ્કારમાં, હિંસાદિ પાંચ પાપોમાં કેટલો કાળ ગયો ? આ રીતે વિચાર કરી પાપમાં ઘણી પ્રવૃત્તિ થઈ હોય તો પોતાને ધિક્કારી પાપ બંધના કારણોને ઓછા કરી, ધર્મકાર્યમાં આત્માને લગાવવા યોગ્ય છે. **પંચમકાળમાં પ્રતિક્રમણને (જ) પરમાગમમાં ધર્મ કહ્યો છે.** આત્માના હિત-અહિતના વિચારમાં નિરંતર ઉદ્યમી રહેવા યોગ્ય છે. આ પ્રતિક્રમણ આત્માને ઘણું સાવધ કરવાવાળુ તથા પૂર્વે કહેલા પાપોની નિર્જરા કરવાવાળું છે.

**(૫) પ્રત્યાખ્યાન -** આગામી કાળમાં પાપનો આસ્રવ રોકવા માટે પાપોનો ત્યાગ કરવો કે ભવિષ્યમાં આવું પાપ મન-વચન-કાયાથી નહિ કરૂં, તે પ્રત્યાખ્યાન નામનું આવશ્યક છે જે સુગતિનું કારણ છે.

**(૬) કાયોત્સર્ગ -** ચાર આંગળનું અંતર રાખી બંને પગ બરાબર કરી-ઉભા રહી, બંને હાથોને નીચેની તરફ લંબાવી, દેહથી મમતા છોડી, નાસિકાના અગ્રભાગ પર દષ્ટિ જમાવી **દેહથી ભિન્ન શુદ્ધ આત્માની ભાવના કરવી (તે) કાયોત્સર્ગ છે.** નિશ્ચલ પદ્માસનથી તથા ઉભા રહીને પણ કાયોત્સર્ગ કરી શકાય છે, બંને અવસ્થાઓમાં શુદ્ધ ધ્યાનના અવલંબનથી જ કાયોત્સર્ગ સફળ થાય છે.

આ છ આવશ્યક પરમ ધર્મરૂપ છે. તેમની પૂજા કરી પુષ્પોથી અંજલિ ક્ષેપણ કરવું, અર્ઘ ઉતારણ કરવા યોગ્ય છે આ છ આવશ્યકોના પરમાગમમાં છ-છ ભેદ કહ્યા છે - નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - એ છ પ્રકારથી જાણવા.

**સામાયિકના છ ભેદ -** શુભ-અશુભ નામ સાંભળીને રાગ-દ્વેષ ન કરવા તે **નામ સામાયિક** છે. કોઈ સ્થાપના પ્રમાણ આદિથી સુંદર છે, કોઈ પ્રમાણાદિથી હીનાધિક થવાને કારણે અસુંદર છે. તેમાં રાગ-દ્વેષનો અભાવ તે **સ્થાપના સામાયિક** છે. સોના, ચાંદી, રત્ન, મોતી ઈત્યાદિ તથા માટી, લાકડુ, પથ્થર, કાંટા, છાર, રાખ, ધૂળ ઈત્યાદિને રાગ-દ્વેષ રહિત સમાન જોવા તે **દ્રવ્ય સામાયિક** છે. મહેલ-ઉપવનાદિ રમણીય, સ્મશાનાદિ અરમણીય ક્ષેત્રમાં રાગ-દ્વેષ ન કરવા તે **ક્ષેત્ર સામાયિક** છે. હિમ, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ ઋતુઓ તથા રાત્રિ, દિન, શુકલપક્ષ, કૃષ્ણપક્ષ ઈત્યાદિ કાળમાં રાગ-દ્વેષ ન કરવો તે **કાળ સામાયિક** છે. કોઈપણ જીવોને દુઃખ ન થાય એવો મૈત્રીભાવ રાખી અશુભ પરિણામોનો અભાવ કરવો તે **ભાવ સામાયિક** છે. આ રીતે સામાયિકના છ ભેદ કહ્યા છે.

**સ્તવનના છ ભેદ -** ચોવીસ તીર્થંકરોનું અર્થ સહિત એક હજાર આઠ નામો દ્વારા સ્તવન કરવું તે **નામ સ્તવન** છે. તીર્થંકરોના અરહંતોના અનેક કૃત્રિમ-અકૃત્રિમ પ્રતિબિંબોનું સ્તવન તે **સ્થાપના સ્તવન** છે. સમોવશરણ સ્થિત અરહંતોના દેહ, પ્રભા, પ્રાતિહાર્ય આદિ સહિતનું સ્તવન તે **દ્રવ્ય સ્તવન** છે. કૈલાસ, સમ્મેદાચલ, ઉર્જયન્ત (ગિરનાર) પાવાપુર, ચંપાપુર, આદિ નિર્વાણ ક્ષેત્રોનું તથા સમોવશરણમાં ધર્મોપદેશના ક્ષેત્રનું સ્તવન તે **ક્ષેત્ર સ્તવન** છે. ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન, નિર્વાણ કલ્યાણના કાળનું સ્તવન તે **કાળ સ્તવન** છે. કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટ્ય ભાવોનું સ્તવન તે **ભાવ સ્તવન** છે. આ રીતે સ્તવનના છ ભેદ કહ્યા છે.

**વંદનાના છ ભેદ -** તીર્થંકર અને સિદ્ધ તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એમાં એક-એકનું નામ ઉચ્ચારણ કરી વંદના કરવી તે **નામ વંદના** છે. અરહંત સિદ્ધ આદિમાં

એક-એકના પ્રતિબિંબ આદિની વંદના કરવી તે **સ્થાપના વંદના** છે. અરહંતાદિમાં તેમના શરીરની વંદના કરવી તે **દ્રવ્ય વંદના** છે. અરહંતાદિથી વ્યાપ્ત ક્ષેત્રની વંદના કરવી તે **ક્ષેત્ર વંદના** છે. અરહંતાદિમાં કોઈ એકથી વ્યાપ્ત કાળની વંદના કરવી તે **કાળ વંદના** છે. તીર્થંકરના, સિદ્ધના, આચાર્યના, ઉપાધ્યાયના, સાધુના આત્માના ગુણોની વંદના કરવી તે **ભાવ વંદના** છે. આ રીતે વંદનાના છ ભેદ કહ્યા છે.

**પ્રતિક્રમણના છ ભેદ -** નામના અયોગ્ય ઉચ્ચારણમાં કૃત, કારિત, અનુમોદનારૂપ મન-વચન-કાયાથી ઉત્પન્ન દોષનું નિવારણ કરવા માટે પ્રતિક્રમણ કરવુ તે **નામ પ્રતિક્રમણ** છે. કોઈ શુભ-અશુભ સ્થાપનાના નિમિત્તથી મન-વચન-કાયાથી ઉપજતા દોષથી આત્માને નિવૃત્ત કરવો તે **સ્થાપના પ્રતિક્રમણ** છે. આહાર, પુસ્તક, ઔષધિ આદિના નિમિત્તથી મન-વચન-કાયાથી ઉપજતા દોષના નિરાકરણ માટે પ્રતિક્રમણ કરવું તે **દ્રવ્ય પ્રતિક્રમણ** છે. કોઈ ક્ષેત્રમાં ગમન, સ્થાપના આદિના નિમિત્તથી ઉપજતા અશુભ પરિણામ જનિત દોષોના નિરાકરણ માટે પ્રતિક્રમણ કરવું તે **ક્ષેત્ર પ્રતિક્રમણ** છે. દિવસ, રાત્રિ, પક્ષ, ઋતુ, ઠંડી, ગરમી, વર્ષા કાળના નિમિત્તથી ઉપજતા અતિચારને દૂર કરવા માટે પ્રતિક્રમણ કરવું તે **કાળ પ્રતિક્રમણ** છે. રાગ-દ્વેષ આદિ ભાવોથી ઉત્પન્ન દોષને દૂર કરવા માટે પ્રતિક્રમણ કરવું તે **ભાવ પ્રતિક્રમ**ણ છે. આ રીતે પ્રતિક્રમણના છ ભેદ કહ્યા છે.

**પ્રત્યાખ્યાનના છ ભેદ -** અયોગ્ય પાપનાં કારણ જે નામ છે તેમનું ઉચ્ચારણ કરવાનો ત્યાગ કરી દેવો તે ના**મ પ્રત્યાખ્યાન છે**. અયોગ્ય મિથ્યાત્વાદિમાં પ્રવર્તન કરાવવાવાળી સ્થાપના કરવાનો ત્યાગ કરવો તે **સ્થાપના પ્રત્યાખ્યાન** છે. પાપબંધના કારણ સદોષ દ્રવ્ય તથા તપનાં નિમિત્ત નિર્દોષ દ્રવ્યનો પણ મન-વચન-કાયાથી ત્યાગ કરી દેવો તે **દ્રવ્ય પ્રત્યાખ્યાન** છે. અસંયમનું કારણ (એવા) ક્ષેત્રનો ત્યાગ કરી દેવો તે **ક્ષેત્ર પ્રત્યાખ્યાન** છે. અસંયમનું કારણ (એવા) કાળનો ત્યાગ કરી દેવો તે **કાળ પ્રત્યાખ્યાન** છે. મિથ્યાત્વ, અસંયમ, કષાયાદિનો ત્યાગ કરવો તે **ભાવ પ્રત્યાખ્યાન** છે. આ રીતે પ્રત્યાખ્યાનના છ ભેદ કહ્યા છે.

**કાયોત્સર્ગના છ ભેદ -** પાપના કારણ કઠોર કટુક નામ આદિથી ઉત્પન્ન દોષને દૂર કરવા માટે કાયોત્સર્ગ કરવો તે **નામ કાયોત્સર્ગ** છે. પાપરૂપ સ્થાપના દ્વારા આવેલા અતિચારને દૂર કરવા માટે કાયોત્સર્ગ કરવો તે **સ્થાપના કાયોત્સર્ગ** છે. સદોષ દ્રવ્યોના સેવનથી તથા સદોષ ક્ષેત્ર, કાળના સેવનથી-સંયોગથી ઉત્પન્ન દોષ દૂર કરવા માટે કાયોત્સર્ગ કરવો તે **દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, કાયોત્સર્ગ** છે. મિથ્યાત્વ, અસંયમ આદિ ભાવો દ્વારા થયેલા દોષ દૂર કરવા કાયોત્સર્ગ કરવો તે **ભાવ કાયોત્સર્ગ** છે. આ રીતે કાયોત્સર્ગના છ ભેદોનું વર્ણન કર્યું.

**ગૃહસ્થના બીજા પણ છ પ્રકારના આવશ્યક છે.** ભગવાન જિનેન્દ્રનું નિત્ય પૂજન, નિર્ગ્રંથ ગુરૂની સેવા, સ્તવન, ચિંતવન નિત્ય કરવું, જિનેન્દ્રએ કહેલા આગમનો નિત્ય સ્વાધ્યાય કરવો, ઈન્દ્રિયોને વિષયોથી રોકવી, છ કાયના જીવોની દયારૂપ સંયમ પાળવો, શક્તિ પ્રમાણે (યથાશક્તિ) નિત્ય તપ કરવું, તથા યથા શક્તિ નિત્ય દાન દેવું આ છ પ્રકારના આવશ્યક પણ ગૃહસ્થે નિત્ય નિયમથી અંગીકાર કરવા યોગ્ય છે.

આ રીતે સમસ્ત પાપોનો નાશ કરવાવાળી, ભાવોને ઉજ્જ્વળ કરવાવાળી, આવશ્યકોની હાનિના અભાવરૂપ ચૌદમી ભાવનાનું વર્ણન કર્યું. (૧૪)

## ✤ સન્માર્ગ પ્રભાવના ભાવના ✤

હવે સન્માર્ગ પ્રભાવના નામની પંદરમી ભાવનાનું વર્ણન કરીએ છીએ. અહીં સન્માર્ગ જે મોક્ષનો સત્યાર્થ માર્ગ તેનો પ્રભાવ પ્રગટ કરવો તે સન્માર્ગ પ્રભાવના છે. તે સન્માર્ગ રત્નત્રય છે, **રત્નત્રય આત્માનો સ્વભાવ છે**; તેને મિથ્યાત્વ, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ અનાદિથી મલિન-વિપરીત કરી રાખ્યો છે. હવે પરમાગમનું શરણ લઈ **મારે મિથ્યાત્વાદિ દોષોને દૂર કરી રત્નત્રય સ્વભાવને ઉજ્જ્વળ કરવો છે.**

આ મનુષ્ય જન્મ, ઈન્દ્રિયોની પૂર્ણતા, જ્ઞાન શક્તિ, પરમાગમનું શરણ,

સાધર્મીઓનો સમાગમ, રોગ રહિત અવસ્થા, કલેશ રહિત આજીવિકા, ઈત્યાદિ પુણ્યરૂપ સામગ્રી મેળવીને પણ જો આત્માને મિથ્યાત્વ, કષાય, વિષયોથી ન છોડાવ્યો તો અનંતાનંત દુઃખોથી ભરેલા સંસાર સમુદ્રમાંથી મારૂં નિકળવું અનંતકાળમાં પણ થશે નહિ. જે સામગ્રી આજે મળી છે તે અનંતકાળમાં પણ મળવી અતિ દુર્લભ છે. અંતરંગ-બહિરંગ સકળ સામગ્રી પામીને પણ જો આત્માનો પ્રભાવ પ્રગટ નહિ કરૂં તો કાળ અચાનક આવી સમસ્ત સંયોગ નષ્ટ કરી દેશે. માટે હવે **મારે રાગ-દ્વેષ દૂર કરી જેમ મારૂ શુદ્ધ વીતરાગ સ્વરૂપ અનુભવગોચર થાય તે રીતે ધ્યાન સ્વાધ્યાયમાં તત્પર થવું છે.**

બાહ્ય પ્રવૃત્તિ પણ ઉજ્જ્વળ કરી, અંતરંગ ધર્મનો પ્રભાવ પ્રગટ કરી મારે માર્ગ પ્રભાવના એવી કરવી છે જેને જોઈ અનેક જીવોના હૃદયમાં ધર્મનો મહિમા પ્રવેશી જાય. જિનેન્દ્રના અભિષેકનો ઉત્સવ એવો કરવો જેને જોઈને હજારો લોકોના ભાવ જિનેન્દ્રના જન્મ-કલ્યાણકના સમયે જે રીતે ઈન્દ્રાદિ દેવોએ અભિષેક કરી પોતાનો જન્મ સફળ કર્યો તેવી રીતે જય જયકારના નાદ દ્વારા અમારા સ્તવનના ઉચ્ચારણથી લોકો પોતાને કૃતાર્થ માની તન-મનથી પ્રફુલ્લિત થઈ જાય - આ રીતે અભિષેક દ્વારા પ્રભાવના કરવી.

**જિનેન્દ્ર ભક્તિ કરવી -** જિનેન્દ્રની ખૂબ ભક્તિ, ખૂબ વિનય, નિશ્ચલ ધ્યાનથી એવું પૂજન કરો જેને થતું જોઈ તથા શુદ્ધ ભક્તિના પાઠ વાંચતાં તથા સાંભળતાં હર્ષના અંકુર પ્રગટ થઈ જાય, આનંદ હૃદયમાં ન સમાય, બહાર ઉછળવા લાગે; જેમને જોઈ મિથ્યાદષ્ટિઓનાં પણ આવાં પરિણામ થઈ જાય-

અહો ! જૈનીઓની ભક્તિ આશ્ચર્યરૂપ છે, જેમાં આ નિર્દોષ ઉત્તમ ઉજ્જ્વળ પ્રામાણિક સામગ્રી, આ ઉજ્જ્વળ સોના-ચાંદી, કાંસા-પીતળના મનોહર પૂજનના ઉપકરણ, આ ભક્તિરસથી ભરેલા અર્થ સહિત કાનોને અમૃતરસથી સીંચતા શુદ્ધ અક્ષરોનું ઉચ્ચારણ, એકાગ્રતાથી વિનય સહિત શબ્દોના કહ્યા અનુસાર ઉજ્જ્વળ દ્રવ્યોનું ચઢાવવું, આ પરમશાંત મુદ્રારૂપ વીતરાગના પ્રતિબિંબ પ્રાતિહાર્યો સહિત પૂજવું, સ્તવન

કરવું, નમસ્કાર કરવા ધન્ય પુરૂષો દ્વારા જ થાય છે. ધન્ય એમની ભક્તિ, ધન્ય એમનો જન્મ, ધન્ય તેમનાં મન, વચન, કાયા અને ધન્ય એમનું ધન જે નિર્વાંછક થઈ આવા સન્માર્ગમાં લગાવે છે. એવો પ્રભાવ વ્યાપી જાય છે જેને દેખવા-સાંભળવાથી નિકટ ભવ્યોના નેત્રોમાંથી આનંદનાં આંસુ ઝરવા લાગે.

**ભક્તિ જ સંસાર સમુદ્રમાં ડૂબી રહેલા જીવોને સહારો દેવાવાળી છે. મારે ભવભવમાં જિનેન્દ્રની ભક્તિ જ શરણ હો.** આ રીતે જિનેન્દ્રનું નિત્ય-પૂજન કરવું, અષ્ટાન્હિકા, ષોડ્‌શકારણ, દસલક્ષણ તથા રત્નત્રય પર્વોમાં સર્વ પાપનો આરંભ છોડી જિનપૂજન કરવું, આનંદ સહિત નૃત્ય કરવું, કર્ણપ્રિય વાદ્ય વગાડવા; તથા સ્વર તાલ, મૂર્ચ્છનાદિ સહિત જિનેન્દ્રના ગુણગાન કરવામાં બધી સન્માર્ગ પ્રભાવના છે. જેમના હૃદયમાં સત્યાર્થ ધર્મ નિવાસ કરે છે તેમનાથી પ્રભાવના થાય જ છે.

**શાસ્ત્ર પ્રવચનની પ્રેરણા તથા વ્યાખ્યાનનું સ્વરૂપ -** જિનેન્દ્ર પ્રરૂપિત ચારેય અનુયોગોના સિદ્ધાંતોનું એવું વ્યાખ્યાન કરવું જેને સાંભળવાથી એકાન્તની હઠ નષ્ટ થઈ જાય, હૃદયમાં અનેકાન્ત રચાઈ જાય, પાપોથી કાંપવા લાગે, વ્યસન છૂટી જાય, દયારૂપ ધર્મમાં પ્રવર્તન થઈ જાય, અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ થઈ જાય. એવું વ્યાખ્યાન કરવું જેને સાંભળવાથી હજારો મનુષ્યોની કુદેવ, કુગુરૂ, કુધર્મની આરાધનાનો ત્યાગ થઈ જાય, તથા વીતરાગદેવ, દયારૂપ ધર્મ, આરંભ પરિગ્રહ રહિત ગુરૂની આરાધનામાં દ્રઢ શ્રદ્ધાન થઈ જાય, એવું વ્યાખ્યાન કરવું જેને સાંભળી ઘણા મનુષ્ય રાત્રિ-ભોજન, અયોગ્ય ભોજન, અન્યાયના વિષય, પરધનમાં રાગ છોડી વ્રતોમાં, શીલમાં, સંયમભાવમાં, સંતોષભાવમાં લીન થઈ જાય.

**એવો ઉપદેશ કરવો જેનાથી દેહાદિ પરદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ થઈ જાય, શરીરમાં એકત્વબુદ્ધિ છૂટી જાય, જીવ-અજીવાદિ દ્રવ્યોનો પ્રમાણ-નય-નિક્ષેપો દ્વારા નિર્ણય થઈ સંશય રહિત દ્રવ્ય, ગુણ, પર્યાયોનું સત્યાર્થ સ્વરૂપ પ્રગટ થઈ જાય, મિથ્યા અંધકાર દૂર થઈ જાય.** એવા આગમના વ્યાખ્યાનથી સન્માર્ગની પ્રભાવના થાય છે.

એવું ઘોર તપશ્ચરણ કરવું જે કાયરોથી ધારણ ન થઈ શકે, એવા તપ દ્વારા પ્રભાવના થાય છે. વિષયાનુરાગ છોડી નિર્વાંછક થવાથી આત્માનો પ્રભાવ પ્રગટ થાય છે, તથા ધર્મનો માર્ગ પણ તપથી જ ઉજ્જવળ છે. આ તપ દુર્ગતિના માર્ગને નષ્ટ કરનારું છે. તપ વિના કામાદિ વિષય, જ્ઞાન-ચરિત્રનો નાશ કરી નાખે છે. તપના પ્રભાવથી કામનો નાશ થાય છે, રસના ઈન્દ્રિયની ચપળતા નાશ પામે છે, લાલસાનો અભાવ થાય છે. રત્નત્રયની પ્રભાવનામાં તપથી જ દઢતા થાય છે.

**જૈનમંદિર અને જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવી -** જિનેન્દ્રના પ્રતિબિંબની પ્રતિષ્ઠા કરાવવી, જિનેન્દ્રનું મંદિર બનાવવું-એનાથી સન્માર્ગની પ્રભાવના થાય છે. પ્રતિષ્ઠા કરાવવાથી જ્યાંસુધી જિનબિંબ રહેશે ત્યાં સુધી દર્શન, સ્તવન, પૂજનાદિ કરી અનેક ભવ્ય જીવ પુણ્ય ઉપાર્જન કરશે તથા જેઓ જિન મંદિર બનાવશે તે ગૃહસ્થોનું જ ધન મેળવેલું સફળ થશે. પૂજન, રાત્રિ જાગરણ, શાસ્ત્રોનું વ્યાખ્યાન, શ્રવણ, પઠન, જિનેન્દ્રનું સ્તવન, સામાયિક, પ્રતિક્રમણ, અનશનાદિ તપ, નૃત્ય-ગાન-ભજન, ઉત્સવ જૈનમંદિર હોવાથી જ થાય છે. **જૈનમંદિર વિના ધર્મનો સમસ્ત (સંપૂર્ણ) સમાગમ થતો જ નથી.** માટે વિશેષ શું લખીએ, પોતાના તથા પરના ઉપકારનું મૂળ પ્રતિષ્ઠા કરાવવી તથા જૈનમંદિર બનાવવું (તે) છે.

**ધનમાં આસક્તિ ઘટાડવાની પ્રેરણા -** ધર્મનો ઉત્કૃષ્ટ માર્ગ તો સમસ્ત પરિગ્રહ છોડીને વીતરાગતા અંગીકાર કરવી (તે) છે; પરંતુ જેમના પ્રત્યાખ્યાન તથા અપ્રત્યાખ્યાન કષાયો ઉપશમ્યા નથી તેમનાથી ગૃહ સંપદા છોડાતી નથી.

ધન સંપદા ઘણી હોય તો પ્રથમ તો જેમનું આપે અન્યાયથી ધન લીધું હોય તેમની પાસે જઈ ક્ષમા માગી તેમનું ધન પાછુ આપવું. જો તમારી પાસે ઘણું ધન હોય તો ધન ઉપાર્જન કરવાનો ત્યાગ કરવો. તીવ્ર રાગ વધારવાવાળા ઈંદ્રિયોના વિષયોની લાલસા છોડી સંવરરૂપ થવું. પછી જે ધન બાકી રહે તેમાંથી પોતાના હિતચિંતક, પુત્રી, બહેન, ફોઈ, ભાઈઓમાં જે નિર્ધન, રોગી, દુઃખી હોય તેમને તથા અનાથ વિધવા હોય તેમને યથા યોગ્ય આપી સંતોષિત કરવા. પોતાના આશ્રિત,

નોકરાદિ તથા જે નજીક રહેવાવાળા હોય તેમને યથા યોગ્ય સંતુષ્ટ કરી, પછી પુત્રને- સ્ત્રીને તેમનો ભાગ અલગ આપી દેવો પછી જે ધન બચે તેને જિન મંદિર બનાવવામાં, જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવામાં તથા જિનેન્દ્રના ધર્મના આધાર જિન સિદ્ધાંતોને લખાવવામાં (છપાવવામાં) કંજુસાઈ છોડી ઉદાર મનથી પરનો ઉપકાર કરવાની બુદ્ધિથી ધન લગાવવું; તેના સમાન કોઈ પ્રભાવના નથી.

**બાહ્ય આચરણમાં શુદ્ધતા વધારવાની પ્રેરણા - જે મંદિર પ્રતિષ્ઠા તો કરાવે પણ અનીતિથી પરાયું ધન રાખી લે, અન્યાયનું ધન ગ્રહણ કરી લે તો તેની સમસ્ત પ્રભાવના નાશ પામશે.** પ્રતિષ્ઠા કરાવવાવાળો, મંદિર બનાવવાવાળો જો ખોટો વણીજ વ્યવહાર કરે, હિંસાદિ મહા પાપોમાં, અયોગ્ય નિંદ્ય વચનોમાં, તીવ્ર લોભમાં પ્રવર્તે છે, કુશીલમાં પ્રવર્તે છે, તથા અતિ કંજુસાઈ કરી પરિણામોમાં સંકલેશરૂપ થઈ ધન ખર્ચ કરે છે તો તેની સમસ્ત પ્રભાવના નાશ થઈ જશે. **માટે જિનબિંબની પ્રતિષ્ઠા કરાવવાવાળાની, જિનમંદિર બનાવવાવાળાની બાહ્ય પ્રવૃત્તિ પણ શુદ્ધ હોય છે, તેનાથી પ્રભાવના થાય છે.** મંદિરમાં શિખર, કળશ, ઘંટા-ઘંટી, કપડાનો ચંદરવો, ઘંટ, સિંહાસન આદિ ઉત્તમ ઉપકરણ આપી તથા સ્વાધ્યાયમાં પ્રવૃત્તિ આદિ દ્વારા થવાવાળી પ્રભાવના દુ:ખનો નાશ કરવાવાળી હોય છે.

**પ્રભાવના શુદ્ધ આચરણ દ્વારા થાય છે,** માટે જે જિન વચનોનો શ્રદ્ધાની હોય છે તે જ ધર્મની પ્રભાવના કરે છે. જૈનીઓનો ગાઢ પ્રેમ જોઈને અન્ય મિથ્યાદષ્ટિના હૃદયમાં પણ જૈનધર્મનો ઘણો મહિમા આવે છે. જુઓ જૈનીઓનો ધર્મ ! આ જૈની પ્રાણ જાય તો પણ અભક્ષ્ય ભક્ષણ કરતા નથી, તીવ્ર રોગ વેદના થવા છતાં પણ રાત્રે દવા, પાણી વિ. પણ પીતા નથી, ધન અભિમાનાદિ નાશ થવા છતાં પણ અસત્ય વચનાદિ બોલતા નથી, મહા આપદા આવવા છતાં પણ પરાયા ધનમાં ચિત્ત ચલાવતા નથી, પોતાનો પ્રાણ જાય તો પણ અન્ય જીવનો ઘાત કરતા નથી. શીલની દઢતા, પરિગ્રહ પરિમાણતા, પરમ સંતોષ ધારણ કરવાથી આત્માની પ્રભાવના થાય છે તથા માર્ગની પણ પ્રભાવના થાય છે.

માટે સમસ્ત ધન ચાલી જાય તો પણ તથા પ્રાણ ચાલી જાય તો પણ જે પોતાના નિમિત્તે ધર્મની નિંદા-હાંસી કદી કરાવતા નથી, તેમને સન્માર્ગ પ્રભાવના અંગ હોય છે. આ પ્રભાવનાની મહિમાનું કરોડ જીભથી પણ વર્ણન કરવામાં કોઈ સમર્થ નથી. એટલા માટે હે ભવ્ય જનો ! ત્રણ લોકમાં પૂજ્ય પ્રભાવના અંગને દૃઢતાથી ધારણ કરી તેની જ ભક્તિથી પૂજા કરો, તેનું જ અર્ઘ ઉતારણ કરો. જે પ્રભાવના અંગને દૃઢતાથી ધારણ કરે છે તે ઈંદ્રાદિ દેવો દ્વારા પૂજ્ય તીર્થંકર થાય છે. આ રીતે સન્માર્ગ પ્રભાવના નામની પંદરની ભાવનાનું વર્ણન કર્યું. (૧૫)

## ✤ પ્રવચન વત્સલત્વ ભાવના ✤

હવે પ્રવચન વત્સલત્વ નામની સોળમી ભાવનાનું વર્ણન કરે છે. **પ્રવચન અર્થાત્ દેવ-ગુરૂ-ધર્મ એમાં વાત્સલ્ય અર્થાત્ પ્રીતિભાવ તે પ્રવચન વાત્સલ્ય કહેવાય છે.** જેઓ ચારિત્રગુણ સહિત છે, શીલના ધારી છે, પરમ સામ્યભાવ સહિત છે, બાવીસ પરીષહોના સહેવાવાળા છે, દેહમાં નિર્મમત્વ, સમસ્ત વિષય વાંછા રહિત, આત્મહિતમાં ઉદ્યમી, પરનો ઉપકાર કરવામાં સાવધાન - એવા **સાધુજનો**ના ગુણોમાં પ્રીતિરૂપ પરિણામ તે વાત્સલ્ય છે.

વ્રતોના ધારી, પાપથી ભયભીત, ન્યાયમાર્ગી, ધર્મમાં અનુરાગના ધારક, મંદ કષાયી, સંતોષી એવા **શ્રાવક તથા શ્રાવિકા**ના ગુણોમાં, તેમની સંગતિમાં અનુરાગ ધારણ કરવો તે વાત્સલ્ય છે.

જેઓ સ્ત્રી પર્યાયમાં વ્રતોની મર્યાદામાં રહીને, સમસ્ત ગૃહાદિ પરિગ્રહ છોડીને, કુટુંબનું મમત્વ છોડીને, દેહમાં નિર્મમતા ધારણ કરીને, પાંચ ઈન્દ્રિયોના વિષયોને છોડીને, એક વસ્ત્ર માત્ર પરિગ્રહનું અવલંબન લઈને, ભૂમિશયન, ભૂખ, તરસ, શીત ઉષ્ણાદિ પરીષહ સહન કરીને સંયમ સહિત ધ્યાન સ્વાધ્યાય, સામાયિક આદિ આવશ્યકો સહિત થઈ **આર્જિકા**ની દીક્ષા ગ્રહણ કરી, સંયમ સહિત કાળ વીતાવે છે તેમના ગુણોમાં અનુરાગ તે વાત્સલ્યભાવ છે.

મુનિરાજની જેમ વનમાં રહી, બાવીસ પરીષહ સહી, ઉત્તમ ક્ષમાદિ ધર્મના ધારક, દેહમાં નિર્મમત્વ, **પોતાના નિમિત્તે બનાવેલા ઔષધિ-અનાજ-પાણી ગ્રહણ ન કરવાવાળા, એક વસ્ત્ર સિવાય સમસ્ત પરિગ્રહના ત્યાગી** ઉત્તમ **શ્રાવકો**ના ગુણોમાં અનુરાગ તે વાત્સલ્ય છે. **દેવ-ગુરૂ-ધર્મ**ના સત્યાર્થ સ્વરૂપને જાણીને દઢ શ્રદ્ધાની, ધર્મમાં રુચિના ધારક **અવિરત સમ્યગ્દષ્ટિ**માં પણ વાત્સલ્ય કરવું જોઈએ.

**મોહનો મહિમા -** આ સંસારમાં અનાદિકાળથી જ પોતાના સ્ત્રી-પુત્ર કુટુંબાદિમાં, દેહમાં, ઈન્દ્રિય વિષયોના સાધનોમાં રાગ પડેલો ચાલ્યો આવે છે. આગળના (પૂર્વના) અનાદિ સંસ્કાર જ એવા છે કે તિર્યંચ પણ પોતાના સ્ત્રી-પુત્રોમાં, વિષયોમાં અતિ અનુરાગી થઈ તેમના માટે કપાઈ જાય છે, મરી જાય છે, અન્યને મારી નાખે છે - આવું મોહનું કોઈ અદ્‌ભૂત માહાત્મ્ય છે. તે પુરૂષ ધન્ય છે જે સમ્યગ્જ્ઞાનથી મોહનો નાશ કરી આત્માના ગુણોમાં વાત્સલ્ય કરે છે.

**પંચમકાળના ધનિક સંસારીને વાત્સલ્યનો અભાવ છે -** સંસારી તો ધનની લાલસાથી અતિ આકુળ થઈ ધર્મમાં વાત્સલ્ય છોડી બેઠા છે. સંસારીને જ્યારે ધન વધે છે તો તૃષ્ણા ઓર અધિક વધી જાય છે, સમગ્ર ધર્મનો માર્ગ ભૂલી જાય છે, ધર્માત્માઓમાં વાત્સલ્ય દૂરથી જ ત્યાગી દે છે. રાત-દિવસ ધન-સંપદાને વધારવામાં એવો અનુરાગ વધે છે કે લાખોનું ધન થઈ જાય તો કરોડોની ઈચ્છા કરે છે, આરંભ પરિગ્રહને વધારતો જાય છે, પાપોમાં પ્રવીણતા વધારતો જાય છે તથા ધર્મમાં વાત્સલ્ય નિયમથી છોડી દે છે.

જ્યાં દાનાદિમાં-પરોપકારમાં ધન આપવું પડે ત્યાં દૂરથી જ બચીને નીકળી જાય છે. બહુ આરંભ, બહુ પરિગ્રહ, અતિ તૃષ્ણાથી નજીક આવી ગયેલો નરકનો નિવાસ પણ તેને દેખાતો નથી. **પંચમકાળના ધનાઢ્ય પુરૂષ તો પૂર્વ ભવથી જ મિથ્યા-ધર્મ, કુપાત્ર-દાન, કુદાન આદિમાં ફસાઈને એવા કર્મ બાંધીને આવ્યા છે કે તેમની નરક-તિર્યંચ ગતિની પરિપાટી અસંખ્યાત કાળ અનંત ભવ સુધી નહિ છૂટે.** તેમનું તન, મન, વચન, ધન, ધર્મ કાર્યમાં લાગતું નથી. રાત-દિવસ તૃષ્ણા

તથા આરંભથી જ દુઃખી રહે છે; તેમને ધર્માત્મામાં તથા ધર્મને ધારણ કરવામાં કદી વાત્સલ્ય હોતું નથી. ધન રહિત જો ધર્માત્મા પણ હોય તો તેને પણ નીચો માને છે.

ધર્મ તથા ધર્માત્માઓમાં વાત્સલ્યની પ્રેરણા - હે આત્મહિતના વાંછક હો! ધન સંપદા મહા મદને ઉપજાવવાવાળી જાણી, દેહને અસ્થિર દુઃખદાયી જાણી, કુટુંબને મહા બંધન માની તેમનાથી પ્રીતિ છોડી **પોતાના આત્માથી વાત્સલ્ય કરો.** ધર્માત્મામાં, વ્રતીમાં, સ્વાધ્યાયમાં, જિનપૂજનમાં, વાત્સલ્ય કરો. જે સમ્યક્ચારિત્ર રૂપ આભરણથી ભૂષિત સાધુજન છે તેમનું જે પુરૂષ સ્તવન કરે છે, ગૌરવ કરે છે, તેમને વાત્સલ્ય ગુણ છે, તેઓ સુગતિને પામે છે, કુગતિનો નાશ કરે છે. વાત્સલ્ય ગુણના પ્રભાવથી જ સમસ્ત દ્વાદશાંગ વિદ્યા સિદ્ધ થાય છે. સિદ્ધાન્ત ગ્રંથોમાં તથા સિદ્ધાંતનો ઉપદેશ કરવાવાળા ઉપાધ્યાયોમાં સાચી ભક્તિના પ્રભાવથી શ્રુતજ્ઞાનાવરણ કર્મનો રસ સૂકાઈ જાય છે ત્યારે સકળ વિદ્યા સિદ્ધ થઈ જાય છે. **વાત્સલ્યગુણના ધારકને દેવ પણ નમસ્કાર કરે છે.**

વાત્સલ્ય દ્વારા જ અઢાર પ્રકારની **બુદ્ધિ-ૠદ્ધિ,** અગિયાર પ્રકારની **વિક્રિયા-ૠદ્ધિ**, ત્રણ પ્રકારની **બળ-ૠદ્ધિ,** સાત પ્રકારની **તપ-ૠદ્ધિ,** છ પ્રકારની **રસ-ૠદ્ધિ,** આઠ પ્રકારની **ઔષધિ-ૠદ્ધિ** બે પ્રકારની **ક્ષેત્ર-ૠદ્ધિ** ઈત્યાદિ ચોંસઠ ઋદ્ધિ તથા અનેક શક્તિઓ પ્રગટ થઈ જાય છે. અહીં ઋદ્ધિઓનું સ્વરૂપ કહેવાથી કથન વધી જાય એટલે લખ્યું નથી. અર્થપ્રકાશિકામાં લખ્યું છે ત્યાંથી જાણી લેવું.

**વાત્સલ્ય દ્વારા જ મંદ બુદ્ધિવાળાઓનું પણ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન વિસ્તાર પામે છે.** વાત્સલ્યના પ્રભાવથી પાપનો પ્રવેશ થતો નથી. વાત્સલ્યથી જ તપની શોભા થાય છે. તપમાં ઉત્સાહ વિના તપ નિરર્થક છે. આ જિનેન્દ્રનો માર્ગ વાત્સલ્ય દ્વારા જ શોભા પામે છે. વાત્સલ્યથી જ શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે. વાત્સલ્યથી જ સમ્યગ્જ્ઞાન નિર્દોષ થાય છે. વાત્સલ્યથી જ દાન આપવું કૃતાર્થ-સફળ થાય છે. પાત્રમાં પ્રીતિ વિના તથા આપવામાં પ્રીતિ વિના દાન નિંદાનું કારણ છે.

**જીનવાણીમાં જેને વાત્સલ્ય હશે તેને જ પ્રસંશા યોગ્ય જિનવાણીનો સાચો અર્થ (મર્મ) ઉદ્યોતરૂપ પ્રગટ થશે.** જેને જિનવાણીમાં વાત્સલ્ય નથી, વિનય નથી તેને યથાવત્ અર્થ દેખાશે નહિ, તે તો વિપરીત જ ગ્રહણ કરશે. આ મનુષ્ય જન્મનું મંડન વાત્સલ્ય જ છે. વાત્સલ્ય રહિત ઘણા મનગમતા આભૂષણ, વસ્ત્ર ધારણ કરવા પણ પદ-પદમાં નિંદ્ય થાય છે. આ લોકનું કાર્ય જે યશનું ઉપાર્જન, ધર્મનું ઉપાર્જન, ધનનું ઉપાર્જન છે તે પણ વાત્સલ્યથી જ થાય છે. પરલોક-સ્વર્ગલોકમાં મહર્દ્ધિક દેવપણું પણ વાત્સલ્યથી જ થાય છે. વાત્સલ્ય વિના આ લોકનું સમસ્ત કાર્ય નષ્ટ થઈ જાય છે, પરલોકમાં પણ દેવાદિ ગતિ પ્રાપ્ત થતી નથી.

**જેને અરહંત દેવ, નિર્ગ્રંથ ગુરૂ, સ્યાદ્વાદરૂપ પરમાગમ, દયારૂપ ધર્મમાં વાત્સલ્ય છે તે જ સંસાર પરિભ્રમણનો નાશ કરી નિર્વાણને પ્રાપ્ત થાય છે.** વાત્સલ્યથી જ જૈનમંદિરની વૈયાવૃત્ત, જૈન સિદ્ધાંતોનું સેવન, સાધર્મીઓની વૈયાવૃત્ત, ધર્મમાં અનુરાગ, દાન આપવામાં પ્રીતિ થાય છે. જેમણે છ કાયના જીવો પર વાત્સલ્ય કર્યું છે, તેઓ જ ત્રણ લોકમાં અતિશયરૂપ તીર્થંકર પ્રકૃતિનો બંધ કરે છે. માટે જે કલ્યાણના ઈચ્છુક છે, તે ભગવાન જિનેન્દ્ર દ્વારા ઉપદેશિત વાત્સલ્ય ગુણનો મહિમા જાણી સોળમી વાત્સલ્ય ભાવનાનું સ્તવન પૂજન કરી તેનું મહાન અર્ઘ ઉતારણ કરે છે. તે જ દર્શનની વિશુદ્ધતા પામી તપરૂપ આચરણ કરી અહમિંદ્રાદિ દેવલોક પામી પછી જગતના ઉદ્ધારક તીર્થંકર થઈ નિર્વાણને પ્રાપ્ત થાય છે. સોલહ કારણ ધર્મનો મહિમા અચિન્ત્ય છે, જેનાથી ત્રણ લોકમાં આશ્ચર્યકારી અનુપમ વૈભવના ધારક તીર્થંકર થાય છે. આવી સોલહ કારણ ભાવનાનું સંક્ષેપ વિસ્તારરૂપ વર્ણન કર્યું.

**ધર્મના દસ લક્ષણ** - ધર્મનું સ્વરૂપ દસ લક્ષણરૂપ છે. આ દસ ચિન્હો દ્વારા અંતરંગ ધર્મ જાણવામાં આવે છે. ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય, ઉત્તમ બ્રહ્મચર્ય આ દસ ધર્મના લક્ષણ છે.

**ધર્મ તો વસ્તુનો સ્વભાવ છે, સ્વભાવને જ ધર્મ કહે છે.** લોકમાં જેટલા પદાર્થ છે તે બધા પોત-પોતાના સ્વભાવને કદી છોડતા નથી. જો સ્વભાવનો નાશ થઈ જાય તો વસ્તુનો અભાવ થઈ જાય પરંતુ એવું થતું નથી.

આત્મા નામનો પદાર્થ છે, તેનો સ્વભાવ ક્ષમાદિરૂપ છે. ક્રોધાદિ કર્મજનિત ઉપાધિ છે, આવરણ છે. ક્રોધ નામની કર્મની ઉપાધિનો અભાવ થવાથી ક્ષમા નામનો આત્માનો સ્વભાવ સ્વયં જ પ્રગટ થઈ જાય છે. એ જ રીતે માનના અભાવથી માર્દવ ગુણ, માયાના અભાવથી આર્જવગુણ, લોભના અભાવથી શૌચગુણ ઈત્યાદિ જે આત્માના ગુણ છે તે કર્મના અભાવથી સ્વયંમેવ પ્રગટ થાય છે. જે આ ઉત્તમ ક્ષમાદિ આત્માના સ્વભાવ છે, તે મોહનીય કર્મના ભેદ ક્રોધાદિ કષાયો દ્વારા અનાદિકાળથી આચ્છાદિત થઈ રહ્યા છે. કષાયોના અભાવથી ક્ષમાદિ આત્માના સ્વાભાવિક ગુણ પ્રગટ થઈ જાય છે.

## (૧) ઉત્તમ ક્ષમા ધર્મ

હવે ઉત્તમ ક્ષમા ગુણના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. **ક્રોધ વેરીનું જીતવું તે જ ઉત્તમ ક્ષમા છે.** કેવો વેરી છે ક્રોધ ? આ જીવના નિવાસસ્થાન જે સંયમભાવ, સંતોષભાવ, નિરાકુળતાભાવ, સમ્યગ્દર્શન આદિ રત્નોના ભંડાર તેમને બાળવા માટે અગ્નિ સમાન છે. યશનો નાશ કરી દે છે, અપયશરૂપ કાલિમાને વધારે છે, ધર્મ-અધર્મનો વિચાર નષ્ટ કરી દે છે. ક્રોધીના મન-વચન-કાય પોતાના વશમાં રહેતા નથી. ઘણા દિવસોના પ્રેમને ક્ષણમાત્રમાં બગાડી મહાન વેર ઉપજાવે છે.

જે ક્રોધરૂપી રાક્ષસને વશમાં થઈ જાય છે તે અસત્ય વચન, લોક નિંદ્ય વચન, ભીલ, ચાંડાળાદિને બોલવા યોગ્ય વચન બોલવા લાગે છે. ક્રોધી સમસ્ત ધર્મનો લોપ કરી દે છે. ક્રોધી થઈ પિતાને મારી નાખે છે; માતાનો, પુત્રનો, સ્ત્રીનો, બાળકનો, સ્વામીનો, સેવકનો, મિત્રનો પણ પ્રાણ ઘાત કરે છે. તીવ્ર ક્રોધી તો વિષથી, શસ્ત્રથી પોતાનો જ ઘાત કરી દે છે; ઉંચા મકાનથી, પર્વતાદિથી પડીને, કૂવામાં કૂદીને મરી

જાય છે. ક્રોધીનો કોઈ રીતે વિશ્વાસ કરવો નહિ. ક્રોધી તો યમરાજ તુલ્ય છે. ક્રોધી પહેલાં તો પોતાના જ્ઞાન, દર્શન, ક્ષમાદિ ગુણોનો ઘાત કરે છે; પછી કર્મના વશથી અન્યનો ઘાત થાય કે ન થાય. **ક્રોધના પ્રભાવથી મહા તપસ્વી દિગંબર મુનિ પણ ધર્મથી ભ્રષ્ટ થઈ નરક ગયા છે.**

ક્રોધ બંને લોકનો નાશ કરવાવાળો છે, મહાપાપ બંધ કરાવી નરકે પહોંચાડે છે, બુદ્ધિ ભ્રષ્ટ કરે છે, નિર્દયી બનાવે છે, બીજાઓ દ્વારા કરેલા ઉપકારને ભૂલાવી કૃતઘ્ની બનાવી દે છે. માટે ક્રોધ સમાન બીજું કોઈ પાપ નથી. આ લોકમાં ક્રોધાદિ કષાયો સમાન પોતાનો ઘાત કરવાવાળું બીજું (કોઈ) નથી. **જે લોકમાં પુણ્યવાન છે, મહા ભાગ્યવાન છે, જેના બંને લોક સુધરવાના છે તેમને જ ક્ષમાનો ગુણ પ્રગટ થાય છે.**

ક્ષમા અર્થાત્ પૃથ્વી, તેના સમાન સહન કરવાનો સ્વભાવ હોવો તે ક્ષમા છે. પોતાના સમ્યક્ સ્વરૂપને, હિત-અહિતને સમજીને, કમજોર(જીવો/લોકો) દ્વારા કરેલા ઉપદ્રવોને પોતે સમર્થ હોવા છતાં પણ રાગ-દ્વેષ રહિત થઈ સહેવા, વિકારી ન થવું તેને ઉત્તમ ક્ષમા કહે છે.

**અહીં ઉત્તમ શબ્દ સમ્યગ્દર્શન સહિત હોવાને કારણે કહ્યો છે.** ઉત્તમ ક્ષમા ત્રણ લોકમાં સાર છે. ઉત્તમ ક્ષમા સંસાર સમુદ્રથી તારવાવાળી છે, રત્નત્રયને ધારણ કરાવવાવાળી છે, દુર્ગતિના દુઃખોને હરવાવાળી છે. જેમને ઉત્તમ ક્ષમા હોય છે, તેમનું નરક-તિર્યંચ ગતિઓમાં ગમન થતું નથી. ઉત્તમ ક્ષમાની સાથે અનેક ગુણોનો સમૂહ પ્રગટ થાય છે. મુનિરાજાને તો અતિ પ્યારી ઉત્તમ ક્ષમા જ છે. ઉત્તમ ક્ષમાની પ્રાપ્તિને જ્ઞાનીજન તો ચિંતામણિ રત્નની પ્રાપ્તિ સમાન લાભ માને છે. ઉત્તમ ક્ષમા જ મનની ઉજ્જવળતા કરે છે. ક્ષમા ગુણ વિના મનની ઉજ્જવળતા તથા સ્થિરતા કદી થતી નથી. ઈચ્છિત અભિપ્રાયની સિદ્ધિ કરવાવાળી એક ઉત્તમ ક્ષમા જ છે.

**ક્રોધને જીતવાનો ઉપાય -** ક્રોધને જીતવાની વિધિ આ પ્રકારે છે - કોઈ

તમને દુર્વચનાદિ કહી દુઃખી કરે, ગાળ આપે, ચોર કહે, અન્યાયી, પાપી, દુરાચારી, દુષ્ટ, નીચ, દગાબાજ, ચાંડાળ, કૃતઘ્ની-એવા અનેક દુર્વચન કહે, તો જ્ઞાનીએ **આવો વિચાર કરવો જોઈએ -** મેં આનો અપરાધ કર્યો છે કે નથી કર્યો ? જો મેં એનો અપરાધ કર્યો છે, તથા રાગ-દ્વેષ-મોહને વશ થઈ કોઈ વાતે એનું દિલ દુભાવ્યું છે તો હું અપરાધી છું, મને ગાળ આપવી, નીચ, ચોર, કપટી, અધર્મી કહેવો ન્યાય છે. મને આનાથી વધારે દંડ કરે તો તે પણ ઠીક હતું. મેં અપરાધ કર્યો છે, હવે મારે ગાળ સાંભળી ક્રોધ ન કરવો તે જ ઉચિત છે. અપરાધીને નરકમાં પણ દંડ ભોગવવો પડે છે. મારા નિમિત્તથી તેને દુઃખ થયું છે ત્યારે દુઃખી થઈ દુર્વચન કહી રહ્યો છે, એવું વિચારી દુઃખી ન થઈ ક્ષમા જ કરે છે.

જો દુર્વચન કહેવાવાળો મંદ કષાયી હોય તો પોતે જઈ તેની ક્ષમા માગી તેને ક્ષમા ગ્રહણ કરવા કહેવું. - હે કૃપાળુ ! હું અજ્ઞાની છું, મેં પ્રમાદ તથા કષાયને વશ થઈ તમારૂં ચિત્ત દુભાવ્યું છે, માટે હવે હું મારા અપરાધની માફી માગું છું, ભવિષ્યમાં આવું કાર્ય ભૂલથી પણ નહિ કરૂં. એકવાર કોઈનાથી ભૂલ થઈ જાય તો મોટા માણસો તેને માફ કરી દે છે. જો સામેવાળો ન્યાયરહિત તીવ્ર કષાયી હોય તો તેની પાસે અપરાધ ક્ષમા કરાવવા ન જવું, કાલાંતરે તેનો ક્રોધ ઉપશાંત થાય પછી ક્ષમા માગવી.

જો તમે અપરાધ કર્યો ન હોય, પરંતુ ઈર્ષ્યા ભાવથી તથા કેવળ દુષ્ટતાથી તમને દુર્વચન કહે છે, તથા અનેક દોષ લગાવે છે, તો જ્ઞાનીએ કંઈ પણ સંકલેશ ન કરવો, પરંતુ આ રીતે વિચાર કરવો - જો મેં એનું ધન-હરી લીધું હોય, જમીન-જગ્યા પડાવી લીધી હોય, આજીવિકા બગાડી હોય, ચાડી ખાધી હોય તેના દોષ કહીને અપરાધ કર્યો હોય તો મારે પશ્ચાત્તાપ કરવો યોગ્ય છે; જો મેં એનો અપરાધ ન કર્યો હોય તો મારે કંઈ પણ ચિંતા કરવી નહિ.

આ દુર્વચન કહે છે તે નામને કહે છે તથા કુળને કહે છે, **પરંતુ નામ મારૂં સ્વરૂપ નથી, જાતિ કુળાદિ મારૂં સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું.** જેમને આ કહે

છે તે હું નથી, જે હું છું તેના સુધી દુર્વચન પહોંચતા જ નથી. માટે મારે ક્ષમા કરવી જ શ્રેષ્ઠ છે. આ જે દુર્વચન કહે છે તે મુખ એનું, અભિપ્રાય એનો, જીભ, દાંત, હોઠ એના, ભાષારૂપ પુદ્ગલ શબ્દ એના ભાવોના નિમિત્તથી ઉત્પન્ન થયા, જેમને સાંભળીને જો હું વિકારી થાઉં તો એ મારી મોટી અજ્ઞાનતા છે.

જે ઈર્ષાવાન દુષ્ટ પુરૂષ મને ગાળ આપે છે, (તે) જો સ્વભાવથી જોઈએ તો ગાળ કોઈ વસ્તુ જ નથી. મને ક્યાંય પણ ગાળ લાગેલી દેખાતી નથી. માટે અવસ્તુમાં લેવા-દેવાનો વ્યવહાર જ્ઞાની થઈ કેમ સ્વીકાર કરે ?

જે મને ચોર, અન્યાયી, કપટી, અધર્મી ઈત્યાદિ કહે છે, **ત્યારે જ્ઞાની આ રીતે વિચાર કરે છે -** હે આત્મા ! તું અનેક વાર ચોર થયો, અનેક જન્મોમાં વ્યભિચારી, જુગારી, અભક્ષ્યભક્ષી, ભીલ, ચાંડાળ, ચમાર, ગોલા, વાંદરો, શૂકર, ગધેડો ઈત્યાદિ તિર્યંચ તથા અધર્મી, પાપી, કૃતઘ્ની થઈ થઈને આવ્યો છે તથા સંસારમાં ભ્રમણ કરતાં અનેક વાર થશે. હવે જો કોઈ તને કૂકર, શુકર, ચોર, ચાંડાળ કહે છે, તો તેને સાંભળીને તારૂં દુ:ખી થવું મહા અનર્થ છે. **એ દુષ્ટજન જે દુર્વચન કહે છે તે એમનો અપરાધ નથી, તારા પૂર્વ જન્મોમાં બાંધેલાં કર્મોનો ઉદય છે;** આના દ્વારા દુર્વચન કહેવાથી તારા તે કર્મોની નિર્જરા થાય છે; તે તને ઘણો લાભ જ છે. એમનો આ પણ ઉપકાર છે કે - એ દુર્વચન કહેવાવાળા તારા માટે દુર્વચન કહીને પોતાના પુણ્યના સમૂહનો તો નાશ કરે છે તથા તારા પાપોને દૂર કરીને તેમની નિર્જરા કરે છે. એવા ઉપકારી પર જો તું ક્રોધ કરે છે તો તારા સમાન અધમ કોઈ નથી.

**એણે મને દુર્વચન તો કહ્યા છે, માર્યો પીટ્યો તો નથી.** ક્રોધી તો મારવા પણ લાગી જાય છે, પોતાના પુત્ર, પુત્રી, સ્ત્રી, બાળકને પણ મારે છે, પરંતુ એણે મને માર્યો તો નથી એ જ લાભ છે. જો દુષ્ટ તમને મારે તો **એવો વિચાર કરવો જોઈએ -** એણે મને માર્યો જ છે, પ્રાણ રહિત તો કર્યો નથી. દુષ્ટ તો પોતાનું મરણ પણ ન ગણીને અન્યને મારી નાખે છે, પરંતુ એણે મને પ્રાણ રહિત તો

કર્યો નથી, એ જ લાભ છે. જો પ્રાણ રહિત કરી દે તો એવો વિચાર કરવો જોઈએ – એકવાર તો મરવાનું જ હતું, સારૂં જ થયું, કર્મનું ઋણ ચૂકાવ્યું. હું અહીં જ કર્મના ઋણથી મુક્ત થયો, મારો ધર્મ તો નષ્ટ થયો નથી, એ જ લાભ છે. જીવન તો ધર્મથી જ સફળ છે. આ દ્રવ્ય પ્રાણ તો પુદ્‌ગલમય છે. મારા જ્ઞાન, દર્શન, ક્ષમાદિ ધર્મ એ ભાવ પ્રાણ છે, એમનો ઘાત મેં ક્રોધ કરીને ન કર્યો, એના સમાન લાભ મને બીજો કોઈ પણ નથી.

જે કલ્યાણરૂપ કાર્ય છે તેમાં અનેક વિઘ્ન આવે જ છે. મને પણ વિઘ્ન આવ્યું તે ઠીક જ થયું. હું તો હવે સામ્યભાવનું શરણ લઉ છું. જો ઉપદ્રવ આવ્યેથી હું ક્ષમા છોડી ક્રોધથી વિકારરૂપ થઈ જઈશ તો મને જોઈ અન્ય મંદ જ્ઞાની તથા કાયર ત્યાગી તપસ્વી ધર્મથી શિથિલ થઈ જશે, ત્યારે મારો જન્મ કેવળ બીજાઓને દુઃખી કરવા માટે જ થયો કહેવાય. જો હું વીતરાગ ધર્મ ધારણ કરીને પણ ક્રોધી, વિકારી, દુર્વચની થઈ જાઉ તો મને જોઈ અન્ય પણ ક્રોધી થવા લાગશે, ત્યારે ધર્મની મર્યાદા ભંગ કરી પાપની પરિપાટી ચલાવવાવાળો હું જ મુખ્ય થઈ ગયો. માટે પ્રાણ જાય તો પણ, ધન તથા અભિમાન નષ્ટ થઈ જાય તો પણ મારે ક્ષમા ગુણ છોડવો યોગ્ય નથી.

પૂર્વ ભવમાં મેં અશુભ કર્મ બાંધ્યાં છે, તેમનું ફળ હું જ ભોગવીશ. આ અન્ય જન તો નિમિત્ત માત્ર છે. જો એમના નિમિત્તથી પાપ કર્મ ઉદયમાં ન આવત તો કોઈ બીજા નિમિત્તથી આવત. **ઉદયમાં આવેલું કર્મ તો ફળ આપ્યા વિના ટળતું નથી.** આ લૌકિક અજ્ઞાની મારા ઉપર ક્રોધી થઈ દુર્વચન આદિ દ્વારા ઉપદ્રવ કરે છે, જો હું પણ દુર્વચનાદિ દ્વારા એમને જવાબ આપું તો, હું તત્ત્વજ્ઞાની અને એ અજ્ઞાની બંને સરખા જ થયા, મારૂં તત્ત્વજ્ઞાનીપણું નિરર્થક થયું. ન્યાયમાર્ગથી જુઓ, તો ઉદયમાં આવેલું મારૂં પાપકર્મ, તેની નિર્જરા થવાથી, કયો વિવેકી પોતાના આત્માને-ક્રોધાદિને વશીભૂત કરે ?

હે **આત્મા !** પૂર્વ ભવોમાં બાંધેલા અસાતા કર્મોનો હવે ઉદય આવ્યો છે, તેને ઈલાજ રહિત, ન રોકી શકાય તેવો જાણી સમભાવોથી સહન કર. જો દુઃખી થઈ ભોગવીશ તો અસાતાને તો ભોગવીશ જ પણ નવા અને ઘણા અસાતા કર્મોનો બંધ પણ કરીશ. માટે થવાવાળા દુઃખને નિશંક થઈ સમભાવોથી જ સહન કર. આ દુષ્ટજન તો ઘણા છે, તે પોતાની શક્તિથી મારામાં ક્રોધરૂપ અગ્નિને પ્રજ્વલિત કરાવી, મારી સમભાવરૂપ સંપત્તિને જલાવી દેવા માગે છે. હવે અહીં જો હું અસાવધાન થઈ ક્ષમાને છોડી ક્રોધી થઈ જઈશ તો અવશ્યપણે પોતાનો સામ્યભાવ નષ્ટ કરી, પોતાનો ધર્મ તથા યશને નાશ કરવાવાળો થઈ જઈશ. માટે દુષ્ટોનો સંગ થયેથી સાવધાન રહેવું જ ઉચિત છે.

જ્ઞાની મનુષ્ય તો અસહ્ય દુઃખ ઉપજે તો પણ પોતાના પૂર્વ કર્મનો નાશ થવો જાણી આનંદ જ પામે છે. જો દુર્વચનરૂપી કાંટાઓથી પીડીત કરાયેલો હું ક્ષમા છોડી દઉં તો ક્રોધી અને હું બંને સરખા જ થયા. વેરી જો અનેક પ્રકારના દુર્વચન, પીડન, મારણ દ્વારા મારો ઈલાજ ન કરત તો હું મારાં જુનાં સંચિત અશુભ કર્મોથી કેવી રીતે છૂટત માટે વેરીએ તો મારા ઉપર ઉપકાર જ કર્યો છે કે મને અશુભ કર્મોથી છોડાવી દીધો છે.

મેં વિવેકી થઈ જિનાગમના પ્રસાદથી જે સામ્યભાવનો અભ્યાસ કર્યો છે એની પરીક્ષા લેવા માટે આ વેરી પરીક્ષારૂપે પ્રગટ થયો છે, અહીં જ મારા ભાવોની પરીક્ષા થઈ ગઈ. પરીક્ષા લેવા માટે જ આ કર્મ ઉદયમાં આવ્યાં છે. જો હું સમભાવની મર્યાદા તોડીને વેરીઓ ઉપર ક્રોધ કરીશ, તો હું જ્ઞાન નેત્રનો ધારી થઈને પણ સમભાવને પ્રાપ્ત ન કરતાં ક્રોધરૂપ અગ્નિમાં બળીને ભસ્મ થઈ જઈશ. હું વીતરાગના માર્ગ ઉપર ચાલવાવાળો, સંસારની સ્થિતિ છેદવાના ઉદ્યમ કરવાવાળો (ને) જો મારૂં જ ચિત્ત ક્રોધરૂપ થઈ જાય તો સંસારના માર્ગમાં પ્રવર્તન કરવાવાળા અન્ય મિથ્યાદષ્ટિઓ સમાન જ હું રહ્યો.

જે દુષ્ટ અજ્ઞાનીઓને ન્યાયરૂપ ધર્મનો માર્ગ બતાવે, સમજાવે, ક્ષમા ગ્રહણ કરાવે, પરંતુ તે ન સમજે, ક્ષમા ગ્રહણ ન કરે તો જ્ઞાનીજન તેમના ઉપર ક્રોધ કરતા નથી. જેમ - ઝેર દૂર કરવાવાળો વૈદ્ય કોઈનું ઝેર દૂર કરવા માટે અનેક ઔષધિ આદિ આપી ઝેર દૂર કરવા માગે છે, **પરંતુ જો રોગીનું ઝેર દૂર ન થાય તો વૈદ્ય સ્વયં ઝેર ખાઈ લેતો નથી -** કે આનું વિષ દૂર ન થયું તો હું જ વિષ ખાઈને મરી જાઉં, એવો ન્યાય પણ નથી. તે જ રીતે જ્ઞાનીજન પણ પહેલાં દુષ્ટોની દુષ્ટતાની જાત ઓળખે છે કે - આ દુષ્ટતા છોડશે કે નહી છોડે કે અધિક દુષ્ટતા ધારણ કરશે. એવો વિચાર કરી જેને વિપરીત પરિણમતો જુએ એને તો ઉપદેશ જ ન આપવો, જે કંઈક સમજવા લાયક યોગ્યતાવાળો દેખાય એને ન્યાયનાં વચન હિતમિત રૂપે કહેવાં જો દુષ્ટતા ન છોડે તો પોતે ક્રોધીત થવું નહિ.

જો એ મને દુર્વચનાદિ ઉપદ્રવ દ્વારા ભયભીત ન કરત તો હું પ્રશમ ભાવ દ્વારા ધર્મનું શરણ કેવી રીતે ગ્રહણ કરત ? જે મને પીડા આપવાવાળો છે, તેણે મને પાપથી ભયભીત કરાવી ધર્મથી સંબંધ કરાવ્યો છે, **આ રીતે પીડા દેવાવાળાએ મારૂં પ્રમાદીપણું છોડાવી મારા પર મોટો ઉપકાર જ કર્યો છે.**

જગતમાં કેટલાક ઉપકારી તો એવા છે જે બીજાઓને સુખી કરવા માટે પોતાનું શરીર છોડી દે છે, ધન છોડી દે છે, તો દુર્વચન બંધનાદિ સહેવામાં મારૂં શું ચાલી જવાનું છે ? મને દુર્વચન કહેવાથી જ જો બીજાને સુખ ઉપજે છે તો મને શું નુકશાન છે ? મને પીડા આપવાવાળા ઉપર જો હું ક્રોધ નહિ કરૂં તો વેરીના પુણ્યનો નાશ થઈ જશે તથા મારા આત્માના હિતની સિદ્ધિ થશે. જો પીડા આપવાવાળા ઉપર હું ક્રોધ કરીશ તો મારા પુણ્યનો નાશ થઈ જશે, હિતનો નાશ થઈ જશે તથા દુર્ગતિ થશે. પ્રાણોનો નાશ થાય તો પણ **દુષ્ટોના પ્રતિ ક્ષમા કરવી જ એક હિત છે** એવું સત્પુરૂષો કહે છે. માટે આત્મકલ્યાણની સિદ્ધિ માટે મારે ક્ષમા જ ધારણ કરવી જોઈએ.

દુષ્ટો દ્વારા દુર્વચનાદિથી પીડા આપવાથી મારામાં જે ક્ષમા પ્રગટી છે, તે મારા પુણ્યના ઉદયથી એવી પરીક્ષા ભૂમિ પ્રગટ થઈ છે જ્યાં મેં આટલા સમયથી વીતરાગનો

ધર્મ ધારણ કર્યો છે, તો હવે ક્રોધાદિના નિમિત્તથી સામ્યભાવ થયો કે નથી થયો - એમ પરીક્ષા કરવી જોઈએ. એ સામ્યભાવ જ પ્રશંસનીય છે, તે જ કલ્યાણનું કારણ છે, જે મારવાના ઈચ્છુક નિર્દયી દ્વારા મલિન ન કરી શકાય.

**ઘણા સમયનો શાસ્ત્રનો અભ્યાસ કરીને કે સામ્યભાવ કરીને શું સાધ્ય છે કે જે પ્રયોજનના સમયે તે વ્યર્થ થઈ જાય ?** તે જ ધૈર્ય પ્રસંશનીય છે જે દુષ્ટોના કુવચનાદિ થવા છતાં ન છૂટે, દઢ બન્યું રહે. **ઉપદ્રવ આવ્યા વિના તો બધા લોકો સત્ય, શૌચ, ક્ષમાના ધારક બની જ રહે છે.** જેમ ચંદનના વૃક્ષને કુહાડી કાપે તો ચંદનનું વૃક્ષ કુહાડીના મુખને સુગંધિત જ કરે છે તે જ રીતે **જેની જેવી પ્રવૃત્તિ હોય છે તેને તેવી જ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.**

અન્યના દ્વારા કરેલા ઉપસર્ગથી તથા સ્વયમેવ આવેલા ઉપસર્ગથી જેનું ચિત્ત કલુષિત થતું નથી તે અવિનાશી સંપદાને પ્રાપ્ત થાય છે. અજ્ઞાની પોતાના ભાવો દ્વારા પૂર્વમાં કરેલા પાપ કર્મો પર તો ક્રોધ કરતો નથી, પરંતુ કર્મનું ફળ આપવાવાળા જે બાહ્ય નિમિત્ત છે તેમના ઉપર ક્રોધ કરે છે. જે કર્મનો નાશ થવાથી મારા સંસારનો સંતાપ નષ્ટ થઈ જાય તે કર્મ જો સ્વયમેવ ભોગવવામાં આવી જાય અને નષ્ટ થઈ જાય તો મને વાંછિત સુખની સિદ્ધિ થઈ ગઈ.

આ સંસારરૂપી વનમાં અનંત સંકલેશ ભરેલા છે. એમાં રહેવાવાળાઓએ અનેક પ્રકારનાં દુઃખ શું સહેવા યોગ્ય નથી ? **સંસારમાં તો દુઃખ જ છે.** જો આ સંસારમાં સમ્યગ્જ્ઞાન વિવેકથી રહિત જિન સિદ્ધાંતોથી દ્વેષ કરવાવાળા, મહા નિર્દયી, પરલોકના હિતનો વિચાર કરવાની જેમની પાસે બુદ્ધિ નથી, ક્રોધરૂપી અગ્નિથી પ્રજ્વલિત, દુષ્ટતા સહિત, વિષયોની લોલુપતાથી આંધળા, હઠીલા, મહા અભિમાની, કૃતઘ્ની એવા ઘણા દુષ્ટ જન (દુર્જન) ન હોત, તો ઉજ્જવળ બુદ્ધિના ધારક સત્પુરૂષ વ્રત-તપશ્ચરણ કરી મોક્ષ માટે ઉદ્યમ કેવી રીતે કરત ? **એવા ક્રોધી, દુર્વચન બોલવાવાળા, હઠીલા, અન્યાય માર્ગીઓની અધિકતા જોઈને જ સત્પુરૂષ વીતરાગી થયા છે.**

મેં મહાન પુણ્યના પ્રભાવથી પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કર્યું તથા સર્વજ્ઞ દ્વારા ઉપદેશિત પદાર્થોનું પણ નિર્ણયરૂપ જ્ઞાન કર્યું, સંસારના પરિભ્રમણના દુઃખોથી ભયભીત

થઈ વીતરાગના માર્ગમાં પણ પ્રવર્તન કર્યું; હવે જો હું ક્રોધનો વશ થઈશ તો મારૂં જ્ઞાન ચારિત્ર બધું નિષ્ફળ જશે, તથા ધર્મનો અપયશ કરાવવાવાળો થઈ દુર્ગતિને પાત્ર થઈશ.

**આચાર્ય પદ્મનંદિએ તો વિશેષ રીતે કહ્યું છે -** મૂર્ખાઓ દ્વારા બાધા, પીડા, ક્રોધના વચન, હાસ્ય, અપમાનાદિ થવા છતાં પણ જે ઉત્તમ પુરૂષોનું મન વિકારને પ્રાપ્ત થતું નથી (મન વિકાર કરતુ નથી) તેને ઉત્તમ ક્ષમા કહે છે. તે ક્ષમા મોક્ષમાર્ગમાં પ્રવર્તતા પુરૂષની પરમ સહાયક થાય છે. વિવેકી એવું ચિંતવન કરે છે - **અમે તો રાગ-દ્વેષાદિ મળ રહિત ઉજ્જ્વળ મનથી બેઠા છીએ, બીજા લોકો અમને બૂરા કહો યા ભલા કહો, અમને તેનાથી શું પ્રયોજન છે ? વીતરાગ ધર્મના ધારકોએ તો પોતાના આત્માનું શુદ્ધપણું સાધવા યોગ્ય છે.**

જો આપણાં પરિણામ દોષ સહિત હોય, અને કોઈ હિતેચ્છુ આપણને ભલો કહે તો આપણે ભલા તો થઈ જતા નથી. જો આપણાં પરિણામ દોષ રહિત હોય, અને કોઈ વેર બુદ્ધિથી આપણને બૂરો કહે તો આપણે બૂરા થઈ જતા નથી. **ફળ તો આપણા જેવા હાવભાવ, પરિણામ, આચરણ હશે તેવું મળશે.** જેમ કોઈએ કાચને રત્ન કહ્યું તથા રત્નને કાચ કહ્યો, તો પણ કિંમત તો રત્નની જ મળશે, કાચના ટુકડાનું વધારે ધન કોણ આપશે ?

**દુષ્ટ જન (દુર્જન)નો સ્વભાવ તો પરના દોષ કહેવાનો છે;** પરમાં બિલકુલ દોષ ન પણ હોય, તો પણ પરના દોષ કહ્યા વિના એને સુખ મળતુ નથી. મારે દુષ્ટ જનો (દુર્જનો), મારામાં જે દોષ છે જ નહિ, તે લોકોના ઘરે ઘરે જઈ બધા મનુષ્યોને કહીને સુખી થાઓ; જે ધન ઈચ્છતા હોય તે મારૂં સર્વસ્વ લઈ સુખી થઈ જાઓ, જે વેરી મારા પ્રાણ હરવા માગતા હોય તે સત્વરે મારા પ્રાણ હરી લે; જે મારૂં સ્થાન ઈચ્છતા હોય તે સ્થાન પડાવી લે; હું તો મધ્યસ્થ છું, રાગ-દ્વેષ રહિત છું. સર્વે સંસારના પ્રાણીઓ મારા નિમિત્તથી તો સુખરૂપ રહો. મારા નિમિત્તથી કોઈ જીવને કોઈ પ્રકારનું દુઃખ ન થાઓ. હું આ ઘોષણા કરૂં છું - **મારૂં જીવન તો આયુ કર્મને આધીન**

**છે, ધન તથા સ્થાનનું ચાલી જવું (કે) બન્યા રહેવું પાપ-પુણ્યને આધીન છે; મારો કોઈ અન્ય જીવથી વેર વિરોધ નથી, બધા પ્રત્યે ક્ષમા છે.**

**હે આત્મા !** મિથ્યાદષ્ટિ, દુષ્ટતા સહિત, હિત-અહિતના વિવેક રહિત, મૂઢ મનુષ્યો દ્વારા કરાયેલા દુર્વચનાદિ ઉપદ્રવોથી અસ્થિર ચિત્ત થઈ, બાધા માની કેમ દુઃખી થાય છે ? શું તું ત્રણ લોકના ચૂડામણિ ભગવાન વીતરાગને જાણતો નથી? શું તે વીતરાગ ધર્મની ઉપાસના કરી નથી? જગતના લોકો તો મૂર્ખ છે, શું તું એવું જાણતો નથી ? મોહી**, મિથ્યાદષ્ટિ, મૂઢોનું જ્ઞાન તો વિપરીત જ હોય છે; તે બધા તો કર્મોને વશ છે, માટે તેમના પ્રત્યે ક્ષમા ધારણ કરવી જ યોગ્ય છે.**

ક્ષમા જ આ લોકમાં પરમ શરણ છે, માતાની જેમ રક્ષણ કરવાવાળી છે. વધારે શું કહીએ? જૈનધર્મનું મૂળ ક્ષમા છે, એના જ આધારે સકળ ગુણ છે, કર્મોની નિર્જરાનું કારણ છે, હજારો ઉપદ્રવ દૂર કરવાવાળી છે. મારે ધન યા જીવન જતું રહે (તો) પણ ક્ષમા છોડવા યોગ્ય નથી.

કોઈ દુષ્ટતાથી તમને પ્રાણ રહિત કરતો હોય તે સમયે પણ કડવા વચન ન કહો. મારવાવાળાથી પણ અંતરંગ વેર છોડી એમ કહો - તમે તો અમારા રક્ષક જ છો, પણ અમારૂં મોત જ આવી ગયું છે, તેમાં આપ શું કરી શકો ? અમારા પાપ કર્મનો ઉદય આવી ગયો છે. તો પણ અમારૂં મહાભાગ્ય છે કે આપ જેવા મહાપુરૂષોના હાથ આદિથી અમારૂં મરણ થઈ રહ્યું છે. જો અમારા જેવા અપરાધીને આપ દંડ નહી આપો તો ન્યાયનો માર્ગ બદનામ થઈ જશે. અમે અમારા અપરાધનું ફળ આગળ નરક તિર્યંચ ગતિમાં ભોગવત, પણ આપે અમને અહિંયા જ કર્મના ઋણથી મુકત કરી દીધા. હું તમારાથી મન-વચન-કાયાથી વેર વિરોધ છોડી ક્ષમા માગું છું. તમે પણ મને અપરાધનો દંડ આપી ક્ષમા ધારણ કરો - હું ક્ષમા કરૂં છું. હું રોગાદિ કષ્ટોને ભોગવી અત્યંત દુઃખથી મરણ પામત, પરંતુ હવે ધર્મનું શરણ લઈ, કર્મના ઋણથી રહિત થઈ આપ જેવા સજ્જનની કૃપા સહિત મરણ કરીશ. આ રીતે મારવાવાળાથી પણ વેર છોડી સમભાવ ધારણ કરવો તે ઉત્તમ ક્ષમા છે. આ રીતે ઉત્તમ ક્ષમા ધર્મ કહ્યો.

## (૨) ઉત્તમ માર્દવ ધર્મ

હવે ઉત્તમ માર્દવ ગુણનું સ્વરૂપ કહે છે. માર્દવનું સ્વરૂપ આ રીતે છે - માન કષાયથી આત્મામાં જે કઠોરતા થાય છે, તે કઠોરતાનો અભાવ થવાથી જે કોમળતા થાય છે તે માર્દવ નામનો આત્માનો ગુણ છે. **આત્મા અને માન કષાયના ભેદનો અનુભવ કરી માનને છોડવું તેનું નામ માર્દવ ગુણ છે.** માન કષાય તો સંસાર વધારવાવાળો છે, પરંતુ માર્દવ સંસાર પરિભ્રમણનો નાશ કરવાવાળો છે. આ માર્દવ ગુણ દયા ધર્મનું કારણ છે.

અભિમાનીને દયા ધર્મનો મૂળથી જ અભાવ છે એમ જાણવું. કઠોર પરિણામી તો નિર્દયી હોય છે. માર્દવ ગુણ સર્વેનું હિત કરવાવાળો છે. જેમને માર્દવ ગુણ છે તેમનાં જ વ્રત પાળવાં, સંયમ ધારણ કરવો, જ્ઞાનનો અભ્યાસ કરવો સફળ છે, અભિમાનીનું બધું નિષ્ફળ છે. માર્દવ નામનો ગુણ માન કષાયનો નાશ કરવાવાળો છે તથા પાંચ ઈન્દ્રિયો તથા મનને દંડ દેવાવાળો છે. માર્દવ ધર્મના પ્રસાદથી ચિત્તરૂપી ભૂમિમાં કરૂણારૂપી નવી વેલ ફેલાય છે. માર્દવ દ્વારા જ જિનેન્દ્ર ભગવાનમાં તથા શાસ્ત્રોમાં ભક્તિનો પ્રકાશ થાય છે. મદવાળાને જિનેન્દ્રના ગુણોમાં અનુરાગ થતો નથી. માર્દવ ગુણથી કુમતિજ્ઞાનના પ્રસારનો નાશ થાય છે, કુમતિ ફેલાતી નથી. અભિમાનીને અનેક પ્રકારની કુબુદ્ધિઓ ઉપજે છે. માર્દવ ગુણથી ઘણો વિનય પ્રગટે છે. માર્દવથી ઘણા જુના સમયનો વેરી પણ વેર છોડી દે છે. માન ઘટવાથી પરિણામોમાં ઉજ્જ્વળતા થાય છે.

કોમળ પરિણામો દ્વારા બંને લોકોની સિદ્ધિ થાય છે - કોમળ પરિણામીનો આ લોકમાં સુયશ થાય છે, પરલોકમાં દેવગતિની પ્રાપ્તિ થાય છે. કોમળ પરિણામોથી જ અંતરંગ-બહિરંગ તપ શોભે છે. અભિમાનીનું તપ પણ નિંદા યોગ્ય છે. કોમળ પરિણામીથી ત્રણે લોકના જીવોનું મન પ્રસન્ન રહે છે. માર્દવ દ્વારા જ પોતાના તથા પરના સ્વરૂપનો અનુભવ કરે છે. કઠોર પરિણામીને સ્વ-પરનો વિવેક હોતો નથી. માર્દવ દ્વારા જ સમસ્ત દોષોનો નાશ થાય છે. માર્દવ પરિણામ સંસાર સમુદ્રથી પાર ઉતારે છે. માટે માર્દવ પરિણામને સમ્યગ્દર્શનનું અંગ જાણી નિર્મળ માર્દવ ધર્મનું સ્તવન કરો.

સંસારી જીવોને અનાદિકાળથી મિથ્યાદર્શનનો ઉદય થઈ રહ્યો છે. તેના ઉદયથી

પર્યાય બુદ્ધિ થયો થકો જાતિને, કુળને, વિદ્યાને, ઐશ્વર્યને, તપને, રૂપને, ધનને, શરીરને, બળને પોતાનું સ્વરૂપ માની તેમાં ગર્વરૂપ થઈ રહ્યો છે. તેને એ જ્ઞાન નથી (ખબર નથી) કે એ જાતિ કુળાદિ બધા કર્મના ઉદયને આધીન પુદ્‌ગલના વિકાર છે, વિનાશીક છે. હું અવિનાશી જ્ઞાન સ્વભાવી અમૂર્તિક છું.

મેં અનાદિ કાળથી અનેક જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય આદિ મેળવીને છોડ્યા છે. હવે હું શામાં મારાપણું કરૂં ? સમસ્ત ધન, યૌવન, ઈન્દ્રિયજનિત જ્ઞાન આદિ વિનાશીક છે, ક્ષણભંગુર છે. તેમનો ગર્વ કરવો સંસારમાં પરિભ્રમણનું કારણ છે.

આ સંસારમાં સ્વર્ગલોકનો મહા ઋદ્ધિધારી દેવ મરીને એક સમયમાં એકેન્દ્રિયમાં જઈ ઉપજે છે, તથા કૂકર, સૂકર, ચાંડાળ આદિ પર્યાય ધારણ કરે છે. નવનિધિ અને ચૌદ રત્નોનો ધારક ચક્રવર્તી એક સમયમાં મરી સાતમા નરકનો નારકી થઈ જાય છે. બલભદ્ર, નારાયણનું ઐશ્વર્ય પણ નષ્ટ થઈ ગયું, બીજાની શી વાત કરીએ ? જેમની હજારો દેવ સેવા કરતા હતા તેમનું પુણ્ય ક્ષય થયે કોઈ એક મનુષ્ય પાણી પાવાવાળુ પણ ન રહ્યું, અન્ય પુણ્ય રહિત જીવ કેમ મદોન્મત્ત થઈ રહ્યા છે?

**જેઓ ઉત્તમ જ્ઞાનથી જગતમાં મુખ્ય છે, ઉત્તમ તપશ્ચરણ કરવામાં ઉદ્યમી છે, ઉત્તમ દાની છે તેઓ પણ પોતાના આત્માને ઘણો નાનો માને છે, તેમને માર્દવ ધર્મ હોય છે.**

આ વિનયવાનપણું, મદ રહિતપણું સમસ્ત ધર્મનું મૂળ છે, સમસ્ત સમ્યગ્જ્ઞાનાદિ ગુણોનો આધાર છે. જો સમ્યગ્દર્શનાદિ ગુણોનો લાભ ઈચ્છતા હો, પોતાનો ઉજ્જવળ યશ ઈચ્છતા હો, વેરનો અભાવ ઈચ્છતા હો, તો મદોનો ત્યાગ કરી કોમળપણું ગ્રહણ કરો. મદ નષ્ટ થયા વિના વિનય આદિ ગુણ, વચનમાં મિષ્ટતા, પૂજ્ય પુરૂષોનો સત્કાર, દાન, સન્માન એક પણ ગુણ પ્રાપ્ત થતો નથી.

**અભિમાનીના અપરાધ વિના જ સમસ્ત લોકો વેરી થઈ જાય છે. બધા લોકો અભિમાનીની નિંદા કરે છે, બધા લોકો અભિમાનીનું પતન જોવા ઈચ્છે છે.** સ્વામી પણ અભિમાની સેવકને છોડી દે છે. ગુરૂજન પણ અભિમાનીને વિદ્યા આપવામાં ઉત્સાહ રહિત થઈ જાય છે. અભિમાનીનો પોતાનો નોકર પણ પરાન્મુખ થઈ જાય છે; મિત્ર, ભાઈ, હિતેચ્છુ, પડોશી પણ તેનું પતન ઈચ્છે છે. પિતા, ગુરૂ, ઉપાધ્યાય તો પુત્રને, શિષ્યને વિનયવંત જોઈને જ આનંદિત થઈ જાય છે. અવિનયી

અભિમાની પુત્ર તથા શિષ્ય મહાપુરૂષોના મનને પણ દુઃખી કરે છે. પુત્રનો, શિષ્યનો, સેવકનો તો એ ધર્મ છે કે નવું કાર્ય કરવું હોય તો પિતા, ગુરૂ, સ્વામીને બતાવી ને કરે, આજ્ઞા માગીને કરે, જો આજ્ઞા માગવાનો સમય ન મળે તો સમય જોઈ તુરત જ બતાવી દે. એ જ વિનય છે, એ જ ભક્તિ છે.

**જેમના મસ્તક ઉપર ગુરૂ બિરાજમાન છે તે ધન્ય ભાગ્ય છે.** વિનયવન્ત મદ રહિત જે પુરૂષ છે તે પોતાના બધાં કાર્ય ગુરૂને બતાવી દે છે. તેઓ ધન્ય છે જે આ કળિકાળમાં મદ રહિત કોમળ પરિણામો દ્વારા સમસ્ત લોકમાં પ્રવર્ત્તે છે. ઉત્તમ પુરૂષ બાળકમાં, વૃદ્ધમાં, નિર્ધનમાં, રોગીઓમાં, બુદ્ધિ રહિત મૂર્ખાઓમાં તથા જાતિ કુળાદિ હીન લોકોમાં પણ યથા યોગ્ય પ્રિય વચન, આદર, સત્કાર, સ્થાનદાન આદિ આપવામાં કદી ચૂકતા નથી, પ્રિય વચન જ કહે છે.

ઉત્તમ પુરૂષ ઉદ્ધતાઈ ભરેલાં વસ્ત્ર, આભૂષણ પહેરતા નથી; ઉદ્ધતપણાનું, પરના અપમાનના કારણ લેવડ-દેવડ વિવાહાદિ વ્યવહાર કાર્ય કરતા નથી; ઉદ્ધત થઈ અભિમાનથી ચાલવું, બેસવું, ઝુકવું, બોલવું દૂરથી જ છોડી દે છે, તેમને લોકમાં પૂજ્ય માર્દવ ગુણ હોય છે. ધન પામવું, રૂપ પામવું, જ્ઞાન પામવું, વિદ્યા-કળા-ચતુરાઈ પામવી, ઐશ્વર્ય પામવું, બળ પામવું, જાતિ કુળાદિ ઉત્તમ ગુણ, જગત માન્યતા ઈત્યાદિ પામવાં તેમનાં જ સફળ છે જે ઉદ્ધતા રહિત, અભિમાન રહિત, નમ્રતા સહિત, વિનય સહિત પ્રવર્ત્તે છે. જેઓ પોતાના મનમાં પોતાને બધાથી નાના માનતા થકા કર્મને પરવશ જાણે છે તેઓ ગર્વ કેમ કરી શકે ? કરતા નથી. હે ભવ્ય જનો ! આ માર્દવ અંગને સમ્યગ્દર્શનનું અંગ જાણી ચિત્તમાં ધ્યાન કરો, સ્તવન કરો. આ રીતે માર્દવ ધર્મનું વર્ણન કર્યું.

## (૩) ઉત્તમ આર્જવ ધર્મ

હવે ઉત્તમ આર્જવ ધર્મના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. ધર્મનું શ્રેષ્ઠ લક્ષણ આર્જવ છે. આર્જવનો અર્થ સરળતા છે. **મન-વચન-કાયાની કુટિલતાનો અભાવ તે આર્જવ છે.** આર્જવ ધર્મ પાપનું ખંડન કરવાવાળો છે તથા સુખ ઉત્પન્ન કરવાવાળો છે. માટે કુટિલતા છોડી કર્મનો ક્ષય કરવાવાળો આર્જવ ધર્મ ધારણ કરો. કુટિલતા અશુભ કર્મનો બંધ કરવાવાળી છે, જગતમાં અતિનિંદ્ય છે. આત્માનું હિત

ઈચ્છવાવાળાઓએ આર્જવ ધર્મનું અવલંબન લેવું યોગ્ય છે. જેવો મનમાં વિચાર કરીએ તેવો જ શબ્દો દ્વારા બીજાને કહેવો તથા તેવું જ બાહ્યમાં શરીર દ્વારા પ્રવર્તન કરવું તેને સુખનો સંચય કરવાવાળો આર્જવ ધર્મ કહે છે.

માયાચારરૂપ શલ્ય મનમાંથી કાઢી ઉજ્જ્વળ પવિત્ર આર્જવ ધર્મનો વિચાર કરો. માયાચારીનાં વ્રત, તપ, સંયમ બધું નિરર્થક છે. આર્જવ ધર્મ નિર્વાણના માર્ગનો સહાયક છે. જ્યાં કુટિલ વચન ન બોલાય ત્યાં આર્જવ ધર્મ હોય છે. આ આર્જવ ધર્મ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રનું અખંડ સ્વરૂપ છે તથા અતિન્દ્રિય સુખનો ભંડાર છે. આર્જવ ધર્મના પ્રભાવથી અતિન્દ્રિય અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. સંસારરૂપ સમુદ્રથી તરવા માટે જહાજરૂપ આર્જવ ધર્મ જ છે.

જે સમયે માયાચાર પકડાઈ જાય છે ત્યારે પ્રીતિ ભંગ થઈ જાય છે, જેમ કાંજી નાખવાથી દૂધ ફાટી જાય છે. માયાચારી પોતાનું કપટ ઘણું છુપાવે છે પણ તે પ્રગટ થયા વિના રહેતું નથી. બીજા જીવોની ચાડી ખાવી કે દોષ બતાવવા, તે સ્વયં જ પ્રગટ થઈ જાય છે. માયાચાર કરવો (એ) તો વિશ્વાસઘાત છે, ધર્મ બગાડવો તે છે. માયાચારીના સર્વે હિતેચ્છુ કંઈ કર્યા વિના જ વેરી થઈ જાય છે.

જેઓ વ્રતી હોય, ત્યાગી હોય, તપસ્વી હોય, પણ જેમનું કપટ એક વાર પણ પ્રગટ થઈ જાય તો સૌ તેમને અધર્મી માની કોઈ પણ તેમનો વિશ્વાસ કરતું નથી. કપટીનો તો માતા પણ વિશ્વાસ કરતી નથી. કપટી તો મિત્ર દ્રોહી, સ્વામી દ્રોહી, કૃતઘ્ની છે, તથા આ જિનેન્દ્રનો ધર્મ તો છળ, કપટ રહિત છે. **જેમ વાંકા મ્યાનમાં સીધી તલવાર પ્રવેશી શકતી નથી તેમ કપટથી વક્ર પરિણામીના હૃદયમાં જિનેન્દ્રનો આર્જવરૂપ સરળ ધર્મ પ્રવેશ કરતો નથી.**

કપટીના બંને લોક નાશ પામે છે. જો યશ ઈચ્છો છો, ધર્મ ઈચ્છો છો, પ્રતીતિ (વિશ્વાસ) ઈચ્છો છો તો માયાચારનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો. કપટ રહિતની વેરી પણ પ્રશંસા કરે છે. કપટ રહિત સરળ ચિત્તવાળાએ કદાચ કોઈ અપરાધ પણ કર્યો હોય તો પણ તે દંડ દેવા યોગ્ય નથી. આર્જવ ધર્મનો ધારી તો પરમાત્માનો અનુભવ કરવાનો સંકલ્પ કરે છે, કષાય જીતવાનો, સંતોષ ધારણ કરવાનો સંકલ્પ કરે છે, જગતના છળોનો દૂરથી જ ત્યાગ કરે છે. આત્માને અસહાય ચૈતન્યમાત્ર જાણે છે.

**જે ધન, સંપત્તિ, કુટુંબ આદિ અપનાવે છે તે જ કપટ છળ ઠગાઈ કરે છે.** જે આત્માને સંસાર પરિભ્રમણથી છોડાવી પરદ્રવ્યોથી ભિન્ન અસહાય જાણે છે તે ધન, જીવન માટે કદી કપટ કરતો નથી. માટે જો પોતાના આત્માને પરિભ્રમણથી છોડાવવા ઈચ્છતા હો તો માયાચારનો ત્યાગ કરી આર્જવ ધર્મ ધારણ કરો. આ રીતે આર્જવ ધર્મનું વર્ણન કર્યું.

## (૪) ઉત્તમ સત્ય ધર્મ

હવે ઉત્તમ સત્ય ધર્મના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. જે સત્ય વચન છે તે જ ધર્મ છે. આ સત્ય વચન દયા ધર્મનું મૂળ કારણ છે, અનેક દોષોનું નિવારણ કરવાવાળું છે, આ ભવમાં તથા પરભવમાં સુખ કરવાવાળું છે, બધાને વિશ્વાસ કરવાનું કારણ છે. સઘળા ધર્મોના મધ્યમાં સત્ય વચન મુખ્ય છે. સત્ય છે તે સંસાર સમુદ્રથી પાર ઉતરવામાં જહાજ છે. સમસ્ત વિધાનોમાં સત્ય મહા વિધાન છે. સમસ્ત સુખનું કારણ સત્ય જ છે. સત્યથી જ મનુષ્ય જન્મની શોભા છે. સત્યથી જ સમસ્ત પુણ્ય કર્મ ઉજ્જવળ થાય છે. જેઓ પુણ્યનાં ઉંચા કાર્ય કરે છે. તેમની ઉજ્જવળતા સત્ય વિના થતી નથી. સત્યથી જ સર્વે ગુણોનો સમૂહ મહિમાને પ્રાપ્ત થાય છે.

સત્યના પ્રભાવથી દેવ પણ સેવા કરે છે. સત્ય સહિત જ અણુવ્રત-મહાવ્રત હોય છે. સત્ય વિના સમસ્ત વ્રત સંયમ નાશ પામે છે. સત્યથી બધી આપત્તિઓનો નાશ થાય છે. માટે જે પણ વચન બોલો તે પોતાના તથા પરના હિતરૂપ કહો, પ્રમાણિક કહો, કોઈને દુઃખ ઉપજાવવાવાળા વચન ન કહો. બીજા જીવોને તકલીફ થાય તેવું સત્ય પણ ન કહો. ગર્વ રહિત થઈ કહો. પરમાત્માનું અસ્તિત્વ બતાવતું વચન કહો. નાસ્તિકોનાં વચન, પાપ-પુણ્યનો અભાવ, સ્વર્ગ-નરકનો અભાવ બતાવતાં વચન ન કહો.

**અહીં પરમાગમનો આવો ઉપદેશ જાણવો -** આ જીવ અનંતાનંત કાળ તો નિગોદમાં જ રહ્યો છે. ત્યાં તો વાણીરૂપી વર્ગણા જ ધારણ નથી કરી. પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય એમાં પણ અનંતકાળ રહ્યો, ત્યાં તો જીવ્હા ઈન્દ્રિય જ ન મળી, બોલવાની શક્તિ જ નથી મળી. જ્યારે વિકલ ચતુષ્કમાં ઉપજ્યો, પંચેન્દ્રિય તિર્યંચમાં ઉપજ્યો ત્યાં જીવ્હા ઈન્દ્રિય મળી તો પણ અક્ષરરૂપ શબ્દોનું ઉચ્ચારણ કરવાની શક્તિ ન મળી.

એક મનુષ્યપણામાં જ વચન બોલવાની શક્તિ પ્રગટ થાય છે. એવી દુર્લભ વચન બોલવાની શક્તિ પામી તેને અસત્ય વચન બોલી બગાડવી, તે (મોટો) મહા અનર્થ છે. મનુષ્ય જીવનનો મહિમા તો એક વચન શક્તિથી જ છે. આંખ, કાન, જીભ, નાક તો ઢોર તિર્યંચને પણ હોય છે. ખાવું, પીવું, કામ, ભોગાદિ પુણ્ય-પાપને અનુરૂપ જાનવરોને પણ પ્રાપ્ત થાય છે. આભરણ, વસ્ત્રાદિ કૂકર, વાંદરા, ગધેડા, ઘોડા, ઊંટ, બળદ ઈત્યાદિને પણ મળી જાય છે; પણ વચન કહેવાની શક્તિ, સાંભળવાની શક્તિ, જવાબ આપવાની શક્તિ, ભણવા-ભણાવવાનું કારણ વચન (વાણી) તો મનુષ્ય જન્મમાં જ પ્રાપ્ત થાય છે. જેણે મનુષ્ય જન્મ પામી વાણી બગાડી તેણે સમસ્ત જન્મ બગાડ્યો. મનુષ્ય જન્મમાં પણ લેવું-દેવું, કહેવું-સાંભળવું, ધીરજ-પ્રતીતિ, ધર્મ-કર્મ, પ્રીતિ-વેર ઈત્યાદિ જેટલાં પણ પ્રવૃત્તિરૂપ તથા નિવૃત્તિરૂપ કાર્ય છે તે બધાં વચનને આધીન છે. જેણે વાણીને જ દુષિત કરી તેણે સમસ્ત મનુષ્ય જન્મનો વ્યવહાર બગાડી દુષિત કર્યો. માટે પ્રાણ જાય તો પણ પોતાની વાણીને દુષિત ન કરો.

પરમાગમમાં કહેલા ચાર પ્રકારના અસત્ય વચનનો ત્યાગ કરો.

**કરણાનુયોગનું કથન - (૧)** વિદ્યમાન અર્થનો નિષેધ કરવો તે પ્રથમ અસત્ય વચન છે. જેમકે - કર્મભૂમિના મનુષ્ય તિર્યંચનું અકાળ મૃત્યુ થતું નથી - એવું વચન અસત્ય છે. દેવ, નારકી તથા ભોગભૂમિના મનુષ્ય તથા તિર્યંચનું તો આયુકર્મની સ્થિતિ પૂર્ણ થયે જ મરણ થાય છે, વચ્ચે આયુષ્ય છેદી શકાતુ નથી, જેટલી સ્થિતિ બાંધી હતી તેટલી ભોગવીને જ મરણ કરે છે.

કર્મભૂમિના મનુષ્ય-તિર્યંચોના આયુષ્યનો નાશ ઝેર પીવાથી, પીટવાથી, મારવાથી, છેદવાથી, બંધનાદિની વેદનાથી, રોગની તીવ્ર વેદનાથી, શરીરમાંથી લોહી વહી જવાથી, તથા દુષ્ટ મનુષ્ય, દુષ્ટ તિર્યંચ, ભયંકર દેવો દ્વારા ઉપજાવેલા ભયથી, વજ્રપાતાદિના સ્વચક્ર-પરચક્રાદિના ભયથી, શસ્ત્રના ઘાતથી, પર્વત આદિના પડવાથી, અગ્નિ, પવન, જળ સંકટ વિસંવાદાદિથી ઉત્પન્ન કલેશથી, શ્વાસ-ઉચ્છ્વાસનું ધૂમાડા વિગેરેથી રોકાઈ જવાથી, આહાર-પાન આદિનો નિરોધ થવાથી આયુનો નાશ થાય છે. આયુષ્યની લાંબી દીર્ઘ દેખાવાવાળી સ્થિતિ પણ વિષભક્ષણ, રક્તક્ષય, ભય,

શસ્ત્રઘાત, સંકલેશ, શ્વાસોચ્છ્વાસ નિરોધ, અન્ન-પાનના અભાવ આદિથી તત્કાળ જ નાશ થઈ જાય છે.

**પ્રશ્નઃ–** કેટલાક લોકો કહે છે કે આયુષ્ય પૂરૂ થયા સિવાય મરણ થતું નથી?

**ઉત્તરઃ–** જો બાહ્ય નિમિત્તથી આયુષ્ય છેદાતું ન હોય તો વિષ ભક્ષણ (કરવામાં) કોણ પાછું પડત ? ઝેર ખાવાવાળાને ઔષધિ કેમ આપત ? શસ્ત્રઘાત કરવાવાળાથી ડરીને કેમ ભાગત? સાપ, સિંહ, વાઘ, હાથી, દુષ્ટ મનુષ્ય, દુષ્ટ તિર્યંચોને દૂરથી જ કેમ છોડત ? નદી, સમુદ્ર, કૂવા, વાવડીમાં, અગ્નિની જ્વાળામાં પડવાથી કોણ ડરત ? રોગનો ઈલાજ કેમ કરત ? અધિક કહેવાથી શું ? **જો આયુઘાત થવાનું બહિરંગ કારણ મળી જાય છે તો જેના આયુષ્યનો ઘાત થવાનો જ છે, તેના આયુષ્યનો ઘાત થઈ જ જાય છે, એ નિશ્ચય છે.**

આયુકર્મની જેમ જ અન્ય કર્મ પણ બહિરંગ કારણ મળવાથી ઉદયમાં આવી જ જાય છે. બધા જીવોના પાપકર્મ-પુણ્યકર્મ સત્તામાં વિદ્યમાન છે, બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવાદિ પરિપૂર્ણ સામગ્રી મળવાથી પોતાનો રસ આપે જ છે; જો બાહ્ય નિમિત્ત મળતું નથી તો ઉદયમાં આવતાં નથી, રસ આપ્યા વિના જ નિર્જરી જાય છે.

**કરણાનુયોગનું કથન (૨)** અસદ્ભૂતને (અવિદ્યમાન અર્થને) પ્રગટ કરવો તે બીજું અસત્ય વચન છે. જેમકે - દેવોનું અકાળ મૃત્યુ કહેવું, દેવોને ભોજન ગ્રહણ કરવાવાળા કહેવા, દેવોને માંસભક્ષી કહેવા, માનવ સ્ત્રીને દેવ સાથે કામ સેવન તથા દેવાંગનાને મનુષ્ય સાથે કામ સેવનાદિ કહેવું, તે બીજું અસત્ય વચન છે.

**દ્રવ્યાનુયોગનું કથન (૩)** વસ્તુ સ્વરૂપને અન્ય વિપરીત સ્વરૂપ કહેવું તે ત્રીજું અસત્ય વચન છે.

**ચરણાનુયોગનું કથન - (૪)** ગર્હિત વચન કહેવું તે ચોથું અસત્ય વચન છે. ગર્હિત વચનના ત્રણ ભેદ છે (૧) ગર્હિત (૨) સાવદ્ય, (૩) અપ્રિય.

**(૧) ગર્હિત વચન ત્યાગ :-** પૈશૂન્ય, હાસ્ય, કર્કશ, અસમંજસ, પ્રલપિત ઈત્યાદિ અન્ય બીજાં પણ **આગમ વિરૂદ્ધ** વચન કહેવાં તે **ગર્હિત વચન** છે. બીજાના વિદ્યમાન કે અવિદ્યમાન દોષોને પીઠ પાછળ કહેવા, જે વચનથી બીજાના ધનનો નાશ, આજીવિકાનો નાશ, પ્રાણોનો નાશ થઈ જાય, જગતમાં નિંદ્ય થઈ જાય, અપવાદ થઈ

જાય, એવા વચન કહેવા તે **પૈશૂન્ય** નામનું ગર્હિત વચન છે. **હાસ્ય,** લીલા, ભંડ વચન, સાંભળવાવાળાઓને અશુભ રાગ ઉપજાવે તેવાં વચન કહેવાં તે **હાસ્ય** નામનું ગર્હિત વચન છે. બીજાને કહેવું કે તું ઢાંઢો છે, ગધેડો છે, મૂર્ખ છે, અજ્ઞાની કે મૂઢ છે ઈત્યાદિ વચન **કર્કશ** નામનાં ગર્હિત વચન છે. દેશકાળને અયોગ્ય વચન કહેવાં જેનાથી સ્વયંને તથા બીજાને મહા સંતાપ ઉપજે તે **અસમંજસ** નામનાં ગર્હિત વચન છે. પ્રયોજન રહિત ગમે તેમ બકવાસ કરવો તે **પ્રલપિત** નામનું ગર્હિત વચન છે.

**(૨) સાવદ્ય વચન ત્યાગ:-** જે વચનથી પ્રાણીઓનો ઘાત થઈ જાય, દેશમાં ઉપદ્રવ થઈ જાય, દેશ લૂંટાઈ જાય, દેશના સ્વામીઓમાં મહા વેર થઈ જાય, ગામમાં આગ લાગી જાય, ઘર બળી જાય, વનમાં આગ લાગી જાય, કલહ-વિસંવાદ-યુદ્ધ થવા લાગે, દુઃખથી કોઈ મરી જાય, વેર બાંધી લે, છ કાયના જીવોનો ઘાત પ્રારંભ થઈ જાય, મહા હિંસામાં પ્રવૃત્તિ થવા લાગે તે સાવદ્ય વચન છે; બીજાને ચોર કહેવો, વ્યભિચારી કહેવો તે બધા સાવદ્ય વચન દુર્ગતિનાં કારણ છે, માટે ત્યાગવા યોગ્ય છે.

**(૩) અપ્રિય વચન ત્યાગ :-** ત્યાગવા યોગ્ય અપ્રિય વચન પ્રાણ જાય તો પણ કહેવાં જોઈએ નહિ. અપ્રિય વચનના દસ ભેદ આ રીતે જાણવા - કર્કશા, કટુકા, પરૂષા, નિષ્ઠુરા, પરકોપની મધ્યકૃષા, અભિમાની, અનયંકરી, છેદંકરી, ભૂતવધકરી. આ મહા પાપરૂપ મહા નિંદ્ય દસ ભાષા બોલવાનો સત્યવાદી ત્યાગ કરે છે.

તું મૂર્ખ છે, બળદ છે, ઢોર છે, રે મૂર્ખ, તું શું સમજે ? વિગેરે **કર્કષા** ભાષા છે. તું કુજાતિનો છે, નીચ જાતિનો છે, અધર્મી છે, મહાપાપી છે, તુ સ્પર્શ કરવા યોગ્ય નથી, તારૂં મોઢું જોવાથી ઘણો અનર્થ થાય છે, ઈત્યાદિ ઉદ્વેગ કરવાવાળી **કટુકા** ભાષા છે. તું આચાર ભ્રષ્ટ છે, ભ્રષ્ટાચારી છે, ઈત્યાદિ મર્મ છેદવાવાળી **પરૂષા** ભાષા છે. હું તને મારી નાખીશ, તારૂં નાક કાપીશ, તને ગરમ લોઢું ચાંપીશ, તારૂં મસ્તક કાપી નાખીશ, તને ખાઈ જઈશ ઈત્યાદિ **નિષ્ઠુરા** ભાષા છે. રે નિર્લજ, વર્ણશંકર, તારાં જાતિ કુળ આચારનું ઠેકાણું નથી, તારૂં શું તપ છે, તું કુશીલ છે, તું હસવા લાયક છે, તું મહાનિંદ્ય છે, તું અભક્ષ્ય ભક્ષણ કરવાવાળો છે, તારૂં નામ લેવાથી કુળ લજ્જિત થાય છે ઈત્યાદિ **પરકોપ**ની ભાષા છે.

જે વચન સાંભળવાથી જ હાડકાંની તાકાત નષ્ટ થઈ જાય છે, સામર્થ્ય નષ્ટ થઈ જાય છે તે **મધ્યકૃષા** ભાષા છે. લોકોમાં પોતાના ગુણ પ્રગટ કરવા, બીજાના દોષ

કહેવા, પોતાના કુળ જાતિરૂપ બળ વિજ્ઞાનાદિનું મદ સહિત વચન બોલવું તે **અભિમાન**ની ભાષા છે. શીલનું ખંડન કરવાવાળી તથા વિદ્વેષ કરવાવાળી **અનયંકરી** ભાષા છે વીર્ય, શીલ, ગુણાદિને નિર્મૂળ કરવાવાળી, અસત્ય દોષ પ્રગટ કરવાવાળી, જગતમાં જૂઠો કલંક પ્રગટ કરવાવાળી **છેદંકરી** ભાષા છે. જે વચનથી અશુભ વેદના પ્રગટ થઈ જાય, એવી પ્રાણોનો ઘાત કરવાવાળી **ભૂતવધકરી** ભાષા છે. આ દસ પ્રકારનાં નિંદ્ય અપ્રિય વચન ત્યાગવા યોગ્ય છે.

સ્ત્રીઓના હાવભાવ, વિલાસ, વિભ્રમ, ક્રીડા, વ્યભિચારાદિની કથા, કામને જગાડનારી, બ્રહ્મચર્યનો નાશ કરવાવાળી **સ્ત્રીઓની કથા,** ભોજન-પાનમાં રાગ કરાવવાવાળી **ભોજનની કથા;** રૌદ્રભાવ કરાવવાવાળી **રાજકથા, ચોરોની કથા,** મિથ્યાદષ્ટિ **કુલિંગીઓની કથા; ધન ઉપાર્જન કરવાની કથા,** વેરી દુષ્ટોનો તિરસ્કાર કરવાની કથા તથા **હિંસાને પુષ્ટ કરવાવાળી** વેદ, સ્મૃતિ, પુરાણ આદિ કુશાસ્ત્રોની કથા કહેવા યોગ્ય નથી, સાંભળવા યોગ્ય નથી. પાપના આસ્રવનું કારણ હોવાથી વિકથારૂપ અપ્રિય ભાષા ત્યાગવા યોગ્ય છે.

હે જ્ઞાની જનો ! ચાર પ્રકારની અસત્ય વચનરૂપ નિંદ્ય ભાષા મજાકમાં, ક્રોધમાં, મદથી, છળથી, લોભથી, ભયથી, દ્વેષથી કદી પણ ન બોલો. પોતાના તથા પરના હિતરૂપ વચન જ બોલો. આ જીવને જેવું સુખ હિતરૂપ અર્થ સહિત મિષ્ટ વચન કરે છે, નિરાકુળ કરે છે, આતાપ હરે છે, તેવું સુખકારી આતાપ હરવાવાળો, ચંદ્રમા, ચંદ્રકાંતમણિ, જળ, ચંદન, મોતી આદિ કોઈ પદાર્થ નથી.

જ્યાં આપણા બોલવાથી ધર્મની રક્ષા થતી હોય, પ્રાણીઓ પર ઉપકાર થતો હોય ત્યાં પૂછ્યા વિના જ બોલવું, તથા જ્યાં આપણું કે અન્યનું હિત ન હોય ત્યાં મૌન રાખવું (એ) જ યોગ્ય છે. સત્ય બોલવાથી સમસ્ત વિદ્યા સિદ્ધ થાય છે. જ્યાં વિદ્યા દેવાવાળો સત્યવાદી હોય તથા શીખવાવાળો પણ સત્યવાદી હોય તેને સમસ્ત વિદ્યા સિદ્ધ થાય છે, કર્મની નિર્જરા થાય છે. સત્યના પ્રભાવથી અગ્નિ, જળ, વિષ, સિંહ, સાપ, દુષ્ટ દેવ મનુષ્યાદિ બાધા પહોંચાડી શકતા નથી.

સત્યના પ્રભાવથી દેવતા વશમાં થઈ જાય છે, પ્રીતિ-અપ્રીતિ દઢ થાય છે. સત્યવાદી માતા સમાન વિશ્વસનીય છે, ગુરૂની જેમ પૂજ્ય હોય છે, મિત્ર સમાન પ્રિય હોય છે, ઉજ્જવળ યશને પ્રાપ્ત થાય છે. તપ-સંયમ આદિ બધું સત્ય વચનથી શોભે

છે. જેમ ઝેર ભળી જવાથી મિષ્ટ ભોજનનો નાશ થાય છે, અન્યાયથી ધર્મ તથા યશનો નાશ થાય છે, તે જ રીતે અસત્ય વચનથી અહિંસા આદિ બધા ગુણોનો નાશ થઈ જાય છે.

અસત્ય વચનથી અપ્રતીતિ, અકીર્તિ, અપવાદ, સ્વયંને તથા અન્યને સંકલેશ, અરતિ, કલહ, વેર, ભય, શોક, વધ, બંધન, મરણ, જિવ્હાછેદ, સર્વસ્વ હરણ, જેલમાં પ્રવેશ, દુર્ધ્યાન, અપમૃત્યુ, વ્રત, તપ, શીલ, સંયમનો નાશ, નરકાદિ દુર્ગતિમાં ગમન, ભગવાનની આજ્ઞાનો ભંગ, પરમાગમથી પરાન્મુખતા, ઘોર પાપનો આસ્રવ ઈત્યાદિ હજારો દોષ પ્રગટ થાય છે. એટલા માટે હે જ્ઞાની જન હો ! લોકમાં પ્રિય, હિત, મધુર વચન ઘણાં ભર્યાં પડ્યાં છે, સુંદર શબ્દોની કમી નથી, પછી નિંદ્ય અસત્ય વચન કેમ બોલો છો ?

રે, તું ઈત્યાદિ નીચ પુરૂષો બોલે તેવાં વચન પ્રાણ જાય તો પણ ન બોલો. અધમપણું અને ઉત્તમપણું તો વચનોથી જ જાણવામાં આવે છે. નીચ (લોકો)ના બોલવાનાં નિંદ્ય વચન છોડી પ્રિય, હિત, મધુર, પથ્ય, ધર્મ સહિત વચન કહો. જેઓ બીજાઓને દુઃખ દેવાવાળાં વચન કહે છે તથા જૂઠો આરોપ લગાવે છે તેમની બુદ્ધિ અહીં જ પાપથી ભ્રષ્ટ થઈ જાય છે, જીભ ગળી જાય છે, આંધળા થઈ જાય છે, પગ તૂટી જાય છે, દુર્ધ્યાનથી મરી નરક-તિર્યંચ આદિ કુગતિના પાત્ર થાય છે. સત્યના પ્રભાવથી અહીં ઉજ્જવળ યશ, વચનની સિદ્ધિ, દ્વાદશાંગાદિ શ્રુતનું જ્ઞાન પામી, પછી ઈંદ્રાદિ મહર્દ્ધિક દેવ થઈ, તીર્થંકર આદિ ઉત્તમ પદ પામી નિર્વાણ પામે છે. માટે ઉત્તમ સત્ય ધર્મને જ ધારણ કરો. આ રીતે સત્ય ધર્મનું વર્ણન કર્યું.

## (૫) ઉત્તમ શૌચ ધર્મ

હવે ઉત્તમ શૌચધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. શૌચનો અર્થ પવિત્રતા ઉજ્જવળતા છે. બહિરાત્મા તો દેહની ઉજ્જવળતા, સ્નાનાદિ કરવાને શૌચ કહે છે, પરંતુ દેહ તો સપ્ત ધાતુમય, મળ-મૂત્રથી ભરેલો (હોવાથી) જળથી ધોવાથી શુચિપણાને પ્રાપ્ત થતો નથી. જેમ મળથી બનેલો, મળથી ભરેલો ઘડો પાણીથી ધોવાથી શુદ્ધ થતો નથી, તે જ રીતે શરીર પણ શુદ્ધ ઉજ્જવળ જળ વડે ધોવાથી શુદ્ધ થતું નથી. શરીરને શુદ્ધ માનવું વૃથા છે.

**શૌચ ધર્મ તો આત્માને ઉજ્જવળ કરવાથી થાય છે.** આત્મા લોભથી, હિંસાથી અત્યંત મલિન થઈ રહ્યો છે, માટે આત્મા લોભ-મળનો અભાવ થવાથી શુચિતા થશે. જે પોતાના આત્માને દેહથી ભિન્ન જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમય, અખંડ, અવિનાશી, જન્મ-જરા-મરણ રહિત, ત્રણ લોકવર્તી સમસ્ત પદાર્થોનો પ્રકાશ સદાકાળ અનુભવે છે, ધ્યાવે છે, તેને શૌચ ધર્મ હોય છે. **મનને માયાચાર, લોભાદિથી રહિત ઉજ્જવળ કરવાથી શૌચ ધર્મ થાય છે.** જેનું મન કામ, લોભાદિથી મલિન થઈ રહ્યું છે તેને શૌચ હોય નહિ. મનને માયાચાર, લોભાદિથી રહિત ઉજ્જવળ કરવાથી શૌચ ધર્મ થાય છે. જેનું મન કામ, લોભાદિથી મલિન થઈ રહ્યું છે તેને શૌચ ધર્મ હોતો નથી. ધનની ગૃદ્ધતા તથા અતિ લંપટતાનો ત્યાગ કરવાથી શૌચ ધર્મ થાય છે.

પરિગ્રહની મમતા છોડી, ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરી, તપશ્ચરણના માર્ગે પ્રવર્તન કરવું તે શૌચ ધર્મ છે. બ્રહ્મચર્ય ધારણ કરવું તે શૌચ ધર્મ છે. આઠ મદો રહિત વિનયવાનપણું પણ શૌચ ધર્મ છે. અભિમાની મદ સહિત હોવાથી મહા મલિન છે, તેને શૌચ ધર્મ કેવી રીતે હોય ? **વીતરાગ સર્વજ્ઞના પરમાગમનો અનુભવ કરી અંતરંગ મિથ્યાત્વ કષાયાદિ મળનું ધોવું તે શૌચ ધર્મ છે.**

ઉત્તમ ગુણોની અનુમોદના કરવાથી શૌચ ધર્મ થાય છે. પરિણામોમાં ઉત્તમ પુરૂષોના ગુણોનું ચિંતવન કરવાથી આત્મા ઉજ્જવળ થાય છે. કષાય મળનો અભાવ કરવાથી ઉત્તમ શૌચ ધર્મ થાય છે. આત્માને પાપથી લિપ્ત થવા ન દેવો તે શૌચ ધર્મ છે.

જે સમભાવ-સંતોષભાવરૂપ જળથી તીવ્ર લોભરૂપ મળના પૂંજને ધોવે છે, ભોજનમાં અતિ લંપટતા રહિત છે, તેને નિર્મળ શૌચ ધર્મ હોય છે. ભોજનનો લંપટી અતિ અધમ છે, અખાદ્ય વસ્તુ પણ ખાઈ લે છે, હીનાચારી હોય છે, લાજ રહેતી નથી. સંસારમાં જિવ્હા ઈન્દ્રિય તથા ઉપસ્થ ઈન્દ્રિયને વશીભૂત જીવ પોતાનું સ્વરૂપ ભૂલી, નરક તિર્યંચગતિનાં કારણ મહાનિંદ્ય પરિણામોને પ્રાપ્ત થાય છે.

સંસારમાં પર ધનની ઈચ્છા, પર સ્ત્રીની વાંછા, ભોજનની અતિ લંપટતા જ પરિણામોને મલિન કરવાવાળી છે. તેમની વાંછાથી રહિત થઈ પોતાના આત્માની સંસારમાં પતનથી રક્ષા કરો. **આત્માની મલિનતા તો જીવ હિંસાથી તથા પરધન, પરસ્ત્રીની વાંછાથી છે.** જેઓ પર સ્ત્રી, પર ધનના ઈચ્છુક તથા જીવ ઘાત કરવાવાળા

છે તેઓ કરોડો તીર્થોમાં સ્નાન કરે, સમસ્ત તીર્થોની વંદના કરે, કરોડોનું દાન કરે, કરોડો વર્ષો સુધી તપ કરે, સમસ્ત શાસ્ત્રોનું પઠન-પાઠન કરે તો પણ તેમને શુચિતા કદી થતી નથી.

**અન્યાય, અનીતિ તથા અભક્ષ્ય-ભક્ષણનું ફળ :-** અભક્ષ્ય ભક્ષણ કરવાવાળાઓના તથા અન્યાયના વિષય અને ધન ભોગવવાવાળાઓનાં પરિણામ એટલાં મલિન હોય છે કે કરોડો વારનો ધર્મનો ઉપદેશ તથા સમસ્ત સિદ્ધાંત શાસ્ત્રોનો ઉપદેશ ઘણા વર્ષો સુધી સાંભળવા છતાં પણ કદી હૃદયમાં પ્રવેશતો નથી. પ્રત્યક્ષ જ જોઈએ છીએ - **જેમને પચાસ વર્ષ શાસ્ત્ર સાંભળતાં થઈ ગયાં છે પણ જેમને ધર્મના સ્વરૂપનું જ્ઞાન જ થયું નથી, તે બધું અન્યાયના ધન તથા અભક્ષ્ય ભક્ષણનું ફળ છે.**

એટલા માટે જો તમારા આત્માની પવિત્રતા ઈચ્છતા હો તો અન્યાયનું ધન ગ્રહણ ન કરો, અભક્ષ્ય ભક્ષણ ન કરો, પર સ્ત્રીની વાંછા ન કરો. શૌચ ધર્મ તો પરમાત્માના ધ્યાનથી થાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહના ત્યાગથી શૌચ ધર્મ થાય છે.

જેઓ પાંચ પાપોમાં પ્રવર્તવાવાળા છે તે સદા કાળ મલિન છે. જેઓ પરના ઉપકારનો લોપ કરે છે તે કૃતઘ્ની સદાયે મલિન છે. જેઓ ગુરૂ દ્રોહી, ધર્મ દ્રોહી, સ્વામી દ્રોહી, મિત્ર દ્રોહી, ઉપકારને લોપવાવાળા છે; તેમના પાપનો સંતાનક્રમ, અસંખ્યાત ભવો સુધી કરોડો તીર્થોમાં સ્નાન કરવાથી-દાન કરવાથી દૂર થતો નથી. **વિશ્વાસઘાતી સદાયે મલિન છે.**

માટે ભગવાનના પરમાગમની આજ્ઞા અનુસાર શુદ્ધ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્વારા આત્માને પવિત્ર બનાવો. ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરી ઉત્તમ ક્ષમાદિ ગુણ ધારણ કરી આત્માને ઉજ્જવળ કરો. સમસ્ત વ્યવહાર કપટ રહિત ઉજ્જવળ કરો. પરનો વૈભવ, ઐશ્વર્ય, ઉજ્જવળ યશ, ઉત્તમ વિદ્યા આદિ પ્રભાવ જોઈ ઈર્ષા ભાવરૂપ મલિનતા છોડી શૌચ ધર્મ અંગીકાર કરો. બીજાઓના પુણ્યનો ઉદય જોઈ દુઃખી ન થાઓ. આ મનુષ્ય પર્યાયને તથા ઈન્દ્રિય, જ્ઞાન, બળ, આયુષ્ય, સંપદાદિને અનિત્ય, ક્ષણભંગુર જાણી, એકાગ્ર ચિત્તથી પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ રાખી, અશુભ ભાવોનો અભાવ કરી આત્માને પવિત્ર કરો. શૌચ જ મોક્ષનો માર્ગ છે, શૌચ જ મોક્ષનો દાતા છે. આ રીતે શૌચ ધર્મનું વર્ણન કર્યું.

## (૬) ઉત્તમ સંયમ ધર્મ

હવે ઉત્તમ સંયમ ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. સંયમનું લક્ષણ આ રીતે જાણવું - અહિંસા અર્થાત્ હિંસાનો ત્યાગ કરી દયારૂપ રહેવું, હિત મિત પ્રિય સત્ય વચન બોલવા, પરના ધનમાં વાંછાનો અભાવ કરવો, કુશીલ છોડવું, પરિગ્રહનો ત્યાગ કરવો, એ પાંચ વ્રત છે. પાંચ પાપોનો એકદેશ ત્યાગ કરવો તે **અણુવ્રત** છે, સંપૂર્ણ ત્યાગ કરવો તે **મહાવ્રત** છે. આ પાંચ વ્રતોને દઢ ધારણ કરવા, પાંચ સમિતિ પાળવી. તેમાં ગમનની શુદ્ધતા **ઈર્યા સમિતિ** છે, વચનની શુદ્ધતા **ભાષા સમિતિ** છે, નિર્દોષ શુદ્ધ ભોજન કરવું **એષણા સમિતિ** છે, શરીર તથા ઉપકરણોને આંખોથી જોઈ તપાસી ઉઠાવવાં-રાખવાં તે **આદાન નિક્ષેપણ સમિતિ** છે, મળ, મૂત્ર કફાદિ મળોને એવા સ્થાને ફેંકવા-ત્યાગવા જ્યાં અન્ય જીવોને ગ્લાનિ, દુઃખ, બાધાદિ ન ઉપજે તે **પ્રતિષ્ઠાપન સમિતિ** છે.

આ પાંચ સમિતિઓ પાળવી, ક્રોધ, માન, માયા, લોભ - એ ચાર કષાયોનો નિગ્રહ કરવો, મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિ - એ ત્રણ દંડ છે, એ દંડોનો ત્યાગ કરવો, તથા વિષયોમાં દોડવાવાળી પાંચ ઈન્દ્રિયોને વશ કરવી-જીતવી તે સંયમ છે.

**પાંચ વ્રતોનું ધારણ, પાંચ સમિતિઓનું પાલન, ચાર કષાયોનો નિગ્રહ, ત્રણ દંડોનો ત્યાગ, પાંચ ઈન્દ્રિયોના વિજયને પરમાગમમાં સંયમ કહ્યો છે.** તે સંયમ પ્રાપ્ત કરવો ઘણો દુર્લભ છે. જેમને પૂર્વે બાંધેલા અશુભ કર્મોનો અત્યંત મંદ ઉદય હોવાથી મનુષ્ય જન્મ, ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, ઈન્દ્રિયોની પરિપૂર્ણતા, નિરોગતા, કષાયોની મંદતા, ઉત્તમ સંગતિ, જિનેન્દ્રના આગમનું સેવન, સાચા ગુરૂઓનો સંયોગ, સમ્યગ્દર્શન આદિ અનેક દુર્લભ સામગ્રીનો સંયોગ થયો છે (એવા) સંસાર, દેહ, ભોગોથી અતિ વિરકતતાના ધારી મનુષ્યોને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી દેશ સંયમ થાય છે, તથા અપ્રત્યાખ્યાન ને પ્રત્યાખ્યાન બંને કષાયોના ક્ષયોપશમથી સકળ સંયમ થાય છે. સંયમ પ્રાપ્ત કરવો મહા દુર્લભ છે.

નરકગતિમાં, તિર્યંચગતિમાં, તથા દેવગતિમાં તો સંયમ હોતો જ નથી. કોઈ તિર્યંચને પોતાની પર્યાયની યોગ્યતા અનુસાર ક્યારેક દેશવ્રત હોય છે. મનુષ્ય પર્યાયમાં પણ નીચ કુળાદિમાં, અધમ દેશોમાં, ઈન્દ્રિયોથી પીડિત, અજ્ઞાની, રોગી, દરિદ્રી, અન્યાયમાર્ગી, વિષયાનુરાગી, તીવ્રકષાયી, નિંદ્યકર્મી, મિથ્યાદષ્ટિઓને કદી સંયમ હોતો

નથી. માટે સંયમ પ્રાપ્ત કરવો અતિ દુર્લભ છે. એવા દુર્લભ સંયમને પામીને પણ કોઈ મૂઢબુદ્ધિ જો વિષયોનો લોલુપી થઈ છોડી દે છે, કોઈ રીતે નષ્ટ કરી દે છે તો તે અનંતકાળ સુધી જન્મ મરણ કરતો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે.

જે સંયમને પ્રાપ્ત કર્યા પછી તેને છોડી દે છે, બગાડી નાખે છે, તેને અનંતકાળ સુધી નિગોદમાં પરિભ્રમણ, ત્રસ-સ્થાવરોમાં ભ્રમણ કરવું પડે છે, સુગતિ મળતી નથી. **સંયમ પ્રાપ્ત કરી તેને બગાડવા સમાન મહા અનર્થ બીજો નથી.** વિષયોનો લોભી થઈ જે સંયમને બગાડે છે તે એક કોડીમાં ચિંતામણિ રત્ન વેચવાવાળા તથા બળતણ માટે કલ્પવૃક્ષને કાપવાવાળા સમાન છે.

વિષયોનું સુખ તો સુખ જ નથી, તે તો સુખાભાસ છે, ક્ષણભંગુર છે, નરકોના ઘોર દુઃખોની પ્રાપ્તિનું કારણ છે; કિંપાક ફળની જેમ જીભને સ્પર્શ માત્ર મીઠો લાગે છે પછી ઘોર દુઃખ, મહા દાહ, સંતાપ આપી મરણ કરાવે છે; તે જ રીતે ભોગ પણ કિંચિત્કાળ માત્ર માટે અજ્ઞાની જીવોને ભ્રમથી સુખ જેવા લાગે છે, પછી તો અનંત કાળ સુધી અનંત ભવોમાં ઘોર દુઃખ જ ભોગવવા પડે છે. માટે સંયમની પરમ રક્ષા કરો.

**પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભોગ છોડવાથી સંયમ થાય છે, કષાયોનો નાશ કરવાથી સંયમ થાય છે, દુર્ધર તપ ધારણ કરવાથી સંયમ થાય છે, રસોનો ત્યાગ કરવાથી સંયમ થાય છે, મનના વિકલ્પની જાળ ફેલાતી રોકવાથી સંયમ થાય છે, મનમાં પરિગ્રહની લાલસાનો ત્યાગ કરવાથી સંયમ થાય છે,** મહાન કાય કલેશો સહેવાથી સંયમ થાય છે, ઉપવાસાદિ અનશન તપ કરવાથી સંયમ થાય છે. ત્રસ સ્થાવર જીવોની રક્ષા કરવી એ જ સંયમ છે.

મનના વિકલ્પોને રોકવાથી તથા પ્રમાદથી થવાવાળી વચનોની પ્રવૃત્તિને રોકવાથી સંયમ થાય છે, શરીરના અંગ-ઉપાંગોના પ્રમાદી પ્રવર્તનને રોકવાથી સંયમ થાય છે, ઘણું ગમન રોકવાથી સંયમ થાય છે, દયારૂપ પરિણામો દ્વારા સંયમ થાય છે, પરમાર્થનો વિચાર કરવાથી તથા પરમાત્માનું ધ્યાન કરવાથી સંયમ થાય છે.

**સંયમથી જ સમ્યગ્દર્શન પુષ્ટ થાય છે. સંયમ જ મોક્ષનો માર્ગ છે. સંયમ વિના મનુષ્યભવ શૂન્ય છે, ગુણ રહિત છે. સંયમ વિના જ આ જીવ દુર્ગતિઓમાં**

**ગયો છે.** સંયમ વિના દેહનું ધારણ કરવું, બુદ્ધિનું મળવું, જ્ઞાનની આરાધના કરવી, બધું વ્યર્થ છે. સંયમ વિના દીક્ષા ધારણા, વ્રત ધારણા, મૂંડ મૂડાવવું, નગ્ન રહેવું, વેષ ધારવો- એ બધું વૃથા છે.

**સંયમ બે પ્રકારનો છે -** ઈન્દ્રિય સંયમ તથા પ્રાણ સંયમ. જેની ઈન્દ્રિયો વિષયોથી ન રોકાઈ, છ કાયના જીવોની વિરાધના ન ટળી તેનાં બાહ્ય પરીષહ સહેવા, તપશ્ચરણ કરવા, દીક્ષા લેવી વૃથા છે. સંસારમાં દુઃખી જીવોનું સંયમ વિના કોઈ બીજું શરણ નથી. **જ્ઞાનીજન તો એવી ભાવના ભાવે છે કે - સંયમ વિના અમારા મનુષ્ય ભવની એક ઘડી પણ વ્યતીત ન હો, સંયમ વિના આયુષ્ય નિષ્ફળ છે.** સંયમ જ આ ભવમાં તથા પરભવમાં શરણ છે, દુર્ગતિરૂપ સરોવરને સૂકાવા માટે સૂર્ય સમાન છે. સંયમથી જ સંસારરૂપ વિષમ વેરીનો નાશ થાય છે. સંસાર પરિભ્રમણનો નાશ સંયમ વિના થતો નથી, એવો નિયમ છે. જે અંતરંગમાં આત્માને કષાયોથી મલિન થવા દેતો નથી તથા બાહ્યમાં યત્નાચારી થઈ પ્રમાદ રહિત પ્રવર્તન કરે છે તેને સંયમ હોય છે. આ રીતે સંયમ ધર્મનું વર્ણન કર્યું.

## (૭) ઉત્તમ તપ ધર્મ

હવે ઉત્તમ તપ ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. ઈચ્છાનો નિરોધ કરવો તે તપ છે. તપ ચાર આરાધનાઓમાં પ્રધાન છે. જેમ સોનાને તપાવવાથી - સોળ વાર પૂર્ણ રીતે તાપ આપવાથી તે સમસ્ત મેલ છોડી શુદ્ધ થઈ જાય છે, તે જ રીતે આત્મા પણ બાર પ્રકારના તપોના પ્રભાવથી કર્મમળ રહિત થઈ શુદ્ધ થઈ જાય છે.

અજ્ઞાની મિથ્યાદષ્ટિ તો શરીરને પંચાગ્નિ દ્વારા તપાવવાને, તથા અનેક પ્રકારના કાયકલેશ સહેવાને તપ કહે છે પણ તે તપ નથી. શરીરને જલાવવાથી, સૂકાવીને કૃષ કરવાથી શું થાય છે? **મિથ્યાદષ્ટિ જ્ઞાનપૂર્વક આત્માને કર્મોના બંધનથી છોડાવવાનું જાણતો નથી.** આત્મા કર્મકલંક રહિત તો ભેદ-વિજ્ઞાનપૂર્વક પોતાના આત્માના સ્વભાવને તથા રાગ-દ્વેષ-મોહાદિ ભાવકર્મરૂપ મેલને ભિન્ન ભિન્ન જાણી **જે રીતે રાગ-દ્વેષ-મોહરૂપ મળ ભિન્ન થઈ જાય તથા શુદ્ધ જ્ઞાન-દર્શનમય આત્મા ભિન્ન થઈ જાય, તે તપ છે.**

માટે કહ્યું છે - મનુષ્યભવ પામીને જો સ્વ-પર તત્ત્વનું જ્ઞાન કરવું છે તો

મન અને પાંચેય ઈન્દ્રિયોને રોકીને, વિષયોથી વિરક્ત થઈ, બધા પરિગ્રહોને રોકીને, બંધ કરવાવાળી રાગ-દ્વેષમયી પ્રવૃત્તિ છોડી, પાપના આલંબનથી છૂટવા માટે, મમતા નષ્ટ કરવા માટે વનમાં જઈ તપ કરવું જોઈએ. એવું તપ ધન્ય પુરૂષો દ્વારા જ થાય છે.

**સંસારી જીવને મમતારૂપ મહા ફાંસી છે.** તે મમતારૂપ જાળમાં ફસાયેલો, ઘોર કર્મ કરતો થકો, મહા પાપનો બંધ કરી રોગાદિની તીવ્ર વેદનાથી તથા સ્ત્રી-પુત્રાદિ, સમસ્ત કુટુંબ તથા પરિગ્રહના વિયોગાદિથી ઉત્પન્ન તીવ્ર આર્ત્તધ્યાનથી મરણ કરી દુર્ગતિઓના ઘોર દુઃખો ભોગવે છે.

તપોવન પ્રાપ્ત થવું દુર્લભ છે. તપ તો કોઈ મહા ભાગ્યવાન પુરૂષ પાપોથી વિરક્ત થઈ, સમસ્ત સ્ત્રી-કુટુંબ-પુત્ર-ધનાદિ પરિગ્રહથી મમત્વ છોડી, પરમ ધર્મના ધારક વીતરાગ નિર્ગ્રંથ ગુરૂઓના ચરણોના શરણમાં પામે છે. ગુરૂઓને પામી જેના અશુભ કર્મોનો ઉદય અતિ મંદ થઈ ગયો હોય, સમ્યક્ત્વરૂપ સૂર્યનો ઉદય પ્રગટ થયો હોય, સંસાર-વિષય-ભોગોથી વિરક્તતા ઉપજી હોય તે જ તપ-સંયમ ગ્રહણ કરે છે.

આવું દુર્ધર તપ ધારણ કરીને પણ જો કોઈ પાપી વિષયોની ઈચ્છાથી બગાડે છે, તેને અનંતાનંત કાળ સુધી ફરીથી તપ પ્રાપ્ત થતું નથી. માટે મનુષ્યભવ પામી, તત્ત્વોનું સ્વરૂપ જાણી, મન સહિત પાંચ ઈન્દ્રિયોને રોકી, વૈરાગ્યરૂપ થઈ, સમસ્ત પરિગ્રહ છોડી, વનમાં એકાકી ધ્યાનમાં લીન થઈ બેસવું તે તપ છે.

પરિગ્રહમાં મમતા નષ્ટ થઈ વાંછા રહિત થઈ જવું, તથા પ્રચંડ કામનું ખંડન કરવું તે મોટું તપ છે. નગ્ન દિગંબરરૂપ ધારણ કરી ઠંડીની, ગરમીની, પવનની, વરસાદની, ડાંસ, મચ્છર, માખી, મધમાખી, સાપ, વિંછી ઈત્યાદિથી ઉપજતી ઘોર વેદનાને કોરા-નગ્ન શરીરે સહેવી તે તપ છે. નિર્જન પર્વતોની, નિર્જન ગુફાઓમાં, ભયંકર પર્વતોની ખીણોમાં, તથા સિંહ, વાઘ, રીંછ, શિયાળ, ચિત્તા, હાથીથી ભરેલા ઘોર વનમાં રહેવું તે તપ છે. દુષ્ટ, વેરી, મલેચ્છ, ચોર, શિકારી, મનુષ્ય તથા દુષ્ટ વ્યંતર આદિ દ્વારા કરેલા ઘોર ઉપસર્ગોથી ડરવું નહિ, ધીર-વીરપણાથી કાયરતા છોડી, વેર-વિરોધ છોડી, સમતા ભાવથી પરમાત્માના ધ્યાનમાં લીન થઈ રહેવું તે તપ છે. સમસ્ત જીવોને મૂંઝવતા રાગ-દ્વેષ આદિને જીતવા, નષ્ટ કરવા તે તપ છે.

યાચના રહિત, ભોજનના સમયે, શ્રાવકના ઘરમાં, નવધા ભક્તિપૂર્વક, હાથમાં મૂકેલો નિરસ, કડવો, ખાટો, લૂખો, ચીકણો, રસ-નીરસ, નિર્દોષ, પ્રાસુક આહાર લોલુપતા રહિત, સંકલેશ રહિત, એકવાર લેવો તે તપ છે. પાંચ સમિતિઓનું પાળવું, મન, વચન, કાયાને ચલાયમાન ન કરવાં, રાગ-દ્વેષ રહિત પોતાના આત્માનો અનુભવ કરવો તે તપ છે. સ્વ-પર તત્ત્વની વાતનો નિર્ણય કરવો, ચારેય અનુયોગનો અભ્યાસ કરતાં ધર્મ સહિત કાળ વીતાવવો તે તપ છે. અભિમાન છોડી વિનયરૂપ પ્રવર્તવું, કપટ છોડી સરળ પરિણામ રાખવાં, ક્રોધ છોડી ક્ષમા ધારણ કરવી, લોભ ત્યાગી નિર્વાંછક થવું તે તપ છે. જેનાથી કર્મના સમૂહનો નાશ કરી આત્મા સ્વાધીન થઈ જાય તે તપ છે.

**શ્રુતના અર્થનો પ્રકાશ કરવો, વ્યાખ્યાન કરવું, સ્વયં નિરંતર અભ્યાસ કરવો, બીજાઓને અભ્યાસ કરાવવો તે તપ છે.** તપસ્વીઓનાં સ્તવન-ભક્તિ દેવોનો ઈન્દ્ર પણ કરે છે. તપથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. તપનો અચિંત્ય પ્રભાવ છે. તપ કરવાના પરિણામ થવા અતિ દુર્લભ છે. નારકી, તિર્યંચ, દેવોમાં તપ કરવાની યોગ્યતા જ નથી; એક મનુષ્ય ગતિમાં જ તપ થાય છે. મનુષ્યોમાં પણ ઉત્તમ કુળ, જાતિ, બળ, બુદ્ધિ, ઈન્દ્રિયોની પૂર્ણતા, રાગાદિની મંદતા જેને હોય છે, તથા વિષયોની લાલસા જેની નષ્ટ થઈ જાય છે તેને તપ હોય છે.

**તપ બાર પ્રકારનું છે -** જેની જેવી શક્તિ હોય તે અનુસાર તપ ધારણ કરવું જોઈએ. બાળક કરે, વૃદ્ધ કરે, તરૂણ કરે, ધનવાન કરે, નિર્ધન કરે, બળવાન કરે, નિર્બળ કરે, સહાય સહિત હોય તે કરે, સહાય રહિત હોય તે કરે, ભગવાનનું કહેલું તપ કોઈને પણ કરવું અશક્ય નથી. જે રીતે વાત પિત્ત કફાદિનો પ્રકોપ ન થાય, રોગની વૃદ્ધિ ન થાય, શરીર રત્નત્રયનું સહકારી બની રહે, **એ રીતે પોતાની સહન શક્તિ, બળ, વીર્ય જોઈ તપ કરવું જોઈએ. દેશ, કાળ, આહારની યોગ્યતા જોઈ તપ કરવું જોઈએ.** જેમ તપમાં ઉત્સાહ વધતો રહે, પરિણામોમાં ઉજ્જ્વળતા વધતી જાય તેમ તપ કરવું જોઈએ. ઈચ્છાનો નિરોધ કરી વિષયોમાં રાગ ઘટાડવો તે તપ છે. તપ જ જીવનું કલ્યાણ છે; તપ જ કામને, નિંદ્રાને, પ્રમાદને નષ્ટ કરવાવાળું છે. માટે **મદ છોડી બાર પ્રકારના તપમાં જેવું તપ કરવાની આપણામાં શક્તિ હોય તેવું તપ કરવું જોઈએ.** બાર પ્રકારના તપનું વર્ણન આગળ તપ ભાવનામાં અલગથી લખીશું. આ રીતે ઉત્તમ તપ ધર્મનું વર્ણન કર્યું.

## (૮) ઉત્તમ ત્યાગ ધર્મ

હવે ઉત્તમ ત્યાગ ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. ત્યાગ આ રીતે જાણવો - જેમણે ધન, સંપદા આદિ પરિગ્રહને કર્મના ઉદય જનિત પરાધીન, વિનાશીક, અભિમાન ઉપજાવનાર, તૃષ્ણા વધારનાર, રાગ-દ્વેષની તીવ્રતા કરનાર, આરંભની તીવ્રતા કરનાર, હિંસાદિ પાંચ પાપોનું મૂળ જાણી એને અંગીકાર જ નથી કર્યો તે ઉત્તમ પુરૂષ ધન્ય છે. જેમણે તે અંગીકાર કરી પછી એને હળાહળ વિષ સમાન જાણી જીર્ણ તૃણની જેમ ત્યાગી દીધો તેમનો પણ અચિંત્ય મહિમા છે.

કેટલાક જીવોનો તીવ્ર રાગ ભાવ મંદ થયો નથી એટલે સમસ્ત પરિગ્રહ ત્યાગવા સમર્થ નથી, તેઓ સરાગ ધર્મમાં રુચિ રાખે છે, પાપોથી ભયભીત છે. તેઓ આ ધનને ઉત્તમ પાત્રોના ઉપકાર અર્થે દાનમાં લગાવે છે. જે ધર્મનું સેવન કરવાવાળા ધનવાન છે તેઓ અન્ન વસ્ત્રાદિ દ્વારા નિર્ધન જીવોનો ઉપકાર કરવામાં ધન લગાવે છે; ધર્મનાં આયતન જિનમંદિર આદિ બનાવવામાં, જિન સિદ્ધાંત (શાસ્ત્ર) લખાવી (છપાવી) દેવામાં, ઉપકરણમાં, પૂજનાદિ પ્રભાવનામાં ધન લગાવે છે, દુઃખી-દરિદ્રી-રોગીઓના ઉપકારમાં તન-મનથી કરૂણાવાન થઈ ધન લગાવે છે, તેઓ પોતાનું ધન તથા જીવન સફળ કરે છે.

**દાન છે તે ધર્મનું અંગ છે.** પોતાની શક્તિ પ્રમાણે, ભક્તિપૂર્વક, ગુણોના ધારી ઉજ્જવળ પાત્રોને જે દાન આપે છે તે જીવની મહાન સુખ સામગ્રીને પરલોક લઈ જનાર છે તથા કરાવનાર છે, એમ જાણો.

દાનનો મહિમા તો અજ્ઞાની બાળ ગોપાળ પણ કરે છે. તેઓ કહે છે કે - જેણે પૂર્વભવોમાં દાન આપ્યું છે તેણે અનેક પ્રકારની સુખ-સામગ્રી મેળવી છે, તથા જે હમણાં આપશે તેને આગળ મળશે. માટે જે સુખ સંપદાનો ઈચ્છુક હોય તેને દાન આપવામાં જ અનુરાગ કરવો જોઈએ. જે દાન આપવામાં ઉદ્યમી નથી, માત્ર મરણ સુધી ધનનો સંચય કરવામાં જ ઉદ્યમી છે, તેઓ અહીં જ તીવ્ર આર્ત્ત પરિણામથી મરી સાપ આદિ દુષ્ટ તિર્યંચની ગતિ પામી નરક-નિગોદને પ્રાપ્ત થાય છે. ધન શું સાથે જશે ?

**ધન મળવું તો દાનથી જ સફળ છે.** દાન રહિતનું ધન ઘોર દુઃખોની પરિપાટીનું

કારણ છે. અહીંયા જ કંજુસની ઘોર નિંદા થાય છે, લોકો કંજુસનું નામ પણ લેવા માગતા નથી. કંજુસનું નામ લેવાને પણ લોકો અમંગળ માને છે. દાનીમાં કોઈ અવગુણ યા દોષ હોય તો તે દોષ પણ દાનથી ઢંકાઈ જાય છે, દાનીના દોષ દૂર ભાગી જાય છે. જગતમાં નિર્મળ કીર્તિ દાનથી જ ફેલાય છે. દાન આપવાથી વેરી પણ વેર છોડી દે છે, ચરણોમાં ઝૂકે છે, પોતાનું અહિત કરવાવાળો પણ મિત્ર બની જાય છે. જગતમાં દાન મહાન છે. સાચી ભક્તિથી થોડું પણ દાન આપવાવાળો ભોગભૂમિના ભોગોને ત્રણ પલ્ય પર્યંત ભોગવી દેવલોકમાં જાય છે.

**આપવું એ જ જગતમાં ઉત્તમ છે.** વિનય સહિત તથા સ્નેહના વચન સહિત થઈ દાન આપવું જોઈએ. દાનીએ એવું અભિમાન ન કરવું જોઈએ કે હું આનો ઉપકાર કરી રહ્યો છું. દાની તો પાત્રને પોતાનો મહાન ઉપકાર કરવાવાળો માને છે. **લોભરૂપી અંધકૂપમાં પડેલાને ત્યાંથી કાઢવાનો ઉપકાર પાત્ર વિના કોણ કરે ?** પાત્ર વિના લોભીઓનો લોભ છૂટતો નથી, પાત્ર વિના સંસારનો ઉદ્ધાર કરવાવાળું દાન કેમ થાત ? ધર્માત્મા જનોને તો પાત્ર મળવા સમાન તથા દાન દેવા સમાન અન્ય કોઈ આનંદ નથી.

મોટાઈ, ધનવાનપણું, જ્ઞાનપણું મળ્યું છે તો દાનમાં જ ઉદ્યમ કરો. છ કાયના જીવોને અભય દાન આપો, અભક્ષ્યનો ત્યાગ કરો, અધિક આરંભને ઘટાડો, જોઈ-તપાસી મૂકવુ-રાખવું કરો. યત્નાચાર રહિત નિર્દયી થઈ પ્રવર્તન ન કરો. કોઈ પ્રાણી માત્રને મન-વચન-કાયાથી દુઃખી ન કરો. દુઃખીઓ પર કરૂણા જ કરો. એ જ ગૃહસ્થનું અભયદાન છે. એનાથી સંસારમાં જન્મ, મરણ, રોગ, શોક, દરિદ્રય, વિયોગાદિ સંતાપને પાત્ર બનશો નહિ.

સંસારને વધારનાર, હિંસાને પુષ્ટ કરનાર, મિથ્યા ધર્મની પ્રરૂપણા કરવાવાળા, યુદ્ધ શાસ્ત્ર, શૃંગાર શાસ્ત્ર, માયાચારનાં શાસ્ત્ર, વૈદ્યક શાસ્ત્ર, રસ-રસાયણ શાસ્ત્ર, મંત્ર-જંત્ર, મારણ, વશીકરણ શાસ્ત્ર મહાપાપનાં પ્રરૂપક છે, તેમને અતિ દૂરથી જ ત્યાગી દેવાં જોઈએ.

**ભગવાન વીતરાગ સર્વજ્ઞનાં કહેલાં, દયા ધર્મની પ્રરૂપણા કરવાવાળાં, સ્યાદ્વાદરૂપ અનેકાન્તનો પ્રકાશ કરવાવાળા, નય-પ્રમાણ દ્વારા તત્ત્વાર્થોનું પ્રરૂપણ કરવાવાળાં શાસ્ત્રોને પોતાના આત્માને ભણવા-ભણાવવા દ્વારા આત્માના ઉદ્ધાર**

**માટે અન્યને તેમજ પોતા માટે દાન કરો.** પોતાનાં સંતાનને જ્ઞાન દાન કરો તથા અન્ય ધર્મ બુદ્ધિવાળા ધર્મના રૂચિવાન ઈચ્છુક હોય તેમને શાસ્ત્રનું દાન કરો. જેઓ જ્ઞાનના ઈચ્છુક છે તેઓ જ્ઞાન દાન માટે પાઠશાળાની સ્થાપના કરે છે કારણ કે ધર્મનો સ્તંભ જ્ઞાન જ છે. જ્યાં જ્ઞાન દાન હશે ત્યાં ધર્મ રહેશે. માટે જ્ઞાન દાનમાં પ્રવર્તન કરો. જ્ઞાન દાનના પ્રભાવથી નિર્મળ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**રોગનો નાશ કરવાવાળી પ્રાસુક ઔષધિનું દાન કરવું જોઈએ.** ઔષધિ દાન મહા ઉપકારી છે. રોગીને તુરત જ તૈયાર ઔષધિ મળી જાય તેનો ઘણો આનંદ થાય છે. કોઈ નિર્ધનને જેની સેવા ચાકરી કરવાવાળું કોઈ ન હોય, જો તેને તૈયાર કરેલી ઔષધિ મળી જાય તો તે તેને નિધિઓના લાભ સમાન માને છે. ઔષધિ લઈ જે સ્વસ્થ થઈ જાય છે તે સમસ્ત વ્રત-તપ-સંયમ પાળે છે, જ્ઞાનનો અભ્યાસ કરે છે. ઔષધિ દાન દ્વારા વાત્સલ્ય, સ્થિતિકરણ, નિર્વિચિકિત્સા ઈત્યાદિ અનેક ગુણ પુષ્ટ થઈ પ્રગટ થાય છે. ઔષધિ દાનના પ્રભાવથી રોગ રહિત દેવોનો વૈક્રિયિક દેહ મળે છે.

**આહાર દાન સમસ્ત દાનોમાં મુખ્ય છે.** પ્રાણીનું જીવન, શક્તિ, બળ, બુદ્ધિ એ બધા ગુણ આહાર વિના નષ્ટ થઈ જાય છે. જેણે આહાર દાન આપ્યું તેને પ્રાણીઓને જીવનશક્તિ, બળ, બુદ્ધિ બધું આપ્યું. આહાર દાનથી જ મુનિ તથા શ્રાવકનો સમસ્ત ધર્મ ચાલે છે. આહાર વિના તેઓ માર્ગ ભ્રષ્ટ થઈ જશે. આહાર જ બધા રોગોનો નાશ કરવાવાળો છે. જે આહાર દાન આપે છે તે મિથ્યાદૃષ્ટિ પણ ભોગભૂમિમાં કલ્પવૃક્ષો દ્વારા પ્રદત્ત દસ પ્રકારના ભોગોને અસંખ્યાત કાળ સુધી ભોગવે છે, તથા ક્ષુધા-તૃષાદિની બાધા રહિત થઈ આમળા જેટલું ત્રણ દિવસના અંતરે ભોજન કરે છે. બધા પ્રકારના દુઃખ, કલેશ આદિથી રહિત થઈ અસંખ્યાત વર્ષ સુધી સુખ ભોગવી દેવલોકમાં જઈ ઉપજે છે. માટે ધનને પામી ચાર પ્રકારનાં દાનમાં પ્રવર્તન કરો. જેઓ નિર્ધન છે તે પણ પોતાના ભોજનમાંથી જેટલું બને તેટલું દાન કરો. તમને અડધું ભોજન મળે તો તેમાંથી પણ ટુકડા-બે ટુકડા દુઃખી, ભૂખ્યા, દીન દરિદ્રીઓને આપો.

**મીઠાં વચન બોલવાં તે પણ દાન છે.** આદર, સત્કાર, વિનય કરવો, જગ્યા આપવી, ખબર અંતર પૂછવા તે મહાન દાન છે. દુષ્ટ વિકલ્પોનો ત્યાગ કરો, પાપોમાં

પ્રવૃત્તિનો ત્યાગ કરો. ચાર કષાયોનો ત્યાગ કરો, વિકથા કરવાનો ત્યાગ કરો. બીજાઓના સત્ય કે અસત્ય દોષ કદી ન કહો. અન્યાયનું ધન ગ્રહણ કરવાનો દૂરથી જ ત્યાગ કરો.

હે જ્ઞાનીજનો ! જો પોતાનું હિત ઈચ્છો છો તો દુઃખી જીવોને તો દાન કરો, તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ ગુણોના ધારકોનું મહા વિનયપૂર્વક સન્માન કરો. સમસ્ત જીવો પ્રતિ કરૂણા કરો. મિથ્યાદર્શનનો ત્યાગ કરો. રાગ-દ્વેષ-મોહના ધારી કુદેવ, આરંભ-પરિગ્રહના ધારી વેશધારી કુગુરૂ, હિંસાના પોષક રાગ-દ્વેષને પુષ્ટ કરવાવાળા મિથ્યાદષ્ટિઓના શાસ્ત્ર-તેમજ વંદના, સ્તવન, પ્રશંસા કરવાનો ત્યાગ કરો. ક્રોધ, માન, માયા, લોભ-એમનો નિગ્રહ કરવાનો ખૂબ પ્રયત્ન કરો. કલેશ થવાનાં કારણ અપ્રિય વચન, ગાળ વચન, અપમાનનાં વચન, મદ સહિત વચન કદી ન કહો. આ રીતે બીજાઓને દુઃખના કારણ, પોતાના યશને નષ્ટ કરવાવાળા, ધર્મને નષ્ટ કરવાવાળા મન-વચન-કાયાના પ્રવર્તનનો ત્યાગ કરો. આ રીતે ત્યાગ ધર્મનું સંક્ષેપમાં વર્ણન કર્યું.

## (૯) ઉત્તમ આકિંચન્ય ધર્મ

હવે ઉત્તમ આકિંચન્ય ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. **મારા જ્ઞાનદર્શનમય સ્વરૂપ સિવાય અન્ય કિંચિત માત્ર પણ મારૂં નથી, હું કોઈ બીજા દ્રવ્યનો નથી**-એવા અનુભવને આકિંચન્ય ધર્મ કહે છે. હે આત્મા ! તારા આત્માને દેહથી ભિન્ન, જ્ઞાનમય, અનુપમ, સ્પર્શ, રસ-ગંધ-વર્ણ રહિત, તારા સ્વાધીન જ્ઞાનાનંદ સુખથી પરિપૂર્ણ, પરમ અતિન્દ્રિય, ભય રહિત અનુભવ કર.

આ દેહ છે, તે હું નથી. દેહ તો રસ, લોહી, હાડકાં, માંસ, ચામમય, જડ, અચેતન છે. **હું આ દેહથી અત્યંત ભિન્ન છું.** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર, આદિ જાતિ-કુળ દેહનાં છે, તે મારાં નથી. સ્ત્રી, પુરૂષ, નપુંસક લિંગ દેહનાં છે મારાં નથી. આ ગોરાપણું, સાવલાપણું, રાજાપણું, રંકપણું, સ્વામીપણું, પંડિતપણું, મૂર્ખપણું ઈત્યાદિ સમસ્ત રચના કર્મના ઉદય જનિત દેહની છે, **હું તો જ્ઞાયક છું.** આ દેહનો સંબંધ મારૂં સ્વરૂપ નથી. મારૂં સ્વરૂપ તો અન્ય દ્રવ્યની ઉપમા રહિત અનુપમ છે.

ગરમ, ઠંડો, નરમ, કઠોર, લૂખો, ચીકણો, હલકો-ભારે - આ આઠ પ્રકારનો સ્પર્શ છે તે મારૂં રૂપ નથી, પુદ્ગલનું રૂપ છે. આ ખાટો, મીઠો, કડવો, કષાયેલો,

ચટપટો પાંચ પ્રકારનો રસ, સુગંધ-દુર્ગંધ એ બે પ્રકારની ગંધ, તથા કાળો, પીળો, લીલો, સફેદ, લાલ આ પાંચ પ્રકારનો વર્ણ(રંગ) મારૂં સ્વરૂપ નથી, પુદ્‌ગલનું સ્વરૂપ છે.

**મારો સ્વભાવ તો સુખથી પરિપૂર્ણ છે,** પણ અહીં કર્મને આધીન દુઃખોથી ઘેરાયેલો છું મારૂં સ્વરૂપ ઈન્દ્રિય રહિત અતીન્દ્રિય છે. ઈન્દ્રિયો પુદ્‌ગલમય કર્મ દ્વારા બનેલી છે. હું સમસ્ત ભય રહિત, અવિનાશી, અખંડ, આદિ-અંત રહિત, શુદ્ધ, જ્ઞાનસ્વભાવ છું, પણ અનાદિ કાળથી જેમ સુવર્ણ તથા પાષાણ મળેલા છે, તેમ ક્ષીર-નીરની જેમ કર્મોથી અનાદિકાળથી મળીને ચાલ્યો આવું છું. **મિથ્યાત્વ નામના કર્મના ઉદયથી પોતાના સ્વરૂપના જ્ઞાનથી રહિત થઈ દેહાદિ પરદ્રવ્યોને પોતાનું સ્વરૂપ જાણી અનંત કાળથી મેં પરિભ્રમણ કર્યું છે. હવે કોઈ આવરાણાદિના કિંચિત્ દૂર થવાથી શ્રીગુરૂઓના ઉપદેશીત પરમાગમના પ્રસાદથી પોતાના તથા પરના સ્વરૂપનું જ્ઞાન થયું છે.**

જેમ રત્નોનો વેપારી પાંચ વર્ણના જડેલાં રત્નોનાં આભૂષણોમાં ગુરૂની કૃપાથી તથા નિરંતર અભ્યાસથી ભળેલા લાખના રંગને તથા મણિના રંગને, તોલને, તથા મૂલ્યને અલગ-અલગ જાણી લે છે; તે જ રીતે **પરમાગમના નિરંતર અભ્યાસથી મારા જ્ઞાન સ્વભાવમાં ભળેલા રાગ, દ્વેષ, મોહ, કામાદિ, મેલને ભિન્ન જાણ્યા છે; તથા પોતાના જ્ઞાયક સ્વભાવને ભિન્ન જાણ્યો છે.** માટે હવે કોઈપણ રીતે રાગ-દ્વેષ-મોહાદિ ભાવ કર્મોમાં તથા કર્મોના ઉદયથી ઉપજેલા વિનાશીક શરીર, પરિવાર, ધન, સંપદા આદિ પરિગ્રહમાં મને **મમતા બુદ્ધિ** બીજા કોઈ જન્મમાં પણ ફરી ન ઉપજે એ રીતે આકિંચન્ય ભાવના ભાવું છું.

આ આકિંચન્ય ભાવના મને અનાદિ કાળથી ઉત્પન્ન થઈ નથી. બધી પર્યાયોને પોતાનું રૂપ માનતો રહ્યો, તથા રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-કામાદિ ભાવ જે કર્મકૃત વિકાર હતા તેમને પોતારૂપ અનુભવીને વિપરીત ભાવ કરી તેમનાથી ઘોર કર્મબંધ જ કર્યું. હવે હું આકિંચન્ય ભાવનામાં વિઘ્નોનો નાશ કરવાવાળા પાંચેય પરમગુરૂઓના શરણમાં નિર્વિઘ્ન અકિંચનપણું જ ઈચ્છુ છું, ત્રણ લોકમાં બીજી કોઈ વસ્તુ ચાહતો નથી. આ અકિંચનપણું જ સંસાર સમુદ્રથી તરવાનું જહાજ થઈ જાઓ. પરિગ્રહને મહા દુઃખરૂપ તથા બંધનું કારણ જાણી છોડવો તે આકિંચન્ય ધર્મ છે.

જેને અકિંચનપણું હોય છે તેને પરિગ્રહમાં વાંછા રહેતી નથી, આત્મધ્યાનમાં લીનતા થાય છે, દેહાદિમાં તથા બાહ્યવેષમાં મારાપણું-મમત્વ રહેતું નથી, તથા પોતાનું સ્વરૂપ જે રત્નત્રય તેમાં પ્રવૃત્તિ થાય છે. ઈન્દ્રિયોના વિષયોમાં દોડતું મન રોકાઈ જાય છે (શાંત થાય છે), દેહથી સ્નેહ છૂટી જાય છે. સાંસારિક દેવોનું સુખ, ઈંદ્ર-અહમિન્દ્ર ચક્રવર્તીનું સુખ પણ દુઃખ દેખાય છે, તેમની વાંછા કેમ કરે ? પરિગ્રહ, રત્ન, સુવર્ણ, રાજ્ય, ઐશ્વર્ય, સ્ત્રી, પુત્રાદિને એ રીતે છોડી દે છે, જે રીતે મમતા રહિત થઈ જીર્ણ તૃણ છોડવામાં વિચાર કરવો પડતો નથી. આકિંચન્ય તો પરમ વીતરાગતા છે, જેમનો સંસારનો કિનારો આવી ગયો છે તેમને જ આ આકિંચન્ય ધર્મ હોય છે. (થાય છે)

**જેમને અકિંચનપણું હોય છે તેમને પરમાર્થ જે શુદ્ધ આત્મા તેનો વિચાર કરવાની શક્તિ પ્રગટ થાય જ છે,** પંચ પરમેષ્ઠીમાં ભક્તિ હોય જ છે, દુષ્ટ વિકલ્પોનો નાશ થાય જ છે, ઈષ્ટ-અનિષ્ટ ભોજનમાં રાગ-દ્વેષ નષ્ટ થઈ જ જાય છે, માત્ર પેટરૂપ ખાડાને ભરવો છે, અન્ય રસ-નીરસ ભોજનનો વિચાર ચાલ્યો જાય છે.

સમસ્ત ધર્મોમાં મુખ્ય ધર્મ આકિંચન્ય જ મોક્ષનો નિકટ સમાગમ કરાવવાવાળો છે. અનાદિકાળથી જેટલા સિદ્ધ થયા છે તેઓ આકિંચન્ય ધર્મથી જ થયા છે, તથા આગળ પણ જે તીર્થંકરાદિ સિદ્ધ થશે તે આકિંચન્ય ધર્મથી જ થશે. જો કે આકિંચન્ય ધર્મ મુખ્યરૂપે સાધુઓને હોય છે, તો પણ એકદેશ ધર્મનો ધારક ગૃહસ્થ પણ આ આકિંચન્ય ધર્મને ગ્રહણ કરવાની ઈચ્છા રાખે છે. જે ગૃહાચારમાં મંદ રાગી થઈ અતિ વિરકત થાય છે, પ્રમાણિક પરિગ્રહ રાખે છે, આગામી વાંછા રહિત છે, અન્યાયનું ધન પરિગ્રહ કદી ગ્રહણ કરતો નથી, અલ્પ પરિગ્રહમાં અતિ સંતોષી થઈ રહે છે, પરિગ્રહને દુઃખ દેવાવાળો તથા અત્યંત અસ્થિર માને છે, તેને જ આકિંચન્ય ભાવના હોય છે. આ રીતે આકિંચન્ય ધર્મનું વર્ણન કર્યું.

## (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ

હવે ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. **સમસ્ત વિષયોમાં અનુરાગ છોડી બ્રહ્મ જે જ્ઞાયક સ્વભાવ આત્મા તેમાં ચર્યા અર્થાત્ પ્રવૃત્તિ કરવી તે બ્રહ્મચર્ય છે.**

હે જ્ઞાનીજનો ! આ બ્રહ્મચર્ય નામનું વ્રત ખૂબ આકરું છે. સર્વે બિચારા જે વિષયોને વશ હોવાથી આત્મ જ્ઞાનથી રહિત છે, તે તેને ધારણ કરવામાં સમર્થ નથી.

જે મનુષ્યોમાં દેવ સમાન છે તેઓ એને ધારણ કરવામાં સમર્થ છે. અન્ય રંક, વિષયોની લાલસાના ધારક બ્રહ્મચર્ય ધારણ કરવામાં સમર્થ નથી. આ બ્રહ્મચર્ય વ્રત મહા દુર્ધર છે. જેને બ્રહ્મચર્ય વ્રત હોય છે તેને સમસ્ત ઈન્દ્રિયો તથા કષાયોનું જીતવું સુલભ છે.

હે ભવ્ય હો ! સ્ત્રીઓના સુખમાં રાગી જે મનરૂપી મદોન્મત્ત હાથી છે, તેને વૈરાગ્ય ભાવનામાં સ્થિર કરી, તથા વિષયોની ઈચ્છાનો અભાવ કરી દુર્ધર બ્રહ્મચર્ય ધારણ કરો. આ કામભાવ ચિત્તરૂપી ભૂમિમાં ઉત્પન્ન થાય છે. કામ દ્વારા સતાવાથી આ જીવ ન કરવા યોગ્ય એવાં પાપ પણ કરી બેસે છે. આ કામ મનનું મંથન કરે છે, મનના જ્ઞાનને નષ્ટ કરે છે એ જ કારણે એને મનમથ કહે છે. જ્ઞાનનો નાશ થવાથી જ સ્ત્રીઓના મહા દુર્ગંધયુક્ત નિંદ્ય શરીરને રાગી થઈ સેવે છે.

કામ ભાવથી અંધ બની મોહ અનીતિને વશ થઈ, પોતાની તથા પરની સ્ત્રીનો વિચાર જ કરતો નથી. આ અન્યાયથી હું અહીં જ માર્યો જઈશ, રાજાનો તીવ્ર દંડ ભોગવવો પડશે, યશ મલિન થઈ જશે, ધર્મથી ભ્રષ્ટ થઈ જઈશ, સત્યાર્થ બુદ્ધિ નષ્ટ થઈ જશે, મરણ કરી નરકોમાં અસંખ્યાત કાળ પર્યંત ઘોર દુઃખ ભોગવવાં પડશે, પછી અસંખ્યાત કાળ સુધી તિર્યંચોના અનેક દુઃખરૂપ ભવ ધારણ કરવા પડશે, પછી કુમનુષ્યોમાં, આંધળા, લૂલા, કૂબડા, દરિદ્રી, અપંગ, બહેરા, મૂંગા, ચાંડાળ, ભીલ, ચમારોના નીચ કુળોમાં ઉપજી, પાછો ત્રસ સ્થાવરોમાં અનંત કાળ પરિભ્રમણ કરીશ- એવો સત્ય વિચાર કામીને આવતો નથી.

આ કામ નામનો અર્થ પણ જગતના જીવોને સ્પષ્ટ પ્રગટ કરે છે. કં અર્થાત્ ખોટો, દર્પ અર્થાત્ ગર્વ ઉત્પન્ન કરે છે, માટે તેને **કંદર્પ** કહે છે. અતિ કામના અર્થાત્ ઈચ્છાને ઉત્પન્ન કરી દુઃખી કરે છે, માટે તેને **કામ** કહે છે. એના કારણે અનેક જીવ તિર્યંચ તથા મનુષ્યના ભવોમાં લડી-લડીને મરી જાય છે, માટે તેને **માર** કહે છે. આ સંવરનો વેરી છે, માટે તેને **સંવરારિ** કહે છે. બ્રહ્મ જે તપ-સંયમ તેનાથી આ સૂ અર્થાત્ સુવતિ ચલાયમાન કરે છે, માટે તેને **બ્રહ્માસૂ** કહે છે. આ રીતે અનેક દોષોનાં નામ પણ કહ્યાં છે. એવું જાણી મન-વચન-કાયાથી અનુરાગપૂર્વક બ્રહ્મચર્ય વ્રત પાળો. બ્રહ્મચર્ય સહિત થયે જ સંસારથી પાર ઉતરશો.

**બ્રહ્મચર્ય વિના વ્રત-તપ સમસ્ત નિઃસાર છે.** બ્રહ્મચર્ય વિના સકળ કાયકલેશ

નિષ્ફળ છે. બાહ્ય સ્પર્શન ઈન્દ્રિયના સુખથી વિરક્ત થઈ, અંતરંગ પોતાના પરમાત્મ સ્વરૂપ જે આત્મા છે તેની ઉજ્જવળતા જુઓ. કોઈપણ રીતે પોતાનો આત્મા કામના રોગથી મલિન ન થાય, તેવો જ પ્રયત્ન કરો. બ્રહ્મચર્યથી બંને લોક ઉજ્જવળ બને છે.

જો શીલની રક્ષા ચાહો છો, ઉજ્જવળ યશ ચાહો છો, ધર્મ ચાહો છો, પોતાની પ્રતિષ્ઠા ચાહો છો તો **ચિત્તમાં પરમાગમની શીખ (ભલામણ) આ રીતે ધારણ કરો-** સ્ત્રીઓની કથા ન સાંભળો, ન કહો, સ્ત્રીઓના રંગરાગ-કૌતૂહલ નાટક-દશ્ય ન જુઓ. આ મેળો, સિનેમા પરિણામ બગાડે છે. વ્યભિચારી પુરૂષોની સંગતિનો ત્યાગ કરવો; ભાંગ, તમાકુ, જરદા, માદક વસ્તુનું ભક્ષણ ન કરવું તામ્બૂલ (પાનનું બીડુ), પુષ્પમાળા, અત્તર, ફુલેલાદિ શીલ-ભંગ, વ્રત-ભંગના કારણોને દૂરથી જ ટાળો.

ગીત નૃત્યાદિ કામોદ્દીપક કારણોનો ત્યાગ કરો, રાત્રિ ભોજન છોડો, વિકાર થવાનાં કારણ લોક વિરૂદ્ધ વસ્ત્ર-આભરણ ન પહેરો, એકાન્તમાં કોઈપણ સ્ત્રી માત્રનો સંસર્ગ ન કરો. રસના ઈન્દ્રિયની લંપટતા છોડો, જીવ્હા ઈન્દ્રિયની લંપટતાની સાથે હજારો દોષ આવી જાય છે; એનાથી સમસ્ત મોટાઈ, યશ, ધર્મ નાશ પામે છે; સમતા ભાવને તો તે સપનામાં પણ યાદ કરતો નથી; લોક વ્યવહાર ભ્રષ્ટ થઈ જાય છે; બ્રહ્મચર્ય ભંગ થઈ જાય છે. માટે જે આત્માના હિતનો ઈચ્છુક હોય તેણે એક બ્રહ્મચર્યની જ રક્ષા કરવી. આ રીતે બ્રહ્મચર્ય ધર્મનું વર્ણન કર્યું.

**આ રીતે ધર્મનાં દસ લક્ષણ સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે. જેને આ દસ ચિહ્ન પ્રગટ થાય તેને ધર્મ છે** એમ જાણવું. ઉત્તમ ક્ષમાદિ ધર્મોના ઘાતક-વેરી ક્રોધાદિ છે, તેમનાથી અનેક દોષ ઉત્પન્ન થાય છે, માટે તેમને દૂર કરો તથા ક્ષમાદિમાં અનેક ગુણ છે એમની ભાવના વારંવાર ભાવો.

**ક્ષમાધર્મ -** જે ક્ષમા છે તે પોતાના જ પ્રાણોની રક્ષા છે, ધનની રક્ષા છે, યશની રક્ષા છે, ધર્મની રક્ષા છે. વ્રત, શીલ, સંયમ, સત્યની રક્ષા એક ક્ષમાથી જ થાય છે. કલહના ઘોર દુઃખોથી પોતાની રક્ષા એક ક્ષમા જ કરે છે. સમસ્ત ઉપદ્રવ તથા વેરથી ક્ષમા જ રક્ષા કરે છે.

ક્રોધ છે તે ધર્મ, અર્થ, કામ, મોક્ષનો મૂળથી જ નાશ કરવાવાળો છે. ક્રોધી પોતાના જ પ્રાણોનો નાશ કરે છે. ક્રોધથી પ્રચંડ રૌદ્રધ્યાન પ્રગટ થાય છે. ક્રોધી,

એક ક્ષણ માત્રમાં આત્મહત્યા કરી મરી જાય છે. કૂવામાં, વાવડીમાં, તળાવમાં, નદીમાં, સમુદ્રમાં ડૂબી મરી જાય છે. શસ્ત્રઘાત, વિષભક્ષણ, જંપાપાતાદિ અનેક કુકર્મ કરી આત્મહત્યા કરી લે છે. ક્રોધીમાં બીજાના મરણની દયા હોતી નથી. તે પોતાના પિતાને, પુત્રને, ભાઈને, મિત્રને, સ્વામીને, સેવકને, ગુરૂને એક ક્ષણ માત્રમાં મારી નાખે છે. **ક્રોધી ઘોર નરકને પાત્ર છે.**

ક્રોધી મહા ભયંકર છે, સમસ્ત ધર્મનો નાશ કરવાવાળો છે. ક્રોધીને સત્ય વચન હોતા નથી; તે તો પોતાને, પરને, સમભાવને, ધર્મને બાળી નાખનાર, કુવચનરૂપ અગ્નિને જ ઓકે છે. ક્રોધી હોય તે ધર્માત્મા, સંયમી, શીલવાન, મુનિ તથા શ્રાવકોને ચોરી તથા અન્યાયના જૂઠા દોષ કલંક લગાવી દૂષિત કરે છે. ક્રોધના પ્રભાવથી જ્ઞાન કુજ્ઞાન થઈ જાય છે, આચરણ વિપરીત થઈ જાય છે, શ્રદ્ધાન ભ્રષ્ટ થઈ જાય છે, અન્યાયમાં પ્રવૃત્તિ થઈ જાય છે નીતિનો નાશ થઈ જાય છે, અત્યંત જિદ્દી થઈ વિપરીત માર્ગનો પ્રવર્તક બની જાય છે, ધર્મ-અધર્મ ઉપકાર-અપકારના વિચાર રહિત કૃતઘ્ની થઈ જાય છે. માટે જો તમે વીતરાગ ધર્મને ચાહો છો તો કદી ક્રોધ ભાવને પ્રાપ્ત ન થાઓ.

**માર્દવ ધર્મ -** માર્દવ અર્થાત્ કઠોરતા રહિત કોમળ પરિણામી જીવમાં ગુરૂઓની મહા કૃપા રહે છે. **માર્દવ પરિણામીને સાધુ-પુરૂષ પણ સાધુ માને છે.** કઠોરતા રહિત પુરૂષ જ જ્ઞાનને પાત્ર થાય છે. માન રહિત કોમળ પરિણામીને જેવો ગુણ ગ્રહણ કરાવવા ઈચ્છીએ તથા જેવી કળા શિખવવા ચાહીએ તે તેવી જ કળા તથા ગુણ શીખી લે છે. સમસ્ત ધર્મનું મૂળ સમસ્ત વિદ્યાઓનું મૂળ વિનય છે. વિનયવાન સર્વને પ્રિય હોય છે. અન્ય ગુણ જેનામાં ન હોય એવો પુરૂષ પણ વિનય ગુણથી માન્ય થઈ જાય છે. વિનય પરમ આભૂષણ છે. કોમળ પરિણામીમાં જ દયાભાવ રહે છે. માર્દવથી સ્વર્ગલોકની અભ્યુદય સંપદા તથા નિર્વાણની અવિનાશી સંપદા પ્રાપ્ત થઈ જાય છે.

**કઠોર પરિણામીને ઉપદેશ પરિણમતો નથી.** સાધુ-પુરૂષ પણ અવિનયી કઠોર પરિણામનો દૂરથી જ ત્યાગ કરવાના પરિણામ રાખે છે. **જેમ પથ્થરમાં પાણી પ્રવેશતું નથી, તે જ રીતે સદ્ગુરુઓનો ઉપદેશ કઠોર પુરૂષના હૃદયમાં પ્રવેશ કરતો નથી.** જે પથ્થર-લાકડાદિ નરમ હોય છે તેમનો તો બાલ-બાલ બરાબર પણ જ્યાં જેવો ઘડવો હોય, છોલવો હોય, ત્યાં એટલા બાલ બરાબર પણ ઉતરી શકે છે, છોલાય

છે, તથા જેવા દેખાવની મૂર્તિ ઘડવી હોય તેવી જ બની જાય છે; પણ કોમળતા રહિતમાં જ્યાં હથોડી-છીણી લગાવીએ ત્યાં ઉડીને ઉતરીને દૂર જઈ પડે છે, શિલ્પીના અભિપ્રાય અનુસાર ઘડાતો નથી, તેવી જ રીતે કઠોર પરિણામીને યથાવત્ શિખ (ઉપદેશ) લાગતો (પરિણમતો) નથી.

અભિમાનીનું સમસ્ત લોક સામેથી જ વેરી થઈ જાય છે, પરલોકમાં તિર્યંચ તથા અતિ નીચ મનુષ્યોમાં અસંખ્યાત કાળ સુધી અનેક રીતે તિરસ્કારને પાત્ર થાય છે. અભિમાની કોઈને પણ પ્રિય લાગતો નથી. માટે કઠોરતા છોડી માર્દવભાવ જ નિરંતર ધારણ કરો.

**આર્જવ ધર્મ:-** કપટ બધા અનર્થોનું મૂળ છે; પ્રેમ અને વિશ્વાસનું નાશ કરવાવાળું છે. કપટીમાં અસત્ય, છળ, નિર્દયતા, વિશ્વાસઘાત વિગેરે બધા દોષ હોય છે. કપટીમાં ગુણ નહિ પણ સમસ્ત દોષ જ રહે છે. માયાચારી અહીં અપયશ પામી પાછો નરક તિર્યંચાદિ ગતિઓમાં અસંખ્યાત કાળ સુધી પરિભ્રમણ કરે છે. માયાચાર રહિત આર્જવ ધર્મના ધારીમાં બધા ગુણ રહે છે, સમસ્ત લોકની પ્રીતિ તથા પ્રતીતિને પાત્ર થાય છે, પરલોકમાં દેવો દ્વારા પૂજ્ય ઈન્દ્ર-પ્રતીન્દ્ર આદિ થાય છે. માટે સરળ પરિણામ જ આત્માનું હિત છે.

**સત્યધર્મ:-** સત્યવાદીમાં બધા ગુણ રહે છે. સત્યવાદી સદા કાળ કપટ આદિ દોષ રહિત થઈ જગતમાં પણ માન્યતાને પ્રાપ્ત થાય છે, તથા પરલોકમાં અનેક દેવ, મનુષ્યાદિ તેની આજ્ઞા પોતાના શિરે ચઢાવે છે. અસત્યવાદી અહીં પણ અપવાદ, નિંદા કરવા યોગ્ય હોય છે, બધાના અવિશ્વાસનું કારણ છે, બંધુ-મિત્રાદિ પણ અવજ્ઞા કરી છોડી જાય છે, રાજા દ્વારા જિવ્હાછેદ સર્વસ્વ હરણાદિ દંડ પામે છે. પરલોકમાં તિર્યંચ ગતિમાં વાણી રહિત એકેન્દ્રિય વિકલત્રયાદિમાં અસંખ્યાત ભવ ધારણ કરે છે. માટે સત્ય ધર્મ ધારણ કરવો (તે) જ શ્રેષ્ઠ છે.

**શૌચ ધર્મ:-** જગતમાં જેનું આચરણ પવિત્ર હોય છે તે જ પૂજ્ય હોય છે. શુચિનો અર્થ પવિત્રતા-ઉજ્જવળતા છે. જેની આહાર-વિહાર આદિ સમસ્ત પ્રવૃત્તિ હિંસા રહિત હોય, હિંસાના ભયથી સાવધાની પૂર્વકની હોય, અન્યના ધનમાં ઈચ્છા રહિત હોય, અન્યની સ્ત્રીમાં વાંછા કદી સપનામાં પણ ન હોય, તે જ ઉજ્જવળ આચરણનો ધારક છે, તેને જ જગત પૂજ્ય માને છે. નિર્લોભીનો બધા લોકો વિશ્વાસ

કરે છે, તે જ લોકમાં ઉત્તમ છે, ઉર્ધ્વ લોકમાં ઉત્તમ ગતિને પાત્ર છે. લોભ રહિતનો ઘણો ઉજ્જવળ યશ થાય છે.

**લોભી મહા મલિન બધા દોષોનું સ્થાન છે.** લોભીને નિંદ્ય કર્મોથી પ્રીતિ હોય છે. લોભીને ગ્રાહ્ય-અગ્રાહ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, કૃત્ય-અકૃત્યનો વિચાર જ હોતો નથી. અહીં લોકમાં પણ તેની નિંદા, ધર્મથી પરાન્મુખતા, નિર્દયતા પ્રગટ જોઈએ જ છીએ. લોભી ધર્મ, અર્થ, કામનો નાશ કરી કુમરણ કરી દુર્ગતિમાં ચાલ્યો જાય છે. **લોભીના હૃદયમાં સદ્‌ગુણોને કોઈ સ્થાન હોતું નથી.** લોભીને આ લોકમાં તથા પરલોકમાં અચિન્ત્ય કલેશ તથા દુઃખ પ્રાપ્ત થાય છે. માટે શૌચ ધર્મ ધારણ કરવો (તે) જ શ્રેષ્ઠ છે.

**સંયમ ધર્મ:-** સંયમ જ આત્માનું હિત છે. આ લોકમાં સંયમનો ધારી બધા લોકોને વંદવા યોગ્ય છે, કોઈ પણ પાપથી લેપાતો નથી, તેનો આ લોકમાં તથા પરલોકમાં અચિન્ત્ય મહિમા છે. અસંયમી પ્રાણોનો ઘાત કરી તથા વિષયોમાં અનુરાગ કરી અશુભ કર્મોનો બંધ કરી દુઃખ ભોગવે છે. માટે સંયમ ધર્મ જ જીવનું હિત છે.

**તપધર્મ:-** કર્મોની સંવર તથા નિર્જરા કરવાનું પ્રધાન કારણ તપ છે. તપ જ આત્માને કર્મમળ રહિત કરે છે. તપના પ્રભાવથી અહીં જ અનેક ઋદ્ધિઓ પ્રગટ થઈ જાય છે, તપનો અચિંન્ત્ય પ્રભાવ છે. તપ વિના કામને, નિંદ્રાને કોણ મારે ? તપ વિના ઈચ્છાઓને કોણ મારે ? **ઈન્દ્રિયોના વિષયોને જીતવામાં તપ જ સમર્થ છે, આશારૂપી પિશાચણ તપથી જ મારી શકાય છે,** કામ પર વિજય તપથી જ થાય છે. તપની સાધના કરવાવાળો પરીષહ-ઉપસર્ગ આદિ આવે તો પણ રત્નત્રય ધર્મથી ચલાયમાન થતો નથી. માટે તપ ધર્મને ધારણ કરવો જ યોગ્ય છે. તપ કર્યા વિના સંસારથી છૂટકારો થતો નથી. ચક્રવર્તી પણ રાજ્યને છોડી તપ ધારણ કરી ત્રણ લોકમાં વંદવા યોગ્ય પૂજ્ય થઈ જાય છે. જે તપને છોડી રાજ્ય ગ્રહણ કરે છે તે અતિ નિંદ્ય થૂ-થૂ કરવા યોગ્ય છે, તણખલાથી પણ નાનો થઈ જાય છે. માટે ત્રણ લોકમાં તપ સમાન મહાન બીજું કંઈ પણ નથી.

**ત્યાગ ધર્મ:-** પરિગ્રહ સમાન બીજો ભાર નથી. જેટલાં પણ દુઃખ, દુર્ધ્યાન, કલેશ, વેર વિયોગ, શોક, ભય, અપમાન છે તે બધાં પરિગ્રહના ઈચ્છુકને હોય છે. જેમ-જેમ પરિગ્રહથી પરિણામ જુદાં પડે છે, પરિગ્રહમાં આસક્તિ ઓછી થવા લાગે

છે, તેમ-તેમ દુઃખ ઓછું થવા લાગે છે. જેમ ઘણા ભારથી (બોજથી) દુઃખી પુરૂષ ભાર રહિત થયેથી સુખી થઈ જાય છે, તે જ રીતે પરિગ્રહની વાસના મટી જવાથી સુખી થઈ જાય છે. **સમસ્ત દુઃખ તથા સમસ્ત પાપોની ઉત્પત્તિનું સ્થાન આ પરિગ્રહ છે.**

જેમ નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી, બળતણથી અગ્નિ તૃપ્ત થતો નથી તે જ રીતે પરિગ્રહથી આશાની પ્યાસ બુઝાતી નથી. આશારૂપી ખાડો અગાધ ઉંડો છે, જેનો અંત જ નથી. જેમ જેમ તેમાં ધન ભરો, તેમ તેમ ખાડો વધતો જાય છે. જે આશારૂપી ખાડો નિધિઓથી ભરી શકાતો નથી તે અન્ય સંપદાથી કેમ ભરી શકાય ? પરંતુ જેમ જેમ પરિગ્રહની આશાનો ત્યાગ કરો, તેમ તેમ તે ભરાતો ચાલ્યો જાય છે. માટે સમસ્ત દુઃખ દૂર કરવામાં એક ત્યાગ ધર્મ જ સમર્થ છે. ત્યાગથી જ અંતરંગ-બહિરંગ બંધન રહિત અનંત સુખના ધારી બનશો. પરિગ્રહના બંધનમાં બંધાયેલા જીવ પરિગ્રહ ત્યાગવાથી જ છૂટીને મુક્ત થાય છે. માટે ત્યાગ ધર્મ ધારણ કરવો (તે) જ શ્રેષ્ઠ છે.

**આકિંચન્ય ધર્મ:-** હે આત્મા ! આ દેહ, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, રાજ્ય, ઐશ્વર્ય વિગેરેમાં એક પરમાણુ માત્ર પણ તારૂં નથી. એ બધી પુદ્‌ગલ દ્રવ્યની અવસ્થાઓ છે, જડ છે, વિનાશીક છે, અચેતન છે. **આ પરદ્રવ્યોમાં 'અહં' એવો સંકલ્પ તીવ્ર દર્શનમોહ કર્મના ઉદય વિના કોણ કરાવી શકે ?** આ પરદ્રવ્યમાં 'અહં' એવા આત્મપણાનો મિથ્યા માન્યતારૂપ સંકલ્પ મને કદી ન થાઓ, હું તો અકિંચન છું. આ પ્રકારની આકિંચન્ય ભાવનાના પ્રભાવથી કર્મના લેપ રહિત અહીં જ સમસ્ત બંધ રહિત થઈ જાય છે. માટે સાક્ષાત્ નિર્વાણના કારણ આકિંચન્ય ધર્મ(ને) જ ધારણ કરો.

**બ્રહ્મચર્ય ધર્મ:-** કુશીલ મહા પાપ છે, સંસાર પરિભ્રમણનું બીજ છે, બ્રહ્મચર્ય પાળવાવાળાથી હિંસાદિ પાપોનો પ્રસાર દૂર ભાગે છે. એમાં બધા ગુણોની સંપદા નિવાસ કરે છે, એનાથી જિતેન્દ્રિયપણું પ્રગટ થાય છે. બ્રહ્મચર્યથી કુળ-જાતિ આદિ ભૂષિત થાય છે, પરલોકમાં અનેક ઋદ્ધિઓનો ધારી દેવ થાય છે.

**ધર્મ કેવી રીતે પ્રગટે છે ?:-** ભગવાન અરહંત દેવાધિદેવના મુખારવિંદથી પ્રગટ થયેલો દસ લક્ષણ ધર્મ આત્માનો સ્વભાવ છે, પર વસ્તુ નથી. ક્રોધાદિ કર્મ જનિત ઉપાધિ દૂર થવાથી સ્વયમેવ આત્માનો સ્વભાવ પ્રગટ થઈ જાય છે. ક્રોધના અભાવથી

ક્ષમા ગુણ પ્રગટ થાય છે, માનના અભાવથી માર્દવ ગુણ પ્રગટ થાય છે, માયાના અભાવથી આર્જવ ગુણ પ્રગટ થાય છે, લોભના અભાવથી શૌચ ગુણ પ્રગટ થાય છે, અસત્યના અભાવથી સત્ય ગુણ પ્રગટ થાય છે, કષાયોના અભાવથી સંયમ ગુણ પ્રગટ થાય છે, ઈચ્છાના અભાવથી ત્યાગ ગુણ પ્રગટ થાય છે, **પરદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ થવાથી આકિંચન્ય ગુણ પ્રગટ થાય છે,** વેદના અભાવથી આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવાથી બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થાય છે.

**ધર્મનું સ્વરૂપ:-** આ દસ પ્રકારનો ધર્મ આત્માનો સ્વભાવ છે. આ ધર્મ કોઈથી પડાવી લેવાતો નથી, લૂંટારાથી લૂંટી શકાતો નથી, ચોરથી ચોરી શકાતો નથી, રાજાથી લૂંટી શકાતો નથી, સ્વદેશ-પરદેશમાં એનું સ્વરૂપ કદી પણ બદલાતું નથી, કોઈના બગાડવાથી બગડતું નથી, ધનથી ખરીદાતો નથી, **આકાશમાં, પાતાળમાં, દિશામાં, પહાડમાં, પાણીમાં, તીર્થમાં, મંદિરમાં ક્યાંય પણ ધર્મ નથી, ધર્મ તો આત્માનો નિજ સ્વભાવ છે. ધર્મનો લાભ (પ્રાપ્તિ) સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાનથી થાય છે.**

ધર્મ કરવો એટલો સહેલો છે કે બાળક-વૃદ્ધ-યુવાન, ધનવાન-નિર્ધન, બળવાન-નિર્બળ, સહાય સહિત-સહાય રહિત, રોગી-નિરોગી, બધાથી ધારણ કરી શકાય છે, સ્વાધીન છે. ધર્મને ધારણ કરવામાં કોઈ ખેદ,કલેશ, અપમાન, ભય, વિષાદ, કલહ, શોક, દુઃખ કદી થતાં નથી. ધર્મ ધારણ કરવો દુર્લભ નથી. એમાં કંઈ પણ ભાર ઉપાડવાનો નથી, દૂર દેશમાં જવાનું નથી, ભૂખ-તરસ ઠંડી-ગરમીની વેદના સહન કરવાની નથી, કોઈથી વિસંવાદ ઝઘડો નથી, **અત્યંત સુગમ સમસ્ત કલેશ દુઃખ રહિત સ્વાધીન આત્માનું જ સાચું પરિણમન છે.** માટે સમસ્ત સંસારના પરિભ્રમણથી છૂટી અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ધારક સિદ્ધ દશા આ ધર્મ ધારણ કરવાનું ફળ છે. આ રીતે દસ લક્ષણ ધર્મનું ટૂંકમાં વર્ણન કર્યું.

**વ્રતીનું સ્વરૂપ:-** જેના શલ્યોનો અભાવ થઈ જાય છે તે વ્રતી છે. શલ્ય સહિતને કદી વ્રત હોતું નથી. માટે શ્રાવકે ત્રણ શલ્યોનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ. નિદાન શલ્ય, માયા શલ્ય, મિથ્યાદર્શન શલ્ય એ ત્રણેય શલ્યો વ્રતોનો ઘાત કરવાવાળાં છે.

**નિદાન શલ્ય:-** નિદાન શલ્યના ત્રણ ભેદ છે.-પ્રશસ્ત નિદાન, અપ્રશસ્ત નિદાન, ભોગાર્થ નિદાન - એ ત્રણેય પ્રકારનાં નિદાન સંસારના કારણ છે. અહીં નિદાનનો અર્થ આગામી કાળની ઈચ્છા છે. સંયમ ધારણ કરવા માટે ઉત્તમ કુળ, ઉત્તમ

સહનશીલતા, ઉત્તમ બળ-વીર્ય, શુભ સંગતિ, તથા બંધુજનોની ધર્મમાં સહાયતા, ઉજ્જવળ બુદ્ધિ આદિનું ઈચ્છવું તે **પ્રશસ્ત** નિદાન છે.

અભિમાન માટે પોતાની આજ્ઞા, આદર, તથા ઉચ્ચતા(મોટાઈ) બતાવવા માટે ઉત્તમ કુળ, જાતિ, ભલી બુદ્ધિ, પ્રબળ શક્તિ, તથા આચાર્યપણું, ગણધરપણું, તીર્થંકરપણું વિગેરેની ચાહના કરવી તે અપ્રશસ્ત નિદાન છે. ક્રોધી થઈ બીજાઓને મારવાની ઈચ્છા કરવી, બીજાઓના સ્ત્રી, પુત્ર, રાજ્ય, ઐશ્વર્યનો નાશ(કરવાની) ઈચ્છા કરવી તે પણ **અપ્રશસ્ત** નિદાન છે.

સંયમ ધારણ કરી તથા ઘોર તપશ્ચરણ કરી તેના ફળમાં ઈન્દ્રિયોના વિષય, રાજ્ય, ઐશ્વર્ય, દેવપણું, અનેક અપ્સરાઓનું સ્વામિત્વ, જાતિ કુળમાં ઉચપણું, ચક્રીપણું વિગેરે ચાહવું તે **ભોગાર્થ નિદાન** છે. આ નિદાન દીર્ઘ કાળ (લાંબા સમય)સુધી સંસારમાં પરિભ્રમણ કરાવવાવાળું જાણવું.

સંયમના પ્રભાવથી સમસ્ત કર્મોનો નાશ થઈ અતીન્દ્રિય અવિનાશી નિર્વાણનું અનંત સુખ પ્રાપ્ત થાય છે. **તે સંયમનું પાલન કરી ભોગોની ઈચ્છા કરવી (એ)તો એવા પ્રકારની મૂર્ખતા છે. જેમ કોઈ ચિંતામણિ રત્નને એક કોડીમાં વેચી દે છે, પોતાની રત્નોથી ભરેલી સમુદ્રમાં દોડતી નાવને બળતણ માટે તોડે છે, દોરા માટે મણીના હારને તોડે છે, રાખને માટે ગોશીર ચંદનને જલાવે છે. જે ઈચ્છા કરે છે તેનું પુણ્ય પણ નષ્ટ થઈ જાય છે, તથા પાપનો બંધ થઈ જાય છે. પુણ્યનો બંધ તો નિર્વાંચ્છક ભાવથી થાય છે.**

સમ્યગ્દષ્ટિ તો ભોગોની વાંછાથી રહિત હોય છે. તેને તો ઈન્દ્ર-અહમિન્દ્ર લોકના જે સુખ છે તે સુખાભાસ, વિનાશીક, પરાધીન, દુઃખરૂપ દેખાય છે. સમ્યગ્દષ્ટિને તો આત્મીક, સ્વાધીન, અતિન્દ્રિય સુખનો અનુભવ થયેલો છે, માટે તે ઈન્દ્રિય જનિત આતાપથી, મહા કલેશથી ભરેલા, તૃષારૂપ આતાપને વધારવાવાળા વિષયોના આધીન સુખને કેવી રીતે સુખ માને ? જેણે અમૃતના સ્વાદને ચાખ્યો છે, તે કટુ મહા દુર્ગન્ધિત આતાપ ઉપજાવવાવાળી કડવી ખલીની ઈચ્છા કેમ કરે?

સમ્યગ્દષ્ટિની તો એવી ઈચ્છા હોય છે -

**दुक्खक्खय कम्मक्खय समाहिमरणं च वोहिलाहो य ।**
**एयं पत्थेयव्वं ण पत्थणीयं तओ अण्णं ।।१२१९।। भ. आराधना**

**અર્થ -** મારાં શરીર-ધારણ આદિ જન્મ, મરણ, ક્ષુધા, તૃષા આદિ દુઃખોનો ક્ષય થાઓ, મારા આત્માના ગુણોનો નાશ કરવાવાળા મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય કર્મોનો ક્ષય થાઓ, આ પર્યાયમાં ચાર આરાધના ધારણ કરી સમાધિપૂર્વક મરણ થાઓ, બોધિ જે રત્નત્રય તેની પ્રાપ્તિ થાઓ-એવી યોગ્ય પ્રાર્થના સમ્યગ્દષ્ટિ કરે છે. એનાથી જુદી બીજા પ્રકારની પ્રાર્થના આ ભવ માટે યા પરભવ માટે કરવી યોગ્ય નથી.

સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને ઉચ્ચ કુળ-નીચ કુળ, રાજ્ય-ઐશ્વર્ય, ધનાઢ્યતા-નિર્ધનતા, દીનતા, રોગીપણું-નિરોગીપણું, રૂપવાનપણું, કુરૂપપણું, નિર્બળપણું-બળવાનપણું, પંડિતપણું-મૂર્ખપણું, ગુણવાનપણું-નિર્ગુણપણું અનંતાનંત વાર મળ્યું છે અને છોડ્યું છે, માટે આ કલેશરૂપ સંયોગ-વિયોગરૂપ સંસારની સમ્યગ્દષ્ટિ વાંછા કેમ કરે ?

**આ સંસારમાં જ્યારે અનંત પર્યાયો દુઃખની મળે છે ત્યારે એક પર્યાય ઈન્દ્રિય જનિત સુખની મળે છે,** પાછી અનંત વાર દુઃખની પર્યાયો મળે છે. આ રીતે પરિવર્તન કરતાં-કરતાં ઈન્દ્રિય જનિત સુખ પણ અનંત વાર મળ્યું છે. હવે સમ્યગ્દષ્ટિ થઈ ઈન્દ્રિયોના સુખની ઈચ્છા કેમ કરે?

**આ સંસારમાં સ્વયંભૂરમણ સમુદ્રના સમસ્ત પાણી જેટલું તો દુઃખ છે, તથા એક વાળની અણી પર જેટલું પાણી રહે તેનો અનંતમો ભાગ કરતાં તેના એક ભાગ (અનંતમાં ભાગ) જેટલું ઈન્દ્રિયજનિત સુખ છે,** તેનાથી તૃપ્તિ કેમ થાય ? ભોગોના સંયોગ તથા ઈષ્ટ સંપદાના સંયોગનું જેટલું સુખ હોય છે તેનાથી અસંખ્યાતગણું દુઃખ એના વિયોગ સમયે થાય છે. **જેનો સંયોગ થાય છે તેનો નિયમથી વિયોગ થાય જ છે.**

જેમ મધથી લપેટેલી તલવારની ધારને જે જીભથી ચાટે છે તેને જેટલો સમય સ્પર્શ છે તેટલો સમય મિઠાશનું સુખ થાય છે, પણ જીભ કપાઈને પડી જવાથી તેનું મહા દુઃખ ઘણા સમય સુધી રહે છે; તે જ રીતે વિષયોના સંયોગનું સુખ જાણવું. જેમ કિંપાક ફળ જોવામાં તો સુંદર છે, ખાવામાં મીઠું છે, પણ પછી પ્રાણોનો નાશ કરે છે, ઝેર મેળવેલો લાડવો ખાવામાં તો મીઠો છે, પણ પચ્યા પછી મહા દુઃખ આપી પ્રાણોનો નાશ કરે છે, એ જ રીતે ભોગજન્ય સુખ જાણવું.

જેમ કોઈ પુરૂષ પાસે ઘણું ધન છે. તે એ અધિક ધનના બદલામાં થોડું ધન લેવા ઈચ્છે તો થોડું ધન મળી જાય છે. પણ એની પાસે થોડું ધન હોય, તેના બદલામાં તે અધિક ધન લેવા ઈચ્છે તો મળતું નથી. તે જ રીતે જેણે સ્વર્ગની ઘણી સંપદા પ્રાપ્ત કરવા યોગ્ય પુણ્ય બંધ કર્યો હોય, પછી નિદાન કરી લે (થોડું ધન માગી લે), તો તેને અહીં રાજ્ય સંપદા મળી જાય છે, વ્યંતર આદિ દેવોમાં ઉપજે છે.

**નિદાન શલ્ય:-** જો આપણું અધિક પુણ્ય હોય તો નિદાન કરવાથી તેનો ઘાત થઈ તુચ્છ સંપદા પ્રાપ્ત થઈ જાય છે, પછી સંસારમાં પરિભ્રમણ કરવું (એ) જ નિદાનનું ફળ છે. જેમ સુતરની લાંબી દોરીથી બંધાયેલું પક્ષી દૂર સુધી ઉડી જાય તો પણ પાછું એ જ સ્થાન પર આવી જાય છે, તેના દૂર સુધી ઉડી જવાથી શું લાભ થયો ? પગ તો સુતરની દોરીથી બાંધેલો છે, બીજે જઈ શકશે નહિ. તે જ રીતે નિદાન કરવાવાળો ઘણે દૂર સ્વર્ગ આદિમાં મહર્દ્ધિક દેવ પણ થઈ જાય તો પણ સંસારમાં જ પરિભ્રમણ કરશે. દેવ લોકમાં જઈને પણ નિદાનના પ્રભાવથી એકેન્દ્રિય તિર્યંચોમાં, પંચેન્દ્રિય તિર્યંચોમાં તથા મનુષ્યોમાં આવી પાપ ભેગું કરી (પોટલાં બાંધી) ઘણા સમય સુધી પરિભ્રમણ કરે છે.

જેમ દેવાદાર કેદી જેલરને વાયદો કરી થોડા સમય માટે જેલથી છૂટી પોતાના ઘરે આવી સુખથી રહે છે, તો પણ વાયદાનો સમય પૂરો થયે પાછા જેલમાં જઈ રહેવું પડે છે, તે જ રીતે નિદાન સહિત પુરૂષ પણ તપ-સંયમથી પુણ્ય બાંધી સ્વર્ગ લોકમાં ચાલ્યો જાય છે, ત્યાં આયુષ્ય પૂરૂં કરી સ્વર્ગથી આવી સંસારમાં જ ફરી પરિભ્રમણ કરે છે.

**અહીં એમ જાણવું -** જેણે મુનિપણામાં, શ્રાવકપણામાં મંદ કષાયના પ્રભાવથી તથા તપસ્યાના પ્રભાવથી અહમિંદ્રોમાં તથા સ્વર્ગમાં ઉત્પન્ન થવાનું પુણ્ય સંચય કર્યું હોય, જો તે પછી ભોગોની વાંછારૂપ નિદાન કરે છે તો ભવનત્રિક આદિ અશુભ દેવોમાં ઉપજે છે. જેના અધિક પુણ્ય હોય, જો તે અલ્પ પુણ્યના ફળને યોગ્ય નિદાન કરે છે તો અલ્પ પુણ્યવાળા દેવ-મનુષ્યોમાં ઉપજે છે, અધિક પુણ્યવાળા દેવ મનુષ્યોમાં ઉપજતો નથી. જે નિર્વાણ સુખને તથા સ્વર્ગાદિના સુખને આપનાર મુનિ-શ્રાવકના ઉત્તમ ધર્મને ધારણ કરી નિદાન કરી તેને બગાડે છે, તે ખરેખર બળતણ માટે કલ્પવૃક્ષને કાપે છે. આ રીતે નિદાન શલ્યના દોષોનું વર્ણન કર્યું.

**માયા શલ્ય:-** માયા શલ્યના દોષોનું વર્ણન કોણ કરી શકે છે ? આગળ માયાચારના દોષ કહી ગયા છીએ. માયાચારીનાં વ્રત, શીલ, સંયમ બધું ભ્રષ્ટ છે. જો ભગવાન જિનેન્દ્ર દ્વારા પ્રરૂપિત ધર્મ ધારણ કરી પોતાના આત્માનું દુર્ગતિઓના દુ:ખોથી રક્ષણ કરવા ચાહો છો, તો કરોડો ઉપદેશોનો સાર એક ઉપદેશ એ છે કે માયા શલ્યને હૃદયમાંથી કાઢી નાખો, યશ અને ધર્મ બંનેનો નાશ કરવાવાળા માયાચાર(નો) ત્યાગ કરી સરળતા અંગીકાર કરો.

**મિથ્યાદર્શન શલ્ય:-** મિથ્યાત્વનું આગળ વર્ણન કરી ગયા છીએ, **તે જ સમસ્ત સંસારનું બીજ છે. મિથ્યાત્વના પ્રભાવથી અનંતાનંત પરિવર્તન કર્યાં છે. મિથ્યાત્વનું ઝેર નીકળ્યા વિના સત્યધર્મ પ્રવેશ જ કરતો નથી.** માટે મિથ્યાત્વ શલ્યને સત્વરે ત્યાગી માયા, મિથ્યાત્વ, નિદાન આ ત્રણેય શલ્યોનો અભાવ થયા વિના મુનિ-શ્રાવકનો ધર્મ કદી થઈ શકતો નથી. **નિ:શલ્ય જ વ્રતી હોય છે.**

**કુસંગતિ ત્યાગની પ્રેરણા:-** દુષ્ટ મનુષ્યોનો સાથ ન કરો. જેમની સંગતિથી પાપમાં ખેદ થતો નથી, પાપમાં પ્રવૃત્તિ થઈ જાય છે તેમનો સંગ કદી ન કરો. જુગારી, ચોર, છળ કરનાર, પરસ્ત્રી લંપટ, જિવ્હા ઈન્દ્રિયના લોલુપી, કુળના આચારથી ભ્રષ્ટ, વિશ્વાસઘાતી, મિત્ર દ્રોહી, ગુરૂ દ્રોહી, ધર્મ દ્રોહી, અપયશના ભયથી રહિત, નિર્લજ્જ, પાપ ક્રિયામાં નિપુણ, વ્યસની, અસત્યવાદી, અસંતોષી, અતિ લોભી, અતિ નિર્દયી, કર્કશ પરિણામી, કલહપ્રિય, વિસંવાદી, ચારિત્રહીન, આકરાં પરિણામવાળા, અતિ ક્રોધી, પરલોકના અભાવ કહેવાવાળા નાસ્તિક, પાપના ભય રહિત, તીવ્ર મૂર્ચ્છાધારી, અભક્ષ્ય ભક્ષણ કરનાર, વેશ્યાસકત, દારૂ પીનાર, નીચ કર્મી ઈત્યાદિની સંગતિ ન કરો.

જો શ્રાવક ધર્મનું રક્ષણ કરવા ઈચ્છો છો, પોતાનું હિત ચાહો છો તો કુસંગને અગ્નિ સમાન ઝેર સમાન દુ:ખદાયી જાણી દૂરથી જ છોડી દો. **જેવાનો સંસર્ગ કરશો તેનાથી જ પ્રીતિ થઈ જશે; જેમાં પ્રીતિ થઈ જશે, તેનો જ વિશ્વાસ થશે, વિશ્વાસ થવાથી તેના જેવા બનવાનો ભાવ થાય છે. માટે જેવી સંગતિ કરશો તેવા જ થઈ જશો.** જ્યારે જડ માટી પણ સંસર્ગથી સુગંધમય યા દુર્ગંધમય થઈ જાય છે તો ચેતન મનુષ્ય સંગતિથી બીજાઓના ગુણરૂપ યા દુર્ગુણરૂપ કેમ ન પરિણમે ?

**જે જેવાની મિત્રતા કરે છે તે તેના જેવો જ થઈ જાય છે.** દુર્જનની સંગતિ કરવાથી સજ્જન પણ પોતાની સજ્જનતા છોડી દુર્જન થઈ જાય છે. જેમ શીતળ

જળ પણ અગ્નિની સંગતિ કરવાથી પોતાનો શીતળ સ્વભાવ છોડી તપાયમાન થઈ જાય છે. ઉત્તમ પુરૂષ પણ અધમ પુરૂષની સંગતિમાં અધમ થઈ જાય છે. જેમ દેવતાના મસ્તક ઉપર ચઢવાવાળી સુગંધિત ફૂલોની માળા પણ મડદાના શરીરનો સંસર્ગ કરી સ્પર્શ કરવા યોગ્ય રહેતી નથી. દુષ્ટોની સંગતિથી ત્યાગી સંયમી પુરૂષોમાં પણ દોષ સહિત થવાની શંકા થાય છે. જેમ કલાલ (દારૂ વેચનાર/બનાવનાર)ના હાથમાં દૂધનો ઘડો હોય તો પણ તેમાં દારૂ હોવાની શંકા ઉપજે છે, તથા કલાલના ઘરે દૂધ પીનાર બ્રાહ્મણ પણ લોકોને મદિરાપાનની શંકા કરાવે છે.

**લોકો તો બીજાઓની ખામીઓ જોવાવાળા છે, બીજાઓના દોષ કહેવામાં આસક્ત છે.** જો તમે દુષ્ટોની, દુરાચારીઓની સંગતિ કરશો તો તમે લોકોમાં નિંદાને પ્રાપ્ત થઈ ધર્મની નિંદા કરાવશો, માટે કુસંગતિ ન કરો. ખોટા મનુષ્યોની સંગતિથી નિર્દોષ મનુષ્ય પણ દોષ સહિત શીઘ્ર મિથ્યામાર્ગી થઈ જાય છે. **મિથ્યાત્વ તથા કષાયોનો પરિચય તો અનાદિ કાળનો છે; પણ વીતરાગ ભાવ તો હમણાં મહા કષ્ટથી ઉત્પન્ન થયો છે, કુસંગથી તે ક્ષણ માત્રમાં ચાલ્યો જશે.**

અનાદિ કાળનું મોહ કર્મ ઘણું બળવાન છે. તેના ઉદયથી જીવ શિખવ્યા વિના જ પોતાની મેળે વિષય-કષાયોમાં પ્રવર્ત્તે છે પછી કુસંગતિથી તો હવાની સંગતિથી અગ્નિની જેમ અતિ પ્રજ્જવલિત થઈ જાય છે. માટે કુસંગ છોડી શુભ સંગતિ કરવી જોઈએ. સજ્જનોની સંગતિથી દુષ્ટ પણ પોતાના દોષોને છોડી દે છે.

**સત્સંગતિ કરવાની પ્રેરણાઃ- સત્સંગતિથી નિર્ગુણ મનુષ્ય પણ જગતમાં માન્ય થઈ જાય છે, જેમ સુગંધ વિનાના પુષ્પને પણ લોકો દેવતાઓની સંગતિ હોવાથી પોતાના શિરે ચઢાવે છે.** કદાચ કોઈ એક વ્યક્તિને ધર્મમાં પણ પ્રીતિ ન હોય, પરીષહ સહેવામાં તથા ઈન્દ્રિયોના વિષય ત્યાગવામાં અતિ પરાન્મુખતા હોય તો પણ સંયમી-ત્યાગી-વ્રતી પુરૂષોની સંગતિમાં રહેવાના પ્રભાવથી, લાજથી, ભયથી, અભિમાનથી, અન્યાયના વિષય-કષાયોથી વિરક્ત થઈ જ જાય છે. જે સ્વભાવથી જ મંદ કષાયી, ધર્માનુરાગી, પાપથી ભયભીત હોય છે, (તેને) જો ઉત્તમ સંગતિ મળી જાય તો તેને પરમ ધર્મનું ગ્રહણ થાય છે અને સંસાર પાર કરી જાય છે.

**જેમનાથી સમ્યક્ધર્મનું પ્રવર્તન થાય, જેમની સંગતિથી અનેક લોકો વિષય-કષાયોથી વિરક્ત થઈ જાય, ત્યાગ સંયમ તપમાં લીન થઈ જાય એવા ન્યાય માર્ગી**

**ધર્મચર્યાના ધારક ધર્માત્મા એક પુરૂષથી જ જગત શોભે છે, કૃતાર્થ થાય છે.** ધર્મ રહિત વિષયી કષાયી ઘણી વ્યક્તિ હોવાથી શું સાધ્ય છે ? એક કલ્પવૃક્ષ જ સમસ્ત દુ:ખ રહિત કરી દે છે, ઈચ્છિત સુખ આપે છે, પણ વિષનાં ઘણાં વૃક્ષ માત્ર મૂર્ચ્છા, સંતાપ, મરણનાં કારણ હોઈ શું સાધ્ય છે ?

**આ લોકમાં જેટલા પણ અનર્થ પેદા થાય છે તે બધા કુસંગથી થાય છે.** કુસંગ વિના કોઈ જુગારી, ચોર, પરસ્ત્રી લંપટ, વેશ્યાસકત, અભક્ષ્ય ભક્ષક, દારૂડીયો થતું નથી. મોટા-મોટા અનર્થ-દોષ કુસંગથી જ થાય છે. માટે જો બંને લોકમાં પોતાનું હિત ચાહતા હો તો કુસંગ ન કરો. પ્રત્યક્ષ જોઈએ છીએ-જેમને ઉત્તમ કુળ, ઉત્તમ ઉજ્જવળ ધર્મ મળ્યો છે, તો પણ કુદેવ-કુધર્મ-પાખંડીઓની ઉપાસના કરે છે, ભાંગ પીએ છે, જરદો ખાય છે, હોકો પીએ છે, રાત્રિ ભક્ષણ કરે છે, વેશ્યાનું એંઠુ ખાય છે, જુગાર ખેલે છે, ચોરી કરે છે, પર ધન-પર સ્ત્રી તરફ વાસનાથી જુએ છે, જિવ્હા ઈન્દ્રિયના લોલુપી છે, નિર્દય પરિણામી કુવચન બોલવામાં પ્રવૃત્ત, પર વિઘ્ન સંતોષી- આ બધા દોષ સત્સંગતિ વિના કુસંગથી જ થાય છે. તે મહા પુણ્યવાન મનુષ્ય છે જે આ વિષમ કળીકાળમાં કુસંગ છોડી શુભ સંગતિમાં જાય છે.

**સ્વ પ્રશંસા ત્યાગ:-** જો જિનેન્દ્રનો ધર્મ ધારણ કર્યો છે તો પોતાની પ્રશંસા તથા પરની નિંદા ન કરો. જે પોતાના મુખથી પોતાની પ્રશંસા કરે છે તે પોતાના યશનો નાશ કરે છે. અભિમાની સિવાય અન્ય કોઈ પોતાની પ્રશંસા કરતુ નથી. પોતાની પ્રશંસા કરવાવાળો પુરૂષ તણખલા સમાન નાનો થઈ જાય છે. અવજ્ઞા યોગ્ય થઈ જાય છે, ગુણ હોવા છતાં પણ પોતાના મુખથી કહેવાથી તે ગુણ રહિત થઈ દોષોને પાત્ર થઈ જાય છે. જેનામાં અન્ય કંઈ પણ દોષ ન હોય, પણ ઘણો મોટો દોષ તો પોતાની પ્રશંસા કરવી (તે) છે. **પોતાના મુખથી પોતાની પ્રશંસા ન કરવી તે મોટો ગુણ છે.**

પોતાના ગુણોની પ્રશંસા ન કરવાવાળા પુરૂષોના વિદ્યમાન ગુણ નષ્ટ થતા નથી, જેમ પોતાના તેજની પ્રશંસા ન કરવાવાળા સૂર્યનું તેજ જગતમાં વિખ્યાત છે જ. જો સ્વયંમાં ગુણ ન હોય તો પોતાની પ્રશંસા કરવાથી તેમાં ગુણવાનપણું પ્રગટ થઈ શકતું નથી; જેમ સ્ત્રી સમાન હાવ-ભાવ, વિલાસ, વિભ્રમ, શૃંગાર, અંજન, વસ્ત્રાદિ ધારણ કરી સ્ત્રી સમાન આચરણ કરવાવાળો નપુંસક સ્ત્રી નથી થઈ જતો, નપુંસક જ રહે છે.

પોતાનામાં ગુણ વિદ્યમાન પણ હોય તથા કોઈ તેના કીર્તિ વખાણ-પ્રશંસા કરે છે તો ઉત્તમ પુરૂષ તો પોતાની કીર્તિ સાંભળી લોકમાં લજ્જાનો અનુભવ કરે છે, સત્પુરૂષોને પોતાની કીર્તિ રૂચતી નથી. તે તો પોતાની કીર્તિ સાંભળી અત્યંત લજ્જિત થઈ આત્મ નિંદા જ કરે છે કે - ''હું સંસારી અનેક દોષોથી ભરેલો છું, લોકો મારી પ્રશંસા કરી મારા ઉપર મોટો બોજ નાખે છે. પ્રશંસા યોગ્ય તો તે છે જે આત્માની પરમ વિશુદ્ધતાના ઈચ્છુક થઈ, મોહ, કામ ક્રોધાદિ પર વિજય પ્રાપ્ત કરી ચુકયા છે. અમે સંસારી રાગ-દ્વેષથી રંગાયેલા, ઈન્દ્રિ યવિષયોના દાસ, પરિગ્રહમાં આસકત અતિ નિંદવા યોગ્ય છીએ. **જેમની એક ઘડી પણ પ્રમાદીપણાથી ધર્મ રહિત વ્યતીત થાય છે તે જગતમાં મહા મૂઢ છે, નિંદ્ય છે.**

**આ મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે, એમાંય જૈન ધર્મનું પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.** એવા અવસરમાં પણ જે ધર્મ છોડી વિષયોમાં લીન થાય છે, તે એવા છે જે પોતાના ઘરમાં ઉત્પન્ન થયેલા કલ્પવૃક્ષને કાપી વિષનું વૃક્ષ વાવે છે, ચિંતામણિ રત્નને કાગડો ઉડાડવા ફેંકી દે છે, ચિંતામણી રત્નને કાચના ટુકડામાં વેચી દે છે. **આ મનુષ્ય જન્મની એક-એક ઘડી જે કરોડોના ધનમાં પ્રાપ્ત થવી દુર્લભ છે, તે વૃથા જઈ રહી છે.** હું પણ અન્ય લોકોની કથામાં તથા તેમની રાગ-દ્વેષરૂપ પરિણતિને જોઈ કષાય સહિત થઈ દુર્ધ્યાનથી મનુષ્ય જન્મ વ્યતીત કરી રહ્યો છું, માટે મારા જેવો નિંદા યોગ્ય બીજો નથી.'' - આ રીતે પોતાની નિંદા-વાર્તા કરતા ઉત્તમ પુરૂષને પોતાની પ્રશંસા કેમ રૂચિ શકે ? રૂચતી નથી, તે તો પોતાને નીચો જ જુએ છે. **જે વચનોથી પોતાની પ્રશંસા કરે છે તે નીચ ગોત્ર કર્મનો બંધ કરે છે,** અહીં પણ લોકોમાં મહા નિંદ્ય થાય છે. સત્પુરૂષ પોતાના ગુણ પોતે પ્રગટ કરતા નથી, તો પણ તેમના ઉજ્જવળ આચરણથી જગતમાં અનેક ગુણ પ્રખ્યાત થઈ જાય છે, જેમ ચંદ્રમાનો પ્રકાશ તથા શીતળતા અને આહ્‌લાદકતા વિના કહ્યે જ જગતમાં પ્રસરી જાય છે.

**પર નિંદા ત્યાગ:-** પરની નિંદા કદી ન કરો. પરની નિંદા કરવા સમાન દોષ જગતમાં નથી. પરની નિંદા મહા વેરનું કારણ છે, દુર્ધ્યાનનું કારણ છે કલહનું કારણ છે, ભયનું કારણ છે, દુઃખ, શોક, પશ્ચાત્તાપ, વિસંવાદ અપ્રતીતિનું કારણ છે, નિંદાનું કારણ છે. પરની નિંદા કરવાવાળો પોતાના ધર્મ, યશ, મોટાઈનો નાશ કરે છે. જેઓ પરના દોષ પ્રગટ કરી સ્વયં નિર્દોષ બનવા માગે છે તેઓ બીજાઓના ઔષધિ સેવનથી પોતાનું નિરોગીપણું ચાહવાવાળા જેવા છે.

**કોટિ દોષોનો શિરોમણિ એક અન્યની નિંદા કરવી (તે) છે. જો જિનેન્દ્રનો ધર્મ ધારણ કર્યો છે તો બીજાઓના દોષ ન કહો.** સત્પુરૂષ તો પરના દોષ જોઈ સ્વયં લજ્જિત થાય છે, તથા પોતાની શક્તિ પ્રમાણે પરના દોષ ઢાંકે છે તેઓ તો જેમ પોતાના અપવાદ (નિંદા)થી ડરે છે તેવી જ રીતે બીજાના અપવાદ (નિંદા) થવાનો મોટો ભય રાખે છે.

સંસારી જીવોને જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મનો ઉદય પ્રબળ છે જેના કારણે જીવ અજ્ઞાની થઈ રહ્યા છે. મોહનીય કર્મના ઉદયથી રાગી, દ્વેષી, કામી, ક્રોધી, લોભી, માની કપટી થઈ રહ્યા છે, ભયવાન, શોકવાન, ગ્લાનિવાન, રતિ-અરતિને અરતિને વશીભૂત થઈ અનેક વિકારરૂપ કુચેષ્ટા કરી રહ્યા છે.

જેમ કોઈ દારૂ પીને પરવશ બની પોતાને ભૂલી જાય છે; ધતૂરો ખાઈ ઉન્મત્ત થયેલો જીવ પરવશ થઈ પોતાને ભૂલી નિંદ્ય ચેષ્ટા કરવા લાગે છે, એ જ રીતે સંસારી જીવ વિષય-કષાયોને વશ થઈ નિંદ્ય ચેષ્ટા કરે છે. એમના ઉપર તો કરૂણા કરવી જોઈએ, દોષોથી છોડાવવા જોઈએ, નિંદા અપવાદ કેવી રીતે કરાય ? પરની નિંદા કરી અનેક નિંદ્ય પર્યાયોમાં-દુર્ગતિઓમાં તિરસ્કાર જ પામ્યા છીએ.

**સમ્યગ્દષ્ટિ તો નિત્ય જ એવી પ્રાર્થના કરે છે -** બીજાઓના દોષ કહેવામાં મારૂં મૌન રહે, સર્વે જીવો પ્રતિ મારાં પ્રિય હિતરૂપ વચન જ નીકળે. **જિનધર્મી તો ગુણગ્રાહી જ હોય છે.** તેઓ મિથ્યાદષ્ટિઓનું, તીવ્ર કષાયી જીવોનું મિથ્યા આચરણ જોઈ વેર બુદ્ધિથી નિંદા કરતા નથી. તેમને એવો અભિપ્રાય હોતો નથી કે તેમને આનો અપવાદ(નિંદા) થઈ જાય તો સારૂં. તેઓ તો દોષોને, **મિથ્યાત્વને અનંતકાળ સુધી દુઃખો દેવાવાળા જાણી** કરૂણાબુદ્ધિથી મંદ કષાયી જીવોને ગુણ-દોષોની હાનિ-વૃદ્ધિનું સ્વરૂપ બતાવે છે.

**નિંદ્રા ત્યાગઃ-** નિંદ્રા, આળસ, પ્રમાદ, પર વિજય પ્રાપ્ત કરો. નિંદ્રા સમસ્ત ધર્મનો અભાવ કરે છે. જેણે નિંદ્રાને જીતી નહિ તેના છ આવશ્યક, સ્વાધ્યાય, ધ્યાન, જાપ, બધાં ઉત્તમ કાર્ય નાશ પામે છે. મુનિઓનાં તો તપ જ નિંદ્રાને જીતવા માટે છે. દર્શનાવરણ કર્મની ઉદયજનિત નિંદ્રા સર્વઘાતી પ્રકૃતિ છે, (જે) આત્માને અચેતન(જડ) જેવો બનાવી દે છે. જેણે નિંદ્રાને જીતી નહિ તેનાં બધાં હિતરૂપ કાર્ય નાશ પામશે.

શાસ્ત્ર વાંચતી વખતે કે શાસ્ત્ર સાંભળતી વખતે જો નિંદ્રા આવી જાય, ઉંઘ આવી જાય તો શાસ્ત્ર વાંચવું, સાંભળવું બને નહિ, પણ શાસ્ત્ર વાંચવા-સાંભળવામાં અરૂચિ થઈ જાય. ધ્યાન, સામાયિક કરતી વખતે જો નિંદ્રા આવી જશે તો ધ્યાન, જાપ, સામાયિક, આત્મ ધ્યાન, ભાવના બધુ નષ્ટ થઈ જશે. **ઉંઘમાં જીવ એકેન્દ્રિય સમાન થઈ જાય છે.** ઉંઘ સમસ્ત જ્ઞાનનો નાશ કરે છે. ઉંઘમાં **અબુદ્ધિપૂર્વક આત્મામાં અનેક વિકલ્પ ઉત્પન્ન થાય છે.** બુદ્ધિ પૂર્વક આત્માનું હિત કરવાની ભાવનાનો અભાવ થઈ જાય છે.

**દિવસે ઉંઘવાથી દર્શનાવરણ કર્મનો આસ્રવ થાય છે.** મુનિરાજ તો એક પ્રહર રાત્રિ વીતી ગયા પછી ખેદ પ્રમાદાદિ દૂર કરવા માટે રાત્રિના મધ્યમ બે પ્રહરોમાં શયન કરે છે, થોડીક નિંદ્રા લઈ પાછા જાગૃત થઈ બાર ભાવનાઓનું ચિંતવન કરે છે, વળી ક્ષણભર નિંદ્રા આવી જાય છે, પાછા ધર્મ ધ્યાનમાં લીન થઈ જાય છે. આ રીતે વચ્ચેના બે પ્રહરોમાં પણ અનેક વાર જાગી ધર્મ ધ્યાન કરતા રહે છે. **જો ક્યારેક મુહૂર્તભર માટે પણ નિંદ્રામાં અચેત થઈ જાય છે તો નિંદ્રાને જીતવા માટે એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, ચાર, પાંચ ઈત્યાદિ ઉપવાસ તથા રસ પરિત્યાગ આદિ મહાન અનશન આદિ તપો દ્વારા નિંદ્રાનો અભાવ કરે છે.** નિંદ્રાને જીતવા માટે તથા કામને જીતવાની સાવધાની માટે અનશનાદિ તપ હંમેશાં કરતા રહે છે.

ઉંઘમાં તો સર્વે પરિણામોની સાવધાનીનો તથા વચન, કાયાની સાવધાનીનો અભાવ થઈ જાય છે. જેણે ઉત્તમ મનુષ્ય જન્મ તથા ઉત્તમ ધર્મનો નાશ કરી એકેન્દ્રિય સમાન થઈ મનુષ્ય ભવ પૂરો કરવો છે તે (જ) ઘણી ઉંઘ લે છે. **જે દિવસે ઉંઘે છે તેનાં તો વ્રત-સંયમ જ ગળી જાય છે;** ખેદ આળસ આદિને દૂર કરવા માટે રાત્રિમાં અલ્પ નિંદ્રા લેવી જોઈએ.

**નિંદ્રા-આળસ આદિ તો જીવના અંતરંગ મહા વેરી છે.** નિંદ્રામાં હેય-ઉપાદેય, કાર્ય-અકાર્ય, હિત-અહિત, યોગ્ય-અયોગ્યના વિચાર રહિત થઈ જવાય છે. નિંદ્રાને જીત્યા વિના આ લોકના બધા જ કાર્ય નાશ પામે છે, ત્યારે પરમાર્થરૂપ કાર્ય કેમ થાય ? માટે જો વિદ્યા, વિનય, તપ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, જાપની સિદ્ધિ ઈચ્છો છો તો નિંદ્રાને જીતી ખેદ, ગ્લાનિ, આળસને દૂર કરવા માટે અલ્પ નિંદ્રા લેવી જોઈએ.

**આઠ શુદ્ધિઓ:-** હવે આઠ પ્રકારની શુદ્ધિનું વર્ણન કરીએ છીએ. જો કે આ આઠ શુદ્ધિઓ તો મુનિરાજ પરમ વીતરાગી સાધુઓને હોય છે તો પણ જેઓ સાધુપણું ધારણ કરવાના ઈચ્છુક તથા સાધુના ધર્મની ભાવના ભાવવાના ઈચ્છુક ગૃહસ્થ છે, તેમને આ આઠ શુદ્ધિઓ જાણવા યોગ્ય છે. ભાવ શુદ્ધિ, કાયા શુદ્ધિ, વિનય શુદ્ધિ, ઈર્યાપથ શુદ્ધિ, ભિક્ષા શુદ્ધિ, પ્રતિષ્ઠાપન શુદ્ધિ, શયનાસન શુદ્ધિ, વાક્ય શુદ્ધિ એ આઠ પ્રકારની શુદ્ધિઓ છે.

**(૧) ભાવ શુદ્ધિ:-** મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન જે **મોક્ષમાર્ગમાં રૂચિ છે** તેનાથી પરિણામોમાં એવી ઉજ્જવળતા હોય છે કે રત્નત્રય જ એક માત્ર મોક્ષમાર્ગ છે, અન્ય છે તે સંસારમાં ફસાવનાર કુમાર્ગ છે-વું દઢ શ્રદ્ધાન ઉત્પન્ન થઈ જાય છે. **આત્માનું હિત મોક્ષ છે,** તો મોક્ષ કર્મ બંધન રહિત અવસ્થા છે, તથા કર્મ બંધનોનું છૂટવું રત્નત્રયથી જ થાય છે. એવા દઢ શ્રદ્ધાન-જ્ઞાનથી ઉપજતી સંસાર-શરીર-ભોગોથી વિરાગતારૂપ સમસ્ત રાગ-દ્વેષાદિ મળ રહિત ઉજ્જવળતા તે ભાવ શુદ્ધિ છે.

**ભાવોમાંથી વિષયોની ઈચ્છા, રાગ-દ્વેષાદિ ઉપદ્રવ, મિથ્યાત્વરૂપ મહા મળ દૂર થયા વિના મુનિના આચાર તથા શ્રાવકના આચાર ઉજ્જવળતા પામતા નથી.** જેમ ખૂબ ચોખ્ખી દિવાલ ઉપર ચિત્ર સારૂ દોરાય છે, કાદવ વિગેરેથી ભરેલી જમીન ઉપર ઘણો હોશિયાર ચિત્રકાર પણ સારી રંગોળી બનાવી શકતો નથી, **તે જ રીતે મિથ્યાત્વ કષાયાદિથી લિપ્ત પુરૂષને પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોતાં નથી.** આ રીતે આ ભાવ શુદ્ધિ કહી.

**(૨) કાય શુદ્ધિ:-** સાધુઓને કાય શુદ્ધિ કેવી હોય છે તે કહે છે. જેઓ આવરણ રહિત, આભૂષણ રહિત, સંસ્કાર રહિત, વિકાર રહિત તથા યત્નાચાર સહિત છે તેમની તે શુદ્ધિનું નામ કાય શુદ્ધિ છે. જેઓ સુતરના, રેશમનાં, શણનાં, ઘાસનાં, રૂવાટાનાં, ચામડાનાં, વૃક્ષોની છાલોનાં, પત્તાનાં, વસ્ત્રોનાં આચ્છાદનથી રહિત તથા ભસ્માદિ લગાવવાથી રહિત છે તે આવરણ રહિત છે. તેમને કાય શુદ્ધિ છે. જેઓ સમસ્ત આભરણાદિથી રહિત છે, **જેઓ સ્નાન, ગંધ, લેપન, આદિ સંસ્કારથી રહિત છે -** જેમ શરીર પર રેત, ધૂળ, ઘાસ, પરસેવો, વિગેરે ચિપકી જાય તો તેને દૂર કરતા નથી તે સંસ્કાર રહિત છે. (તેઓ) નાક, આંખ, કપાળ, હોઠ, મુગુટ, મસ્તક, સ્કંધ, હાથ, આંગળી ઈત્યાદિ હલાવી ઈશારો કરવા રૂપ વિકાર રહિત છે.

સર્વત્ર ક્રિયામાં યત્નાચાર સહિત પ્રશમ સુખની મૂર્તિ સમાન જ દેખાય છે. એવું લાગે છે કે જાણે શરીર હોવા છતાં પણ પોતાને કોઈ અન્યથી ભય નથી, તથા કોઈ અન્યને પોતાથી ભય નથી, એવી કાયાની વિશુદ્ધતા સાધુઓને જ હોય છે. શ્રાવક પણ જે એક દેશ શુદ્ધિના ધારક છે એવા વસ્ત્રાભરણ પહેરે છે જેનાથી સ્વયંને તથા બીજાઓને કામભાવ ઉત્પન્ન ન થાય, અભિમાન ન ઉપજે, ભય ન ઉપજે. લોકમાં માન્ય, પોતાના પદને અનુકૂળ, ઉંમરને યોગ્ય, વસ્ત્ર પહેરવાં તથા અંગોની ચેષ્ટા, આંખોથી જોવું, વચન બોલવું, બેસવું, સૂવું, ચાલવું, રાગાદિ અભિમાનાદિ દોષ રહિત પ્રવર્તન કરવું તે કાય શુદ્ધિ છે.

**(૩) વિનય શુદ્ધિ:-** વિનય શુદ્ધિ આ પ્રકારે થાય છે - અરહંતાદિ પરમ ગુરૂઓની યથા યોગ્ય પૂજામાં લીનતા તથા સમ્યગ્જ્ઞાનાદિમાં યથાવિધિ ભક્તિ સહિત રહેવું (તે) વિનય શુદ્ધિ છે. સદાયે ગુરૂઓને અનુકૂળ વર્તવું, પ્રશ્ન કરવામાં, સ્વાધ્યાયમાં, વાંચનમાં, કથનીમાં, વિનંતીમાં નિપુણતા તથા દેશ કાળ ભાવોને જાણી નિપુણતાપૂર્વક આચાર્યાદિકને અનુકૂળ પ્રવર્તન-આચરણ કરવું તે વિનય શુદ્ધિ છે. વિનય જ સમસ્ત ચારિત્ર સંપદાનું મૂળ છે, વિનય જ પુરૂષનું આભૂષણ છે, વિનય જ સંસાર સમુદ્રથી તરવા માટે નૌકા છે. માટે ગૃહસ્થે પણ મનથી, વચનથી, કાયાથી પ્રત્યક્ષ-પરોક્ષ વિનયને ધારણ કરવો જોઈએ. એનું વિશેષ વર્ણન આગળ તપના પ્રકરણમાં કહીશું.

**(૪) ઈર્યાપથ શુદ્ધિ:-** સાધુઓને ઈર્યાપથ શુદ્ધિ આ રીતે જાણવી - અનેક પ્રકારના જીવોના સ્થાન, જીવોની ઉત્પત્તિરૂપ યોનિ તથા જીવોને રહેવાનાં જે-જે આશ્રય સ્થાન છે તેમને જાણી યત્નાચારપૂર્વક તે જીવોને દુઃખ થવું જાણી દૂરથી જ ત્યાગ કરી ગમન કરે છે. પોતાના જ્ઞાનથી, સૂર્યના પ્રકાશમાં, આંખ આદિ ઈન્દ્રિયો દ્વારા અજવાળામાં જોઈને માર્ગમાં ચાલે છે. રસ્તામાં ઉતાવળે શીઘ્રતાથી ગમન, ધીમેથી ગમન, સંભ્રમપૂર્વક (ભૂલીને) ગમન, વિસ્મયરૂપ આશ્ચર્ય કરતાં ગમન, ક્રીડા કરતાં ગમન, શરીરને વિકારરૂપ કરતાં ગમન, દિશાઓની તરફ જોતાં ગમન-એ ગમનના દોષ છે. આ દોષોથી રહિત ચાર હાથ જમીનને આગળથી જોઈ જે માર્ગ પર અનેક મનુષ્ય, ગાડા-ગાડી, બળદ, ગધેડા આદિ ચાલી ચૂકયા હોય, જે માર્ગને પ્રાતઃકાળના વાયુનો સ્પર્શ થઈ ગયો હોય, જે માર્ગ પર સૂર્યના કિરણોનો સંચાર થઈ ગયો હોય તે માર્ગ પર દિવસે ગમન કરવાવાળા સાધુઓને ઈર્યા સમિતિ હોય છે.

**ઈર્યા સમિતિના હોવાથી જ સંયમ પ્રતિષ્ઠિત (આદર યોગ્ય) થાય છે, જેમ**

**સુનીતિ હોવાથી જ વૈભવ પ્રતિષ્ઠિત થાય છે.** આનો જ એક દેશ ધર્મ અંગીકાર કરવાવાળા ગૃહસ્થે પણ ઈર્યાપથની શુદ્ધિરૂપ ગમન કરવાની ભાવના રાખવી જોઈએ, તથા પોતાની શક્તિ પ્રમાણે રસ્તામાં કીડા-કીડી, લીલા ફણગા, ઘાસ, દૂબ, કાદવ, નીલ ઈત્યાદિને ટાળીને દયારૂપ પરિણામોથી ગમન કરવું ઉચિત છે. જોઈ તપાસી ગમન કરવાવાળા ગૃહસ્થને આ લોકમાં પણ ખાડામાં પડી જવાની, ઠોકર લાગવાની, સાપ-વિંછી આદિ દુષ્ટ જીવોની કનડગત થતી નથી, જિનેન્દ્રની આજ્ઞાનું પાલન થઈ જાય છે.

**(૫) ભિક્ષા શુદ્ધિ:-** આહારની શુદ્ધિ-હવે મુનિવરોની ભિક્ષા શુદ્ધિનું વર્ણન કરીએ છીએ. સાધુ જ્યારે વનમાંથી ભિક્ષા માટે (આહાર માટે) નગર-ગામ આદિમાં જાય છે ત્યારે દેશની રીતને, કાળને જાણી તથા નગર-ગામ આદિને ઉપદ્રવ રહિત જાણીને જાય છે. જો અગ્નિનો ઉપદ્રવ, પર ચક્ર (અન્ય ધર્મનો પ્રચાર-ઉત્સવ આદિ)નો ઉપદ્રવ, રાજાદિ મહંત પુરૂષોના મરણનું વિઘ્ન હોય તથા પોતાના ધર્મમાં વિઘ્ન જાણે તો આહાર માટે જતા નથી, મહાન હિંસા થવી જાણે તો પણ જતા નથી.

જે કાળમાં ચક્કીઓના, ખાંડવાના (દળવાના) ઘણા તેજ અવાજ થતાં-થતાં બિલ્કુલ મંદ રહી જાય, તથા અનેક વેશધારી ભિક્ષા લેવા આવી રહ્યા હોય, તે કાળમાં મળ-મૂત્રની બાધા હોય તો તે બાધાને દૂર કરી પછી પીંછીથી પોતાના શરીરનો આગળનો પાછળનો ભાગ તપાસી, કમંડળ-પીંછી લઈ ગમન કરે છે. માર્ગમાં અતિ શીઘ્રતાથી ગમન કરતા નથી. ધીરેથી ગમન કરતા નથી. રસ્તામાં કોઈથી વાર્તાલાપ કરતા નથી, રસ્તામાં વનની, ભૂમિની, નગરની, ગામની શોભા જોતા નથી. જ્યાં કલહ, વિસંવાદ, કૌતુક, નૃત્ય, ગીત આદિ થઈ રહ્યા હોય તેમને દૂરથી જ છોડી ગમન કરે છે. રસ્તામાં દુષ્ટ તિર્યંચ, દુષ્ટ મનુષ્ય, પાગલ મનુષ્ય, સ્ત્રી તથા પત્તાં, ફળ, ફૂલ, બીજ, પાણી, કાદવાદિ જે ભૂમિ પર પડેલાં હોય તેમને દૂરથી જ છોડી ગમન કરે છે.

આચારાંગ શાસ્ત્રમાં કહેલા દેશ કાળને જાણવામાં નિપુણ તથા માર્ગમાં ગમન કરતા સાધુ દાતારનું તથા ભોજનનું એ રીતે ચિંતવન નથી કરતા કે-આજે મને કોણ દાતાર આહાર આપશે, મને આહાર તુરત જ મળી જાય તો સારૂં, મીઠો, નમકીન, ગરમ, ઠંડો સ્વાદિષ્ટ યા બેસ્વાદ આહાર મળી જાય તો સારૂ. તે તો અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર લાભ-અલાભ જાણી આહારના લાભ-અલાભમાં, માન-અપમાનમાં, મનની વૃત્તિને સમાન રાખી, ધર્મ ધ્યાનરૂપ ચિંતવન કરી, ચાર આરાધનાઓના શરણ સહિત, ક્ષુધા તૃષાદિની વેદનાનું ચિંતન ન કરતાં આહાર માટે નીકળે છે.

**લોક નિંદ્ય કુળમાં ગમન કરતા નથી.** ઉત્તમ કુળના પણ એવા ઘરોમાં પ્રવેશ નથી કરતા(કે) જ્યાં દાનશાળા હોય, વિવાહ આદિ થઈ રહ્યા હોય, મૃતકનું સુતક હોય, ગાન-ગીત થઈ રહ્યા હોય, નૃત્ય કે વાજિંત્ર વાગવાનો ઉત્સવ થઈ રહ્યો હોય, રૂદન થઈ રહ્યું હોય, ભિક્ષા આહાર માટે ઘણા લોકો ભેગા થયા હોય, કલહ, વિસંવાદ, જુગારની રમતો રમાતી હોય, દરવાજા બંધ હોય, જવાવાળાને કોઈ મનાઈ કરતું હોય, ઘોડા, હાથી, ઊંટ, બળદ વિગેરે રસ્તામાં ઉભાં હોય કે બાંધેલાં હોય, અનેક માનવોની ભીડ થઈ રહી હોય, સાંકડા રસ્તામાં ઘણા લોકોનું મુશ્કેલીથી આવવું જવું થઈ રહ્યું હોય, નાભિથી અધિક નીચા દરવાજાથી જવું પડે તેમ હોય, પગ વડે અધિક ઉંચી ભૂમિ પર ચઢવું પડતું હોય, એવા ઘરોમાં તો સાધુ આહાર માટે પ્રવેશ જ કરતા નથી.

**ચંદ્રમાની ચાંદનીની જેમ ધનવાન-નિર્ધન બધાના ઘરોમાં જાય છે.** દીન, અનાથ, નિંદ્ય કર્મથી આજીવિકા કરવાવાળા, ગીત, નૃત્ય, વાજિંત્રથી આજીવિકા કરવાવાળા વિગેરે અયોગ્ય ઘરોમાં આહાર માટે જતા નથી. જ્યાર આહાર માટે ઘરોમાં જાય છે તો જ્યાં સુધી અન્ય ભિક્ષુઓને તથા બધા માનવોને આવવામાં રૂકાવટ ન હોય ત્યાં સુધી જ જાય છે. **આશિર્વાદ, ધર્મલાભ આદિ મુખથી કહેતા નથી, હુંકારો, ભવાંથી ઈશારો વિગેરે કરતા નથી,** પેટનું કૃશપણું બતાવતા નથી, હાથથી માગવાનો ઈશારો કરતા નથી. દાતારને જોવા માટે, ભોજન જોવા માટે ઉપર કે દિશા-વિદિશામાં જોતા નથી, વધારે વાર સુધી ઉભા રહેતા નથી, વીજળીના ચમકારાની જેમ અડધા આંગણા સુધી જઈ અટકી જાય છે; તિષ્ઠ, તિષ્ઠ, તિષ્ઠ-એમ ત્રણવાર આદરપૂર્વક બોલી ઉભા રાખે તો ઉભા રહે, એકવાર નીકળી ગયા પછી પાછા તે જ ઘરમાં જતા નથી, પછી બીજા ઘરમાં પ્રવેશ કરે છે. અંતરાય થઈ જાય તો પછી બીજા ઘરમાં પણ જતા નથી, પાછા સીધા વનમાં જ ચાલ્યા જાય છે.

દીનતા રહિત, યાચના રહિત, પ્રાસુક આહાર આચારાંગ શાસ્ત્રમાં કહ્યા અનુસાર છેંતાલીશ દોષ, ચૌદ મળ, બત્રીસ અંતરાય રહિત આહાર માત્ર પ્રાણોની રક્ષા કાજે અંગીકાર કરે છે. સુંદર રસ-નીરસ (આહાર)માં, લાભ-અલાભમાં સંતોષી રહેવું તે સાધુની ભિક્ષા છે એ ભિક્ષાની શુદ્ધતાથી ચારિત્રની ઉજ્જવળ સંપદા એવી રીતે પ્રાપ્ત થાય છે, જેમ સાધુપુરૂષોની સેવાથી ગુણોની સંપદા પ્રાપ્ત થઈ જાય છે.

**મુનિવરોની ભિક્ષા પાંચ પ્રકારે થાય છે:-** ગોચરી વૃત્તિ, અક્ષમૃક્ષણ વૃત્તિ,

ઉદરાગ્નિ પ્રશમન વૃત્તિ, ભ્રામરી વૃત્તિ, ગર્તપૂરણ વૃત્તિ -એવા પાંચ પ્રકારથી સાધુઓની આહારમાં પ્રવૃત્તિ જાણવી.

**ગોચરી વૃત્તિ ભિક્ષા:-** જેમ વિકાર સહિત વસ્ત્ર, આભરણ આદિ સહિત રૂપ યૌવનથી યુકત સુંદર સ્ત્રી દ્વારા લાવેલા ઘાસને ગાય ચરે છે, પણ તે સ્ત્રીના અંગોના સૌંદર્ય, આભરણ, વસ્ત્રોને જોતી નથી, માત્ર ઘાસ ચરવું (તે) જ તેનું પ્રયોજન છે, એ જ રીતે સાધુ પણ દાતારના રૂપ, આભરણ, સૌંદર્યને ન જોતાં, નવધા ભક્તિથી પડગાવ્યા પછી હાથમાં રાખેલા ભોજનનો કોળિયો લે છે તે ગોચરી વૃત્તિ છે.

જેમ ગાય વનમાં અનેક સ્થળે અટકી જેવું ઘાસ મળી જાય તેવું ભક્ષણ કરે છે, વનની શોભા, વૃક્ષોની શોભા જોવાનાં પરિણામ કરતી નથી, તે જ રીતે સાધુ પણ ગૃહસ્થોના ઘરમાં જઈ કેવળ પોતાના હાથોમાં રાખેલા આહારના કોળિયાને ખાવામાં જ દષ્ટિ રાખે છે. ગૃહસ્થના મોટા મહેલ, મકાન, શૈયા, આસન આદિ જોવામાં, સોના, ચાંદી, કાંસા, પિત્તળ, માટીના વાસણ આદિ જોવામાં, અનેક ભોજન તથા પરિવારજનોને જોવામાં પરિણામ લગાવતા નથી, આજુબાજુના લોકોના કોમળ, લલિતરૂપ-વેશ-વિલાસોને જોવામાં વાંછા રહિત થઈ, સૂકો-રૂખો આહાર ન જોતાં ગાયની જેમ ભોજન કરે છે, તે ગોચરી વૃત્તિ યા ગવેષણા કહેવાય છે.

**અક્ષમૃક્ષણ વૃત્તિ ભિક્ષા:-** જેમ વાણિયો રત્નોથી ભરેલી ગાડીને ઘી, તેલ આદિ ચીકણા પદાર્થનો લેપ લગાવીને પોતાના ઈચ્છિત સ્થાન-દેશાંતર લઈ જાય છે, તે જ રીતે સાધુ પણ ગુણરૂપ રત્નોથી ભરેલી પોતાની દેહરૂપી ગાડીને નિર્દોષ ભિક્ષા ભોજનરૂપી લેપ લગાવીને પોતાના ઈચ્છિત સમાધિરૂપ નગરમાં લઈ જાય છે, તેને અક્ષમૃક્ષણ વૃત્તિ કહે છે.

**ઉદરાગ્નિ પ્રશમન વૃત્તિ ભિક્ષા:-** જેમ અનેક વસ્ત્ર, આભરણ આદિથી ભરેલા ભંડાર ઘરમાં લાગેલી આગને ગૃહસ્થ શુદ્ધ યા અશુદ્ધ પાણીથી બુઝાવી પોતાના સામાનની રક્ષા કરે છે, તેવી રીતે સાધુ પણ પોતાના ઉદરરૂપી ભંડારમાં ઉત્પન્ન ક્ષુધા-તૃષાદિરૂપ અગ્નિને સુંદર-અસુંદર (રસ-નીરસ) ભોજનથી બુઝાવે છે, તે ઉદરાગ્નિ પ્રશમન વૃત્તિ છે.

**ભ્રમરાહાર વૃત્તિ ભિક્ષા:-** જેમ ભમરો ફૂલને કોઈપણ પ્રકારનું નુકશાન ન કરી ફૂલની ગંધ લઈ લે છે, તેમ સાધુ પણ દાતારને કંઈ પણ નુકશાન પહોંચાડ્યા વિના ભોજન કરે છે, તે ભ્રમરાહાર વૃત્તિ છે.

**ગર્તપૂરણ વૃત્તિ ભિક્ષા:-** જેમ ગૃહસ્થના ઘરમાં જો કોઈ ખાડો થઈ ગયો હોય તો તે, તે ખાડાને ધૂળ, પત્થર, આદિથી ભરી દે છે, તેવી રીતે સાધુ પણ ઉદરરૂપ ખાડાને રસ-નીરસ ભોજનથી ભરે છે તેને ગર્તપૂરણ વૃત્તિ કહે છે આ રીતે પાંચ પ્રકારથી ભોજન કરવાવાળા સાધુને ભિક્ષા શુદ્ધિ હોય છે.

શ્રાવક પણ અન્યાય છોડી, ઘણી હિંસાના કારણ વ્યવહાર આરંભ છોડી, કર્મના ઉદયમાં મળેલા ધનમાં સંતોષ માની, બીજાઓને કષ્ટ આપ્યા વિના, ન્યાયથી કમાયેલા ધનને મદ, વિશાદ, દીનતા રહિત થઈ, દાનનો ભાગ કરી ભોગવે છે. અભક્ષ્યાદિ સદોષ ભોજનનો ત્યાગ કરી, દિવસે ભોગાન્તરાય, લાભાન્તરાય કર્મના ક્ષયોપશમ પ્રમાણે, રસ-નીરસ જે મળે તેમાં કુટુંબનો ભાગ તથા દાનનો ભાગ કરી ભોજનાદિ કરે છે. ગૃહસ્થને લાલસા રહિત, ગૃદ્ધતા રહિત જ ભોજનની શુદ્ધતા છે.

**(૬) પ્રતિષ્ઠાપન શુદ્ધિ:-** સંયમી પુરૂષ પોતાના શરીરના નખ, વાળ, કફ, નાકનો મેલ, મૂત્ર, મળ વિગેરેને દેશ કાળ જાણી વિરોધ રહિત, જ્યાં જીવોની બાધા ન હોય, બીજાઓનાં પરિણામ મલિન ન થાય, એવા ક્ષેત્રમાં નાખે છે તેમને પ્રતિષ્ઠાપન શુદ્ધિ હોય છે. ગૃહસ્થ પણ પોતાના શરીરનો મળ, તથા પાણી, કજોડા રાખ, માટી, પથ્થર, લાકડી સાવધાનીપૂર્વક ફેંકે છે. જેમ નાના મોટા જીવોની વિરાધના ન થાય, કોઈની સાથે ઝઘડો ટંટો ન થાય, પોતાના શરીરને નુકશાન ન થાય, બીજા લોકોને ગ્લાનિ ન થાય તે રીતે નાખે છે.

**(૭) શયનાસન શુદ્ધિ:-** શયનાસન શુદ્ધિ સાધુનું મુખ્ય આચરણ છે. જ્યાં સ્ત્રીઓ, નપુંસક, ચોર, શરાબી, શિકારી, ઈત્યાદિ પાપી જનોનું આવવું-જવું ન હોય, જ્યાં શ્રૃંગાર, શરીર વિકાર, ઉજ્જવળ આભરણ પહેરી સ્ત્રીઓ વિચરણ કરતી હોય, વેશ્યાઓનું ક્રીડાવન, બાગ ગીત, નૃત્ય વાજિંત્રથી વ્યાપ્ત સ્થાનોનો તો સાધુ દૂરથી જ ત્યાગ કરી રહે છે. (તે) અકૃત્રિમ પર્વતોની ગૂફા, વૃક્ષોની બખોલ, શૂન્ય ગૃહ (સૂનું ઘર) આદિ (જે) પોતાના માટે ન બનાવેલા હોય, (તથા) આરંભ રહિત સ્થાનોમાં તથા શુદ્ધ ભૂમિમાં શયન આસન કરે છે.

ગૃહસ્થ પણ વિષયોના વિકાર રહિત, સ્ત્રી, નપુંસક, દુષ્ટ, કલહ, વિસંવાદ, વિકથાદિ રહિત, પરિણામોની ઉજ્જવળતા જ્યાં ન બગડે એવા સ્થાનોમાં શયન આસન કરે છે. **સ્થાનના દોષથી પરિણામોમાં દુર્ધ્યાન રહે છે, દુષ્ટ ચિંતવન થાય છે.** માટે

પોતાની આજીવિકાનું ન્યાયમાર્ગથી સાધન કરી નિરાકુળ સ્થાનમાં જ શયન આસન કરવું જોઈએ.

**(૮) વાક્ય શુદ્ધિ:-** સાધુ પૃથ્વીકાય આદિ જીવોની વિરાધનાના પ્રેરણા રહિત, કઠોર કટુ આદિ પર પીડાનાં કારણ રૂપ વચન રહિત, વ્રત-શીલ-સંયમના ઉપદેશરૂપ વચન કહે છે, હિત-મિત-મધુર મનોહર વચન કહે છે, તે વાક્ય શુદ્ધિ છે. ગૃહસ્થ પણ જેટલાં વચન કહે છે તે વિવેક સહિત કહે છે. લોક વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ, હિંસાના પ્રેરક, અસત્ય, કટુ કર્કશ આદિ વચન કદી બોલતા નથી. આવી આઠ પ્રકારની સંયમીઓની શુદ્ધિનો વિચાર કરે છે, ભાવના ભાવે છે તો ઘણા પાપોથી નિવૃત્ત થાય છે, ધર્મ ભાવનાની વૃદ્ધિ કરે છે.

## ❖ તપ ભાવના ❖

તપ ભાવના ગૃહસ્થે પણ ભાવવા યોગ્ય છે. જો કે તપની મુખ્યતા તો મુનિવરોને જ હોય છે, તો પણ ગૃહસ્થ પણ જો તપ ભાવના ભાવતો રહે તો રોગાદિ કષ્ટ આવ્યે ચલાયમાન થતો નથી, ઈન્દ્રિયોની ચંચળતા જીતે છે, વૃદ્ધ અવસ્થામાં બુઢાપાથી બુદ્ધિ ચલિત થતી નથી, ખાન-પાનમાં વિકળતાનો અભાવ થાય છે. સંતોષ વૃત્તિ પ્રગટે છે, દીનતાનો અભાવ થઈ જાય છે, લોકમાં યશ ઉજ્જવળ થાય છે, પર લોકમાં સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. માટે તપ કરવું જ યોગ્ય છે.

**બાહ્ય તપ:-** તપ બે પ્રકારના છે. એક બાહ્ય, એક અભ્યંતર. બાહ્ય તપના છ ભેદ છે - અનશન, અવમૌદાર્ય, વૃત્તિપરિસંખ્યા ન રસ પરિત્યાગ, વિવિક્ત શયનાસન, કાય કલેશ, એવા આ છ પ્રકારના બાહ્ય તપનું વર્ણન કરીએ છીએ.

**અનશન તપ:-** હવે અનશન તપનું સ્વરૂપ કહે છે - અનશન અર્થાત્ ભોજનનો ત્યાગ કરવો તે અનશન તપ છે. ઈષ્ટ ફળની અપેક્ષા રહિત થઈ ભોજનનો ત્યાગ કરવો તે અનશન તપ છે. જેઓ અહીં યશ માટે, ખ્યાતિ માટે, જગતના લોકો પાસે પૂજા-નમસ્કારાદિ કરાવવા માટે મંત્ર સાધના માટે, ધન માટે, ઋદ્ધિ સંપદા માટે દુશ્મનોના નાશ માટે, પરલોકમાં રાજ્ય-સંપદાની પ્રાપ્તિ માટે, કષાયથી-વેરથી દુઃખી થઈ પોતાના પ્રાણોના ઘાત માટે જે અનશન કરે છે તે અનશન સમ્યક્ તપ નથી, માત્ર સંસાર પરિભ્રમણનું કારણ છે.

જેઓ ઈન્દ્રિયોના વિષયોની લાલસા ઘટાડવા માટે, છ કાયના જીવોની દયા

માટે, રાગ ભાવ ઘટાડવા માટે, નિંદ્રાને જીતવા માટે, કર્મોની નિર્જરા માટે, ધ્યાનની સિદ્ધિ માટે, દેહનું સુખીયાપણું મટાડવા માટે ઉપવાસ આદિ કરે છે તે અનશન તપ છે. અનશન તપ બે પ્રકારે કરાય છે - એક તો કાળની મર્યાદાથી થાય છે, બીજું આજીવન માટે થાય છે.

બધા મનુષ્યો એક દિવસમાં બે વાર ભોજન કરે છે, તેમાં સવારનું એક વાર ભોજન કરવું, સાંજના બીજી વારના ભોજન-ત્યાગ કરવો તે પણ અનશન છે. પહેલા દિવસે એક વાર ભોજન કરી બીજી વારના ભોજનનો ત્યાગ, બીજા દિવસના બંને વારના ભોજનનો ત્યાગ તથા આગળના પારણાના દિવસે એક ભોજનનો ત્યાગ કરી એક વાર જમવું તે ચાર ભોજનના ત્યાગરૂપ ચતુર્થ છે તેને ઉપવાસ કહે છે. છ ભોજનના ત્યાગને બે ઉપવાસ કહે છે, આઠ ભોજનના ત્યાગને તેલા કહે છે, દસ ભોજનના ત્યાગને ચોલા કહે છે. આ રીતે કાળની મર્યાદારૂપ અનશન તપ જાણવું. આયુષ્યના અંતમાં આજીવન ભોજન ત્યાગવું તે આજીવન અનશન છે.

**ઈન્દ્રિયોના ઉપશમન માટે ભગવાને ઉપવાસ કરવા કહ્યા છે.** માટે ઈન્દ્રિયોને જીતનાર મુનિ ભોજન કરતા થકા પણ ઉપવાસ કરવાવાળા જાણવા. **જેઓ ઉપવાસ કરીને પણ ઈન્દ્રિયોને વિષયોથી રોકતા નથી, આરંભ કરે છે, કષાયરૂપ પ્રવર્તે છે, તેમનું અનશન તપ નિષ્ફળ જાય છે,** કર્મોની નિર્જરા કરતું નથી. આ રીતે અનશન તપનું સ્વરૂપ કહ્યું છે.

જે રીતે વાત-પિત્ત-કફાદિ વિકાર ન થાય, રોગ શાંત થાય, ધર્મમાં ઉત્સાહ વધતો રહે તે રીતે પોતાના પરિણામોની વિશુદ્ધિ ચાહતા થકા દેશને અનુકૂળ, કાળને અનુકૂળ, આહાર-પાણીની યોગ્યતાને અનુકૂળ, કુટુંબ આદિની સહાયતાને અનુકૂળ, સંહનન અનુસાર જેમ શરીરમાં વિકાર ન થાય તેમ શ્રાવકોએ પણ પોતાની શક્તિ અનુસાર અનશન તપ અંગીકાર કરવું શ્રેષ્ઠ છે.

**(૨) ઊણોદર તપઃ-** ઉણોદર તપનું સ્વરૂપ આ રીતે જાણવું- ઉન્ અર્થાત્ થોડું-ઓછું, ઉદર એટલે પેટ. જેમાં ભરપેટથી કંઈક ઓછું ભોજન લેવામાં આવે છે તેને ઉણોદર તપ કહે છે. જેટલા આહારથી પૂરું પેટ ભરાય છે તેટલાથી થોડું ઓછું ભોજન કરવું તે ઉણોદર યા અવમૌદર્ય તપ છે. ઉણોદર તપથી ઈન્દ્રિયોનો સંયમ થાય છે, ભોજનની લોલુપતાનો અભાવ થાય છે. અલ્પ આહાર લેવાથી વાયુ-પિત્ત-કફાદિ

વિકાર થતા નથી, રોગોનું ઉપશમન થાય છે, ઉંઘ આળસ પર વિજય થાય છે. સ્વાધ્યાય, સામાયિક, કાયોત્સર્ગ, ધ્યાનમાં ખેદ થતો નથી; સુખેથી ધ્યાન, સ્વાધ્યાય આદિ આવશ્યક થાય છે. ઉણોદર તપ કરવાથી ઉપવાસનો ખેદ, ગરમી વિગેરે થતાં નથી, સુખથી ઉપવાસ થઈ જાય છે.

જો ઘણું ભોજન કરી લે છે તો ધ્યાન, કાયોત્સર્ગ આદિ આવશ્યક સુખથી થતા નથી, આળસ ઉંઘ પ્રબળ થઈ જાય છે, તરસ ઘણી લાગે છે, ગરમીની પીડા સતાવે છે.

એટલા માટે ઈન્દ્રિયોની લાલસા આદિ ઘટાડવા માટે, મનને રોકવા માટે જ્ઞાની મુનિ તો અડધુ ભોજન, ચોથા ભાગનું ભોજન ક્રમથી એક-એક, બે-બે કોળિયા ઘટાડતા થકા, એક કોળિયા માત્ર જેટલો ઉણોદર તપનો ભેદ કરે છે; પણ જે મિષ્ટ ભોજનના લાભ માટે, કીર્તિ-પ્રશંસા મેળવવા માટે અલ્પ ભોજન કરે છે, તે ઉણોદર તપ નથી. **ઉણોદર તો ભોજનમાં લાલસા ઘટાડવા માટે કરવામાં આવે છે.** ગૃહસ્થ શ્રાવક માટે પણ અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર મળેલા ભોજનમાં સંતોષ કરી ભોજનની લાલસા છોડી ઈચ્છાના નિરોધ માટે અવમૌદર્ય તપ કરવું શ્રેષ્ઠ છે.

**(૩) વૃત્તિ પરિસંખ્યાન તપ:-** વૃત્તિ પરિસંખ્યાન તપ મુનિરાજોને હોય છે; તેનું સ્વરૂપ કહીએ છીએ. મુનિરાજ આહાર માટે જાય ત્યારે પ્રતિજ્ઞા કરે છે કે-આજે એક ઘરમાં જ જઈશ, યા બે, ત્રણ, પાંચ, સાત ઘરોનું પ્રમાણ કરીને જાય છે, આજે સીધા માર્ગમાં જ મળશે તો, વાંકા માર્ગમાં મળશે તો, આવો દાતાર હશે તો, આવું ભોજન હશે તો, આવા પાત્રમાં હશે તો, આવી વિધિથી મળશે તો આહાર ગ્રહણ કરીશ, બીજી રીતે નહીં કરૂં. આવી કડક-કડક પ્રતિજ્ઞા લઈ જેઓ ભોજન માટે ગમન કરે છે, તેમને વૃત્તિ પરિસંખ્યાન તપ હોય છે આ દુર્ધર તપ મુનિરાજોથી જ થાય છે, બીજા ગૃહસ્થ એને ધારણ કરવામાં સમર્થ હોતા નથી.

**ગૃહસ્થ પણ વીતરાગી ગુરૂઓના પ્રસાદથી આ પ્રકારની પ્રતિજ્ઞાઓ કરે છે :-** મને જિનેન્દ્ર ધર્મ મળ્યો છે, માટે ઉજ્જવળ ધર્મનો ઘાત જેમાં ન થાય એવી રીતિથી જ આજીવિકા મેળવીશ, જેમાં શ્રદ્ધાન, જ્ઞાન, વ્રત નષ્ટ થઈ જાય તે આજીવિકા કરીશ નહિ. ઘણાં હિંસા, જૂઠ, માયાચાર જેમાં કરવા પડે એવી નોકરી કરીશ નહિ, ખોટા પાપના વાણિજ્ય વ્યવહાર કરીશ નહિ, ઉજ્જવળ ધંધો, ઘણા આરંભ રહિત,

કપટ રહિત, અસત્ય રહિત, જે આજીવિકા હોય તે જ મારે કરવી, અન્ય ન કરવી ઈત્યાદિ આજીવિકાનો નિયમ કરે છે.

આટલો પરિગ્રહ, આટલું ધન, આટલા કપડાંનો જ ભોગ-ઉપભોગ કરવો, રોગ થઈ જાય તો આટલી જ દવા ખાઈશ, આ ઔષધિઓ સિવાય અન્ય દવા નહિ ખાઉં; આજે મારા ઘરમાં જે ભોજન તૈયાર થશે તે જ ખાઈશ; હું મુખથી કહી બનાવરાવીશ નહિ, માગીને ખાઈશ નહિ. આજે હું મારા ઘરમાં, મારા જ ઘરમાં બનેલું, થાળીમાં પહેલી વારમાં પિરસવામાં જેટલું ભોજન આવશે તેટલું જ ભોજન કરીશ, પછી બીજી વાર માગીશ નહિ, વિગેરે પ્રકારની પ્રતિજ્ઞા ઈચ્છાઓને રોકવા માટે ગૃહસ્થ પણ પોતાના મનમાં કરે છે.

**(૪) રસપરિત્યાગ તપ:-** હવે રસપરિત્યાગ તપનું સ્વરૂપ કહે છે. દૂધ, દહીં, ઘી, મીઠું, ગોળ, તેલ-એ છ પ્રકારના રસ છે. એમાંથી જિવ્હા આદિ ઈન્દ્રિયોના દમન માટે, મનની લોલુપતા મટાડવા માટે, કામને જીતવા માટે, નિંદ્રાને ઘટાડવા માટે, સંયમની સાધના માટે રસોનો ત્યાગ કરવો, કદી એક રસનો ત્યાગ, કદી બે રસનો ત્યાગ, કદી ત્રણ રસનો ત્યાગ, કદી છ રસોનો ત્યાગ કરવો તે રસ પરિત્યાગ તપ છે.

સંસારી જીવો મીઠો રસ ખાવાના લોલુપી થઈ અભક્ષ્ય ભક્ષણ કરે છે, લાજ છોડી દે છે, વ્રત-તપ ભંગ કરે છે, ભોજનની લોલુપતાથી શુદ્રાદિના અયોગ્ય કુળમાં ભોજન કરે છે, દીન થઈ કરગરે છે, રસાદિ ખાવા માટે લડે છે, મરે છે, પડે છે, મોટા ભાગે રસોના લોલુપી થઈ ભ્રષ્ટ થઈ રહ્યા છે.

**કોઈ ધન્ય પુરૂષને રસરૂપ ભોજન કરવાની લાલસા હોતી નથી.** ઉત્તમ ગૃહસ્થ તો પ્રથમથી જ અનેક પ્રકારના ઘી, મીઠા, રસાદિમાં લાલસા છોડી પોતાના ઘરમાં જ ખારો, તૂરો, રૂખો, ચીકણો ઈત્યાદિ જેવો કર્મ સહજ વિધિ મેળવી દે તેવો આહાર સંતોષપૂર્વક લે છે. રસરૂપ ભોજનની ચર્ચા સ્વપ્નમાં કરતો નથી. **રસોની લંપટતા બંને લોકમાં ભ્રષ્ટ કરવાવાળી છે.** માટે લાલસા છોડવા માટે ઈન્દ્રિયોને વશ કરવા માટે, પરમ સંવર અને નિર્જરા કરવા માટે, દીનતાનો અભાવ કરવા માટે, સંતોષ ધારણ કરવા માટે રસપરિત્યાગ તપ કરવું જ શ્રેષ્ઠ છે.

**(૫) વિવિક્ત શૈયાસન તપ:-** હવે વિવિકત શૈયાસન તપનું સ્વરૂપ કહીએ છીએ. સૂના ઘર, એકાંત સ્થાન, વિકલત્રય જીવોની બાધા રહિત, સ્ત્રી-નપુંસક-અસંયમી

પુરૂષોના અવર-જવરથી રહિત સ્થળે, પર્વતોની ગુફા, વનના ખૂણામાં ધ્યાન-અધ્યયન કરવું, શયન-આસન કરવું તે વિવિક્ત શૈયાસન તપ છે. તેનાથી એકાન્તમાં રહેવાવાળા સાધુને હિંસાનો અભાવ, મમત્વનો અભાવ, વિકથાનો અભાવ, કામનો અભાવ, તથા ધ્યાન-અધ્યનની સિદ્ધિ થાય છે. બીજું કોઈ સાથે હોય તો વાતચીત થાય છે, તેનાથી ચલાયમાન થઈ જવાય છે, રાગ ભાવ વધે છે. માટે સંયમી એકાન્તમાં જ શયન આસન કરે છે.

ગૃહસ્થ ધર્માત્મા પણ પાપથી ડરીને, પોતાના ગૃહાચારનાં આજીવિકા આદિ કાર્ય ન્યાયમાર્ગથી, અલ્પ આરંભાદિ રૂપ પાપ કાર્યોથી પણ ભયભીત થઈ, શરીરના સ્નાન, ભોજન આદિ કાર્ય કરી એકાન્ત મકાનમાં, પોતાના ઘરમાં, જૈન મંદિરમાં, ધર્મશાળામાં, વનના ચૈત્યાલયાદિમાં, સાધર્મી લોકોની સંગતિમાં ધર્મ ચર્ચા કરતાં-કરતાં, સ્વાધ્યાય, જિનાગમનાં પઠન-પાઠન, વ્યાખ્યાન, જિનાગમનું શ્રવણ, પંચ નમસ્કારનું સ્મરણ કરતાં-કરતાં દિવસ-રાત વીતાવે છે. સ્ત્રી કથા, રાજ કથા, ભોજન કથા, દેશ કથા કદી પણ ન કરતાં કાળ વીતાવે છે. કામ વિકારને વધારનાર, રાગ ઉત્પન્ન કરાવનાર શયનાસનનો ત્યાગ કરે છે. ગૃહસ્થનું પણ વિવિક્ત શૈયાસન તપ નિર્જરાનું કારણ છે.

**(૬) કાયકલેશ તપ:-** મુનિરાજોને કાયકલેશ નામનું મોટું તપ હોય છે. એક આસને બેસવું, એક પાસાએ સૂવું, મૌન રહેવું; ગ્રીષ્મ ઋતુમાં પર્વતના શિખર પર, પથ્થરની શિલા ઉપર, સૂર્યની સામે, કાયોત્સર્ગ ધારણ કરી, આકરો તડકો, ગરમ હવા, આદિની ઘોર વેદના હોવા છતાં પણ ધર્મ ધ્યાનમાં, બાર ભાવનાના ચિંતવનમાં, પરિણામોને સ્થિર કરી દુ:ખરૂપ અનુભવ ન કરવો તે કાયકલેશ તપ છે.

વર્ષાઋતુમાં વૃક્ષ નીચે યોગ ધારણ કરી, ઘોર અંધારી રાત્રિમાં અખંડ ધારાએ વરસતા વરસાદથી ધરતી આકાશ જળબંબાકાર થઈ રહ્યા હોય, વૃક્ષોમાં ભેગી થઈ પાણીની મોટી ધારા પડતી હોય, વીજળી ચમકતી હોય, વાદળા ગરજતાં હોય, કરા પડતા હોય, તેવા સમયમાં ધન્ય મુનિ કોઈ પણ વસ્તુના આવરણ રહિત નગ્ન શરીર ઉપર ઘોર વેદના ભોગવતા થકા સંકલેશ રહિત ધર્મ ધ્યાન શુકલ ધ્યાનમાં મગ્ન રહે છે. **આ બધો વીતરાગતાનો મહિમા છે.**

ઠંડી **ઋતુ**માં નદી કિનારે, ચોરાહા ઉપર, નગ્ન શરીર પર બરફ પડતો હોય,

મહા ઘોર શીતળ પવન વહેતો હોય, તેવા સમયે દુઃખ રહિત ધર્મ ધ્યાનથી શિયાળાની રાત્રિ વીતાવવી તથા દુષ્ટ જીવો દ્વારા કરાતા ઘોર ઉપદ્રવને સહેતાં સમતા ભાવ રાખવો તે કાયકલેશ તપ છે. આ રીતે પરવશ દુઃખ આવ્યેથી ચલાયમાન ન થવા માટે, દેહજનિત સુખની અભિલાષાનો અભાવ કરવા માટે, રોગોથી ચલાયમાન ન થવા માટે, ભયને જીતવા માટે, પરીષહ સહેવા માટે, કર્મોની નિર્જરા માટે કાયકલેશ તપ ધારણ કરે છે.

ગૃહસ્થને આતાપનયોગાદિ હોતાં નથી. એ તપ તો દિગંબર સાધુઓથી જ થાય છે. ગૃહસ્થ તો સામે ચાલીને કાયકલેશ તપ કરતો નથી. સામાયિકના સમયમાં જ કોઈ કલેશ આવી જાય તો ચલાયમાન થતો નથી. કર્મના ઉદયથી પોતાનું રક્ષણ કરતાં પણ ઠંડીનો તાવ, ગરમીનો તાવ, વાનો દુઃખાવો, વિગેરે થઈ જાય, તથા દુષ્ટ વેરી ધર્મ દ્રોહી મ્લેચ્છાદિ આવી ઉપદ્રવ કરવા લાગે, જેલમાં નાખી દે, મારપીટ કરવા લાગે, તો ગૃહસ્થ પણ મુનિઓની કાયકલેશ તપની ભાવના ભાવી સમતા ભાવથી સહે છે, કાયર બનતો નથી. નિર્ધનતાથી ઉત્પન્ન ભૂખ-તરસ, ગરમી, ઠંડી આદિ દુઃખની વેદના કર્મના ઉદયથી આવી જાય તો ત્યાં કાયર ન થવું, ધર્મના શરણ સહિત સહેવું તે જ કાયકલેશ તપ છે.

મુનિવર તો આ પ્રકારનાં કાયકલેશ તપ ઉત્સાહપૂર્વક ધારણ કરે છે. આપણે ગૃહસ્થ કાયકલેશથી ઘણા દૂર રહીએ છીએ, તો પણ જો અશાતા કર્મના ઉદયથી દુઃખ આવી જાય તો ડરી જવાથી છૂટાશે નહિ. જો ધીરજ ધરીને સહીશ તો કર્મ રસ આપી અવશ્ય નિર્જરી જશે, પણ જો કાયરતા કરીશ, કલેશ કરીશ, તો પણ સહેવું તો પડશે, ભોગવવું તો પડશે, **કર્મના ઉદયને દયા નથી.** જો કાયર બની દુઃખી થઈ, ઉદયમાં આવ્યું છે તો પણ મારે જ ભોગવવું પડશે અને આ રીતે ભોગવવાથી આગળ ઉપર અનેક ઘણો બંધ કરીશ. **એટલા માટે જિનેન્દ્રના વચનોનું શરણ ગ્રહણ કરી કર્મના ઉદયમાં ધૈર્ય ધારણ કરવું જ શ્રેષ્ઠ છે.**

ગૃહસ્થને જ્યારે અંતરાય કર્મનો ઉદય આવે છે ત્યારે પેટ ભરવા માટે ભોજન પણ પૂરું મળતું નથી, ઘી આદિ રસ મળતા નથી યા થોડા મળે છે, તેવા સમયે તેણે થોડામાં જ સંતોષ રાખવો જોઈએ, પરનો વૈભવ જોઈ વાંછા કરવી ન જોઈએ, સમતા ભાવરૂપ રહે તો સહજ જ કાયકલેશ તપ થાય છે, ઘણી નિર્જરા કરે છે.

આ છ પ્રકારના બાહ્યતપનું વર્ણન કર્યું. બાહ્ય અર્થાત્ બીજાને પ્રત્યક્ષ જાણવામાં

આવે છે, તથા બાહ્ય ભોજનાદિના ત્યાગથી થાય છે, તથા અન્ય ગૃહસ્થ અન્યમતી પણ ધારણ કરી લે છે માટે તેમને **બાહ્ય તપ** કહ્યું છે. જેમ ઘણા મોટા ઘાસના ઢગલાને અગ્નિ સળગાવી દે છે, તેવી જ રીતે પૂર્વ સંચિત કર્મ રાશિને આ (બાહ્ય તપ) જલાવી દે છે, માટે તપ કહ્યું છે. શરીર તથા ઈન્દ્રિયોને શાંત કરી વિષયોમાં મગ્ન થવા દેતું નથી માટે તેને તપ કહે છે. જેમ તપાવેલો સુવર્ણયુકત પાષાણ મેલ છોડી શુદ્ધ સોનું બની જાય છે, તે જ રીતે આત્મા પણ તેના પ્રભાવથી કર્મ મળ રહિત થઈ જાય છે, માટે ભગવાને એને તપ કહ્યું છે.

**અંતરંગ તપ:-** હવે છ પ્રકારના અભ્યંતર તપનું વર્ણન કરે છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, ધ્યાન-એ છ ભેદ છે. પ્રાયશ્ચિત્ત તપના નવ ભેદ, સંખ્યાત તથા અસંખ્યાત ભેદ છે. અહીં આલોચના આદિનું કથન લખવાથી વર્ણન ઘણું થઈ જશે, માટે ટૂંકમાં કહીએ છીએ.

**(૧) પ્રાયશ્ચિત્ત તપ:-** જે ધર્માત્મા છે તે પોતાના વ્રત-ધર્મમાં કદી દોષરૂપ આચરણ કરતા નથી, બીજાને સદોષ આચરણ કરાવતા નથી, જે દોષ સહિત આચરણ કરે છે તેને મન-વચન-કાયાથી ભલું કહેતા નથી. જો કદી પ્રમાદથી, ભૂલથી દોષ લાગી જાય તો નિર્દોષ સાધુ સમીપ જઈ સરળ પરિણામોથી દસ પ્રકારના દોષ રહિત આલોચના કરી, ગુરૂઓ દ્વારા આપેલ પ્રાયશ્ચિતને પરમ શ્રદ્ધાથી આદરપૂર્વક ગ્રહણ કરે છે. હૃદયમાં એવી શંકા કરતો નથી કે મને ઘણું (મોટું) પ્રાયશ્ચિત આપી દીધું કે થોડું પ્રાયશ્ચિત આપ્યું. પ્રમાદથી એકવાર દોષ લાગી ગયો હોય, તેને પ્રાયશ્ચિત લઈ દૂર કરી દીધો, પછી એવી સાવધાની રાખે કે પોતાના સો ટુકડા થઈ જાય તો પણ પાછો દોષ લાગવા ન દે, તેવું પ્રાયશ્ચિત લેવું સફળ છે.

અનેક ગુણોના ધારી, સિદ્ધાંત રહસ્યના જાણકાર, પ્રશાંત મનવાળા, અપરિશ્રાવી ગુણના ધારી જેમ તપાવેલા લોઢાનો ગોળો પાણી પી તેને બહાર આવવા દેતો નથી તે જ રીતે જેઓ શિષ્ય દ્વારા આલોચના કરેલા દોષને કદી પ્રગટ કરી બહાર પાડતા નથી, દેશ કાળના જ્ઞાતા, એકાન્તમાં રહેવાવાળા, આચાર્યોના આગળ કહેલા અનેક ગુણોના ધારી તેમની પાસે પ્રાયશ્ચિત લેવાવાળો હાથ જોડી ઘણા વિનયપૂર્વક, બાળકની જેમ સરળ ચિત્ત થઈ આત્મનિંદા કરતો થકો આલોચના કરે છે.

જેમ લોહીથી ખરડાયેલું કપડું લોહીથી ધોવાતું નથી, કીચડથી કીચડ ધોવાતો

નથી તે જ રીતે દોષોથી યુકત સાધુ પણ શિષ્યને નિર્દોષ કરી શકતા નથી. **જેમ મૂઢ વૈદ્ય રોગીનો વિપરીત ઈલાજ કરી તેને મારી નાખે છે, તે જ રીતે અજ્ઞાની ગુરૂ પણ શિષ્યને સંસાર સમુદ્રમાં ડૂબાડી દે છે.** નિર્દોષ ગુરૂ જ પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરે છે.

સંયમી પુરૂષ તો એક ગુરૂ, એક શિષ્ય બંને એકાંતમાં આલોચના કરે છે. આર્જિકાદિ પ્રગટ ખુલ્લી જગ્યામાં એક ગુરૂ, એક ગણની આર્જિકા, એક તે જેને દોષ લાગ્યો હોય - એમ ત્રણ હોય છે. જે લાજથી, તિરસ્કારના ભયથી, પ્રાયશ્ચિતના ભયથી યા અભિમાનથી દોષને શુદ્ધ કરતો નથી, તે નફા-નુકશાનના જ્ઞાન રહિત વેપારીની જેમ કર્મરૂપી દેવાદાર થઈ ભ્રષ્ટ થઈ જાય છે.

આલોચના વિના મહાન તપ ધારણ કરવાથી પણ ઈચ્છિત ફળ મળતું નથી. આલોચના કરીને પણ જો ગુરૂના દ્વારા આપેલું પ્રાયશ્ચિત લેતો નથી, તો વૈદે બતાવેલી દવાને નહીં ખાવાવાળા રોગી સમાન, શુદ્ધ થતો નથી, તથા (જેમ) હળાદિથી ખેડ્યા વિના ખેતરમાં અનાજ વાવવાથી વધારે ઉપજ થતી નથી, અથવા જેમ સાફ કર્યા વિનાના દર્પણમાં સ્વચ્છ રૂપ દેખાતું નથી તે જ રીતે **ચિત્તની શુદ્ધતા વિના આત્મામાં ચારિત્રની ઉજ્જવળતા દેખાતી નથી.**

**હવે આ કળિકાળના પ્રભાવથી પ્રાયશ્ચિત દેવાવાળા નિર્દોષ ગુરૂ પણ જોવામાં આવતા નથી.** જેઓ સ્વયં જ અનેક દોષોથી લિપ્ત હોય, તે અન્યને કેવી રીતે શુદ્ધ કરી શકે ? **લોહીથી લોહી કેવી રીતે ધોવાય ?**

આત્માનુશાસનજીમાં કહ્યું છે -

**कलौ दण्डो नीतिः स च नृपतिभिस्ते नृपतयो**
**नयन्त्यर्थार्थं तं न च धन-मदोऽस्त्याश्रमवताम् ।**
**नतानामाचार्या न हि नतिरताः साधु-चरिता**
**स्तपस्थेषु श्रीमन्मणय इव जाताः प्रविरलाः ।।१४९।।**

**અર્થ:-** કોઈ શિષ્યે ગુણભદ્ર સ્વામીને પૂછ્યું - હે સ્વામી ! આ કાળમાં તપસ્વી મુનિઓમાં પણ સાચા આચરણને ધારણ કરવાવાળા અત્યંત વિરલા રહી ગયા છે, એનું શું કારણ છે ? તેનો જવાબ આપવા માટે આ કાવ્ય લખ્યું છે. એનો અર્થ લખીએ છીએ - આ કળિકાળમાં નીતિ પર ચલાવવાનો ઉપાય દંડ આપવો (તે)

છે. દંડના ભય વિના કોઈપણ ન્યાયના માર્ગ ઉપર સ્વયં સ્વેચ્છાથી ચાલતું નથી. દંડ રાજાઓ દ્વારા જ દેવાય છે, કારણ કે કળિકાળમાં બળવાન વિના અન્ય સાધર્મીઓ દ્વારા, વૃદ્ધ પુરૂષો દ્વારા, સમાજ દ્વારા આપેલો દંડ કોઈ માનતું નથી, કોઈ તેમનું કહેવું માનતું નથી. બળવાન રાજા દ્વારા આપેલો દંડ જ માને છે.

**આ કળિકાળમાં રાજા પણ એવા થવા લાગ્યા છે -** જેનાથી તેમને ધન મળવું જણાય તેને દંડ આપે છે. જો તે રાજાને ધન આપી દે તો તેને દંડ કરતા નથી, નિર્ધનને દંડ આપતા નથી. કંઈ મહેનત ન કરવાવાળા આશ્રમવાસી સંયમીઓ પાસે કંઈ પણ ધન હોતું નથી; માટે સંયમ લઈને પણ તે કુમાર્ગ પર ચાલે છે. કારણ કે રાજાના દંડનો ભય તો છે જ નહિ જેનાથી તે કુમાર્ગથી અટકી જાય.

**આચાર્યોને પણ દંડ થવો જોઈએ, કારણ કે (આ)કળિકાળમાં આચાર્યોને શિષ્યોમાં અનુરાગ થવા લાગ્યો છે.** જે તેમને નમસ્કાર કરી લે છે તેમને દંડ કરતા નથી, પોતાનો સંઘ-સંપ્રદાય વધારવા માટે જે તેમને નમોસ્તુ-નમસ્કાર કરી લે તેને પોતાનો જાણી દંડ કરતા નથી, ત્યારે તે દંડના ભયથી રહિત થઈ શાસ્ત્રથી વિરૂદ્ધ આચરણ કરવા લાગી જાય છે. એટલા માટે (આ)કળિકાળમાં તપસ્વી જનોમાં પણ સત્ય આચારના ધારી અતિ વિરલા જ જોવામાં આવે છે, માત્ર વેશધારી જ ઘણા દેખાય છે.

માટે પ્રાયશ્ચિત જ કલ્યાણનું કારણ છે પણ ગૃહસ્થોમાં પ્રાયશ્ચિતની પ્રવૃત્તિ કેવી રીતે થાય? પરમેષ્ઠીના પ્રતિબિંબ સમક્ષ જઈને જ પોતાના અપરાધની આલોચના કરી એવો પ્રયત્ન કરવો જેનાથી ફરીથી અપરાધ સપનામાં પણ ન થાય.

**(૨) વિનય તપ:-** વિનય તપ અંતરંગ તપોનો બીજો ભેદ છે. તેના પણ પાંચ ભેદ છે. (૧) દર્શન વિનય, (૨) જ્ઞાન વિનય, (૩) ચારિત્ર વિનય, (૪) તપ વિનય, (૫) ઉપચાર વિનય.

**દર્શન વિનય:-** પદાર્થોના શ્રદ્ધાનમાં શંકાદિ દોષ રહિત નિઃશંક રહેવું તે દર્શન વિનય છે. સમ્યગ્દર્શનનાં પરિણામ થવામાં આનંદ તથા સમ્યક્ત્વની વિશુદ્ધતામાં ઉદ્યમી રહેવું, સમ્યગ્દષ્ટિઓની સંગતિ ઈચ્છવી, સમ્યક્ત્વના પરિણામોની ભાવના ભાવવી, મિથ્યા ધર્મની પ્રશંસા ન કરવી, કારણ કે મિથ્યાદષ્ટિનું જેટલું આચરણ છે તે આ લોકમાં, પર લોકમાં યશ, પ્રસિદ્ધિ, વિષયસુખ, ધન, સંપદાની ઈચ્છાપૂર્વક આત્મજ્ઞાન

રહિત છે, બંધનું કારણ છે માટે પ્રમાણ (સત્ય) નથી. વીતરાગ સર્વજ્ઞદેવે જે વસ્તુનું સ્વરૂપ કહ્યું છે તે પ્રમાણ છે - આ દર્શન વિનય છે.

**જ્ઞાન વિનયઃ-** જ્ઞાન વિનય આ પ્રકારે છે. આળસ રહિત, ખેદ રહિત, વિષય-કષાય મળ રહિત, શુદ્ધ મન સહિત, દેશ-કાળની વિશુદ્ધિના વિધાનમાં હોશિયાર વ્યક્તિએ ઘણા આદરપૂર્વક, યથા શક્તિ મોક્ષના ઈચ્છુક થઈ, વીતરાગ સર્વજ્ઞ દ્વારા કહેલા પરમાગમનું જ્ઞાન ગ્રહણ કરવું, અભ્યાસ કરવો, સ્મરણ કરવું તે જ્ઞાન વિનય જાણવો. જ્ઞાનનો અભ્યાસ જ જીવનું હિત છે, જ્ઞાન વિના મનુષ્ય પશુ સમાન છે, મનુષ્યાચાર જ્ઞાનના સેવનથી જ થાય છે. કામ સેવન, ભોજન, ઈન્દ્રિય વિષય તો તિર્યંચને પણ હોય છે. જ્ઞાન વિનયનો ધારી નિરંતર સમ્યગ્જ્ઞાનની જ વાંછા કરે છે, જ્ઞાનના લાભને જ પરમ નિધાનનો લાભ માને છે. આ જ્ઞાન વિનય મહા નિર્જરાનું કારણ છે, જેને જ્ઞાન વિનય હોય છે તેને જ્ઞાનીઓનો વિનય વિશેષરૂપથી હોય છે.

**ચારિત્ર વિનયઃ-** ચારિત્ર વિનય આ રીતે છે-જ્ઞાન દર્શન વાળા પુરૂષને પંચાચારનું શ્રવણ કરવાની સાથે જ સમસ્ત શરીરમાં રોમાંચ પ્રગટ થઈ જાય છે, અંતરંગમાં ભક્તિ પ્રગટ થઈ જાય છે, તથા વિષય-કષાયોના નિગ્રહરૂપ પરમ શાંત ભાવના પ્રસાદથી મસ્તક ઉપર હાથ જોડી ભાવોમાં ચારિત્રરૂપ સ્વયં થઈ જાય છે તે ચારિત્ર વિનય છે.

**તપ વિનયઃ-** તપ વિનય આ રીતે છે - જેના ભાવોમાં સંસારના દુઃખોનો છેદ કરવાવાળું, આત્માને બાધા રહિત અબાધિત સુખ પ્રાપ્ત કરાવવાવાળું, વિષય-કષાય રોગના ઉપદ્રવને જીતવાવાળુ, એક તપ જ પરમ શરણ લાગે છે તેને તપ ભાવના હોય છે, તેને જ તપનો વિનય હોય છે. તપસ્વીઓને ઉચ્ચ સર્વોત્કૃષ્ટ સમજવા, તપસ્વીઓની સેવા, ભક્તિ, વૈયાવૃત્ય, સ્તુતિ કરવી તે તપ વિનય છે. શક્તિ પ્રમાણે ઈન્દ્રિયોના નિગ્રહ કરી, દેશ કાળની યોગ્યતા અનુસાર અનશનાદિ તપને ઉદ્યમી થઈ અંગીકાર કરવું તે બધો તપ વિનય છે.

**ઉપચાર વિનયઃ-** ઉપચાર વિનય આ રીતે છે - આચાર્ય આદિ પૂજ્ય પુરૂષોને જોતાં જ ઉઠીને ઉભા થઈ જવું, સાત કદમ આગળ જવું, હાથ જોડી માથે લગાવવા, તેમને આગળ કરી પોતે પાછળ પાછળ ચાલવું, પઠન-પાઠન, તપશ્ચરણ આતાપન યોગ આદિ, નવા શાસ્ત્રનો પ્રારંભ, વિહાર, વંદના આદિ બધાં કાર્ય ગુરૂને પૂછીને કરવાં,

ગુરૂ હોય ત્યારે ઉંચા આસને ન બેસવું, આ બધો ઉપચાર વિનય છે. જો આચાર્ય આદિ પરોક્ષ હોય તો મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક તેમને નમસ્કાર કરવા, હાથ જોડી ગુણોનું સ્મરણ કરવું, ગુણોની પ્રશંસા કરવી, તેમનાથી જે પ્રતિજ્ઞા લીધી હોય તેનું પાલન કરતા રહેવું, આ બધો ઉપચાર વિનય છે, વિનયના પ્રભાવથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અનેક વિદ્યાઓ સિદ્ધ થાય છે, મદનો અભાવ થાય છે, આચારની ઉજ્જવળતા થાય છે, સમ્યક્ આરાધના થાય છે, યશની ઉજ્જવળતા થાય છે. કર્મની નિર્જરા થાય છે.

**વ્યવહાર વિનયઃ-** અન્ય સાધર્મીઓનો, શિષ્યોનો, મંદ જ્ઞાનવાળાઓનો પણ યથા યોગ્ય વિનય કરવો, મિથ્યાદષ્ટિઓનો પણ તિરસ્કાર ન કરવો, મીઠા વચનોથી આદરપૂર્વક બોલવું, સંતોષ કરવાવાળાં, દુઃખ દૂર કરવાવાળાં વચન કહેવાં એ જ વિનય છે. ઉદ્ધત વર્તન બંને લોકનો નાશ કરે છે. ઉપચાર વિનય મન-વચન-કાયાથી અનેક પ્રકારનો હોય છે. ગુરૂઓનું તથા સમ્યગ્દર્શન આદિ ગુણોના ધારકોનું સૂવાનું સ્થાન-બેસવાનું સ્થાન સાફ કરવું, તેમના આસનથી નીચે બેસવું, નીચા સ્થાને સૂવું, યોગ્યતાનુસાર ચરણ સ્પર્શ કરવો, દુઃખ રોગ આવી જાય તો શરીરની સેવા કરી પોતાનો જન્મ સફળ માનવો તે જ વિનય છે.

પૂજ્ય પુરૂષોની નજીક થૂંકવું નહિ, આળસ ન કરવી, અંગડાઈ ન લેવી, આંગળીના પટાકા ન પાડવા, મજાક ન કરવી, પગ લાંબા ન કરવા, હાથથી તાળી ન પાડવી, અંગ વિકાર, ભૃકુટિ વિકાર, અંગોનો સંસ્કાર કરવો ન જોઈએ.

**વિનયવાન સ્વયં ઉંચા સ્થાને બેસી રહી વંદના ન કરે,** જ્યાં-જ્યાં સંયમી બેઠા હોય ત્યાં-ત્યાં જઈ વંદના કરે. જેઓ સંયમીઓને આવતા જોઈ ઉભા થઈ જાય છે, આસન છોડી દે છે, વંદના કરે છે તેમને જ વિનય છે. ગુરૂઓની આજ્ઞા આપણા માટે જેવી પણ હોય તેવી રીતે જો આપણે અંગીકાર કરીએ તો આપણા સમાન પુણ્યશાળી કોઈ વિરલો જ હશે.

**વિનય રહિતનાં વ્રત, શીલ, સંયમ, વિદ્યા બધું નિષ્ફળ છે.** વિનયના પ્રભાવથી ક્રોધ, માન, વેર આદિ બધા દોષોનો અભાવ થઈ જાય છે. વિનય વિના સંસાર સંબંધી લક્ષ્મી, સૌભાગ્ય, યશ, મિત્રતા, ગુણ ગ્રાહકતા, સરળતા, માન્યતા, કૃતજ્ઞતા બધું નષ્ટ થઈ જાય છે. એટલા માટે સાધુઓએ તથા ગૃહસ્થોએ બધા ધર્મનું મૂળ વિનય જ ધારણ કરવો શ્રેષ્ઠ છે.

**વૈયાવૃત તપઃ-** જેમને ગુણોમાં પ્રીતિ, ધર્મમાં શ્રદ્ધાન, ધર્માત્મામાં વાત્સલ્ય, નિર્વિચિકિત્સા આદિ ગુણ હોય છે તેમને જ વૈયાવૃત્ત તપ પણ હોય છે. કૃતઘ્નને આચાર્યાદિની વૈયાવૃત્તનાં પરિણામ થતાં નથી. આગમમાં દસ પ્રકારના સાધુઓની વૈયાવૃત્ત કહી છે-આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ્ય, ગ્લાન, ગણ, કુળ, સંઘ, સાધુ, મનોજ્ઞ - આ દસ પ્રકારના સાધુઓની વૈયાવૃત્ય કહી છે.

જે સમ્યગ્જ્ઞાન આદિ ગુણોને તથા સ્વર્ગ-મોક્ષના સુખરૂપ અમૃતનાં બીજ વ્રત-સંયમને પોતાના હિત માટે આચરણ કરે છે તે સાધુ **આચાર્ય** છે. તેમની પોતાના શરીરથી તથા અન્ય ક્ષેત્ર, શૈયા, આસન આદિ દ્વારા સેવા કરવી તે આચાર્ય વૈયાવૃત્ત છે. આચાર્યોની વૈયાવૃત્ત જ સમસ્ત સંઘની વૈયાવૃત્ત છે કેમકે સમસ્ત સંઘ, સમસ્ત ધર્મ આચાર્યોના પ્રભાવથી જ પ્રવર્તે છે.

જૈન વ્રત-શીલના ધારીઓનું સાનિધ્ય પામી પરમાગમનું અધ્યયન પઠન કરે છે તે સાધુ **ઉપાધ્યાય** છે. જે મહાન અનશનાદિ તપોમાં પ્રવર્તન કરે છે તે સાધુ **તપસ્વી** છે. શ્રુતજ્ઞાનના શિક્ષણમાં તથા વ્રત શીલની ભાવનામાં જે નિરંતર તત્પર રહે છે તે સાધુ **શૈક્ષ્ય** છે. રોગાદિથી જેમનું શરીર કલેશિત હોય તે સાધુ **ગ્લાન** છે. જેઓ વૃદ્ધ મુનિઓની પરંપરાના સાધુ છે તે **ગણ** છે. જેઓ પોતાને દીક્ષા દેવાવાળા (આપનાર) આચાર્યના શિષ્ય સાધુ છે તે **કુળ** છે. ચાર પ્રકારના મુનિઓ-ઋષિ, મુનિ, યતિ અણગારનો સમુદાય તે **સંઘ** છે. જે લાંબા સમયના દીક્ષિત છે તેઓ **સાધુ** છે. લોકમાં પંડિતપણાથી જે માન્ય હોય, વક્તૃત્વગુણથી માન્ય હોય મહા કુલીનપણાથી લોકોમાં માન્ય હોય તે **મનોજ્ઞ** છે. તેમનાથી પ્રવચનનું, ધર્મનું ગૌરવપણું પ્રગટ થાય છે.

આ દસ પ્રકારના મુનિઓને કદી શરીરમાં વ્યાધિ પ્રગટ થઈ જાય, પરીષહ આવી જાય, ભાવોમાં મિથ્યાત્વાદિનો ઉદય થઈ જાય તો પ્રાસુક ઔષધિ, ભોજન, પાણી, સ્થાન, સંસ્તરણ (પાથરણું) આદિ દ્વારા, ધર્મોપદેશ દ્વારા શ્રદ્ધાનની દઢતા કરાવી, પુસ્તક પીંછી, કમંડળ આદિ ધર્મનાં ઉપકરણ આપી ઈલાજ કરવો, ધર્મમાં દઢતા કરાવવી, સંતોષ-ધૈર્ય આદિ ધારણ કરાવવું, વીતરાગતાની વૃદ્ધિ કરવી તે વૈયાવૃત્ત છે. બાહ્ય ઔષધિ, ભોજન, પાણી આદિ દ્રવ્યનું આપવું અસંભવ (અશક્ય) હોય ત્યારે પોતાના શરીર દ્વારા કફ, નાસિકા, મળ-મૂત્ર, પુરીષ (પરસેવો) આદિ દૂર કરવાં, રાત્રિ જાગરણ કરવું-એવી વૈયાવૃત્ત પરમ નિર્જરાનું કારણ છે.

**તેમાં મુનિઓના કેટલાયે ઉપકાર તો મુનિ જ કરે છે -** ઉઠાડવા, બેસાડવા, સૂવાડવા, કલોટ, લિવાના હાથ-પગ આદિ ફેલાવવા, સમેટવા, ઉપદેશ આપવો, કફ મળાદિ દૂર કરવા, ધૈર્ય ધારણ કરાવવું મુનિઓને મુનિ જ કરે છે. કેટલાયે ઉપકાર પ્રાસુક ઔષધિ, આહાર, પાણી, ઉપકરણ આદિ ગૃહસ્થ ધર્માત્મા શ્રાવકથી જ થઈ શકે છે. ગૃહસ્થ સાધુઓની વૈયાવૃત કરે છે, તથા શ્રાવિકા આર્જિકાની વૈયાવૃત કરે છે.

કરૂણા બુદ્ધિથી દુઃખી, રોગી, નિઃસંતાન, બાળક, વૃદ્ધ, પરાધીન, જેલમાં પડેલા લોકોનો ઉપકાર કરવો જોઈએ. માતા-પિતા, વિદ્યા ગુરૂ, સ્વામી, મિત્ર, આદિના ઉપકારનું સ્મરણ કરી કૃતઘ્નતા છોડી સેવા, સન્માન, દાન, પ્રશંસા આદિ દ્વારા આદર-સન્માન કરી સુખી કરવા, દુઃખી હોય તો તેમનું દુઃખ દૂર કરે પોતાની શક્તિ અનુસાર દાન સન્માન કરી વૈયાવૃત કરે, તેમના વૈયાવૃત તપથી ઘણી નિર્જરા થાય છે. વૈયાવૃતથી ગ્લાનિનો અભાવ થઈ જાય છે, પ્રવચનમાં પ્રેમ આવે છે. આચાર્ય આદિ અનેક વાત્સલ્યનાં સ્થાન છે તેમનામાંથી જેની પણ વૈયાવૃત થઈ શકે તેની વૈયાવૃત કરી સર્વ પ્રકારના કલ્યાણને વરે છે.

**(૪) સ્વાધ્યાય તપ:-** હવે સ્વાધ્યાય તપનું વર્ણન કરીએ છીએ. સ્વાધ્યાયના પાંચ ભેદ છે. - વાંચવું, પૂછવું, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ.

**વાંચના સ્વાધ્યાય:-** નિર્દોષ ગ્રંથોનો પાઠ, અર્થ, તથા પાઠ અને અર્થ બંને પાત્ર મનુષ્યોને ભણાવવો, બતાવવો, સમજાવવો, તે વાંચના સ્વાધ્યાય છે. પરમાગમના શબ્દ ભણાવવા સમાન, અર્થ સમજાવવા સમાન કોઈ પોતાનો તથા પરનો ઉપકાર નથી. પરમાગમ ભણાવી યોગ્ય શિષ્યને પ્રવિણ બનાવવો (તે) ધર્મનો સ્તંભ ઉભો કરવા સમાન છે. જૈનધર્મ તો શાસ્ત્ર જ્ઞાનથી જ છે. પ્રતિમા તથા મંદિર તો મુખથી બોલતા નથી. સાક્ષાત્ બોલતા દેવ સમાન હિતમાં પ્રેરણા કરવાવાળા તથા અહિતથી રક્ષા કરવાવાળા ભગવાન સર્વજ્ઞનાં પરમાગમ જ છે. માટે શાસ્ત્ર ભણાવવામાં, ભણવામાં ઉદ્યમી રહેવું.

**પૃચ્છના સ્વાધ્યાય:-** પોતાની શંકા દૂર કરવા માટે અધિક જ્ઞાનીને વિનયપૂર્વક પ્રશ્ન કરવો જોઈએ, કારણ કે પ્રશ્નથી શંકા દૂર કર્યા વિના જ્ઞાન સમ્યક્ પ્રગટ થતું નથી. અથવા આપણે આગમના શબ્દનો જે અર્થ સમજ્યા હોઈએ તે અધિક જ્ઞાનીઓના મુખથી સાંભળી લઈએ તો ઘણું પાકું જ્ઞાન થઈ જાય છે, જ્ઞાનની શિથિલતા દૂર થઈ

જાય છે. માટે અધિક જ્ઞાનીઓને પ્રશ્ન કરવો જોઈએ. અથવા આપણે ટૂંકમાં સમજ્યા હોઈએ તેને વિસ્તારથી જાણવા માટે ઘણા વિનયથી સમ્યગ્જ્ઞાનીઓને પ્રશ્ન કરવો જોઈએ. પોતાની મોટાઈ યા પંડિતપણું બતાવવા માટે કે બીજાનો તિરસ્કાર કરવા માટે તથા મજાક ઉડાવવા માટે સમ્યગ્દષ્ટિ પ્રશ્ન કરતા નથી. શબ્દના સંબંધમાં પ્રશ્ન કરે છે, અર્થના સંબંધમાં પ્રશ્ન કરે છે, શબ્દ તથા અર્થ બંને સંબંધમાં પ્રશ્ન કરે છે પછી નિર્ણય કરે છે, તે પૃચ્છના સ્વાધ્યાય છે.

**અનુપ્રેક્ષા સ્વાધ્યાય:-** પરમાગમના જાણેલા શબ્દ અને અર્થને પોતાના હૃદયમાં ધારણ કરી વારંવાર મનથી અભ્યાસ કરવો, ચિંતવન કરવું, આગમમાં આજે મેં જે વાંચ્યું, સાંભળ્યું છે તેમાંથી આ દોષ મારે ત્યાગવા યોગ્ય છે, આ ગુણ મારે ગ્રહણ કરવા યોગ્ય છે, આ મારા સ્વરૂપથી ભિન્ન દ્રવ્ય, લોક, ક્ષેત્ર આદિ જાણવા યોગ્ય જ છે - આ રીતે મનથી વારંવાર ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા સ્વાધ્યાય છે. એનાથી અશુભ ભાવોનો નાશ થાય છે, શુભ ધર્મધ્યાન પ્રગટ થાય છે.

**આમ્નાય સ્વાધ્યાય:-** ખૂબ ઉતાવળે વાંચવું, ખૂબ ધીરેથી વાંચવું ઈત્યાદિ વાણીના દોષ ટાળી ધૈર્ય સહિત એક-એક અક્ષરની સ્પષ્ટતા સહિત અર્થના પ્રકાશ (ભાવ ભાસન) સહિત વાંચવું, પાઠ કરવો, મધુર સ્વરે ઉચ્ચારણ કરવું તથા સિદ્ધાંતની પરિપાટીથી તથા આગમથી વિરોધ રહિત, લોક વિરૂદ્ધતા રહિત વાંચવું તે આમ્નાય સ્વાધ્યાય છે.

**ધર્મોપદેશ સ્વાધ્યાય:-** લૌકિક પ્રયોજન લાભ, પૂજા, અભિમાન, મદ આદિને છોડી ઉન્માર્ગને દૂર કરવા માટે, સન્માર્ગ બતાવવા માટે સંશય (શંકા) મટાડવા માટે, અપૂર્વ વસ્તુ પ્રગટ કરવા માટે, ધર્મનો પ્રકાશ ફેલાવવા માટે, મોહાન્ધકાર દૂર કરવા માટે, લોકોને સંસાર-શરીર-ભોગોથી વિરક્ત કરવા માટે, વિષયાનુરાગ તથા કષાય ઘટાડવા માટે, અજ્ઞાન મટાડવા માટે, ભેદવિજ્ઞાન પ્રગટ કરવા માટે, પાપ ક્રિયાથી ભયભીત થવા માટે ભવ્યોને ધર્મના કથનોનો ઉપદેશ કરવો તે ધર્મોપદેશ નામનો સ્વાધ્યાય છે. **જ્યાં અનેક ભવ્ય જીવોને ધર્મનો ઉપદેશ આપવામાં આવે છે ત્યાં મન-વચન-કાયા સર્વે ધર્મના સ્વરૂપમાં લીન થઈ જાય છે.**

## ❖ વક્તાનું સ્વરૂપ ❖

ઉપદેશ દાતાનો એવો અભિપ્રાય હોય છે કે કોઈ પણ રીતે અનેકાંત ધર્મનું યથાવત્ સ્વરૂપ શ્રોતાઓના હૃદયમાં પ્રવેશ કરી જાય, કોઈ પણ રીતે સંસાર-શરીર-

ભોગોમાં રાગ ઘટી જાય, કોઈપણ રીતે ભેદ વિજ્ઞાન પ્રગટ થઈ જાય. જે વક્તાનો અભિપ્રાય આવો હોય છે તે જ સત્યાર્થ ધર્મનો ઉપદેશ કરે છે. જેનો આત્મા ધર્મમાં મગ્ન થશે તે જ અન્ય શ્રોતાઓને ધર્મમાં મગ્ન(લીન) બનાવી શકશે. ધર્મોપદેશ કરનારમાં આત્માનુશાસનમાં કહેલા આટલા ગુણ હોવા જોઈએ -

(૧) **જેની બુદ્ધિ ત્રિકાળ વિષયી હોય-** અર્થાત્ જે પરમાગમથી પાછળની (ભૂતકાળની) અનેક પરંપરાઓ જાણતા નથી તે યથાવત્ વસ્તુનું સ્વરૂપ કહી શકતા નથી. જેને વર્તમાનની વસ્તુના સ્વરૂપનું જ્ઞાન નહિ હોય તે વિરૂદ્ધ કથન કરી નાખશે, જેને ભવિષ્યના પરિપાકનું જ્ઞાન નહિ હોય તે અયોગ્ય કહી દેશે. એટલા માટે વક્તા પોતાની બુદ્ધિના બળથી, આગમના બળથી, લૌકિક રીતિને પ્રત્યક્ષ જોઈ ત્રિકાળની રીતિનો જાણવાવાળો હોવો જોઈએ.

(૨) **ચારેય અનુયોગોના સમસ્ત શાસ્ત્રોના રહસ્યનો જ્ઞાતા હોવો જોઈએ -** જે ચારેય અનુયોગોના રહસ્યને ન જાણતો હોય અને વક્તાપણું કરે તો શ્રોતાઓને યથાવત્ સમજાવી નહિ શકે, કારણ કે જો પ્રમાણનું કથન આવી જાય, નયોનું કથન આવી જાય, નિક્ષેપોનું કથન આવી જાય, ગુણસ્થાન-માર્ગણાસ્થાનનું કથન આવી જાય, ત્રણ લોકનું કથન આવી જાય, કર્મ પ્રકૃત્તિઓનું કથન આવી જાય, આચારનું કથન આવી જાય તો જાણ્યા વિના યથાવત્, નિઃશંક-સંશય રહિત વ્યાખ્યાન નહિ કરી શકે. એટલા માટે વક્તાએ બધા અનુયોગોના સઘળા શાસ્ત્રોના રહસ્યના જ્ઞાતા હોવું જોઈએ.

(૩) **લોક રીતિના જાણકાર(જ્ઞાતા) હોવા જોઈએ-** જો લૌકિક રચના(બનાવ)માં મૂઢ હશે તે લોક વિરૂદ્ધ વ્યાખ્યાન કરશે.

(૪) જેને ભોજન, વસ્ત્ર, સ્થાન, ધન, યશ, અભિમાનની ચાહ હશે તે વક્તા યથાર્થ વ્યાખ્યાન નહિ કરી શકે, લોકોને પ્રસન્ન કરવા માગશે. લોભીને યથાર્થ સત્યાર્થ વક્તાપણું હોતું નથી.

(૫) **વક્તાની બુદ્ધિ તત્કાળ ઉત્તર આપે તેવી હોવી જોઈએ.** જો વક્તા તત્કાળ ઉત્તર ન આપી શકે તો સભામાં કોલાહલ થઈ જાય છે. સભામાં ઉપસ્થિત શ્રોતાઓને વક્તાની દઢ પ્રતીતિ રહેતી નથી.

(૬) **વક્તા મંદ કષાયી હોવો જોઈએ.** મંદ કષાયી ન હોય તો લોભી, કપટી, ક્રોધી, અભિમાનીનો આપેલો ઉપદેશ કોઈ અંગીકાર કરતું નથી.

(૭) **વક્તા એવો હોવો જોઈએ (કે) જે શ્રોતાઓના પ્રશ્ન કરવા પહેલાં જ ઉત્તર જાણતો હોય -** જો તમે આમ કહો છો તો આમ છે, અને જો આમ કહો છો તો આમ છે. આ રીતે વ્યાખ્યાન જ એવું કરવું કે શ્રોતાઓને પ્રશ્ન જ ઉત્પન્ન ન થાય. પ્રથમથી જ પ્રશ્નોનો રસ્તો બંધ કરી વ્યાખ્યાન કરે છે. કારણ કે જો ઘણા પ્રશ્નો થવા માંડે તો સભામાં ધમાલ મચી જાય છે.

(૮) **વક્તાએ સહનશીલ હોવું જોઈએ.** જો કોઈ આવીને આકરો (કઠણ) પ્રશ્ન કરે તો ગુસ્સે થવું ન જોઈએ. જો સવાલ સાંભળીને વક્તા ક્રોધી થઈ જાય તો કોઈ સવાલ કરી ન શકે, શ્રોતાઓની શંકા મટે નહિ.

(૯) **વક્તામાં પ્રભુત્વ ગુણ હોવો જોઈએ.** શ્રોતા જેને પોતાથી મોટો (ઉંચો, મહાન) માને છે તેની જ વાત માને છે. ગરીબની, નીચની વાત કોણ માને છે ? માટે વક્તાએ જગતમાં માન્ય, પ્રભાવશાળી હોવું જોઈએ.

(૧૦) **વક્તા બીજાઓના મનને હરે તેવા હોવા જોઈએ, જે બધાને પ્રિય હોય.** જે શ્રોતાઓને અપ્રિય હોય તેની વાત મનાતી નથી.

(૧૧) વક્તાએ સ્વયં જે વિષયને સારી રીતે આગમથી તથા ગુરૂ પરિપાટીથી સારી રીતે સમજી લીધો હોય તેનું જ વ્યાખ્યાન કરવું જોઈએ. જો પોતે જ સારી રીતે પૂરું સમજ્યા ન હોય તો તે બીજાઓને કેવી રીતે સમજાવી શકશે ? જે દીવો પોતે પ્રકાશિત છે તે જ ઘટ-પટાદિ પદાર્થોને પ્રકાશિત કરે છે.

(૧૨) જેની પ્રવૃત્તિ વ્યવહારમાં, પરમાર્થમાં, ધર્મમાં, લેવામાં, આપવામાં, વેપાર આદિ આજીવિકામાં, ભોજન વસ્ત્રાદિમાં ઉજ્જવળ યશ સહિત હોય તેણે જ વક્તા થવું. જેની પ્રવૃત્તિ મલિન હોય તેને વક્તાપણું શોભતું નથી. જો પ્રવૃત્તિ મલિન હોય તો તે જગતમાં માન્ય રહે નહિ.

(૧૩) જેને અન્ય લોકોને જ્ઞાન ઉત્પન્ન કરાવવાની ભાવના હોય તેણે જ વક્તાપણું સ્વીકાર કરવું. જેને બીજાઓને સમજાવવાની ભાવના ન હોય તે વ્યાખ્યાન કેમ કરે ?

(૧૪) રત્નત્રય માર્ગને ચલાવવામાં તથા રત્નત્રય માર્ગ પર સ્વયંને ચાલવાનો જેને ઉદ્યમ હોય તે જ ધર્મ કથા કહેવાવાળો વક્તા થાય. વક્તામાં અન્ય કોઈ લૌકિક પ્રયોજન હોવું જ ન જોઈએ.

(૧૫) વકતા એવા હોવા જોઈએ જેની મહા જ્ઞાની લોકો પ્રશંસા કરતા હોય, કારણ કે મોટા મોટા જ્ઞાની જેની પ્રશંસા કરે છે તેના વચનો પર જગત દઢ શ્રદ્ધાન કરે છે.

(૧૬) વકતાએ ઉદ્ધતાઈ રહિત હોવું જોઈએ. જો વકતા ઉદ્ધત હશે તો તે બધાને અપ્રિય થઈ જશે.

(૧૭) વકતાએ લોક રીતિ, દેશ, કાળ, શ્રોતાઓની સદ્‌ભાવના, દુષ્ટતા, પ્રવીણતા-મૂઢતા, સબળાઈ-નબળાઈ વિગેરે સઘળુ જાણી એવો ઉપદેશ કરવો જેને બધા લોકો ઘણા આદરથી ગ્રહણ કરે. લોક જ્ઞાતા થયા વિના યથા-યોગ્ય ઉપદેશ થતો નથી.

(૧૮) વકતામાં કોમળતા ગુણ હોવો જોઈએ. કઠોર પરિણામીના કઠોર વચન આદરવા યોગ્ય નથી. તેને શ્રોતા સાંભળવા માગતા નથી.

(૧૯) વકતાને વકતાપણા દ્વારા ધન, ભોગ આદિની ઈચ્છા હોવી ન જોઈએ.

(૨૦) વકતાના મુખથી અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ થવું જોઈએ. સ્પષ્ટ અક્ષરો બોલ્યા વિના સમજમાં આવતા નથી.

(૨૧) વકતાની વાણી એવી મીઠી હોય કે શ્રોતાને એવું લાગે જાણે વકતાએ બંને કાન દ્વારથી બધા અંગોને અમૃતથી સીંચી દીધા હોય

(૨૨) વકતા એવો હોય જેનું સ્વામિત્વ શ્રોતાઓ સ્વીકારતા હોય-પોતાનો માનતા હોય.

(૨૩) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વાત્સલ્ય આદિ અનેક ગુણોના નિધાન હોય.

આવા વકતૃત્વ ગુણોથી ભરેલા જે હોય તે જ ધર્મ કથાના વકતા થઈ શકે છે. આવા ગુણોના ધારક વકતાનો ઉપદેશ કોઈ મહા ભાગ્યવાન-પુણ્યવાન લોકોને મળે છે. **સમ્યગ્દેશના લબ્ધિનું પ્રાપ્ત થવું અનંતકાળમાં પણ દુર્લભ છે.**

## ❖ શ્રોતાનું સ્વરૂપ ❖

ધર્મોપદેશ પણ મળી જાય, પણ યોગ્ય શ્રોતાપણા વિના ધર્મ પમાતો નથી. જેમ યોગ્ય પાત્ર વિના વસ્તુ રહેતી નથી, અયોગ્ય પાત્રમાં રાખવાથી પાત્ર તથા વસ્તુ બંનેનો નાશ થાય છે, તે જ રીતે યોગ્ય શ્રોતાપણા વિના પણ ધર્મનો ઉપદેશ પરિણમતો નથી. માટે ટૂંકમાં શ્રોતાનાં લક્ષણ આ રીતે જાણવાં -

(૧) પ્રથમ તો (શ્રોતા) **ભવ્ય** હોય. જે ઉપદેશ આપીને પણ સમ્યક્ શ્રદ્ધાન આદિ ગુણ ગ્રહણ કરવા યોગ્ય ન હોય તેને ઉપદેશ આપવો વ્યર્થ છે. મારું કલ્યાણ શું છે, મારું હિત શું છે ? એવો વિચાર જેને હંમેશાં આવતો હોય (તેને જ ઉપદેશ આપવો સાર્થક છે.) જેને પોતાના હિતની પડી નથી તે પ્રયોજન વિના ધર્મ કથા ક્યાંથી સાંભળે ? તે તો વિષય-કષાયનો લાભ, ધનનો લાભ જેનાથી સધાય તેની ઈચ્છા કરે છે.

(૨) **દુઃખથી અત્યંત ભયભીત હોય.** હવે મને નરક તિર્યંચાદિ પર્યાયનું દુઃખ ન હો. જેને આવો ભય ન હોય તે પાપ છોડવાને માટે, વિષય-કષાય છોડવા શાસ્ત્ર શ્રવણ કેમ કરે ? માટે દુઃખથી ભયભીત હોવો જોઈએ.

(૩) **સુખનો ઈચ્છુક હોય.** જેને સુખની ચાહના નહિ હોય તે ધર્મનું શ્રવણ કરશે નહિ. જેની કર્ણ ઈન્દ્રિય ન હોય કે કાન ખરાબ થઈ ગયા હોય તે શાનાથી સાંભળશે ?

(૪) **જેને ધર્મ કથા શ્રવણ કરવાની ઈચ્છા હોય.** ઈચ્છા વિના પરિપૂર્ણ શ્રવણ થતું નથી. ઈચ્છા પણ હોય, પણ પ્રમાદ, આળસ, કુસંગતિથી શ્રવણ ન કરે તો ઈચ્છા પણ વ્યર્થ છે. **જે શ્રવણ પણ કરે છે પણ આ ગુરૂ આ રીતે આ અપેક્ષાથી કહે છે, એટલી સાવધાની રાખ્યા વિના શ્રવણ કરવું વ્યર્થ છે.** શ્રવણ કરવાથી ગ્રહણ પણ થાય પણ જો ધારણા ન હોય, યાદ ન રહે, શ્રવણ કરતાં જ વિસ્મરણ થઈ જાય તો શ્રવણ કરવું, ગ્રહણ કરવું પણ વ્યર્થ છે.

(૫) જો વિચારપૂર્વક પ્રશ્ન-ઉત્તર દ્વારા નિર્ણય કરતો નથી તો શ્રમણમાં સંશય આદિ જ રહેશે, ત્યારે આત્મહિત સન્મુખ કેવી રીતે થશે ?

(૬) શ્રોતાએ એવો ધર્મ સાંભળવો જોઈએ જે દયામય હોય, સુખ આપનાર હોય, યુક્તિ પ્રમાણ-નયથી જેમાં બાધા ન આવે, ભગવાન સર્વજ્ઞ વીતરાગના આગમમાંથી નીકળેલો હોય, એવા ધર્મને શ્રવણ કરી વારંવાર વિચાર કરી ગ્રહણ કરવો જોઈએ. જો વિચાર રહિત થઈ મિથ્યાત્વરૂપ, હિંસાને કારણે ધર્મ ગ્રહણ કરી લેશે તો નરકાદિને પ્રાપ્ત કરી દુઃખી થશે.

(૭) જેમાં યુક્તિથી તથા સર્વજ્ઞ વીતરાગના આગમથી વિરોધ આવે તે ધર્મ નથી, અધર્મ છે, માટે શ્રવણ કરવા યોગ્ય નથી.

(૮) હઠાગ્રહ આદિ દોષ રહિત હોય. હઠાગ્રહીને ઉપદેશ પરિણમતો નથી.

આ રીતે અનેક ગુણોનો ધારક (જે) શ્રોતા હોય તે ધર્મનો ઉપદેશ સાંભળી આત્મ કલ્યાણ કરે છે.

## ❖ શ્રોતાના ભેદ ❖

હવે અહીં વિષય અનુસાર શ્રોતાઓના કેટલાક ભેદ દૃષ્ટાંત દ્વારા કહે છે -

(૧) કેટલાક શ્રોતા **માટી**ના સ્વભાવ જેવા હોય છે. જેમ માટી ઉપર પાણી પડે તો તે નરમ થઈ જાય છે, પાછી સૂકાઈ જવાથી કડક બની જાય છે; તેવી રીતે આ શ્રોતાઓ પણ ધર્મ સાંભળતી વખતે ભાવોમાં ભીંજાઈને કોમળ થઈ જાય છે, પાછા કઠોર થઈ જાય છે.

(૨) કેટલાક શ્રોતા **ચારણી સમાન** હોય છે, જે અનાજના દાણા છોડી માત્ર ફોતરાંને જ ગ્રહણ કરે છે, તેવી રીતે આ (શ્રોતાઓ) પણ ધર્મ કથામાં સાર ગુણ તો છોડી દે છે, પણ અવગુણ ગ્રહણ કરી લે છે.

(૩) કેટલાક શ્રોતા **પાડા** જેવા હોય છે. જેમ સ્વચ્છ પાણીથી ભરેલા સરોવરમાં પાડો પ્રવેશ કરી સમસ્ત સરોવરને કાદવમય કરી દે છે, તેવી જ રીતે આ પણ સભાના લોકોના પરિણામ મલિન કરી નાખે છે.

(૪) કેટલાક શ્રોતા **હંસ** જેવા હોય છે. જેમ હંસ પાણી અને દૂધનો ભેદ કરી દૂધ ગ્રહણ કરી લે છે, તેવી રીતે આ પણ અપ્રયોજનભૂત (વાત) છોડી આત્મહિતની વાત ગ્રહણ કરી લે છે.

(૫) કેટલાક શ્રોતા **પોપટ** જેવા હોય છે. જેમને રામ બોલાવો તો રામ બોલે છે, રહીમ બોલાવો તો રહીમ બોલે છે, કંઈ બીજું શીખવાડો તો કંઈ બીજું બોલે છે; તેમને રામનું પણ જ્ઞાન નથી, રહીમનું પણ જ્ઞાન નથી. આ રીતે આ પણ પાપ-પુણ્યના વિચાર રહિત જે ભણાવો તે ભણી લે છે ગ્રહણ કરી લે છે, પણ વિચાર રહિત હોવાથી પોતાના સ્વરૂપ તથા પરના સ્વરૂપના જ્ઞાનથી રહિત જ રહે છે.

(૬) કેટલાક શ્રોતા **બિલાડી સમાન** હોય છે. જેમ બિલાડી ઉંઘતી વખતે પણ પોતાના શિકાર તરફ જાગૃત જ રહે છે, તેવી રીતે આ શ્રોતા પણ વકતાની વાણીમાંથી વિષય, કષાય, છળ જ ગ્રહણ કરતા રહે છે.

(૭) કેટલાક **બગલા જેવા** શ્રોતા હોય છે. જેમ બગલો પોતાનો શિકાર પકડવા માટે ધ્યાનીની જેમ બેસી રહે છે, તેવી રીતે આ પણ વિષય-કષાય જ ગ્રહણ કરે છે.

(૮) કેટલાક શ્રોતા **ડાંસ(મચ્છર)**ના જેવા હોય છે, જે વકતાને વારંવાર પરેશાન કરે છે.

(૯) કેટલાક શ્રોતા **બકરા જેવા** હોય છે. જેમ બકરાને ગમે તેટલા અત્તર ફૂલેલ લગાડો, સુગંધિત પાણી પીવડાવો તો પણ તે દુર્ગંધ જ પ્રગટ કરે છે, તેવી રીતે આ પણ ઉજ્જવળ ધર્મ સાંભળવા છતાં પણ પાપ જ કરે છે.

(૧૦) કેટલાક **જળો**ના જેવા શ્રોતા હોય છે. જેમ જળોને સ્તનના ઉપર પણ લગાડો તો તે ગંદી વસ્તુ લોહી જ ગ્રહણ કરે છે, તેવી રીતે આ પણ વિષય-કષાય જ ગ્રહણ કરે છે.

(૧૧) કેટલાક શ્રોતા **ફૂટેલા ઘડા સમાન** હોય છે. તે ધર્મ સાંભળવા છતાં પણ ચિત્તમાં લેશ (અંશ) માત્ર પણ ધારણ કરતા નથી.

(૧૨) કેટલાક શ્રોતા **સાપ જેવા** સ્વભાવવાળા હોય છે. તેઓ સાકરવાળુ દૂધ પીને પણ પ્રબળ (ભયંકર) ઝેર જ વધારે છે.

(૧૩) કેટલાક શ્રોતા **ગાય જેવા** ઉત્તમ સ્વભાવવાળા હોય છે. તેઓ તણખલુ-ઘાસ ખાઈને પણ દૂધ આપે છે.

(૧૪) કેટલાક શ્રોતા **પથ્થરની શિલા જેવા** હોય છે. તેમને ઘણીવાર (વારંવાર) ધર્મોપદેશ આપવા છતાં પણ હૃદયમાં પ્રવેશતો નથી.

(૧૫) કેટલાક શ્રોતા **કસોટી સમાન** પરીક્ષા-પ્રધાની હોય છે.

(૧૬) કેટલાક શ્રોતા **ત્રાજવાની દાંડી સમાન** હોય છે. જેઓ વધ-ઘટ, હેય-ઉપાદેયને સારી રીતે જાણે છે.

આ રીતે શ્રોતાઓના ઉત્તમ, મધ્યમ, જઘન્ય અનેક ભેદ છે. **જેનો જેવો સ્વભાવ હોય છે તેને ધર્મનો ઉપદેશ તેવો જ પરિણમે છે.** આ ધર્મોપદેશ નામના સ્વાધ્યાય તપના પ્રકરણમાં વકતા-શ્રોતાનું લક્ષણ કહ્યું છે. આ રીતે પાંચ પ્રકારના સ્વાધ્યાયનું વર્ણન કર્યું.

**સ્વાધ્યાય કરવાથી ફાયદો-(લાભ) :-** સ્વાધ્યાય કરવાથી બુદ્ધિ અતિશયવંત થાય છે, અભિપ્રાય સ્પષ્ટ થાય છે, જૈનધર્મમાં શ્રદ્ધાન દૃઢ થાય છે, સંશય (શંકા)નો અભાવ થાય છે, અન્યમતીની શંકાનો અભાવ થાય છે, પરમ ધર્માનુરાગ થાય છે, તપની વૃદ્ધિ થાય છે, આચારની ઉજ્જવળતા થાય છે, અતિચાર (દોષ)નો અભાવ થાય છે, પાપ ક્રિયાનો ત્યાગ થાય છે, કુધર્મમાં રાગનો અભાવ થાય છે, હેય-ઉપાદેયની ઓળખાણ થાય છે, પરમેષ્ઠીમાં અતિશયરૂપ ભક્તિ થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, સંસાર-શરીર-ભોગોથી વિરક્તતા થાય છે, કષાયોની મંદતા થાય છે, દયા ભાવની વૃદ્ધિ થાય છે, શુભ ધ્યાન થાય છે, આર્ત્ત-રૌદ્ર ધ્યાનનો અભાવ થાય છે, જગતમાં માન્ય થાય છે, ઉજ્જવળ યશ પ્રગટે છે, દુર્ગતિનો અભાવ થાય છે, સ્વર્ગના ઉત્તમ સુખ તથા નિર્વાણના અતિન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. આવા અનેક ગુણોને ઉપજાવવાવાળો જાણી વીતરાગ સર્વજ્ઞ દ્વારા કહેલા આગમના અભ્યાસ વિના મનુષ્ય જન્મ ન વીતાવો. આ રીતે સ્વાધ્યાય નામના ચોથા અંતરંગ તપનું પાંચ પ્રકારનું સ્વરૂપ કહ્યું.

**(૫) કાયોત્સર્ગ તપ:-** હવે કાયોત્સર્ગ નામના તપનું સ્વરૂપ કહે છે. બાહ્ય તથા અભ્યંતર ઉપાધિનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ છે. બાહ્ય જે શરીર, ધન, ધાન્ય આદિનો ત્યાગ કરવો તે બાહ્ય ઉપાધિ ત્યાગ છે. અભ્યંતર મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, વેદ પરિણામોનો અભાવ કરવો તે અભ્યંતર ઉપાધિ ત્યાગ છે. બાહ્ય ત્યાગમાં આહાર આદિનો પણ ત્યાગ હોય છે. સન્યાસના સમયે આયુષ્ય પૂરું થયે આજીવન ત્યાગ હોય છે તેનું આગળ ક્રમથી સંલેખના પ્રકરણમાં વર્ણન કરીશું, એટલે અહીં તેના સંબંધમાં વિશેષ લખ્યું નથી. (લખતા નથી)

**(૬) ધ્યાન તપ:-** હવે ધ્યાન નામના તપનું વર્ણન કરીએ છીએ તેનું સ્વરૂપ આ રીતે જાણવું- **એક વસ્તુને જાણતી વખતે ચિંતનનું અટકી જવું(તે) ધ્યાન છે.** તે ધ્યાન ઉત્તમ સંહનન વાળાને અંતર્મુહૂર્ત રહે છે. એકાગ્ર ચિંતવનનું સુખ ઉત્તમ સંહનનવાળાને પણ અંતર્મુહૂર્તથી વધારે સમય રહેતું નથી. વજ્રવૃષભનારાચ સંહનન, વજ્રનારાચ સંહનન, નારાચ સંહનન, એ ત્રણ ઉત્તમ સંહનન છે. ઉત્તમ સંહનનવાળાને જ મનુષ્યપણામાં ચિત્તનું રોકવું થાય છે. **સંસારમાં ગમન, ભોજન, શયન, અધ્યયન આદિ અનેક ક્રિયાઓ છે તેમનામાં જે નિયમ રહિત વર્તે છે તેને ધ્યાન થતું નથી.** જ્યાં એક (શુદ્ધાત્મા)ના સન્મુખ થઈ ચિત્ત અટકી જાય છે ત્યાં ધ્યાન છે, તથા જ્યાં એકાગ્રતા નથી ત્યાં ભાવના છે.

પ્રશસ્ત ભાવોથી શુભ ધ્યાન થાય છે, અપ્રશસ્ત ભાવોથી અશુભ ધ્યાન થાય છે. શુભ ધ્યાન બે પ્રકારનું છે - એક ધર્મ ધ્યાન, બીજુ શુક્લ ધ્યાન. અશુભ ધ્યાન પણ બે પ્રકારનું છે - એક આર્ત્ત ધ્યાન, બીજુ રૌદ્ર ધ્યાન. આ રીતે ધ્યાનના ચાર ભેદ થયા, તેમાં અશુભ ધ્યાન તો વિના પ્રયાસે જ જીવોને થાય છે કેમકે અશુભ ધ્યાનના સંસ્કાર તો જીવોને અનાદિ કાળથી ચાલ્યા આવે છે. અશુભ ધ્યાન શિખવાડવાનું કોઈ શાસ્ત્ર પણ નથી; તે તો શિખવાડ્યા વગર જ જીવોને થાય છે. અશુભ ધ્યાનનો અભાવ થયેથી શુભ ધ્યાન થાય છે.

## ✤ આર્તધ્યાન અને તેના ભેદ ✤

અશુભ ધ્યાનનો અભાવ કરવા માટે પ્રથમ ચાર પ્રકારમાં આર્ત ધ્યાનનું કથન કરે છે. -અનિષ્ટ સંયોગજ, ઈષ્ટ વિયોગજ, રોગજનિત, નિદાનજનિત-એ ચાર પ્રકારનું આર્ત ધ્યાન છે. ઋત અર્થાત્ દુઃખ, તેનાથી ઉપજવાવાળું તે આર્ત ધ્યાન છે.

**(૧) અનિષ્ટ સંયોગજ આર્ત ધ્યાનઃ-** અનિષ્ટ વસ્તુના સંયોગથી જ્યારે ઘણું દુઃખ ઉપજે છે તે સમયે જે ચિંતવન થાય છે તે અનિષ્ટ સંયોગજ આર્ત ધ્યાન છે. પોતાના શરીરનો નાશ કરવાવાળા, ધનનો નાશ કરવાવાળા, આજીવિકા બગાડવાવાળા, પોતાન સ્વજન-મિત્રાદિનો નાશ કરવાવાળા એવા દુષ્ટ વેરી, દુષ્ટ રાજા, રાજાના દુષ્ટ અધિકારી, પોતાના દુષ્ટ પાડોશીનો સંયોગ મળવો; રોગી શરીર, ઘોર દરિદ્રતા, નીચ જાતિ-નીચ કુળમાં જન્મ, નિર્બળતા, અસમર્થતા, અંગહીનતા ઈત્યાદિ મળવું સિંહ, વાઘ, સર્પ, શ્વાન, ઉંદર, અગ્નિ, પાણી, દુષ્ટ રાક્ષસ આદિનો સંયોગ મળવો, (તથા) દુષ્ટ ભાઈ, દુષ્ટ સ્ત્રી, પુત્રાદિનો સંયોગ ઘણો અનિષ્ટ હોય છે. તેમના સંયોગના દુઃખમાં જે સંકલેશરૂપ પરિણામ થાય છે, એ સંયોગોનો વિયોગ ઈચ્છવાના કારણે જે ચિંતવન થાય છે તે અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન છે.

અતિ ઠંડી, અતિ ગરમી, અતિ વૃષ્ટિ, ડાંસ, મચ્છર, કીડી, ખટમલ(માંકડ) આદિ તથા દુષ્ટોનાં દુર્વચન સાંભળી, ચિંતવન કરી, સ્મરણ કરી પરિણામોમાં ઘણું કષ્ટ ઉપજે છે. અનિષ્ટના સંયોગથી દિવસે, રાત્રે, ઘેર, બહાર કોઈપણ સ્થાને કોઈપણ સમયે કલેશ મટતો નથી. એવા આર્ત પરિણામોથી ઘોર કર્મોનો બંધ થાય છે. આ બધો અનિષ્ટ સંયોગજ આર્ત ધ્યાનનો પ્રથમ ભેદ છે. જે પરિણામોમાં આર્ત ધ્યાન થવા દેતા નથી તે સમ્યગ્દષ્ટિઓને કર્મની ઘણી નિર્જરા થાય છે.

જે જ્ઞાની મહાન સત્પુરૂષ છે તે અનિષ્ટના સંયોગમાં આર્ત ધ્યાન કરતા નથી.

તેઓ તો આ રીતે વિચાર કરે છે - હે આત્મા ! તને આ જે અનિષ્ટ દુ:ખ આપવાવાળી સામગ્રી મળી છે તે બધી તારા કરેલા પાપ કર્મનું ફળ છે, બીજા કોઈનો દોષ નથી, અન્યને પોતાનો ઘાત કરવાવાળો ન માન. પૂર્વે તેં જે બીજાઓનું ધન ચોરેલું છે, અન્યાય કર્યો છે, અન્ય નિર્બળોને સંતાપ ઉત્પન્ન કર્યો છે, અન્યને કલંક લગાડ્યું છે, મિથ્યા ધર્મ શિખવાડ્યો છે, શિલવાન ત્યાગી તપસ્વીઓને દોષ લગાડ્યો છે, ખોટો માર્ગ ચલાવ્યો છે. વિકથામાં લીન રહ્યો છે, અન્યાયના વિષયોનું સેવન કર્યું છે, નિર્માલ્ય દેવ દ્રવ્ય ખાધુ છે તેમનાથી બાંધેલા કર્મ હવે સમય જોઈ ઉદયમાં આવ્યા છે.

હવે આ કર્મોના ઉદયથી દુ:ખી થઈ કલેશ કરીશ તો નવા અધિક પાપનો બંધ વિશેષ થશે, દુ:ખી થવાથી કર્મ છોડી નહિ દે, પણ દુ:ખ ઘણું વધી જશે, બુદ્ધિ નષ્ટ થઈ જશે, ધર્મનો અંશ પણ રહેશે નહિ, પાપનું બંધન દઢ થઈ જશે. માટે હવે ધૈર્ય ધારણ કરી સમ ભાવોથી સહન કર. જો સંકલેશ રહિત સમ ભાવોથી સહીશ તો શીઘ્ર જ (સત્વરે) પાપ કર્મોનો નાશ થઈ જશે.

**પરિણામોમાં આવો વિચાર કરો -** આ મને ઘણો લાભ છે કે કર્મ આ સમયે ઉદયમાં આવી રસ આપી નિર્જરી રહ્યાં છે. મને એ મોટો લાભ છે કે જ્યારે જૈન ધર્મ ધારણ થઈ રહ્યો છે ત્યારે ઘણી સમતાથી કર્મના પ્રહારને સહી કર્મના ઋણથી રહિત થઈ જઈશ. જો આ જ કર્મ બીજા કોઈ સમયમાં ઉદયમાં આવત તો આનાથી પણ અધિક બંધ કરી અસંખ્યાત ભવોમાં (પણ) એના ચક્કરમાંથી છૂટી ન શકત.

**આવો પણ વિચાર કરો:-** એ અનિષ્ટના સંયોગ જેમ મને અનિષ્ટ લાગે છે, તે જ રીતે અન્ય જીવોને પણ દુ:ખદાયક છે. માટે હવે હું કોઈ અન્ય જીવને અયોગ્ય વચનો દ્વારા, કાયાથી, અયત્નાચારરૂપ તથા મનથી અન્ય જીવોને દુ:ખ હાનિના ચિંતવન દ્વારા કદી પણ દુ:ખી કરવાની ઈચ્છા કરીશ નહિ. આ સમયે આ જે અનિષ્ટ સંયોગ મળ્યા છે તેમનાથી અસંખ્યાતગણા અધિક અનિષ્ટ સંયોગ નરક-તિર્યંચ પર્યાયમાં તથા મનુષ્ય પર્યાયમાં અનેક વાર ભોગવ્યા છે, અનેક દુર્વચન સહ્યાં છે, અનેક પ્રકારના મારનાં નિત્ય દુ:ખ ભોગવ્યાં છે, અનેક જન્મોમાં દારિદ્રય ભોગવ્યું છે.

ભાર ઉપાડવાનું દુ:ખ, મર્મ સ્થાને મારવાનું દુ:ખ, હાથ-પગ-નાક છેદવાનું દુ:ખ, આંખો કાઢવાનું દુ:ખ, ભૂખનું, તરસનું, ઠંડીનું, ગરમીનું, તડકામાં પડી રહેવાનું, પવનનું, દુષ્ટ જીવો દ્વારા ખવાઈ જવાનું, ઘણા સમય સુધી જેલમાં પરાધીન રહેવાનું તથા બંધનનાં અનેક દુ:ખ ભોગવ્યાં છે. અનેક વાર અગ્નિમાં શેકાયો છું, અનેક વાર મર્યો છું, અનેક

વાર પાણીમાં ડૂબ્યો છું, કાદવમાં ફસાઈને મર્યો છું. આ રીતે તિર્યંચોમાં-મનુષ્યોમાં ઉપજી અનિષ્ટનો સંયોગ અનંત વાર ભોગવ્યો છે. નરક ગતિના દુઃખ તો પ્રત્યક્ષ જ્ઞાની જ જાણવાને સમર્થ છે, બીજા નહિ. આ સંસારમાં જ્યાં સુધી રહીશ ત્યાં સુધી અનિષ્ટ સંયોગ તો રહેશે જ.

**હું પાપ કર્મ કરી પંચમકાળનો માનવ થયો છું,** એમાં અનિષ્ટનો સંયોગ થવાનો શું ભય રાખવો ? એમાં તો જે અનંત કાળમાં પણ મળવું દુર્લભ હતું એવું જૈન ધર્મરૂપ પરમ નિધાન મળી ગયું છે. **એના લાભથી આનંદપૂર્વક મારે અનિષ્ટ સંયોગજનિત દુઃખોને ભૂલીને પરમ સમતા ભાવથી કર્મના ઉદયને જીતવા યોગ્ય છે.** આ રીતે અનિષ્ટ સંયોગજનિત આર્ત ધ્યાનનો અભાવ કરવો.

**(૨) ઈષ્ટ વિયોગજ આર્ત ધ્યાનઃ-** આર્ત ધ્યાનનો બીજો ભેદ ઈષ્ટ વિયોગજ છે. ઈષ્ટના વિયોગથી ઘણું દુઃખ ઉપજે છે. પોતાના મનને આનંદ આપનાર-સુખો ઉપજાવવાવાળા પુત્રનું મરણ થઈ જાય, આજ્ઞાકારી સ્ત્રીનો વિયોગ થઈ જાય, પ્રાણો સમાન મિત્રનો વિયોગ થઈ જાય, ઘણી સંપદા, રાજ્ય, ઐશ્વર્ય ભોગો આપનાર સ્વામી (માલિક)નો વિયોગ થઈ જાય, સુખપૂર્વક જીવન નિર્વાહ કરવાવાળી આજીવિકા ચાલી જાય, રાજ્યભંગ થઈ જાય, પદવી (પદ) ભ્રષ્ટ થઈ જાય, સંપદા ભંગ થઈ જાય, સુખેથી રહેવાનાં સ્થાન, જમીન, મકાન નષ્ટ થઈ જાય, સૌભાગ્ય યશ નષ્ટ થઈ જાય, પ્રીતિ કરવાવાળા ભોગ નષ્ટ થઈ જાય, તે બધો ઈષ્ટનો વિયોગ છે. એવા ઈષ્ટનો વિયોગ થયે શોક, ભ્રમ, ભય, બેભાન આદિ થવું, તેમનો વારંવાર સંયોગ થવા માટે ચિંતવન કરવું, રોવું, દુઃખમાં અચેત થઈ વિલાપ કરવો, વારંવાર દુઃખી થવું, હાહાકાર કરવો તે તિર્યંચ ગતિમાં ગમનનું કારણ ઈષ્ટ વિયોગજ આર્ત ધ્યાન છે.

ઈષ્ટના વિયોગથી મોટા-મોટા શૂરવીરોનું ધૈર્ય છૂટી જાય છે, મહાન પુરૂષ પણ દીન સમાન થઈ જાય છે, હૃદય ફાટી જાય છે, મરણ થઈ જાય છે, ઉન્મત-બાવરો થઈ જાય છે, કૂવા-વાવડીમાં પડીને મરી જાય છે, ઉંચા પર્વત-મકાન પરથી પડીને મરી જાય છે, ઝેર ખાઈ લે છે, શસ્ત્રાદિથી આત્મહત્યા કરી લે છે. ઈષ્ટના વિયોગના દુઃખ જેવું કોઈ દુઃખ નથી. ઈષ્ટ વિયોગના દુઃખથી બંને લોક નાશ પામે છે.

**કોઈ ઉત્તમ પુરૂષ, સંસાર-શરીર-ભોગોથી વિરક્ત, સમ્યક્શ્રદ્ધાની, સમ્યક્જ્ઞાની વીતરાગી સર્વજ્ઞના વચનોનું અવલંબન લેવાવાળો, વસ્તુના સત્યાર્થ સ્વરૂપને જાણવાવાળો પુરૂષ જ ઈષ્ટના વિયોગજનિત દુઃખને જીતે છે.** તે જીવ

એવી ભાવના ભાવે છે - હે આત્મા ! સંસારમાં જેટલો પણ સંયોગ તને મળ્યો છે તેનો નિયમથી વિયોગ થશે. વિયોગને રોકવાને કોઈપણ દેવતા, ઈન્દ્ર, મંત્ર, યંત્ર, ઔષધિ, સેવા, બળ, કુટુંબ, બુદ્ધિ, મિત્ર, ધન, સંપદા કોઈ સમર્થ નથી.

જ્યારે આ તારા શરીરનો જ અવશ્ય વિયોગ થશે, ત્યારે આ શરીરના સંબંધીઓની શી વાત કરવી ? આ જે સ્ત્રી, પુત્ર, પુત્રી, માતા, પિતા આદિને પોતાના માની પ્રીતિ કરે છે તે તારો સંબંધ એમના આત્માથી નથી, એમના શરીરથી સંબંધ છે. આ મુખની ચામડી, દુર્ગંધિત નાક, ચામડાના નેત્ર એમાં મોહ બુદ્ધિથી પરસ્પર પોતા સમાન રાગ કરતો રહે છે પણ એમને તો એક દિવસ અગ્નિમાં બળી ભસ્મ થઈ જવાનું છે. તારા ચામડાનો અને એમના ચામડાનો અનંત કાળમાં પણ કેવી રીતે સંબંધ(મેળ) મળશે ? **જેમનો સંયોગ થયો છે તેમનો નિયમથી વિયોગ થશે.** માતાનો, પિતાનો, પ્યારી સ્ત્રીનો, સપૂત પુત્રનો, ભાઈનો, રાજ્યનો, ઐશ્વર્યનો, ધન સંપદાનો, મહેલ-મકાનનો, દેશ- નગર ગામનો, મિત્રોનો, સ્વામીનો, સેવકનો, અવશ્ય વિયોગ થશે. માટે ઈષ્ટના વિયોગનું દુઃખ કરી અશુભ બંધ ન કરો.

જો તેઓ તમારા ઈષ્ટ છે તો તમારા માટે દુઃખ ઉપજાવવાનો પ્રયત્ન કેમ કરે ? માટે સમ્યગ્જ્ઞાની હો તો પરમ ધર્મરૂપ ભાવને ઈષ્ટ માનો, જેનાથી સંસારના દુઃખોથી છૂટી જઈ શકાય છે. આ સ્ત્રી, પુત્ર, કુટુંબ ધન, પરિગ્રહ આદિ ઈષ્ટ નથી. જે મમતા ઉપજાવી, પાપ કર્મમાં, ઈન્દ્રિયના વિષયોમાં પ્રવૃત્તિ કરાવે, અનીતિમાં લગાવી દુર્ગતિમાં પહોંચાડે તે કોના ઈષ્ટ ? ઈષ્ટ તો પરમ હિતરૂપ ધર્મમાં પ્રવર્તન કરાવનાર ધર્માત્મા ગુરૂજન છે, સાધર્મી છે, બીજા નહિ.

આ કુટુંબના લોક તો તમારી પાસે પુણ્યના ઉદયથી જ્યાં સુધી ધન સંપદા છે ત્યાં સુધી બધા પોતાના ઈષ્ટ દેખાય છે, ધન વિના કોઈ પોતાનું ઈષ્ટ માનતું નથી. ધન તો પુણ્યને આધીન છે, માટે પુણ્યના ભાવને જ ઈષ્ટ માનો. જ્યારે પુણ્યનો ઉદય આવે છે તો સ્વર્ગ લોકની મહાન ઈષ્ટ સામગ્રી, અસંખ્યાત દેવો દ્વારા વંદનીય ઈંદ્રપણું, અત્યંત સ્નેહભરી હજારો દેવાંગનાઓ, અદ્ભૂત ભોગ સામગ્રી મળી જાય છે. જ્યારે પાપનો ઉદય હોય ત્યારે પોતાનો અત્યંત પ્રિય પુત્ર, મુશ્કેલીથી પાળેલું શરીર જ ઘોર દુઃખ આપવાવાળાં વેરી થઈ જાય છે.

સંસારમાં અજ્ઞાન ભાવથી સ્ત્રી, પુત્રાદિને ઈષ્ટ માનો છો, તો સંસારમાં અનંત જીવોથી અનેક નાતા-સંબંધ બંધાયા છે. **એટલી માતાઓના દૂધ પીધા છે કે જો દરેકનું**

**એક-એક બુંદ ભેગું કરીએ તો અનંત સમુદ્ર ભરાઈ જાય, એટલાં શરીર ધારણ કરીને છોડ્યાં છે કે જો એક શરીરનું એક રોમ ભેગું કરીએ તો સુમેરૂ સમાન અનંત પર્વત ભેગા થઈ જાય,** એટલા કુટુંબના લોકો તારા માટે રોયા છે તથા કુટુંબીઓ માટે તું રોયો છે કે જો તે આંસુઓને એક જગ્યાએ જમા કરીએ તો અનંત સમુદ્ર ભરાઈ જાય.

**સત્યાર્થ વિચાર કરો:-** કેટ-કેટલા(કયા-કયા) ઈષ્ટના વિયોગ ગણશો ? અનેક ઈષ્ટ ગ્રહણ કરી છોડ્યા છે. જે ઈષ્ટ હાલ વિદ્યમાન છે. તેમને છોડવાનો પણ અવસર સામે જરૂર આવશે. અવસરનું કોઈ ઠેકાણું (નિશ્ચિત સ્થાન કે સમય) નથી કે મોત કઈ જગ્યાએ કયા સમયે આવશે? મરણને પ્રાપ્ત થયા વિના કોઈ રહેતું નથી. બધી ઈષ્ટ સામગ્રી જે તમને દેખાય છે, જેમાં તમે રાગ કરો છો તેનો વિયોગ થવાનો સમય અચાનક આવ્યો જ સમજો. જેમાં મમતા કરીને ફસાઈ રહ્યા છો, જેમના માટે પાંચ પ્રકારનાં પાપ કરો છો તે બધા અવશ્ય વિખૂટા પડશે (છૂટી જશે). સમસ્ત સામગ્રીના વિયોગ વખતે કોઈ કંઈ પણ કરવા સમર્થ હોતું નથી. માટે તિર્યંચ ગતિના કારણ ઈષ્ટ વિયોગમાં કલેશ ન કરો.

**એવી ભાવના ભાવો:-** આ જે શરીર છે, તે પાણીના પરપોટા જેવું છે, ક્ષણભરમાં નાશ પામી જાય છે. આ લક્ષ્મી, ઈન્દ્ર જાળની રચના સમાન છે, જોત-જોતામાં અદશ્ય થાય છે. આ સ્ત્રી-પુત્ર કુટુંબ આદિ છે, તેઓ પ્રચંડ પવનના વેગથી પ્રેરિત સમુદ્રની લહેરો જેવા ચલાયમાન છે. વિષયોનું સુખ સંધ્યા કાળના વાદળોની લાલિમાની જેમ વિનાશીક છે. માટે એમના વિયોગમાં શોક કરવો વ્યર્થ છે. જેણે શરીર ધારણ કર્યું છે તેને દુ:ખ અને મરણ તો અવશ્ય આવશે જ માટે દુ:ખનો તથા મરણનો ભય છોડી એવા ઉપાયનો વિચાર કરો જેનાથી શરીર ધારણ કરવાનો જ અભાવ થઈ જાય.

હે આત્મા ! જે કર્મ કોઈ દેવ, દાનવ, મંત્ર, તંત્ર, યંત્ર, ઔષધિ આદિ દ્વારા રોકી શકાતું નથી, તેને કારણે પોતાના ઈષ્ટનું મરણ થવાથી શોકથી દુર્ધ્યાન કરવું (તે) પાગલની જેમ આચરણ કરવા જેવું છે. શું શોક કરવાથી, રૂદન-વિલાપ કરવાથી કોઈ દયા કરી મરેલાને જીવતો કરી દેશે? શોક કરવાથી કંઈ પણ સિદ્ધિ નથી; ધર્મ, અર્થ, કામ, મોક્ષ બધું નષ્ટ થઈ જશે.

**જે પણ જન્મે છે તે મરવા માટે જ જન્મે છે.** જેમ-જેમ સમય વીતતો જાય છે, તેમ-તેમ મરણનો દિન નજીક આવતો જાય છે. જેમ વૃક્ષ ઉપર ફળ, ફૂલ, પત્તાં ઉગે

છે, તે બધાં તૂટીને પડે જ છે; તેવી જ રીતે કુળરૂપ વૃક્ષમાં માતા-પિતા, પુત્ર, પૌત્ર જે પણ ઉપજ્યાં છે તે એક દિવસ નષ્ટ થશે જ, એમાં શોક કરવો વ્યર્થ છે.

**જે ભવિતવ્યતા છે. (તે) દુર્લંઘ્ય(નિશ્ચિત-ટાળી ન શકાય તેવી) છે.** પૂર્વમાં બાંધેલા કર્મોને આધીન છે, કર્મોનો ઉદય આવતાં તેનું ફળ આવે જ છે, રોકી શકાતું નથી. જે ઉદયના આધીન ઈષ્ટ વસ્તુનો નાશ થઈ ગયો, તેનો વિલાપ કરી શોક કરવો એ અંધારામાં નાચવા જેવું છે, કોણ જોશે ? પૂર્વમાં બાંધેલા કર્મોના ઉદયના સમયમાં જેના આયુષ્યનો અંત આવશે, વિયોગનો સમય આવશે તે સમયે તેને કોણ રોકી શકશે ? એટલા માટે દુઃખ છોડી પરમ ધર્મમાં પુરૂષાર્થ કરવો જોઈએ.

જેઓ ધનોપાર્જન માટે, પરિગ્રહ વધારવા માટે, ઘણો સમય જીવવા માટે મહા સંકલેશપૂર્વક દુર્ધ્યાન કરે છે તે મહા મૂઢ છે. ઈચ્છા કરવાથી, દુઃખી થઈ, પુણ્યના ઉદય વિના ગયેલી વસ્તુ કેવી રીતે (પાછી) મળશે ? જે તમારૂં ઈષ્ટ મરી ગયું, તેને બાળી નાખ્યું, એકવાર પરમાણું ધૂમાડો, રાખ આદિ થઈ ઉડી ગયાં, તેમને મેળવવા માટે જે શોક કરે છે તેના જેવો મૂર્ખ બીજો કોણ હોઈ શકે ?

આ જગતને પ્રત્યક્ષ ઈંદ્રજાળના સમાન જોયા પછી પણ શોક કેવી રીતે કરી શકાય ? **જો મરણનો, વિયોગનો, નુકશાનનો દિવસ આવી જાય તો તેને એક ક્ષણ પણ ટાળવામાં કોઈ ઈંદ્ર, જિનેન્દ્ર, નરેન્દ્ર સમર્થ નથી.** આ રીતે જાણવા છતાં પણ જે રૂદન-વિલાપ કરે છે તે નિર્જન વનમાં પોક મૂકવાવાળા સમાન છે, કોણ દયા કરશે ? પૂર્વોપાર્જિત કર્મ તો જડ છે, તેનામાં તો દયા છે જ નહિ. જો આપણી ઈષ્ટ વસ્તુનો નાશ થઈ જાય તો તેનો શોક કરવો ત્યારે યોગ્ય છે, જ્યારે શોક કરવાથી વસ્તુની પ્રાપ્તિ થઈ જાય, પોતાને સુખ થઈ જાય, જગતમાં યશ(કીર્તિ) થઈ જાય, ધર્મની પ્રાપ્તિ થઈ જાય, ત્યાં તો ઈષ્ટના વિયોગનો શોક પણ કરવો ઠીક છે.

**શોક કરવાથી કંઈ પણ વળતું નથી.** ધર્મનો નાશ, બુદ્ધિનો નાશ, શરીરનો નાશ, ઈન્દ્રિયોનો નાશ, આંખોના તેજનો નાશ થઈ જાય છે. પ્રગટ ઘોર દુઃખ, પર લોકમાં દુર્ગતિ, અન્ય સાંભળવાવાળાઓને કલેશ, પોતાને રોગની ઉત્પત્તિ, બળ-વીર્યનો નાશ, વ્યવહાર પરમાર્થ બંનેનો નાશ, ધીરતા, જ્ઞાન નષ્ટ થવું ઈત્યાદિ અનેક દુઃખોનું કારણ શોક છે, એવો શોક કરવો ન જોઈએ. માટે આ તિર્યંચ ગતિમાં અનેક જન્મ ઉપાર્જન કરવાવાળું ઈષ્ટ વિયોગજ નામનું આર્તધ્યાન કદી કરવું ન જોઈએ.

**ઈષ્ટનો વિયોગ તો પાપનું ફળ છે.** એનો શોક કરવાથી શું થશે ? જો પાપ કર્મનો નાશ કરવાનો પ્રયત્ન કરશો તો પુનઃ ઈષ્ટ વિયોગ આદિ દુઃખના પાત્ર નહિ થાઓ. જેઓ ઈષ્ટના વિયોગથી દુઃખરૂપ ક્લેશિત થઈ રહ્યા છે તેઓ અશાતા કર્મનો બંધ કરે છે જે આગળ અસંખ્યાત ભવો સુધી દુઃખોની પરિપાટીથી છૂટતા નથી.

**જે આ ક્ષણે-ક્ષણે આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે તે કાળના મુખમાં પ્રવેશ છે.** અનંતકાળમાં કોઈ એવું નથી થયું, ન થશે જે દેહ ધારણ કરી મરણને પ્રાપ્ત ન થયું હોય સૂર્ય, ચંદ્રમા આદિ દેવતા તથા પક્ષી-એ તો આકાશમાં વિચરણ કરે છે, પણ કાળ(મૃત્યુ) તો સ્વર્ગમાં, નરકમાં, આકાશમાં, પાતાળમાં, જળમાં, થળમાં, સર્વત્ર જ વિચરે છે. એનાથી કોણ બચાવી શકે છે ?

**જે દિવસો નિરંતર વીતી રહ્યા છે તે આયુષ્યના મોટા-મોટા ખંડ પ્રત્યક્ષ તૂટી જઈ રહ્યા છે.** સાગરોનું જેમનું આયુષ્ય, અણિમા આદિ હજારો ઋદ્ધિઓના ધારક, જેમની અસંખ્યાત દેવ સેવા કરે છે તેમનો પણ વિનાશ થઈ જાય છે તો કીટાણુ જેવો મનુષ્ય કેવી રીતે સ્થિર રહેશે? જે હવાથી પહાડ ઉડી ગયા તેમાં તણખલાઓનો સમૂહ કેવી રીતે રોકાઈ શકે ? એવું ચિંતવન કરી ઈષ્ટનો વિયોગ થયેથી આર્ત ધ્યાન કદી કરવું જોઈએ નહિ. આ રીતે ઈષ્ટ વિયોગજ આર્ત ધ્યાનનું અને એને જીતવાની ભાવનાનું વર્ણન કર્યું.

**(૩) રોગજનિત આર્ત ધ્યાનઃ-** હવે રોગજન્ય ત્રીજા આર્ત ધ્યાનનું સ્વરૂપ કહે છે. આ શરીરમાં રોગ થાય છે ત્યારે રોગનો નાશ થવા માટે વારંવાર સંકલેશરૂપ પરિણામ થાય છે તે રોગજન્ય આર્ત ધ્યાન છે. ખાંસી, શ્વાસ, તાવ, વાયુ, પિત્ત, કફ, પેટ દર્દ, સિર દર્દ, નેત્ર દર્દ, કાન દર્દ, દાંત દર્દ, જલંદર, કઠોદર, સફોદર, કોઢ, ખસ, દાદર, સંગ્રહણી, અતિસાર ઈત્યાદિ પ્રાણોના નાશ કરવાવાળા, ઘોર વેદના આપનાર રોગો થવાથી ઘોર દુઃખ થાય છે. રોગોની તકલીફથી એક શ્વાસ લેવો પણ ઘણા કષ્ટથી બને છે, બેસતાં, ઉઠતાં, સૂતાં ક્યાંય પણ પરિણામોમાં સ્થિરતા થતી નથી. એવા સમયમાં પરિણામોમાં ઘણા દુઃખથી ઉપજતું પીડા ચિંતવન નામનું આર્ત ધ્યાન થાય છે.

આ રોગજનિત વેદના એવી છે જેનાથી મોટા-મોટા મહારથી, મહા શૂરવીર, અનેક શસ્ત્રોની સામે પણ મુકાબલામાં ટકી રહેવાવાળા શૂરવીરોનું ધૈર્ય પણ ચલાયમાન થઈ જાય છે, મોટા-મોટા ત્યાગી-તપસ્વીઓ-પરિષહ સહેવાવાળાઓનું ધૈર્ય ચલાયમાન થઈ જાય છે. એવા રોગના વેદનાજન્ય આર્ત ધ્યાનને જીતવાનું સામર્થ્ય ઘણું કઠિન છે.

રોગજન્ય વેદનામાં આર્ત પરિણામોનું જીતવું ભગવાન જિનેન્દ્રના શરણથી જ થવું જાણો. મહાન(જિનેન્દ્ર)ના શરણ વિના આવી ભયંકર વેદનામાં ધૈર્ય રહેતું નથી. માટે જ્ઞાની પુરૂષ સર્વજ્ઞનું શરણ ગ્રહણ કરી વિચાર કરે છે - હે આત્મા ! આ જે ભયાનક ઘોર અશાતા કર્મનો ઉદય આવ્યો છે તેમાં જો વિલાપ કરીશ તો દુઃખ કોણ દૂરી કરી દેશે ? તરફડીશ તો પણ આ વેદના છોડવાની નથી. ધીર થઈને ભોગવીશ તો(પણ) ભોગવવી પડશે, કાયર થઈ ભોગવીશ તો(પણ) ભોગવવી પડશે. **રોગ તો દેહમાં આવ્યો છે, તો તે દેહને મારી શકશે, તારા આત્માને નહિ મારી શકે. તારો આત્મા તો જ્ઞાયક સ્વભાવ અવિનાશી છે,** પણ આ દેહના ફંદામાં આવી ફસાઈ ગયો છે, માટે હવે ધૈર્ય ધારણ કરી કાયરતા છોડ.

આ સંસારમાં કરોડો રોગોનો ઉદય, તથા તાડન-મારણ આદિ અનેક ત્રાસ નરકમાં ભોગવ્યા છે, તિર્યંચ ગતિમાં પ્રત્યક્ષ રોગોથી ઉપજતા ઘોર દુઃખ જોઈએ જ છીએ. બીજાઓથી તો છૂટીને ભાગી પણ જઈએ, પણ કર્મથી નહિ ભાગી શકીએ. આ કર્મમય શરીર તારા એક-એક પ્રદેશને અનંત કર્મ પરમાણુઓથી બાંધી પોતાનો આધીન કરી રાખ્યા છે, તે કેવી રીતે ભાગવા દેશે ? આ જે કર્મ છે, તે તો મરણ થયા પછી પણ છોડશે નહિ. મરણ થવાથી શરીર છૂટશે, જ્યાં પણ અન્ય શરીર ધારણ કરીશ ત્યાં પણ કર્મ તો સાથે જ રહેશે. રોગની વેદનામાં જે ધૈર્ય ધારણ કરે છે તેમને કર્મોની ઘણી નિર્જરા થાય છે.

**આવો પણ વિચાર કરો -** મુનિરાજ તો ગ્રીષ્મમાં આતાપની વેદના તથા શીતઋતુમાં શીતની વેદના કર્મોને જીતવા માટે ઘણા ઉત્સાહથી સહે છે, તારે તો કર્મ સ્વયં જ ઉદયમાં આવી ગયું છે તો એને શૂરવીરતાથી જીત **એ પણ જુઓ કે -** કેટલાયે મનુષ્યો નિર્ધન છે, એકલા છે, રહેવાની જગ્યા નથી, ખાવા-પીવાનું મળતું નથી, કોઈ પૂછવાવાળું નથી, કોઈ મદદ કરવાવાળું નથી, શરીરમાં એક પછી એક રોગનો કલેશ આવતો રહે છે, કોઈ પાણી પાવાવાળું પણ નથી, એમનો વિલાપ કોણ સાંભળે છે ? એવો દુઃખી અજ્ઞાની પણ પોતાને અસહાય, એકલો, નિર્ધન સમજી પોતે સ્વયં જ ભોગવે છે.

તારી પાસે તો ઉંઘવા માટે જગ્યા છે, ખાવા માટે ભોજન છે, રોગની દવા છે, ઠંડી-ગરમ બધી સામગ્રી છે, સેવા કરવાવાળા સેવક છે, સ્ત્રી છે, પુત્ર છે, મિત્ર છે, મળ-મૂત્રાદિ સફાઈ કરવાવાળો છે, હવે તારે સમતા ભાવથી વેદના સહેવી જોઈએ.

કાયરતા છોડી, ધૈર્ય ધારણ કરી રોગ જન્ય આર્તધ્યાન છોડવું જ યોગ્ય છે. ધર્મ ધારણ કરવાનું આ જ ફળ છે.

જેમની કોઈ મદદ કરવાવાળું નથી, તેઓ પણ ધૈર્ય ધારણ કરે છે હે આત્મા! આ જૈનધર્મ ધારણ કરીને પણ તથા કર્મના ઉદયને કોઈથી પણ રોકાઈ ન શકે તેવો (અરોક) સમજીને પણ કેમ કાયરતા ધારણ કરે છે ? જેલમાં પણ ઘણા રોગની વેદના ભોગવતાં જ કેટલાયે મરી જાય છે. તિર્યંચોમાં ઘોર રોગની વેદના, રોગી થઈ નિર્જન વનમાં પડી જવું, કાદવમાં ફસાઈ જવું, ગરમીમાં, ઠંડીમાં પડી રહેવું, પડેલાને અનેક જીવોનું કાપી કાપીને ખાવું ઈત્યાદિ ઘોર વેદના સંસારમાં ભોગવે છે.

**સંસાર તો દુઃખોથી જ ભરેલો છે.** એવો કયો રોગ છે (કે) જે તેં અનેકવાર ભોગવ્યો નથી ? એટલે રોગમાં જૈનધર્મ જ શરણ છે, જિનેન્દ્રના વચનને જ જન્મ-મરણ-જરા-રોગનો નાશ કરવાવાળો જાણ. **અન્ય ઔષધિ ઈલાજ તો શાતા કર્મની સહાયતાથી-અશાતા કર્મનો મંદ ઉદય થવાથી ઉપકાર કરે છે.** અશાતાના પ્રબળ ઉદયમાં સમસ્ત ઉપાયોને નિષ્ફળ જાણી, અશુભ કર્મના નાશનું કારણ પરમ સમતા ભાવ જ ધારણ કરવો શ્રેષ્ઠ છે. આ રીતેરોગ જન્ય આર્ત ધ્યાનને જીતવાની ભાવના કહી.

**(૪) નિદાનજન્ય આર્ત ધ્યાન -** હવે નિદાનજન્ય ચોથા આર્ત ધ્યાનના સ્વરૂપનું વર્ણન કરે છે. દેવોના ભોગોની ઈચ્છા કરવી, અપ્સરાઓનાં નૃત્ય આદિ જોવાની વાંછા કરવી, પોતાનું સૌભાગ્ય ઈચ્છવું, અદ્‌ભૂત સુંદર રૂપ ઈચ્છવું, અખંડ ઐશ્વર્ય સહિત રાજ વિભૂતિની વાંછા કરવી, રહેવા માટે સુંદર મહેલ-મકાન ચાહવા, રૂપવતી સ્ત્રીના કોમળ સુકુમાર અંગોનો સ્પર્શ ચાહવો, સૂવાનું, બેસવાનું, વસ્ત્ર, અલંકાર, સુગંધયુકત વાંછિત ભોજન ઈચ્છવાં, અનેક રસ સહિત, ક્રીડા વિહાર ઈચ્છવો, દુશ્મનોનાં તિરસ્કાર-મરણ ઈચ્છવાં, પોતાની પાસે વાંછિત વિભૂતિ ઈચ્છવી, સમસ્ત જગતમાં પોતાની મોટાઈ ચાહવી, પોતાની આજ્ઞા જે માને તેનો વિજય ઈચ્છવો, અન્યનો તિરસ્કાર ચાહવો, મદને પુષ્ટ કરે તેવી સમસ્ત પંડિતોનો તિરસ્કાર કરવાવાળી વિદ્યા ઈચ્છવી, રાજનીતિને પોતાને આધીન ઈચ્છવી, આજીવિકાની વૃદ્ધિ ઈચ્છવી, પરના કુટુંબનો-સંપદાનો નાશ ઈચ્છવો, પોતાના કુટુંબની વૃદ્ધિ ઈચ્છવી, ધનનો લાભ ચાહવો, પોતાનું લાંબા સમયનું જીવન ઈચ્છવું, પોતાના વચનની સિદ્ધિ કરવી, પોતાના કપટ-જૂઠની ગુપ્તતા ચાહવી, અન્ય જીવોની પોતાનાથી ન્યૂનતા ઈચ્છવી, બધાની વચ્ચે પોતાની મોટાઈ ઈચ્છવી, સમસ્ત ભોગોની વાંછા કરવી, પોતાનું નિરોગીપણું ઈચ્છવું, પોતાનાં

અદ્‌ભૂત રૂપ, સંપદા, આજ્ઞાકારી પુત્ર, ચતુર સેવક ઈત્યાદિની આગામી કાળમાં જે વાંછા કરવી તે નિદાન આર્ત ધ્યાન છે.

સંસાર પરિભ્રમણનું કારણ, પુણ્યનો નાશ કરવાવાળું જાણી કદી નિદાન ન કરો. **ઈચ્છાથી તો પાપનો બંધ થાય છે.** ભોગોની અભિલાષા તથા પોતાના અભિમાનની પુષ્ટિ ચાહવી(એ) તો પોતાના એકત્ર કરેલા પુણ્યનો નાશ કરવા (જેવું) છે. **નિર્વાંછક પરિણામથી જ પુણ્ય બંધ થાય છે.** પોતાની મોટાઈની ઈચ્છા તથા વિષયોનો લોભ તીવ્ર કષાયી પર્યાય-બુદ્ધિવાળા સિવાય કોણ કરે ? એ વિષય અને આ અભિમાન કેટલા દિવસ રહેશે ?

અનંતાનંત પુરૂષ આ ધરતી ઉપર સંપદાવાન, બળવાન, રૂપવાન, વિદ્યાવાન, થઈ મૃત્યુને વરી ચૂક્યા છે. અહીં કાળ અચાનક આવીને ગ્રહી લેશે. આટલા સમય સુધી ભોગોએ શું કર્યું ? એ ભોગ અતૃપ્તિના કરવાવાળા છે, દુર્ગતિમાં લઈ જવાવાળા છે ચાહવાથી કદી મળતા પણ નથી અસંખ્યાત જીવ ચાહની દાહના માર્યા બળ્યા કરે છે. મરણ નજીક આવે છે ત્યારે પણ ચાહ જ કરતા રહે છે. ચાહ (ઈચ્છા)થી આખું જગત બળી રહ્યું છે. જગતના જીવોને એવી તૃષ્ણા છે કે જે ત્રણ લોકના રાજ્યથી પણ તૃપ્ત થતી નથી, પછી કોને-કોને સમસ્ત લોકનું રાજ્ય મળશે ? આ ધૂળ સમાન જડ સંપદા છે, એનાથી આત્માને શું સાધ્ય છે, શું લાભ થવાનો છે ?

**લોકમાં સંપદા, પરિગ્રહ, અભિમાન મહા દુઃખદાયી છે.** પોતાના અવિનાશી જ્ઞાનની સંપદા, સુખ સંપદા, સ્વાધીનતાને પામી સુખી થવાનો પ્રયત્ન કર, સંતોષ સમાન સુખ નથી, સંતોષ સમાન તપ નથી. મળેલા વિષયોમાં સંતોષ રાખી વાંછા રહિત થઈ જે રહે છે, તેમને મોટું તપ છે, (તે) કર્મની નિર્જરા કરે છે. જેઓ વાંછા કરતા રહે છે તેમને શું મળે છે ? અનંતાનંત જીવ વિષય- કષાયોની પ્રાપ્તિ માટે તડપતા-તડપતા મરીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે.

માટે જો તમારા હૃદયમાં જિનેન્દ્રના ધર્મની સાચી રૂચિ થઈ છે તો ગયેલી વસ્તુનું ચિંતવન ન કરો, આગામીની વાંછા ન કરો, તથા વર્તમાનકાળમાં જે કર્મનો શુભ-અશુભ રસ ઉદયમાં આવ્યો છે તેને રાગ-દ્વેષ રહિત થઈ ભોગવો. આ જે શુભ-અશુભનો સંયોગ છે તે મારો સ્વભાવ નથી, કર્મનો ઉદય છે. આ રીતે નિશ્ચય કરી આગામી વાંછાનો અભાવ કરી નિદાન નામના આર્ત ધ્યાનને જીતવું જોઈએ.

આ રીતે આર્ત ધ્યાનનું ચાર પ્રકારનું સ્વરૂપ કહ્યું છે. આ (આર્ત ધ્યાન) છઠ્ઠા ગુણસ્થાન સુધી થાય છે. નિદાન આર્ત ધ્યાન પાંચમા ગુણસ્થાન સુધી જ રહે છે, છઠ્ઠા ગુણસ્થાનમાં નિદાન હોતુ નથી. આ આર્ત ધ્યાન કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ લેશ્યાઓના બળથી ઉત્પન્ન થાય છે. (તે) પાપરૂપ અગ્નિને વધારવા માટે બળતણ સમાન છે. આ આર્ત ધ્યાન અનાદિ કાળના અશુભ સંસ્કારથી પ્રયત્ન કર્યા વિના જ ઉત્પન્ન થઈ જાય છે. આનું ફળ અનંત દુઃખોથી વ્યાપ્ત તિર્યંચ ગતિમાં પરિભ્રમણ કરવું (તે) છે. આ ક્ષાયોપશમિક ભાવ છે, તેનો કાળ અંતર્મુહૂર્ત જ છે.

જેના હૃદયમાં આર્ત ધ્યાન થાય છે તેના બાહ્ય શરીર ઉપર આવા ચિન્હો થાય છે - શોક, શંકા, ભય, પ્રમાદ, કલહ, ચિંતા, ભ્રમ, ભ્રાન્તિ, ઉન્માદ, વારંવાર ઉંઘ, અંગોમાં શીથિલતા, શ્રમ, મૂર્ચ્છા ઈત્યાદિ ચિન્હ પ્રગટ થાય છે. આ રીતે આર્ત ધ્યાનનું સ્વરૂપ કહ્યું છે.

**રૌદ્રધ્યાન અને તેના ભેદ -** હવે આગળ ચાર પ્રકારનાં રૌદ્રધ્યાન ત્યાગવા યોગ્ય છે, તેમનું સ્વરૂપ કહે છે. હિંસાનદી, મૃષાનંદી, સ્તેયાનંદી, પરિગ્રહાનંદી - એ ચાર પ્રકારનાં રૌદ્રધ્યાન છે.

**(૧) હિંસાનંદી રૌદ્ર ધ્યાન -** પ્રથમ હિંસાનંદ રૌદ્રધ્યાનનું આવું સ્વરૂપ જાણવું - પોતાનાથી જીવોના સમૂહની હિંસા થવાથી જે આનંદ થાય છે તે હિંસાનંદ રૌદ્રધ્યાન છે. હિંસાનાં જે કારણ જે વિષય છે તેમાં અનુરાગ થવો, બંધ બંધાવવામાં, તળાવ, વાવડી, કૂવો, નહેર, નદી, નાળાં ખોદાવવામાં અનુરાગ થવો, જંગલ કપાવવામાં, બાગ-બગીચા બનાવવામાં, સડક ખોદાવવામાં અનુરાગ થવો, ગામ બાળવામાં, મકાન બાળવામાં, પર્વત કાપવામાં અનુરાગ થવો, યુદ્ધ થવામાં, પરધન વિધ્વંસ થવામાં, દારૂગોળાના ફટાકડા-આતશબાજી છોડવામાં, ડાકુગીરી કરવામાં, લૂંટવામાં અનુરાગ થવો, જલચર, થલચર, નભચર જીવોનો શિકાર કરવામાં, જીવોને મારવામાં, પકડવામાં, જેલમાં નાખવામાં અનુરાગ થવો, તે બધું હિંસાનંદ રૌદ્રધ્યાન છે.

**રૌદ્રધ્યાનીનો સ્વભાવ નિરંતર નિર્દય હોય છે, સ્વભાવથી ક્રોધ પ્રજ્જવલિત (સળગતો) રહે છે,** મદથી ઉદ્ધત પાપ બુદ્ધિરૂપ રહે છે, પાપમાં પ્રવીણતાયુક્ત છે, પરલોકની નાસ્તિ, ધર્મ-અધર્મની નાસ્તિ માનવાવાળો (હોય) છે. રૌદ્રધ્યાનીને પાપ કર્મની મહા નિપુણતાથી અનેક કુબુદ્ધિઓ પહેલાંથી જ તૈયાર હોય છે. પાપનો ઉપદેશ

આપવામાં ખૂબ નિપુણતા(હોય) છે, નાસ્તિક મતની સ્થાપનામાં ખૂબ નિપુણતા (હોય) છે, હિંસાના કાર્યોમાં રાગની અધિકતા છે, નિર્દયીઓના સંગમાં કાયમ રહેવું તે સમસ્ત હિંસાનંદ રૌદ્રધ્યાન છે.

જેમનાથી પોતાના વિષય-કષાય પુષ્ટ ન થાય તેમના સંબંધમાં આવો વિચાર કરે છે - આમનો ઘાત કેવી રીતે થાય, એમને મારવામાં કોને રૂચિ છે, એમનું મૂળમાંથી જ નિકંદન કાઢી નાખવામાં કોણ નિપુણ છે, એ કેટલા દિવસોમાં કેવી રીતે મારવામાં આવશે ? જ્યારે એ મારવામાં આવશે ત્યારે બ્રાહ્મણોને મનોવાંછિત ભોજન કરાવીશ, દેવતાઓનું પૂજન આરાધના કરાવીશ, વેરીઓના નાશ માટે ધન આપી જાપ કરાવીશ, દુર્ગાપાઠ કરાવીશ, પોતાના શિર-દાઢીના વાળ ન કપાવવા, વાળ વધારવા ઈત્યાદિ દ્વારા પરિણામોમાં સંકલેશ રાખવો તે સમસ્ત હિંસાનંદ છે.

જળના, સ્થળના, વિકલત્રય, આકાશગામી જીવોને મારવામાં, બલિ આપવામાં, બાંધવામાં, છેદવામાં જેનો ઘણો પ્રયાસ તથા જીવોના નખ, નેત્ર, ચામડી ઉખાડવામાં, જીવોને લડાવવામાં જેને ઘણો અનુરાગ હોય તેને હિંસાનંદ છે. આની જીત, આની હાર, આનો તિરસ્કાર, આનું મરણ, આના ધનનો નાશ, આના સ્ત્રી-પુત્રનું મરણ-વિયોગ થઈ જાય-આ રીતનું ચિંતવન તથા આ રીતે સાંભળવામાં, જોવામાં, યાદ કરવામાં અનુરાગ થવો તે હિંસાનંદ છે.

**આ પ્રકારે વિકલ્પ કરે છે -** શું કરૂં, મારી શક્તિ નથી, કોઈ શક્તિશાળી મારી મદદ કરવાવાળું નથી, તે ભાગ્યશાળી દિવસ ક્યારે આવશે જ્યારે હું મારા જુના દુશ્મનોને અનેક પ્રકારનાં કષ્ટ આપી મારીશ ? જો મારામાં અહીં શક્તિ નહિ હોય તો પરલોકમાં મારીશ, આ રીતે બીજાઓનો કાયમ અપકાર (બુરું) જ ઈચ્છે છે. પરને વિઘ્ન આવી જાય, હાનિ-વિયોગ-અપમાન થઈ જાય ત્યારે ખૂબ આનંદ માનવો - તે બધું હિંસાનંદ રૌદ્રધ્યાન છે. આ પ્રકારના અનેક હિંસાના વિકલ્પ કરવા તે હિંસાનંદ છે.

હિંસાનંદનાં આ બાહ્ય ચિન્હે છે - હિંસાના ઉપકરણ (સાધનો) તલવાર, છરી, કટારી, ઈત્યાદિ શસ્ત્ર ધારણ કરવાં, શસ્ત્રોથી મારવાના, ઘાયલ કરવાના દાવ-પેચ ચિંતવન કરવા, મારવાની કળામાં નિપુણતા રાખવી, હિંસક જીવોને પાળવા, હિંસક ચિત્તા, કૂતરા, શકરા (બાજ) ઈત્યાદિ જીવોને નજીક રાખવા - એ બધાં હિંસાનંદનાં બાહ્ય ચિન્હે છે.

**(૨) મૃષાનંદ રૌદ્રધ્યાન -** મૃષાનંદ રૌદ્રધ્યાનના બીજા ભેદનું સ્વરૂપ આવું જાણવું - જેમનું મન અસત્ય (જૂઠ)ની કલ્પના કરવામાં નિપુણ છે તેઓ એવો વિચાર કરે છે - એવી કોઈ જાળ બિછાવું જેનાથી લોકોને વશમાં કરી ધન ગ્રહણ કરૂં, એવી રસાયણ વિદ્યાનો લોભ બતાવું, મંત્રનો, વ્યંતરોનો, ઈંદ્રજાળની વિદ્યાનો એવો ચમત્કાર બતાવું, જેનાથી આ લોકો મારા આધીન થઈ જાય, મારૂં વાણી-ચાતુર્ય પણ ત્યારે જ સફળ છે જો એ સ્વયંને ભૂલીને મારા આધીન થઈ જાય.

પાપી પર લોકના ભયરહિત થઈ, પોતાના પંડિતપણાના બળે કલ્પિત શાસ્ત્ર બનાવી જગતને વિપરીત ધર્મ બતાવવો, હિંસાદિ આરંભમાં યજ્ઞાદિથી ધર્મ બતાવવો, રાગી-દ્વેષી દેવતાઓ દ્વારા વાંછિત કાર્યની સિદ્ધિ બતાવવી, દેવતાઓને માંસ ભક્ષી, દારૂ પીતા બતાવવા, દેવતાઓને બકરો, પાડો આદિ જીવ મારીને ચઢાવવાથી વાંછિત કાર્યની સિદ્ધિ થાય છે, વેરીઓનો નાશ થાય છે, રાજ્ય આદિની લક્ષ્મી દૃઢ થાય છે ઈત્યાદિ ખોટાં વચન શાસ્ત્રોમાં લખી દેવાં, પરિગ્રહી આરંભીને પાપમાં પ્રવર્તન કરાવવું, દેવતાઓને પ્રસન્ન કરવાવાળાઓને મોક્ષમાર્ગી બતાવવા, ઈત્યાદિ ઘણાં ખોટાં ધર્મ શાસ્ત્ર બનાવવાં, રાગ વધારવાવાળી, કામને પુષ્ટ કરવાવાળી રાજકથા, ભોજનકથા, સ્ત્રીકથા, દેશકથા કહેવામાં-સાંભળવામાં આનંદ માનવો, બીજાના જૂઠા-સાચા (ખરા-ખોટા) દોષ કહેવામાં, પોતાની બડાઈ મારવામાં આનંદ માનવો તે મૃષાનંદ છે.

અસત્યના બળથી ખોટાને ખરૂં બતાવવું, ખરાને ખોટું બતાવવું, દોષયુક્તને નિર્દોષ કહેવો, નિર્દોષને દોષી કહેવો, તથા એવો વિચાર કરીને કે આ લોકો તો મૂર્ખ છે, જ્ઞાન વિચાર રહિત છે, તેમને પોતાની વાણીની પ્રવીણતાથી અનર્થ કાર્યોમાં પ્રવર્તન કરાવી ભ્રષ્ટ કરી એમની ધન સંપદા પડાવી લઈશ એમાં કોઈ શક નથી ઈત્યાદિ અનેક અસત્ય સંકલ્પ-વિકલ્પ કરતા રહેવું તે નરક ગતિનું કારણ મૃષાનંદ નામનું બીજું રૌદ્રધ્યાન છે.

**(૩) ચૌર્યાનંદ રૌદ્રધ્યાન -** હવે ત્રીજા ચૌર્યાનંદ નામના રૌદ્રધ્યાનનું સ્વરૂપ એવું જાણવું - ચોરીના ઉપદેશમાં હોંશિયારી બતાવવી, ચોરી કરવાની કળામાં નિપુણતા તે ચૌર્યાનંદ છે. બીજાનું ધન લઈ લેવા રાત-દિવસ ચિંતવન કરવું, ચોરી કરી ધન લાવવામાં ખૂબ આનંદ માનવો ચૌર્યાનંદ છે. બીજા કોઈએ ચોરીથી ધન ઉપાર્જન કર્યું હોય તેને જોઈ એવો વિચાર કરવો કે - જુઓ, આને કેટલું ધન હાથ લાગી ગયું છે, મને બીજાનું ધન કેવી રીતે હાથ આવે, શું ઉપાય કરૂં, કોની મદદ લઉં, કેવી રીતે પડાવી લઉં ?

મારો એવા પુણ્યનો ઉદય ક્યારે આવશે જ્યારે કોઈનું પડેલું, રાખેલું, ભૂલેલું ધન મારા હાથ લાગી જશે ? અન્ય કોઈ ચોરીને મને આપી જાય, ચોરનો માલ મારી પાસે અલ્પ કિંમતે આવી જાય તથા અતિશય કિંમતી રત્ન સુવર્ણ આદિ મને કોઈ ભૂલીને, (ઓછા) રૂપિયામાં વેચી જાય તો ઘણો લાભ થઈ જાય આ બધો ચૌર્યાનંદ છે.

કોઈ અજ્ઞાની યા બાળક મને ઘણા મૂલ્યની વસ્તુ થોડા મૂલ્યમાં આપી દે, એવું ચિંતવન કરવું ચૌર્યાનંદ છે. આ રક્ષકો મરી જાય, ધનનો માલિક-ધણી મરી જાય તો ધન મારી પાસે જ રહી જાય એવું ચિંતવન કરવું તે ચૌર્યાનંદ છે. કોઈ બળવાનની, સેનાની મદદ લઈ તથા ઘણા પ્રકારે ઉપાય કરી, અહીં જે ઘણા સમયનું એકત્ર કરેલું ધન રાખ્યું છે તે લઈ લઉં, કોઈ છળથી, વાણીચાતુર્યથી, પુરૂષાર્થથી પ્રાણોની બાજી લગાવીને યા એમને મારીને એમના ધનને ગ્રહણ કરી લઉં ત્યારે જ મારો પુરૂષાર્થ સફળ છે, ઈત્યાદિ બધું ચૌર્યાનંદ રૌદ્રધ્યાન છે, જે નરક ગતિનું કારણ છે.

**(૪) પરિગ્રહાનંદ રૌદ્રધ્યાન -** હવે ચોથા પરિગ્રહાનંદ રૌદ્રધ્યાનનું સ્વરૂપ કહે છે. ઘણો પરિગ્રહ વધારવા માટે, ખૂબ આરંભ કરવા માટે ચિંતવન કરવું તે પરિગ્રહાનંદ રૌદ્રધ્યાન છે. **જે વિષયોમાં રાગ તથા અભિમાનને વશ થયો છે તે વિચારે છે -** આવું મહેલ-મકાન મારા રહેવા માટે બની જાય, કોઈ(રીતે) મારૂં ભાગ્ય ફળી જાય તો અનેક ચિત્રશાળાઓ, સોનાના થાંભલા, સોનાની સાંકળોથી ઝૂલવાવાળા હિંચકા, અનેક ઋતુઓના ઘણા મહેલ, કોટ, કાંગરા, ગઢ, તોપ, મોટા દરવાજા એવા સુંદર બનાવરાવું કે મારા આંગણાની વિભૂતિ જોઈ લોકોને નવાઈ લાગે. અનેક બાગ બનાવરાવું, બાગોમાં અનેક મહેલ, પાણીનાં યંત્ર, ફુવારા, ચાદર નદીઓની ધારાઓ, કુંડ, વાવડી, કૂવો, દ્રહ, અનેક જળ ક્રીડાનાં સ્થાન કામ ક્રીડાનાં, ભોજન કરવાનાં, નાટક ગૃહોનાં સ્થાન બની જાય ત્યારે મને મનવાંછિત સફળતા થાય. અનેક ઋતુઓનાં ફળ-ફૂલ મારી સામે રાખવામાં આવે તથા મારા મહેલ-મકાનમાં સુવર્ણમય, રૂપામય, વસ્ત્રમય **એવી સામગ્રી જે બીજા લોકોને ત્યાં ન હોય તે મને મળે તો હું ધન્ય થઈ જાઉં આ પરિગ્રહાનંદ છે.**

મારા શરીરનું અદ્‌ભૂત રૂપ જોવાની હજારો સ્ત્રી-પુરૂષ ઘણી વિશેષ અભિલાષા કરે; એવી ઈચ્છા છે કે નખથી લઈ શિખ સુધી હીરાઓના આભૂષણોના સેટ હોય, પન્નાનાં, માણેકનાં ઈન્દ્રનીલ મણિનાં-મોતીઓનાં કિંમતી ઘરેણાં હોય, આ સંપદાની શોભા વધારવાવાળાં ઘણાં કોમળ કિંમતી વસ્ત્રો હોય; અનેક પ્રકારના સુવર્ણમય,

રત્નમય, ચાંદીમય વાસણો હોય; કોમળ સુકુમાર અંગોવાળી, પોતાના લાવણ્યથી દેવાંગનાઓને જીતવાવાળી, શીલવતી, પ્રિય, હિત, વચન સહિત, પ્રેમભરી સ્ત્રીઓ સાથે હોય; આજ્ઞાકારી, શૂરવીર, ધૈર્યવાન, વિદ્યાવાન, વિનયવાન, યશસ્વી પુત્ર હોય, પોતાના મન અનુસાર ઈચ્છિત કાર્ય કરવાવાળા મહા ચતુર પ્રવીણ સ્વામીભકત સેવક હોય; બધા લોકોથી અધિક ઐશ્વર્ય પરિવાર વિભૂતિ હોવાનું ચિંતવન કરી આનંદ માનવો તથા જેમ-જેમ પોતાની ધન સંપદા વધતી જાય તેનો આનંદ માનવો તે પરિગ્રહાનંદ છે.

પોતાના ઘરમાં સોનાનો, ચાંદીનો, કાંસાનો, પિત્તળનો, લોઢાનો, તાંબાનો, પત્થરનો, લાકડાનો, ચિનાઈ (માટી)નો, કાચનો; માટીનો, કાગળનો, કપડાનો, જે પણ પરિગ્રહ વધે, કોઈ આપી જાય, કોઈનો રહી જાય, ધનથી ખરીદીને આવી જાય; તે પરિગ્રહને જોઈ વિચારી હર્ષ વધવો, આનંદ માનવો, પરિગ્રહ વધવાથી પોતાને ઉંચો માનવો તે સમસ્ત પરિગ્રહાનંદ રૌદ્રધ્યાન છે.

**એવું પણ ચિંતવન કરે છે -** કોઈની જમીન-જગ્યા મને મળી જાય, કોઈની આજીવિકા મારી પાસે આવી જાય, તથા અમુકની આગળ (ભવિષ્યમાં) કાર્ય કરવાવાળું કોઈ નથી, જો તે મરી જાય તો તેની આજીવિકામાં, સંપદામાં મારો અધિકાર થઈ જાય. તેના બાળક પુત્ર, અસમર્થ સ્ત્રીઓને તિરસ્કાર કરી (દૂર હટાવી) હું એકલો નિષ્કંટક સંપદા ભોગવું એવી અભિલાષા કરવી પરિગ્રહાનંદ છે. પરની રાજ્યસંપદા, ધન, જમીન, જગ્યા, આજીવિકા, સુંદર સ્ત્રી, આભૂષણ, હાથી, ઘોડા આદિ બળજબરીથી પડાવી લેવાની બુદ્ધિનો, શરીરનો, સહાયકોનો, કપટરૂપ જૂઠા ઉપાય, પુરૂષાર્થ ઈત્યાદિ બળ હોવાનો પોતાને ઘણો આનંદ થવો તે સમસ્ત પરિગ્રહાનંદ રૌદ્રધ્યાન છે.

આરૌદ્ર ધ્યાન અનેક વાર નરક પ્રાપ્ત કરાવવાવાળું, અનંત વાર તિર્યંચોના ઘોર દુઃખોનું, અનેક ભવોમાં કુમાનુષ, ઘોર દારિદ્રય, ઘોર રોગોને ઉપજાવવાવાળું જાણી તેનો દૂરથી જ ત્યાગ કરો. આ રૌદ્રધ્યાન કૃષ્ણ લેશ્યાના બળ સહિત છે, પાંચમા ગુણસ્થાન સુધી હોય છે, પણ સમ્યગ્દષ્ટિ-અવ્રતી ગૃહસ્થને તથા વ્રતધારી શ્રાવકને નરકાદિનું કારણ રૌદ્રધ્યાન થતું નથી.

કોઈ કાળમાં એવું થાય છે કે પોતાના પુત્ર-પુત્રીના લગ્ન કરવામાં, પોતાને રહેવા માટે મકાન બનાવરાવવામાં, ન્યાયમાર્ગથી આજીવિકામાં લાભ થવાના કાર્યોના

ચિંતવનમાં પણ હિંસા થાય છે. એમને પાપનું કારણ ખોટું કાર્ય જાણી આત્મ નિંદા પણ કરે છે, તો પણ પોતાના આરંભના કાર્યોમાં કંઈક હર્ષ થાય જ છે. પોતાને ન્યાયમાર્ગથી પ્રમાણિક પરિગ્રહ મળવાથી હર્ષ થાય જ છે. પોતાના ધનને ચોર આદિ ચોરી ન શકે માટે પોતાની સંપદાની રક્ષા માટે જૂઠ કપટ કરવા છતાં પણ અન્ય જીવોના પ્રાણ, ધન, આદિ ચોરી કરવાની પ્રવૃત્તિ કરતો નથી. પોતાની રક્ષા માટે કપટની આડી ઢાલ કરે છે, પણ અન્યના ઘાત માટે કપટ જૂઠની ઢાલ-તલવાર કરતો નથી. એટલા માટે શ્રાવકને જે નરક આદિ કુગતિનું કારણ છે. એવા રૌદ્રધ્યાનનો ભાવ થતો નથી.

**રૌદ્રધ્યાનીનાં આ બાહ્ય લક્ષણ છે -** સ્વભાવથી જ ક્રૂરતા, પરને કડક શિક્ષા કરવી, નિર્દયીપણું, અતિ કપટીપણું, બધાંના દોષ જોવા, ઈત્યાદિ ભાવ થાય છે. બહારમાં આંખો લાલ કરવી, ભ્રુકુટી ચઢાવવી, ભયંકર રૂપ, વચનમાં દુષ્ટતા, ઈત્યાદિ બાહ્ય ચિન્હ છે. ક્ષયોપશમ ભાવ છે, અંતર્મુહૂર્ત કાળ છે, પછી બીજા-બીજા થઈ જાય છે.

આ રીતે ચાર પ્રકારના આર્તધ્યાન તથા ચાર પ્રકારના રૌદ્રધ્યાનનો ત્યાગ કરવાથી ધર્મ ધ્યાન થાય છે. તેમનો ત્યાગ કર્યા વિના ધર્મ ધ્યાનની વાસના અનાદિથી થઈ નથી. માટે ધર્મના ઈચ્છુકે બંને દુર્ધ્યાનનું સ્વરૂપ સમજી પોતાના આત્મામાં આવા આર્ત-ધ્યાન રૌદ્રધ્યાનના ભાવ કદી થવા દેવા જોઈએ નહિ.

**ધર્મ-ધ્યાન અને તેના ભેદ -** હવે ધર્મ ધ્યાનના સ્વરૂપનું વર્ણન કરે છે. આ ધર્મ-ધ્યાન કોઈ સમ્યગ્દષ્ટિને જ થાય છે (હોય છે). કોઈ વિરલા મહા પુરૂષ રાગ-દ્વેષ-મોહરૂપ બંધનને છેદી પરમ ઉદ્યમી થઈ ઘણા પુરૂષાર્થથી ક્યારેક ધર્મ-ધ્યાનને પ્રાપ્ત થાય છે. જેમ સૂતાં, બેસતાં, ચાલતાં, ખાતાં-પીતાં, વિષયોને ભોગવતાં, કષાયોમાં પ્રવર્તવાવાળાને પણ વિના પ્રયાસે જ આર્ત-રૌદ્રધ્યાન થઈ જાય છે, તે રીતે ધર્મ-ધ્યાન થઈ જતું નથી. **જગ્યાના નિમિત્તથી પરિણામ પણ શુભ-અશુભ થાય છે,** માટે ધર્મ ધ્યાનનો ઈચ્છુક કેટલાયે પરિણામોને બગાડવાવાળા સ્થાનોનો દૂરથી જ ત્યાગ કરે છે.

**ખોટી જગ્યાએ પરિણામ ખોટા જ થઈ જાય છે.** દુષ્ટ, હિંસક, પાપ-કર્મ કરવાવાળા, પાપ કાર્યથી આજીવિકા કરવાવાળા, તીવ્ર કષાયી, નાસ્તિક મતી, ધર્મના દ્રોહી જ્યાં રહેતા હોય ત્યાં પરિણામ કલેશિત થઈ જાય છે. દુષ્ટ રાજા હોય, રાજાનો દુષ્ટ મંત્રી હોય, પાખંડી-મિથ્યાદષ્ટિ વેશધારીઓનો જ્યાં અધિકાર હોય ત્યાં ધર્મ-ધ્યાનમાં પરિણામ લાગતાં નથી.

જ્યાં પર ચક્ર આદિનો પ્રજા ઉપર ઉપદ્રવ થઈ રહ્યો હોય; દુર્ભિક્ષ(દુકાળ)-મહામારી આદિના ઉપદ્રવ સહિત પ્રજા હોય, વેશ્યાઓનો સંચાર હોય, વ્યભિચારીઓનું સંકેત સ્થાન હોય, આચરણભ્રષ્ટ વેશધારીઓનું સ્થાન હોય, જ્યાં રસકર્મ-રસાયણનાં કર્મ થતાં હોય; મારણ-ઉચ્ચાટન વિદ્યાના સાધક હોય, જ્યાં હિંસાદિ પાપ કર્મના ઉપદેશક કામ-શાસ્ત્ર, યુદ્ધ શાસ્ત્ર, કપટી ધૂર્તોનાં બનાવેલાં ખોટી કથાનાં શાસ્ત્રોની પ્રરૂપણા કરતા હોય; જ્યાં જુગાર રમવાવાળા-મદ્યપાન કરવાવાળા હોય; વ્યભિચારી ભાંડ-ડૉમ-ચારણ-ભાટો સહિત હોય, જ્યાં ચંડાળ, પારધી, શિકારી, કષાયી આદિ દુષ્ટોનો સંચાર હોય, દુષ્ટ તપસ્વીઓ, સ્ત્રીઓનો પરિચાર (સંચાર, સહવાસ) હોય; નપુંસકોનો સમાગમ હોય; જ્યાં દીન, યાચક, રોગી, વિકલાંગ, આંધળા, લૂલા, બહેરા, પીડાના અવાજ કરવાવાળા હોય; જ્યાં શિકાર કરવાવાળા હિંસક જીવ, કલહ-કામના ધારક પશુ મનુષ્ય આદિ રહેતા હોય; જ્યાં જીવોના દર, બખોલ, કાંટા, ઘાસ, વિષમ પાષાણ, ઠીકરાં, હાડકાં, માંસ, લોહી, મળ-મૂત્ર, પંચેન્દ્રિય જીવોનાં કલેવર, કર્દમ આદિથી દુષિત હોય; તથા શુભ પરિણામોને બગાડવાવાળા, ધ્યાનને નષ્ટ કરવાવાળા સ્થાન દૂરથી જ ત્યાગવા યોગ્ય છે, **કારણ કે ખોટા સ્થાનના યોગથી અવશ્ય પરિણામ બગડે જ છે. માટે જે શુભ ધ્યાનના ઈચ્છુક હોય તે ખોટા સ્થાનોમાં સ્વપ્નમાં પણ નિવાસ ન કરે.**

ધર્મ-ધ્યાન માટે સુંદર, મનને પ્રિય, શીત ઉષ્ણ આતાપ વર્ષા અતિ પવનની બાધા રહિત, ડાંસ મચ્છર અન્ય વિકલત્રય જીવોની બાધા રહિત, શુદ્ધ ભૂમિ, શિલાતલ, કાષ્ઠફળ હોય તેના ઉપર બેસી, સૂના ઘર, જુના બાગ, વનના જૈનમંદિર, ઘરમાં નિરાકુળ એકાંત સ્થાન બાધા રહિત હોય, રાગ દ્વેષને ઉત્પન્ન ન કરતા હોય, કોલાહલ રહિત હોય, નૃત્ય ગીત વાજિંત્રાદિ રહિત હોય કલહ વિસંવાદાદિ રહિત હોય, હિંસા રહિત સ્થાન હોય ત્યાં ધર્મ ધ્યાનના ઈચ્છુક થઈ અચળ બેસવું જોઈએ. **ધર્મ-ધ્યાનમાં સ્થાનની શુદ્ધતા, આસનની દઢતા મુખ્ય કારણ છે.** જેનું આસન બે પ્રહર (બપોર) સુધી પણ દઢ રહેતું નથી તેની સેવા-ખેતી-વેપાર વિગેરે બગડી જ જાય છે, ત્યારે ધર્મ-ધ્યાન આસનની દઢતા વિના કેમ થાય ?

ત્રણ પ્રકારના ઉત્તમ સંહનનના ધારીથી જ ધ્યાનમાં દઢતા થાય છે. જેમનું વજ્રમય સંહનન છે, મહાન બળ-પરાક્રમના ધારક છે, દેવ મનુષ્યોના ઘોર ઉપદ્રવથી-ઉપસર્ગથી ચલાયમાન થતા નથી, જેમનું આસન તથા મન દઢ હોય છે તે તો જેવું

પણ સ્થાન તથા બેસવાનું આસન હોય તેના ઉપરથી જ ધ્યાન કરી લે છે. જે હીન સંહનનના ધારી છે તેમણે તો સ્થાનની શુદ્ધતા તથા આસનની શુદ્ધતા અવશ્ય જોઈ ધર્મ ધ્યાનમાં પ્રવર્તન કરવું શ્રેષ્ઠ છે. જેમનું ચિત્ત સંસાર-શરીર-ભોગોથી વિરક્ત થઈ ગયું હોય, ચિત્તમાં વિક્ષિપ્તતા (ચંચળતા) ન હોય, સંશય રહિત આત્મજ્ઞાની અધ્યાત્મ રસમાં તરબોળ નિશ્ચલ હોય તેમને સ્થાનનો તથા આસનનો પણ નિયમ નથી. જેઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત છે, જિતેન્દ્રિય છે તેઓ અનેક અવસ્થાઓ (સ્થિતિઓથી) ધ્યાનની સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે.

**ધર્મધ્યાની આ રીતે ચિંતવન કરે છે -** અહો ! મહા અનર્થ છે કે હું જે અનંત ગુણોનો ધારી થઈને પણ સંસારરૂપ વનમાં અનાદિ કાળના કર્મરૂપી વેરીથી પૂર્ણરૂપે ઠગાઈ ગયો છું. અહો! મેં અજ્ઞાન ભાવથી કર્મના ઉદયથી થતાં રાગ-દ્વેષ-મોહને મારૂં સ્વરૂપ જાણી ઘોર દુઃખરૂપ સંસારમાં પરિભ્રમણ કર્યું છે. હવે મારો કર્મના કોઈ ઉપશમથી, પરમ ઉપકારી જિનેન્દ્રના પરમાગમના ઉપદેશની પ્રાપ્તિ થવાથી રાગરૂપ તાવ નાશ પામ્યો છે, તથા **મોહ નિંદ્રાના દૂર થવાથી સ્વભાવ અને પર ભાવનું જ્ઞાન પ્રાપ્ત થયું છે.** હવે આ કાળમાં શુદ્ધ ધ્યાનરૂપ તલવારથી કર્મોનો નાશ કરી લઉં તો સ્વાધીનતા પ્રાપ્ત કરી પુનઃ કદી દુઃખોને પાત્ર ન થાઉં. જો હું અજ્ઞાનરૂપ અંધકારને આત્મજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશ દ્વારા હજી પણ દૂર નહિ કરૂં તો અન્ય કઈ પર્યાયમાં દૂર કરીશ ?

**સમસ્ત જગતને જોવા માટે એક અદ્વિતીય નેત્ર મારો આત્મા છે,** તેને હાલ અવિદ્યારૂપ પિશાચથી પ્રેરિત વિષય-કષાય ઢાંકી રહ્યા છે. એ ઈન્દ્રિય વિષય અને કષાય મને હિત-અહિતના જ્ઞાનથી રહિત કરી રહ્યા છે. હું એ ઠગોને વશીભૂત થઈ પોતાનું હિત-અહિત ભૂલી ગયો છું. અહો! એ મળે છે ત્યારે તો રમણીક લાગે છે, પણ અંતમાં નીરસ લાગે છે - એવા પાંચેય ઈન્દ્રિયોના વિષયોથી પરમ જ્યોતિ સ્વરૂપ જગતમાં મહાન પરમાત્મા સ્વરૂપ પોતાનો આત્મા જ ઠગાઈ ગયો છે. હું અને પરમાત્મા બંનેય જ્ઞાન નેત્રવાળા છીએ. પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે હું મારા સ્વરૂપને જાણવાની ઈચ્છા(ભાવના) કરૂં છું. પરમાત્માને તો આત્મ ગુણ પ્રગટ છે, પણ મારા ગુણ કર્મોથી ઢંકાઈ રહ્યા છે. **મારામાં અને પરમાત્મામાં ગુણોની અપેક્ષાએ કોઈ ભેદ નથી, શક્તિ-વ્યક્તિનો જ ભેદ છે.** આ કર્મજન્ય દુઃખ છે તે જ્યાં સુધી હું જ્ઞાન સમુદ્રમાં ડૂબ્યો નથી ત્યાં સુધી મને દુઃખી કરશે.

નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, કર્મની ઉદયજન્ય પર્યાય, મારૂં સ્વરૂપ નથી.

**હું સિદ્ધ સમાન, નિર્વિકાર, સ્વાધીન, સુખ-સ્વરૂપ છું; હું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ સ્વરૂપ છું.** શું હવે મોહરૂપ વિષના વૃક્ષને ઉખાડું નહિ? હવે હું પોતાનું સામર્થ્ય જાણી, પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ, સમસ્ત ઈચ્છા રહિત થઈ, મોહરૂપ વિષના વૃક્ષને ઉખાડીશ. હવે મારે મારૂં સ્વરૂપ જ નિશ્ચય કરવું છે જેનાથી અનાદિથી મારામાં ફસાયેલી જે મોહની ફાંસી છે તેને તોડવાનો ઉપાય કરૂં છું.

**જે પોતાના સ્વરૂપને જ જાણતો નથી, તે પરમાત્માના સ્વરૂપને કેવી રીતે જાણશે?** એટલા માટે જ્ઞાનીઓએ પ્રથમ પોતાના સ્વરૂપનો જ નિશ્ચય(જ્ઞાન) કરવા યોગ્ય છે. જે પોતાના સ્વરૂપને જ નહિ જાણે તેની પોતાના સ્વરૂપમાં સ્થિતિ કેવી રીતે થશે ? અનાદિથી પુદ્‌ગલથી મળી એક થઈ રહેલા આત્માને ભિન્ન કેવી રીતે કરશે ? **દેહથી આત્માનું ભેદવિજ્ઞાન થયા વિના આત્માની પ્રાપ્તિ કેવી રીતે થશે ?** આત્માની પ્રાપ્તિ થયા વિના અનંત જ્ઞાનાદિ આત્મ ગુણોનું જ્ઞાન ન થયું છે, ન થાય છે, ત્યારે આત્મ કલ્યાણની શી વાત કરવી ? એટલા માટે મોક્ષના અભિલાષીઓએ સમસ્ત પુદ્‌ગલની પર્યાયો (શરીર)થી ભિન્ન એક આત્મ સ્વરૂપનો જ નિશ્ચય કરવો શ્રેષ્ઠ છે.

આત્મા ત્રણ પ્રકારના હોય છે - બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા.

**બહિરાત્માનું સ્વરૂપ -** જેની આત્મબુદ્ધિ બાહ્ય શરીરાદિ પુદ્‌ગલની પર્યાયોમાં છે તે બહિરાત્મા છે. જેની ચેતના મોહ નિંદ્રાથી અસ્ત થઈ ગઈ છે, પર્યાયને જ પોતાનું સ્વરૂપ જાણે છે, નિરંતર ઈન્દ્રિયો દ્વારા જ પ્રવર્તન કરે છે, પોતાના સ્વરૂપની સાચી ઓળખાણ જેને નથી, (અને) દેહને જ આત્મા માને છે. દેવ પર્યાયમાં પોતાને દેવ, નારકી પર્યાયમાં પોતાને નારકી, તિર્યંચ પર્યાયમાં પોતાને તિર્યંચ, મનુષ્ય પર્યાયમાં પોતાને મનુષ્ય જાણી પર્યાયના વ્યવહારમાં તન્મય થઈ રહ્યો છે.

પર્યાય તો કર્મકૃત પુદ્‌ગલમય પ્રત્યક્ષ જ્ઞાનરૂપ આત્માથી જુદી જ જણાય છે. તો પણ કર્મજન્ય પર્યાયમાં અપનત્વ (પોતાપણું) કરી પર્યાયમાં તન્મય થઈ રહ્યો છે. હું ગોરો છું, હું સાવલો(કાળો) છું, હું અન્ય વર્ણ છું, હું રાજા છું, હું રંક છું, હું સ્વામી છું, હું સેવક છું, હું બળવાન છું, હું નિર્બળ છું, હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું, હું વૈશ્ય છું, હું શુદ્ર છું, હું હિંસક છું, હું રક્ષક છું, હું ધનવાન છું, હું દાતાર છું, હું ત્યાગી છું, હું ગૃહસ્થ છું, હું મુનિ છું, હું તપસ્વી છું, હું દીન છું, હું અનાથ છું, હું સમર્થ છું, હું અસમર્થ છું,

હું કર્તા છું, હું અકર્તા છું, હું રૂપવાન છું, હું કુરૂપ છું, હું પંડિત છું, હું મૂર્ખ છું, હું સ્ત્રી છું, હું પુરૂષ છું, હું નપુંસક છું વિગેરે **કર્મના ઉદય જન્ય પર પુદ્ગલોની વિનાશીક પર્યાયોમાં જેની આત્મબુદ્ધિ હોય છે તે બહિરાત્મા મિથ્યાદષ્ટિ છે.**

આ જે શરીરમાં આત્મબુદ્ધિ છે તે અહીં જ શરીરના જે સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ, ઈત્યાદિ સંબંધી છે તેમનામાં રાગ-દ્વેષ-મોહ-કલેશાદિ ઉપજાવી, આર્ત-રૌદ્ર પરિણામોથી મરણ કરાવી સંસારમાં અનંત કાળ સુધી જન્મ-મરણ કરાવે છે. પુદ્ગલની પર્યાયમાં જે આત્મબુદ્ધિ છે તે પુદ્ગલમય જડરૂપ એકેન્દ્રિયોમાં અનંત કાળ સુધી ભ્રમણ કરાવે છે. એટલા માટે **હવે બહિરાત્મ બુદ્ધિને છોડી અંતરાત્માનું અવલંબન લઈ પરમાત્માપણું પામવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.**

**અંતરાત્માનું સ્વરૂપ -** આ જગતમાં જે-જે રૂપ જોવામાં આવે છે તે બધાં પોતાના આત્માના સ્વભાવથી ભિન્ન છે, પરદ્રવ્ય છે, જડ છે, અચેતન છે, હું જ્ઞાન સ્વરૂપ છું, ઈન્દ્રિયો દ્વારા જાણવામાં આવતો નથી, પોતાના અનુભવથી સાક્ષાત્ પ્રત્યક્ષ છું, હવે કોની સાથે વાતચીત કરૂં ? હું અન્ય લોકો દ્વારા સમજાવા યોગ્ય છું, અન્ય લોકોને હું સંબોધન કરૂં એવો વિકલ્પ પણ ભ્રમ છે, કારણ કે પોતાના અને પરના આત્માને જાણ્યા વિના કોને સમજાવું અને કોણ સમજે ? **હું તો સમસ્ત વિકલ્પ રહિત જ્ઞાતા છું જે પોતાના સ્વરૂપને જ આપરૂપ જાણે છે, પોતાનાથી ભિન્ન અન્યને આત્મારૂપ જાણતો નથી, એવો નિર્વિકલ્પ વિજ્ઞાનમય કેવળ સ્વ-સંવેદન ગોચર છું.**

**અંતરાત્મા વિચાર કરે છે -** જેમ સાંકળમાં સર્પ બુદ્ધિ થઈ જાય ત્યારે ભયભીત થઈ મરણ આદિ ભયથી ભાગવું, પડવું વિગેરે ક્રિયાથી પણ ભ્રષ્ટ થઈ જાય છે (ભાગી શકતો નથી) તે જ રીતે પૂર્વ કાળમાં મેં શરીરાદિમાં આત્મબુદ્ધિ કરી શરીરાદિના નાશમાં પોતાનો નાશ જાણી, ઘણી વિપરીત ક્રિયાઓમાં પ્રવર્તન કર્યું છે; જેમ સાંકળમાં સાપનો ભ્રમ નષ્ટ થઈ જવાથી સાંકળને સાંકળ જાણે છે ત્યારે ભ્રમરૂપ ક્રિયાનો અભાવ થઈ જાય છે, તે જ રીતે મારા શરીરમાં આત્માનો ભ્રમ (આત્મબુદ્ધિ) નાશ થઈ જવાથી હવે આચરણમાં પણ ભ્રમનો અભાવ થઈ ગયો છે. જેનું જ્ઞાન કર્યા વિના હું સૂતેલા(પ્રાણી) જેવો હતો, તેનું જ્ઞાન કરી લેવાથી હું જાગૃત છું, એવો ચૈતન્યમય છું.

**આ જ્ઞાન જ્યોતિમય પોતાના સ્વરૂપને જોવાથી મારા રાગ-દ્વેષ નષ્ટ થઈ ગયા છે, માટે હવે મારૂં કોઈ વેરી નથી, કોઈ પ્રિય નથી. વેરી-મિત્ર તો જ્ઞાનમાં રાગ-દ્વેષ વિકારથી જણાય છે.** જે મારા જ્ઞાયક આત્મ સ્વરૂપને જાણતો નથી, તે મારો શત્રુ કે મિત્ર હોઈ શકે નહિ, તથા જેણે મારા સ્વરૂપને સાક્ષાત્ જોઈ લીધું છે તે પણ મારો શત્રુ કે મિત્ર હોઈ શકે નહિ. હવે હું મારા સ્વરૂપનો જ્ઞાતા છું, મને પૂર્વનું મારૂં બધું આચરણ સ્વપ્નવત્ ઈંદ્રજાળની જેમ દેખાય છે.

અહો ! જ્ઞાની પુરૂષોની અલૌકિક દશાનું વર્ણન કોણ કરી શકે છે ? જ્યાં અજ્ઞાની પોતાના પ્રવર્તનથી કર્મનો બંધ કરે છે, ત્યાં જ જ્ઞાની પોતાના પ્રવર્તન દ્વારા કર્મ બંધનથી છૂટી જાય છે. જગતના પદાર્થ તો બધા જેમ છે તેમ જ રહે છે, અન્ય રીતે થઈ જતા નથી, પણ અજ્ઞાની પોતાના વિપરીત સંકલ્પો દ્વારા રાગી-દ્વેષી-મોહી થઈ ઘોર બંધ કરે છે. જ્ઞાની પદાર્થોનું સાચું સ્વરૂપ જાણી પરમ સૌમ્ય વીતરાગી થઈ પ્રવર્તી નિર્જરા કરે છે.

હું પૂર્વ કાળમાં દુઃખોથી ભરેલા સંસાર વનમાં ચિરકાળથી દુઃખી જ થયો છું, તે ફક્ત સ્વ અને પરના ભેદવિજ્ઞાન વિના જ થયો છું. સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરવાવાળો ભેદ વિજ્ઞાનરૂપ દીપક પ્રકાશતો હોવા છતાં પણ આ મૂર્ખ લોક સંસારરૂપ કીચડમાં કેમ ડૂબી રહ્યો છે ? **આ મારૂં સ્વરૂપ મારી અંદર જ મારા દ્વારા મારા માટે પ્રગટ અનુભવમાં આવી રહ્યું છે. એને છોડીને આ અન્યમાં પોતાને જાણવાનો વ્યર્થ ખેદ કરે છે.**

**અજ્ઞાનીને જે-જે પર વસ્તુ પ્રતિ રાગ છે તે રાગ સમસ્ત આપદાનું કારણ છે;** જે આનંદનું સ્થાન છે અજ્ઞાની તેનાથી ડરે છે, અજ્ઞાન ભાવનો કોઈ એવો જ પ્રભાવ છે. બંધનું કારણ તો પદાર્થના વિષયના જ્ઞાનમાં ભ્રમ છે. ભ્રમ રહિત ભાવ મોક્ષનું કારણ છે. જેટલો બંધ છે તે પરના સંબંધથી છે, તથા **પરદ્રવ્યથી ભેદનો અભ્યાસ કરવાથી મોક્ષ છે.** જે ઈન્દ્રિયોને વિષયોથી રોકી ક્ષણ માત્ર પણ પોતાના આત્મામાં સ્થિર થાય છે તે પરમેષ્ઠીના સ્વરૂપનું સ્મરણ કરે છે.

**જે સિદ્ધાત્મા છે તેવો હું છું, જે હું છું તેવા પરમેશ્વર છે. એટલા માટે મારા સ્વરૂપ સિવાય બીજા મને ઉપાસવા યોગ્ય નથી, તથા હું કોઈ અન્યના દ્વારા ઉપાસના કરવા યોગ્ય નથી.** જે ભ્રમ રહિત થઈ દેહથી ભિન્ન આત્માને જાણતો નથી,

તે તીવ્ર તપ કરવા છતાં પણ કર્મના બંધનથી છૂટતો નથી. જે ભેદવિજ્ઞાનરૂપ અમૃતથી આનંદિત છે તે ઘણું તપ કરવા છતાં પણ શરીરથી ઉપજતા કલેશથી ખેદ પામતો નથી. જેનું મન રાગ-દ્વેષ આદિ મળથી રહિત નિર્મળ છે તે જ પોતાના સ્વરૂપને સમ્યક્રૂપથી જાણે છે, અન્ય કોઈ હેતુથી જાણી શકતો નથી.

**પોતાના ચિત્તને વિકલ્પ રહિત કરવું તે જ પરમ તત્ત્વ છે, તથા અનેક વિકલ્પોથી ઉપદ્રવિત કરવું તે જ અનર્થ છે.** માટે સમ્યક્ત્વની સિદ્ધિ માટે ચિત્તને વિકલ્પ રહિત કર. જે અજ્ઞાનથી ભરેલું ચિત્ત છે તે પોતાના સ્વરૂપથી છૂટેલું છે, જેના ચિત્તમાં ભેદ-વિજ્ઞાન વસેલું છે તે પરમાત્મ તત્ત્વને સાક્ષાત્ દેખે છે. જો ઉત્તમ પુરૂષોનું મન મોહ કર્મના વશથી કદી રાગાદિથી તિરસ્કૃત થઈ જાય તો તેમણે પોતાના ચિત્તને આત્મતત્ત્વના ચિંતવનમાં લગાવી રાગાદિનો તિરસ્કાર(અભાવ) કરી દેવો જોઈએ.

અજ્ઞાની આત્મા જે શરીરમાં રાગી થઈ રહ્યો છે, તે શરીરથી પોતાની બુદ્ધિને બળપૂર્વક પાછી ફેરવી ચિદાનંદમય નિજસ્વરૂપમાં લીન કરી દે તો શરીરથી પ્રીતિ છૂટી જાય છે. **પોતાના આત્મજ્ઞાનના ભ્રમથી ઉપજેલું દુઃખ આત્માનું જ્ઞાન કરવાથી જ નાશ પામે છે.** આત્મજ્ઞાન રહિત જીવનું સંસાર પરિભ્રમણ આકરા તપથી પણ છેદી શકાતું નથી.

**બહિરાત્મા તથા અંતરાત્મામાં અંતર -** બહિરાત્મા પોતાના માટે રૂપ, આયુષ્ય, બળ, ધનાદિ સંપદા ચાહે છે, અંતરાત્મા આયુષ્ય, બળ, ધનાદિથી પોતાને છોડાવવા ઈચ્છે છે.

અજ્ઞાની ધન, શરીરાદિ પુદ્ગલમાં આત્મબુદ્ધિ કરીને પોતાને બાંધે છે, અંતરાત્મા પોતાના સ્વરૂપમાં આત્મબુદ્ધિ કરી બંધનથી છૂટી જાય છે.

**અજ્ઞાની** ત્રણ લિંગ-સ્ત્રી પુરૂષ, નપુંસક રૂપ શરીરને આત્મા જાણે છે, સમ્યગ્જ્ઞાની પોતાને ત્રણ લિંગના સંગથી રહિત જાણે છે.

ઘણો સમય અભ્યાસ કરવા છતાં પણ ભેદ-વિજ્ઞાન અનાદિકાળના વિભ્રમથી તુરત જ છૂટી જાય છે, આ રૂપ જે મને દેખાય છે તે અચેતન છે, પણ જે ચેતન છે તે મને દેખાતું નથી. માટે અચેતન પદાર્થોમાં રાગભાવ કરવો વ્યર્થ છે. **મારે તો સ્વાનુભવ પ્રત્યક્ષ આત્માનો જ આશ્રય કરવો છે.**

અજ્ઞાની બાહ્ય પદાર્થોમાં જ ગ્રહણ ત્યાગ કરે છે, જ્ઞાની અંતરંગના રાગાદિ પરભાવોને ત્યાગી આત્મભાવને ગ્રહણ કરે છે.

જ્ઞાની વચનથી તથા કાયાથી ભિન્ન કરીને મન દ્વારા આત્માનો અભ્યાસ કરે છે. અન્ય વિષય ભોગોનાં કાર્ય કોઈ વચનથી કરે છે, કોઈ કાર્ય કાયાથી કરે છે, પણ સંસારીક કાર્યોમાં મન લગાવતો નથી.

અજ્ઞાનીનું તો વિશ્વાસ અને આનંદનું સ્થાન આ જગત છે, જ્ઞાનીને આ જગતમાં ક્યાં વિશ્વાસ, ક્યાં આનંદ છે ? તેને તો પોતાના સ્વભાવમાં જ આનંદ તથા વિશ્વાસ છે.

જ્ઞાની આત્મજ્ઞાન સિવાય અન્ય કાર્યને પોતાના હૃદયમાં સ્થાન આપતો નથી. લૌકિક કાર્યોને વશ થઈ જે કંઈ કરે છે તે અનિચ્છાએ વચનથી તથા કાયાથી કરે છે, મન લગાવતો નથી. આ ઈન્દ્રિય વિષયોનું જે રૂપ છે તે મારા રૂપથી વિલક્ષણ (ભિન્ન જાતિનું) છે. મારૂં રૂપ તો આનંદથી પરિપૂર્ણ જ્ઞાન જ્યોતિમય છે.

જ્ઞાનીને તો જેનાથી ભ્રમ દૂર થઈ પોતાના આત્મરૂપમાં પોતાની સ્થિતિ થઈ જાય તે જ જાણવા યોગ્ય છે, તે જ કહેવા યોગ્ય છે, તે જ સાંભળવા યોગ્ય છે, તે જ ચિંતવન કરવા યોગ્ય છે.

ઈન્દ્રિયોના વિષયોમાં આ આત્માનું હિત કોઈ પણ રીતે નથી, તો પણ બહિરાત્મા અજ્ઞાની આ વિષયોમાં જ પ્રીતિ કરે છે. **જે કહેલા આત્મ તત્ત્વને ન કહ્યા સમાન અંગીકાર કરે છે, તે અજ્ઞાનીને કહેવાનો ઉદ્યમ વ્યર્થ છે.**

અજ્ઞાનીને આત્માનો પ્રકાશ (જ્ઞાન) નથી માટે પર દ્રવ્યોમાં જ સંતુષ્ટ થઈ રહ્યો છે, જ્ઞાની બાહ્ય વસ્તુઓમાં ભ્રમ રહિત થઈ પોતાના સ્વરૂપમાં જ સંતુષ્ટ છે.

જ્યાં સુધી મન-વચન-કાયાને પોતાનું સ્વરૂપ માને છે ત્યાં સુધી સંસાર પરિભ્રમણ જ છે. દેહાદિથી ભેદવિજ્ઞાન થવાથી સંસારનો અભાવ(થાય) છે.

કપડાં ફાટેલાં હોય કે સારાં હોય, લાલ હોય કે સફેદ હોય, શરીર જીર્ણ-લાલાદિરૂપ થઈ જતું નથી, તેવી જ રીતે શરીર જીર્ણાદિ થવાથી આત્મા જીર્ણાદિરૂપ થઈ જતો નથી.

અજ્ઞાની પ્રત્યક્ષ આ શરીરના છૂટા પડતા મળતા પરમાણુઓની સમૂહરૂપ રચના જુએ છે તો પણ એને જ આત્મા માને છે, અનાદિનો આવો જ ભ્રમ છે. આ દઢ-

સ્થૂળ, સ્થિર-અસ્થિર, લાંબું-ટૂંકુ, શીર્ણ-જીર્ણ, હલકો-ભારે, લૂખો-ચીકણો, કઠક-નરમ, ઠંડો-ગરમ આદિ પુદ્‌ગલનો ધર્મ(ગુણ) છે. આ પુદ્‌ગલના ધર્મોથી આત્માનો કોઈ સંબંધ નથી, આત્મા તો કેવળજ્ઞાન સ્વરૂપ છે.

અહીં સંસારમાં મનુષ્યોનો સહેવાસ થાય છે તો વચનોની પ્રવૃત્તિ થાય છે, વચન(ની) પ્રવૃત્તિ થાય છે તો મન ચલાયમાન થાય છે, તો ભ્રમ થાય છે. એ ક્રમશઃ ઉત્તરોત્તર કારણ છે, એટલે જ્ઞાની જનો લોકોનો સહેવાસ જ છોડી દે છે.

અજ્ઞાની બહિરાત્મા પોતાનો નિવાસ નગરમાં, પર્વતમાં, વનાદિમાં માને છે. પણ જ્ઞાની અંતરાત્મા તો પોતાનો નિવાસ પોતાના અંતરમાં ભ્રમ રહિત માને છે.

**શરીરને આત્મા જાણવો તે દેહ ધારણ કરવાની પરિપાટીનું કારણ છે, તથા પોતાના સ્વરૂપને આત્મા જાણવો તે અન્ય શરીર ધારણ કરવામાંથી છૂટવાનું કારણ છે.** આ આત્મા સ્વયં જ પોતાનો મોક્ષ કરે છે, તથા સ્વયંજ વિપરીત ચાલીને પોતાનો સંસાર વધારે છે. માટે પોતાનો ગુરૂ પણ પોતે સ્વયં જ છે તથા વેરી પણ સ્વયં જ છે, અન્ય તો બાહ્ય નિમિત્ત માત્ર છે.

અંતરાત્મા આત્માને શરીરથી જુદો જાણે છે, શરીરને આત્માથી જુદુ જાણે છે, આત્માથી સમસ્ત પર પદાર્થોને જુદા જાણે છે. આ શરીરને મલિન વસ્ત્રની જેમ નિઃશંક ત્યાગી દે છે, શરીરથી ભિન્ન આત્માને જાણે છે, શ્રવણ કરે છે, મુખથી બોલે છે તો પણ જ્યાં સુધી ભેદ-વિજ્ઞાનના અભ્યાસથી આત્મામાં લીન થતો નથી ત્યાં સુધી તે શરીરની મમતાથી છૂટતો નથી. પોતાના આત્માને શરીરથી ભિન્ન એ પ્રકારે ભાવ (કે) જેનાથી ફરીથી શરીરનો સાથ સપનામાં પણ ન થાય, સપનામાં પણ દેહથી ભિન્ન આત્માનો જ અનુભવ થાય.

**મનુષ્યોમાં જે વ્રતનો તથા અવ્રતનો વ્યવહાર છે, તે શુભ-અશુભ બંધનું કારણ છે. જે મોક્ષ છે તે બંધના અભાવરૂપ છે.** માટે જે વ્રતાદિ ક્રિયાઓ છે તે પણ પૂર્વ અવસ્થામાં છે. પ્રથમ અસંયમ ભાવને છોડી સંયમ ભાવ ગ્રહણ કરવો; જ્યારે શુદ્ધાત્મ ભાવ પરમ વીતરાગરૂપમાં ઠરી જશે ત્યારે સંયમ ભાવ પણ ક્યાં રહેશે ?

**આ જાતિ તથા મુનિ-શ્રાવકનાં લિંગ(વેશ) એ બંને શરીરના આશ્રયે વર્તે છે, તથા શરીરાત્મક જ સંસાર છે, માટે જ્ઞાની જીવ જાતિ અને લિંગમાં પણ**

**પોતાપણા (એકત્વ)નો ત્યાગ કરે છે.** જેની દેહમાં આત્મબુદ્ધિ છે તે પુરૂષ જાગતો થકો, વાંચતો થકો પણ સંસારથી છૂટતો નથી. જેનો પોતાના આત્મામાં પોતાપણા (એકત્વ)નો નિશ્ચય છે તે ઉંઘતો હોવા છતાં અને અસાવધાન હોવા છતાં પણ સંસારથી છૂટી જાય છે.

**જ્ઞાની પોતાના સિદ્ધ સમાન શુદ્ધ સ્વરૂપની આરાધના કરી સિદ્ધપણાને પ્રાપ્ત થઈ જાય છે. જેમ દિવેટ દીવા સહિત થઈ સ્વયં દીપક થઈ જાય છે. તેવી જ રીતે આ આત્મા પણ પોતાના આત્માની આરાધના કરી પરમાત્મા થઈ જાય છે.** જેમ વૃક્ષ સ્વયં ઘસાઈને અગ્નિ થઈ જાય છે તેવી જ રીતે આત્મા પણ પરમાત્મ ભાવમાં જોડાઈ સ્વયં સિદ્ધ બની જાય છે.

જેમ કોઈએ સપનામાં પોતાનો નાશ જોયો, પણ જાગ્યા પછી તેનો નાશ તો ન થયો તેવી રીતે જાગતો હોવા છતાં પણ જે ભ્રમથી પોતાનો નાશ માને છે તેનો વાસ્તવમાં તો નાશ થતો નથી, પણ જે પર્યાય ઉપજી છે, તે નાશ થયા વિના રહેતી નથી.

**આત્મ સ્વરૂપનો અનુભવ કર્યા વિના, શરીરને જ આત્મારૂપ અનુભવ કરવાવાળો અનેક શાસ્ત્રો વાંચતો હોવા છતાં પણ સંસારથી નહિ છૂટે; પણ પોતાના સ્વરૂપમાં પોતાનો અનુભવ કરવાવાળો શાસ્ત્ર અભ્યાસ રહિત પણ સંસારથી છૂટી જશે.**

હે જ્ઞાની ! આ જે સુખ અવસ્થામાં થયેલું જ્ઞાન છે, તે દુઃખ અવસ્થા આવ્યેથી છૂટી જશે. એટલા માટે દુઃખ અવસ્થામાં, રોગ પરીષહાદિ અવસ્થામાં પણ આત્મજ્ઞાનનો દૃઢ અભ્યાસ કર. આ રીતે ચિંતવનના પ્રભાવથી બાહ્ય શરીરાદિમાં આત્મબુદ્ધિરૂપ જે બહિરાત્મ બુદ્ધિ છે તેને છોડી **પોતાના અંતરના આત્મરૂપમાં આપરૂપ અંતરાત્મા થઈ પરમાત્મારૂપ થવાનો પ્રયાસ કર.**

**પરમાત્માનું સ્વરૂપ** :- પરમાત્માના બે પ્રકાર છે - સકલ પરમાત્મા અને નિકલ પરમાત્મા. જે ઘાતિયા કર્મોનો નાશ કરી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખરૂપ સ્વાધીન, અઢાર દોષોથી રહિત, ઈંદ્ર, નરેન્દ્ર, ધરણેન્દ્ર દ્વારા વંદનીય અનેક અતિશયો સહિત, સર્વે જીવોના હિતકારક, દિવ્ય-ધ્વનિ સહિત, દેવાધિદેવ, પરમ ઔદારિક દેહમાં બિરાજમાન અરહંત દેવ છે તે સકલ પરમાત્મા છે. કલ અર્થાત્ શરીર

જે દેહ સહિત આયુષ્યના અંત સુધી પરમોપદેશ દેવાવાળા અરહંતદેવ છે તે સકલ પરમાત્મા છે.

જે આઠ કર્મ રહિત થઈ સિદ્ધ પરમેષ્ઠી થઈ ગયા છે, તેમનું કલ અર્થાત્ શરીર નાશ થયું છે માટે સિદ્ધ ભગવાન નિકલ પરમાત્મા છે.

**પરમાત્મ પદ** આ મનુષ્ય પર્યાયમાં કોઈ રત્નત્રયની આરાધના કરવાવાળાને જ પ્રાપ્ત થાય છે. **એનું બીજ બહિરાત્મપણું છોડી અંતરાત્મપણામાં લીન થવું (તે) છે.** બહિરાત્માને મિથ્યાત્વ ગુણસ્થાન જ હોય છે. ચોથા ગુણસ્થાનથી લઈ બારમા ગુણસ્થાન સુધી અંતરાત્મા છે. દેહ સહિત તેરમા-ચૌદમા ગુણસ્થાનમાં જ છે તેમને પરમાત્મા જાણવા; દેહ રહિત, ગુણસ્થાન રહિત જે સિદ્ધ ભગવાન છે તે પણ પરમાત્મા છે. **ગુણસ્થાન તો મોહ અને યોગની અપેક્ષાએ હોય છે.** ભગવાન સિદ્ધોને મોહ કર્મ પણ નથી તથા મન-વચન-કાયાના યોગોનો પણ અભાવ થઈ ગયો છે; માટે ગુણસ્થાન સંજ્ઞા રહિત છે.

**ધર્મધ્યાનનું બીજું પણ વર્ણન કરે છે -** આ ધર્મધ્યાન સમ્યગ્દષ્ટિને જ થાય છે, મિથ્યાદષ્ટિને થતું નથી, એવો નિયમ છે. ચોથા ગુણસ્થાનથી શરૂ કરી સાતમા ગુણસ્થાન સુધી ધર્મધ્યાન હોય છે. પરમાગમમાં ધર્મધ્યાન ચાર પ્રકારનું કહ્યું છે - આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય, સંસ્થાન વિચય.

**(૧) આજ્ઞા વિચય ધર્મધ્યાન -** આજ્ઞા વિચય ધર્મધ્યાનનું ટૂંકમાં સ્વરૂપ કહે છે - **ભગવાન સર્વજ્ઞ વીતરાગનાં કહેલાં આગમની પ્રમાણતાથી પદાર્થોનો નિર્ણય કરવો તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.** જ્યાં ઉપદેશ દાતાનો અભાવ હોય, કર્મના ઉદયથી પોતાની બુદ્ધિ મંદ હોય, વસ્તુઓમાં સૂક્ષ્મપણું હોય, હેતુ દષ્ટાંતનો અભાવ હોય ત્યાં સર્વજ્ઞ દ્વારા કહેલાં આગમને પ્રમાણ માની, આ પ્રકારે વિચાર કરવો જોઈએ - આ જ તત્ત્વ છે, આ રીતે જ આ તત્ત્વ છે, બીજું નહિ, અન્ય રીતે નહિ, સર્વજ્ઞ વીતરાગ જિન અન્યથા કહેવાવાળા નથી. આવા ગહન પદાર્થોના શ્રદ્ધાનમાં અર્થનો નિશ્ચય કરવો તે આજ્ઞા વિચય છે.

સમ્યગ્દર્શનથી પરિણામોની વિશુદ્ધતાનો ધારી, પોતાના અને પર મતના પદાર્થોના નિર્ણયને જાણવાવાળો એવો સમ્યગ્જ્ઞાની સર્વજ્ઞ દ્વારા કહેલા સૂક્ષ્મ પદાર્થોને જાણી, પાંચ અસ્તિકાય આદિ પદાર્થોનો નિશ્ચય કરી અન્ય ભવ્ય જીવોને શીખવે છે; કથનના

વ્યાખ્યાનના માર્ગમાં શ્રુતજ્ઞાનની શક્તિથી જેમ પોતાના સિદ્ધાંતોમાં વિરોધ ન આવે તે રીતે, તથા અન્ય એકાંતીઓ દ્વારા કહેલા મિથ્યા પ્રમાણ, હેતુ, નયનું ખંડન કરવામાં સમર્થ થઈ, શ્રોતાઓને પદાર્થોનું સ્વરૂપ ગ્રહણ કરાવવામાં સમર્થ થઈ, શ્રુતનું વ્યાખ્યાન કરે છે. તેમના સમર્થન માટે તર્ક, નય, પ્રમાણને ગ્રહણ કરાવવામાં તત્પર, આ પ્રકારે ચિંતવન કરવામાં એકાગ્રતા, તે સર્વજ્ઞની આજ્ઞાને બતાવવાના પ્રયોજનથી આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

**જિન સિદ્ધાંતમાં પ્રસિદ્ધ સર્વજ્ઞની આજ્ઞા અનુસાર વસ્તુ સ્વરૂપનું ચિંતવન કરવું તે આજ્ઞા વિચય છે.** જગતમાં જે પણ વસ્તુ છે તે અનંત ગુણ-અનંત પર્યાય સ્વરૂપ છે. એટલા માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે; ત્રિકાળવર્તી છે માટે નિત્ય છે. આવી વસ્તુને કહેવાવાળું કોઈ આગમનું સૂક્ષ્મ વચન પોતાની સ્થૂળ બુદ્ધિથી સમજમાં ન આવે તથા જેનો આશય કોઈને બાધા પહોંચાડે તેવો ન હોય **ત્યાં 'સર્વજ્ઞની આજ્ઞા આવી છે' સર્વજ્ઞ વીતરાગ જિન અન્યથા ન કહે,** આ રીતે પ્રમાણરૂપ ચિંતવન તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

જિનેન્દ્રના પરમાગમનું પઠન, શ્રવણ, ચિંતવન, અનુભવન તે સમસ્ત આજ્ઞા વિચય છે. જે શ્રુત સર્વજ્ઞ વીતરાગ દ્વારા કહેલું છે જેને સાંભળવાથી રાગી, દ્વેષી, શસ્ત્રધારી દેવોની ઉપાસનાથી વિમુખ થવાય, પરિગ્રહધારી, વિષય-કષાયોના ધારી અનેક વેશધારીઓમાં ગુરૂબુદ્ધિ-પૂજ્યપણાની બુદ્ધિ ન ઉપજે, હિંસાની પ્રવૃત્તિ કદી ધર્મરૂપ ન દેખાય, જેના શ્રવણ, પઠન, ચિંતવનથી વિષય, કષાય, દેહ પરિગ્રહ આદિથી વિમુખ થવાય, દયા ધર્મની વૃદ્ધિ થઈ જાય તે આગમના શબ્દ તથા અર્થનું ચિંતવન કરવું તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

કેવું છે આગમ ? શ્રી સર્વજ્ઞ-વીતરાગનું ઉપદેશિત છે, રત્નત્રય સ્વરૂપને પુષ્ટ કરવાવાળું છે, અનાદિ નિધન છે, સમસ્ત જીવોને પરમ શરણ છે, અનંત ધર્મના ધારક પદાર્થોનો પ્રકાશ કરવાવાળું છે, પ્રમાણ નય નિક્ષેપો દ્વારા વસ્તુઓનું સ્પષ્ટ ઉદ્યોત કરવાવાળું છે-સ્યાદ્વાદરૂપ. સ્યાદ્વાદરૂપ એનું બીજ છે. એનું શરણ પામ્યા વિના જ જીવે અનાદિકાળથી ચતુર્ગતિમાં પરિભ્રમણ કર્યું છે.

સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય, પાંચ અસ્તિકાયનું સ્વરૂપ પ્રકાશવાવાળું છે, દ્રવ્ય ગુણ પર્યાયોનું સ્વરૂપ બતાવવાવાળું છે, ગુણસ્થાન, માર્ગણાસ્થાન, યોનિ,

કુલકોડિ દ્વારા જીવનું નિરૂપણ કરવાવાળું છે, આસ્રવ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તાનું નિરૂપણ કરવાવાળું છે, સમસ્ત લોક-અલોકનું પ્રકાશક છે, અનેક શબ્દોની રચનારૂપ અંગ, પૂર્વ, પ્રકીર્ણક આદિ રત્નોથી ભરેલું ગંભીર રત્નાકર સમાન આગમ છે.

એકાન્ત વિદ્યાના મદથી ઉન્મત મિથ્યાદષ્ટિઓનો મદ નષ્ટ કરવાવાળું છે, મિથ્યાત્વરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્ય છે, રાગરૂપ સાપનું વિષ ઉતારવા માટે ગારૂડી વિદ્યા છે, સમસ્ત અંતરંગ પાપ મેલ ધોવા માટે પવિત્ર તીર્થ છે, સમસ્ત વસ્તુઓની પરીક્ષા કરવામાં સમર્થ છે, યોગીશ્વરોનું ત્રીજું નેત્ર છે, સંતાપરૂપ જ્વરનું ઘાતક છે, ઈંદ્ર, અહમિન્દ્ર, ગણધર, મુનિન્દ્રો દ્વારા સેવિત, જ્ઞાનીને પરમ અક્ષય નિધાન, આશા વાંછા ભયનો નાશ કરવાવાળું આગમ છે.

આત્મિક સુખરૂપી અમૃતને પ્રગટ કરવા માટે ચંદ્રમાનો ઉદય છે, અક્ષય અવિનાશી જીવોનું નિજ ધન છે, મુક્તિના માર્ગમાં પ્રયાણ કરવાવાળા જીવોનું પરમ મિત્ર છે, સંતાપરૂપ જ્વરનું ઘાતક છે, વિનય-ન્યાય, ઈન્દ્રિય દમન-શીલ-સંયમ-સંતોષાદિ ગુણોને ઉપજાવવાવાળું છે. એવા પરમાગમનું ચિંતવન ધ્યાન, અનુભવ તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે. આ રીતે આજ્ઞા વિચય ધર્મધ્યાનનું વર્ણન કર્યું.

**(૨) અપાય વિચય ધર્મધ્યાન -** અપાય વિચય ધર્મધ્યાનનું સ્વરૂપ આ પ્રકારે જાણવું - મિથ્યાત્વના સંયોગથી સન્માર્ગના અપાય(નાશ)નું જ્ઞાન કરવું, સન્માર્ગ અર્થાત્ મોક્ષમાર્ગનો અભાવ કરવાવાળું મિથ્યાત્વ જ છે, એવું ચિંતવન કરવું તે અપાય વિચય છે.

**મિથ્યાદર્શનથી જેમનાં જ્ઞાન નેત્ર ઢંકાઈ રહ્યાં છે, તેમના આચાર વિનયાદિ બધાં કાર્ય સંસાર વધારવા માટે છે કારણ કે મિથ્યાદષ્ટિને આંધળાની જેમ વિપરીત જ્ઞાનની અધિકાઈ છે.** જેમ કોઈ જન્મથી આંધળો બળવાન પુરૂષ પણ સાચા માર્ગથી ભ્રષ્ટ થયેલો, સત્યમાર્ગના ઉપદેશદાતા વિના ચલિત, ઉંચા-નીચા પર્વત પર, વિષમ પાષાણ, કઠોર, ઠૂંઠા, ઝાડ, ખાઈ, નાળાં, કાંટાથી ભરેલી વિષમ જમીન પર પડેલો, હલન-ચલન ક્રિયા કરવા છતાં પણ ઉપદેશદાતા વિના માર્ગમાં ચાલવામાં સમર્થ નથી, તેવી જ રીતે સર્વજ્ઞના કહેલા માર્ગથી પરાન્મુખ જીવ મોક્ષનો ઈચ્છુક હોવા છતાં પણ સન્માર્ગના જ્ઞાન વિના સંસારમાં ઘોર પરિભ્રમણ કરે છે. આ રીતે સન્માર્ગના પ્રકાશનો અભાવ થયો છે, એવું ચિંતવન કરવું અપાય વિચય ધર્મધ્યાન છે. કુમાર્ગના પ્રવર્તનનો અભાવ તથા નાશનું ચિંતવન કરવું પણ અપાય વિચય છે.

અહો ! વિપરીત જ્ઞાન-શ્રદ્ધાનના ધારક મિથ્યાદષ્ટિ કુવાદીઓ દ્વારા ઉપદેશિત કુમાર્ગથી આ પ્રાણીઓ કેવી રીતે બચે ? આ જીવો કુદેવ, કુધર્મ, કુગુરૂઓના સેવનથી કેવી રીતે છૂટે ? આવો વિચાર કરવો તે અપાય વિચય છે.

પાપના કારણોમાં કાયાના પ્રવર્તનનો અભાવ, વચનના પ્રવર્તનનો અભાવ, મનમાં પાપની ભાવનાના અભાવનું ચિંતવન કરવું તે અપાય વિચય ધર્મધ્યાન છે. જેમાં ઉપાય સહિત કર્મોના નાશનું ચિંતવન કરવામાં આવે છે તેને જ્ઞાનીજન અપાય-વિચય કહે છે.

શ્રી સર્વજ્ઞ ભગવાન દ્વારા કહેલો જે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે તેને પામ્યા વગર, જીવો સંસારરૂપ વનમાં ચિરકાળથી નષ્ટ થઈ રહ્યા છે, જિનેશ્વરના ઉપદેશરૂપી જહાજ(ને) પામ્યા વિના બિચારા જીવો સંસાર સમુદ્રમાં નિરંતર ગોથાં ખાઈ દુ:ખોને ભોગવી રહ્યા છે. મહાન કષ્ટરૂપ અગ્નિથી બળતા સંસારરૂપ વનમાં ભ્રમણ કરવા છતાં પણ મને સમ્યગ્જ્ઞાનરૂપ સમુદ્રનો કિનારો મળી ગયો છે. હવે જો સમ્યગ્જ્ઞાન શિખર મળ્યા પછી તેનાથી દૂર જઈશ તો સંસારરૂપ અંધ કૂપમાં પડવાથી મને કોણ રોકી શકશે ?

**કર્મબંધના કારણે અનાદિના ભ્રમથી ઉપજેલાં મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ, મારાથી નિવારી શકાય તેમ નથી. જો કે હું તો શુદ્ધ છું, દર્શન-જ્ઞાનમય નિર્મળ નેત્રનો ધારક સિદ્ધ સ્વરૂપ છું, તો પણ તે કર્મો દ્વારા ખંડિત થયેલો હું ચિરકાળથી સંસારરૂપ કાદવમાં ખેદ ખિન્ન જ થતો આવ્યો છું.** એક તરફ તો અનેક પ્રકારના કર્મોની સેના છે, અને બીજી બાજુ હું એકલો આત્મા છું, આવા વેરીઓ (શત્રુઓ)ના સંકટમાં મારે સાવધાન થઈ પ્રમાદ રહિત રહેવું જ યોગ્ય છે.

જો હવે પ્રમાદી થઈને રહીશ તો કર્મ મારા જ્ઞાન દર્શન સ્વરૂપનો ઘાત કરી એકેન્દ્રિયાદિરૂપ પર્યાયમાં જડ અચેતન જેવો કરી દેશે. પ્રબળ ધ્યાનરૂપ અગ્નિ દ્વારા હું મારા આત્માને, કર્મ મળ નષ્ટ કરી, પાષાણમાંથી સોના સમાન શુદ્ધ ક્યારે કરીશ? મારે પ્રાપ્ત કરવા યોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મારો સ્વભાવ જ છે, અન્ય બધા પરભાવ તો પર જ છે, તે બધા મારાથી જુદા છે.

**મારૂં સ્વરૂપ શું છે ?** મને ક્યા કારણોથી કર્મોના આસ્રવ થાય છે ? કર્મ કેમ બંધાય છે, કર્મ કેમ નિર્જરે ? મુક્તિ શું છે ? મુક્તિનું સ્વરૂપ શું છે ? મુક્તિનું બાધા રહિત નિરાકુળતા લક્ષણ એવા સ્વભાવથી ઉત્પન્ન સુખ મને ક્યા ઉપાયથી પ્રાપ્ત થશે?

પોતાના સ્વરૂપનું જ્ઞાન થવાથી સકલ ત્રણ લોકનું જ્ઞાન થઈ જાય છે. કર્મ મેલ દૂર થઈ જવાથી મારો સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ મારામાંથી જ પ્રગટ થશે. જેટલા સમય સુધી મારો બાહ્ય પદાર્થોની સાથે સંબંધ છે તેટલા સમય સુધી મારી સ્થિરતા મારા સ્વભાવમાં સપનામાં પણ થવી દુર્ઘટ (કઠિન) છે. એટલા માટે મારે ભેદ-વિજ્ઞાનથી બાહ્ય પદાર્થોથી ભિન્ન થવાનો જ ઉપાય કરવો જોઈએ. આ રીતે અપાય વિચય નામના ધર્મધ્યાનના બીજા ભેદનું વર્ણન કર્યું.

**(૩) વિપાક વિચય ધર્મધ્યાન -** હવે વિપાક વિચય ધર્મધ્યાનના સ્વરૂપનું વર્ણન કરે છે. જ્ઞાનાવરણાદિ કર્મોના ઉદયને પોતાના આત્માથી ભિન્ન ચિંતવન કરવો તે વિપાક વિચય છે. અનાદિ કાળથી નરકાદિ ગતિઓમાં ઉપજી નારકી, તિર્યંચ, દેવ, મનુષ્યાદિ પર્યાય ધારણ કરવી, ઈંદ્રિયો મળવી, શરીરાદિ ધારણ કરવાં, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ મળવાં, સંહનન, બળ, પરાક્રમ, રાજ્ય સંપદા, વૈભવ, પરિવાર આદિ બધાં કર્મોદયજન્ય છે, મારા સ્વરૂપથી ભિન્ન છે. **મારૂં સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા, અવિનાશી, અખંડ છે, કર્મની ઉદયજન્ય પરિણતિથી ભિન્ન છે.** જેટલા સંયોગ છે તે બધા કર્મજન્ય છે. માટે કર્મની ઉદયજન્ય પરિણતિથી પોતાને જુદો જાણી કર્મના ઉદયજન્ય રાગ-દ્વેષ, જીવન-મરણ આદિથી પણ પોતાને જુદો જ જોવો તે વિપાક વિચય ધર્મધ્યાન છે.

પૂર્વકાળમાં બાંધેલાં કર્મ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સંયોગ પામી અનેક પ્રકારના રસ આપે છે. કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે, આઠના જ એકસો અડતાલીસ ભેદ છે, તથા એક-એકના અસંખ્યાત લોક માત્ર ભેદ છે. તે સમસ્ત એકેન્દ્રિયાદિ જીવોના જુદા-જુદા ઉદય જોવાથી જાણવામાં આવે છે.

સામાન્ય રીતે જીવ જ્ઞાન સ્વભાવી છે, સ્વ-પરને જાણવાવાળો છે, અસંખ્યાત પ્રદેશી છે, કર્મજન્ય દેહ પ્રમાણ છે, સુખ-દુઃખનો ભોક્તા છે; તો પણ જીવે પોતાના જુદાં-જુદાં પરિણામો દ્વારા અનેક પ્રકારનાં કર્મોનો બંધ કર્યો છે, તે કર્મોનો રસ પણ ઉદયકાળે જુદો-જુદો દેખાય છે. સઘળા જીવોના પ્રકૃતિરૂપ લાભ-અલાભ, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંયોગ-વિયોગ, આયુષ્ય, શરીર, બુદ્ધિ, બળ, પરાક્રમ, ઈચ્છા ઈત્યાદિ એક-એક જીવના કર્મના ઉદય અનુસાર જુદા-જુદા (ભિન્ન-ભિન્ન) દેખાય છે, કોઈના કોઈનાથી મળતા નથી. એટલા માટે અનેક જીવના અનેક પ્રકારના ઉદયની જાતિ જોઈ રાગ-દ્વેષને વશ ન થાઓ.

જેમ વનમાં વિહાર કરતો પુરૂષ વનમાં નાનાં-મોટાં અનેક પ્રકારનાં લાખો-

કરોડો વૃક્ષ, લતા, જુએ છે, કોના-કોનામાં રાગ-દ્વેષ કરે ? કોઈ વૃક્ષ ઉંચું છે, કોઈ નીચું છે, કોઈ ઘણું ઘટાદાર છે, કોઈ થોડું ઘટાદાર છે, કોઈ ફૂલ-ફળ સહિત છે, કોઈ ફળ વિનાનું છે, કોઈ કડવું છે, કોઈ મીઠું છે, કોઈ ચટપટું છે, કોઈ ઝેરથી ભરેલું છે, કોઈ અમૃતથી ભરેલું છે, કોઈ કાંટા સહિત છે, કોઈ કાંટા રહિત છે, કોઈ વાંકુ છે, કોઈ સીધું છે, કોઈ જીર્ણ છે, કોઈ નવું છે કોઈ સુગંધવાળું છે, કોઈ દુર્ગંધવાળું છે. ઈત્યાદિ સઘળી રચના પૂર્વ કર્મના સંસ્કારથી એકેન્દ્રિય જીવોમાં પણ દેખાય છે. કોઈને કાપીએ છીએ, ફાડીએ છીએ, કાતરીએ છીએ, છોલીએ છીએ, રાંધીએ છીએ, વઘારીએ છીએ, બાળીએ છીએ, ચાવીએ છીએ, રગડીએ છીએ, ઘસડીએ છીએ, ચૂંથીએ છીએ, ઓગાળીએ છીએ, સૂકવીએ છીએ, વાટીએ છીએ, બાંધીએ છીએ, વાળીએ છીએ, ઈત્યાદિ એકેન્દ્રિય વનસ્પતિમાં પણ કર્મના ઉદયની અનેક જાતિઓ જોઈ પોતાના તથા અન્યના પુણ્ય-પાપના ઉદયના અનેક તરંગો જોઈ સામ્યભાવ ધારણ કરો, હર્ષ વિષાદ ન કરો.

**કર્મના ઉદયની લહેર સમયે-સમયે જુદી-જુદી હોય છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગે જે ક્ષેત્રમાં, જે કાળમાં, જે પ્રકારે થવું જોયું છે, તે જ પ્રમાણ છે, તે જ રીતે થશે.** કર્મના ઉદયને પોતાના સ્વભાવથી જુદો જાણો. અનેક જીવ-પુદ્ગલોની રચના તથા સંયોગ-વિયોગ આદિ જોઈ રાગ-દ્વેષ રહિત થઈ પરમ સામ્યભાવને ધારણ કરો, જેનાથી પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા થઈ જાય તથા નવીન બંધ થતો નથી. આ રીતે તપના પ્રકરણમાં વિપાક વિચય નામના ધર્મધ્યાનનું વર્ણન કર્યું.

## ❖ ઈશ્વર કર્તૃત્વ નિષેધ ❖

**(૪) સંસ્થાન વિચય ધર્મધ્યાન -** હવે સંસ્થાન વિચય નામના ચોથા ધર્મધ્યાનના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ - આ જે બધી બાજુ અનંતાનંત આકાશ છે તે સ્વયં પોતાના આધારે છે. તેની બિલ્કુલ વચ્ચે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ જેટલા આકાશના ક્ષેત્રમાં છે તે **લોક** છે. તે લોક કોઈનું બનાવેલું નથી, અનાદિ નિધન છે.

**અહીં કોઈ અન્યવાદી કહે છે -** આ જગતના કર્તા કોઈ ઈશ્વર છે, કારણ કે કર્તા વિના કોઈ પણ વસ્તુ સત્રૂપ હોતી નથી ?

**(૧) તેને પૂછીએ છીએ -** જો કર્યા વિના કોઈ પણ સત્રૂપ વસ્તુ હોતી નથી, તો ઈશ્વરને કોણે બનાવ્યો છે ? ઈશ્વર પણ સત્ વસ્તુ છે, ઈશ્વરને બનાવનારનું નામ બતાવવું જોઈએ.

**જો કહેશો -** આ ઈશ્વરનો કર્તા પણ કોઈ બીજો છે. તો તે બીજાને કોણે બનાવ્યો? જો તે બીજાનો કર્તા કોઈ બીજાને કહેશો તો તે અન્યને કોણે બનાવ્યો ? આ રીતે કહેતા રહેવાથી અનવસ્થા નામનો દોષ આવશે.

**(૨) વળી વિશેષ પૂછીએ છીએ -** જો પહેલાં સૃષ્ટિની રચના ન હતી, તો સૃષ્ટિની બહાર ઈશ્વર ક્યાં હતો ? તથા કઈ જગ્યાએ બેસીને ઈશ્વરે જગતને બનાવ્યું છે ? ઈશ્વર પોતે જગત વિના ઘણા કાળથી નિરાધાર વિદ્યમાન હતો, તો પોતે ક્યાં રહેતો હતો ? આ જગતને બનાવીને ક્યાં સ્થાપિત કર્યું ? આ જગતને કોઈના આધારે કહેશો, **તો તે કોના આધારે છે ?**

**જો કહેશો -** તેનો અન્ય આધાર છે. તેનો અન્ય આધાર કહેશો - તો તે અન્ય આધારનો કોણ આધાર છે ? આ રીતે પણ અનવસ્થા દોષ આવી જશે.

**જો એમ કહેશો -** નિરાધારમાં, અનાદિ નિધનમાં તર્ક ચાલતો નથી. તો સૃષ્ટિનો કર્તા કહેવો પણ સંભવતું નથી, કારણ કે સૃષ્ટિ પણ નિરાધાર, અનાદિ નિધન છે. જૈની તો સમસ્ત પદાર્થોને જ અનાદિ નિધન કહે છે. જેના મતમાં સૃષ્ટિનો કર્તા માને છે તેમને જ દોષ લાગશે.

**(૩) વળી પૂછીએ છીએ -** જગત તો અનેકરૂપ છે, તેને **એકરૂપ ઈશ્વર** કરવામાં- બનાવવામાં સમર્થ કેવી રીતે થઈ ગયો ? ઈશ્વર તો શરીર રહિત **અમૂર્તિક** છે, અમૂર્તિક દ્વારા શરીરાદિ મૂર્તિક પદાર્થ કેવી રીતે ઉત્પન્ન કરી શકાય ? અમૂર્તિક દ્વારા મૂર્તિક કેવી રીતે બનાવી શકાય ? સાધનો તથા સામગ્રી વિના લોકને ક્યા સાધનથી બનાવ્યું ? **કારણ કે ઉપાદાન કારણ વિના કોઈ પણ વસ્તુની રચના થતી જોવામાં આવતી નથી.** જેમ માટી વિના સમર્થ કુંભાર પણ ઘડાની રચના કરવામાં સમર્થ નથી.

**જો એમ કહેશો -** ઈશ્વરે પહેલાં સામગ્રી બનાવી, પછી જગતને બનાવ્યું - તો પછી અમે પૂછીએ છીએ -

**(૪) તે સામગ્રી કોણે બનાવી ?** આ રીતે પણ અનવસ્થા દોષ આવી જશે.

**જો એમ કહેશો -** જગતને બનાવવા યોગ્ય **સામગ્રી** તો સ્વભાવથી જ બનાવ્યા વિના સિદ્ધ (મોજુદ રહે) છે. તો લોકને પણ સ્વયં સિદ્ધ માનવાનો પ્રસંગ આવશે. જેમ લોકના કર્તાને સ્વતઃ સિદ્ધ માનવો તેમ લોકને પણ **સ્વયં સિદ્ધ** માનવાનો પ્રસંગ આવશે.

**જો એમ કહેશો -** ઈશ્વર સમર્થ છે તેણે સામગ્રી વિના જ ઈચ્છા માત્રથી લોકને બનાવ્યું છે, તો આવું **'ઈચ્છા માત્ર'** યુક્તિથી રહિત તમારૂં કથન કોને શ્રદ્ધાન કરવા યોગ્ય હશે ? ઈચ્છા માત્રથી કરવાની બીજી પણ અનેક કલ્પનાઓ કરો તો તમને કોણ રોકે છે ? જ્યાં 'ઈચ્છા માત્ર' કહ્યું ત્યાં વિચાર, (વિવેક, તર્ક, ન્યાય) કોનો, ક્યાં રહ્યો ?

**(૫) અમે પૂછીએ છીએ -** ઈશ્વર કૃતાર્થ છે કે અકૃતાર્થ છે ? કૃતકૃત્ય છે કે અકૃતકૃત્ય છે ? જો કૃતાર્થ છે - જેને કરવા માટે કંઈ પણ કાર્ય બાકી રહ્યું નથી -તો જગતને રચવાની ઈચ્છા તે ઈશ્વરને કેવી રીતે થઈ ?

**જો અકૃતાર્થ કહેશો -** તો જે અકૃતાર્થ હશે તે સમસ્ત જગતને રચવા માટે કુંભાર જેવો સમર્થ નહિ હોય. અકૃતાર્થ કુંભાર પણ એક ઘડાને બનાવી પોતાને કૃતાર્થ માને છે, સમસ્ત જગતની રચના કરવી તો અકૃતાર્થથી બને નહિ. તેવી રીતે જો ઈશ્વરને અકૃતાર્થ માનો છો તો તે એક-એક વસ્તુને બનાવી ખેદ કલેશ કરી અનંત પદાર્થોને બનાવી કેવી રીતે પૂરા કરશે ? એટલા માટે આ પ્રકારથી પણ ઈશ્વરને જગતનું કર્તાપણું સંભવતું નથી.

**(૬) ઈશ્વરને અમૂર્તિક, નિષ્ક્રિય, સર્વવ્યાપી, કહે છે -** તો એવા ઈશ્વરે જગતને કેવી રીતે અને કેમ બનાવ્યું ? અમૂર્તિકથી તો મૂર્તિક વ્યાપી આખી દુનિયામાં ઉપજતા નથી.

જે **નિષ્ક્રિય** અર્થાત્ (ક્રિયા કરવામાં અસમર્થ) ક્રિયા રહિત હોય તેનાથી રચવાની ક્રિયા કેવી રીતે થઈ શકે ?

જે **વ્યાપક** બનીને સમસ્ત જગતમાં વ્યાપી રહ્યો હોય તેનાથી લોકની રચના કેવી રીતે થઈ શકે ? તે તો અનાદિથી જ સમસ્ત લોકમાં વ્યાપી રહ્યો છે. ઈશ્વરને વિક્રિયા રહિત **નિર્વિકાર** કહે છે, તેનું રચના કરવા માટે વિકારી થઈ જવું સંભવ નથી.

**(૭) ઈશ્વરે સૃષ્ટિ બનાવી છે, તે શું ફળ મેળવવા બનાવી છે ?** ઈશ્વર તો કૃતાર્થ છે, કૃતકૃત્ય છે. તેણે ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારેય પુરૂષાર્થોમાં કંઈ કરવાનું બાકી રહ્યું નથી, ત્યારે સૃષ્ટિની રચના કરી શું ફળ ઈચ્છે છે ? **પ્રયોજન વિના તો મૂર્ખ પણ કોઈ કાર્ય કરતો નથી.**

**જો એમ કહેશો -** ઈશ્વરને સૃષ્ટિ રચવા માટે કોઈ પ્રયોજન ન હતું, પ્રયોજન વગર જ બનાવી છે. તો **અનર્થરૂપ કાર્ય** કરવાનો પ્રસંગ આવ્યો.

**જો કહેશો - ઈશ્વરની આ ક્રીડા છે. તો તે મોહનો મહા સંતાન ક્રમ થયો.** ક્રીડા તો અજ્ઞાની મોહી બાળક કરે છે, કે પહેલાં દુઃખી હોય તે ક્રીડા કરી દિવસો ગુજારે છે, પોતાનું દુઃખ ભૂલવા માટે ક્રીડા કરે છે.

**(૮) જો ઈશ્વરે જગતને બનાવ્યું છે તો સમસ્ત પદાર્થોને ઉજ્જવળ, સુખકારી, મનોહર, રૂપવાન જ કેમ ન બનાવ્યા ?** જગતમાં કેટલાયે દરિદ્રી, કેટલાયે રોગી, કેટલાયે કુરૂપ, કેટલાયે કુબુદ્ધિ, કેટલાયે નીચ જાતિના - કેમ બનાવ્યા ? વિષ, કાંટા, મળ, મૂત્ર, દુર્ગંધ આદિ કેમ બનાવ્યા છે ? દુષ્ટ, મલેચ્છ, ભીલ, સાપ, ચાંડાલાદિ કેમ બનાવ્યા ?

**જગતમાં પણ જોઈએ છીએ -** જે ઘણો બુદ્ધિશાળી, ચતુર હોય છે તે પોતાનું કાર્ય ઘણું સુંદર જ કરવા ઈચ્છે છે, પોતાના કરેલા કાર્યને કોઈ પણ બગાડવા ઈચ્છતું નથી.

**(૯) અમે પૂછીએ છીએ -** ઈશ્વરે બુદ્ધિશાળી, સમર્થ અને સ્વાધીન થઈ ગ્લાનિરૂપ, ભયાનક, દુઃખદાયક, કુરૂપ(ગંદી) રચના કેમ કરી ?

**(૧૦) જો આમ કહેશો -** જીવોએ જેવા કર્મોનું ઉપાર્જન કર્યું તેવી રીતે તેમનાં શરીરાદિ સમસ્ત સામગ્રી બનાવી દીધી. **તો તેનું ઈશ્વરપણું ક્યાં રહ્યું ?** જેમ વણકરને ઝીણું સૂતર આપ્યું તો તેણે ઝીણું કાપડ વણ્યું, જાડું સૂતર આપ્યું તો જાડું કાપડ વણ્યું, ઈશ્વરને ઈશ્વરપણું ન રહ્યું.

**(૧૧) બીજુ પણ પૂછીએ છીએ -** સંસારમાં જીવો ભલાં તથા બૂરાં કર્મ કરે છે, તો તે ઈશ્વરના અભિપ્રાયથી ઈશ્વરનાં કરાવ્યાં કરે છે કે ઈશ્વરના અભિપ્રાય વિના પોતાની બળજબરીથી કરે છે ?

**જો કહેશો -** ઈશ્વરની ઈચ્છાથી કરે છે, તો તે ઈશ્વર થઈને પોતાની પ્રજા પાસે ખોટાં(બૂરાં) કૃત્ય કેમ કરાવે છે ? પોતાના સંતાનને દુરાચારી તો કોઈ બનાવવા ઈચ્છતું નથી.

**જો કહેશો -** ઈશ્વરની ઈચ્છા વિના જ કરે છે ? તો ઈશ્વરને ઈશ્વરપણું કે કર્તાપણું ક્યાં રહ્યું ? જગતના પ્રાણી સ્વયં જ પોતાનાં કર્માદિ કાર્યોના કર્તા થયા.

**જો આમ કહેશો -** કાર્ય થાય છે તે તો જેવું કર્મ કર્યું હોય તેવું જ થાય છે, પણ ઈશ્વરના નિમિત્તે થાય છે. તો આવી સ્વયં સિદ્ધ વસ્તુ (જગત)ને કારણ

વિના જ ઈશ્વરની બનાવેલી વ્યર્થ કેમ કહો છો ? અસત્યને પુષ્ટ કરવું મહા અનર્થનું કામ છે.

**(૧૨) વળી પૂછીએ છીએ -** ઈશ્વર સમસ્ત પ્રાણીઓ પર વાત્સલ્ય રાખે છે તથા જગત ઉપર ઉપકાર કરવા માટે જગતની રચના કરી છે. તો સમસ્ત સૃષ્ટિને સુખમય ઉપદ્રવ રહિત બનાવવી જોઈતી હતી; દુ:ખમય, વિયોગમય, દારિદ્રયમય, રંકમય કેમ બનાવી ? આ રીતે તો ઈશ્વરપણું ન રહ્યું ?

**જો કહેશો -** જે ઈશ્વરના ભકત હતા તેમને સુખી કર્યા, દુષ્ટોને દુ:ખી કર્યા.

**(૧૩) તો પૂછીએ છીએ -** ઈશ્વર થઈ આપે દુષ્ટ કેમ બનાવ્યા ? બધા પોતાના ભકત જ બનાવવા હતા. મલેચ્છાદિ પોતાના દ્રોહીઓને કેમ બનાવ્યા ?

**(૧૪) જો એમ કહેશો -** ઈશ્વરને પહેલાં બરાબર જ્ઞાન ન હતું, પાછળથી જે દુષ્ટ દેખાયા તેમને દંડ કર્યો. એનાથી તો ઈશ્વરનું અજ્ઞાનીપણું પ્રગટ થયું. આ સૃષ્ટિ કોઈ અજ્ઞાનીની બનાવેલી ઠરી.

**(૧૪) વળી પૂછીએ છીએ -** ઈશ્વરે જગતને બનાવ્યું છે, તો જગત પહેલાંથી જ વિદ્યમાન હતું તેને બનાવ્યું છે કે અત્યંત અસત્ (પહેલાં કંઈ પણ ન હતું) ને બનાવ્યું છે ? જો વિદ્યમાનને જ બનાવ્યું છે તો જે પ્રથમથી જ સત્‌રૂપ વિદ્યમાન હતું તેને કોઈ શું બનાવે ? જો અત્યંત અસત્ ને બનાવ્યું છે, તો તે તો આકાશના ફૂલ બનાવવાની જેમ અવસ્તુ ઠર્યું.

**(૧૫) ઈશ્વરને મુક્ત કહે છે ?** તો મુકત તો કોઈપણ કાર્યને કરવા-કરાવવામાં ઉદાસીન રહે છે, તેને સૃષ્ટિને રચવાની ઈચ્છા કેવી રીતે થાય ? કરવા-કરાવવાની ચિંતા મુકતને થવી સંભવતી નથી. જો ઈશ્વર મુકત નથી સંસારી છે, તો તે આપણા બધા જેવો જ છે, તેનું કરેલું સમસ્ત જગત કેવી રીતે ઉત્પન્ન થાય ? **એટલા માટે તમારૂં આ સૃષ્ટિને ઈશ્વરકૃત કહેવું કંઈ પણ સાર્થક ન રહ્યુ.** પહેલાં તો જગતને પોતે બનાવ્યું, પાછળથી પોતે જ તેનો સંહાર કર્યો, તો આ તેનો મહાન અધર્મ થયો ?

**જો તમે કહેશો -** દૈત્યાદિ દુષ્ટ ઘણા ભેગા થઈ જાય તેમને મારવા માટે પ્રલય કાળે સંહાર કરે છે.

**(૧૬) તો દૈત્યાદિ દુષ્ટ પહેલાં બનાવ્યા જ કેમ ?** જો ઈશ્વરને પહેલાંથી જ જ્ઞાન ન હતું કે એ દુષ્ટ થઈ જશે, તો ઈશ્વરને મહા અજ્ઞાનીપણું થયું. જેણે

પોતાના કરેલાનું ફળ પહેલાંથી જ ન જાણ્યું ? તો ઈશ્વરને મહા દુઃખપણું પણ ઠર્યું - જે નવી-નવી રચના કરતો રહે છે પણ જો તેમાં ક્યાંય ભૂલ થઈ જાય તો મારતો ફરે છે, શોધતો ફરે છે, દુઃખનો માર્યો સ્વયં છૂપાતો ફરે છે, દુષ્ટોને મારવા માટે હજારો ઉપાય, સહાય, વેશ, શસ્ત્રાદિ સામગ્રીનું ચિંતવન કરતો થકો મહા કલેશથી જન્મ પૂરો કરે છે.

આ રીતે ઈશ્વરમાં તો અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહાદિ (મૂર્તિક, સક્રિય, અવ્યાપી, વિકારી, નિષ્પ્રયોજન, ક્રીડા, દુષ્ટતા, સંસારી, અધર્મી, દુઃખી, ભયભીત, અલ્પ શક્તિમાન, અલ્પજ્ઞ, ચિંતિત, અકર્તા આદિ) **અનેક દોષ જોવામાં આવે છે.** (તે ઈશ્વર પૂર્ણ, સુખી, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, મુક્ત, વીતરાગી સિદ્ધ થતો નથી.)

એટલા માટે મિથ્યાદષ્ટિઓ દ્વારા બનાવેલા અસત્ય શાસ્ત્રોથી ઉપજતા કલેશને છોડી, વીતરાગી સર્વજ્ઞનું કહેલું અનાદિ નિધન સ્વયં સિદ્ધ લોકનું સ્વરૂપ જાણી શ્રદ્ધાન કરો. આ છ દ્રવ્ય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અનાદિ નિધન છે. અસત્ ને સત્ કરવામાં કોઈ સમર્થ નથી. **જે સત્ વસ્તુ છે તેનો કદી નાશ થતો નથી, તથા અસત્નો કદી ઉત્પાદ થતો નથી. એ ઉત્પાદ વિનાશ તો પર્યાયાર્થિક નયથી કહેવાય છે.**

જેટલા પણ ચેતન-અચેતન પદાર્થ છે તે દ્રવ્યપણાથી કદી ઉપજતા નથી, નષ્ટ પણ થતા નથી. સમયે-સમયે પૂર્વ પર્યાયનો નાશ તથા ઉત્તર પર્યાયનો ઉત્પાદ થઈ રહ્યો છે. દ્રવ્ય ધ્રૂવ છે, ઉત્પન્ન થતું નથી, નાશ પામતું નથી. ઉપજવું, નાશ પામવું પર્યાયનું થાય છે, પર્યાય એકરૂપ રહેતી નથી. દ્રવ્યોનો કદી નાશ થતો નથી. છ દ્રવ્યોનો સમૂહ જ લોક છે, અન્ય વસ્તુરૂપ લોક નથી.

## ✤ બાર ભાવના ✤

આ સંસ્થાન વિચય ધ્યાનમાં બાર ભાવનાઓ નિરંતર ચિંતવવા યોગ્ય છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ, ધર્મ - આ બાર ભાવનાઓનાં નામ કહ્યાં છે. ભગવાન તીર્થંકર પણ એમનો સ્વભાવ વિચારી સંસાર-શરીર ભોગોથી વિરકત થયા છે. એટલા માટે આ ભાવનાઓ વૈરાગ્યની માતા છે, સમસ્ત જીવોનું હિત કરવાવાળી છે, અનેક દુઃખોથી વ્યાપ્ત(ઘેરાયેલા) સંસારી જીવોને આ ભાવનાઓ જ ભલી તથા ઉત્તમ શરણરૂપ છે.

એમનો સંબંધ ફરી પાછો નહિ મળે, એવો નિશ્ચય માની સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબ આદિમાં મમતા કરી ધર્મને બગાડવો (તે) મહા અનર્થ છે. જે પુત્ર, સ્ત્રી, ભાઈ, મિત્ર, સ્વામી, સેવક, આદિની સાથે મળીને, રહીને સુખેથી જીવવા ચાહો છે, તે બધા કુટુંબ આદિના લોકો શરદ ઋતુના વાદળોની જેમ વિખેરાઈ જશે. આ સંબંધ જે આજે દેખાય છે તે ટકી નહિ રહે, સત્વરે વિખેરાઈ જશે, એવો નિયમ જાણો.

જે રાજ્ય માટે, જમીન માટે, હાટ, હવેલી, મકાન, આજીવિકા માટે, હિંસા, અસત્ય, છળ, કપટની પ્રવૃત્તિ કરો છો, ભોળા-ભલા લોકોને ઠગો છો; બળવાન થઈ નિર્બળોનું ધન પડાવી લો છો; તે બધા પરિગ્રહનો સંબંધ તમારાથી તત્કાળ નષ્ટ થઈ જશે. અલ્પજીવન માટે નરક-તિર્યંચગતિની અનંત કાળ પર્યંત અનંત દુઃખોની પરંપરા ગ્રહણ ન કરો. એમના સ્વામીપણાનું અભિમાન કરી અનેક જીવ નાશ પામ્યા છે, તથા અનેક પ્રત્યક્ષ નાશ પામતા જુઓ છો. એટલા માટે હવે મમતા છોડી, અન્યાયનો ત્યાગ કરી પોતાના આત્માનું કલ્યાણ કરવાના કાર્યમાં પ્રવર્તન કરો.

બંધુ, મિત્ર, પુત્ર, કુટુંબ આદિ સહિત રહેવું તો એવું છે જેમ ગ્રીષ્મ ઋતુમાં ચાર રસ્તાઓ વચ્ચે એક ઝાડની છાયામાં અનેક દેશોના પથિક વિશ્રામ કરી પોત-પોતાના સ્થાને ચાલ્યા જાય છે, તેવી જ રીતે એ પણ કુળરૂપી વૃક્ષની છાયામાં રોકાઈ, કર્મને અનુકૂળ અનેક ગતિઓમાં ચાલ્યા જાય છે. જેનાથી પોતાને સ્નેહ માનો છો તેમાંથી એક પણ આપણા હિતનું નથી, બધાં પોત-પોતાના મતલબ (સ્વાર્થ)નાં (સગાં) છે, આંખોના સુખની જેમ (જોવા માત્રનું સુખ) ક્ષણભરમાં પ્રીતિનો રાગ નાશ પામે છે. જેમ પક્ષી એક વૃક્ષ ઉપર કોઈ પૂર્વ સંકેત વિના જ રાત્રે આવીને વસે છે, પ્રાતઃકાળ થતાં જ ઊડીને ચાલ્યાં જાય છે, તેવી જ રીતે કુટુંબના લોકો કોઈ સંકેત વિના જ કર્મને વશ થઈ ભેગા થાય છે અને પાછા વિખેરાઈ જાય છે.

**આ સમસ્ત ધન, સંપદા, આજ્ઞા, ઐશ્વર્ય, રાજ્ય, ઈન્દ્રિયોના વિષયોની સામગ્રીનો જોત-જોતામાં અવશ્ય વિયોગ થશે.** યૌવન તો બપોરની છાયા (છાંયડા)ની જેમ ઢળી જશે, સ્થિર નહિ રહે. ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્રાદિ તો અસ્ત થઈ પાછા ઉગે છે, હેમંત-વસંતાદિ ઋતુઓ પણ જઈ-જઈને ફરી પાછી આવે છે, પણ નાશ પામેલા ઈન્દ્રિય, યૌવન, આયુષ્ય, કાયાદિ પાછાં વળતાં નથી. જેમ પર્વત પરથી પડતી નદીનો પ્રવાહ રોકાયા વિના જ ચાલ્યો જાય છે, તેમ આયુષ્ય પણ ક્ષણે-ક્ષણે અટક્યા વિના ચાલ્યું જાય છે.

જે દેહને આધીન જીવન છે તે દેહને જરજર કરતું ઘડપણ સમયે-સમયે (નજીક) ચાલ્યુ આવે છે. **કેવું છે ઘડપણ ?** યૌવનરૂપ વૃક્ષને બાળવા માટે દાવાગ્નિ સમાન છે, સૌભાગ્યરૂપ ફૂલોને બરફની વર્ષા જેવું છે, સ્ત્રીઓની પ્રીતિરૂપ હરણીને વાઘ જેવું છે, જ્ઞાન નેત્રને બંધ કરવા માટે ધૂળની વર્ષા જેવું છે, તપરૂપ કમળના વનને બર્ફીલી હવા જેવું છે, દીનતા ઉપજાવવાવાળી માતા છે, તિરસ્કાર વધારવા જેવું છે, ઉત્સાહ ઘટાડવા માટે તિરસ્કાર(રૂપ) છે, રૂપ ધનને ચોરવાવાળું છે, બળનો નાશ કરવાવાળું છે, જંઘા બળ(જાંઘ બળ)ને બગાડનાર છે, આળસ વધારવાવાળું છે, સ્મરણ શક્તિનો નાશ કરવાવાળું આ ઘડપણ-વૃદ્ધાવસ્થા જ છે. મોતથી મેળાપ કરાવનાર દૂતની જેમ ઘડપણ આવ્યા છતાં પણ પોતાના આત્મહિતનું વિસ્મરણ કરી નીડર થાય છે એ મહા અનર્થ છે. **વારંવાર મનુષ્ય જન્માદિ સામગ્રી મળશે નહિ.**

જેટલું આંખ આદિ ઈન્દ્રિયોનું તેજ છે તે ક્ષણ-પ્રતિ ક્ષણ નાશ પામી રહ્યું છે. બધા સંયોગોને વિયોગરૂપ જાણો. આ ઈન્દ્રિયોના વિષયોમાં રાગ કરીને કોણ-કોણ નાશ નથી પામ્યું ? એ બધા વિષયો પણ વિલય પામશે અને ઈન્દ્રિયો પણ નાશ પામશે. કોના માટે આત્મ હિત છોડી ઘોર પાપરૂપ દુર્ધ્યાન કરી રહ્યા છો ? જે વિષયોમાં રાગ કરીને અધિક-અધિક લીન થઈ રહ્યા છો, તે બધા વિષયો તમારા હૃદયમાં તીવ્ર દાહ ઉપજાવી નાશ પામશે. શરીરને નિરંતર રોગોથી ભરેલું જાણો, બધા જીવોને મરણથી ઘેરાયેલા જાણો, ઐશ્વર્યને વિનાશ સન્મુખ જાણો. આ જેટલા પણ સંયોગ છે તેમનો નિયમથી વિયોગ થશે.

આ બધા વિષયો આત્માના સ્વરૂપને ભૂલાવવાવાળા છે. એમાં લીન થઈને ત્રણ લોક નાશ પામ્યા છે. વિષયોના સેવનથી સુખ માનવું તો એવું છે જેમ જીવવા માટે ઝેર પીવું, શીતળતા મેળવવા માટે અગ્નિમાં પ્રવેશ કરવો, મીઠા ભોજન માટે વિષના વૃક્ષને સીંચવું. આ વિષય મહામોહ મદને ઉપજાવવાવાળા છે. એમનો રાગ છોડી આત્માનું કલ્યાણ કરવાનો પ્રયત્ન કરો.

**મરણ અચાનક આવશે -** આ મનુષ્ય જન્મ, આ જિનેન્દ્રનો ધર્મ છૂટી ગયા પછી મળવો અનંત કાળમાં દુર્લભ છે. જેમ નદીની લહેર નિરંતર વણ રોકી ચાલતી જ રહે છે, વળીને કદી પાછી આવતી નથી; તેવી જ રીતે આયુષ્ય, કાયા, રૂપ, બળ, લાવણ્ય, ઈન્દ્રિયોની શક્તિ (વિગેરે) ચાલ્યા ગયા પછી પાછાં આવતાં નથી.

જે આ પ્યારા સ્ત્રી, પુત્રાદિ સામે દેખાય છે, તેમનો સંયોગ સદાયે રહેવાનો નથી,

સ્વપ્નના સંયોગ જેવો જાણો. એમના માટે અનીતિ-પાપ કરવાં છોડી શીઘ્ર વ્રત-સંયમ આદિ ધારણ કરો. આ દુનિયા લોકોને ઈન્દ્રજાળની જેમ ભ્રમ ઉપજાવવાવાળી છે. આ સંસારમાં ધન, યૌવન, જીવન, સ્વજન, પરજનના સમાગમમાં જીવ આંધળો બની રહ્યો છે. ધન-સંપદા તો ચક્રવર્તીઓની પણ કાયમ નથી રહી તો અન્ય પુણ્યહીનોની કેવી રીતે સ્થિર રહે ? યૌવન તો ઘડપણથી નષ્ટ થશે જ. જીવન તો મરણ સહિત જ છે. સ્વજન-પરજન વિયોગ સન્મુખ જ છે. શામાં સ્થિર બુદ્ધિ કરો છો ?

આ દેહને નિત્ય સ્નાન કરાવો છો, સુગંધ લગાવો છો, આભૂષણ-વસ્ત્રાદિથી સજાવો છો, અનેક પ્રકારના ભોજનપાન કરાવો છો, વારંવાર એની જ ગુલામીમાં સમય વીતાવો છો, શૈયા, આસન, કામ, ભોગ, નિંદ્રા, ઠંડી, ગરમી અનેક પ્રકારે સુખ આપી એને પુષ્ટ કરો છો. એના રાગમાં એવા આંધળા થઈ રહ્યા છો કે ભક્ષ્ય-અભક્ષ્ય, યોગ્ય-અયોગ્ય, ન્યાય-અન્યાયના વિચાર રહિત થઈ પોતાનો ધર્મ બગાડવો, યશનો નાશ કરવો, મરણ થવું, નરકે જવું, નિગોદમાં નિવાસ કરવા આદિ બધાને ગણતા નથી.

**આ શરીર તો પાણીથી ભરેલા માટીના કાચા ઘડા જેવું તત્કાળ જ નાશવંત છે.** આ દેહનો ઉપકાર કૃતઘ્નના ઉપકારની જેમ વિપરીત ફળશે, સાપને સાકર યુકત દૂધ પાવા સમાન પોતા માટે મહાદુઃખ, રોગ, કલેશ, દુર્ધ્યાન, અસંયમ, કુમરણ, નિશ્ચયથી નરકમાં પતનનું કારણ જાણો. આ શરીરને જેમ-જેમ વિષય આદિથી પુષ્ટ કરશો, તેમ-તેમ આ આત્માનું અહિત કરવામાં અધિક સમર્થ થશે. એક દિવસ પણ ભોજન નહિ આપો તો ઘણું દુઃખ દેશે. જે-જે આ શરીરમાં રાગી થયા છે તે બધા સંસારમાં નાશ પામી આત્મ કાર્ય બગાડી અનંતાનંત કાળ નરક-નિગોદમાં ભટક્યા છે. જેમણે આ શરીરને તપ-સંયમમાં લગાવી કૃશ કર્યું છે તેમણે જ પોતાનું હિત કર્યું છે.

**આ ઈન્દ્રિયો તો જેમ-જેમ વિષયોને- ભોગવે છે તેમ-તેમ તૃષ્ણા વધારે છે.** જેમ અગ્નિ બળતણથી તૃપ્ત થતી નથી તેવી જ રીતે ઈન્દ્રિયો પણ વિષયોથી તૃપ્ત થતી નથી. એક-એક ઈન્દ્રિયના વિષયની ચાહથી મોટા-મોટા ચક્રવર્તી રાજા ભ્રષ્ટ થઈ નરકમાં જઈ પહોંચ્યા, બીજાની શી વાત કરીએ ? આ ઈન્દ્રિયોને દુઃખદાઈ, પરાધીન કરવાવાળી, નરક પહોંચાડવાવાળી જાણી, ઈન્દ્રિયોનો રાગ છોડી એમને વશ કરો. સંસારમાં લોકો જેટલા નિંદ્યકર્મ કરે છે તે સમસ્ત ઈન્દ્રિયોને આધીન થઈને જ કરે છે. એટલા માટે ઈન્દ્રિયોરૂપ સાપોના વિષથી આત્માની રક્ષા કરો.

**આ લક્ષ્મી ક્ષણભંગુર છે. આ લક્ષ્મી કુલીનોમાં રમતી નથી.** ધીરમાં,

શૂરવીરમાં, પંડિતમાં, મૂર્ખમાં, રૂપવાનમાં, કુરૂપમાં, પરાક્રમીમાં, કાયરમાં, ધર્માત્મામાં, અધર્મીમાં, પાપીમાં, દાનીમાં, કંજુસમાં, ક્યાંય પણ રમતી નથી. એ તો જેણે પૂર્વ જન્મમાં પુણ્ય કર્યું છે તેની દાસી છે. કુપાત્ર દાનાદિથી, કુતપાદિથી ઉત્પન્ન થઈ જીવોને ખોટા કુભોગોમાં, કુમાર્ગમાં, મદોમાં લગાવી દુર્ગતિમાં પહોંચાડવાવાળી છે.

**આ પંચમકાળમાં તો કુપાત્ર દાન કરવાથી, કુતપસ્યા કરવાથી જ લક્ષ્મી મળે છે.** આ લક્ષ્મી બુદ્ધિને બગાડી, મહા દુઃખથી ઉપજી, મહા દુઃખથી ભોગવી, પાપોમાં લગાવી દાન-ભોગ વિના જ છોડીને આર્ત્તધ્યાનપૂર્વક મરણ કરાવી તિર્યંચગતિમાં ઉપજાવે છે.

એટલા માટે આ લક્ષ્મીને તૃષ્ણાં વધારવાવાળી, મદ ઉપજાવવાવાળી જાણી દુઃખી-દરિદ્રીઓના ઉપકારમાં, ધર્મના ફેલાવામાં, ધર્મના આયતનોમાં, વિદ્યા ભણાવવામાં, વીતરાગ સિદ્ધાંત લખાવવામાં, શાસ્ત્ર છપાવવામાં લગાવી સફળ કરો. ન્યાયના પ્રામાણિક ભોગોમાં જે રીતે ધર્મ ન બગડે તે રીતે લગાવો. આ લક્ષ્મી પાણીના મોજા જેવી અસ્થિર છે, માટે અવસરે દાન-ઉપકાર કરી લો, પરલોક સાથે જશે નહિ, અચાનક જ છોડીને મરી જશો. **જેઓ નિરંતર આ લક્ષ્મીનો સંગ્રહ જ કરતા રહે છે, દાન-ભોગમાં વાપરતા નથી, તેઓ પોતે જ પોતાને ઠગે છે.**

જેમણે પાપનો આરંભ કરીને લક્ષ્મીને ભેગી કરી છે, મહા મૂર્ચ્છા કરીને કમાઈ છે અને તેમણે તેને બીજાના હાથમાં આપી દીધી છે, અન્ય દેશમાં વ્યાપારાદિ દ્વારા વધારવા માટે રાખી દીધી છે, જમીનમાં ઘણે ઉંડે ખોદીને રાખી દીધી છે તેઓ રાત-દિવસ તેનું જ ચિંતવન કરતા થકા દુર્ધ્યાનથી મરીને દુર્ગતિમાં જઈ પહોંચ્યા છે. **કંજુસને લક્ષ્મીનો રખેવાળ તથા દાસ જ જાણવો.**

દૂર જમીનમાં દાટીને રાખવાવાળાએ તો લક્ષ્મીને પાષાણ સમાન બનાવી દીધી, જેમ ભૂમિમાં અન્ય પાષાણ દટાયેલા છે તેવી જ રીતે આ લક્ષ્મી પણ જાણો. તેણે રાજાઓનું, ભાગીદારોનું, કુટુંબીજનોનું કાર્ય કર્યું. પોતાનું શરીર તો રાખ બનીને ઉડી જશે - આવું પ્રત્યક્ષ શું નથી દેખતા? **આ લક્ષ્મી સમાન આત્માને ઠગવાવાળું બીજું (કોઈ) નથી.**

લક્ષ્મીના લોભનો માર્યો પોતાનો બધો પરમાર્થ ભૂલી રાત-દિવસ ઘોર આરંભ કરે છે, સમયે ભોજન કરતો નથી, ઠંડી ગરમીની વેદના સહે છે, રોગાદિના કષ્ટને

ગણતો નથી, યુદ્ધના ઘોર સંકટમાં પણ ચાલ્યો જાય છે, સમુદ્રમાં પણ ચાલ્યો જાય છે, ઘોર ભયાનક વન-પર્વતોમાં ચાલ્યો જાય છે, ધર્મ રહિત દેશોમાં પણ ચાલ્યો જાય છે, જ્યાં પોતાના કુળનું, જાતિનું, ઘરનું કોઈપણ દેખાતું નથી એવા સ્થાનોમાં (વિદેશોમાં) પણ ફક્ત લક્ષ્મીના લોભે ભ્રમણ કરતો-કરતો મરણ પામી દુર્ગતિમાં જઈ પહોંચે છે. લોભી ન કરવા યોગ્ય, તથા નીચ, ભીલ, ચાંડાળોને કરવા યોગ્ય કાર્યો પણ કરે છે.

એટલા માટે હવે જિનેન્દ્રને ધર્મ પામી, સંતોષ ધારણ કરી, પોતાના પુણ્યને અનુકૂળ ન્યાય માર્ગથી મળેલા ધનથી સંતોષી થઈ, તીવ્ર રાગ છોડી ન્યાયના વિષયો ભોગવો. દુઃખી, ભૂખ્યા, દીન, અનાથોના ઉપકાર માટે દાન-સન્માનમાં ધન લગાવો (વાપરો).

આ લક્ષ્મીએ અનેકોને ઠગીને દુર્ગતિમાં પહોંચાડ્યા છે. લક્ષ્મીની સોબત કરી જગતના જીવ બેહોશ થઈ રહ્યા છે. પુણ્યનો અસ્ત થતાં જ લક્ષ્મી અસ્ત થઈ જશે. લક્ષ્મીને ફક્ત ભેગી કરી સંગ્રહ કરી મરી જવું, એ લક્ષ્મી મેળવવાનું ફળ નથી, તેનું ફળ તો માત્ર ઉપકાર કરવો, ધર્મનો માર્ગ ચલાવવો (તે) છે. આ પાપરૂપ લક્ષ્મીને જેમણે ગ્રહણ નથી કરી, યા ગ્રહણ કરીને પણ મમતા છોડી ક્ષણ માત્રમાં જ ત્યાગી દીધી છે તે જ ધન્ય છે, આ રીતે (વિશેષ) વધારે શું લખીએ ?

આ ધન, યૌવન, જીવન કુટુંબનો સાથ બધાને પાણીના પરપોટાની જેમ અનિત્ય જાણી આત્માના હિતરૂપ કાર્યમાં પ્રવર્તન કરો. સંસારમાં જેટલા સંયોગ છે તે બધા નાશવંત છે - આ રીતે અનિત્ય ભાવના ભાવો. જે પુત્ર, પૌત્ર, સ્ત્રી, કુટુંબ આદિ છે તે કોઈની સાથે પરલોક ગયા નથી કે જશે નહિ, પોતા દ્વારા કમાયેલા પુણ્ય-પાપાદિ કર્મ જ સાથે રહેશે. આ જાતિ, કુળ, રૂપાદિ તથા દેશ, નગરાદિનો સમાગમ દેહની સાથે જ નાશ પામશે. માટે અનિત્ય ભાવના ક્ષણમાત્ર પણ ભૂલો નહિ, જેનાથી પરથી મમત્વ છૂટી આત્મ કાર્યમાં પ્રવૃત્તિ થાય. આ રીતે અનિત્ય ભાવનાનું વર્ણન કર્યું.

**(૨) અશરણ ભાવના -** હવે અશરણ ભાવનાનું સ્વરૂપ આ રીતે ભાવો - આ સંસારમાં એવા કોઈ દેવ, દાનવ, ઈન્દ્ર, મનુષ્ય નથી જેના ઉપર યમરાજાની ફાંસી પડી ન હોય. કાળ આવી જાય ત્યારે કોઈ શરણ આપનાર નથી. આયુષ્ય પૂર્ણ થયે ઈન્દ્રનું પણ ક્ષણ માત્રમાં પતન થઈ જાય છે. જેના અસંખ્યાત દેવ આજ્ઞાકારી સેવક, હજારો ઋદ્ધિ સહિત, સ્વર્ગમાં અસંખ્યાત કાળનો નિવાસ, રોગાદિ, ક્ષુધા-તૃષાદિ ઉપદ્રવ

રહિત શરીર, અસંખ્યાત બળ પરાક્રમના ધારી ઈન્દ્રનું જ પતન થઈ જાય છે તો અન્ય કોઈ પણ શરણ નથી. જેમ નિર્જન વનમાં વાઘે પકડેલા હરણના બચ્ચાને બચાવવા કોઈ પણ સમર્થ નથી, તેવી રીતે મૃત્યુ દ્વારા ગ્રહાયેલા જીવની રક્ષા કરવામાં કોઈ સમર્થ નથી.

આ સંસારમાં પૂર્વ કાળમાં અનંતાનંત પુરૂષ નાશ પામ્યા છે, અહીં કોણ શરણ છે ? કોઈ એવી ઔષધિ, મંત્ર, યંત્ર, તંત્ર, ક્રિયા, દેવ, દાનવ આદિ નથી જે એક ક્ષણ માત્ર માટે પણ કાળથી રક્ષા કરી આપે. જો કોઈ દેવ, દેવી, વૈદ્ય, મંત્ર-તંત્રાદિ એક મનુષ્યનું જ મરણથી રક્ષણ કરી લેત તો મનુષ્ય અક્ષય(અમર) થઈ જાત. એટલા માટે મિથ્યા બુદ્ધિને છોડી અશરણ ભાવના ભાવો.

મૂઢ લોકો આ પ્રકારે વિચાર કરે છે - મારા હિતેચ્છુનો ઈલાજ ઠીક ન થયો, દવા ન અપાઈ, કોઈ દેવતાનું શરણ ન લીધું, બચાવવાનો ઉપાય કર્યા વિના મરી ગયો, આ રીતે પોતાના સ્વજનનો શોચ કરે છે. પોતાનો શોચ કરતા નથી કે-હું પણ યમરાજાની દાઢની વચ્ચે બેઠો છું, જે કાળ કરોડો ઉપાય કરવાથી ઈન્દ્ર દ્વારા પણ રોકી શકાયો નથી તેને મનુષ્યરૂપી જંતુ કેવી રીતે રોકી શકે ? જેમ બીજા જીવોને મરતાં જોઈએ છીએ તેમ હું પણ મરણ પામીશ, જેમ અન્ય જીવોને સ્ત્રી, પુત્રાદિનો વિયોગ જોઈએ છીએ તે રીતે મારે પણ વિયોગ થશે, કોઈ શરણ નથી.

અશુભ કર્મની ઉદીરણા થવાથી બુદ્ધિ નાશ પામે છે. પ્રબળ કર્મનો ઉદય હોય ત્યારે એક પણ ઉપાય ચાલતો નથી, અમૃત વિષ થઈ જાય છે, તણખલું પણ શસ્ત્ર બની જાય છે, આપણા ખાસ મિત્ર પણ દુશ્મન થઈ જાય છે. અશુભ કર્મના પ્રબળ ઉદયને વશ બુદ્ધિ વિપરીત થઈ જવાથી સ્વયં જ પોતાનો ઘાત કરી લે છે. જ્યારે શુભ કર્મનો ઉદય હોય છે ત્યારે મૂર્ખને પણ પ્રબળ બુદ્ધિ પ્રગટ થઈ જાય છે, કર્યા વિના જ પોતાની રીતે જ અનેક સુખના ઉપાય પ્રગટ થઈ જાય છે, વેરી પણ મિત્ર બની જાય છે, વિષ પણ અમૃતમય પરિણમી જાય છે.

**જ્યારે પુણ્યનો ઉદય હોય છે ત્યારે સમસ્ત ઉપદ્રવકારી વસ્તુઓ પણ અનેક પ્રકારનાં સુખ આપનાર થઈ જાય છે,** પાપના ઉદયથી હાથમાં રાખેલું ધન પણ ક્ષણભરમાં નાશ પામે છે, પુણ્યના ઉદયથી ઘણે દૂર રાખેલી વસ્તુ પણ મળી જાય છે. લાભાંતરાયનો ક્ષયોપશમ હોય તો પ્રયત્ન કર્યા વિના જ નિધિ રત્ન પ્રગટ થઈ જાય છે.

**જ્યારે પાપનો ઉદય હોય છે ત્યારે સુંદર આચરણ કરવા છતાં પણ તેને દોષ-કલંક લાગી જાય છે, અપવાદ અપયશ થઈ જાય છે,** યશ નામકર્મના ઉદયથી સમસ્ત અપવાદ દૂર થઈ દોષ પણ ગુણરૂપ પરિણમી જાય છે. સંસાર તો પુણ્ય-પાપના ઉદયરૂપ છે. પરમાર્થથી તો બંનેના ઉદયને કર્મના કરેલા, પોતાના આત્માથી જુદા જાણી જ્ઞાયક જ રહો, હર્ષ વિષાદ ન કરો. પૂર્વે જે કર્મનો બંધ કર્યો હતો તે હવે ઉદયમાં આવ્યો છે, તે મારાથી દૂર કરવાથી દૂર થશે નહિ, ઉદય આવી ગયા પછી કોઈ ઉપાય નથી. કર્મના ફળ જન્મ, જરા, મરણ, રોગ, ચિંતા, ભય, વેદના, દુઃખ આદિ આવ્યેથી રક્ષા કરવામાં મંત્ર, તંત્ર, દેવ, દાનવ, દવા આદિ સમર્થ નથી.

**કર્મનો ઉદય આકાશ-પાતાળમાં ક્યાંય પણ છોડતો નથી.** દવા આદિ બાહ્ય નિમિત્ત પણ અશુભ કર્મનો ઉદય મંદ થયે ઉપકાર (અસર) કરે છે. દુષ્ટ, ચોર, ભીલ, વેરી, સિંહ, વાઘ, સાપ, આદિ તો ગામમાં, વનમાં મારે છે, જલચર આદિ પાણીમાં મારે છે પણ અશુભ કર્મનો ઉદય જળમાં, ધરતીમાં, આકાશમાં, વનમાં, સમુદ્રમાં, પહાડમાં, ગઢમાં, ઘરમાં, શૈયામાં, કુટુંબમાં, રાજાદિ સામંતોની વચ્ચે, શસ્ત્રાદિથી રક્ષા કરતા હોવા છતાં કયાંય પણ છોડતો નથી.

**આ લોકમાં એવાં પણ સ્થળ છે જ્યાં સૂર્ય-ચંદ્રમાનો પ્રકાશ, પવન તથા વૈક્રિયિક ઋદ્ધિધારી પણ ગમન કરી શકતા નથી, પણ કર્મનો ઉદય તો સર્વત્ર ગમન કરે છે.** પ્રબળ કર્મનો ઉદય આવ્યેથી વિદ્યા, મંત્ર, બળ, દવા, પરાક્રમ, મિત્ર, સામંત, હાથી, ઘોડા, રથ, સૈનિક, ગઢ, કોટ, શસ્ત્ર, ઉપાય, શામ, દામ, દંડ, ભેદ આદિ સમસ્ત ઉપાય કોઈ શરણ નથી. જેમ ઉદય થઈ રહેલા સૂર્યને કોઈ રોકી શકતું નથી, તેવી જ રીતે કર્મના ઉદયને પણ અરોક (અટકાવી ન શકાય તેવો) જાણી સામ્યભાવનું શરણ લો, તો કર્મની નિર્જરા થઈ, આગળ નવો બંધ નહિ થાય. રોગ, વિયોગ, દારિદ્રય, મરણ, આદિનો ભય છોડી પરમ ધૈર્ય ધારણ કરો.

**પોતાનો પરમ વીતરાગ સંતોષભાવ સમતાભાવ આ જ શરણ છે, બીજું (કોઈ) નહિ.** આ જીવના ઉત્તમ ક્ષમાદિ ભાવ જ સ્વયં માટે શરણ છે. ક્રોધાદિ ભાવ આ જીવને આલોક તથા પરલોકમાં ઘાતક છે. આ જીવને કષાયોની મંદતા આ લોકમાં હજારો વિઘ્નોનો નાશ કરવાવાળી પરમ શરણ છે, તથા પર લોકમાં નરક તિર્યંચગતિથી રક્ષા કરવાવાળી છે. મંદ કષાયીનો દેવ લોકમાં તથા ઉત્તમ મનુષ્યોમાં જન્મ થાય છે.

જો પૂર્વ કર્મના ઉદયમાં આર્ત-રૌદ્ર પરિણામ કરશો તો ઉદયમાં આવેલાં કર્મને રોકવામાં તો કોઈ સમર્થ જ નથી, માત્ર દુર્ગતિનું કારણ નવું કર્મ અધિક બંધાઈ જશે. કર્મના ઉદય આવવાને બાહ્ય સહકારી કારણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મળ્યા પછી ઈન્દ્ર, જિનેન્દ્ર, મણિ, મંત્ર, ઔષધિ આદિ કોઈ રોકવાને સમર્થ થતું નથી. **રોગોનો ઈલાજ તો જગતમાં દવા આદિ દેખાય છે, પણ પ્રબળ કર્મના ઉદયને રોકવામાં ઔષધિ આદિ સમર્થ નથી,** વિપરીત પરિણમી જાય છે.

આ જીવને અશાતા વેદનીય કર્મનો જો પ્રચંડ ઉદય હોય તો દવા આદિ વિપરીત થઈ પરિણમે છે. અશાતાનો મંદ ઉદય હોય કે ઉપશમ હોય તો ઔષધિ આદિ ઉપકાર (અસર) કરે છે, કારણ કે મંદ ઉદયને રોકવામાં તો અલ્પ શક્તિવાન પણ સમર્થ હોય છે. પ્રબળ બળના ધારીને રોકવામાં અલ્પ શક્તિધારી સમર્થ હોતો નથી.

આ પંચમકાળમાં બાહ્ય દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી થોડીક જ (અલ્પ) છે, જ્ઞાનાદિ અલ્પ જ છે, પુરૂષાર્થ અલ્પ જ છે પણ અશુભના ઉદયને આવવાની બાહ્ય સામગ્રીની સહાયતા પ્રબળ છે; માટે અલ્પ સામગ્રી અલ્પ પુરૂષાર્થથી પ્રબળ અશાતાના ઉદયને કેવી રીતે જીતવો ? જેમ પ્રબળ નદીનો પ્રવાહ કિનારાઓની માટીને ઉખાડતો ચાલ્યો આવતો હોય, તેને તરવાની વિદ્યામાં સમર્થ કુશળ પુરૂષ પણ તરીને પાર કરી શકતો નથી. નદીના પ્રવાહનો વેગ મંદ વહેતો હોય તો તરવાની કળા જાણવાવાળો તરીને પાર કરી જાય છે.

માટે પ્રબળ કર્મના ઉદયમાં આપણે અશરણ ભાવનાનું ચિંતવન કરવું જોઈએ. અહીં પૃથ્વી તથા સમુદ્ર બે વસ્તુ મોટી છે. પૃથ્વીને પાર કરવાવાળા તથા સમુદ્રને તરવાવાળા સમર્થ પણ અનેક દેખાય છે પણ કર્મના ઉદયને રોકવામાં કોઈ સમર્થ દેખાતું નથી.

**આ સંસારમાં સમ્યગ્દર્શન શરણ છે, સમ્યગ્જ્ઞાન શરણ છે, સમ્યક્ચારિત્ર શરણ છે, સમ્યક્તપ સંયમ શરણ છે.** આ ચાર આરાધના સિવાય અનંતાનંત કાળમાં કોઈ શરણ નથી. ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મ પ્રત્યક્ષ આ લોકમાં સમસ્ત કલેશ, દુઃખ, મરણ, અપમાન, હાનિ આદિથી રક્ષા કરવાવાળા છે. આ મંદ કષાયજન્ય ધર્મની આરાધનાનું ફળ તો સ્વાધીન સુખ, આત્મરક્ષા, ઉજ્જવળ યશ, કલેશ રહિતપણું, મોટાઈ (વિગેરે) આ લોકમાં પ્રત્યક્ષ જોઈ એનું શરણ ગ્રહણ કરો. પરલોકમાં એનું ફળ સ્વર્ગ લોક મળવું (તે) છે. વ્યવહારમાં પણ ચાર શરણ છે - અરહંત, સિદ્ધ, સાધુ તથા

કેવળી દ્વારા પ્રકાશિત કરેલો ધર્મ એ જ શરણ જાણવા કેમકે એમના શરણ વિના આત્મા ઉજ્જવળતાને પ્રાપ્ત થતો નથી. આ રીતે અશરણ ભાવનાનું વર્ણન કર્યું.

**(૩) સંસાર ભાવના -** હવે સંસાર ભાવનાના સ્વરૂપનું વર્ણન કરે છે. આ સંસારમાં અનાદિકાળથી મિથ્યાત્વના ઉદયથી બેભાન થયેલો જીવ જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગના કહેલા સત્યાર્થ ધર્મને પ્રાપ્ત ન કરીને ચારેય ગતિઓમાં ભ્રમણ કરે છે. સંસારમાં કર્મરૂપ દૃઢ બંધનથી બંધાયેલો પરાધીન થઈ ત્રસ સ્થાવરોમાં નિરંતર ઘોર દુઃખ ભોગવતો થકો વારંવાર જન્મ-મરણ કરે છે.

જે-જે કર્મના ઉદય આવીને રસ આપે છે તેમના ઉદયમાં મળેલી સામગ્રીમાં એકત્વ કરી (મારાપણું કરી) અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને ન જાણી નવા-નવા કર્મોનો બંધ કરે છે, તથા કર્મોના બંધને આધીન થયેલા જીવને એવી કોઈ દુઃખની જાતિ બાકી નથી રહી જે પહેલાં ન ભોગવી હોય. સમસ્ત દુઃખોને અનંત-અનંતવાર ભોગવતાં અનંતાનંત કાળ વીતી ગયો.

**પંચ પરાવર્તનનું સ્વરૂપ -** આ રીતે સંસારમાં આ જીવનાં અનંત પરિવર્તન વીતી ગયાં છે. સંસારમાં એવું કોઈ **પુદ્‌ગલ** બાકી રહ્યું નથી, જેને આ જીવે શરીરાદિરૂપ તથા આહારરૂપે ગ્રહણ ન કર્યું હોય. અનંત જાતિનાં અનંત પુદ્‌ગલોને શરીરરૂપે ધારણ કર્યાં છે, આહારરૂપે ભોજન-પાનરૂપે પણ ગ્રહણ કર્યાં છે.

ત્રણસો તેતાલીસ ઘન રાજૂ પ્રમાણ આ લોકમાં આકાશના ક્ષેત્રમાં એવો કોઈ એક પણ **પ્રદેશ** બાકી નથી રહ્યો, જ્યાં સંસારી જીવે અનંતાનંત જન્મ-મરણ ન કર્યાં હોય.

ઉત્સર્પિણી-અવસર્પિણી **કાળ**નો એવો કોઈ એક પણ સમય બાકી નથી રહ્યો, જે સમયે આ જીવ અનંત વાર જન્મ્યો અને અનંત વાર મર્યો ન હોય.

નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ - આ ચારેય પર્યાયોમાં આ જીવે જઘન્ય આયુથી લઈને ઉત્કૃષ્ટ સુધીના બધા સમયોના આયુષ્ય જેટલું આયુષ્ય ધારણ કરી અનંત વાર **જન્મ** ધારણ કર્યો છે. ફક્ત નવ અનુદિશ તથા પાંચ અનુત્તર વિમાનોમાં ઉપજ્યો નથી. તે ચૌદ (નવ તથા પાંચ) વિમાનોમાં સમ્યગ્દષ્ટિ વિના અન્યનું ઉપજવું થતું નથી, સમ્યગ્દષ્ટિને આગળ સંસારનું ભ્રમણ થતું નથી.

કર્મની સ્થિતિ બંધના સ્થાન, સ્થિતિ બંધના કારણ અસંખ્યાત લોક પ્રમાણ કષાય અધ્યવસાય સ્થાન, તેમના કારણરૂપ અસંખ્યાત લોક પ્રમાણ અનુભાગ બંધ અધ્યવસાય સ્થાન, તથા જગત શ્રેણીના સંખ્યાતમા ભાગ યોગસ્થાનોમાં એવો કોઈ ભાવ કરવો બાકી નથી રહ્યો જે આ સંસારીએ ન કર્યો હોય. **એક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને યોગ્ય ભાવ જ નથી કર્યા, અન્ય સમસ્ત ભાવ સંસારમાં અનંતવાર કર્યા છે.**

**નિગોદ અવસ્થાનું દુઃખ -** જિનેન્દ્રનાં વચનોના અવલંબનથી રહિત પુરૂષોની, મિથ્યાજ્ઞાનના પ્રભાવથી, અનાદિથી જ વિપરીત બુદ્ધિ થઈ રહી છે, એટલા માટે સમ્યક્‌માર્ગને ગ્રહણ ન કરી સંસારરૂપ વનમાં ભટકતા થકા નિગોદમાં પહોંચી જાય છે.

**કેવું છે નિગોદ ?** જ્યાંથી નીકળવું અનંતાનંત કાળમાં પણ કઠિન છે. ક્યારેક પૃથ્વી કાયમાં, જલ કાયમાં, અગ્નિ કાયમાં, પવન કાયમાં, પ્રત્યેક-સાધારણ વનસ્પતિ કાયમાં સમસ્ત જ્ઞાનની વ્યકતતાના અભાવે જડ જેવો થઈ માત્ર એક સ્પર્શન ઈંદ્રિય દ્વારા, કર્મના ઉદયને આધીન થઈ આત્મશક્તિ રહિત જીભ, ઘ્રાણ, નેત્ર, કર્ણાદિ ઈન્દ્રિય રહિત થઈ દુઃખમય દીર્ઘ કાળ વીતાવે છે.

બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિયરૂપ વિકલત્રય જીવ આત્મજ્ઞાન રહિત ફક્ત રસનાદિ ઈન્દ્રિયોના વિષયોની અતિ તૃષ્ણાનો માર્યો ઉછળી-ઉછળીને વિષયો માટે પડી-પડીને મરે છે. અસંખ્યાતકાળ વિકલત્રયમાં, પછી એકેન્દ્રિયોમાં, ફરી પાછા વારંવાર રહેંટની ઘટમાળની જેમ નવા-નવા દેહ ધારણ કરતો થકો ચારેય ગતિઓમાં નિરંતર જન્મ-મરણ, ક્ષુધા-તૃષા, રોગ-વિયોગના સંતાપ ભોગવી અનંત કાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. એનું જ નામ સંસાર છે.

**જેમ ગરમ આંધણમાં ચોખાના દાણા ચારેય તરફ ફરતા થકા પાકે છે (રંધાય છે) તેવી રીતે સંસારી જીવ કર્મોથી તપ્રાયમાન થયો થકો ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરે છે.** આકાશમાં ઉડતા પક્ષીઓને બળવાન પક્ષી મારી નાખે છે, પાણીમાં વિચરણ કરવાવાળી માછલી આદિને અન્ય મોટા મગર-મચ્છાદિ મારી નાખે છે, જમીન પર ચાલતા મનુષ્ય, પશુ આદિને સિંહ, વાઘ, સાપ આદિ દુષ્ટ તિર્યંચ તથા ભીલ, મલેચ્છ, ચોર, લૂંટારા મહા નિર્દયી મનુષ્ય મારી નાખે છે. આ રીતે આ સંસારમાં સમસ્ત સ્થાનોમાં નિરંતર ભયભીત થઈ દુઃખમય પરિભ્રમણ કરે છે.

જેમ શિકારીના ઉપદ્રવથી ભયભીત ભાગતું સસલું અજગરના ખુલ્લા ફેલાયેલા મુખને બખોલ (દર) સમજી પ્રવેશી જાય છે, તેવી રીતે અજ્ઞાની જીવ, ક્ષુધા, તૃષા, કામ, ક્રોધાદિ તથા ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણાના આતાપથી સંતાપ પામી વિષયરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે. વિષય-કષાયોમાં પ્રવેશ કરવો તે જ સંસારરૂપ અજગરનું મુખ છે. એમાં પ્રવેશ કરી પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિ ભાવ પ્રાણોનો નાશ કરી નિગોદમાં જડ જેવો થઈ અનંતવાર જન્મ-મરણ કરી અનંતાનંત કાળ વ્યતીત કરે છે, ત્યાં આત્માના અભાવ જેવું જ છે. જ્ઞાનાદિનો અભાવ થવાથી તો જાણે નાશ પામી ગયો હોય તેવું લાગે છે.

**નિગોદમાં અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન રહે છે જે સર્વજ્ઞે જોયું છે.** ત્રસ પર્યાયમાં પણ જેટલા દુઃખના પ્રકાર છે, તે બધાં દુઃખ અનંતવાર ભોગવ્યાં છે, દુઃખની એવી કોઈ જાતિ બાકી રહી નથી જે આ જીવે સંસારમાં ન ભોગવી હોય. આ સંસારમાં આ જીવ જ્યારે અનંત વાર દુઃખમય પર્યાય પામે છે ત્યારે કોઈ એકવાર ઈન્દ્રિયજન્ય સુખની પર્યાય પામે છે; તે પણ વિષયોના આતાપ સહિત, ભય શંકા સહિત અલ્પકાળ માટે જ પામે છે. પછી અનંત પર્યાય દુઃખની પામે છે ત્યારે ફરી એક પર્યાય ઈન્દ્રિયજનિત સુખની ક્યારેક મળી જાય છે.

**નરક ગતિનાં દુઃખ -** હવે ચારે ગતિઓના સ્વરૂપનો પરમાગમ અનુસાર થોડો વિચાર કરીએ છીએ - નરકની સાત પૃથ્વી છે, તેમના ઓગણપચાસ પડ છે. તે પડોમાં ચોરાશી લાખ બિલ છે. તે બિલોને જ નરક કહે છે. તેમની ભૂમિ, દિવાલો, છત, વજ્રમયી છે. કોઈ બિલ સંખ્યાત યોજન લાંબા પહોળાં છે, કોઈ અસંખ્યાત યોજન લાંબા પહોળાં છે તે બધાં બિલોની છતોમાં નારકીઓનાં ઉપજવાનાં સ્થાન છે. તેઓ ઊંટના નાના મુખના આકાર આદિ સહિત ઉંધા મુખે છે. તેમનામાં નારકી જીવ ઉપજે છે, જેઓ નીચેની તરફ માથુ તથા ઉપરની તરફ પગ કરી આવી વજ્રાગ્નિમય પૃથ્વી પર પડીને એવા ઉછળે છે જેમ દડાને જોરથી પટકવાથી ટપ્પો ખાઈને ઉછળે છે, પાછા પૃથ્વી પર પડીને વારંવાર ઉછળ્યા કરે છે.

**નરકની ભૂમિ કેવી છે ?** અસંખ્યાત વિંછીઓના કરડવાથી થવાવાળા દુઃખથી અસંખ્યાતગણું દુઃખ કરવાવાળી છે. તે નરકોના બિલોમાં ઉપરની ચાર પૃથ્વીમાં તથા પાંચમી પૃથ્વીના બે લાખ બિલ, આ રીતે બ્યાશી લાખ બિલોમાં તો માત્ર આતાપની વેદના છે. તે નરકની **ગરમી**ને બતાવવા માટે અહીં કોઈ પણ પદાર્થ દેખવા-જાણવામાં

આવતો નથી. જેનાથી આબેહુબ કહી શકાય. તો પણ ભગવાનના કહેલા આગમમાં ગરમીનું આવું અનુમાન કરાવ્યું છે - એક લાખ યોજન મોટો લોખંડનો ગોળો જો અહીંથી છોડીએ તો નરકની ભૂમિને સ્પર્શે તે પહેલાં જ નરકના ક્ષેત્રના વાતાવરણની ગરમીથી તે ગોળો પીગળીને રસરૂપ થઈ વહી જાય.

પાંચમી પૃથ્વીના ત્રીજા ભાગના તથા છઠ્ઠી-સાતમી પૃથ્વીના ઠંડા બિલોમાં ઠંડીની એવી તીવ્ર વેદના છે કે જો એક લાખ યોજન મોટો લોઢાનો ગોળો રાખીએ તો એક ક્ષણમાં ઠંડીથી ચૂર-ચૂર થઈ વિખેરાઈ જાય. આવી ગરમીની વેદના અને ઠંડીની વેદનાથી ભરેલાં નરકોમાં કર્મને વશ થયેલા જીવ અસંખ્યાત કાળ સુધી ઘોર દુઃખ ભોગવે છે, આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી. આવી તો નરકમાં ઘોર ઠંડી-ગરમીની વેદના છે.

નરકમાં **ક્ષુધા(ભૂખ)** વેદના એવી છે કે જો જગતના પથ્થર, માટી આદિ બધું ખાઈ લે તો પણ ક્ષુધા વેદના ન મટે, પણ ખાવા માટે એક કણ પણ મળતો નથી. ત્યાં **તૃષા (તરસ)** વેદના એવી છે કે જો સમસ્ત સમુદ્રોનું પાણી પી લે તો પણ તૃષાની વેદના દૂર ન થાય, પણ પીવા માટે એક ટીપું પણ પાણી મળતું નથી.

કરોડો રોગોની ઘોર વેદના જ્યાં એક જ સમયે ઉત્પન્ન થાય છે. જ્યાં નવા નારકીને જોઈ હજારો નારકી મહા ભયંકર રૂપ તથા અનેક શસ્ત્રોની સાથે મારી નાખો, ચીરી નાખો, ફાડી નાખો, ટૂકડા કરી દો આદિ ભયંકર કિકીયારીઓ પાડતા થકા ચારે બાજુથી મારવા માટે આવી જાય છે.

**નારકી કેવા છે ?** નગ્નરૂપ, ખૂબ આકરૂં ભયંકર કાળું રૂપ, લાલ-પીળી કુટિલ આંખોથી ક્રૂર (રીતે) જોતા ફાડેલા મુખે, લપલપાતી વિકરાળ જીભ સહિત, જેમના દાંત કરવત જેવા તીક્ષ્ણ છે તથા વાંકા છે, ઉભા થઈ ગયેલા લાલ-પીળા ધારદાર કડક વાળવાળા છે, ભયંકર તીક્ષ્ણ નખ છે, મહા નિર્દયી, હુંડક સંસ્થાનવાળા આવી આને કોઈ મુદ્‌ગર, મુસંડોથી માથુ ફોડી નાખે છે. જેમ પાણીથી ભરેલાં સરોવરમાં પાણીને ઘોકાથી કૂટવાથી પાણી ઉછળીને તે જ સરોવરમાં પડીને મળી જાય છે, તે રીતે નારકીઓનું શરીર પણ ખંડ-ખંડરૂપ થઈ ઉછળીને પાછું તે જ શરીરમાં આવીને મળી જાય છે. **આયુષ્ય પૂરું થયા વિના મરણ થતું નથી.**

નારકી અંદરોઅંદર તલવારોથી ટુકડા કરે છે, કરવતોથી ચીરે છે, કુહાડીથી ફાડે છે, વસૂલો (ધારદાર ઓજાર)થી છોલે છે, ભાલાઓથી વીંધે છે, શૂળી પર છેદે છે, પેટ આદિ મર્મ સ્થાનોમાં છેદે છે, ફાડે છે, આંખો ઉખાડે છે, ભાડમાં શેકે છે, કઢાયામાં

ખાંડે/તળે છે, ઘાણીમાં પીલે છે. આ રીતે નારકી અંદરો-અંદર મારણ, તાડન, ત્રાસ દ્વારા જે દુઃખ નરકમાં ભોગવે છે, તે કોટિ જીભો દ્વારા કોટિ વર્ષો સુધી એક ક્ષણના દુઃખને કહેવામાં કોઈ સમર્થ નથી.

**નરકમાં જે દુઃખદાયી સામગ્રી છે તેના એક કણ બરાબર પણ આ લોકમાં નથી.** જો નરકની ભૂમિની સામગ્રી તથા નારકીઓનું વિકરાળરૂપ જેવું કોઈને એક ક્ષણ માટે સપનામાં પણ દેખાય તો ડરથી તરત જ મરી જાય. નારકીઓની રસ સામગ્રી એવી છે જેવાં અહીં કાંઝીર ઝેર, હળાહળ પણ નથી.

નારકીઓના શરીરાદિનો એક કણ પણ જો અહીં આવી જાય તો તેની દુર્ગંધથી અહીંના પાંચ ઈન્દ્રિયોવાળા જીવ મરણ પામી જાય. નરકની માટીની દુર્ગંધ એવી છે કે જો સાતમા નરકની માટીનો એક કણ પણ અહીં આવી જાય તો સાડા ચોવીસ કોશની ચારેય બાજુના પંચેન્દ્રિય જીવ દુર્ગંધથી મરી જાય. પહેલા નરકના પહેલા પડની **માટીની ગંધ**થી અડધા કોશના જીવ મરી જાય એટલી દુર્ગંધિત છે. આગળ ક્રમથી એક-એક નરકના પડની માટીની દુર્ગંધમાં અડધા-અડધા કોશના ઘણા-ઘણા જીવોને મારવાની શક્તિ છે. આ રીતે ઓગણપચાસમાં પડની માટીની દુર્ગંધમાં સાડા ચોવીસ કોશ સુધીના જીવોને મારવાની શક્તિ કહી છે.

**નરકમાં વૈતરણી નદીનું પાણી કેવું છે ?** જેના સ્પર્શ માત્રથી નારકીઓનાં શરીર ફાટી જાય છે, તે **પાણી**નું ક્ષાર વિષ તો અગ્નિથી તપાવેલા ગરમ તેલના પડવાથી પણ અધિક અસીમ દુઃખ ઉપજાવવાવાળું છે. ત્યાંની હવા એવી છે કે અહીંના પર્વત તેના સ્પર્શ થવા માત્રથી ભસ્મ થઈ ઉડીને જગતમાં વિખેરાઈ જાય. નરકની **વજ્રાગ્નિ**ને ધારણ કરવા અહીંનાં પૃથ્વી, પર્વત, સમુદ્ર કોઈ સમર્થ નથી. સ્વરૂપનું શું વર્ણન કરીએ? નારકીઓનો **અવાજ** એટલો ભયંકર તથા કઠોર છે કે અહીંના હાથી તથા સિંહ સાંભળી લે તો તેમનાં હૃદય ફાટી જાય.

**ત્યાં કર્મરૂપી રખેવાળ નારકીઓને સાગરો સુધી નીકળવા દેતા નથી.** જ્યાં નિરંતર મારો-મારો જ સંભળાય છે, તેઓ રડે છે, પકડે છે, ભાગે છે, ઘસડે છે, ભૂકો કરી દે છે તથા તેમનાં અંગ પાછાં પારાની જેમ મળી જાય છે. ત્યાં કોઈ રક્ષક નથી, કોઈ દયાવાન નથી, કોઈ રાજા નથી, મિત્ર નથી, માતા નથી, પિતા નથી, પુત્ર નથી, સ્ત્રી નથી, કુટુંબાદિ નથી, માત્ર પાપનો ભોગ છે. કોઈ છૂપાવાનું સ્થળ નથી, કોઈને પોતાનું દુઃખ દર્દ કહી શકીએ એવું કોઈ નથી, માત્ર ક્રૂર પરિણામી મહા ભયંકર પાપી છે.

જેમ અહીં દુષ્ટ શ્વાનાદિ તિર્યંચોમાં જોતાંની સાથે જ વેર થઈ જાય છે, તેમ નારકીઓમાં કારણ વિના જ પરસ્પરમાં વેર છે. દુઃખથી ભાગીને વનમાં જાય છે તો ત્યાં **શાલ્મલિ વૃક્ષાદિનાં પત્તાં** શરીરને વસુલા(ધારદાર શસ્ત્ર) કુહાડાની જેમ કાપવાવાળાં આવીને પડે છે, જેનાથી અંગ છેદાઈ જાય છે, કપાઈ જાય છે. વનમાં જ, ગુફાઓમાંથી સિંહ-વાઘાદિ નીકળીને અંગ ચીરી નાખે છે, ત્યાં જ વજ્રમયી ચાંચોવાળા ગીધ, સમડી આદિ પક્ષી તે નારકીઓનાં અંગોને ફાડે છે, આંખો આદિ કાઢી નાખે છે, પેટ ચીરીને આંતરડાં કાઢી નાખે છે. જો કે નરકમાં તિર્યંચ નથી તો પણ નારકી વિક્રિયા દ્વારા પોતાનું તિર્યંચરૂપ બનાવી દે છે. નારકીઓમાં પૃથક જુદું શરીર બનાવવાની વિક્રિયા નથી. એક શરીર જ સિંહ, વાઘ, શ્વાન, ઘુવડ, સમડી આદિ દેહ ધારણ કરી લે છે.

નારકી શુભ કરવા ઈચ્છે તો પણ શુભ થતું નથી. પોતાને તથા અન્યને દુઃખદાયી જ પરિણામ, દેહ વેદના, વિક્રિયા કરવામાં સમર્થ છે, સુખ કરવાવાળી વિક્રિયા હોતી નથી, પરિણામ હોતાં નથી, જીવોને એવો ક્ષેત્રજન્ય પાપ કર્મનો ઉદય છે.

નરકમાં નારકીઓને મારવા માટે અનેક શસ્ત્રો, શૂળી, ઘાણી, યંત્ર, લોખંડના ઉકાળવાના, તળવાના, રાંધવાના અનેક દુઃખદાયી પાત્ર ક્ષેત્રના સ્વભાવથી જ છે. ત્યાં આગળ સુખદાયી સામગ્રી તો સપનામાં પણ મળતી નથી. ત્યાં **લોખંડની પુતળી** આગ ઓકતી થકી, જેનું શરીર મહા વેદના-સંતાપ કરવાવાળું છે, તે ઉછળીને નારકીઓને પકડે છે, અડે છે. તેમના સ્પર્શથી કરોડો વિંછીઓના કરડવા સમાન, વજ્રાગ્નિ સમાન, તથા વિષમય તીક્ષ્ણ શસ્ત્રોના ઘાથી પણ અનંત ગણી વેદના થાય છે. નરકોમાં જે દુઃખદાયી સામગ્રી છે તેનો સ્વભાવ આદિ બતાવવા માટે અનુભવ કરાવવા માટે સમસ્ત મધ્ય લોકમાં કોઈ વસ્તુ દેખાતી નથી, તો પણ તેમની અધિક દુઃખદાયકતા બતાવવા માટે કેટલીક વસ્તુઓનું વર્ણન કર્યું છે.

**નારકીઓનું દુઃખ તો સાક્ષાત્ ભગવાનનું કેવળજ્ઞાન જાણે છે તથા જે નારકી થઈ ભોગવે છે તે જીવ જાણે છે.** નારકીઓનું શરીર, લોહી, માંસ, હાડકાં, ચામડા આદિ સપ્ત ધાતુમય નથી, પણ એમના શરીરનાં પુદ્ગલ ઊંટ, કૂતરા, બિલાડા આદિના સડેલા કલેવરથી પણ અસંખ્યાત ગણા દુર્ગંધયુકત છે અને અસંખ્યાત ગણા ન જોવાય તેવી ઘૃણા કરાવવાવાળાં છે, જેમનું સ્વરૂપ ન જોઈ શકાય છે, ન સાંભળી શકાય છે, ન ગંધ લઈ શકાય છે. મનુષ્યાદિ તો તેમને જોતાં જ, દુર્ગંધને ગ્રહણ કરતાં જ પ્રાણ ખોઈ બેસે.

**નરક ગતિમાં કોણ ઉપજે છે ? -** પૂર્વ જન્મમાં ખોટા પરિણામોથી જેઓ આયુષ્ય બાંધી નરકમાં ઉપજે છે, તેઓ ત્યાં અસંખ્યાત કાળ સુધી દુઃખ ભોગવે છે. ઘણો આરંભ કરવાવાળા, ઘણા પરિગ્રહમાં આસકત, ઘોર હિંસક પરિણામી નરકનું આયુષ્ય બાંધે છે.

વિશ્વાસઘાતી, ધર્મ દ્રોહી, ગુરૂ દ્રોહી, સ્વામી દ્રોહી, કૃતઘ્ની, પરધન-પરસ્ત્રીના લોલુપી, અન્યાય માર્ગી, ધર્માત્મા-ત્યાગીઓને કલંક લગાડવાવાળા, યતિઓનો ઘાત કરવાવાળા, ગામોમાં ઘાસ તૃણાદિ વૃક્ષોમાં આગ લગાડવાવાળા, દેવદ્રવ્ય ચોરવાવાળા, તીવ્ર કષાયી, અનંતાનુબંધી કષાયના ધારી, કૃષ્ણ લેશ્યાના ધારી, સુંદર આહારાદિ મળવા છતાં પણ જિહ્વા ઈન્દ્રિયની લોલુપતાથી માંસના ભક્ષક, દારૂડિયા, વેશ્યાનુરાગી, પરવિઘ્ન સંતોષી, લંપટી, તીવ્ર લોભી, દુરાચારના ધારી, **મિથ્યાત્વ, અન્યાય તથા અભક્ષ્યની પ્રશંસા કરવાવાળાઓનું નરકમાં ગમન થાય છે.** વિષાદિ મેળવવાનું કાર્ય કરવાવાળા, વિષાદિ ઉત્પન્ન કરવાવાળા, જંગલો કાપવાવાળા, વનમાં દાવાનળ લગાડવાવાળા, જીવોને વાડામાં બાંધી સળગાવવાવાળા, હિંસાના તીવ્ર કર્મની પરિપાટી ચલાવવાવાળાઓનું નરકમાં ગમન થાય છે.

નરકમાં અંબ અંબરીષાદિ દુષ્ટ અસુરકુમાર દેવ ત્રીજી પૃથ્વી સુધી જઈ નારકીઓને લડાવે છે. કોઈક નારકીઓને ત્રીજી પૃથ્વી સુધી પૂર્વ જન્મના સંબંધી દેવ આવી ધર્મનો ઉપદેશ પણ આપે છે. કોઈ-કોઈ પોતાના પૂર્વ ભવના પાપોની નિંદા પણ કરે છે, ઘણો પશ્ચાત્તાપ કરે છે કે-મને પૂર્વે સત્પુરૂષોએ ઘણી શિખામણ આપી, - અરે ! અનીતિના માર્ગ પર ન ચાલો, ઘણો ઉપદેશ પણ આપ્યો-પણ મેં પાપીએ વિષયોમાં કષાયોના મદથી આંધળા થઈ તેમની શિખામણ માની નહિ. હવે હું નસીબ (ભાગ્ય) બળ, પૌરૂષ બળથી રહિત શું કરૂં ? જે પાપી, દુરાચારી, પાપમાં પ્રેરણા કરવાવાળા, વ્યસની, અનીતિનું પોષણ કરવાવાળાઓએ મને નરક પહોંચાડ્યો છે, તે પાપી ન જાણે શરીર છોડી ક્યાં જશે ? મારી સાથે તો કોઈ દેખાતું નથી. મારા ધન ભોગવવામાં, વિષય સેવનમાં સહાયક, પાપના પ્રેરક મિત્ર, પુત્ર, ભાઈ, સ્ત્રી આદિ સહાયક હતા, તેમને હવે કયાં શોધું ? આ રીતે અવધિ જ્ઞાનથી પૂર્વ જન્મમાં જે દુરાચાર કરેલા તેમનો પશ્ચાત્તાપ કરતા થકા ઘોર માનસિક દુઃખ ભોગવે છે.

કોઈ મહા ભાગ્યવાનને સમ્યગ્દર્શન પણ (ઉત્પન્ન) થઈ જાય છે. પણ પર્યાય

સંબંધી દુઃખ કષાય સ્વયં ઉપજે છે. પોતે સ્વયં કોઈને મારવા ઈચ્છતો નથી, તો પણ કષાયોની પ્રબળતા કર્મોદયથી રોકાતી નથી, હસ્તાદિ સ્વયં શસ્ત્રરૂપ પરિણમે છે.

નારકીઓને ક્ષણ માત્ર પણ વિશ્રામ નથી, નિંદ્રા નથી, ભૂમિને સ્પર્શવાનું દુઃખ જ કેવળીગમ્ય છે. અતિ તીવ્ર ઉદયમાં કોઈ શરણ નથી. શરણની ઈચ્છાથી જુએ છે પણ કોઈ દયાળુ નથી, બધા ક્રૂર, નિર્દયી, ભયંકર, ઉગ્ર દેહના ધારી, અંગારા જેવા સળગતા નેત્રો સહિત, પ્રચંડ અશુભ ધ્યાનને કરવાવાળા, ક્રોધને ઉપજાવવાવાળા ઘોર નારકી છે.

તે નારકીઓના મહાન વિલાપ તથા રૂદન, મારણ, ત્રાસના ઘોર વચન સંભળાય છે. અહો! જ્યારે હું મનુષ્ય પર્યાયમાં હતો ત્યારે સ્વાધીન થઈ આત્મહિત ન કર્યું, હવે નસીબ તથા પુરૂષાર્થ બંને બળથી રહિત થઈ શું કરું ? પૂર્વે જે-જે નિંદ્ય કર્મ મેં કર્યા છે, હવે મને યાદ આવતાં જ મરમને છેદી નાખે છે. જે દુઃખ એક ક્ષણ પણ સહન થતું નથી તે દુઃખ અહીં સહન કરી સાગરો સુધીનો સમય કેવી રીતે પૂરો કરીશ ?

જેમના માટે પાપ કર્મ કર્યા તે સેવક, સ્ત્રી, પુત્ર, ભાઈઓને, અહીં ક્યાં શોધું? તેઓ તો ધનના વિષયોને ભોગવવામાં સામેલ હતા, હવે આ દુઃખોમાં ક્યાં શોધું ?

**આવા દુઃખોથી રક્ષા કરવાવાળો એક દયા ધર્મ જ છે, તે ધર્મ મેં પાપીએ ઉપાર્જન જ ન કર્યો. પરિગ્રહરૂપ મહા પિશાચથી ભાન ભૂલી એ ન જાણ્યું કે યમરાજરૂપ સિંહની ઝાપટથી એક ક્ષણમાં મરી નરકના નારકીના રૂપમાં જન્મ થઈ જશે, ઈત્યાદિ મનના સંતાપ જન્ય ઘોર દુઃખ ભોગવે છે.**

પૂર્વ જન્મમાં મેં અન્ય પ્રાણીઓનું માંસ કાપી-કાપીને ખાધું છે, એટલા માટે મારા માંસને કાપી-કાપીને મને ખવડાવે છે, પૂર્વે મેં ઘણું મદિરાપાન કર્યું, અભક્ષ્ય ખાધું છે એટલા માટે અનેક નારકી અહીં પીગળેલા તામ્ર લોહમય રસને સાણસીથી મારૂં મુખ ખોલી પીવડાવે છે. જેઓ પૂર્વે પર સ્ત્રી લંપટી હતા તેમને અહીં વજ્રાગ્નિમય પુતળીઓ જબરદસ્તીથી પકડી ઘણા સમય સુધી આલિંગન કરે છે. **નરકમાં આંખના પલકારા માત્ર સમય માટે પણ સુખ નથી.** જો કોઈ કદી ક્ષણભર માટે ભૂલી જાય છે તો દુષ્ટ અધમ અસુરકુમાર પ્રેરણા કરે છે, તથા નારકી અંદરો અંદર પણ પ્રેરણા કરી લડાવે છે.

**ઘણું શું કહીએ ?** અસંખ્યાત પ્રકારનાં દુઃખ અસંખ્યાત કાળ સુધી નરકમાં નારકી ભોગવે છે. **સંસારમાં એક ધર્મ જ આ જીવનો ઉદ્ધાર કરનાર છે.** તે ધર્મની કમાણી નથી કરી તો નરકમાં કોણ રક્ષા કરે ? **કોઈ ધન-કુટુંબ આદિ જીવની સાથે જતા નથી, પોતાના ભાવોથી કમાયેલ પાપ-પુણ્ય કર્મ જ સાથે જાય છે.** આ સંસારી ઉપસ્થ(કામ) ઈન્દ્રિય તથા રસના ઈન્દ્રિયના વિષયોમાં લોલુપી થઈ નરકાદિમાં દુઃખને પાત્ર થાય છે. આ રીતે અનેક વાર નરકમાં ઘોર દુઃખ ભોગવે છે.

**તિર્યંચ ગતિનાં દુઃખ -** તિર્યંચ ગતિમાં ગયા પછી ભ્રમણનું કોઈ ઠેકાણું નથી, દુઃખનો પાર નથી, દુઃખ જ દુઃખ છે.

**પૃથ્વી કાય**માં ખોદવું, બાળવું, કૂટવું, રગડવું, ફાડવું, છેદવું આદિ ક્રિયાઓથી કોણ રક્ષા કરે છે ?

**જલ કાય**માં ઉકાળવામાં આવ્યો, બાળવામાં આવ્યો, મલવામાં આવ્યો, મસળવામાં આવ્યો, પીવામાં આવ્યો, વિષમાં, ક્ષારમાં, કડવા પદાર્થોમાં મેળવવામાં આવ્યો, ગરમ લોઢા આદિ ધાતુઓમાં, પથ્થરોમાં બુઝાવામાં આવ્યો; ઘોર કિકિયારી પાડી ઉકળે છે - બળે છે; પર્વતો ઉપરથી પડી શિલાઓ ઉપર ઘોર અવાજ કરતો પછડાય છે, વસ્ત્રોમાં ભરી-ભરીને પથ્થરો ઉપર પછાડવામાં આવે છે, ડંડાઓથી કૂટવામાં આવે છે, જલ કાયના જીવોની કોણ દયા કરે ? અગ્નિ ઉપર રાખે છે, ગ્રીષ્મ ઋતુમાં ગરમ જમીન પર ધૂળ પર નાખે છે, કોઈ દયા કરતું નથી; કારણ કે પૂર્વ જન્મમાં આપણે દયા ધર્મ અંગીકાર કર્યો નથી, હવે આપણી દયા કોણ કરે ?

**અગ્નિ કાય**માં દબાવું, બુઝાવું, કૂટાવું, છેદાવું ઈત્યાદિ ઘોર દુઃખ ભોગવે છે, કોણ રક્ષા કરે ?

**પવન કાય**માં નિરંતર પર્વતોની કઠોર ભીંતોની ચોટ-પછડાટો સહન કરે છે; ચામડામાં ભરીને અગ્નિમાં ફેંકવામાં આવે છે, ફૂંકવામાં આવે છે, વીંઝણા-પંખા-વસ્ત્ર આદિથી ફટકા ખાય છે, વૃક્ષોની પછડાટો આદિથી પવન કાયમાં ઘોર દુઃખ ભોગવે છે.

**વનસ્પતિ કાય**માં સાધારણ વનસ્પતિમાં તો એકના ઘાતમાં અનંતોના ઘાતનું દુઃખ તો કેવળજ્ઞાની જ જાણે છે; પણ પ્રત્યેક વનસ્પતિનું દુઃખ કાપવું, છેદવું, છોલવું, બનાવવું, રાંધવું, ચાવવું, તળવું, ઘી-તેલાદિમાં વઘારાવું, વેચવું, ગરમ રાખમાં શેકાવું,

ઘસડાવું, ચીરાવું, રગડાવું, મસળાવું, દબાવવું, ઘાણીમાં પીલાવું, કૂટાવું આદિ ઘોર દુઃખ વનસ્પતિ કાયના આ જીવ ભોગવે છે.

**એકેન્દ્રિય પર્યાય**માં બોલવા માટે જીભ નથી, જોવા માટે આંખ નથી, સાંભળવા માટે કાન નથી, હાથ-પગ આદિ અંગ-ઉપાંગ નથી, કોઈ રક્ષક નથી, અસંખ્યાત અનંતકાળ સુધી ઘોર દુઃખમય એકેન્દ્રિય પર્યાયથી નીકળવું બનતું નથી. **મિથ્યાત્વ, અન્યાય, અભક્ષ્યાદિના પ્રભાવથી જીવના સમસ્ત જ્ઞાનાદિ ગુણ નાશ પામે છે.** એકેન્દ્રિયમાં કિંચિત્માત્ર (એકદમ થોડું, ન જેવું) પર્યાયજ્ઞાન રહે છે આત્માનો સમસ્ત પ્રભાવ, શક્તિ, સુખ નાશ પામે છે; જડ અચેતન જેવો થઈ જાય છે. નહિ જેવા જ્ઞાનની સત્તા એક સ્પર્શન ઈન્દ્રિય દ્વારા જ્ઞાનીઓને જાણવામાં આવે છે. સમસ્ત શક્તિ રહિત માત્ર દુઃખમય એકેન્દ્રિય પર્યાયમાં જન્મ-મરણ વેદનાનું દુઃખ ભોગવે છે.

**વિકલત્રય જીવોનાં દુઃખ -** કદાચિત્ કોઈ ત્રસ પર્યાય પામે છે તો વિકલ ચતુષ્કમાં ઘોર દુઃખ ભોગવે છે. લપલપાતી જીહ્વા ઈન્દ્રિયનો સતાયેલો તીવ્ર ક્ષુધા-તૃષામય વેદનાનો માર્યો નિરંતર આહાર શોધતો ફરે છે, લટ, કીડા પોતાનાં મોં ફાડીને આહાર માટે ચપળતાથી ફરે છે. માખી, મંકોડા, મચ્છર, ડાંસ, ભૂખના માર્યા નિરંતર આહાર શોધતા ફરે છે, રસોમાં પડી જાય છે, પાણીમાં-અગ્નિમાં પડી જાય છે, હવાની-વસ્ત્રોની ઝાપટથી મરી જાય છે; પશુઓની પૂંછડીઓથી-ખરીથી મરી જાય છે; મનુષ્યોના નખોથી હાથ-પગ આદિના ઘાતથી ચગદાઈ જાય છે, દબાઈ જાય છે, મળ કફાદિમાં ફસાઈ મરી જાય છે.

**વિકલત્રય જીવોની કોઈ દયા કરતું નથી.** ચકલી, કાગડો ચુગીને ખાઈ જાય છે, ગરોળી, બિસમરા, સાપ ઈત્યાદિ શોધી શોધીને મારે છે; પક્ષી મોટી મજબૂત વજ્ર જેવી ચાંચોથી ચુગી લે છે. કોઈ ચીરી નાખે છે, કોઈ આગમાં બાળી નાખે છે. ઈયળ, ધુન, લટ ઈત્યાદિ કીડાઓથી ભરેલા અનાજને દળે છે, પીસે છે, પીલે છે, ખાંડણીમાં ખાંડીને ટુકડા-ટુકડા કરી નાખે છે, ભઠ્ઠીમાં શેકી નાખે છે, રાંધે છે, બોર આદિ ફળોમાં, શાક પાંદડાંમાં સમારે છે, છોલે છે, કૂટે છે, વઘારે છે, ચાવી જાય છે, કોઈ દયા કરતું નથી.

મેવાઓમાં, ફળોમાં, દવાઓમાં, પુષ્પ-પલ્લવ-ડાળી-મૂળ-વેલોમાં; મર્યાદાથી અધિક કાળનાં બધાં ભોજન, દૂધ, દહીં, રસોમાં ઘણા વિકલત્રય તથા પંચેન્દ્રિય જીવ ઉપજે છે; તે બધા ખવાઈ જાય છે, જીવ જંતુ ચુગી જાય છે, અગ્નિમાં બળી જાય

છે, કોણ દયા કરે છે ? વિકલત્રય જીવોની ઉત્પત્તિથી વર્ષાઋતુમાં આખી જમીન ઢંકાઈ જાય છે, અને તેઓ પશુઓના પગોથી, મનુષ્યોના પગથી, ઘોડાની નાળ, રથ, બળદગાડી આદિથી ચગદાઈ જાય છે, કપાઈ જાય છે, પગ તૂટી જાય છે, માથું કપાઈ જાય છે, પેટ ચીરાઈ જાય છે, કોણ દયા કરે છે ? કોઈ એમની તરફ જોતું જ નથી. આ રીતે વિકલત્રયરૂપ તિર્યંચોનું અનેક દુઃખો સહિત મરણ થાય છે.

વિકલત્રય જીવ ક્ષુધા-તૃષાથી, ઠંડી-ગરમીની વેદનાથી; વરસાદની, પવનની, ગાડીઓની તકલીફથી મરી જાય છે. (સમુદ્રની) ભરતી, ઠીકરાં, માટીનો ઢગલો, લાકડાં, મળ, મૂત્ર, ગરમ પાણી, અગ્નિ ઈત્યાદિના પડવાથી દબાઈને મરી જાય છે.

**વિકલત્રય જીવો તરફ ન જોતા, કોઈ-કોઈ તો એમને જીવ માનતા જ નથી, એમની કોઈ દયા કરતું નથી.** ઘી-તેલમાં પડીને, દીવામાં-અગ્નિમાં પડીને મરી ઘોર દુઃખ ભોગવે છે; પાછા ઉપજે છે, પાછા મરે છે; આ રીતે અસંખ્યાત કાળ સુધી દુઃખ ભોગવતા રહે છે.

**જલચર તિર્યંચોનાં દુઃખ -** ક્યારેક પંચેન્દ્રિય જલચર તિર્યંચ થાય છે, તેમાં નિર્બળને સબળ ખાઈ જાય છે. શિકારીઓની જાળમાં કાંટાઓમાં ફસાઈ મરી જાય છે, તથા જીવતાઓને પણ શેકીને ખાઈ જાય છે.

**જંગલી થલચર તિર્યંચોનાં દુઃખ -** વનના જીવ સદાય ડરેલા, ભૂખ-તરસ, ઠંડી-ગરમી, વર્ષા, પવન, કાદવ આદિની ઘોર વેદના સહન કરે છે. સવારે ભૂખ ખૂબ લાગે છે, પણ ભોજન ક્યાં ? ક્યારેક આહાર મળી જાય છે તો પાણી નથી મળતું, તીવ્ર તૃષા વેદના ભોગવે છે. શિકારી, પારધી જઈને મારી નાખે છે. સબળ હોય તો તેઓ નિર્બળોને મારીને ખાઈ લે છે. પારધીઓ બિલો (બખોલ, ગુફા, દર)માંથી શોધી કાઢી મારી નાખે છે. બળવાન તિર્યંચ નિર્બળોને ગુફાઓમાં, પર્વતોમાં, વૃક્ષોમાં, ખાડાઓમાં છૂપાયેલાઓને મહા છળથી પકડીને મારી નાખે છે.

સિંહ, વાઘ, આદિ પણ સદાયે ભયવાન રહે છે, આહાર મળવાનો નિયમ નથી, ઘણા ભૂખ્યા-તરસ્યા પડી રહે છે. ક્યારેક થોડોક આહાર મળી જાય છે; ક્યારેક બે દિવસ, ક્યારેક ત્રણ દિવસે મળે; ક્યારેક ન મળે તો ઘોર વેદના ભોગવતા મરી જાય છે. કષાયી મનુષ્ય યંત્રોથી, જાળોના ઉપાયથી પકડીને મારી-મારી વેચે છે; ખાઈ જાય છે, જીવતાઓનાં પગ કાપીને વેચી દે છે, જીભ કાપીને વેચી દે છે; ઈન્દ્રિયો કાપીને વેચી દે છે; પૂંછડી કાપીને વેચી દે છે; મર્મ સ્થાનોને કાપી નાખે છે; છેદી નાખે

છે, તળી નાખે છે, રાંધે છે, છોલે છે - તે તિર્યંચગતિઓમાં કોઈ શરણ નથી, કોઈ રક્ષક નથી, કોઈ ઉપાય નથી. **તિર્યંચોમાં તો માતા જ પુત્રનું ભક્ષણ કરી લે છે, ત્યારે અન્ય કોણ રક્ષણ કરે ?**

**નભચર તિર્યંચોનાં દુઃખ -** નભચર પક્ષીઓને પણ દુઃખોનો સદાયે સમાગમ છે. નિર્બળ પક્ષીઓને સબળ પક્ષી પકડીને મારી નાખે છે. બાજ, શકરા, આકાશમાં જ મારીને ખાઈ જાય છે. ઉલ્લુ, ઘુવડ ઈત્યાદિ રાત્રે વિચરવાવાળાં દુષ્ટ પક્ષી ગર્દન મરોડીને મારી નાખે છે. બિલાડી, કૂતરા પણ પક્ષીઓને મહા છળથી પકડીને મારે છે. પક્ષી ભયભીત થઈ વૃક્ષોની નાની ડાળી પકડી બેસે છે; તેમને સૂવાનું, પાથરવાનું, બેસવાનું મળતું નથી; હવા, વરસાદ, પાણી, ગરમી, ઠંડીની ઘોર વેદના ભોગવી-ભોગવી મરી જાય છે. દુષ્ટ મનુષ્ય પકડીને પાંખો કાપી નાખે છે, ચીરી નાખે છે, ગરમ તેલમાં જીવતા જ તળીને ખાઈ જાય છે. **જ્યાં જુઓ ત્યાં તિર્યંચોને ઘોર દુઃખ છે જે બધું હિંસાનું ફળ છે.**

**પાલતુ થલચર તિર્યંચોનાં દુઃખ -** હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગધેડા, ભેંસ, તેમની પરાધીનતાનું દુઃખ કોણ કહી શકે છે ? નાક ચીરીને સાંકળ-દોરીની નાથ નાખવી, પરાધીન બંધાઈ રહેવું, જેમને સ્વચ્છંદ ફરવા ખાવાનું નથી, ગરમીમાં બંધાયેલાં રહે છે, વરસાદમાં બંધાયેલા રહે છે, ઠંડીમાં બંધાયેલાં છે, પરાધીન શું કરે ? તેમના ઉપર ઘણો બોજ લાદે છે, માર મારે છે, તીક્ષ્ણ લોખંડ અને કાંટા વગાડે છે, ચામડાના ચાબુકથી રસ્તામાં વારંવાર મારે છે, લાઠી લાકડીના ઘાથી મર્મ સ્થાનોમાં મારે છે.

પીઠ ગળી જાય છે, માંસ કપાઈ જવાથી ખાડો પડી જાય છે, ખભા ગળી જાય છે, નાક ગળી જાય છે, કીડા પડી જાય છે, તો પણ, પથ્થર, લાકડાં, ધાતુઓનો કઠોર ભાર લાદે છે જેનાથી હાડકાંનો ચૂરો(ભૂકો) થઈ જાય છે, પગ તૂટી જાય છે, ઘણા રોગી થઈ જાય છે, ઉઠી શકાતું નથી, ઘડપણ (બુઢાપા)થી જર્જરિત થઈ જાય છે, પીઠ ગળી જાય છે તો પણ ઘણો ભાર લાદે છે, ઘણે દૂર લઈ જાય છે, ભૂખ-તરસ-રોગ-ગરમીની વેદના ગણતા નથી. અડધી રાત વીતી જાય તો પણ ઘણો ભાર લાદી રાખે છે અને બીજા દિવસના ત્રણ પ્રહર વીત્યા પછી ભાર ઉતારે છે. થોડુંક ઘાસ, કાંટા, ફોતરાં, ભૂંસા, દાણા વિનાનો, નીરસ, આહાર મળે છે. તે પણ પેટ ભરીને મળતો નથી. **તિર્યંચગતિ સમાન પરાધીનતાનું દુઃખ બીજું નથી.**

નિરંતર બંધનમાં પાંજરામાં ઘોર દુઃખ ભોગવે છે. ચાંડાળના દરવાજા પર

બંધાયેલા રહે, ચમાર કષાયીઓના દરવાજા ઉપર બંધાયેલા રહે, ખાવાનું મળતું નથી. અન્ય પુણ્યશાળીના દરવાજાઓ પર બાંધેલા તિર્યંચોને ખાતા જોઈ માનસિક દુઃખ ભોગવે છે. બીજાઓના આહાર-ઘાસમાં મોઢું મારે છે તો પાંસળીઓમાં મોટી લાકડીઓથી મારે છે. અત્યંત ઘોર ભૂખનું દુઃખ ભોગવે છે. રસ્તે ચાલવાનું, બોજો ઉપાડવાનું, રોગોનું ઘોર દુઃખ ભોગવે છે. તિર્યંચ બળદ, કૂતરા આદિની આંખોમાં, કાનોમાં, ઈન્દ્રિયોમાં, ઘોર વેદના કરવાવાળા ગૂંગા ચિપડા પેદા થઈ જાય છે જે બધા જ મર્મ સ્થાનોમાં તીક્ષ્ણ મુખોથી લોહી ખેંચે છે, જેની ઘોર વેદના ભોગવે છે.

કેટલાકને તો ખાવા માટે ઘાસ તથા પીવા માટે પાણી મળતું નથી તો પણ ઘોર વેદના ભોગવતા થકા ગ્રીષ્મ ઋતુને પૂરી કરે છે. શ્રાવણ માસ આવ્યેથી ઘણું ઘાસ ઉત્પન્ન થઈ જાય છે, ત્યાં પણ પાપના ઉદયથી કરોડો ડાંસ મચ્છર ઉત્પન્ન થઈ જાય છે તો જ્યાં ચરવા જાય છે, ત્યાં જ ડાંસ-મચ્છરોના તીક્ષ્ણ ડંખ લાગવાથી ઉછળ્યા-(કૂદયા) કરે છે; ઘાસ તરફ મોઢું કરી શકતા નથી. બેસે કે સૂઈ જાય તો ત્યાં ઝુઆની ઘોર વેદના ભોગવે છે.

ઊંટ, બળદ, ઘોડા ઈત્યાદિ રસ્તામાં ભારના દુઃખથી, વૃદ્ધ અવસ્થાથી, રોગથી, જ્યારે થાકી જાય છે, ચાલી શકતાં નથી, પગ તૂટી જાય છે, મારતાં-મારતાં પણ ચાલી શકતાં નથી ત્યારે તે જ વનમાં, પાણીમાં, પર્વતમાં જ છોડીને માલિક જતો રહે છે. ત્યાં નિર્જન સ્થાનમાં, કાદવમાં એકલા પડેલાં રહી જાય છે;. કોઈ શરણ નથી. કોને કહે, કોણ પાણી પાય, ઘાસ કયાંથી આવે? કાદવમાં, ગરમીમાં, ઠંડીમાં, વરસાદમાં પડેલાં ઘોર ભૂખ-તરસની વેદના ભોગવે છે. અસમર્થ જાણી (કમજોર જાણી) દુષ્ટ પક્ષી પોતાની લોઢા જેવી ચાંચોથી આંખો કાઢી નાખે છે, મર્મ સ્થાનોમાંથી અનેક જીવ માંસ કાપી-કાપીને ખાય છે, નરકના સમાન ઘોર દુઃખ (વેદના) ભોગવે છે, કેટલાયે દિવસો સુધી તરફડતા અતિ યાતનાથી દુઃખ ભોગવી મરે છે.

**આ બધાં દુઃખ બીજાઓનું ધન અન્યાયથી પડાવી લેવાથી, કપટી-માયાચારી થઈ દાન લેવાથી, વિશ્વાસઘાત કરવાથી, અભક્ષ્ય-ભક્ષણ કરવાથી, રાત્રિ ભોજન કરવાથી, નિર્માલ્ય દેવ દ્રવ્ય ભક્ષણ કરવાનું ફળ તિર્યંચગતિમાં ભોગવે છે.** બીજાઓને કલંક લગાડવાનું, પોતાની પ્રશંસા કરવાનું, બીજાઓની નિંદા કરવાનું, બીજાઓના છળને શોધવાનું, બીજાઓના મીઠા ભોજનની લાલસાનું, અતિ માયાચાર કરવાનું ફળ તિર્યંચગતિમાં ભોગવે છે. અહીં અસંખ્યાત અનંત ભવ તિર્યંચગતિમાં વારંવાર ધારણ

કરતો થકો, માયાચારાદિ તથા તીવ્ર રાગ પરિણામોથી તિર્યંચગતિનાં કારણ - નરકગતિનાં કારણ નવાં કર્મોનો બંધ કરતો થકો અનંત કાળ વીતાવે છે. **આ બધું મિથ્યા શ્રદ્ધાન, મિથ્યા જ્ઞાન, મિથ્યા આચરણનું ફળ છે.**

**મનુષ્ય ગતિનાં દુઃખ - અહીં મનુષ્ય ગતિમાં કેટલાયે તો તિર્યંચોની જેમ જ્ઞાન રહિત (અજ્ઞાન) છે.** કેટલાયના ગર્ભમાં આવતાં જ પિતા મરી જાય છે, ત્યારે બીજાઓનું એંઠુ ખાઈ, ભૂખ-તરસને સહન કરી બીજાઓનો તિરસ્કાર સહન કર્યે જાય છે. બીજાઓની ગુલામી કરે છે; બચપણથી જ તિર્યંચોની જેમ ભાર ઉપાડે છે. એક શેર અનાજથી પેટ ભરવા માટે, એક ભાર માથા ઉપર, એક ભાર પીઠ ઉપર, એક ભાર હાથોમાં લઈ બાર કોસ સુધી પગેથી ચાલ્યે જાય છે; અનાજનો, ઘીનો, તેલનો, મીઠાનો, ધાતુનો કઠોર ભાર વહન કરે છે.

કોઈ આખો દિવસ પાણીનો ભાર ઉપાડે છે, કોઈ પરદેશમાં રાત-દિવસ ગમન કરે છે; ગમન સમાન બીજું દુઃખ નથી. પેટ ભરવા માટે વીસ ત્રીસ કોસ પ્રતિદિન દોડવું પડે છે. કોઈ પથ્થર માટી આદિનો બોજ નિરંતર ઉપાડ્યા કરે છે; **કોઈ બીજાઓની સેવા કરી પરાધીનતાથી મનુષ્ય જન્મ વ્યતીત કરે છે.**

કોઈ લુહાર થઈ લોઢું ઘડી પેટ ભરે છે, કોઈ લાકડાં ચીરે છે, કાપે-ફાડે છે, બનાવે છે, ત્યારે ભોજન મળે છે. કોઈ મેલાં કપડાં ધોવે છે, કોઈ કપડાં રંગે છે, કોઈ છાપે છે, કોઈ સીવે છે, કોઈ ટાંકે છે, કોઈ કાંતે છે, કોઈ તિર્યંચોની સેવા કરે છે તો પણ પેટ ભરાતુ નથી. કોઈ દળે છે, કોઈ ઘાસનો ભાર ઉપાડે છે, લાકડાંનો બોજ ઉપાડે છે; કોઈ ચામડાને છોલવાનું બનાવવાનું આદિ કાર્ય કરે છે, કોઈ દળે છે, કોઈ ખોદે છે, કોઈ રસોઈ બનાવે છે; કોઈ અગ્નિ સંસ્કારનું કામ કરે છે, કોઈ ભઠ્ઠી ચલાવે છે; કોઈ ઘી, તેલ, ક્ષાર, મીઠા આદિથી આજીવિકા ચલાવે છે.

કોઈ દીનપણું બતાવી ઘર-ઘરથી માગે છે, કોઈ રંક થઈ ફરે છે, કોઈ રોવે છે, **કોઈ કર્મને આધીન થઈ પોતાને ભૂલી વ્યર્થ મનુષ્ય જન્મ વીતાવે છે.** કોઈ ચોરી કરે છે, છળ કરે છે, અસત્ય બોલે છે, વ્યભિચાર કરે છે, કોઈ ચાડી ખાય છે, કોઈ ગલીમાં લૂંટી લે છે, કોઈ સડકો ઉપર લૂંટે છે. કોઈ યુદ્ધમાં ચાલ્યા જાય છે, કોઈ સમુદ્રમાં-વિષમ જંગલોમાં પ્રવેશ કરે છે. કોઈ નદીમાં ઉતરે છે, કૂઓ જોતરે છે, ખેતી કરે છે, નાવ ચલાવે છે, વાવે છે, લણે છે. કોઈ માટીનાં વાસણ બનાવે છે,

કોઈ આભૂષણ આદિ બનાવે છે. કોઈ મળ-મૂત્રને સાફ કરે છે, કોઈ મળ-મૂત્રનો ભાર ઉપાડે છે કોઈ ચણા શેકે છે અને જન્મ પૂરો કરે છે.

કોઈ હિંસાના અનેક આરંભ, હિંસાના વેપાર ખૂબ અભિમાની લોભી થઈ કરે છે, કોઈ જમા-ખરચ (નામું) લખવાનું કામ કરે છે; કોઈ અનેક ચિત્ર બનાવે છે; કોઈ પથ્થર, ઈંટ પકાવે છે, કોઈ મકાન બનાવે છે. કોઈ જુગાર રમે છે, કોઈ વેશ્યાવૃત્તિ કરાવે છે; કોઈ દારૂ પીવા-પીવડાવવાનું કામ કરે છે; કોઈ રાજ્યની નોકરી કરે છે; કોઈ નીચ (લોકો)ની નોકરી કરે છે; કોઈ ગાયન(સંગીત) વિદ્યાથી આજીવિકા ચલાવે છે; કોઈ વાજાં વગાડે છે, કોઈ નૃત્ય કરે છે; કર્મને વશ થઈ અનેક પ્રકારનાં દુઃખોમાં મનુષ્ય પર્યાય વીતાવે છે. **પુણ્ય-પાપને આધીન થઈ અનેક મનુષ્ય અનેક પ્રકારના કર્મ કરતા થકા પ્રત્યક્ષ જ અનેક પ્રકારના ફળ ભોગવતા જોવામાં આવે છે.**

કોઈ અનાજ આદિ વેચી આજીવિકા ચલાવે છે, કોઈ ગોળ, સાકર, ઘી, તેલ, આદિથી આજીવિકા કરે છે; કોઈ કપડાં, કોઈ સોના-ચાંદી, કોઈ હીરા-મોતી, મણિ-માણિક આદિના વેપારથી આજીવિકા ચલાવે છે. કોઈ લોખંડ-પિત્તળ વિગેરે ધાતુની, કોઈ લાકડા-પથ્થરની, કોઈ મેવા-મિઠાઈ, પૌવા-ઘેવર-લાડવા આદિની, કોઈ અનેક વ્યંજન - અનેક ઔષધિઓ વિગેરેની કર્મને આધીન અનેક પ્રકારની આજીવિકા કરે છે.

કોઈ વેપારી છે, કોઈ નોકર છે, કોઈ દલાલ છે, કોઈ ઉદ્યમી છે, કોઈ નિરૂદ્યમી છે, કોઈ આળસુ છે; કોઈ મનગમતાં કપડાં આભૂષણ પહેરે છે; કોઈ ઘણી તકલીફથી પેટ ભરે છે; કોઈ કષ્ટ રહિત સુખેથી ભોજન કરે છે; કોઈ બીજાઓના ઘરે જઈ યાચક બની ભોજન કરે છે; કોઈ પૂજ્ય ગુરૂ બની ભોજન કરે છે, કોઈ રંક દીન બની ભોજન કરે છે, કોઈ અનેક રસ સહિત ભોજન કરે છે, કોઈ નીરસ ભોજન કરે છે, કોઈ પેટ ભરી અનેક વાર ભોજન કરે છે; કોઈ સાધારણ નીરસ ભોજનથી અડધું પેટ જ ભરી શકે છે, કોઈને એક દિવસના અંતરે મળે છે, કોઈને બે દિવસના અંતરથી મળે છે, કોઈને ત્રણ દિવસના અંતરે ઘણી મુશ્કેલીથી મળે છે, કોઈને ભોજન ન મળવાથી ભૂખ-તરસની વેદનાથી મરણ થઈ જાય છે.

કોઈ જેલમાં પરાધીન થઈ ઘોર વેદના સહન કરે છે, કોઈ પોતાના હિતેચ્છુ (મિત્ર)ના વિયોગથી દુઃખી છે, કોઈ જિંદગીભર રોગજન્ય ઘોર વેદના ભોગવતા થકા ઘણા દુઃખી થઈ મરી જાય છે. કોઈ તાવ, ખાંસી, શ્વાસ, અતિસારની વેદના ભોગવે છે. કોઈ અનેક પ્રકારના વાયુની, પિત્તની, ઉદર વિકારની, જલોદર-કટોદર આદિની

ઘોર વેદના ભોગવે છે. કોઈ કર્ણ શૂળ, દંત શૂળ, નેત્ર શૂળ, મસ્તક શૂળ, ઉદર શૂળની ઘોર વેદના ભોગવતા થકા મરી જાય છે.

કોઈ જન્મથી આંધળા, બહેરા, મૂંગા હોય છે, તથા કોઈ હાથ-પગ આદિ અંગોથી અપંગ થઈ જન્મ પૂરો કરે છે. કોઈ થોડુંક આયુષ્ય વીત્યા પછી આંધળા, બહેરા, લૂલા, લંગડા, પાગલ થઈ, પરાધીન થઈ માનસિક તથા શારીરિક ઘોર દુઃખ ભોગવે છે. કેટલાયની લોહી વિકારથી કોઢ, ખસ, પગમાં દાદર આદિથી આંગળીઓ ગળી જાય છે, હાથ ગળી જાય છે, નાક-પગ આદિ ગળી જાય છે અને દુઃખ ભોગવતા રહે છે.

**કર્મના ઉદયની ગતિ ગહન છે.** કોઈ અંતરાયના ઉદયથી નિર્ધન થઈ અનેક દુઃખ ભોગવે છે; ક્યારેક પેટ ભરાય છે, ક્યારેક ભરાતું નથી, ક્યારેક ગળેલું-સડેલું નીરસ ભોજન ઘણી તકલીફથી મળે છે; અનેક તિરસ્કાર ભોગવે છે. રહેવા માટે ખૂબ જ જીર્ણ ઘર જેના ઉપર ઘાસફુસ પાંદડાંનો પૂરતો છાંયડો નથી; ઘણું સાંકડું હોય છે. તેમાં પણ ઉંદર, સાપ, વિંછી આદિના ચારે તરફ દર, ઘણી દુર્ગંધ તથા ચાંડાળ આદિ કુકર્મીઓના ઘરો પાસે રહેવું પડે છે, ખાવા માટે રતીભર અનાજ મળતું નથી. કલહકારિણી (કંકાસી), કાળી, કટુવચનયુક્ત, મહાભયંકર, વિડ્રૂપ (કુરૂપ), ડરાવણી, પાપી સ્ત્રીનો સમાગમ, અનેક રોગી, ભૂખ્યા, વિલાપ કરતા કુરૂપ પુત્ર-પુત્રીઓનો સમાગમ પાપના ઉદયથી પામે છે.

વ્યસની દુષ્ટ મહા પાપી પુત્રનો સાથ, વેરીઓથી પણ મહા વેરી, મહા દુષ્ટ ભાઈનો સાથ, દુષ્ટ અન્યાય માર્ગી, બળવાન, પાપી, દુરાચારી પડોશીઓનો સાથ, લોભી, દુષ્ટ, અવગુણગ્રાહી, કંજુસ, ક્રોધી, મૂર્ખ માલિકની મહા કલેશદાયક સેવા પાપના ઉદયથી મળે છે. કૃતઘ્ની, દુષ્ટ, ખામી કાઢવાવાળા જબરા નોકરનું મળવું - એ બધું સંસારમાં પાપના ઉદયથી જોવામાં આવે છે.

ધર્મ રહિત, અન્યાય માર્ગી, ક્રૂર રાજાના રાજ્યમાં રહેવું; દુષ્ટ મંત્રી, પ્રધાન, કોટવાળનો સાથ મળવો, કલંક લાગવું, અપયશ થઈ જવો, ધનનું નાશ પામવું - એ બધું પંચમકાળના મનુષ્યોમાં ઘણી રીતે (જોવા) મળે છે.

**આ દુષમ કાળમાં જેટલા મનુષ્ય જન્મે છે તે પૂર્વ જન્મમાં વ્રત-સંયમ રહિત મિથ્યાદષ્ટિ હોય છે, તે જ ભરતક્ષેત્રમાં પંચમકાળના મનુષ્ય થાય છે.** કોઈ મિથ્યાધર્મી કુદાન, કુતપ, મંદકષાયના પ્રભાવથી અહીં મનુષ્યોમાં ઉપજે છે; તેઓ રાજ્ય ઐશ્વર્ય

ધન, ભોગ-સંપદા નીરોગતા પામી, અલ્પઆયુમાં જ આ બધું ભોગવી, પાપ ઉપાર્જન કરવાવાળા અન્યાય-અભક્ષ્યના મિથ્યામાર્ગમાં પ્રવર્તન કરી સંસારમાં પરિભ્રમણ કરે છે.

**કોઈ વીરલા પુરૂષ અહીં સમ્યગ્દર્શન સહિત થઈ વ્રત-સંયમ પણ ધારણ કરે છે.** મંદકષાયી આત્મનિંદા-ગર્હાયુક્ત મનુષ્ય પોતાના મનુષ્ય જન્મને સફળ કરી સ્વર્ગમાં મહર્દ્ધિક દેવ થાય છે. અહીં કોઈ પૂર્વ જન્મમાં મંદકષાયી ઉજ્જવળ દાનાદિ કરવાવાળો પુણ્ય સહિત પણ આવી જાય તો તેને પણ ઈષ્ટનો વિયોગ તથા અનિષ્ટનો સંયોગ થાય જ છે.

**સંસારના દુઃખનો સ્વભાવ જુઓ -** ભરત ચક્રવર્તીના જ નાના ભાઈએ મહા અનિષ્ટ થઈ બળના મદથી ચક્રવર્તીનું માનભંગ(અપમાન) કર્યું. **ન્યાયમાર્ગથી જુઓ** તો ભરત મોટો ભાઈ, પદમાં પિતા સમાન, નમન કરવા યોગ્ય હતો. પાછો તે ચક્રવર્તી અને કુળમાં પણ મોટો હતો. તેની મોટાઈ (મહાનતા) નાના ભાઈથી જોવાઈ નહિ. ભરતે ખરેખર સાચા મમત્વ (સ્નેહ)થી રાજ્ય ભોગવવા માટે બોલાવ્યો. પણ મોટા ભાઈની ઈર્ષા કરી, અપયશ કર્યો, તો બીજાની શી વાત કરવી ?

કોઈને સ્ત્રી નથી તો તેની તૃષ્ણાથી સ્ત્રી વિના પોતાનું જીવન વ્યર્થ માની દુઃખી થઈ રહ્યો છે. કોઈને સ્ત્રી છે જે દુષ્ટ છે, વ્યભિચારિણી છે, કંકાસી છે, મર્મને છેદવાવાળી તથા રોગથી સદાયે સંતાપ કરવાવાળી છે જેનાથી ઘણો દુઃખી થાય છે. કોઈની આજ્ઞાકારી, પતિની ઈચ્છાનુસાર ચાલવાવાળી સ્ત્રી મરી જાય છે તો તેના વિયોગથી મહાદુઃખી થાય છે. કોઈને વૃદ્ધાવસ્થામાં, નિર્ધનતામાં સ્ત્રીનું મરણ થઈ જાય ત્યારે નાનાં બાળકો માતાના વિયોગથી અનાથ થઈ જાય છે, તેમને જોઈ દુઃખી થાય છે.

કેટલાયે વૃદ્ધ અવસ્થામાં પોતાના લગ્નની ઈચ્છા કરે છે, પણ લગ્ન થતું નથી જેનાથી દુઃખી રહે છે. કોઈ પુત્ર રહિત હોય તો દુઃખી છે, કોઈ કપૂત પુત્રોથી દુઃખી છે; કોઈને યશસ્વી સુપુત્રનું મરણ થઈ જાય તો તે તેના વિયોગથી દુઃખી થાય છે. કોઈને શત્રુ સમાન મારવાવાળાં (વેધક) કુવચન બોલવાવાળા ભાઈના સમાગમ જેવું દુઃખ નથી.

કોઈ મહા રોગ તથા નિર્ધનતાના દુઃખથી દુઃખી થાય છે; કોઈને પુત્રીઓ ઘણી હોય તેમના લગ્ન આદિ માટે જરૂરી ધન ન હોવાથી દુઃખી રહે છે; કોઈની પુત્રી વિવાહ(લગ્ન) યોગ્ય થઈ ગઈ છે, પણ વરનો સંયોગ નથી મળતો તો ખૂબ દુઃખી

થાય છે. કોઈની કન્યા આંધળી, લૂલી, મૂંગી, બહેરી, અપંગ, કદરૂપી હોય તો તેનું મહાદુઃખ છે.

કોઈની પુત્રીને કુબુદ્ધિ, વ્યસની, નિર્ધન, રોગી, પાપી વરનો સંયોગ થઈ જાય છે તો ઘોર દુઃખ થાય છે. કોઈની પુત્રી નાની વયમાં વિધવા થઈ જાય તો તેનું મહાદુઃખ, પુત્રીને નિર્ધન દેખે તો મહાદુઃખ; પુત્રી વ્યભિચારિણી હોય તો મરણથી પણ અધિક(દુઃખ) થાય છે; તથા વિવાહી પુત્રીનું મરણ થઈ જાય છે તો દુઃખી થાય છે.

માતા-પિતાના વિયોગનું દુઃખ થાય છે. જો પિતા કોઈ બળવાન નિર્દયીનું દેવું છોડી જાય છે તો તેનું દુઃખ થાય છે; કારણ કે દેવા સમાન દુઃખ નથી. માતા-બહેન વ્યભિચારિણી હોય, દુષ્ટ હોય તો મહાદુઃખ, કોઈ તેમને બળજબરીથી અપહરણ કરી લઈ જાય, મારી નાખે તેનું ઘોર દુઃખ થાય છે. દુષ્ટોના સમાગમનું દુઃખ, દુષ્ટ-અધર્મી-અન્યાયમાર્ગીની સાથે આજીવિકા હોય તો મહાદુઃખ, દુષ્ટ અન્યાયીનું આધીનપણું હોય તો દુઃખ થાય છે.

**મનુષ્ય જન્મમાં ધનવાન થઈ પાછા નિર્ધન થઈ જવાનું દુઃખ, તથા માનભંગ થવાનું દુઃખ થાય છે.** કોઈ પોતાનો મિત્ર થઈ પછી દોષ જોવાવાળો, અવગુણ પ્રગટ કરવાવાળો, જૂઠું બોલવાવાળો, અપરાધ(આરોપ) લગાવવાવાળો શત્રુ થઈ જાય તો તેનું ઘણું દુઃખ થાય છે. આ સંસાર સર્વ પ્રકારે દુઃખરૂપ જ છે. અહીં રાજા થઈ રંક થઈ જાય છે, રંકથી રાજા થઈ જાય છે; વિગેરે મનુષ્ય પર્યાયમાં ઘોર દુઃખ જ છે.

**દેવ ગતિનાં દુઃખ -** જો કદાચ દેવ પર્યાય પામે છે તો ત્યાં પણ માનસિક દુઃખ થાય છે. જો કે દેવોને નિર્ધનતા નથી, બુઢાપો નથી, રોગ નથી, ક્ષુધા-તૃષા-મારણ-તાડન-વેદના નથી; તો પણ મહાન ઋદ્ધિધારીઓને જોઈ પોતાને નીચો માની માનસિક દુઃખ પામે છે. કોઈ ઈષ્ટ દેવાંગનાના વિયોગનું દુઃખ પામે છે; જો કે જ્યારે કોઈ દેવાંગના મરે છે ત્યારે તેના સ્થાને શરીર, રૂપ, ઋદ્ધિ આદિ સહિત તેના જેવી જ બીજી ઉત્પન્ન થઈ જાય છે, તો પણ તે જીવના વિયોગનું દુઃખ તો ઉપજે જ છે.

જે પુણ્યહીન દેવ છે તેઓ ઈન્દ્રાદિ મહર્દ્ધિક દેવોની સભામાં પ્રવેશી શકતા નથી, તેનું ઘણું માનસિક દુઃખ થાય છે. **આયુષ્ય પુર્ણ થયે દેવ લોકથી પોતાનું પતન જોઈ તેમનું દુઃખ તેઓ જ જાણે છે કે તે દુઃખ ભગવાન કેવળી જ જાણે છે.**

આ સંસારમાં સ્વર્ગનો મહર્દ્ધિક દેવ મરીને એકેન્દ્રિયમાં જઈ પેદા થાય છે. મળ-

મૂત્રથી ભરેલા લોહી-માંસના ગર્ભમાં જઈ જન્મ લે છે. આ સંસારમાં પરિભ્રમણ કરતાં પુણ્ય-પાપના પ્રભાવથી શ્વાનાદિ તિર્યંચ તો દેવોમાં ઉપજી દેવ બની જાય છે, તથા દેવ મરીને બ્રાહ્મણ, ચાંડાળ, તિર્યંચ બની જાય છે. કર્મોને આધીન થયેલો જીવ ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરે છે.

સંસારમાં રાજા રંક થઈ જાય છે, સ્વામી સેવક થઈ જાય છે, સેવક સ્વામી થઈ જાય છે, પિતા હોય તે જ પુત્ર થઈ જાય છે, પુત્ર હોય તે પિતા થઈ જાય છે, પિતા-પુત્ર જ માતા થઈ જાય છે, પત્ની હોય તે બહેન, દાસી, દાસ થઈ જાય છે, દાસી, દાસ, હોય તે પિતા થઈ જાય, માતા થઈ જાય, દેવતા થઈ જાય, તિર્યંચ થઈ જાય, ધનવાનમાંથી નિર્ધન, અને નિર્ધનમાંથી ધનવાન થઈ જાય છે, રોગી દરિદ્રીથી દિવ્ય રૂપવાન થઈ જાય, દિવ્ય રૂપવાનનું મહા કુરૂપ જોવા યોગ્ય(લાયક) રહેતું નથી.

**શરીર ધારણ કરવું(તે) પણ મહાબોજ છે.** અન્ય ભાર(બોજ)ને ઉપાડતો પુરૂષ તો કોઈ જગ્યાએ ભારને ઉતારી આરામ કરી લે છે, પણ દેહના ભારને ઉપાડવાવાળા પુરૂષને ક્યાંય પણ આરામ મળતો નથી. જ્યાં ઔદારિક-વૈક્રિયિક દેહનો ભાર ક્ષણ માત્ર માટે ઉતારે છે, ત્યાં જ અનંતગણો તેજસ-કાર્માણ શરીરનો ભાર આત્મા ધારણ કરી લે છે.

**તેજસ-કાર્માણ શરીર કેવાં છે ? -** તેમણે આત્માનાં અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખને દબાવી રાખ્યાં છે. એમના કારણે કેવળજ્ઞાન તથા અનંત સુખ-શક્તિના અભાવ જેવું થયું છે. જેમ વનમાં આંધળો મનુષ્ય રખડે છે, તેમ મોહથી અંધ બની જીવ ચારેય ગતિઓમાં ભ્રમણ કરે છે.

**સંસારી જીવ રોગ, દારિદ્રય, વિયોગ આદિના દુઃખથી દુઃખી થઈ ધન કમાઈને દુઃખ દૂર કરવા માટે મોહથી અંધ બની વિપરીત ઉપાય કરે છે.** સુખી થવા માટે અભક્ષ્ય-ભક્ષણ કરે છે, છળ કપટ કરે છે, હિંસા કરે છે, ધન માટે ચોરી કરે છે, રસ્તામાં લૂંટે છે, પરંતુ **ધન પણ પુણ્યહીનને હાથ આવતું નથી. સુખ તો પાંચ પાપોના ત્યાગથી થાય છે. મિથ્યાદષ્ટિ પાંચેય પાપ કરીને પોતાના ધનની વૃદ્ધિ, કુટુંબની વૃદ્ધિ, સુખની વૃદ્ધિ ચાહે છે. ઈન્દ્રિયોના વિષયોની પ્રાપ્તિમાં સુખ માને છે, એ જ મોહથી આંધળાપણું છે.**

દુઃખરૂપ અગ્નિથી બળી રહેલા જીવોને શીતળ કમળ વનની વચ્ચે નિવાસ સ્થાન

(સમાન) છે, પરમાર્થ માર્ગને બતાવનાર છે, તત્ત્વનો નિર્ણય કરાવનાર છે, સમ્યક્ત્વને ઉપજાવનાર છે, અશુભ ધ્યાનને નષ્ટ કરવાવાળી છે. આ બાર ભાવનાઓ સમાન આ જીવનું બીજું હિત નથી, દ્વાદશાંગનો સાર છે. માટે બાર ભાવનાઓનું ભાવ સહિત આ સંસ્થાન વિચય ધર્મધ્યાનમાં ચિંતવન કરો.

**(૧) અનિત્ય ભાવના -** અનિત્ય ભાવનાનું સ્વરૂપ આ પ્રકારે વિચારવું જોઈએ - દેવ, મનુષ્ય, તિર્યંચ એ બધાં જ પાણીના પરપોટાની જેમ, ફીણના ઢગલાની જેમ વિનાશીક છે, જોત-જોતામાં જ વિલય થઈ ચાલ્યા જાય છે. આ સમસ્ત ઋદ્ધિ, સંપદા, વૈભવ (સુવિધાઓ) સપના સમાન છે, એ રીતે નાશ પામે છે જેમ સપનામાં જોયેલી વસ્તુ પાછી દેખાતી નથી. આ જગતમાં ધન, યૌવન, જીવન, પરિવાર બધું ક્ષણભંગુર છે. સંસારી મિથ્યાદષ્ટિ જીવ એમને જ પોતાનું સ્વરૂપ, પોતાનું હિત સમજી રહ્યા છે. પોતાના સ્વરૂપની ઓળખાણ હોત, તો પરને પોતાનું કેમ માનત?

સમસ્ત ઈન્દ્રિય જનિત સુખ જે દષ્ટિગોચર થાય છે તે ઈન્દ્ર ધનુષ્યના રંગની જેમ જોત-જોતામાં જ વિલિન થઈ જાય છે, યૌવનનું જોશ સંધ્યા કાળની લાલિમાની જેમ ક્ષણે-ક્ષણે નષ્ટ થતું જાય છે. **માટે આ મારૂં ગામ, મારૂં રાજ્ય, મારૂ ઘર, મારૂં ધન, મારૂ કુટુંબ, એવો વિકલ્પ કરવો(તે) મહા મોહનો પ્રભાવ છે.** જે-જે વસ્તુઓ આંખોથી દેખાય છે તે બધી નાશ પામશે, એમને દેખવા-જાણવાવાળી ઈન્દ્રિયો છે, તે પણ જરૂર નાશ પામશે જ. માટે સત્વરે જ આત્માના હિતમાં ઉદ્યમ કરો.

જેમ એક નાવમાં અનેક દેશોના, અનેક જાતિના માનવો એક સાથે બેસી જાય છે, પછી કિનારા પર આવીને અનેક દેશોમાં ચાલ્યા જાય છે; તેવી જ રીતે કુળ(કુટુંબ)રૂપ નાવમાં અનેક ગતિઓમાંથી આવેલા જીવો એક સાથે મળી રહેવા લાગ્યા છે, પછી આયુષ્ય પૂરું થયે પોતા-પોતાના કર્મ અનુસાર ચારેય ગતિઓમાં ચાલ્યા જાય છે. જે દેહના સંબંધથી સ્ત્રી, પુત્ર, મિત્ર, બંધુ આદિને પોતાના માની રાગી થઈ રહ્યા છે, તે દેહ અગ્નિમાં ભસ્મ થઈ જશે, માટીમાં મળી જશે, તથા કોઈ જીવ ખાશે તો વિષ્ટા, કૃમિ કલેવરરૂપ થઈ એક-એક પરમાણુ જમીન આકાશમાં અનંત વિભાગરૂપ થઈ વિખેરાઈ જશે, પછી કયાં મળશે?

જે સંસારી જીવોને આપણે અહીં દુઃખી જોઈએ છીએ તે બીજા જીવોને મારવાથી, અસત્યથી, ચોરીથી, કુશીલથી, પરિગ્રહની લાલસાથી, ક્રોધથી, અભિમાનથી,

છળથી, લોભથી અન્યાયથી જ દુઃખી દેખાય છે. બીજા **કોઈ માર્ગથી દુઃખી થવાતું નથી.** એવું પ્રત્યક્ષ જોવા છતાં પણ પાપોમાં જ રત રહે છે. **આ વિપરીત માર્ગ જ સંસારના અનંત દુઃખોનું કારણ છે.** દુઃખોથી દુઃખ જ ઉપજે છે, જેમ અગ્નિથી અગ્નિ જ ઉત્પન્ન થાય છે.

જે આ પ્રકારના સત્યાર્થ સ્વરૂપનું વારંવાર ચિંતવન, અનુભવન કરે છે તેને સંસારથી વૈરાગ્ય થાય છે; **જે વિરક્ત થાય છે તે સંસાર પરિભ્રમણ દૂર કરવાના ઉદ્યમમાં સાવધન થઈ જાય છે.** આ રીતે ત્રીજી સંસાર ભાવનાનું વર્ણન કર્યું.

## (૪) એકત્વભાવના

હવે એકત્વ ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ, જેનું ચિંતવન પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે કરવું જોઈએ. આ જીવ કુટુંબ, સ્ત્રી, પુત્રાદિ માટે તથા પોતાના શરીરને પાળવા માટે અતિ આરંભ, ઘણો પરિગ્રહ, અન્યાય, અભક્ષ્ય આદિ કરે છે જેનું ફળ ઘોર દુઃખ નરક આદિ પર્યાયોમાં એકલો સ્વયં ભોગવે છે.

**જે કુટુંબ માટે તથા દેહ માટે પાપ કરે છે, તે દેહ તો અગ્નિમાં ભસ્મ થઈ ઉડી જશે, કુટુંબ પણ ક્યાં સાથે જશે ?** પોતાના દ્વારા જ બાંધેલા કર્મોના ઉદયથી થયેલા રોગ, દુઃખ, વિયોગાદિને ભોગવતા જીવને સર્વે મિત્ર, કુટુંબ આદિ પ્રત્યક્ષ જુએ છે છતાં પણ થોડું પણ દુઃખ દૂર ક્યાં કરી શકે છે ? ત્યારે નરક આદિ ગતિમાં કોણ મદદ કરશે ? એકલો જ ભોગવશે. આયુષ્યનો અંત થતાં એકલો જ મરે છે. મરણથી બચાવવામાં કોઈ બીજુ મદદગાર નથી. અશુભનું ફળ ભોગવવામાં કોઈ પોતાનું મદદગાર નથી પરલોક તરફ જતા આત્માનો સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, દેહ, પરિગ્રહ આદિ સહાયી થતાં નથી. કર્મ એકલા જીવને જ લઈ જાય છે, લઈ જશે.

આ લોકમાં જે બંધુ-મિત્રાદિ છે તે પરલોકમાં બંધુ-મિત્રાદિ નહિ હોય. જે ધન, શરીર, પરિગ્રહ, રાજ્ય, નગર, મહેલ, આભૂષણ, સેવક આદિ વૈભવ (પરિકર) અહીં છે, તે પરલોકમાં સાથે નહિ જાય. આ દેહના સંબંધીઓ દેહનો નાશ થતાં જ સંબંધ છોડી દેશે; તેઓ પોતાના કર્મોને આધીન પોતાનું સુખ-દુઃખ સ્વયં જ ભોગવશે, જીવ એકલો જશે. **એટલા માટે સંબંધીઓમાં મમતા કરી પરલોક બગાડવો મહા અનર્થ છે.**

**અહીં જે સમ્યક્ત્વ, વ્રત, સંયમ, દાન, ભાવના આદિ કરી ધર્મની કમાણી**

**કરે છે તે આ જીવની સહાયક થાય છે. એક ધર્મ વિના કોઈ સહાયક નથી, (જીવ) એકલો જ છે.** ધર્મના પ્રસાદથી સ્વર્ગ લોકમાં ઈન્દ્રપણું, મહર્દ્ધિક દેવપણું પામી તીર્થંકર, ચક્રવર્તી, મંડલેશ્વરપણું, ઉત્તમ રૂપ, બળ, વિદ્યા, સંહનન, ઉત્તમ જાતિ, કુળ, જગત પૂજ્યપણું વ. પામી નિર્વાણ પામે છે.

**જેમ જેલમાં બેડીથી બંધાયેલા પુરૂષને જેલથી મોહ નથી, તેવી જ રીતે સમ્યક્જ્ઞાની પુરૂષને દેહરૂપ જેલથી રાગ નથી;** કારણ કે ધન-કુટુંબ આદિનો અભિમાની ઘોર બંધનમાં પરાધીન થઈ દુઃખ ભોગવે છે; એવું જ્ઞાની જાણે છે. **પોતાના સ્વરૂપને ન જાણી (અને) પરદ્રવ્ય, દેહ, પરિગ્રહ, આદિને પોતાના જાણી એકલો જ અનંત કાળથી ભ્રમણ કરતો રહ્યો છે;** એકલો જ અન્ય ગતિથી આવી જન્મ ધારણ કરી લે છે. કર્મ સિવાય બીજું કંઈ પણ સાથે આવ્યું નથી. પુણ્ય-પાપ કર્મ જ રાજા, રંક, નીચ, ઉચ્ચના ગર્ભાદિ યોનિસ્થાનમાં લઈ જઈ ઉત્પન્ન કરે છે. આયુષ્ય પૂર્ણ થયે એકલો જ સમસ્ત કુટુંબ આદિને છોડી પર લોકમાં ચાલ્યો જાય છે, પછી ફરીને પાછો આવતો નથી.

ગર્ભમાં રહેવાનું દુઃખ, યોનિ સંકટનું દુઃખ, શરીરમાં રોગનું દુઃખ, દારિદ્રયનું ઘોર દુઃખ, વિયોગનું મહા દુઃખ, ક્ષુધા-તૃષાદિ વેદનાનું દુઃખ, અનિષ્ટ દુષ્ટોના સંયોગનું દુઃખ આ જીવ એકલો જ ભોગવે છે.

અસંખ્યાતકાળ સુધી સ્વર્ગોનું મહાન સુખ, અપ્સરાઓનો સાથ, અસંખ્યાત દેવોનું સ્વામીપણું, હજારો ઋદ્ધિ આદિનું સામર્થ્ય પુણ્યના ઉદયથી જીવ એકલો જ ભોગવે છે.

પાપના ઉદયથી નરકમાં તાડન, મારણ, છેદન, ભેદન, શૂળી આરોહણ, કુંભી પાચન, વૈતરણીમજ્જન આદિ ક્ષેત્ર જન્ય, શરીર જન્ય, મન જનીત તથા પરસ્પર કૃત ઘોર દુઃખ એકલો જ ભોગવે છે.

તિર્યંચોનું પરાધીનપણે બંધાવું, ભાર લદાવો, કુવચન સાંભળવાં, મર્મ સ્થાનોમાં અનેક રીતે ઘા સહેવા; લાંબા સમય સુધી ઘણો ભાર લઈ ઘણે દૂર સુધી ચાલવું; ક્ષુધા-તૃષા સહેવાં, રોગોની અનેક વેદના ભોગવવી; ઠંડી, ગરમી, પવન, તડકો, વરસાદ, હિમવર્ષા આદિની ઘોર વેદના ભોગવવી; નાક આદિમાં દોરી પરોવી દઢ બાંધવું, ઘસડવું, સવારી કરવી, સમસ્ત દુઃખ પાપના ઉદયથી જીવ એકલો જ ભોગવે છે. **કોઈ મિત્ર-પુત્રાદિ સહાયક સાથે રહેતા નથી, એક ધર્મ જ સહાયક છે.**

આ રીતે એકત્વ ભાવના ભાવવાથી સ્વજનોમાં પ્રેમની અધીકતા થતી નથી,

અન્ય પરિજનોમાં દ્વેષનો અભાવ થાય છે; ત્યારે પોતાના આત્માની શુદ્ધતાનો જ પ્રયત્ન કરે છે. આ રીતે એકત્વ ભાવનાનું વર્ણન કર્યું.

## (૫) અન્યત્વ ભાવના

હવે અન્યત્વ ભાવનાનું સ્વરૂપ ચિંતવવા યોગ્ય છે. હે આત્મા ! આ સંસારમાં જે સ્ત્રી, પુત્ર, ધન, શરીર, રાજ્ય, ભોગ, આદિનો તારાથી સંબંધ છે તે બધો તારા સ્વરૂપથી અન્ય છે, ભિન્ન છે, તું કોના સોચ-વિચારમાં પડી રહ્યો છે ? અનંતાનંત જીવોનો તથા અનંત પુદ્‌ગલોનો સંબંધ તારાથી અનંત વાર થઈ છૂટી ચૂક્યો છે. અજ્ઞાની સંસારી પોતાનાથી અન્ય જે સ્ત્રી, પુત્ર, મિત્ર, શત્રુ, ધન, કુટુંબ આદિનો સંયોગ, વિયોગ, સુખ, દુઃખ આદિ છે તેમનું ચિંતવન કરી સમય ગુમાવે છે; પણ પોતાની નજીક પહોંચી રહેલાં મરણ તથા નરક-તિર્યંચ આદિ ગતિમાં ગમનનું ચિંતવન કરતો નથી.

સમયે-સમયે આ મનુષ્ય આયુષ્ય વીતી જઈ રહ્યુ છે; જો એમાં જ પોતાનું હિત ન કર્યું, પાપથી વિમુખ ન થયો, કુગતિનાં કારણ રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધ, લોભાદિ મહાબલી શત્રુઓથી આત્માને ન છોડાવ્યો તો તિર્યંચગતિ-નરકગતિમાં અજ્ઞાની, પરાધીન, અશક્ત થયો થકો શું કરીશ?

આ પંચ પરાવર્તનરૂપ સંસારમાં અનંતાનંત કાળથી પરિભ્રમણ કરતા જીવનું પોતાનું કોઈ સ્વજન નથી. **આ સ્વામી, સેવક, પુત્ર, મિત્ર, ભાઈઓને જે પોતાના માનો છો, તે મિથ્યા મોહનો મહિમા છે, એને જ મિથ્યાત્વ કહે છે.** એ તો બધા સંબંધ કર્મજનિત અલ્પકાળના છે, અચાનક વિયોગ થઈ જશે. એ બધા સંબંધ વિષય-કષાય પુષ્ટ કરવા માટે તથા પોતાનું સ્વરૂપ ભૂલાવવા કારણ થઈ રહ્યા છે.

સંસારમાં બધા જીવોથી મારે શત્રુ-મિત્રપણું અનેક વાર થયું છે; ભવિષ્યમાં પણ પરદ્રવ્યોમાં આત્મબુદ્ધિ કરી અનંત કાળ સુધી ભ્રમણ કરીશ. આ પર દ્રવ્યોના સંબંધમાં રાગ-દ્વેષ બુદ્ધિ કરી શત્રુ-મિત્ર બુદ્ધિથી જ એકેન્દ્રિયપણું પામી જ્ઞાન વિવેકના વિચાર રહિત અજ્ઞાની થઈ, અનંતકાળ સુધી ભ્રમણ કરીશ. જેમ અનેક દેશોમાંથી આવેલા જુદા-જુદા મુસાફર રાત્રે એક સ્થળે રહે છે અથવા એક ઝાડ ઉપર અનેક દિશાઓથી આવેલાં અનેક પક્ષી રાત્રિમાં આવી વસે છે; સવાર થતાં જ તે બધાં અનેક માર્ગોએ અનેક દેશોમાં ચાલ્યાં જાય છે; તેવી રીતે સ્ત્રી, પુત્ર, મિત્ર, બંધુ આદિ અનેક ગતિઓમાંથી પાપ-પુણ્ય બાંધી કુળરૂપી સમુહમાં આવી ભેગાં થઈ જાય છે; પોત પોતાનું આયુષ્ય

પુર્ણ થયે પાપ-પુણ્ય અનુસાર નરક, તિર્યંચ, મનુષ્ય આદિ અનેક પ્રકારની ગતિઓમાં ચાલ્યાં જશે.

**કોઈ(પણ) કોઈનું નથી.** (સૌ)પુણ્ય-પાપ અનુસાર બે દિવસ તમારો ઉપકાર-અપકાર કરી સંસારમાં આવી રખડતાં રહે છે. **આ સંસારમાં બધા જીવોનો સ્વભાવ જુદો-જુદો છે, કોઈનો સ્વભાવ કોઈ બીજાથી મળતો નથી.** સ્વભાવ મળ્યા વિના પ્રેમ કેવી રીતે છે ? **પરસ્પરમાં કોઈનું પોત-પોતાના વિષય-કષાયરૂપ પ્રયોજન સધાતું જણાય તો તેમનામાં પ્રીતિ થઈ જાય છે, પ્રયોજન વિના પ્રીતિ થતી નથી.**

**આ સમસ્ત લોકમાં ધૂળ-રેતીના કણની જેમ કોઈનો કોઈથી સંબંધ નથી.** જેમ ધૂળના જુદા-જુદા કણ કોઈ પાણી આદિ ચીકણા પદાર્થનો સાથ થવાથી મુઠ્ઠીમાં બંધાઈ જાય છે, ચોંટી જાય છે; પકડ દૂર થયે કણ-કણ જુદા-જુદા વિખેરાઈ જાય છે; તેવી રીતે સમસ્ત પુત્ર, સ્ત્રી, મિત્ર, બંધુ, સ્વામી, સેવકોનો સંબંધ છે. જ્યાં સુધી પોતાનો કોઈ પણ વિષય, અભિમાન, લોભાદિ કષાય સધાતો જણાય છે ત્યાં સુધી પ્રીતિ જાણો. જેમનાથી પોતાના ઈન્દ્રિયોના વિષયો સધાતા નથી, અભિમાન આદિ કષાય પુષ્ટ થતા નથી તો તેમનાં રૂક્ષ પરિણામોથી પ્રીતિ થતી નથી.

પ્રયોજન વિના પણ જગતમાં ક્યાંક પ્રીતિ જોવામાં આવે છે, તે લોકલાજના અભિમાનથી, આગામી કંઈક પ્રયોજનની આશાથી, તથા પૂર્વ કાળના ઉપકારને ઓળવીશ તો લોકમાં મારૂં કૃતઘ્નીપણું ઉઘાડું પડશે - એ ભયથી મીઠા વચનાદિરૂપ પ્રીતિ કરે છે.

**કષાય-વિષયોના સંબંધ વિના પ્રીતિ હોતી જ નથી.** તેમ જોઈએ પણ છીએ - જેનાથી પોતાનું અભિમાન સધાતું દેખાય છે, ધનનો લાભ, વિષય-ભોગોનો લાભ, આદર, મોટાઈ, પોતાનું પૂજ્યપણું હોવાનો લાભ, તથા યશ માટે કે કોઈ પ્રકારની આપત્તિના ભયથી પ્રીતિ કરે છે. **વિષય-કષાયોની પકડ વિના પ્રીતિ થતી જ નથી.** બધા પરાયા છે, કોઈ પોતાનું નથી.

માતા પણ પુત્રનું પોષણ કરે છે તો તે પણ દુઃખમાં વૃદ્ધાવસ્થામાં પોતાનો આધાર જાણી પોષણ કરે છે. પુત્ર પણ માતાનું પોષણ કરે છે તો તે એવો વિચાર કરે છે - જો હું માતાની સેવા નહીં કરૂં તો જગતમાં મારા કૃતઘ્નીપણાનો અપવાદ થશે તથા પાંચ માણસોમાં મારી મોટાઈ રહેશે નહિ, એવા અભિમાનથી પ્રીતિ કરે છે.

**વેરી પણ ઉપકાર, દાન, સન્માન આદિ કરવાથી પોતાના મિત્ર થઈ જાય છે** તથા પોતાના અતિ પ્યારા પુત્ર પણ વિષયોને રોકવાથી અપમાન-તિરસ્કાર આદિ કરવાથી ક્ષણમાત્રમાં પોતાના શત્રુ થઈ જાય છે. માટે કોઈનો કોઈ મિત્ર પણ નથી, શત્રુ પણ નથી. અપકાર-ઉપકારની અપેક્ષાએ જ મિત્રપણું-શત્રુપણું છે. **સંસારીઓને જે પોતાના વિષય-અભિમાન પુષ્ટ કરે તે મિત્ર છે, જે વિષય-અભિમાન રોકે તે શત્રુ છે.**

જગતનો આવો સ્વભાવ જાણી અન્યમાં રાગ-દ્વેષનો ત્યાગ કર. અહીં જે તારાં ખૂબ પ્યારાં, સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ છે, તે બધાં સ્વર્ગ મોક્ષનાં કારણ જે ધર્મ, સંયમ, વીતરાગતા છે, તેમનામાં અત્યંત વિઘ્ન કરવાવાળાં છે; તેઓ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ મહાન અનીતિરૂપ પરિણામ કરાવી, નરક આદિ કુગતિ પામવાનો બંધ કરાવે છે, તેઓ જ મોટા વેરી છે. **આ જીવને જે મિથ્યાત્વ, વિષય-કષાય આદિથી રોકી સંયમમાં, દશ લક્ષણ ધર્મમાં પ્રવૃત્તિ કરાવે છે તેઓ મિત્ર છે, અને તે નિર્ગ્રંથ ગુરુ જ છે.**

**આ આત્મા સ્વભાવથી જ શરીર આદિથી જુદા લક્ષણવાળો ચેતનામય છે. દેહ પુદ્‌ગલમય અચેતન જડ છે.** જ્યારે દેહ જ જુદો છે, અન્ય છે, વિનાશીક છે તો એના સંબંધી સ્ત્રી, પુત્ર, મિત્ર, કુટુંબ, ધન, ધાન્ય, સ્થાન આદિ જુદા કેમ ન હોય ? આ શરીર તો અનેક પુદ્‌ગલ પરમાણુના સમૂહથી મળીને બન્યું છે; તે શરીરના પરમાણુ ભિન્ન-ભિન્ન થઈ વિખેરાઈ જશે અને આત્મા ચૈતન્ય સ્વભાવી અખંડ અવિનાશી બન્યો રહેશે. માટે સર્વ સંબંધોમાં અન્યપણાનો દૃઢ નિર્ણય કર.

**કર્મના ઉદયજનિત રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધાદિ પણ ભિન્ન છે, વિનાશીક છે, તો અન્ય શરીરાદિના સંબંધી અન્ય કેમ ન થાય ?** એટલા માટે પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવ સિવાય અન્ય જે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મ, રાગ-દ્વેષાદિ, ભાવકર્મ, શરીર પરિગ્રહ આદિ નોકર્મ - એ બધાં આત્માથી જુદાં છે. આ જે પુત્રાદિ છે, તે તો અન્ય ગતિથી આવેલા પાપ, પુણ્ય, સ્વભાવ, કષાય, આયુષ્ય કાયાદિથી સંબંધરૂપે દેખાય જ છે. **તારો સ્વભાવ પાપ-પુણ્ય અને આ બધાથી અન્ય છે.** માટે અન્યત્વ ભાવના ભાવો જેનાથી તેમના મમતાજનિત ઘોર બંધનો અભાવ થઈ જાય. આ રીતે અન્યત્વ ભાવનાનું વર્ણન કર્યું.

## (૬) અશુચિ ભાવના

હવે અશુચિ ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. હે આત્મા ! આ દેહના સ્વરૂપનું ચિંતવન કર. માતાના મહા મલિન રૂધિર-પિતાના વીર્યથી ઉત્પન્ન થયો છે; મહા દુર્ગંધિત મલિન ગર્ભમાં રૂધિર માંસથી ભરેલા જરાયુપટલમાં નવ માસ પૂર્ણ કરી મહા દુર્ગંધિત મલિન યોનિમાંથી નીકળવાનું ઘોર દુઃખ ભોગવે છે. સપ્ત ધાતુમય-રૂધિર, માંસ, હાડ, રસ, મેધા, મજ્જા, વીર્ય, ચામડી તથા નસોનો જાળમય દેહ ધારણ કર્યો છે જે મળ, મૂત્ર, લટ, કીડાઓથી ભરેલો મહા અશુચિ છે. નવ દ્વારોથી નિરંતર દુર્ગંધિત મળને વહાવતો રહે છે. **જેમ મળનો બનાવેલો ઘડો, મળથી જ ભરેલો, તૂટતાં ચારે બાજુ મળને જ વહાવતો રહે છે; તે જળથી ધોવાથી કેવી રીતે પવિત્ર થાય ?**

જગતમાં કપૂર, ચંદન, પુષ્પ, તીર્થોનાં જલાદિ જે શરીના સ્પર્શ માત્રથી મલિન-દુર્ગંધિત થઈ જાય છે, તે શરીર સ્વયં પવિત્ર કેવી રીતે હોઈ શકે ? **જગતમાં જેટલી અપવિત્ર વસ્તુઓ છે તે દેહના એક-એક અવયવના સ્પર્શથી અપવિત્ર થાય છે.** મળના, મૂત્રના, હાડના, ચામડીના, રસના, લોહીના, માંસના, વીર્યના, નસોના, કેશ(વાળ)ના, કફના, નખના, લાળના, નાક મળના, દાંત મળના, નેત્ર મળના, કર્ણ મળના સ્પર્શ માત્રથી અપવિત્ર થઈ જાય છે. બે ઈન્દ્રિય આદિ જીવોને દેહ સિવાય કોઈ અપવિત્ર વસ્તુ જ લોકમાં નથી. **દેહના સંબંધ વગર લોકમાં અપવિત્રતા ક્યાંથી થાય?**

**દેહને પવિત્ર કરવા માટે ત્રણ લોકમાં કોઈ વસ્તુ નથી.** પાણી આદિથી તો કરોડો વાર ધોવા છતાં પણ પાણી જ અપવિત્ર થઈ જાય છે, દેહ પવિત્ર થતો નથી. **જેવી રીતે કોલસાને જેમ-જેમ ધોવો તેમ-તેમ તેમાંથી કાળાશ જ નીકળે છે, ઉજળો થતો નથી, તેવી જ રીતે દેહનો સ્વભાવ જાણો. દેહને પવિત્ર માનવો મિથ્યાદર્શન છે. આ દેહ તો એક રત્નત્રય, ઉત્તમ ક્ષમાદિ ધર્મ ધારણ કરવાથી આત્માના સંબંધથી દેવો દ્વારા વંદવા યોગ્ય પવિત્ર થઈ જાય છે.**

**ધનાદિ પરિગ્રહ, પાંચ ઈન્દ્રિયોના વિષય, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ એ અમૂર્તિક આત્માના સ્વભાવ (પર્યાય)ને મહા મલિન કરે છે, અધમ કરે છે, નિંદ્ય કરે છે, દુર્ગતિમાં લઈ જાય છે, માટે કામ, ક્રોધ રોગાદિ છોડી આત્માને પવિત્ર કરો, દેહ પવિત્ર થશે નહિ.**

આ રીતે દેહનું સ્વરૂપ જાણી, દેહથી રાગ છોડી જે આત્માના અનાદિના સંબંધરૂપ (લાગે) છે તેવાં રાગાદિ કર્મ મળોને (દોષોને) દૂર કરવાનો પ્રયાસ કરો.

ધન સંપદાદિ પરિગ્રહ, પાંચ ઈન્દ્રિયોના ભોગ, દેહમાં સ્નેહ-એ આત્માને મલિન કરવાવાળા છે, માટે એમનો અભાવ કરવાનો ઉદ્યમ કરો. **ધન તો આત્મામાં કામ, ક્રોધ, લોભ, મદ, કપટ, મમતા, વેર, કલહ, મહા આરંભ, મૂર્છા, ઈર્ષા, અતૃપ્તિ આદિ હજારો દોષ ઉત્પન્ન કરનાર છે. આ લોક સંબંધી સમસ્ત દોષ અતિ ચિંતા, દુર્ધ્યાન, મહા ભય ઉપજાવનાર એક ધન જ છે તેમ નિર્ણય કરી વિચાર કરો.**

પાંચ ઈન્દ્રિયોના વિષય આત્માને પોતાનું સ્વરૂપ ભુલાવી મહા નિંદ્ય કાર્ય કરાવે છે. જે નિંદ્ય કાર્ય જગતમાં કરવા યોગ્ય નથી તેમને ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છા કરાવે છે. દેહમાં મોહ કરવો(તે) તો માંસ, મજ્જા, હાડમય, મહા દુર્ગંધિત, સડેલા હાડપિંજરથી રાગ કરવો(તે) છે, જે મહામલિન ભાવનું કારણ છે. એવા શરીરની શુચિતા (પવિત્રતા) કરવાવાળો દશ લક્ષણ ધર્મ જ છે.

**શુચિપણું બે પ્રકારે છે - એક લોકોત્તર, બીજુ લૌકિક. કર્મને ધોઈને શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર કરવું તે લોકોત્તર શૌચ છે, તેનું કારણ રત્નત્રય ભાવ છે. રત્નત્રયના ધારક પરમ સામ્ય ભાવથી રહેવાવાળા સાધુ પણ લોકોત્તર શુચિતાના કારણ છે, જેમનો સમાગમ કરી શુદ્ધાત્માને પ્રાપ્ત કરવો જોઈએ.**

**લૌકિક શુચિ આઠ પ્રકારની છે -** કોઈ **કાળ શૌચ** જે પ્રામાણિક કાળ વીતી જવાને લોકમાં શુચિ માને છે; કોઈ **અગ્નિ** સંસ્કાર - અગ્નિમાં તપાવવાથી શુચિતા માને છે; કોઈને **પવન**થી, કોઈ **ભસ્મ**થી (રાખથી) સાફ કરવાથી, કોઈ **માટી**થી, કોઈ પાણીથી, કોઈ **છાણ**થી લીંપવાથી, કોઈ **જ્ઞાન**થી ગ્લાનિ મટી જવાથી, લૌકિકજનો મનમાં શુચિપણું માની લે છે; પણ શરીરને પવિત્ર કરવાને કોઈ સમર્થ નથી, શરીરના સંસર્ગથી તો પાણી, રાખ, વિગેરે પણ અશુચિ થઈ જાય છે.

**આ શરીરના આદિ, મધ્ય, અંતમાં, ક્યાંય પણ શુચિ નથી.** તેનું ઉપાદાન કારણ રૂધિર વીર્ય તે શુચિ નથી; આ શરીર સ્વયં શુચિ નથી; તેની અંદરનાં દુર્ગંધિત મળ-મૂત્રાદિ, બહારનાં ચામ-હાડ-રૂધિર આદિ કોઈ શુચિ નથી. તેને સમસ્ત તીર્થોના, સમસ્ત સમુદ્રોના પાણીથી ધોઈએ તો પણ આ (દેહ) સમસ્ત જળને જ અશુચિરૂપ કરી નાખે છે, એ શુદ્ધ થતું નથી.

આ શરીર હંમેશાં રોગોથી ભરેલું છે, હંમેશાં અશુચિ (અપવિત્ર) છે; સર્વથા વિનાશીક છે; દુઃખ ઉપજાવનાર છે. તેની શુચિતાનો ઉપાય તથા અશુચિતાના પ્રતિકાર

માટે, ધૂપ, ગંધ, વિલેપન, પુષ્પ, સ્નાન, જળ, ચંદન, કપુર આદિ કોઈ નથી. **જેમ અંગારાનો સ્પર્શ કરવાથી અન્ય પદાર્થ પણ અંગારો બની જાય છે, તેવી જ રીતે શરીરના સ્પર્શ કરવા માત્રથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે.**

ઉપરોક્ત રીતે શરીરની અશુચિતાનું ચિંતવન કરવાથી, શરીરને શણગારવામાં રૂપાદિમાં ઉત્પન્ન થતા અનુરાગનો અભાવ થઈ વીતરાગતામાં પુરૂષાર્થ થવા લાગે છે. આ રીતે અશુચિ ભાવનાનું વર્ણન કર્યું.

## (૭) આસ્રવ ભાવના

હવે આસ્રવ ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. કર્મોના આવવાનાં જે કારણ છે તે આસ્રવ છે. જેમ સમુદ્રની વચ્ચે જહાજમાં છિદ્રોમાંથી પાણી પ્રવેશ કરે છે, તેમ **પાંચ મિથ્યાત્વ** ભાવ, પાંચ ઈન્દ્રિઓ તથા છઠ્ઠા મનના વિષયોમાં પ્રવર્તન કરવાના ભાવ, છ કાયના જીવોની હિંસાનો ત્યાગ ન કરવાના ભાવ, અનંતાનુંબંધીથી લઈ પચ્ચીસ કષાયોના ભાવ તથા મન વચન કાયાના ભેદથી પંદર પ્રકારનો યોગ - **આ રીતે કર્મોને આવવાનાં આ સત્તાવન દ્વાર છે.**

એમાંથી મિથ્યાત્વ, કષાય, અવિરતિ આદિ અનુસાર મન-વચન-કાયાથી શુભ-અશુભ કર્મોનો આસ્રવ થાય છે. ત્યાં પુણ્ય-પાપના સંયોગથી મળેલા વિષયોમાં સંતોષ કરવો, વિષયોથી વિરક્ત થવું, પરોપકારનાં પરિણામ, દુઃખીઓની દયા, તત્ત્વોનું ચિંતવન, બધા જીવોમાં મૈત્રીભાવ ઈત્યાદિ ભાવના, પરમેષ્ઠીમાં ભક્તિ, ધર્માત્મામાં અનુરાગ, તપ-વ્રત-શીલ-સંયમના પરિણામ ઈત્યાદિરૂપ મનની પ્રવૃત્તિથી પુણ્યનો શુભ આસ્રવ થાય છે.

પરિગ્રહની અભિલાષા, ઈન્દ્રિઓના વિષયમાં અતિ લોલુપતા, પરનું ધન હરણ કરવાના પરિણામ, અન્યાયરૂપ પ્રવર્તનમાં, અભક્ષ્ય-ભક્ષણમાં, સપ્ત વ્યસનના સેવનમાં, બીજાની બદનામી થવામાં અનુરાગ રાખવો, પરનાં સ્ત્રી, પુત્ર, ધન, આજીવિકાનો નાશ ઈચ્છવો, પરનું અપમાન ચાહવું, પોતાની મોટાઈ ઈચ્છવી વિગેરે મનના ભાવો દ્વારા પાપનો અશુભ આસ્રવ થાય છે.

સત્ય, હિત, મિત, મધુર વચનો દ્વારા, પરમાગમને અનુકૂળ વચનો દ્વારા, પરમેષ્ઠીના સ્તવનથી, સિદ્ધાંતો વાંચવાથી તથા વ્યાખ્યાન કરી ન્યાયરૂપ વચનો દ્વારા પુણ્યનો આસ્રવ થાય છે.

પરની નિંદા, પોતાની પ્રશંસા, અન્યાયનું પ્રવર્તન કરવાવાળાં વચન, હિંસાનો આરંભ કરાવનાર, વિષયાનુરાગ વધારનાર, કષાયરૂપ અગ્નિને પ્રજ્જવલિત કરનાર, કલહ, વિસંવાદ, શોક, ભય વધારનાર, ધર્મ વિરૂદ્ધ, મિથ્યાત્વ અસંયમને પુષ્ટ કરનાર, અન્ય જીવોને દુઃખ-અપમાન-ધન-આજીવિકા વ. માં નુકશાન કરનાર વચનોથી પાપનો આસ્રવ થાય છે.

પરમેષ્ઠીનું પૂજન, વંદન, જિનાયતનની સેવા, ધર્માત્મા પુરૂષોની વૈયાવૃત્ય, યત્નાચાર પૂર્વક જીવો ઉપર દયારૂપ પ્રવર્તી સૂવું, બેસવું, પલટવું, રાખવું, મૂકવું, સોંપવું, ખાવું, પીવું, પાથરવું, ચાલવું, હલવું વિગેરે કાયાનો યોગ શુભ આસ્રવનું કારણ છે.

યત્નાચાર રહિત-કરૂણા રહિત સ્વચ્છંદપૂર્વક દેહનું પ્રવર્તવું, મહા આરંભમાં પ્રવર્તવું, દેહને સજાવવા-શણગારવામાં લાગ્યા રહેવું - આ બધા કાર્યો દ્વારા અશુભ આસ્રવ થાય છે.

આ મન, વચન, કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિ તીવ્ર-મંદ કષાયના યોગથી તીવ્ર મંદ અનેક પ્રકારના કર્મોના બંધમાં નિમિત્ત થાય છે. એમનો વિચાર કરવાથી આત્મા અશુભ પ્રવૃત્તિથી અટકી શુભ પ્રવૃત્તિમાં સાવધાન થઈ પ્રવર્તે છે.

**કષાયો આત્માના સર્વે ગુણોનો ઘાત કરવાવાળા છે. ક્રોધ** બીજા જીવોને મારવામાં, બંધનાદિ કરવામાં ચિત્તને દોડાવે છે. **માન** આ જીવને અભિમાનથી એવું ઉદ્ધત કરી દે છે કે તે પિતા, ગુરૂ, માલિકનો પણ તિરસ્કાર કરવા ઈચ્છે છે, વિનયનો નાશ કરી દે છે. **માયા** કષાય અનેક છળ, ધૂર્તતા, પરને ભૂલાવી દેવું વિગેરે અનેક કપટના જ વિચાર કરાવે છે, પરિણામોની સરળતાનો અભાવ કરી દે છે. **લોભ** કષાય સુખનું કારણ જે સંતોષ છે, તેનો નાશ કરી દે છે, યોગ્ય-અયોગ્યના વિચારનો નાશ કરી દે છે.

**કામ** મર્યાદાનો ભંગ કરી નાખે છે, લાજનો ભંગ કરી દે છે, હિત-અહિતના, નીચ કર્મ-ઉંચ કર્મના વિચાર રહિત કરી દે છે, **મોહ** દારૂની જેમ સ્વરૂપને ભૂલાવી દે છે. **શોક** અતિશય દુઃખપૂર્વક હાહાકાર કરાવે છે. **રૂદન** આત્મઘાત વિગેરે પ્રવૃત્તિ કરાવે છે. **હાસ્ય** બીજાઓની મજાક કરાવે છે, અજ્ઞાનતા પ્રગટ કરવા ચાહે છે. **સ્નેહ** મદ્ય પીધા વિના જ અચેત (બેહોશ) કરી દે છે, મહાબંધનરૂપ છે, આત્માને હિતરૂપ પ્રવૃત્તિથી રોકવાવાળો છે, અનર્થનું સ્થાન છે. **નિંદ્રા** આત્માના ચૈતન્યનો ઘાત કરી

જડ જેવો કરી દે છે. **તરસ** ન પીવા યોગ્ય પાણીને પણ પીવડાવવા ઈચ્છે છે. **ભૂખ** ચાંડાળના ઘરે પણ પ્રવેશ કરાવી યાચના કરાવે છે, કુળ મર્યાદાને નષ્ટ કરી ઘોર કષ્ટ આપે છે.

**નેત્ર** સુંદર રૂપાદિ જોવા માટે તડપાવે છે, **જીહ્વા** ઈન્દ્રિય મીઠા આહાર માટે અતિ ચંચળ થઈ લાજ, મોટાઈ, સંયમાદિ નાશ કરી નીચ પ્રવૃત્તિ કરાવે છે. **ઘ્રાણ** ઈન્દ્રિય સુગંધિત વસ્તુઓ ઉપર બેહોશ થઈ તૂટી પડે છે. **સ્પર્શન** ઈન્દ્રિય સ્ત્રીઓનાં કોમળ અંગો, નરમ પથારી વિગેરેની તૃષ્ણા વધારે છે. **કર્ણ** ઈન્દ્રિય અનેક મધુર રાગોમાં ખુશ થઈ ભાન ભૂલાવીને પરાધીન કરી દે છે. **મન** ચંચળ વાંદરા સમાન સ્વચ્છંદથી અનેક વિકલ્પો દ્વારા શુભ ધ્યાન-શુભ પ્રવૃત્તિમાં પણ રોકાતું નથી, વિષય-કષાયોમાં જ ઘૂમે છે. અસત્ય **વાણી** મુખમાંથી અતિ પ્રેમપૂર્વક નીકળી પોતાની ચતુરાઈ પ્રગટ કરે છે. **હાથ** તો હિંસાનો આરંભ કરવાના મુખ્ય સાધન છે. **પગ** પણ પાપ કરવાના માર્ગમાં ઘણી તેજીથી દોડે છે.

**કવિપણું** ખૂબ રાગ વધારનાર રચના ચાહે છે. **પંડિતપણું** કુતર્ક અને અસત્ય વ્યાખ્યાન દ્વારા પોતાની ખ્યાતિ ઈચ્છે છે. **સુભટપણું** ઘોર હિંસા ચાહે છે. **બાળપણ** અજ્ઞાનરૂપ છે. **યૌવન** વાંછિત વિષયો માટે વિષમ સ્થાનોમાં પણ દોડે છે. **વૃદ્ધપણું** વિકરાળ કાળની નજીક રહે છે. **ઉચ્છ્વાસ-નિશ્વાસ** નિરંતર શરીરથી નીકળી ભાગી જવાનો અભ્યાસ કરી રહ્યા છે. **જરા** (વૃદ્ધત્વ) કામ, ભોગ, તેજ, રૂપ, સૌંદર્ય, ઉદ્યમ, બળ, બુદ્ધિ આદિનું હરણ કરનાર ચોર છે. **રોગ** યમરાજના પ્રબળ સુભટ દૂત છે. આ રીતની સામગ્રી આ આત્માને પોતાનું સ્વરૂપ ભૂલાવનાર છે, તેનાથી ઘણા અશુભ કર્મોનો આસ્રવ થાય છે. આ ઈન્દ્રિયોના વિષય તથા કષાયોના સંયોગથી મન-વચન-કાયા દ્વારા આસ્રવ થાય છે. આ રીતે આસ્રવ ભાવનાનું વર્ણન કર્યું.

## (૮) સંવર ભાવના

હવે સંવર ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. જેમ સમુદ્રની વચ્ચે નાવમાં પાણી આવવાનું છિદ્ર બંધ કરી દઈએ તો નાવમાં પાણી ન ભરાય અને નાવ ડૂબે નહિ; તેવી રીતે જે કર્મોને આવવાનાં દ્વાર બંધ કરી દે છે તેને પરમ સંવર થાય છે. **સમ્યગ્દર્શનથી તો મિથ્યાત્વ નામના આસ્રવનું દ્વાર બંધ થઈ જાય છે.** ઈન્દ્રિયો તથા મનને સંયમરૂપ પ્રવર્તન કરાવવાથી ઈન્દ્રિયોથી થવાવાળો આસ્રવ અટકીને (બંધ

થઈ)સંવર થઈ જાય છે. છ કાયના જીવોનો ઘાત કરવાવાળો આરંભ ત્યાગી દેવાથી પ્રાણી સંયમ થવાથી અવિરતિ દ્વારા થવાવાળો આસ્રવ રોકાઈ જવાથી સંવર થાય છે.

**કષાયોને જીતીને, દશ લક્ષણરૂપ ધર્મને ધારણ કરવાથી, ચારિત્ર પ્રગટ થવાથી, કષાયોના અભાવથી સંવર થાય છે.** ધ્યાનાદિ તપથી, સ્વાધ્યાય તપથી, યોગો દ્વારા આવવાવાળા કર્મોના રોકાવાથી સંવર થાય છે. ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ લક્ષણ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહોને સહવા, પાંચ પ્રકારનું ચારિત્ર પાળવું, એમનાથી નવાં કર્મ આવતાં નથી. (બંધાતાં નથી)

મન, વચન, કાયાના યોગોને રોકવા **ગુપ્તિ** છે. પ્રમાદ છોડી યત્નથી પ્રવર્તવું **સમિતિ** છે. જેમાં દયા મુખ્ય હોય છે તે **ધર્મ** છે. સ્વતત્ત્વનું ચિંતવન કરવું **ભાવના** છે. કર્મના ઉદયથી આવેલા ક્ષુધા-તૃષાદિ પરીષહોને કાયરતા રહિત સમભાવથી સહેવા તે **પરીષહજય છે. રાગાદિ દોષ રહિત પોતાના જ્ઞાન સ્વભાવી આત્મામાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે.**

આ રીતે જે વિષયોથી પરાન્મુખ થઈ સર્વ ક્ષેત્રે-સર્વ કાળે પ્રવર્તે છે, તેને ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય, ચારિત્ર - એમનાથી નવા કર્મોનું આવવાનું રોકાઈ જાય છે, નવાં કર્મ આવતાં નથી, તે જ સંવર છે. જે આ સંવરના કારણોનું ચિંતવન કરે છે તેને નવા-નવા આસ્રવ બંધ થતા નથી. આ રીતે સંવર ભાવનાનું વર્ણન કર્યું.

## (૯) નિર્જરા ભાવના

હવે નિર્જરા ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. જેઓ જ્ઞાની વીતરાગી થઈ મદ રહિત - નિદાન રહિત થઈ બાર પ્રકારનું તપ કરે છે તેમને ઘણી નિર્જરા થાય છે. સમસ્ત કર્મોના ઉદયરૂપ રસને પ્રગટ કરી ખરી જવું તે નિર્જરા છે. નિર્જરાના બે ભેદ છે - સવિપાક નિર્જરા, અવિપાક નિર્જરા.

પોતાના ઉદય કાળે કર્મોનું રસ આપી ખરી પડવું **તે સવિપાક નિર્જરા છે.** ચારેય ગતિઓમાં જે કર્મ પોતાનું રસરૂપી ફળ આપી નિર્જરી જાય છે તે સવિપાક નિર્જરા છે. વ્રત, સંયમ, તપ ધારણ કરવાથી ઉદય કાળ આવ્યા વિના જ કર્મોનું ખરી જવું તે **અવિપાક નિર્જરા** છે. મંદ કષાયના ભાવ સહિત જેમ-જેમ તપ વધે છે તેમ-તેમ નિર્જરાની વૃદ્ધિ થાય છે. જે પુરૂષ કષાય વેરીને જીતીને દુર્જનોનાં દુર્વચન, ઉપદ્રવ, ઉપસર્ગ, અનાદર આદિને કલુષિત ભાવ રહિત થઈ સહે છે તેને મહા નિર્જરા થાય છે.

દુષ્ટો દ્વારા ઉપદ્રવ કરવામાં આવતાં, કર્મકૃત પરીષહ, દારિદ્રય, રોગ, દુષ્ટોનો

સમાગમ વિગેરે થવાથી **આ રીતે વિચાર કરે છે -** મેં પૂર્વ કાળે જે પાપ બાંધ્યું હતું આ તેનું ફળ છે, હવે સમ ભાવથી ભોગવું, કર્મરૂપી દેવું છૂટશે નહિ, વિષાદ કરીશ તો કર્મ છોડશે નહિ; સંકલેશ પરિણામ કરવાથી તો સંખ્યાત-અસંખ્યાતગણાં બીજા નવાં કર્મ બાંધીશ.

જે ઉત્તમ પુરૂષ શરીરને કેવળ મમત્વ ઉપજાવનાર, વિનાશીક, અશુચિ(અપવિત્ર), દુઃખદાયક જાણે છે; સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રને સુખ ઉપજાવનાર, નિર્મળ, નિત્ય, અવિનાશી જાણે છે; પોતાની નિંદા કરે છે, ગુણીજનોનો મહા આદર કરી તેમને મહાન માને છે, મન અને ઈન્દ્રિયોને જીતી પોતાના જ્ઞાન સ્વભાવમાં લીન થાય છે; તેમનો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવો સફળ થાય છે; પાપ કર્મોની ઘણી નિર્જરા થાય છે, સંસારને છેદવાવાળા સાતિશય પુણ્યનો બંધ થાય છે, તથા તેમને જ પરમ અતિન્દ્રિય, અવિનાશી, અનંત સુખ થાય છે.

જે સમભાવરૂપ સુખમાં લીન થઈ વારંવાર પોતાના સ્વરૂપની ઉજ્જવળતાનું સ્મરણ કરે છે, ઈન્દ્રિયો તથા કષાયોને મહા દુઃખરૂપ જાણી જીતે છે તે પુરૂષને ખૂબ નિર્જરા થાય છે. આ રીતે નિર્જરા ભાવનાનું વર્ણન કર્યું.

## (૧૦) લોક ભાવના

હવે લોક ભાવનાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. બધી બાજુ અનંતાનંત આકાશ છે, તેની બિલકુલ વચ્ચે લોક છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ - એમનો સમુદાય જેટલાં આકાશમાં રહ્યો છે, દેખાય છે, તે લોક છે. તે ત્રણસો તેતાલીસ ઘન રાજૂ પ્રમાણ ક્ષેત્ર છે. તેની બહાર અનંતાનંત આકાશ છે, તેને અલોક કહે છે.

આ લોકમાં અનંતાનંત જીવ છે, જીવોથી અનંતગણા પુદ્ગલ છે, એક ધર્મ નામનું દ્રવ્ય છે, એક અધર્મ નામનું દ્રવ્ય છે, એક આકાશ દ્રવ્ય છે, કાળ દ્રવ્ય અસંખ્યાત છે. જો આ દ્રવ્યોનું સ્વરૂપ, લોકના વિસ્તાર આદિનું સ્વરૂપ, અવગાહન વિગેરેનું વર્ણન કરવામાં આવે તો વર્ણન ઘણું થઈ જાય. ગ્રંથનો વિસ્તાર થોડો-થોડો કરતાં પણ ઘણો થઈ રહ્યો છે; તથા હવે મારા આયુષ્યનો પણ રોગની અધિકતાથી-શરીરનું બળ ઘટી જવાથી થોડો સમય જ બાકી રહ્યો હોય તેમ જણાય છે, એટલા માટે ગ્રંથનો પ્રારંભ કર્યો છે તો તેની પૂર્ણતારૂપ ફળની આવશ્યકતા છે. એટલે આ છ યે દ્રવ્યોનું વિસ્તારથી વર્ણન અન્ય ગ્રંથોથી જાણી લેવું.

## (૧૧) બોધિદુર્લભ ભાવના

હવે બોધિદુર્લભ ભાવનાનું સ્વરૂપ ટૂંકમાં કહીએ છીએ. આ જીવ અનાદિ કાળથી નિગોદમાં રહ્યો છે. એક નિગોદના શરીરમાં પૂર્વે થયેલા સિદ્ધોથી અનંતગણા જીવ છે, તે બધા પોત-પોતાના કાર્માણ શરીર સહિત એક નિગોદના શરીરની અવગાહનામાં રહે છે. આ પ્રકારના બાદર-સૂક્ષ્મ નિગોદિયા જીવોના શરીરોથી સંપૂર્ણ લોક ઉપર-નીચે-અંદર-બહાર પૂરેપૂરો (ઠસાઠસ) ભરેલો છે. પૃથ્વીકાય આદિ અન્ય પાંચ સ્થાવરોથી પણ આ લોક નિરંતર ભરેલો છે. **એમાં ત્રસપણું પામવું (તે) રેતીના સમુદ્રમાં પડેલી હીરાની કણિકાને પામવા સમાન દુર્લભ છે.**

કદાચ જો ત્રસપણું પણ પ્રાપ્ત થઈ જાય તો ત્રસમાં વિકલેન્દ્રિયોની પ્રચુરતા છે; એમાં પંચેન્દ્રિયપણું અસંખ્યાત કાળ સુધી પરિભ્રમણ કરવા છતાં પણ પ્રાપ્ત થતું નથી. ફરી વિકલત્રયમાં મરીને નિગોદમાં અનંત કાળ વીતે છે. પછી પાંચ સ્થાવરોમાં અસંખ્યાત કાળ વીતે છે, પાછો નિગોદમાં ચાલ્યો જાય છે. આ રીતે પરિભ્રમણ કરતાં-કરતાં અનંત પરિવર્તન પૂરાં થઈ જાય છે, પણ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થવું દુર્લભ છે. પંચેન્દ્રિયોમાં પણ મન સહિત હોવું વિશેષ દુર્લભ છે. અસંજ્ઞી રહી હિત-અહિતના જ્ઞાન રહિત, શિક્ષા-ક્રિયા-ઉપદેશ-આલાપ આદિ રહિત, અજ્ઞાન ભાવથી નરક નિગોદ આદિ તિર્યંચગતિમાં દીર્ઘ કાળ સુધી પરિભ્રમણ કરે છે.

ક્યારેક મન સહિત પણ થાય છે તો ક્રૂર તિર્યંચોમાં રૌદ્ર પરિણામી, તીવ્ર અશુભ લેશ્યાપૂર્વક ઘોર નરકમાં અસંખ્યાત કાળ સુધી અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. અસંખ્યાત કાળ નરકનાં દુઃખ ભોગવી પાછો પાપી તિર્યંચ થાય છે; પછી નરકમાં તથા તિર્યંચોમાં અનેક પ્રકારનું ઘોર દુઃખ ભોગવતો થકો અસંખ્યાત પર્યાયો તિર્યંચની તથા નરકની ભોગવી પાછો સ્થાવરોમાં પરિભ્રમણ કરી અનંત જન્મ, મરણ, ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણતા, મારણ, તાડન સહેતો થકો અનંત કાળ વ્યતીત કરે છે.

**જેમ ક્યારેક ચોરાહા પર રત્નરાશિ (ખજાનો) મળી જાય તેમ દુર્લભ મનુષ્યપણું પામીને પણ જો મલેચ્છ મનુષ્ય થયો તો ત્યાં પણ ઘોર પાપનો સંચય કરી, નરકાદિ ચતુર્ગતિમાં પરિભ્રમણ કરવાવાળાને ફરીથી મનુષ્ય જન્મ મળવો ખૂબજ દુર્લભ છે.** ત્યાં પણ આર્ય ખંડમાં જન્મ લેવો અતિ દુર્લભ છે. આર્ય ખંડમાં પણ ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. ભીલ, ચાંડાળ, કોળી,

ચમાર, કલાલ, ધોબી, નાઈ, **ખાતી** (ખોદવાવાળો), લુહાર ઈત્યાદિ નીચ કુળ ઘણાં છે, ઉચ્ચ કુળ પ્રાપ્ત થવું દુર્લભ છે.

જો કદાચ ઉચ્ચ કુળ પણ મળ્યું, પણ ધન રહિત સ્થિતિ રહી તો તિર્યંચોની જેમ સામાન ભાર ઉઠાવી, નીચ કુળધારીઓની સેવામાં તત્પર રહી, આઠેય પ્રહર અધર્મ કર્મ કરી પરાધીન વૃત્તિ દ્વારા પેટ ભર્યું, તેવું ઉચ્ચ કુળ પામવું વૃથા છે.

જો ધન સહિત પણ થયો, પણ કાન, આંખ આદિ ઈન્દ્રિયોથી વિકલ(અપંગ) રહ્યો તો તેનું ધન પ્રાપ્ત કરવું વ્યર્થ છે. ઈન્દ્રિયો પરિપૂર્ણ હોવા છતાં પણ રોગ રહિત શરીર મળવું દુર્લભ છે. રોગ રહિત હોવા છતાં પણ દીર્ઘ આયુષ્યનું મળવું દુર્લભ છે. દીર્ઘાયુ મળવા છતાં પણ શીલરૂપ અર્થાત્ યોગ્યરૂપે મન-વચન-કાયાનું ન્યાયરૂપ પ્રવર્તન દુર્લભ છે. ન્યાયરૂપ પ્રવર્તન હોવા છતાં પણ સત્પુરૂષોનો સત્સંગ મળવો દુર્લભ છે.

**સત્સંગ મળવા છતાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું દુર્લભ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા છતાં પણ સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થવું દુર્લભ છે. સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થવાં છતાં પણ આયુષ્યની પૂર્ણતા સુધી સમાધિ મરણ સુધી પાલન થવું દુર્લભ છે. રત્નત્રય પ્રાપ્ત કરીને પણ જો તીવ્ર કષાયાદિ ઉપજાવી નાખે તો સંસાર સમુદ્રમાં જ નષ્ટ થઈ જાય છે, તથા સમુદ્રમાં પડેલા રત્ન સમાન ફરી રત્નત્રયનું પામવું દુર્લભ થઈ જાય છે.**

**રત્નત્રયની પ્રાપ્તિ મનુષ્ય ગતિમાં જ થઈ શકે છે. મનુષ્ય ગતિમાં જ વ્રત, તપ, સંયમથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. આવો દુર્લભ મનુષ્ય જન્મ પામીને પણ જેઓ વિષયોમાં રમણ કરે છે તેઓ રાખને માટે દિવ્ય રત્નને બાળે છે.** આ રીતે બોધિદુર્લભ ભાવનાનું વર્ણન કર્યું.

## (૧૨) ધર્મભાવના

હવે ધર્મભાવનાનું સ્વરૂપ ટૂંકમાં કહીએ છીએ. ધર્મનું સ્વરૂપ દશ લક્ષણ ભાવનામાં કહ્યું જ છે. **ધર્મ તો આત્માનો સ્વભાવ છે.** તે ધર્મ ભગવાન સર્વજ્ઞ વીતરાગ દ્વારા પ્રકાશિત દશ લક્ષણ, રત્નત્રય તથા જીવદયારૂપ છે. તેનું વર્ણન યથા અવસર ટૂંકમાં આ ગ્રંથમાં લખ્યું જ છે. આ સંસારમાં ધર્મને જાણવાની સામગ્રી જ અતિદુર્લભ છે.

**ધર્મશ્રવણ કરવો દુર્લભ છે, ધર્માત્માની સંગતિ દુર્લભ છે. ધર્મમાં શ્રદ્ધા, જ્ઞાન, આચરણ, કોઈ વિરલા પુરૂષને મોહની મંદતાથી, કર્મોની ઉપશમતાથી થાય છે.**

**જો આ સંસારી જીવ જે રીતે ઈન્દ્રિયોના વિષયોમાં; સ્ત્રી, પુત્ર, ધનાદિમાં પ્રીતિ કરે છે તેવી રીતે એક જન્મમાં પણ ધર્મથી પ્રીતિ કરે તો સંસારના દુઃખોનો અભાવ થઈ જાય.** આ સંસારી પોતાના માટે નિરંતર સુખ ઈચ્છે છે, પરંતુ સુખનું કારણ જે ધર્મ છે, તેનો આદર કરતો નથી, તેને સુખ કેવી રીતે મળે ? **બીજ વાવ્યા વિના ધાન્ય (અનાજ)ની પ્રાપ્તિ કેવી રીતે થાય?** આ સંસારમાં પણ જે ઈન્દ્રપણું, અહમિન્દ્રપણું, તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, બળભદ્રપણું, નારાયણપણું હોય પ્રાપ્ત થાય છે તે ધર્મના પ્રભાવથી જ થાય છે.

અહીં પણ ઉત્તમકુળ, રૂપ, બળ, ઐશ્વર્ય, રાજ્ય, સંપદા, આજ્ઞા, સપૂત પુત્ર, સૌભાગ્યવતી સ્ત્રી, હિતકારી મિત્ર, વાંછિત કાર્ય કરવાવાળો સેવક, નિરોગતા, ઉત્તમ ભોગ-ઉપભોગ, રહેવા માટે દેવ વિમાન સમાન મહેલ, સુંદર સંગતિમાં પ્રવૃત્તિ, ક્ષમા, વિનય, મંદકષાયપણું, પંડિતપણું, કવિપણું, ચતુરાઈ, હસ્તકળા, પૂજ્યપણું, લોકમાન્યતા, ખ્યાતિ, દાતારપણું, ભોગીપણું, ઉદારપણું, શૂરવીરતા ઈત્યાદિ ઉત્તમગુણ, ઉત્તમ સંગતિ, ઉત્તમ બુદ્ધિ, ઉત્તમ પ્રવૃત્તિ જે કંઈ જોવા-સાંભળવવામાં આવે છે તે બધો ધર્મનો જ પ્રભાવ છે.

ધર્મના પ્રતાપથી વિષમ પણ સુગમ થઈ જાય છે, મહાન ઉપદ્રવ પણ દૂર ભાગી જાય છે, ઉદ્યમ રહિતને પણ લક્ષ્મીનો સમાગમ થઈ જાય છે. ધર્મના પ્રભાવથી અગ્નિનો, જળનો, પવનનો, વર્ષાનો, રોગનો, મહાચારીનો, સિંહ-સાપ-હાથી આદિ ક્રૂર જીવોનો, નદીનો, સમુદ્રનો, વિષનો, પરચક્રનો, દુષ્ટ રાજાનો, દુષ્ટ વેરીઓનો, ચોરોનો, સમસ્ત ઉપદ્રવ દૂર થઈ આત્માને અનેક સુખરૂપ વૈભવની પ્રાપ્તિ થાય છે. **માટે જો સર્વજ્ઞના પરમાગમના શ્રદ્ધાની-જ્ઞાની છો તો માત્ર ધર્મનું જ શરણ ગ્રહણ કરો.** આ રીતે સંસ્થાન વિચય ધર્મધ્યાનમાં બાર ભાવનાઓનું ટૂંકમાં વર્ણન કર્યું.

**ધર્મધ્યાનના અન્ય રીતે ચાર ભેદ -** ધર્મધ્યાનના કથનનું ધ્યાન નામના તપમાં વર્ણન કર્યું. હવે ધર્મધ્યાનના વર્ણનમાં જ્ઞાનાર્ણવ આદિ ગ્રંથોમાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન-એમ ચાર પ્રકારનાં કહ્યાં છે. તેનો સંક્ષેપ આ ગ્રંથમાં પણ બતાવીએ છીએ -

**(૧) પિંડસ્થ ધર્મધ્યાન -** પિંડસ્થ ધ્યાનમાં ભગવાને પાંચ ધારણાઓનું વર્ણન કર્યું છે. તેમને સમ્યક્ પ્રકારે જાણવાવાળો સંયમી સંસારરૂપી બંધનનો છેદ કરે છે. પાર્થવી ધારણા,

આગ્નેયી ધારણા, પવન ધારણા, વારૂણી ધારણા, તત્વ રૂપવતી ધારણા - એ પાંચ ધારણાઓ જાણવા યોગ્ય છે.

**(૧) પાર્થિવી ધારણા -** પૃથ્વી સંબંધી પાર્થિવી ધારણાના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. આ મધ્યલોક સમાન ગોળ એક રાજૂના વિસ્તારવાળા ક્ષીર સમુદ્રનો વિચાર કરવો. ક્ષીર સમુદ્રનો કેવી રીતે વિચાર કરવો ? અવાજ રહિત, લહેરો રહિત (પૂર્ણ શાન્ત નિશબ્દ) શ્વેત ઓસ કે બરફના સમાન ઉજ્જવળ ક્ષીર સમુદ્રનો વિચાર કરવો. તે ક્ષીર સમુદ્રની વચ્ચે તપાવેલા સુવર્ણ સમાન અપરિમિત પ્રભાવના ધારી, એક હજાર પત્ર પાંખડીયુકત પદ્મરાગ મણિમય ઉદયરૂપ કેશરાવલિ યુકત એક કમળનો વિચાર કરવો.

**કમળ કેવા પ્રકારનું છે ?** જંબુદ્વીપ સમાન એક લાખ યોજનના વિસ્તારના કમળનો વિચાર કરવો. તેની વચ્ચે ચિત્તરૂપ ભમરાને પ્રસન્ન કરવાવાળી, મેરૂ સમાન કર્ણિકા પોતાની કાન્તિથી દસેય દિશાઓને પીળી કરતી શોભાયમાન છે. તે કર્ણિકાની વચ્ચે શરદઋતુના ચંદ્રમાની કાંતિ (તેજ) સમાન ઉજ્જવળ એક ઉંચા સિંહાસન ઉપર પોતે સુખરૂપ, રાગ-દ્વેષરહિત, સંસારમાં ઉત્પન્ન કર્મ સમૂહને નાશ કરવાનો ઉદ્યમી બેઠો છે, એવો વિચાર કરવો.

**ત્યાં આવો વિચાર કરવો -** એક ઉજ્જવળ ક્ષોભરહિત, શબ્દરહિત, મધ્યલોકના જેટલા વિસ્તારવાળા ક્ષીર સમુદ્રની વચ્ચે જંબુદ્વીપ જેટલા તપાવેલા સુવર્ણ સમાન કાન્તિ(તેજ)નો પુંજ, પદ્મરાગ મણિમય કેશરિયા, એક હજાર પાંખડીનું એક કમળ છે. તે કમળની વચ્ચે મેરૂસમાન મહાકાન્તિની પુંજ કર્ણિકા છે. તે કર્ણિકાની વચ્ચે શરદના ચંદ્રમા સમાન કાન્તિનો પુંજ ઉન્નત એક સિંહાસન તેના ઉપર વચ્ચે ક્ષોભરહિત, રાગ-દ્વેષ રહિત, કર્મનો નાશ કરવામાં ઉદ્યમી નિશ્ચલ બેઠેલા પોતાના આત્માનો વિચાર કરવો તે પાર્થિવી ધારણા છે.

**(૨) આગ્નેયી ધારણા -** પાર્થિવી ધારણાનો જ્યારે દઢ અભ્યાસ થઈ જાય ત્યારે તે સ્ફટિક મણિમય સિંહાસનમાં બેસી પોતાના નાભિમંડળમાં મનોહર સોળ ઉન્નત પાંદડાંવાળા એક કમળનો વિચાર કરવો. તે કમળના એક-એક પાંદડા ઉપર બેઠેલી સોળ સ્વરોની પંક્તિ - અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ ઌ ૡ એ, ઓ ઔ અં અઃ આ ક્રમથી સ્થાપિત કરી વિચાર કરવો. તે કમળની કર્ણિકામાં બેઠેલો એક શૂન્ય અક્ષર રકાબ બિંદુ અર્ધચંદ્રાકાર કલા યુકત, બિંદુમાંથી કોટિ કાંતિયુકત દશ દિશાઓને વ્યાપ

કરે છે. એવા મંત્રનો વિચાર કરવો. પછી તે મંત્રના રકાબથી મંદ-મંદ નીકળતો ધૂમ વિચાર કરવો. પછી અગ્નિના સ્ફુલિંગની પંક્તિનો વિચાર કરવો.

તે પછી મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન અગ્નિની જ્વાળાનો સમૂહ ઉંચો ઉઠતો જાણી પોતાના હૃદય સ્થાને બેઠેલા અધોમુખ આઠ કર્મમય આઠ પાંખડીઓના કમળને જલાવી દેવું. તેના પછી બહાર આવી ત્રિકોણ અગ્નિ મંડળ અગ્નિના બીજાક્ષર રકાર(ર) સહિત સ્વસ્તિક ચિહ્ન સહિત જ્વાળાના સમૂહથી - અગ્નિથી શરીરને બાળી નાખવું. તેના પછી નિર્ધૂમ અગ્નિ સુવર્ણ સમાન પ્રભાની ધારક ધગધગતી - અંદર તો મંત્રના અગ્નિથી કર્મોને બાળી નાખ્યાં તથા બહાર શરીરને અગ્નિમય કરી બાળી નાખ્યું, પછી બાળવા લાયક કંઈ ન રહ્યું, ત્યારે અગ્નિ ધીરે-ધીરે સ્વયમેવ શાન્ત થઈ શીતળ થઈ જાય છે. અહીં સુધી આ અગ્નિધારણાનું વર્ણન કર્યું.

**(૩) પવન ધારણા -** હવે પવન ધારણાનું વર્ણન કરીએ છીએ. કેવો છે પવન ? મહાવેગયુકત તથા મહાબળવાન, દેવોના સમૂહને પણ ચલાયમાન કરતો થકો, મેરૂને કંપાયમાન કરતો થકો, મેઘોના સમૂહને ચીરતો, મહાસમુદ્રને ક્ષોભરૂપ કરતો થકો, મોટા ભવનોની અંદરથી ગમન કરતો થકો દિશાઓના મુખમાં ચાલતો થકો, જગતની વચ્ચે ફેલાતો, પૃથ્વી તળમાં પ્રવેશ કરતો થકો - એવો પવન સંપૂર્ણ આકાશભરમાં વિચરણ કરતો હોય(તેવું) સ્મરણ કરવું. તે પ્રબળ પવનથી તે બળેલી કર્મ રજ અને શરીરની રજ ઉડી જાય છે તથા ધીરે-ધીરે પવન શાંત થઈ જાય છે. આ રીતે પવન ધારણાનું વર્ણન કર્યું.

**(૪) વારૂણી ધારણા -** વારૂણી ધારણામાં વાદળોના સમૂહથી વ્યાપેલા આકાશનો વિચાર કરવો. કેવો છે મેઘ ? ઈન્દ્રધનુષ અને વીજળીની ચમક તથા મહાગર્જના સહિત સ્મરણ કરવું. અમૃતથી ઉત્પન્ન સઘન મોતી સમાન ઉજ્જવળ જાડી ધારે નિરંતર વરસતો હોય (તેવું) સ્મરણ કરવું. તે પછી વરૂણ બીજાક્ષરથી ચિહ્નિત તથા અમૃતમય જળથી ભરેલા આકાશમાં વ્યાપતા અર્ધચંદ્રના આકારના વરૂણાપુરનો વિચાર કરવો. તે અચિન્ત્ય પ્રભાવરૂપ દિવ્ય-ધ્વનિરૂપ જળ દ્વારા, શરીર તથા કર્મોને બાળવાથી ઉત્પન્ન થયેલી, પવનના ઉડાડવાથી બાકી રહેલી, સમસ્ત રજને પ્રક્ષાલિત કરતો થકો સ્મરણ કરવો. આ રીતે વારૂણી ધારણાનું વર્ણન કર્યું.

**(૫) તત્વરૂપવતી ધારણા -** તેના પછી સિંહાસન ઉપર બેઠેલા, દિવ્ય, અતિશયોથી યુકત, કલ્યાણકોની મહિમા યુકત, ચાર પ્રકારના દેવોથી પૂજ્ય, સમસ્ત

કર્મ રહિત, અત્યંત નિર્મળ, પ્રગટ પુરૂષાકાર પોતાના શરીરના અંદર સપ્તધાતુરહિત, પૂર્ણ ચંદ્રમાના સમાન કાન્તિ (તેજ)ના પુંજ, **સર્વજ્ઞ સમાન પોતાના આત્માનું સ્મરણ-વિચાર કરવો.** આ તત્વરૂપવતી ધારણાનું વર્ણન કર્યું.

આ રીતે પાંચધારણારૂપ પિંડસ્થ ધર્મધ્યાનના ચિંતવનમાં નિશ્ચલ અભ્યાસ કરતા યોગી અલ્પકાળમાં સંસારનો અભાવ કરી દે છે. આવા આ પિંડસ્થ ધર્મધ્યાનમાં મહા કાન્તિયુકત જગતને આહ્લાદિત કરતા થકા, સર્વજ્ઞ સમાન મેરૂના શિખર ઉપર સિંહાસન પર બિરાજમાન સમસ્ત દેવો દ્વારા વંદનીય આત્માનું નિશ્ચલ (દ્દઢ) ચિંતવન કરી જિનાગમરૂપ મહા સમુદ્રના નિષ્ણાત થઈ જાય છે.

આ ધ્યાનના જ પ્રભાવથી દુષ્ટો દ્વારા કરેલા વિદ્યા, મંડળ, મંત્ર, યંત્રાદિ ક્રૂર ક્રિયાનો નાશ થઈ જાય છે. સિંહ, સાપ, શાર્દુલ , વાઘ, ગેંડા, હાથી ઈત્યાદિ ક્રૂર જીવ શાંત થઈ નિઃસાર થઈ જાય છે; ભૂત, રાક્ષસ, પિશાચ, ગ્રહ, શાકિની આદિ દુષ્ટ દેવોની ક્રૂર વાસનાનો અભાવ થઈ જાય છે. આ રીતે પિંડસ્થ ધર્મધ્યાનના સ્વરૂપનું વર્ણન કર્યું.

**(૨) પદસ્થ ધર્મધ્યાન** - હવે પદસ્થ ધર્મધ્યાનના સ્વરૂપનું વર્ણન કરીએ છીએ. જે પુરાણા આચાર્યો દ્વારા પ્રસિદ્ધ સિદ્ધાંતમાં મંત્રપદ છે, તેમનું ધ્યાન કરવું તે પદસ્થધ્યાન છે. અનાદિ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ સમસ્ત શબ્દ રચનાની જન્મભૂમિ, જગતને વંદવા લાયક **વર્ણમાતૃકાનું** ધ્યાન કરવું. **નાભિમાં એક સોળ પાંખડીવાળા કમળનો વિચાર કરો.** તેના દરેક પત્તા ઉપર સોળ સ્વરોની પંક્તિ ભ્રમણ કરતી હોય(તેવો) વિચાર કરો - અ આ ઇ ઈ ઉ ઊ ઋ ૠ લૃ ૡ એ ઐ ઓ ઔ અં અઃ - આ સોળ સ્વરોની પંક્તિનો વિચાર કરવો.

પોતાના હૃદય સ્થાનમાં ચોવીસ પાંખડીઓવાળા કમળનો વિચાર કરવો. તેની કર્ણિકા સહિત પચ્ચીસ સ્થાનોમાં પાંચ વર્ગના પચ્ચીસ અક્ષર - ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ - એનો વિચાર કરવો. મુખમાં આઠ પાંખડીઓવાળા કમળનો વિચાર કરવો. તેમાં ય ર લ વ શ ષ સ હ - આ આઠ અક્ષર પ્રદક્ષિણારૂપ પરિભ્રમણ કરતા હોય (તેમ) વિચાર કરવો. આ રીતે અનાદિ પ્રસિદ્ધ વર્ણમાતૃકાનું સ્મરણ કરી જ્ઞાની શ્રુતજ્ઞાન સમુદ્રમાં પારંગત થઈ જાય છે. આ વર્ણમાતૃના ધ્યાનથી નાશ પામેલી વસ્તુનું જ્ઞાન થઈ જાય છે; ક્ષય, રોગ, અરૂચિ રોગ, મંદાગ્નિ, કોઢ, ઉદર રોગ, કાસ-શ્વાસ, આદિ રોગોને જીતી લે છે; તથા અસદશ વચનકળા તથા મહંત પુરૂષોથી પૂજ્યપણું પામી ઉત્તમગતિને પામે છે.

પરમાગમમાં કહેલા પાંત્રીસ અક્ષરોનો મંત્ર જપવો - **ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવઝ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં; ''અર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યો નમઃ''** આ રીતે સોળ અક્ષરોવાળા મંત્રપદનું ધ્યાન કરવું: **''ણમો અરહંતાણં''** એવા સાત અક્ષરોના મંત્રનો જાપ કરવો; **''અરહંત સિદ્ધ''** એવા છ અક્ષરોના મંત્રનું; **''અસિઆઉસા''** એવા પાંચ અક્ષરોના મંત્રનું; **''ણમો સિદ્ધાણં''** એવા પાંચ અક્ષરોના મંત્રનું, **''નમઃ સિદ્ધેભ્યઃ''** એવા પાંચ અક્ષરોના મંત્રનું; **''અરહંત''** એવા ચાર અક્ષરોના મંત્રનું; ''સિદ્ધ'' આ બે અક્ષરોના મંત્રનું, **''ૐ''** આ એક અક્ષરના મંત્રનું; ''અં'' આ એક અક્ષરના મંત્રનું ધ્યાન કરવું; પરમેષ્ઠીના વાચક અનેક મંત્રોનું પરમ ગુરૂઓના ઉપદેશથી ધ્યાન કરવું.

ચત્તારી મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિ પણ્ણતો ધમ્મો મંગલં - એ ચાર મંગળ પદ; ચત્તારિ લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણતો ધમ્મો લોગુત્તમો - એ ચાર ઉત્તમ પદ; તથા ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરિહંતે શરણં પવ્વજ્જામિ, સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિ પણ્ણતં ધમ્મં શરણં પવ્વજ્જામિ - **એ ચાર શરણ પદ છે.** એમનું કર્મપટલ નાશ કરવા માટે નિત્ય (દરરોજ) ધ્યાન કરવું.

ત્રણલોકમાં આ ચાર જ મંગળ છે, ચાર જ ઉત્તમ છે, ચાર જ શરણ છે. ધ્યાનમાં નિરંતર એમનું સ્મરણ કરવું. એમના સિવાય બીજા પણ અનેક મંત્ર આ જીવના રાગ-દ્વેષ-મોહ-મૂર્ચ્છાનો નાશ કરવા માટે; વેર વિરોધ દૂર કરવા માટે; દુર્ધ્યાનનો નાશ કરવા માટે, પરમ શાંત ભાવ ઉત્પન્ન કરવા માટે; વિષયોમાં રાગ નષ્ટ કરવા માટે; પાંચ ઈન્દ્રિયોને જીતવા માટે, વીતરાગતા વધારવા માટે, બધી પર વસ્તુમાં વાંછા-મમતા રહિત થઈ ગુરૂઓના ઉપદેશથી ધ્યાન કરવા યોગ્ય છે; જાપ કરવા યોગ્ય છે; તેમનાથી કર્મોની ઘણી નિર્જરા થાય છે; ક્રમથી સંસાર પરિભ્રમણનો અભાવ થઈ જાય છે.

**દુર્ધ્યાન, દુર્ધ્યાની અને દુર્ધ્યાનનું ફળ -** જેઓ રાગી-દ્વેષી-મોહી થઈ બીજાના મારણ, ઉચ્ચાટન, વશીકરણ વિગેરે માટે; વિષયભોગો માટે; વેરીઓના નાશ માટે; રાજ્ય સંપદા ગ્રહણ કરવા માટે; મંત્રનો જાપ કરે છે, ધ્યાન-મુદ્રા-તપ વિગેરે દઢ થઈને કરે છે **તેઓ ઘોર સંસાર પરિભ્રમણના કારણ મિથ્યાદર્શન આદિ અશુભકર્મોનો બંધ કરે છે.** ખોટી વાસના, ખોટું ધ્યાન, તથા વ્યંતર દેવ, દેવી, યક્ષણી વિગેરે કુદેવોનું ધ્યાન કરવાથી પોતાના પરિણામોને શ્રદ્ધાન-જ્ઞાનથી ભ્રષ્ટ કરી ઘોર સંસારમાં પરિભ્રમણ કરે છે.

જો કદાચ કોઈને ચિત્તની એકાગ્રતારૂપ તપના પ્રભાવથી, મંદ કષાયના પ્રભાવથી તથા શુભકર્મના ઉદયથી ખોટી વિદ્યા સિદ્ધ થઈ જાય છે તો તે વિષય, કષાય, અભિમાનને વધારી સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણનો ઘાત કરી, પાપમાં પ્રવર્તન કરી દુર્ગતિ પામે છે. આ રીતે જાણી વીતરાગતાનો નાશ કરનાર ખોટા મંત્ર, યંત્ર, મુદ્રા મંડલાદિનો ત્યાગ કરો.

**ધ્યાન માટે ગૃહસ્થાશ્રમની અયોગ્યતા :- મહામોહરૂપી અગ્નિથી બળતા આ જગતમાં કષાયોને છોડી કોઈ પરમ યોગી જ પાર ઉતરી શકે છે.** અહીં હજારો કષ્ટ, આધિ, વ્યાધિથી ભરેલા સંસારમાં મહા પરાધીન રાગ-દ્વેષ-મોહરૂપી વિષથી વ્યાપ્ત અતિનિંદ્ય ગૃહવાસમાં મોટા મોટા બુદ્ધિમાન પણ પ્રમાદ આદિને જીતીને ચંચળમનને વશમાં કરવા સમર્થ થઈ શકતા નથી. આ ગૃહસ્થાશ્રમમાં અનેક ધન-પરિગ્રહ આદિના સંયોગમાં એક-એક વસ્તુની મમતારૂપ જાળ તથા **આશારૂપી ડાકણથી પકડાયેલા તથા સ્ત્રીઓના રાગમાં આંધળા થયેલા આ જીવ આત્માના હિતને જાણવામાં અસમર્થ છે.**

આ ગૃહસ્થાશ્રમમાં નિરંતર આર્તધ્યાનરૂપી અગ્નિમાં બળતા, ખોટી વાસનારૂપી ધૂમાડાથી જ્ઞાનરૂપી નેત્ર જેમના બીડાઈ ગયા છે, તથા અનેક ચિંતારૂપ જ્વરથી જેમનો આત્મા અચેત (બેહોશ) થઈ રહ્યો છે, તેમને સ્વપ્નમાં પણ ધ્યાનની સિદ્ધિ થતી નથી. આપદારૂપી મહાકાદવમાં ફસાયેલા, પ્રબળરાગરૂપી પિંજરામાં પીડાઈ રહેલા, તથા પરિગ્રહરૂપી વિષથી મૂર્ચ્છિત ગૃહસ્થ આત્માને હિતકારી ધ્યાન કરવામાં અસમર્થ છે. પોતાના જ આરંભ-પરિગ્રહમાં મમતારૂપી બુદ્ધિથી સ્વયં જ પોતાને બાંધીને પરાધીન થઈ રહ્યા છે. રાગાદિરૂપી વેરીઓને ગૃહના ત્યાગી-સંયમી થયા વિના જીતી શકાતા નથી.

**મિથ્યાદષ્ટિ વેશધારીને પણ ધ્યાનની અયોગ્યતા -** ગૃહના ત્યાગી થઈને પણ વિપરીત તત્વને ગ્રહણ કરવાવાળા મિથ્યાદષ્ટિઓને સ્વપ્નમાં પણ ધ્યાનની સિદ્ધિ થતી નથી. સાધુપણામાં પણ પૂર્વાપર વિરૂદ્ધ અર્થની સત્તાનો આશ્રય કરવાવાળા પાખંડીઓને પણ ધ્યાન થવું સંભવતું નથી. **સર્વથા એકાન્ત ગ્રહણ કરવાવાળા પાખંડી અનેકાંત સ્વરૂપ વસ્તુને જાણવામાં જ સમર્થ નથી, તેમને ધ્યાનની સિદ્ધિ કેવી રીતે થાય?**

જિનેન્દ્રની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલવાવાળા, મુનિલિંગ ધારણ કરવા છતાં પણ મન-વચન-કાયાની કુટિલતાવાળા, શિષ્યાદિ પરિગ્રહથી પોતાની મોટાઈ માનવાવાળા, પોતાની કીર્તિ, અભિમાન, પૂજા સત્કાર વંદનાના ઈચ્છુક, લોકોનું મનોરંજન કરવામાં

ચતુર, જ્ઞાનનેત્રથી અંધ, મદથી ઉદ્ધત, મિષ્ટ ભોજનના લોલુપી, પક્ષપાતી, તુચ્છશીલી (હીન ચારિત્ર્યવાળા) વ. ને મુનિવેશ ધારણ કરી લેવા છતાં પણ કદી ધર્મધ્યાન થતુ નથી. **આવા પાખંડી વેશધારી અન્ય ભોળા લોકોને કહે છે - આ દુઃખમાં કાળ છે (પંચમકાળ), એમાં ધ્યાનની સિદ્ધિ થતી નથી.** આમ કહી તે પોતાને તથા અન્યને ધ્યાન થવાનો નિષેધ કરે છે. કામ, ભોગ, ધનના લોલુપી, મિથ્યાશાસ્ત્રોના સેવકને ધ્યાન કેવી રીતે થાય ?

**રાગભાવ સહિત, ઈન્દ્રિયોના વિષયોમાં લીન, કરૂણારહિત, હાસ્ય, કૌતુક, માયાચાર, યુદ્ધ, કામશાસ્ત્ર આદિનું વ્યાખ્યાન કરવાવાળાઓને સ્વપ્નમાં પણ ધ્યાન થતું નથી.** જેઓ જિનેશ્વરની દીક્ષા ધારણ કરીને પણ પોતાના ગૌરવ માટે વશીકરણ, આકર્ષણ, મારણ, ઉચ્ચાટન, જળસ્તંભન, અગ્નિ સ્તંભન, રસકર્મ, રસાયણ, પાદુકા વિદ્યા, અંજન વિદ્યા, વિષસ્તંભન, પુરક્ષોભ, ઈન્દ્રજાળ, બળસ્તંભન, જીતહાર, વિદ્યાછેદ, વિદ્યા ભેદ, વૈદક વિદ્યા, જ્યોતિષ વિદ્યા, યક્ષિણી સિદ્ધિ, પાતાળસિદ્ધિ, કાળવંચના, જાંગુલિ (જૂની મેલી વિદ્યા) સર્પમંત્ર, ભૂત-પિશાચ ક્ષેત્રપાલાદિ સાધન, ચલમંત્રન, સૂત્ર બંધન વિગેરે કાર્યો માટે ધ્યાન કરે છે, મંત્ર સાધના કરે છે, ઘોર તપ કરે છે તેમને તીવ્ર મિથ્યાત્વ તથા કષાયના વશથી ઘોર પાપકર્મના બંધના કારણ દુર્ધ્યાનનું થવું જાણવું. તેના પ્રભાવથી નરક-તિર્યંચાદિ કુગતિમાં અનંતકાળ સુધી પરિભ્રમણ થાય છે. **એવા પાખંડીઓની ઉપાસના કરવાવાળા, અનુમોદના કરવાવાળા, પણ દુર્ગતિમાં પરિભ્રમણ કરે છે;** એવું દઢ શ્રદ્ધાન કરી ખોટા મંત્ર-યંત્રોનો દૂરથી જ ત્યાગ કરો.

**અહીં કોઈ પ્રશ્ન કરે છે -** ખોટા મારણ, ઉચ્ચાટનાદિ અનેક વિદ્યા, મંત્ર, તંત્રાદિ દ્વાદશાંગમાં કહ્યાં છે કે નહિ ?

**તેના જવાબમાં કહે છે -** દ્વાદશાંગમાં તો સમસ્ત ત્રણ લોકોમાં વર્તતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, વિષ, અમૃત સર્વે કહ્યાં છે; પરંતુ વિષાદિને ત્યાગવા યોગ્ય કહ્યાં છે, અમૃતને ગ્રહણ કરવા યોગ્ય કહ્યું છે, તેવી રીતે ખોટા મંત્ર-ખોટી વિદ્યા ત્યાગવા યોગ્ય કહી છે. માટે અયોગ્ય વિદ્યા-દુર્ધ્યાન આદિનો ત્યાગ કરી કર્મની નિર્જરા કરનાર વીતરાગતાના કારણ પંચ પરમેષ્ઠી વાચક મંત્ર પદોનું જ ધ્યાન કરો. આ રીતે ધર્મધ્યાનના ભેદોમાં પદસ્થધ્યાનનું વર્ણન કર્યું.

**(૩) રૂપસ્થ ધર્મધ્યાન -** હવે રૂપસ્થ ધર્મધ્યાનમાં - ભગવાન અરહંત પરમેષ્ઠી સમોવશરણમાં બિરાજમાન, અસંખ્યાત ઈન્દ્રાદિ દેવો દ્વારા વંદનીય, દ્વાદશ સભાઓના જીવોને પરમ ધર્મનો ઉપદેશ આપતા હોય (તેમનું) ધ્યાન કરવાનો ઉપદેશ કરે છે.

## સમોવશરણ વર્ણન

ભગવાન અરહંતના ધર્મોપદેશ આપવાનું જે સભાસ્થાન છે, તે સમોવશરણ છે. તે ભૂમિથી પાંચ હજાર ધનુષ ઉંચું આકાશમાં વીસ હજાર પગથીયાં સહિત હોય છે. લીલાં-નીલ મણિમય જેની ભૂમિ છે તથા સમવૃત્ત ઝાલરના આકારનું સમોશરણ ગોળ હોય છે. એવું દેખાય છે જાણે ત્રણ લોકની લક્ષ્મીનું મુખડું જોવાનું દર્પણ હોય!

**આ સભાસ્થાનનું વર્ણન કરવા માટે કોણ સમર્થ છે ?** એનો સૂત્રધાર સૌધર્મ ઈન્દ્ર છે, જે અનેક પ્રકારની રચના કરવામાં સમર્થ છે, તેનું વર્ણન અમારા જેવા મંદબુદ્ધિ કેવી રીતે કરી શકે? તો પણ શુભ ધ્યાન થવા અર્થે, તથા શ્રવણ-ચિંતવન કરી ભવ્ય જીવોને અતિ આનંદ પ્રાપ્ત થાય તે માટે થોડુંક વર્ણન કરીએ છીએ.

**બાર યોજન પ્રમાણ ઈન્દ્રનીલમણિમય સમવૃત્ત ભૂમિકા સુધી અનેક રંગોના રત્નોની રજથી બનેલો ધૂળિશાળ કોટ છે.** ક્યાંક તો લીલા મણિઓના તેજથી આકાશ લીલા કિરણમય શોભે છે; ક્યાંક પદ્મરાગ મણિઓની પ્રભાથી વ્યાપ્ત છે; ક્યાંક મેચક મણિઓની પ્રભાથી વ્યાપ્ત છે; ક્યાંક ચંદ્રકાન્ત મણિઓથી વ્યાપ્ત ચંદ્રમાની જ્યોત્સના ચાંદનીને ધારણ કરેલી છે, ક્યાંક સુવર્ણમય ધૂળના તેજથી દૈદીપ્યમાન છે.

અનેક કાન્તિયુકત-રત્નોની મહાપ્રભાથી આ **ધૂળિશાળ કોટ** આકાશમાં ગોળાકાર ઈન્દ્ર ધનુષની જેમ શોભી રહ્યો છે. અનેક રત્નોની પ્રભાના પુંજ **ધૂળિશાળ કોટની ચાર દિશાઓમાં સુવર્ણમય બે-બે સ્તંભ છે.** તે સ્તંભોના અગ્રભાગમાં ઝૂલતાં મકરાકૃત તોરણ છે જેનાં રત્નોની માળાઓ સુશોભિત છે.

**તે ધુળિશાળ કોટની ચારે બાજુ અંદર પ્રવેશ કરવા માટે એક કોસ પહોળી મહાવીથી (સડક) છે.** તે સડક ઉપર થોડે દૂર ગયા પછી સડકની વચ્ચે ઘણા ઉંચા સુવર્ણના માનસ્તંભ છે. તે માનસ્તંભોની ચારે બાજુ ચાર-ચાર દ્વારો સહિત ત્રણ કોટ છે. તે ત્રણેય કોટની વચ્ચે સોળ સોપાન યુકત પીઠ છે. તે પીઠોની વચ્ચે મોટા ઉંચા **માનસ્તંભ** છે. તે પીઠ બધા સૂર, અસૂર, મનુષ્યો દ્વારા પૂજ્ય છે. **તે માનસ્તંભોને દૂરથી જોવાથી જ મિથ્યાદષ્ટિઓનું માન ગળી જાય છે.**

**તે માનસ્તંભોના મૂળમાં પીઠની ઉપર સ્વર્ણમય જિનેન્દ્રની પ્રતિમાઓ બિરાજમાન છે, તેમનો ઈન્દ્રાદિ દેવ ક્ષીર સમુદ્રના જળથી અભિષેક કરે છે.** તે જળથી તે પીઠ પવિત્ર થતી રહે છે. ત્યાં હંમેશાં જ દેવ મનુષ્યો દ્વારા નૃત્ય, વાજિંત્ર, સહિત જિનેન્દ્રના મંગળરૂપ ગીત થતાં રહે છે. પૃથ્વી ઉપર વચ્ચે પીઠ છે, તેના ઉપર પીઠોની ત્રણ કટની, તે ત્રણ પીઠો ઉપર સુવર્ણમય માનસ્તંભ, તેમના મસ્તક ઉપર ત્રણ છત્ર છે. મિથ્યાદષ્ટિઓના માનનું ખંડન કરવાથી તથા ત્રિલોકવર્તી સૂર, અસૂર, મનુષ્યો દ્વારા માનવાથી, પૂજવાથી એમનું માનસ્તંભ નામ સાર્થક છે.

**આ માનસ્તંભોની ચારે બાજુ ચાર-ચાર વાવડી છે.** તે વાવડીઓમાં નિર્મળ જળ ભરેલું છે, અનેક પ્રકારનાં કમળ ખીલી રહ્યાં છે. તેમના તટ(કિનારા) સ્ફટિક મણિમય છે. તે તટો ઉપર અનેક પક્ષીઓના સ્વર સંભળાય છે. તે પક્ષીઓના સ્વરોથી તથા ભમરાઓના ગુંજનથી એવું લાગે છે જાણે તેઓ જિનેન્દ્રના ગુણોનું સ્તવન જ કરી રહ્યાં હોય.

પૂર્વ દિશાના માનસ્તંભની ચારે બાજુની ચાર વાવડીઓનાં નામ નંદા, નંદોત્તરા, નંદવતી, નંદઘોષા છે. દક્ષિણ દિશાના માનસ્તંભની ચારે બાજુની ચાર વાવડીઓનાં નામ વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા છે. પશ્ચિમ દિશાના માનસ્તંભની ચારે બાજુની ચાર વાવડીઓનાં નામ અશોકા, સુપ્રસિદ્ધા, કુમુદા, પુંડરીકા છે. ઉત્તર દિશાના માનસ્તંભની ચારે તરફની ચાર વાવડીઓનાં નામ નંદા, મહાનંદા, સુપ્રબુદ્ધા, પ્રભંકારી છે. આ બધાં નામ પ્રદક્ષિણારૂપ ક્રમથી જાણવાં. આ રીતે **ચાર દિશાઓના ચાર માનસ્તંભોની ચારે બાજુ સોળ વાવડી છે. એક-એક વાવડીના બંને તટોની પાસે પગ ધોવા માટે બે-બે કુંડ છે.** કુંડોના જળથી પગ ધોઈને માનસ્તંભોની પૂજા માટે મનુષ્ય આદિ જાય છે.

અહીંથી થોડે દૂર જવાથી સડકના રસ્તાને છોડી દીધા પછી **ચારે બાજુથી પાણીથી ભરેલી કમળોવાળી ખાઈ (ખીણ) છે,** જે એવી લાગે છે જાણે પ્રભુની સેવા માટે ગંગા નદી જ ચારે બાજુથી આવી ગઈ છે. તે ખીણ રૂપ આકાશમાં તારા-નક્ષત્રોના પ્રતિબિંબ સમાન પુષ્પ શોભી રહ્યાં છે. તે ખીણના રત્નમય કિનારાઓ ઉપર અનેક પ્રકારના પક્ષીઓના સમૂહ અનેક પ્રકારના શબ્દનાદ કરી રહ્યા છે, ખીણમાં અદ્‌ભુત તરંગો ઉઠી રહી છે. તે ખીણ સુધી એક યોજન પહોળો ગોળ વિસ્તાર છે. **તે ખીણની ભૂમિના અંદરના ભાગમાં ચારે બાજુ (ઘેરાવમાં) લતાઓનું વન છે.**

તે લતા વનમાં અનેક પ્રકારની લતાઓ, નાનાં ગુલ્મ વૃક્ષ સમસ્ત ઋતુઓનાં ફુલોથી ભરેલાં છે, જેમાં અનેક પ્રકારના પુષ્પોની લતાઓ ઉજ્જવળ પુષ્પોથી એવી લાગે છે જાણે દેવાગંનાઓના મંદ હાસ્યની લીલાને ધારણ કરી હોય. તેમની ઉપર ભમરા ગુંજી રહ્યા છે, તથા મંદ સુગંધ પવનથી વેલાઓ, વૃક્ષ ઝુમી રહ્યાં છે. તે વેલોના વનમાં ક્રીડા કરવાના નાના-નાના ઘણા પર્વત છે, રમણીક શૈયાઓ સહિત સ્થાન-સ્થાન પર લતાઓના મંડપ બનેલા છે. જેમાં અનેક દેવ-દેવાંગનાઓ જિનેન્દ્રનું યશોગાન કરે છે. અનેક લતા-ભવનોમાં હિમાલય સમાન શીતળ ચંદ્રકાન્ત મણિમય શિલાઓ દેવોના વિશ્રામ માટે રાખેલી છે.

**ધૂલિશાળ કોટથી લઈ પુષ્પવાડી સુધી બે યોજનનો ગોળ વિસ્તાર છે.** (ધુલિશાળ કોટથી માનસ્તંભ સુધી એક યોજન તથા આગળ ખાઈ(ખીણ)નો વિસ્તાર એક યોજન) બંને તરફનું ચાર યોજન ક્ષેત્ર થયું. અહીંથી સડકની વચ્ચે જેટલે દૂર જાઓ ત્યાં ચારે બાજુ તપાવેલા સુવર્ણ સમાન **સ્વાર્ણમય પ્રથમ કોટ** તે ભૂમિને ઘેરે છે. આ સ્વર્ણમય પ્રથમ કોટ અનેક ચિત્ર-વિચિત્ર રત્નો સહિત છે. કયાંક હાથીઓનાં જોડાં, કયાંક સિંહ-વાઘોનાં, કયાંક મનુષ્યોનાં, કયાંક હંસ-મોર પોપટ વિગેરેના યુગલોનાં રૂપ અનેક પ્રકારના રત્નોથી જડેલાં છે. કેટલાંયે રત્નમયી વેલો-પુષ્પ-પલ્લવ-વૃક્ષોનાં સુંદર રૂપ બનેલાં છે, તથા ઉપર-નીચે કાંગરામાં મોતીઓની તથા પંચવર્ણમય રત્નોની માળાઓ તથા ઝાલરોની જાળ પથરાયેલી છે. તે કોટની અમાપ કાન્તિ (તેજ)થી આકાશ ઈન્દ્રધનુષી થઈ રહ્યું છે.

તે સ્વર્ણમય પ્રથમ કોટની ચાર દિશાઓમાં ઘણા ઉંચા રૂપામય ઉજ્જવળ ચાર ગોપુર અર્થાત્ દરવાજા છે. તે ગોપુર (દરવાજા) વિજયાર્દ્ધ પર્વતના શિખરની સમાન ઉંચા ત્રણ-ત્રણ ખંડની જ્યોતિના પુંજ જાણે ત્રણ લોકની લક્ષ્મી પર હસી રહ્યા હોય. તે રૂપામયી ત્રણ ખંડના ગોપુરો (દરવાજાઓ) ઉપર પદ્મરાગ મણિમય કાન્તિથી દિશાઓને તથા આકાશને અડીને ઉંચાં શિખર આકાશમાં ફેલાઈ રહ્યાં છે. તે દરવાજાઓમાં ગાવાવાળા કેટલાયે દવે જગતના ગુરૂ જે જિનેન્દ્રદેવ તેમના ગુણ ગાઈ રહ્યા છે, કેટલાયે જિનેન્દ્રના ગુણ શ્રવણ કરી રહ્યા છે, કેટલાયે જિનેન્દ્રના ગુણોથી યુકત નૃત્ય કરી રહ્યા છે.

એક-એક દરવાજા ઉપર એકસો આઠ-એકસો આઠ ઝારી, કળશ, દર્પણ, ઠોના,

ચામર, છત્ર, ધ્વજા, વીંજણો - એ રત્નમય અષ્ટમંગળ દ્રવ્ય શોભી રહ્યા છે. એક-એક દરવાજા ઉપર રત્નોના અલંકારોની કાન્તિથી જેમણે આકાશ ભરી દીધું છે, એવા એકસો-એકસો તોરણ સજાવેલાં છે. એવું લાગે છે જેમ સ્વભાવથી જ અતિકાન્તિના ધારી જિનેન્દ્રના દેહમાં પોતાનું સ્થાન ન મળતાં તે અલંકાર દરવાજાઓના તોરણ-તોરણ પર લટકી રહ્યા છે. એક-એક દ્વારની બહાર ભૂમિમાં નવ-નવ નિધીઓ ત્રણ ભુવનનું ઉલ્લંઘન કરવાવાળા જિનેન્દ્રના પ્રભાવની પ્રશંસા કરી રહી છે, જાણે વીતરાગ ભગવાનથી તિરસ્કૃત તે નવ નિધીઓ દ્વારની બહાર પડી છે.

દ્વારની અંદર જે એક કોસ પહોળી સડક છે તેની બંને બાજુએ નાટ્યશાળાઓ છે. આ રીતે ચારેય દિશાઓના દરવાજાઓ ઉપર પ્રત્યેક પર બે-બે નાટ્યશાળાઓ છે. તે ત્રણ-ત્રણ ખંડની નાટ્યશાળાઓ એવી શોભી રહી છે કે જાણે જીવોને રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ બતાવવા માટે તૈયાર છે. તે નાટ્યશાળાઓની ઉજ્જવળ સ્ફટિકમણિમય દીવાલો છે, સ્વર્ણમય સ્તંભ છે, સ્ફટિકમય ભૂમિ છે તથા અનેક રત્નમય શિખરોથી આકાશને રોકતી શોભી રહી છે.

તે નાટ્યશાળાઓમાં વીજળીની ચમક સમાન નૃત્યગાન કરતી જેમણે મોહકર્મને જીતીને **'જિન'** નામ સાર્થક કર્યું છે, એવા ભગવાન જિનેન્દ્રનું યશોગાન કરતી કેટલીયે દેવાંગનાઓ ખોબે-ખોબે પુષ્પ વેરી રહી છે; કેટલીયે દેવાંગનાઓ મોરલી વગાડી રહી છે, તથા મૃદંગ આદિ અનેક વાજિંત્રોના ધ્વનિ સાથે અનેક પ્રકારે જિનેન્દ્રનાં સ્તવન યશોગાન કરતી થકી નાટ્યરસમાં જિનેન્દ્રના ગુણોમાં તન્મય થઈ નૃત્ય કરી રહી છે. વીણાના નાદ સમાન સુંદર સ્વરોથી ગાતા જે કિન્નર દેવ છે તેઓ આવવા-જવાવાળા દેવો આદિનાં મનને પ્રસન્ન કરી રહ્યા છે.

નાટ્યશાળાઓથી આગળ સડકની બંને બાજુ બે-બે ધૂપ ઘડા રાખેલા છે; તેમાંથી નીકળતો ધૂપનો ધૂમાડો આકાશના આંગણામાં ફેલાઈ દિશાઓને સુગંધિત કરે છે; જે આકાશથી ઉતરતા દેવોને મેઘની આશંકા કરાવે છે. તે સડકના બંને તરફના અંતરાળમાં ચારે બાજુ વનની કેડીઓ છે જેનો વિસ્તાર એક યોજન પહોળો છે. તેમાં એક શ્રેણી અશોક વૃક્ષોની, બીજી પંક્તિ સપ્તવર્ણનની, ત્રીજી પંક્તિ, ચંપકવનની, ચોથી પંક્તિ આમ્રવનની છે. તે વન પત્ર-પુષ્પ-ફળોથી શોભતાં જાણે જિનેન્દ્રને અર્ઘ જ ચઢાવી રહ્યા છે.

આ વન પંક્તિઓ બંને બાજુ બે યોજનમાં છે. તેમાં રત્નમય અનેક પક્ષી

કલરવ કરે છે, ભ્રમરોના નાદ થઈ રહ્યા છે, નંદનવનની જેમ કરોડો દેવ-દેવાંગનાઓ અનેક આભરણ પહેરી પ્રકાશના પુંજ સમાન વિચરણ કરી રહ્યાં છે. તે વનોમાં ક્યાંક તો કોયલોના સ્વર એવા સંભળાય છે જાણે જિનેન્દ્રની સેવા કરવા માટે દેવેન્દ્રોને બોલાવી રહી હોય, તથા ત્યાં શીતળ મંદ સુગંધ પવન દ્વારા વૃક્ષોની શાખાઓ નૃત્ય કરી રહી છે. તે વનની ભૂમિ સુવર્ણમય રજથી ભરેલી છે.

**આ વનમાં રત્નમય વૃક્ષોની જ્યોતિથી રાત-દિવસનો ભેદ રહેતો નથી, નિરંતર ઉદ્યોતરૂપ છે.** વૃક્ષોની શીતળતાના પ્રભાવથી સૂર્યનાં કિરણો આતાપ ઉપજાવી શકતાં નથી. તે વનોમાં ક્યાંક ત્રિકોણ, ક્યાંક ચતુષ્કોણ, નિર્મળને જંતુરહિત જળથી ભરેલી વાપિકાઓ (વાવડીઓ) છે. તે વાપિકાઓ રત્નોની સીઢીઓ તથા સુવર્ણમય તટ છે. ક્યાંક રત્નમય અનેક ક્રીડા પર્વ છે, ક્યાંક રમણીક અનેક રત્નમય મહેલ છે, ક્યાંક અનેક પ્રકારના ક્રીડા મંડપ છે, ક્યાંક પ્રેક્ષાગૃહ છે; ક્યાંક એક મંજિલ (માળ), ક્યાંક બે મંજિલો, ક્યાંક ત્રણ મંજિલો સહિત અનેક મહેલોની રચના છે. ક્યાંક હરિતભૂમિ ઈંદ્રગોપ રત્નોથી ભરેલી છે. ક્યાંક મહાનિર્મળ સરોવર છે, ક્યાંક મનોજ્ઞ નદી છે.

**પ્રાણીઓ (જીવો)નો શોક દૂર કરવાવાળાં અશોકવૃક્ષોનું વન એવું લાગે છે જાણે જિનેન્દ્રની સેવાથી પોતાના લાલ ફૂલ, ફળ અને પાંદડાં દ્વારા રાગનું જ વમન કરી રહ્યું હોય.** સપ્તચ્છદ નામનું વન જાણે પોતાના સપ્ત પત્રો દ્વારા ભગવાનના સપ્ત પરમ સ્થાનોને જ બતાવી રહ્યું છે. ચંપક વન પોતાના દીપક સમાન પુષ્પો દ્વારા જાણે દીપાંગ જાતિના કલ્પવૃક્ષોનું વન જ પ્રભુની સેવા કરી રહ્યું છે. સુંદર આમ્રવન કોયલોના કેકારવ દ્વારા જિનેન્દ્રનું સ્તવન કરી રહ્યું છે.

**અશોક વનની વચ્ચે એક અશોક નામનું ચૈત્યવૃક્ષ છે જે ત્રણ સુવર્ણમય પીઠોની ઉપર છે.** તે પીઠોની ચારે બાજુ ત્રણ કોટ છે, એક-એક કોટના ચાર-ચાર દરવાજા છે. તે દરવાજા છત્ર, ચામર, ઝારી, કળશ, દર્પણ, વીંજણો, ઠોના ધજા- આ રીતે અષ્ટમંગળ દ્રવ્ય, મકરાકૃત તોરણ, મોતીઓની માળા આદિથી શોભાયમાન છે. જેમ જંબૂદ્વીપના સ્થળની વચ્ચે જંબૂ વૃક્ષ સુશોભિત છે તેવી જ રીતે અશોક વન સ્થળની વચ્ચે ત્રણ પીઠોની ઉપર અશોક નામનું ચૈત્યવૃક્ષ સુશોભિત છે.

અશોક ચૈત્યવૃક્ષની શાખાઓના અગ્રભાગ દસેય દિશાઓમાં ફેલાયેલા છે, જેમને જોતાં જ શોક નાશ પામે છે, પોતાના ફૂલોની સુગંધથી સમસ્ત આકાશમાં વ્યાપી રહ્યાં છે, પોતાના વિસ્તારથી આકાશને રોકી રહ્યા છે. મરકત મણિમય હરિત કાંતિ

સંયુક્ત પત્રોથી ભરેલું છે, પદ્મરાગ મણિમય પુષ્પોના ગુચ્છોથી આચ્છાદિત છે, સુવર્ણમય ઊંચી શાખાઓ છે. વજ્ર અર્થાત્ હીરાઓથી બનાવેલું વૃક્ષ છે તે પોતાના પ્રભામંડળથી સમસ્ત દિશાઓને પ્રકાશિત કરી રહ્યું છે.

રણકાર કરતા ઘંટોના નાદથી ભગવાનના વિજયની ઘોષણા ત્રણ લોકમાં વ્યાપી રહી છે. ધજાઓના ઉડતાં કપડાંના દર્શન કરવાથી લોકોના અપરાધોની પાપરૂપી રજ દૂર થઈ રહી છે. મોતીઓની જાળીઓ સહિત મસ્તક ઉપર ઘૂમતા ત્રણ છત્ર જિનેન્દ્રનું ત્રણલોકનું ઈશ્વરપણું વાણી વિના જ કહી રહ્યા છે. તે અશોકચૈત્ય વૃક્ષનો મૂળભાગ ચાર દિશાઓમાં ચાર જિનેન્દ્રની પ્રતિમાઓ સહિત છે. તે જિનેન્દ્રનાં પ્રતિબિંબોનો ઈંદ્રાદિ દેવ અભિષેક કરે છે, તથા ગંધ, માળા, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળ, અક્ષત્ આદિથી દેવ પૂજા કરે છે.

તે અરહંતની પ્રતિમાઓ ક્ષીર સમુદ્રના જળથી પ્રક્ષાલિત છે, સુવર્ણમય છે, નિત્ય સુર-અસુર, લોકનાં ઉત્તમ દ્રવ્યોથી ઈન્દ્રાદિ દેવ પૂજે છે, વંદના-નમસ્કાર કરે છે. કેટલાયે દેવો અરહંતના ગુણોનું સ્મરણ કરી નિશ્ચયપૂર્વક આનંદથી ગાન કરે છે.

**જેમ અશોકવનમાં એક અશોક નામનું ચૈત્યવૃક્ષ છે. તેવી જ રીતે સપ્તચ્છદ, ચંપક, અને આમ્ર નામના વનોમાં એક-એક ચંપક આદિ નામવાળું ચૈત્યવૃક્ષ જાણવું.** ચૈત્ય અર્થાત્ જિનેન્દ્રની પ્રતિમા સહિત આ વૃક્ષોનો મૂળ ભાગ છે એટલા માટે એમનું ચૈત્યવૃક્ષ નામ ધારણ કરવું સાર્થક જ છે. તે વનોના અંતિમ ભાગની ચારે બાજુ વેદી છે. જે કાંગરા સહિત હોય છે, તેને કોટ કહે છે. જે કાંગરા રહિત ચારે બાજુ દિવાલ હોય છે તેને વેદી કહે છે.

**તે વનના અંતમાં સુવર્ણ વેદી છે.** તેનાથી ખૂબ ઉંચે ચારે બાજુ રૂપામય ચાર દ્વાર છે. તે વેદી તથા દરવાજા અનેક રત્નોથી વ્યાપ્ત છે. તે દરવાજાઓ ઉપર ઘંટાઓનો સમૂહ લટકી રહ્યો છે, મોતીઓની માળાઓ, ઝાલર, લાંબી પુષ્પ-માળાઓ, લટકી રહી છે. તે દરવાજા એકસો આઠ અષ્ટમંગળ દ્રવ્ય તથા રત્નોના અલંકાર સહિત રત્નમય તોરણોથી શોભી રહ્યા છે. તે ત્રણ ખંડોના દ્વારોમાં અનેક દેવ, ગીત વાજિંત્ર, નૃત્યથી જિનેન્દ્રના યશમાં લીન થઈ રહ્યા છે.

તે દ્વારોની આગળ વેદીની નજીક જ રત્નમય પીઠોની ઉપર સુવર્ણમય સ્તંભોના અગ્રભાગમાં અનેક પ્રકારની **ધજાઓની પંક્તિઓ છે.** તે સ્તંભ મણિમય પીઠોની ઉપર

સુવર્ણમય અનુપમ કાંતિના ધારી છે; તે અઠ્ઠાસી આંગળ મોટા છે - સ્થૂળ છે, પચ્ચીસ-પચ્ચીસ ધનુષના અંતરથી ઉભા છે.

**તેમની ઉંચાઈનું પ્રમાણ આ રીતે જાણવું -** સમોવશરણમાં સ્થિત સિદ્ધાર્થ વૃક્ષ, ચૈત્યવૃક્ષ, કોટ, વન, વેદી, સ્તૂપ, તોરણ, માનસ્તંભ, ધજા, વનનાં વૃક્ષ, પ્રાસાદ (મહેલ), પર્વત આદિની ઉંચાઈ **તીર્થંકરના દેહની ઉંચાઈથી બાર ગણી જાણવી.** પર્વતોની ઉંચાઈથી તેમની પહોળાઈ આઠ ગણી છે; સ્તૂપોની પહોળાઈ ઉંચાઈથી થોડીક વધારે છે. કોટ, વેદી આદિની પહોળાઈ તેમની ઉંચાઈથી ચોથા ભાગની જાણવી.

**ધજા દસ પ્રકારની છે - માલા, વસ્ત્ર, મયૂર, કમળ, હંસ, ગરૂડ, સિંહ, બળદ, હાથી, ચક્રના ચિહ્નની ધજા દસ પ્રકારની છે.** તે એકસો આઠ ધજાઓ પ્રત્યેક એક-એક પ્રકારની એક દિશામાં છે. બધી દસ પ્રકારની ધજા એક હજાર એંશી એક દિશામાં થઈ, ચારે તરફની ચાર દિશાઓમાં ચાર હજાર ત્રણસો વીસ છે. સમુદ્રની લહેરોની જેમ હવાથી તેમનાં કપડાં વસ્ત્ર લહેરાઈ રહ્યાં છે.

માળાની ધજામાં માળાના આકારનાં વસ્ત્ર લટકતાં હલી રહ્યાં છે. આવી જ વસ્ત્રની ધજા, મયૂરાકાર મયૂર ધજા, સહસ્ત્ર પાંખડીના કમળના આકારે કમળ ધજા, હંસ ધજા, ગરૂડ ધજા, સિંહ ધજા, વૃષભ ધજા, ગજ ધજા, ચક્ર ધજા - એ દસ પ્રકાર પ્રત્યેક દિશામાં એકસો આઠ-એકસો આઠ છે. આ રીતે ચારેય દિશાઓમાં ચાર હજાર ત્રણસો વીસ છે. એવું લાગે છે જાણે આ ધજાઓ મોહ કર્મનો વિજય કરી જિનેન્દ્રએ ત્રિભુવનેશપણું પ્રાપ્ત કર્યું છે, તેની પ્રશંસા કરી રહી છે.

આ ધજાભૂમિના ઘેરાનો વિસ્તાર એક યોજન પહોળો છે - બંને તરફનો બે યોજન પહોળો છે. તેનાથી આગળ જઈએ ત્યાં **બીજો સુવાર્ણનો અર્થાત્ અર્જુનનો કોટ છે.** આ બીજા કોટના પણ પ્રથમ કોટની જેમ રૂપામય ચારે તરફ ચાર મહાદ્વાર છે. આ દ્વાર પણ પ્રથમ કોટના દ્વારોની જેમ મંગળ દ્રવ્ય, તોરણ રત્નોના અલંકારોની સંપદાને ધારણ કરેલા છે. આ દ્વાર પણ ત્રણ-ત્રણ ખંડના છે તથા અંદર બંને બાજુ નાટ્યશાળાઓ, ધૂપઘટ યુગ્મ, સડકની બંને બાજુઓમાં આવેલાં છે.

આગળ સડકની બંને બાજુએ એક યોજન પહોળા ગોળ ઘેરાકાર વિસ્તારમાં ચારે બાજુ અનેક **રત્નમય કલ્પવૃક્ષોનું વન** છે. તે બધાં કલ્પવૃક્ષ ઉંચા, છાયાદાર, ફળો અને ફૂલોથી યુક્ત છે. દસ પ્રકારના કલ્પવૃક્ષોના વનનું રૂપ ધારણ કરી જાણે

દેવકુરૂ-ઉત્તરકુરૂની ભોગ ભૂમિ જ જિનેન્દ્રની સેવા કરવા આવી છે. તે કલ્પવૃક્ષોના અલંકાર, વસ્ત્ર, ફળ, પુષ્પ આદિનો મહાન મહિમા છે. વૃક્ષો નીચે બેઠેલા દેવ પોતાના સ્વર્ગોના સ્થાનને ભૂલીને લાંબા સમય સુધી ત્યાં જ રહેવા ઈચ્છે છે જ્યોતિરાંગ જાતિના કલ્પવૃક્ષોમાં જ્યોતિષી દેવ, દીપાંગ જાતિના કલ્પવૃક્ષોમાં કલ્પવાસી દેવ, ગૃહાંગ જાતિના કલ્પવૃક્ષોમાં ભવનેન્દ્ર (ભવનવાસી) યથા યોગ્ય સુખપૂર્વક બિરાજે છે.

આ વનમાં ચારે દિશાઓમાં વચ્ચે એક-એક સિદ્ધાર્થ વૃક્ષ છે, જેના મૂળમાં સિદ્ધ પ્રતિમા બિરાજમાન છે. જેવું પહેલાં ચૈત્યવૃક્ષોનું વર્ણન કર્યું છે તેવું જ એમનું વર્ણન જાણવું. આટલું વિશેષ છે - આ કલ્પવૃક્ષ ઈચ્છા કર્યા અનુસાર ફળને દેવાવાળાં છે. કલ્પવૃક્ષોના વનમાં પણ ક્યાંક વાવડી, ક્યાંક નદી, ક્યાંક રેતીના ઢગલા સમાન રત્નમય ધૂળના પૂંજ છે, ક્યાંક સભાગૃહ, પ્રાસાદ(મહેલ) વિગેરે અનેક સુખરૂપ સ્થાનો છે.

**આ વન વીથીની અંદર રૂપામઈ વનવેદી છે.** ત્રણ-ત્રણ ખંડના ઉંચા ચાર દ્વારો સહિત છે તથા પૂર્વે વર્ણિત વેદીના સમાન તોરણ આભરણ મંગળ દ્રવ્યો સહિત છે.

**તે દ્વારોની અંદર જઈએ ત્યાં ચારે બાજુ પ્રાસાદો (મહેલો)ની પંક્તિ છે.** આ મહેલો દેવોના શિલ્પીઓ દ્વારા બનાવેલા ચારે બાજુ અનેક પ્રકારના છે. તે મહેલોના સુવર્ણમય સ્તંભ છે, વજ્રમણિ અર્થાત્ હીરા તેનાથી બનેલી ભૂમિનું બંધન (પાયો, બીમ) છે, ચંદ્રકાંત મણિમય દિવાલો છે, અનેક પ્રકારના રત્નોથી ચિત્ર બનાવેલાં છે. કેટલાયે બે ખંડના, કેટલાયે ત્રણ ખંડના, કેટલાયે ચાર ખંડના છે, કેટલાયે મહેલ ચંદ્રશાળા સહિત છે. ઉપરની ઉંચી ખુલ્લી છત ને **ચંદ્રશાળા** કહે છે. કેટલાયે **વલભીછદ** યુક્ત છે. અર્થાત્ ઉપરની ખુલ્લી છત પર ચારે બાજુ ઉંચી દિવાલો છે.

તે પ્રાસાદ (મહેલો) પોતાની ઉજ્જળ પ્રભામાં ડૂબી રહ્યા છે. કેટલાયે પોતાના ઉજ્જવળ શિખરોથી ચંદ્રમાની ચાંદનીથી જ જાણે બનેલા હોય એવા દેખાય છે. ક્યાંક ઘણા શિખરવાળા મહેલ છે, ક્યાંક સભાગૃહ છે, ક્યાંક નાટ્યશાળાઓ છે, ક્યાંક શૈયાગૃહ છે, જેમની ચંદ્રકાંત મણિમય ઊંચી સીઢીઓ છે. તેમાં દેવ, વિદ્યાધર જાતિના દેવ, સિદ્ધ જાતિના દેવ, ગંધર્વ દેવ, પન્નગ દેવ, કિન્નર દેવ, ખૂબ આદર સહિત જિનેન્દ્રના ગુણ ગાય છે; કોઈ વગાડે છે, અનેક જાતિનાં વાજિંત્રોથી સ્વર કાઢે છે; કોઈ સંગીત નૃત્ય કરે છે; કોઈ જય જયકાર બોલે છે; કોઈ જિનેન્દ્રના ગુણોનું સ્તવન કરે છે.

તે રમણીક ભૂમિના મધ્યભાગમાં નવ સ્તૂપ છે. તે **સ્તૂપ** પદ્મરાગ મણિમય

પુંજના આકાર ઉત્તુંગ આકાશના અગ્રભાગને પાર કરતા એવા છે જાણે સમસ્ત દેવ-મનુષ્યોના ચિત્તનો અનુરાગ જ સ્તૂપના આકારને પ્રાપ્ત થઈ ગયો છે. **કેવા છે સ્તૂપ ?** સિદ્ધોના તથા અરહંતોના-પ્રતિબિંબોના સમૂહથી બધી બાજુ વ્યાપી રહ્યા છે, પોતાની ઉંચાઈથી જાણે આકાશને રોકયું છે. તે સ્તૂપ દેવ-વિદ્યાધરો દ્વારા સુમેરૂ સમાન પૂજ્ય છે, ઉચ્ચદેવો દ્વારા તથા ચારણઋદ્ધિ ધારીઓ દ્વારા આરાધ્ય છે.

આ નવ સ્તૂપ, જિનેન્દ્રની નવ કેવળ લબ્ધિ જ જાણે સ્તૂપોના આકારે થઈ ગઈ છે. તે સ્તૂપોના અંતરાળમાં રત્નોના તોરણોની લાઈનો એવી રીતે શોભી રહી છે જાણે ઈન્દ્રધનુષમય જ છે, તથા પોતાની જ્યોતિથી આકાશરૂપી આંગણાને ચિત્રરૂપે કરી રહી છે. તે સ્તૂપ છત્રો સહિત છે; પતાકા ધજા-સહિત છે, સમસ્ત મંગળ દ્રવ્યોથી ભરેલા છે. તે સ્તૂપોમાં જિનેન્દ્રની પ્રતિમાઓનો અભિષેક કરી, તથા પૂજન-સ્તવન કરી પછી પ્રદક્ષિણા કરી ભવ્ય જીવ હર્ષ પામે છે.

આ રીતે અડધા યોજન પહોળી ગોળ વિસ્તારરૂપ મહેલ અને સ્તૂપોની ભૂમિથી આગળ જઈએ ત્યાં **આકાશના સમાન સ્ફટિક મણિમય ત્રીજો કોટ છે.** તે આકાશ સ્ફટિક મણિમય કોટ આકાશ સમાન નિર્મળ છે, તથા **જિનેન્દ્રની સમીપતાના સેવનથી નિકટભવ્યના આત્મા સમાન, ઉજ્જવલ ઉત્તુંગ સદ્વૃત્તિ તથા સમૃદ્ધિથી સહિત છે.** તે સ્ફટિક મણિમય કોટની ચારે દિશાઓમાં પદ્મરાગ મણિમય ચાર મહા ઉત્તુંગ દ્વાર એવાં છે જાણે ભવ્ય જીવના રાગ પુંજ નીકળીને આ દરવાજાઓની લાલિમારૂપે પરિણમી ગયા હોય. આ દ્વારો ઉપર પણ પૂર્વ સમાન મંગળદ્રવ્ય, તોરણ, માળાઓ આદિ બધી સંપદા છે તથા દ્વારોની નજીક જ દૈદીપ્યમાન ગંભીર નવ નિધિઓ છે.

ત્રણેય કોટોના બધા ચાર-ચાર દ્વારોમાં હાથોમાં ગદા આદિ ધારણ કરી દેવ ઉભા છે. પ્રથમ કોટના દ્વારપાલ વ્યંતરદેવ છે, બીજા કોટના દ્વારપાલ ભવનવાસી દેવ છે, ત્રીજા સ્ફટિક મણિમય કોટના દ્વારપાલ કલ્પવાસી દેવ છે.

તે સ્ફટિક મણિમય કોટથી ગંધ કુટિની નીચલી **પ્રથમ પીઠ** સુધી લાંબી સોળ દિવાલો આકાશ સ્ફટિક મણિની બનેલી છે, જેમની કાંતિ ઘણી નિર્મળ છે. પ્રથમ પીઠતળથી લઈ સ્ફટિક કોટ સુધી બનેલી સોળ દિવાલો છે તે પોતાની સ્વચ્છતાને કારણે આંખોથી જોઈ શકાતી નથી, માત્ર આકાશ જ દેખાય છે; હાથ આદિ શરીરના સ્પર્શથી જ દિવાલ જણાય છે, પોતાની સ્વચ્છતાના પ્રભાવથી દેખાતી નથી. **નિર્મળ**

**અને સમસ્ત વસ્તુઓનાં બિંબ દેખાડનાર ત્યાંની ભૂમિ જિનેન્દ્રની જ્ઞાનવિદ્યા સમાન શોભાયમાન થઈ રહી છે.**

આ સોળ દિવાલોની વચ્ચે સોળ જ દરવાજા છે, જેમાં ચાર મહાવીથી(સડક) છે તથા સડકોની વચ્ચે બાર સભાસ્થાન છે, જે દિવાલોની આકાશ સમાન સ્વચ્છતાને કારણે અલગ-અલગ દેખાતાં નથી, બધાં એક જ દેખાય છે.

તે સોળ દિવાલો ઉપર રત્નમય સોળ થાંભલા દ્વારા ધારણ કરેલ આકાશ સ્ફટિક મણિમય ખૂબ ઉંચો **શ્રીમંડપ** છે, જે એક યોજન પહોળો-લાંબો ગોળ છે, મહાન શોભાયુક્ત છે. તેમાં સમસ્ત સુર-અસુરોથી વંદનીય ભગવાન સ્યાદ્‌વાદ વિદ્યાના પરમેશ્વર બિરાજમાન છે. એટલા માટે જ આ સાચો શ્રીમંડપ છે. આ શ્રીમંડપ આકાશ સ્ફટિક મણિમય છે, જેમાંથી આકાશ દેખાય છે. ત્રણ લોકના જનસમૂહ ને નિર્બાધ સ્થાન આપવાથી મહા વૈભવને પામેલ છે. તે શ્રીમંડપની ઉપર ગુહ્યક દેવો દ્વારા છોડેલા પુષ્પોનો સમૂહ છે જે શ્રીમંડપની નીચે બેઠેલા દેવ મનુષ્યોને તારકવૃંદના આભાસ ઉપજાવે છે.

એક યોજન વિસ્તારવાળા આ શ્રીમંડપમાં બધા દેવ મનુષ્ય પરસ્પર બાધારહિત સુખરૂપ બેસે છે, તે જિનેન્દ્રનું મહાત્મ્ય છે. તેના મધ્યભાગમાં **પ્રથમ પીઠ** છે, તે વૈડૂર્યમણિના મયૂરના કંઠ સમાન લીલા રંગની આઠ ધનુષ ઊંચી છે. તે પીઠના સોળ અંતર છે. તે સોળ અંતરના સોળ-સોળ પગથિયાં ચઢવા-ઉતરવા માટે સીઢીઓ છે.

પ્રથમ પીઠની ચાર બાજુ તો ચાર મહાવીથી(સડક) છે, જે એક કોસ પહોળી તથા ધૂલિશાળ કોટથી પ્રથમ પીઠ સુધી લાંબી-સીધી છે. તે પીઠમાં સોળ-સોળ સીઢીઓ ચઢી પ્રથમ પીઠ ઉપર જઈ પોત-પોતાની સભાના સ્થાને દેવ-મનુષ્ય આદિ જઈ પોત-પોતાની સભામાં બેસી જાય છે. તે પ્રથમ પીઠને ચારે બાજુથી અષ્ટ અષ્ટ મંગળદ્રવ્ય સજાવ્યાં છે તથા ચારેય બાજુ તેના ઉપર યક્ષોના મસ્તક ઉપર ધર્મચક્ર છે. તે ધર્મચક્ર એક હજાર રત્નમય કિરણોના સમૂહથી શોભતું એવું દેખાય છે જાણે પ્રથમ પીઠનું રૂપ ઉદયાચલ પર્વતની ઉપર સૂર્યનું બિંબ જ ઉદય થતું દેખાય છે. તે પ્રથમ પીઠની ઉપર સ્વર્ણમય દ્વિતીય પીઠ છે.

**દ્વિતીય પીઠ** સુવર્ણમય છે જે તે પ્રથમ પીઠની ઉપર ચાર ધનુષ ઊંચી છે. તે પીઠ સૂર્યના કિરણોની જેમ પોતાની કાંતિથી આકાશને ઉદ્યોતરૂપ કરી રહી છે. તે

બીજી પીઠની ઉપર આઠ પ્રકારની ધજા છે. તે (૧) ધજા (૨) ચક્ર (૩) હાથી (૪) વૃષભ (૫) કમળ (૬) વસ્ત્ર (૭) ગરૂડ (૮) માળા ધજા છે. જાણે એ હવાથી ઝૂલતા વસ્ત્રોથી પાપરૂપ ધૂળને જ ઉડાડી રહી છે ? તે બીજી (દ્વિતીય) પીઠ ઉપર પોતાના અનેક રત્નોની કાંતિથી અંધકારને દૂર કરતી સર્વ રત્નમય ચાર ધનુષ ઉંચી તૃતીય (ત્રીજી) પીઠ છે. આ રીતે ત્રિમેખલામય પીઠ એવી દેખાય છે જાણે ભગવાનની ઉપાસના માટે સમસ્ત રત્નમય સુમેરૂ પર્વતા જ આવી ગયો હોય.

## સમોવશરણનો વિસ્તાર આ પ્રમાણે જાણવો -

ધૂલિશાળ કોટથી ખાઈ (ખીણ) સુધી ગોળ ઘેરાવ (વર્તુળ)નો વ્યાસ (પહોળાઈ) એક યોજન છે; ખાઈથી પુષ્પવાડીની વેદી સુધી વલય વ્યાસ (પહોળાઈ) એક યોજન છે; તેની આગળ અશોકાદિ વનભૂમિનો વલય વ્યાસ એક યોજન છે; તેની આગળ ધજાભૂમિનો વલય વ્યાસ એક યોજન છે; તેના આગળ કલ્પવૃક્ષોના વનનો વલય વ્યાસ એક યોજન છે; તેના આગળ પ્રાસાદ પંક્તિનો વલય વ્યાસ અડધો યોજન છે. આ રીતે એક દિશાનો વલય વ્યાસ સાડા પાંચ યોજન થયો, બંને (આમને- સામનેની) દિશાઓનો વલય વ્યાસ કુલ અગિયાર યોજન થયો. મધ્યમાં તથા આકાશ સ્ફટિક કોટની નીચે શ્રીમંડપનો વિસ્તાર એક યોજનનો છે. આ રીતે કુલ બાર યોજનનો વિસ્તાર સમોવશરણની ભૂમિનો છે.

શ્રી મંડપમાં સ્ફટિકમય કોટથી ગંધકૂટિની નીચલી પીઠ સુધી સભાની ભૂમિ એક બાજુની એક કોસ, બંને તરફની **બે કોસ** છે. મધ્યમાં ત્રણેય કટની ( )ની પીઠ બંને બાજુ **બે કોસ** પહોળી છે. તેમાં ઉપરની ત્રીજી પીઠ (મધ્ય)ની પહોળાઈ **૧૦૦૦ ધનુષ** છે, બીજી પીઠની પહોળાઈ એક તરફ **૭૫૦ ધનુષ** બંને બાજુની ૧૫૦૦ ધનુષ છે, ત્રીજી નીચલી (પ્રથમ) પીઠની ચારે તરફ કટની પહોળાઈ ૭૫૦ ધનુષ બંને તરફની ૧૫૦૦ ધનુષ છે. ત્રીજી નીચલી (પ્રથમ) પીઠની ચારે તરફ કટની પહોળાઈ **૭૫૦ ધનુષ** બંને તરફની ૧૫૦૦ ધનુષ છે. આ રીતે ત્રણે પીઠોની પહોળાઈ ૪૦૦૦ ધનુષ અર્થાત્ **બે કોસ** છે. **આ રીતે મધ્યનો વિસ્તાર ચાર કોસ યા એક યોજન જાણવો.**

પ્રથમ પીઠ ભૂમિથી આઠ ધનુષ ઉંચી છે, તેની ઉપર ચાર ધનુષ ઉંચી બીજી પીઠ છે. તેના ઉપર ચાર ધનુષ ઉંચી ત્રીજી પીઠ છે. એક કોસ પહોળી ચારે બાજુની

ચાર મહાવીથી છે, તેમની બંને બાજુની આઠ દિવાલો પ્રથમ પીઠની ઉંચાઈ જેટલી આઠ-આઠ ધનુષ ઉંચી છે, તથા દિવાલોની જાડાઈ ઉંચાઈના આઠમા ભાગની યાને એક ધનુષની છે. બાર સભાઓની બાકીની આઠ દિવાલોની ઉંચાઈ પણ આઠ ધનુષ તથા પહોળાઈ એક ધનુષની છે.

ત્રીજી અંતિમ પીઠની ઉપર સમોવશરણના મધ્યમાં અનેક રત્નોના સમૂહોથી ઈન્દ્રધનુષ બની રહ્યાં છે. ત્યાં ઈન્દ્રના હાથે રોપેલાં અનેક પ્રકારનાં પુષ્પ શોભી રહ્યાં છે. તે એક હજાર ધનુષ પહોળી ગોળ ત્રીજી પીઠની વચ્ચે ચારેકોર **છસ્સો ધનુષ લાંબી પહોળી** ચોરસ અનેક રત્નમય **ગંધકુટિ**ની રચના કુબેરે કરી છે. પહોળાઈથી ઉંચાઈ વધારે છે. માન-ઉનમાન પ્રમાણ સહિત છે, ઉંચા કોટથી ભૂષિત છે, અનેક રત્નોના પ્રભાયુક્ત કૂટ શિખર સહિત આકાશમાં વ્યાપેલી છે તથા ઉંચા શિખરોથી બંધાયેલી જે વિજયરૂપ ધજાઓ છે તે એવી લાગે છે જાણે દેવોને બોલાવી રહી છે.

મોટા-મોટા મોતીઓની ઝુલો ચારે બાજુ લટકી રહી છે; ક્યાંક સોનાની, ક્યાંક રત્નોની ઝુલો શોભી રહી છે; ચારે બાજુ અનેક રત્નમયી અલંકાર તથા અતિ સુગંધિત કલ્પવૃક્ષોના ફુલોની માળાઓ શોભી રહી છે; અનેક સુગંધિત પુષ્પ તથા મહાસુગંધ યુક્ત ધૂપની ગંધ ફેલાઈ રહી છે; પરંતુ તે બધાથી અધિક **જિનેન્દ્રના શરીરની સુગંધથી બધી દિશાઓ સુગંધિત થઈ રહી છે, એટલા માટે એને ગંધકુટિ કહે છે. સુગંધની, કાંતિની અને શોભાની આ ત્રણ લોકમાં પરમ પરાકાષ્ઠા છે.**

**છસ્સો ધનુષની ચોરસ ગંધકુટિની વચ્ચે એક યોજન ઉંચું સિંહાસન છે.** તે સિંહાસનની કાંતિ, કિરણ સમૂહ તથા સૌંદર્યનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી. તે સિંહાસન ઉપર ચાર આંગળ અંતર છોડી, પોતાની મહિમા અનુસાર જ સિંહાસનને સ્પર્શ કર્યા વિના જ જિનેન્દ્ર બિરાજમાન છે, **ત્યાં આગળ બિરાજમાન જિનેન્દ્રની ઈન્દ્રાદિ દેવ અત્યંત ભક્તિપૂર્વક પૂજા, સ્તવન વંદના કરે છે.**

દેવરૂપી મેઘો દ્વારા કલ્પવૃક્ષોના અત્યંત સુગંધિત પુષ્પોની વર્ષા બાર યોજનના સંપૂર્ણ સમોવશરણમાં થઈ રહી છે. એક યોજનના શ્રીમંડપની ઉપર રત્નમય અશોકવૃક્ષ બધી બાજુ શોભી રહ્યાં છે; તેમનાં મરકતમણિમય લીલાં પાન છે, અનેક પ્રકારનાં મણિમય પુષ્પોથી ભૂષિત છે, પવનથી મંદ-મંદ હલતી ડાળીઓ જાણે નૃત્ય કરી રહી છે, મદોન્મત કોયલ અને ભ્રમર પોતાના સ્વરો દ્વારા જિનેન્દ્રના ગુણોનું સ્તવન કરી

રહ્યા છે. એક યોજન લાંબી પોતાની ડાળીઓ દ્વારા સર્વે જીવોનો શોક દૂર કરી રહ્યાં છે, બધી દિશાઓને પોતાની ડાળીઓથી ઢાંકી રહ્યાં છે. હીરામય વૃક્ષ છે તેમાંથી જપાપુષ્પ સમાન રત્નોનાં પુષ્પ વરસી રહ્યાં છે.

ત્રણ છત્ર પોતાની કાંતિની ઉજ્જવળતાથી સૂર્ય-ચંદ્રમા બંનેની પ્રભાનો તિરસ્કાર કરી અદ્‌ભૂત ત્રૈલોકયના પદાર્થોની પ્રભાને જીતતાં થકા મોતીઓની ઝાલર યુકત છે. ત્રણ લોકની લક્ષ્મીના હાસ્યનો પુંજ છે, યા ધર્મરૂપ રાજાને ત્રણલોકને આનંદિત કરવાનો હર્ષ છે યા મોહને જીતવાથી ઉત્પન્ન પ્રભુના યશનો આ પુંજ છે. આ રીતે તર્કણા (ઉપમા) ઉપજાવતાં ત્રણ છત્ર શોભાયમાન છે.

જ્યાં સુધી જિનેન્દ્રદેવ બિરાજમાન રહેશે ત્યાં સુધી સેવા કરવાવાળા યક્ષ દેવોના કરકમલ સમૂહથી ચાલતા ચૌંસઠ ચામર પ્રગટ શોભાયમાન છે. તે ચામર એવા દેખાય છે જાણે ક્ષીર સમુદ્રની લહેરોની પંક્તિ જ છે, અમૃતના ખંડોથી જ બન્યા છે, ચંદ્રમાના કિરણોનો સમૂહ જ છે, જિનેન્દ્રની સેવા માટે ચામરોના રૂપમાં ગંગા જ આવી છે, જિનેન્દ્રના અંગની દ્યુતિ જ છે, ક્ષીર સમુદ્રના ફીણની પંક્તિ જ હવાથી હલી રહી છે, આકાશમાંથી ઉતરતી હંસોની પંક્તિ જ છે, તથા ભગવાનનો ઉજ્જવળ યશ જ ચારે બાજુ ફેલાઈ રહ્યો છે. એવા શોભનીય ચૌંસઠ ચામર ઢળી રહ્યા છે.

ત્યાં આગળ દેવદુંદુભિ આકાશમાં મેઘોના આગમનની શંકા ઉપજાવતી કાનોને અમૃતની જેમ સીંચતી મધુર સ્વર રેલાવી રહી છે. દેવલોકનાં અનેક જાતિનાં વાજિંત્ર અનેક પ્રકારના ધ્વનિઓ દ્વારા સમસ્ત દિશાઓને પૂર્ણ કરતા મેઘની ગર્જના સમાન સમસ્ત લોકમાં વ્યાપેલા ભગવાને મોહને જીતી લીધો છે, **માટે તેના આનંદના સ્વર લોકોના હૃદયમાં પ્રગટ થઈ રહ્યા છે.**

**જિનેન્દ્રના દેહની અદ્‌ભૂત પ્રભા સમસ્ત સમોવશરણમાં ફેલાઈ રહી છે.** તે પ્રભાથી બધા સુર, અસુર, મનુષ્યોને મહા આશ્ચર્ય થઈ રહ્યું છે, તે પ્રભા સૂર્યના તેજને ઢાંકી રહી છે, કરોડો કલ્પવાસી દેવોની દ્યુતિને આચ્છાદિત કરી જગતમાં એક અદ્‌ભૂત મહાન ઉદયને પ્રગટ કરતી ફેલાઈ રહી છે, **જિનેન્દ્રના દેહરૂપી અમૃતના સમુદ્રમાં દેવ, દાનવ, મનુષ્ય પોત-પોતાના સાત ભવ જોઈ રહ્યા છે. ચંદ્રમાની કાંતિ તો જડતા કરે છે, સૂર્યની પ્રભા આતાપ કરે છે, પણ જિનેન્દ્રના દેહની**

**પ્રભા જડતાને દૂર કરે છે, જ્ઞાનનો પ્રકાશ કરે છે તથા સમસ્ત સંતાપને દૂર કરી સુખી કરે છે.**

જિનેન્દ્રના મુખ કમળથી મેઘની ગર્જના સમાન દિવ્ય-ધ્વનિ પ્રગટ થાય છે, જે ભવ્ય જીવોના મનમાંથી મોહ અંધકારને દૂર કરી સૂર્ય સમાન અનેકાંત સ્વરૂપ વસ્તુનું ઉદ્‌ઘાટન કરે છે. જિનેન્દ્રનો ધ્વનિ એકરૂપ હોવા છતાં પણ સમસ્ત મનુષ્યોની ભાષારૂપ થઈ કાનની અંદર પ્રવેશે છે, તિર્યંચોના પણ હૃદયમાં પ્રવેશી જાય છે, અને વિપરીત જ્ઞાનને દૂર કરી સમ્યક્‌રૂપ તત્વોના જ્ઞાનને પ્રગટ કરે છે. જેમ એકરૂપ જળનો સમૂહ પણ અનેક પ્રકારના વૃક્ષોમાં અનેકરૂપે પરિણમી જાય છે, તેવી રીતે સર્વજ્ઞનો એક પ્રકારનો ધ્વનિ પણ અનેક પ્રકારના શ્રોતારૂપ પાત્રોની વિશેષતાથી અનેકરૂપમાં પરિણમી જાય છે. જેમ એકરૂપ સ્ફટિકમણિ પણ અનેક પ્રકારના ડાઘના સંયોગથી અનેકરૂપે પરિણમે છે, તેવી રીતે સર્વજ્ઞનો એક પ્રકારનો ધ્વનિ પણ સ્વચ્છતાના પ્રભાવથી પાત્રના પ્રભાવથી અનેકરૂપે પરિણમે છે. કોઈ દિવ્યધ્વનિના અનેક ભાષા સ્વભાવરૂપ પરિણમનને દેવકૃત વિશેષતા (ગુણ) કહે છે પણ એમાં દેવકૃતપણું સંભવ નથી. દિવ્યધ્વનિ અક્ષર સહિત જ છે, અક્ષર સમૂહ વિના અર્થનું જ્ઞાન કેમ થાય ?

આ રીતે અષ્ટ પ્રાતિહાર્યોની વિભૂતિ સહિત ગંધકુટિમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખના ધારી જિનેન્દ્ર ગંધકુટિમાં પૂર્વદિશા સન્મુખ કે ઉત્તર દિશાના સન્મુખ થઈ બિરાજમાન રહે છે. ગંધકુટિની પ્રદક્ષિણારૂપ (ચારે બાજુ) સામેની તરફ જોતાં **પહેલી** સભામાં ગણધરાદિ મુનિરાજ બેસે છે; **બીજી** સભામાં કલ્પવાસી દેવોની સ્ત્રીઓ, **ત્રીજી** સભામાં ગણણી સહિત આર્યિકા, તથા મનુષ્યની સ્ત્રીઓ, **ચોથી** સભામાં ચક્રવર્તી આદિ સહિત મનુષ્ય, **પાંચમી** સભામાં જ્યોતિષી દેવોની સ્ત્રીઓ, **છઠ્ઠી** સભામાં વ્યંતરદેવોની સ્ત્રીઓ, **સાતમી** સભામાં ભવનવાસી દેવોની સ્ત્રીઓ, **આઠમી** સભામાં ભવનવાસી દેવ, **નવમી** સભામાં વ્યંતર દેવ, **દસમી** સભામાં જ્યોતિષી દેવ, **અગિયારમી** સભામાં કલ્પવાસી દેવ, તથા **બારમી** સભામાં બધા તિર્યંચ બેસે છે. આ રીતે બાર સભાઓના જીવ જિનેન્દ્રના ચરણોની ભક્તિ કરી અતિ નમ્ર થઈ ભગવાન જિનેન્દ્ર દ્વારા ઉપદેશિત ધર્મરૂપી અમૃતનું પાન કરે છે.

ઘાતિયા કર્મોનો નાશ થવાથી ભગવાનને અઢાર દોષોનો અભાવ થઈ ગયો છે. ક્ષુધા, તૃષા, જન્મ, મરણ, જરા, રોગ, શોક, ભય, વિસ્મય, અરતિ, ચિંતા, સ્વેદ, ખેદ, મદ, મોહ, નિંદ્રા, રાગ અને દ્વેષ - આ અઢાર દોષ બધા સંસારી (મિથ્યાદષ્ટિ)

જીવોમાં વ્યાપી રહ્યા છે. ભગવાન અરહંતને ઘાતિયા કર્મોના અભાવથી આ સમસ્ત દોષ નાશ થઈ ગયા છે. માટે અનંત સુખરૂપ પરમાત્મા પરમ પૂજ્ય પરમેશ્વર અનંત ગુણોના ધારી, કોટિ સૂર્ય સમાન ઉદ્યોતના ધારી, અનેક અતિશય યુક્ત, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખરૂપથી બિરાજમાન છે. આ રીતે અરહંતના સ્વરૂપનું ધ્યાન કરવું તે **રૂપસ્થ ધર્મધ્યાન છે.**

જે પુરૂષ વીતરાગી થઈ (ચોથા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી) વીતરાગને (તેરમા ગુણસ્થાન વાળાને) સ્મરણ કરે છે તે કર્મબંધનથી છૂટે છે. જે સ્વયં રાગી (પ્રથમ ગુણસ્થાનવાળો) હોવા છતાં સરાગી(પ્રથમ ગુણસ્થાનવાળા ગૃહિત મિથ્યાદષ્ટિ)નું અવલંબન લે છે તે દુષ્ટ કર્મોનો બંધ કરે છે; ક્રોધી થઈ ધ્યાન કરવાવાળો પણ અનેક પ્રકારના વિકારી ભાવ કરતો થકો અસાર ધ્યાનના માર્ગનું અવલંબન લે છે.

જેઓ મંત્ર, મંડળ, મુદ્રાદિ અનેક ઉપાયોથી ધ્યાન કરવામાં ઉદ્યમી છે, તેમને આત્મામાં એકાગ્ર થઈ જોડાવાથી એવું સામર્થ્ય પ્રગટી જાય છે કે ક્ષણભરમાં સુર, અસુર, મનુષ્યોના સમૂહને આશ્ચર્ય ઉપજાવે છે. વિદ્યાનુવાદ પૂર્વમાં અનેક વિદ્યા, મંડળ, મંત્ર, અક્ષરો આદિની શક્તિ આત્માના ભાવ જોડાવાથી પ્રગટ થવાનું વર્ણન કર્યું છે, કારણ કે **અનાદિ નિધન વસ્તુઓનો સ્વભાવ કોઈના દ્વારા દૂર કરવાથી દૂર થતો નથી.** જેમ – કેટલાયે પુદ્‌ગલોનો સંયોગ થવાથી વિષ થઈ જાય છે, કેટલાયે અમૃત થઈ જાય છે, કેટલાયને શરીરમાં લગાવવાથી વિકાર દૂર થઈ જાય છે, કેટલાયે ખાવાથી મરી જવાય છે.

વચનના પુદ્‌ગલોમાં પણ અચિન્ત્ય સામર્થ્ય છે, જેનાથી આત્મામાં ક્રોધાદિ વિકાર પ્રગટ થઈ જાય છે, આજન્મના કષાય દૂર થઈ જાય છે, મંત્રાદિથી ઝેર ઉતરી જાય છે, ઝેર ફેલાઈ જાય છે. આ રીતે મનના એકાગ્ર થઈને જોડાવામાં ધ્યાનનું અચિંત્ય સાર્મથ્ય છે.

**નરક સ્વર્ગ મોક્ષ થવાનું કારણ ધ્યાન જ છે.** કેટલાયે અસંખ્યાત ધ્યાન તો કુતૂહલ માટે કુમાર્ગમાં લઈ જનાર કુગતિના કારણરૂપ કુધ્યાન છે. **આત્મામાં અનંત સામર્થ્ય સ્વભાવથી જ છે.** જેવું બાહ્ય નિમિત્ત મળી જાય છે તેવું પરિણમન થઈ જાય છે; તેથી જે જિનેન્દ્ર ધર્મના ધારી છે તે ખોટા ધ્યાન, કુમંત્ર, મંડળાદિ સાધનનું કૌતુકથી પણ સ્વપ્નમાં પણ કદી સેવન ન કરે. કુધ્યાન આદિના પ્રભાવથી સમ્યક્‌માર્ગથી

ભ્રષ્ટ થઈ જવાય છે, સાચી ઉજ્જવળ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે, પછી અનેક ભવોમાં બુદ્ધિમાં શુદ્ધિ આવતી નથી, મિથ્યામાર્ગ છૂટતો નથી.

**સન્માર્ગ છૂટ્યા પછી અસંખ્યાત ભવો સુધી સમ્યગબુદ્ધિ પ્રગટ થતી નથી, જિન સિદ્ધાંતના સત્ય ઉપદેશ હૃદયમાં પ્રવેશતા નથી, બુદ્ધિ વિપરીત થઈ જાય છે. તેથી અસદ્ ધ્યાન ખોટા મંત્રાદિ માત્ર આત્માના નાશ માટે છે, રાગાદિ વધારવાવાળા છે; ગૃહિત મિથ્યાત્વ છે.**

જે પુરૂષ નીચ કોટિના ધ્યાન, ખોટા મંત્ર, મુદ્રા, મંડળ, યંત્ર પ્રયોગ આદિ દ્વારા રાગી, દ્વેષી, કામી, ક્રોધી, નીચ વ્યંતર દેવ, ભવનવાસી દેવ, જ્યોતિષી દેવ, દેવીઓ, યક્ષ, યક્ષિણીની આરાધના કરે છે, તે સંસારના વિષય, ધન, તથા કષાયોની ખોટી આશાના ચાહવાવાળા થઈ ભોગોનાં દુઃખ ભોગવી પોતાના પૂર્વપુણ્યનો ઘાત કરી નરકમાં જાય છે.

**જ્યારે આ વિષય-કષાયોની ઈચ્છા જ દુર્ગતિમાં લઈ જાય છે, તો પછી એમના માટે ખોટી વિદ્યા, ખોટા મંત્રાદિ દ્વારા ધ્યાન કરવું તો આત્મામાં મિથ્યાત્વ તથા કષાયોનું દઢ આરોપણ કરવું છે, જે નિગોદાદિમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરાવે જ છે.**

બુદ્ધિમાને તો એવું ધ્યાન કરવું, એવું ચિંતવન કરવું, તથા એવું આચરણ કરવું જોઈએ જેનાથી જીવના કર્મબંધનો વિધ્વંસ (નાશ)થઈ જાય. જેઓ શાંત ચિત્ત છે, મંદ કષાયી છે, નિર્વાંછક છે, સંતોષી છે; મોક્ષમાર્ગના અવલંબી છે તેમને વિદ્યાની સાધના તથા દેવની આરાધના વિના જ સ્વયમેવ અનેક સિદ્ધિઓ, અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે. જેઓ નીચ (હલકી) વાંછાના ધારી, હીન પુણ્યના ધારી છે તેમને ઈચ્છાનુસાર કંઈ પણ મળતું નથી, પણ અનેક મંત્રાદિની સાધના કરવા છતાં પણ અનેક વિપત્તિઓ જ પ્રાપ્ત થાય છે. **માટે વીતરાગ ધર્મના શ્રદ્ધાનીએ સ્વપ્નમાં પણ નીચ ધ્યાન, મંત્રાદિની પ્રશંસા કરવી જોઈએ નહિ.**

**(૪) રૂપાતીત ધર્મધ્યાન -** જે શરીરાદિ નોકર્મ તથા જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ રહિત, ચૈતન્યસ્વરૂપ, નિજાનંદમય, શુદ્ધ, અમૂર્ત, અવિનાશી, અજન્મા, સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ પુદ્ગલ વિકાર રહિત અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, અનંતસુખ સ્વભાવી, સ્વાધીન, નિરાકુળ, અતીન્દ્રિય, સિદ્ધ, કૃતકૃત્ય એવા શુદ્ધ આત્માના સ્વભાવનું ચિંતવન કરવું છે તે રૂપાતીત ધ્યાન છે. જો કે ચિત્તનું એકાગ્રપણું ધ્યાન છે તો પણ સિદ્ધ પરમેષ્ઠીના

ગુણ સમૂહ તથા તેમના સ્વરૂપનું ધ્યાનમાં અવલોકન કરી **બીજા બધાનું શરણ છોડી નિજ સ્વરૂપમાં લીન થઈ જવું તે જ ધર્મધ્યાન છે.**

**સિદ્ધ પરમેષ્ઠીના ગુણ સમૂહના સ્વભાવરૂપ પોતાના સ્વરૂપનો અનુભવ કરવો તે જ પરમાત્મામાં સમાઈ જવું છે.** પરમાત્મામાં અને આપણામાં ગુણોની અપેક્ષાએ તો સમાનતા છે; પણ આપણા ગુણ કર્મોથી ઢંકાયેલા છે, સિદ્ધ પરમેષ્ઠીના સમસ્ત ગુણ કર્મોના અભાવ થઈ જવાથી પ્રગટ થઈ ગયા છે. આ રીતનો નિરંતર અભ્યાસ કરવાથી આત્માને એવું દઢ શ્રદ્ધાન થઈ જાય છે કે સ્વપ્નમાં પણ સિદ્ધોનો સ્વભાવ પ્રત્યક્ષ દેખાય છે તેને રૂપાતીત ધ્યાન થાય છે. (હોય છે). આ રીતે રૂપાતીત ધ્યાનનું વર્ણન કરી ધર્મધ્યાનનું વર્ણન સમાપ્ત થયું.

**શુક્લધ્યાન -** હવે શુકલધ્યાનનું વર્ણન કરવાનો અવસર આવી ગયો છે. જો કે શુકલધ્યાનના પરિણામ એક દેશમાત્ર પણ મારા માટે સાક્ષાત્ થયાં નથી, તો પણ આગમની આજ્ઞા અનુસાર થોડુંક લખીએ છીએ.

શુકલધ્યાનના ચાર ભેદ છે – (૧) પૃથક્ત્વ વિર્તક વિચાર (૨) એકત્વ વિર્તક અવિચાર (૩) સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ (૪) વ્યુપરત ક્રિયા નિવર્તિ. એમાં પ્રથમ બે શુકલધ્યાન તો પૂર્વોના જ્ઞાતા દ્વાદશાંગના ધારી મુનિઓને થાય છે, તથા બાકીના બે શુકલધ્યાન કેવળી ભગવાનને થાય છે. એમાં પ્રથમ શુકલધ્યાન તો મન-વચન-કાયાના ત્રણે યોગોમાં જ થાય છે. ત્રીજુ શુકલધ્યાન માત્ર એક કાય યોગમાં જ થાય છે. ચોથું શુકલધ્યાન અયોગી ને જ થાય છે.

**(૧) પૃથકત્વ વિર્તક વિચાર શુકલધ્યાન -** પ્રથમ શુકલધ્યાન તો સવિર્તક, સવિચાર થાય છે. સવિતર્ક શબ્દનો અર્થ છે શ્રુતજ્ઞાનના શબ્દ તથા અર્થના અવલંબન સહિત છે. સવિચાર શબ્દનો અર્થ છે પલટવું. અર્થના પલટવા, શબ્દના પલટવા, યોગના પલટવા સહિત જે ધ્યાન છે તે પૃથક્ત્વ વિતર્ક વિચાર ધ્યાન છે. અનેક શબ્દ, પદાર્થ તથા યોગોનું પલટવું આ ધ્યાનમાં થાય છે. (પણ આ ધ્યાન નિર્વિકલ્પ દશામાં થવાથી તે ધ્યાનકર્તાને એ ખબર હોતી નથી કે મારા અર્થ, શબ્દ, યોગ પલટી રહ્યા છે, એનું જ્ઞાન તો કેવળજ્ઞાનીને જ થાય છે.)

બીજા શુકલધ્યાન શ્રુતનો એક શબ્દ, એક અર્થ (પદાર્થ) એક યોગના અવલંબનથી થાય છે. જેનું અવલંબન લીધું તેનાથી પરિણામ પલટતાં નથી, માટે એકત્વ વિર્તક અવિચાર નામનું બીજું શુકલધ્યાન છે.

આ શ્રુતજ્ઞાનનું નામ **વિર્તક** છે, તથા અર્થ (પદાર્થ) વ્યંજન તથા યોગની સંક્રાંતિ અર્થાત્ પલટી જવાનું નામ **વિચાર** છે. **અર્થ** નામ તો ધ્યાન કરવા યોગ્ય ધ્યેયનું છે; તે ધ્યેય દ્રવ્ય તથા પર્યાય હોય છે. **વ્યંજન** નામ વચનનું છે. **યોગ** નામ, મન, વચન, કાયાની હલન-ચલનરૂપ ક્રિયાનું છે. **સંક્રાંતિ** નામ પરિવર્તનનું છે. દ્રવ્યને છોડી પર્યાયને પ્રાપ્ત થઈ જવું, પર્યાયને છોડી દ્રવ્યને પ્રાપ્ત થવું તે અર્થ સંક્રાંતિ છે.

એક શ્રુતના શબ્દને ગ્રહણ કરી અન્ય શ્રુતના વચનને ગ્રહણ કરવું, તેના વચનોને છોડીને અન્ય શ્રુતના વચનોનું અવલંબન લેવું, તે વ્યંજન સંક્રાંતિ છે. કાયયોગને છોડીને અન્ય યોગ ને ગ્રહણ કરવો તે યોગ સંક્રાંતિ છે. આવા પરિવર્તનને વિચાર કહે છે.

આ રીતે સામાન્ય અને વિશેષથી જે ચાર ધર્મધ્યાન અને ચાર શુકલધ્યાન કહ્યાં તથા પહેલાં અનેક પ્રકારથી ગુપ્તિ આદિ સંસારનો અભાવ કરવાના ઉપાય કહ્યા છે; તે બધા મહા મુનિઓએ ધારણ કરવા યોગ્ય કહ્યા છે.

**ધ્યાનની સામગ્રી તથા ધ્યાનની વિધિ** – અહીં ધ્યાનનો આરંભ કરવાના સમયે આટલી સામગ્રી અવશ્ય હોય છે –

**જે કાળમાં શરીરના ત્રણ ઉત્તમ સંહનન સહિત પરિષહોની બાધા સહન કરવાની શક્તિ આત્માને પ્રાપ્ત થાય છે, તે કાળમાં ધ્યાનના સંયોગનો પરિચય કરવા માટે પ્રારંભ કરો. કેવી રીતે કરવો ? તો કહે છે -** પર્વત, ગુફા, કંદરા, નદીના કિનારા, દરી (ખાઈ), વૃક્ષોનાં કોટર, સ્મશાન, જુનો બાગ, એકાંત સ્થાન આદિમાં કોઈ એક અવકાશ (ખાલી) સ્થળ હોય. **તે સ્થળ કેવું હોય ?** સાપ, મૃગ, પશુ, પક્ષી, મનુષ્યોના આવાગમનરહિત હોય, આગંતુક કીડા, કીડી, વિંછીં, ડાંસ, મચ્છર, મધુમાખી આદિ જીવોથી રહિત હોય, જ્યાં ઘણી ગરમી, ઠંડી, હવા, પાણી, વર્ષા, લૂની બાધા ન હોય; અંદર મનને તથા બહાર શરીરને બાધા પહોંચાડવાવાળા સર્વ પ્રકારના કારણોનો અભાવ હોય.

એવી પવિત્ર, અનુકૂળ સ્પર્શ યોગ્ય જમીન પર સુખેથી બેસી, પદ્માસન લગાવી સમ સરળ, કઠોરતા રહિત, શરીરને નિશ્ચલ કરી; પોતાની ગોદમાં ડાબી હથેળી પર જમણી હથેળી સીધી રાખી નેત્રોને ન તો બંધ કરીને ન તો વધારે ખોલીને; દાંતોને દાંતોનો સ્પર્શ ન કરાવીને, થોડુંક મોંઢુ ઉપર રાખવું. મધ્ય હૃદય, પેટ વિગેરે સરળ રાખો. શરીરને અકડાવું છોડી, પરિણામોમાં મસ્તક, હોઠોની ગંભીરતા-સરળતા ધારણ કરી પ્રસન્ન મુખ રહેવું.

નિમેષ રહિત સ્થિર સૌમ્ય દૃષ્ટિ સહિત થઈ; નિંદ્રા, આળસ, કામ, રાગ, રતિ, અરતિ, શોક, હાસ્ય, ભય, દ્વેષ, ગ્લાનિને નષ્ટ કરી; જેનો મંદ-મંદ શ્વાસોચ્છ્વાસ રહી જાય; એટલી સામગ્રી સહિત **સાધુ** નાભિના ઉપર યા હૃદયમાં યા મસ્તકમાં યા એની વચ્ચે અન્ય કોઈ સ્થળે મનની પ્રવૃત્તિને રોકીને જેમ બને તેમ મન નિશ્ચલ કરી મોક્ષ અર્થાત્ કર્મબંધનથી છૂટવાના અભિલાષી થઈ પ્રશસ્ત ધ્યાન કરવું.

તે ધ્યાનમાં એકાગ્રમન થઈ, રાગ-દ્વેષ-મોહની ઉપશમતાને પ્રાપ્ત કરી, સાવધાનીપૂર્વક શરીરની હલન-ચલન ક્રિયાને રોકી, મંદ-મંદ ઉચ્છ્વાસ-નિશ્વાસરૂપ સમ્યક્ નિશ્ચય અભિપ્રાય કરી, ક્ષમાવાન થઈ; બાહ્ય આભ્યંતર દ્રવ્ય પર્યાયોમાં વ્યાપી, શ્રુતના સામર્થ્યને અંગીકાર કરવાવાળા **સાધુ** અર્થ, વ્યંજન, કાયા, વચનથી ભિન્નતા કરી, ઉપયોગને પરિવર્તિત કરી મનથી જેમ કોઈ પુરૂષ પરિપૂર્ણ બળના ઉત્સાહથી રહિત, અડગતા રહિત થઈ, બુઠ્ઠા શસ્ત્રથી ઘણા સમયે મજબૂત ચીકણું લાકડું કાપી શકે છે; તેવી રીતે આઠમા, નવમા, દસમા ગુણસ્થાનોના ભાવવાળો સાધુ પણ સંજવલન કષાયના ઉદયથી પરિપૂર્ણ, પરિણામોના બળના ઉત્સાહના અભાવમાં, ભાવોમાં કષાયના-ઉદયના ધક્કાથી, દઢ નિશ્ચલતા ન હોવાથી, મોહનીય કર્મના સમસ્ત ઉદયનો નાશ ન થવાથી, ધીરે-ધીરે કરણરૂપ પરિણામોના સામર્થ્યથી મોહનીય કર્મની પ્રકૃત્તિઓનો ઉપશમ તથા ક્ષય કરી પૃથક્ત્વ વિર્તક વિચાર ધ્યાનનો ધારી થાય છે.

પછી વીર્યાન્તરાય વિશેષની હાનિ થવાથી યોગથી યોગાન્તરનો, શબ્દથી શબ્દાંતર, અર્થથી અર્થાન્તરનો આશ્રય કરી ધ્યાનના પ્રભાવથી સમસ્ત મોહ કર્મની રજનો અભાવ કરી યોગમાં લીન થાય છે. આ રીતે પૃથક્ત્વવિર્તક નામના ધ્યાનનું સ્વરૂપ કહ્યું.

**(૨) એકત્વવિર્તક અવિચાર શુકલધ્યાન -** ઉપરોક્ત વિધિના અનુસાર જ સમસ્ત મોહનીય કર્મને જલાવી નાશ કરવાનો ઈચ્છુક અનંતગણી વિશુદ્ધતા સહિત યોગ વિશેષનો આશ્રય કરી, તથા જ્ઞાનાવરણની સહાયક પ્રકૃતિઓના બંધને રોકી તથા તેમની સ્થિતિ ને ઘટાડતાં-ઘટાડતાં તથા ક્ષય કરતાં શ્રુતજ્ઞાનનો ઉપયોગ કરી, અર્થ-વ્યંજન-યોગનું પલટવું દૂર કરી મનને અવિચલિત કરી, કષાયને ક્ષીણ કરી વૈડૂર્યમણિની જેમ નિર્લેપ થઈ ધ્યાનમાંથી પછી બહાર આવતો નથી. આ રીતે એકત્વવિર્તક ધ્યાનનું સ્વરૂપ કહ્યું.

**(૩) સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ શુકલધ્યાન -** આ રીતે એકત્વવિર્તક ધ્યાનરૂપ

અગ્નિ દ્વારા જેમણે ઘાતિયા કર્મરૂપી ઈંધનને બાળી નાખ્યું છે, તથા (તેમને) કેવળજ્ઞાનરૂપ સૂર્ય-ચંદ્ર-મંડળ પૂર્ણ પ્રકાશિત થઈ ગયા છે. મેઘ સમૂહના દૂર થયે નિકળતા સૂર્યની જેમ કાંતિથી દૈદીપ્યમાન ભગવાન તીર્થંકર તથા અન્ય કેવળી ત્રણલોકના ઈશ્વર, ઈંદ્ર-ધરણેન્દ્રાદિ દ્વારા વંદનીય-પૂજનીય થઈ ઉત્કૃષ્ટતાથી દેશોન ( ) કોટિપૂર્વ વર્ષો સુધી વિહાર કરે છે.

જ્યારે આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી રહી જાય છે ત્યારે કેવળી ભગવાન વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિને પણ, જો આયુષ્ય કર્મની સ્થિતિના જેટલા જ હોય તો સમસ્ત મનોયોગ - વચનયોગને છોડી, બાદર કાયયોગને પણ છોડી, **સૂક્ષ્મકાય યોગનું અવલંબન લઈ સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ ધ્યાનને પ્રાપ્ત કરવા યોગ્ય થઈ જાય છે.** પણ જો આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી રહી ગયું તથા વેદનીય, નામ, ગોત્ર, કર્મની સ્થિતિ અધિક હોય તો સયોગી કેવળી સમસ્ત કર્મોની રજને નાશ કરવાની શક્તિવાળા સ્વભાવના હોવાથી **દંડ, કપાટ, પ્રતર, લોકપૂરણ સમુદ્ઘાત દ્વારા** પોતાના આત્મ પ્રદેશોને ચાર સમયોમાં પ્રસાર કરી તથા ચાર સમયોમાં આત્મપ્રદેશોને પ્રસારતા સંકોચી સમસ્ત કર્મોની સ્થિતિને સમાન કરી પૂર્વ શરીર પ્રમાણ થઈ સૂક્ષ્મ કાયયોગ કરી સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાત ધ્યાન ને પ્રાપ્ત થાય છે.

**(૪) સમુચ્છિન્ન (વ્યુપરત) ક્રિયા નિવૃત્તિ શુક્લધ્યાન -** તેના પછી સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ ધ્યાન પ્રારંભ કરીએ છીએ. સમુચ્છિન્ન અર્થાત્ નાશ થઈ ગયા છે શ્વાસોચ્છ્વાસની આવન-જાવન તથા સમસ્ત કાય-વચન-મનના યોગરૂપ સમસ્ત પ્રદેશોના હલન-ચલનરૂપ ક્રિયાનો વેપાર જેમાં, માટે તેને સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ ધ્યાન કહે છે. તે સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ ધ્યાન થવાથી સમસ્ત બંધના કારણ સમસ્ત આસ્રવનો નિરોધ થઈ જાય છે; તથા સમસ્ત કર્મોનો નાશ કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થઈ જવાથી અયોગ કેવળી ભગવાનને સંપૂર્ણ સંસારના દુઃખોનો સાથ નષ્ટ કરનાર સાધન સંપૂર્ણ યથાખ્યાત ચારિત્ર, જ્ઞાન, દર્શન, સાક્ષાત્ મોક્ષનું કારણ ઉત્પન્ન થઈ જાય છે. જેમણે ધ્યાનરૂપ અગ્નિથી કર્મમળ કલંક બંધને જલાવી દીધું છે, તથા જે સુવર્ણમાંથી કીટ, ધાતુ, પાષાણ દૂર થઈ ગયા છે, તે સુવર્ણની જેમ તે અયોગ કેવળી ભગવાન પોતાના આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરી નિર્વાણને પામે છે.

આ રીતે ટૂંકમાં શુકલધ્યાનનું વર્ણન કરી ધ્યાન નામના તપનું વર્ણન સમાપ્ત કર્યું આ રીતે આ તપ ભાવનાનું વર્ણન થયું.

હવે અહીં અનેકાંત ભાવના તથા સમયસારાદિ ભાવનાનું વર્ણન કરવાની ઈચ્છા છે, પણ આયુષ્ય-કાયાનું હવે શિથિલપણું હોઈ કોઈ ઠેકાણું નથી. માટે મૂળ-લેખકના કહેલા કથનને સમેટી લેવું ઉચિત સમજી મૂળ ગ્રંથનું કથન લખીએ છીએ.

અહીં સુધી શ્રાવકના બાર વ્રતોનું વર્ણન તો કરી ચૂકયા. અંતિમ સમયમાં સંલ્લેખના વિના વ્રત સફળ થતાં નથી. બાર વ્રતરૂપ સુવર્ણનું મંદિર તો ઉભુ કર્યું, હવે તેના ઉપર સંલ્લેખના રૂપ રત્નમય કળશ ચઢાવવો છે, માટે સંલ્લેખનાનું સ્વરૂપ કહીશું.

**❖ છઠ્ઠો ભાવના અધિકાર સમાપ્ત ❖**

જિસ ઘર મેં પ્રભાત કે સમય આનંદોત્સાહ કે સાથ સુંદર સુંદર માંગલિક ગીત ગાયે જાતે હૈ, મધ્યાન્હ કે સમય ઉસી હી ઘર મેં દુઃખ કે સાથ રોના સુના જાતા હૈ.

પ્રભાત કે સમય જિસકે રાજ્યાભિષેક કી શોભા દેખી જાતી હૈ ઉસી દિન ઉસ રાજા કી ચિતા કા ધુઆ દેખને મેં આતા હૈ. યહ સંસાર કી વિચિત્રતા હૈ

**- શ્રી જ્ઞાનાર્ણવ**

સિંહ ચારે કોર ફરતા હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે, તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી આત્માર્થીને સુખેથી ઊંઘ પણ ન આવે. **- શ્રી દષ્ટિનાં નિધાન**

- હજારો ઉપદેશ વચનો કથન સાંભળવા કરતાં તેમાનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.
- અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.
- પઠન કરવા કરતાં મનન કરવા ભણી લક્ષ આપજો.
- ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મીનું લક્ષણ છે.
- સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.
- જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!
- પરિગ્રહની મૂર્છા પાપનું મૂળ છે.
- આત્મા જેવો કોઈ દેવ નથી. **- શ્રીમદ્ રાજચંદ્ર**

# ૭

## સંલેખના અધિકાર

**પ્રથમ સંલેખનાના સમયનું વર્ણન** કરતો શ્લોક કહે છે -

**उपसर्गे दुर्भिक्षे जरसि रुजायां च निःप्रतिकारे ।**
**धर्माय तनु विमोचन माहुः सल्लेखनामार्याः ।।१२२।।**

**અર્થ :-** જેનો ઈલાજ દેખાતો ન હોય, મટવાનો ઉપાય દેખાતો ન હોય, એવો ઉપસર્ગ થઈ જાય, દુકાળ પડી જાય, વૃદ્ધ અવસ્થા થઈ જાય, રોગ થઈ જાય, (તે સમયે) ધર્મની રક્ષા માટે શરીરનો જે ત્યાગ કરવામાં આવે છે, તેને ગણધર દેવ સંલેખના કહે છે.

**ભાવાર્થ :-** દેહમાં રહેવું તથા દેહની રક્ષા કરવી (એ) તો ધર્મને ધારણ કરવા માટે છે; મનુષ્યપણું, ઈન્દ્રિયો અને મન ઈત્યાદિનું મળવું તે બધું તો ધર્મનું પાલન કરવાથી જ સફળ છે. જ્યાં ધર્મનો જ નાશ થતો દેખાય, એવો નિર્ણય થઈ જાય કે હવે ધર્મ પળાશે નહિ, શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર નષ્ટ થઈ જશે, **ત્યાં ધર્મની રક્ષા માટે દેહનો ત્યાગ કરવો તે સંલેખના છે.**

કોઈ પૂર્વ જન્મનો વેરી, અસુર, પિશાચ આદિ દેવ આવી ઉપસર્ગ કરે; દુષ્ટ વેરી, ભીલ, મલેચ્છાદિ, સિંહ, વાઘ, હાથી, સાપ આદિ દુષ્ટ તિર્યંચકૃત ઉપસર્ગ આવી પડ્યો હોય, પ્રાણોનો નાશ કરનાર પવન, વરસાદ, ધરતીકંપ, ઠંડી, ગરમી, તડકો, અગ્નિ, પાષાણ, જળાદિ કૃત ઉપસર્ગ આવી પહોંચ્યો હોય, દુષ્ટ કુટુંબના ભાઈ આદિ સ્નેહથી યા મિથ્યાત્વની પ્રબળતાથી, પોતાના ભરણ-પોષણના લોભથી ચારિત્ર(ધર્મ)નો નાશ કરવાને ઉદ્યમી થયા હોય, તથા દુષ્ટ રાજા, રાજાના મંત્રી વિગેરે દ્વારા ઉપસર્ગ આવી જાય તો ત્યાં સંલેખના કરવી જોઈએ.

નિર્જન વનમાં, દિશા ભૂલી જવાય, રસ્તો ન મળે; જ્યાં અન્ન-પાણી મળવાં બંધ થઈ જાય. એવો દુકાળ પડી જાય; સમસ્ત દેહને જીર્ણ કરનાર, આંખ-કાન આદિ

ઈન્દ્રિયોનું કાર્ય નષ્ટ કરનાર, જાંગ બળ નષ્ટ કરનાર, હાથ-પગને શિથિલ કરી અશક્તિમાન કરનાર વૃદ્ધાવસ્થા આવી જાય તે સમયે સંલેખના લેવી યોગ્ય છે.

અસાધ્ય રોગ આવી જાય, પ્રબળ જ્વર, અતિસાર, શ્વાસ, ખાંસી, કફ વધી જાય, વાયુ પિત્તાદિની પ્રબળતા થાય, અગ્નિની મંદતાથી ભૂખ ઘટી જાય, શરીરમાં લોહીનો અભાવ થઈ જાય, કઠોદર (એક પ્રકારનો રોગ) સોજા ઈત્યાદિ વિકારની પ્રબળતા થઈ જાય, તથા રોગોની દિન-પ્રતિદિન વૃદ્ધિ થતી જાય, એવા સમયમાં શીઘ્ર જ (સત્વરે) ધૈર્ય ધારણ કરી ઉત્સાહ સહિત સંલેખના કરવી યોગ્ય છે.

આવાં અવશ્ય મરણનાં કારણ જ્યાં પણ મળી જાય ત્યાં ચાર આરાધનાઓનું શરણ ગ્રહણ કરી સમસ્ત દેહ, ગૃહ, કુટુંબ આદિથી મમત્વ છોડી, અનુક્રમથી આહાર આદિનો ત્યાગ કરી દેહને ત્યાગી દેવો જોઈએ. દેહ **નષ્ટ થઈ જાય, પણ આત્માનો સ્વભાવ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે જેમ નષ્ટ ન થાય તેમ પ્રયત્ન કરવો જોઈએ.** આ દેહ તો વિનાશી છે, અવશ્ય જ નાશ પામશે, કરોડો ઉપાયોથી, દેવ, દાનવ, મંત્ર, તંત્ર, મણિ, ઔષધિ આદિ કોઈ રક્ષા કરવાવાળું નથી.

દેહ તો અનંતભવ ધારણ કરી છોડ્યા છે, પણ આ રત્નત્રય ધર્મ અનંત ભવોમાં પ્રાપ્ત થયો, માટે દુર્લભ છે, સંસાર પરિભ્રમણથી રક્ષા કરનાર છે, આવો ધર્મ મારા પર લોક સુધી મલિન ન થાય - એવો નિશ્ચય કરી દેહથી મમતા છોડી પંડિત મરણ માટે ઉદ્યમ કરવો જોઈએ.

હવે **સમાધિ મરણનો મહિમા** કહેતો શ્લોક કહે છે -

**अंतः क्रियाधिकरणं तपः फलं सकलदर्शिनः स्तुवते ।**
**तस्माद्यावद्विभवं समाधिमरणे प्रयतितव्यम् ।।१२३।।**

**અર્થ :-** અંતક્રિયા અર્થાત્ સન્યાસ મરણ, તે જ જે તપનો આધાર હોય, તે તપના ફળની સકલદર્શી સર્વજ્ઞદેવ ભગવાન સ્તુવતે અર્થાત્ પ્રશંસા કરે છે. **જે તપ કરનારને તપના ફળથી અંતમાં સંન્યાસ મરણ ન થાય તે તપ નિષ્ફળ છે.** એટલા માટે જેટલું આપણું સામર્થ્ય હોય તેટલો સમાધિ મરણ કરવામાં ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ :-** તપ, વ્રત, સંયમ કરવાનાં લોકમાં અનેક ફળ છે. તપ કરવાનું ફળ દેવલોક છે. મિથ્યાદષ્ટિ તપના પ્રભાવથી નવમી ગ્રૈવેયિક સુધીના અહમિંદ્ર થઈ

જાય છે, મહાન ઋદ્ધિ સંપદા પ્રાપ્ત થઈ જાય છે. તપનું ફળ ચક્રવર્તીપણું, નારાયણપણું, બળભદ્રપણું, રાજેન્દ્રપણું, વૈભવ, સંપદા રૂપ, નિરોગીપણું, બળવાનપણું, આદિ અનેક પ્રકારનું છે. અખંડ આજ્ઞા, ઐશ્વર્ય, ઋદ્ધિ, વૈભવ પરિવાર આ સમસ્ત તપનું ફળ છે.

અંત સમયે સમાધિ-મરણ કર્યા વિના સમસ્ત દેવાદિની સંપદા અનેક વાર ભોગવી-ભોગવીને સંસારમાં જ પરિભ્રમણ કર્યું, પણ તપ કરી અંતમાં જેણે સમાધિ-મરણની વિધિથી આરાધનાઓના શરણ સહિત, ભય રહિત મરણ કર્યું, તેના તપના ફળની સર્વદર્શી ભગવાન પ્રશંસા કરે છે.

જેણે કોટિ પૂર્વ વર્ષ સુધી તપ કર્યું હોય; પરંતુ અંત સમયે જો તેનું મરણ બગડી ગયું હોય તો તેનું તપ પ્રશંસા યોગ્ય નથી. તપ કરવાથી દેવ લોક-મનુષ્ય લોકની સંપદા મળી જાય, પણ મરણ સમયે આરાધનાનો નાશ થવાથી સંસાર પરિભ્રમણ જ કરશે. જેમ કોઈ અનેક દૂર દેશોમાં ભ્રમણ કરી ઘણું ધન ઉપાર્જન કરી આવી રહ્યું હોય; પણ પોતાના નગરની નજીક આવતાં જ સમસ્ત ધન લૂંટાવી દરિદ્રી થઈ જાય છે; તેવી રીતે સંપૂર્ણ જીવનભર પર્યાયમાં તપ, વ્રત, સંયમ ધારણ કરી રાખ્યાં, પણ અંત સમયમાં આરાધનાનો નાશ કર્યો તો તે અનેક ભવોમાં જન્મ-મરણ જ કરશે.

હવે **સંલેખના ગ્રહણ કરવાની શરૂઆત**માં શું કરવું જોઈએ, એ કહેવાવાળો શ્લોક કહે છે-

**स्नेहं वैरं संङ्गं परिग्रहं चापहाय शुद्धमनाः ।**
**स्वजनं परिजनमपि च क्षान्त्वा क्षमयेत् प्रियैर्वचनैः ।।१२४।।**

**અર્થ :-** સ્નેહ, વેર, સંગ, પરિગ્રહ એમનો ત્યાગ કરી, શુદ્ધ મનવાળા, થઈ સ્વજન તથા પરિજનોને ક્ષમા કરી, તથા પોતે પણ સમસ્ત પરિજનોની પ્રિય હિતરૂપ વચનો દ્વારા ક્ષમા માગી ક્ષમા ધારણ કરાવે.

**ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને સ્નેહ તથા વેર બંનેનો અભાવ હોય છે.** સમ્યગ્જ્ઞાની આવો વિચાર કરે છે - હું તો કર્મને વશ થઈ આ પર્યાયમાં અહીં આવી ઉપજ્યો છું. પુણ્ય-પાપ કર્મના ઉદયને આધીન જે બાહ્ય સ્ત્રી-પુત્રાદિ આ પર્યાયના ઉપકારી તથા અપકારી દ્રવ્ય મળ્યા, એમાંથી જેમને આ પર્યાયના ઉપકારી જાણ્યા તેમનાથી દાન-સન્માન આદિ દ્વારા સ્નેહ કર્યો તથા જે આ પર્યાયના ઉપકારક દ્રવ્યોને નષ્ટ કરવાવાળા હતા તેમને ચારિત્ર મોહના ઉદયથી વેરી માની તેમનાથી પરાન્મુખ રહ્યો.

હવે આ પર્યાયનો વિનાશ થવાનો સમય આવી ગયો છે, હવે હું કોનાથી સ્નેહ કરૂં, કોનાથી વેર કરૂં ?

મારો આ બધાના આત્માની સાથે સંબંધ તો છે જ નહિ, હું એમના આત્માને જાણતો નથી, એ લોકો મારા આત્માને જાણતા નથી. માત્ર મારા અને એમના શરીરની ચામડી દેખાય છે. આ દેખાવાવાળી ચામડીથી જ મિત્ર-શત્રુનો સંબંધ છે, પણ એ ચામડી તો અગ્નિમાં રાખ થઈ જશે તથા એક-એક પરમાણુ ઉડી જશે. હવે કોનાથી સ્નેહ-વેરનો ભાવ રાખવો ?

જે કોઈ કારણ વગર અભિમાનવશ જ તમારાથી વેર રાખતા હોય, તેમની નમ્ર થઈ ક્ષમા માગવી - જો મારી ભૂલચુક થઈ ગઈ હોય, જો મેં આપ જેવા લોકોને ઓળખ્યા ન હોય, તો હવે હું તમને પ્રાર્થના કરૂં છું; મારો અપરાધ ક્ષમા કરી દો, આપ જેવા સજ્જનો વિના કોણ ક્ષમા કરશે?

જો તમે કોઈનાં ધન-જમીન પડાવી લીધાં હોય તો તેમને પાછા આપી પ્રસન્ન કરી કહો - મેં દુષ્ટતાથી તમારૂં ધન રાખી લીધું હતું, જમીન-જાયદાદ પડાવી લીધી હતી તે હવે તમે આ પાછાં લો; હું પાપી છું, દુષ્ટતાથી, છળ કપટથી, લોભથી અંધ બની મેં દુરાચાર કર્યો છે; હવે હું અંતરથી પશ્ચાત્તાપ કરૂં છું; મેં તમને ખૂબ દુઃખ આપ્યું છે, મેં જે અપરાધ કરી નાખ્યો છે તે તો હવે કોઈ રીતે ન કર્યો થતો નથી, હવે હું શું કરૂ? આપ મને ક્ષમા કરો, વિગેરે સરળ ભાવોથી ક્ષમા માગો તથા ક્ષમા કરો.

જે પોતાના કુટુંબી, સ્નેહી, મિત્રાદિ હોય તેમને આ રીતે કહેવું જોઈએ - તમે અમારા સ્નેહી-સંબંધી છો, પણ અમારો-તમારો તો આ જ પર્યાયનો સંબંધ છે; તમે આ દેહને ઉત્પન્ન કરનાર માતા-પિતા છો, આ દેહથી ઉત્પન્ન પુત્ર-પુત્રી છો, આ દેહને રમણ કરાવનાર સ્ત્રી છો, આ દેહથી કુળના સંબંધી ભાઈ છો, અમારો-તમારો આ વિનાશીક પર્યાયનો સંબંધ આટલા સમય સુધી રહ્યો છે; આ પર્યાય તો આયુકર્મને આધીન છે હવે અવશ્ય નષ્ટ થશે, આ વિનાશીકથી સ્નેહ કરવો વ્યર્થ છે, આ દેહથી સ્નેહ કરશો તો પણ રહેનાર નથી, એ તો અગ્નિથી રાખ (ભસ્મ) થઈ વિખેરાઈ જશે.

**મારો આત્મા જ્ઞાન સ્વરૂપ છે, અવિનાશી છે, અખંડ છે, મારૂં નિજરૂપ છે, જે સ્વભાવનો વિનાશ થતો નથી. જેનો સંયોગ થયો છે તેનો વિયોગ અવશ્ય થશે.** જે અનેક પુદ્‌ગલ પરમાણુથી મળીને બન્યું છે તેનો અવશ્ય વિનાશ થશે જ.

માટે આ વિનાશીક અજ્ઞાન, જડ સ્વરૂપ, મારા પુદ્‌ગલ દેહથી સ્નેહ છોડી પોતાના અવિનાશી જ્ઞાયક આત્માના ઉપકાર કરવામાં ઉદ્યમી થવું યોગ્ય છે. જે રીતે મારા જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માનો રાગ-દ્વેષ-મોહાદિથી ઘાત ન થાય તથા જ્ઞાનાદિની ઉજ્જવળતા પ્રગટ થાય, વીતરાગ નિજ સ્વભાવની પ્રાપ્તિ થઈ જાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.

આ પર્યાય (શરીર) તો અનંતાનંત વાર ધારણ કરી છોડી છે. **મેં દર્શન-જ્ઞાન-ચારિત્રની વિપરીતતાથી વિષયોને આધીન થઈ વિપરીત શ્રદ્ધાન, વિપરીત જ્ઞાન, વિપરીત આચરણ કરી ચારેય ગતિઓમાં પરિભ્રમણ કર્યું છે.** ક્યાં મારૂં સમસ્તનું જ્ઞાતા સર્વજ્ઞ સ્વરૂપ અને ક્યાં એકેન્દ્રિય પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગના જ્ઞાનનું રહેવું ? અંતરાય કર્મના ઉદયથી અનંત શક્તિમાનનું નષ્ટ થઈ પૃથ્વી-પાષાણ, જળ, અગ્નિ, પવન, વનસ્પતિરૂપ પાંચ સ્થાવરોમાં જન્મ લેવો, વિકલત્રય થવું - **આ બધો મિથ્યા શ્રદ્ધાન, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણનો પ્રભાવ છે.**

હવે અનંતાનંત કાળમાં કર્મના અત્યંત ક્ષયોપશમથી વીતરાગીના સ્યાદ્વાદરૂપ ઉપદેશથી મને કંઈક સ્વરૂપ પર-રૂપનું જ્ઞાન થયું છે. માટે હે સજ્જન ! હવે એવો પુરૂષાર્થ કર જેનાથી તારો આત્મા રાગ, દ્વેષ, મોહ રહિત થઈ નિર્ભય થઈ આરાધનાઓના શરણ સહિત આ દેહનો ત્યાગ કરે. **અનાદિ કાળથી મિથ્યાત્વ સહિત અનંતાનંત વાર બાળ મરણ કર્યા. જો એકવાર પણ પંડિત મરણ કર્યું હોત તો ફરીથી મરવું ન પડત.**

એટલા માટે હવે દેહથી સ્નેહાદિ છોડી જેમ મારો આત્મા રાગાદિના વશ થઈ સંસાર સમુદ્રમાં ન ડૂબે તેવો પ્રયત્ન કરવા યોગ્ય છે. આ રીતે સ્નેહ-વેર આદિ છોડીને તથા દેહ, પરિગ્રહ આદિનો રાગ છોડીને મનને શુદ્ધ કરવું જોઈએ.

**સમાધિમરણના ઈચ્છુકે શું કરવું જોઈએ ?** એ શ્લોક કહે છે -

**आलोच्यसर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम् ।**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निः शेषम् ।।१२५।।**

**અર્થ :-** જો તમે કોઈ પાપ અપરાધ કર્યો હોય, અન્ય પાસે કરાવ્યો હોય, કરવાવાળાને સારા માન્યા હોય, તો એ અપરાધની એકાંતમાં કપટ રહિત થઈ નિર્દોષ વીતરાગી જ્ઞાની ગુરૂ પાસે આલોચના કરવી તથા મરણ પર્યંત પૂર્ણ મહાવ્રતો ધારણ કરવાં, ગ્રહણ કરવાં.

**ભાવાર્થ :- વીતરાગી નિર્દોષ ગુરૂઓનો સંયોગ મળી જાય, પોતાના રાગાદિ કષાયો ઘટી જાય, પરીષહ આદિ સહન કરવામાં પોતાનું શરીર તથા મન સમર્થ હોય, ધૈર્યાદિ ગુણોના ધારક હોય, નિર્ગ્રંથ વીતરાગી ગુરૂ આશ્રય આપવા માટે તૈયાર હોય, દેશ કાળ સહાયકનો શુદ્ધ સંયોગ મળી જાય તો મહાવ્રત અંગીકાર કરવાં.** જો ઉપરોક્ત બાહ્ય-અંતરંગ સામગ્રી પ્રાપ્ત ન હોય તો પોતાના પરિણામોમાં જ ભગવાન પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરી અરહંત આદિની સાક્ષીએ આલોચના કરવી.

પોતાની યોગ્યતાનુસાર સમસ્ત પાંચ પાપોનો ત્યાગ કરી, ઘરમાં જ રહીને, મહાવ્રતી સમાન થઈ, રોગાદિની વેદનાને કાયરતા રહિત ખૂબ ધૈર્યપૂર્વક સહી, દુઃખરૂપ વેદનાને બહાર પ્રગટ કર્યા વિના જ સહન કરવી. કર્મના ઉદયને પોતાના સ્વભાવથી જુદો જાણી સમસ્ત શત્રુ-મિત્ર સંયોગ-વિયોગમાં સમતાભાવ ધારણ કરી પરિગ્રહ આદિની ઉપાધિને ત્યાગી વિકલ્પ રહિત થઈ જવું.

**અહીં એમ જાણવું -** સંન્યાસનો સમય આવે પરિગ્રહનો ત્યાગ કરી દેવો જોઈએ. પહેલાં તો કોઈનું દેવું બાકી હોય તો તે ચુકવીને ઋણ રહિત થઈ જવું. કોઈનાં ધન, જમીન-જાયદાદ તમે અનીતિથી લીધાં હોય તો તેમને પાછાં આપી, તેને સંતુષ્ટ કરી, પોતાના અપરાધની ક્ષમા માગી પોતાની નિંદા ગર્હા કરવી.

જે ધન-પરિગ્રહ બાકી રહે તેની વહેંચણી કરી આપી, નિરાકુળ થઈ જવું. સ્ત્રીનો ભાગ સ્ત્રીને આપવો, પુત્રોનો ભાગ પુત્રોને આપવો, પુત્રીનો ભાગ પુત્રીને આપવો. દુઃખી, દીન, અનાથ, વિધવા એવાં કોઈ તમારા આશ્રિત બહેન, ફોઈ, ભાઈ વિગેરે હોય તો તેમનું ધન પણ આપી સમસ્ત પરિગ્રહ ત્યાગ કરી મમતા રહિત થઈ શરીરને શણગારવા વિગેરેનો ત્યાગ કરવો. સ્ત્રી, પુત્ર, ઘર આદિ સમસ્ત કુટુંબમાં, શૈયા, આસન, વસ્ત્રાદિમાં મમતા છોડી દેવી. હવે તેમનો અને મારો કેટલા સમયનો સંબંધ છે ? જે દેહના સંબંધથી તેમનાથી સંબંધ હતો, તે દેહને જ જ્યારે હું છોડી રહ્યો છું ત્યારે દેહના સંબંધીઓથી મને કેવી મમતા ?

**હવે મારા આત્માનો સંબંધ તો પોતાના સ્વભાવરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી છે, જે મારો નિજ સ્વભાવ છે.** દેહ તો ચામડા, હાડ, માંસ, રૂધિરમય કૃતઘ્ન છે, જડ છે; તે મારો નથી, હું તેનો નથી, દેહ વિનાશીક છે, મારૂં રૂપ અવિનાશી છે. મને તો અજ્ઞાન ભાવના કારણે આ દેહથી મમતા રહી જેનાથી અશુભ કર્મોનો જ બંધ કર્યો.

હવે આ દેહના સંબંધના નાશની જ ઈચ્છા કરૂં છું. **દેહના મમત્વથી જ અનંત જન્મ-મરણ થયાં છે, તથા સંસારમાં જેટલા પ્રકારનાં દુઃખ છે તે બધાં મને દેહના સંયોગથી જ થયાં છે. રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધ આદિની ઉત્પત્તિનું કારણ પણ એક આ દેહનો સંબંધ જ છે.** આ રીતે દેહથી વૈરાગ્ય પામી દઢતાપૂર્વક સમસ્ત વ્રતોને ધારણ કરવાં.

હવે આગળ શું કરવું જોઈએ, તે શ્લોક દ્વારા કહે છે -

**शोकं भयमवसादं क्लेदं कालुष्यमरतिमपि हित्वा।**
**सत्वोत्साहमुदीर्य च मनः प्रसाद्यं श्रुतैरमृतैः ।।१२६।।**

**અર્થ :-** સન્યાસના સમયે શોક, ભય, વિષાદ, કલેષ, કલુષતા, અરતિ આદિ ભાવોને છોડીને કાયરતાનો અભાવ કરવો જોઈએ; પોતાના આત્મ સત્વનો પ્રકાશ (અનુભવ, જ્ઞાન) કરી શાસ્ત્ર જ્ઞાનરૂપ અમૃત દ્વારા મનને પ્રસન્ન રાખવું જોઈએ.

**ભાવાર્થ :- અનાદિ કાળથી જ આ સંસારીની પર્યાયમાં આત્મબુદ્ધિ થઈ રહી છે. તથા પર્યાયના નાશને જ પોતાનો નાશ માની રહ્યો છે.** જ્યારે પર્યાયનો નાશ થતો તથા ધન, પરિગ્રહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિ સમસ્ત સંયોગનો વિયોગ થતો દેખાય છે ત્યારે મિથ્યાદષ્ટિને ઘણો શોક થાય છે.

**સમ્યગ્દષ્ટિને શોક થતો નથી.** તે તો એવો વિચાર કરે છે - હે આત્મા ! પર્યાયો તો અનંતાનંત મળી-મળીને છૂટી ગઈ છે. આ શરીર તો રોગોની ઉત્પત્તિનું સ્થાન છે; હંમેશા ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ભય આદિ ઉપજાવવાવાળું છે; મહા કૃતઘ્ન છે, અવશ્ય વિનાશીક છે; આત્માને સમસ્ત પ્રકારનું દુઃખ કલેશાદિ ઉપજાવનાર છે; દુષ્ટની સંગતિની જેમ ત્યાગવા યોગ્ય છે; સમસ્ત દુઃખોનું બીજ છે; મહા સંતાપ ઉદ્વેગ ઉપજાવનાર છે, સદાયે ભય ઉપજાવનાર છે; જેલખાનાની જેમ પરાધીન કરનાર છે, દુઃખોની જેટલી પણ જાતિઓ છે તે બધી એનો સાથ હોવાથી ભોગવવી પડે છે.

આત્માના સ્વરૂપને ભુલાવનાર, ચાહની દાહને ઉપજાવનાર, મહા મલિન, કૃમિના સમૂહોથી ભરેલા મહા દુર્ગંધમય, દુષ્ટ ભાઈ સમાન નિત્ય કલેશોને ઉપજાવવામાં સમર્થ, અજય શત્રુ જેવા દેહનો વિયોગ થવાનો શું શોક કરવો ? એટલે જ્ઞાની શોકને છોડી દે છે, મરણનો ભય કરતા નથી. વિષાદ, સ્નેહ, કલુષતા, તથા અરતિભાવને છોડી ઉત્સાહ તથા ધૈર્ય પ્રગટ કરી શ્રુતજ્ઞાનરૂપ અમૃતને પીને મનને તૃપ્ત કરે છે.

હવે આ જ શ્લોકના અર્થની પુષ્ટિ અર્થે મૃત્યુ મહોત્સવનો પાઠ ઉપકારી જાણી અહીં અઢાર શ્લોકોમાં અર્થ સહિત લખીએ છીએ -

## ❖ મૃત્યુ મહોત્સવ પાઠ ❖

**मृत्युमार्गे प्रवृतस्य वीतरागो ददातु मे ।**
**समाधिबोधौ पाथेयं यावन्मुक्तिपुरौ पुरः ।।१।।**

**અર્થ -** હે વીતરાગી ભગવાન ! હું મૃત્યુના માર્ગ પર છું. મને આપ સમાધિ અર્થાત્ સ્વરૂપની સાવધાની, તથા બોધિ અર્થાત્ રત્નત્રયરૂપ પાથેય અર્થાત્ પરલોકના માર્ગમાં ઉપકારી ભાથુ આપો; જેનાથી હું મુક્તિપુરી સુધી પહોંચી જાઉ, એવી પ્રાર્થના કરૂં છું.

**ભાવાર્થ :-** મેં અનાદિકાળથી અનંત કુમરણ કર્યાં છે, જેને સર્વજ્ઞ વીતરાગ દેવ જ જાણે છે. મેં એક વાર પણ સમ્યક્મરણ કર્યું નથી, જો સમ્યક્મરણ કર્યું હોત તો પછી સંસારમાં મરણને પાત્ર ન થાત !

જ્યાં દેહ તો મરી જાય; પણ આત્માના સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવનો વિષય-કષાયો દ્વારા ઘાત ન થાય તે સમ્યક્મરણ છે. કારણ કે જ્યાં મિથ્યાશ્રદ્ધાની થઈ દેહના નાશને જ પોતાના આત્માનો નાશ માની સંકલેશપૂર્વક મરવું, તે કુમરણ છે.

**મિથ્યાદર્શનના પ્રભાવથી મેં દેહને જ આત્મા માની પોતાના જ્ઞાન-દર્શન સ્વરૂપનો ઘાત કરી અનંત પરિવર્તન કર્યાં છે.** હવે આપ વીતરાગ ભગવાનને એવી પ્રાર્થના કરૂ છું કે - મારા મરણ સમયે **વેદના મરણ તથા આત્મજ્ઞાન રહિત કુમરણ ન થાય.** સર્વજ્ઞ વીતરાગના શરણ સહિત સંકલેશ રહિત ધર્મધ્યાનપૂર્વક સમ્યક્મરણ ચાહું છું, એટલે વીતરાગીનું શરણ ગ્રહણ કરૂં છું.

હવે હું મારા આત્માને સમજાવું છું **- આત્મા જ્ઞાન શરીરી છે -**

**कृमि जाल शताकीर्णे जर्जरे देह पिंजरे ।**
**भज्यमाने न भेतव्यं यतस्त्वं ज्ञान विञ्जंग्रहः ।।२।।**

**અર્થ :-** હે આત્મા ! કૃમિ સમૂહના સેંકડો જાળાઓથી ભરેલા, હંમેશાં જર્જરિત થતા રહેતા આ દેહરૂપ પાંજરાના નાશ થવાનો તું ભય ન કર, કારણ કે તું તો જ્ઞાન શરીરી છે.

**ભાવાર્થ - તારૂં રૂપ તો જ્ઞાન છે જેમાં સકલ પદાર્થ પ્રકાશિત થઈ રહ્યા છે; તથા અમૂર્તિક, જ્ઞાન જ્યોતિરૂપ, અખંડ અવિનાશી, જ્ઞાતા-દૃષ્ટા છે.** જે આ હાડ, માંસ, ચામડીમય, મહા દુર્ગંધિત વિનાશીક દેહ છે, તે તારા રૂપથી અત્યંત જુદો છે; કર્મના વશથી એક ક્ષેત્રમાં અવગાહન કરી એક જેવો થઈ(મળીને) રહી રહ્યો છે, તો પણ તારામાં (ને) એનામાં અત્યંત જુદાપણું છે. **આ શરીર તો પૃથ્વી, જળ, અગ્નિ, પવનના પરમાણુઓનું પિંડ છે, જે સમય આવ્યે વિખેરાઈ જશે, પણ તું અવિનાશી અખંડ જ્ઞાયકરૂપ છે. આ દેહનો નાશ થવાનો ભય કેમ રાખે છે?**

હજી બીજું પણ કહે છે - **દેહાન્તરમાં ગમન કરવાથી ડરો નહિ.**

**ज्ञानिन् भयं भवेत् कस्मात् प्राप्ते मृत्युमहोत्सवे ।**
**स्वरूपस्थः पुरं याति देही देहान्तर स्थितिः ।।३।।**

**અર્થ :-** હે જ્ઞાની ! તને વીતરાગી સમ્યગ્જ્ઞાની ઉપદેશ આપે છે, મૃત્યુરૂપ મહાન ઉત્સવ પ્રાપ્ત થયે કેમ ડરો છો ? આ દેહમાં રહેવાવાળો આત્મા પોતાના સ્વરૂપમાં રહી અન્ય દેહરૂપ નગરમાં ચાલ્યો જાય છે, એમાં ડરવાનું શું કારણ છે ?

**ભાવાર્થ :-** જેમ કોઈ મનુષ્ય એક જીર્ણ ઝુંપડીમાંથી નીકળી બીજા નવા મહેલમાં જઈને રહેવા લાગે છે, તો તે મોટા ઉત્સવનો અવસર છે. તેવી રીતે જો આ આત્મા પોતાના સ્વરૂપમાં જ રહીને આ જીર્ણ દેહરૂપ ઝુંપડી (કુટિર)ને છોડી નવા દેહરૂપ મહેલને પ્રાપ્ત કરે તો એ મહાન ઉત્સવનો અવસર છે, એમાં કોઈ નુકશાન નથી કે જેનાથી ડરવું પડે.

**જો પોતાના જ્ઞાયક સ્વભાવમાં રહી, પરને પોતાનું માનવું છોડી, પરલોક જઈશ** તો ઘણા આદર સહિત દિવ્ય, ધાતુ-ઉપધાતુ રહિત, વૈક્રિયિક દેહમાં દેવ થઈ અનેક મહર્દ્ધિક દેવોમાં પૂજ્ય મહાન દેવ થઈશ; અને જો અહીં ડરી જઈ પોતાના જ્ઞાયક સ્વભાવને બગાડી પરમાં મમતા ધારણ કરી મરીશ તો એકેન્દ્રિયાદિના દેહમાં પોતાના જ્ઞાનનો નાશ કરી જડ જેવો થઈ જઈશ.

એટલા માટે મલિન કલેશવાન દેહને છોડી કલેશ રહિત ઉજ્જવળ દેહમાં જવું તો મોટા ઉત્સવનું કારણ છે. **સમાધિ મરણ ઉપકારક છે -**

**सुदत्तं प्राप्यते यस्मात् दृश्यते पूर्वसत्तमैः ।**
**भुज्यते स्वर्भुवं सौख्यं, मृत्युभीतिः कुतः सताम् ।।४।।**

**અર્થ :-** પૂર્વ કાળમાં થયેલા ગણધર આદિ સત્પુરૂષ એમ બતાવે છે કે જે મૃત્યુ દ્વારા સારૂં ફળ મળે છે, સ્વર્ગ લોકનું સુખ ભોગવી શકાય છે, સત્પુરૂષોને તે મૃત્યુથી કેમ ભય હોય ?

**ભાવાર્થ :-** પોતાના કાર્યોનું ફળ તો મૃત્યુ થયા બાદ જ મળે છે. તમે જે છ કાયના જીવોને અભયદાન આપ્યું, તથા રાગ-દ્વેષ, કામ, ક્રોધ, આદિનો નાશ કરી, અસત્ય, અન્યાય, કુશીલ, પરધન હરણનો ત્યાગ કરી, પરમ સંતોષ ધારણ કરી પોતાના આત્માને અભયદાન આપ્યું તેનું ફળ સ્વર્ગલોક સિવાય ક્યાં ભોગવી શકાય ? તે સ્વર્ગ લોકનું સુખ તો મૃત્યુ નામના મિત્રની કૃપાથી જ મળે છે. માટે મૃત્યુ સમાન આ જીવનું કોઈ અન્ય ઉપકારી નથી.

અહીં આ મનુષ્ય પર્યાયમાં જીર્ણ શરીરમાં કેવાં કેવાં દુઃખ ભોગવવાં પડત, કેટલો સમય હજુ રહેવું પડત ? આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન કરી તિર્યંચ-નરકગતિમાં જઈ પડત; માટે હવે મરણનો ભય કરી તથા દેહ કુટુંબ પરિગ્રહની મમતા કરી ચિંતામણિ કલ્પવૃક્ષના સમાન સમાધિ મરણને બગાડી ભય સહિત તથા મમતાવાન થઈ કુમરણ કરી દુર્ગતિમાં જવું ઉચિત નથી.

**સમાધિ રાજા જેલમાંથી મુક્ત કરાવે છે -**

**आगःर्भाद् दुखसन्तप्तः प्रक्षिप्तो देह पिंजरे ।**
**नात्मा विमुच्यतेऽन्येन मृत्युभूमिपतिं बिना ।।५।।**

**અર્થ :-** આ કર્મ નામના મારા વેરીએ મારા આત્માને જે ક્ષણથી ગર્ભમાં આવ્યો ત્યારથી દેહરૂપી પાંજરામાં નાખી રાખ્યો છે, તથા શરૂઆતથી જ ક્ષુધા, તૃષા, રોગ, વિયોગ, આદિ અનેક દુઃખોથી સંતપ્ત થઈ પડ્યો છું. હવે આવા અનેક દુઃખોથી ઘેરાયેલા આ દેહરૂપી પાંજરામાંથી મૃત્યુ નામના રાજા વિના મને કોણ છોડાવશે ?

**ભાવાર્થ :-** હું આ દેહરૂપી પાંજરામાં કર્મ રૂપી શત્રુ દ્વારા પટકાઈને, ઈન્દ્રિયોને આધીન થઈ અનેક કષ્ટ સહન કરી રહ્યો છું. હંમેશાં ક્ષુધા-તૃષાની વેદના દુઃખ આપે છે, નિરંતર શ્વાસ-ઉચ્છ્‌વાસ દ્વારા પવનને ખેંચવો અને કાઢવો, અનેક પ્રકારના રોગોનું દુઃખ ભોગવવું, પેટ ભરવા માટે અનેક પ્રકારની પરાધીનતા, નોકરી, કૃષિ, વાણિજ્ય આદિ દ્વારા મહા દુઃખી થતા રહેવું; શીત-ઉષ્ણતા સહેવી; દુષ્ટો દ્વારા તાડન-મારણ, કુવચન, અપમાન વિગેરે સહેવાં, કુટુંબના આધીન રહેવું, ધનવાનને, રાજાને, સ્ત્રી-

પુત્રાદિને આધીન રહેવું એવા મહાન બંદીગૃહ સમાન દેહમાંથી મૃત્યુ નામના બળવાન રાજા વિના કોણ બહાર કાઢે ?

આ દેહને ક્યાં સુધી સાચવત ? તેને નિત્ય ઉઠાડવો, પાણી પાવું, સ્નાન કરાવવું, સૂવાડવો, કામાદિ વિષય સાધન કરાવવા, અનેક વસ્ત્ર-આભૂષણોથી સજાવવો, રાત-દિવસ આ દેહનું જ દાસપણું કરવા છતાં પણ આ શરીર આત્માને અનેક દુઃખ આપે છે, ડરાવે છે. આત્માનું સ્વરૂપ ભૂલાવી નાખે છે. એવા કૃતઘ્ન દેહથી બહાર નીકળવું મૃત્યુ નામના રાજા વિના ન થાય.

**જો જ્ઞાન સહિત, દેહથી મમતા છોડી સાવધાનીપૂર્વક, ધર્મધ્યાન સહિત, સંકલેશ રહિત, વીતરાગતાપૂર્વક હું સમાધિ મરણ નામના રાજાની મદદ લઉં તો પછી મારો આત્મા દેહ ધારણ જ નહિ કરે.** દુઃખોને પાત્ર નહીં થાય. **સમાધિ મરણ નામનો રાજા મહાન ન્યાયમાર્ગી છે, મને તેનું જ શરણ પ્રાપ્ત થાઓ. મારું કુમરણ ન થાઓ.**

વિશેષ કહે છે - **સમાધિ મરણ સુખ આપવાવાળો મિત્ર છે.**

**सर्वदुःखप्रदं पिण्डं दूरीकृत्यात्मदर्शिभिः ।**
**मृत्युमित्रप्रसादेन प्राप्यन्ते सौख्यसम्पदः ।।६।।**

**અર્થ :-** જે આત્મદર્શી આત્મજ્ઞાની છે. તેઓ મૃત્યુ નામના મિત્રની કૃપાથી સર્વ દુઃખ દેનાર દેહ પિંડને દૂર છોડી સુખની સંપદાને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :-** જે આ સપ્તધાતુમય મહા અશુચિ વિનાશીક દેહને છોડી દિવ્ય વિક્રિયક દેહમાં મળવાવાળાં અનેક સુખોની સંપત્તિ પ્રાપ્ત કરે છે, તે બધો આત્મજ્ઞાનીઓના સમાધિ મરણનો પ્રભાવ છે. **સમાધિ મરણ સમાન આ જીવનો ઉપકાર કરનાર કોઈ નથી.**

આ દેહમાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાં, મહાન રોગાદિ દુઃખ ભોગવી-ભોગવી મરવું પછી તિર્યંચ દેહમાં તથા નરકમાં અસંખ્યાત કાળ સુધી અસંખ્ય દુઃખ ભોગવવાં, જન્મ-મરણરૂપ અનંત પરિવર્તન કરવાં, જ્યાં કોઈ શરણ નથી એવા આ સંસારમાં પરિભ્રમણથી રક્ષા કરવામાં કોઈ સમર્થ નથી.

**અશુભ કર્મના કંઈક મંદ ઉદયથી મનુષ્ય ગતિ, ઉચ્ચ કુળ, ઈન્દ્રિયોની પૂર્ણતા, સત્પુરૂષોની સંગતિ તથા ભગવાન જિનેન્દ્રના પરમાગમનો ઉપદેશ મળ્યો છે.** હવે

જો સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-ત્યાગ-સંયમ સહિત, સમસ્ત કુટુંબ પરિગ્રહમાં મમત્વ રહિત થઈ, દેહથી ભિન્ન જ્ઞાન સ્વભાવરૂપ આત્માનો અનુભવ કરી, ભય રહિત, ચાર આરાધનાના શરણ સહિત મરણ થઈ જાય તો એના જેવું ત્રણ લોક-ત્રણ કાળમાં આ જીવનું બીજું હિત નથી. સંસાર પરિભ્રમણથી છૂટી જવું (એ) જ આ સમાધિ મરણ નામના મિત્રની કૃપાનું ફળ છે.

**સમાધિ મરણ કલ્પવૃક્ષ છે -**

**मृत्युकल्पद्रुमे प्राप्ते येन आत्मार्थो न साधितः ।**
**निमग्नो जन्मजम्बाले स पश्चात् क करिष्यति ॥७॥**

**અર્થ :-** જે જીવ મૃત્યુ નામનું કલ્પવૃક્ષ મળવા છતાં પણ પોતાનું કલ્યાણ સિદ્ધ ન કરી શક્યો, તે સંસારરૂપ કાદવમાં ડૂબેલો જીવ (પોતાનું કલ્યાણ) પછી ક્યારે કરશે ?

**ભાવાર્થ :- આ મનુષ્ય જન્મમાં મરણનો સંયોગ છે તે સાક્ષાત્ કલ્પવૃક્ષ છે; જે ઈચ્છિત લેવું હોય તે લઈ લો.** જો જ્ઞાન સહિત પોતાના નિજ સ્વભાવને ગ્રહણ કરી આરાધના સહિત મરણ કરશો તો સ્વર્ગનું મહર્દ્ધિક દેવપણું, ઈન્દ્રપણું, અહમિંદ્રપણું પામી પછી ચક્રીપણું, તીર્થંકરપણું પામી નિર્વાણને પામશો. **મરણ સમાન દાતા ત્રણ લોકમાં બીજો નથી.** આવા દાતા પામીને પણ જો વિષય-કષાયોની વાંછા સહિત જ રહીશ તો **વિષય વાંછાનું ફળ તો નરક નિગોદ છે.** મરણ નામના કલ્પવૃક્ષને બગાડીશ તો જ્ઞાનાદિ અક્ષય નિધાન રહિત થઈ સંસારરૂપ કિચડમાં ડૂબી જઈશ.

હે ભવ્ય ! જો તું વાંછાનો માર્યો ખોટા નીચ પુરૂષોનું સેવન કરે છે, અતિ લોભી થઈ વિષયોને ભોગવવા માટે ધનની પ્રાપ્તિ માટે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહમાં આસક્ત થઈ નિંદ્ય કર્મ કરે છે તો પણ વાંછા પૂર્ણ થતી નથી; પણ દુઃખનો માર્યો મરણ જ કરે છે. કુટુંબાદિને છોડી વિદેશોમાં પરિભ્રમણ કરે છે, નિંદ્ય આચરણ કરે છે, તથા નિંદ્ય કર્મ કરે છે તો પણ મરણ તો અવશ્ય આવશે જ.

**જો એકવાર પણ સમતા ધારણ કરી ત્યાગ વ્રત સહિત મરણ કરીશ તો પછી સંસાર પરિભ્રમણનો અભાવ કરી અવિનાશી સુખને પ્રાપ્ત થઈશ. માટે જ્ઞાન સહિત પંડિત મરણ કરવું જ ઉચિત છે.**

**સમાધિ મરણ ઉત્તમ દાતા છે -**

**जीर्णं देहादिकं सर्वं नूतनं जायते यतः ।**
**स मृत्यु किं न मोदाय सतां सातोत्थितिर्यथा ॥८॥**

**અર્થ :-** જે મૃત્યુથી જીર્ણ દેહાદિ બધુ છૂટીને નવું મળી જાય છે તે મૃત્યુ સત્પુરુષો માટે શાતાના ઉદય સમાન શું હર્ષનું કારણ નથી ? **જ્ઞાનીઓને મૃત્યુ તો તેમને હર્ષનું જ કારણ હોય છે.**

**ભાવાર્થ :-** આ મનુષ્યોનું શરીર ખોરાક આપતા હોવા છતાં પણ હંમેશાં સમયે-સમયે જીર્ણ થતું જાય છે; દેવોના શરીર સમાન વૃદ્ધાવસ્થા રહિત નથી. દિવસે-દિવસે બળ ઘટતું જાય છે; કાન્તિ (તેજ) તથા રૂપ મલિન થતું જાય છે; કોમળમાંથી કઠોર થતું જાય છે; બધી નસોના-હાડકાંના સાંધા-બાંધા ઢીલા થતા જાય છે, ચામડી ઢીલી થતી જાય છે; માંસાદિને છોડીને કરચલીયુકત થતું જાય છે; નેત્રોનું સૌંદર્ય બગડી જાય છે; કાનની સાંભળવાની શક્તિ ઘટતી જાય છે; હાથ-પગમાં દિવસે-દિવસે કમજોરી વધતી જાય છે; ચાલવાની શક્તિ ધીમી થતી જાય છે; ચાલતાં, બેસતાં, ઉઠતાં શ્વાસ ચડવા લાગે છે; કફ વધવા લાગે છે, અનેક રોગ વધતા જાય છે; એવા જીર્ણ દેહનું દુ:ખ ક્યાં સુધી ભોગવત, તથા આવા દેહનો ઢસરડો ક્યાં સુધી થાત ?

મરણ નામના દાતા વિના આવા નિંદ્ય દેહથી છોડાવી નવા દેહમાં નિવાસ કોણ કરાવત? જીર્ણ શરીરમાં અશાતાનો મહા ઉદય ભોગવવો પડે છે. મરણ નામના ઉપકારી દાતા વિના આવી અશાતા કોણ દૂર કરી શકે છે ? **જે સમ્યગ્જ્ઞાની છે, તે તો મૃત્યુ આવ્યે ખૂબ હર્ષ કરે છે,** તથા વ્રત, સંયમ, ત્યાગ, શીલમાં સાવધાન થઈ એવો પ્રયત્ન કરે છે, જેનાથી ફરી એવા દુ:ખભર્યા દેહને ધારણ જ કરવો ન પડે. સમ્યગ્જ્ઞાની તો એને જ મહા શાતાનો ઉદય માને છે.

**જ્ઞાની ભય રહિત હોય છે -**

**सुखं दुःखं सदा वेत्ति देहस्थश्च स्वयं व्रजेत् ।**
**मृत्युभीतिस्तदा कस्य जायते परमार्थतः ।।९।।**

**અર્થ :- આ આત્મા દેહમાં રહેતો હોવા છતાં પણ સદાકાળ સુખને તથા દુ:ખને જાણે જ છે.** પરલોક તરફ ગમન સ્વયં કરે છે તો પરમાર્થથી મૃત્યુનો ભય કોને હોય ?

**ભાવાર્થ :-** અજ્ઞાની **બહિરાત્મા** છે એટલે તે દેહમાં રહેવા છતાં પણ હું સુખી, હું દુ:ખી, હું મરૂં છું, હું ભૂખ્યો, હું તરસ્યો, મારો નાશ થયો - એમ માને છે. **અંતરાત્મા** સમ્યગ્દષ્ટિ એવું માને છે - જે જન્મ્યો છે તે મરશે. પૃથ્વી, જળ, અગ્નિ, પવનમય

પુદ્‌ગલ પરમાણુઓના પિંડરૂપ આ દેહ ઉપજ્યો છે તે વિનાશ પામશે જ. હું જ્ઞાનમય અમૂર્તિક આત્મા, મારો નાશ કદી થતો નથી. **આ ભૂખ, તરસ, વાત, પિત્ત, કફ, રોગ, ભય, વેદના પુદ્‌ગલના છે, હું એમનો જ્ઞાતા છું. હું વ્યર્થ જ એમાં અહંકાર કરૂં છું.**

આ શરીરનો અને મારો એક ક્ષેત્રમાં રહેવારૂપ અવગાહ (સંબંધ) છે, તો પણ મારૂં રૂપ જ્ઞાતા છે, શરીર જડ છે, હું અમૂર્તિક છું, દેહ મૂર્તિક છે; હું અખંડ એક છું, શરીર અનેક પરમાણુઓનો પિંડ છે; હું અવિનાશી છું, દેહ વિનાશીક છે. હવે આ દેહમાં જે રોગ, ક્ષુધા, તૃષાદિ ઉત્પન્ન થશે હું તેમનો જ્ઞાતા જ રહીશ, કારણ કે મારો તો જ્ઞાયક સ્વભાવ છે.

**પરમાં મમત્વ કરવું તે જ અજ્ઞાન છે, તે જ મિથ્યાત્વ છે.** જેમ એક મકાનને છોડીને બીજા મકાનમાં રહેવા લાગીએ છીએ; તેવી રીતે મારા શુભ-અશુભ ભાવોથી-બાંધેલા કર્મોથી બનેલા બીજા શરીરમાં મારે જવું છે, એમાં મારા સ્વરૂપનો નાશ થતો નથી. હવે નિશ્ચયથી વિચાર કરવાથી મરણનો ભય કોને થાય ?

**સમાધિ મરણ આનંદ આપનાર છે -**

**संसारासक्तचित्तानां मृत्युर्भीत्यैः भवेन्नृणाम् ।**
**मोदायते पुनः सोऽपि ज्ञानवैराग्यवासिनाम् ।।१०।।**

**અર્થ :-** સંસારમાં જેમનું ચિત્ત આસકત છે, પોતાના સ્વરૂપને જે જાણતા નથી, તેમના માટે મૃત્યુ ભયકારી છે; પણ જે નિજ સ્વરૂપના જ્ઞાતા છે, સંસારથી વૈરાગી છે તેમના માટે તો મૃત્યુ આનંદ જ આપનાર છે.

**ભાવાર્થ :-** મિથ્યાદર્શનના ઉદયથી જે આત્મજ્ઞાન રહિત છે, દેહને જ આત્મા માને છે, ખાવું-પીવું, કામ-ભોગ આદિ ઈન્દ્રિયોના વિષયોને જ સુખ માને છે, એવા બહિરાત્માઓને તો તેમનું મરણ મહા ભય ઉપજાવવાવાળું છે. તેઓ તો હાય ! મારો નાશ થઈ ગયો, પછી ખાવા-પીવા કયાંય નહિ મળે, ન જાણે હવે મારું શું થશે, કેવી રીતે મરીશ, હવે આ જોવું - મળવું કુટુંબનો સમાગમ બધું મારૂં ગયું, હવે કોના શરણે જાઉં, કેવી રીતે જીવું ? આ રીતે મહા સંકલેશપૂર્વક મરે છે.

**જેઓ આત્મ જ્ઞાની છે તેમને મૃત્યુ આવ્યેથી એવો વિચાર આવે છે -** મેં તો દેહરૂપ બંદીગૃહમાં પરાધીન રહી, ઈન્દ્રિયોના વિષયોના ચાહની દાહથી, મળેલા

વિષયોની અતૃપ્તિથી, નિત્ય ક્ષુધા-તૃષા, શીત-ઉષ્ણ રોગોથી ઉત્પન્ન મહા વેદનાથી એક ક્ષણ પણ સુખ ભોગવ્યું નથી. મહાન દુઃખ, પરાધીનતા, અપમાન, ઘોર વેદના, અનિષ્ટ સંયોગ, ઈષ્ટ વિયોગ ભોગવી મહા સંકલેશથી જ કાળ વીતાવ્યો છે. હવે આવા કષ્ટોથી છોડાવી, પરાધીનતા રહિત, અનંત સુખ સ્વરૂપ, જન્મ-મરણ રહિત, અવિનાશી સ્થાનને પ્રાપ્ત કરાવનાર આ મરણનો અવસર મને પ્રાપ્ત થયો છે. **આ મરણ મહા સુખ દેનાર છે, અત્યંત ઉપકારક છે.** આ સંસારવાસ કેવળ દુઃખરૂપ છે. એમાં એક સમાધિ મરણ જ શરણ છે, બીજું કોઈ શરણ નથી, એના વિના ચારેય ગતિઓમાં મહા કષ્ટ જ ભોગવ્યું છે, હવે સંસારવાસથી અત્યંત વિરક્ત થઈ હું સમાધિ મરણનું શરણ લઉં છું.

**આત્માને પરલોક જવાથી કોઈ રોકી શકતું નથી -**

**पुराधीशो यदा याति स्वकृतस्य बभुत्सया ।**
**तदासौ वार्यते केन प्रपञ्चैः पञ्चभौतिकैः ।।११।।**

**અર્થ :-** જે સમયે આ આત્મા પોતાનાં કરેલાં કર્મોનું ફળ ભોગવવાની ઈચ્છાથી પરલોક જાય છે, તે સમયે તેને પંચભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ) સંબંધી શરીર આદિના પ્રપંચોથી કોણ રોકી શકે છે ?

**ભાવાર્થ :-** જ્યારે આ જીવનું વર્તમાન આયુષ્ય પૂરૂં થઈ જાય છે, તથા અન્ય પરલોક સંબંધી આયુષ્ય, કાયા આદિનો સંયોગ કાળ (ઉદય) આવી જાય છે ત્યારે પરલોક ગમન કરવાવાળા આત્માને શરીરાદિ પંચભૂત કોઈ પણ રોકવામાં સમર્થ થતું નથી. માટે ચાર આરાધનાઓનું અતિ (અત્યંત) ઉત્સાહ સહિત શરણ લઈ મરવું શ્રેષ્ઠ છે.

**સમાધિ મરણ નિર્વાણ આપનાર છે -**

**मृत्युकाले सतां दुःखं यद् भवेद्व्याधि संभवम् ।**
**देहमोहविनाशाय मन्ये शिवसुखाय च ।।१२।।**

**અર્થ :-** મૃત્યુ સમયે પૂર્વ કર્મના ઉદયથી રોગાદિ વ્યાધિઓ દ્વારા જે દુઃખ ઉપજે છે તે સત્પુરૂષોને દેહનું મમત્વ છોડાવવા માટે તથા નિર્વાણનું સુખ પ્રાપ્ત કરાવવા માટે થાય છે.

**ભાવાર્થ :-** જે દિવસથી આ જીવે જન્મ લીધો છે તે જ દિવસથી દેહમાં તન્મય થઈ એમાં જ રહેવાને મહા સુખ માને છે. આ દેહને પોતાનું ઘર માને છે, એનાથી

જ મમતા કરી રહ્યો છે, એમાં રહેવા સિવાય બીજું કોઈ પોતાનું ઠેકાણું દેખાતું નથી. જ્યારે આ દેહમાં રોગાદિ દ્વારા દુઃખ ઉપજે છે (થાય છે) ત્યારે સત્પુરૂષોનો એનાથી મોહ નાશ પામે છે, તથા એ સાક્ષાત્ દુઃખદાયક, અસ્થિર, વિનાશીક દેખાય છે. દેહનું કૃતઘ્નપણું જ્યારે પ્રગટ દેખાય છે ત્યારે આ આત્મા અવિનાશી પદની પ્રાપ્તિ માટે ઉદ્યમી થાય છે, વીતરાગતા પ્રગટ થઈ જાય છે.

એવો વિચાર આવે છે કે રોગ ઉપકારી છે. **આ દેહથી મમતા કરી મેં અનંત કાળ જન્મ-મરણ, અનેક વિયોગ, રોગ, સંતાપ આદિ નરકાદિ ગતિઓમાં ઘણાં દુઃખ ભોગવ્યાં છે.** આવા દુઃખદાયી દેહમાં જ ફરીથી મમત્વ કરીને, શું હજી પણ પોતાને ભૂલીને એકેન્દ્રિય આદિ અનેક કુયોનિઓમાં ભ્રમણના કારણ કર્મબંધ કરવા માટે મમતા કરૂં ? આ શરીરમાં હાલ જે જ્વર, ખાંસી, શ્વાસ, શૂળ, વાત, પિત્ત, અતિસાર, મંદાગ્નિ ઈત્યાદિ રોગ થાય છે, તે બધા આ દેહથી મમત્વ ઘટાડવા માટે મારો મહા ઉપકાર કરે છે, ધર્મમાં સાવધાની રખાવે છે.

જો રોગાદિ ન થાત તો દેહથી મારી મમતા પણ ન ઘટત તથા અભિમાન પણ ન ઘટત. **હું તો મોહની અંધેરીથી અંધ બની દેહને અજર-અમર માની રહ્યો હતો.** હવે આ રોગોની ઉત્પત્તિએ મને સચેત કર્યો છે. હવે આ દેહને અનિત્ય-અશરણ જાણી, જ્ઞાન-દર્શન-ચારિત્ર તપને જ એક નિશ્ચય શરણ માની, આરાધનાઓના ધારી ભગવાન પંચ પરમેષ્ઠીને ચિત્તમાં ધારણ કરૂં છું.

**હવે આ સમયે મારા માટે એક જિનેન્દ્રના વચનરૂપ અમૃત જ પરમ ઔષધિ છે. જિનેન્દ્રના વચનામૃત વિના વિષય-કષાયરૂપ રોગજન્ય દાહને મટાડવા કોઈ સમર્થ નથી.** બાહ્ય ઔષધિ આદિ તો અસાતા કર્મનો ઉદય મંદ થયે થોડા સમય માટે કોઈ એક રોગને શાંત કરે છે; પણ આ શરીર તો અનેક રોગોથી ભરેલું છે, જો એક રોગ મટી ગયો, તો બીજા રોગથી થવાવાળી વેદના ભોગવ્યા પછી પણ મરવું તો પડશે જ. માટે જન્મ-જરા-મરણરૂપ રોગને દૂર કરનાર ભગવાનના ઉપદેશરૂપ અમૃતનું જ પાન કરૂં છું.

ઔષધિ આદિ હજાર ઉપાય કરવા છતાં પણ વિનાશીક દેહના રોગ મટશે નહિ માટે રોગથી દુઃખી થઈ કુગતિનું કારણ દુર્ધ્યાન કરવું યોગ્ય નથી. રોગ આવે તો પણ તેને મહા ભલો જ માન કે આ રોગના પ્રભાવથી જ આવા જીર્ણ ગળેલા શરીરથી હું છૂટી જઈશ. જો રોગ ન આવત તો મારાં પૂર્વકૃત કર્મ નિર્જરિત ન થાત, તથા

દેહરૂપી મહા દુર્ગંધિત દુઃખદાયી બંદીગૃહથી મારો તુરંત છૂટકારો પણ ન થાત. **આ રોગરૂપ મિત્રની સહાયતા જેમ-જેમ દેહમાં વધતી જાય છે, તેમ-તેમ જ મને રાગ બંધનથી, કર્મ બંધનથી, શરીર બંધનથી છૂટવામાં શીઘ્રતા થઈ રહી છે.**

આ રોગ તો દેહમાં છે, દેહનો જ નાશ કરશે. **હું આત્મા તો અમૂર્તિક ચૈતન્ય સ્વભાવી અવિનાશી છું, જ્ઞાતા છું. આ રોગજન્ય દુઃખ મારા જાણવામાં આવે છે, હું તો માત્ર જાણવાવાળો જ છું, એની સાથે મારો નાશ નહિ થાય.** જેમ લોઢાની સંગતિમાં અગ્નિ પણ ઘણના ઘા સહે છે તેવી જ રીતે શરીરની સંગતિથી વેદનાનું જાણવું મને પણ થાય છે. **જેમ અગ્નિથી ઝૂંપડી બળે છે, ઝુંપડીની અંદરનું આકાશ બળતું નથી; તેવી જ રીતે અવિનાશી, અમૂર્તિક, ચૈતન્ય ધાતુમય આત્માનો રોગરૂપ અગ્નિથી નાશ થતો નથી.**

પોતે બાંધેલું કર્મ ઉદયમાં આવ્યેથી ભોગવવું જ પડશે. કાયર થઈ ભોગવીશ તો કર્મ છોડશે નહિ, તથા ધૈર્ય ધારણ કરી ભોગવીશ તો પણ કર્મ નહિ છોડે. તેથી બંને લોકને બગાડનાર કાયરતાને ધિક્કાર છે. કર્મનો નાશ કરનાર ધૈર્ય ધારણ કરવું જ શ્રેષ્ઠ છે.

**હે આત્મા ! તું રોગ આવે ત્યારે કાયર થાય છે તો વિચાર કર -** નરકોમાં આ જીવે ક્યાં-ક્યાં દુઃખ ભોગવ્યા નથી ? ત્યાં અસંખ્યાત વાર-અનંત વાર માર્યો, વિદાર્યો (કપાયો), ચીર્યો, ફાડ્યો ગયો છે; અહીં તને કેટલુંક દુઃખ છે ? તિર્યંચગતિનાં ઘોર દુઃખ ભગવાન કેવળજ્ઞાની પણ વચન દ્વારા કહેવામાં સમર્થ નથી. હું તિર્યંચ પર્યાયમાં પૂર્વ કાળમાં અનંત વાર અગ્નિમાં બળી બળીને મર્યો છું; અનંત વાર પાણીમાં ડૂબીને મર્યો છું; અનંત વાર વિષ-ભક્ષણ કરીને મર્યો છું; અનંત વાર સિંહ, વાઘ, સર્પાદિએ વિદાર્યો છે, શસ્ત્રોથી છેદાયો છું. અનંત વાર શીત-વેદનાથી, ઉષ્ણતાની વેદનાથી, ક્ષુધાની વેદનાથી, તૃષાની વેદનાથી મર્યો છું, હવે આ રોગજન્ય વેદના કેટલી છે ?

રોગ તો મારો ઉપકાર જ કરે છે. જો રોગ ન થાત તો મારો દેહથી સ્નેહ ન ઘટત; બધાથી છૂટીને પરમાત્માનું શરણ ગ્રહણ ન કરત. માટે આ સમયે જે રોગ થયો છે તે પણ મારો આરાધના મરણમાં પ્રેરણા કરનાર મિત્ર જ છે. આ રીતે વિચાર કરનાર જ્ઞાની રોગ આવ્યે કલેશ કરતો નથી, તે તો મોહનો નાશ કરવાનો ઉત્સવ જ મનાવે છે.

**સમાધિ મરણ તો અમૃત દેનાર છે -**

**ज्ञानिनोऽमृतसङ्गाय मृत्युस्तापकरोऽपि सन् ।**
**आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत् पाकविधिर्यथा ।।१३।।**

**અર્થ :-** આ લોકમાં મૃત્યુ તો સમસ્ત જગતના જીવોને આતાપ કરનાર છે, પણ સમ્યગ્જ્ઞાની જીવો માટે તો તે અમૃતનો સાથ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. જેમ માટીના કાચા ઘડાને અમૃતરૂપી જળ ભરવા માટે અગ્નિમાં શેકવામાં આવે છે, જો કાચા ઘડાને અગ્નિમાં વિધિપૂર્વક પકાવવામાં(શેકવામાં) ન આવે તો ઘડામાં પાણી રાખી શકાતું નથી; અગ્નિમાં એકવાર પાકી ગયા પછી તે ઘડામાં ઘણા સમય સુધી પાણી ભરી રાખી શકાય છે; તેવી રીતે મૃત્યુના સમયે જો એકવાર સમતાપૂર્વક આતાપ સહન કરી લેવાય તો આ જીવ નિર્વાણને પાત્ર થઈ જાય છે.

**ભાવાર્થ :-** અજ્ઞાનીને તો મૃત્યુના નામથી જ પરિણામોમાં કષ્ટ થવા લાગે છે કે - હવે હું ગયો, હવે કેવી રીતે જીવું, શું કરૂં, કોણ રક્ષણ કરે ? આ રીતે દુઃખી થવા લાગે છે કારણ કે તે તો બહિરાત્મા છે, દેહાદિ બાહ્ય વસ્તુઓને જ આત્મા માને છે. જે **જ્ઞાની સમ્યગ્દષ્ટિ છે તે એવું માને છે -** આયુ કર્મ આદિના નિમિત્તથી જ દેહનું ધારણ છે તે પોતાની સ્થિતિ પૂરી થયે અવશ્ય નાશ પામશે. હું **આત્મા અવિનાશી જ્ઞાનસ્વરૂપ છું, જીર્ણ દેહને છોડીને નવા શરીરમાં પ્રવેશ કરવામાં મારૂં કોઈ જ નુકશાન નથી.**

**સમાધિ મરણ મહાન તપ - મુક્તિનો સરળ ઉપાય -**

**यत्फलं प्राप्यते सद्भि व्रैतायाः सविडम्बनात् ।**
**तत्फलं सुखसाध्यं स्यान्मृत्यु काले समाधिना ।।१४।।**

**અર્થ :-** સત્પુરૂષ જે ફળને મહા ખેદપૂર્વક વ્રતોનું પાલન કરવાથી મેળવી શકે છે, તે ફળ મૃત્યુના સમયે થોડા સમય માટે શુભધ્યાનરૂપ સમાધિ મરણનું સુખપૂર્વક સાધન કરવાથી મળી જાય છે.

**ભાવાર્થ :-** સ્વર્ગમાં જે ઈન્દ્રાદિ પદ તથા પરંપરાથી નિર્વાણ પદ પાંચ મહાવ્રતોને ધારણ કરવાથી તથા ઘોર તપશ્ચરણ કરવાથી પ્રાપ્ત થાય છે, તે પદ મૃત્યુના સમયે દેહ કુટુંબાદિથી મમતા છોડી, ભય રહિત થઈ, **વીતરાગતા સહિત ચાર આરાધનાઓનું શરણ ગ્રહણ કરી, કાયરતા છોડી, પોતાના જ્ઞાયક-સ્વભાવનું અવલંબન લઈ મરણ**

**કરવાથી સહજ સિદ્ધ થઈ જાય છે,** તથા સ્વર્ગ લોકમાં મહર્દ્ધિક દેવ થઈ જાય છે. ત્યાંથી આવી ઉંચા કુળમાં જન્મી, ઉત્તમ સંહનન આદિ સામગ્રી પામી, દીક્ષા ધારણ કરી, રત્નત્રયની પૂર્ણતાને પ્રાપ્ત થઈ, નિર્વાણ પામે છે.

**સમાધિ ધારક ઉત્તમ ગતિમાં જ જાય છે -**

**अनार्तः शान्तिमान्मर्त्यो न तिर्यक् नापि नारकः ।**
**धर्मध्यानी पुरोमर्त्योऽनशनीत्वमरेश्वरः ॥१५॥**

**અર્થ :-** જે મરણ સમયે આર્ત્ત અર્થાત્ દુઃખરૂપ પરિણામ કરતો નથી, તથા શાન્તિમય અર્થાત્ રાગ-દ્વેષ રહિત થઈ સમભાવરૂપ પરિણામ રાખે છે, તે પુરૂષ તિર્યંચ તથા નારકી થતો નથી. જે ધર્મધ્યાન સહિત અનશન વ્રત ધારણ કરી મરે છે, તે સ્વર્ગલોકમાં ઈન્દ્ર થાય છે તથા મહર્દ્ધિક દેવ થાય છે, **અન્ય હીન પર્યાય પામતો નથી - એવો નિયમ છે.**

**ભાવાર્થ :-** આ ઉત્તમ મરણનો અવસર પ્રાપ્ત કરીને આરાધના સહિત મરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મરણ આવ્યે ભયભીત થઈ પરિગ્રહમાં મમત્વ કરી આર્ત્ત પરિણામોથી મરી કુગતિમાં ન જાઓ. આવો અવસર અનંત ભવોમાં મળશે નહિ, અને મરણ છોડશે નહિ. માટે સાવધાન થઈ ધર્મધ્યાન સહિત ધૈર્ય ધારણ કરી દેહનો ત્યાગ કરવો જોઈએ.

**સમસ્ત તપ સમાધિ માટે છે -**

**तप्तस्य तपसश्चापि पालितस्य व्रतस्य च ।**
**पठितस्य श्रुतस्यापि फलं मृत्युः समाधिना ॥१६॥**

**અર્થ :-** અનેક તપ દ્વારા તપવાનું, વ્રતોનું પાલન કરવાનું તથા શ્રુતના વાંચનનું ફળ તો સમાધિ એટલે કે પોતાના આત્માની સાવધાની સહિત મરણ કરવું જ છે.

**ભાવાર્થ :-** હે આત્મા ! તે જીવનમાં ઘણા સમય સુધી ઈન્દ્રિયોની વાંછા રહિત થઈ અનશનાદિ **તપ** કર્યું છે, તે અંત સમયે આહારાદિના ત્યાગપૂર્વક, સંયમ સહિત, દેહથી મમત્વ રહિત થઈ સમાધિ મરણ કરવા માટે કર્યું છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ ત્યાગ આદિ **વ્રત** ધારણ કર્યાં છે, તે બધાં દેહાદિ પરિગ્રહમાં મમતા ત્યાગી સમસ્ત મન-વચન-કાયાથી આરંભાદિનો ત્યાગ કરી, સમસ્ત શત્રુ-મિત્રોમાં વેર-રાગ છોડીને, ઉપસર્ગમાં ધીરજ ધારણ કરીને પોતાના એક જ્ઞાયક સ્વભાવનું અવલંબન

લઈ સમાધિ મરણ કરવા માટે કર્યાં છે. તથા જે સમસ્ત **શ્રુતજ્ઞાન**નું પઠન કર્યું છે તે પણ સંકલેશ રહિત ધર્મધ્યાન સહિત થઈ, દેહાદિથી ભિન્ન પોતાના સ્વરૂપને જાણી, ભય રહિત **સમાધિ મરણ માટે જ વિદ્યાની આરાધનામાં કાળ વ્યતીત કર્યો છે.**

જો મરણના અવસરમાં પણ મમતા, ભય, દ્વેષ, કાયરતા, દીનતા છોડીશ નહિ તો જે આટલા સમય સુધી તપ કર્યાં, વ્રત પાળ્યાં, શ્રુતનું અધ્યયન કર્યું તે બધાં નિરર્થક થઈ જશે. એટલા માટે આ મરણના સમયે સાવધાની ન છોડ.

**જીર્ણ શરીરથી પ્રેમ કરવો સારો નથી -**

**अतिपरिचितेष्ववज्ञा नवे भवेत्प्रीतिरिति हि जनवादः ।**
**चिरतरशरीरनाशे नवतरलाभे च किं भीरुः ।।१७।।**

**અર્થ :-** લોકોનું એવું કહેવું છે (લોકમાં એવું કહેવાય છે) કે જે વસ્તુનું અતિ સેવન - અતિ પરિચય થઈ જાય છે તેની અવજ્ઞા-અનાદર થવા લાગે છે, રુચિ ઘટી જાય છે; જેનો નવો સાથ થાય છે તેમાં અધિક પ્રીતિ થાય છે, આ વાત પ્રસિદ્ધ છે; પણ હે જીવ ! તેં આ શરીરનું ઘણા સમયથી સેવન કર્યું છે, હવે એનો નાશ થવાથી, તથા નવા શરીરની પ્રાપ્તિ થવાથી કેમ ડરી રહ્યો છે ? ડરવું યોગ્ય નથી.

**ભાવાર્થ :-** જે શરીરને ઘણા કાળ સુધી ભોગવી જીર્ણ કર્યું, સાર રહિત-બળ રહિત કર્યું તથા નવો ઉજ્જવળ દેહ ધારણ કરવાનો અવસર આવ્યો છે ત્યારે હવે કેમ ડરે છે ? આ જીર્ણ દેહ તો નાશ જ પામશે. એમાં મમતા ધારણ કરી મરણ બગાડી દુર્ગતિનું કારણ કર્મબંધ કરવો જોઈએ નહિ.

**સમાધિ મરણથી ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે -**

**स्वर्गादित्यपवित्रनिर्मलकुले संस्मर्यमाणा जनैः**
**दत्वा भक्तिविधायिनां बहुविधं वांछानुरूपं धनम् ।**
**भुक्तवा भोगमहर्निशं परकृतं स्थित्वा क्षणं मंडले**
**पात्रावेशविसर्जनामिव मतिं संतो लभन्ते स्वतः ।।१८।।**

**અર્થ -** આ રીતે જે ભય રહિત થઈ સમાધિ મરણમાં ઉત્સાહ સહિત ચાર આરાધનાઓનું આરાધન કરી મરે છે, તેને સ્વર્ગ લોક સિવાય બીજી ગતિ મળતી નથી, સ્વર્ગોમાં મહર્દ્ધિક દેવ જ થાય છે, **એવો નિયમ છે,** સ્વર્ગમાં આયુષ્યના અંત સુધી

મહા સુખ ભોગવી આ મનુષ્ય લોકમાં પુણ્યવાન નિર્મળ કુળમાં અનેક લોકો દ્વારા ઈંતેજાર કરાવી જન્મ લઈ, પોતાના નોકર-ચાકર તથા કુટુંબ-પરિવાર-પુત્ર-મિત્રાદિ જનોને અનેક પ્રકારનાં ઈચ્છિત ધન ભોગાદિરૂપ ફળ આપી, પુણ્યથી મળેલા ભોગોને નિરંતર ભોગવી, આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી થોડા સમય માટે પૃથ્વીમંડળ પર સંયમાદિ સહિત વીતરાગરૂપ થઈ વિહાર કરી, જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરવાવાળો પુરૂષ લોકોને આનંદ ઉપજાવી ચાલ્યો જાય છે, તેવી રીતે તે સત્પુરૂષ પણ સર્વ લોકોને આનંદ ઉપજાવી સ્વયં જ દેહ ત્યાગ કરી નિર્વાણ પામે છે.

દોહા

**मृत्यु महोत्सव वचनिका, लिखी सदासुख काम।**
**शुभ आराधन मरणकरि, पाऊँ निजसुख धाम ॥१॥**
**उगणीसै ठारा शुकल, पंचमि मास असाढ़ ।**
**पूरन लिखि वांचो सदा, मन धरि सम्यग्गाढ़ ॥२॥**

આ રીતે સલ્લેખનાના વર્ણનમાં ઉપકારી જાણી એમાં મૃત્યુ મહોત્સવ લખ્યો છે. જો કે તેની વચનિકા સંવત ઓગણીસો અઢાર (૧૯૧૮)માં લખી દીધી હતી, તે જ હવે અહીં સલ્લેખનાના કથનમાં સામેલ કરી દીધી, તથા વિશેષ અધિક લખ્યા વિના જ વિષય છે જ એટલે તૈયાર કથની લખી છે.

**હવે અહીં સંલેખનાના બે પ્રકાર છે - એક કાય સલ્લેખના, બીજી કષાય સલ્લેખના** અહીં સલ્લેખનાનો અર્થ સમ્યક્ પ્રકારથી કૃશ કરવાનો છે. દેહને કૃશ કરવો તે કાય સલ્લેખના છે. આ કાયાને જેટલી પુષ્ટ કરો, સુખી રાખો, એટલી જ ઈન્દ્રિયોના વિષયોની તીવ્ર લાલસા ઉપજાવે છે, આત્મ વિશુદ્ધતાનો નાશ કરે છે, કામ-લોભ આદિની વૃદ્ધિ કરે છે, નિંદ્રા-પ્રમાદ-આળસ આદિને વધારે છે, પરીષહ સહેવામાં અસમર્થ થઈ જાય છે, ત્યાગ સંયમને સન્મુખ થતી નથી, આત્માને દુર્ગતિમાં ગમન કરાવે છે, વાત-પિત્ત-કફાદિ અનેક રોગોને ઉત્પન્ન કરી, મહા દુર્ધ્યાન કરાવી સંસાર પરિભ્રમણ કરાવે છે.

એટલા માટે અનશનાદિ તપશ્ચરણ કરી આ શરીરને કૃશ કરવું જોઈએ. રોગાદિ વેદના ન થાય, પરિણામ બગડે નહિ માટે પ્રથમ કાય સલ્લેખનાનું વર્ણન કરતો શ્લોક કહે છે -

## કાય સલ્લેખના

**आहारं परिहायक्रमशः स्निग्धं विवर्द्धयेत्पानम् ।**
**स्निग्धं च हापयित्वा खरपानं पूरयेत्क्रमशः ॥१२७॥**
**खरपान-हापनामपि कृत्वा कृत्वोपवासमपि शक्तया ।**
**पंच-नमस्कार-मनास्तनुं त्यजेत् सर्वयत्नेन ॥१२८॥**

**અર્થ :-** કાય સલ્લેખના અનુક્રમથી કરવી જોઈએ. ક્રમશઃ આહારને છોડી સ્નિગ્ધ દૂધ આદિને વધારી ગ્રહણ કરવા, પછી દૂધ આદિ છોડી છાશ વધારવી, પછી છાશ છોડી ગરમ પાણી વધારવું, પછી ગરમ પાણી પણ છોડી શક્તિ અનુસાર એક બે ઉપવાસ કરતાં(થકા) સર્વ પ્રયત્નથી મનમાં પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં(થકા) શરીરનો ત્યાગ કરવો.

**ભાવાર્થ :-** પોતાના આયુષ્યનો શેષ સમય દેખી તે અનુસાર દેહથી ઈન્દ્રિયોથી મમત્વ રહિત થઈ આહારના સ્વાદથી વિરકત થઈ ક્રમશઃ કાય સલ્લેખના કરતાં વિચાર કરવો -

**હે આત્મા ! સંસાર પરિભ્રમણ કરતાં(કરતાં) તે એટલો આહાર કર્યો છે કે જો એક-એક જન્મનો એક-એક કણ ભેગો કરીએ તો અનંત સુમેરૂ જેટલો થઈ જાય;** તથા અનંત જન્મોમાં એટલું પાણી પીધું છે કે જો એક જન્મનું એક-એક ટીપું ભેગું કરીએ તો અનંત સમુદ્ર ભરાઈ જાય. તેટલા આહાર અને પાણીથી પણ તું તૃપ્ત થયો નથી તો હવે રોગ-જરાદિથી પ્રત્યક્ષ મરણ નજીક આવી ગયું છે, હવે આ સમયે કિંચિત્ આહાર-જળથી તૃપ્તિ કેવી રીતે થશે ?

આ પર્યાયમાં પણ જ્યારથી જન્મ લીધો છે, ત્યારથી દરરોજ આહાર ગ્રહણ કરતો આવ્યો છે, આહારનો લોભી થઈને જ ઘોર આરંભ કર્યા છે, આહારના લોભથી જ હિંસા, અસત્ય, પરધન-લાલસા, અબ્રહ્મચર્ય તથા પરિગ્રહનો ઘણો સંગ્રહ તથા દુર્ધ્યાન આદિ દ્વારા અનેક કુકર્મ ઉપાર્જન કર્યાં છે.

આહારની લોલુપતાથી જ દીનવૃત્તિથી પરાધીન થયો. આહારનો લોભી થઈ ભક્ષ્ય-અભક્ષ્યનો વિચાર કર્યો નહિ, રાત-દિવસનો વિચાર ન કર્યો, યોગ્ય-અયોગ્યનો વિચાર કર્યો નહિ. આહારનો લોભી થઈ ક્રોધ, અભિમાન, માયાચાર, લોભ, યાચના પણ કરી. આહારની ઈચ્છા કરી પોતાની મહાનતા ને સ્વાભિમાન નષ્ટ કર્યું. આહારના

લોભી થઈને અનેક રોગોનું ઘોર દુઃખ સહન કર્યું, નીચ જાતિ, નીચ કુળવાળાઓની સેવા કરી. આહારનો લોભી થઈ સ્ત્રીને આધીન રહ્યો, પુત્રને આધીન રહ્યો.

**આહારનો લંપટી નિર્લજ્જ હોય છે, આચાર-વિચાર રહિત હોય છે,** અંદરો અંદર લડાઈ-કપાઈને મરી જાય છે, દુર્વચન સહે છે. આહાર માટે જ તિર્યંચ ગતિમાં પરસ્પરને મારી નાખે છે, ભક્ષણ કરી લે છે.

**અધિક કહેવાથી શું ?** હવે આ પર્યાયમાં મારે અલ્પ સમય જ રહેવું છે, આયુષ્ય સમાપ્ત થવામાં છે, માટે રસોમાં ગૃદ્ધતા છોડી, રસના ઈન્દ્રિયની લાલસા છોડી જો આહારનો ત્યાગ કરવામાં ઉદ્યમી નહિ થાઉં તો વ્રત, સંયમ, ધર્મ, યશ, પરલોક બગાડીને કુમરણ કરી સંસારમાં જ પરિભ્રમણ કરીશ.

આવો નિશ્ચય કરીને જ અતૃપ્તિ કરનાર આહારનો ત્યાગ કરવા માટે કોઈ સમયે ઉપવાસ, ક્યારેક બેસણું, ક્યારેક ત્રેસણું, કદી એક વાર આહાર લેવો, કદી નીરસ આહાર, કદી અલ્પ આહાર વિગેરે ક્રમથી પોતાની શક્તિ અનુસાર તથા આયુષ્યની બાકી રહેલી સ્થિતિ પ્રમાણે આહારને ઘટાડીને દૂધ વિગેરે જ પીવું. પછી ક્રમથી દૂધ આદિ સ્નિગ્ધ પદાર્થોનો પણ ત્યાગ કરી છાશ તથા ગરમ પાણી આદિ જ લેવું. પછી ક્રમથી જળ આદિ સમસ્ત આહારનો ત્યાગ કરી પોતાની શક્તિ પ્રમાણે ઉપવાસ કરી પંચ પરમેષ્ઠીમાં મનને લીન કરી ધર્મધ્યાનરૂપ થઈ ખૂબ સાવધતાપૂર્વક દેહને ત્યાગવો - તેને સલ્લેખના જાણવી. આ રીતે કાય સલ્લેખનાનું વર્ણન કર્યું.

**સમાધિ મરણમાં આત્મઘાત (આત્મહત્યા)નો અભાવ છે -**

**હવે અહીં કોઈ પ્રશ્ન કરે છે -** આ આહારાદિ ત્યાગ કરી મરણ કરવું(એ) તો આત્મઘાત છે, અને આત્મહત્યા કરવી તો અયોગ્ય કહી છે ?

**તેને ઉત્તર આપે છે -** જેનાથી લાંબા સમય સુધી સારી રીતે મુનિપણું, શ્રાવકપણું તથા મહાવ્રત-અણુવ્રત પળાતાં દેખાય; સ્વાધ્યાય, ધ્યાન, દાન, શીલ, તપ, વ્રત, ઉપવાસ આદિ પળાતા હોય; જિનપૂજન, સ્વાધ્યાય, ધર્મોપદેશ, ધર્મશ્રવણ, ચારેય આરાધનાઓનું સેવન સારી રીતે નિર્વિઘ્ન સધાતું હોય; દુકાળ આદિનો ભય ન હોય; શરીરમાં અસાધ્ય રોગ ન થયો હોય; યાદશક્તિ તથા જ્ઞાનને નષ્ટ કરનાર બુઢાપો પણ ન આવ્યો હોય; દશ લક્ષણ ધર્મ તથા રત્નત્રય ધર્મ દેહથી પળાતો હોય તેણે આહાર ત્યાગ કરી સમાધિ મરણ કરવું યોગ્ય નથી.

જેનાથી ધર્મ સધાતો હોય તો પણ જો તે આહાર ત્યાગી મરણ કરે છે; તો તે ધર્મથી પરાન્મુખ(વિમુખ) થઈ ત્યાગ, વ્રત, શીલ, સંયમ આદિ દ્વારા મોક્ષની સાધક ઉત્તમ મનુષ્ય પર્યાયથી વિરકત થઈ પોતાનું દીર્ઘ આયુષ્ય હોવા છતાં પણ, તથા ધર્મ સેવન થઈ શકતું હોવા છતાં પણ આહારાદિનો ત્યાગ કરનાર આત્મઘાતી બને છે.

**ભગવાનની એવી આજ્ઞા છે કે ધર્મ સંયુક્ત શરીરનું ખૂબ સાવધાનીથી રક્ષણ કરવું જોઈએ. જો ધર્મસેવનના સહકારી આ દેહને આહાર ત્યાગ કરી છોડી દેશે તો શું નારકી-તિર્યંચોના સંયમ રહિત દેહથી વ્રત-તપ-સંયમ સધાશે ? રત્નત્રયનો સાધક તો આ મનુષ્ય દેહ જ છે.** જે ધર્મના સાધક આહારાદિ ત્યાગી મનુષ્ય દેહને છોડી દે છે તેનું શું કાર્ય સિદ્ધ થાય છે ? આ દેહને ત્યાગવાથી મારૂં શું પ્રયોજન સધાશે ? વ્રત-ધર્મ રહિત થઈ બીજું નવું શરીર ધારણ કરી લેશે.

**અનંતાનંત દેહ ધારણ કરવાનું બીજ તો કર્મમય કાર્માણ દેહ છે, તેને મિથ્યાત્વ, અસંયમ, કષાયાદિનો ત્યાગ કરી નાશ કર.** આહારાદિનો ત્યાગ કરવાથી તો ઔદારિક હાડ-માંસમય શરીર મરશે, જે તુરત જ નવું બીજું પ્રાપ્ત થઈ જશે. **જ્યારે અષ્ટ કર્મમય કાર્માણ દેહ મરશે ત્યારે જન્મ-મરણથી છૂટીશ.** માટે કર્મમય દેહને મારવા માટે આ મનુષ્ય શરીર દ્વારા ત્યાગ-વ્રત-સંયમમાં દ્રઢતા ધારણ કરી આત્માનું કલ્યાણ કર. **જ્યારે ધર્મ સધાતો ન દેખાય ત્યારે મમત્વ છોડી વિનાશીક દેહને મમતા કર્યા વિના અવશ્ય ત્યાગવો.**

**કષાય સલ્લેખના** - જેમ તપશ્ચરણથી કાયાને કૃશ કરાય છે તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહાદિ કષાયોને પણ સાથે-સાથે કૃશ કરવા તે કષાય સલ્લેખના છે. **કષાયોની સલ્લેખના કર્યા વિના કાય સલ્લેખના નકામી છે.** કાયાનું કૃશપણું તો રોગી, દરિદ્રી, પરાધીનતાથી મિથ્યાદષ્ટિને પણ થઈ જાય છે. દેહને કૃશ કરવાની સાથે-સાથે જ રાગ-દ્વેષ-મોહાદિને કૃશ કરી, આલોક-પરલોક સંબંધી સમસ્ત વાંછાનો અભાવ કરી, દેહના મરણમાં કુટુંબ-પરિગ્રહાદિ સમસ્ત પર દ્રવ્યોથી મમતા છોડી, પરમ વીતરાગતાથી સંયમ સહિત મરણ કરવું તે કષાય સંલેખના છે.

**અહીં વિશેષ એમ જાણવું - જે વિષય-કષાયોને જીતવાવાળો હશે તેમનામાં જ સમાધિ મરણ કરવાની યોગ્યતા છે. વિષયોને આધીન તથા કષાય યુક્તને સમાધિ મરણ હોતું નથી.** સંસારી જીવોને આ વિષય-કષાય મહા પ્રબળ છે, મોટા-મોટા

મહારથીઓથી પણ જીતાતા નથી. વિષય-કષાયોએ પ્રબળ બળના ધારી ચક્રવર્તી, નારાયણ, બળભદ્ર આદિને ભ્રષ્ટ કરી પોતાને આધીન કર્યા છે; તેથી અત્યંત પ્રબળ છે.

**સંસારમાં જેટલાં પણ દુઃખ છે તે બધાં વિષયોના લંપટી, અભિમાની, તથા લોભીને હોય છે. કેટલાયે જીવો જિનદીક્ષા ધારણ કરીને પણ વિષયોના આતાપથી ભ્રષ્ટ થઈ જાય છે; અભિમાન તથા લોભ છોડી શકતા નથી. અનાદિ કાળથી વિષયોની લાલસાથી લિપ્ત તથા કષાયોથી પ્રજ્જ્વલિત સંસારી જીવ પોતાને ભૂલીને સ્વરૂપથી ભ્રષ્ટ થઈ રહ્યા છે.**

વિષય-કષાયોથી છૂટીને વીતરાગતા કરાવવા માટે **શ્રી ભગવતી આરાધનાજી** શાસ્ત્રમાં વિષય-કષાયોનું સ્વરૂપ વિસ્તારથી પરમ નિર્ગ્રંથ **શ્રી શિવાયન** નામના આચાર્યે પ્રગટ બતાવ્યું છે. વીતરાગતાના ઈચ્છુક પુરૂષોએ આવા પરમ ઉપકારક ગ્રંથનો નિરંતર અભ્યાસ કરવો જોઈએ.

સમાધિ મરણના સમયે જીવનું કલ્યાણ કરનાર ઉપદેશરૂપ અમૃતની સહસ્ત્રધારારૂપ થઈ વર્ષા કરતો ભગવતી આરાધના નામનો ગ્રંથ છે, તેનું શરણ અવશ્ય લેવા યોગ્ય છે. એટલે અહીં આરાધના મરણ (સમાધિ મરણ)નું કથન કરવાનો અવસર જોઈ ભગવતી આરાધનાના અર્થનો અંશ ઉદ્ધૃત કરી રહ્યા છીએ -

**અહીં વિશેષ એમ જાણવું -** સાધુ (મુનિઓ) પુરૂષોને તો રત્નત્રય ધર્મની રક્ષા કરવામાં સહાયક આચાર્ય આદિનો સંઘ તથા વૈયાવૃત્ય કરનાર ધર્મનો ઉપદેશ દેનાર નિર્યાપકોનો ઘણો સહારો મળે છે. એટલા માટે **ગૃહસ્થોએ પણ ધર્મવૃદ્ધ-શ્રદ્ધાની-જ્ઞાની સાધર્મીઓનો સમાગમ અવશ્ય કરવો જોઈએ. પણ આ પંચમકાળ અતિ વિષમ છે. એમાં તો વિષયાનુરાગીઓ, તથા કષાયી જીવોનો સાથ મળવો સુલભ છે; રાગ-દ્વેષ-શોક-ભય ઉત્પન્ન કરાવનાર, આર્તધ્યાન વધારનાર, અસંયમમાં પ્રવૃત્તિ કરાવનારાઓનો જ સંયોગ થઈ રહ્યો છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, બાંધવ આદિ બધા રાગ-દ્વેષ વિષય-કષાયોમાં ફસાવી આત્માને ભૂલાવી દેનારા છે. બધા પોતાના વિષય-કષાય પુષ્ટ કરવાના જ ઈચ્છુક છે.**

**ધર્માનુરાગી, ધર્માત્મા, પરોપકારી, વાત્સલ્યતાના ધારી, કરૂણા રસથી તરબોળ પુરૂષોનો સમાગમ મહા ઉજ્જવળ પુણ્યના ઉદયથી મળે છે;** તો પણ

પોતાના પુરૂષાર્થથી ઉત્તમ પુરૂષોના ઉપદેશનો સમાગમ પ્રાપ્ત કરવો જોઈએ. સ્નેહ અને મોહની જાળમાં ફસાવનાર ધર્મ રહિત સ્ત્રી-પુરૂષોનો સાથ દૂરથી જ છોડી દેવો જોઈએ.

પરવશતાથી કોઈ કુસંગી આવી જાય તો તેનાથી વાત કરવી છોડી મૌન થઈ રહેવું. પોતાના કર્મોદયને આધીન દેશ-કાળને યોગ્ય જે સ્થાન મળ્યું હોય તેમાં જ રહી, શયન, આસન, આહાર કરવો, **જૈન શાસ્ત્રોનું પરમ શરણ લેવું, જિનસિદ્ધાંતોનો ઉપદેશ ધર્માત્માઓ પાસેથી સાંભળવો.** ત્યાગ, સંયમ, શુભ ધ્યાન, ભાવનાઓનું વિસ્મરણ ન કરવું; કારણ કે ધર્માત્મા-સાધર્મી પણ પોતાના તથા બીજાના ધર્મની પુષ્ટિ ઈચ્છે છે; ધર્મની પ્રભાવના ઈચ્છી, ધર્મોપદેશાદિરૂપ વૈયાવૃત્યમાં આળસુ ન થવું; ત્યાગ, વ્રત, સંયમ, શુભ ધ્યાન, શુભ ભાવનામાં જ આરાધક સાધર્મીને લીન કરવા જોઈએ.

જો કોઈ આરાધક જ્ઞાન સહિત થઈને પણ કર્મના તીવ્ર ઉદયથી તીવ્ર રોગ, ક્ષુધા, તૃષાદિ પરીષહ સહન કરવામાં અસમર્થ થઈ વ્રતોની પ્રતિજ્ઞા તોડવા લાગે, અયોગ્ય વચન પણ કહેવા લાગે, રૂદન આદિ રૂપ વિલાપરૂપ આર્ત્ત પરિણામ થઈ જાય તો સાધર્મી બુદ્ધિમાન પુરૂષ તેનો તિરસ્કાર ન કરે; કટુવચન ન કહે, કઠોર વચન ન કહે; કારણ કે તે વેદનાથી તો દુઃખી છે જ, પછી તિરસ્કારનાં તથા અવજ્ઞાનાં વચન સાંભળી માનસિક દુઃખ પામી દુર્ધ્યાન કરી ધર્મથી વિચલિત થઈ જાય, વિપરીત આચરણ કરવા લાગે, આત્મહત્યા કરી લે ? એટલા માટે **આરાધકનો તિરસ્કાર કરવા યોગ્ય નથી.**

ઉપદેશ દાતાએ ખૂબ ધીરજ ધરી આરાધકને સ્નેહભર્યાં વચન કહેવાં, મીઠાં વચન કહેવાં, જે હૃદયમાં પ્રવેશી જાય, જેમને સાંભળતાં જ સમસ્ત દુઃખ ભૂલી જાય. કરૂણા રસથી ભરેલાં ઉપકાર બુદ્ધિથી ભરેલાં વચન કહેવાં જોઈએ.

## - સમાધિ ધારકને સંબોધન -

**હે ધર્મના ઈચ્છુક !** હવે સાવધાન થઈ જા. પૂર્વ કર્મના ઉદયથી રોગ, વેદના, મહા વ્યાધિ થઈ છે, પરીષહોનું દુઃખ પેદા થયું છે, શરીર નિર્બળ થઈ ગયું છે, આયુષ્ય પૂરું થવાનો અવસર આવ્યો છે. તેથી હવે દીન ન થા, કાયરતા છોડી શૂરપણું ધારણ કર. કાયર તથા દીન થવા છતાં પણ અશાતા કર્મનો ઉદય છોડશે નહિ. દુઃખને હરણ કરવામાં કોઈ પણ સમર્થ નથી.

**અશાતાને દૂર કરી શાતા કર્મ દેવામાં કોઈ ઈન્દ્ર, ધરણેન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી.** કાયરતા બંને લોકનો નાશ કરવાવાળી છે, ધર્મથી વિમુખ કરાવવાવાળી છે.

તેથી ધૈર્ય ધારણ કરી કલેશ રહિત થઈ ભોગવીશ તો પૂર્વ કર્મની નિર્જરા થશે તથા નવા કર્મના બંધનો અભાવ થઈ જશે. **તું જૈનધર્મનો ધારક ધર્માત્મા કહેવાય છે,**

**બધા લોકો તને જ્ઞાનવાન સમજે છે.** ધર્મના ધારકોમાં પ્રખ્યાત છે, વ્રતી છે, વ્રત-સંયમની યથાશક્તિ પ્રતિજ્ઞા લીધી છે, જો તું હવે ત્યાગ સંયમમાં શિથિલતા બતાવીશ તો તારો યશ તથા પરલોક તો બગડશે જ; પણ અન્ય ધર્માત્માઓની તથા ધર્મની પણ ઘણી નિંદા થશે; અનેક ભોળા જીવો ધર્મના માર્ગમાં શિથિલ થઈ જશે.

જેમ કોઈ કુળવાન માની (અભિમાની) સુભટ લોકોની વચ્ચે બહાદુરીથી બાવડાઓ બતાવી પડકારે, પછી શત્રુને સામે આવતો જોઈને જ ડરી જઈ ભાગી જાય તો બીજા નાના કિંકર(દાસ) કેવી રીતે સ્થિરતા ધારણ કરે ? તથા બે દિવસ વધારે જીવી જાય તો પણ તેનું જીવન જ ધિક્કારવા યોગ્ય થાય છે. તેવી રીતે તું પણ ત્યાગ, વ્રત, સંયમની પ્રતિજ્ઞા લઈ જો હવે શિથિલ થઈશ તો નિંદાને પાત્ર થઈ જઈશ; અશુભ કર્મ પણ નહિ છોડે. તથા આગળ માટે ખૂબ દુઃખના કારણરૂપ નવા કર્મોનો એવો તીવ્ર-દૃઢ બંધ કરીશ જે અસંખ્યાત વર્ષો સુધી તીવ્ર ફળ (રસ) આપતો રહેશે.

**પહેલાં તને એવું અભિમાન હતું - કે હું તો જિનેન્દ્રનો ભક્ત જૈની છું, આજ્ઞા પ્રતિપાલક છું,** જિનેન્દ્રના કહેલા વ્રત, શીલ, સંયમ, ધારણ કરવાવાળો છું, જે શ્રદ્ધાન જ્ઞાન આચરણ અનંત ભવોમાં દુર્લભ છે તે વીતરાગ ગુરૂઓની કૃપાથી મળ્યું છે- એવો નિશ્ચય કરીને પણ હવે કર્મના ઉદયથી કંઈક રોગજન્ય વેદના તથા પરીષહ આવવાથી કાયર થઈ વિચલિત થવું ખૂબ શરમ ભરેલું છે. વેદનાથી આટલો ડરે છે કેમ ? વેદનાથી મરણ જ તો થશે. મરણ તો એકવાર અવશ્ય થવાનું જ છે, જેણે પણ દેહ ધારણ કર્યો છે, તે અવશ્ય મરણ પામશે જ.

**વીતરાગ ગુરૂઓ દ્વારા ઉપદેશિત વ્રત-સંયમ સહિત, કાયરતા રહિત, ઉત્સાહથી ચાર આરાધનાઓના શરણ સહિત જો મરણ થઈ જાય તો એના જેવો ત્રણ લોકમાં લાભ નથી.** ત્રણ લોકની રાજ્ય સંપદા તો વિનાશીક છે, પરાધીન છે; પણ આરાધનાની સંપદા અનંત સુખ આપનાર છે, અવિનાશી છે. જે ભય રહિત-ધીરતા સહિત મરણને મુનિરાજ-આચાર્ય-ઉપાધ્યાય ઈચ્છે છે, બધા વ્રતી, સંયમી, સમ્યગ્દષ્ટિ ચાહે છે, તથા તું પણ નિરંતર ઈચ્છતો રહેતો હતો, તે મનોવાંછિત સમાધિ મરણ નજીક આવી ગયું છે, તેના જેવું આનંદ આપનાર કોઈ બીજું છે જ નહિ.

જે આ વેદના વધે છે તે તારો મહા ઉપકાર જ કરે છે. **વેદનાથી દેહમાં રાગ**

**નાશ પામશે;** પૂર્વે જે અશાતા આદિ કર્મ બાંધ્યાં હતાં તેમની અલ્પકાળમાં નિર્જરા થઈ જશે, દુઃખ-રોગોથી ભરેલા દેહરૂપી બંદીગૃહથી અવશ્ય છૂટકારો થઈ જશે, વિષય ભોગોથી વિરક્તિ થઈ જશે, પરદ્રવ્યોથી મમતા ઘટી જશે, મરણનો ભય નહિ રહે; મિત્ર, પુત્ર, સ્ત્રી, બાંધવ આદિથી મમતા નાશ પામશે વિગેરે અનેક-અનેક ઉપકાર વેદનાથી થશે તેમ જાણ. જો કાયર થઈ જઈશ તો વેદના વધશે, સંકલેશ વધશે, કર્મનો ઉદય આવ્યો છે તે હવે ટળશે નહિ. માટે હવે દૃઢતા જ ધારણ કરવાનો સમય છે. શૂરપણું ધારણ કરીને જ કર્મને જીતી શકીશ. જો કાયર થઈ રોઈશ, ગભરાઈશ તો કર્મ તને મારીને તિર્યંચાદિ કુગતિ પ્રાપ્ત કરાવશે જ્યાં અનેક દુઃખ ભોગવીશ.

જે રીતે કુળનો, સાધર્મીઓનો, ધર્મનો યશ વધે, તથા તું દુઃખને પાત્ર ન થાય તેમ પ્રયાસ કર. જેમ જે ક્ષત્રિયકુળમાં ઉપજેલા શૂરવીર છે તે સંગ્રામમાં શસ્ત્રોથી ખૂબ કષ્ટ પહોંચવા છતાં પણ ઉન્મત્ત મસ્તકે જ મરણ કરે છે; પણ દુશ્મનો તરફ પીઠ કરતા નથી, તેવી રીતે પરમ વીતરાગી પુરૂષોનું શરણ ગ્રહણ કરનાર પુરૂષ પણ અશુભ કર્મોના અતિ પ્રહારથી દેહનો ત્યાગ કરી દે છે; પણ દીનતા- કાયરતા બતાવતા નથી.

**કેટલાયે જિનલિંગના ધારી ઉત્તમ પુરૂષોને દુષ્ટ વેરીઓએ ચારે બાજુથી આગ લગાડી દીધી, તેની ઘોર વેદના જે વચન અગોચર છે, તે અગ્નિમાં બધી બાજુથી બળતા હોવા છતાં પણ પોતાનું દેવું (ઋણ) ચૂકવ્યા સમાન જાણી, પંચ પરમ ગુરૂઓના શરણ સહિત, ધીરતા ધારણ કરી બળી ગયા છે; પણ કાયરતા બતાવી નથી. આત્મજ્ઞાનની આવી પ્રભાવના છે. જેણે આ શરીરથી ભિન્ન અવિનાશી, અખંડ, જ્ઞાન સ્વભાવનો અનુભવ કર્યો છે, તે અનુભવ કરવાનું ફળ અકંપ ભય રહિતપણું જ છે.**

જ્યારે મિથ્યાદષ્ટિ અજ્ઞાની પણ પરલોકના સુખ ઈચ્છવાવાળો થઈ ધૈર્ય ધારણ કરી લે છે, વેદનાથી કાયર થતો નથી, ત્યારે સંસારના સમસ્ત દુઃખોનો નાશ કરવાનો ઈચ્છુક જૈનધર્મનો ધારી તું કેમ કાયર થઈ આત્મા હિતને બગાડી રહ્યો છે, તથા ઉજ્જવળ યશને મલિન કરી દુર્ગતિને પાત્ર બની રહ્યો છે ?

માટે હવે સાવધાન થઈ ધર્મનું શરણ લઈ કર્મજન્ય વેદના ઉપર વિજય પ્રાપ્ત કર. આવો અવસર અનંત ભવોમાં પણ મળ્યો નથી. **આ કિનારે પહોંચેલી નાવ છે, જો હવે પ્રમાદી રહીશ તો ડૂબી જશે. પૂરી પર્યાયમાં (જીવન પર્યંત) જે જ્ઞાનનો અભ્યાસ કર્યો, શ્રદ્ધાનની ઉજ્જવળતા કરી, તપ-ત્યાગ-નિયમ ધારણ કર્યા, તે**

**બધા આ જ અવસર માટે ધારણ કર્યા હતા.** હવે જો અવસર આવી ગયા છતાં પણ શિથિલ થઈ ભ્રષ્ટ થઈશ, તો ભ્રષ્ટ થઈ ગયો. સમતાભાવ છોડી દેવાથી રોગ, વેદના તથા મરણ તો ટળશે નહિ, પોતાના આત્માને માત્ર દુર્ગતિરૂપી અંધ કૂવામાં ડૂબાડી દઈશ.

જેમ લોકમાં મહામારી રોગ આવી જાય, દુકાળ પડી જાય, ભયાનક ગાઢ જંગલમાં ભટકી જવાય, દઢ ભય આવી જાય, તીવ્ર રોગ વેદના આવી જાય, તો ઉત્તમ કુળમાં ઉપજેલા પુરૂષ સન્યાસ મરણ અંગીકાર કરી લે છે; પણ નીચ પુરૂષોની જેમ નિંદ્ય આચરણ કદી કરતા નથી. મહામારીના ડરથી દારૂ પીતા નથી; દુકાળ પડી જાય તો માંસ ભક્ષણ કરતા નથી, કાંદા(કંદમૂળ, બટાટા) આદિ ખાતા નથી; નીચ, ચાંડાળ આદિનું એંઠુ ખાતા નથી. ભય આવી જાય તો મલેચ્છ-ભીલ થઈ જતા નથી, હિંસાદિ કુકર્મ કરવા લાગતા નથી. તેવી રીતે રોગાદિના પ્રબળ કષ્ટ થવા છતાં પણ શ્રાવક ધર્મના ધારી જિનધર્મી પોતાના ભાવોને કદી વિકારરૂપ કરતા નથી. ધર્મની, ત્યાગની, વ્રતની, સાધર્મીની પ્રભાવનાના ઈચ્છુક થઈ જે અંત સમયમાં પોતાના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણની ઉજ્જવળતા રાખે છે તેમનો જ જન્મ સફળ થાય છે, વ્રત, તપ, ધર્મ સફળ થાય છે, જગતમાં પ્રશંસા થાય છે, મરણ પામી ઉત્તમ દેવોમાં ઉપજે છે.

**મનુષ્ય પર્યાયમાં ઉત્તમપણું પણ એ જ છે કે - ઘોર આપદા વેદના આવે તો પણ સુમેરૂ પર્વતની જેમ અચલ રહે છે, સમુદ્ર સમાન ક્ષોભ રહિત રહે છે. હે ધર્મના ધારક ! તું અતિ ઘોર વેદના આવે તો પણ આકુળ ન થતો. આ કલેવર (શરીર)થી ભિન્ન પોતાના જ્ઞાયકભાવનો અનુભવ કરજે.**

તીવ્ર વેદના આવે તો પણ પૂર્વમાં વેદનાને જીતવાવાળા થઈ ગયેલા ઉત્તમ પુરૂષોનું ધ્યાન કર. હે આત્મા ! પૂર્વે જે સાધુ-પુરૂષ સિંહ-વાઘ આદિ દુષ્ટ પ્રાણીઓની દાઢોમાં ચવાઈ ગયા છતાં પણ આરાધનામાં લીન જ રહ્યા, તો તારા માટે આ વેદના કાંઈ નથી.

## - મુનિઓ ઉપર આવેલા ઉપસર્ગના ઉદાહરણ -

**સુકુમાલ સ્વામી** અત્યંત કોમળ શરીરના ધારી તથા તુરંતના દિક્ષાધારી એવા મુનિને શિયાળ(માદા)એ પોતાનાં બે બચ્ચા સાથે ત્રણ રાત-દિવસ સુધી પગથી ભક્ષણ કરવાનું શરૂ કર્યું, જ્યારે પેટ ચીર્યું ત્યારે મરણ થયું. આવા ઘોર ઉપસર્ગને પરમ ધૈર્ય ધારણ કરી સહન કરી ઉત્તમ પ્રયોજન(સમાધિ મરણ) સિદ્ધ કર્યું, તારૂં આ દુઃખ કેટલું છે ?

**સુકૌશલસ્વામી**ની માતાના જીવે વાઘણ થઈ તેમને ખાઈ લીધા, તો પણ તે ઉત્તમાર્થ (સમાધિ મરણ)થી ન ડગ્યા, તારે કેટલી વેદના છે ?

**ભગવાન ગજકુમાર સ્વામી**ના સર્વ અંગોમાં દુષ્ટ વેરીએ ખીલા ઠોકી દીધા હતા, તો પણ ઉત્તમાર્થ સાધ્યો, તારે કેટલી વેદના છે ?

**સનતકુમાર** નામના મહામુનિના શરીરમાં કુષ્ટ, ખાજ, જ્વર, ખાંસી, શોથ, તીવ્રક્ષુધા, ઉલટી, નેત્રશૂળ, ઉદરશૂળ આદિ અનેક રોગ થયા, તેમણે ઘોર વેદનાને સો વર્ષ સુધી સામ્યભાવથી ભોગવી, ધીરજ ન છોડી, તારે કેટલું દુઃખ છે ?

**શ્રેણિકપુત્ર** ગંગા નદીમાં-નાવમાં ડૂબી ગયા; પણ આરાધનાથી ન ડગ્યા, તારે કેટલી વેદના છે ?

**ભદ્રબાહુ** નામના મુનિને તીવ્ર ક્ષુધા વેદનાનો રોગ થયો તો પણ ઉણોદર નામના તપની પ્રતિજ્ઞાની આરાધનાથી ન ડગ્યા, તારા માટે કેટલી વેદના છે ?

**લલિતઘટ** આદિ નામના પ્રસિદ્ધ બત્રીસ મુનિ કૌસાંબી નદીના પ્રવાહમાં તણાતા ગયા, તો પણ આરાધના મરણ જ કર્યું, ડગ્યા નહિ, તમારે માટે કેટલી વેદના છે?

**ધર્મઘોષ** નામના મુનિએ ચંપાનગરીની બહાર ગંગા નદીના કિનારે એક મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા કરી તીવ્ર તૃષાની વેદનાથી પ્રાણ ત્યાગી દીધા, પણ આરાધનાથી ન ડગ્યા, તારે કેટલી વેદના છે ?

**શ્રીદત્ત** નામના મુનિને પૂર્વજન્મના વેરી દેવે પોતાની વિક્રિયાથી ઘોર ઠંડીની વેદના પહોંચાડી, તો પણ તેમણે કલેશ રહિત થઈ ઉત્તમાર્થને સિદ્ધ કર્યો, તારા માટે કેટલીક વેદના છે ?

**વૃષભસેન** નામના મુનિ ઉષ્ણ શિલાતળ પર ઉષ્ણ પવન તથા ઉષ્ણ સૂર્યની ઘોર આતાપ વેદના સહેવા છતાં પણ આરાધનાને ધારણ કરી રહ્યા, તારા માટે કેટલી વેદના છે ?

**અગ્નિ** નામના રાજપુત્ર રોહોડ નગરમાં મુનિદશામાં ક્રોંચ નામના વેરી દ્વારા શક્તિ નામના હથિયાર(બાણ)થી હત્યા કરાયા છતાં પણ આરાધના ધારણ કરી રહ્યા, તારે કેટલી વેદના છે ?

**અભયઘોષ** નામના મુનિના સર્વે અંગોને કાકંદી નગરીમાં ચંડવેગ નામના વેરીએ છેદી નાખ્યા, તો પણ ઘોર વેદના સહી ઉત્તમાર્થ સાધ્યો, તારે કેટલી વેદના છે ?

**વિદ્યુચ્ચર** નામના મુનિએ અનેક ડાંસ મચ્છરો દ્વારા ખવાયા છતાં પણ સંકલેશ રહિત મરણ કરી ઉત્તમાર્થ સાધ્યો, તારે કેટલી વેદના છે ?

**ચિલાતીપુત્ર** નામના મુનિનો પૂર્વ ભવના વેરીએ શસ્ત્રોથી ઘાત કર્યો, પછી ઘામાં મોટા-મોટા કીડા પડી ગયા, જેમણે પૂરા શરીરમાં ચારણીની જેમ છેદ કરી દીધા, તો પણ સમતાભાવથી પ્રચૂર વેદના સહી ઉત્તમાર્થ સાધ્યો, તારે કેટલી વેદના છે ?

**દંડક** નામના મુનિને પૂર્વ ભવના વેરી યમુનાવક્રે બાણોથી વીંધી નાખ્યા, તેની ઘોર વેદના થવા છતાં પણ સમતાભાવથી આરાધનાને પ્રાપ્ત થયા, તારે કેટલી વેદના છે ?

**અભિનંદન** આદિ પાંચસો મુનિને કુંભકારકટ નગરમાં ઘાણીમાં પીલવામાં આવ્યા તો પણ તે મુનિ સામ્યભાવથી ન ડગ્યા, તારે કેટલી વેદના છે ?

**ચાણક્ય** નામના મુનિને ગાયોના રહેવાના ઘરમાં સુબંધ નામના વેરીએ અગ્નિ લગાવી બાળી નાખ્યા, પણ તે મુનિ પ્રાયોપગમન સન્યાસથી ડગ્યા નહિ, તારે કેટલું દુઃખ છે ?

**વૃષભસેન** નામના મુનિને સંઘ સહિત કુલાલ ગામની બહાર રિષ્ટાભ નામના વેરીએ આગ લગાવી બાળી નાખ્યા, તે બધા પરમ વીતરાગતા સહિત આરાધનાને પામ્યા, તારે કેટલું દુઃખ છે?

હે આરાધનાના આરાધક ! હૃદયમાં વિચાર કર ! આટલા મુનિઓએ અસહાય, એકાકી, ઈલાજ પ્રતિકાર રહિત, વૈયાવૃત્ત રહિત હોવા છતાં પણ પરમ ધૈર્ય ધારણ કરી, કાયરતા રહિત, સમભાવોથી, ઘોર ઉપસર્ગ સહિત આરાધના સાધી. અહીં તારા ઉપર શું ઉપસર્ગ છે ? સમસ્ત સાધર્મીજનો વૈયાવૃત્તમાં તત્પર છે, તો પણ તું દુઃખી કેમ થઈ રહ્યો છે ? આ બધા મહાન પુરૂષ થયા છે તેમનું કોઈ સહાયી હતું નહિ, કોઈ વૈયાવૃત્ત કરવાવાળું ન હતું, બધા અસહાય હતા. તેમની ઉપર દુષ્ટ વેરીઓએ ઘોર ઉપસર્ગ કર્યા, અગ્નિમાં બાળી નાખ્યા, પર્વત પરથી પટકીને શસ્ત્રોથી ચીરવામાં આવ્યા, તિર્યંચો દ્વારા ફાડવામાં આવ્યા, ખાવામાં આવ્યા, પાણીમાં ડૂબાડવામાં આવ્યા, કુવચનોના ઘોર ઉપદ્રવ થયા તો પણ સામ્યભાવ ન છોડ્યો. તારા ઉપર તો કોઈ ઉપસર્ગ આવ્યો નથી. ધર્મના ધારક, કરૂણાવાન, ધૈર્યના ધારક, પરમ હિતોપદેશમાં ઉદ્યમી, વૈયાવૃત્યમાં ઉદ્યમી, સમસ્ત સંબંધીઓ હાજર છે. હવે આકુળતાનું કોઈ કારણ નથી, તથા ઠંડી-ગરમી-પવન-વરસાદનો પણ ઉપદ્રવ નથી, આવા અવસરમાં પણ કેમ શિથિલ થઈ રહ્યો છે ?

તારે જે આ રોગજન્ય, અશક્તિજન્ય, ક્ષુધા-તૃષાદિની વેદના થઈ છે એમાં પરિણામ ન લગાવ. **સાધર્મીજનોના મુખથી ઉચ્ચારેલાં જિનેન્દ્રનાં વચનરૂપ અમૃતનું પાન કર.** એનાથી સમસ્ત વેદનારૂપ વિષનો અભાવ થાય છે, પરિણામ ઉજ્જવળ થઈ જાય છે, પરમ ધર્મમાં ઉત્સાહ થાય છે, પાપની નિર્જરા થાય છે, કાયરતાનો અભાવ થઈ જાય છે.

**ચાર ગતિઓના દુઃખોનું વર્ણન** - હવે વેદના(દુઃખ) આવ્યે ચાર ગતિઓમાં જે દુઃખ ભોગવ્યાં છે તેમનો વિચાર કર. આ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવે કંઈ-કંઈ વેદના નથી ભોગવી? અનેક વાર અગ્નિમાં બળીને મર્યો છે, અનેક વાર પાણીમાં ડૂબીને મર્યો છે, ઝેર ખાઈને મર્યો છે, અનેક વાર સિંહ શ્વાનાદિ દ્વારા મરાયો છે, પહાડની ટોચ ઉપરથી પડીને મર્યો છે, શસ્ત્રોના ઘાતથી મર્યો છે, હવે આ જીવને(તને) કેટલું દુઃખ છે ? (તેની સરખામણીમાં કાંઈ દુઃખ નથી).

**જે દુઃખ નરક તથા તિર્યંચગતિમાં દીર્ઘ કાળ સુધી ભોગવ્યું છે તેને તો કેવળજ્ઞાની ભગવાન જ જાણે છે.** અહીં આ વેદના કંઈક થોડાક સમય માટે આવી છે, માટે ધૈર્ય ન છોડ. જે ઘોર વેદના (દુઃખ) કર્મોને વશ થઈ ચારેય ગતિઓમાં ભોગવી ચૂક્યો છે, તેનું વર્ણન કરોડો જીભો દ્વારા અસંખ્ય વર્ષોમાં પણ શક્ય નથી.

**નરકગતિનાં દુઃખ** - નરકમાં જે દુઃખની સામગ્રી છે તેની જાતિની(સામગ્રી) આ લોકમાં છે જ નહિ, કેવી રીતે બતાવીએ ? ભગવાન કેવળજ્ઞાની જ જાણે છે, ત્યાં પાંચમા નરક સુધીના ગરમ બિલોમાં ગરમી તો એવી છે કે જો સુમેરૂ પર્વત સમાન લોઢાનો ગોળો છોડીએ તો જમીન સુધી પહોંચતાં-પહોંચતાં ઓગળીને પાણી થઈ વહી જાય. અહીં તારે રોગજન્ય કેટલી ગરમી છે? પાંચમા નરકના ત્રીજા ભાગમાં તથા છઠ્ઠા-સાતમા નરકના બિલોમાં એવી ઠંડી છે કે સુમેરૂ પર્વત જેટલો લોઢાનો ગોળો ઠંડીથી ટુકડે-ટુકડા થઈ વિખેરાઈ જાય. એવી વેદના આ જીવે ચિરકાળ સુધી ભોગવી છે.

અહીં મનુષ્ય જન્મમાં જ્વર(તાવ) આદિ રોગજન્ય, તૃષાથી ઉત્પન્ન, ગ્રીષ્મ કાળથી ઉત્પન્ન ઉષ્ણ વેદના, તથા શીત જ્વરાદિથી ઉત્પન્ન, શીતકાળથી ઉત્પન્ન શીત વેદના કેટલીક છે ? થોડો સમય જ રહેશે. તેથી ધર્મના ધારક, મમત્વના ત્યાગીઓએ શું આ વેદના સમભાવથી ભોગવી લેવી ન જોઈએ ? આ અવસર તો સમભાવથી પરીષહ સહેવાનો જ છે. જો કલેશભાવ કરીશ તો કર્મનો ઉદય છોડવાનો નથી, ભાગીને ક્યાં જઈશ ? જો આપઘાત આદિથી મરીશ તો નરકોમાં અનંતગણી વેદના અસંખ્યાત કાળ

સુધી ભોગવીશ ત્યાં તો પાપના ઉદયથી નારકીઓને સ્વભાવથી જ શરીરમાં કરોડો રોગ હંમેશાં જ રહે છે.

**નરકની ભૂમિનો સ્પર્શ જ કરોડો વિંછીઓના ડંખથી અધિક વેદના ઉપજાવનાર છે.** નારકીઓને **ક્ષુધા** વેદના એટલી છે કે સંપૂર્ણ પૃથ્વીનું અનાજ આદિ ખાઈ લે તો પણ શાન્ત ન થાય, પણ ખાવા માટે એક દાણો પણ મળતો નથી. **તૃષા** વેદના એટલી અધિક છે કે બધા સમુદ્રોનું પાણી પી લીધા પછી પણ ન બુઝાય, પણ પીવા માટે પાણીનું એક ટીપું પણ મળતું નથી.

નરકની પૃથ્વીના પહેલા પડની **માટી** એટલી અત્યંત કડવી દુર્ગંધમય છે કે જો તેનો એક કણ આ મનુષ્ય લોકમાં આવી જાય તો અડધા કોશ સુધીના પંચેન્દ્રિય મનુષ્ય-તિર્યંચ દુર્ગંધથી મરી જાય. આ રીતે એક-એક પડથી અડધો-અડધો કોશ વધતાં, **સાતમી પૃથ્વીના ઓગણપચાસમાં પડની માટીમાં એટલી દુર્ગંધ છે કે જો તેનો એક કણ અહીં આવી જાય તો સાડા ચોવીસ કોશ સુધીના પંચેન્દ્રિય મનુષ્ય તિર્યંચ દુર્ગંધથી પ્રાણ રહિત થઈ જાય.** આ પ્રકારનું સ્વરૂપ શબ્દ(અવાજ)ના અનુભવનું દુઃખ પણ વચનાતીત છે, કેવળી જ જાણે છે.

ખૂબ આરંભ-ખૂબ પરિગ્રહના ભાવથી, સાત વ્યસનોના સેવનથી, અભક્ષ્યના ભક્ષણથી, હિંસાદિ પાંચ પાપોમાં તીવ્ર રાગથી, નિર્માલ્ય ભક્ષણથી, આવા ઘોર દુઃખોને ભોગવવાને પાત્ર નારકી થાય છે. નારકીઓને અપાર માનસિક દુઃખ હોય છે. નારકીઓનું શારીરિક દુઃખ, ક્ષેત્ર જન્ય દુઃખ, પરસ્પર ઉપજાવેલું દુઃખ, અસુરકુમારો દ્વારા ઉત્પન્ન કરેલું દુઃખ વચનોથી કહેવામાં અગોચર છે, તેનો વિચાર કર. **નરકમાં આયુષ્ય પૂર્ણ થયા વિના મરણ થતું નથી.**

**તિર્યંચગતિનાં દુઃખ -** તિર્યંચોને પાપના ઉદયથી જે તીવ્ર દુઃખ થાય છે, તે પ્રત્યક્ષ જોઈએ જ છીએ, વર્ણન કેટલું કરીએ ? તિર્યંચગતિમાં પરાધીનતાનું દુઃખ, વાણી રહિતપણું, ક્ષુધા-તૃષા-ઉષ્ણતાનું દુઃખ, તાડનનું, અતિભાર લાદવાનું, નાક છેદવાનું, દોરડાઓથી બંધાવાનું ઘોર દુઃખ છે. જેમનું સ્વાધીન ખાવુ-પીવું ચાલવું-બેસવું-ઉઠવું નથી, જે કોઈને પોતાનો સુખ-દુઃખરૂપ અભિપ્રાય બતાવી કંઈ ઉપાય ઉદ્યમ કરી શકતા નથી, કોના ઘરે રહેવું છે, કોના ઘેર નથી રહેવું તે તેમના આધીન નથી. ચાંડાળ, મલેચ્છ નિર્દયીને ત્યાં પણ રહેવું પડે છે, બ્રાહ્મણાદિને આધીન પણ રહેવું પડે છે.

કોઈ અનેક રીતે મારે છે, ત્રાસ આપે છે, કોઈ આહાર-પાણી આપતું નથી, થોડું આપે છે અને ભાર વધારે લાદે છે ત્યારે કોઈ રાજા આદિની પાસે જઈ ફરિયાદ કરવાનું સામર્થ્ય નથી, કોઈ દયા કરી રક્ષણ કરી શકતુ નથી. નાક ગળી જાય છે, ખભો છેદાઈ-ગળી જાય છે, પીઠ કપાઈ જાય છે, હજારો કીડા પડી જાય છે, તો પણ પત્થરો આદિનો કઠોર ભાર સહેવો; તથા આવી દશામાં જ્યારે ચાલી જઈ શકાતું નથી, ભાર વહન થઈ શકતો નથી ત્યારે મર્મ સ્થાનોમાં ચામડા તથા લોઢાની તીક્ષ્ણ આરીઓથી લાકડીઓથી ઘાત થવો, તથા ગાળો આપી દુઃખી કરી બળજબરીથી ચલાવવા; નાક આદિ મર્મ સ્થાનોમાં દોરી, સાંકળ, ચામડાનાં નાળાં વિગેરેથી એવી રીતે બાંધવાં જેનાથી હલન-ચલન ન કરી શકે - એવાં તિર્યંચોનાં દુઃખ પ્રત્યક્ષ દેખે જ છે, તારે કેટલું દુઃખ છે ?

જળચર, નભચર, વનચર જીવ પરસ્પર ભક્ષણ કરી લે છે, છૂપાયેલાંને શોધી શોધીને મારે છે, નિર્બળને સબળ ભક્ષણ કરી લે છે. શિકારી, ભીલ, પારધી, બહેલીયા - એ તો જાનવરોને જોતાંની સાથે જ જ્યાં ભાગીને જાય છે, ત્યાંથી પકડીને લાવે છે, મારી નાખે છે, ચીરી નાખે છે, ટૂકડા કરી રાંધી નાખે છે, શેકી નાખે છે, એમની કોણ દયા કરે ? જેમણે પૂર્વ જન્મમાં દયા ધર્મ ધારણ નથી કર્યો, ધનના લોભી થઈ અનેક જૂઠ-કપટ-છળ કર્યાં તેનું ફળ તિર્યંચગતિમાં ઉદયમાં આવે છે, તે બધો હવે વિચાર કર.

**મનુષ્યગતિનાં દુઃખ -** મનુષ્યોમાં ઈષ્ટના વિયોગનું ઘોર દુઃખ છે, દુષ્ટ-અનિષ્ટનો સંયોગ થવાનું દુઃખ, નિર્ધન થવાનું, પરાધીન થવાનું, બંદીગૃહમાં(જેલમાં) પડવાનું, અપમાન થવાનું, મારપીટ-ત્રાસ થવાનું, આંધળા બહેરા, મૂંગા, લૂલા, લંગડા થવાનું, ભૂખ-તરસ ભોગવવાનું, ઠંડી-ગરમી-આતાપ આદિ ભોગવવાનું, નીચ કુળ-નીચ ક્ષેત્ર આદિમાં ઉપજવાનું, અંગ-ઉપાંગ ગળી જવાનું સડી જવાનું, ઈચ્છિત આહાર ન મળવાનું ઈત્યાદિ અનેક ઘોર દુઃખ ભોગવ્યાં છે તેનો વિચાર કર. અહીં હાલ તારે કેટલું દુઃખ છે ?

નરક-તિર્યંચોનાં દુઃખ તો અપાર છે જ, પણ પાપના ઉદયથી અજ્ઞાન ભાવથી કષાયના વશમાં પડેલા જીવને મનુષ્યગતિમાં માનસિક દુઃખ પણ અપાર છે. **કર્મ મહા બળવાન છે.** જેમનાં વચન જ માથામાં તીક્ષ્ણ શૂળ (ભયંકર દર્દ) સમાન કષ્ટ આપે છે એવા મહા દુષ્ટ, નિર્દયી, મહાવક્ર, અન્યાયમાર્ગીની સાથે ભેગા રહેવાનું કર્મે ઉપજાવ્યું તેમનો ત્રાસ રાત-દિવસ ભોગવવો પડે છે, હંમેશાં ભયભીત થઈ રહેવું પડે છે.

જે ઉપકારી છે, પ્રાણો સમાન વહાલા છે, જેમની સાથે રહેવાથી પોતાનું જીવન સફળ માનતો હતો એવાં સ્ત્રી, પુત્ર, મિત્ર, સ્વામી, સેવક આદિનો વિયોગ થઈ જવાનું દુઃખ, બાળ અવસ્થામાં પુત્રીનું વિધવા થઈ જવાનું દુઃખ, આજીવિકાનો નાશ થવાનું, ધન ચોરાઈ જવાનું, અતિ નિર્ધન થવાનું, ગુણવાન માલિકનો વિયોગ થઈ જવાનું, તથા પોતાનો અપવાદ(અપયશ) થવાનું, કલંક લાગવાનું મહા દુઃખ ભોગવે છે. એટલા માટે હે ધીર ! અહીં સમાધિ મરણના અવસરે થોડીક વેદનામાં શું છે ? કંઈ પણ નથી.

**કર્મના ઉદયનું બળવાનપણું -** કર્મના ઉદયથી મનુષ્ય જન્મમાં અગ્નિમાં બળી જાય છે, સિંહ, વાઘ, સાપ, દુષ્ટ હાથી આદિ દ્વારા ખવાય છે; હાથ, પગ, કાન, નાક છેદવામાં(કાપવામાં) આવે છે, શૂળી પર ચઢાવાય છે, આંખો કાઢી લેવાય છે, જીભ કાઢી લેવાય છે. પાપ કર્મના ઉદયથી મનુષ્ય જન્મમાં પણ ઘોર દુઃખ ભોગવે છે; દુષ્ટ વેરીઓ દ્વારા દંડાઓથી, નેતરથી, મુક્કાઓથી, મુસંડાઓથી, ચીપીયાઓથી, સાંકળોથી પીટાય છે, મરાય છે, શસ્ત્રોથી ચીરી દેવાય છે, લાત, ઘમૂકા(ઘૂમ્બા) ઠોકરોનો માર, પગનો માર, કચડાવું, બાળી દેવાવું વિગેરે બધું પરાધીન થઈ ભોગવે છે.

**જો સ્વાધીન થઈ કર્મના ઉદયજન્ય શત્રુને એકવાર સામ્યભાવથી ભોગવી લે તો દુઃખોને પાત્ર ન રહે.** સમસ્ત રોગ તથા દુઃખ અનેક વાર ભોગવ્યાં છે, હવે તારો આ રોગ તુરત જ નિર્જરી જશે. રોગ થયા વિના આવા દુષ્ટ જીર્ણ શરીરથી છૂટવાનું ન બનત, દેહથી મમતા ન ઘટત, ધર્મમાં પરિણતી ન વધત, માટે રોગજન્ય વેદનાને ઉપકાર કરવાવાળી જાણી હર્ષ જ મનાવ.

હે ધીર ! તેં સંસારમાં જેટલાં દુઃખ ભોગવ્યાં છે, તેનો અનંતમો ભાગ પણ તારૂં આ દુઃખ નથી. હવે આ અવસરમાં તું કાયર થઈ ધર્મને મલિન કેમ કરે છે ? જ્યારે તેં કર્મને વશ થઈ ચારેય ગતિઓમાં ઘોર વેદના ભોગવી લીધી છે ત્યારે અહીં ધર્મરૂપ તપ-વ્રત-સંયમ ધારણ કરી વેદના ભોગવવાનો ડર કેમ રાખે છે ? કર્મને વશ થઈ જેવી વેદના અનંત વાર ભોગવી છે તેવી વેદના ધર્મની રક્ષા માટે જો એક વાર સમભાવથી સહન કરી લે તો ઘણી બધી નિર્જરા થઈ જશે.

**હે ધીર ! તું ભય રાખ કે ભય ન રાખ, ઈલાજ કર કે ઈલાજ ન કર, પ્રબળ કર્મનો ઉદય આવવાથી તો રોકાશે નહિ. ઈલાજ પણ કર્મનો ઉદય મંદ થવાથી જ કાર્ય કરે છે. પાપનો પ્રબળ ઉદય હોય ત્યારે અત્યંત શક્તિશાળી ઔષધિ પણ ઘણી સાવધાનીથી અજમાવવા છતાં વેદનાનો નાશ કરી શકતી નથી.**

જે અસંયમી યોગ્ય-અયોગ્ય બધું જ ખાવાવાળો છે, ત્યાગ-વ્રત રહિત છે, રાત-દિવસ જ્યારે બધી રીતે રોગને દૂર કરવાનો ઉપાય કરે છે તો પણ તે કર્મનો પ્રબળ ઉદય હોવાથી રોગ રહિત થઈ શકતા નથી; ત્યારે તું સંયમ-વ્રત સહિત, અયોગ્ય ભક્ષણનો ત્યાગી, આકુળ થઈ રોગ રહિત થવાની કલ્પના કેવી રીતે કરે છે ?

અહીં રાજાની જેમ બધી સામગ્રી બીજા કોની પાસે હોય છે ? જેમને ભક્ષ્ય-અભક્ષ્યનો, યોગ્ય-અયોગ્યનો વિચાર નથી; હિંસાના કારણ અતિ આરંભ કરવાનો જેમને કોઈ ભય નથી, દયા નથી, મોટા-મોટા ધનવંતરી જેવા અનેક વૈદ્ય તથા અનેક દવાઓ હોય તો પણ તેઓ કર્મની ઉદય જન્ય વેદનાને શાંત કરી શકતા નથી, ત્યારે તું ત્યાગી-વ્રતી તથા તારી વૈયાવૃત્ય કરવાવાળા પણ દયાવાન વ્રતી છે, તેઓ કેવી રીતે તારો રોગ હરણ કરશે ?

**સમસ્ત વેદનાને શાન્ત કરવાવાળી જિનેન્દ્રના વચનરૂપ ઔષધિને ગ્રહણ કરી પરમ સામ્યભાવરૂપ અભેદ્ય ચક્રને ધારણ કર.** પૂર્વ કર્મના ઉદયરૂપ રસને સમભાવથી ભોગવ, જેનાથી અશુભ કર્મની નિર્જરા થઈ જશે તથા નવા કર્મનો બંધ પણ નહિ થાય. મરણ તો એક પર્યાયમાં એક વાર થવાનું જ છે, પણ સંયમ સહિત મરણનો અવસર તો અહીં પ્રાપ્ત થયો છે, માટે અતિ આનંદ સહિત મરણ કર, જેનાથી હવે અનેક જન્મ ધારણ કરી અનેક મરણ કરવાં ન પડે.

**આ ખૂબ જ ટૂંકા સમયના જીવનમાં ધર્મ છોડી આર્ત્ત પરિણામ ન કર. અશુભ કર્મના જે ઉદયને રોકવામાં ઈન્દ્રાદિ સહિત સમસ્ત દેવ સમર્થ નથી, તેને અલ્પશક્તિધારી કેવી રીતે રોકી શકશે ?** જે વૃક્ષને પાડવા માટે હાથી સમર્થ નથી, તે વૃક્ષને દીન નિર્બળ સસલું કેવી રીતે પાડે શકે ? જે નદીના પ્રબળ પ્રવાહમાં મહાન દેહનો ધારી મહા બળવાન હાથી તણાઈ જાય છે, તે પ્રવાહમાં સસલાને તણાઈ જવાની શી નવાઈ થવી ? જે કર્મના ઉદયને તીર્થંકર, ચક્રવર્તી, નારાયણ, બળભદ્ર, તથા સમસ્ત દેવોની સાથે ઈન્દ્ર પણ રોકવામાં સમર્થ નથી, તે કર્મને બીજું કોઈ રોકવામાં સમર્થ છે શું ?

કર્મના ઉદયને અરોક (રોકી શકાય નહિ તેવો) જાણી અશાતાના ઉદયમાં દુઃખી ન થા; શૂરવીરપણું બતાવ, સામ્યભાવોથી કર્મની નિર્જરા કર. જો કર્મના ઉદયમાં દુઃખી થઈશ, દીનતા બતાવીશ, રોઈશ, વિલાપ કરીશ, તો વેદના ઘટશે નહિ, વેદના તો

વધશે જ, પણ ધર્મ, વ્રત, સંયમ, યશ, નષ્ટ થઈ જશે તથા તું આર્ત્તધ્યાનથી મરણ કરી ઘોર દુઃખને ભોગવનાર તિર્યંચોમાં ઉપજીશ; એમાં કોઈ શંકા નથી.

અશાતાના ઉદયમાં સુખ માટે જે રોવું છે, વિલાપ કરવો છે, દીનતાનાં વચન બોલવાં છે, તે તેલના માટે રેતને પીલવા બરાબર છે; ઘી માટે પાણી વલોવવા સમાન છે, ચોખા માટે ફોતરા ખાંડવા જેવું છે; તે માત્ર દુઃખ માટે છે, આગળ માટે તીવ્ર બંધનું કારણ છે.

જેમ કોઈ પુરૂષે અજ્ઞાનભાવના કારણે પહેલાં કોઈની પાસેથી ધનનું દેવું કરી ખર્ચ કરી નાખ્યું; હવે મુદત પૂરી થતાં તે વળી દેવાનું ધન (ઉધારનું ધન) માગે છે; **ન્યાયમાર્ગી તો સ્વખુશીથી ઋણ ચૂકવી, પોતાનો ભાર ઉતારી જેમ સુખી થઈ જાય છે; તેવી રીતે ધર્મનો ધારી પુરૂષ તો કર્મના ઉદયે આવેલ રોગ દારિદ્ર, ઉપસર્ગ, પરીષહોને ભોગવવાનું ઋણ ચૂકવવા-મુકત થવા સમાન જાણી સુખી થાય છે.** તે તો વિચાર કરે છે – આ જે મારે પૂર્વકૃત કર્મનો ઉદય આવ્યો છે તે સારા સમયે આવ્યો છે. અત્યારે મારી પાસે પ્રચૂર જ્ઞાનરૂપી ધન છે, ભગવાન પંચ પરમેષ્ઠીનું શરણ છે, સાધર્મીઓની ઘણી સહાયતા છે, તેથી સહેજે ઋણનો ભાર ઉતારી નિરાકુળ સુખને પામીશ.

પોતાના કષાયાદિ ભાવોથી ઉત્પન્ન કરેલું કર્મ એવું બળવાન છે કે તે ઋદ્ધિના, વિદ્યાના, બંધુજનોના, ધન સંપદાના, શરીરના, મિત્રોના, દેવ-દાનવોની સહાયતાના બળને અડધી ક્ષણમાં જ નષ્ટ કરી દે છે. **કર્મરૂપી ઋણ ચૂકવ્યા વિના છૂટતુ નથી.**

રોગ, શોક, જીવન, મરણ બીજા કોઈને પણ ઉદયમાં ન આવ્યાં હોય, માત્ર તારા જ ઉદયમાં આવ્યાં હોય ત્યારે તો દુઃખી થવું યોગ્ય છે, ક્ષુધા, તૃષા, રોગ, વિયોગ, જન્મ, જરા, મરણ ઉદયના અવસરે કોને દુઃખ દેતાં નથી ? **સમસ્ત સંસારી જીવોને કર્મનો ઉદય આવે છે, બધા જ મરણ પામે છે. ચારેય ગતિઓમાં કર્મનો ઉદય આવે છે.** તેથી પૂર્વ અવસ્થામાં જે કર્મનો બંધ કર્યો હતો તેનો ઉદય આવ્યેથી, આકુળતા છોડી, પરમ ધૈર્ય ધારણ કરી, સમભાવથી કર્મ પર વિજય પ્રાપ્ત કર. સમસ્ત દુઃખોને જીતવાના અવસરે હવે શાનો વિષાદ કરે છે ?

**સમ્યગ્દષ્ટિ તો જન્મથી જ સમાધિ મરણની ઈચ્છા કરે છે.** આ અવસર મહા મુશ્કેલીએ પ્રાપ્ત થયો છે. સઘળા દુઃખોના નાશનો અવસર કઠણાઈથી મળ્યો

છે. આ ઉત્સવના અવસરે વિષાદ કરવો યોગ્ય નથી. જો આ અવસર ચૂકી જઈશ તો પછી અનંત કાળમાં આવો અવસર મળશે નહિ.

**સંયમ ભંગ કરવો મહા અપરાધ છે; અરહંત સિદ્ધ, આચાર્ય આદિ ભગવાન પરમેષ્ઠી તથા સમસ્ત સાધર્મીઓની સાક્ષીએ જે ત્યાગ, વ્રત, સંયમ ગ્રહણ કર્યો હતો, તે ત્યાગનો ભંગ કરી નાખવામાં પરમેષ્ઠીની વિરાધના થઈ, સમસ્ત ધર્મનો લોપ થયો, ધર્મને દોષ લગાવ્યો, ધર્મના માર્ગની વિરાધના કરી, પોતાના બંને લોક નષ્ટ કર્યા.** મરણ તો અવશ્ય થશે. મરણ અને દુઃખ તો વ્રત-સંયમને ભંગ કરવા છતાં પણ દૂર થઈ શકતા નથી.

જે કાર્ય રાજા અને પંચોને સાક્ષી બનાવી કરવામાં આવે છે, તે કાર્યોને પછી ભંગ કરી નાખે તો તે મહા અપરાધના તીવ્ર દંડને પ્રાપ્ત થાય છે, સમસ્ત લોકમાં ધિક્કાર તથા તિરસ્કાર ને પામે છે; પરલોકમાં અનંત કાળ સુધી અનંત જન્મ, મરણ, રોગ, વિયોગ થવાને પાત્ર થાય છે. જે ત્યાગ આદિ કરતો નથી તે તો અનાદિનો સંસારી છે જ; તે તો ત્યાગ, સંયમ વ્રતને પ્રાપ્ત થયો જ નથી. **પણ જે ત્યાગ વ્રત, સંયમ, સમાધિ મરણ, સન્યાસ લઈ પછી બગાડી નાખે છે તેને ધર્મની ગંધ પણ અનંત કાળમાં મળવી દુર્લભ છે. વ્રત ભંગ કરવો મહા અપરાધ છે.**

**આહારની ગૃદ્ધતા (લોલુપતા) : આહારની ગૃદ્ધતા (લોલુપતા) અત્યંત નિંદનીય છે.** જે ઉત્તમ પુરૂષ છે તે તો ક્ષુધા વેદનાને પ્રાણોને હરવાવાળી જાણી તેના ઈલાજ માત્ર માટે આહાર કરે છે. તેની પણ તેમને ખૂબ શરમ આવે છે. આહારની કથાને પણ દુર્ધ્યાન કરવાવાળી જાણી ત્યાગે છે.

આ હાડ-માંસમય દેહ આહાર વિના રહી શકતો નથી તથા દેહ વિના તપ, વ્રત, સંયમરૂપ રત્નત્રય ધર્મ પાળી શકતો નથી; તેથી રત્નત્રય ધર્મને પાળવા માટે રસ-નીરસ જેમ ભોજનની વિધિ કર્મ પ્રાપ્ત કરાવે તેમ નિર્દોષ શુદ્ધ ભોજનથી પેટ ભરે છે. રસના ઈન્દ્રિયની લંપટતાને કદી વશ થતા નથી.

**મનુષ્ય જન્મની સફળતા તો આહારની લંપટતાને જીતવાથી જ છે.** તિર્યંચગતિમાં તો આહારની લંપટતાથી બળવાન થઈ તે નિર્બળનું તથા પરસ્પરમાં ભક્ષણ કરી લે છે, આહારની ગૃદ્ધતાથી માતા( સાપ) પુત્રનું પણ ભક્ષણ કરી લે છે.

**મનુષ્ય ગતિમાં પણ નીચ-ઉચ્ચ જાતિનો ભેદ, સમસ્ત આચારનો ભેદ**

**ભોજનના નિમિત્તથી જ છે. આ લોકમાં જેટલું નિંદ્ય આચરણ છે તે બધું ભોજનના વિચાર રહિતને જ હોય છે.** ભોજનમાં જેમની લંપટતા નથી તે ઉજ્જવળ (શુદ્ધ) છે, તે વાંછા રહિત છે, તે ઉત્તમ છે, નીચ-ઉચ્ચ-જાતિ-કુળનો ભેદ પણ ભોજનના નિમિત્તથી જ છે.

**આહારનો લંપટી ઘોર આરંભ કરે છે.** બાગ-બગીચાઓમાં તે પોતાના ભોજનના સ્વાદ માટે કરોડો ત્રસ જીવોને મારે છે, મહા પાપની અનુમોદના કરે છે, અભક્ષ્ય ભક્ષણ કરે છે. આહારનો લંપટી અસત્ય વચન, હિંસાદિ મહા પાપનાં વચન બોલે છે. મિષ્ટ, સુંદર ભોજન માટે ક્રોધ કરે છે, માન કરે છે, છળ-કપટ કરે છે, ચોરી કરે છે, કુળની મર્યાદા તોડે છે, કુશીલ સેવન કરે છે, ધન પરિગ્રહમાં મૂર્ચ્છિત થઈ જાય છે, બીજા લોકોને મારી નાખે છે, જૂઠું બોલે છે, ચોરી કરીને પણ મિષ્ટ ભોજન માટે ધન ભેગું કરે છે.

**ભોજનનો લંપટી નિર્લજ્જ થઈ જાય છે -** નીચ જાતિવાળાઓ સાથે મળી ખાઈ લે છે, નીચ કુળના મદ્ય-માંસ ખાવાવાળાઓની સેવા-નોકરી પણ કરવા લાગે છે, પોતાના પદને યોગ્ય ઉચ્ચતા જાતિ-કુળનો આચાર જોતો નથી, સ્વાદિષ્ટ ભોજન જોઈ મન બગાડે છે. ખૂબ ધનનો ધણી તથા પોતાના ઘરે હંમેશાં સુંદર ભોજન મળતું હોવા છતાં પણ નીચ (લોકોના) દારિદ્રીઓના, શુદ્રોના, મલેચ્છ-મુસલમાનોના ઘરે જઈને પણ ભોજન કરી લે છે.

ભોજનનો લોલુપી ગામ-નગરમાં વેચાતું, હીન આચરણ કરવાવાળાઓ દ્વારા બનાવેલું તથા બધા મુસલમાન આદિ જેને અડે છે, વેચે છે એવા અધમ ભોજનને પણ ખરીદી લાવે છે અને ખાઈ લે છે.

ભોજનનો લંપટી તપશ્ચરણ, જ્ઞાનાભ્યાસ, શ્રદ્ધાન, આચરણ, સમસ્ત શીલ-સંયમને દૂરથી જ છોડે છે; પોતાનું અપમાન થવું જોતો નથી, અભક્ષ્યમાં, એંઠી વસ્તુમાં, માંસાદિકમાં આસક્ત થઈ જાય છે. અયોગ્ય સંગતિ, અયોગ્ય આચરણ દ્વારા પોતાના કુળક્રમનો નાશ કરે છે, મલિન કરે છે. જિહ્વા ઈન્દ્રિયની લંપટતા શું-શું અનર્થ નથી કરાવતી ? તપાસવું, વીણવું, જોવું તો આહારના લંપટીને હોતું જ નથી. આ આહાર કેવો છે, ક્યાંથી આવ્યો છે, એવો વિચાર તો આહારના લંપટીને રહેતો જ નથી.

**આહારના લંપટીની તીક્ષ્ણ બુદ્ધિ પણ મંદ થઈ જાય છે, બુદ્ધિ વિપરીત**

**થઈ જાય છે,** સુમાર્ગ છોડી કુમાર્ગમાં પ્રવીણ થઈ જાય છે, ધર્મથી વિમુખ થઈ જાય છે. એવું જોઈએ પણ છીએ - **કેટલાયે પુરૂષોએ અનેક શાસ્ત્ર વાંચ્યાં છે, વચનોથી અનેક જીવોને શુભ માર્ગનો ઉપદેશ આપે છે, ઘણા સમયથી સિદ્ધાંત ગ્રંથ સાંભળતા આવ્યા છે, તો પણ તેમને સત્યાર્થ-જ્ઞાન-આચરણ થતું નથી, વિપરીત માર્ગથી છૂટતા નથી, તે બધું અન્યાયનું તથા અભક્ષ્ય ભોજન કરવાનું ફળ છે.**

મુનિરાજોને તો આહારની શુદ્ધતા જ મુખ્ય છે, તથા શ્રાવકને પણ સમસ્ત બુદ્ધિની શુદ્ધતાનું કારણ એક ભોજનની શુદ્ધતાને જ જાણવું..

આહારના લંપટીને યોગ્ય-અયોગ્યનું, વીણવાનું, આંખોથી જોવાનું સ્થિરપણું-ધૈર્ય હોતું નથી. ધૈર્ય રહિત થઈ ઉતાવળે જ ભોજન કરે છે. જિહ્વાનો લંપટી માન, સન્માન, સત્કાર પોતાના પદની યોગ્યતા, ઉચ્ચતા આદિ જોતો નથી; મીઠું ભોજન મળવાને જ પરમ નિધીનો લાભ થવો ગણે છે. ભોજનનો લંપટી મિષ્ટ ભોજન દેનારને આધીન થઈ માતા-પિતા, સ્વામી, ગુરૂનો ઉપકાર ભૂલી જાય છે તથા તેમનો અપકાર કરવા લાગે છે. ભોજનના લંપટીનો વિનય તેના પોતાના સ્ત્રી-પુત્ર પણ કરતા નથી. **ભોજનના લંપટીને ધર્મનું શ્રદ્ધાન પણ થતું નથી.**

**સમ્યગ્દષ્ટિ તો આત્મિક સુખને જ સુખ જાણે છે; તેને તો ઈન્દ્રિયોના વિષય જનિત સુખમાં અત્યંત અરૂચિ હોય છે.**

જેને સુંદર ભોજનમાં જ સુખ દેખાય છે તે તો વિપરીત જ્ઞાની મિથ્યાદષ્ટિ જ છે. જિહ્વાનો લંપટી મહાભિમાની, ઉચ્ચ કુળવાન પણ નીચ(લોકો)ની સ્તુતિ પ્રશંસા કરે છે. ભોજનનો લંપટી દીન થઈ બીજાઓનું મુખ જોતો ફરે છે, યાચના કરે છે, ન કરવા યોગ્ય કાર્ય પણ કરે છે. એક ભોજનની ઈચ્છા કરી-કરીને શાલિમચ્છ (તંદુલ મચ્છ) સાતમી નરકમાં જાય છે, તથા અનેક પ્રાણીઓનું ભક્ષણ કરી મહામચ્છ પણ સાતમા નરકમાં જાય છે. જુઓ - સુભૌમ નામનો ચક્રવર્તી પણ દેવોપણીત દશાંગ ભોગોથી તૃપ્ત ન થયો, કોઈ વિદેશીના લાવેલા ફળના રસની ગૃદ્ધતાથી કુટુંબ સહિત સમુદ્રમાં ડૂબી સાતમી નરકમાં ગયો, બીજાઓની શી વાત કરીએ ?

**આવા જિનેન્દ્રના વચનરૂપ અમૃતનું પાન કરવાં છતાં પણ જો તારી આહારમાં-રસવાન ભોજનમાં ગૃદ્ધતા નાશ થઈ નથી; તો જાણીએ છીએ કે હજી તારે અસંખ્યાત કાળ-અનંત કાળ સંસારમાં જ પરિભ્રમણ કરવાનું છે. તથા ક્ષુધા, તૃષા, રોગ, વિયોગ, જન્મ, મરણ અનંત વાર ભોગવવાનાં છે.**

જો તું એમ વિચારે છે - હું તો ભોજનપાન કરી ક્ષુધા-તૃષાને મટાડી તૃપ્ત થઈ જઈશ, પણ આહારથી કદી તૃપ્તિ થતી નથી. ક્ષુધા-તૃષાની વેદના તો અશાતા કર્મનો નાશ થવાથી મટશે, આહાર કરવાથી ઘટશે નહિ, આહાર કરવાથી તો અધિક ગૃદ્ધતા વધશે. જેમ અગ્નિ બળતણથી તૃપ્ત થતી નથી, સમુદ્ર નદીઓથી તૃપ્ત થતો નથી, તેમ આહારથી પણ તૃપ્તિ થતી નથી, લાલસા અધિક વધે છે.

લાભાંતરાયના અત્યંત ક્ષયોપશમથી ઉત્પન્ન અત્યંત બળ-વીર્ય-તેજ-કાન્તિ કરનાર માનસિક આહાર (કરી) અસંખ્યાત કાળ સુધી સ્વર્ગમાં ઈંદ્ર-અહમિંદ્રનું સુખ ભોગવ્યું તો પણ ક્ષુધા વેદનાના અભાવરૂપ તૃપ્તિ ન થઈ. ચક્રવર્તી, નારાયણ, બળભદ્ર, પ્રતિનારાયણ, ભોગભૂમિના મનુષ્યાદિને લાભાંતરાય-ભોગાન્તરાયના અત્યંત ક્ષયોપશમથી મળેલા દિવ્ય આહારને ઘણો સમય સુધી ભોગવીને પણ ક્ષુધા વેદના દૂર ન થઈ તો તારા કંઈક થોડાક અનાજ આદિ ખાઈ લેવાથી કેવી રીતે તૃપ્તિ થશે ?

માટે ધૈર્ય ધારણ કરી આહારની ઈચ્છા જીતવાનો પ્રયાસ કર. આહાર કેટલો કરીશ, તથા એનો સ્વાદ કેટલી વાર સુધી છે ? જીભના સ્પર્શ માત્ર સુધી સ્વાદ છે, ગળી ગયા પછી સ્વાદ નથી, પહેલાં સ્વાદ નથી, માત્ર અધિક તૃષ્ણા વધારે છે. સમસ્ત પ્રકારના આહારનું ભક્ષણ તેં અનાદિથી કર્યું છે, ત્યારે પણ તૃપ્તિ થઈ નથી, તો હવે અંત સમયમાં જ્યારે કંઠમાં પ્રાણ આવી ગયા છે, ત્યારે થોડાક આહારથી કેવી રીતે તૃપ્તિ થશે ? માટે દઢતા ધારણ કરી પોતાના આત્માનું હિત કર.

**લોકમાં એવો કોઈ પણ અપૂર્વ આહાર નથી જે તે ન ભોગવ્યો હોય.** જ્યારે સમસ્ત સમુદ્રનું પાણી પીને પણ તૃપ્ત ન થયો તો ઝાકળના ટીપાને ચાટીને કેવી રીતે તૃપ્ત થઈશ ? પૂર્વ સમયમાં પણ રાત-દિવસ આહાર માટે જ દુઃખી થઈ જીવન વીતાવ્યું છે, જુઓ - ઘણા સમય સુધી તો આહારનો સ્વાદ લેવાની ઈચ્છા રહે છે તે દુઃખ, પછી આહારની વિધિ મેળવવા માટે નોકરી, વેપાર આદિ કરી ધન કમાવામાં દુઃખ, દીનતા કરી પરાધીન રહેવામાં પણ દુઃખ, ધન ખર્ચ કરવામાં દુઃખ, સ્ત્રી-પુત્ર આદિ જે આહારની વિધિ મેળવે છે, તેમના આધીન થવાનું દુઃખ.

ઘણો સમય સુધી તું ભોજન બનાવવાનો આરંભ કરે છે, પણ જ્યાં સુધી ભોજન તૈયાર થઈ જતું નથી ત્યાં સુધી તેની ઈચ્છા કરતો રહે છે તે દુઃખ, કોઈ રસ આદિ સામગ્રી લાવતું નથી તો તેને લેવા જવાનું દુઃખ, પોતાની ઈચ્છા અનુસાર ન મળે તો દુઃખ, મીઠું ભોજન ખાતી સમયે ખાટાની ઈચ્છા, પછી તીખાની ઈચ્છા, વળી

મીઠાની ઈચ્છા, વિગેરે વારંવાર અનેક ઈચ્છાઓ જ્યાં સુધી મટી નથી ત્યાં સુખ ક્યાં છે ? દુઃખ જ છે. જીભનો સ્પર્શ થયો અને ગળી જાય છે. શ્રેષ્ઠ-મનોવાંછિત આહાર પણ એક ક્ષણમાં જીભના મૂળની નીચે ઉતરી જાય છે. ભોજનનો સ્વાદ તો જીભનો અગ્ર ભાગ જ જાણે છે. જ્યાં સુધી જીભ સ્પર્શ કરતી નથી ત્યાં સુધી સ્વાદ આવતો નથી. વળી જીભથી નીચે ઊતરી ગયા પછી પણ સ્વાદ નથી આવતો. એક ક્ષણ માત્ર માટે આહારના સ્પર્શનો સ્વાદ છે જેને પામવા માટે ઘોર દુર્ધ્યાન કરે છે, મહા સંકટ ભોગવે છે, પણ ભોજન કરીને પણ ઈચ્છા રહિત થતો નથી.

**એટલા માટે આવું દુઃખ દેનાર આહારના ત્યાગનો સમય આવ્યો છે, આ સમયને મહા દુર્લભ, અક્ષયનિધાનના લાભ સમાન જાણ.** આહારના સ્વાદથી અતિ વિરક્ત થા, જો અહીં દૃઢ પરિણામોથી આહારથી વિરક્ત થઈશ તો સ્વર્ગ લોકમાં જઈ ઉપજીશ કે જ્યાં હજારો વર્ષ સુધી ક્ષુધા વેદના ઉત્પન્ન નહિ થાય. **ત્યાં જેટલા સાગરનું આયુષ્ય છે તેટલા હજાર વર્ષ સુધી તો ભોજનની ઈચ્છા જ ઉત્પન્ન થતી નથી.** પછી જ્યારે કંઈક ઈચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે કંઠમાંથી અમૃતના પરમાણુ એવા વહી જાય છે, જેનાથી એક ક્ષણમાત્રમાં ઈચ્છાનો અભાવ થઈ જાય છે. પૂર્વ જન્મમાં આહારની લાલસા છોડી ઉપવાસ, ઉણોદર, રસ પરિત્યાગ તપ કરવાના પ્રભાવથી અસંખ્ય વર્ષ સુધી ક્ષુધા વેદના ઉપજતી નથી.

આ તિર્યંચ ગતિ-મનુષ્ય ગતિમાં જે ક્ષુધા-તૃષા રોગાદિનાં ઘોર દુઃખ અનંત કાળથી ભોગવી રહ્યો છે તે બધો આહારની લંપટતાનો પ્રભાવ છે. જેણે-જેણે આહારની લંપટતા છોડી છે તે ક્ષુધાદિ વેદના રહિત - કવલાહાર રહિત દિવ્ય દેવ થયા છે. જો હવે આ વેદનાથી દુઃખી થઈ રહ્યો છે તો આહારનો ત્યાગ કરવામાં જ દૃઢતા કર, થોડા સમયમાં જ વેદના રહિત થઈ કલ્પવાસી દેવોમાં જઈ ઉપજીશ; પણ આહાર કરીને તો વેદના રહિત નહિ થવાય.

**સઘળા દુઃખોનું મૂળ કારણ આ જીવને એક શરીરનું મમત્વ છે.** એની મમતાથી, એના રક્ષણના કારણે જ અનંતાનંત કાળ સુધી દુઃખ ભોગવ્યાં છે. જેટલાં ક્ષુધા-તૃષા-રોગાદિ પરીષહોનાં દુઃખ છે તે બધાં એક દેહની મમતાના કારણે છે. જે મહાપુરૂષ દેહમાં મમતાના ત્યાગી થયા છે, તેમને હાડ-માંસ-ચામમય મહા દુર્ગંધિત રોગોથી ભરેલો દેહ ધારણ કરવો પડતો નથી. જ્યાં સુધી સંસારનો અભાવ નથી થતો

ત્યાં સુધી ઈન્દ્રાદિ દેવોનો દિવ્ય દેહ મળે છે, તે પછી શીલ-સંયમ આદિ સામગ્રી પામી નિર્વાણ પામે છે.

જો દેહની વેદનાથી દુઃખી થઈ રહ્યો છે તો શીઘ્ર જ દેહની મમતા-લાલસા છોડી દે, જેથી દેહ ધારણ કરવો ન પડે. જો આહારની ઈચ્છાથી દુઃખી થઈ રહ્યો છે તો આહારનો ત્યાગ કરી દે; જેનાથી ફરી ક્ષુધા-તૃષાદિ વેદનાથી આહાર ગ્રહણ કરવો ન પડે. ક્રમથી દેહને એવી રીતે કૃશ કર, જેનાથી વાત-પિત્ત-કફનો વિકાર મંદ થતો જાય, પરિણામોની વિશુદ્ધતા વધતી જાય. આ રીતે આહારના ત્યાગનો ક્રમ પહેલાં કહ્યો જ છે. પાછળથી અંત સમયે જેટલી શક્તિ હોય તે પ્રમાણે પાણીનો પણ ત્યાગ કરવો.

**અંતિમ સમયમાં જ્યાં સુધી શક્તિ રહે ત્યાં સુધી પંચ નમસ્કાર મંત્રનું તથા બાર ભાવનાઓનું સ્મરણ કરવું. જ્યારે શક્તિ ઘટવા લાગે તો અરહંત નામનું જ, સિદ્ધ નામ માત્રનું જ ધ્યાન કરવું.**

જ્યારે શક્તિ ન રહે ત્યારે ધર્માત્મા, વાત્સલ્ય અંગના ધારી, સ્થિતિકરણ કરાવવામાં હોંશિયાર એવા સાધર્મી નિરંતર ચાર આરાધના, તથા પંચ નમસ્કારનું મધુર સ્વરોમાં ખૂબ ધીરજપૂર્વક શ્રવણ કરાવે, જેમ આરાધકના નિર્બળ શરીરમાં તથા મસ્તકમાં વચનોથી ખેદ કે દુઃખ ન ઉપજે તથા સાંભળવામાં ચિત્ત લાગે તે રીતે શ્રવણ કરાવે. ઘણા લોકો મળી કોલાહલ ન કરે, એક-એક સાધર્મી અનુક્રમથી ધર્મ શ્રવણ તથા જિનેન્દ્ર નામ-સ્મરણ કરાવે. આરાધકની નિકટમાં ઘણા લોકોને તથા સાંસારિક મમત્વ-મોહની કથા-વાર્તા કરવાવાળાઓને આવતા રોકવા. પંચ નમસ્કાર કે ચાર શરણ આદિ વીતરાગ કથા સિવાય નજીકમાં અન્ય કોઈ ચર્ચા ન કરવી. બે-ચાર ધર્મના ધારી સિવાય અન્યનો સમાગમ ન રાખવો.

આરાધક પણ **સલ્લેખનાના પાંચ અતિચાર** દૂરથી જ ત્યાગી દે. તે પાંચ અતિચારને કહેતો શ્લોક કહે છે -

**जीवित-मरणाशंसे भयमित्रस्मृति-निदान-नामानः।**
**सल्लेखनातिचाराः पंच जिनेन्द्रैः समादिष्टः ॥१२९॥**

**અર્થ :-** (૧) સલ્લેખના ધારણ કરીને જે જીવવાની ઈચ્છા કરે છે કે બે દિવસ વધારે જીવી જાઉં તો ઠીક, તે **જીવીતાશંસા** નામનો અતિચાર છે. (૨) મરણની ઈચ્છા

કરવી કે - હવે મરણ થઈ જાય તો ઠીક છે, તે **મરણાશંસા** નામનો અતિચાર છે. (૩) ભયભીત થવું કે મરણમાં કેવું દુ:ખ થશે, કેમ સહીશ, તે **ભય** નામનો અતિચાર છે. (૪) પોતાના સ્વજન પુત્ર-પુત્રી વિગેરેને યાદ કરવા તે **મિત્રસ્મૃતિ** નામનો અતિચાર છે. (૫) આગામી પર્યાયમાં વિષય-ભોગ-સ્વર્ગાદિકની ઈચ્છા કરવી તે **નિદાન** નામનો અતિચાર છે. આ રીતે જિનેન્દ્રદેવે સલ્લેખનાના પાંચ અતિચાર કહ્યા છે.

**ભાવાર્થ :- સલ્લેખના મરણમાં બધી જ જાતનો ત્યાગ કરી, કેવળ પોતાના શુદ્ધ જ્ઞાયક ભાવનું અવલંબન લઈ સમસ્ત દેહાદિથી મમત્વ છોડી સન્યાસ ધારણ કર્યો,** તો પણ જીવવાની ઈચ્છા કરવી, મરણની ઈચ્છા કરવી, ભય કરવો, મિત્રોમાં અનુરાગ કરી યાદ કરવા, આગળ સુખની ઈચ્છા કરવી - તે બધાં પરિણામોની શુદ્ધતા નષ્ટ કરી રાગ-દ્વેષ-મોહ વધારનાર પરિણામ છે; તેથી તે સઘળા સલ્લેખનાને મલિન કરનાર અતિચાર કહેવાયા છે.

નિર્વિઘ્ન આરાધનાને ધારણ કરવાથી ગૃહસ્થને સ્વર્ગ લોકમાં મહર્દ્ધિક દેવ થવાનું તો પહેલાં વર્ણન કર્યું છે, પછી સંયમ ધારણ કરી નિ:શ્રેયસ અર્થાત્ નિર્વાણ પામે છે.

**નિ:શ્રેયસનું સ્વરૂપ** કહેતો શ્લોક કહે છે -

**निःश्रेयसमभ्युदयं निस्तीरं दुस्तरं सुखाम्बुनिधिम् ।**
**निःपिबति पीतधर्मा सर्वे दुःखैरनालीढः ॥१३०॥**

**અર્થ :-** આ રીતે સમાધિ મરણ ધારણ કરનાર સમ્યગ્દષ્ટિ અંત સમયે સલ્લેખના સહિત બાર વ્રતોને ધારણ કરી લે છે, તે જિનેન્દ્રના ધર્મરૂપ અમૃતનું પાન કરીને તૃપ્ત થઈ જાય છે. પીતધર્મા અર્થાત્ જેણે ધર્મનું આચરણ પીધું છે એવા ધર્માત્મા શ્રાવક અભ્યુદય અર્થાત્ સ્વર્ગનું મહર્દ્ધિકદેવપણું અસંખ્યાત કાળ સુધી ભોગવી, પછી મનુષ્યોમાં ઉત્તમ રાજ્યાદિ વૈભવ પામી, વળી સંસાર-શરીર-ભોગોથી વિરક્ત થઈ, શુદ્ધ સંયમ અંગીકાર કરી નિ:શ્રેયસ જે નિર્વાણ છે, તેને નિ:પિબતિ અર્થાત્ આસ્વાદન કરે છે, અનુભવ કરે છે. **કેવો છે નિ:શ્રેયસ ?** નિસ્તીર અર્થાત્ જેના કિનારાનો કોઈ અંત નથી તથા દુસ્તર છે અર્થાત્ જેનો પાર નથી તથા સુખ જળનો સમુદ્ર છે એવા નિર્વાણને સમસ્ત દુ:ખોથી નિસ્પૃહ રહી ભોગવે છે.

આગળ નિ:શ્રેયસનું બીજું પણ સ્વરૂપ કહે છે.

**जन्म-जरामय-मरणैः शोकैः दुःखैः भयैश्च परिमुक्तम् ।**
**निर्वाणं शुद्ध सुखं निःश्रेयस-मिष्यते नित्यम् ॥१३१॥**

**અર્થ** :- જન્મ, જરા, રોગ, મરણથી રહિત, શોક, દુ:ખ, ભયથી રહિત, નિત્ય, અવિનાશી, સમસ્ત પરના સંયોગ રહિત; માત્ર શુદ્ધ, સુખ સ્વરૂપ જે નિર્વાણ છે, તેને નિ:શ્રેયસ કહે છે.

**विद्या-दर्शन-शक्ति-स्वास्थ्य-प्रल्हाद-तृप्ति-शुद्धियुजः ।**
**निरतिशया निरवधयो निःश्रेयस-मावसन्ति सुखम् ॥१३२॥**

**અર્થ** :- વિદ્યા અર્થાત્ કેવળજ્ઞાન, અનંત દર્શન તથા અનંત વીર્ય, સ્વાસ્થ્ય અર્થાત્ પરમ વીતરાગતા, પ્રલ્હાદ અર્થાત્ અનંત સુખ, તૃપ્તિ અર્થાત્ વિષયોની નિર્વાંચ્છકતા, શુદ્ધિ એટલે કે દ્રવ્ય કર્મ-ભાવ કર્મની રહિતતાથી આત્મસ્વરૂપમાં લીન, નિરતિશયા અર્થાત્ પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણોની હીનતા-અધિકતાથી રહિત, નિરવધય: અર્થાત્ કાળની મર્યાદા રહિત એવો જે નિર્વાણ તેમાં નિ:શ્રેયસ અર્થાત્ સુખરૂપ જેમ હોય છે, તેમ રહે છે.

**ભાવાર્થ** :- ધર્મના પ્રભાવથી આત્મા નિ:શ્રેયસમાં રહે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતશક્તિ, પરમ વીતરાગતારૂપ નિરાકુળતા, અનંતસુખ, વિષયોની નિર્વાંછકતા, કર્મમળ રહિતતા, ઈત્યાદિ ગુણરૂપ થઈ ગુણોની હીનાધિકતા રહિત, કાળની મર્યાદા રહિત, સુખરૂપ અનંતાનંત કાળ સુધી રહે છે.

**काले कल्पशतेऽपि च गते शिवानां न विक्रिया लक्ष्या ।**
**उत्पातोऽपि यदि स्यात् त्रिलोकसम्भ्रान्तिकरणपटुः ॥१३३॥**

**અર્થ** :- અનંતાનંત કલ્પકાળ વીતી જાય તો પણ મુક્ત જીવોને વિકાર અર્થાત્ સ્વરૂપના સંબંધમાં અન્યથા ભાવ જોવામાં આવતો નથી, ન તો પ્રમાણથી જાણવામાં આવે છે. ત્રણે લોકને ઉલટ-પુલટ કરવામાં સમર્થ એવો કોઈ ઉત્પાત્ થઈ જાય છતાં પણ સિદ્ધોને વિકાર થતો નથી.

**निःश्रेयसमधिपन्नास्त्रैलोक्यशिखामणिश्रियं दधते ।**
**निःकिट्टिकालिमाच्छविचामीकरभासुरात्मानः ॥१३४॥**

**અર્થ** :- જે નિર્વાણને પામેલા મુક્ત જીવ છે તે કાલિમા રહિત, કાંતિમાન

છબીને ધારણ કરનાર સ્વર્ગ સમાન, દ્રવ્ય કર્મ-ભાવ કર્મ-નોકર્મ રૂપ મળ રહિત-દૈદીપ્યમાન થઈ ત્રણ લોકની શિખામણિરૂપ લક્ષ્મી(શોભા)ને ધારણ કરે છે.

સમાધિ ધારક પુરૂષ સ્વર્ગમાં જાય છે, એવું શ્લોક દ્વારા કહે છે -

**पूजार्थाज्ञैश्वर्यैर्बलपरिजनकामभोगभूयिष्ठैः ।**
**अतिशयित-भुवनमद्‌भुत-मभ्युदयं फलति सद्धर्मः ॥१३५॥**

**અર્થ :-** સમાધિથી ઉપાર્જિત સમ્યગ્ધર્મ અભ્યુદય અર્થાત્ ઈન્દ્રાદિ પદવીના રૂપમાં ફળે છે. કેવો અભ્યુદય ફળે છે ? જેમાં પૂજા (પ્રતિષ્ઠા), ધન, આજ્ઞા, ઐશ્વર્ય દ્વારા તથા બળ, પરિવારના લોક, કામભોગની સામગ્રીની પ્રચુરતા ત્રણ લોકમાં સમાતી નથી; ત્રણ લોકમાં આશ્ચર્યરૂપ અભ્યુદય તે સમ્યક્‌ધર્મનું જ ફળ છે.

**ભાવાર્થ :-** ત્રણ લોકમાં જે જોવામાં, સાંભળવામાં, વિચારવામાં આવતું નથી એવું અદ્‌ભૂત અભ્યુદય સમ્યક્‌ધર્મનું જ ફળ છે. ધર્મના પ્રભાવથી જ ઈંદ્રપણું-અહમિંદ્રપણું મળે છે.

**✤ સાતમો સંલેખના અધિકાર સમાપ્ત ✤**

હે વિષયના લાલચું! તું અવિચારપૂર્વક અસિ, મસિ, કૃષિ અને વાણિજ્યાદિ ઉદ્યમ કરી આ લોકમાં ધન પ્રાપ્ત કરવા અર્થે વારંવાર કલેશ કર્યા કરે છે. તેવો જ પ્રયત્ન અગર તું એકવાર સમ્યક્ પ્રકારે પરલોકને અર્થે કર તો આ જન્મ-મરણનું અનાદિ ભયંકર દુઃખ ફરી-ફરી ના પામે. ભાઈ! આ કથન ઉપર વિશ્વાસ લાવી તું ધનાદિ વિનાશી સંપદા પ્રાપ્ત કરવાનું ભયંકર દુઃખ છોડી એકવાર વાસ્તવ્ય ધર્મસાધન સાધ્ય કરવાનો પ્રયત્ન કર! ***- શ્રી આત્માનુશાસન***

જે જીવો મનુષ્ય પયાર્યમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્ય-કર્મના ઉદયથી કોઈપણ પ્રકારે જૈનમતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર સમુદ્રને પાર કરીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતા નથી તો સમજવું જોઈએ કે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે.

***- શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિશતિ***

# ૮

## પ્રતિમા અધિકાર

હવે **શ્રાવક ધર્મનાં અગિયાર પદ** છે, જેની જેવી શક્તિ હોય તેવું જ પદ ધારણ કરો, એમ કહે છે -

**श्रावक-पदानि देवैरेकादश देशितानि येषु खलु।**
**स्वगुणाः पूर्वगुणैः सह संतिष्ठन्ते क्रमविवृध्दाः ।।१३६।।**

**અર્થ:- ભગવાન સર્વજ્ઞદેવે શ્રાવક ધર્મનાં અગિયાર સ્થાન કહ્યાં છે તે સ્થાન પૂર્વના સ્થાનોના ગુણો સહિત ક્રમથી વધતાં રહે છે.** શ્રાવકનાં અગિયાર પદ આ છે - (૧) દર્શન (૨) વ્રત (૩) સામાયિક (૪) પ્રોષધોપવાસ (૫) સચિત્તત્યાગ (૬) રાત્રિભોજનત્યાગ (૭) બ્રહ્મચર્ય (૮) આરંભત્યાગ (૯) પરિગ્રહત્યાગ (૧૦) અનુમતિત્યાગ (૧૧) ઉદ્દિષ્ટત્યાગ - આમ આ અગિયાર પદ છે.

**જે ઉપરના પદનું આચરણ કરે તેને નીચેના પદનું સમસ્ત વ્રત નિયમ આદિનું આચરણ હોય.** એવું હોતું નથી કે ઉપરના પદનાં વ્રત-નિયમ તો ધારણ કરી લે ને, નીચેના પદનાં વ્રતનિયમ હોય જ નહિ, છોડી દીધાં હોય. આ રીતે જે બ્રહ્મચર્ય પદ ધારણ કરે તેને દર્શન આદિ છ સ્થાનોનું આચરણ નિયમથી હોય છે, આઠમા પદમાં નીચેનાં સાતેય સ્થાનોનું આચરણ હોય જ છે.

હવે **પ્રથમ દર્શનપદધારી**નું લક્ષણ કહે છે -

**सम्यग्दर्शन-शुद्धः संसार-शरीर-भोग-निर्विण्णः ।**
**पंच-गुरु-चरण-शरणो दार्शनिकदार्शनिक-स्तत्व-पथ-गृह्यः ।।१३७।।**

**અર્થ:-** જે સમ્યગ્દર્શનના પચ્ચીસ મળ દોષોથી રહિત હોય; સંસાર-વાસથી, શરીરના સાથથી, ઈન્દ્રિયોના ભોગોથી નિરંતર વિરક્ત હોય; પંચપરમેષ્ઠી જ જેને શરણભૂત હોય; સર્વજ્ઞભાષિત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરનાર હોય; તે સત્યાર્થ માર્ગમાં ગ્રહણ કરવા યોગ્ય દાર્શનિક શ્રાવક પ્રથમ પદનો ધારી હોય છે.

**ભાવાર્થ:–** જે સ્યાદ્વાદરૂપ પરમાગમના પ્રસાદથી નિશ્ચય-વ્યવહારરૂપ બંને નયોથી નિર્ણયપૂર્વક સ્વતત્ત્વ-પરતત્ત્વને જાણી દઢ શ્રદ્ધાળુ હોય; જાતિ-કુળાદિ અષ્ટ મદ રહિત હોય, અભિમાનની મંદતાથી સ્વયં જ સમસ્ત ગુણીજનોના ગુણ વિચારી પોતાને તૃણ (તણખલા) સમાન લઘુ માનતો હોય.

જો કે અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયના જોરથી વિષયોમાં રાગ ઘટ્યો નથી, ગૃહસ્થીના બધાં જ આરંભોમાં પ્રવર્તે છે, તો પણ એમ જાણે છે કે આ મારા સમસ્ત મોહના પ્રભાવથી અજ્ઞાનભાવ છે, જે ત્યાગવા યોગ્ય છે, ક્યારે એમનાથી છૂટું ? હજી મારો રાગભાવ પરિણામોને ચલાયમાન કરે છે.

ધર્માત્મા જનોના ઉત્તમ ગુણ ગ્રહણ કરવામાં જેને અનુરાગ હોય, રત્નત્રયના ધારકોમાં મહા વિનય હોય, ધર્મના ધારકોથી ખૂબ અનુરાગ રાખતો હોય તે જ સમ્યગ્દષ્ટિ છે. **જે દેહાદિથી તથા રાગ-દ્વેષ-મોહાદિથી-અનાદિથી મળેલો છે; તો પણ પોતાના જ્ઞાયક સ્વભાવને ભેદવિજ્ઞાનના બળથી ભિન્ન અનુભવ કરે છે; જીવની સાથે રહેલા દેહને પણ કપડા સમાન ન્યારો (જુદો) જાણે છે.**

અઢાર દોષ રહિત સર્વજ્ઞ વીતરાગમાં જ દેવબુદ્ધિથી તેમની આરાધના કરે છે, દોષ સહિતમાં દેવબુદ્ધિ કરતો નથી. ધર્મ દયારૂપ જ માને છે, હિંસામાં કદી ત્રણ કાળમાં ધર્મ માનતો નથી. આરંભ પરિગ્રહ રહિત જ ગુરૂ છે; બીજા ગુરૂ નથી - એવું દઢ શ્રદ્ધાન હોય છે.

કોઈ જીવ કોઈ જીવને મારતો નથી, જીવાડતો નથી, દુઃખી નથી કરતો, સુખી કરતો નથી, ઉપકાર-અપકાર કરતો નથી, દરિદ્રી-ધનવાન બનાવતો નથી, સૌ પોતાના કર્મોના ઉદયથી સુખી- દુઃખી થાય છે, દરિદ્રી-ધનવાન બને છે તથા પોતાના કર્મોના ઉદયથી સંસારમાં ભોગ ભોગવે છે.

ભક્તિથી પૂજાતા બધા વ્યંતર આદિ દેવ, મંત્ર, યંત્રાદિ પુણ્યહીનનો કોઈ પણ ઉપકાર કરવામાં શક્તિમાન નથી. પુણ્ય નષ્ટ થઈ જાય ત્યારે બધા મિત્રાદિ પણ દુશ્મન થઈ જાય છે. પુણ્ય-પાપના પ્રબળ ઉદયથી માટી, ધૂળ, ભસ્મ, પથ્થર આદિ દેવતાના રૂપે થઈ ઉપકાર-અપકાર કરે છે.

**સમ્યગ્દષ્ટિને તો એવો નિશ્ચય છે - જે જીવને, જે દેશમાં, જે કાળે, જે પ્રકારથી જન્મ-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ થવાનું જિનેન્દ્ર ભગવાને**

**દિવ્યજ્ઞાનથી જાણ્યું છે, તે જીવને તે દેશમાં, તે કાળમાં, તે જ રીતે જન્મ-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ નિયમથી થાય છે, તેને દૂર કરવામાં કોઈ ઈન્દ્ર, અહમિન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી.** જે આવા સમસ્ત દ્રવ્યોની- સમસ્ત પર્યાયોને જાણે છે, શ્રદ્ધાન કરે છે, તે સમ્યગ્દષ્ટિ પ્રથમ પદનો ધારી દાર્શનિક શ્રાવક જાણવો જોઈએ.

(૨) હવે બીજા **વ્રત પદ**નું લક્ષણ કરે છે -

**निरतिक्रमणमणुव्रत-पंचकमपि शील-सप्तकं चापि ।**
**धारयते निःशल्यो योऽसौ व्रतिनां मतो व्रतिकः ॥१३८॥**

**અર્થઃ-** જે અતિચાર રહિત પાંચ અણુવ્રત અને સાત શીલ (ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત) આ બાર વ્રતોને માયા-મિથ્યા-નિદાન શલ્યોથી રહિત થઈ ધારણ કરે છે, તે વ્રતીઓમાં વ્રતી શ્રાવક માનવામાં આવે છે.

(૩) હવે **ત્રીજા સામાયિકપદ**નું લક્ષણ કહે છે -

**चतुरावर्त-त्रितयश्चतुः-प्रणामः स्थितो यथा-जातः ।**
**सामयिको द्विनिषद्यस्त्रियोग शुद्धस्त्रि-सन्ध्यमभिवन्दी ॥१३९॥**

**અર્થઃ-** સામાયિકમાં પંચ નમસ્કારના પહેલાં તથા અંતમાં તથા થોસ્સામિના પહેલાં ચારે દિશાઓમાં એક-એક પ્રણામ, ત્રણ-ત્રણ આવર્ત કરે છે; કાયોત્સર્ગમાં સ્થિત, બાહ્ય અભ્યંતર પરિગ્રહથી રહિત, બે આસનમાંથી કોઈ એક આસનમાં, દેવવંદનના પહેલાં તથા પછી બે વાર ઝુકીને, દિવસમાં ત્રણવાર વંદના સહિત સામાયિક કરવાવાળાને સામાયિક નામના ત્રીજા પદમાં જાણવો તેની વિશેષ વિધિ અત્યંત જ્ઞાની ગુરૂઓની પરિપાટીથી કહ્યા અનુસાર પ્રમાણ (માન્ય)છે.

(૪) હવે **ચોથા પ્રોષધપદ**નું લક્ષણ કહે છે -

**पर्वदिनेषु चतुर्ष्वपि मासे मासे-स्वशक्तिमनिगुह्य ।**
**प्रोषधनियम-विधायी प्रणधिपरः प्रोषधानशनः ॥१४०॥**

**અર્થઃ-** એક-એક મહિનામાં બે અષ્ટમી, બે ચૌદશ, આ રીતે ચાર પર્વના દિવસોમાં પોતાની શક્તિને છૂપાવ્યા વિના, આહાર-પાણી આદિનો ત્યાગ કરીને કે નીરસ આહાર યા અલ્પ આહાર યા છાશ આદિ માત્ર જ લઈને, શુભધ્યાનમાં લીન થઈ પ્રોષધપૂર્વક નિયમથી ઉપવાસ કરનારને, જે ચારેય પર્વોમાં આ રીતે જ રહે છે, તેને પ્રોષધ નામના ચોથા પદમાં જાણવો.

(૫) હવે **સચિત્ત ત્યાગ નામના પંચમપદ**નું લક્ષણ કહે છે -

**मूल-फल-शाक-शाखा-करीर-कन्द-प्रसून-बीजानि ।**
**नामानि योऽत्ति सोऽयं सचित्त-विरतो दयामूर्तिः ॥१४१॥**

**અર્થ:–** જે શ્રાવક મૂળ, ફળ, પાન, ડાળી, કુંપળ, કંદ, ફળ અને બીજને અગ્નિમાં શેકયા વિના, કાચા હોય; તેમનું સ્વચ્છંદી (નિર્ગલ) થઈ ભક્ષણ કરતો નથી, તે દયાની મૂર્તિને જ સચિત્તવિરત નામના પાંચમા પદમાં સ્થિતિ જાણવી.

(૬) હવે **રાત્રિભુક્તિવિરત નામના છઠ્ઠાપદ**નું લક્ષણ કહે છે -

**अन्नं पानं खाद्यं लेह्यं नाश्नाति यो विभावर्याम् ।**
**स च रात्रि-भुक्ति-विरतः सत्वेष्वनुकम्पमानमनाः ॥१४२॥**

**અર્થ:–** જીવો પર અનુકંપા (દયા) રૂપ પરિણામોને મનમાં ધારણ કરનાર જે પુરૂષ રાત્રિમાં અન્નથી બનાવેલું ભોજન; પાન અર્થાત્ પાણી, દૂધ, શરબત વિગેરે પીવા યોગ્ય, ખાદ્ય અર્થાત્ પેંડા, લાડવા, પાક આદિ, લેહ્ય અર્થાત્ સ્વાદ લેવા યોગ્ય માત્ર ઈલાયચી, સોપારી, લવિંગ, ઔષધિ આદિ - આ રીતે ચાર રીતે કહેવાથી સમસ્ત ખાવા યોગ્ય-પીવા યોગ્ય સામગ્રીને રાત્રે ખાતો નથી, તે રાત્રિ ભુક્તિવિરત નામના છઠ્ઠા પદનો ધારી શ્રાવક છે.

(૭) હવે **બ્રહ્મચર્ય નામના સાતમાપદ**નું લક્ષણ કહે છે -

**मलबीजं मलयोनिं गलन्मलं पूतगन्धि बीभत्सं ।**
**पश्यन्नंगमनंगाद् विरमति यो ब्रह्मचारी सः ।१४३॥**

**અર્થ:–** આ શરીર માતાના લોહી તથા પિતાના વીર્યરૂપ મળથી ઉપજેલું છે, એટલે તેનું બીજ મળ જ છે. આ શરીર મળને જ ઉત્પન્ન કરે છે, એટલે આ મળની યોનિ છે. એ સદાયે નવ દ્વારોથી મળને જ વહાવ્યા કરે છે, માટે ગલન્મલ છે. મહા દુર્ગંધયુકત તથા ઘૃણાનું સ્થાન છે. આવા શરીરને જોઈ જે કામભાવથી વિરકત થઈ જાય છે, તે બ્રહ્મચારી સાતમા પદધારી છે.

આ બ્રહ્મચારી પોતાની પરણિત સ્ત્રીની સાથે, નજીક એક સ્થાનમાં સૂતો નથી; પૂર્વમાં ભોગવેલા ભોગોની કથા-વાર્તાલાપ-વિચાર કરતો નથી; કામોદ્દીપન પુષ્ટ આહારનો ત્યાગ કરે છે; રાગ ઉત્પન્ન કરનાર વસ્ત્ર-આભૂષણ પહેરતો નથી; ગીત,

વાજિંત્ર, નૃત્ય આદિનું સાંભળવું, જોવું ત્યાગી દે છે; ફુલોની માળા સુગંધ, વિલેપન, અત્તર, ફુલેલ વિગેરે ત્યાગી દે છે; શૃંગારકથા, હાસ્યકથારૂપ કાવ્ય, નાટક વ.નું વાંચવું-સાંભળવું ત્યાગી દે છે, તાંબૂલ (પાનનું બીડું) આદિ રાગ વધારનાર વસ્તુઓનો દૂરથી જ ત્યાગ કરે છે; તેને જ બ્રહ્મચર્ય નામનું સાતમું શ્રાવકનું પદ હોય છે.

હવે પરિણામમાં વૃદ્ધિ થવાથી **આઠમા આરંભ ત્યાગપદ**નું લક્ષણ કહે છે -

**सेवा-कृषि-वाणिज्य-प्रमुखा-दारम्भतो व्युपारमति ।**
**प्राणातिपात-हेतोर्योऽसावारम्भ-विनिवृत्तः ।।१४४।।**

**અર્થઃ—** જે જીવ હિંસાનાં કારણ છે એવાં નોકરી, ખેતી, વેપાર આદિથી મુખ્યત્વે તથા જેમાં હિંસા થાય છે એવા અસિકર્મ, લેખનકર્મ, શિલ્પકર્મ વિગેરે આરંભોથી વિરક્ત થાય છે તે આરંભ નિવૃત્ત નામના આઠમાં પદનો ધારી શ્રાવક છે.

**ભાવાર્થઃ—** તે ધન પેદા કરવાનાં કારણ સમસ્ત વેપારાદિ પાપના આરંભ ત્યાગી દે છે. સ્ત્રી-પુત્રાદિને સમસ્ત પરિગ્રહની વહેંચણી કરી થોડુક ધન પોતાની પાસે રાખી લે છે, નવું ધન કમાતો નથી. પોતાની પાસે જે થોડુ ધન રાખે છે તેમાંથી દુઃખી-ભૂખ્યાઓનો ઉપકાર કરવામાં, પોતાના શરીરના સાધન ઔષધિ-ભોજન-વસ્ત્રાદિમાં વાપરવામાં, તથા પોતાનું હિત ઈચ્છવાવાળા, પોતાથી મમત્વ રાખવાવાળાઓ માટે તથા સાધર્મીઓના દુઃખ નિવારણ માટે આપે છે, અન્ય પાપના આરંભમાં જોડાતો નથી.

જે મર્યાદિત થોડું ધન પોતાની પાસે રાખ્યું હતું, તેને કોઈ ચોર, ભાગીદાર, દુષ્ટ રાજાદિ પડાવી લે તો કલેશ કરતો નથી; ફરીથી કમાવાનો પ્રયાસ કરતો નથી; **ત્યાગ કરીને ઉપર જ ચઢે છે.** ત્યાં વિચારે છે - અહો ! મેં રાગી-મોહી થઈ આટલો પરિગ્રહ રાખ્યો હતો જે ચાલ્યો ગયો, કર્મોદયે મારો મહા ઉપકાર કર્યો. મમતા, આરંભ, રક્ષણ, ભયાદિ સમસ્ત કલેશથી છૂટી ગયો, એનું ઘણું દુર્ધ્યાન હતું, તે સહેજે છૂટી ગયું, એવો ભાવ જેને હોય છે, તેને આરંભનિવૃત નામનું આઠમું પદ છે.

હવે **નવમા પરિગ્રહત્યાગ નામના પદ**નું લક્ષણ કહે છે -

**बाह्येषु दशसु वस्तुषु ममत्व-मुत्सृज्य निर्ममत्वरतः ।**
**स्वस्थः संतोषपरः परिचित-परिग्रहाद्विरतः ।।१४५।।**

**અર્થ :–** દસ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં મમત્વ છોડીને, મારૂં કિંચિત્ માત્ર કંઈ પણ નથી એવા નિર્મમત્વપણામાં લીન રહે છે; દેહાદિ, રાગાદિ, સમસ્ત પરદ્રવ્ય પરપર્યાયોમાં આત્મબુદ્ધિ રહિત થઈ, પોતાના અવિનાશી જ્ઞાયક ભાવમાં સ્થિર રહે છે. જે ભોજન, સ્થાન, વસ્ત્રાદિ કર્મોદયથી મળ્યું હોય તેનાથી વિશેષ ન ઈચ્છતાં, સંતોષી થઈ, સમસ્ત વાંછા-દીનતા રહિત થઈ જાય છે; સાથે જે પરિચિત પરિગ્રહ છે તેનાથી પણ અત્યંત વિરક્ત રહે છે; તે પરિગ્રહ ત્યાગી શ્રાવક નવમા પદધારી છે.

**ભાવાર્થ :–** નવમા પદવાળા શ્રાવકને રૂપિયા, મહોર, સુવર્ણ, ચાંદી, ઘરેણાં, આભૂષણ વિગેરે સમગ્ર પરિગ્રહનો ત્યાગ છે. જેની પાસે ઠંડી-ગરમીની વેદના દૂર કરવા માટે કોઈ મામૂલી જરૂરી પ્રામાણિક વસ્ત્ર હોય છે; તથા હાથ-પગ ધોવા માટે, પાણી-પીવા માટે પાત્ર(વાસણ) માત્ર પરિગ્રહ હોય છે, તે નવમા પરિગ્રહત્યાગ પદનો ધારક છે.

જે ઘરમાં કે બીજા એકાન્ત સ્થાનમાં સૂવે-બેસે છે; તે ભોજન-વસ્ત્રાદિ જે ઘરના લોકો આપે તે લઈ લે છે; ઔષધિ-આહાર-પાન-વસ્ત્રાદિની, તથા શરીરને ફેરવવાની ઈચ્છા હોય તો(થાય તો) સ્ત્રી-પુત્રાદિને કહે છે; ઘરના સ્ત્રી-પુત્રાદિ કરી આપે તો કરાવી લે; ન કરે તો તેમનાથી કોઈ ફરિયાદ નથી કરતો કે મારૂં ઘર છે, ધન છે, આજીવિકા છે, મારૂં કહેવું કેમ માનતા નથી ? એવી ફરિયાદ યા પરિણામમાં સંકલેશાદિ વિચાર કરતો નથી, તે પરિગ્રહત્યાગ નામનું નવમું પદ છે.

(૧૦) હવે **દસમા અનુમતિત્યાગ નામના પદ**નું લક્ષણ કહે છે -

**अनुमति-राररम्भै वा परिग्रहे ऐहिकेषु कर्मसु वा ।**
**नास्ति खलु यस्य समधीरनुमति-विरतः स मन्तव्यः ॥१४६॥**

**અર્થઃ–** જે આરંભમાં, પરિગ્રહમાં આ લોક સંબંધી કાર્ય જે વિવાહ આદિ, ઘર બનાવવું, વેપાર-સેવા વિગેરે ક્રિયામાં, કુટુંબના લોકો પૂછે તો પણ અનુમતિ આપતો નથી, તમે સારૂં કર્યું - એવું મન-વચન-કાયાથી પ્રગટ કરતો નથી; રાગાદિ રહિત સમબુદ્ધિવાળો છે, તે શ્રાવક અનુમતિ વિરત છે.

**ભાવાર્થ :–** જે ખારા, કડવા, મીઠા, સ્વાદિષ્ટ, બેસ્વાદ ભોજનમાં રાગ-દ્વેષ રહિત થઈ સુંદર-અસુંદર (સારૂં-ખરાબ) કહેતો નથી; તથા બેટા-બેટીનાં, લાભ-અલાભનાં, હાનિ-વૃદ્ધિનાં, દુઃખ-સુખનાં બધાં કાર્યોમાં હર્ષ-વિષાદ રહિત થઈ અનુમોદના કરતો નથી, તેને અનુમતિવિરત નામનું દસમું પદ હોય છે.

(૧૧) હવે **અગિયારમા ઉદ્દિષ્ટ ત્યાગપદનું** લક્ષણ કહે છે -

**गृहतो मुनिवन-मित्वा गुरूपकण्ठे व्रतानि परिगृह्य ।**
**भैक्ष्याशनस्तपस्यन्नुत्कृष्टश्चेल-खण्डधरः ॥१४७॥**

**અર્થ -** જે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી, પોતાના ઘરેથી મુનિઓને રહેવાના વનમાં જઈ, ગુરૂઓની સમીપ વ્રતોને ધારણ કરી, ખંડ-વસ્ત્ર ધારણ કરી ભિક્ષા દ્વારા ભોજન કરી તપશ્ચર્યા કરે છે, તે ઉત્કૃષ્ટ શ્રાવક છે.

**ભાવાર્થ :–** જે સમસ્ત ગૃહ કુટુંબથી વિરક્ત થઈ, વનમાં જઈ, મુનિઓની પાસે દીક્ષા લઈ એક લંગોટી-માત્ર યા લંગોટી તથા ખંડ વસ્ત્ર જેનાથી પૂરૂં શરીર ઢંકાતું નથી - માથું ઢાંકે તો પગ ન ઢંકાય, પગ ઢાંકે તો માથું ન ઢંકાય, માત્ર કંઈક ડાંસ, મચ્છર, ઠંડી-ગરમી, વરસાદ, પવનના પરીષહમાં મદદરૂપ થાય - તથા ભિક્ષા-ભોજન અયાચક વૃત્તિપૂર્વક મૌન સહિત ગ્રહણ કરે છે.

**પોતાના માટે બનાવેલું ભોજન લેતો નથી, નિમંત્રણ આપવાથી, બોલાવ્યાથી જતો નથી; પોતાના માટે થોડો પણ આરંભ કર્યો જાણે તો ભોજનનો ત્યાગ કરી દે છે;** વનમાં કે ગામની બહાર વસ્તિકામાં રહે છે; ઉપસર્ગ પરીષહ આવી જાય તો નિર્ભય થઈ સહે છે; કાયરતા કે દીનતા બતાવતો નથી; ધ્યાન-સ્વાધ્યાયમાં સદા કાળ લીન રહે છે.

ગૃહસ્થના ઘરે બોલાવ્યા વિના જાય છે, ગૃહસ્થે સ્વયં માટે જે ભોજન બનાવ્યું હોય તેમાંથી ભક્તિપૂર્વક આપેલું, ગ્રહણ કરે છે. રસ રહિત હોય કે રસ સહિત હોય, કડવું-ખારૂં-મીઠું જે ગૃહસ્થ આપે તે સમભાવોથી આહાર ગ્રહણ કરે છે; દિવસમાં એકવાર આહાર-પાણી ગ્રહણ કરે છે; અંતરાય થઈ જાય તો ઉપવાસ કરે છે. અનશનાદિ તપમાં શક્તિ અનુસાર ઉદ્યમી રહે છે. એવું ઉદ્દિષ્ટિ આહાર ત્યાગ નામનું અગિયારમું ઉત્કૃષ્ટ શ્રાવકનું સ્થાન છે. આ રીતે શ્રાવક ધર્મનાં અગિયાર પદ કહ્યાં છે, તેમને પોતાની શક્તિ અનુસાર અંગીકાર કરવાં જોઈએ.

હવે **શ્રેષ્ઠ જ્ઞાતાનું સ્વરૂપ** કહે છે -

**पाप-मरातिधर्मो बन्धुर्जीवस्य चेति निश्चिन्वन् ।**
**समयं यदि जानीते श्रेयो ज्ञाता ध्रुवं भवति ॥१४८॥**

**અર્થ:-** પાપ આ જીવનું વેરી છે (દુશ્મન છે), ધર્મ તે બંધુ (ભાઈ) છે. એવો

દૃઢ નિશ્ચય કરી જે પોતાને સમય એટલે કે શુદ્ધ આત્મ સ્વરૂપને જાણે છે, તે જ પોતાના કલ્યાણને જાણે છે.

**ભાવાર્થ :– સંસારમાં આ જીવને દુઃખ આપનાર કોઈ દુશ્મન છે જ નહિ, એક પોતાના વિષય-કષાયોના મિથ્યા (વિપરીત) અનુરાગથી ઉપજાવેલું પાપ કર્મ તે જ વેરી છે, અન્ય તો બાહ્ય નિમિત્ત માત્ર છે.** બીજા જે દુર્વચન બોલનાર, દોષોને કહેનારા, ધન-આજીવિકા-સ્થાનને બળજબરીથી પડાવનાર, તાડન-મારણ-બંધન-છેદન કરનાર છે, તે મારા ઉત્પન્ન કરેલા પાપ કર્મના ઉદયથી સંબંધિત છે. **જે પોતાના પાપ કર્મ સિવાય અન્ય પુરૂષને દુશ્મન (વેરી) માને છે તે મિથ્યાજ્ઞાની છે, તેણે જિનેન્દ્રના આગમને જાણ્યું જ નથી.** આ રીતે આ જીવનો ઉપકારક બંધુ જો કોઈ છે તો તે પુણ્યકર્મ જ છે. **જે પોતાના પુણ્ય કર્મના ઉદય સિવાય બીજાને ઉપકારી જાણે છે, તે ભગવાનના આગમનો જ્ઞાની નથી, મિથ્યાજ્ઞાની છે.**

હવે શ્રાવકાચાર ઉપદેશને પૂર્ણ કરતાં શ્રી સમન્તભદ્રસ્વામી ફળ પ્રતિપાદન કરનારો શ્લોક કહે છે -

**येन स्वयं वीत-कलंक-विद्या-दृष्टि-क्रिया-रत्नकरण्ड-भावम् ।**
**नीतस्तमायाति पतीच्छयेव सर्वार्थ-सिद्धि-स्त्रिषु विष्टपेषु ॥१४९॥**

**અર્થ :–** જે પુરૂષ પોતાના આત્માને કલંક તથા અતિચારોથી રહિત નિર્દોષ જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ રત્નોના કરંડિયા અર્થાત્ પટારાની પાત્રતા મેળવે છે, તે પુરૂષને ત્રણ લોકમાં સર્વ વાંછિત અર્થની સિદ્ધિ એવી રીતે થઈ જાય છે જે રીતે પોતાના પતિને પ્રાપ્ત થયેલી સ્ત્રીની સર્વ-અર્થ સિદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ :–** જે પુરૂષે પોતાના આત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપ રત્નોને પાત્ર બનાવ્યો તેને ત્રણ ભુવનની સર્વોત્કૃષ્ટ અર્થની સિદ્ધિ આપોઆપ થઈ જાય છે, એવો નિયમ છે.

## ❖ અંતિમ પ્રાર્થના (મંગળ) ❖

**सुखयतु सुखभूमिः कामिनं कामिनीव सुतमिव जननी मां शुद्धशीला भुनक्तु ।**
**कुलमिव गुणभूषा कन्यका संपुनीताज्जिनपतिपद पद्मप्रेक्षिणी दृष्टि लक्ष्मीः ॥१५०॥**

**અર્થ :–** જિનેન્દ્ર ભગવાનના ચરણ કમળનું અવલોકન કરનાર સમ્યગ્દર્શનરૂપ લક્ષ્મી મને એવી રીતે સુખી કરી દે, જે રીતે કામિની (સ્ત્રી) કામી પુરૂષને સુખી કરી

દે છે; જેમ શુદ્ધશીલા અર્થાત્ શુદ્ધ સ્વભાવની ધારી માતા પોતાના પુત્રનું પાલન કરે છે, તેવું જ મારૂં પાલન કરો; તથા શીલાદિ ગુણ જ છે આભૂષણ જેના એવી કન્યા કુળને પવિત્ર કરે છે, તેમ હે સમ્યગ્દર્શન ! મને પણ પવિત્ર કર ! ઉજ્જવળ કર !

**ભાવાર્થ :–** જેમ કામના આતાપથી દુઃખી પુરૂષને કામિની સુખી કરી દે છે, જેમ શુદ્ધ સ્વભાવની ધારી માતા પોતાના પુત્રનું પાલન કરે છે, તથા જેમ ગુણવાન કન્યા કુળને પવિત્ર કરે છે, તેવી રીતે જિનપતિ અર્થાત્ શુદ્ધાત્માને ભાવોમાં સાક્ષાત્ અવલોકન કરાવનાર સમ્યગ્દર્શનરૂપ લક્ષ્મી મારા મિથ્યાજ્ઞાન જનિત આતાપને દૂર કરી મને નિત્ય અનંત જ્ઞાનાદિરૂપ આત્મિક સુખની પ્રાપ્તિ કરાવો; સંસારના જન્મ-જરા મરણાદિ દુઃખ નિવારણ કરી મારા અનંત ચતુષ્ટયાદિ સ્વરૂપને પુષ્ટ કરો, તથા રાગ-દ્વેષ-મોહરૂપ મળને દૂર કરી મારા આત્મસ્વરૂપને ઉજ્જવળ કરો.

## ✤ આઠમો પ્રતિમા અધિકાર સમાપ્ત ✤

**મુળ ગ્રંથ કર્તા – આચાર્ય સંમતભદ્રસ્વામી**

**ઢુંઢારી ભાષા - ટીકા કર્તા – પં. સદાસુખદાસજી કાસલીવાલ**

**હિંદી ભાષા અનુવાદ કર્તા – મન્નુલાલ જૈન વકીલ, સાગર**

**ગુજરાતી ભાષા અનુવાદ કર્તા – અશ્વિનભાઈ કે. દોશી, સુદાસણા**

**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ**

જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાંને ખાંડવા નિરર્થક છે. જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદની આદિ અશુભકર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું કલેષિત થવું, દીન વચનો બોલવાં નિરર્થક છે- દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરક- નિગોદના કારણભૂત તીવ્રકર્મ બાંધે છે, જે અનંતકાળમાં પણ છૂટતાં નથી. **– *શ્રી ભગવાન આરાધના***

# વચનિકાકાર પ્રશસ્તિ

**દોહા -** મંગળ શ્રી અરહંતજિન, મંગળ શ્રી જિનવાણી
સિદ્ધ સાધુ જિન ધર્મ નીતિ, કરે વિઘ્ન કી હાનિ. ૧

**ચોપાઈ-** દેશ ધર્મધર કૂં આધાર, રત્નકરંડ શ્રાવકાચાર,
સ્વામિ સમંતભદ્ર રચિસાર, કીનો ભવ્યનિ કો ઉપકાર. ૨
યાકી મહિમા કહત નવ્યને, સુનિ ધારે કર્મનિકો હને ૩
યાકી દેશ વચનિકા હોય, તો યાકૂં સમઝે સબ કોય. ૪
યા વિચારે ઉદ્યમ મેં કિયા, તુચ્છ બુદ્ધિ માફિક લિખિ દિયા ૫
ચૂક ભૂલિ લખિ હાસ્ય ન કરો, શેષ ટાલિ ગુણ સંગ્રહ કરો ૬
રાગ દ્વેષ મદ વશ હમ પરે, ચુક રહિત ગુણ કૈસે ધરે ૭
જ્ઞાની ઐસા કરિ નિરધાર, દયા સહિત તિષ્ઠો અવિકાર ૮
સંવત્ ઉગણીસે ઉગણીસ, મગસર વદિ અષ્ટમિ દિન-ઈસ ૯
લિખને કા આરંભ જુ કિયા, શુભ ઉપયોગ માંહિ ચિત દિયા ૧૦
સંવત્ ઉગણીસે અરૂ બીસ, ચૈત કૃષ્ણ ચઉદસિ નિજ શીસ ૧૧
પૂરણ કરિ સ્થાપન જબ કિયા, શુભ ઉદ્યમ કા નિજ ફલ લિયા ૧૨

જયપુર નગર મનોજ્ઞ અતિ, ધન મતિ ધર્મ વિચાર,
વર્ણાશ્રમ આચાર કો, અતિ ઉજ્જવલ આધાર ૧૩
યામે રાજ કરે નિપુણ રામસિંહ જન પાલ.
ક્રોધ લોભ મદ ટારિકે, વિઘ્ન હરણ કો ઢાલ ૧૪
જૈનીજન ઈહાં બહુ બસે, દયા ધર્મ નિજ ધાર.
સ્યાદ્વાદ જ્ઞાયક પ્રબલ, મત એકાંત નિવાર ૧૫
ગોત્ર કાશલીવાલ હૈ, નામ સદાસુખ જાસ,
સહલી તેરાપંથ મેં કરે જુ જ્ઞાન અભ્યાસ ૧૬
જિન સિદ્ધાન્ત પ્રસાદ તે, લિખી વચનિકા સાર,
પઢિ સુનિ શ્રદ્ધા ભક્તિ તે, કરો ધર્મ નિરધાર ૧૭

મેરે શુભ ઉપયોગ તે બઢ્યો જુ અતિ ઉત્સાહ
તાતે ઉધમ કરિ લિખી અન્ય નહીં કછુ ચાહ ૧૮

સમયસાર ગુન કહન કૂં, શકત ન સુરગુરૂ હોય,
તાકો શરણ સદા રહો, રાગાદિક મલ ધોય ૧૯

હે ! જિનવાની ભગવતી, ભુક્તિ મુક્તિ દાતાર,
તેરે સેવન તેં રહૈ, સુખ મય નિત અવિકાર ૨૦

દુઃખ દરિદ્ર જાણ્યો નહીં, ચાહ ન રહી લગાર
ઉજ્જવલ યશમય વિસતરયો, યો તેરો ઉપકાર ૨૧

અડસઠિ વરસજુ આયુ કે, બીતે તુજ આધાર.
શેષ આયુ તબ શરણ તેં, જાહુ યરી મમ સાર ૨૨

જિતને ભવ તિતને રહોં, જૈન ધર્મ અમલાન.
જિનવર ધર્મ બિના જુ મમ અન્ય નહીં કલ્યાન ૨૩

જિનવાણી સૂં વીનતી, મરણ વેદના રોક,
આરાધન કે શરણતે, દેહુ મુઝે પરલોક ૨૪

બાલ મરણ અજ્ઞાનતેં, કરે જુ અપરંપાર.
અબ આરાધન શરણતેં, મરણ હોહુ અધિકાર ૨૫

હરિ અનીતિ કુમરણ હરો, કરો જુ જ્ઞાન અખંડ
મોહું નિત ભૂષિત કરો, શાસ્ત્ર જુ ખંડ ૨૬

*સંવત ૧૯૨૦ ચૈત્ર કૃષ્ણા ચતુર્દશી મંગલવાર કે દિન મૂલગ્રંથ સમાપ્ત ભયો.*

**મૂલગ્રંથ સમાપ્ત**